महोपाध्याय-यशोविजय विरचित

# अध्यात्ममतपरीक्षा

ગુર્જર વ્યાખ્યા સહિત

પ્રેરક :-
ન્યાય વિશારદ આ.ભ. શ્રીમદ્
વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા

: પ્રકાશક :-
બાબુ અમીચંદ પનાલાલ જૈન દેરાસર ટ્રસ્ટ
રીજ રોડ-વાલકેશ્વર
મુંબઈ-૬

શ્રી જિનેન્દ્રાય નમઃ
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ
ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય
શ્રીમદ્ યશોવિજય વિરચિત
સ્વોપજ્ઞ વૃત્તિયુત

# અધ્યાત્મમતપરીક્ષા

(ગુર્જર ભાવાનુવાદ સહિત)

—: પ્રેરક :—

ન્યાયવિશારદ વર્ધમાનતપોનિધિ સ્યાદ્વાદસિદ્ધાંતપ્રરૂપક
પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

—: પ્રકાશક :—

બાબુ અમીચંદ પનાલાલ
શ્રી આદીશ્વર જૈન ટેમ્પલ ટ્રસ્ટ
વાલકેશ્વર, મુંબઈ–૬

પ્રથમ આવૃત્તિ
નકલ ૨૦૦૦

મૂલ્ય
રૂા. ૮૦–૦૦

મુદ્રક
પૂજા પ્રિન્ટર્સ એન્ડ ટ્રેડર્સ
મહેંદી કૂવા, ચાર રસ્તા,
નારાયણ નિવાસ,
શાહપુર, અમદાવાદ.

સર્વ હક્ક શ્રમણપ્રધાન શ્રી જૈનસંઘને આધીન છે.

–: પ્રાપ્તિસ્થાનો :–

૧. પ્રકાશક :

૨. દિવ્યદર્શન કાર્યાલય
C/o ભરતકુમાર ચતુરદાસ
કાળુશીની પોળ, કાળુપુર, અમદાવાદ–૧.

૩. દિવ્યદર્શન કાર્યાલય
C/o કુમારપાળ વિ. શાહ.
૬૮, ગુલાલવાડી, મુંબઈ–૪

જેઓશ્રી,

* વર્ધમાનતપની ૧૦૮ ઓળીના સમારાધક છે.
* જ્ઞાની અને ધ્યાની, વક્તા અને લેખક, તપસ્વી અને ત્યાગી એવા અનેક આચાર્ય ભગવંતો–પંન્યાસપ્રવરો યુક્ત સાર્ધશતાધિક મુનિવરોના નેતા છે.
* દિવ્યદર્શન સાપ્તાહિક અને સંખ્યાબંધ ગ્રંથો દ્વારા પોતાના શાસ્ત્રાનુસારી મૌલિક ચિંતનને લોકો સુધી પહોંચાડી લોકોને વૈરાગ્યરસમાં ઝીલાવનારા છે તેમજ આર્ત્ત-ધ્યાન વગેરેને દૂર કરવાની ચાવીઓ દેખાડનારા છે.
* સ્યાદ્વાદ સિદ્ધાંતના નીડરસંરક્ષક છે.
* જ્ઞાનાચારાદિ પાંચે ય આચારોના સ્વયં અપ્રમત્ત પાલક છે અને આશ્રિતો પાસે પાલન કરાવવામાં તત્પર છે.
* તપ, ત્યાગ અને તિતિક્ષાની મૂર્તિ સમાન છે.

તે આચાર્યભગવંત શ્રીમદ્‌વિજય

**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના ચરણારવિંદે કોટિ કોટિ વંદના.**

# પ્રકાશકીય નિવેદન

કહ્યું છે કે "નવું દેરાસર બાંધવા કરતાંય જુના મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આઠ ગણો લાભ છે." એમ, નવા ગ્રંથો રચવા કરતાં ય કયારેક જુના જીર્ણ શીર્ણ પ્રાયઃ થયેલા ગ્રન્થોનો પુનરુદ્ધાર કરવાનો આનંદ વધુ હોય છે. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય **શ્રી યશોવિજય** મહારાજે રચેલ આ **શ્રી અધ્યાત્મમતપરીક્ષા** ગ્રન્થ પૂર્વે **શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ** તરફથી વિક્રમ સંવત ૧૯૬૭માં પ્રતાકારે છપાયો હતો. ગુજરાતી ભાવાનુવાદ સાથે આજે એને પુનર્મુદ્રિત કરતાં અમે અકથ્ય આનંદ અનુભવીએ છીએ.

આજે એક ફરિયાદ શ્રી સંઘમાં સામાન્ય બનતી જાય છે કે પરચૂરણ કે અલ્પ ઉપયોગી એવું સાહિત્ય પુષ્કળ છપાયા કરે છે અને પછી રખડયા પણ કરે છે. બીજી બાજુ મુમુક્ષુ જિજ્ઞાસુ અધ્યેતાવર્ગને પોતપોતાના અધિકાર મુજબ ભણવા યોગ્ય, અભ્યાસ કરવા યોગ્ય જે સાહિત્ય જેટલી સુલભતાથી મળવું જોઇએ તેટલી સુલભતાથી તે મળતું નથી. થોડું ઘણું મળે તો પણ અશુદ્ધ મુદ્રણાદિ કારણે અભ્યાસીને મુંઝવણ કરાવે એવું હોય. ઉપરાંત જ્યાં સદ્‌ગુરુનો યોગ જ મળવાની શકયતા ન હોય તેવા સ્થળોમાં રહેલા અભ્યાસીઓને જટિલ સંસ્કૃત ભાષા અને દુઃસહ ન્યાય શૈલીના કારણે પણ ઘણી મુંઝવણનો અનુભવ થાય છે. વળી એવા ય કેટલાક ગ્રન્થો છે કે જેનો અભ્યાસ કરાવી શકે એવા સદ્‌ગુરુઓ પણ આંગળીના વેઢે ગણાય એટલા જૂજ છે.

આવી વિકટ પરિસ્થિતિમાં પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજય મહારાજનો આ 'અધ્યાત્મમત પરીક્ષા' ગ્રન્થ સુંદર સંપાદન તથા ગુર્જર ભાવાનુવાદ સાથે અમારા શ્રી જ્ઞાન ખાતામાંથી પ્રકાશિત થઈ રહ્યો છે તે અમારી સંસ્થા માટે ઘણા ગૌરવની વાત છે.

આજે સંઘમાં સારા સારા વક્તાઓ, લેખકો, પ્રભાવકો, પ્રવચનકારો, વ્યાખ્યાતાઓ, તપસ્વીઓ, સંયમીઓ વગેરે તો અનેકાનેક છે અને એ માટે જૈનસંઘ ઘણું ગૌરવ લઈ શકે તેમ છે. પણ જૈનશાસનની અત્યંત મહત્ત્વની મૂડી સમાન ગણાતા દર્શન-પ્રભાવક આકર ગ્રન્થોના વિશિષ્ટ કક્ષાના અભ્યાસીઓ, અધ્યાપકો, સંશોધકોની ભારે ખોટ વર્તાઇ રહી છે તે ઘણા ખેદની વાત છે. પરંતુ આનંદની વાત એ છે કે આજે પણ એવા મહત્ત્વના ઉચ્ચકોટિના ગ્રન્થોનું અધ્યયન-અધ્યાપન કરનારા થોડા ઘણા પણ મોજુદ છે જેના સુખદ પરિણામ રૂપે શ્રી સંઘને આવા ઉત્તમ કક્ષાના ગ્રન્થો સરળ ભાવાનુવાદ વગેરે સહિત પ્રાપ્ત થઇ રહ્યા છે.

આવા ઉત્તમ ગ્રન્થોના પ્રકાશનમાં પ્રેરણા કરનારા પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ. સા. તથા આ ગ્રન્થનું સંપાદન–અનુવાદ આદિ કરનાર પૂ. મુનિશ્રી **અભયશેખર** વિ. મ. ને અમે ભાવભરી વન્દના કરીએ છીએ. તથા આ સંશોધન સંપાદનમાં પ્રત્યક્ષ–પરોક્ષ સહાય કરનાર તમામ શુભેચ્છકો, ગ્રન્થનું સુંદર મુદ્રણ કરનાર **પૂજા પ્રિન્ટર્સ એન્ડ ટ્રેડર્સ**ના માલિક–સંચાલક–કંપોઝીટરો વગેરેને ધન્યવાદ પાઠવીએ છીએ. ભવિષ્યમાં આવા ઉત્તમ ગ્રન્થોના પ્રકાશનનો લાભ વારંવાર અમોને મળતો રહે એ શુભેચ્છા.

લિ.

**શ્રી બાબુ અમીચંદ પનાલાલ**
**શ્રી આદીશ્વર જૈન**
**ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**



બાબુ શેઠશ્રી અમીચંદજી પનાલાલજી

જન્મ તારીખ : ૧૭-૫-૧૮૫૦ સ્વર્ગવાસ : ૪-૩-૧૯૨૮

# પ્રાસ્તાવિકમ્

આજના જમાનામાં દુનિયામાં નજર ફેલાવીએ તો એ જોવા મળે કે ચારે બાજુ ભૌતિકવાદ ફૂલ્યો ફાલ્યો છે. બધે એની જ બોલબાલા છે. મોટે ભાગે બુદ્ધિજીવીઓએ પોતપોતાની બુદ્ધિને ભૌતિકવાદના વિકાસ અને સ્પર્ધામાં ઉતારી છે. શક્તિશાળીઓએ પોતાની શક્તિને એમાં જોડી છે. શ્રીમંતોએ પોતાની શ્રીમંતાઈ એમાં લગાવી છે. સત્તાધારીઓએ પોતાની સત્તા પણ એમાં જ વાપરી છે. અરે ! કેટલાકો તો જીવનમાં આધ્યાત્મિકતા ફેલાવી આપે એવી મળેલી જ્ઞાન સંપત્તિને પણ માત્ર ભૌતિકતામાં પોતાની પ્રગતિ થાય એ માટે જ વાપરી રહ્યા છે. આત્મા તો બિચારો ક્યાંય ભૂલાઈ ગયો છે. અને તેથી આત્મા અંગેની કોઇ વાતો લગભગ લોકોમાં થતી નથી, કે બુદ્ધિજીવીઓમાં પણ ચર્ચાતી નથી. કો'કને કરવી હોય તો પણ ભૌતિકતામાં જ એટલા બધા વ્યગ્ર છે કે આત્માનો તો વિચાર કરવાનો સમય નથી.

પણ એ જમાનો એવો નહોતો. એમાં ભૌતિકતાએ પોતાનો પંજો આટલો બધો ફેલાવ્યો ન હતો. તેથી લોકોને આત્મ વિચારના પંથ તરફ જવાનો અવકાશ હતો. ઘણા બુદ્ધિશાળીઓએ સ્વબુદ્ધિને આત્માની વિચારણામાં જોડી સાર્થક કરી હતી. પોતાની બુદ્ધિમાં આત્મા, તેનું હિત, તેનું અહિત વગેરે જેવું બેસે, તેની બધા પરસ્પર ચર્ચા પણ કરતા હતા. આત્મા વગેરેની વાતો અને ચર્ચાઓથી છવાયેલા ભારતવર્ષમાં તે જમાનામાં **બનારસીદાસ** નામનો એક માણસ થયો. જેણે દિગંબર મતને અનુસરનારો એવો પોતાનો અધ્યાત્મમત ચલાવ્યો. નામ પરથી સુંદર આ મત વાસ્તવમાં કેટલો અસુંદર છે તેની પૂજ્યઉપાધ્યાયજી મહારાજાએ આ સુંદર ગ્રંથમાં વિચારણા કરી છે.

સામે રહેલી ભીંત ઇન્દ્રિયથી જોઇ શકાતી હોવાથી, એ વાત પણ સરળતાથી સમજી શકાય છે કે કોલસો ઘસવાથી એ મેલી થાય છે અને ચૂનો ધોળવાથી એ ઉજળી થાય છે. પણ આત્મા તો પોતે જ અતીન્દ્રિય હોવાથી એ શેનાથી મલિન થાય છે ? અને શેનાથી તે નિર્મળ થાય છે ? એ વાત સરળતાથી જાણી શકાતી નથી. એ આપણા ગજા બહારની વાત રહે છે. માટે, એ જાણવા માટે શ્રેષ્ઠ આપ્તપુરુષ એવા તીર્થંકરપરમાત્માઓના વચનોનો સહારો લેવો પડે છે, પણ કાશ ! મોહરાજા એવો મુત્સદ્દી છે કે પોતાને જડમૂળમાંથી ઉખેડી મૂકે એવા શ્રીજિનવચનોને પામી ગએલા ય કેટલાક જીવો પર પોતાની પકડ જમાવી લે છે અને પછી એવા જીવો પાસે એવી માન્યતા–પકડો ઊભી કરાવે છે કે જેથી એ જીવો જિનવચનોનો પણ પોતાના અભિનિવેશ મુજબ અર્થ કરે છે. તેથી મોહરાજાને ઉખેડી નાખવા તો સમર્થ થતા નથી પણ

ઉપરથી મોહરાજાના હાથ વધુ મજબૂત બનાવે છે. પૂજ્ય ઉપાધ્યાયજી મ. ને આ બનારસીદાસ પણ એવો જ જીવ લાગ્યો હોવાનું જણાય છે.

'નિર્ગ્રન્થસાધુએ ગ્રન્થ (પરિગ્રહ)નો ત્યાગ કરવો જોઇએ.' ઇત્યાદિ જણાવનાર 'गंठं चएज्ज' ઇત્યાદિ વચનો પરથી દિગમ્બરોએ એવો નિયમ બાંધ્યો કે સાધુએ વસ્ત્ર-પાત્ર વગેરે પણ રાખવા ન જોઇએ. દિગમ્બરોનું કહેવું એમ છે કે જો વસ્ત્રપાત્રાદિ રાખવામાં આવે તો, તે પણ ધન વગેરેની જેમ પરિગ્રહરૂપ હોઈ પાંચમા પરિગ્રહવિરમણ-મહાવ્રતનો ભંગ થઇ જાય છે. વળી વસ્ત્રપાત્રાદિની "કાપ કાઢવો" વગેરે રૂપ સારસંભાળ કરવામાં રાગદ્વેષ થાય છે. તેમજ વસ્ત્રપાત્રાદિના સંરક્ષણ માટે સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન પણ પ્રવર્તે છે. "न रहेगा बांस न बजेगी बांसूरी" એ ન્યાયે વસ્ત્રાદિધર્મોપકરણોને જ સાધુએ રાખવા ન જોઇએ. જેથી પછી ઉપરોક્ત દોષો થવાનો સંભવ પણ ન રહે.

આની સામે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજનું કહેવું છે કે સંયમ સાધનામાં સહાયક વસ્ત્રાદિને રાખવા માત્રથી તે પરિગ્રહરૂપ બની જતા નથી, પણ એના પર મૂર્છા થાય, એજ પરિગ્રહરૂપ બને છે. "मुच्छा परिग्गहो वुत्तो". "આ મારા સંયમપાલનમાં ઉપયોગી છે." એવી બુદ્ધિથી જયણા પૂર્વક વસ્ત્રાદિની સારસંભાળ કરવામાં રાગાદિ થતા નથી કે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન પણ થતું નથી. બાકી વસ્ત્રાદિ રાખવામાં મૂર્છાદિનો સંભવ હોવા માત્રથી જો એ ત્યાજ્ય હોય તો તો દીક્ષા લેવા માત્રથી સાધુએ આહારનો અને શરીરનો પણ ત્યાગ કરી દેવો પડે. કેમકે આહાર અને શરીર પર તો વસ્ત્રાદિ કરતાં પણ વધુ મૂર્છા થવાનો સંભવ છે. મૂર્છાનો સંભવ હોવા છતાં સંયમોપકારી હોઈ આહાર-શરીરાદિનું ગ્રહણ-ધારણ જો માન્ય છે, તો વસ્ત્રાદિ પણ સંયમોપકારી હોઇ તેનું ગ્રહણ-ધારણ પણ શા માટે માન્ય ન બને ? આ જ ચર્ચામાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે ભેગા ભેગા આ વિષયોની પણ છણાવટ કરી છે. (૧) સ્થવિરકલ્પચર્યા ઉત્સર્ગને સંલગ્ન જ છે. (૨) પ્રવૃત્તિ દ્વેષમૂલક પણ હોઇ શકે છે. (૩) દ્વેષ પ્રશસ્ત પણ હોઈ શકે છે. (૪) આવશ્યક ક્રિયાઓમાં શ્રેણિપ્રાપક ધ્યાન છે. (૫) શાસ્ત્રીય વિધાનોનું લક્ષ્ય જયણા છે. (૬) બાહ્ય ક્રિયાલોપકને નુકશાનો (૭) એકાન્ત સ્વભાવવાદી બૌદ્ધ વગેરેનો મત (૮) ધન વગેરેની આપ લે શક્ય છે ? વગેરે.

ધર્મોપકરણની વિચારણા બાદ આ ગ્રંથમાં બીજો મુખ્ય વિષય છે, **દ્રવ્યલિંગની વંદનીયતાનો વિચાર.** 'પાસત્થાદિનું દ્રવ્યલિંગ અવંદનીય છે.' એવી શાસ્ત્રોક્તિને પકડીને પ્રતિમાલોપક કહે છે કે સાધુતાના ગુણોથી હીન હોવાથી જો પાસત્થાદિનું દ્રવ્યલિંગ અવંદનીય છે તો પ્રતિમા પણ અવંદનીય છે, કેમકે તેમાં પણ ભગવાનના કેવલજ્ઞાનાદિ ગુણો નથી. તેમજ એ એવું પણ કહે છે કે વળી જો પાસત્થાદિના દ્રવ્યલિંગમાં સાધુતાના ગુણોનો આરોપ અશક્ય છે તો પ્રતિમામાં પણ ભગવાનના ગુણોનો આરોપ અશક્ય છે.

તેથી એ રીતે પણ પ્રતિમા વંદનીય નથી, આવું કહેનાર પ્રતિમાલોપકને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે દ્રવ્યલિંગ અને પ્રતિમામાં રહેલા વૈષમ્યને સ્પષ્ટ કરી આપ્યું છે, તે એની વિષમતાના મુખ્ય મુદ્દા આવા છે. દ્રવ્યલિંગીમાં મોટા દોષ રહ્યા છે, પ્રતિમામાં દોષ નથી. દ્રવ્યલિંગ "આ ગુણવાન છે" એવી જાણકારી આપવા દ્વારા અધ્યાત્મશોધક છે. જ્યારે પ્રતિમા, "શ્રી જિનેશ્વર મારા જેવા નિર્વિકારતા વગેરે ગુણોવાળા હતા" એવું ગુણસ્મરણ કરાવવા દ્વારા અધ્યાત્મશોધક છે. દ્રવ્યલિંગ "આ મોટા દોષયુક્ત છે" તેવા જ્ઞાનની હાજરીમાં "આ લિંગી, સાધુતાના ગુણોવાળો છે" એવું જ્ઞાન કરાવી શકતું નથી. જ્યારે 'આ પ્રતિમા કેવલજ્ઞાનાદિ ગુણશૂન્ય છે' એવા જ્ઞાનની હાજરીમાં પણ પ્રતિમા ભગવાનના તે તે ગુણોનું સ્મરણ કરાવી શકે છે. દ્રવ્યલિંગીમાં આહાર્યઆરોપ અશક્ય છે, પ્રતિમામાં તે સંભવિત છે. આમ પ્રતિમામાં દ્રવ્યલિંગ કરતા વિષમતા હોવાથી પ્રતિમા વંદનીય હોવામાં કે દ્રવ્યલિંગ અવંદનીય હોવામાં કોઇ અસંગતિ નથી. તેવા વિશિષ્ટ કારણોની હાજરીમાં પાસત્થાદિને પણ વંદનાદિ કરવા એ આરાધના છે. ઈત્યાદિ વાતોનું આ અધિકારમાં સ્પષ્ટીકરણ કર્યું છે.

આ પછીના ત્રીજા અધિકારમાં **જ્ઞાન અને ચારિત્રના પ્રાધાન્યનો વિચાર છે.** એમાં ગ્રંથકાર ભગવંતની કલમે બન્નેને તુલ્યબળી સ્થાપવા સાથે નીચેના વિષયોને સારી રીતે સ્પર્શ્યા છે. (૧) તે બંનેમાં પ્રત્યેકમાં રહેલી દેશોપકારિતા શું છે? (૨) તુલ્યબળી જ્ઞાન કરતાં ચારિત્રમાં શી રીતે વિશેષતા છે? (૩) નિશ્ચયનો વિષય સર્વનયસંમત વિષય હોવા છતાં નિશ્ચયનય 'નય' જ છે, પ્રમાણ નહિ. (૪) દ્રવ્ય પણ આદરણીય છે. (૫) વિશિષ્ટ ક્રિયા અવશ્ય ફળપ્રદ છે. (૬) વ્યવહાર ક્રિયા શુભભાવ વર્ધક છે. (૭) ક્રિયા ભાવથી ચરિતાર્થ નથી. (૮) ભાવ ક્રિયાનું ફળ આપી શકતો નથી વગેરે.

પૂજ્ય ઉપાધ્યાયજીની તટસ્થ કલમે આ ગ્રંથમાં ચર્ચેલો ચોથો મુખ્ય વિષય છે, '**કેવલી ભગવંતોને કવલહાર હોય કે નહિ?** આધ્યાત્મિકોની અને દિગંબરોની માન્યતા એ છે કે કેવલીઓને તે હોય નહિ. એમાં તેઓ તરફથી રજૂ થતા કારણો આવા છે, (૧) ક્ષુધા છદ્મસ્થમાં રહેલ અઢાર દોષમાંનો એક દોષ છે. (૨) ક્ષુધા જ્ઞાનને વિરોધી છે. (૩) બુભુક્ષા ઈચ્છારૂપ હોઈ કેવલીને અસંભવિત છે. (૪) ક્ષાયિક સુખવાળા કેવળીને ક્ષુધાનું દુઃખ શી રીતે હોય? (૫) કર્મજન્ય સુખભોગાદિમાં પુનઃ કર્મબંધ થવાની આપત્તિ આવે. (૬) ઐંદ્રિયક જ હોવાનું સંભવતું દુઃખ કેવળીને ન હોય. (૭) જરકવઅપ્રાય કર્મ ભૂખ વગેરે ન લગાડી શકે. (૮) અનંતવીર્યવાળા કેવલીને બળહાનિનો સંભવ ન હોઈ કવલાહાર નિરર્થક છે. (૯) ભોજન ક્રિયાથી પ્રમાદનો સંભવ છે. (૧૦) આહાર નિદ્રાદિજનકરૂપે દોષરૂપ છે. (૧૧) પરમૌદારિક શરીરને ટકાવવા કવલાહાર અનાવશ્યક છે. (૧૨) કવલાહારથી મતિજ્ઞાન થવાની આપત્તિ છે. (૧૩) રાગોત્પત્તિનો

સંભવ રહે છે. (૧૪) મળોત્સર્ગાદિની જુગુપ્સનીય પ્રવૃત્તિ સંભવતી ન હોઈ કવલાહાર પણ ન હોય....ઈત્યાદિ...

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ આગમ અને યુક્તિપુરસ્સર કવલાહારની સ્થાપના કરતાં જણાવ્યું છે કે (૧) ક્ષુધા–જરા વગેરે દોષરૂપ ન હોઇ અઢાર દોષમાં તેની ગણતરી થતી નથી. (૨) ક્ષુધા કેવળજ્ઞાનને પ્રતિપંથી નથી, ક્ષાયોપશમિક જ્ઞાનને પણ અમુક રીતે પ્રતિપંથી છે. (૩) બુભુક્ષા વિના ય ભૂખ સંભવે છે. (૪) વેદનીયોદયજન્ય સુખ–દુઃખ હાજર હોઈ ભવસ્થ કેવળીને ક્ષાયિક સુખ હોતું નથી. ક્ષાયિકચારિત્ર ક્ષાયિકસુખરૂપ નથી. વળી મોહક્ષયજન્ય ક્ષાયિકસુખ માનવામાં વેદનીય કર્મ જેવી ચીજ જ ઊડી જાય (૫) કર્મજન્ય સુખ ભોગાદિ કરવામાં નવો કર્મબંધ થાય જ એવો એકાન્ત નથી, નહિતર તો જિનનામકર્મનો ભોગ પણ અસંગત બની જાય (૬) દુઃખ ઐન્દ્રિયક જ હોય એવું નથી (૭) "અસુખદા" શબ્દમાં રહેલ નઞ્થી જણાતું અલ્પદુઃખ કવલાહાર પ્રયોજક છે. 'ભૂખ ન લગાડવી' એ જરદ્ગવસ્ત્ર પ્રાયત્વનું તાત્પર્ય નથી. (૮) અનંતવીર્ય હોવા છતાં શારીરિક બળહાનિ સંભવિત છે. (૯) આહારથી પ્રમાદોત્પત્તિનો અનિયમ છે. (૧૦) આહારની અતિમાત્રા કે સ્નિગ્ધતા, નિદ્રાદિજનક હોઈ દોષરૂપ છે, આહાર માત્ર નહિ. (૧૧) પરમૌદારિક શરીરને ધાતુશૂન્ય માનવામાં સંઘયણનામ-કર્મોદય અસંગત બની જાય. કવલાહાર ન હોય તો ૯ વર્ષે કેવળી બનેલા મહાત્માને ક્રોડપૂર્વ સુધી બાળશરીર જ હોવાથી બાળ ચેષ્ટાઓ કર્યા કરવાની આપત્તિ આવે. (૧૨) ઇન્દ્રિયરૂપ વ્યંજન આપૂરિત થતું ન હોવાથી મતિજ્ઞાન થવાની આપત્તિ નથી. (૧૩) હિતમિત આહાર કરવામાં રાગ અનાવશ્યક છે. (૧૪) કેવલીકૃત મળોત્સર્ગાદિ જુગુપ્સા જનક બનતા નથી. આ પ્રરૂપણમાં ગ્રન્થકારે ભેગી ભેગી નીચેની વિચારણાઓ પણ કરી છે. (૧) લક્ષણાસંબંધ (૨) ક્ષુધાદિના કારણો (૩) સુખનું લક્ષણ (૪) દેવોને કવલાહાર કેમ નહીં ? (૫) પૂર્વ આરબ્ધ ક્રિયા ગુણસ્થાન પ્રાપ્તિને બાધક નથી ઇત્યાદિ...

કવલાહારની સ્થાપનાની આ પ્રરૂપણામાં ગ્રંથકારે પૂર્વપક્ષની નીચેની માન્યતાઓનું પણ નિરસન કર્યું છે. (૧) કેવલીની વિહારાદિ ક્રિયાઓ સ્વાભાવિક અને ક્ષાયિક હોય છે. (૨) કેવલીને ઇચ્છા ન હોઈ પ્રયત્ન પણ ન હોય (૩) વચનપ્રયત્નથી અશાતાની ઉદીરણા થાય ઇત્યાદિ...આ બધી માન્યતાઓના ખંડનમાં ગ્રંથકારે નીચેની બાબતોનું પણ સચોટ નિરૂપણ કર્યું છે. (૧) ઇચ્છા વિના ય પ્રવૃત્તિ શકય છે. (૨) કેવલીકૃત શબ્દ પ્રયોગમાં અમૂઢલક્ષ્યત્વ એ નિયામક છે. (૩) અપ્રમત્તની ઉચિત પ્રવૃત્તિમાં ઇચ્છા નહિ, પણ સામાયિક હેતુ છે. (૪) કેવલીને પ્રમાદાભાવ હોઈ અશાતાની ઉદીરણા થતી નથી (૫) અપવર્ત્તનાની વિચારણા (૬) કાયવ્યૂહની કલ્પના અને નિરાસ વગેરે.

આ ગ્રંથમાં ન્યાયવિશારદ ન્યાયાચાર્યની કલમનું સૌભાગ્ય પામેલો પાંચમો મુખ્ય વિષય છે "સિદ્ધ ભગવંતોને ચારિત્ર હોય કે નહિ," તેની વિચારણા. "सिद्ध णो

चरित्ती णो अचरित्ती" એવા આગમ વચનને મુખ્ય કરનાર સૈદ્ધાન્તિક મોક્ષ અવસ્થામાં ચારિત્રની હાજરીને માનતો નથી...જ્યારે સંપ્રદાયમાં જ થએલા કેટલાક આચાર્ય ભગવંતો સિદ્ધાવસ્થામાં ચારિત્રની હાજરી માને છે. આ બન્ને મતોની લઘુહરિભદ્ર બિરૂદધારી ગ્રન્થકારે ન્યાયપૂર્ણરીતે વિસ્તારથી પ્રરૂપણા કરી છે. પહેલા સૈદ્ધાન્તિકે ચારિત્રાભાવની સિદ્ધિ કરવા આપેલા હેતુઓનો ઉપન્યાસ કરી એનો શંકાકાર પાસે વિસ્તારથી જવાબ અપાવ્યો છે. એ પછી એ જવાબોનો પણ જવાબ આપીને સૈદ્ધાન્તિક મતનું સમર્થન ગ્રન્થકારે કર્યું છે. આટલું કર્યા પછી પણ, સંપ્રદાયાનુસારી આચાર્યોનો મોક્ષમાં ચારિત્રની હાજરી માનવાનો મત અત્યંત અવર્જનીય નથી એવું પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ જણાવ્યું છે, તેમજ પોતાને આ બાબતમાં કોઈ અભિનિવેશ નથી એવું જણાવીને તેઓશ્રીએ પોતાની પાપભીરૂતા પ્રકટ કરી છે. આ અધિકારમાં પણ ગ્રંથકારશ્રીએ નીચેની બાબતો પર સુંદર પ્રકાશ ફેંક્યો છે. (૧) ચારિત્રમાં ઐહભવિકત્વાદિ કઈ રીતે? (૨) ચારિત્ર કિંસ્વરૂપ છે? (૩) ચારિત્રની પ્રતિજ્ઞા કિંસ્વરૂપ છે? (૪) જ્ઞાન દર્શન ચારિત્રનો પરસ્પર અત્યંત ભેદ નથી (૫) ક્ષાયિક ચારિત્રાદિ લબ્ધિઓ કેવી છે? (૬) યોગો ચારિત્રના પ્રતિપંથી છે? (૭) અવિરતિ અચારિત્રથી પૃથગ્ છે. વગેરે.........

"સ્ત્રીશરીરી જીવોની મુક્તિ થાય નહિ" એવા દિગંબરના અને આધ્યાત્મિકોના કદાગ્રહના કારણે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની તીક્ષ્ણ શાસ્ત્રાનુસારી બુદ્ધિનો પરચો પામેલ છઠ્ઠો મુખ્ય વિષય છે **સ્ત્રીમુક્તિવાદ**...દિગમ્બરો ધર્મોપકરણને પણ પરિગ્રહરૂપ માની ત્યાજ્ય માનતા હોવાથી અને સ્ત્રીઓને વસ્ત્રાદિનો ત્યાગ કરવો શક્ય ન હોવાથી, દિગંબરો સ્ત્રીઓને ચારિત્ર માનતા નથી. અને તેથી એનો મોક્ષ પણ માનતા નથી. એમાં એ ભેગાં ભેગાં જ્ઞાનહીનત્વ, લબ્ધિહીનત્વ, ઋદ્ધિહીનત્વ, બળહીનત્વ, કામાતિરેક, મનોવીર્યપ્રકર્ષાભાવ, સંઘયણાભાવ વગેરે હેતુઓ આપે છે. આની સામે પૂ ઉપા. મ જણાવે છે કે ધર્મોપકરણ પરિગ્રહરૂપ બનતાં નથી એની પૂર્વે સિદ્ધિ થઇ ગઈ છે. માટે સવસ્ત્રા સ્ત્રીઓને પણ ચારિત્ર અસંભવિત રહેતું નથી. વળી જ્ઞાનહીનત્વ વગેરે હેતુઓ તો ચારિત્રના અભાવને કે મોક્ષના અભાવને સિદ્ધ કરી શકતા જ નથી. કેમકે જ્ઞાનહીન એવા પણ માષતુષાદિ મહાત્માઓ, શ્રીતીર્થંકરાદિની અપેક્ષાએ ઋદ્ધિહીન એવા પણ શ્રીગણધરભગવંતો વગેરે જીવો ચારિત્રયુક્ત હતા તેમજ મુક્તિગામી બન્યા હતા. વળી કામાતિરેક, મનોવીર્યપ્રકર્ષાભાવ, સંઘયણાભાવ વગેરે હેતુઓ તો અસિદ્ધ છે, કેમકે બધી સ્ત્રીઓમાં કાંઈ કામાતિરેક વગેરે હોતા નથી. તેમજ કામાતિરેકાદિ વિપરીત ભાવનાથી દૂર કરી શકાય એવા પણ હોય છે 'જિનોક્ત કર્તવ્યોમાં શક્તિને ગોપવવી નહિ' એ જ ચારિત્રની પરિપૂર્ણતા છે, આવી પરિપૂર્ણતાવાળું ચારિત્ર સ્ત્રીઓને પણ

સંભવિત હોઈ મોક્ષ અસંભવિત નથી. આવી બધી ધારદાર દલીલોથી સ્ત્રીઓમાં મુક્તિની સિદ્ધિ કરીને પછી ગ્રન્થકારે **અધ્યાત્મના પરમરહસ્યને** જણાવ્યું છે. સંયમયોગોમાં અપ્રમત્તપણે પ્રવર્ત્તતાં રહેવું એ જ પરમરહસ્યભૂત છે, એજ શ્રેષ્ઠ આજ્ઞા છે. આ અધિકારમાં પણ ગ્રન્થકારે નીચેના વિષયોનું સુંદર આલેખન કર્યું છે. (૧) અભવ્યત્વાદિશંકા (૨) યોગ માટે પહેલાં ભોગો ભોગવી લેવા એ અનાવશ્યક (૩) ભોગેચ્છાનો વિચ્છેદ ભોગો ભોગવવાથી નથી થતો, પણ, 'આ ભોગો ભવિષ્યમાં ભયંકર દુઃખો આપનારા છે' આવા જ્ઞાનથી ભોગો પ્રત્યેના ઉત્પન્ન થયેલા દ્વેષથી જ થાય છે. (૪) આરાધના કરવામાં વિલંબ કરવાની ઇચ્છાવાળાને ધર્માધિકાર નથી (૫) શક્તિની ઓછાશ વગેરેના રોદણા રોનારા અંતે પસ્તાય છે. (૬) અપ્રમત્તની પ્રાર્થના સફળ છે, આળસુની નિષ્ફળ છે. (૭) મિચ્છામિ દુક્કડમ્‌નું રહસ્ય (૮) ગચ્છને છોડી એકાકી બનનારાને અનેક નુકસાનો થાય છે.

છેવટે, ગ્રન્થકારે પોતાના દિલમાં રહેલી એક અગત્યની વાત જણાવી છે. તેઓશ્રી કહે છે કે "મન-વચન-કાયાની તેવી તેવી પ્રવૃત્તિ કરવી કે જેનાથી રાગદ્વેષ શીઘ્ર વિલય પામતાં જાય. આવી શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા છે." ગ્રન્થની વિસ્તૃત અનુક્રમણિકા પર નજર નાખીએ તો પણ ખ્યાલ આવે છે કે ગ્રન્થકારે કેટકેટલા વિષયો પર આ ગ્રન્થમાં પ્રકાશ પાથર્યો છે.

હવે મારા દિલની વાત, ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાના ન્યાયગર્ભિત, મહાર્થ મિતાક્ષરી વચનો ક્યાં ? અને મારો મંદ ક્ષયોપશમ ક્યાં ? તેઓશ્રીના વચનોને હું પરિપૂર્ણ ન્યાય આપી શકું એવું મારું ગજું જ નથી...તેમ છતાં અનુગ્રહતત્પર પૂજ્યોની કૃપાદૃષ્ટિથી મારો જે કાંઈ થોડો ઘણો ક્ષયોપશમ ખીલ્યો છે તેને અનુસરીને મેં આ ભાવાનુવાદ કરવાનો પ્રયાસ કર્યો છે. સંભવ છે એમાં ત્રુટિઓ રહી જવા પામી હોય, કથનોનું હાર્દ બરાબર સ્પષ્ટ થયું ન હોય, ક્યાંક વિપરીત અર્થઘટન પણ થઈ ગયું હોય...કેટલાંક સ્થળો એવા પણ છે કે મને ય પૂરેપૂરો સંતોષ થાય એવો નિશ્ચિતઅર્થ પકડી શકાયો નથી...બે ત્રણ અર્થો ભાસતા હોય. એમાંથી કયો અર્થ સંપૂર્ણ રીતે બંધબેસતો છે એનો નિર્ણય થઇ શકયો નથી. તેથી જે વધુ યોગ્ય લાગ્યો છે તે અર્થ રજૂ કર્યો છે. કેટલાક સ્થળો એવા પણ છે કે લહિયા વગેરેની ભૂલના કારણે સુસંબદ્ધ-સુસંગત પાઠ કરતાં જુદા પ્રકારનો પાઠ મળે છે, એવા સ્થળોએ વધુ સુસંગત લાગે એવો પાઠ કલ્પીને ભાવાનુવાદ કર્યો છે. શક્ય છે કે આવા સ્થળોએ પણ મારાથી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના અભિપ્રાયોને અન્યાય થઈ ગયો હોય...પરમપવિત્ર શ્રી જિનાજ્ઞાને અસંમત હોય કે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાના અભિપ્રાયથી વિરુદ્ધ હોય એવું આવું જે કાંઈ આ ભાવાનુ-

વાદમાં મારાથી લખાયું હોય તે બદલ હું મિચ્છામિ દુક્કડમ્ દઉં છું. તેમજ સુજ્ઞ સજ્જનોને તેની શુદ્ધિ કરવા વિનમ્રભાવે વિનંતિ કરું છું.

મહાપુરુષોની પ્રેરણા અને કૃપા ખરેખર કેવું અજબ કામ કરતી હોય છે! ન્યાય વિશારદ વર્ધમાનતપોનિધિ ગુરુદેવ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ આ ગ્રન્થનું અધ્યયન કરવાનું અને ભાવાનુવાદ લખવાનું સૂચન કર્યું. અધ્યયન કરવાનું કહ્યું ત્યાં સુધી તો બધું બરાબર હતું. પણ ભાવાનુવાદ લખવાનું કાર્ય મારી કલ્પનામાં ય જામે તેવું નહોતું...પૂર્વે ક્યારે ય કોઇ ગ્રન્થનો ય ભાવાનુવાદ લખેલ નહિ, તેનો મહાવરો નહિ અને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાના આવા કઠિન ગ્રન્થનો ભાવાનુવાદ કરવો તે મારી કલ્પનામાં ય શી રીતે બેસે? પણ પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું સૂચન હતું ને! ન્યાય નિપુણમતિ પૂજ્યપાદ જયસુંદર વિ.મ.સા. પાસે પાઠ શરૂ થયો. મેં લખવાનું શરૂ કર્યું...એક બે પાના લખ્યા. પણ મારા લખાણથી મને જ સંતોષ ન થયો...જરાક નિરાશા ફરી વળી..."મારું કામ નહિ" એવું લાગ્યું...પણ પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ પુનઃ હિંમત આપી...પ્રેરણા કરી અને અશક્ય લાગતું એવું પણ કામ શક્ય બની ગયું. ખરેખર! આ બધો પૂજ્યપાદ તારક ગુરુદેવશ્રીનો જ અચિંત્ય પ્રભાવ છે.

આ પુસ્તકમાં શુદ્ધિપત્રક આપેલ છે. એમાં અતિઆવશ્યક શુદ્ધિપત્રક જે આપેલું છે તેનો તો ગ્રન્થ વાંચતાં પહેલાં જ ઉપયોગ કરી સુધારા કરી લેવા દરેક વાચકને નમ્ર ભલામણ છે. શ્રી બાબુ અમીચંદ પનાલાલ જૈન ટેમ્પલ ટ્રસ્ટે જ્ઞાનખાતામાંથી આ પુસ્તક અંગેનો સંપૂર્ણ લાભ લઈ જ્ઞાન ઉપજનો યોગ્ય સદ્વ્યય કર્યો છે જે અનુમોદનીય છે. તેમજ અન્ય ટ્રસ્ટોને પણ જ્ઞાનખાતાનો પ્રાચીન ગ્રન્થ પ્રકાશન આદિમાં સદુપયોગ કરવાની પ્રેરણારૂપ છે.

**ઋણસ્વીકાર**

પરમપૂજ્ય પરમારાધ્યપાદ સિદ્ધાન્તમહોદધિ સુવિશુદ્ધબ્રહ્મચારી કર્મસાહિત્યનિષ્ણાત સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાની** અસીમ કૃપા આ ભાવાનુવાદ દરમ્યાન નિરંતર વરસતી રહી છે.

પરમપૂજ્ય પરમોપકારી વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ પંચાચારપ્રવિણ ભાવ-આચાર્ય શ્રીમદ્‌વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની** અમીદૃષ્ટિ મારા સમગ્ર સંયમજીવનમાં વણાએલી છે. તેઓ શ્રીમદ્‌ની પ્રેરણારૂપ બીજમાંથી ફળરૂપે પ્રાપ્ત થએલા આ ભાવાનુવાદને જોઇને મસ્તક વારંવાર તેઓશ્રીના ચરણમાં ઝૂકી પડે છે.

પરમપૂજ્ય અધ્યાત્મયોગી, કર્મસાહિત્યનિપુણમતિ, સરળહૃદયી, નૂતનકર્મસાહિત્યના બે મુખ્યસૂત્રધારોમાંના એક સૂત્રધાર પંન્યાસપ્રવર દાદાગુરૂદેવ શ્રીમદ્ **ધર્મજિત્**

વિજય ગણિવરશ્રીનો ઉપકાર અપરંપાર છે. જેઓશ્રીએ પ્રવ્રજ્યાના પુનિત પંથે પહેલ કરી તો તેઓશ્રીના પગલે પગલે કુટુંબમાંથી નીચે પ્રમાણે દીક્ષાઓ થઈ. તેઓશ્રીના સંસારીપણે (૧) લઘુબંધુ (દીક્ષામાં શિષ્યરત્ન) પ૦પૂ૦ પંન્યાસપ્રવર શ્રી **જયશેખરવિ.** ગણિવર (૨) માતુશ્રી સાધ્વીશ્રી **મહાનંદાશ્રીજી** મ૦, ૪ ભગિનીઓ (૩) સા૦ શ્રી **નયાનંદાશ્રીજી** (૨) સા૦ શ્રી **જયાનંદાશ્રીજી** (૫) સા૦ શ્રી **કીર્તિસેનાશ્રીજી** (૬) સા૦ શ્રી **જયસેનાશ્રીજી,** ભત્રીજી (સંસારીપણે મારી બેન) (૭) સા શ્રી **નયરત્નાશ્રીજી,** બે ભત્રીજા (૮) હું અને (૯) (સંસારીપણે મારાં લઘુબંધુ) મુનિરાજ શ્રી **અજિતશેખર** વિજયજી. આમ તેઓશ્રીના પગલે પગલે કુટુંબમાંથી બીજા ૯ જણાની ક્રમશઃ દીક્ષાઓ થઈ. અને હવે તેમના સંસારીભાભી (મારા ઉપકારી માતૃશ્રી) શ્રીમતી **સુશીલાબેન મોહનલાલ જવેરી** પણ સંયમપંથે વિચરવા કટિબધ થયા છે.

બંધવિધાન મહાશાસ્ત્ર અન્તર્ગત મૂલપ્રકૃતિરસબંધો ગ્રન્થની લગભગ ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત વૃત્તિના આલેખક પ્રભુભક્તિરસિક ગુરુદેવ પ૦ પૂ૦ પંન્યાસપ્રવરશ્રી **જયશેખરવિજય ગણિવરના** શુભ આશીર્વાદ ગ્રન્થની આદિથી અન્ત સુધી કાર્યાન્વિત રહ્યા છે.

આ બધા ઉપકારી ગુરુદેવો ઉપરાંત સિદ્ધાન્તદિવાકર, જ્ઞાનની જીવંત પરિણતિ સમાન પ પૂ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની આ ભાવાનુવાદ અંગેની અને સંયમજીવન અંગેની પ્રેરણાઓ અને સૂચનાઓ અવિસ્મરણીય છે.

પ. પૂ. સંયમૈકલક્ષી નિત્યૈકાશની પંન્યાસપ્રવરશ્રી **જગચ્ચન્દ્ર** વિ૦ ગણિવરે તથા વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી **અજિતશેખર** વિજયજીએ સાથે બેસીને સંપૂર્ણ ભાવાનુવાદનું અવલોકન કર્યું છે અને ઘણા કીમતી સુધારા–વધારા સૂચવ્યા છે જે પુનઃ પુનઃ સ્મર્ત્તવ્ય છે.

તર્કસમ્રાટ્ ત્યાગી મહાત્મા પ૦પૂ૦ **જયસુંદરવિજય** મહારાજે આ આખા ગ્રન્થનું અધ્યયન કરાવીને તો ઉપકાર કર્યો જ છે, પણ તે પછી પણ સંપૂર્ણ ભાવાનુવાદનું સંશોધન કરીને સોનામાં સુગંધ ભેળવી છે.

પ૦પૂ૦ શ્રુતભક્ત **શ્રી પદ્મસેનવિજય** મહારાજે મુદ્રણ અંગે અનેક ઉપયોગી સૂચનો આપ્યા છે તે, તેમજ આ ભાવાનુવાદના આલેખન વખતે તમામ સહવર્ત્તી સાધુભગવંતો અને વિદ્યાર્થી મુનિરાજ શ્રી **કુલબોધિ વિજયજીએ** ઘણી અનુકૂલતા કરી આપી છે તે ચિરસ્મરણીય છે.

પ્રાન્તે, આ ભાવાનુવાદ–ગ્રન્થસંપાદન વગેરે કરવામાં જે પુણ્યોપાર્જન થયું હોય તેના પ્રભાવે ભવ્યજીવો ધર્મમાં રત બની અધ્યાત્મભાવને ઉત્તરોત્તર વિકસાવી અક્ષય–અનંત સુખના સ્વામી બનો એ જ શુભેચ્છા......

લિ૦

**મુનિ અભયશેખરવિજય**

## [ગ્રન્થકારની જીવનગરિમા]

ઉત્તર ગુજરાતમાં પાટણની નજીક કનોડું નામનું ગામ છે. ચોમાસાની ઋતુ છે. એકદિવસ મેઘરાજાએ મન મૂકીને મહેર કરી છે. એક ઘરમાં એક નાનકડો તેજસ્વી છોકરો પોતાની માને ભક્તિપૂર્વક કહી રહ્યો છે–'મા! ભોજનવેળા થઇ જવા છતાં તું આજે ખાતી કેમ નથી?' 'ભક્તામર સ્તોત્ર સાંભળ્યા વિના ભોજન ન કરવાનો બેટા! મારે નિયમ છે. દરરોજ ગુરુદેવના મુખે તે સાંભળીને પછી જ હું ભોજન કરું છું. આજે મુશળધાર વરસાદનાં કારણે ઉપાશ્રયે જઇ શકાયું નથી. ભક્તામરનું શ્રવણ થયું નથી. તો ભોજન શી રીતે થાય?' સ્નેહપૂર્ણ વચનોથી માતાએ દિલની વાત કહી. આ વાતને સેકેલો પાપડ ભાંગવા જેવી સરળ માનતાં દીકરાએ માને આશ્ચર્ય પમાડતાં કહ્યું કે 'ઓહો! તું ખાતી નથી એમાં આવું સાદું કારણ છે! ભક્તામર સ્તોત્ર તો હું તને સંભળાવી દઉં!' 'પણ બેટા! તેં ક્યાં ગોખ્યું છે?' માએ જાણે કે દિલની મૂંઝવણ સ્પષ્ટ કરી. 'પણ મા! હું દરરોજ તારી સાથે ભક્તામર સાંભળવા આવું છું ને! મને યાદ રહી ગયું છે' એટલું કહીને દીકરાએ પોતાની મીઠી–મધુરવાણીમાં શુદ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક આખું ભક્તામરસ્તોત્ર સંભળાવીને માને આશ્ચર્યના અફાટ સમુદ્રમાં ગરકાવ કરી દીધી...આવી તીવ્ર બુદ્ધિપ્રતિભા અને ધારણાશક્તિના સ્વામી તે તેજસ્વી બાળકનું નામ હતું **જશવંતકુમાર. નારાયણ** નામના જૈન વણિક શ્રેષ્ઠીની **સૌભાગ્યદેવી** નામની ધર્મપત્નીની કુક્ષિને અજવાળનાર આ રત્નના લઘુસહોદરનું નામ હતું **પદ્મસિંહ.**

## [જશવંતમાંથી યશોવિજય]

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પરમાર્હત કુમારપાળરાજા પાસે કરાવેલા અમારીપ્રવર્ત્તનની ઝાંખી કરાવે એવી, મોગલસમ્રાટ્ અકબરબાદશાહ પાસે અહિંસાનો પ્રસાર કરાવનાર જગદ્ગુરુશ્રી **હીરસૂરીશ્વરજી** મહારાજાની પરંપરામાં થએલા **શ્રીનયવિજયજી** મહારાજ આદિમુનિઓએ વિ.સં. ૧૬૮૭નું ચોમાસું **કુણઘેર** કર્યું. એ પછી કનોડું ગામમાં પધારી થોડો કાલ સ્થિરતા કરી. મહારાજ સાહેબના નિકટના પરિચયમાં આવવાથી, જશવંતકુમારના અંતરમાં પડેલા જ્ઞાન–દર્શન-ચારિત્રના સંસ્કારો જાગ્રત થઇ ગયા. દીક્ષા લેવાની ભાવના થઈ. શ્રીનયવિજયજી મ. સાહેબે પણ બાળકની તેજસ્વિતા અને સંસ્કારિતા જોઇ હોવાથી તેના માતા-પિતાને કહ્યું કે 'આ બાળક દીક્ષા લેશે તો જૈનશાસનના ગગનાંગણમાં સૂર્યની પેઠે ઝળહળી ઊઠશે. લાખો ભવ્યાત્માઓ પર અજોડ ઉપકાર કરનારો બનશે.' બન્નેએ સહર્ષ અનુમતિ આપી જોરદાર શાસનપ્રભાવના થાય એ હેતુથી દીક્ષા પાટણ નક્કી થઈ. સ્નેહાળભાઇને પ્રભુના માર્ગે જતો જાણી પદ્મસિંહને પણ દીક્ષાની ભાવના થઇ. એને પણ સહર્ષ સંમતિ મળી. ધન્ય માતા–પિતા! વિ.સં. ૧૬૮૮માં મહોત્સવપૂર્વક બન્ને ભાઇઓ અનુક્રમે **યશોવિજય** અને **પદ્મવિજયના** નામે શ્રીનયવિજય મ. સા. ના શિષ્ય બન્યા.

## [વિકાસના પંથે]

બન્ને જણા ગુરુસેવા, જ્ઞાનાભ્યાસ અને સંયમની સાધનામાં મસ્ત બની ગયા. યશોવિજયજીનું જ્ઞાન 'દિન દોગુણા રાત ચૌગુણા" એ ન્યાયે વધવા માંડયું. વિ સં. ૧૬૯૯માં અમદાવાદ પધાર્યા. જાહેરમાં જનતાને અપૂર્વ સ્મૃતિ પ્રતિભાનો પરિચય આપતા અવધાનના પ્રયોગો કરી બતાવ્યા. આવી તેજસ્વી પ્રતિભા જોઈને શ્રેષ્ઠી અગ્રણી **ધનજી સુરા** પ્રભાવિત થયા. શ્રી નયવિજયજી પાસેઆવીને વિનંતિ કરી કે 'ગુરુદેવ ! યશોવિજયજી સુયોગ્ય પાત્ર છે, બુદ્ધિશાળી છે અને ગુણવાન છે. એમને કાશી મોકલી ષડ્દર્શન વગેરેનો અભ્યાસ કરાવો. સૂરિપુરંદર શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** મ. સા. તથા કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી** મ. સા.ની ઝાંખી કરાવશે. કાશી મોકલવામાં અને અધ્યયન કરાવવાનો જે ખર્ચ થાય તેનો મને લાભ આપો. મારી સંપત્તિનો સદુપયોગ થશે.' અને એક દિવસ કાશીમાં ષડ્દર્શનના પ્રકાંડ વેત્તા ભટ્ટાચાર્ય પાસે અધ્યયન શરૂ થયું. છએ દર્શનોના તલસ્પર્શી જ્ઞાન સાથે સ્યાદ્વાદશૈલીથી તે બધાનું બારીક નિરીક્ષણ પણ ચાલું હતું. તત્ત્વચિન્તામણિ જેવા ન્યાયના મૂર્ધન્યગ્રન્થનું અવગાહન એક બાજુ કર્યું તો બીજી બાજુ જટિલતર્કપરંપરાઓથી ભરેલા બૌદ્ધગ્રન્થોને પણ મગજમાં સ્થિર કરી દીધા. સાંખ્ય–યોગ–મીમાંસા–વેદાંત વગેરે કોઈ દર્શન ગ્રન્થને અણસ્પર્શ્યો ન રાખ્યો. **શ્રી વિનયવિજયજી** મ. સા. સાથે ભાગીદારીમાં તેઓશ્રીએ એક રાત્રીમાં ન્યાયદર્શનનો ૧૨૦૦ શ્લોક પ્રમાણ મૂર્ધન્યગ્રન્થ કંઠસ્થ કરી દીધો હતો એવી લોકોક્તિ છે.

## [બિરૂદોની હારમાળા]

વાદ–વિવાદના એ જમાનામાં એક વિદ્વાન સંન્યાસીએ કાશી આવીને વિદ્વાનોને વાદ કરવાનો પડકાર ફેંકયો. જ્યારે કોઈ જૈનેતર પંડિત તૈયાર ન થયો ત્યારે શ્રી યશોવિજયજીએ તે સંન્યાસીને હરાવ્યો. સ્યાદ્વાદનો વિજયધ્વજ લહેરાયો. વિદ્વાનોની સભા ચકિત થઈ ગઈ. બધા વિદ્વાનોએ અને લોકોએ ભેગા થઈને 'ન્યાયવિશારદ' બિરુદ આપ્યું. એ પછી તેઓશ્રીને 'ન્યાયાચાર્ય'નું બિરુદ પણ મળ્યું હતું. કાશીમાં વિદ્યાભ્યાસ દરમ્યાન તેઓશ્રી ગંગાના કિનારે 'ऐँ' કારના જાપથી સરસ્વતી દેવીની સાધના કરી સરસ્વતી માતાની કૃપા પ્રાપ્ત કરી હતી. કાશીમાં ત્રણ વર્ષ વીતાવ્યા પછી આગ્રામાં આવીને એક વિદ્વાન પંડિત પાસે વિવિધ શાસ્ત્રોનો અને દર્શનોનો સંગીન અભ્યાસ કર્યો. એ પછી ત્યાંથી અનેક સ્થળે વાદોમાં વિજય મેળવતા મેળવતા તેઓ અમદાવાદ પધાર્યા. ન્યાયવિશારદની પદવીની પ્રાપ્તિના કારણે અને અનેક વાદવિજયના કારણે તેઓશ્રીની પધરામણી કરતાં પણ ઘણી જ વહેલી તેઓશ્રીની યશોગાથા તો અમદાવાદ આવી જ ગઇ હતી. દર્શન–વંદન–સત્સંગ–શ્રવણ આદિ કરવા માટે બધા જ આતુર હતા. બધાએ ભવ્ય નગર પ્રવેશ કરાવ્યો. નાગોરીધર્મશાળામાં તેઓશ્રીની પધરામણી થઇ. ગુજરાતના સુબા મહોબતખાને પણ પ્રશંસા સાંભળી હતી. તેમના નિમંત્રણથી શ્રીયશોવિજયજીએ ૧૮ વાર અદ્ભૂત અવધાનો કરી દેખાડયાં. સૂબો ખૂબ જ પ્રસન્ન અને પ્રભાવિત બન્યો. જૈનશાસનનો જય જયકાર થયો.

અનેક વર્ષોથી શ્રુતસાગરમાં મારેલી ડૂબકીના પ્રભાવે અને શાસ્ત્રોના કરેલા પરિશીલનના પ્રભાવે તેઓશ્રીની કલમ વણથંભી આગેકૂચ કરતી રહી. એક પછી એક ઉત્તમ, ઉત્તમતર ગ્રન્થોની રચના થવા માંડી...કર્મસાહિત્ય કે સિદ્ધાન્તગ્રન્થો, ન્યાયગ્રન્થો કે કાવ્યગ્રન્થો, અધ્યાત્મગ્રન્થો કે યોગગ્રન્થો દરેક પર તેઓશ્રીએ પ્રકાશ પાથરવા માંડયો...નવા ગ્રન્થો રચ્યા તો જૂના ગ્રન્થો પર વિવરણો પણ કર્યા...માત્ર શ્વેતામ્બર માન્યતાના જૈનગ્રન્થો પર જ તેઓશ્રીએ કલમ ચલાવી છે એવું નથી, દિગંબરોના-વૈદિકોના વગેરે ગ્રન્થો પર પણ વિવરણો લખ્યા છે...આ તેઓશ્રીના ઉદાર અને સારગ્રાહી વ્યક્તિત્વને સૂચવે છે. વળી તેઓશ્રીએ માત્ર વિદ્વજ્જનોને નજરમાં રાખીને સંસ્કૃત–પ્રાકૃતમાં જ રચનાઓ કરી છે એવું નથી, પણ આમજનતા પર પણ ઉપકાર થાય એ દૃષ્ટિથી સ્તવન–સજ્ઝાય–રાસ–ટબા વગેરેની રચના કરીને ગૂર્જર સાહિત્યને પણ નોંધપાત્ર રીતે વિકસિત કર્યું છે. તેઓશ્રીએ ખંડન પણ કર્યું છે, તો અવસરે સમન્વય પણ કર્યો છે...કુમતોનું યુક્તિયુક્ત ખંડન કરવાના કારણે તેઓશ્રીના ઘણાં દુશ્મનો પણ ઊભા થયા હતા. તો પણ નિઃસ્પૃહ અને નીડર બનીને તેઓશ્રીએ ખોટી વાતોનો પ્રતિકાર કર્યો છે, સાચી વાતોને પ્રકાશિત કરી છે અને આ રીતે ભવ્ય જીવો પર અચિન્ત્ય ઉપકાર કર્યો છે. તેઓશ્રીની આવી બહુમુખી પ્રતિભાએ તેઓશ્રીને લઘુહરિભદ્ર કૂર્ચાલસરસ્વતી વગેરે બિરુદોથી નવાજ્યા હતા.

શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી તે વખતના તપાગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રી વિજય દેવસૂરિજી મહારાજે શ્રી યશોવિજય મ. સા.ને ઉપાધ્યાય પદે** સ્થાપિત કરવાની અનુજ્ઞા આપી. શ્રી યશોવિજયજીએ પણ જ્ઞાન–ધ્યાનની સાથે વીશસ્થાનક તપની આરાધના કરી. વિ. સં. ૧૭૧૮ માં ઉપાધ્યાયપદથી અલંકૃત બન્યા. આચાર્ય પદનો તેઓશ્રીએ સ્વયં ઇન્કાર કર્યો હતો એવો પ્રઘોષ છે.

જ્ઞાનઘન એવા પૂજ્ય ઉપાધ્યાયજીને જ્યારે મહાયોગી આનંદઘનમહારાજનો ભેટો થયો ત્યારે બે મહાપુરુષોનું મિલન કેવું સુભગ હોય છે એનું દુનિયાને દર્શન થયું હતું. પૂજ્ય ઉપાધ્યાયજીએ અગાધ જ્ઞાનસાગરનું મંથન કરીને મેળવેલા ગુણાનુરાગરૂપી અમૃતનો રસાસ્વાદ તો તેઓ શ્રીમદે 'આનંદઘન અષ્ટપદી'ની જે રચના કરી છે તેમાંથી સ્હેજે દેખાઇ આવે છે. અગાધજ્ઞાન સાગરના અને અપૂર્વ તર્કશક્તિના માલિક હોવા છતાં તેઓશ્રી કેટલાં ભવભીરુ અને પાપભીરુ હતાં. તેમજ તેઓશ્રી શાસ્ત્રોને કેટલાં વફાદાર હતાં તે, તેઓશ્રી ગ્રંથોમાં 'किं कुमो यत्र बलवानगमः' 'अम्ह णाभिनिवेसो...' 'इत्यत्र तु बहुश्रुता एव प्रमाणम्' ઇત્યાદિ જે ઉલ્લેખો મળે છે તેના પરથી સુજ્ઞજનોને સ્હેજે સમજાય છે.

વડોદરાની નજીક ડભોઇ (દર્ભાવતી) નગરીમાં તેઓ શ્રીમદે વિ. સં. ૧૭૪૩ નું ચાતુર્માસ કર્યું. અને ત્યાં જ અનશન કરીને પંડિતમરણ સાધ્યું હતું. આજે પણ ત્યાં તેઓશ્રીનું સમાધિમંદિર સ્પર્શના કરવા આવતા ભવ્યાત્માઓને જૈનશાસ્ત્રોના પવિત્ર પૈગામને સુણાવી રહ્યું છે.

## ગ્રન્થકારકૃત ગ્રન્થસન્દર્ભ

**સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત ઉપલબ્ધ ગ્રન્થો–**

(૧) અધ્યાત્મમતપરીક્ષા (૨) આધ્યાત્મિકમતપરીક્ષા (૩) આરાધક વિરાધકચતુર્ભંગી (૪) ઉપદેશરહસ્ય (૫) ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા (૬) કૂપદૃષ્ટાન્તવિશદીકરણ (૭) ગુરુતત્ત્વવિનિશ્ચય (૮) જ્ઞાનાર્ણવ (૯) દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા (૧૦) ધર્મપરીક્ષા (૧૧) નયોપદેશ (૧૨) મહાવીરસ્તવ (૧૩) પ્રતિમાશતક (૧૪) ભાષારહસ્ય (૧૫) સામાચારીપ્રકરણ

**અન્યકર્તૃકગ્રન્થની ઉપલબ્ધ ટીકાઓ–**

(૧) ઉત્પાદાદિ સિદ્ધિ (૨) કમ્મપયડી બૃહત્ટીકા (૩) કમ્મપયડી લઘુટીકા (૪) તત્ત્વાર્થસૂત્ર (પ્રથમ અધ્યાય) (૫) યોગવિંશિકા ટીકા (૬) સ્તવપરિજ્ઞા અવચૂરિ (૭) સ્યાદ્વાદરહસ્ય લઘુ–મધ્યમ–બૃહદ્વૃત્તિ (૮) સ્યાદ્વાદ કલ્પલતા (૯) ષોડશકટીકા (૧૦) અષ્ટસહસ્રીટીકા (૧૧) પાતંજલ યોગસૂત્ર ટીકા (૧૨) કાવ્યપ્રકાશટીકા (૧૩) ન્યાયસિદ્ધાન્તમંજરી વગેરે.

**સ્વતંત્ર ઉપલબ્ધ અન્ય રચનાઓ–**

(૧) અધ્યાત્મસાર (૨) અધ્યાત્મોપનિષદ્ (૩) અનેકાન્ત વ્યવસ્થા (૪) અસ્પૃશદ્ગતિવાદ (૫) આત્મખ્યાતિ (૬) આર્ષભીયચરિત્ર (૭) જૈનતર્કભાષા (૮) જ્ઞાનબિન્દુ (૯) જ્ઞાનસાર (૧૦) તિઙન્વયોક્તિ (૧૧) દેવધર્મપરીક્ષા (૧૨) સપ્તભંગીનયપ્રદીપ (૧૩) નયરહસ્ય (૧૪) ન્યાયાલોક (૧૫) નિશાભુક્તિપ્રકરણ (૧૬) પરમજ્યોતિઃ પંચવિંશિકા (૧૭) પરમાત્મપંચવિંશિકા (૧૮) પ્રતિમાસ્થાપનન્યાય (૧૯) પ્રમેયમાલા (૨૦) માર્ગપરિશુદ્ધિ (૨) યતિદિનચર્યા (૨૨) યતિલક્ષણ સમુચ્ચય (૨૩) વાદમાલા–૧ (૨૪) વાદમાલા–૨ (૨૫) વાદમાલા–૩ (૨૬) વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય (૨૭) વિષયતાવાદ (૨૮) સિદ્ધસહસ્રનામકોશ (૨૯) સ્યાદ્વાદરહસ્યપત્ર (૩૦) સ્તોત્રાવલી.

**અનુપલબ્ધ સંકેતપ્રાપ્ત અન્યગ્રન્થો–**

(૧) અધ્યાત્મબિન્દુ (૨) અધ્યાત્મોપદેશ (૩) અનેકાન્તવાદપ્રવેશ (૪) અલંકારચૂડામણિટીકા (૫) આલોકહેતુતાવાદ (૬) છંદચૂડામણિટીકા (૭) જ્ઞાનસાર અવચૂર્ણિ (૮) તત્ત્વાલોક વિવરણ (૯) ત્રિસૂત્ર્યાલોક (૧૦) દ્રવ્યાલોક (૧૧) ન્યાયવાદાર્થ (૧૨) પ્રમારહસ્ય (૧૩) મંગલવાદ (૧૪) વાદ રહસ્ય (૧૫) વાદાર્ણવ (૧૬) વિધિવાદ (૧૭) વેદાન્ત નિર્ણય (૧૮) વેદાન્તવિવેકસર્વસ્વ (૧૯) શઠપ્રકરણ (૨૦) શ્રીપૂજ્યલેખ (૨૧) સિદ્ધાન્તતર્કપરિષ્કાર.

આ ઉપરાંત શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજે ગુજરાતી ભાષામાં પણ અનેક લોકભોગ્ય સ્તવન, સજ્ઝાય, રાસ, પૂજા, ટબા વગેરેની રચનાઓ કરી છે જેનો મોટો ભાગ ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભાગ–૧ માં તથા ભાગ–૨ માં દ્રવ્યગુણપર્યાયનો રાસ પ્રસિદ્ધ થઈ ગયા છે.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ધર્મોપકરણુવિચાર | ૧ |
| દ્રવ્યલિંગવન્દ્યત્વવિચાર | ૧૪૮ |
| જ્ઞાનચારિત્રપ્રાધાન્યવિચાર | ૧૬૮ |
| કેવલિભુક્તિવિચાર | ૨૦૯ |
| તદન્તર્ગતતત્પ્રવૃત્તિવિચાર | ૨૬૦ |
| કેવલિભુક્તિવિચાર (ચાલુ) | ૩૦૦ |
| સિદ્ધોમાં ચારિત્રની હાજરીનો વિચાર | ૩૪૯ |
| સ્ત્રીમુક્તિવિચાર | ૪૨૫ |
| અધ્યાત્મ ઉપનિષદ્ | ૪૬૧ |


## વિસ્તૃત અનુક્રમણિકા ૫૦

### ધર્મોપકરણુવિચાર


| | |
|---|---|
| ટીકાકારનું મંગળાચરણ | ૧ |
| મૂલગ્રન્થનું મંગળાચરણ | ૧ |
| મંગલાદિ અનુબંધનો નિર્દેશ | ૨ |
| ગ્રન્થરચનાનું વિશેષ પ્રયોજન | ૨ |
| નામ આધ્યાત્મિક દિગંબરમતની પરીક્ષા | ૩ |
| અધ્યાત્મના નામાદિ ચાર નિક્ષેપા | ૩ |
| પારમાર્થિક અધ્યાત્મનું સ્વરૂપ | ૪ |
| આત્માનો અધિકાર=કષાયવિજયની પ્રવૃત્તિ | ૬ |
| ઈન્દ્રિયવિજયથી કષાયજય | ૬ |
| ચિત્તશોધનની પરિપાટી | ૭ |
| અધ્યાત્મસ્વરૂપ ક્રિયાની ઓળખાણ | ૭ |
| વસ્ત્રાદિ રાખવા અધ્યાત્મને અવિરોધી | ૮ |
| ઉપકરણોની સંભાળ રાગદ્વેષ વિના હોય? | ૯ |
| ઉપધિ અશુદ્ધોપયોગની સ્વતઃ અનાપાદક | ૧૧ |
| વસ્ત્રાદિ અંગેના દોષ દેહ વિશે પણ સમાન | ૧૧ |
| શરીર વિષે આર્તધ્યાનરૂપ મૂર્છાનો અસંભવ | ૧૨ |
| પરદ્રવ્યરતિના બંને વિકલ્પમાં દેહ–વસ્ત્ર સામ્ય | ૧૫ |
| રૌદ્રધ્યાનનું નિમિત્ત હોવાથી વસ્ત્રાદિત્યાજ્ય હોવાની શંકાનો ઉત્તર | ૧૫ |
| મોક્ષસાધનતાબુદ્ધિનો અનુબંધ દેહ–વસ્ત્રમાં તુલ્ય | ૧૬ |
| દિગંબરની ઉત્સર્ગ–અપવાદ અંગે શંકા | ૧૭ |
| વાચિક–કાયિકધ્યાન ઉપર આક્ષેપ–સમાધાન | ૧૯ |
| 'ધ્યૈ' ધાતુના અનેકાર્થતાનું સમર્થન | ૧૯ |
| કેવલીને કાયનિરોધરૂપ ધ્યાન માનવું આવશ્યક | ૨૦ |
| કેવલીને સતત ધ્યાનની આપત્તિનો પ્રત્યુત્તર | ૨૦ |
| સ્વભાવમાં અવસ્થાન એ ધ્યાન નથી | ૨૨ |
| સ્વભાવસમવસ્થાન એ નૈશ્ચયિક ધ્યાન પણ નથી | ૨૩ |
| સ્થવિરકલ્પચર્યા ઉત્સર્ગસંલગ્ન જ | ૨૪ |
| ઉપધિના અસ્વીકારમાં દિગંબરનો ગૂઢ આશય | ૨૫ |
| દિગંબરમત પ્રમાણે અપવાદચર્યા | ૨૬ |
| વૈયાવચ્ચાદિ કૃત્યનો સાધુ અનધિકારી પૂ. | ૨૯ |
| શરીરવત્ વસ્ત્રાદિ પણ શુદ્ધોપયોગમાં ઉપકારી | ૩૦ |
| એક એક ઉપકરણની ઉપયોગિતા | ૩૨ |
| વસ્ત્રવત્ પાત્રગ્રહણથી થતા લાભો | ૩૩ |
| વેદોદયનિવારણ માટે અબળા પરિગ્રહની આપત્તિ–પૂ. | ૩૪ |
| એ આપત્તિ દિગંબરપક્ષે અનિવાર્ય–ઉ. | ૩૫ |
| આલંબન ભેદે રાગદ્વેષની શુભાશુભતા | ૩૬ |
| પ્રવૃત્તિ દ્વેષમૂલક હોય? | ૩૮ |
| રાગ–દ્વેષની પરવશતા વિના સમ્યગ્દષ્ટિની સાંસારિક પ્રવૃત્તિ ન હોય | ૩૯ |
| દ્વેષ કઈ રીતે ઉપકારી? | ૪૧ |
| આપવાદિકીહિંસા સાધુતાવિરોધી કેમ નહીં? | ૪૩ |
| શાસ્ત્રોક્તિ ઉભયપક્ષે સમાન | ૪૪ |
| નિક્ષેપ–નયથી રાગદ્વેષનો વિચાર | ૪૪ |
| રાગ–દ્વેષના વિવિધ નિક્ષેપા | ૪૫ |
| સાતનયથી રાગ–દ્વેષની વિચારણા | ૪૬ |
| નિશ્ચયથી રાગદ્વેષ અને પરદ્રવ્યપ્રવૃત્તિ | ૫૦ |
| આત્મા પર પરદ્રવ્યની અસર નથી–નિશ્ચયનય | ૫૦ |
| પ્રસન્નચંદ્ર રાજર્ષિ ઉપર પરદ્રવ્યની અસર કેમ નહિ? | ૫૧ |
| પ્રવૃત્તિ–વીર્યની પરસ્પર હેતુતા | ૫૧ |

નિદ્રાકાળે જ્ઞાન અનુત્પત્તિનું કારણ ૫૩
તીર્થંકરની ધર્મોપદેશનાની પ્રવૃત્તિનું કારણ ૫૪
ભવ્ય-અભવ્યો વહાલા-અળખામણા હોવાનો આક્ષેપ ૫૪
આવશ્યકાદિ પ્રવૃત્તિથી ધ્યાનનું સંવર્ધન ૫૫
આવશ્યકક્રિયાઓમાં શ્રેણિપ્રાપકધ્યાન કઈ રીતે? ૫૬
સોપાનો છોડી કૂદકો મારવાથી ભોંડપનો અનુભવ ૫૭
અપકૃષ્ટ હોવા છતાં પ્રારંભદશામાં આત્મમાર્ગ ૫૭
નિર્ગ્રન્થસાધુઓને વસ્ત્રાદિ ગ્રન્થરૂપ નથી –અનુમાન ૫૮
ઉભયઅનુમાનની નિર્દોષતાનું સમર્થન ૫૯
મૂર્ચ્છાહેતુત્વહેતુક અનુમાનથી સત્પ્રતિપક્ષની આશંકા ૬૦
મૂર્ચ્છાહેતુત્વહેતુક અનુમાનમાં વિવિધ સંસ્કાર ૬૦
ગ્રન્થ-અગ્રન્થનો કોઈ એકાન્ત નિયમ નથી ૬૩
પ્રસન્નચંદ્રની પ્રવૃત્તિમાં મૂર્ચ્છાહેતુતાની વિચારણા ૬૪
શાસ્ત્રીયવિધાનોનું લક્ષ્ય યતના ૬૬
નદી ઊતરવાની અનુજ્ઞાનું રહસ્ય ૬૬
સાધુને અલ્પઉપધિ રાખવાનું વિધાન ૬૭
આહારવત્ ઉપધિ જરૂરી ૬૮
અનાહારીપણાની જેમ અપરિગ્રહતા ન્યાયસંગત ૬૯
વસ્ત્ર રાખનાર અચેલક શી રીતે? ૭૦
દિગમ્બરમતે યાવજ્જીવ ભૂખ્યા રહેવાની આપત્તિ ૭૧
પરીષહવિજયનું સ્વરૂપ ધર્મોપકરણપ્રવૃત્તિથી અબાધિત ૭૨
ધર્મોપકરણની હાજરીમાં વ્ય.નયે પણ અચેલકતા ૭૨
દેવદૂષ્ય અપગમ બાદ તીર્થંકરોની અચેલતા ૭૩
જિનકલ્પીને આઠ વિકલ્પે ઉપધિસ્વીકાર ૭૪
શ્રીજિનનું સર્વથા અનુકરણ ગેરવાજબી ૭૫
પ્રવ્રજ્યાદિક્રમે સ્થવિરકલ્પની આરાધના ૭૭
અનિયતવાસથી થનારા લાભ ૭૭
ભક્તપરિજ્ઞાદિ અથવા જિનકલ્પાદિ દ્વિવિધ વિહાર ૭૮
જિનકલ્પીનો કઠોર આચાર ૭૯
જિનકલ્પીઅંગે પરિશિષ્ટ જ્ઞાતવ્ય ૮૦
બહિરંગલિંગના અભાવમાં મમતા ન પણ હોય ૮૨
પરદ્રવ્યપ્રવૃત્તિ પણ મમતા આક્ષેપક નથી ૮૩
બાહ્યપ્રવૃત્તિમાં અંતરથી અધ્યાત્મ ૮૩
શ્રીજિનનો ચાળો કરનાર દુઃખી થાય ૮૪
આહારગ્રહણવત્ ઉપકરણધારણ ઉપકારી ૮૫
વસ્ત્રધારણના ૩ અને આહારના ૬ કારણો ૮૬
લજ્જા-જુગુપ્સા ટાળવા વસ્ત્ર જરૂરી ૮૮
ક્ષુતતૃષ્ણાવિજયવત્ હ્રીકુત્સાવિજય ૮૯
ઉત્સર્ગ-અપવાદની સાપેક્ષતામાં દિગંબરમત ૯૨
શ્વેતામ્બરમતે સંપૂર્ણપરિગ્રહપચ્ચક્ખાણ અબાધિત ૯૪
ઉપા. ધર્મસાગરના મતની સમાલોચના ૯૫
આત્મધ્યાનરૂપ પરમઅધ્યાત્મપ્રાપ્તિનો ઉપાય ૯૯
બાહ્યક્રિયા લોપક સામે લાલબત્તી ૯૯
એકાન્તસ્વભાવવાદી બૌદ્ધમત ૧૦૨
હેતુવાદી નૈયાયિકાદિનો મત ૧૦૪
સ્યાદ્વાદમાં સાપેક્ષ ઉભયમત પ્રમાણ ૧૦૪
ઋજુસૂત્રનયમત ૧૦૪
વ્યવહારનયનો અભિપ્રાય ૧૧૦
સ્વભાવવૈચિત્ર્ય માનવું આવશ્યક ૧૧૫
વિચિત્ર સહકારી સંબંધ સ્વભાવભૂત ૧૧૬
અંતરંગ-બહિરંગ હેતુનું બલ તુલ્ય ૧૧૭
કર્મ પણ પુરુષાર્થને સાપેક્ષ ૧૧૮
બહિરંગહેતુને પણ ફળ સાથે નિયતયોગ ૧૨૧
સર્વવસ્તુઓ સ્વકૃત જ હોય-નિશ્ચયનય ૧૨૩
દાન-ચોરીમાં સ્વ શુભપરિણામનું દાન-હરણ ૧૨૫
પુણ્ય કે સુખની આપ-લે અશક્ય ૧૨૬
ભોજનાદિ પુદ્ગલોની પણ આપ-લે અશક્ય ૧૨૮
ધનાદિ અંગે સ્વ-પરવિભાગ વ્યવહારથી ૧૨૮
સ્વત્વઅંગે અન્ય અભિપ્રાય ૧૩૦
ધનાદિમાં સ્વ-પરવ્યવહાર અયોગ્ય-નિશ્ચય ૧૩૦
પરદ્રવ્યમાં સ્વત્વબુદ્ધિ રાખનારને નુકશાન ૧૩૨

પરઅંગે સ્ત્રીત્વજ્ઞાન પણ આત્મસ્વભાવ-
ભાવનાનું વિરોધી ૧૩૩
આત્મજ્ઞાનથી રાગદ્વેષવિલય ૧૩૪
ચારિત્રભંગમાં જ્ઞાન-દર્શનના ભંગ-અભંગની
વિચારણા ૧૩૫
જીવના પરિણામો ૧૩૬
જીવથી કર્મપુદ્ગલગ્રહણ અશક્ય ૧૩૭
કર્મમાં થતી વિચિત્રતા જીવકૃત હોતી નથી ૧૩૭
પુણ્યપરિણામ પણ પરમાર્થથી અશુદ્ધ ૧૩૮
પુણ્યફળસુખ પણ વસ્તુતઃ દુઃખ ૧૩૯
પાપફળ દુઃખને સુખ ન કહેવાય ૧૩૯
જીવપરિણામથી જ બંધ-મોક્ષ ૧૪૦
બહિરંગયતિલિંગ વિના મોક્ષ અશક્ય ?
શંકા-સમા. ૧૪૧
વ્યવહારનય ત્યાગવાનું કહેનારાનો આશય ૧૪૨
ત્રિગુપ્તિ સામ્રાજ્ય ૧૪૩
પ્રવૃત્તિપરિણામ અધ્યાત્મવિરોધી હોવાનો
અનિયમ ૧૪૪
શુભાશુભ કોઈપણ ક્રિયા પરમચારિત્ર વિરોધી ? ૧૪૫
દ્રવ્ય-ભાવલિંગની બળાબળતા ૧૪૬

**દ્રવ્યલિંગવન્દ્યત્વવિચાર**

પાસત્થાદિનું દ્રવ્યલિંગ અવંદનીય ૧૪૮
દ્રવ્યલિંગ-પ્રતિમાનું વૈષમ્ય ૧૪૯
દ્રવ્યલિંગની અધ્યાત્મશોધકતા ગુણવત્તાપ્રતિ-
સંધાન દ્વારા ૧૫૦
પ્રતિમાની તે સમાનગુણ સ્મરણ દ્વારા ૧૫૧
દોષજ્ઞાનની હાજરીમાં લિંગથી ગુણવત્તા-
પ્રતિસંધાન અશક્ય ૧૫૧
માત્ર દ્રવ્યલિંગ, દોષજ્ઞાનની હાજરીમાં જ
અવંદનીય ૧૫૨
દ્રવ્યલિંગીમાં દોષનું જ્ઞાન ગુણવત્તા-
પ્રતિસંધાનનું પ્રતિબંધક ૧૫૩
દ્રવ્યલિંગ પણ ગુણવત્તાના આહાર્ય-
આરોપ દ્વારા વંદનીય પૂ. ૧૫૩
દ્રવ્યલિંગીમાં આહાર્યઆરોપ અશક્ય-ઉ. ૧૫૪
પ્રતિમામાં ભાવઅધ્યારોપ અયુક્ત-પૂ. ૧૫૪
અતિશયિત પ્રતિમામાં તે સંગત-ઉ. ૧૫૫
ગુણસંકલ્પ કરાવવા દ્વારા પ્રતિમા ઉપકારક ૧૫૬
દ્રવ્યલિંગીમાં ભાવસાધુના ગુણનો સંકલ્પ
અશક્ય ૧૫૭
પ્રતિમાને કરાતા વંદનાદિનું તાત્પર્ય ૧૫૮
પાસત્થાદિનો સાધુવેશ પણ અવંદનીય ૧૫૯
ભક્તિથી બોલાએલી ભાષા મૃષા નથી ૧૬૦
પાસત્થાદિના લિંગમાં કોઈ ગુણોનું
અનુસંધાન શક્ય નથી ૧૬૧
પાસત્થાદિને કારણપ્રાપ્ત વંદનાદિ કરનાર
આરાધક ૧૬૨
પ્રતિમામાં અરિહંતનો અભેદ આરોપ યોગ્ય ૧૬૪
નિશ્ચયમાં અસદ્ભૂત વ્યવહાર અન્તર્ભૂત ૧૬૭

**જ્ઞાનચારિત્રપ્રાધાન્યવિચાર-**

જ્ઞાનનયમહત્તાની સ્થાપના ૧૬૯
ક્રિયાનયમહત્તાની સ્થાપના ૧૭૦
સિદ્ધાન્તપક્ષની સ્થાપના ૧૭૧
જ્ઞાન ગૌણ ક્રિયા પ્રધાન-પૂ૦ ૧૭૨
જ્ઞાન-ક્રિયા બન્ને તુલ્યબળી-ઉ૦ ૧૭૨
ઉભયપરિણત આત્મક્ષણ મોક્ષહેતુ ૧૭૩
યુગપદ્ અનેક ધર્મો અવિરુદ્ધ ૧૭૪
દેશોપકારિતા શું છે ? ૧૭૫
તુલ્યબળીજ્ઞાન કરતાં ચારિત્રની વિશેષતા ૧૭૭
વ્યવહાર કરતાં નિશ્ચય બળવાન ? ૧૭૯
ચારિત્રને જ અતિશયિત કહેવું એ
અયોગ્ય-વ્ય. ૧૮૦
નિશ્ચયમાં સર્વનયસંમત વિષયત્વ હોવામાં
નયત્વહાનિ-પૂ. ૧૮૧
બન્ને મુખ્ય-પ્રમાણપક્ષ ૧૮૨
ભિન્ન ભિન્ન વિવક્ષાથી બંનેમાં પ્રધાનતા-
ગૌણતા ૧૮૩
જ્ઞાન-દર્શન-ચારિત્રના સમુદાયથી મોક્ષ ૧૮૪
પ્રવચનજ્ઞાન મોક્ષપ્રાપ્તિમાં આવશ્યક ૧૮૫
શ્રુતજ્ઞાનથી અશુભયોગહાનિદ્વારા કર્મહાનિ ૧૮૬
ક્રિયાસહકૃત મંત્રજ્ઞાન જ ફળપ્રદ ૧૮૭
ફળપ્રાપ્તિમાં ક્રિયાપણ આવશ્યક ૧૮૭

વ્યવહારવાદીના કદાગ્રહનો જવાબ ૧૮૮
સર્વનયસમૂહાત્મક નિશ્ચયનું નયત્વ અખંડિત ૧૮૯
સકલાદેશ–વિકલાદેશ ૧૮૯
કાલાદિ આઠનો પરિચય ૧૯૦
વ્યવહાર સકલભંગોપગ્રાહક નથી ૧૯૦
ઔપચારિક પ્રામાણ્ય નિશ્ચયમાં જ ૧૯૩
નિશ્ચયનું અનુપચરિતવિષયત્વરૂપ બળ અનૈકાન્તિક ૧૯૪
ભાવમાં સદા નિરુપચારતા માનવામાં આપત્તિ ૧૯૫
નયોમાં શુદ્ધાશુદ્ધત્વવ્યવસ્થા ૧૯૭
દ્રવ્ય પણ આદરણીય ૧૯૮
કારણનો આદર આવશ્યક ૧૯૯
વિશિષ્ટક્રિયા અવસ્યફળપ્રદ ૨૦૦
વ્યવહારક્રિયા શુભભાવવર્ધક ૨૦૦
ભાવપૂર્વકની ક્રિયા અપૂર્વ ૨૦૧
ક્રિયા ભાવથી ચરિતાર્થ નથી ૨૦૨
ક્રિયાફળ પ્રત્યે ભાવ અન્યથાસિદ્ધ ૨૦૨
છિન્નજ્વાળા દૃષ્ટાંત ૨૦૩
પ્રણિધાનોપલબ્ધિમાં નિયામક ૨૦૪
ભાવક્રિયાહેતુજિજ્ઞાસા ક્રિયાપ્રવર્ત્તક ૨૦૪
તત્ત્વધર્મની યોનિઓ ૨૦૫
ધૃત્યાદિક્રમે વિશુદ્ધ ભાવવૃદ્ધિ ૨૦૭

**કેવલિભુક્તિવિચાર :**

દિગંબરમાન્ય અઢારદોષો ૨૦૯
ક્ષુધા વગેરે દોષરૂપ નથી ૨૧૦
ક્ષુધાદિ કૈવલ્યના અપ્રતિબંધક ૨૧૧
ક્ષાયોપશમિકજ્ઞાનના પ્રતિપંથી શી રીતે? ૨૧૨
ક્ષુધાદિમાં દોષત્વનું મંડન–ખંડન ૨૧૩
અભોજનભાવના ક્ષુધાનાશક નથી ૨૧૪
જરા વગેરે પણ દોષરૂપ નથી ૨૧૫
કેવળીને ક્ષાયિકસુખ હોતું નથી ૨૧૬
ક્ષાયિકસુખના હેતુની વિચારણા ૨૧૬
વેદનીયકર્મ ક્ષાયિકસુખનું પ્રતિબંધક ૨૧૭
વેદનીયના વિપાકોદયને આગમસમર્થન ૨૧૮
અસુખદા શબ્દનો તાત્પર્યાર્થ ૨૨૦
અલ્પદુઃખસત્તાનું પ્રતિપાદન ૨૨૦
'એકાદશજિને' સૂત્રવિચારણા ૨૨૨
લક્ષણાસંબંધનો વિચાર ૨૨૩
ક્ષુધાદિના કારણોનો વિચાર ૨૨૪
આર્તધ્યાનનિવૃત્તિમાં ક્ષુધાનિવૃત્તિનો અનિયમ ૨૩૪
ક્ષાયિકચારિત્ર ક્ષાયિકસુખરૂપ નથી ૨૩૪
વેદનીયની મોહસાપેક્ષાકતાનું નિરાકરણ ૨૩૫
વેદનીયમાં ઘાતીતુલ્યત્વની વિચારણા ૨૩૬
અનુકૂલવેદનીયત્વ સુખનું ઉપલક્ષણ છે ૨૪૦
રાગવિષયત્વ પણ લક્ષણ નથી ૨૪૧
કર્મજન્યસુખાદિભોગમાં કર્મબંધનો અનેકાન્ત ૨૪૧
જિનનામકર્મભોગની અનુપપત્તિની આપત્તિ ૨૪૨
અજ્ઞાનજન્ય દુઃખ કેવળીને અસંભવિત ૨૪૪
વેદનીયજન્ય તે સંભવિત ૨૪૪
સર્વઇષ્ટપ્રાપ્તિ–અનિષ્ટનાશનો મોક્ષમાં જ સંભવ ૨૪૪
દુઃખ ઐન્દ્રિયક જ હોવાનો અનિયમ ૨૪૬
અરતિ–રતિના તિરોભાવથી જ ઔદયિક સુખ–દુઃખ માનવામાં આપત્તિઓ ૨૪૭
કોઈપણ સુખ આત્મગત જ હોય ૨૪૮
ઔદયિક સુખ–દુઃખ ઐન્દ્રિયક જ હોવાનો અનિયમ ૨૪૯
ક્ષુધાદિ દુઃખ હોવામાં જ દુઃખાલ્પત્વપ્રવાદ સંગત ૨૪૯
અસુખદામાં નઞ્ અલ્પતાસૂચક ૨૫૦
અલ્પદુઃખ પણ કવલાહારપ્રયોજક ૨૫૦
દગ્ધરજ્જુસ્થાનિકત્વપ્રવાદ અપ્રામાણિક ૨૫૧
જરદ્ગવપ્રાયત્વનું તાત્પર્ય ૨૫૨
શ્રેણીમાં સંપૂર્ણ રસઘાત માનવામાં આપત્તિ ૨૫૨
પરાઘાતાદિનો ય સ્વકાર્યસમર્થરસોદય ૨૫૪
ઉદીરણા વિના ય વેદનીયકર્મ સમર્થ ૨૫૪
પ્રબળપુણ્યોદયથી વેદનીયની દગ્ધરજ્જુતા ન મનાય ૨૫૫

દેવોને કવલાહાર કેમ નહીં ? પ્રશ્નોત્તર ૨૫૬
ઉદાસીન પ્રવેશાપ્રવેશથી વિનિગમનાવિરહ ૨૫૭
અનંતવીર્યની હાજરીમાં પણ બળહાનિ સંભવિત ૨૫૮
બળ યોગપરિણામરૂપ, વીર્યરૂપ નહિ ૨૫૮

**કેવલિપ્રવૃત્તિવિચાર :**

કેવલિક્રિયા કર્મબંધનું અકારણ–પૂ. ૨૬૦
કેવલિક્રિયા બધી સ્વભાવથી જ–પૂ. ૨૬૧
કેવલિની વિહારાદિક્રિયા ક્ષાયિક–પૂ. ૨૬૨
'સ્વભાવથી'માં સ્વભાવની સમીક્ષા–ઉ. ૨૬૩
કાર્યકારણભાવમાં અન્વયવ્યતિરેકજ નિયામક ૨૬૪
ઈચ્છાવિના પણ પ્રયત્ન શકય ૨૬૬
કેવળીદેશનાની વિચારણા ૨૬૭
કેવલજ્ઞાન પણ અભિલાપપ્રયોજક ૨૬૯
તે તે શબ્દપ્રયોગમાં અમૂઢલક્ષ્યત્વ નિયામક ૨૭૦
કેવલીદેશના અનુગ્રહેચ્છાથી નહિ ૨૭૧
અભવ્યોને બોધ કેમ નહિ ? ૨૭૨
કેવલીની દેશનાપ્રવૃત્તિનું રહસ્ય ૨૭૩
અપ્રમત્તની ઉચિતપ્રવૃત્તિમાં ઈચ્છા નહિ, સામાયિક હેતુ છે ૨૭૩
ઉચિતપ્રવૃત્તિનાહેતુની વિચારણા ૨૭૪
વચનપ્રયત્નથી અશાતાની ઉદીરણા ન થાય ૨૭૫
પ્રયત્ન વિના ઉદીરણા અસંભવિત ૨૭૬
ઉદીરણા કોને આધીન ? ૨૭૭
અપવર્ત્તનામાં કૃતનાશાદિદોષાભાવ ૨૭૮
આહાર–કર્મભોગમાં સામ્ય ૨૭૯
કર્મ ઊભા રહેવા છતાં સ્થિતિહ્રાસ શકય ૨૮૦
વિપાકકાળનિષ્ફળહેતુતા કોને આધીન ? ૨૮૨
કર્મસ્થિતિમાં અધ્યવસાયો હેતુ ૨૮૩
તીવ્રતપથી નિકાચિતકર્મોની અપવર્ત્તના પણ શકય ૨૮૪
તે અપૂર્વકરણદ્વારા સંગત ૨૮૫
સાંપ્રતકાલીન પ્રાયશ્ચિતની પ્રવૃત્તિ સુસંગત ૨૮૬
કર્મક્ષય પ્રત્યે દ્રવ્યાદિ પાંચે ય હેતુ ૨૮૭
વિપાકોદયથી જ કર્મભોગ માનવામાં આપત્તિ ૨૮૮
કાય–વ્યૂહકલ્પના અને તેનો નિરાસ ૨૮૯
ભોગવિના ય કર્મનાશ સુસંગત ૨૯૧
કર્મોને સાધ્યાસાધ્યરોગની ઉપમા ૨૯૨
ઉપક્રમણીયકર્મોના ઉપક્રમનો અનિયમ ૨૯૩
ઉપક્રમણીયત્વસિદ્ધિ ૨૯૪
સોપક્રમણસાધ્યત્વસિદ્ધિના દૃષ્ટાન્તો ૨૯૪
સ્વભાવથી નશ્વર માનવામાં આપત્તિ ૨૯૭
કાર્યકારણભાવ જ સ્વભાવગ્રાહક ૨૯૮
નિયતપૂર્વવર્ત્તિતા જ કારણતા ૨૯૮
શાતા–અશાતાની અનુદીરણામાં પ્રમાદાભાવ હેતુ ૨૯૯
વચનપ્રયોગ રાગાદિપ્રમાદથી જ હોવાનો અનિયમ ૩૦૦

**કેવલિભુક્તિવિચાર (ચાલુ)**

ભોજનવ્યાપારથી પ્રમાદની આપત્તિ–પરિહાર ૩૦૦
દુષ્પ્રણિધાન–દુષ્પ્રયુક્તનો ભેદ ૩૦૧
પૂર્વારબ્ધકવલાહારાદિ ઉપરના ગુણઠાણાના અબાધક ૩૦૨
પૂર્વપ્રવૃત્તવ્યાપારની હાજરીમાં ધ્યાનધારા અબાધિત ૩૦૩
આહારથી પ્રમાદોત્પત્તિનો અનિયમ ૩૦૪
આહારકથા રાગ વિના ય સંભવિત ૩૦૫
આહારમાં નિદ્રાહેતુતાનો અનિયમ ૩૦૬
આહારની અતિમાત્રા કે સ્નિગ્ધતા જ દોષરૂપ ૩૦૭
વિધાન આકારનું નહિ, અલ્પત્વનું છે ૩૦૭
આહારના અપકર્ષાદિ સ્વતઃ ગુણાદિરૂપ નથી ૩૦૯
ક્ષુધાદિદુઃખનાશની કેવળીપ્રવૃત્તિમાં દુઃખ જ હેતુ, ઈચ્છા નહિ ૩૧૦
અનૌચિત્યવર્જક કેવળીઓનું પાત્રધારણ યોગ્ય ૩૧૧
કાષ્ઠપાત્ર સામે કરપાત્રની પ્રતિબંદી ૩૧૨
અશકયપરિહાર કેવળીને પણ સંભવિત ૩૧૩
અંતરાયક્ષયથી વિઘ્નાભાવ થાય, કાર્ય નહિ. ૩૧૩
કેવળીને પણ કવલાહાર–પાત્રાદિ અશકય પરિહારરૂપે ૩૧૪
વારંવારભોજન ઉચિતપ્રવૃત્તિ ન ગણાય ૩૧૬
પરમૌદારિકશરીરની માન્યતા/આપત્તિ ૩૧૮
મોહક્ષયથી શારીરિકઅતિશયોદ્ભવ અશકય ૩૨૦

નામકર્મોદયજન્ય વિ શબ્દવર્ણાદિજ પરમૌદારિકત્વ છે ૩૨૦
યોગનું માહાત્મ્ય ૩૨૧
પરમૌ૦શરીરની સ્થિતિ/વૃદ્ધિ આહાર–પુદ્ગલસાપેક્ષ ૩૨૨
ધાતૂપલક્ષિત શરીર કવલાહાર સાપેક્ષ જ હોય ૩૨૨
કવલાહારમાત્રથી મતિજ્ઞાનોત્પત્તિ ન થાય ૩૨૪
ઇન્દ્રિયાત્મક વ્યંજન આપૂરિત થતું નથી ૩૨૭
કવલાહારથી ઇર્યાપથપ્રસંગ નથી ૩૨૮
કેવળીના ગમનાદિ પ્રાયોગિક હોય ૩૨૯
હિતમિત આરોગવામાં રાગ અનાવશ્યક ૩૩૦
પુરીષાદિ જુગુપ્સાજનક નથી ૩૩૧
નીહારાભાવ અસંગત ૩૩૨
કવલાહારની હાજરીમાં નીહાર આવશ્યક ૩૩૩
ભોજનાભાવ આગમસિદ્ધ નથી ૩૩૫
કવલાહાર હોવા છતાં કૃતકૃત્યત્વ અખંડિત ૩૩૬
જ્ઞાનશુદ્ધિમાં આત્મશુદ્ધિની ભજના ૩૩૭
આત્માના બાહ્યાત્માદિ ત્રણ પ્રકાર ૩૩૯
શક્તિ શું છે? વિચારણા ૩૪૦
અભવ્યાદિ પણ શક્તિથી અંતરાત્મા ૩૪૩
અષ્ટસહસ્રીકારકૃત ગુણસ્વભાવત્વસિદ્ધિ ૩૪૩
તેની અસંગતિ ૩૪૪
દોષસ્વભાવત્વસિદ્ધિની આપત્તિ ૩૪૫
ગ્રન્થકારકૃત ગુણસ્વભાવત્વસિદ્ધિ ૩૪૬
મિથ્યાત્વાદિ જીવસ્વભાવભૂત નથી ૩૪૭
સ્વભાવસિદ્ધક્રિયાનું સ્વરૂપ ૩૪૮

**સિદ્ધોમાં ચારિત્રની હાજરીનો વિચાર ૩૪૯**

સિદ્ધપરમાત્માના આઠ ગુણો ૩૪૯
એ ગણતરીમાં પરિભાષા જ શરણ ૩૫૦
અવગાહના આત્મગુણ છે ૩૫૧
અન્યમતે આઠ ગુણો ૩૫૨
કર્મક્ષયજન્યતાવ્યવહારની વ્યવસ્થા ૩૫૩
સુખ મોહક્ષયજન્ય હોવામાં આપત્તિ ૩૫૩
સિદ્ધોમાં ચારિત્રગુણ ન હોય–સિદ્ધાન્તપક્ષ ૩૫૪
સિદ્ધોને અચારિત્રી કે માત્ર નોઅચારિત્રી કહેવાય નહિ ૩૫૫
સર્વથા ચારિત્રાભાવનું સિદ્ધાન્તીકૃત સમર્થન ૩૫૬
તેનો શંકાકારકૃત જવાબ ૩૫૭
ચારિત્રને માત્ર ક્રિયારૂપ માનવામાં આપત્તિ ૩૫૯
સમ્યક્ત્વમાં આત્મપરિણામત્વરૂપ આવશ્યક–સિદ્ધાન્તી ૩૬૦
ચારિત્રમાં પણ તે આવશ્યક ૩૬૦
ચારિત્રનો વિષય ૩૬૧
ફળસત્તાના કારણે ચારિત્રસત્તા ૩૬૧
ચારિત્રના એકાંશમાં જ ઐહભવિકત્વ ૩૬૨
ચારિત્રમાં પારભવિકત્વની વિચારણા ૩૬૩
ચારિત્રપ્રતિજ્ઞા કિંસ્વરૂપા? ૩૬૫
'જ'કારયુક્ત પ્રતિજ્ઞા નિષ્પ્રયોજન ૩૬૫
ચારિત્રપ્રતિજ્ઞા માત્ર ક્રિયાવિષયક ૩૬૬
બાહ્યક્રિયાભંગથી જ પ્રતિજ્ઞાભંગવ્યવહાર ૩૬૭
શુદ્ધોપયોગરૂપ ચારિત્રની સ્થિતિ શરીરનિરપેક્ષ ૩૬૮
ઔદયિકીક્રિયાને ભાવચારિત્ર ન મનાય ૩૬૯
બંધહેતુભૂત યોગ ચારિત્ર નથી ૩૬૯
શુદ્ધોપયોગ જ ચારિત્ર ૩૭૦
ક્ષાયિક ચારિત્રનો નાશ અશક્ય ૩૭૧
શુદ્ધોપયોગરૂપ ચારિત્ર પણ જ્ઞાનથી ભિન્ન ૩૭૧
જ્ઞા૦દ૦ચા૦નો અત્યંત ભેદ નથી ૩૭૨
ચારિત્ર યોગપરિણામાત્મક ક્રિયારૂપ–સિ૦ ૩૭૩
ચારિત્રાચાર–વીર્યાચારનો ભેદ ૩૭૪
ચારિત્રમાં વિવિધકર્મક્ષયાદિજન્યતા અબાધિત ૩૭૫
ચારિત્ર–કષાય વચ્ચે સહાનવસ્થાન વિરોધ ૩૭૬
સંજ્વલનકષાયો માત્ર અતિચારાપાદક ૩૭૭
મરુદેવીમાતાને નિવૃત્તિપ્રયત્ન હાજર ૩૭૯
ચારિત્ર શુદ્ધોપયોગરૂપ હોવામાં ઉપયોગત્રયની આપત્તિ ૩૮૦
શૈલેશીમાં પણ નિવૃત્તિપ્રયત્ન હાજર ૩૮૧
સિદ્ધિગમનકાળે ચારિત્રનાશ ૩૮૨
સિદ્ધોમાં વીર્યાભાવ ૩૮૩
ક્ષાયિક ચરણદાનાદિલબ્ધિઓ સાદિસાન્ત ૩૮૪
સિદ્ધિગમનમાં ક્રિયાફળત્વ અબાધિત ૩૮૪
અન્તક્રિયા એ જ અક્રિયા ૩૮૫
કારણમાં કાર્યકાળવૃત્તિતા આવશ્યક ૩૮૯

ચારિત્રનાશ માનવામાં આત્મનાશની આપત્તિ ૩૯૦
યોગો ચારિત્રના અપ્રતિપંથી ૩૯૧
મોહક્ષયજન્ય સર્વસંવરપરિણામ મોક્ષમાં ન હોય ૩૯૨
ચારિત્ર અંગેના વિવિધકથનો અસંગત નથી ૩૯૪
યોગો પરમસ્થૈર્યરૂપ ચારિત્રના અવિરોધી ૩૯૫
ચારિત્રને સ્વભાવસમવસ્થાનરૂપ માનવામાં અન્યોન્યાશ્રય ૩૯૬
ચરમસમયભાવી ચારિત્રની હેતુતા ઋજુસૂત્રમતે ૩૯૭
કારણની કાર્યકાળવૃત્તિતા અનાવશ્યક ૩૯૮
કારણાન્ત્યસમયે કાર્યોત્પત્તિ શુદ્ધનિશ્ચય ૩૯૮
ક્રિયમાણું કૃતંની સંગતિ ૩૯૯
ચારિત્રાભાવ ચારિત્રાવરણબંધહેતુ નથી ૪૦૧
અવિરતિ અચારિત્રથી પૃથગ્ ૪૦૩
ચારિત્ર જીવનું લિંગ છે ૪૦૩
સિદ્ધોને ફળસત્તાદ્વારા ચારિત્રસત્તા ૪૦૫
અનુપચરિતનિશ્ચયનયે તો અભાવ જ ૪૦૭
અષ્ટવિધ આત્માના પરસ્પર નિયમ–ભજના ૪૦૮
એ નિયમ–ભજના પ્રરૂપણા વ્યાપારાત્મક, ચારિત્રની બાધક–પૂ૦ ૪૧૨
સિદ્ધોને ચારિત્ર માનવામાં આગમ–વિરોધ–ઉ૦ ૪૧૩
સિદ્ધોના ક્ષાયિકભાવોમાં ચારિત્રની ગણત્રી નથી ૪૧૩
નિર્જરા ન કરનાર ચારિત્ર નથી ૪૧૫
ચારિત્ર સમ્યક્ત્વજાતીય નથી ૪૧૫
ભાવશ્રુતસંકલ્પાત્મક ચારિત્રનો વિષય ૪૧૬
ચારિત્રાભાવચર્ચાનો ઉપસંહાર ૪૧૭
સિદ્ધોનાં ચારિત્રની હાજરી અન્યાચાર્યમતે ૪૧૮
પ્રતિજ્ઞેયકાળનાશ ચારિત્રનો અનાશક ૪૧૯
મોક્ષમાં ચારિત્રાદિસ્વભાવ અક્ષત ૪૨૦
સમ્યક્ત્વજાતીયપરિણામવિશેષ ચારિત્ર ૪૨૧
સિદ્ધોની સર્વક્રિયા સ્વભાવસિદ્ધ ૪૨૨
આત્મામાં ૭ કારકોનો સમાવેશ ૪૨૩

**સ્ત્રીમુક્તિવાદ પ્રારંભ** ૪૨૫

સિદ્ધોના ભેદો ૪૨૫
સ્ત્રીશરીરથી મુક્તિ અસંભવિત–દિગં. ૪૨૭
તેમાં દિગંબરોક્ત હેતુઓ ૪૨૮
દિગંબરમત નિરાકરણ ૪૨૯
વેદક્ષયક્રમ શરીરરચનાનિયત ૪૨૯
સ્ત્રીલિંગસિદ્ધશબ્દનો અર્થ ૪૩૦
ચારિત્રવિરહહેતુ દૂષિત ૪૩૧
નાગ્ન્ય ચારિત્રાંગ નથી ૪૩૨
સંઘચાતુર્વિધ્યની અસંગતિ ૪૩૩
સ્ત્રીપણું રત્નત્રયપ્રકર્ષાવિરોધી ૪૩૪
જ્ઞાનાદિહીનતા મોક્ષપ્રાપ્તિઅબાધક ૪૩૬
સંયમમાં લબ્ધિહેતુતા અબાધિત ૪૩૭
ઋદ્ધિહીનત્વ અસિદ્ધ ૪૩૮
સ્ત્રીપણું તીર્થંકરત્વનું અવિરોધી ૪૩૯
બળહીનત્વહેતુ અપ્રયોજક ૪૪૦
હીનબળત્વનિયમ અસિદ્ધ ૪૪૧
પ્રભાચંદ્રીયઅનુમાનનિરાકરણ ૪૪૨
પુરુષહીનત્વહેતુ સત્પ્રતિપક્ષિત ૪૪૩
કામાતિરેક વિપરીતપરિણામનિવર્ત્ય ૪૪૪
અક્લીબશરીરરૂપે મોક્ષહેતુતા ૪૪૫
શુભમનોવીર્યપ્રકર્ષ સંભવિત ૪૪૬
અધોગતિવિષયક વૈષમ્ય અપ્રયોજક ૪૪૭
જ્ઞાનાદિપરમપ્રકર્ષાભાવ સાધક અનુમાનમાં દોષો ૪૪૯
સંઘયણાભાવમાં હેત્વાભાસતા ૪૫૦
સ્ત્રીમુક્તિસાધક અનુમાન ૪૫૨
સ્ત્રીચારિત્રને પરંપરાએ મોક્ષસાધક માનવામાં આપત્તિ ૪૫૩
કૃત્રિમસ્ત્રીને જ મોક્ષસંભવ–પૂ૦ ૪૫૪
સ્ત્રીને પ્રબળકર્મનિર્જરા અશક્ય–પૂ૦ ૪૫૪
ક્રિયાપ્રાબલ્યવિના ભાવપ્રાબલ્ય અસંભવિત–પૂ૦ ૪૫૫
કેવળીઓમાં પાપરૂપ સ્ત્રીત્વનો અસંભવ–પૂ૦ ૪૫૬
સ્ત્રીઓમાં કર્મપ્રાબલ્યનિયમ અસિદ્ધ ૪૫૭
શક્તિને ન ગોપવવામાં ચારિત્રની પરિપૂર્ણતા ૪૫૮
સ્ત્રીપણામાં પાપરૂપત્વ અસિદ્ધ ૪૬૦

**અધ્યાત્મઉપનિષદ્** ૪૬૧

શાસ્ત્રવ્યાપારનું પ્રયોજન ૪૬૨
અભવ્યત્વાદિશંકા નિવારણ ૪૬૪

| | |
|---|---|
| શંકાપ્રતિબંધક કોણ? | ૪૬૫ |
| યોગસિદ્ધિમાં ભુક્તભોગીપણું અનાવશ્યક | ૪૬૭ |
| ઈચ્છાવિચ્છેદક કોણ? | ૪૬૮ |
| દુઃખાનુબંધિતાજ્ઞાનજન્યદ્વેષ જ સામાન્યેચ્છાવિચ્છેદક | ૪૭૧ |
| સિદ્ધજાતીયત્વજ્ઞાનથી શું થાય? | ૪૭૨ |
| અનિરુદ્ધમનવાળાની ઈચ્છાના વિષયો સિદ્ધ થવા અશક્ય | ૪૭૩ |
| ઈચ્છાનિવૃત્તિ અંગે ગ્રન્થકારનો અભિપ્રાય | ૪૭૪ |
| યોગ ભોગ બાદ લેવાની ઈચ્છા વિવેકીને અસંભવિત | ૪૭૫ |
| યોગવિલંબેચ્છુને ધર્માધિકાર નથી | ૪૭૫ |
| હીનસંઘયણીને પણ ચારિત્ર અસંભવિત નથી | ૪૭૭ |
| ભાવિ સુખાનુબંધિતાજ્ઞાન તપમાં પ્રવર્તક | ૪૭૮ |
| હીનસંઘયણાદિના રોદણારોનારા અંતે પસ્તાય | ૪૭૯ |
| વીતરાગ પ્રાર્થિતસુખદેનારા નથી–નિશ્ચયનય | ૪૮૦ |
| અપ્રમત્તની પ્રાર્થના સફળ, આળસુની નિષ્ફળ | ૪૮૧ |
| ચારિત્રની અપ્રવૃત્તિમાં માત્ર કર્મો જ કારણ નથી | ૪૮૧ |
| પુનઃ પુનઃ પાપસેવનારની ગર્હા મિથ્યા | ૪૮૨ |
| શ્રાવકાદિ મર્યાદાસ્થિત હોય ગર્હા સફળ | ૪૮૨ |
| મિચ્છામિદુક્કડમ્નો અક્ષરાર્થ | ૪૮૩ |
| અક્ષરો પણ અર્થવાળા હોય છે | ૪૮૪ |
| શબ્દપ્રયોગની સાધુતાની વિચારણા | ૪૮૬ |
| અતથાકાર મિથ્યાત્વ છે | ૪૮૭ |
| સાધુતાથી ભ્રષ્ટ થનાર ઉભયવિરતિથી ભ્રષ્ટ | ૪૮૮ |
| લિંગમાત્રને ધારી રાખવા કરતાં શ્રાવકપણું હિતાવહ | ૪૮૯ |
| વ્રતભંગમાં સઘળાગુણોનો ભંગ | ૪૯૦ |
| ચારિત્રભ્રષ્ટનો તપ પણ નિર્મળ | ૪૯૧ |
| સંયમીનું કર્તવ્ય | ૪૯૨ |
| ઉપદેશદાનનો અધિકારી–સંવિગ્નગીતાર્થ | ૪૯૩ |
| ગચ્છમાં રહેલ પણ ભાવથી એકાકી | ૪૯૫ |
| ગચ્છ છોડનારાને થતાં અનર્થો | ૪૯૬ |
| ગીતાર્થને પણ ગચ્છ શ્રેયસ્કર, કારણે એકાકીપણું | ૪૯૭ |
| ગુરુપારતન્ત્ર્ય વિના અગીતાર્થનું પાપવર્જન અશક્ય | ૪૯૯ |
| સર્વસંમતસારભૂત ઉપદેશ | ૫૦૦ |
| ગ્રન્થપ્રશસ્તિ | ૫૦૧ |
| ગાથાઓનો અકારાદિક્રમ | ૫૦૬ |
| સાક્ષિપાઠોનો અકારાદિક્રમ | |

# અતિઆવશ્યક શુદ્ધિપત્રક

| પૃષ્ઠ/પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| २१/२ | तः | तैः |
| ३४/२ | जह | जइ |
| ૩૪/૨૮ | જેમ | જો |
| ૩૪/૨૯ | તેમ | તો |
| ૩૪/૩૦ | માનવું જોઈએ. | માનોને ! |
| ५०/२ | क्षण | चरमक्षण |
| ५०/३ | तत्त्वं | तच्च |
| ५६/१० | हायैवदो | हायैवो |
| ५६/१६ | पूर्वोयोगे | पूर्वोपयोगे |
| ૫૭/૧ | , એ આવશ્યકાદિનો | એ આવશ્યકાદિ ચાલુ રહી શકે છે. પણ એ અપ્રમત્તતા આવ્યા પછી નવા આવશ્યકાદિનો |
| ६९/८ | हंनादका | नादहंका |
| ૧૨૫/૧૧ | આ પુણ્યપાપ જ સ્થિતમાત્ર નિબદ્ધ નિમિત્ત-ની અર્થાત્ | આત્મામાં રહેલા આ પુણ્ય અથવા પાપ |
| ૧૩૫/૨૬ | ન કરતું હોવા | ન હોવા |
| १४४/३ | धिनी चेत् ? | धिनीति चेत् ? |
| ૧૫૪/૧૬ | માટે બોલે | માટે ન બોલે |
| १६६/६ | सदभाव | सद्भाव |
| २१२/१ | विराधितया | विरोधितया |
| ૨૪૧/૯ | દુઃખ | સુખ |
| ૨૮૯/૨૯ | ઉદયથી | ઉદયના હેતુઓથી |
| ३००/५ | दीरयेयुः | दीरयेयुः ? |
| ૩૦૯/૨૮ | પ્રમાણરૂપ | પ્રમાદરૂપ |
| ३१०/१ | ज्रिम्भता | विम्भतो |
| ३३९/६ | भवत्यन्यत | भवत्यन्त |
| ३५३/३ | विशेषत्वेन | विशेषहेतुत्वेन |
| ३५७/१ | मभ्वात् | मभावात् |
| ૩૯૮/૨૦ | તેવોભાવરૂપ | તેવો અનંતર અનંતરી ભાવરૂપ |
| ૪૦૦/૧૨ | વ્યવહારરૂપે | વ્યવહારનયે |
| ४२४/५ | स्वाभावषि | स्वभावसि |
| ૪૪૩/૨૩ | નથી. અને | ન હોય |
| ४८६/६ | स्वार्थे | सर्वार्थे |
| ४९२/७ | ऽप्रियास्य | ऽप्रयस्य |
| ५०४/४ | ते किं वि | ते वि |

| પૃષ્ઠ/પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ८/१ | अशुध्धोप | अशुद्धोप |
| ८/८ | तत्रेद | तत्रेदं |
| १७/१० | सुत्तज्ञ | सुत्तज्झ |
| २१/५ | ज्ञादा | ज्ञादा |
| २१/६ | सद्भावे | सद्भावे |
| २४/२ | प्रतिचिद्ध | प्रतिषिद्ध |
| २५/१२ | ककचित् | क्वचित् |
| ३१/५ | वर्जनार्थं | वर्जनार्थं |
| ३१/२३ | ह्रालद्ध | ह्रीलद्ध |
| ४५/१३ | ४ कर्मपुद्गला | कर्मपुद्गलाः ४ |
| ४७/१ | द्वषः | द्वेषः |
| ४८/६ | रुपा | रूपो |
| ५६/४ | त्वाकश्य | त्वावश्य |
| ५६/५ | खलव | खल्व |
| ५८/९ | पादीथेत् | पादीयेत |
| ६२/१ | गन्थ | ग्रन्थ |
| ६४/२ | कथमु | कथमु |
| ७०/९ | सवथाहार | सर्वथाहार |
| ७१/५ | निरूपम | निरुपम |
| ७१/१२ | परमात्म | परमात्म |
| ७१/१४ | धर्मोषक | धर्मोपक |
| ૮૩/૫ | દ્રવ્યવૃત્તિ | દ્રવ્યપ્રવૃત્તિ |
| ८७/११ | प्रक्षोत्प्रे | प्रेक्षोत्प्रे |
| ૮૭/૧૭ | તે, | તો |
| ८८/२ | शक्त्वा | शक्त्या |
| ८९/६ | नग्नोड | नग्नाट |
| ९२/२८ | ऽपिवादः | ऽपवादः |
| ૯૫/૨૨ | ઉપાધિ | ઉપધિ |
| ૯૬/૨૯ | ક્ષયા | કાયા |

ગુજરાતી અને સંસ્કૃતમાં અનેક સ્થળે રૂપ-ષ્પ છપાયું છે ત્યાં યથાસંભવ રૂપ-રૂપ જાણવું એમ દાષ નું દોષ, યાગ નું યોગ અને પુરુષ નું પુરુષ સમજવું.

| પૃષ્ઠ/પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૯૯/૧૪ | ગુપ્તિથી | ગુપ્તિ |
| ૯૯/૨૮ | દિજ્ઞાનાના | જ્ઞાનાદિના |
| १०७/१ | द्रयक्ति | द्व्यक्ति |
| ૧૧૧/૧૧ | જે સૂર્ય | સૂર્ય |
| ११२/२ | विरूद्धं | विरुद्ध |
| ११५/१० | म्युगमात् | म्युगपमात् |
| १२३/१० | वौर्यादौ | चौर्यादौ |
| १२४/१ | बज्ज्र | बज्ज्ञ |
| ૧૨૪/૨૯ | આવે છે | આપે છે |
| १२५/६ | ऽह्रिपयौ | ऽपह्रिश्ते |
| १३७/३ | तत्तर्द्विपाक | तत्तद्विपाक |
| १४३/४ | जावरक्ष | जीवरक्ष |
| १४७/२ | लिङ्गनैवे | लिङ्गेनैव |
| ૧૬૬/૨૬ | સંબંધ | સંબદ્ધ |
| १६९/३२ | अंधेष्टो सचे | सचेष्टोऽचे |
| १७२/३ | द्व्रारिणो | द्वारिणो |
| १७३/३ | कतयाम | कतायाम |
| ૧૭૭/૩૧ | જ્યારે | જ્યારે જ્યારે |
| १८४/९ | कार्माभावे | कर्माभावे |
| १८४/९ | तत्त्वयो | तत्त्वके |
| १९०/४ | भेदापचा | भेदोपचा |
| १९१/४ | भदेवृत्ति | भेदवृत्ति |
| १९७/३ | णस्स | णयस्स |
| २२०/१ | सात्/तद्वच | सात् तद्वच |
| २२४/६ | योक्ष्यित | योक्ष्यत |
| २३४/३ | मोहादेय | मोहोदय |
| ૨૪૩/૧૫ | પૂરી | પૂરે। |
| २४७/२ | दुःखयार | दुःखयोर |
| २६८/९ | तोभासइ | ते भासइ |
| २७०/५ | कृतकत्य | कृतकृत्य |
| ૨૭૧/૨૩ | હોવાની | હોવાથી |
| २८२/१ | दाद्र्यं | दाढ्र्यं |
| २८४/८ | विहियकल्प | विहियफला |
| २८५/५ | मावनीय | भावनीयं |

| પૃષ્ઠ/પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૮૮/૨૭ | આપે | આપે છે. |
| २९१/२ | द्रोगस्येलि | द्रोगस्येति |
| २९९/११ | खेदादी | खेदोदी |
| ૨૯૯/૨૨ | યોગથી જ | યોગથી |
| ३०६/५ | प्रलापा | प्रलापो |
| ३११/६ | वात्रस्य | पात्रस्य |
| ૩૧૮/૨૭ | ઋષભ | વજ્રઋષભ |
| ३२४/३ | दृभ्रवमति | दृभवमति |
| ३२६/२ | होहीं | होही |
| ३३३/४ | इस्येवं | इत्येवं |
| ३५०/४ | दर्शनावरणाश्च | दर्शनावरणश्च |
| ३८२/१ | भावा | भावो |
| ३८५/४ | जावं य | जावं च |
| ३८५/४ | ताव | तावं |
| ३८५/७ | जाव | जावं |
| ३८८/१३ | प्रसङ्गगा | प्रसङ्गा |
| ४१०/७ | तस्य | तस्स |
| ४११/३ | जस्य | जस्स |
| ४१४/१० | तद्यापरित | तद्व्यापारत |
| ૪૨૨/૧૭ | આપુરુ | અપુરુ |
| ४२५/४ | सिद्धं | सिद्धा |
| ४३०/१ | यत्ताकाद्वप० | यत्तावद्विप० |
| ४३६/७ | पास्ताम् | पास्तम् |
| ४३९/१ | बद्वा | बद्ध्वा |
| ४३९/१० | व्यमिचा० | व्यभिचा० |
| ૪૫૧/૨૬ | હેતુ | હેતુથી |
| ४५२/७ | त्वात् । तादश | त्वात्. तादश |
| ४५९/२ | वेद्ग्देय | वेदोदय |
| ૪૬૦/૧૧ | વગેરે | વગેરેનું |
| ४६९/८ | त्वेनैच्छेति | त्वनैवेच्छेति |
| ४८२/२ | पाव | पावं |
| ૪૮૨/૧૯ | થએલાએ | થએલાએ |
| ४८५/३ | व्युत्पत्ति | व्युत्पत्ति |
| ४८७/२ | कारात्, मिथ्या | कारात् मिथ्या |
| ४८७/४ | वड्ढेइ | वड्ढेइ |

श्री अर्हं नमः
श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः
श्री महावीरपरमात्मने नमः
श्री प्रेमभुवनभानुसूरीश्वरधर्मजिज्जयशेखरविजयगणिवर्येभ्यो नमः

**न्यायविशारद न्यायाचार्य श्रीमदुपाध्याय यशोविजय कृता**

# अध्यात्ममतपरीक्षा

**ऐं नमः**

[ ટીકાકારનું મંગળાચરણ ]

ऐंकारकलितरूपां स्मृत्वा वाग्देवतां विबुधवन्द्याम् ।
अध्यात्ममतपरीक्षां स्वोपज्ञामेष विवृणोमि ॥

ऐं કારના જાપથી થયેલ સાક્ષાત્ દર્શન વડે જેણીના સ્વરૂપની ઓળખાણ થઈ, તથા જે પંડિતોને પણ પૂજ્ય છે એવી સરસ્વતીદેવીનું સ્મરણ કરીને સ્વોપજ્ઞ અર્થાત્ સ્વનિર્મિત 'અધ્યાત્મમતપરીક્ષા' ગ્રન્થનું યથાબુદ્ધિ વિવરણ કરું છું.–અથવા,

ऐं કારમય સ્વરૂપવાળી અને દેવોને પણ પૂજ્ય શ્રી જિનવચન સ્વરૂપ દેવતાનું સ્મરણ કરીને, સ્વનિર્મિત 'અધ્યાત્મમતપરીક્ષા' ગ્રન્થનું વિવરણ કરું છું. આ અર્થથી શ્રી જિનેશ્વરદેવના ચાર અતિશયો સૂચિત થાય છે.–'વાગ્દેવતા' શબ્દથી સાક્ષાત્ વચનાતિશય સૂચિત કર્યો તથા, ત્રિકાળાબાધિત સત્યવચન રૂપ વચનાતિશય, વીતરાગતા અને સર્વજ્ઞપણા વિના અસંભવિત હોવાથી, તે જ શબ્દથી અપાયાપગમાતિશય અને જ્ઞાનાતિશય અર્થતઃ સૂચવ્યા, તેમજ 'विबुधवन्द्याम्' પદથી, પરમાત્મા સાથેના અભેદ ઉપચારથી પૂજાતિશય જણાવ્યો છે.

**[ મૂલ ગ્રન્થનું મંગળાચરણ ]**

**पणमिय पासजिणिंदं वंदिय सिरिविजयदेवसूरिन्दं ।**
**अज्झप्पमयपरिक्खं जहबोहमिमं करिस्सामि ॥१॥**

( प्रणम्य पार्श्वजिनेन्द्रं वन्दित्वा श्री विजयदेवसूरीन्द्रम् । अध्यात्ममतपरीक्षां यथाबोधमिमां करिष्यामि ॥१॥ )

**ગાથાર્થ** :–શ્રી પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કરીને, તથા શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબને વંદન કરીને, પૂર્વસૂરિઓએ કરેલી પ્રરૂપણાથી તથા શાસ્ત્ર–સિદ્ધાન્તના ઊહાપોહથી થએલ બોધને અનુસરીને અધ્યાત્મમતની આ પરીક્ષાને કરીશ.

[ મંગલાદિ અનુબંધનો નિર્દેશ ]

इह हि ग्रन्थारम्भे शिष्टाचारपरिपालनाय विघ्नध्वंसाय वा मङ्गलमवश्यमाचरणीयमिति मनसिकृत्य पूर्वार्द्धेन समुचितेष्टयोर्देवगुर्वोः प्रणतिलक्षणं मङ्गलमकारि, उत्तरार्द्धेन च प्रेक्षावदवधानाय विषयनिरूपणं प्रत्यज्ञायि, प्रयोजनसम्बन्धाधिकारिणस्तु सामर्थ्यादवबोद्धव्याः ॥१॥

ननु सन्दिग्धो जिज्ञासितश्चार्थः परीक्षाक्षोदं क्षमते न तु निर्णीत एव, तथा च स्वत एव विशदस्याध्यात्ममतस्य परीक्षा कथमिव नानुकुरुते सुधामधुरीकारप्रयासम्? इति चेत्? भवेदेवं यदि भावाध्यात्ममतं परीक्षणीयतया लक्षितं भवेत्, न चैवम्, किन्तु नामाध्यात्मिकानामेवाशाम्बरमतवासनावासितान्तःकरणतया दुर्ललितचरितानां भ्रान्तिविषयोऽर्थो बाधकप्रदर्शनेन मध्यस्थानामनुपादेयताबुद्धावधिरोप्यत[1] इत्याशयवानाह–

અથવા, અનુત્તર દેવલોકની શોભાવાળા વિજયદેવોના (ઉપલક્ષણથી વૈજયન્તાદિ દેવોના પણ) સંશયોને છેદનારા તથા ઇન્દ્ર સમાન ઐશ્વર્યવાળા ( सुवते संदेहान् इति सूरिः, सूरिश्चासौ इन्द्रश्च, ' इदि परमैश्वर्ये ' धातुनिष्पन्न इन्द्रशब्दः ) એવા શ્રી પાર્શ્વજિનેન્દ્રને પ્રણામ કરીને તથા વંદન કરીને યથાબોધ અધ્યાત્મમતની પરીક્ષાને કરીશ.

અહીં શરૂમાં પોતે દૂર હોવાથી પ્રથમ દર્શને સામાન્યથી પ્રણામ કર્યા, અને પછી તે પ્રણામના કારણે ભાવોલ્લાસ વધવાથી પોતે પ્રભુની વધુ સમીપ થયા હોવાથી વંદન કર્યા, એમ જાણવું.

અહીં અધ્યાત્મમતની પરીક્ષા કરવાનો નિર્દેશ કર્યો છે તેથી જણાય છે કે 'અધ્યાત્મ કયું તત્ત્વ છે?' એની વિચારણા અહીં પ્રસ્તુત નથી પણ ગ્રન્થકારના કાળમાં લોકમાં 'અધ્યાત્મમત' તરીકે જે મત પ્રસિદ્ધ હતો તેની પરીક્ષા પ્રસ્તુત છે, અર્થાત્ તે મત યુક્તિથી ઘટે તેવો છે કે નહિ તેની વિચારણા છે અને તે વાત ગ્રન્થકાર આગળ સ્વયં બતાવશે.

[ ગ્રન્થ રચનાનું વિશેષ પ્રયોજન ]

ગ્રન્થની શરૂઆતમાં શિષ્ટાચારનું પાલન થાય એ માટે અથવા વિઘ્નધ્વંસ માટે (અર્થાત્ ભવિષ્યમાં કોઈ વિઘ્ન ન આવે એ માટે) મંગળ અવશ્ય કરવું જોઇએ એવું મનમાં વિચારીને ગાથાના પૂર્વાર્ધથી 'સમુચિત (યથાર્થ) અને પોતાને મનોવાંછિત દેનાર તરીકે ઇષ્ટ' એવા દેવ અને ગુરુને પ્રણામ કરવા રૂપ મંગળ કર્યું. ઉત્તરાર્ધથી બુદ્ધિમાન પુરુષોનું ધ્યાન ખેંચવા ગ્રન્થમાં જેનું નિરુપણ કરવું છે તે વિષયનો. નિર્દેશ કર્યો. ગ્રન્થના પ્રયોજન, સંબંધ અને કોણ અધિકારી છે? એ સામર્થ્યથી જાણી લેવા. ॥૧॥

**પ્રશ્ન :–** જે વસ્તુના સ્વરૂપને વિશે સંદેહ હોય અથવા જે વસ્તુના સ્વરૂપની જિજ્ઞાસા હોય તે વિશે પરીક્ષા કરવી યુક્ત છે, પણ જે વસ્તુના સ્વરૂપનો નિર્ણય થઈ

१. अनुपादेयताबुद्धौ–अनुपादेयताप्रकारकबुद्धौ तदभ्युपगतोऽर्थो विशेष्यभवनार्हः इति ख्याप्यते ।

अज्झप्पं णामाई चउव्विहं चउव्विहा य तव्वन्ता ।
तत्थ इमे अत्थुज्झिय णामेणज्झप्पिआ णेया ॥२॥

( अध्यात्मं नामादि चतुर्विधं चतुर्विधाश्च तद्वन्तः । तत्रेमे अर्थोज्झिता नाम्नाऽऽध्यात्मिका ज्ञेयाः ॥ २ ॥ )

अध्यात्मं किल चतुर्विधं नामस्थापनाद्रव्यभावभेदात् । तत्र नामादिचतुष्टयस्वरूपं द्रव्यालोकादवसेयं, तथा च विशेषणभेदात् तद्विशिष्टा आध्यात्मिका अपि चतुर्विधाः । तत्र अधिकृता आध्यात्मिका वाराणसीदासं पुरस्कृत्य प्रवर्त्तमाना इन्द्रादिसंज्ञामिव गोपालबाला यादृच्छिकीमयथार्थामाध्यात्मिकसंज्ञां बिभ्राणा न नाममात्रेणैवाभिमन्तुमर्हन्ति, तथाचाध्यात्मिकंमन्यानां परेषामेवाशङ्कानिरासायात्र प्रवृत्तिरिति न किञ्चिदनुपपन्नम् ॥२॥

---

ગયો હોય, તેની કંઇ વિચારણા કરવાની હોતી નથી. પ્રસ્તુતમાં ક્રિયાકલાપાદિરૂપ અધ્યાત્મને જણાવનાર શ્રી જિનવચનરૂપ અધ્યાત્મમત સ્વતઃ જ નિર્ણીત છે (કારણ કે કહ્યું છે કે "सिद्धे भो पयओ णमो जिणमए...') તેથી એની વિચારણા કરવી એ શું અમૃતમાં સાકર નાખી મીઠાશ વધારવાની હાસ્યાસ્પદ ચેષ્ટા કરવા જેવું નથી ?

## [ નામ-આધ્યાત્મિક દિગંબરમતની પરીક્ષા ]

**ઉત્તર :** શ્રી જિનવચનભાષિત ક્રિયાકલાપાદિરૂપ અધ્યાત્મ કે જે સ્વતઃ જ **વિશદ=સ્પષ્ટ** છે, (અર્થાત્ એના સ્વરૂપ વિશે સંદેહાદિરૂપ મળ નથી.) તે તો ભાવાધ્યાત્મરૂપ છે. એ જ જો અહીં વિચારણાના વિષય તરીકે અભિમત હોત તો તો તમે કહી એવી આપત્તિ આવત. પરંતુ એવું છે નહિ, કારણકે માત્ર નામથી જ આધ્યાત્મિક એવા અને દિગંબરમતની વાસનાથી વાસિત ચિત્તવાળા હોવાથી ચારિત્રના પાયારૂપ સમ્યક્ત્વ જ નબળું હોવાના કારણે દુર્લલિત એટલે કે દુર્બળ ચારિત્રવાળા એવાઓનો જે મત (ગ્રન્થકારના કાળમાં) અધ્યાત્મમત તરીકે ઓળખાય છે, તેની પરીક્ષા પ્રસ્તુત છે. અર્થાત્ તેઓએ જેવો અધ્યાત્મમત માન્યો છે તેવો માનવામાં કયા કયા બાધક આવે છે તે દેખાડવા દ્વારા તેઓનો મત ભ્રાન્ત છે એવું જણાવીને, મધ્યસ્થ વિદ્વાનો તેને ઉપાદેયતાની બુદ્ધિથી ન જુએ એ માટે આ પ્રયાસ છે.

## [ અધ્યાત્મના નામાદિ ચાર નિક્ષેપ ]

**ગાથાર્થ** :-અધ્યાત્મ નામાદિ ચાર પ્રકારનું છે અને તેથી તદ્વાન્=આધ્યાત્મિકો પણ ચાર પ્રકારના છે. તેમાંથી અત્રે અધિકૃત જીવો અધ્યાત્મના અર્થ=ભાવથી રહિત હોવાથી માત્ર નામથી જ આધ્યાત્મિક જાણવા.

અધ્યાત્મ નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારનું છે. નામાદિ ચારે નિક્ષેપોનું સ્વરૂપ **દ્રવ્યાલોક** ગ્રન્થમાં વિસ્તારથી સમજાવેલું છે. ચારેય નિક્ષેપ પરસ્પર ભિન્ન છે એટલે 'ઉપાધિભેદથી ઉપહિતનો ભેદ' એ ન્યાયે આધ્યાત્મિકો પણ ચાર પ્રકારના છે. વિક્રમના ૧૭ મા સૈકામાં **વારાણસીદાસને** પોતાના નેતા તરીકે સ્વીકારીને

ये पुनरिदमाकर्ण्य सकर्णा उत्कर्णाः पारमार्थिकमध्यात्मस्वरूपं श्रोतुमुत्सहन्ते तत्प्रमोदार्थमिदमभिधीयते–

**जा खलु सहावसिद्धा किरिआ अप्पाणमेव अहिगिच्च ।**
**भण्णइ परमज्झप्पं सा दंसण–णाण–चरणड्ढा ॥ ३ ॥**

(या खलु स्वभावसिद्धा क्रिया आत्मानमेवाऽधिकृत्य । भण्यते परमाध्यात्मं सा दर्शन–ज्ञान–चरणाढ्या ॥३॥)

इह खल्वनादिकालं कर्मभिरावेष्टितपरिवेष्टितो जन्तुः कषायविषयव्यापारकुण्ठितशक्तिकतया न स्वयमधिकुरुते काञ्चनोपल इव मलद्रव्यमलीमस इति । ततश्च तावन्तं कालमस्य न स्वभावसिद्धा क्रिया । यदा पुनरसौ कषायेन्द्रियविजयाय प्रक्रममाणः स्वयमधिकुरुते तदा चास्य तीव्रानलापनीतमलस्य काञ्चनस्येवात्मानमधिकृत्यैव प्रादुर्भवन्ती स्वभावसिद्धा क्रिया समुज्जृम्भते स्वान्तर्भविष्णुभिरेव कालादिभिरुपचीयत इति यावत् । एतेन केवलस्वभाववादः परास्तः ।

---

પ્રવર્તતા કેટલાક લોકો કેવળ પોતાની સ્વચ્છંદ વૃત્તિના કારણે 'આધ્યાત્મિક' સંજ્ઞાને ધારણ કરતા હતા. અર્થાત્ લોકોમાં પોતાને 'આધ્યાત્મિક' તરીકે ઓળખાવતા હતા. પણ તેમની તે સંજ્ઞા યથાર્થ નથી. જેમ ઈન્દ્રાદિ શબ્દનો ખરો અર્થ ઐશ્વર્યાદિ છે. તેને ન ધારતા એવા ગોવાળિયાના છોકરાઓ પોતાની ઇચ્છા મુજબ ઈન્દ્રાદિ શબ્દને ધારણ કરે છે તો માત્ર નામથી જ, 'પોતે ઇન્દ્ર છે' એવું (લોકો પોતાને 'ઈન્દ્ર' શબ્દથી બોલાવે એટલી અપેક્ષાવાળું જ) અભિમાન રાખી શકે છે પણ ઈન્દ્રાદિપણાના ફળરૂપે હુકમ વગેરે કરવા માટે તેવું અભિમાન રાખી શકતા નથી, તેમ આ અધિકૃત લોકો પણ નામથી જ 'આધ્યાત્મિક' તરીકેનું અભિમાન ધારવાને યોગ્ય છે પણ આધ્યાત્મિકપણાના લાભને પામેલા ન હોવાથી પોતાને વસ્તુતઃ આધ્યાત્મિક માને એ યોગ્ય નથી અને છતાં તેઓ પોતાને આધ્યાત્મિક માનતા હોય તો તેઓની તે આધ્યાત્મિકતાની આશંકા (માન્યતા) અયુક્ત છે એવું જણાવવા માટે આ પ્રયત્ન હોવાથી અમૃતમાં સાકર નાંખવા જેવી હાસ્યાસ્પદતા અહીં નથી. ઉલટું, લોકોપકારની પ્રવૃત્તિ હોવાથી આદરણીય છે. ॥ ૨ ॥

[ પારમાર્થિક અધ્યાત્મનું સ્વરૂપ ]

આ સાંભળીને જે સજ્જનો ચોકન્ના બને છે અને પારમાર્થિક અધ્યાત્મસ્વરૂપને સાંભળવા ઉત્સાહિત થાય છે તેઓના પ્રમોદ માટે હવે ગ્રંથકાર કહે છે કે–

**ગાથાર્થ** :– આત્માને જ અધિકૃત કરીને અર્થાત્ જ્યારે આત્માનો જ અધિકાર પ્રવર્તે છે ત્યારે તેની જે સ્વભાવસિદ્ધ ક્રિયા પ્રવર્તે છે તે પરમ અધ્યાત્મ કહેવાય છે. આ ક્રિયા દર્શન, જ્ઞાન અને ચારિત્રથી સમૃદ્ધ હોય છે.

कः पुनरस्याधिकार इति चेत् ? क्षान्तिमार्दवार्जवाऽनीहासु क्रोधमानमायालोभविजयोपायेषु प्रवृत्तिरिति गृहाण । क्षान्त्यादयश्च क्रोधादिप्रतिपक्षा जीवपरिणामा एवेति न क्रोधाभावादिरूपतया तेषां कश्चन दोष उद्भावनीयः । कषायविजये चेन्द्रियविजयोऽपि हेतुः, समकालभाविनोरपि तयोः प्रदीपप्रकाशयोरिव हेतुहेतुमद्भावात् । इन्द्रियविजयश्च मनःशुद्ध्या, सा च लेश्याविशुद्ध्या, (मनसो निर्मलत्वं) ताश्च सकलकर्मप्रकृतिनिष्यन्दभूतकृष्णादिद्रव्यसाचिव्यादात्मनोऽशुद्धतमाऽशुद्धतराऽशुद्ध-शुद्ध-शुद्धतर-शुद्धतमपरिणामरूपाः, भावनाहेतुकनिर्ममत्वहेतुकसाम्यहेतुकरागद्वेषजयेन वा मनसो विशुद्धिरित्येवं परिपाटी । तदेवमनया दिशा लब्धाधिकारस्यात्मनः क्रिया परं = सामादित्रयसतिशयानं भावाध्यात्मं भण्यते ।

---

અનાદિકાળથી કર્મથી અત્યંત જકડાયેલો જીવ કષાય અને વિષયોને વશ થઇને સતત પ્રવૃત્તિઓ કર્યા કરે છે. આ પ્રવૃત્તિઓના કારણે તેની શક્તિઓ કુંઠિત હોય છે. તેથી તે તો પોતાની સ્વભાવસિદ્ધ ક્રિયા માટેનો અધિકાર બજાવી શકતો નથી પણ કર્મનો જ અધિકાર તેના પર ચાલતો હોય છે. જેમ ધૂળ–માટી વગેરે દ્રવ્યથી મલીન એવું કાચું સુવર્ણ પોતાના સ્વાભાવિક ચળકાટ આદિને પ્રકટ કરવામાં સમર્થ હોતું નથી તેમ કષાય અને વિષયોમાં જ વ્યગ્ર રહેતો જીવ કર્મને આધીન હોવાથી પોતાની સ્વભાવભૂત ક્રિયાને પ્રકટ કરી શકતો નથી. એટલે કે તેટલા કાળ સુધી તેની સ્વભાવ-સિદ્ધક્રિયા (=અધ્યાત્મ) હોતી નથી. પરંતુ જ્યારે (ચરમાવર્તાદિ પ્રાપ્ત થયે) કષાય અને ઇન્દ્રિયો પર વિજય મેળવવાને પુરૂષાર્થ કરતો જીવ કર્મની ઉપરવટ થઇને પોતાનો અધિકાર ચલાવવા માંડે છે, અર્થાત્ આત્મહિતને અનુલક્ષીને જ સર્વ કાર્યમાં પ્રવર્તવાના ધ્યેયવાળો બની જાય છે ત્યારે પ્રચંડ અગ્નિથી નિર્મળ થયેલા સોનાનો ચળકાટ જેમ પ્રગટ થાય છે તેમ જીવની સ્વભાવસિદ્ધ ક્રિયા પણ પ્રકટ થાય છે, કે જે ભાવ અધ્યાત્મ છે. સ્વભાવસિદ્ધ ક્રિયાના પ્રગટીકરણનો ભાવ એ છે કે સ્વભાવમાં જ અંતર્ભૂત રહેલા કાળ–પુરુષાર્થાદિ પરિપક્વ થઇને અધ્યાત્મસ્વરૂપ ક્રિયાનો આવિર્ભાવ કરે છે.

આમ કાળ પાકયા પછી પુરૂષાર્થાદિથી અધ્યાત્મ સિદ્ધ થતું હોવાનો સિદ્ધાન્ત હોઈ "વસ્તુના તેવા તેવા સ્વભાવથી જ તે તે વખતે તેવી તેવી ભિન્ન ક્રિયાઓ થાય છે અર્થાત્ જગદ્વૈચિત્ર્યમાં કેવલ વસ્તુઓનો તેવો તેવો સ્વભાવ જ નિમિત્ત છે." એવા અભિપ્રાયવાળો કેવળ સ્વભાવવાદ નિરસ્ત જાણવો. કારણ કે જીવસ્વભાવ મુખ્ય હોવા છતાં (પોતાના જ અંશભૂત એવા) કાળ–પુરૂષાર્થાદિ પણ તે તે ક્રિયાને પ્રકટ કરવામાં ગૌણરૂપે સહકારી બને જ છે એવું હમણાં જ અમે જણાવી ગયા છીએ.

[આત્માનો અધિકાર=કષાયવિજયની પ્રવૃત્તિ]

**પ્રશ્ન :–** જીવ અધિકાર ચલાવે છે એમ કહ્યું તેમાં અધિકાર એટલે શું ?

**ઉત્તર :–** ક્રોધ–માન–માયા અને લોભ પર વિજય મેળવવા માટેના ઉપાયરૂપ અનુક્રમે ક્ષમા–મૃદુતા–સરળતા અને નિઃસ્પૃહતા વિશે પ્રવૃત્તિ કરવી એ જ જીવનો અધિકાર છે. જ્યાં સુધી કર્મનો અધિકાર ચાલતો હોય છે ત્યાં સુધી જીવ વાસ્તવિક રીતે ક્ષમાદિને ધારી શકતો નથી, કર્મો (જ) જીવસ્વભાવને દબાવી રાખે છે, અર્થાત્ પક્ષપાતપૂર્વક ક્રોધાદિ કરાવી જાય છે. પણ (ચરમાવર્તાદિમાં વર્તતો) જ્યારે જીવ ક્રોધાદિ પર વિજય મેળવવા પુરૂષાર્થ કરે છે ત્યારે તે કર્મની ઉપરવટ થવાનો પ્રયત્ન કરે છે. અર્થાત્ ક્રોધમોહનીયાદિ કર્મો તેને ક્રોધાદિ કરાવવા જાય તો પણ પોતે ક્ષમાદિ રાખવા પ્રયત્ન કરે છે. કર્મોની ઉપરવટ થઈને ક્ષમાદિ રાખવાની તેની આ પ્રવૃત્તિ જ તેનો અધિકાર કહેવાય છે. અર્થાત્ હવે જીવસ્વભાવ જાગૃત થયો. ટૂંકમાં, ક્ષમાદિથી ક્રોધાદિને નિષ્ફળ કરવાના પ્રયત્નો એ જ જીવે પોતે ચલાવેલો અધિકાર છે.

**શંકા :–**ક્ષમા આદિ, ક્રોધ વગેરેના અભાવરૂપ છે. તેથી 'ક્ષમા, ક્રોધ પર વિજય મેળવવાનો ઉપાય છે.' એનો અર્થ એ થયો કે 'ક્રોધનો અભાવ કરો તો ક્રોધ પર વિજય મળે' તેથી અહીં અન્યોન્યાશ્રય દોષ આવશે. અર્થાત્ જ્યાં સુધી ક્રોધનો અભાવ થશે નહિ ત્યાં સુધી ક્રોધ પર વિજય મળશે નહિ અને જ્યાં સુધી ક્રોધ પર વિજય મળશે નહિ ત્યાં સુધી ક્રોધનો અભાવ થશે નહિ.

**સમાધાન :–** ક્ષમા વગેરે ક્રોધાદિના અભાવરૂપ છે એવું નથી; પણ ક્રોધાદિના પ્રતિપક્ષભૂત જીવપરિણામાત્મક છે. તેથી અન્યોન્યાશ્રય દોષ આવતો નથી.

[ઇન્દ્રિયવિજયથી કષાયજય]

વળી કષાયજય અને ઇન્દ્રિયજય વચ્ચે કાર્યકારણ ભાવ છે, કેમકે ઇન્દ્રિયો કષાયોની ઉદ્દીપક છે તેથી જ્યાં સુધી ઇન્દ્રિયો જીતાતી નથી ત્યાં સુધી કષાયવિજય થઈ શકતો નથી.

**પ્ર. :–** જીવ જ્યારે પોતાનો અધિકાર જમાવે છે ત્યારે જ ઇન્દ્રિયોને પણ જીતી શકે છે, તેથી કષાયજય અને ઇન્દ્રિયજય સમકાલભાવી છે. તો જેમ સમાનકાલે ફૂટનારા ગાયના ડાબા અને જમણા શીંગડા વચ્ચે કાર્યકારણ ભાવ નથી તેમ કષાયજય અને ઇન્દ્રિયજય વચ્ચે તે શી રીતે હોઈ શકે ?

**ઉ. :–** જેમ પ્રદીપ પ્રગટાવવામાં આવે છે એ જ સમયે પ્રકાશ પણ થઈ જાય છે, અર્થાત્ પ્રકાશ અને પ્રદીપ સમકાલભાવી છે અને છતાં તે બે વચ્ચે કાર્યકારણભાવ છે તેમ સમકાલીન હોવા છતાં કષાયજય અને ઇન્દ્રિયજય વચ્ચે પણ કાર્યકારણભાવ છે. તેથી સ્વભાવસિદ્ધ ક્રિયારૂપ અધ્યાત્મને પ્રકટ કરવા માટે પોતાનો અધિકાર જરૂરી છે, અને તે માટે કષાયજય અને ઇન્દ્રિયજય જરૂરી છે.

कीदृशी सा क्रिया ? 'दर्शनज्ञानचरणाद्वया' । श्रद्धान-बोधा-ऽनाश्रवतारूपभेदान्मिथः (थोऽ) तद्भावमात्रेण (पृथग्भावमात्रेण ?) व्यवस्थितापि वस्तुगत्यात्मन्यात्मनात्मतत्त्वसंवेदनरूपैक-वस्तुतया प्रत्यस्तमितपृथग्भावा; कर्त्रादिभावकर्मीरितात्मस्वरूप एव निविशमानं श्रुतनोश्रुतादि-विभागाभावादेकरूपीकृतं गुणकरणाख्यक्रियाभावमनुसरतीतियावत् ॥३॥

## [ ચિત્તશોધનની પરિપાટી ]

વળી ઈન્દ્રિયજય મનની શુદ્ધિથી થાય છે અને મનની શુદ્ધિ લેશ્યાશુદ્ધિથી થાય છે. અહીં લેશ્યા એટલે સર્વકર્મ પ્રકૃતિઓના નિષ્યન્દભૂત=ઝરણારૂપ (શાસ્ત્રાન્તરવર્ણિત) કૃષ્ણ-નીલાદિ દ્રવ્યના અત્યંત સંનિધાનથી થયેલો આત્માનો અશુદ્ધતમ-અશુદ્ધતર-અશુદ્ધ-શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ પરિણામ. અશુદ્ધતમાદિ પરિણામમાંથી અશુદ્ધતરાદિ પરિણામો થવા એ લેશ્યાની વિશુદ્ધિ છે. મનની શુદ્ધિ માટે બીજો પણ ક્રમ છે. તે આ રીતે-અનિત્યત્વાદિ ભાવનાઓથી નિર્મમત્વ પરિણામ, તેનાથી સામ્ય પરિણામ, સામ્ય પરિણામથી રાગદ્વેષ પર જય અને રાગદ્વેષજયથી મનઃશુદ્ધિ.

આ રીતે મનઃશુદ્ધિ આદિ કરવા દ્વારા જે જીવે આત્માનો અધિકાર પ્રાપ્ત કર્યો હોય છે, તેવા જીવની (જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત) ક્રિયા એ જ ભાવ અધ્યાત્મ કહેવાય છે અને એ ક્રિયા, નામઅધ્યાત્મ, સ્થાપનાઅધ્યાત્મ અને દ્રવ્યઅધ્યાત્મ કરતાં ઘણી ચઢિયાતી હોય છે.

## [અધ્યાત્મસ્વરૂપ ક્રિયાની ઓળખાણ]

પરમ અધ્યાત્મરૂપ આ ક્રિયા કેવી હોય છે? એના ઉત્તરમાં કહે છે-સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્રથી યુક્ત હોય છે. દર્શન શ્રદ્ધાન એટલે કે રુચિરૂપ છે, જ્ઞાન બોધાત્મક છે અને ચારિત્ર અનાશ્રવતારૂપ છે. તેથી એ ત્રણે પરસ્પર પૃથગ્ હોવા છતાં વાસ્તવમાં તો એ ક્રિયા આત્માથી આત્મામાં થતા આત્મતત્ત્વના સંવેદનાત્મક એક વસ્તુરૂપ હોવાથી પૃથગ્ભાવ વિનાની છે. વળી આ ક્રિયા ગુણકરણ નામના ક્રિયાભાવને અનુસરે છે. આશય એમ છે કે [1]જીવભાવકરણ બે પ્રકારનું છે-ગુણકરણ અને યુંજનાકરણ. એમાંથી ગુણકરણ પણ બે પ્રકારનું છે-શ્રુતકરણ અને નોશ્રુતકરણ. નોશ્રુતકરણ એટલે તપ અને સંયમ. જ્યારે શ્રુતકરણ-નોશ્રુતકરણાદિ વિભાગની વિવક્ષા હોતી નથી, ત્યારે એ અધિકૃત ક્રિયા સામાન્યથી ગુણકરણ જ કહેવાય છે. ગુણકરણ નામનો આવો ક્રિયાભાવ (સ્વભાવ ?) કર્તૃત્વ-ભોક્તૃત્વ આદિ ભાવોથી શબલ એવા આત્મસ્વરૂપમાં અન્તર્ગત જ હોય છે. અર્થાત્ ઈતરદર્શનકલ્પિત પુષ્કરપલાશની જેમ નિર્લેપત્વ-અકર્તૃત્વ વગેરે સ્વરૂપવાળા આત્માને આવો ભાવ સંભવિત નથી. ॥૩॥

૧. આવશ્યકનિર્યુક્તિ ગાથા નં. **૧૦૧૯ માં** કરણના નિક્ષેપા છે. એમાં જીવભાવકરણના આ રીતે ભેદ કહ્યા છે. જીવભાવકરણના ૨ પ્રકાર (૧) શ્રુતકરણ (૨) નોશ્રુતકરણ. એમાં નોશ્રુતકરણના પણ ૨ પ્રકાર ગુણકરણ અને યુંજનાકરણ. છતાં ગ્રન્થકારે ગાથા નં. ૧૨૬માં આવા વિભાજનની વિવક્ષા રાખી છે તેથી અહીં આમ લખ્યું છે.

ननु परद्रव्यसङ्गे शुद्धोपयोगरूपात्माधिकारो न सम्भवति, अशुध्धोपयोगरूपशुध्धोपयोग-च्छेदायतनत्वात्तस्य, सति च तत्र स्वद्रव्यप्रतिबन्धरूपश्रामण्यपरिपूर्णाऽऽयतनाऽसंभवात् । तथा च कथमेतावत्युपधिसम्बन्धे सिताम्बराणामध्यात्मसम्भावना ? इति विवक्षया स्फुरितोत्तराधरमन्तरैवोप-स्थितं दिगम्बरमुद्दीक्ष्य धर्मानुरोधिनः परद्रव्यस्याध्यात्माविरोधितां समाधत्ते–

ण विणा रागद्दोसे अज्झप्पस्सेह किंचि पडिकूलं ।
परदव्वं उवगरणं किं पुण देहुव्व धम्मट्ठं ॥४॥

(न विना रागद्वेषौ अध्यात्मस्यह किञ्चित् प्रतिकूलम् । परद्रव्यमुपकरणं किं पुनः देह इव धर्मार्थम् ॥४॥)

यत्खलु धर्मोपकरणस्यापि परद्रव्यतया श्रामण्यविरोधितामाचक्षते क्षपणकास्तत्रेदं पर्यनुयुञ्महे–किं स्वरूपत एव तस्य शुद्धोपयोगविरोधित्वं रागद्वेषद्वारा वा ? आद्येऽतिप्रसङ्गो, द्वितीये तु धर्मसाधनतया धर्मार्थमुपादीयमानस्य तस्य शरीरस्येव तदनुगुणत्वमेवेति कुतस्त-द्विरोधित्वम् ? यथोक्तसिद्धान्तविधिनाऽऽदीयमानस्य तस्य रागद्वेषाऽजनकत्वात् ।

---

[વસ્ત્રાદિ રાખીએ તો શુદ્ધ આત્માધિકાર કેમ હોય? દિગંબર શંકા]

**શંકા** :– જેમ ઉપાધિના સંનિધાનમાં સ્ફટિકનો પોતાનો નિર્મળ સ્વભાવ મલીન થાય છે તેમ પરદ્રવ્યસંગથી આત્માનો નિર્મળ સ્વભાવ મલીન થાય છે. કારણ કે વસ્ત્રાદિ પરદ્રવ્ય ધારણ કરીએ તો એને અંગેની વિચારણા–પડિલેહણાદિ ક્રિયાઓમાં પ્રવર્તવું પડતું હોવાથી આત્મરૂપ સ્વદ્રવ્યમાં રમણ કરવારૂપ શુદ્ધોપયોગનો છેદ થઈ જાય છે. આમ પરદ્રવ્યસંગ શુધ્ધોપયોગ–છેદનું આયતન=સ્થાન હોવાથી તેની હાજરીમાં અધ્યાત્મ= શુદ્ધોપયોગનો અધિકાર સંભવી શકતો નથી. તો પછી ૧૪ પ્રકારની વસ્ત્ર–પાત્રાદિ ઉપધિને ધારણ કરનારા શ્વેતાંબર સાધુઓને અધ્યાત્મ શી રીતે સંભવી શકે? આવી શંકારૂપ વિવક્ષાથી હોઠને ફફડાવતા ફફડાવતા વચમાં જ ટપકી પડેલા દિગમ્બરને ઉદ્દેશીને 'ધર્મમાં સહાય કરનાર પરદ્રવ્ય અધ્યાત્મનું વિરોધી નથી' એવું સમાધાન આપતાં ગ્રન્થકાર કહે છે–

[વસ્ત્રાદિ અધ્યાત્મ વિરોધી નથી–સમાધાન]

**ગાથાર્થ**: – રાગદ્વેષને છોડીને બીજી કોઈ વસ્તુ એવી નથી કે જે અધ્યાત્મને પ્રતિકૂળ હોય. એટલે કે જે પરદ્રવ્ય ધર્મોપકરણરૂપ નથી તે પણ જો અધ્યાત્મને (સર્વથા) પ્રતિકૂળ નથી તો ધર્મમાં સહાયક એવું ઉપકરણાત્મક પરદ્રવ્ય, ધર્મસહાયક હોવાથી દેહ જેમ અધ્યાત્મવિરોધી નથી તેમ અધ્યાત્મવિરોધી શી રીતે હોય ?

[ધર્મોપકરણને અધ્યાત્મવિરોધી માનવામાં બે વિકલ્પથી દોષ પ્રદર્શન]

વસ્ત્રાદિ ધર્મોપકરણ પણ પરદ્રવ્યરૂપ હોવાથી શ્રામણ્યને વિરોધી છે એવું કહેતા દિગંબરોને અમે બે વાત પૂછીએ છીએ કે (૧) 'ધર્મોપકરણ સ્વરૂપથી જ શુદ્ધોપયોગને વિરોધી છે કે (૨) રાગદ્વેષ કરાવવા દ્વારા વિરોધી બને છે?' જો પહેલા પ્રશ્નના જવાબમાં 'સ્વરૂપથી જ વિરોધી છે અર્થાત્ એનું સ્વરૂપ જ એવું છે કે એ હાજર હોવા માત્રથી શુદ્ધોપયોગનો વિરોધ કરે જ' એવું જો કહેશો તો અતિપ્રસંગ થશે.

स्यादेतद् उपकरणेष्वभीक्ष्णं ग्रहणमोचनादिप्रवृत्तिरावश्यकी, सा च रागद्वेषाऽविनाभाविनी, अतएव परप्राणव्यपरोपणस्याऽशुद्धोपयोग-सद्भावाऽसद्भावाभ्यामनैकान्तिकच्छेदत्वं, उपधेस्त्व-शुद्धोपयोगेनैवाऽऽदानसम्भवादैकान्तिकच्छेदत्वमुक्तम् । तथाहि-[प्रवचनसार ३-१९]
[१]"हवदि व ण हवदि बंधो मदे य जीवे य कायचेट्ठंमि । बंधो धुवमुवधीदो इदि समणाछड्डिआ सव्वं ॥" इति मैवं, देहव्यापारेऽपि सर्वस्यैतस्य तुल्यत्वात् । 'यतनापूर्वका देहव्यापारा न दोषाये'ति चेत् ? तुल्यमिदमन्यत्र ॥४॥

न खलु बहिरङ्गसङ्गसद्भावे तन्दुलगताऽशुद्धत्वस्येवाऽशुद्धोपयोगरूपस्यान्तरङ्गच्छेदस्य प्रतिषेध इत्यमरचन्द्रवचनमुत्क्षिपन्नाह-

---

અર્થાત્ દેહ-આહારાદિ પણ પરદ્રવ્યાત્મક ધર્મોપકરણ હોવાથી તેઓને પણ અધ્યાત્મના વિરોધી માનવા પડશે. હવે બીજા પ્રશ્નના ઉત્તરમાં 'ધર્મોપકરણો હોવા માત્રથી અધ્યાત્મનો વિરોધ કરતાં નથી પણ તેઓ રાગદ્વેષ કરાવે છે જેના કારણે અધ્યાત્મ ટકી શકતું નથી-' એમ કહેવું પણ અયુક્ત છે, કારણ કે-આગમમાં કહેલ વિધિ મુજબ ગૃહીત કરાતાં (ઉપલક્ષણથી ઉપયોગમાં લેવાતાં) હોવાથી વસ્ત્રાદિ ધર્મોપકરણો રાગદ્વેષ-જનક બનતાં નથી. તેથી ધર્મમાં સહાયક હોવાથી જેમ દેહ-આહારાદિક શ્રામણ્યને અનુકૂળજ છે-વિરોધી નથી તેમ ધર્મના સાધનભૂત હોવાથી અને ધર્મ માટે જ ગૃહીત થતા હોવાથી ધર્મોપકરણ પણ શ્રમણપણામાં વિરોધી નથી.

## [ઉપકરણોની સંભાળ રાગ-દ્વેષ વિના ન હોય-દિગંબર શંકા]

**પૂર્વપક્ષઃ**-પરપ્રાણવ્યપરોપણ (=હિંસા) કરતી વખતે અશુદ્ધોપયોગ જ હોય એવો નિયમ નથી કારણ કે એકમાત્ર સંયમના લક્ષથી કરાતી વિહિતસાધનામાં અનિવાર્ય રીતે થઇ જતી હિંસા વખતે તે તે જીવાદિ પર રાગ-દ્વેષ હોતા નથી. આમ અશુદ્ધોપયોગ વિના પણ હિંસા સંભવિત હોવાથી એ એકાન્તે શુદ્ધોપયોગના છેદાત્મક નથી. તેથી જ સાધુને નદી ઉતરવા વગેરેની છૂટ છે. પરંતુ વસ્ત્રાદિ ઉપધિ તો એકાન્તે શુદ્ધોપયોગછેદાત્મક જ છે કારણ કે વસ્ત્રાદિ રાખ્યા હોય તો અવશ્ય તેને વારંવાર લેવા-મૂકવા પડે છે. સામાન્યથી કોઇપણ વસ્તુનું ગ્રહણ રાગથી અને મોચન દ્વેષથી થતું હોવાથી વસ્ત્રાદિને લેવા-મૂકવાની ક્રિયા પણ રાગ-દ્વેષથી થયા કરતી હોવાથી ત્યારે અશુદ્ધોપયોગ જ પ્રવર્ત્યા કરે છે અને તેથી જ એ એકાન્તે શુદ્ધોપયોગછેદાત્મક છે.

**પ્રવચનસારમાં** પણ કહ્યું છે કે 'કાયાની ચેષ્ટા કરવામાં જીવોપમર્દ થયો હોવા છતાં કર્મબંધ તો થાય પણ ખરો કે ન પણ થાય, પણ ઉપધિથી તો અવશ્ય કર્મબંધ થાય છે તેથી શ્રમણો સર્વપ્રકારની ઉપધિનો ત્યાગ કરે છે.'

---

१. भवति वा न भवति बन्धो मृतेऽथ जीवेऽथ कायचेष्टायाम् । बन्धो ध्रुवमुपधेरिति श्रमणास्त्यक्तवन्तः सर्वम् ॥

उवधिसहिओ ण सुज्झइ सतुसा जह तन्दुला ण सुज्झन्ति ।
इय वयणं पक्खित्तं दूरे दिट्ठंतवेसम्मा ॥ ५ ॥

( उपधिसहितो न शुद्ध्यति, सतुषा यथा तन्दुला न शुद्ध्यन्ति । इतिवचनं प्रक्षिप्तं, दूरे दृष्टान्तवैषम्यात् ॥५॥)

यदि हि तन्दुलाऽविशुद्ध्यापादकत्वं तुषाणामिवोपधेः स्वरूपतः पुरुषाऽविशुद्धिनिबन्धनत्वं स्यात्तदेदं वचनमुच्चार्यमाणं चारुतामञ्चेत, न चैवमस्ति । अपि चोपधेरुपाधित्वाऽसिद्धौ न तस्याऽशुद्ध्यनुमापकत्वमुज्जीवति । न चान्यस्मिन् स्वसंसर्गिणि स्वधर्मसङ्क्रामकत्वलक्षणमुपाधित्वमुपधौ तुष इव (? तुषे वा) । यत्तु [न][1] तुषे तन्दुलस्वभावकार्यप्रतिबन्धकत्वं तत्तूपधौ स्वाभाविकं नाद्यापि सिद्धमिति यावदविशुद्ध्यापादकसमवधानमुपाधिरप्रयोजकत्वादिदोषग्रासश्च ॥ ५ ॥

---

## [દેહસંભાળની જેમ જયણાથી વસ્ત્રાદિની સંભાળ નિર્દોષ-ઉત્તર]

**ઉત્તરપક્ષ** :-તમારી આ શંકા અયુક્ત છે કારણ કે આ બધી વાતો દેહ અંગે પણ સમાન હોવાથી, તમારા મતે દીક્ષા લેવા માત્રથી દેહ પણ ત્યાજ્ય માનવાની આપત્તિ આવશે, અર્થાત્ ધર્મોપકરણને લેવા-મૂકવાની ક્રિયા જો રાગદ્વેષ વિના સંભવિત ન જ હોય તો તો એ રીતે દેહની વિવિધ ચેષ્ટાઓ પણ રાગદ્વેષ વિના અસંભવિત જ હોવાથી દેહનો પણ દીક્ષાગ્રહણ બાદ તમારે તરત જ ત્યાગ કરવો જોઇએ.

**પૂર્વપક્ષ** :-જો દેહની ચેષ્ટાઓ જયણાપૂર્વક કરવામાં આવે તો એ રાગદ્વેષ વિના પણ સંભવિત હોવાથી 'છેદ' રૂપ બનતી નથી. તેથી દેહ ત્યાજ્ય બનતો નથી.

**ઉત્તરપક્ષ** :-તો એ જ રીતે ઉપકરણ અંગેની ક્રિયાઓ પણ યતનાપૂર્વક કરવામાં શુદ્ધોપયોગછેદ થતો ન હોવાથી એ પણ એકાન્તે હેય નથી. ॥૪॥

## (બહિરંગસંગથી અશુદ્ધોપયોગરૂપ છેદપ્રાપ્તિનું અમરચંદ્રવચન મિથ્યા)

'જેમ ચોખા પર ફોતરાં રહ્યા હોય તો તે શુદ્ધ થતા નથી અર્થાત્ સીઝતા નથી તેમ બાહ્યદ્રવ્યનો સંગ હોય ત્યાં સુધી અશુદ્ધોપયોગ ન ખસવાથી આત્મા શુદ્ધ થતો નથી. અર્થાત્ શુદ્ધોપયોગાત્મક અધ્યાત્મ સિદ્ધ થતું નથી.' આવું [2]અમરચન્દ્રનું વચન જણાવી તેનું ખંડન કરતાં ગ્રન્થકાર કહે છે-

**ગાથાર્થ** : 'જેમ તુષ (ફોતરાં) સહિતના ચોખા શુદ્ધ થતા નથી તેમ ઉપધિસહિતનો જીવ શુદ્ધ થતો નથી.' એવું અમરચંદ્રનું વચન દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈષમ્ય હોવાથી દૂર ફેંકાયેલું જાણવું અર્થાત્ સાંભળવા યોગ્ય નથી.

---

૧. 'न' વધારાનો લાગે છે.

૨. કે અમૃતચંદ્ર? પ્રવચનસારના ટીકાકાર.

अथ पराभिहिता उपधिदोषाः शरीरेऽपि तुल्या इत्युपदिशति–

**जा उवगरणे मुच्छा आरम्भो वा असंजमो तस्स ।**
**तह परदव्वंमि रई सा किण्ण तुहं सरीरेऽवि ॥६॥**

(या उपकरणे मूर्च्छा आरम्भो वा असंयमस्तस्य । तथा परद्रव्ये रतिः सा किं न तव शरीरेऽपि ॥६॥)

## [ઉપધિ સ્વતઃ અશુદ્ધોપયોગ આપાદક નથી]

પોતાનું તેવું સ્વરૂપ (=સ્વભાવ) જ હોવાથી જેમ ફોતરાં ચોખાને અવિશુદ્ધ કરે છે તેમ ઉપધિ પણ જો પોતાના તેવા સ્વભાવથી જ જીવને અવિશુદ્ધ કરતી હોય તો તો તમારું વચન શોભે અર્થાત્ સ્વભાવથી જ સ્વસંગીને અવિશુદ્ધ કરવાપણું જેવું ફોતરાંમાં છે તેવું ઉપધિમાં પણ હોય તો તો તમારું વચન યુક્ત કહેવાય, પણ એવું છે નહિ. તેથી દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં સમાનતા ન હોવાથી તમારું વચન શોભતું નથી.

વળી જો ઉપધિ ઉપાધિરૂપ હોય તો અશુદ્ધિની આપાદક બને. પણ જેમ જપાકુસુમ પોતાના રક્તત્વરૂપ ધર્મને પોતાના સંસર્ગમાં આવનાર સ્ફટિકમાં સંક્રાન્ત કરતું હોવાના કારણે ઉપાધિરૂપ બને છે તેમ તેવું સ્વધર્મસંક્રામકત્વ કંઈ ઉપધિ કે ફોતરામાં છે નહિ કે જેથી તેઓ ઉપાધિરૂપ બને. તેમ જ સીઝવું એ તંદુલનું સ્વભાવભૂતકાર્ય છે, તેમાં પ્રતિબંધ કરવા રૂપ જે ઉપાધિત્વ તુષમાં છે તેવું સ્વભાવકાર્યપ્રતિબંધકત્વ રૂપ ઉપાધિત્વ હજુ સુધી ઉપધિમાં અસિદ્ધ છે, કારણ કે 'ઉપધિ શુદ્ધોપયોગનો પ્રતિબંધ કરે છે' એ વાત હજુ સિદ્ધ નથી. 'જેનું સાંનિધ્ય અવિશુદ્ધિ કરે તે ઉપાધિ' એવી વ્યાખ્યા મુજબનું ઉપાધિત્વ પણ ઉપધિમાં સિદ્ધ થતું નથી કારણ કે અવિશુદ્ધિ કરવાપણું જ તેમાં અસિદ્ધ છે. વળી ઉપાધિ તરીકે લઇને ઉપધિથી અશુદ્ધોપયોગ સિદ્ધ કરવામાં અપ્રયોજકત્વ દોષ પણ છે. અર્થાત્ 'ઉપધિ હોવા છતાં અશુદ્ધોપયોગ ન હોય તો શું આપત્તિ આવે ?' એવી અન્વયવ્યભિચારની શંકાનું નિરાકરણ કરનાર કોઈ તર્ક હાજર નથી. આમ ઉપધિ હોવા માત્રથી અધ્યાત્મનો પ્રતિબંધ હોવો સિદ્ધ થતો નથી. ॥૫॥

## [વસ્ત્રાદિ વિશે કહેવાતાં દોષ દેહ વિશે પણ સમાન]

દિગંબરે ઉપધિવિશે કહેલા દોષો શરીર વિશે પણ તુલ્ય જ છે એમ જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** : "ધર્મોપકરણાત્મક ઉપધિ રાખવામાં તેમાં મમત્વ થવા રૂપ મૂર્છા થાય છે, તેના પરિકર્મ વગેરે કરવામાં આરંભ થાય છે, શુદ્ધોપયોગાત્મક શુદ્ધ આત્મસ્વરૂપની હિંસા (=નાશ) રૂપ અસંયમ પોષાય છે, તેમ જ ઉપધિરૂપ પરદ્રવ્ય અંગે કાય વ્યાપાર કરવા

यदि ह्युपधिसद्भावे विना यतनां सम्मूर्च्छा सम्मूर्च्छैत्तर्हि शरीरसद्भावेऽपि कुतो नैतया भवितव्यम् ? अथ ममत्वपरिणामलक्षणा मूर्च्छा, ममत्वपरिणामश्च नाज्ञानलक्षणः, तस्य ज्ञानादेव नाशात्, किंतु प्राप्तेष्टवस्त्ववियोगाध्यवसानाऽप्राप्ततदभिलाषलक्षणा-र्त्तध्यानरूपः, सोऽपि भोगादिकामनां विना शरीरसंस्कारविरहान्न सम्भवी, मोक्षसाधनत्वमत्यैव तत्परिपालनात् । न च मोक्षसाधनत्वमत्यापि प्रवृत्तिरध्यात्मविरोधिनी, निदानत्वादिति वाच्यं, निश्चयतस्तथात्वेऽपि व्यवहारतो मोक्षार्थितयैव शुभप्रवृत्तिसंभवात् । तथा च शरीरे न मूर्च्छेति चेत् ?

રૂપ પરદ્રવ્યરતિ થાય છે જે આત્મરમણુની વિરોધી હોવાથી શુદ્ધાત્મતત્ત્વની વિરોધિની છે”– આવા બધાજે દોષો તમે ઉપધિ અંગે આપો છો તે શું તમારે દેહ વિશે પણ સમાન નથી ?

શંકા :–જો ઉપધિ રાખીએ તો યતના ન પળાય ત્યારે ગાઢ મૂર્છા અવશ્ય થાય જ (અને યતના કાંઇ પળે પળે શક્ય હોતી નથી) એટલે ઉપધિ ન રાખવી જોઈએ.

ઉત્તર :–શરીરમાં પણ તમારા કહ્યા મુજબ મૂર્છા થાય છે. તેથી એનો પણ ત્યાગ કરી દેવાની આપત્તિ કેમ નહીં આવે ?

## [ શરીર વિશે આર્ત્તધ્યાનરૂપ મૂર્છાનો સંભવ નથી–પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ** :–મૂર્ચ્છા મમત્વપરિણામરૂપ છે. તે પરિણામ જો અજ્ઞાનરૂપ હોય તો તો જ્ઞાનથી જ નાશ પામી જાય. એટલે મૂર્છા અજ્ઞાનરૂપ નથી. કિંતુ ‘પ્રાપ્ત થએલ ઈષ્ટવસ્તુનો પોતાને વિયોગ ન થાઓ’ એવા અધ્યવસાયરૂપ કે અપ્રાપ્ત ઇષ્ટવસ્તુની અભિલાષારૂપ જે આર્ત્તધ્યાનનો પરિણામ, તદ્રૂપ છે. ઉપધિ રાખવામાં સાધુઓને પણ એ સંભવિત છે. જ્યારે શરીર વિશે તો તેવો મમત્વપરિણામ સંભવતો નથી કારણ કે ભોગાદિની કામનાથી જ શરીરસંસ્કારાદિ કરાય છે. સાધુઓને તેવી કામના ન હોવાથી શરીરમાં મમત્વ પરિણામાત્મક મૂર્ચ્છા ઉત્પન્ન થતી નથી. શરીરના પાલનાદિ માટે જે આહારાદિ કરાય છે તે પણ ‘શરીર મોક્ષનું સાધન છે, તેનાથી મોક્ષ સાધી શકાશે’ ઈત્યાદિરૂપ મોક્ષસાધનતાની બુદ્ધિથી જ થતાં હોવાથી કામેચ્છાજન્ય સંસ્કારરૂપ નથી.

કોઇ એમ કહે કે–“મોક્ષસાધનતાની બુદ્ધિથી કરાતી પ્રવૃત્તિ પણ અધ્યાત્મ-વિરોધિની છે કારણ કે ‘આ પ્રવૃત્તિઓના ફળરૂપે મને મોક્ષ મળો’ એવા નિયાણારૂપ એ છે”– તો એવું પણ કહેવું યોગ્ય નથી કારણ કે નિશ્ચયનયથી એ નિયાણારૂપ હોવા છતાં વ્યવહારથી શુભપ્રવૃત્તિઓ મોક્ષાર્થીપણું હોવામાં જ સંભવિત હોવાથી ‘આ પ્રવૃત્તિથી મને મોક્ષ મળો’ ઇત્યાદિ બુદ્ધિ અધ્યાત્મવિરોધિની બનતી નથી. એટલે કે

तदिदमखिलं धर्मोपकरणेऽपि समं समाधानं, न ह्युपकरणमेवैकान्ततो मूर्च्छाजनकं, तदभावेऽप्यदान्तमनसां बहूनां चित्तविप्लवसम्भवात् । तदुक्तं-[1]"यदसत्स्वपि जायेत मूर्च्छया चित्तविप्लवः" इति, विप्रकृष्टेनापि च मूर्च्छाजननेऽतिप्रसंगः । "स्वविषयरागसंबन्धेन हेतुत्वे नातिप्रसङ्ग" इति चेत् ? तर्हि रागस्यैव मूर्च्छाहेतुता वास्तवी, तथा च निःस्पृहाणां शरीर इव धर्मोपकरणेऽपि न मूर्च्छेति व्यस्थितम् । एवं तद्विषयकर्मप्रक्रमपरिणामलक्षण आरंभोऽपि निरस्तः, कायेऽपि तुल्यत्वात् । "तत्र यतनया नारंभ" इति चेत् ? अत्रापि किं न तथा ? अत एव शुद्धात्मस्वरूपहिंसनपरिणामलक्षणोऽसंयमोऽपि न । नापि परद्रव्यरतिः शुद्धात्मतत्त्वविरोधिनी, यतनाया एव सर्वश्रेयोमूलत्वात् ॥६॥

---

તેવી બુદ્ધિથી શરીરનું પાલન કરવામાં મૂર્છા થતી નથી. તાત્પર્ય, ધર્મોપકરણ ધારણ કરવામાં મૂર્છા છે જ્યારે શરીરને ધારણ કરવામાં મૂર્છા નથી.

**ઉત્તરપક્ષ :-** શરીર અંગેનું પૂર્વપક્ષીનું આ બધું સમાધાન ધર્મોપકરણ વિશે પણ સમાન જ છે. વળી ઉપકરણની હાજરી જ એકાન્તે મૂર્છાજનક છે એવું પણ નથી કારણ કે એમાં વ્યતિરેક વ્યભિચાર છે. તે આ રીતે-જેઓએ મનનો નિગ્રહ કર્યો નથી તેઓને બાહ્યસામગ્રીની ગેરહાજરીમાં પણ ચિત્તવિપ્લવ=આકુળતા વ્યાકુળતા હોય છે. તેથી જ તો શ્રી યોગશાસ્ત્ર પ્રથમ પ્રકાશમાં કહ્યું છે કે-" સર્વદ્રવ્યો વિશેની (અર્થાત્ પોતાની પાસે હોય તે અને ન હોય તેવા પણ દ્રવ્યો વિશેની) મૂર્છાનો ત્યાગ એ જ અપરિગ્રહ છે, કારણ કે પોતાની પાસે ન રહેલ દ્રવ્યો વિશે પણ થતી મૂર્છાના કારણે ચિત્તવિપ્લવ થાય છે." વ્યતિરેક વ્યભિચાર ટાળવા માટે જો એમ કહો કે ત્યાં જે મૂર્છા થાય છે એમાં દૂર રહેલા પણ વસ્ત્રાદિ હેતુ જ છે [દા. ત. લોહચુંબક.] તો એ વાત ઠીક નથી, કારણ કે દૂર રહ્યા રહ્યા પણ વસ્ત્રાદિ મૂર્છાના હેતુ હોય તો દિગંબર સાધુઓને પણ મૂર્છા થયા જ કરવાની આપત્તિરૂપ અતિપ્રસંગ ઊભો થશે.

**પૂર્વપક્ષ :-** અમે કેવળ દૂરવર્તી અસમ્બદ્ધ વસ્ત્રાદિને મૂર્છાહેતુ નથી કહેતા પરંતુ સ્વવિષયરાગ સંબંધથી મૂર્છાના હેતુ કહીએ છીએ. અર્થાત્ જે બાહ્યદ્રવ્ય સ્વવિષયક રાગ ઉત્પન્ન કરે તે જ મૂર્છા ઉત્પન્ન કરે છે. એટલે દિગંબર સાધુને વસ્ત્રાદિમાં રાગ ન હોવાથી સ્વવિષયરાગ સંબંધથી દૂરવર્ત્તી વસ્ત્રાદિ દ્વારા રાગ ઉત્પન્ન થવાની તમે કહી એવી આપત્તિ આવતી નથી.

**ઉત્તરપક્ષ :** આનો અર્થ એ થયો કે બાહ્યદ્રવ્યાદિ પોતે સાક્ષાત્ મૂર્છામાં હેતુભૂત નથી કિન્તુ તેના પર થતા રાગાદિ જ તેવા છે. તેથી જેમ શરીર પર રાગ ન હોવાથી નિઃસ્પૃહ મહાત્માઓને મૂર્છા થતી નથી તેમ ધર્મોપકરણ વિશે પણ રાગ ન હોવાથી મૂર્છા થતી નથી.

---

૧. આ શ્લોકનો પૂર્વાર્ધ-सर्वभावेषु मूर्च्छायास्त्यागः स्यादपरिग्रहः । શ્રી યોગશાસ્ત્ર પ્રથમ પ્રકાશ શ્લો૦ ૨૪

अथ परद्रव्यरतिमेव विकल्प्य दूषयति-

**तह परदव्वम्मि रई परिणामो रक्खणाणुबन्धो वा ।**
**दुहओ तणुसममुवहिं पासन्तो किं ण लज्जेसि ॥७॥**

(तथा परद्रव्ये रतिः परिणामो रक्षणानुबंधो वा । उभयतस्तनुसममुपधिं पश्यन् किं न लज्जसे ॥७॥)

**પૂર્વપક્ષ :** આ રીતે મૂર્ચ્છા ન હોવી ભલે સિદ્ધ થાય. છતાં ધર્મોપકરણ રાખવાથી તેના પર વિવિધ પરિકર્માદિ કરવા રૂપ આરંભ તો કરવો જ પડે છે જેમકે વસ્ત્ર રાખ્યા હોય તો તેના પડિલેહણાદિ કરવા, પરસેવો થએ છતે એને સૂકવવા, મેલા થાય ત્યારે ધોવા...ઇત્યાદિ; અને આવા આરંભની હાજરીમાં નિર્ગ્રન્થપણું રહેતું નથી.

**ઉત્તરપક્ષ :** જેમ શરીર પર મૂર્ચ્છા ન હોવાથી તેને માટે કરાતી વિવિધ ચેષ્ટાઓ (જેમકે પાછળથી ગાંડો હાથી આવતો હોય તો બાજુ પર ખસી જવું વગેરે...) આરંભરૂપ બનતી નથી' તેમ ધર્મોપકરણ વિશે પણ મૂર્ચ્છા ન હોવાથી તેના અંગેની ક્રિયાઓ આરંભરૂપ બનતી નથી. 'કાયા અંગેની ક્રિયાઓ યતનાપૂર્વક થતી હોવાથી આરંભરૂપ બનતી નથી, એમ જો કહેશો તો એ વાત ધર્મોપકરણ વિશે પણ તુલ્ય હોવાથી એ પણ આરંભરૂપ બનશે નહિ. તેથી જ એટલે કે ધર્મોપકરણ અંગેની ક્રિયાઓ જયણાપૂર્વક કરાતી હોવાથી જ શુદ્ધ આત્મપરિણામના ભંગરૂપ હિંસા ન થવાના કારણે અસંયમ થતો નથી કારણ કે જયણા પણ આત્માના શુદ્ધ પરિણામરૂપ જ છે.

**પૂર્વપક્ષ :** છતાં ધર્મોપકરણ રાખ્યા હોય તો જે પડિલેહણાદિ કરવા પડે છે તે પરદ્રવ્ય અંગેની ચિંતા કરી કહેવાય... અને તે એટલો વખત આત્મરમણમાં સ્ખલના લાવે છે, તેથી ઉપધિ રાખવામાં શુદ્ધ આત્મતત્ત્વવિરોધિની એવી પરદ્રવ્યરતિ થતી હોવાથી ઉપધિ રાખવી ન જોઇએ.

**ઉત્તરપક્ષ :** આ વાત પણ અયુક્ત છે, કારણ કે પડિલેહણાદિ કરવામાં પણ જયણાનો ભાવ જ પ્રધાન હોય છે જે સર્વ કલ્યાણનું મૂળ છે. અર્થાત્ જયણાથી જ શુદ્ધાત્મતત્ત્વના પ્રકટીકરણાદિ થતા હોવાથી જયણાને પ્રધાન કરીને કરાતી પરદ્રવ્યરતિ પણ શુદ્ધાત્મતત્ત્વવિરોધિની બનતી નથી. ॥૬॥

આ પરદ્રવ્યરતિ શું છે? એના વિકલ્પો કરી ઉપધિને વિશે પરદ્રવ્યરતિની આપત્તિને જ દૂષિત ઠરાવતા ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ**– તથા પરદ્રવ્યરતિ શું છે? (૧) પરદ્રવ્ય વિશે કાયાનો વ્યાપારપરિણામ કે (૨) સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન? બન્ને રીતે શરીરની જેમ ઉપધિના વિષયમાં સમાનપણું દેખવા છતાં ઉપધિ અંગે જ તેને દુષ્ટ માનતાં તું શરમાતો કેમ નથી?

परद्रव्ये रतिर्हि कायव्यापारमात्रपरिणामो वा संरक्षणानुबन्धि रौद्रध्यानं वा विवक्षितमायुष्मता ? नेदं पक्षद्वयं युक्तं, यतनया तद्दोषपरिहारात्, अन्यथा शरीरेऽपि तुल्ययोगक्षेमत्वात्, तदुक्तं- [वि०आ०भा० २५७०]

"[1]सारक्खणाणुबन्धो रोद्दज्झाणन्ति ते मई होज्जा। तुल्लमियं देहाइसु पसत्थमिह तं तहेहावि॥"

"संरक्षणं हि सर्वैर्मारणाद्युपायैस्तस्करादिभ्यो निजवित्तस्य सङ्गोपनं, तस्यानुबन्धः=सातत्येन चिन्तनं, तदायतनत्वाच्च वस्त्रादिकं शस्त्रादिवत् त्याज्यमिति" चेत् ? कथं तर्हि जलज्वलनमलिम्लुचश्वापदाहिविषकण्टकादिभ्यः संरक्षणानुबन्धस्य तौल्याद्देहादयोऽपि देवानांप्रियस्य न त्याज्याः ?

### [પરદ્રવ્યરતિના બંને વિકલ્પમાં દેહ-વસ્ત્ર સામ્ય]

જેને તમે શુદ્ધાત્મતત્ત્વવિરોધી માનો છો એ 'પરદ્રવ્યરતિ' તરીકે તમને શું અભિમત છે? ધર્મોપકરણ અંગે કાયવ્યાપાર કરવામાત્રરૂપ પરિણામ કે તે ઉપકરણનું સંરક્ષણ કરવા અંગેના સતત ધ્યાનરૂપ રૌદ્રધ્યાન? આ બન્નેમાંથી કોઇપણ માનવું યુક્ત નથી, કારણ કે યતનાપૂર્વક તે ક્રિયાઓ કરવાથી શુદ્ધાત્મતત્ત્વવિરોધરૂપ દોષનો પરિહાર થઈ જાય છે. નહિતર તો શરીર અંગેની હાથપગ હલાવવા વગેરે રૂપ ક્રિયા પણ પરદ્રવ્યરતિરૂપ થવાથી શુદ્ધાત્મતત્ત્વવિરોધી બની જવાના કારણે શરીર પણ ત્યાજ્ય બની જવાની આપત્તિ આવે. કહ્યું જ છે કે "પરદ્રવ્યના સંરક્ષણનું સતત ધ્યાન રૌદ્રધ્યાન હોવાથી ઉપધિ ત્યાજ્ય છે-એવો જો તમારો અભિપ્રાય હોય તો એ રૌદ્રધ્યાન દેહાદિ વિશે પણ સમાન જ હોવાથી દેહાદિ પણ ત્યાજ્ય બની જશે. દેહાદિ વિશેની ક્રિયાઓ મોક્ષાર્થે હોવાથી પ્રશસ્ત છે એમ જો તમે માનતા હો તો ઉપધિ અંગે પણ તેવું જ માનો ને!"

### [રૌદ્રધ્યાનનું નિમિત્ત હોવાથી વસ્ત્રાદિ ત્યાજ્ય હોવાની શંકાનો ઉત્તર]

**પૂર્વપક્ષ :** જરૂર પડયે સામાને મારી ઠોકીને પણ પોતાના ધન વગેરેનું ચોર વગેરેથી રક્ષણ કરવું એ સંરક્ષણ છે. રક્ષણ શી રીતે કરવું તેના ઉપાયોનું નિરંતર ચિંતન તે સંરક્ષણાનુબંધ એટલે કે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. વસ્ત્રાદિ ઉપધિ આ રૌદ્રધ્યાનનું (મૂળભૂત કારણ હોવાથી) 'આયતન' છે અને તેથી શસ્ત્રાદિની જેમ ત્યાજ્ય છે. હાથમાં તલવારાદિ હોય તો 'કોઈ મારું ધન લૂંટવા આવશે તો આ તલવારાદિથી એનું ડોકું ઊડાવી દઈશ' વગેરે વિચારો આવે છે. આવું રૌદ્રધ્યાન અટકી જાય એ માટે મૂળથી જ જેમ તલવારાદિ રખાતા નથી અથવા રાખ્યા હોય તો પણ છોડી દેવાય છે તેમ ઉપધિ હોય તો જ એના રક્ષણાદિના વિચારો આવતા હોવાથી એ રૌદ્રધ્યાનથી બચવા ઉપધિનો જ ત્યાગ કરી દેવો જોઇએ.

१. संरक्षणानुबन्धो रौद्रध्यानमिति ते मतिर्भवेत् । तुल्यमिदं देहादिषु प्रशस्तमिह तत्तथेहापि ॥

अथ हेयतायामनिष्टसाधनत्वं प्रयोजकं, न च मोक्षसाधनत्वमत्या संरक्षणानुबन्धः शरीरस्यानिष्टो, वस्तुतः [1]सविशेषणे...इत्यादिन्यायान्मोक्षसाधनत्वमत्यनुबन्ध एव पर्यवस्यति न संरक्षणानुबन्ध इति चेत् ? तदिदं यतनया धार्य्यमाणे धर्मोपकरणेऽपि तुल्यमिति ॥७॥

स्यादेतत्–मा भूत् संरक्षणानुबन्धिरौद्रध्यानायतनतया वस्त्रादेरध्यात्मप्रतिबंधकत्वं, तथापि मानसात्मैकाग्र्य संवेदनप्रतिबंधककायव्यापारानुषङ्गितया तद्विरोधित्वं भविष्यतीति चेत् ? निरस्तमेवेदं प्रथमपक्षप्रतिबन्द्यां, तथापि वस्तुस्थितिमाह–

**ઉત્તરપક્ષ :** એ રીતે તો પાણી, અગ્નિ, લૂંટારા, જંગલીપશુઓ, સાપ, ઝેર, કાંટા વગેરેથી શરીરનું રક્ષણ કરવાનો સતત ઉપયોગ પણ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનરૂપ જ થવાથી તેના મૂળ નિમિત્તભૂત શરીરનો પણ ત્યાગ કરી દેવો જોઇએ. તો હે દેવાનાં પ્રિય (=મૂર્ખ)! એનો તમે કેમ ત્યાગ કરતા નથી ?

**[ મોક્ષસાધનતા બુદ્ધિનો અનુબંધ દેહ અને વસ્ત્રમાં તુલ્ય ]**

**પૂર્વ૦ :** કોઇ પણ વસ્તુ તો જ હેય બને છે જો એ અનિષ્ટનું સાધન બનતી હોય. 'મોક્ષનું સાધન છે તેથી શરીરની સંભાળ કરવી જોઈએ' આવો સંરક્ષણાનુંબંધ કંઇ અનિષ્ટ નથી કે જેથી એના કારણભૂત દેહ ત્યાજ્ય બને... હકીકતમાં તો એવો ન્યાય છે કે વિશેષણ વિશિષ્ટ વિશેષ્ય અંગે થતાં વિધિ કે નિષેધ જો વિશેષ્યમાં બાધિત હોય તો વિશેષણને લાગુ પડે છે. જેમ કે–બધા નિષ્પરિગ્રહી બને એવી ઇચ્છાવાળા નિર્ગ્રન્થગુરુઓએ પણ ગૃહસ્થો માટે ન્યાયસંપન્નવિભવનું વિધાન કર્યું છે. અહીં વિભવ પરિગ્રહરૂપ હોવાથી એનું વિધાન કંઇ નિષ્પરિગ્રહી સાધુ કરે નહિ. તેથી વિધાન વિભવાત્મક વિશેષ્યમાં બાધિત હોવાથી વિશેષણને લાગુ પડે છે. અર્થાત્ ગૃહસ્થોને વિભવ રાખવાનું વિધાન નથી પણ જો રાખવો પડતો હોય તો તે મેળવવા વગેરેમાં ન્યાયનીતિ રાખવાનું જ વિધાન છે. પ્રસ્તુતમાં પણ 'મોક્ષસાધનભૂત દેહનું મારે રક્ષણ કરવું જોઈએ' ઈત્યાદિ વિચાર પણ મોક્ષસાધનતાબુદ્ધિમાં જ પર્યવસિત=ફલિત થાય છે અર્થાત્ વાસ્તવિક રીતે એવા વિચારોનું સાતત્ય મોક્ષસાધનતાબુદ્ધિના જ સાતત્ય=અનુબંધરૂપ છે, પણ દેહ અંગેના સંરક્ષણના અનુબંધરૂપ નથી. તેથી એ વિચારધારા રૌદ્રધ્યાનરૂપ ન બનવાથી એના મૂળકારણભૂત દેહ ત્યાજ્ય બનતો નથી.

**ઉત્તરપક્ષ :**– ધર્મોપકરણને યતનાપૂર્વક ધારણ કરવામાં–યતના ને જ પ્રધાન બનાવવામાં–અર્થાત્ 'મારા ધર્મોપકરણને જો કોઇ લઇ જશે તો આરંભસમારંભમાં વાપરશે અને તેથી અસંયમ પોષાશે. માટે જયણાપૂર્વક એની સંભાળ રાખું" આવા વિચારથી ધર્મોપકરણની રખાતી સંભાળ વસ્તુતઃ જયણામાં જ પર્યવસિત થતી હોવાના કારણે રૌદ્રધ્યાનરૂપ બનતી નથી અને તેથી તેના મૂળભૂતકારણરૂપ ઉપધિ પણ ત્યાજ્ય નથી. ॥૭॥

---

૧. सविशेषणे हि विधिनिषेधौ विशेषणमुपसङ्क्रामतो विशेष्याबाधके सतीति न्यायः ।

जो किर जयणापुव्वो वावारो सो ण झाणपडिवक्खो ।
सो चेव होइ झाणं जुगवं मणवयणकायाणं ॥ ८ ॥

(यः किल यतनापूर्वो व्यापारः स न ध्यानप्रतिपक्षः । प्रत्युत स एव भवति ध्यानं युगपन्मनोवचनकायानाम् ॥८॥)

दिगम्बराणां खल्विदमभिमतं यत् 'परममुपेक्षासंयमं प्रतिपत्तुकामोऽपि तथाविधसामग्रीवशात् तं प्रतिपत्तुमक्षमस्तद्बहिरङ्गसाधनमात्रमिममापवादिकमुपधिमातिष्ठते, सर्वहेयवर्जितसहजरूपापेक्षितयथाजातरूपत्वेन बहिरङ्गलिंगभूताः कायपुद्गलाः, श्रूयमाणतत्कालबोधकगुरुगीर्यमाणात्मतत्त्वद्योतकसिद्धोपदेशवचनपुद्गलाः, तथाऽधीयमाननित्यबोधकानादिनिधनशुद्धात्मतत्त्वद्योतनसमर्थश्रुतज्ञानसाधनसूत्रपुद्गलाः, शुद्धात्मतत्त्वव्यञ्जकदर्शनादिपर्यायतत्परिणतपुरुषविनीतताभिप्रायप्रवर्त्तकचित्तपुद्गलाश्चेति । उक्तं च-[प्रवचनसार ३-२५]

"[1]उवगरणं जिणमग्गे लिङ्गं जहजादरूवमिदि भणिदं । गुरुवयणंपि य विणओ सुत्तज्झयणं च पण्णत्तं ति वस्तुधर्मस्तूत्सर्ग एव न पुनरपवाद इति । तथा च यथोक्तोपधिसन्निधापितकायिका क्रियापि चेत्परमोपेक्षारूपां मानसीं क्रियां विरुणद्धि तर्हि कथं नानुपयुक्तबाह्योपधिभारस्तां विरुन्ध्यादिति ।

---

**પૂર્વપક્ષ** :–ઉપધિ અંગેની વિચારણા આ રીતે રૌદ્રધ્યાનરૂપ ન થવાના કારણે ભલે અધ્યાત્મપ્રતિબંધક ન બને છતાં પણ આત્માનું જે માનસિક એકાગ્ર સંવેદન=ધ્યાન ચાલતું હોય છે–આત્મગુણો અંગેની વિચારધારાઓ ચાલતી હોય છે તેમાં પ્રતિબંધક એવા પડિલેહણાદિરૂપ કાયવ્યાપારો ઉપધિ રાખવાના કારણે કરવા પડે છે. તેથી ઉપધિ માનસિક એકાગ્ર સંવેદનમાં સ્ખલના કરનાર હોવાથી અધ્યાત્મવિરોધી છે જ...

**ઉત્તરપક્ષ** :–આવી વિરોધિતાનો અમે પરદ્રવ્યરતિ અંગેના પ્રથમ વિકલ્પને દૂષિત જણાવીને પ્રતિકાર કરી જ દીધો છે. અર્થાત્ પડિલેહણાદિ અંગેનો કાયાનો વ્યાપાર માત્ર પણ જો અધ્યાત્મવિરોધી હોય તો તો શરીર અંગેની હલન–ચલનાદિ ચેષ્ટાઓ પણ તેવી થવાથી શરીર પણ ત્યાજ્ય બની જવાની આપત્તિ આવશે–આ રીતે પૂર્વે પ્રતિકાર કરી ગયા હોવા છતાં ગ્રન્થકાર વસ્તુસ્થિતિને જણાવતાં કહે છે–

**ગાથાર્થ**–ઉપધિ અંગેનો પડિલેહણાદિરૂપ જે વ્યાપાર જયણાપૂર્વક હોય છે તે ધ્યાનનો વિરોધી નથી. ઉલ્ટું, એક જ કાળમાં મન, વચન અને કાયાની એકાગ્રતારૂપ તેમજ શુભયોગરૂપ હોવાથી તે ધ્યાન જ છે.

## [દિગમ્બરની ઉત્સર્ગ–અપવાદ અંગે શંકા]

દિગંબરોનો આ અભિપ્રાય છે કે પરમ=શ્રેષ્ઠ કોટિના ઉપેક્ષા–સંયમને મેળવવાની ઇચ્છાવાળો પણ જીવ યોગ્ય દેશ–કાળાદિ સામગ્રી પામ્યો ન હોવાથી તેને સ્વીકારવામાં

---

१. उपकरणं जिनमार्गे लिङ्गं यथाजातरूपमिति भणितम् । गुरुवचनमपि च विनयः सूत्राध्ययनं च प्रज्ञप्तम् ॥

अत्रोच्यते–विहितोपधियतना हि न ध्यानविरोधिनी, प्रत्युत सैव मनोवाक्कायध्यानात्मिका । ननु मानसमेव ध्यानं श्रुतं, न वाचिकं न वा कायिकमिति चेत् ? तत्किं "भङ्गियसुअं गुणन्तो वट्टइ तिविहंमि झाणंमि[1]" इति सूत्रोक्तं न स्मरसि ? "स्मरामि, न तु श्रद्दधे 'ध्यै चिन्तायाम्' इति धात्वर्थस्य कायिकादावसम्भवादिति" चेत् ? तत्किं धातोरनेकार्थतां नातिप्रसे ? "काममस्मि तथाऽऽतिष्ठे, न परमत्र तदर्थान्तरकल्पनप्रयोजनमुपलभे" इति चेत् ? तत्किमुक्तसूत्रसमाधानं तव न प्रयोजनम् ? 'ओमि'ति चेत् ? नास्तिकोऽसि, तथापि केवलिनां काययोगनिरोधस्य ध्यानत्वमातिष्ठमानस्य क इवान्यः पन्थाः शरणमिति रहसि पर्यालोचय । अत एवेदं परिभाषन्ते–(वि०आ०भा०–३०७१)

---

સમર્થ બનતો નથી. તેથી તેના કરતાં અપકૃષ્ટ કક્ષાના સંયમ માટે બહિરંગ સાધનભૂત જે ઉપધિને અપવાદરૂપે સ્વીકારે છે તે આપવાદિકઉપધિ આ ચાર પ્રકારની છે–

(૧) સર્વહેય (=પુદ્ગલદ્રવ્ય)થી રહિત એવા આત્માના સહજ=સ્વાભાવિક રૂપના પ્રકટીકરણ માટે અપેક્ષિત કાયપુદ્ગલો. અર્થાત માતાના ઉદરમાંથી જેવા શરીરરૂપે જન્મ થયો હોય તેવું વસ્ત્રાદિ રહિતનું શરીર. વસ્ત્રાદ્યાત્મક ઉપાધિ રહિત આવું શરીર (કાયપુદ્ગલો) ઉપાધિ મુક્ત એવા આત્માનાં શુદ્ધ સ્વરૂપનું સૂચન કરતું હોવાથી તે સ્વરૂપના બહિરંગલિંગભૂત (જ્ઞાપક) છે.

(૨) તેવા વચનપુદ્ગલો, કે જે પોતાને સંભળાતા હોય, સંભળાવાની સાથે જ આત્મતત્ત્વનો બોધ કરાવનાર હોય, ગુરુથી ઉચ્ચારાતા હોય તેમજ જેઓએ અધ્યાત્મને સિદ્ધ કરી તેના વિનિયોગમાં પ્રવૃત્તિ કરી છે તેઓના ઉપદેશરૂપ હોય.

(૩) તે શ્રુતજ્ઞાનના નિમિત્તભૂત સૂત્રપુદ્ગલો, કે જે શ્રુતજ્ઞાન પોતાનાથી ભણાતું હોય, ભણતી વખતે હંમેશા બોધ કરાવનારું હોય તેમજ અનાદિઅનંત એવા શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ કરવામાં સમર્થ હોય...

(૪) તે ચિત્તપ્રવર્ત્તક પુદ્ગલો કે જે શુદ્ધાત્મતત્ત્વના વ્યંજક એવા સમ્યગ્દર્શનાદિ પર્યાય અને તે પર્યાયરૂપે પરિણત થએલ ગુર્વાદિ પુરુષોને વિશે વિનીતતાનો અભિપ્રાય=બહુમાનનો પરિણામ જગાડી આપે. **પ્રવચનસારમાં** કહ્યું છે કે 'જિનમાર્ગને વિષે યથાજાત શરીર, ગુરુવચન, વિનય અને સૂત્રનું અધ્યયન ઉપકરણ તરીકે કહેવાયેલા છે.'

વળી વસ્તુધર્મ તો ઉત્સર્ગ જ હોય છે, અપવાદ નહિ અર્થાત્ ઉપરોક્ત કાયપુદ્ગલાદિરૂપ ઉપધિ જો આત્મારૂપ વસ્તુના ધર્મ=પરમોપેક્ષારૂપ સંયમભૂત જ હોત તો તો એ ઉપધિને ઉત્સર્ગથી જ સ્વીકારવાનું કહ્યું હોત–'ઉત્સર્ગ' જ કહી હોત, પણ કહી નથી. અપવાદરૂપે જ સ્વીકારવાની કહી છે. તેથી જણાય છે કે આવી ૪ પ્રકારની ઉપધિ પણ પરમોપેક્ષારૂપસંયમની બાધિકા છે. આમ આવી ઉપધિ અંગેની ક્રિયાઓ પણ જો પરમોપેક્ષારૂપ માનસિક ક્રિયાનો વિરોધ કરનારી છે તો સંયમ માટે અનુપયોગી એવો બાહ્ય ઉપધિનો ભાર તેનો વિરોધક શી રીતે ન બને ?

---

१. भंगिकश्रुतं गुणयन् वर्त्तते त्रिविधे ध्याने ।

[1]'सुदढप्पयत्तवावारणं णिरोहो व विज्जमाणाणं ।
ज्झाणं करणाण मयं ण उ चित्तणिरोहमेत्तागं ॥ ति

स्यादेतत्-यदि सुदृढः कायप्रयत्नः छद्मस्थसंयतस्य ध्यानं तर्हि केवलिनां देशोनपूर्वकोटीं यावत्कथं न ध्यानसम्भवः ? इति, उच्यते-आवश्यकादिव्यापाररूपव्यावहारिककायिकध्यानाभावात् कार्मणशरीरयोगाचलोपकरणतया नैश्चयिककायस्थैर्याभावाचेति ॥ ८ ॥

## [ વાચિક-કાયિક ધ્યાન ઉપર આક્ષેપ-સમાધાન ]

**ઉત્તરપક્ષ** :-શાસ્ત્રોક્ત ઉપધિની યતના ધ્યાનવિરોધી નથી; ઉલ્ટું એ પોતે જ મન-વચન-કાયાના ધ્યાનરૂપ છે.

**પૂર્વપક્ષ** :-ધ્યાન માનસિક જ હોય એવું સંભળાય છે તો પછી ઉપધિ અંગેની વાચિક કે કાયિક ક્રિયાઓને 'ધ્યાન' શી રીતે કહેવાય ?

**ઉત્તરપક્ષ** :-આગમમાં ત્રણે પ્રકારના ધ્યાનનું કથન હોવાથી એ વાચિક-કાયિક ક્રિયાઓને પણ ધ્યાનરૂપ કહી શકાય છે.-"શ્રુતમાં આવતાં વિવિધ ભાંગાઓની ગણત્રી કરતો સાધુ ત્રણે પ્રકારના ધ્યાનમાં રમે છે"-એ આગમ વાક્ય શું તમને યાદ નથી ?

**પૂર્વપક્ષ** :-એ આગમવચન મને યાદ છે પણ એ સાચું હોવાની મને શ્રદ્ધા નથી કારણ કે ધાતુપાઠમાં 'ધ્યૈ' ધાતુનો અર્થ 'ચિંતન' જ કહ્યો છે આર્થાત્ ધ્યાન શબ્દનો અર્થ માનસિક પ્રવૃત્તિ જ થાય છે, વાચિક કે કાયિક પ્રવૃત્તિ નહિ.

## [ધ્યૈ-ધાતુની અનેકાર્થતાનું સમર્થન]

**ઉત્તરપક્ષ** :-ધાતુપાઠમાં ધાતુઓનો જે અર્થ કહ્યો હોય તે જ અર્થને તે ધાતુઓ જણાવે એવો નિયમ નથી. કયારેક બીજા અર્થને પણ તે તે ધાતુ જણાવે છે. પ્રસ્તુતમાં પણ 'ધ્યૈ' ધાતુ ધાતુપાઠમાં નહિ કહેલ એવા પણ વાચિક અને કાયિક પ્રવૃત્તિરૂપ અર્થાન્તરને જણાવી શકે છે. ધાતુઓની આવી અનેકાર્થતા શું તમે માનતા નથી ?

**પૂર્વપક્ષ** :-હા, અમે એ અવશ્ય માનીએ છીએ પણ એનો અર્થ એવો નથી થઇ જતો કે જ્યાં જેમ ફાવે તેમ જુદો જુદો અર્થ કરી શકાય. જ્યાં ધાતુપાઠથી પ્રસિદ્ધ અર્થ સંગત ન થતો હોય ત્યાં જ સંગત હોય તેવા બીજા અર્થને ધાતુ જણાવે છે. પ્રસ્તુતમાં 'ધ્યૈ' ધાતુનો પ્રસિદ્ધ અર્થ ચિન્તન લેવામાં કોઇ અસંગતિ થતી નથી કે જેના કારણે એનો બીજો અર્થ કલ્પવાની જરૂર પડે.

१. सुदृढप्रयत्नव्यापारणं निरोधो वा विद्यमानानाम् । ध्यानं करणानां मतं न तु चित्तनिरोधमात्रकम् ॥

**ઉત્તરપક્ષ** :–'ધ્યૈ'નો પ્રસિદ્ધ અર્થ લેવામાં ઉપરોક્ત સૂત્રમાં જણાવેલું ત્રિવિધ ધ્યાન અસંગત થાય છે. એને સંગત કરવું એ જ શું એના અર્થાન્તરની કલ્પના કરવામાં પ્રયોજન તરીકે તમે માનતા નથી ?

**પૂર્વપક્ષ** :–ના, એવા સૂત્રસમાધાનને અમે પ્રયોજન માનતા નથી.

### [કેવલીને કાયનિરોધરૂપ ધ્યાન માનવું આવશ્યક]

**ઉત્તરપક્ષ** :–એનો અર્થ એ થયો કે એ આગમ અસંગત રહે તો પણ તમને વાંધો નથી. એટલે કે એ આગમ તમને માન્ય નથી અને તેથી તમે નાસ્તિક છો એમ ફલિત થયું કારણ કે નાસ્તિકો આગમને પ્રમાણ તરીકે માનતા નથી. વળી આવી નાસ્તિકતા સ્વીકારીને પણ તમારો છૂટકારો નથી કારણ કે કેવળીઓને કાયનિરોધાત્મક ધ્યાન હોવાનું તમે પણ માન્યું જ છે. તેને સંગત કરવા 'ધ્યૈ'નો જુદો અર્થ કર્યા સિવાય તમારે પણ બીજો કયો રસ્તો શરણભૂત છે એ એકાંતમાં વિચારો, કારણ કે કેવળીઓને મન ન હોવાથી 'ધ્યૈ'નો ચિંતનાત્મક પ્રસિદ્ધ અર્થ પણ હોતો નથી. અર્થાત્ તમારે પણ 'ધ્યૈ' ના કાયિકપ્રવૃત્યાદિરૂપ અન્ય અર્થની કલ્પના કરવી જ પડશે અને તેથી સૂત્રોક્ત ત્રિવિધ ધ્યાન પણ સંગત થઈ જવાથી 'જયણા' પણ ત્રિવિધધ્યાનરૂપે સિદ્ધ થઈ જશે જેથી પછી એને ધ્યાનવિરોધી કહેવાશે નહિ. તેથી જ તો શાસ્ત્રમાં પરિભાષા કરી છે કે—"કરણો (=મન, વચન અને કાયા) ના સુદૃઢ પ્રયત્નનું વ્યાપારણ (=પ્રવૃત્તિ) અને વિદ્યમાન મન–વચન–કાયાનો નિરોધ એ બન્ને ધ્યાનરૂપ છે. ચિત્તનો નિરોધ કરવો એ જ ધ્યાન છે એવું એકાન્તે નથી." અહીં કરણોનો સુદૃઢ પ્રયત્ન એટલે પ્રમાદ કે ચંચળતા વિનાની પ્રવૃત્તિ.

### [કેવલીને સતત ધ્યાન હોવાની આપત્તિનો પ્રત્યુત્તર]

**પૂર્વપક્ષ** :–છદ્મસ્થ સંયતના સુદૃઢ કાયપ્રયત્નને પણ જો ધ્યાનરૂપે સ્વીકારશો તો કેવળીઓને પણ દેશોનપૂર્વકોટિ વર્ષ સુધી સતત ધ્યાન માનવું પડશે કારણ કે તેઓનો તો સઘળો પ્રયત્ન પરમ અપ્રમત્ત ભાવપૂર્વકનો જ હોય છે.

**ઉત્તરપક્ષ** :–કાયિક ધ્યાન બે પ્રકારનું છે–

**(૧) વ્યાવહારિક** :– પ્રતિક્રમણાદિ આવશ્યકમાં ચંચળતા વિનાની પ્રવૃત્તિ કરવા રૂપ. આ સિવાય કાયાનો સુદૃઢ પ્રયત્ન હોય તો પણ તેને ધ્યાન કહેવાતું નથી.

**(૨) નૈશ્ચયિક** :–અત્યંત કાયસ્થૈર્ય.

કેવળીઓને પડિલેહણાદિ આવશ્યક ન હોવાથી વ્યાવહારિક ધ્યાન હોતું નથી તેમજ કાર્મણશરીરનો યોગ હોવાના કારણે ચલોપકરણતા (આત્મપ્રદેશોનું કંપન) હોવાથી કોઈને કોઈ યોગ તો પ્રવર્ત્યા જ કરે છે તેથી અત્યંત કાયસ્થૈર્ય ન હોવાથી નૈશ્ચયિક ધ્યાન પણ હોતું નથી. ॥ ૮ ॥

स्यादेतत्–मोहक्षयेण तन्मूलभूतपरद्रव्यप्रवृत्त्यभावाद्विषयविरक्ततयाऽधिकरणान्तराभावात् मनसो निरोधे तन्मूलचञ्चलत्वविलयादनन्तसहजचैतन्यात्मनि स्वभावे समवस्थानं ह्यनाकुलत्वसङ्गतैकाग्र्यसञ्चेतनतया ध्यानमुच्यते निश्चयतः । तदुक्तं– [प्रव० सार–२/१०४]

[1]"जो खविदमोहकलुसो विसयविरत्तो मणे णिरुम्भित्ता ।
समवट्ठिदो सहावे सो अप्पाणं हवदि झादा ॥"

तथा च कथं बाह्यक्रियासद्भावे परमाध्यात्मशुद्धिः समुज्जृम्भते इति । उच्यते–

**झाणं करणपयत्तो ण सहावो तण्ण जेण सिद्धस्स ।**
**इहरा ठाणविभागो कह सुक्कज्झाणभेआणं ॥ ९ ॥**

[ध्यानं करणप्रयत्नः न स्वभावः, तन्न, येन सिद्धस्य । इतरथा स्थानविभागः कथं शुक्लध्यानभेदानाम् ॥९॥]

**પૂર્વપક્ષ** :–સામાન્યથી પરદ્રવ્ય અંગેની પ્રવૃત્તિ મોહના કારણે થાય છે. જ્યારે મોહનું માલિન્ય સંપૂર્ણપણે નષ્ટ થઈ જાય છે ત્યારે પરદ્રવ્ય (વિષય) અંગેની કોઈ પ્રવૃત્તિ રહેતી નથી તેથી વિષયો અંગે વિરક્તતા પ્રવર્તે છે. તાત્પર્ય એ છે કે વિષયો સિવાય મનને ચોટવાનું બીજું કોઈ અધિકરણ ન હોવાથી અનન્યશરણ એવા મનનો નિરોધ થાય છે. જેમ સમુદ્રના મધ્યભાગમાં પહોંચેલા જહાજ પરથી કિનારા પર જવા ઊડેલું પંખી, જહાજને છોડી દીધું હોવાથી અને કિનારારૂપ બીજો આધાર પ્રાપ્ત ન થવાથી જલશરણ બને છે અર્થાત્ નિષ્પ્રાણ થઈ જાય છે તેમ વિષયાત્મક અધિકરણમાંથી ઊઠી ગયું હોવાથી અને તેને બેસવાનો બીજો કોઈ આધાર ન હોવાથી અશરણ બનેલ મનનો નિરોધ થઈ જાય છે એટલે કે મન સર્વથા નિષ્ક્રિય બની જાય છે અને તેથી તન્મૂલક અર્થાત્ અનિરૂદ્ધ મનમૂલક ચંચળતા પણ ન રહેવાના કારણે પોતાના અનંત સાહજિક ચૈતન્યરૂપ સ્વભાવમાં આત્માનું સમવસ્થાન થાય છે જે પોતાના સ્વરૂપમાં જ પ્રવર્તેલા અનાકુલ (આકુળતા રહિતના) એકાગ્ર સંવેદનરૂપ હોય છે. તાત્પર્ય એ છે કે ચંચળતા ન હોવાના કારણે પોતાના સ્વરૂપ વિશે જ એકાગ્રતા આવે છે જેનાથી અનંત ચૈતન્યાત્મક સ્વસ્વરૂપનું સ્વસંવેદન=અનુભવ થાય છે. આમ આ સમવસ્થાન સ્વસ્વરૂપના અનુભવાત્મક હોવાથી નિશ્ચયથી ધ્યાન કહેવાય છે. કહ્યું છે કે–"મોહ માલિન્યનો ક્ષય કરી વિષયવિરકત બનેલો જે જીવ મનનો નિરોધ કરીને સ્વભાવમાં સમવસ્થાન કરે છે તે આત્માનો ધ્યાતા બને છે." આમ નિશ્ચયનયને સંમત ધ્યાન પ્રાપ્ત કરવા માટે મૂળથી જ પરદ્રવ્ય પ્રવૃત્તિઓ બંધ કરવી પડે છે. તો હવે પ્રશ્ન છે કે વસ્ત્રાદિ પરદ્રવ્ય અંગેની પડિલેહણાદિ બાહ્ય ક્રિયા જો ચાલુ જ રખાય તો પરમ અધ્યાત્મશુદ્ધિ શી રીતે પ્રકટ થાય ?

१. यः क्षपितमोहकलुषो विषयविरक्तो मनो निरुध्य । समवस्थितः स्वभावे स आत्मानं भवति ध्याता ॥

करणानामेव सुदृढप्रवृत्त्याख्यस्तन्निरोधाख्यश्च व्यापारो ध्यानं-न तूपदर्शितं स्वभावसमवस्थानं, सिद्धानामपि ध्यानप्रसङ्गात्, न च तेषां तदिष्टं यदाह भाष्यसुधाम्भोनिधिः–
[वि०आ०भा–३०८१]

[1]"जइ अमणस्स वि झाणं केवलिणो कीस तन्न सिद्धस्स ।
भन्नइ जन्न पयत्तो तस्स जओ ण य णिरुद्धत्तं ॥"

यदि तु सिद्धस्यापि स्वभावसमवस्थानरूपं नैश्चयिकं ध्यानमभिमतमेव तर्हि शुक्लध्यानभेदानां स्थानविभागः कथं सङ्गच्छते ? यदाद्यपादद्वयं छद्मस्थस्यैव श्रेण्यारूढस्याग्रिमपादद्वयं निर्वाणगमनकाल एव केवलिन इति ।

---

આવા પૂર્વપક્ષના પ્રશ્નનું સમાધાન કરતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :–ધ્યાન એ કરણના પ્રયત્નરૂપ જ છે, પણ સ્વભાવસમવસ્થાનરૂપ નથી કારણ કે, સિદ્ધોને સ્વભાવ સમવસ્થાન હોવા છતાં ધ્યાન હોતું નથી. અન્યથા સિદ્ધોને પણ જો ધ્યાન હોય તો શુકલધ્યાનના ભેદોના જે સ્થાનો (શુકલધ્યાન કયાં કયાં હોય છે તે) કહ્યા છે તે અસગંત થશે, કારણ કે સિદ્ધાવસ્થાને પણ તે સ્થાનમાં ગણાવવી જોઇએ,- પણ ગણાવી નથી.

## [સ્વભાવમાં અવસ્થાન એ ધ્યાન ન કહેવાય]

મન–વચન–કાયારૂપ કરણોનો વ્યાપાર જ ધ્યાન તરીકે આગમસંમત છે. તેના બે પ્રકાર છે–સુદૃઢ પ્રવૃત્તિરૂપ અને નિરોધરૂપ;–તમે કહ્યું તેવું સ્વભાવસમવસ્થાન કંઈ સંમત નથી; કારણ કે સ્વભાવસમવસ્થાન તો સિદ્ધોને પણ હોવાથી તેઓને પણ ધ્યાન હોવાની આપત્તિ આવે, જે ઇષ્ટ નથી. ભાષ્યરૂપ અમૃતને માટે સમુદ્ર (ઉત્પત્તિસ્થાન) સમાન શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણે આ વિષયમાં પૂર્વાર્ધથી આશંકા રજૂ કરીને ઉત્તરાર્ધથી સમાધાન કરતાં કહ્યું છે કે 'જો મન વિના પણ કેવલી ને ધ્યાન હોય તો સિદ્ધોને પણ ધ્યાન શા માટે ન હોય ? આવી શંકાનો જવાબ એ છે કે સિદ્ધોને કરણોનો કોઈ પ્રયત્ન કે નિરોધ ન હોવાથી ધ્યાન હોતું નથી".

બાકી સિદ્ધોનું સ્વભાવસમવસ્થાન પણ જો ધ્યાન તરીકે અભિમત હોય તો શાસ્ત્રકારોએ શુકલધ્યાનના ભેદોનો બતાવેલો સ્થાનવિભાગ શી રીતે સંગત થશે ? તે સ્થાનવિભાગ આવો બતાવ્યો છે કે– શ્રેણીઆરૂઢ છદ્મસ્થને આગળના બે ભેદ પૃથકત્વ વિતર્ક સવિચાર અને એકત્વવિતર્ક અવિચાર નામે હોય છે અને મોક્ષગમન વખતે કેવળીને છેલ્લા બે ભેદ સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ અને વ્યુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ નામે હોય છે. સિદ્ધોને પણ જો ધ્યાન હોય તો એ શ્રેષ્ઠકોટિનું એવું શુકલધ્યાન જ હોય અને તો પછી શુકલધ્યાનનો એ પાંચમો ભેદ બતાવી એનું પણ સિદ્ધાવસ્થારૂપ સ્થાન બતાવવું જોઈએ ને! પણ બતાવ્યું નથી, તેથી નક્કી જણાય છે કે સિદ્ધોને ધ્યાન હોતું નથી. માટે ધ્યાન એ સ્વભાવસમવસ્થાનરૂપ નથી.

---

१. यद्यमनसोऽपि ध्यानं केवलिनः कस्मात्तन्न सिद्धस्य । भण्यते यन्न प्रयत्नस्तस्य यतो न निरोद्धव्यम् ॥

अथ विषयविभागनियतं ध्यानमुक्तप्रयत्नरूपमेवास्तु नैश्चयिकं त्विदमेवेति चेत् ? न, तत्र धात्वर्थासंभवादनेकार्थतायाश्च संप्रदायपरतन्त्रत्वाद्, यथाकथञ्चिद्विवक्षया च यावत्प्रशस्तशब्दवाच्यतायास्तत्रावकाशप्रसङ्गात्, परिभाषाविप्लवसङ्गाच्चेति किमल्पीयसि दृढतरक्षोदेन ! ॥ ९ ॥

अस्तु वा स्वभावसमवस्थानं ध्यानं, विरुन्ध्याच्च तत्प्रशस्तापि बाह्यक्रिया, तथापि नेयं श्रामण्यव्यभिचारिणीत्याह–

जा खलु सरागचरिया सा वि य उस्सग्गमग्गसंलग्गा ।
मोत्तुं अववायपदं अइप्पसङ्गी परविसेसो ॥१०॥

[या खलु सरागचर्या सापि चोत्सर्गमार्गसंलग्ना । मुक्त्वापवादपदमतिप्रसङ्गी परविशेषः ॥१०॥]

## [સ્વભાવસમવસ્થાન એ નૈશ્ચયિક ધ્યાન પણ નથી]

**પૂર્વપક્ષ :** જે ધ્યાન વિષયવિભાગ સાથે સંકળાયેલું છે એવું ધ્યાન ભલે તમારા કહ્યા મુજબ પ્રયત્નરૂપ અર્થાત્ કરણવ્યાપારરૂપ હોય, પણ નૈશ્ચયિક ધ્યાન તો સ્વભાવસમવસ્થાનરૂપ જ છે.

**ઉત્તરપક્ષ :** સમવસ્થાનને ધ્યાન માની શકાય નહિ કારણ કે 'ધ્યૈ' ધાતુનો અર્થ 'સમવસ્થાન' થતો નથી.

**પૂર્વપક્ષ :** ધાતુઓ અનેકાર્થક હોય છે એવું તો તમે પણ માનો છો, તેથી તેનો સમવસ્થાનરૂપ અર્થ પણ થઈ શકે છે.

**ઉત્તરપક્ષ :** ધાતુની અનેકાર્થતા સંપ્રદાયને આધીન છે. અર્થાત્ તેના ધાતુપાઠથી લભ્ય થતાં અર્થ કરતાં જુદો અર્થ એવો જ કરી શકાય જે સંપ્રદાયાનુસારી હોય. સંપ્રદાય વિના પણ યથાકથંચિત જ ગમે તે અર્થ ઇચ્છા મુજબ કરી શકાતો હોય તો તો કોઇ પણ પદાર્થ માટે યથાકથંચિત્ વિવક્ષાથી કોઈ પણ શબ્દનો પ્રયોગ કરી શકાશે–અને તો પછી તમારે એ સ્વભાવસમવસ્થાનને માત્ર 'ધ્યાન' શબ્દવાચ્ય જ માનવાની શી જરૂર ? જેટલા પ્રશસ્ત શબ્દો હોય દા. ત. સંયમ, તપ વગેરે તે બધાનો વાચ્ય માનવો જોઇશે અને એવું કરશો તો પછી કોઈ નિયત પરિભાષા રહી શકશે નહિ અને તેથી અમુક જ અર્થબોધક અમુક જ શબ્દ ન રહેવાથી શબ્દ સાંકર્યાદિનો પ્રસંગ આવશે. તેથી સ્વભાવસમવસ્થાનને ધ્યાન તરીકે ગણાવવારૂપ નાની વાત માટે મનફાવતી રીતે જ ધાતુની અનેકાર્થતાદિની કલ્પના કરવી એ તો વધારે પડતું દળી નાખવા જેવું છે એટલે એનાથી (આટલો બધો આગ્રહ રાખવાથી) સર્યું. ॥૯॥

અથવા સ્વભાવસમવસ્થાનને ભલે ધ્યાનરૂપ માનો અને પ્રશસ્ત એવી પણ બાહ્યક્રિયાઓ ભલે તેની વિરોધી હો ! તો પણ એ બાહ્યક્રિયાઓ શ્રમણભાવનો પરિત્યાગ કરનારી નથી જ એવું જણાવતાં ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ :** અપવાદપદ સિવાયની જે સ્થવિરકલ્પરૂપ સરાગચર્યા છે તે પણ ઉત્સર્ગમાર્ગ સાથે સંલગ્ન જ છે, આ બાબતમાં પર=દિગંબર દ્વારા જે વિશેષતાની ઉદ્ભાવના કરાય છે તે અતિપ્રસંગી છે અર્થાત્ અતિપ્રસંગદોષયુક્ત છે.

या खलु सरागचर्या=स्थविरकल्पचर्या साऽपि समितिगुप्त्यादिपवित्रिताऽपवादपदम-संस्तरणाद्युपनीतं विहायोत्सर्गमार्गसंलग्नैव, प्रतिषिद्धप्रतिषेवणात्मकापवादस्वरूपानुविद्धत्वात् । ननु सर्वश्रेयोमूलं शुद्धोपयोग एवोत्सर्गो, न पुनः प्राच्या सरागचर्येति चेत् ? अत्राह–अतिप्रसङ्गी परविशेष इति । उत्तरोत्तरेषामपेक्षया पूर्वपूर्वेषामपवादत्वे उत्सर्गापवादपदयोरुत्कर्षापकर्षपर्याय-त्वापत्तेः । न चैवमस्ति, किन्तु कारणापोढो नियम उत्सर्गः, कारणिको विधिस्त्वपवाद इति ॥ १० ॥

## [સ્થવિરકલ્પ ચર્યા ઉત્સર્ગસંલગ્ન જ છે]

રોગાદિના કારણે જ્યારે સંયમનો નિર્વાહ અન્ય રીતે થઈ શકે એમ ન હોય ત્યારે, સંયમનિર્વાહ માટે ઉત્સર્ગ માર્ગે જેનો પ્રતિષેધ કરાયો હોય છે તેનું પણ પ્રતિસેવન કરવામાં આવે છે, એ અપવાદ કહેવાય છે–આવી અપવાદ ચર્યાને છોડીને બાકીની સ્થવિરકલ્પરૂપ જે સરાગચર્યા અર્થાત્ સરાગી અવસ્થામાં સ્થવિરોને પાળવાની ચર્યા તે ઉત્સર્ગમાર્ગ સાથે સંલગ્ન જ હોય છે અર્થાત્ ઉત્સર્ગરૂપ જ હોય છે. કારણ કે પ્રતિષિદ્ધપ્રતિસેવનાત્મક અપવાદના સ્વરૂપથી અનનુવિદ્ધ યાને મુક્ત છે, અર્થાત્ તેમાં અપવાદનું લક્ષણ જતું ન હોવાથી એ ઉત્સર્ગ જ છે. તેથી એ પોતે સાધુક્રિયારૂપ જ હોવાથી સાધુપણાને વિરોધી નથી.

**પૂર્વપક્ષ** : સર્વકલ્યાણનું મૂળ શુદ્ધોપયોગ છે અને તેથી એ જ ઉત્સર્ગ છે, તેની પૂર્વે પળાતી સરાગચર્યા તો એના વિના શુદ્ધોપયોગ અશક્ય હોવાથી આચરાય છે. એટલે તે ઉત્સર્ગરૂપ નથી પણ અપવાદરૂપ છે.

**ઉત્તરપક્ષ** : તમે આ જે વિશેષ =ભેદરેખા બતાવો છો કે 'શુદ્ધોપયોગ જ ઉત્સર્ગ છે અને એના માટે પૂર્વે આચરાતી સરાગચર્યા અપવાદ છે' એ અતિપ્રસંગ દોષયુક્ત છે, કારણ કે આનો ફલિતાર્થ એ થશે કે ઉત્તરોત્તર વિશુદ્ધચર્યા ઉત્સર્ગરૂપ છે અને પૂર્વપૂર્વની ચર્યા એની અપેક્ષાએ કંઈક અવિશુદ્ધ હોવાથી અપવાદરૂપ છે. એટલે કે ઉત્સર્ગ અને અપવાદ એ બે શબ્દોને ઉત્કર્ષ અને અપકર્ષ એ બે શબ્દના પર્યાયવાચી માનવા પડશે. પણ એવું છે નહિ, કારણ કે તથાવિધ કારણ ઉપસ્થિત થયું ન હોય ત્યારે જે અવશ્ય ઉપાદેય હોય, અને એવું કારણ ઉપસ્થિત થએ છતે જે ત્યજી દેવાતો હોય તેવો નિયમ તે ઉત્સર્ગ કહેવાય છે અને અત્યંત વ્યાજબી કારણે જ જે આચરાય છે તે અપવાદ કહેવાય છે. આમ ઉત્સર્ગ–અપવાદમાં ઉત્કર્ષ–અપકર્ષભાવ ન હોવા છતાં તમારા મતે ઉત્કર્ષ–અપકર્ષપર્યાયત્વ માનવારૂપ અતિપ્રસંગ આવે છે. વળી સર્વ કલ્યાણ (= મોક્ષ)ના મૂળને જ ઉત્સર્ગ કહેવામાં અને તે પૂર્વેની સઘળી સરાગચર્યાને અપવાદ કહેવામાં તો ચૌદમા ગુણઠાણા પૂર્વે ઉત્સર્ગનો સંભવ જ રહેશે નહિ કારણ કે સર્વકલ્યાણના કારણરૂપ સર્વોત્કૃષ્ટસંવર ત્યાં જ હાજરથાય છે અને તેથી જિનકલ્પને

अथ गूढाभिसंधेरात्मनोऽपायशतसंपातमालोक्य निष्कृष्टं स्वाशयमुद्भावयन् परः शङ्कते–

**णणु बज्झंगं साहणमववाओ अन्तरंगमुस्सग्गो ।**
**जा पुण सरागचरिया समुच्चिआ णेव सुद्धाए ॥ ११ ॥**

(ननु बाह्याङ्गं साधनमपवादोऽन्तरङ्गमुत्सर्गः । या पुनः सरागचर्या सा समुच्चिता नैव शुद्धया ॥११॥)

**पडिसिद्धसेवणं पुण णो अववाओ फुडो अणायारो ।**
**ता वत्थाई गन्थो णो उस्सग्गो ण अववाओ ॥१२॥**

(प्रतिषिद्धसेवनं पुनर्नापवादः स्फुटोऽनाचारः । तद्वस्त्रादिग्रन्थो नोत्सर्गो नापवादः ॥१२॥)

उत्सर्गानुरोधी खल्वपवादः, उत्सर्गश्च सर्वोपधिप्रतिषेधेनात्मद्रव्यमात्रप्रतिबंधो; विशिष्टकालक्षेत्रवशावसन्नशक्तेश्च यथाजातपुद्गलादिरुपधिश्छेदप्रतिषेधतया तमुपकुर्वन्नपवाद इत्यभिधीयते, फलतस्तदा तदुपकारकत्वेऽप्यैकान्तिकात्यन्तिकोपकारकत्वाभावेन स्वरूपतो हेयत्वात् । स च बंधाऽसाधनत्वादप्रतिकुष्टोऽन्यत्रानुचितत्वादसंयताऽप्रार्थनीयो रागादिकं विना धार्यमाणत्वात् मूर्च्छाऽजनकस्य(? श्च) कस्यचित् कचित्कदाचित् कथंचित्कश्चिदेव च ग्राह्य इति । तदुक्तं–[प्रवचनसार ३–२३]

---

પણ ઉત્સર્ગરૂપ ન માનવાનો અતિપ્રસંગ પણ આવશે. તેથી હકીકતમાં તો "તે તે ભૂમિકામાં સામાન્યપણે જે અવશ્ય આચરવાનું હોય તે ઉત્સર્ગ અને કારણે આચરવાનું હોય તે અપવાદ" એવી જ વ્યાખ્યા યુક્ત છે અને તેથી સ્થવિરકલ્પીની ચૌદ પ્રકારની ઉપધિ રાખવી–એના પડિલેહણાદિ કરવા વગેરે રૂપ સરાગચર્યા પણ ઉત્સર્ગરૂપ જ છે તેમજ શ્રમણપણાની વિરોધી નથી. ॥૧૦॥

## [ઉપધિના અસ્વીકારમાં દિગંબરનો ગૂઢ આશય]

અત્યાર સુધી પોતાનો ખરો આશય અપ્રકટ રાખનાર દિગંબર પોતાની માન્યતામાં સેંકડો અપાયો = દોષો આવતા જોઈને તેનાથી બચવા છેલ્લી કોટિના સાધન તરીકે પોતાના નિષ્કૃષ્ટ = અંતિમ સારભૂત અભિપ્રાયને જણાવતાં શંકા કરે છે—

**ગાથાર્થ : પૂર્વપક્ષ :** કલ્યાણપ્રાપ્તિ માટેનું યથાજાતશરીરાદિરૂપ બાહ્ય સાધન અપવાદ છે અને શુદ્ધોપયોગાત્મક અંતરંગ સાધન તે ઉત્સર્ગ છે. જે સરાગચર્યા છે તે તો શુદ્ધોપયોગચર્યા વડે સમુચ્ચિત = સંગૃહીત છે જ નહિ. (બાદબાકી જ કરાયેલી છે.)

**ગાથાર્થ :** વળી પ્રતિષિદ્ધનું સેવન કરવું એ અપવાદ નથી કિન્તુ સ્પષ્ટ અનાચાર જ છે. તેથી વસ્ત્રાદિરૂપ ગ્રન્થ = ઉપધિપરિગ્રહ ઉત્સર્ગ પણ નથી કે અપવાદ પણ નથી કિન્તુ અનાચાર જ છે.

[1]अप्पडिकुट्ठं उवधिं अपत्थणिज्जं असंजदजणेहिं ।
मुच्छादिजणणरहिदं गेण्हदु समणो जदि वि अप्पं ॥ ति

સર્વ ઉપધિઆદિથી રહિત એવા આત્મદ્રવ્યમાત્ર અંગેનો પ્રતિબંધ=ગાઢ લગન તે ઉત્સર્ગ છે. તેવા પ્રકારના કાલક્ષેત્રાદિના કારણે હીનશક્તિવાળા જીવની યથાજાતકાયપુદ્ગલાદિરૂપ ઉપધિ વિશુદ્ધોપયોગના છેદને અટકાવનારી હોવાથી શુદ્ધોપયોગને ઉપકારી છે. એટલે તે અપવાદરૂપ છે—અપવાદ એટલા માટે કે એ પરંપરાએ ઉપકારક હોવા છતાં એકાન્તિક અને આત્યન્તિક ઉપકારક ન હોવાથી સ્વરૂપથી તો હેય જ છે તેથી ઉત્સર્ગરૂપ નથી—અને છતાં ઉત્સર્ગને અનુરોધી છે = શક્યતા મુજબ ઉત્સર્ગને અભિમુખ કરનારી છે તેમજ ઉત્સર્ગ લાવી આપનારી છે તેથી અપવાદ કહેવાય છે. આગળ કહી ગયા એ મુજબની આ ચાર પ્રકારની ઉપધિ કર્મબંધનું નિમિત્ત બનતી ન હોવાથી પ્રતિષિદ્ધ નથી. એનું કારણ એ છે કે તે સંયમ સિવાય અન્યત્ર (અસંયમ અંગે) ઉચિત નથી અર્થાત્ ઉપયોગયોગ્ય નથી અને તેથી જ અસંયતજનોને અપ્રાર્થનીય હોવાના કારણે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનનું નિમિત્ત બનતી નથી. તેમજ રાગાદિ વિના જ રખાતી હોવાથી મૂર્છાજનક પણ બનતી નથી. તેથી હીનશક્તિવાળા કોઈ જીવને ક્યારેક (દુઃષમાદિકાળમાં) ક્યાંક (ભરતાદિક્ષેત્રમાં) ચારમાંથી કોઈ એક ઉપધિ કોઈ એક રીતે ગ્રાહ્ય બને છે. **પ્રવચનસારમાં** કહ્યું છે કે—

"અપ્રતિષિદ્ધ, અસંયજતનોને અપ્રાર્થનીય અને મૂર્છાદિની અજનક એવી પણ અલ્પ ઉપધિને જ શ્રમણ ગ્રહણ કરે".

તાત્પર્ય એ છે કે વસ્ત્રાદિ, કર્મબંધના નિમિત્તભૂત હોવાથી, અસંયમમાં પણ ઉપયોગી બનતા હોવાથી, અને તેથી જ અસંયતજનોને પણ પ્રાર્થનીય હોવાના કારણે રૌદ્રધ્યાનમાં નિમિત્તભૂત બનતા હોવાથી, તેમજ કિંમતી—આકર્ષક પણ હોઈ શકવાથી રાગાદિ કરાવનારા હોઈને મૂર્છાદિના જનક હોવાથી સર્વથા (અપવાદરૂપે પણ) અગ્રાહ્ય જ છે.

## [દિગમ્બરમત પ્રમાણે અપવાદચર્યા]

પ્રવચનસાર ગ્રન્થની ગાથાઓના ઉલ્લેખ સાથેના પૂર્વપક્ષનો ગૂઢ અભિપ્રાય આ છે—જેઓ સમસ્ત પરદ્રવ્યોથી નિવૃત્તિ દ્વારા પ્રવર્તતા સુવિશુદ્ધ જ્ઞાન—દર્શન અને [સ્વભાવમાં જ પ્રવૃત્ત્યાત્મક] ચારિત્રરૂપ શુદ્ધ ઉપયોગની ભૂમિકાએ પહોંચવાને, સાધુપણાની પ્રતિજ્ઞાવાળા હોવા છતાં પણ કષાયોનો અંશ હાજર હોવાના કારણે સમર્થ હોતા નથી. તેમ છતાં શુદ્ધોપયોગી મુનિપણાની સમીપવર્તી હોય છે (અર્થાત્ તેવી ભૂમિકાની નજીકની ભૂમિકાવાળા હોય છે) તેમજ શુદ્ધોપયોગની તીવ્ર ઉત્કંઠાવાળા હોય છે તેઓ શુભોપયોગી

1. अप्रतिक्रुष्टमुपधिमप्रार्थनीयमसंयतजनैः । मूर्च्छादिजननरहितं गृह्णातु श्रमणो यद्यप्यल्पम् ॥

ये तु श्रामण्यपरिणतिं प्रतिज्ञायापि जीवितकषायकणतया समस्तपरद्रव्यनिवृत्तिप्रवृत्तस्वभावप्रवृत्तिरूपां शुद्धोपयोगभूमिमारोढुं न क्षमन्ते ते तदुपकण्ठनिविष्टा एव तदुत्कण्ठुलमनसोऽपि शुद्धात्मवृत्तिमात्रेणावस्थितेष्वर्हदादिषु तन्मात्रावस्थितिप्रतिपादकेषु च प्रवचनाभियुक्तेषु भक्तिवात्सल्याभ्यां तावन्मात्ररागोपनीतपरद्रव्यप्रवृत्तिपरिवर्त्तितशुद्धात्मवृत्तयः शुद्धात्मानुरागयोगरूपं शुभोपयोगमातिष्ठमाना गौणमेव चारित्रमुपलभन्ते न तु मुख्यम् । अतस्तेषां या काचन वन्दननमस्करणाभ्युत्थानानुगमनप्रतिपत्तिश्रमापनयनादिका शुद्धात्मानुरागयोगिना (? तया) शुद्धात्मवृत्तित्राणनिमित्तानुजिघृक्षापूर्विका दर्शनज्ञानोपदेशशिष्यग्रहणतत्पोषणजिनेन्द्रपूजोपदेशरूपा च सरागचर्या सा नैव शुद्धोपयोगचर्यया समुच्चीयते केवलमन्वाचीयत एव । तदुक्तं प्रवचनसारे–

(१) समणा सुद्धुवजुत्ता सुहोवजुत्ता य होंति समयंमि ।
तेसु वि सुद्धुवजुत्ता अणासवा सासवा सेसा ॥ (३–४५)

(२) धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुओ ।
पावदि णिव्वाणसुहं सुहोवउत्तो व सग्ग सुहं ॥ (१–११)

(३) अरहन्तादिसु भत्ती वच्छलदा पवयणाभिजुत्तेसु ।
विज्जदि जदि सामण्णे सा सुहजुत्ता हवे चरिया ॥ (३–४६)

(४) वंदणणमंसणेहिं अब्भुठाणाणुगमणपडिवत्ती ।
समणेसु समावणओ ण णिंदिआ रायचरियंमि ॥ (३–४७)

(५) दंसणाणुवदेसो सिस्सग्गहणं च पोसणं तेसिं ।
चरिया हि सरागाणं जिणिंदपूओवदेसो य ॥ (३–४८)

(६) उवकुणदि जो वि णिच्चं चादुव्वण्णस्स समणसंघस्स ।
कायविराहणरहिदं सोवि सरागप्पहाणो से ॥ इति (३–४९)

---

કહેવાય છે. આ શુભોપયોગી જીવો શુદ્ધાત્મમાં જ સ્થિર થઈને રહેલા શ્રી અરિહંતાદિને વિશે ભક્તિ અને એવી શુદ્ધાત્મસ્થિતિ માત્રને ઉપાદેય જણાવનારા એવા પ્રવચનાભિયુક્ત એટલે કે આપ્તજનતુલ્ય જીવો (શુદ્ધોપયોગને આરાધનારા જીવો) વિશે ભક્તિભાવ અને વાત્સલ્ય રાખે છે, આટલા જ અંશના રાગથી તેઓની પરદ્રવ્ય વિશે પ્રવૃત્તિ થાય છે અને તેથી એ શુદ્ધાત્મતત્ત્વ અંગેની સ્થિરતાથી કંઈક ચલિત થઈ

---

(१) श्रमणाः शुद्धोपयुक्ताः शुभोपयुक्ताश्च भवन्ति समये । तेष्वपि शुद्धोपयुक्ता अनास्रवाः सास्रवाः शेषाः ॥
(२) धर्मेण परिणतात्मा आत्मा यदि शुद्धसंप्रयोगयुतः । प्राप्नोति निर्वाणसुखं शुभोपयुक्तो वा स्वर्गसुखम् ॥
(३) अर्हदादिषु भक्तिर्वत्सलता प्रवचनाभियुक्तेषु । विद्यते यदि श्रामण्ये सा शुभयुक्ता भवेच्चर्या ॥
(४) वंदननमस्करणाभ्यामभ्युत्थानानुगमनप्रतिपत्तिः । श्रमणेषु श्रमापनयो न निन्दिता रागचर्यायाम् ॥
(५) दर्शनज्ञानोपदेशः शिष्यग्रहणं च पोषणं तेषाम् । चर्या हि सरागाणां जिनेन्द्रपूजोपदेशश्च ॥
(६) उपकरोति योऽपि नित्यं चातुर्वर्णस्य श्रमणसंघस्य । कायविराधनरहितं सोऽपि सरागप्रधानः स्यात् ॥

જાય છે. આમ શુદ્ધાત્માઓ વિશેના અનુરાગના યોગ(સંબંધ)રૂપ શુભોપયોગને ધારણ કરનારા આ શ્રમણોને ગૌણચારિત્ર જ હોય છે, મુખ્ય નહિ. તેથી તેઓ મુખ્ય ચારિત્રવાળા શુદ્ધોપયોગી જીવો વિશે વંદન, નમન, અભ્યુત્થાન (આવે ત્યારે ઊભા થવું.), અનુગમન (જાય ત્યારે થોડે સુધી તેમની પાછળ પાછળ મૂકવા જવું) વગેરે કરવાની તેમજ તેઓને ઉપસર્ગાદિથી થએલ પરિશ્રમને દૂર કરવાની જે પ્રવૃત્તિઓ કરે છે તે તેઓ સરાગચર્યા અવસ્થામાં હોઈ નિંદિત નથી. શુદ્ધાત્મભાવની રક્ષા–સ્થિરતા માટેની આ પ્રવૃત્તિઓ તેમજ અનુગ્રહ કરવાની ઇચ્છાપૂર્વક થતાં દર્શન–જ્ઞાનના ઉપદેશની, તથા શિષ્યોને દીક્ષાપ્રદાન તથા તેમનું પાલનાદિ કરવાની અને જિનેન્દ્રપૂજાનો ઉપદેશ આપવાની પ્રવૃત્તિઓ એ 'સરાગચર્યા' છે. એમાં રાગનો અંશ ભળેલો જ હોવાથી શુદ્ધોપયોગમાં એનો અંતર્ભાવ નહીં કરતા બહાર જ રાખેલી છે અર્થાત્ એ શુદ્ધોપયોગની સમકક્ષ નથી કિન્તુ હીન કક્ષાની જ છે. **પ્રવચનસારમાં** કહ્યું છે કે "સિદ્ધાન્તમાં બે પ્રકારના શ્રમણો કહ્યા છે. શુદ્ધોપયોગવાળા અને શુભોપયોગવાળા. શુદ્ધોપયોગી મહામુનિઓ સમસ્ત કષાયોથી રહિત હોવાના કારણે કર્મના આશ્રવ વિનાના હોય છે જ્યારે શુભોપયોગી શ્રમણો રાગાદિ કષાયના કણિયા હાજર હોવાથી સાશ્રવ હોય છે. [૩–૪૫]

"ધર્મથી પરિણત થએલો આત્મા જો શુદ્ધોપયોગયુક્ત બને છે તો નિર્વાણસુખને પામે છે અને જો શુભોપયોગયુકત બને છે તો સ્વર્ગસુખને પામે છે." [૧–૧૧] *

"શ્રમણપણાની હાજરીમાં અરિહંતાદિ પ્રત્યે ભકિત અને પ્રવચનાભિયુકત જીવો વિશે વાત્સલ્ય હોવું એ શુભયુકત ચર્યા છે અર્થાત્ શુભોપયોગીને યોગ્યચર્યા છે." [૩–૪૬]

"શુદ્ધાત્મતત્ત્વમાં સ્થિર શ્રમણોને વિશે વંદન–નમસ્કાર–અભ્યુત્થાન–અનુગમન–શ્રમઅપનયનની પ્રવૃત્તિઓ સરાગચર્યામાં નિન્દ્ય નથી." [૩–૪૭]

---

* પ્રવચનસારની આ બે ગાથાઓનું વિવેચન આ પ્રમાણે છે–

શુભોપયોગી જીવો મુનિ છે કે નહિ ? એવા પ્રશ્નના ઉત્તરમાં 'धम्मेण'......[૧–૧૧] ગાથા કહી છે. ધર્મથી પરિણત થયેલ આત્મા જો શુદ્ધોપયોગ પરિણતિને ધારણ કરે છે તો કર્મો પણ તેની શક્તિને રોકી શકતા નથી. તેથી એ જીવ સ્વકાર્યમાં સમર્થ એવા ચારિત્રવાળો થવાથી નિર્વાણ સુખને પામે છે અને જો જીવ ધર્મથી પરિણત હોવા છતાં દાન પૂજાદિરૂપ શુભોપયોગની પરિણતિ વાળો થાય છે, તો પૂજ્ય વગેરે અંગેના રાગકષાયથી યુક્ત હોવાના કારણે સ્વકાર્ય કરવામાં અસમર્થ અને કથંચિદ્ વિરુદ્ધ કાર્યને કરનાર એવા ચારિત્રવાળો થાય છે અને તેથી નિર્વાણસુખને પામતો નથી પણ સ્વર્ગસુખને પામે છે. શુભોપયોગ પણ ચારિત્રનું અંગ હોવાથી એવા શુભોપયોગી જીવો પણ શ્રમણ કહેવાય છે અને છતાં એ ચારિત્ર પોતાના સ્વાભાવિક સુખથી વિપરીત એવા સ્વર્ગાદિના ઇન્દ્રિયજન્ય સુખને જ આપવાવાળું હોવાથી કથંચિદ્ વિરુદ્ધ કાર્યકારી કહ્યું છે અને તેથી જ શુદ્ધોપયોગ ઉપાદેય છે, શુભોપયોગ હેય છે. આવા શુભોપયોગી જીવમાં રાગપરિણતિની સાથે જ્ઞાનદર્શનની પરિણતિ પણ હોવાના કારણે ધર્મ પણ હોય તો છે જ, તેથી તેઓને શ્રમણ કહ્યા છે.

प्रतिषिद्धसेवनं पुनः कारणेऽपि कायविराधनादिरूपं नापवादः किंतु प्रकटोऽनाचार एव, शुद्धात्मवृत्तित्राणाद्यभिप्रायेणापि संयमविराधनया वैयावृत्त्यादिप्रवृत्त्या गृहस्थधर्मानुप्रवेशात् । तदुक्तं–

[1]जदि कुणदि कायखेदं वेयावच्चत्थमुज्जदो समणो ।
ण हवदि हवदि अगारी धम्मो सो सावयाणं से ।। [प्रवचनसार ३–५०]

अपरित्यक्तसर्वसावद्यव्यापारस्य हि तथाविधप्रवृत्त्या बहुपुण्यार्जनेन स्वल्पपापनिवृत्त्या तथाविधविशुद्धिसंभवात्, संयतस्य तु तादृगारम्भनान्तरीयकाशुभोपयोगेन श्रामण्यच्छेदादिति भावः । तस्माद्वस्त्रादिकं ग्रन्थ एव, तत्सत्त्वे उत्सर्गमार्गप्रवृत्तेस्तावद्दूरापास्तत्वात्, शुद्धोपयोगाऽसाधनस्य बाह्यद्रव्यस्यापवादतोऽप्यनादानात्, कायखेदायतनतया शुभोपयोगेऽप्यनधिकाराच्चेति ।। ११ ।। १२ ।।

---

"દર્શન–જ્ઞાનનો ઉપદેશ, શિષ્યોનું ધારણ અને પોષણ તેમજ જિનેન્દ્રપૂજાનો ઉપદેશ એ સરાગસંયમીની ચર્યા છે." [૩–૪૮]

ચતુર્વર્ણશ્રી શ્રમણસંઘને ઉપકારક હોય એવી શુદ્ધોપયોગ રક્ષાના નિમિત્તભૂત તેમજ ષટ્કાયજીવ વિરાધનાથી રહિત જે કોઈ પ્રવૃત્તિ હોય છે તે રાગગર્ભિત હોવાથી સરાગચર્યા છે, તે શુભોપયોગીને જ હોય છે શુદ્ધોપયોગીને નહિ. [૩–૪૯]

**નિષ્કર્ષ**:– આવી સરાગચર્યા જ અપવાદરૂપ છે, પણ વસ્ત્રાદિ ગ્રહણ આદિચર્યા અપવાદરૂપ નથી.

## [વૈયાવચ્ચાદિ કૃત્યનો અધિકારી સાધુ નથી–પૂર્વપક્ષ]

વળી જે પ્રતિષિદ્ધ સેવનને તમે (શ્વેતામ્બરો) અપવાદ કહો છો તે, કારણે જ થતું હોય તો પણ જીવવિરાધનાદિરૂપ હોવાથી પ્રકટ અનાચાર જ છે, કારણ કે શુદ્ધાત્મવૃત્તિની રક્ષાદિના અભિપ્રાયથી પણ થતી વૈયાવચ્ચાદિની પ્રવૃત્તિ ષટ્કાયવિરાધનાવાળી હોવાથી સંયમવિરાધના કરનારી છે. તેથી તેનાર્થી ગૃહસ્થધર્મમાં જ પ્રવેશ થઈ જાય છે, સાધુધર્મ રહેતો નથી. કહ્યું છે કે–

"જે શ્રમણ બીજાઓના શુદ્ધાત્મતત્ત્વની રક્ષાના અભિપ્રાયથી પણ વૈયાવચ્ચાદિ કરવામાં ષટ્કાયખેદ (વિરાધના) કરવા દ્વારા પોતાના સંયમને વિરાધે છે તે 'શ્રમણ' રહેતો નથી કિન્તુ અગારી=ગૃહસ્થ બની જાય છે કારણ કે એ વૈયાવચ્ચાદિ શ્રાવકોનો ધર્મ છે, સાધુનો નહિ."

સાધુની તો કોઈપણ પ્રવૃત્તિ સંયમની જ સાધના માટે હોવાથી, સંયમને અવિરોધી

---

१. यदि करोति कायखेदं वैयावृत्त्यर्थमुद्यतः श्रमणः । न भवति भवत्यगारी धर्मः स श्रावकाणां स्यात् ।।

अत्रोच्यते–

उवकुणइ जह सरीरं सुद्धुवओगं तहेव उवगरणं ।
जम्हा तओ मुणीणं सुए अणेगे गुणा भणिआ ॥ १३ ॥

(उपकरोति यथा शरीरं शुद्धोपयोगं तथैव उपकरणं । यस्मात्ततो मुनीनां श्रुतेऽनेके गुणा भणिताः ॥१३॥)

यथा हि कायो दृढध्यानासनाभ्यासादिना परममनःस्थैर्यरूपं शुद्धोपयोगमुपकुरुते तथा धर्मोपकरणमपि । तथाहि–सौत्रिकौर्णिककल्पैस्तावच्छीतार्त्तानां साधूनामार्त्तध्यानापहरणं भवति, तथा च स्वप्रतिबंधकविलयात् माध्यस्थभावनाद्युपस्कृतधर्मध्यानादिरूपशुद्धोपयोगः समुज्जीवति । तथा ज्वलनज्वालनादिपरिहारेण ज्वलनतृणादिगतसत्त्वत्राणमपि भवेत्, तैरेव शीतनिवृत्तेः, इत्युपधेर्ज्वलनारंभाद्यनुबन्धिस्वप्रतिबंधकरौद्रध्यानननिवारकतया शुभध्यानोपकारित्वम् । तथा च [1]"कालचउक्कं उक्कोसएणं जहन्ने तियन्तु बोधव्वं" इति वचनानुरोधिभिः साधुभिः समस्तरात्रिजागरणं कुर्वद्भिश्चत्वारः काला गृहीतव्या इति तुषारकणगणप्रवर्षिणि शीतकाले यतनया कल्पप्रावरणेनैव स्वाध्यायनिर्वाह इति । स्वाध्यायश्च धर्मध्यानालम्बनं [2]"आलंबणाणि वायण-

---

પ્રવૃત્તિ જ સાધુએ આદરવી જોઇએ. જેઓએ સર્વસાવદ્ય વ્યાપારોનો ત્યાગ કર્યો નથી તેવા ગૃહસ્થોને વૈયાવચ્ચાદિની તેવી પ્રવૃત્તિથી બહુપુણ્ય પ્રાપ્ત થતું હોવાથી તેમજ થોડું પાપ ઘટતું હોવાથી થોડે ઘણે અંશે પણ વિશુદ્ધિ થાય છે. કિંતુ સાધુઓને તો તે પ્રવૃત્તિઓ આરંભવિના અશક્ય હોવાથી અશુભોપયોગ પ્રવર્ત્તાવવા દ્વારા શ્રામણ્યછેદ કરનારી જ બને છે અને તેથી સાધુઓને તેની અનુજ્ઞા નથી. નિષ્કર્ષ એ છે કે વસ્ત્રાદિ તો ગ્રન્થ (પરિગ્રહ) રૂપ જ છે કારણ કે તેની હાજરીમાં ઉત્સર્ગમાર્ગપ્રવૃત્તિની વાત તો દૂર જ રહી, કિન્તુ અપવાદમાર્ગ પણ જળવાતો નથી કારણ કે એ વસ્ત્રાદિરૂપ બાહ્ય-દ્રવ્ય શુદ્ધોપયોગના સાધનભૂત પણ નથી. તેમજ ષટ્કાયજીવ વિરાધના માટેના આયતન-ભૂત હોવાથી સરાગચર્યાવાળા શુભોપયોગી શ્રમણોને પણ તેનો અધિકાર નથી. ॥૧૧॥૧૨॥

દિગંબરે કરેલા આ પૂર્વપક્ષનો જવાબ આપતાં ગ્રન્થકારશ્રી કહે છે–

## [ શરીરવત્ વસ્ત્રાદિ પણ શુદ્ધોપયોગમાં ઉપકારી છે–ઉત્તરપક્ષ ]

**ગાથાર્થ :**–જેમ શરીર શુદ્ધોપયોગને ઉપકારી છે તેમ [વસ્ત્રાદિ] ઉપકરણ પણ ઉપકારી છે. તેથી જ તો સાધુઓને ઉપકરણથી અનેક ગુણ=ઉપકાર થાય છે એવું શાસ્ત્રમાં કહ્યું છે.

---

१. अस्योत्तरार्धः–बीयपएणं तु दुगं मायामयविप्पमुक्काणं ॥ [आ०नि० १४९१]
कालचतुष्कमुत्कृष्टकेन जघन्ये त्रिकं तु बोद्धव्यम् । द्वितीयपदेन तु द्विकं मायामदविप्रमुक्तानाम् ॥

२. अस्योत्तरार्धः–सामाइयाइयाइं सद्धम्मावस्सयाइं च ॥ [ध्यानशतक–४२]
आलंबनानि वाचना–पृच्छना–परावर्तना–नुचिन्ता च । सामायिकादिकानि सद्धर्मावश्यकानि च ॥

पुच्छण-परिअट्टणाणुचिन्ता य” इतिवचनात्, तथा च ध्यानालंबनोपकारकत्वमपि धर्मोपकरणस्योक्तम्। तथा सचित्तपृथिवीभूमिकावृष्ट्यवश्यायरजःप्रदीपतेजःप्रभृतीनां रक्षापि तैः कृता भवति, तथा मृताच्छादनबहिर्नयनाद्यर्थं ग्लानप्राणोपकारार्थं च वस्त्रमभिमतम्। एवं च भगवदाराधनविशुद्ध्या ततोऽध्यात्मविशुद्धिः। तथा संपातिमरजोरेणुप्रमार्जनाद्यर्थं मुखवस्त्रं, आदाननिक्षेपादिक्रियायां पूर्वं प्रमार्जनार्थं लिङ्गार्थं च रजोहरणं, लिङ्गोदयादिवर्जनार्थं च चोलपट्ट उपयुज्यत इति।

तदुक्तं विशेषावश्यके-

(१) किं संजमोवयारं करेइ वत्थाइ जइ मई सुणसु।
सीयत्ताणं ताणं जलणतणगयाण सत्ताणं ॥ [२५७५]
(२) तह निसि चाउक्कालं सज्झायज्झाणसाहणमिसीणं।
महिमहियावासोसारयाइरक्खाणिमित्तं च ॥ [२५७६]
(३) सवसंवरुज्झणत्थं गिलाणपाणोवगारिमा(वा)भिमयं।
मुहपत्तियाइं चेवं परूवणिज्जं जहाजोग्गं ॥ [२५७७]
तथा कल्पभाष्यादिष्वप्युक्तम्-
(४) कप्पा आयपमाणा अड्ढाइज्जा य वित्थडा हत्था।
दो चेव सोत्तिआ उन्निओ अ तइओ मुणेयव्वो ॥ [कल्पभाष्य-४-३९६९]
(५) तणगहणाणलसेवाणिवारणा धम्मसुक्कझाणट्ठा।
दिट्ठं कप्पग्गहणं गिलाणमर(नय)णट्ठया चेव ॥ [ओघ. नि०७०७]
(६) संपाइमरयरेणुपमज्जणट्ठा वयंति मुहपोत्तिं।
नासं मुहं च बंधइ तीए वसहिं पमज्जन्तो ॥ [ओघ. नि०७१३]
(७) आयाणे णिक्खेवे ठाणणिसीए तुअट्टसंकोए।
पुव्वं पमज्जणट्ठा लिङ्गट्ठा चेव रयहरणं ॥ [ओघ. नि०७११]
(८) वेउव्ववायडे वा इत्थिह्रीखद्धपजणणे चेव।
तेसिं अणुग्गहट्ठा लिंगुदयट्ठा य पट्टो उ ॥ [ओघ. नि०७२३]

१. किं संयमोपकारं करोति वस्त्रादि यदि मतिः शृणु। शीतत्राणं त्राणं ज्वलन-तृणगतानां सत्त्वानाम् ॥
२. तथा निशि चतुष्कालं स्वाध्यायध्यानसाधनमृषीणाम्। मही-महिका-वर्षा-स-रज-आदि रक्षानिमित्तं च ॥
३. शवसंवरोज्झनार्थं ग्लानप्राणोपकारी चाभिमतम्। मुखवस्त्रिकादि चैवं प्ररूपणीयं यथायोगम् ॥
४. कल्पा आत्मप्रमाणा सार्धद्वयाश्च विस्तृता हस्ताः। द्वावेव सौत्रिकावौर्णिकस्तृतीयो ज्ञातव्यः ॥
५. तृणग्रहणानलसेवानिवारणात् धर्मशुक्लध्यानार्थम्। दृष्टं कल्पग्रहणं ग्लानमरणार्थाय चैव ॥
६. संपातिमरजोरेणुप्रमार्जनार्थं वदन्ति मुखपोत्तिकाम्। नासिकां मुखं च बध्नाति तया वसतिं प्रमार्जयन् ॥
७. आदाने निक्षेपे स्थाननिषीदने त्वग्वर्त्तनसंकोचे। पूर्वं प्रमार्जनार्थं लिङ्गार्थं चैव रजोहरणम् ॥
८. वैक्रियवातुले वा स्त्रीह्रीस्तब्धप्रजनने चैव। तेषामनुग्रहार्थं लिंगोदयार्थं च पट्टस्तु ॥

જેમ દૃઢધ્યાન–આસન–અભ્યાસાદિ દ્વારા શરીર પરમમનઃસ્થૈર્યરૂપ શુદ્ધોપયોગને ઉપકાર કરે છે તેમ ધર્મોપકરણ પણ ઉપકાર કરે જ છે. જેમ કે સૂતરના કપડા અને ઊનની કામળીથી શીતપીડિત સાધુઓનું આર્ત્તધ્યાન દૂર થાય છે. કાતિલ ઠંડી વગેરેની પીડા ધર્મધ્યાનની પ્રતિબંધક છે. કપડાથી એ પ્રતિબંધક દૂર થવાના કારણે માધ્યસ્થ-ભાવનાદિથી ઉપસ્કૃત એવો ધર્મધ્યાનાદિરૂપ શુદ્ધોપયોગ પ્રવર્તે છે. તેમજ વસ્ત્રાદિથી જ ઠંડી ઊડી જતી હોવાથી એની પીડા દૂર કરવા અગ્નિ વગેરેની જરૂર રહેતી ન હોવાના કારણે અગ્નિ–તૃણાદિમાં રહેલ જીવોની રક્ષા પણ થાય છે. તેમજ અગ્નિ વગેરેના આરંભ અંગેની વિચારણા પણ કરવાની રહેતી ન હોવાથી શુદ્ધોપયોગપ્રતિબંધક રૌદ્રધ્યાનનું વારણ થાય છે. તેથી વસ્ત્રાદિ ઉપધિ શુભધ્યાનને ઉપકારી બને છે. તેમજ ઉત્કૃષ્ટથી ચાર અને જઘન્યથી ત્રણ કાલગ્રહણ લેવા એવું જણાવનાર શાસ્ત્રવચનને અનુસરતા સાધુઓ આખી રાત જાગી સ્વાધ્યાય કરે છે. આવી રીતે સ્વાધ્યાય અત્યંત ઠંડીના કાળમાં તો જ શક્ય બને જો જયણાપૂર્વક કપડા ઓઢયા હોય. તેમજ 'વાચના, પૃચ્છના, પરાવર્ત્તના અને અનુપ્રેક્ષા એ ધર્મધ્યાનના આલંબન છે.' તેથી વસ્ત્રાદિ, સ્વાધ્યાયને ઉપકારી બનવા દ્વારા ધર્મધ્યાનને પણ ઉપકારી બને છે.

## [ એક એક ઉપકરણની ઉપયોગિતા ]

વળી જ્યારે સચિત્ત રજકણો ઊડતી હોય ત્યારે તેમાંના પૃથ્વીકાય જીવોની, ધુમ્મસ ઓસ વગેરેમાં રહેલ અપ્કાય જીવોની તેમજ દીવા વગેરેની ઉજેહીમાં રહેલ તેઉકાય જીવોની રક્ષા પણ વસ્ત્રાદિથી થાય છે. મૃતસાધુના શરીરને ઢાંકવા તેમજ મહાપરિષ્ઠાપનિકા માટે બહાર લઇ જવા માટે પણ વસ્ત્રાદિ ઉપકારી છે. એમ ગ્લાન સાધુના પ્રાણને ટકાવવા માટે પણ વસ્ત્ર અભિમત છે. આ રીતે જ ભગવદાજ્ઞાની વિશુદ્ધ આરાધના થાય છે જેનાથી અધ્યાત્મવિશુદ્ધિ થાય છે. સંપાતિમ જીવો અને રજકણોને પ્રમાર્જવા માટે મુખવસ્ત્રિકા (મુહપત્તિ) ઉપયોગી બને છે. પાત્રાદિને લેતી–મૂકતી વખતે પહેલાં પ્રમાર્જવા માટે તેમજ સાધુતાના ચિહ્ન તરીકે રજોહરણ જરૂરી છે, નિર્વસ્ત્ર દશામાં લિંગોદય થવાની શક્યતા હોઈ તેના વારણ માટે ચોલપટ્ટો ઉપયોગી છે.

શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં પણ કહ્યું છે કે—

વસ્ત્રાદિ ધર્મોપકરણ સંયમને શું ઉપકાર કરે? એ જાણવાની જો તમને ઇચ્છા હોય તો સાંભળો. ઠંડીથી રક્ષણ, અગ્નિ અને તૃણમાં રહેલ જીવોનું રક્ષણ ચારકાલ સ્વાધ્યાયમાં સહાયતા, સચિત્ત રજકણ–ધુમ્મસ–વૃષ્ટિ–ઓસાદિનું રક્ષણ કરવામાં તથા શબને ઢાંકવા–બહાર લઈ જવામાં તેમજ ગ્લાનના પ્રાણોની રક્ષા કરવામાં ઉપયોગી થવા દ્વારા વસ્ત્રાદિ સંયમને ઉપકારી બને છે. (૧–૨–૩)

एवं च पात्रेऽपि गुणा द्रष्टव्यास्तथाहि–अनाभोगेन गृहीतानां संसक्तगोरसादीनां पात्रेणैव विधिना पारिष्ठापनेन रक्षा कृता भवति, अन्यथा तु हस्त एव गृहीतास्ते क्व (? किं) क्रियेरन् ? तथा पात्रं विना करपुटगृहीतसरसद्रववस्तुबिन्दुभिरधःपातिभिः कुन्थुकीटिकादिजन्तुसंवहेन च कथं चारित्रशुद्धिः ? कथं वा ग्लानदुर्बलाद्यर्थं पथ्याद्यानयनादिनोपष्टम्भः, कथं वाऽन्यस्य भक्तपानादिप्रदानानुपपत्त्या दानधर्मानुग्रहः, कथं वाऽलब्धिमतामशक्तानां प्राघूर्णकानां च लब्धिशालिभिः शक्तैर्वास्तव्यैश्चोपकारानुपपत्त्या समत्वमिति । तदुक्तं – [वि०आ०भा०–२५७८–७९]

[1]संसत्तसत्तुगोरसपाणयपाणीयपाणरक्खत्थं ।
परिगलणपाणघायण पच्छाकम्माइयाणं च ॥
परिहारत्थं पत्तं गिलाणबालादुवग्गहत्थं च ।
दाणमयधम्मसाहणसमया चेवं परोप्परउ त्ति ॥

एवं मात्रकादिगुणा अपि ज्ञेयाः । तथा च धर्मोपष्टम्भकतया शरीरमिव वस्त्रादिकमङ्गीकार्यमेव, बाह्यसाधनतामात्रेणापवादिकत्वस्याऽबाधकत्वात्, तत्सङ्गेऽपि शरीरसङ्ग इव स्वसामग्रीसान्निध्ये सति परमोपेक्षाया अप्रतिरोधाच्च ॥१३॥

---

**કલ્પભાષ્યાદિમાં** પણ કહ્યું છે કે ઓઢવાના કપડા અઢી હાથ વિસ્તારવાળા તેમજ પોતાની કાયા પ્રમાણેની લંબાઈવાળા બે સૂતરના અને એક ઊનનો એમ ત્રણ જાણવા. તૃણગ્રહણ–અગ્નિસેવનના વારણ માટે, ધર્મ–શુક્લધ્યાન ધરવા માટે, તેમજ ગ્લાન અને મૃતશરીરના પ્રયોજન માટે આ કપડાં ગ્રહણ કરાય છે. સંપાતિમ જીવો તથા રજકણના પ્રમાર્જન માટે મુહપત્તિ રાખવાની કહી છે. વસતિનું પ્રમાર્જન કરતો સાધુ તેનાથી મુખ બાંધે છે. ઉપકરણાદિને લેતી–મૂકતી વખતે, પોતે ઊઠતી–બેસતી વખતે તેમજ ત્વગ્‌વર્ત્તન = પડખું ફેરવવું, સંકોચ = હાથ–પગ સંકોચવા વગેરે વખતે પહેલાં પ્રમાર્જવા માટે અને સાધુપણાના લિંગ (ચિહ્ન) માટે રજોહરણ રાખવાનું હોય છે. જેનું લિંગ વિકૃત રહેતું હોય તેવા વાતુલાદિને તેમજ સ્ત્રી આદિની શરમથી જેનું લિંગ સ્તબ્ધ થઈ જતું હોય તેવાના અનુગ્રહ માટે તેમજ લિંગોદયના વારણ માટે ચોલપટ્ટો કહ્યો છે. [૫–૬–૭–૮]

### [વસ્ત્રની જેમ પાત્રનું ગ્રહણ કરવાથી થતા લાભો]

એ રીતે પાત્રના પણ લાભો જાણવા, જેમ કે–ત્રસકાયસંસક્ત ગોરસ વગેરે અનાભોગથી આવી ગયા હોય તો પાત્ર દ્વારા જ તેની વિધિપૂર્વક પરિષ્ઠાપના કરવા વડે તેમાં રહેલ ત્રસકાયાદિ જીવોની રક્ષા કરી શકાય છે. પાત્રની ગેરહાજરીમાં હાથમાં જ

---

१. संसक्तसक्तुगोरसपानीयप्राणिप्राणरक्षार्थम् । परिगलनप्राणघातनपश्चात्कर्मादिकानां च ॥
परिहारार्थं पात्रं ग्लानबालाद्युपग्रहार्थं च । दानमयधर्मसाधनसमया चैवं परस्परतः ॥

अत्र कश्चिदुपहासशीलो मोहोदयविवशीभावावसन्नपूर्वापरविचारचातुरीकः शङ्कते—

जइ उवहिभारगहणं इट्ठं दुज्झाणवज्जणणिमित्तं ।
तो सेयं थीगहणं मेहुणसण्णाणिरोहट्ठा ॥१४॥

[यद्युपधिभार ग्रहणं इष्टं दुर्ध्यानवर्जननिमित्तम् । तत्श्रेयः स्त्रीग्रहणं मैथुनसंज्ञानिरोधार्थम् ॥१४॥]

ગૃહીત કરેલા તે ગોરસાદિનું પરિષ્ઠાપનાદિ ક્યાં અને શી રીતે કરાય ? વળી કરપુટમાં જ પિંડગ્રહણ કરવાનું હોય તો તો સ્નિગ્ધાદિરસયુક્તદ્રવવસ્તુ ટપકી ટપકીને નીચે પડવામાં કંથવા–કીડી વગેરેની વિરાધના થતી હોવાથી ચારિત્રશુદ્ધિ શી રીતે થાય ? વળી પાત્ર વિના ગ્લાનદુર્બળાદિ માટે વહોરી લાવવાનું શક્ય ન હોવાથી તેઓની સંભાળ શી રીતે થાય ? એમ ગુરુ વગેરે કોઈને પણ ભક્તપાનાદિ આપવાનું સંભવિત ન બનવાથી દાનધર્મનું પાલન પણ શી રીતે થાય ? તેમજ પાત્ર હોય તો જ લબ્ધિવાળા સાધુઓ લબ્ધિવિનાના સાધુઓની, સશક્ત સાધુઓ અશક્ત સાધુઓની, તેમજ વસતિમાં રહેલ સાધુઓ પ્રાઘૂર્ણકો (નવા આવેલ અતિથિ સાધુઓ)ની ભક્તિ કરી શકે. કહ્યું છે કે—

"સંસક્ત ગોરસ–પાણી આદિમાં રહેલાં પ્રાણીઓના પ્રાણની રક્ષા માટે, હાથમાંથી ગળીને પડતાં ટીપાઓથી થતી હિંસાના તેમજ તે સાફ કરવા માટે કરાતા પશ્ચાત્કર્માદિના પરિહાર માટે તેમજ ગ્લાન–બાળકાદિના અનુગ્રહ માટે પાત્ર જરૂરી છે. પાત્રની હાજરીમાં જ દાનમયધર્મ સિદ્ધ થઈ શકવાથી સાધુઓમાં પરસ્પર સમત્વભાવ[1] નો નિર્વાહ થઈ શકે છે."

આ જ પ્રમાણે માત્રક (એક જાતના પાત્રવિશેષ)ના ગુણો પણ જાણી લેવા. આમ શરીરની જેમ વસ્ત્રાદિ પણ ધર્મોપષ્ટંભક હોવાથી અંગીકૃત કરવા જ જોઈએ. વસ્ત્રાદિ આપવાદિક છે તેમ માનવામાં તેની બાહ્યસાધનતા કાંઈ બાધક બની જતી નથી કારણ કે જેમ શરીર સંગરૂપ હોવા છતાં સ્વસામગ્રીનું સંનિધાન હોય તો પરમોપેક્ષારૂપ સંયમનો પ્રતિરોધ થતો નથી તેમ વસ્ત્રાદિસંગ હોવા છતાં પણ પરમોપેક્ષાને કોઈ પ્રતિબંધ થતો નથી. તેથી અપવાદપદે વસ્ત્રાદિનો અંગીકાર કરવો જ જોઈએ. ॥૧૩॥

## [વેદોદય નિવારણ માટે અબળા પરિગ્રહની આપત્તિ–પૂર્વપક્ષ]

અહીં પ્રબળમોહોદયથી વિવશ થએલ અને તેથી પૂર્વાપર વિચાર કરવાની જેની ચતુરાઈ લુપ્ત થઈ ગઈ છે એવો કોઈ મશ્કરો શંકા કરે છે કે—

**ગાથાર્થ :** જેમ વસ્ત્રાદિના અભાવમાં શીતપીડાદિથી થતાં દુર્ધ્યાનના પરિહાર માટે વસ્ત્રાદિ ઉપધિનું ગ્રહણ ગુણકારી માનો છો તેમ મૈથુનસંજ્ઞાથી થતા વિહ્વલતાદિરૂપ આર્ત્તધ્યાનના પરિહાર માટે સ્ત્રીનું ગ્રહણ કરવું પણ શ્રેયસ્કર માનવું જોઇએ.

૧. ઓછુંવત્તું પ્રાપ્ત થયે છતે ઓછાવાળાની પૂર્તિ આદિરૂપ સમત્વ સમજવું, નહિ કે સામાયિકભાવ.

आध्यात्मिका हि कुमारपालादयो रहसि गोष्ठ्यामासीनाः स्वैरमित्थमुपहसन्ति यत्-दुर्ध्यानवर्जनार्थमुपधिकलापं श्रेयःकाम्यया ये प्रतिगृह्णन्ति तेषां पुरुषवेदनीयोदयप्रभवतीव्रवेद-नोपनीतमार्त्तध्यानमपनिनीषतामनेककामिनीकामनाविडम्बनानिग्रहाय लावण्यगुणविजितोर्वशी-वशीकृतविश्वा च स्वीकरणीयैव मनोहारिणी हरिणलोचनाऽपि । अथ

"स्त्रीसम्भोगेन यः कामज्वरं प्रतिचिकीर्षति ।
स हुताशं घृताहुत्या विध्यापयितुमिच्छति ॥"

इति वचनान्न दुर्ध्यानापहारिणी हरिणाक्षी, प्रत्युत तन्निबन्धनमेव । तर्हि वस्त्रादि-कमपि मूर्च्छाहेतुत्वात् दुर्ध्याननिबन्धनमेवेति तुल्यम् ॥१४॥

तदेवमुपहसतामज्ञानितामाविष्कुर्वन्नाह—

**एयं विदूसगाणं वयणं मयणंधवयणमिव मोहा ।**
**अण्णह समोवहासो देहाहाराइगहणेवि ॥१५॥**

[ एतद्विदूषकाणां वचनं मदनान्धवचनमिव मोहात् । अन्यथा सम उपहासो देहाहारादिग्रहणेऽपि ॥१५॥ ]

---

નામ માત્રથી આધ્યાત્મિક **વાણારસીદાસ**ના અનુયાયી **કુમારપાલાદિ** પરસ્પર ગોષ્ઠી કરતી વખતે સ્વચ્છંદતાથી આવો ઉપહાસ કરે છે કે–જેઓ દુર્ધ્યાનના પરિહાર દ્વારા કલ્યાણની ઇચ્છાથી વસ્ત્રાદિ ઉપધિને ગ્રહણ કરે છે તેઓએ તો પુરુષવેદનીય કર્મના ઉદયથી થતા દુર્ધ્યાનના પરિહાર માટે તેમ જ અનેક કામિનીઓને ભોગવવાની ઇચ્છારૂપ વિડંબનાના નિગ્રહ માટે કોઈ સુંદર સ્ત્રીને રાખવી જ જોઈએ.

**પ્રશ્ન :** 'સ્ત્રીસંભોગ દ્વારા જે કામજ્વરને શાંત કરવા ઇચ્છે છે તે અગ્નિને ઘીની આહૂતિથી ઓલવવાની ઇચ્છા કરી રહ્યો છે.' અર્થાત્ એમ કરવામાં જેમ અગ્નિ ઓલવાય તો નહિ જ પણ ઊલટો વધે જ છે તેમ સ્ત્રીસંભોગથી કામજ્વર શાંત થતો નથી પણ વધે જ છે. તેથી સ્ત્રી દુર્ધ્યાનને દૂર કરનારી નથી કિન્તુ વધારનારી જ છે. તો ગ્રાહ્ય શી રીતે બને ?

**ઉત્તર :** એ રીતે તો વસ્ત્રાદિ પણ મૂર્ચ્છાહેતુભૂત હોવાથી દુર્ધ્યાનના કારણભૂત હોવાના કારણે દુર્ધ્યાનને દૂર કરનારા નથી. તેથી એ પણ ગ્રહણ કરવા ન જોઈએ. ॥૧૪॥

આવો ઉપહાસ કરનારા કુમારપાળાદિ અજ્ઞાની જ છે એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે—

### [ અબળા પરિગ્રહની આપત્તિ દિગંબરપક્ષે અનિવાર્ય–ઉત્તરપક્ષ]

**ગાથાર્થ :** ઉપહાસ કરનારાઓનું આ વચન કામાંધ બનેલ માણસના વચનની જેમ મોહથી–અજ્ઞાનથી બોલાયેલું છે. કારણ કે દેહ–આહારાદિના ગ્રહણ વિશે પણ આવો ઉપહાસ સમાન જ હોવાથી એ પણ દુષ્ટ થતાં હોવાના કારણે અગ્રાહ્ય બની જાય છે. [એ તેઓના ખ્યાલમાં નથી.]

इदं हि वचनं विदूषकाणां हास्यमोहनीयोदयसमुज्जीवितात् सिद्धान्तविराधनाध्यवसायप्रसूतादज्ञानादेवोपजायते वेदमोहोदयमदिरोन्मादविधुरीकृतशक्तेरिव रजःपर्वादिसमयोचितं निर्विवेकतया यथातथा प्रलपितं, न खलु महामोहशैलूषपारवश्यं विना सम्भवत्ययमूदृग् नर्त्तनप्रकारः । कथमियमविचारितोक्तिरिति चेत् ? इत्थं, क्षुद्वेदनादिप्रतिकारार्थमाहारादौ महर्षीणां प्रवृत्तिं स्वीकुर्वतः स्वस्यापि स्वोपहासभाजनत्वसङ्गात् । अथाहारादिप्रवृत्तिः क्षुद्वेदनामेव प्रतिकुरुते न तु किञ्चिदपकुरुत इति चेत् ? तुल्यं धर्मोपकरणेऽपि ॥१५॥

अथैतेषामान्ध्यविध्वंसाय यथा न परापेक्षे रागद्वेषयोः प्राशस्त्याऽप्राशस्त्ये तथाह–

---

સિદ્ધાન્તની વિરાધના (=આશાતના) ના અધ્યવસાયથી ઉત્પન્ન થએલા અને હાસ્યમોહનીયોદયથી ટકેલા અજ્ઞાનના કારણે જ વિદૂષકો આવું વચન બોલે છે. જેમ રજઃપર્વ (હોળી)માં ભાંગ આદિ પીવાના કારણે થએલા ઉન્માદથી 'શું બોલવા યોગ્ય છે? અને શું બોલવા યોગ્ય નથી?' એવો વિવેક કરવાની શક્તિ નાશ પામી જાય છે અને તેથી વિવેક વગરના થએલા લોકો જેમ ફાવે તેમ બડબડ કરે છે તેમ વેદમોહનીયના ઉદયરૂપ મદિરાના ઉન્માદથી વિવેકશક્તિ રહિતના બનેલા કુમારપાલાદિ આ જે બોલે છે તે તેઓનો વિવેક વગરનો બકવાસ જ છે. મહામોહરૂપ નટને પરવશ થયા વિના આવું બકવાસ નૃત્ય થઇ શકતું નથી. તેથી તેઓનું વિચાર વગરનું આ વચન મહામોહને કારણે જ છે.

**પ્રશ્ન** : આ વચન વિચાર વગર બોલાયું છે એવું કેમ કહો છો?

**ઉત્તર** : ક્ષુદ્‌વેદનાદિના પ્રતિકાર માટે મહર્ષિઓ આહારાદિ લે એ દિગંબરોને પણ સંમત હોવાથી આવો ઉપહાસ તેમને પણ સમાન રીતે લાગુ પડે જ છે. અર્થાત્ "જેમ ક્ષુદ્‌વેદનાદિથી થતા દુર્ધ્યાનના પરિહાર માટે આહારાદિના ગ્રહણની પરવાનગી છે તેમ મૈથુન સંજ્ઞાથી થતા દુર્ધ્યાનના પરિહાર માટે સ્ત્રીગ્રહણ પણ સંમત રાખો ને!" એવો પોતાને જ લાગુ પડતો ઉપહાસ તેઓએ વિચાર્યો છે કે નહીં?

**શંકા** : આહારાદિ અંગેની પ્રવૃત્તિ ક્ષુદ્‌વેદનાનો પ્રતિકાર કરે છે તેમજ બીજો કોઇ અપકાર કરતી નથી તેથી એ અમને માન્ય છે.

**સમાધાન** : એ રીતે ધર્મોપકરણ પણ શીતાદિનો પ્રતિકાર કરવા સાથે કોઇ જ અપકાર કરતું ન હોવાથી સ્વીકારવું જ જોઈએ ॥૧૫॥

## [આલંબન ભેદથી રાગદ્વેષની શુભાશુભતા]

મોક્ષસાધનભૂત દેહ–આહારાદિ વિશેનો રાગ પ્રશસ્ત છે અને વસ્ત્રાદિ પરનો રાગ તો અપ્રશસ્ત છે તેથી વસ્ત્રાદિનું ગ્રહણ તો જરાયે યુક્ત નથી આવું માનનાર દિગંબરનું તાત્પર્ય એવું નીકળે છે કે રાગ–દ્વેષમાં પ્રશસ્તપણું છે કે અપ્રશસ્તપણું

रागस्स व दोसस्स व उद्दिस्स सुहासुहे सुहासुहया ।
जइ पुण विसयापेक्खा कह होज्जा तो विभागो सिं ॥१६॥

[ रागस्य वा द्वेषस्य वा उद्दिश्य शुभाशुभे शुभाशुभता ।
यदि पुनर्विषयापेक्षा कथं भवेत्तद्विभागस्तयोः ॥१६॥ ]

रागद्वेषयोर्हि स्वरूपतोऽप्रशस्तत्वमेव, पापप्रकृतित्वात्, अर्हद्भक्त्यादिशुभोद्देशेन च रागः प्रशस्यते, कलत्रसेवाद्यशुभोद्देशेन च न तथा । द्वेषस्तु विपर्ययतः प्रशस्तोद्देशेनाऽप्रशस्तोऽप्रशस्तोद्देशेन च प्रशस्त इति । तदुक्तमावश्यकवृत्तौ "स च प्रशस्तेतरभेदः, प्रशस्तोऽज्ञानादिगोचरः, तथाहि–अज्ञानमविरतिं मिथ्यात्वं च द्वेष्टि । अप्रशस्तस्तु सम्यक्त्वादिगोचर इति" एवं प्रवृत्तिरपि तादृशरागद्वेषोद्देश्यमेवोद्देश्यी(शी)कृत्य प्रादुर्भवन्ती प्रशस्ताऽप्रशस्ता च धर्माधर्मजननी ।

न च रागादेव प्रवृत्तिर्न तु द्वेषात्, शत्रुहननादावपि जिघांसयैव प्रवृत्तेः, निवृत्तेरपि जिहासयैव सम्भवादिति वाच्यं, जिघांसाजिहासयोरपि द्वेषव्यापारादेवोदयात् । "विशिष्टेष्टसाधनत्वज्ञान–विशिष्टानिष्टसाधनत्वज्ञान–तदुभयाऽसाधनत्वज्ञानान्येवोपादित्सा–जिघांसा–जिहासाजनकानी"ति चेत् ? न, तथापीष्टानिष्टत्वयो रागद्वेषाधीनत्वात्, अन्यथा विपर्ययप्रसङ्गात् ।

---

એ એના વિષયને આધીન છે. તેથી એના આવા વિવેકચક્ષુરહિતપણા રૂપ અંધાપાને દૂર કરવા ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ**: શુભ અને અશુભ ઉદ્દેશને આશ્રયીને રાગદ્વેષમાં શુભાશુભતા (પ્રશસ્તપણું–અપ્રશસ્તપણું) આવે છે. જો વિષયની અપેક્ષાએ જ આ શુભાશુભતા આવતી હોય તો અમુક રાગ પ્રશસ્ત છે અને અમુક રાગ અપ્રશસ્ત છે એવો વિભાગ જ શી રીતે રહેશે ?

રાગ અને દ્વેષ પાપપ્રકૃતિરૂપ હોવાથી સ્વરૂપથી તો અપ્રશસ્ત જ છે છતાં અર્હદ્ ભક્તિ વગેરેરૂપ શુભ ઉદ્દેશથી થતો રાગ પ્રશસ્ત બને છે અને સ્ત્રીભોગ વગેરેરૂપ અશુભ ઉદ્દેશથી થતો રાગ અપ્રશસ્ત બને છે. એમ દ્વેષ અંગે આનાથી ઊલટું જાણવું. અર્થાત્ જિનપૂજાદિ શુભ કૃત્ય અંગેનો દ્વેષ અપ્રશસ્ત છે અને સ્ત્રીભોગાદિ અશુભ કૃત્ય અંગેનો દ્વેષ પ્રશસ્ત છે. **શ્રી આવશ્યક નિર્યુક્તિની** વૃત્તિમાં પણ કહ્યું છે કે "દ્વેષ બે પ્રકારનો છે–પ્રશસ્ત અને અપ્રશસ્ત...અજ્ઞાન–અવિરતિ–મિથ્યાત્વાદિનો દ્વેષ પ્રશસ્ત છે જ્યારે જ્ઞાન–સમ્યક્ત્વાદિ અંગેનો દ્વેષ અપ્રશસ્ત છે." એમ પ્રવૃત્તિ પણ બે પ્રકારની છે, તેવા તેવા રાગદ્વેષના ઉદ્દેશ્યને=આલંબનોને ઉદ્દેશીને થતી પ્રવૃત્તિ પણ પ્રશસ્ત-અપ્રશસ્ત બને છે. અર્થાત્ જેને અવલંબીને કરાતો રાગ પ્રશસ્ત કહેવાય છે તેને જ ઉદ્દેશીને તેવા રાગથી થતી પ્રવૃત્તિ પ્રશસ્ત કહેવાય છે. આ પ્રમાણે જ રાગથી થતી અપ્રશસ્ત પ્રવૃત્તિ અને દ્વેષથી થતી પ્રશસ્ત–અપ્રશસ્ત પ્રવૃત્તિઓ પણ જાણવી. આમાં

પ્રશસ્ત પ્રવૃત્તિઓ ધર્મ–પુણ્યને ઉત્પન્ન કરે છે અને અપ્રશસ્ત પ્રવૃત્તિઓ અધર્મ=પાપને ઉત્પન્ન કરે છે.

ઈચ્છાને જ પ્રવૃત્તિમાં હેતુ માનનારા ન્યાયદર્શનીઓ અહીં શંકા રૂપે પૂર્વપક્ષ રજૂ કરે છે—

## [પ્રવૃત્તિ દ્વેષમૂલક ન હોવાની નૈયાયિક શંકા–પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ :** કોઇ પણ પ્રવૃત્તિ રાગથી જ થાય છે દ્વેષથી નહિ કારણ કે શત્રુઘાતાદિ જે પ્રવૃત્તિને તમે દ્વેષમૂલક માનો છો તે પણ હકીકતમાં તો શત્રુને હણવાની ઇચ્છાથી જ થતી હોવાથી અને ઈચ્છા રાગરૂપ હોવાના કારણે રાગમૂલક જ છે. એમ સંસારાદિથી નિવૃત્ત થવાની પ્રવૃત્તિ પણ ત્યાગ કરવાની ઈચ્છાથી જ થતી હોવાથી રાગમૂલક જ છે.

## [દ્વેષ વિના શત્રુઘાતાદિ પ્રવૃત્તિનો અસંભવ–ઉત્તરપક્ષ]

**ઉત્તરપક્ષ :** જિઘાંસા (=હણવાની ઈચ્છા) કે જિહાસા (=છોડવાની ઈચ્છા) દ્વેષવ્યાપારથી જ થાય છે અર્થાત્ મૂળમાં દ્વેષ હોય તો જ તેનાથી જિઘાંસા કે જિહાસા પ્રવર્તે છે. તેથી તે પ્રવૃત્તિ અંગે દ્વેષને પણ કારણ માનવો જ પડે. મારવાની કે ત્યજવાની ઈચ્છા દ્વેષના વ્યાપારાત્મક હોઈને એનાથી દ્વેષાત્મક વ્યાપારીને અન્યથાસિદ્ધ મનાય નહિ. જેમ દાનથી પુણ્ય ઉત્પન્ન થાય છે અને સ્વર્ગ તો પુણ્યથી મળે છે છતાં દાનને સ્વર્ગ પ્રત્યે કારણ મનાય જ છે, પણ પુણ્યથી દાન અન્યથાસિદ્ધ મનાતું નથી. તેમ પ્રસ્તુતમાં પણ દ્વેષથી જિઘાંસાદિ અને જિઘાંસાદિથી પ્રવૃત્તિ થતી હોવાથી પ્રવૃત્તિ પ્રત્યે દ્વેષને પણ કારણ માનવો જ પડે. સારાંશ, પ્રશસ્ત–અપ્રશસ્ત પ્રવૃત્તિ દ્વેષથી પણ થાય છે એમ કહેવામાં કોઇ દોષ નથી.

## [જિઘાંસાદિ દ્વેષમૂલક ન હોવાની આશંકા–પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ :** જિઘાંસાદિ દ્વેષથી થાય છે એવી તમારી વાત જ ખોટી હોવાથી ઉપરોક્ત સઘળું કથન અયુક્ત છે કારણ કે જિઘાંસાદિ તેવા જ્ઞાનથી જ થાય છે. જેમ કે વિશિષ્ટ ઈષ્ટસાધનતાનું જ્ઞાન જ ઉપાદિત્સા (મેળવવાની ઈચ્છા)નું જનક છે. તાત્પર્ય એ છે કે 'મારા ઇષ્ટનું આ સાધન છે' એટલું જ જ્ઞાન નહિ કિન્તુ 'અભિપ્રેત વસ્તુ બળવદનિષ્ટની અનુબંધિ ન હોવા સાથે (અર્થાત્ પરિણામે પણ મોટો અનર્થ કરનાર ન હોવા સાથે) ઇષ્ટનું સાધન છે આવું જ્ઞાન જ તે વસ્તુને મેળવવાની ઇચ્છા ઉત્પન્ન કરે છે તેથી તે વસ્તુનો રાગ તેની ઉપાદિત્સા પ્રવર્તાવે છે એવું નથી. એમ વિશિષ્ટ અનિષ્ટ સાધનતાનું જ્ઞાન જ જિઘાંસાને ઉત્પન્ન કરે છે, અર્થાત્ હેય તરીકે અભિમત વસ્તુ વિશે 'આ ભવિષ્યમાં કોઇ મોટા લાભનું સાધન ન બનતી હોવા છતાં બળવાન અનર્થને કરનાર છે' એવું જ્ઞાન જ તે વસ્તુ વિશેની જિઘાંસાને પેદા કરે છે. એ જ રીતે અધિકૃત વસ્તુ વિશિષ્ટ ઈષ્ટ સાધન કે વિશિષ્ટ અનિષ્ટ સાધન, એમાંથી

अपि च सम्यग्दृशोऽपि चक्रवर्त्यादयः संसारकर्माणि बलवदनिष्टानुबन्धित्वं प्रतिसन्दधाना रागादिपारवश्यं विना कथं प्रवर्त्तिष्यन्ते ? तस्मादनन्तानुबन्धिविलयोदितसम्यग्दर्शनाविनाभाविप्रशस्तविषयरागद्वेषाभ्यां मोक्षोपादान(? दित्सा) संसारजिहासे प्रगल्भमाने अपि चारित्रमोहप्रतिबन्धकसत्त्वान्नतदुपादानहानोपायेषु प्रवृत्तिं जनयितुं प्रभवतः । एवमुत्तरोत्तरप्रतिबन्धकविलये तु क्रमेण लब्धं सरागं चारित्रमप्यन्ततः सुकृतानुमोदनदुष्कृतगर्हादिपरिणामोपकारि प्रशस्तरागद्वेषसंकीर्णमेव । तथाविधकारणवशाच्च सुमङ्गलसाध्वादेस्तादृशापवादसेवने तथाविधद्वेषोऽपि न मूलतो दोषाय, प्रशस्तरागस्येव प्रशस्तद्वेषस्य तथाविधचारित्रपरिणामाऽप्रतिबन्धकत्वात् ।

---

એકેય નથી એવું જ્ઞાન જ તે વસ્તુ પ્રત્યે જિહાસા પ્રવર્તાવે છે. આમ દ્વેષ, જિઘાંસા કે જિહાસા પ્રત્યે કારણ ન હોવાથી દ્વેષથી પ્રવૃત્તિ થાય છે એવું કહેવું યુક્ત નથી.

**ઉત્તરપક્ષ**–ઇષ્ટસાધનતા જ્ઞાનને ઉપાદિત્સાનું અને અનિષ્ટસાધનતા જ્ઞાનને જિઘાંસાનું નિમિત્ત કહેવામાં રાગદ્વેષ પણ ક્રમશઃ તે એના નિમિત્તભૂત છે એમ અર્થાપત્તિથી ફલિત થઈ જ જાય છે કારણ કે કોઈ પણ વસ્તુ ઈષ્ટ હોવી કે અનિષ્ટ હોવી એ રાગદ્વેષને આધીન છે, જે જે વસ્તુનો રાગ કે દ્વેષ હોય તે તે વસ્તુ જ ક્રમશઃ ઈષ્ટ કે અનિષ્ટ બને છે, તેમજ તેના સાધનો વિશે ઈષ્ટાનિષ્ટસાધનતાના જ્ઞાન દ્વારા ઉપાદિત્સા–જિઘાંસા પ્રવર્તે છે. ઇષ્ટત્વ–અનિષ્ટત્વ જો રાગદ્વેષને આધીન ન હોય, તો ક્યારેક વિપર્યય પણ થવો જોઇએ. અર્થાત્ જેનો રાગ હોય તે પણ ક્યારેક અનિષ્ટ બની જવી જોઇએ, એમ જેનો દ્વેષ હોય તે પણ ક્યારેક ઇષ્ટ થઇ જવી જોઈએ. પણ એવું થતું નથી. રાગ કે દ્વેષ ખસે પછી જ ઇષ્ટત્વ–અનિષ્ટત્વ ખસે છે. તેથી ઇષ્ટત્વ–અનિષ્ટત્વ રાગદ્વેષ મૂલક હોવાના કારણે ઉપાદિત્સાદિ પણ રાગદ્વેષમૂલક છે અને તેથી પ્રવૃત્તિ પણ રાગ–દ્વેષ ઉભય મૂલક હોઇ શકે છે.

### [રાગ–દ્વેષની પરવશતા વિના સમ્યગ્દષ્ટિની સાંસારિક પ્રવૃત્તિ ન હોય]

વળી રાગદ્વેષની અપેક્ષા વિના જ જો ઇષ્ટ–અનિષ્ટ સાધનતાની બુદ્ધિ માત્રથી પ્રવૃત્તિ થઇ જતી હોય તો તો સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી વગેરેની સાંસારિક કાર્યોમાં પ્રવૃત્તિ જ થઇ શકશે નહિ, કારણ કે સમ્યક્ત્વના ઝળહળતા પ્રકાશના કારણે રાજવૈભવાદિમાં તેઓને બલવદનિષ્ટાનુબંધિત્વ દેખાતું જ હોઈ વિશિષ્ટાનિષ્ટસાધનત્વ જ્ઞાન સ્ફૂરતું જ હોય છે જે જિઘાંસાને પેદા કરીને રાજ્યાદિ સાથેના પોતાના સંબંધનો નાશ કરવાની જ પ્રવૃત્તિ કરાવશે, પાલનાદિની નહિ, પણ તેઓની પ્રવૃત્તિ તો પાલનાદિની દેખાય છે તેથી જણાય છે કે જિઘાંસાદિ દ્વારા તેવું તેવું જ્ઞાન તેવી તેવી પ્રવૃત્તિ કરાવે છે એવું નથી પણ રાગદ્વેષ પણ તેવી તેવી પ્રવૃત્તિ કરાવી શકે છે. ચક્રવર્ત્યાદિને અનન્તાનુબંધી કષાયો શાંત થયા હોવાના કારણે સમ્યક્ત્વ ઝળહળતું હોય છે. તેથી જ તેઓને વિષયો અંગેના પ્રશસ્ત રાગદ્વેષ પણ અવશ્ય હોય છે, કારણ કે એ વિના સમ્યક્ત્વ

अथ स्फटिकस्य जपाकुसुमोपरागस्थानीयं सरागचारित्रं तापिच्छकुसुमसंसर्गस्थानीयो द्वेषः कथमुपकुर्यात्? इति चेत्? रागोऽपि कथम्? 'प्रशस्तोद्देशेन तद्रूपपरिहारादि'ति चेत्? तुल्यमिदमन्यत्र। एतेन विशुद्धि–सङ्क्लेशाङ्गतया तस्य द्वैविध्यं व्याख्यातं, प्रत्याख्यातं च "[1]परिणामादो बन्धो परिणामो रागदोषमोहजुदो।

असुभो मोहपदेसो सुहो व असुहो हवदि अण्णो" त्ति स्ववचनोद्भावनमपि।

नन्वेवं प्रशस्तरागवत् सुमङ्गलसाध्वाद्युचितो द्वेषोऽपि सर्वदा भवन्ननुमत एव स्यादिति चेत्? न, कारणिकद्वेषस्य विना कारणमननुगुणत्वात्। 'गृहस्थानामेव तादृशकारणेऽधिकार' इति चेत्? न, तथाविधलब्धिभाजो गृहस्थस्याभावे लब्धिमतः श्रमणस्यापि विशिष्टसङ्घाद्युपकारस्य कूपखननदृष्टान्तेनानुकूलत्वात्, सार्वदिकत्व–कादाचित्कत्वाभ्यामेव गृहस्थाऽनगारिणोः प्रभावकताविशेषात्।

'उत्कृष्टश्रावकस्यापि गौणधर्मालम्बनतया नात्राधिकार' इति चेत्? अत एव दुरागृहीतोऽसि, गौणत्वेऽपि स्वकृतिसाध्यत्वे सत्यन्यकृत्यसाध्यकर्माधिकारितया विशेषविश्रामात्, पुष्टालम्बनतया यतिहिताऽऽवहत्वाच्च। न हि यथाकथंचिदपवादसेवनमेव हितावहं ब्रूमोऽपि तु पुष्टालम्बनम्। यदागमः [आ. नि. ११८३]–

[2]आलंबणेण केण य जे मन्ने संजमं पमायन्ति।
ण हु तं होइ पमाणं भूअत्थगवेसणं कुज्जा॥

ટકી શકતું નથી. આ મોક્ષ વિષયક રાગ અને સંસારવિષયક દ્વેષથી મોક્ષની ઉપાદિત્સા અને સંસારની જિહાસા પ્રવર્તે છે, છતાં તીવ્રરાગાત્મક ચારિત્ર્યમોહરૂપ પ્રતિબંધક હાજર હોવાથી એ ઇચ્છાઓ મોક્ષનું ઉપાદાન અને સંસારના ત્યાગના ઉપાયભૂત દેશવિરતિ વગેરેમાં પ્રવૃત્તિ કરાવી શકતી નથી તેમજ રાજ્યપાલનાદિની પ્રવૃત્તિ પ્રત્યે પ્રતિબંધિકા એવી જિહાસા હાજર હોવા છતાં રાગાદિ-પારવશ્યરૂપ ઉત્તેજક હાજર હોવાથી એ પ્રવૃત્તિ થાય છે. કિન્તુ જેમ જેમ મોક્ષોપાયભૂત દેશવિરત્યાદિનું પ્રતિબંધક ચારિત્ર્યમોહનીય ઘસાતું જાય છે તેમ તેમ ક્રમશઃ સરાગચારિત્ર પ્રાપ્ત થાય છે.

આ ચારિત્ર પણ સુકૃતાનુમોદન અને દુષ્કૃતગર્હાથી યુક્ત જ હોય છે અને તેથી સરાગસંયમ પણ સુકૃતાનુમોદન–દુષ્કૃતગર્હાના પરિણામ માટે ઉપકારી એવા પ્રશસ્ત રાગ–દ્વેષથી સંકીર્ણ જ હોય છે. તેથી જ રાગ જ પ્રશસ્ત હોઈ શકે, દ્વેષ નહિ, અર્થાત્ દ્વેષ તો અપ્રશસ્ત જ હોય એવું કહેવું યુક્ત નથી–અને તેથી જ તો તેવા પ્રકારના કારણને વશ થઈને સુમંગલ મહાત્માએ સાધુઓને હેરાન કરનાર સિંહ તરફ હાકોટા કરવા વગેરે રૂપ અપવાદનું સેવન કર્યું–દ્વેષ કર્યો જે મૂલથી દોષ માટે ન થયો. અર્થાત્

૧. પ્રવચનસાર ૨–૮૮
परिणामाद् बन्धः परिणामो रागद्वेषमोहयुतः। अशुभौ मोहप्रद्वेषौ शुभो वाऽशुभो भवत्यन्यः॥

२. आलंबनेन केन च ये मन्ये संयमं प्रमादयन्ति। न खलु तद् भवति प्रमाणं भूतार्थगवेषणं कुर्यात्॥

ચારિત્રને કલંક લગાડનાર કે ભાંગનાર ન બન્યો કારણ કે પ્રશસ્ત રાગની જેમ પ્રશસ્ત દ્વેષ પણ તેવા પ્રકારના ચારિત્ર પરિણામ (સરાગચારિત્ર) પ્રત્યે પ્રતિબંધક નથી.

### [દ્વેષનો ઉપકાર કઈ રીતે હોવાની શંકાનો ઉત્તર]

**પૂર્વપક્ષ** : જપાકુસુમાત્મક ઉપાધિથી ઉપરક્ત=કંઈક લાલ થએલો સ્ફટિક કંઈક સુંદર દેખાય છે કિન્તુ તમાલવૃક્ષના ફૂલરૂપ ઉપાધિથી ઉપરક્ત એ સુંદર દેખાવાના બદલે મલિન જ જણાય છે. કારણ કે એ ફૂલ શ્યામવર્ણનું હોય છે. અર્થાત્ તમાલ વૃક્ષનું પુષ્પ શ્યામ (=વિરુદ્ધ વર્ણવાળું) હોવાથી સ્ફટિકને સુંદરતા વધારવા રૂપ ઉપકાર કરી શકતું નથી. એ જ રીતે પ્રશસ્તરાગથી ઉપરક્ત એવા આત્માના સ્વભાવ રૂપ સરાગચારિત્રને તેનાથી વિરુદ્ધ સ્વભાવવાળો દ્વેષ ઉપકાર શી રીતે કરી શકે? અપકાર જ શા માટે ન કરે?

**ઉત્તરપક્ષ** : રાગ પણ તે ચારિત્રને શી રીતે ઉપકાર કરે છે?

**પૂર્વપક્ષ** : પ્રશસ્ત ઉદ્દેશથી થએલ રાગમાંથી પોતાનું અપ્રશસ્તપણું દૂર થયું હોઇ તે સરાગ ચારિત્રને ઉપકાર કરે છે.

**ઉત્તરપક્ષ** : એ જ રીતે પ્રશસ્ત દ્વેષમાંથી પણ પોતાનું અપ્રશસ્તપણું દૂર થયું હોઇ તેનાથી પણ ચારિત્રને ઉપકાર થાય છે. અર્થાત્ એવા દ્વેષથી પણ ચારિત્રની વિશુદ્ધિ વધે છે. આમ જે દ્વેષ વિશુદ્ધિનું કારણ બને તે પ્રશસ્ત અને જે સંક્લેશનું કારણ બને તે અપ્રશસ્ત જાણવો. દ્વેષના દ્વૈવિધ્ય પ્રતિપાદનથી જ પૂર્વપક્ષીનું—"જીવના તેવા તેવા પરિણામથી કર્મબંધ થાય છે અને આ પરિણામ રાગ, દ્વેષ કે મોહથી યુક્ત હોય છે. એમાંથી મોહ અને પ્રદ્વેષ યુક્ત પરિણામ અશુભ જ હોય છે અને અન્ય (=રાગ)યુક્ત પરિણામ શુભ પણ હોઈ શકે છે અને અશુભ પણ હોઇ શકે છે."— આવું કથન પણ વ્યાહત જાણવું.

**પૂર્વપક્ષ** : અરિહંતાદિ વિશેનો રાગ પ્રશસ્ત હોવાથી જેમ સર્વદા સંમત છે એમ સુમંગલ સાધુએ જે દ્વેષ કર્યો એવો દ્વેષ પણ જો પ્રશસ્ત હોય તો સર્વદા સંમત માનવો પડશે.

**ઉત્તરપક્ષ** : આવા પ્રકારનો દ્વેષ પુષ્ટ કારણ હાજર થએ છતે જ પ્રશસ્ત બને છે. તેથી એવા કારણની ગેરહાજરીમાં તેવો દ્વેષ પ્રશસ્ત રહેતો ન હોવાથી ચારિત્રને પણ અનુકૂલ ન બનવાના કારણે અમને સંમત નથી. તેથી તેવા પ્રકારનો કારણિક દ્વેષ તે કારણની ઉપસ્થિતિમાં જ સંમત છે, સાર્વદિક નહિ.

**પૂર્વપક્ષ** : સાધુ વગેરેને હેરાનગતિ વગેરે રૂપ ઉપસ્થિત થએલ કારણને દૂર કરવું એ કામ ગૃહસ્થોનું જ હોવાથી એ કારણ પર દ્વેષ કરવાનો અધિકાર પણ તેઓને

જ છે, પણ સાધુઓને નહિ. તેથી સાધુઓને તો એવું કારણ જ ન હોવાથી દ્વેષ ચારિત્રને મલિન જ કરે છે અને તેથી તે અપ્રશસ્ત જ હોય છે.

**ઉત્તરપક્ષ :** તેવા કારણને દૂર કરવાની લબ્ધિવાળા ગૃહસ્થોની ગેરહાજરીમાં તાદૃશ લબ્ધિવાળા સાધુને પણ સંઘાદિ પર વિશેષ ઉપકાર કરનાર દ્વેષ કૂપખનન-દૃષ્ટાંત મુજબ અનુકૂલ જ છે, અર્થાત્ જેમ કૂવો ખોદવામાં તાત્કાલિક શ્રમ પડવો વગેરે રૂપ થોડું નુકશાન થતું હોવા છતાં પરિણામે ફાયદો દેખાતો હોવાથી લોકો તેમાં પ્રવૃત્તિ કરે છે એટલું જ નહીં, એ શ્રમને પણ હકીકતમાં નુકશાનરૂપ ન ગણતાં ફાયદારૂપ જ ગણે છે. તેમ આ દ્વેષ બાહ્યદૃષ્ટિએ તાત્કાલિક નુકશાન કરનાર જેવો દેખાવા છતાં પરિણામે ચારિત્ર વિશુદ્ધિ કરનાર હોવાથી સાધુને પણ કરવા યોગ્ય છે જ અને તેથી જ વસ્તુતઃ પ્રશસ્ત પણ છે જ. આમ તેવા ગૃહસ્થની ગેરહાજરીમાં સાધુને પણ તાદૃશ દ્વેષ તેમજ એ દ્વેષમૂલક પ્રવૃત્તિથી શાસનપ્રભાવના કરવાનો અધિકાર છે. તેથી જ સાધુની આવી પ્રભાવકતા અને ગૃહસ્થની આવી પ્રભાવકતામાં કાદાચિત્કત્વ અને સાર્વદિકત્વ રૂપના કારણે તફાવત કહ્યો છે. શક્તિસંપન્ન ગૃહસ્થોને શાસનના દ્વેષી એવા બ્રાહ્મણાદિને હંમેશા દાનાદિ દ્વારા આવર્જિત રાખી શાસનવિરોધી કાર્ય કરવા ન દેવા વગેરે રૂપ સાર્વદિક પ્રભાવકતા કહી છે જ્યારે સાધુઓને તો એવા ગૃહસ્થોની ગેરહાજરીમાં જ એવા કાર્યો અટકાવવા રૂપ કાદાચિત્ક પ્રભાવકતા કહી છે.

**પૂર્વપક્ષ :** પ્રતિમાવહનાદિ કરનાર ઉત્કૃષ્ટ શ્રાવકોને પણ આત્માની આંતરિક સાધના જ પ્રધાન હોવાથી અને ઉક્તદ્વેષાદિમૂલક બાહ્યપ્રવૃત્તિઓ ગૌણધર્મરૂપ હોવાથી તેનો અધિકાર હોતો નથી તો સાધુને તો એ અધિકાર હોઈ જ શી રીતે શકે ?

**ઉત્તરપક્ષ :** ખરેખર ! આ તમારો કદાગ્રહ છે કારણ કે સામાન્ય સંયોગોમાં ગૌણ હોય એવું પણ આલંબન અવસરે પુષ્ટાલંબન બની જવાના કારણે પ્રધાન બની જાય છે. તેથી જ્યારે અધિકૃત કાર્ય પોતાનાથી જ થઇ શકે એવું હોય અને બીજા ગૃહસ્થાદિથી થઈ શકે એમ ન હોય ત્યારે એનો અધિકાર સાધુને પણ મળી જ જાય છે તેમજ એ ચારિત્રની વિશુદ્ધિ કરનાર પણ બને જ છે તેથી સાધુને પણ સંમત છે. બાકી ગમે તેમ અપવાદ-સેવન કરવાનું તો અમે પણ હિતાવહ માનતા નથી. પુષ્ટાલંબનથી કરાતા અપવાદ-સેવનને જ આગમમાં હિતાવહ કહ્યું છે.-"જે તે આલંબનથી જેઓ સંયમ વિશે પ્રમાદ-અપવાદ સેવે છે તેઓનો એ અપવાદ પ્રમાણ થતો નથી અર્થાત્ જિનાજ્ઞાસંમત કે હિતાવહ બનતો નથી એવું હું સમજું છું. તેથી સદ્ભૂત અર્થનું ગવેષણ કરવું જોઈએ. એટલે કે જે અપવાદ સેવવો છે તેનો ખરેખર આ અવસર છે કે નહિ ? અપવાદને સેવ્યા વગર અન્ય કોઇ નિર્દોષ રીતે ઉપસ્થિત કાર્ય થઈ શકે તેમ છે કે નહિ ? ઇત્યાદિનો પૂરેપૂરો વિચાર કરવો જોઈએ."

'तादृशापवादे प्रमादयोगेन प्राणव्यपरोपणरूपा हिंसा कथं न श्रामण्यविरोधिनी'ति चेत् ? न, वर्जनपरिणत्योपायान्तरं चिन्तयतोऽपि तदभाव एवानुजिघृक्षया सङ्घोपकारपरायणस्योपयोगशुद्धया वस्तुतो योगदुष्प्रणिधानाभावादित्यन्यत्र विस्तरः । यदि तु स्वरूपतः प्रशस्तविषयालम्बनतयैव रागस्य प्राशस्त्यं द्वेषस्तु नैवमसंभवादित्युद्भाव्यते तर्हि प्राशस्त्याऽप्राशस्त्यरूपविषयविभाग एव विप्लवेत, उपेयेच्छाया वस्तुतो मोक्षालम्बनत्वेऽपि विहारादीनां तदुपायेच्छालम्बनानां स्वरूपतोऽशुद्धत्वाद् । 'विहितकर्मत्वेन प्राशस्त्यमि'ति चेत् ? न, साधारण्येन पक्षपातानवकाशादस्माकमप्यत्रैव निर्भरात्, भोगनिमित्ततया चारित्रानुरागस्याऽभव्यानामपि संभवात्तद्व्यावृत्तप्राशस्त्याभिधानाय प्रशस्तोद्देशेनेत्यभिधानात् । तस्माद्विहारादाविव धर्मोपकरणेऽनुरागस्य मोक्षानुरागप्रवृत्ततया नाऽप्रशस्तत्वमिति ॥१६॥

---

## [અપવાદથી હિંસા સાધુતાવિરોધી કેમ નહીં ? પ્રશ્નોત્તર]

**પૂર્વપક્ષ :** તેવા અપવાદ સેવનના અવસરે પણ યોગદુષ્પ્રણિધાનાત્મક પ્રમાદથી જ પરપ્રાણવ્યપરોપણ થતું હોવાથી એ હિંસા ચારિત્રવિરોધીની કેમ ન બને ?

**ઉત્તરપક્ષ :** જ્યારે અપવાદ સેવન કરે છે ત્યારે પણ "આ અપવાદ સેવન કઈ રીતે ટળે ?–મારે ન સેવવો પડે તો સારું" ઇત્યાદિ પરિણતિથી ઉપસ્થિતકાર્યના બીજા ઉપાયોને ચિંતવતો જ હોય છે. પણ તેવો ઉપાયાન્તર ન હોવાથી અને બીજી બાજુ સંઘાદિ પર અનુગ્રહ અત્યંત જરૂરી હોવાથી તે કરવાની ઇચ્છાથી જ અપવાદને સેવે છે. તેથી સંઘ પર ઉપકાર કરવામાં તત્પર તે મહાત્માનો ઉપયોગ=અધ્યવસાય શુદ્ધ જ હોવાથી વસ્તુતઃ યોગદુષ્પ્રણિધાનરૂપ પ્રમાદને અવકાશ નથી તેથી એ પ્રાણવ્યાપરોપણ હિંસારૂપ ન થવાથી ચારિત્રવિરોધી નથી.

**પૂર્વપક્ષ :** જે વિષય સ્વરૂપથી પ્રશસ્ત હોય (જેમ કે મોક્ષ) તેના આલંબને થતો રાગ પ્રશસ્ત હોય છે અને જે સ્વરૂપથી જ અપ્રશસ્ત હોય (જેમકે મૈથુન) તેનો રાગ અપ્રશસ્ત હોય છે. રાગની બાબતમાં આવું સંભવે છે પણ દ્વેષ વિશે તો આવું સંભવતું નથી કારણ કે સ્વરૂપતઃ અપ્રશસ્ત વસ્તુના દ્વેષને પ્રશસ્ત માનવો યુક્ત નથી. તેથી દ્વેષના પ્રશસ્ત–અપ્રશસ્ત એવા બે ભેદ પડી શકતા નથી. દ્વેષ તો બધો જ અપ્રશસ્ત હોય છે.

**ઉત્તરપક્ષ :** એવું માનવામાં–અમુક રાગ પ્રશસ્ત છે અને અમુક અપ્રશસ્ત–એવો વિભાગ જ રહેશે નહિ કારણ કે વસ્તુતઃ તો મોક્ષ જ સંપૂર્ણતઃ શુદ્ધ છે. તેના ઉપાયભૂત સંયમચર્યા વગેરે પણ અમુક અંશે અશુદ્ધ હોવાથી અપ્રશસ્ત છે. તેથી મોક્ષ વિષયક ઇચ્છા પ્રશસ્તાલંબનવાળી હોવાના કારણે પ્રશસ્ત હોવા છતાં તેના ઉપાયભૂત વિહારાદિની ઇચ્છારૂપ રાગ અપ્રશસ્ત જ ઠરે છે. તેથી કોઇ પણ જાતનો રાગ પ્રશસ્ત ન રહેવાના કારણે રાગનો ઉક્ત વિભાગ થઇ શકશે નહિ.

अथ रागद्वेषयोरेव स्वरूपं प्रसङ्गतो निक्षेपनयविभागेन पर्यालोचयति–

**नामं ठवणा दविए रागो दोसो अ भावओ चउहा ।**
**कम्मं जोग्गं बद्धं बज्झन्तमुदीरणोवगयं ॥१७॥**

[नाम स्थापना द्रव्यं रागो द्वेषश्च भावतश्चतुर्धा । कर्म योग्यं बद्धं बध्यमानमुदीरणोपगतम् ॥१७॥]

**णोकम्मदव्वराओ णायव्वो वीससा पओगा य ।**
**सञ्झाइकुसुंभाई दोसो दुट्ठव्वणाईओ ॥१८॥**

[नोकर्मद्रव्यरागो ज्ञातव्यो विश्रसा प्रयोगाच्च । सान्ध्यादि कुसुम्भादिः द्वेषो दुष्टव्रणादिकः ॥१८॥]

### [શાસ્ત્રોક્તિ ઉભયપક્ષે સમાન]

**પૂર્વપક્ષ :** વિહારાદિ શાસ્ત્રોક્ત હોવાથી તેનો રાગ પ્રશસ્ત છે.

**ઉત્તરપક્ષ :** આ દલીલ દ્વેષ અંગે પણ સમાન જ છે અર્થાત્ શાસ્ત્રમાં જેના પર દ્વેષ કરવાનો કહ્યો છે તેના પર થતા દ્વેષને પ્રશસ્ત માનવો જોઈએ અને તેથી –"રાગ પ્રશસ્ત હોઇ શકે છે દ્વેષ નહિ, દ્વેષ તો અપ્રશસ્ત જ હોય"–એવો પક્ષપાત રાખવાને અવકાશ નથી. અમે પણ શાસ્ત્ર પર જ નિર્ભર છીએ. એટલે કે શાસ્ત્રે દ્વેષ્ય તરીકે કહેલા વિષયના દ્વેષને જ પ્રશસ્ત માનીએ છીએ. વળી સામાન્યથી ચારિત્રાદિ શુભ હોવા છતાં તેનો રાગ પ્રશસ્ત જ હોય છે એવો નિયમ નથી કારણ કે ભોગાદિની ઈચ્છાથી તો અભવ્યાદિ પણ ચારિત્રનો રાગ કરીને એનું નિરતિચાર પાલન કરે છે. તેઓનો એ રાગ પણ પ્રશસ્ત તરીકે ગણાઈ ન જાય એ માટે 'પ્રશસ્ત ઉદ્દેશથી કરાતો રાગ પ્રશસ્ત કહેવાય' એમ કહ્યું છે. તેથી વિહારાદિ સરાગચર્યા કંઈક અંશે અશુદ્ધ હોવા છતાં પ્રશસ્ત ઉદ્દેશથી કરાતી હોવાથી તેનો રાગ પ્રશસ્ત છે. એ જ રીતે ધર્મોપકરણ વિશેનો રાગ પણ પ્રશસ્તોદ્દેશથી થતો હોવાથી પ્રશસ્ત જ છે, અપ્રશસ્ત નથી. ॥૧૬॥

### [નિક્ષેપ તથા નયોથી રાગ-દ્વેષનો વિચાર]

રાગદ્વેષના પ્રાશસ્ત્ય-અપ્રાશસ્ત્યની પ્રરૂપણાના પ્રસંગને પામીને રાગદ્વેષના જ સ્વરૂપની નિક્ષેપ અને નયથી વિચારણા કરતાં ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ :** રાગ અને દ્વેષ એ બંને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર ચાર પ્રકારના છે. તદ્વ્યતિરિક્ત દ્રવ્યરાગ બે પ્રકારનો છે–કર્મદ્રવ્યરાગ અને નોકર્મદ્રવ્યરાગ. કર્મદ્રવ્યરાગના ચાર પ્રકાર છે. [1]યોગ્ય કર્મદ્રવ્યરાગ, [2]બધ્યમાનકર્મદ્રવ્યરાગ, [3]બદ્ધકર્મદ્રવ્યરાગ અને [4]ઉદીરણોપગતકર્મદ્રવ્યરાગ. નોકર્મદ્રવ્યરાગ બે પ્રકારે છે– વિસ્રસાપરિણામવાળો અને પ્રયોગપરિણામવાળો. સંધ્યાદિનો વર્ણ વિસ્રસાથી (કુદરતી રીતે) છે જ્યારે કુસુંભાદિનો રાગ પ્રયોગ-પરિણામજન્ય છે–આ જ રીતે દ્વેષાદિના નામાદિ નિક્ષેપ જાણવા. એમાં નોકર્મદ્રવ્ય દ્વેષ દુષ્ટવ્રણાદિ (ઘા વગેરે) રૂપ છે. રાગકર્મ

जं रागदोसकम्मं समुइण्णं जे तओ अ परिणामा ।
ते भावरागदोसा वुच्छमिहं णयसमोआरं ॥१९॥

[यद्रागद्वेषकर्म समुदीर्णं ये ततश्च परिणामाः । ते भावरागद्वेषाः वक्ष्य इह नयसमवतारम् ॥१९॥]

कोहो माणो दोसो माया लोभो अ रागपज्जाया ।
सङ्गहणयमयमेयं दोसो मायावि ववहारा ॥२०॥

[क्रोधो मानो द्वेषो माया लोभश्च रागपर्यायौ । सङ्ग्रहनयमतमेतत् द्वेषो मायापि व्यवहारात् ॥२०॥]

उज्जुसुअस्स य कोहो दोसो सेसेसु णत्थि एगन्तो ।
कोहोच्चिय लोहोच्चिय माणो माया य सद्दस्स ॥२१॥

[ऋजुसूत्रनयस्य क्रोधो द्वेषः शेषेषु नास्त्येकान्तः । क्रोध एव लोभ एव मानो माया च शब्दस्य ॥२१॥]

नामस्थापनाज्ञशरीरभव्यशरीरद्रव्यरूपा रागद्वेषाः सुगमाः । तद्व्यतिरिक्तद्रव्यात्मा रागो द्वेषश्च द्वेधा–[1]कर्मद्रव्यरूपो [2]नोकर्मद्रव्यरूपश्च । तत्राद्यश्चतुर्धा–बन्धपरिणामाभिमुखा योग्य-कर्मपुद्गलाः १ प्रारब्धबन्धक्रिया बध्यमानपुद्गलाः २ उपरतबन्धक्रिया बद्धकर्मपुद्गला ३ उदीरणा करणेनोदीरणावलिकोपगता अद्याप्युदयानुऽपगताश्च ४ कर्मपुद्गला इति । नोकर्मद्रव्यरागस्तु सन्ध्याभ्ररागादिर्वैश्रसिकः, कुसुम्भरागादिश्च प्रायोगिक इति द्वेधा । नोकर्मद्रव्यद्वेषस्तु दुष्टव्रणादि-रूपः । भावरागद्वेषौ तु उदयप्राप्ते तत्कर्मणी तदुदयोद्भूतावभिष्वङ्गाप्रीतिलक्षणौ जीवपरिणामौ वा, तत्राप्यभिष्वङ्गस्त्रेधा दृष्ट्यनुरागो, विषयानुरागः स्नेहानुरागश्चेति । तत्र प्रथमः कुप्रवचना-भिनिवेशो, द्वितीयस्तु शब्दादिविषयानुषङ्गः, तृतीयस्तु विषयाद्यनधीनोऽविनीतेष्वपि सुतबान्ध-वादिषु ममत्वपरिणाम इति ।

---

અને દ્વેષકર્મના ઉદયમાં આવેલા દલિકો તેમજ તેના ઉદયથી જીવનો થયેલો પરિણામ ભાવરાગ–ભાવદ્વેષ કહેવાય છે. નિક્ષેપાની વિચારણા પછી હવે નયસમવતાર કહીશ... સંગ્રહનયમતે ક્રોધ અને માન બેઉ દ્વેષના પર્યાય છે જ્યારે માયા–લોભ રાગના પર્યાય છે. વ્યવહાર નય માયાને પણ દ્વેષાત્મક માને છે. અર્થાત્ માત્ર લોભને જ રાગાત્મક માને છે. ઋજુસૂત્રનય મતે માત્ર ક્રોધ જ દ્વેષરૂપ છે. શેષ ત્રણમાં એકાંત નથી એટલે કે માનાદિ ત્રણ દરેક રાગાત્મક જ હોય કે દ્વેષાત્મક જ હોય એવો નિયમ નથી. શબ્દનય મતે ક્રોધ અને લોભ બે જ કષાયો છે. માન અને માયાનો એ બેમાં જ અન્તર્ભાવ થઇ જાય છે. (૧૭ થી ૨૧)

## (રાગ અને દ્વેષના વિવિધ નિક્ષેપાઓ)

નામરાગ, સ્થાપનારાગ, દ્રવ્યરાગ અને ભાવરાગ એમ રાગ ચાર પ્રકારનો છે. નામરાગ અને સ્થાપનારાગ સુગમ છે. દ્રવ્યરાગ બે પ્રકારે છે–આગમથી, નોઆગમથી. નોઆગમથી દ્રવ્યરાગના ત્રણ ભેદ છે–જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્ત. એમાં

अथात्र नयविभागः प्रदर्श्यते–तत्र संग्रहनयस्तावदाह–क्रोधमानपरिणामावप्रीतिसामान्याद् द्वेषो, मायालोभौ त्वभिष्वङ्गसामान्याद्राग इति । व्यवहारस्त्वाह–मायापि परोपघाताय प्रयुज्यमानत्वात् द्वेष एव, रागस्तु न्यायोपात्तवित्तादिषु मूर्च्छापरिणाम एव, अन्यायोपात्ते तु मायादिकषायस्य संभवात् । तथा च परोपजिघांसाहेतुत्वं द्वेषत्वं, मूर्च्छाहेतुत्वं रागत्वमिति फलितम् ।

---

આગમથી દ્રવ્યરાગ અનુપયુક્ત જ્ઞાતા, તેમજ નોઆગમથી દ્રવ્યરાગના આદ્ય બે ભેદો જ્ઞશરીર દ્રવ્યરાગ અને ભવ્યશરીર દ્રવ્યરાગ સુગમ છે. તદ્વ્યતિરિક્ત દ્રવ્યરાગ બે ભેદે છે. કર્મદ્રવ્યરાગ અને નોકર્મદ્રવ્યરાગ. કર્મદ્રવ્યરાગ ૪ પ્રકારે છે :

(૧) યોગ્યકર્મપુદ્ગલો—બંધ પરિણામને અભિમુખ થયેલા કાર્મણવર્ગણાના પુદ્ગલો.

(૨) બધ્યમાન કર્મપુદ્ગલો—જે પુદ્ગલોની બંધક્રિયા શરૂ થઇ ગઈ છે, હજુ પૂર્ણ થઇ નથી તેવા કર્મપુદ્ગલો.

(૩) બદ્ધકર્મપુદ્ગલો—જેઓની બંધક્રિયા સમાપ્ત થઇ છે તેવા, જીવને ચોંટેલા કર્મપુદ્ગલો.

(૪) ઉદીરણોપગત કર્મપુદ્ગલો–ઉદીરણાકરણથી ઉદીરણાવલિકામાં (=ઉદયાવલિકામાં) આવેલા અને ઉપલક્ષણથી સ્વતઃ રહેલા પણ હજુ ઉદયમાં નહિ આવેલા તેવા કર્મપુદ્ગલો.

**નોકર્મદ્રવ્યરાગ** બે પ્રકારે છે. સંધ્યા–અભ્રરાગાદિ વૈસ્રસિક છે, અર્થાત્ વિશ્રસાપરિણામથી થયેલ છે. જ્યારે કુસુંભરાગાદિ પ્રાયોગિક છે એટલે કે જીવપ્રયોગથી થએલા છે. ઉદયમાં આવેલા રાગમોહનીયકર્મપુદ્ગલો ભાવરાગ છે અથવા તેઓના ઉદયથી થયેલ અભિષ્વંગરૂપ જીવપરિણામ ભાવરાગ છે. આ ભાવરાગ ત્રણ પ્રકારનો છે. દૃષ્ટ્યનુરાગ–કુપ્રવચનવિશેનો અભિનિવેશ, વિષયાનુરાગ–શબ્દાદિ વિષયો અંગેનો રાગ. સ્નેહાનુરાગ–શબ્દાદિવિષયને કારણે ઉત્પન્ન નહિ થયેલો કિંતુ અવિનીત પણ પુત્ર–બંધુ વગેરે પરનો મમત્વપરિણામ. આજ રીતે નામદ્વેષાદિ અંગે જાણવું. ઉદયમાં આવેલ દ્વેષમોહનીય કર્મપુદ્ગલો ભાવદ્વેષ છે અથવા તેઓના ઉદયથી ઉત્પન્ન થયેલ અપ્રીતિરૂપ જીવપરિણામ ભાવદ્વેષ છે. એમાં નોકર્મદ્રવ્યદ્વેષ દુષ્ટવ્રણાદિરૂપ છે.

## [ સાત નયથી રાગ-દ્વેષની વિચારણા ]

હવે નયથી વિચારણા કરીએ છીએ :

**સંગ્રહનય :** ક્રોધ અને માન પરપ્રત્યેની અપ્રીતિરૂપ હોવાથી દ્વેષ છે. (દા. ત. જાતનું થતું માન બીજાને તુચ્છકારવાની બુદ્ધિથી હોવાથી અપ્રીતિરૂપ છે). માયા અને લોભ સ્વસંબંધીઅભિષ્વંગરૂપ હોવાથી રાગ છે. (દા. ત. પોતાને ઠપકો ન મળે, વધારે ઘસાવું ન પડે એવા ભયથી થતી માયા જાત પરની મૂર્ચ્છા રૂપ હોવાથી અભિષ્વંગ છે).

ऋजुसूत्रस्तु सूत्रयति क्रोधस्तावदप्रीत्यात्मकत्वाद् द्वेषः, शेषाणां तु नैकान्ततो रागत्वं द्वेषत्वं वा, यतः सांप्रतग्राही स न क्रमिकमुपयोगद्वयं तुल्यवत्स्वीकुरुते, तथा च तस्य न समुच्चयवादः, किंतु स्वगुणाभिष्वङ्गपरिणतिसमये मानो रागः परगुणद्वेषोपयोगकाले च स द्वेषः, मायालोभावपि परोपघातोपयोगसमये द्वेषरूपौ, मूर्च्छोपयोगसमये तु रागरूपाविति ।

शब्दनयास्तु सङ्गिरन्ते–मानमाययोः स्वगुणोपकारव्यापारपरिणामा लोभांशा एव, परोपघातपरिणामाश्च क्रोधांशा एवेति क्रोधलोभावेव रागद्वेषौ पर्यवस्यत इति । इदं च कषायमाश्रित्योक्तम् । नोकषाये तु वेदत्रयं हास्यरती च रागोऽरतिशोकभयजुगुप्साश्च द्वेष इति ध्येयम् ।

---

**વ્યવહારનય :** માયા પણ બીજાના ઉપઘાત માટે-ઠગવા માટે થતી હોવાથી પરપ્રત્યેની અપ્રીતિરૂપ હોવાના કારણે દ્વેષાત્મક જ છે. અર્થાત્ એકલો લોભ જ રાગાત્મક છે. ન્યાયોપાર્જિત ધન વગેરે વિશે મૂર્ચ્છાનો પરિણામ જ રાગ છે. અન્યાયથી મેળવેલ ધન વગેરેમાં મૂર્ચ્છા પરિણામ હોવા છતાં એ પ્રાયઃ સંભવિત માયાદિ કષાયથી દબાયેલો હોવાથી અને માયાદિ પરોપઘાતક હોવાથી એ મૂર્ચ્છા પરિણામ દ્વેષરૂપ છે. તેથી વ્યવહારમતે પરનો ઉપઘાત કરવાની ઇચ્છામાં જે હેતુભૂત બને તે દ્વેષ છે અને મૂર્ચ્છા થવામાં જે હેતુભૂત બને તે રાગ છે એવું ફલિત થાય છે.

**ઋજુસૂત્રનયમતે :** ક્રોધ અપ્રીતિઆત્મક જ હોવાથી દ્વેષરૂપ જ હોય છે જ્યારે શેષ માનાદિ ત્રણમાં એકાન્તે રાગરૂપતા કે દ્વેષરૂપતાનો સમુચ્ચય નથી. કારણ કે આ નય માત્ર વર્તમાનગ્રાહી હોવાથી ક્રમશઃ ઉત્પન્ન થનાર બે ઉપયોગનો તુલ્યવત્ સ્વીકાર કરતો નથી. અર્થાત્ કોઈ એક માનોપયોગમાં મુખ્યપણે રાગ અને દ્વેષ ઉભયનો અન્વય માન્ય કરતો નથી. એટલે માનાદિનો રાગ કે દ્વેષ રૂપે સમુચ્ચય કરતો નથી. તેથી તે તે વખતે માનાદિ જેવા જેવા પરિણામાત્મક હોય તે તે મુજબ રાગ કે દ્વેષ રૂપ માને છે. જેમકે પોતાના ગુણોના અભિષ્વંગરૂપ હોય ત્યારે રાગ છે અને પરગુણો પરની ઇર્ષ્યા વગેરે રૂપ હોય ત્યારે દ્વેષ છે. એમ માયા અને લોભ પણ પરોપઘાતની બુદ્ધિથી કરાતા હોય ત્યારે દ્વેષાત્મક છે અને જાતની મૂર્ચ્છાથી થતા હોય ત્યારે રાગાત્મક છે.

**શબ્દનયમતે :** સ્વગુણોપકાર માટેના વ્યાપાર રૂપ હોય તેવા માન અને માયા લોભના જ અંશભૂત હોવાથી લોભ જ છે તેમ જ પરોપઘાત પરિણામ રૂપ હોય તેવા માન-માયા તે ક્રોધના જ અંશભૂત હોવાથી ક્રોધાત્મક જ છે. તેથી પરમાર્થથી ક્રોધ અને લોભ એ બે જ કષાયો છે. તેઓ જ રાગદ્વેષમાં પર્યવસિત થાય છે, આ વિચારણા

परेषां पुनरियमपि परिभाषा–'शुद्धनिश्चयनयेन तावन्नास्त्येवात्मनो रागो द्वेषो वा, अशुद्धनिश्चयनयेन तु मूर्च्छापरिणामो रागः संक्लेश–विशुद्धिभ्यां द्विधाकृतस्वरूपः, संक्लेशैकरूप एव चाप्रीतिपरिणामो द्वेषः, अनुपचरिताऽसद्भूतव्यवहारनयेन च पौद्गलिके रागद्वेषकर्मणी, उपचरितासद्भूतव्यवहारनयेन च बाह्यः कुसुम्भादिराग इति'।

नन्वेवं राग उपघातपरिणामाङ्गीकृतद्वेषवेषः सङ्क्लिश्यतां विशुद्ध्यतु चानुग्रहपरिणामप्रकटीकृतस्वस्वरूपा, न तु क्रोधैकरूपा द्वेषोऽपि, तस्यानुग्रहार्थत्वे द्वैविध्यप्रसङ्गादिति चेत् ? प्रवचनाभिप्रायानभिज्ञोऽसि, एकैकव्यभिचारकाल एव ऋजुसूत्रभजनाप्रवृत्तेरभिष्वङ्गरूपरागांशस्यापि स्वतोऽविशुद्धत्वात्, अन्यथा तस्य द्वैविध्यविलोपप्रसङ्गात्, परापेक्षायाश्चोभयत्र तुल्यत्वात्, फलत उपघातात्मकताया निश्चयतो द्वयोरपि तुल्यत्वात्, उपकाराननुबन्ध्युपघातपरिणामत्वस्य च दुष्कृतानुतापादावसिद्धत्वादिति दिक् ।१७।१८।१९।२०।२१।

---

કષાયોને આશ્રયીને કરી. નોકષાયને આશ્રયીને કરીએ તો પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, હાસ્ય અને રતિ રાગાત્મક છે તેમજ અરતિ, ભય, શોક અને જુગુપ્સા દ્વેષાત્મક છે.

બીજાઓએ આવી પણ પરિભાષા કરી છે કે—શુદ્ધનિશ્ચયનયથી તો રાગ કે દ્વેષ આત્માના પરિણામ રૂપ નથી કારણ કે આત્માના પરિણામો તો જ્ઞાનાદિ જ છે. **અશુદ્ધનિશ્ચયનયથી** મૂર્ચ્છાપરિણામ રાગ છે અને એ જ્યારે વિશુદ્ધિ કરનારો હોય ત્યારે પ્રશસ્ત બને છે અને સંક્લેશ–મલિનતા કરનારો હોય ત્યારે અપ્રશસ્ત બને છે. દ્વેષ અપ્રીતિપરિણામાત્મક છે તેમજ એ સંક્લેશરૂપ જ હોવાથી અપ્રશસ્ત જ હોય છે. અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી રાગ–દ્વેષમોહનીયના કર્મપુદ્ગલો જ રાગ–દ્વેષ છે જ્યારે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી બાહ્ય કુસુમ્ભાદિરાગ જ રાગ છે. અહીં કર્મપુદ્ગલો હકીકતમાં રાગદ્વેષ રૂપ નથી તેથી તેઓ વિશેનો એ વ્યવહાર સદ્ભૂત નથી અને છતાં એ પુદ્ગલો ભાવાત્મક રાગદ્વેષના સાધકતમ કારણ હોવાથી એ વ્યવહાર અનુપચરિત છે જ્યારે કુસુમ્ભાદિ રાગ તો હકીકતમાં રાગપરિણામરૂપ ન હોવા સાથે એના સાધકતમ કારણરૂપ પણ નથી તેથી એમાં રાગનો વ્યવહાર પણ ઉપચરિત હોવાથી એ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર છે.

**પૂર્વપક્ષ :** આ રીતે તો રાગના પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે ભેદ પડશે, દ્વેષના નહિ. જેમકે—ઉપઘાત પરિણામના કારણે દ્વેષનો અંચળો ઓઢનાર રાગ, દ્વેષ જેવો બની ગયો હોવાથી ભલે સંક્લેશરૂપ બની અપ્રશસ્ત બને અને અનુગ્રહપરિણામથી સ્વસ્વરૂપમાં જ પ્રકટ થએલો રાગ વિશુદ્ધ બની ભલે પ્રશસ્ત બને, પણ દ્વેષ તો ક્રોધ (=ઉપઘાત) એક માત્ર રૂપવાળો હોઇ પ્રશસ્ત શી રીતે બને ? એ પણ જો અનુગ્રહ માટે થતો હોય તો તો રાગની જેમ એના પણ બે ભેદ થવાની આપત્તિ આવે.

अथ निश्चयतो रागद्वेषयोः परद्रव्यप्रवृत्तिजन्यजनकभावो नास्तीत्युपदिशति—

**परदव्वम्मि पवित्ती ण मोहजणिया व मोहजण्णा व ।**
**जोगकया हु पवित्ती फलकंखा रागदोसकया ॥२२॥**

[परद्रव्ये प्रवृत्तिर्न मोहजनिका वा मोहजन्या वा । योगकृता खलु प्रवृत्तिः फलकाङ्क्षा रागद्वेषकृता ॥२२॥]

**ઉત્તરપક્ષ :** આવું કહેતો તું ખરેખર પ્રવચનના મર્મોનો અનભિજ્ઞ છે. ઋજુસૂત્ર-નયે (અશુદ્ધ નિશ્ચયનયે) રાગની સંક્લેશ–વિશુદ્ધિના કારણે બે પ્રકારના ભાગ પાડવા રૂપ જે ભજના કરી તે પણ બેમાંથી એક એકની ગેરહાજરીના કાળને અનુસરીને જ કરી હોવાથી અભિષ્વંગરૂપ રાગાંશ પણ સ્વરૂપથી તો અવિશુદ્ધ જ છે. છતાં જ્યારે અનુગ્રહ પરિણામનું જોર હોય ત્યારે એની અપેક્ષાએ (એના કારણે) એ વિશુદ્ધ કહેવાય છે. સ્વતઃજ જો એ વિશુદ્ધ હોય તો તો એ અપ્રશસ્ત જ ન બનવાથી એનું દ્વૈવિધ્ય જ રહે નહિ. આમ અનુગ્રહપરિણામાદિરૂપ પરસાપેક્ષ જ એના પ્રશસ્ત–અપ્રશસ્ત એમ બે ભેદ પડે છે અને એ જ રીતે દ્વેષમાં પણ પરની સાપેક્ષતા તુલ્ય હોવાથી એના પણ એવા બે ભેદ પડે જ છે.

**શંકા :** પણ છતાં પ્રશસ્તોદ્દેશથી થતો દ્વેષ પણ શુદ્ધોપયોગને તો ધક્કો જ લગાડતો હોવાથી નિશ્ચયનયાનુસારે ફલતઃ ઉપઘાતાત્મક જ છે અને તેથી એ પ્રશસ્ત શી રીતે કહેવાય કે જેથી દ્વેષના બે ભેદ પડી શકે?

**સમાધાન :**–આ રીતે નિશ્ચયનય મુજબની ફલતઃ ઉપઘાતાત્મકતા તો રાગમાં પણ સમાન જ છે. પ્રશસ્ત રાગ પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ થવામાં પ્રતિબંધક બને જ છે તેથી દ્વેષ નિશ્ચયનય મુજબ ઉપઘાતાત્મક જ હોવામાત્રથી જો દ્વિવિધ માની શકાતો ન હોય તો રાગ પણ શી રીતે દ્વિવિધ માની શકાય?

**શંકા**–પ્રશસ્તોદ્દેશથી કરાએલો રાગ તત્કાળ શુદ્ધોપયોગનો પ્રતિબંધક બનતો હોવા છતાં ભવિષ્યમાં એને પ્રકટ થવા માટે ઉપકાર કરતો હોવાથી એ પ્રશસ્ત બનતો હોવાના કારણે રાગના બે ભેદ માની શકાય છે. દ્વેષમાં તો આવું પરંપરાએ ઉપકાર કરવા-પણું પણ ન હોવાથી એ દ્વિવિધ શી રીતે બને?

**સમાધાન :** તાત્કાલિક ઉપઘાત કરનારો દ્વેષ પરંપરાએ પણ શુદ્ધોપયોગને ઉપકારી બનતો નથી એ વાત અસિદ્ધ છે કારણ કે દુષ્કૃતનો પશ્ચાત્તાપ આદિ રૂપ દ્વેષ શુદ્ધસ્વરૂપના પ્રકટીકરણમાં ઉપકારી હોવો ઉભયપ્રસિદ્ધ છે.

નિશ્ચયનયથી રાગ કે દ્વેષમાંથી એકેયનો પરદ્રવ્યપ્રવૃત્તિ સાથે જન્યજનકભાવ નથી એવું જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે–

न हि परद्रव्यमात्मपरिणामरूपमोहजनकं, निश्चयतः परपरिणामस्य पराऽजन्यत्वात्, नापि तत्प्रवृत्तिस्वरूपात्मधर्म एव मोहजनको, मोहोदयपरिणतात्मन एव क्षणक्रोडीकृतातिशयस्य तज्जनकत्वात् । किं च स्वावधिपृथक्त्वप्रतियोगित्वं हि परत्वं, तत्त्वं न स्वस्मिन्नेव, तथा च कथं प्रसन्नचन्द्रादीनां परद्रव्यप्रवृत्तिं विनाऽपि मोहराजपारवश्यम् ? 'दुर्मुखवचनश्रवणाहितमनोव्यापारादेव तस्य द्वेषोदय' इति चेत् ? सुमुखवचनश्रवणाद्रागोदयोऽपि न कुतः ? तस्मात्तत्तत्कर्मवृत्तिलाभकाल एव तत्तत्कार्यजनकः । परप्रवृत्तिस्तु क्वाचित्कतयोपयुज्यते, मानसव्यापाररूपाया अप्युपेक्षात्मिकायास्तस्या रागाऽजनकत्वात् । यदि तु प्रवृत्तिमात्रमेव मोहजनकं तर्हि सुषुप्त्यवस्थायामपि श्वासप्रश्वासादिप्रयत्नः स्पष्टचैतन्यरूपं रागादिकमुत्पादयेत्, सूक्ष्मतदुत्पादे च प्रमाणाभावः । एतेन रागद्वेषयोः प्रवृत्तिजनकत्वमप्यपास्तम् ।

---

## [ નિશ્ચયથી રાગ-દ્વેષ અને પરદ્રવ્યપ્રવૃત્તિ ]

**ગાથાર્થ :** પરદ્રવ્ય અંગેની પ્રવૃત્તિ મોહજનક હોતી નથી કે મોહજન્ય પણ હોતી નથી કારણ કે પ્રવૃત્તિ મન–વચન–કાયાના યોગથી થાય છે. જ્યારે પ્રવૃત્તિથી પ્રાપ્ય ફળની ઇચ્છા રાગ–દ્વેષના કારણે થાય છે.

## [આત્મા ઉપર પરદ્રવ્યની અસર નથી–નિશ્ચયનય]

નિશ્ચયનયથી તો જે પરિણામ જેનો હોય તેનાથી જ તે ઉત્પન્ન થાય છે. અર્થાત્ એકનો પરિણામ બીજાથી ઉત્પન્ન થતો નથી. તેથી મોહ આત્માનો પરિણામ હોવાથી પરદ્રવ્ય તેનું જનક બનતું નથી.

**પ્રશ્ન :** પરદ્રવ્ય ભલે મોહજનક ન બને છતાં પરદ્રવ્ય અંગે આત્મા જે પ્રવૃત્તિ (પ્રયત્ન) કરે છે તે આત્મધર્મ જ હોવાથી કથંચિદ્ આત્મરૂપ જ હોવાના કારણે તેનાથી શા માટે મોહ ઉત્પન્ન ન થાય ?

**ઉત્તર :** મોહનીય કર્મના ઉદયથી જ ક્રમશઃ ઉત્પન્ન થતો અતિશય ચરમ સમયે એવો ઊભો થઈ જાય છે કે જે મોહને ઉત્પન્ન કરવામાં સમર્થ હોય છે. આમ મોહોદયથી પરિણત થએલ અને તેથી તેવા અતિશયવાળો થએલ આત્મા જ મોહનો જનક છે, પરદ્રવ્યપ્રવૃત્તિ નહિ. વળી પરદ્રવ્યપ્રવૃત્તિને જ મોહજનક માનવામાં તો પ્રસન્નચંદ્રાદિને મોહોત્પાદ માની શકાશે નહિ કારણ કે તેઓને પરદ્રવ્યપ્રવૃત્તિ હતી નહિ. પોતાનામાં રહેલ ભેદનું પ્રતિયોગીપણું હોવું એ જ પરત્વ છે એટલે કે પોતાનામાં જેનો ભેદ હોય તે જ 'પર' છે. આવા કોઈ પરદ્રવ્ય અંગે તો પ્રસન્નચંદ્રએ પ્રવૃત્તિ કરી જ નહોતી. છતાં મોહના કારણે યાવત્ સાતમી નરક માયોગ્ય કર્મો પણ તેઓએ તે વખતે બાંધ્યા હતા એવું શાસ્ત્રમાં સંભળાય જ છે. તેથી પરદ્રવ્યપ્રવૃત્તિ વિના પણ મોહનો ઉદ્ભવ થઈ શકતો હોવાથી–એટલે કે પરદ્રવ્યપ્રવૃત્તિ વ્યતિરેકવ્યભિચારી હોવાથી મોહપ્રત્યે કારણ નથી.

नन्वेवं सकलतान्त्रिकसिद्धं रागजन्यत्वं प्रवृत्तेर्विप्लवत इत्याशङ्कायामाह–'योगकृते'ति, प्रवृत्तिसामान्यं प्रति हि योग एव हेतुर्वीर्यान्तरायकर्मक्षय–क्षयोपशमजन्यस्यापि वीर्यस्य नियमतो योगान्वयव्यतिरेकानुविधानात् । अत एव क्षायिक्यपि वीर्यलब्धिः स्वहेतुयोगविलयादेव विलीयत इति सिद्धान्तः। योगश्च वस्तुत एकरूपोऽपि व्यापारभेदात् त्रिधा भिद्यते । तदुक्तं विशेषावश्यकभाष्ये—

## [પ્રસન્નચંદ્ર રાજર્ષિ ઉપર પરદ્રવ્યની અસર કેમ નહિ ?]

**પૂર્વપક્ષ :** પ્રસન્નચંદ્ર રાજર્ષિની બાબતમાં પરદ્રવ્યપ્રવૃત્તિને વ્યતિરેકવ્યભિચારી કહેવી યુક્ત નથી કારણ કે તેમની દુર્મુખ નામના એક સિપાઈના વચનરૂપ પરદ્રવ્ય અંગેની શ્રવણાત્મકપ્રવૃત્તિ હાજર હતી જ. આ શ્રવણથી થએલ મનોવ્યાપાર દ્વારા જ દ્વેષોત્પાદ થયો હોવાથી કારણ પણ હાજર હતું જ.

**ઉત્તરપક્ષ :** એ રીતે તો સુમુખ નામના સિપાઈના વચન શ્રવણ કરવા રૂપ પરદ્રવ્યપ્રવૃત્તિ પણ ત્યાં હાજર હોવાથી રાગનો ઉદય થવો જોઈતો હતો, પણ તે તો થયો નથી તેથી તેવા શ્રવણને રાગ કે દ્વેષના જનક માની શકાય નહિ કિન્તુ તે તે કર્મના ઉદયકાળને જ તે તે કાર્યનો જનક માનવો જોઈએ. પ્રસન્નચન્દ્ર રાજર્ષિને તે વખતે રાગકર્મનો ઉદયકાળ ન હોવાથી તાદૃશવચનશ્રવણ હોવા છતાં રાગોદય થયો નહિ. વળી અવિનીત શિષ્યાદિરૂપ પરદ્રવ્ય અંગેનો ઉપેક્ષાભાવાત્મક માનસિક વ્યાપાર પરદ્રવ્યપ્રવૃત્તિરૂપ હોવા છતાં રાગજનક નથી એવું તો તમને પણ માન્ય છે. તેથી જણાય છે કે પરદ્રવ્ય અંગેની પ્રવૃત્તિ ક્યારેક જ રાગાદિને ઉત્પન્ન કરવામાં ઉપયોગી બને છે, સર્વદા નહિ વળી પ્રવૃત્તિ માત્ર જો મોહજનક હોય તો નિદ્રાવસ્થામાં થતી શ્વાસ–પ્રશ્વાસાદિની પ્રવૃત્તિથી પણ અનુભવી શકાય એવા રાગાદિ ઉત્પન્ન થવા જોઈએ, પણ થતા નથી કારણ કે અનુભવાતા નથી.

**પૂર્વપક્ષ :** તેવી પ્રવૃત્તિ પણ અનુભવી ન શકાય એવા સૂક્ષ્મ રાગાદિને તો ઉત્પન્ન કરે જ છે ને ! તેથી પ્રવૃત્તિ વ્યભિચારી નથી.

**ઉત્તરપક્ષ :** તેવા સૂક્ષ્મરાગાદિની ઉત્પત્તિમાં કોઈ પ્રમાણ ન હોવાથી તે માની શકાય નહિ. આમ પ્રવૃત્તિમાત્ર રાગદ્વેષજનિકા છે એવું માની શકાતું નથી. વળી આજ દલીલથી–અર્થાત્ નિદ્રાવસ્થામાં થતી શ્વાસોશ્વાસાદિની પ્રવૃત્તિ વખતે રાગદ્વેષનો કોઈ સ્પષ્ટ અનુભવ ન હોવાથી રાગદ્વેષ તે વખતે પણ છે એવું માની શકાતું ન હોવાના કારણે 'પ્રવૃત્તિ રાગદ્વેષજન્યા છે' એવું માનવું પણ અયુક્ત ઠરે છે.

## [પ્રવૃત્તિ પ્રત્યે વીર્ય અને વીર્ય પ્રત્યે યોગની હેતુતા]

**પૂર્વપક્ષ :** પ્રવૃત્તિ રાગથી થાય છે એવું જે લગભગ બધા દર્શનકારોને સંમત છે તેનો તમારી વાતથી વિપ્લવ થઈ જાય છે.

[1]किंपुण तणुसंरम्भेणं जेण मुंचइ स वाइओ जोगो।
मण्णइ अ स माणसिओ तणुजोगो चेव अविभत्तो ॥ [३५९]
[2]तणुजोगो च्चिय मणवयजोगा काएण दव्वगहणाओ।
आणापाणुव्व ण चे तओवि जोगन्तरं हुज्जा ॥ [३६०]
[3]तुल्ले तणुजोगत्ते कीस व जोगन्तरं तओ ण कओ।
मणवयजोगा व कया भण्णइ ववहारसिद्धत्थं ॥ [३६१]

अथवा कायगृहीतवाङ्मनोद्रव्यसध्रीचीनजीवव्यापारात्मके स्वतन्त्रे एव वाङ्मनसी योगौ। तदुक्तं तत्रैव—

[4]अहवा तणुजोगाहियवयदव्वसमूहजीववावारो।
सो वयजोगो भण्णइ वाया णिसिरिज्जए जेणं ॥ [३६३]
[5]तह तणुवावाराहियमणदव्वसमूहजीववावारो।
सो मणजोगो भण्णइ मण्णइ णेयं जओ तेणं ॥ [३६४]

**ઉત્તરપક્ષ :** આવી શંકાનો ઉત્તર આપતાં ગ્રન્થકાર કહે છે કે પ્રવૃત્તિસામાન્ય અંગે તો યોગ જ હેતુ છે. એટલે કે રાગાદિરૂપ બીજા હેતુઓ બધી પ્રવૃત્તિઓ અંગે હેતુભૂત બને જ એવું નથી પણ યોગ તો હેતુ તરીકે અવશ્ય હોય જ છે. કારણ કે કોઈપણ પ્રવૃત્તિ વીર્યથી થાય છે. વીર્યાન્તરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી જે વીર્ય અર્થાત્ પ્રવૃત્તિઔપયિકશક્તિનો લાભ થાય છે તે પણ યોગના અન્વયવ્યતિરેકને અનુસરતો હોવાથી પ્રવૃત્તિ અંગે યોગ જ હેતુભૂત બને છે. એટલે જ કર્મના ક્ષયથી ઉદ્ભવેલ વીર્યલબ્ધિ પણ મુક્તિ કાળે કાયયોગ નષ્ટ થવાથી નષ્ટ થઈ જવાનું સિદ્ધાન્તમાં કહ્યું છે—એ દેખાડે છે કે યોગ વીર્યનો હેતુ છે. વળી પરમાર્થથી એકસ્વરૂપવાળો એવો પણ યોગ પોતાના વ્યાપારના ભેદથી ત્રણભેદવાળો છે. **વિશેષાવશ્યકભાષ્યમાં** પણ કહ્યું છે કે–

"જે શરીરપ્રયત્નથી શબ્દો મૂકાય–છોડાય છે તે વચનયોગ છે અને જે શરીરપ્રયત્નથી મનરૂપે પરિણમાવેલા પુદ્ગલો છોડાય છે તે મનોયોગ છે. આમ કાયયોગ જ કાયયોગ, વચનયોગ અને મનોયોગરૂપે વિભક્ત છે.

**શંકા :** જેમ શ્વાસોશ્વાસાદિના પુદ્ગલો કાયાથી ગૃહીત થતા હોવાથી શ્વાસોશ્વાસાદિ કાયયોગરૂપ જ છે તેમ મન–વચનયોગ્ય પુદ્ગલો પણ કાયાથી ગૃહીત થતા હોવાથી

१. किं पुनस्तनुसंरम्भेण येन मुञ्चति स वाचिको योगः। मन्यते च स मानसिकस्तनुयोग एव च विभक्तः ॥
२. तनुयोग एव मनोवाग्योगौ कायेन द्रव्यग्रहणात्। आनापाना इव न चेत् सकोऽपि योगान्तरं भवेत् ॥
३. तुल्ये तनुयोगत्वे कस्माद् वा योगान्तरं सको न कृतः। मनोवाग्योगौ वा कृतौ भण्यते व्यवहारसिद्ध्यर्थम्।
४. अथवा तनुयोगाहितवाग्द्रव्यसमूहजीवव्यापारः। स वाग्योगो भण्यते वाचा निसृज्यते येन ॥
५. तथा तनुव्यापाराहितमनोद्रव्यसमूहजीवव्यापारः। स मनोयोगो भण्यते मन्यते ज्ञेयं यतस्तेन ॥

एवं च मानसादिप्रवृत्तिं प्रति मनोयोगत्वादिनापि हेतुत्वमत एव सुषुप्तावस्थायां काययोगाहितश्वासप्रश्वासादिव्यापारसम्भवेऽपि मनोयोगव्यापाराभावान्नोपयोग इति तदा ज्ञानानुत्पत्तिनिर्वाहायोपयोगाभावभणितिराकरे व्यवस्थिता । फलार्थिप्रवृत्तिं प्रति च फलेच्छापि हेतुः, सा च नियमात् रागद्वेषकृता, मोक्षेच्छाया अपि निश्चयतः परमनिःस्पृहाणामनादेयत्वात् । अत एव—* "तो मुअइ नाणवुट्ठिं भविअजणविबोहणट्ठाए ।" इत्यत्र 'कृतकृत्यस्य भगवतः

કાયયોગરૂપ જ છે. કાયગૃહીત હોવા છતાં જો એ પૃથગ્યોગરૂપ બનતા હોય તો તો એ રીતે શ્વાસોશ્વાસાદિ પણ યોગાન્તર બનવાની અને તેથી યોગના ભેદો અધિક થઈ જવાની આપત્તિ આવશે. જો તમે એમ કહેશો કે મન અને વચન કાયયોગરૂપ હોવા છતાં વિશિષ્ટ ક્રિયાત્મક હોવાથી પૃથગ્ યોગ તરીકે કહ્યા છે તો અમે કહીશું કે એ પ્રમાણે શ્વાસોશ્વાસને પણ પૃથગ્ યોગ ગણો ને !

**સમાધાન :** મન-વચનનો 'યોગ' તરીકે શાસ્ત્રીય વ્યવહાર હોવાથી તે વ્યવહારને સિદ્ધ કરવા માટે કાયયોગરૂપ હોવા છતાં પણ તે બેને પૃથગ્ ગણ્યા છે. શ્વાસોશ્વાસાદિનો તેવો વ્યવહાર ન હોવાથી પૃથગ્યોગ તરીકે તેની ગણના કરાતી નથી."

અથવા કાયગૃહીત મન-વચનના પુદ્ગલોના પ્રાધાન્યથી જે જીવવ્યાપાર થાય છે તે જ સ્વતંત્ર એવા મનોયોગ અને વચનયોગરૂપ છે. ત્યાં શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે "અથવા કાયયોગથી ગૃહીત વચન-પુદ્ગલદ્રવ્યના સમૂહથી થયેલ જીવવ્યાપાર કે જેનાથી વાણી બહાર નિકળે છે તે વચનયોગ છે તથા કાયવ્યાપારથી ગૃહીત મનોદ્રવ્યસમૂહથી થએલ જીવવ્યાપાર કે જેનાથી જ્ઞેય પદાર્થ જાણી શકાય છે-વિચારી શકાય છે તે મનોયોગ છે."

## [નિદ્રાકાળે જ્ઞાનાનુત્પત્તિનું કારણ]

આમ માનસિકાદિ પ્રવૃત્તિઓ પ્રત્યે મનોયોગત્વાદિરૂપે મનોયોગાદિ પણ હેતુભૂત છે. તેથી નિદ્રાવસ્થામાં કાયયોગથી થએલ શ્વાસોશ્વાસાદિ વ્યાપાર હોવા છતાં મનોયોગવ્યાપાર ન હોવાથી ઉપયોગ હોતો નથી. નિદ્રાવસ્થામાં જ્ઞાનની અનુત્પત્તિનો નિર્વાહ કરવા માટે ત્યારે ઉપયોગ હોતો નથી એમ આકરમાં (સ્યાદ્વાદરત્નાકરમાં) પણ કહ્યું છે.

ફળના અર્થીપણાથી થતી પ્રવૃત્તિ અંગે તો ફળની ઇચ્છા પણ હેતુભૂત છે જ. વળી ફળેચ્છા રાગ કે દ્વેષથી જ થાય છે. તેથી મોક્ષેચ્છા પણ મોક્ષ પ્રત્યેના રાગ અને સંસાર અંગેના દ્વેષથી થાય છે. માટે તો પરમનિઃસ્પૃહજીવોને નિશ્ચયથી મોક્ષેચ્છા પણ

* आ. नि. ८९—अस्य पूर्वार्धः— तवनियमनाणरुक्खं आरूढो केवली अमियनाणी ।
तपोनियमज्ञानवृक्षमारूढः केवल्यमितज्ञानी । ततो मुञ्चति ज्ञानवृष्टिं भव्यजनविबोधनार्थाय ॥

किं कथनप्रयोजनम् ? भव्यानिवाऽभव्यानपि वा किमसौ न बोधयति ?' इति परप्रत्यवस्थाने उदीर्णतीर्थकरनामा भगवान्न सर्वथाकृतकृत्यस्तदुदयक्षपणोपायश्च धर्मोपदेशादिरेवेति तत्रास्य प्रवृत्तिरुचिता । "कृतार्थत्वेऽपि रवेर्भासकत्वस्वाभाव्यमिव भगवतोऽप्यनुपकृतोपकारित्वं स्वभावादेव, स्वतो रागद्वेषौ विनाऽपि तदुदयात्, कमलकुमुदयोर्विकाशसङ्कोचाविव भगवदुपदेशादपि भव्याभव्ययोः प्रतिबोधाऽप्रतिबोधावपि स्वभावादेवे"ति समाधानदानादप्यतृप्तिभाजामाशाम्बराणां रागं विना कथं तत्र प्रवृत्तिरित्याशापि पूरिता, स्वफलाभिष्वङ्गं विनैव परमकारुणिकप्रवृत्तेः। परोपकारस्य च (स्यैव) याथात्म्येनैव द्वेषं [ ? रागं ] विना प्रतिनियमादित्युपरिष्टाद्वक्ष्यते ।

અનાદેય કહી છે. આમ ફળાર્થીની પ્રવૃત્તિ જ ફળેચ્છારૂપ રાગપૂર્વકની હોય છે, બધી જ પ્રવૃત્તિઓ રાગપૂર્વકની હોય છે એવું નથી.

## [ તીર્થંકરની ધર્મોપદેશની પ્રવૃત્તિનું કારણ ]

તેથી રાગ વિનાના શ્રી તીર્થંકરો ધર્મોપદેશ વગેરેની પ્રવૃત્તિ શી રીતે કરે ? એવી દિગંબરની શંકાનું પણ સમાધાન થઇ ગએલું જાણવું. "પછી (કેવલજ્ઞાનપ્રાપ્તિ પછી) ભવ્યજનના બોધ માટે શ્રી તીર્થંકર જ્ઞાનવૃષ્ટિ કરે છે અર્થાત્ દેશના આપે છે" આવું જે શાસ્ત્રમાં કથન આવે છે એના પર દિગંબર શંકા કરે છે કે કેવલપ્રાપ્તિ થઇ ગઈ હોવાથી કૃતકૃત્ય એવા ભગવાનને દેશના દેવાનું પ્રયોજન શું છે ? અને છતાં દેશના દેતા હોય તો ભવ્યની જેમ અભવ્યોને પણ બોધ કેમ ન પમાડે ?

દિગંબરની આ બે શંકાનું સમાધાન એ છે કે ભગવાને ચાર ઘાતીકર્મોનો ક્ષય કર્યો હોવા છતાં તીર્થંકર નામ કર્માદિ તો હજુ ઉદયમાં હોય જ છે જેને ખપાવવાના હજુ બાકી હોવાથી તેઓ સર્વથા કૃતકૃત્ય હોતા નથી. વળી તે કર્મ ખપાવવાનો ઉપાય ધર્મદેશનાદિ જ હોવાથી તે અંગેની તેઓની પ્રવૃત્તિ ઉચિત જ છે. તમે દિગંબરો પણ શેષકર્મ ક્ષય માટે વિહારાદિની પ્રવૃત્તિ તો માનો જ છો ને! તો પછી દેશના અંગેની પ્રવૃત્તિમાં શી અનુચિતતા છે ?

## [ભવ્ય જીવો વહાલા અને અભવ્યો અળખામણા હોવાનો આક્ષેપ]

**પૂર્વપક્ષ :** ભગવાન્ દેશના દેતા હોય તો પણ તેના વડે ભવ્યોને જ બોધ પમાડે છે, અભવ્યોને નહિ. અર્થાત્ ભવ્યોના બોધ માટે જ ભગવાન્ દેશના આપે છે, અભવ્યોના બોધ માટે નહિ. તેનો અર્થ એ થયો કે ભગવાન્ ને ભવ્યો પર રાગ છે અને અભવ્યો પર દ્વેષ છે. આમ ભગવાન્ દેશના આપે છે એવું માનવામાં આ અનુચિતતા આવે છે.

**ઉત્તરપક્ષ :** જેમ દુનિયાને પ્રકાશિત કરવી એ સૂર્યનો સ્વભાવ છે અને તેથી જ રાગ કે દ્વેષ ન હોવા છતાં સ્વતઃ જ તે સ્વભાવનો ઉદય થાય છે. અર્થાત્ તે દુનિયાને પ્રકાશિત કરે છે, તેમ ભગવાન્નો પણ પોતાના ઉપકારી ન હોય તેવા પર પણ ઉપકાર

तस्मात् परद्रव्यप्रवृत्तिर्न रागद्वेषजनकतया ध्यानप्रतिबन्धिकाऽपि तु विषयान्तरसञ्चार-सामग्रीत्वेन । यत्र तु मुखवस्त्रिकादिप्रत्युपेक्षणादौ प्रवृत्तिरावश्यकादिध्याने न विरोधिनी प्रत्युत तदनुरोधिनी तत्र तयैवाध्यात्मशुद्धेः शुद्धात्मोपलम्भाद्भूयांसः सिद्धिमध्यासते स्मेति श्रूयते । कथं ? इतिचेत् ? तथाविधावश्यकादिक्रियाकालान्तर्भविष्णुश्रेणिसमापनयोग्य सूक्ष्मान्तर्मुहूर्त्तभाविना परमात्मलयेन मोहक्षयादिति गृहाण ।

---

કરવાનો સ્વભાવ હોવાથી જ રાગદ્વેષ વિના પણ તેવો સ્વભાવ પ્રવર્તે છે અને ભગવાન્ દેશના દે છે. વળી સૂર્ય ઊગવાથી કમલ વિકસિત થાય છે અને કુમુદ બીડાઈ જાય છે એટલા માત્રથી કંઈ સૂર્યને તેઓ અંગે રાગ-દ્વેષ છે એવું મનાતું નથી તેમ દેશનાથી ભવ્યો જ બોધ પામે છે, અભવ્યો નહિ એટલા માત્રથી ભગવાન્ ને તેઓ પર રાગ-દ્વેષ છે એવું સિદ્ધ થતું નથી. આવું સમાધાન આપવા છતાં પણ તૃપ્ત ન થએલા દિગંબરો જે શંકા કરે છે કે રાગ વિના દેશના પ્રવૃત્તિ થઈ જ શી રીતે શકે? એનું પણ સમાધાન આ રીતે જાણવું. ફળાર્થીની પ્રવૃત્તિમાં જ રાગ પોતાનો ભાગ ભજવે છે. ફલના અર્થીપણા સિવાયની પ્રવૃત્તિ તો રાગ વિના પણ સંભવી શકે છે. ભગવાન્ ને પોતાની પ્રવૃત્તિથી ફળની ઇચ્છા તો હોતી જ નથી કારણ કે પરમકારુણિક પુરુષો કોઇપણ જાતના ફળની ઈચ્છા વિના જ પ્રવૃત્તિ કરે છે. પરોપકાર પણ દ્વેષ (? રાગ) વિના સ્વભાવથી જ હોય છે એ અમે આગળ કહીશું.

## [આવશ્યકાદિ પ્રવૃત્તિથી ધ્યાનનું સંવર્ધન]

આમ પરદ્રવ્યપ્રવૃત્તિ રાગ-દ્વેષજનક ન હોવાથી ધ્યાનની પ્રતિબંધિકા બનતી નથી.

**પ્રશ્ન :** તો શું પરદ્રવ્યપ્રવૃત્તિ ક્યારેય કોઇપણ રીતે ધ્યાનને અટકાવતી નથી?

**ઉત્તર :** જ્ઞાનાદિવિરોધી એવા વિષયાન્તરમાં મનને લઈ જવાવાળી પ્રવૃત્તિ જો હાથ ધરાય તો એ ધ્યાનપ્રતિબંધિકા બને છે એવું તો અમે માનીએ જ છીએ પણ જે પ્રવૃત્તિ વિષયાન્તરસંચાર કરાવનારી હોતી નથી તે તો ધ્યાનપ્રતિબંધિકા નથી જ. તેથી આવશ્યક (પ્રતિક્રમણાદિ)રુપ ધ્યાનમાં વચ્ચે મુહપત્તિ પડિલહેણાદિની પ્રવૃત્તિ તેની વિરોધિની તો બનતી નથી કિન્તુ (વિષયની અનુસંધાયક હોવાથી) સહાયક જ બને છે. તેથી તો આ પડિલેહણાદિ પ્રવૃત્તિથી જ અધ્યાત્મશુદ્ધિ કરવા વડે ઘણાને શુદ્ધાત્મસ્વરૂપનો ઉપલંભ થયો છે તેમજ તેનાથી મુક્તિ પ્રાપ્ત થઈ છે એવું શાસ્ત્રોમાં કહેલું મળે છે.

**પ્રશ્ન :** આવી પ્રવૃત્તિથી અધ્યાત્મશુદ્ધિ દ્વારા શુદ્ધાત્મોપલંભ શી રીતે થાય છે?

**ઉત્તર :** ક્ષપકશ્રેણિના આરંભથી પૂર્ણાહૂતિ સુધીનો કાળ સૂક્ષ્મઅન્તર્મુહૂર્ત્ત છે, જે આવશ્યકાદિના કાળ કરતાં ઘણો નાનો હોય છે તેથી આવશ્યકાદિ કરતી વખતે વચ્ચે તેટલા કાળ માટે અત્યંત પરમાત્મલય આવી જવાથી મોહક્ષય થઈ જાય છે અને અધ્યાત્મશુદ્ધિ થવા દ્વારા શુદ્ધાત્મોપલંભ થાય છે.

नन्वेवं-"इत्येतस्मिन् गुणस्थाने नो सन्त्यावश्यकानि षट् । सन्ततध्यानसद्योगात् शुद्धिः स्वाभाविकी यतः ॥ [गुणस्थान०-३६] इति कथं ? इति चेत् ? कर्मशमनक्षपणोन्मुखस्य प्रारम्भकस्य तन्निष्ठस्य निष्पन्नयोगस्य वाध्यातुरविरलमानसव्यापारादेव शुद्धावावश्यकाद्यनुपयोगो, न त्वावश्यकादिक्रियायास्तत्प्रति बन्धकत्वमित्यभिप्रायः । अत एव 'अथावश्यकानामभावेऽपि शुद्धिमाह'-इति तदवतरणिकान्यथा कथमपि संगंस्यते ? ये खलवत्यन्तमप्रमादितयात्मध्यानत एव व्याप्रियन्ते तेषामावश्यकादिक्रियां विनैव शुद्धिर्ये तु जीवत्प्रमादकणतया नैवंविधास्तेषामावश्यकादिद्वारैव शुद्धेरध्यात्मलाभ इत्येतदभिप्राय इति दृढतरमालोचनीयम् ।

ननु तथाप्यपकृष्टमार्गादुत्कृष्टमार्ग एव श्रेयानिति शुद्धोपयोग एवाश्रयणीयो न तु संभावितशुभोपयोगो पि स्थविरकल्पिकमार्ग इति चेत् ? तदिदमत्यावेशात् प्रथमसोपानमपहायैवदोपरि प्रासादारोहचापलमायुष्मतः । किं चैवं त्वरमाणः प्रथममेव शैलेशीचरमसमयं किमिति न धावसि, तस्यैव निश्चयतो मोक्षहेतुत्वात् । तदुक्तं धर्मसंग्रहण्याम् (२६)

[1]सो उभयक्खयहेऊ, सेलेसीचरमसमयभावी जो ।

सेसो पुण णिच्छयओ, तस्सेव पसाहगो भणिओ ॥

त्तिस धर्म उभयक्षयहेतुः धर्माधर्मोभयक्षयकारी यः शैलेशीचरमसमयभावी, शेषः पुनस्तस्यैव शैलेशीचरमसमयभाविन एव धर्मस्य प्रसाधकः=उपकारको भणित इति । अग्रिमोपकारकतया पूर्वपूर्वयोगे तु जिनकल्पमिव स्थविरकल्पमपि किमिति नाद्रियेथाः ? एतेन दिगम्बराणामुत्कृष्टः पन्थाः सिताम्बराणां तु न तथेति मुग्धजनाशङ्कापि परास्ता, पूर्वपूर्वमार्गविलोपे फलत उत्तरोत्तरमार्गविलोपात् ॥२२॥

## [આવશ્યક ક્રિયાઓમાં શ્રેણિપ્રાપક ધ્યાન કઈ રીતે હોય ?]

**પૂર્વપક્ષ : ગુણસ્થાનકમારોહમાં** કહ્યું છે કે 'આ ગુણસ્થાન-૭ મા અપ્રમત્તગુણસ્થાનમાં છ આવશ્યક હોતા નથી કારણ કે સતત ધ્યાનનો સદ્યોગ હોવાથી તેનાથી જ સ્વાભાવિક શુદ્ધિ થઈ જાય છે.'-આ જો સાતમા ગુણસ્થાનકવાળા જીવોને તથાવિધ અપ્રમત્તતાના કારણે આવશ્યક હોતા નથી અર્થાત્ આવશ્યક હોય ત્યારે આ ગુણઠાણું આવતું નથી તો પછી શ્રેણિ આરૂઢ જીવોને તો એ વખતે આવશ્યક શી રીતે હોઈ શકે ?

**ઉત્તરપક્ષ** : ઉપશમ કે ક્ષપકશ્રેણિને સન્મુખ થયેલા, શ્રેણિના પ્રારંભક, શ્રેણિમાં રહેલા અથવા જેઓએ શ્રેણિને સમાપ્ત કરી છે તેવા જીવોને અવિરલ (અત્યંત વિશિષ્ટ) માનસિકવ્યાપારથી જ વિશુદ્ધિ થઈ જતી હોવાથી આવશ્યકાદિ ઉપયોગી થતા નથી. પણ તેથી કંઈ આવશ્યકાદિ અપ્રમત્તભાવના પ્રતિબંધક છે એવું સિદ્ધ થતું નથી. તાત્પર્ય એ છે કે આવશ્યકાદિ શરૂ કર્યા પછી પણ તેવી અપ્રમત્તતા આવી શકે છે

१. स उभयक्षयहेतुः शैलेशीचरमसमयभावी यः । शेषः पुनर्निश्चयतस्तस्यैव प्रसाधको भणितः ॥

અને તે પ્રકારની અપ્રમત્તતા આવ્યા પછી પણ એ આવશ્યકાદિનો પ્રારંભ કરતાં નથી. તેથી જ તો **ગુણસ્થાનકક્રમારોહ**ની એ ગાથાની અવતરણિકામાં 'હવે આવશ્યક ન હોય તો પણ તે ગુણઠાણાવાળા જીવોને શુદ્ધિ હોય છે તે ગ્રન્થકાર કહે છે'–એમ જે કહ્યું છે તે આ સિવાય સંગત શી રીતે થાય? એટલે કે 'ન હોય તો પણ' એવું કહેવામાં જે 'પણ' શબ્દ મૂકયો છે તે શી રીતે સંગત થાય?

તેથી જેઓ અત્યંત અપ્રમત્ત હોવાના કારણે આત્મધ્યાનમાં જ મગ્ન રહે છે તેઓને આવશ્યકાદિ ક્રિયા વિના જ શુદ્ધિ થઇ જાય છે અને જેઓને પ્રમાદનો અંશ જાગ્રત હોય છે તેઓને આવશ્યકાદિ દ્વારા જ શુદ્ધિ થાય છે અને શુદ્ધિથી અધ્યાત્મ-લાભ થાય છે એ અત્યંત રીતે ઊંડાણમાં ઉતરીને વિચારવું.

## [સોપાનો છોડીને કૂદકો મારવાથી ભોંઠપનો અનુભવ]

**શંકા :** છતાં પણ અપકૃષ્ટમાર્ગ કરતાં તો ઉત્કૃષ્ટમાર્ગ જ હિતકર હોવાથી શુદ્ધોપયોગનો જ આશ્રય કરવો જોઈએ, નહિ કે જેમાં શુભોપયોગની સંભાવના જ છે (નિશ્ચય નહિ) તેવા સ્થવિરકલ્પિક માર્ગનો.

**સમાધાન :** અત્યંત આવેશના કારણે જેમ કોઈ માણસ પ્રાસાદનું પ્રથમ પગથીયું છોડીને સીધો કૂદકો મારીને ઉપર ચઢવાની ચપલતા કરવા જાય અને ભોંઠો પડે એવું આ તમારું ચાપલ્ય છે. વળી જે ઉત્કૃષ્ટ હોય તેને જ સ્વીકારવું; સીધે સીધી એ અંગે જ પ્રવૃત્તિ કરવી એવી તમને ત્વરા હોય તો પછી પહેલેથી શૈલેશીના ચરમસમય પર જ કેમ દોડી જતા નથી? કારણ કે નિશ્ચયથી તો એ જ મોક્ષહેતુભૂત છે. **ધર્મ-સંગ્રહણી**માં કહ્યું છે કે પુણ્ય–પાપ ઉભયનો ક્ષય કરનાર એવો શૈલેશી ચરમસમયે થતો ધર્મ જ નિશ્ચયથી મોક્ષનો પ્રસાધક છે અને તે સિવાયનો બધો ધર્મ તે ચરમ-સમયભાવી ધર્મનો પ્રસાધક =ઉપકારક છે પણ નિશ્ચયથી મોક્ષનો પ્રસાધક નથી. તેથી તમારે તો ઉત્કૃષ્ટ એવા શૈલેશી ચરમસમયભાવી ધર્મને જ સ્વીકારવો જોઈએ, નહિ કે અપકૃષ્ટ એવા પૂર્વપૂર્વસમયભાવી ધર્મને અને તેથી જિનકલ્પ પણ તમારે અગ્રાહ્ય બની જશે.

## [અપકૃષ્ટ હોવા છતાં પ્રારંભદશામાં ગ્રાહ્ય માર્ગ]

**પૂર્વપક્ષ** :–પૂર્વપૂર્વનો ધર્મ અપકૃષ્ટ હોવા છતાં ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ ધર્મનો ઉપકારી હોવાથી ઉપયોગી છે, તેથી જિનકલ્પ શૈલેશી ચરમસમયભાવી ધર્મ કરતાં અપકૃષ્ટ હોવા છતાં તેમાં ઉપયોગી હોવાથી આદરણીય છે.

**ઉત્તરપક્ષ** :–એજ રીતે સ્થવિરકલ્પ પણ અપકૃષ્ટ હોવા છતાં જિનકલ્પાદિને ઉપકારી હોવાથી આદરણીય કેમ ન બને? વળી જેમ પ્રથમ સોપાન–સીડીને ચઢયા વગર પ્રાસાદના ઉપરના ભાગ પર ચઢી શકાતું નથી તેથી ઉપરના માળ પર ચઢવા માટે

अथ वस्त्रादेर्यद् ग्रन्थत्वमाशङ्कितं तन्निराकर्तुमाह—

वत्थाइ णेव गन्थो मुणीण मुच्छं विणेव गहणाओ ।
तह देहपालणट्ठा जह आहारो तुहवि इट्ठो ॥२३॥

( वस्त्रादि नैव ग्रन्थो मुनीनां मूर्च्छां विनैव ग्रहणात् । तथा देहपालनार्थं यथाहारस्तवापीष्टः ॥२३॥ )

जह देहपालणट्ठा जुत्ताहारो विराहगो ण मुणी ।
तह जुत्तवत्थपत्तो विराहगो णेव णिद्दिट्ठो ॥२४॥

(यथा देहपालनार्थं युक्ताहारो विराधको न मुनिः । तथा युक्तवस्त्रपात्रो, विराधको नैव निर्दिष्टः ॥२४॥)

मुनीनां वस्त्रादिकं न ग्रन्थः, मूर्च्छाऽनिमित्तकप्रवृत्तिविषयत्वात्, देहपालनार्थमुपादीयमानत्वात्, आहारवत् । न च पूर्वानुमाने यदि मूर्च्छां विनोपादीयेत्, तर्ह्यकस्मादेवोपादीयेतेति बाधकस्तर्कः, उत्तरानुमाने चाविरतेस्तथोपादीयमाने व्यभिचार इति वाच्यं, आहारादौ यतीनां मूर्च्छां विनैव प्रवृत्तेरसिद्धव्याप्तिकत्वात्तर्कस्य, उत्तरत्र च देहपालनार्थमित्यनेन विधिविषयोपदर्शनाद्विहितस्योपादीयमानत्वादित्यर्थात् । विहितत्वं कथं ? इति चेत् ? आहारवद्यतनया संयमोपकारिदेहत्राणार्थत्वादिति भावः ।

---

પ્રથમ પગથીયું–સીડી ચઢવું આવશ્યક છે તેમ પૂર્વપૂર્વનો માર્ગ (સ્થવિરકલ્પાદિ) આચર્યા વગર ઉત્તરોત્તર જિનકલ્પાદિ માર્ગ અસંભવિત હોવાથી પૂર્વપૂર્વ માર્ગના સ્વીકાર અને આચરણ વિના ઉત્તરોત્તર માર્ગની સાધના દૂર ને દૂર જ રહી જાય છે. એટલે જ જે ભોળા લોકો એમ કહે છે કે દિગંબરોનો માર્ગ ઉત્કૃષ્ટ છે, શ્વેતાંબરોનો માર્ગ અપકૃષ્ટ છે એ મુગ્ધજનોની આશંકા પણ પરાસ્ત જાણવી, કારણ કે દિગંબરોને બન્ને માર્ગનો (પૂર્વના અસ્વીકારે ઉત્તરનો પણ) વિલોપ થયો હોવાથી તેઓ તો બેય માર્ગમાંથી ભ્રષ્ટ થએલા છે. ॥૨૨॥

હવે 'વસ્ત્રાદિ ગ્રન્થરૂપ છે' એવી દિગંબરની આશંકાનું નિરાકરણ કરવાને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :–** મુનિઓ વસ્ત્રાદિને મૂર્છા વિના જ ગ્રહણ કરતા હોવાથી તેમ જ દેહપાલન માટે ગ્રહણ કરતા હોવાથી તે ગ્રન્થરૂપ નથી જેમકે એજ રીતે ગ્રહણ કરાતો આહાર... જેમ દેહપાલન માટે યુક્ત આહારને=દોષ રહિતના આહારને ગ્રહણ કરનાર મુનિ વિરાધક નથી તેમ દેહપાલન માટે જ યુક્ત વસ્ત્રપાત્રાદિને ગ્રહણ કરનાર મુનિ વિરાધક નથી...

[ નિર્ગ્રન્થ સાધુઓને વસ્ત્રાદિ ગ્રન્થરૂપ નથી— સચોટ અનુમાન ]

સાધુઓને વસ્ત્રાદિ ગ્રન્થરૂપ બનતા નથી એમાં ગ્રન્થકારે બે અનુમાન આપ્યા છે. (જે અંગેની પ્રવૃત્તિ મૂર્છાથી થતી હોય છે તે વસ્તુ ગ્રન્થ રૂપ બને છે, પણ )

(૧) "જે વસ્તુ અંગેની પ્રવૃત્તિમાં તે વસ્તુપ્રત્યેની મૂર્છા નિમિત્ત તરીકે હોતી નથી તે વસ્ત્રાદિ વસ્તુ ગ્રન્થરુપ બનતી નથી, જેમકે આહાર."

(૨) "જે વસ્તુ દેહપાલન માટે ગૃહીત કરાય છે તે ગ્રન્થરૂપ હોતી નથી, જેમકે આહાર."

**પૂર્વપક્ષ** :–સામાન્યથી ભિન્ન ભિન્ન કાળે મનુષ્ય જે જે ભિન્ન ભિન્ન વસ્તુનું ગ્રહણ કરે છે તેમાં મૂર્છા કારણ હોય છે. અર્થાત્ જે જે વસ્તુ અંગેની મૂર્છા જે જે વખતે પ્રધાન હોય તે તે વખતે તે તે વસ્તુ અંગેની પ્રવૃત્તિ કરે છે. હવે જો વસ્ત્રાદિને મૂર્છા વિના જ ગ્રહણ કરવાના હોય તો એ ગ્રહણ કરવાની ક્રિયામાં કોઇ કારણ નિયામક તરીકે (અર્થાત્ અમુક વખતે અમુક સ્થાને જ ગ્રહણ કરવું ઈત્યાદિ નિયમ કરનાર) ન હોવાથી એ ગ્રહણ અકસ્માત્=ગમે ત્યારે ગમે ત્યાં ગમે તે રીતે થવું જોઈએ, પણ તેમ થતું નથી. તેથી વસ્ત્રાદિનું અકસ્માત્ ગ્રહણ ન થવું એ વસ્ત્રાદિ ગ્રન્થરૂપ ન હોવામાં બાધક છે, એટલે પ્રથમ અનુમાન શિથિલ થઇ જાય છે.

તાત્પર્ય એ છે કે 'વસ્ત્રાદિ જો મૂર્છા વિના જ ગૃહીત થતા હોત તો તે અકસ્માત્ જ ગૃહીત થાત' આ બાધકતર્ક પ્રથમ અનુમાન થવા દેતો નથી. વળી બીજા અનુમાનમાં હેતુ સાધ્યનો વ્યભિચારી છે કારણ કે અવિરતગૃહસ્થાદિ પણ દેહપાલનાદિ માટે જ વસ્ત્રાદિ ધારણ કરે છે અને છતાં તેઓ માટે તે વસ્ત્રાદિ ગન્થરૂપ નથી બનતા એવું નથી. તેથી આ અનુમાન પણ થઇ શકતું નથી.

## [ઉભય અનુમાનની નિર્દોષતાનું સમર્થન]

**ઉત્તરપક્ષ** :–પૂર્વઅનુમાનમાં તમે જે બાધકતર્ક આપ્યો છે એ તર્કના પાયામાં રહેલી વ્યાપ્તિ જ અસિદ્ધ છે અર્થાત્ જે મૂર્છા વિના ગૃહીત થતા હોય તે અકસ્માત્ જ ગૃહીત થાય એવી વ્યાપ્તિ સિદ્ધ નથી. યતિઓને આહારાદિમાં મૂર્છા ન હોવા છતાં કંઈ તે અકસ્માત્ જ ગૃહીત થાય છે એવું નથી એ તમને પણ માન્ય છે. આમ આહારાદિની જેમ વસ્ત્રાદિ પણ અકસ્માત્ ગૃહીત થતા ન હોવા છતાં ગ્રન્થરૂપ ન હોય એવું સંભવિત હોવાથી તમે આપેલ બાધકતર્ક અમારા અનુમાનનો વાળ વાંકો કરી શકતો નથી.

વળી બીજા અનુમાનનો હેતુ પણ અનૈકાન્તિક નથી. કારણ કે ઊંડાણથી વિચારીએ તો 'દેહપાલન માટે ગૃહીત થતાં હોવાથી' એવા હેતુનો 'શાસ્ત્રવિહિત હોઇને ગૃહીત થતાં હોવાથી' એવા અર્થ ફલિત થાય છે. ગૃહસ્થોનું વસ્ત્રાદિ ગ્રહણ કંઈ શાસ્ત્રવિહિત નથી કે જેથી વસ્ત્રાદિનું તેઓ દ્વારા કરાતું ગ્રહણ શાસ્ત્રવિહિત વસ્તુના ગ્રહણરૂપ બને. આમ તેઓનું વસ્ત્રગ્રહણ હેતુસ્વરૂપ ન હોવાથી ત્યાં (ગૃહીત થતાં વસ્ત્રાદિમાં) ગ્રન્થત્વના અભાવ રૂપ સાધ્ય ન હોય તો વ્યભિચાર નથી.

'वस्त्रादिकं ग्रन्थः, मूर्च्छाहेतुत्वात् कनकादिवदि'त्यनेन सत्प्रतिपक्षत्वमिति चेत् ? ग्रन्थत्वमपि मूर्च्छाहेतुत्वं यदि तदा हेतोः साध्याऽविशेषप्रसङ्गः । 'साध्ये हेतुत्वं स्वरूपयोग्यता, हेतौ तु फलोपधानमिति' चेत् ? न, असिद्धव्याप्तिकत्वात् ( ? असिद्धत्वात् ) । 'ग्रन्थव्यवहारविषयत्वं साध्यमिति' चेत् ? व्यवहारो यदि लौकिकस्तर्हि मूर्च्छाहेतुतृणादौ व्यभिचारो, यद्यलौकिकस्तर्हि बाध एव । यदि भयहेतुत्वादिकं ग्रन्थत्वं तदाऽप्रयोजकत्वं, मूर्च्छाहेतुत्वेन भयादिहेतुत्वायोगात् । 'परिग्रहजन्यबन्धहेतुत्वं ग्रन्थत्वमिति' चेत् ? न, बन्धहेतुत्वमात्रस्यैव तत्रौचित्यात्, यत्युपकरणस्याप्यविरतबन्धहेतुत्वेन सिद्धसाधनाच्च । हेतौ साध्ये च य यतीनामित्युपादाने चाऽसिद्धि-बाधौ ।

---

**પ્રશ્ન** :–સાધુઓને વસ્ત્રાદિ વિહિત છે એવું શી રીતે કહો છો ?

**ઉત્તર** :–જેમ યતનાપૂર્વકનું આહારગ્રહણ સંયમ માટે ઉપકારી એવા દેહના રક્ષણ માટે થતું હોવાથી વિહિત છે તેમ વસ્ત્રાદિ પણ તેવા જ હોવાથી વિહિત છે.

## [ મૂર્છાહેતુત્વહેતુક અનુમાનથી સત્પ્રતિપક્ષની આશંકા ]

**પૂર્વપક્ષ** :–છતાં તમારા અનુમાનમાં હેતુ સત્પ્રતિપક્ષ દોષથી દુષ્ટ છે. કારણ કે તમારા અનુમાનની સામે મૂર્છા હેતુતાને હેતુ બનાવી વસ્ત્રાદિમાં ગ્રન્થત્વને સિદ્ધ કરતું અનુમાન ઊભું છે. અર્થાત્ "વસ્ત્રાદિ ગ્રન્થ છે કારણ કે મૂર્છાના હેતુભૂત છે. જેમકે સુવર્ણાદિ" આ અનુમાન તમારા સાધ્યની સિદ્ધિને અટકાવવા દ્વારા વસ્ત્રાદિમાં ગ્રન્થત્વાભાવને સિદ્ધ થવા દેશે નહિ.

**ઉત્તરપક્ષ** :–તમે સાધ્ય તરીકે જેનો ઉપન્યાસ કર્યો છે એ ગ્રન્થત્વ શું છે ? જો એ ગ્રન્થત્વ=મૂર્છાહેતુત્વ કહેશો તો અનુમાનનો આકાર એવો થશે કે 'વસ્ત્રાદિ મૂર્છા હેતુ છે કારણ કે મૂર્છાહેતુ છે' આવા અનુમાનમાં દોષ એ છે કે હેતુ પણ સાધ્યસમાન જ થઈ જવાથી સાધ્યની જેમ પક્ષમાં અસિદ્ધ બની જશે. અને તેથી સ્વસાધ્યને સિદ્ધ કરવામાં અસમર્થ થઈ જશે. જો એ પક્ષમાં સિદ્ધ હશે તો સાધ્ય પણ તેનાથી જુદું ન હોઈને સિદ્ધ જ હોવાના કારણે સિદ્ધ સાધનતા દોષ આવશે.

## (મૂર્છાહેતુત્વહેતુક અનુમાનમાં વિવિધ સંસ્કાર)

**પૂર્વપક્ષ** :–અમારા અનુમાનમાં મૂર્છાહેતુત્વરૂપ જે સાધ્ય છે તેમાં હેતુત્વ સ્વરૂપયોગ્યતારૂપ છે, અને મૂર્છાહેતુત્વ રૂપ હેતુમાં હેતુત્વ ફળોપધાયકતારૂપ છે. અર્થાત્ હવે અનુમાન 'વસ્ત્રાદિ, મૂર્છાનું સ્વરૂપયોગ્ય કારણ છે કારણ કે મૂર્છાનું ફળોપધાયક કારણ છે' એટલે કે 'વસ્ત્રાદિ મૂર્છાત્મક ફળ (કાર્ય)ને ઉત્પન્ન કરે છે તેથી મૂર્છા ઉત્પન્ન કરવા માટે (મૂર્છાનું કારણ બનવા માટે) યોગ્ય છે.' આવું અમારું અનુમાન હોવાથી સાધ્ય અને હેતુ સમાન થવાની આપત્તિ આવતી નથી.

**ઉત્તરપક્ષ** :–(અહીં ગ્રન્થમાં અસિદ્ધવ્યાપ્તિકત્વાત્ એવું પદ મળે છે પણ એ યુક્ત લાગતું નથી કારણ કે 'જે ફળોપધાયક હોય તે સ્વરૂપયોગ્ય હોય જ છે' તેથી અસિદ્ધવ્યાપ્તિકત્વ દોષ આપી શકાતો નથી. તેથી 'અસિદ્ધત્વાત્' પદ યુક્ત સમજીને આ અર્થ લખેલ છે—)

આ રીતે મૂર્ચ્છાહેતુત્વના બે જુદા જુદા અર્થ કરીને પણ તમારું અનુમાન નિર્દોષ બની શકતું નથી કારણ કે વસ્ત્રાદિ, સાધુઓને મૂર્ચ્છાત્મક ફળનું ઉપધાન કરે છે ( અર્થાત્ મૂર્ચ્છા કરાવે છે ) એ વાત અસિદ્ધ હોવાથી હેતુ અસિદ્ધ છે (અહીં જો 'અસિદ્ધવ્યાપ્તિકત્વાત્' પદ જ રાખવું હોય તો મૂર્ચ્છાહેતુત્વના બે અર્થને અરસપરસ બદલી નાખવા. તેથી પૂર્વપક્ષીનું અનુમાન એવું થશે કે 'વસ્ત્રાદિ, મૂર્ચ્છાત્મકફળનું ઉપધાયક છે કારણ કે મૂર્ચ્છાત્મક ફળની ઉત્પત્તિ માટે સ્વરૂપયોગ્ય છે' આવા અનુમાનમાં હેતુ અસિદ્ધવ્યાપ્તિક છે એવો દોષ આપી શકાય છે, કારણ કે જે સ્વરૂપ યોગ્ય હોય તે ફળોપધાયક બને જ એવી વ્યાપ્તિ સિદ્ધ નથી.)

**પૂર્વપક્ષ** :–અમારા અનુમાનમાં ગ્રન્થત્વ=ગ્રન્થવ્યવહારવિષયત્વ સાધ્ય છે તેથી અનુમાન—'વસ્ત્રાદિ ગ્રન્થવ્યવહારના વિષયભૂત છે કારણ કે મૂર્ચ્છાહેતુ છે' આવું થવાથી કોઇ આપત્તિ નથી.

**ઉત્તરપક્ષ** :–વસ્ત્રાદિમાં ગ્રન્થ તરીકેનો જે વ્યવહાર તમારે સિદ્ધ કરવો છે તે લૌકિક છે કે અલૌકિક (લોકોત્તર)? જો લૌકિક હોય તો હેતુ અનૈકાન્તિક છે કારણ કે તૃણાદિ પણ મૂર્ચ્છાના હેતુ છે પણ તેઓને વિશે ગ્રન્થ તરીકેનો વ્યવહાર થતો નથી. જો અલૌકિક હોય તો બાધ દોષ આવશે કારણ કે લોકોત્તર શાસનને પામેલા અમે કંઇ વસ્ત્રાદિ વિશે 'ગ્રન્થ' તરીકેનો વ્યવહાર કરતાં નથી.

**પૂર્વપક્ષ** :–ગ્રન્થત્વ ભયહેતુત્વરૂપ લઈશું અને તેથી અનુમાન—'વસ્ત્રાદિ ભયહેતુ છે કારણ કે મૂર્ચ્છાહેતુ છે.' એવું થશે.

**ઉત્તરપક્ષ** :–તો તમારો હેતુ અપ્રયોજક બનશે. અન્વયવ્યભિચારની શંકાનું નિરાકરણ કરી શકે એવો તર્ક જે હેતુ માટે હાજર ન હોય તે હેતુ અપ્રયોજક કહેવાય છે. તમારો હેતુ પણ એવો જ છે અર્થાત્ જો ક્યાંક તૃણાદિમાં મૂર્ચ્છાહેતુત્વ હોય અને ભયહેતુત્વ ન પણ હોય તો શું વાંધો? આવી શંકા દૂર કરનાર કોઇ તર્ક તમારી પાસે છે નહિ (દંતશોધનિકાદિરૂપ તુચ્છ વસ્તુમાં પણ મૂર્ચ્છા હોવી દેખાય છે તેથી એ વસ્તુ મૂર્ચ્છાહેતુ બને છે પણ તેથી એ ભયહેતુ પણ હોય જ એવો નિયમ સિદ્ધ કરનાર કોઈ તર્ક નથી. એ દંતશોધનિકાદિ કોઇ લૂંટી જશે અને એ માટે સામનો કરીશ તો મને મારશે આવા પ્રકારનો ભય ન હોય એવું પણ સંભવિત છે.)

'येषां मूर्च्छाहेतुत्वं तेषां ग्रन्थ इति वक्तुमभिमतमि'ति चेत्? काममभिमतं नः, येषां कनकादिकं ग्रन्थस्तेषां वस्त्रादेरपि ग्रन्थत्वात्, सामान्यतस्तु कनकयुवत्यादिकं अपि न ग्रन्थः, आहारादिवद् देहार्थत्वात्, यदाह– (वि. आ. भाष्ये २५७२)

[1]आहारोव्व न गन्थो देहट्ठन्ति विसघायणट्ठाए ।
कणगम्पि तहा जुवई, धम्मंतेवासिणी मे त्ति ॥

नन्वेवं ग्रन्थाऽग्रन्थव्यवस्थाविलोपः स्यादिति चेत्? अत्राहुः—

[2]तम्हा किमत्थि वत्थुं गन्थोऽगन्थोव्व सव्वहा लोए ।
गन्थोऽगन्थोव्व मओ, मुच्छममुच्छाइ णिच्छयओ ॥२५७३॥

[3]वत्थाइ तेण जं जं संजमसाहणमरागदोसस्स ।
तं तमपरिग्गहोच्चिय, परिग्गहो जं तदुवघाइ ॥२५७४॥

यद्यपि निश्चयतो मूर्च्छैव ग्रन्थः "[4]मुच्छा परिग्गहो वुत्तो" (श्री दशवै० ६/२१) इति वचनात्, तथाप्यत्र मूर्च्छाजननपरिणतं द्रव्यं ग्रन्थ इति व्यवहारोऽपि विशुद्धतया निश्चयत्वेनोक्तः ।

---

**પૂર્વપક્ષ** :–ગ્રન્થત્વ એટલે પરિગ્રહથી થનાર જે કર્મબંધ, તેનું હેતુત્વ લઈશું. અને તેથી અનુમાન—'વસ્ત્રાદિ, પરિગ્રહજન્ય કર્મબંધનો હેતુ છે કારણ કે મૂર્છા હેતુ છે' આવું થશે.

**ઉત્તરપક્ષ** :–આવા અનુમાનમાં તમારું સાધ્ય વ્યર્થવિશેષણ ઘટિત છે કારણ કે 'બંધહેતુ છે' એટલું જ સિદ્ધ કરીને પણ તમે વસ્ત્રાદિની હેયતાનું પ્રતિપાદન કરી શકો છો. વળી એ અનુમાનમાં સિદ્ધસાધનતા દોષ પણ છે જ કારણ કે સાધુના વસ્ત્રાદિને જોવાથી કોઈ ગૃહસ્થને ગમી જવાના કારણે મૂર્છા થાય તો એનાથી એને કર્મબંધ થાય છે એ વાત પ્રસિદ્ધ જ છે.

**પૂર્વપક્ષ** :–સાધ્ય અને હેતુ બન્નેને 'સાધુસંબંધી' એવું વિશેષણ લગાડવામાં આવે તો સિદ્ધસાધનતા દોષ રહેશે નહિ. એટલે કે 'વસ્ત્રાદિ સાધુને કર્મબંધ થવામાં હેતુભૂત છે કારણ કે સાધુને મૂર્છા થવામાં હેતુભૂત છે' વસ્ત્રાદિ સાધુને કર્મબંધ કરાવે છે એવું કંઇ તમારા મતે સિદ્ધ નથી કે જેથી સિદ્ધસાધનતા દોષ લાગે.

---

१. आहार इव न ग्रन्थो देहार्थमिति विषघातनार्थतया । कनकमपि तथा युवतिर्धर्मान्तेवासिनी ममेति ॥
२. तस्मात्किमस्ति वस्तु ग्रन्थोऽग्रन्थो वा सर्वथा लोके । ग्रन्थोऽग्रन्थो वा मतो मूर्च्छाऽमूर्च्छाभ्यां निश्चयतः ॥
३. वस्त्रादि तेन यद्यत् संयमसाधनमरागद्वेषस्य । तत्तदपरिग्रह एव परिग्रहो यत्तदुपघाति ॥
४. न सो परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा । मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा ॥
न स परिग्रह उक्तो ज्ञातपुत्रेण तायिना । मूर्च्छा परिग्रह उक्त इत्युक्तं महर्षिणा ॥

ननु भवतामपि 'न ग्रन्थः' इति साध्यस्य कोऽर्थः ? इति चेत् ? मूर्च्छाहेतुत्वमिति गृहाण । मूर्च्छया प्रवृत्तिरेव हि पुनः पुनस्तदनुसन्धानजननीं दृढतरवासनां प्रसूते । अथ

**ઉત્તરપક્ષ** :–તો પછી અસિદ્ધિ અને બાધ દોષ આવશે કારણ કે વસ્ત્રાદિથી સાધુને મૂર્ચ્છા થાય છે એ વાત અસિદ્ધ હોવાથી હેતુ અસિદ્ધ છે. વળી મૂર્ચ્છા વિના વસ્ત્રાદિનું ધારણ કર્મબંધ કરાવે એ હકીકત શાસ્ત્રબાધિત છે કારણ કે શીતાદિકાળમાં પ્રતિમાધારી દિગંબર સાધુ પર કોઇ વ્યક્તિ અનુકંપાદિથી કંબલાદિ નાખી દે તો પણ તે કંબલાદિથી તે સાધુને કર્મબંધ થતો નથી તેમજ તેમનું નિર્ગ્રન્થપણું પણ ટકી રહે છે. એવું તમારા આગમથી તમને પણ પ્રસિદ્ધ જ હોવાથી વસ્રાદિ સાધુને કર્મબંધમાં હેતુભૂત છે એ વાત બાધિત છે.

## [ગ્રન્થ–અગ્રન્થનો કોઇ એકાન્ત નિયમ નથી]

**પૂર્વપક્ષ** :–વસ્ત્રાદિ જેઓને મૂર્ચ્છાના હેતુરૂપ બને તેઓને 'ગ્રન્થ' રૂપ છે એવું અમારું તાત્પર્ય છે તેથી અસિદ્ધિ વગેરે દોષો નથી.

**ઉત્તરપક્ષ** :–એ તો અમને ઇષ્ટ જ છે કારણ કે જેઓને કનકાદિ પર મૂર્ચ્છા થવાથી તે ગ્રન્થરૂપ બને છે તેઓને વસ્ત્રાદિ પર પણ જો મૂર્ચ્છા થાય તો તે પણ ગ્રન્થરૂપ બને જ છે. બાકી સામાન્યથી તો દેહ વગેરે માટે ઉપકારી આહારાદિની જેમ સુવર્ણ–યુવતી વગેરે પણ ગ્રન્થરૂપ બનતા નથી. **શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં** પણ કહ્યું છે કે દેહને ઉપકારી હોવાથી જેમ આહારાદિ ગ્રન્થરૂપ નથી તેમ વિષ ઉતારવા દ્વારા દેહ-પાલન માટે ઉપકારી હોવાથી સુવર્ણ ગ્રન્થરૂપ નથી. એમ ધર્માન્તેવાસિની બનેલી યુવતી પણ ગ્રન્થ રૂપ નથી આમ હકીકતમાં કોઇ વસ્તુ સ્વરૂપથી એકાન્તે ગ્રન્થ નથી.

**પૂર્વપક્ષ** :–તો પછી સુવર્ણાદિ અમુક વસ્તુઓ ગ્રન્થ છે અને આહારતૃણાદિ ગ્રન્થ નથી એવી વ્યવસ્થા રહેશે નહિ કારણ કે કોઈ વસ્તુ નિશ્ચયથી ગ્રન્થરૂપ નથી.

**ઉત્તરપક્ષ** :–લોકમાં તેવી કોઇ વસ્તુ નથી જે સર્વથા ગ્રન્થરૂપ જ હોય કે અગ્રન્થ હોય, નિશ્ચયથી તો મૂર્ચ્છા જ ગ્રન્થ છે અને અમૂર્ચ્છા જ અગ્રન્થ છે. તેથી રાગદ્વેષ વિનાના સાધુને વસ્ત્રાદિ જે જે સંયમોપકારી હોય તે તે અપરિગ્રહ જ છે અને જે જે સંયમોપઘાતી હોય તે તે પરિગ્રહ રૂપ છે, આમ આ ગ્રન્થ–અગ્રન્થની વ્યવસ્થા યુક્તિ-સંગત જ છે–વિલુપ્ત નથી–યદ્યપિ 'મુચ્છા પરિગ્ગહો વુત્તો.' એવા **શ્રી દશવૈકાલિક સૂત્રના વચનથી** મૂર્ચ્છાપરિણામ જ નિશ્ચયથી પરિગ્રહ રૂપે કહેવાયો છે છતાં અહીં 'મૂર્ચ્છા ઉત્પન્ન કરવામાં પરિણતદ્રવ્ય ગ્રન્થ છે' એવા આ વ્યવહાર મતને જ વિશુદ્ધ હોવાથી નિશ્ચયરૂપે કહ્યો છે.

**પૂર્વપક્ષ** :–તમે પણ અનુમાનમાં 'વસ્ત્રાદિ ન ગ્રન્થઃ' એવો જે સાધ્યનિર્દેશ કર્યો છે એમાં ગ્રન્થત્વાભાવ રૂપ સાધ્યનો અર્થ શું છે ?

प्रसन्नचन्द्रादीनां प्राथमिकदुर्मुखवचनश्रवणादिप्रवृत्ती रागोपरागविषयोपरागसामग्रीद्वयसमाजादेवोभयोपरागोपश्लिष्टस्वभावेति मूर्च्छाऽजन्या तत् प्रवृत्तिः कथमुत्तरोत्तरमूर्च्छाजननीति चेत् ? न, यौगपद्येऽपि विषयोपरागस्य रागोपरागजन्यत्वात् । मोक्षेच्छादिरूपो रागस्तु न तादृग्रागवासनाजनक इति वह्नेर्दाह्यं विनाश्यात्तुविनाशवद्विषयाभिष्वङ्गवासनां विनाश्य स्वयमपि नश्यतस्ततोऽध्यात्मशुद्धिरिति ध्येयम् । यत्र तु–वस्त्रादिकं न ग्रन्थो मूर्च्छाऽजनकत्वादिति प्रयोगस्तत्र मूर्च्छाऽन्वयव्यतिरेकाननुविधायित्वादित्याद्यर्थो बोध्यः ।

---

**ઉત્તરપક્ષ** :–અમારા અનુમાનમાં ગ્રન્થત્વાભાવનો અર્થ મૂર્ચ્છાનું અહેતુત્વ છે, અર્થાત્ અમારું અનુમાન આવું છે કે—'વસ્ત્રાદિ, મૂર્ચ્છાના હેતુ બનતા નથી કારણ કે મૂર્ચ્છાત્મક નિમિત્તથી અજન્ય પ્રવૃત્તિના વિષય છે જેમકે આહાર'. મૂર્ચ્છાથી થતી પ્રવૃત્તિ જ મૂર્ચ્છાની દૃઢતર વાસનાને ઉત્પન્ન કરે છે જે વાસના ફરી ફરી તેના વિષયનું અનુસંધાન કરાવે છે. આ મૂર્ચ્છાથી વળી નવી પ્રવૃત્તિ થાય છે અને એ પ્રવૃત્તિથી વધુ ગાઢ વાસના અને તેથી સહેજે મૂર્ચ્છા ઉત્પન્ન થાય છે. આમ મૂર્ચ્છાથી થએલ પ્રવૃત્તિ જ ઉત્તરોત્તર મૂર્ચ્છાજનક બને છે. પણ જેનું ગ્રહણ પહેલેથી જ મૂર્ચ્છા વિના થાય છે તે વસ્ત્રાદિ ગૃહીત થયા પછીથી પણ, તેમાં શાસ્ત્રવિહિતત્વનું ભાન હોવાના કારણે, મૂર્ચ્છા કરાવતા નથી. તેથી મૂર્ચ્છા રૂપ નિમિત્ત વિના જ થએલ પ્રવૃત્તિ ઉત્તરોત્તર મૂર્ચ્છાજનક બનતી નથી.

## (પ્રસન્નચંદ્ર રાજર્ષિની પ્રવૃત્તિમાં મૂર્ચ્છાહેતુતાની વિચારણા)

**પૂર્વપક્ષ** :–પ્રસન્નચંદ્ર રાજર્ષિએ દુર્મુખના વચનને સાંભળવાની જે પ્રથમ પ્રવૃત્તિ કરી હતી તે મૂર્ચ્છાથી નહિ. તે તો રાગોપરાગ (રાગનો સંબંધ અર્થાત્ રાગમોહનીયના ઉદયથી આત્માનું રંગાવું તે) અને વિષયોપરાગ (વિષયનો ભાવેન્દ્રિય સાથે સંબંધ થવો તે) રૂપ સામગ્રીથી જ ઉત્પન્ન થએલ હતી, તો મૂર્ચ્છાત્મક નિમિત્ત વિના જ થએલી આ પ્રવૃત્તિ ઉત્તરોત્તર મૂર્ચ્છાને ઉત્પન્ન કરનારી શી રીતે બની? અને મૂર્ચ્છા વિના જ થએલી એ પ્રવૃત્તિ જો ઉત્તરકાળમાં મૂર્ચ્છા પેદા કરી શકતી હોય તો મૂર્ચ્છા વિના પણ ગૃહીત થતાં વસ્ત્રાદિ પછીથી શા માટે મૂર્ચ્છા ન કરાવે?

**ઉત્તરપક્ષ** : પ્રસન્નચંદ્ર રાજર્ષિની દુર્મુખવચન સાંભળવાની પ્રથમ પ્રવૃત્તિને મૂર્ચ્છા વિના જ થએલી માનવામાં તમારો અભિપ્રાય આ છે કે જે વિષયોપરાગ રાગોપરાગજન્ય હોય તે જ મૂર્ચ્છા કહેવાય એ સિવાયનો વિષયોપરાગ મૂર્ચ્છારૂપ હોતો નથી. પ્રસન્નચંદ્રને શબ્દો કાને અથડાવાથી એક સાથે રાગોપરાગ અને વિષયોપરાગ પ્રદીપ્ત થઇ ગયા અને એ બેએજ શબ્દો સાંભળવાની પ્રવૃત્તિ કરાવી. આ વિષયોપરાગ રાગોપરાગજન્ય તો હતો નહિ કારણ કે બન્ને એકસાથે પ્રદીપ્ત થઇ ગયા હતા. તેથી એ વિષયોપરાગ મૂર્ચ્છારૂપ નહોતો અને તો પછી એનાથી થએલ પ્રવૃત્તિ આગળ મૂર્ચ્છાની

ननु द्वितीयहेतौ विहितोपादानं मूर्च्छाऽजनने प्रयोजकमभिमतं, न चैतदभिमतं नः, विहितेऽप्याहारादौ केषांचिद् मूर्च्छासंभवादिति चेत् ? न, यावदप्राप्तं तावद्विधेयमिति न्यायात् संयमपालनार्थसाक्षेपादेवाहारोपकरणादिप्राप्तेर्यतनायां तदनुकूलविशेषनियमे च विधिव्यापारविश्रामात्, न च यतनया प्रवर्त्तमानानां मूर्च्छालेशसंभव इति । एतेन केवलिनो नद्युत्तारानुज्ञाने तदविनाभाविजीवविराधनानुज्ञानमपि दुर्निवारमिति मूर्खप्रलपितं निरस्तम्, यतनायामेव तदनुज्ञाविश्रामाद्, नद्युत्ताराविनाभाविजीवविराधनायास्त्वनाभोगप्रयुक्ताऽशक्य-परिहारेणैव प्राप्तेरिति दिग् ।

---

ઉત્પાદક શી રીતે બની ? પણ તમારો આ અભિપ્રાય ભૂલભરેલો છે કારણ કે જેમ પ્રદીપ અને પ્રકાશ યુગપત્ હોવા છતાં કાર્ય–કારણભાવ ધરાવે છે તેમ યુગપત્ એવા પણ તે વિષયોપરાગ અને રાગોપરાગ વચ્ચે કાર્ય–કારણભાવ હતો જ, તેથી એ વિષયો-પરાગ પણ રાગોપરાગજન્ય જ હોવાથી મૂર્ચ્છારૂપ જ હતો. અને તેથી એનાથી થએલ પ્રવૃત્તિ પણ મૂર્ચ્છાજન્ય જ હોવાથી ઉત્તરોત્તર મૂર્ચ્છાની જનક શા માટે ન બને ?

**પૂર્વપક્ષ** :–સંયમાદિવિષયકપ્રવૃત્તિ મોક્ષેચ્છાદિરૂપ રાગથી થાય છે. તેથી એ પ્રવૃત્તિ પણ ઉત્તરોત્તર દૃઢતરવાસનાને ઉત્પન્ન કરશે અને તો પછી ક્યારેય મોક્ષ થઈ શકશે નહિ.

**ઉત્તરપક્ષ** :–મોક્ષેચ્છાદિસ્વરૂપ રાગ તેવી રાગવાસનાનો જનક ન હોવાથી એવી આપત્તિ આવતી નથી. જેમ અગ્નિ, દાહ્ય (લાકડા વગેરે)નો નાશ કરીને પછી સ્વયં પણ નાશ પામી જાય છે તેમ મોક્ષેચ્છાદિ રૂપ રાગ વિષયો અંગેની રાગવાસનાઓનો નાશ કરીને પછી સ્વયં પણ નાશ પામી જાય છે. અને નાશ પામતા તેનાથી અધ્યાત્મશુદ્ધિ થાય છે એમ સમજવું.

જે કોઈ પૂર્વાચાર્યના ગ્રન્થમાં 'વસ્ત્રાદિ ગ્રન્થ નથી કારણ કે મૂર્ચ્છાજનક નથી' આવો અનુમાનપ્રયોગ છે ત્યાં ગ્રન્થત્વાભાવ એટલે મૂર્ચ્છાજનકત્વાભાવ જ લઈએ તો હેતુ અને સાધ્ય સમાન જ થઈ જવાથી પૂર્વોક્ત દોષો આવે છે તેથી હેતુ તરીકે જે મૂર્ચ્છાજનકત્વાભાવ કહ્યો છે તેનો અર્થ 'મૂર્ચ્છાના અન્વય–વ્યતિરેકને ન અનુસરણ તે' તેવો કરવો, તેથી અનુમાન પ્રયોગ આવો થશે કે, 'વસ્ત્રાદિ મૂર્ચ્છાજનક નથી કારણ કે મૂર્ચ્છાના અન્વય–વ્યતિરેકને અનુસરતા નથી'.

**પૂર્વપક્ષ** :–વિહિત હોવાથી જેનું ધારણ કરવામાં આવે છે તે ગ્રન્થરૂપ બનતું નથી એવા તમારા બીજા અનુમાનમાં વિહિતનું ધારણ મૂર્ચ્છાની અનુત્પત્તિમાં પ્રયોજક તરીકે ફલિત થાય છે જે અમને અભિમત નથી કારણ કે આહારાદિ વિહિત હોવા છતાં તેમાં કેટલાકને મૂર્ચ્છા થાય છે.

## [શાસ્ત્રી। વિધાનોનું લક્ષ્ય યતના]

**ઉત્તરપક્ષ**:–'યાવદપ્રાપ્તં તાવદ્વિધેયમ્' એવો ન્યાય છે. અર્થાત્ જેટલું અન્યથી અપ્રાપ્ત હોય તેટલું જ અધિકૃત વિધાનથી વિહિત થાય છે. જેમકે ગૃહસ્થને ઉચિત ઘરનું વિધાન છે એમાં ગૃહસ્થ છે એટલે કોઈ વિધાન ન હોય તો પણ એ ઘર તો રાખવાનો જ છે. તેથી વિધાન વિના પણ ગૃહ ધારણ તો પ્રાપ્ત જ છે, અપ્રાપ્ત નથી. તેથી એ શાસ્ત્રના વિધાનથી ઘર રાખવાનું વિધાન નથી પણ ઘરમાં ઔચિત્યનું જ વિધાન છે કારણ કે એ વિધાન વિના, "ઘર હોવા છતાં એ ઉચિત જ રાખવું જોઈએ" એ વાત અપ્રાપ્ત છે. એ જ રીતે શાસ્ત્રમાં પણ જે આહારાદિનું વિધાન છે એનાથી આહારાદિ વિહિત થતા નથી કિન્તુ એ આહારાદિ ગ્રહણ કરવામાં રાખવાની જયણા જ વિહિત છે કારણ કે ચારિત્ર ગ્રહણ કર્યા પછી સંયમપાલન કરવું છે તેથી 'દેહનો તરત જ અવશ્ય ત્યાગ કરવાનો છે' એવું તો છે જ નહિ તેથી સંયમપાલન માટે દેહપાલન અને તે માટે આહાર કરવાનું તો અર્થાપત્તિથી જ આક્ષિપ્ત=પ્રાપ્ત છે, કદાચ શાસ્ત્રમાં આહાર અંગેનો કોઈ ઉલ્લેખ જ ન હોત તો પણ સંયમપાલન માટે સાધુઓ તેનું ગ્રહણ કરવાના જ હતા તેથી શાસ્ત્રમાં જ્યાં આહાર અંગેનું વિધાન છે એનાથી પણ આહારગ્રહણ વિહિત થતું નથી કિન્તુ એ આહાર ગ્રહણમાં કેવી કેવી જયણા રાખવી કે જેથી સંયમપાલન થાય તે જ વિહિત થાય છે. તેથી આહાર અંગેના વિધાયક શાસ્ત્રવચનોનો વ્યાપાર પણ યતના કે યતનાને અનુકૂળ જે કાંઈ વિશેષ પ્રવૃત્તિ હોય તેના નિયમનમાં જ વિશ્રાન્ત થઈ જાય છે અર્થાત્ તેનું વિધાન કરીને જ એ વચનો ચરિતાર્થ થઈ જાય છે, અને આગળ આહારાદિનું વિધાન કરતાં નથી તેથી શાસ્ત્રથી તો યતના જ વિહિત છે. એવી યતનામાં પ્રવૃત્ત થનારને એટલે કે યતનાથી આહારાદિમાં પ્રવૃત્ત થનારને કંઈ મૂર્ચ્છાલેશનો પણ સંભવ હોતો નથી જ...

## [નદી ઊતરવાની અનુજ્ઞાનું રહસ્ય]

વળી અપ્રાપ્તનું જ વિધાન હોય છે એવા ન્યાયને અનુસરવાથી જ–'નદી ઊતરવામાં અવશ્ય જીવવિરાધના થાય છે તેથી કેવલીઓએ સાધુને નદી ઊતરવાની જે અનુજ્ઞા આપી છે તેમાં જીવવિરાધનાની પણ અનુજ્ઞા આપેલી ગણાશે'–આવો મૂર્ખાઓનો પ્રલાપ નિરસ્ત જાણવો, કારણ કે નદી ઊતરવામાં જે જયણા રાખવાની છે તેમાં જ કેવલીઓની અનુજ્ઞા ચરિતાર્થ થઈ જાય છે. નદી ઊતરવાથી થનારી જીવવિરાધના તો અનાભોગપ્રયુક્ત અશક્યપરિહારથી પ્રાપ્ત જ છે. અર્થાત્ અનિયતવાસાદિરૂપ પ્રયોજનની હાજરીમાં એ પ્રયોજનની પૂર્ણતા બીજી કોઈ રીતે શક્ય ન હોતે છતે સાધુઓને નદી ઊતર્યા વિના છૂટકો જ ન હતો. એમાં પણ નદીના કોઈ ભાગમાં પાણી અચિત્ત પણ હોય તો ત્યાંથી ઊતરવામાં જીવવિરાધનાથી બચી શકાય છે. પણ છદ્મસ્થ

इत्थं च–'यद्युपधिपरिग्रहो विहितस्तर्हि भूयानेव स श्रेयानात्मोपासनाभ्यासवत्, न तु तस्य स्वल्पता श्रेयस्करी'त्यपि परेषां प्रलापमात्रं द्रष्टव्यम्, आहारादिवदाक्षेपप्राप्तोपधिग्रहणे यतनानुकूलस्वल्पताया एवानुज्ञानात् । अत एव–'यद्युपधिपरिग्रहः श्रेयान् तर्हि जिनकल्पिकादयोऽपि तं न परित्यजेयुरि'त्यसमीक्षिताभिधानं, लब्धिमतां तेषां तत्परिहारस्य शक्यत्वेन संयमानुपकारकस्य तस्य तेष्वप्राप्तेरित्यग्रे वक्ष्यति ।

नन्वाहारवदिति कथं दृष्टान्तो, यतः प्रकाशोपलंभाय प्रदीपपूरणोत्सर्पणयोरिव शुद्धात्मोपलंभप्रसिद्धये हि कषायरहिततया शरीराद्यनुरागादिप्रयुक्ताऽयुक्तिनिवृत्तौ तच्छरीरसंभोजनसङ्खलनयोः प्रवृत्तिर्युक्तेत्युक्तं, तथाहि– (प्रव०सार ३–२६)

[1]इह लोगणिरावेक्खो अप्पडिबद्धो परंमि लोअंमि ।
जुत्ताहारविहारो रहिदकसाओ हवे समणो ।

त्ति, न चैवमुपधौ सम्भव इति चेत् ? न दीपस्य निर्वातस्थलावस्थापनतुल्यस्य धर्मोपकरणादानस्यापि यतनया युक्तत्वात्, यथा हि भोजनादौ संयमसाधनत्वमात्रमस्यैव शरीरानुरागानुबन्धित्वं निवर्त्तते तथात्रापीति तुल्यम् ॥२३–२४॥

---

સાધુઓને 'અહીં' પાણી અચિત્ત છે' આવો આભોગ (બોધ) ન હોવાથી સચિત્ત પાણીમાં થઈને પણ નદી ઊતરવી પડે છે. તેથી નદીમાં ઊતરવાનો પરિહાર અશક્ય હોવાથી અને અનાભોગ હોવાના કારણે જીવવિરાધનાનો પરિહાર પણ અશક્ય હોવાથી આવી અનાભોગપ્રયુક્ત જીવવિરાધના તેઓને પ્રાપ્ત જ હતી–સાધુઓને કરવી જ પડે તેમ હતી. તેથી નદી ઊતરવાની જે અનુજ્ઞા છે તે તો માત્ર ઊતરવામાં પણ જયણા રાખીને શી રીતે સંયમ પાલન કરવું તેમાં જ પર્યવસિત થવાથી કેવળીઓની જીવ-વિરાધનામાં અનુજ્ઞા છે એવું કહેવાય નહિ.

## [સાધુને અલ્પ ઉપધિ રાખવાનું વિધાન]

**પૂર્વપક્ષ** :–જેમ આત્મોપાસનાનો અભ્યાસ વિહિત હોવાથી વધુ ને વધુ કરવો હિતાવહ છે, અલ્પ કરવો હિતાવહ નથી તેમ ઉપધિનું પરિગ્રહણ પણ વિહિત હોવાથી તે વધુ ને વધુ રાખવામાં જ હિત થશે, અલ્પ રાખવામાં નહિ.

**ઉત્તરપક્ષ** :–આ પણ તમારો પ્રલાપમાત્ર છે ઉપધિપરિગ્રહ તો વિહિત જ નથી કારણ કે ઉપધિપરિગ્રહ પણ પ્રાપ્ત જ હોવાથી શાસ્ત્રવચનથી તો તેમાં યતના અને યતનાનુકૂળ વિશેષતાઓ શી રીતે રખાય તેનું જ વિધાન છે. તેથી યતનાને અનુકૂળ અલ્પતામાં જ અનુજ્ઞા પર્યવસિત થાય છે. તેથી જ 'જો ઉપધિપરિગ્રહથી કલ્યાણ થતું હોય તો તો જિનકલ્પિકાદિએ પણ તેઓનો ત્યાગ કરવો ન જોઈએ' એ વચન પણ વિચાર વિનાનું છે, લબ્ધિવાળા તેઓને ઉપધિપરિહાર પણ શક્ય હોવાથી–એ

---

१. इहलोक निरपेक्षः अप्रतिबद्धः परस्मिन् लोके । युक्ताहारविहारो रहितकषायो भवेत् श्रमणः ॥

अथ यावत्याहारविहारयोर्युक्तत्वसामग्री तावती धर्मोपकरणेऽप्यबाधितेत्युपदर्शयति–

**अणसणसहावजोगा जह असणं अणसणन्ति जुत्तमिणं**
**जुत्तं तह वत्थाई सहावओऽतप्परिणयस्स ॥२५॥**

( अनशनस्वभावयोगात् यथाऽशनमनशनमिति युक्तमिदम् । युक्तं तथा वस्त्रादि, स्वभावतोऽतत्परिणतस्य ॥२५॥)

પરિહાર કરીને પણ સંયમપાલન શક્ય હોવાથી તે પરિગ્રહ તેઓ માટે સંયમોપકારક બનતો નથી તેથી તેઓને એ પ્રાપ્ત જ ન હોવાથી કલ્યાણકારી શી રીતે બની શકે ? ઈત્યાદિ અમે આગળ કહીશું.

## [આહારની માફક ઉપધિ બિનજરૂરી હોવાની શંકા]

**પૂર્વપક્ષ** :–તમારા અનુમાનમાં તમે આહારનો દૃષ્ટાન્ત તરીકે ઉલ્લેખ કરો છો એ યુક્ત નથી. જેમ પ્રકાશોપલંભ માટે પ્રદીપમાં તેલ પૂરવું પડે છે તેમજ એક સ્થાનેથી બીજે સ્થાને તેને લઇ જવો પડે છે તેમ શુદ્ધાત્મોપલંભ થાય એ માટે શરીરાદિના અનુરાગથી પ્રયુક્ત એવી અયુક્તતા (અસંગતિ) વિના કરાતી શરીર સંબંધી ભોજન ક્રિયા તથા ગમનાગમનક્રિયા યુક્ત છે. અર્થાત્ આહાર–વિહારપ્રવૃત્તિ કરવી યુક્ત છે, **પ્રવચનસારમાં** કહ્યું છે કે–આ લોકની ભોગસામગ્રીઓ વિશે નિરપેક્ષ અને પરલોક સંબંધી સુખો વિશે પણ અપ્રતિબદ્ધ હોવાથી કષાયરહિત એવો સાધુ યુક્તાહાર-વિહારવાળો થાય. અર્થાત્ નિર્દોષ–પ્રાસુક આહારવિહારવાળો થાય.” પણ ઉપધિની પ્રવૃત્તિ કંઇ શુદ્ધાત્મોપલંભમાટે આવશ્યક નથી કે જેથી એ આહારની જેમ વિહિત બને, અહીં ખ્યાલ રાખવો કે કષાયરહિતતા હોવાના કારણે શરીરાદિ પરનો અનુરાગ ન હોવાથી શરીરના પાલનમાં દોષિત ભિક્ષાદિના સેવનરૂપ અયુક્તતાની નિવૃત્તિ થઈ શકે છે.

## [ શુદ્ધાત્મ-ઉપલમ્ભમાં ધર્મોપકરણ પણ જરૂરી–ઉત્તર]

**ઉત્તરપક્ષ** :–જેમ પ્રકાશોપલંભ માટે દીવામાં તેલ પૂરવું અને સ્થાનાંતર કરવું આવશ્યક છે તેમ પવન વિનાની જગાએ તેનું સ્થાપન કરવું પણ આવશ્યક છે જ. એજ રીતે ધર્મોપકરણનું યતનાપૂર્વક ગ્રહણાદિ કરવું પણ શુદ્ધાત્મોપલંભ માટે આવશ્યક હોવાથી યુક્ત જ હોવાના કારણે આહારનો દૃષ્ટાન્ત તરીકે ઉલ્લેખ અયોગ્ય નથી.

**પૂર્વપક્ષ** :–શીતાદિથી શરીરનું રક્ષણ કરવા માટે વસ્ત્રાદિ ઉપધિ રાખવામાં તો શરીર પરનો અનુરાગ પુષ્ટ થતો હોવાથી ઉપધિપરિગ્રહ અયુક્ત જ છે. જ્યારે ભોજનાદિની પ્રવૃત્તિ ‘ભોજન, દેહપાલન કરવા દ્વારા સંયમનું ઉપકારી છે’ આવી બુદ્ધિથી જ થતી હોવાથી શરીરાનુરાગનું કારણ બનતી નથી અને તેથી યોગ્ય છે.

यथा हि संयतस्य सकलकालमेव सकलपुद्गलाहरणशून्यमात्मानमवबुध्यमानस्य सकलाशनतृष्णाशून्यतयान्तरङ्गतपःस्वरूपानशनस्वभावभावनासिद्धये एषणादोषशून्यान्यद्भैक्ष्याचरणेऽपि साक्षादनाहारता, तदुक्तं (प्रव०सार ३-२७) [1]जस्स अणेसणमप्पा तंपि तओ तप्पडिच्छगा समणा । अण्णं भिक्खमणेसणमध ते समणा अणाहारा ॥ तथैवास्य सर्वकालमेव सकलपरद्रव्यपरिग्रहशून्यमात्मानमवबुद्ध्यमानस्य सकलमूर्च्छारहिततयान्तरङ्गाऽपरिग्रहस्वभावभावनाप्रसिद्धये दोषशून्यमुपकरणं प्रतिगृह्णतोऽपि कुतो न साक्षादपरिग्रहता ? इति क एष पक्षपातः ? फलेच्छामात्रेणानिष्टनिरुत्सामात्रेण वा प्रवृत्तावप्यतृष्णापरिणामेन तृष्णातिरोधाहंनादकारममकाराभावस्योभयत्र तुल्यत्वात् ॥२५॥

**ઉત્તરપક્ષ :** ધર્મોપકરણ વિશે પણ તેવી જ સંયમ સાધનતાબુદ્ધિથી પ્રવૃત્તિ થતી હોવાથી શરીરાનુરાગ પોષાતો નથી અને તેથી એ પણ યુક્ત જ છે. ॥૨૩-૨૪॥

આહાર-વિહાર સંયમ માટે યુક્ત છે એવું જણાવવા જેટલી અનુમાનાદિ સામગ્રી છે તે બધી ધર્મોપકરણ વિશે પણ તેવી યુક્તતા જણાવવામાં અબાધિત જ છે એવું જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે–

**ગાથાર્થ** :–આત્માના અનશનસ્વભાવની ભાવનાના કારણે જેમ સાધુને અશન પણ અનશન રૂપ બની જતું હોવાથી યુક્ત છે તેમ આત્માની પરદ્રવ્ય પરિગ્રહ શૂન્યતા રૂપ સ્વભાવની ભાવનાના કારણે મૂર્છારૂપે પરિણત ન થએલા સાધુને વસ્ત્રાદિ અપરિગ્રહ રૂપ જ રહેતા હોવાથી યુક્ત જ છે.

## [અનાહારીપણાની જેમ અપરિગ્રહતા ન્યાયસંગત]

મારો આત્મા સર્વકાલ માટે સકલપુદ્ગલોના આહારથી રહિત જ છે આવું જાણતો સાધુ સકલ અશનસંબંધી તૃષ્ણા વિનાનો બનવાથી અનશનસ્વભાવવાળો બને છે. આ જ એનો 'અનશન' નામનો અંતરંગ તપ છે. આવા સ્વભાવને ભાવવા અને તે સ્વભાવને સિદ્ધ કરવા માટે જેઓ એષણાસંબંધી દોષોથી રહિત અને આત્મસ્વરૂપથી ભિન્ન એવી ભિક્ષાને આદરે છે તેઓ હકીકતમાં અનાહારી જ છે. પ્રવચનસારમાં પણ કહ્યું છે કે—"જે મુનિનો આત્મા અનેષણ છે અર્થાત્ 'પોતે અનાહારી છે' ઇત્યાદિરૂપ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી જેને આહારસંબંધી કોઈ એષણા-ઇચ્છા રહી નથી, તેનો આ અનાહારસ્વભાવ જ નિશ્ચયથી અંતરંગ તપ છે. આ અંતરંગતપને ઇચ્છતા સાધુઓ, તેને જ સિદ્ધ કરવા, પોતાના શુદ્ધાત્મસ્વભાવથી ભિન્ન અને એષણાસંબંધી દોષ વિનાના આહારના એષણ (ગવેષણ-આહરણ) રૂપ ભિક્ષા કરતા હોવા છતાં આહારાદિ રૂપ પરભાવ અંગે પ્રતિબંધ ન હોવાથી સાક્ષાત્ અનાહારી જ છે."–આમ આહારકરનારા પણ શ્રમણોને જેમ તમે નિરાહાર માનો છો તેમ જેઓ 'આત્મા હંમેશ

1. यस्यानेषण आत्मा तदपि तपः तत्प्रत्येषकाः श्रमणाः । अन्यद्भैक्षमनेषणमथ ते श्रमणा अनाहाराः ॥

एवं च यतीनां निर्दोषमाहारमनाहारं मन्वानस्यापि वस्त्रादिमतः कथमचेलत्वम् ? इति पर्यनुयोगोऽविचारितोपन्यस्त एवेत्याह—

**एवं च सचेलाणं, कह सुत्तुत्तं भवे अचेलत्तं ?।**
**इय पभणंतस्स तुहं, को णियघररक्खणोवाओ ॥२६॥**

(एवं च सचेलानां कथं सूत्रोक्तं भवेदचेलत्वम् । इति प्रभणतस्तव, को निजगृहरक्षणोपायः ॥२६॥)

यो हि भावतोऽनाहारमात्मानं द्रव्यतो भुञ्जानमेव मन्यते स खलु भावतो निष्परिग्रहेऽपि द्रव्यतो धर्मोपकरणधारिणि कथं सचेलतां पर्यनुयुञ्जीत ? इतश्च 'जिताचेलपरीषहो मुनिरि'ति सूत्रमपि सुव्यवस्थितम् ॥२६॥

यदि तु सर्वथा चेलपरित्यागेनैवाचेलपरीषहविजयो नान्यथेति ते मतिस्तर्हि सर्वथाहारपरित्यागेनैव क्षुत्परीषहविजय इति दीक्षामारभ्यैव दिगम्बरस्य यावज्जीवमनशनमापतितमिति महत्कष्टमायुष्मत इत्यनुशास्ति--

---

સકલપરદ્રવ્યપરિગ્રહ વિનાનો છે' એવું જાણે છે તે મહાત્માઓ સકલમૂર્ચ્છારહિત રૂપ અતરંગઅપરિગ્રહસ્વભાવને ભાવવા અને સિદ્ધ કરવા માટે નિર્દોષ ઉપકરણને ગ્રહણ કરે તો પણ પરમાર્થથી અપરિગ્રહી કેમ ન કહેવાય ? આહારાદિ હોવા છતાં અનશની માનવા છે અને ધર્મોપકરણની હાજરીમાં અપરિગ્રહી માનવા નથી એ તમારો કઇ જાતનો પક્ષપાત છે ? સંયમપાલન અને પરંપરાએ મોક્ષરૂપ ફળની ઇચ્છામાત્રથી અથવા તો દેહનાશ થઇ જવામાં સંયમનાશ પણ થઇ જવા રૂપ સંભવિત અનિષ્ટને અટકાવવાની ઇચ્છામાત્રથી આહારાદિમાં પ્રવૃત્તિ હોવા છતાં, અતૃષ્ણાપરિણામથી તૃષ્ણાપરિણામ રૂંધાઈ ગયો હોવાથી, અહંકાર–મમકારભાવ હોતો નથી અને તેથી અનાહારી કહેવાય છે એવું જો તમે કહેશો તો એ બધી વાત ધર્મોપકરણ વિશે પણ સમાન જ છે. ॥૨૫॥

**[વસ્ત્ર રાખે તે અચેલક શી રીતે ? એવો પ્રશ્ન અસ્થાને]**

આમ યતિઓના નિર્દોષ આહારને અનાહાર માનતા એવા પણ દિગંબરનો 'વસ્ત્રાદિસહિતના સાધુઓને અચેલ શી રીતે કહેવાય ?' એવો પ્રશ્ન તો વિચાર કર્યા વિના જ કરાયેલો છે એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–આમ સચેલસાધુઓને સૂત્રોક્ત અચેલત્વ શી રીતે હોય ? એવું બોલતાં તમારે પોતાના ઘરને બચાવવાનો કયો ઉપાય છે ?

જે તૃષ્ણા વિના આહાર કરનાર સાધુને ભાવથી અનાહારી માને છે એ મૂર્ચ્છા વિના ધર્મોપકરણને ધરનારા સાધુ વિશે 'આ સચેલ છે, અચેલ નથી' એવું શી રીતે કહી શકે ? વળી વસ્ત્રાદિનો ઉપભોગ હોવા છતાં તેમાં મૂર્ચ્છા ન કરવી એજ અચેલ પરીષહનો વિજય હોવાથી 'મુનિ જિતાચેલપરીષહ હોય છે' એવું જણાવનાર સૂત્ર પણ અમારા મતે યુક્તિસંગત થઇ જાય છે. ॥૨૬॥

जइ चेलभोगमेत्ता ण जियाचेलक्कपरिसहो साहू ।
भुञ्जन्तो अजियखुहापरीसहो तो तुमं पत्तो ॥२७॥

(यदि चेलभोगमात्रान्न जिताचेलक्यपरीषहः साधुः । भुञ्जानोऽप्यजितक्षुधापरीषहस्तत्त्वं प्राप्तः ॥२७॥)

यथा हि तीव्रक्षुद्वेदनोदयेऽप्येषणादिदोषदुष्टमाहारमगृह्णतस्तद्दोषरहितमाहारमुपलभ्य च विधिना क्षुद्वेदनां प्रतिकुर्वतः क्षुत्परीषहविजयो, न तु सर्वथाऽऽहाराग्रहणेन, निरुपमधृति संहननानां जिनानामपि तदजेतृत्वप्रसङ्गात्; तथा शीतादिवेदनाभिभूतेनापि साधुना दोषदुष्टोपधित्यागेन दोषरहितोपधिपरिभोगेन च तत्प्रतीकारादाचेलक्यपरीषहविजयः कृतो भवति, न तु सर्वथा तत्परित्यागेन, न्यायस्य समानत्वात् ।

अथ क्षुद्वेदनाद्याकुलताप्रतिपक्षः सामायिकरूपस्थिरतापरिणाम एव निश्चयतः परीषहविजयस्तदुक्तं 'द्रव्यसङ्ग्रहवृत्तौ—"तेषां क्षुधादिवेदनानां तीव्रोदयेऽपि सुखदुःखजीवित मरणलाभालाभनिन्दाप्रशंसादिसमतारूपपरमसामायिकेनाऽनवरतशुभाशुभकर्मसंवरणचिरन्तनशुभाशुभकर्मनिर्ज्जरणसमर्थेन यन्निजपरमात्मभावनासञ्जातनिर्विकारनित्यानन्दैकलक्षणं सुखामृतसंवित्तेरचलनं स परीषहविजयः" इति चेत्? तथापि तदुपष्टम्भकाहारादिप्रवृत्तिरिवाचेलक्यपरीषहविजयरूपापरिग्रहस्वभावभावनोपष्टंभकधर्मोपकरणप्रवृत्तिः किमिति न युक्ता? इति ॥२७॥

## [દિગંબરમતમાં જિંદગી પર્યંત ભૂખ્યા રહેવાની આપત્તિ]

જો 'વસ્ત્રના સર્વથા ત્યાગ કરવા વડે જ અચેલપરીષહ જીતાય' એવો તમારો અભિપ્રાય હોય તો તો ક્ષુત્પરીષહ પણ સર્વથા આહારત્યાગથી જ થઈ શકે એમ પણ તમારે માનવું જોઈએ. તેથી દીક્ષાથી માંડીને જ દિગંબરે યાવજ્જીવનું અનશન સ્વીકારવું જોઈએ એવું માનવાનું તમારે મહાકષ્ટ આવી પડશે એવી હિતશિક્ષા આપતાં ગ્રન્થકારશ્રી કહે છે–

**ગાથાર્થ :–** વસ્ત્રોપભોગ હોવા માત્રથી સાધુ જિતાચેલપરીષહ નથી એમ માનશો તો તમારે આહાર કરતો સાધુ જિતક્ષુધાપરીષહ નથી એવું પણ માનવું પડશે.

નિરૂપમ ધૃતિ અને સંઘયણને ધારનારા જિનેશ્વરોએ પણ ક્ષુત્પરીષહ જીત્યો નથી એવું માનવાની આપત્તિ આવતી હોવાથી જેમ 'સર્વથા આહારનો ત્યાગ કરવો એ જ ક્ષુત્પરીષહવિજય છે' એવું મનાતું નથી પણ 'તીવ્ર ભૂખ લાગી હોય ત્યારે પણ અનેષણાદિદોષદુષ્ટઆહારનો પરિહાર કરી દોષ રહિત આહાર મેળવી વિધિપૂર્વક ક્ષુદ્વેદનાનો પ્રતિકાર કરવો' એ જ ક્ષુત્પરીષહવિજય છે તેમ શીતાદિવેદનાથી અભિભૂત થવા છતાં દોષદુષ્ટઉપધિનો પરિહાર કરી નિર્દોષોપધિ દ્વારા તે વેદનાનો પ્રતીકાર કરવો એ જ અચલપરીષહનો વિજય છે, નહિ કે વસ્ત્રાદિનો સર્વથા ત્યાગ કરવો એ જ...કારણ કે ન્યાય બધે સમાન રીતે જ લાગુ પડતો હોય છે.

---

૧. ગાથા નં. ૩૫ ની વૃત્તિમાં.

अथैवंविधधर्मोपकरणधारिणां न केवलं निश्चयतोऽपि तु व्यवहारतोऽप्यचेलत्वमित्यनुशास्ति—

जह जलमवगाहन्तो भण्णइ चेलरहिओ सचेलो वि।
तह थोवजुण्णकुत्थियचेला वि अचेलया साहू ॥२८॥

( यथा जलमवगाहमानो भण्यते चेलरहितः सचेलोऽपि । तथा स्तोकजीर्णकुत्सितचेला अप्यचेलकाः साधवः ॥२८॥)

यथाहि कटीवस्त्रेण वेष्टितशिरसोपि जलावगाढपुरुषस्य तथाविधपरिभोगप्रकारनेपथ्याद्यभावादचेलकत्वव्यवहारस्तथा कच्छाबन्धाभावात् कूर्पराभ्यामग्रभाग एव चोलपट्टधारणात्, मस्तकस्योपरि प्रावरणाद्यभावाच्च लोकरूढप्रकारादन्यप्रकारेण परिभोगात् तथाविधनेपथ्याभावाच्च सचेला अपि मुनयोऽचेला व्यवह्रियन्त इति भावः ॥२८॥

### [ પરિષહવિજયનું સ્વરૂપ ધર્મોપકરણપ્રવૃત્તિથી અબાધિત ]

**પૂર્વપક્ષ** :-ભૂખ વગેરેની પીડા ઊભી થવાથી આકુળતા થાય છે. આવી આકુળતાનો પ્રતિપક્ષી સામાયિકાત્મકસ્થિરતાપરિણામ જાળવી રાખવો એ જ નિશ્ચયથી પરિષહવિજય છે તમે કહ્યો એવો પ્રતીકાર નહિ. **દ્રવ્યસંગ્રહની વૃત્તિમાં** કહ્યું છે કે સાધુઓને તીવ્ર ક્ષુધા લાગી હોવા છતાં, સુખ–દુઃખ, જીવિત–મરણ, લાભ–અલાભ,-નિંદા–પ્રશંસાદિ વિશે સમતા રૂપ પરમ સામાયિક કે જે નિરંતર નવા બંધાતા શુભ–અશુભ કર્મોને અટકાવવામાં અને જૂના બંધાએલા શુભ–અશુભ કર્મોની નિર્જરા કરવામાં સમર્થ હોય છે તેનાથી પોતાને વિશે જ પરમાત્મપણાની ભાવનાથી નિર્વિકાર એવો નિત્યઆનંદ ઉત્પન્ન થાય છે. આવા નિત્ય આનંદ રૂપ જે સુખામૃત સંવેદનની નિશ્ચલતા ઊભી થાય છે તેજ પરીષહ વિજય છે. અર્થાત્ તેવા નિર્વિકાર નિત્ય આનંદનું સંવેદન રહ્યા કરવું એ જ પરિષહવિજય છે.

**ઉત્તરપક્ષ** :–છતાં પણ જેમ ક્ષુધાદિવેદનાની હાજરીમાં પણ તેવી ક્ષુત્પરિષહવિજયરૂપ અનાહાર ભાવના જાળવી રાખવામાં ઉપષ્ટંભક હોવાથી આહારાદિ વિશે પ્રવૃત્તિને તમે યુક્ત માનો છો તેમ શીતાદિ વેદના હોવા છતાં પણ તેવો સમતાભાવ જાળવી રાખી પોતાની અચેલપરીષહવિજયરૂપ અપરિગ્રહસ્વભાવની ભાવનાની ઉપષ્ટંભક ધર્મોપકરણપ્રવૃત્તિ પણ યુક્ત કેમ ન થાય?

### [ ધર્મોપકરણની હાજરીમાં વ્યવહારનયથી પણ અચેલકતા ]

વળી પરિમિત, જીર્ણપ્રાય, નિર્દોષ અને પરીષહવિજય કરવામાં ઉપષ્ટંભક એવા ધર્મોપકરણને મૂર્ચ્છાવિના ધારણ કરનારા સાધુઓ નિશ્ચયથી જ અચેલ છે એવું નથી કિન્તુ વ્યવહારથી પણ અચેલ જ છે એવું જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે—

**ગાથાર્થ** :–નદી પાર કરતો સવસ્ત્ર પણ માણસ અલ્પવસ્ત્રાદિ હોવાના કારણે જેમ નિર્વસ્ત્ર કહેવાય છે તેમ અલ્પ, જીર્ણ અને કુત્સિત (મૂલ્યવિહીન) વસ્ત્રવાળા સાધુઓ પણ અચેલ કહેવાય છે.

एवमुपचरितव्यवहाराच्छेषसाधव इत्युक्तं, निरुपचरितव्यवहारात्तु देवदूष्यवस्त्रापगमे भगवन्त एव संभवन्तीति विभजते—

**उवयारेण अचेला सेसमुणी सव्वहा जिणिन्दा य ।**
**खंधाओ देवदूसं चवइ तओ चेव आरब्भ ॥२९॥**

( उपचारेणाचेलाः शेषमुनयः सर्वथा जिनेन्द्राश्च । स्कन्धाद्देवदूष्यं च्यवते तत एवारभ्य ॥२९॥ )

भगवन्तो हि वस्त्रपात्रकार्यकारिलब्धिभाजो निरुपमधृतिसंहननाश्चतुर्ज्ञानातिशययुक्ता विनाऽपि वस्त्रपात्रादिकं संयमं निर्वोढुं क्षममाणा न कारणाभावात् तदुपादत्ते । केवलं सवस्त्रपात्रो धर्मं प्ररूपणीय इति देवेन्द्रेण स्कन्धाहितं देवदूष्यमादाय निष्क्रामन्तीति देवदूष्यवस्त्रावस्थितिं यावत्तेप्युपचारतोऽचेलास्ततः परं मुख्यया वृत्त्येति तत्त्वम् ।

जिनकल्पिकस्वयम्बुद्धादयस्तु सर्वकालमुपचरिताऽचेला एव, उपधिद्वयस्य सर्वदा भावात् । अत एव तानुद्दिश्यायमुपधिविभागः "[1]दुगतिगचउक्कपणगं, णव दस इक्कारस वे बारसगं । एए अट्ठविगप्पा, जिणकप्पे हुंति उवहिस्स" ॥ [निशीथभाष्य–१३९१] इतिवचनोक्तो द्रष्टव्यः । तत्र रजोहरणं मुखवस्त्रिका चेति द्विविध उपधिः केषांचिद्, अन्येषां तु कल्पेन सह त्रिविधः, कल्पद्वयेन तु सह चतुर्विधः, कल्पत्रयेण सह पञ्चविधः शक्तिवैचित्र्यात् पात्रमात्रविषयकलब्धिभाजां द्रष्टव्यो । येषां तु वस्त्रमात्रविषयिणी लब्धिस्तेषां रजोहरणं–मुखवस्त्रिका,

"[2]पत्तं पत्ताबन्धो पायट्ठवणं च पायकेसरिया ।

કટિવસ્ત્ર ભીનું ન થાય એ માટે એને માથે વીંટાળીને જળનું અવગાહન કરતો માણસ સવસ્ત્ર હોવા છતાં સામાન્યથી લોકોમાં વસ્ત્રનો જે રીતે પરિભોગ થાય છે તે રીતે પરિભોગવાળો ન હોવાથી તેમજ તેવા પ્રકારના નેપથ્યાદિ ન હોવાથી જેમ અચેલ કહેવાય છે તેમ સાધુઓ પણ ચોલપટ્ટાદિને ધારતાં હોવા છતાં અચેલ કહેવાય છે. સાધુઓ કોણીના અગ્રભાગથી ચોલપટ્ટાને ટેકવી રાખે છે, મસ્તક ઉપર કોઈ પ્રાવરણ રાખતા નથી. આમ લોકમાં રૂઢ પ્રકારથી અન્ય રીતે જ વસ્ત્રનો પરિભોગ કરતા હોવાથી તેમજ તેઓનો લોકપ્રચલિત પહેરવેશ ન હોવાથી અચેલ તરીકે તેઓનો વ્યવહાર થાય છે.

### [ દેવદૂષ્ય અપગમ બાદ તીર્થંકરોની અચેલતા ]

આમ ઉપચરિત વ્યવહારથી સામાન્ય સાધુઓ પણ અચેલ છે એમ કહ્યું, અનુપચરિત વ્યવહારથી તો દેવદૂષ્ય ચાલી ગયા પછી શ્રી જિનેશ્વરો જ અચેલ હોય છે તેવો વિભાગ દર્શાવતા ગ્રન્થકારશ્રી કહે છે—

१. द्विकत्रिकचतुष्कपञ्चकं नवदशैकादश वै द्वादशकम् । एतेऽष्टविकल्पा जिनकल्पे भवन्त्युपधेः ॥
२. पात्रं पात्रबन्धः पात्रस्थापनं च पात्रकेसरिका । पटलानि रजस्त्राणं च गोच्छकः पात्रनिर्योगः ॥

पडलाइ रयत्ताणं च गोच्छओ पायनिज्जोगो ।। [निशीथभाष्य १३९३] इति गाथयोक्तः सप्तविधः पात्रनिर्योग इत्येवं नवविध उपधिः, तदुभयविषयकलब्धिरहितानां च यथाशक्ति कल्पेन सह दशविधः, कल्पद्वयेन सहैकादशविधः, कल्पत्रयेण तु समं द्वादशविध उपधिर्ज्ञेय इति ।।२९।।

---

**ગાથાર્થ** :– ખભા પરથી દેવદૂષ્ય ચાલ્યું ગયા પછી જ શ્રી જિનેન્દ્રો સર્વથા અચેલ હોય છે. શેષ મુનિઓ તો ઉપચારથી જ અચેલ હોય છે.

શ્રી અરિહંતો વસ્ત્રપાત્રથી સાધ્ય કાર્યને તે વિના પણ કરવાની લબ્ધિવાળા હોય છે, અનુપમ ધૃતિવાળા હોય છે, અતિશયિત ચાર જ્ઞાનવાળા હોય છે. તેથી વસ્ત્રપાત્રાદિ વિના પણ સંયમનું વહન કરવામાં સમર્થ હોવાથી તેઓને તે ગ્રહણ કરવાનું કોઇ પ્રયોજન હોતું નથી, છતાં પોતાને વસ્ત્ર-પાત્રવિશિષ્ટ ધર્મની પ્રરૂપણા કરવાની છે એવું વિચારીને દેવેન્દ્ર વડે ખભા પર મૂકાએલ દેવદૂષ્યને સ્વીકારીને શ્રી જિનેશ્વરો દીક્ષા લે છે. તેથી જ્યાં સુધી એ વસ્ત્ર ખભા પર હોય છે ત્યાં સુધી તેઓ પણ ઉપચારથી જ અચેલ કહેવાય છે. જ્યારે કારણવશાત્ એ દેવદૂષ્ય ત્યાંથી પડી જાય છે ત્યારથી માંડીને પછી તેઓ અનુપચરિત રીતે અચેલ બને છે આ વસ્તુસ્થિતિ છે.

ઓછામાં ઓછી બે પ્રકારની ઉપધિ હંમેશા હોવાના કારણે જિનકલ્પિક અને સ્વયંબુદ્ધાદિ સાધુઓ તો ઉપચારથી જ અચેલ કહેવાય છે. તેઓને ઉદ્દેશીને આવો ઉપધિવિભાગ કહ્યો છે—

### [ જિનકલ્પીને આઠ વિકલ્પે ઉપધિ સ્વીકાર ]

'જિનકલ્પમાં બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગ્યાર કે બાર એ પ્રમાણે ઉપધિના આઠ વિકલ્પો હોય છે.

અહીં દ્વિવિધ ઉપધિ = રજોહરણ + મુહપત્તિ
ત્રિવિધ ઉપધિ = ઉપરોક્ત બે + એક કપડો
ચતુર્વિધ ઉપધિ= ઉપરોક્ત બે + બે કપડા
પંચવિધ ઉપધિ= ઉપરોક્ત બે + ત્રણ કપડા

જેઓને માત્ર પાત્રસંબંધી લબ્ધિ હોય છે તેઓને પોતપોતાની શક્તિમુજબ ઉપધિના આ પ્રકારો હોય છે. જેઓને માત્ર વસ્ત્રવિષયક લબ્ધિ હોય છે તેઓને નવવિધ ઉપધિ હોય છે.

નવવિધ ઉપધિ = રજોહરણ + મુહપત્તિ + ૭ પ્રકારનો પાત્રનિર્યોગ. વસ્ત્ર કે પાત્ર સંબંધી લબ્ધિ વિનાના મહાત્માને પોતપોતાની શક્તિમુજબ નીચેના વિકલ્પો હોય છે–

દશવિધ ઉપધિ = ઉપરોક્ત નવ + ૧ કપડો.
એકાદશવિધ ઉપધિ = ઉપરોક્ત નવ + ૨ કપડા.
દ્વાદશવિધ ઉપધિ = ઉપરોક્ત નવ + ૩ કપડા.

तदेवंविधव्यवस्थाप्रदर्शनस्य फलान्तरमप्याह—

**एएण जइ अचेला जिणिन्द्जिणकप्पिआइआसुमुणी ।**

**तो एसो च्चिय मग्गो णण्णोत्ति पराकयं वयणं ॥३०॥**

(एतेन यद्यचेला जिनेन्द्रजिनकल्पिकाद्यः सुमुनयः । तदेष एव मार्गो नान्य इति पराकृतं वचनम् ॥३०॥)

एतेन=तेष्वपि सर्वथाऽचेलत्वाभावप्रतिपादनेन । शेषं सुगमम् ॥३०॥ अपि च—

**जिणकयमेव य कम्मं जइ कायव्वं तओ तुहं इहयं ।**

**उवएससिस्सदिक्खागुरुवयणाईहिं किं कज्जं ॥३१॥**

(जिनकृतमेव च कर्म, यदि कर्त्तव्यं ततस्तवेह । उपदेशशिष्यदीक्षागुरुवचनादिभिः किं कार्यम् ॥३१॥)

यदि हि जिनशिष्याणामपि हि जिनाचरितमेवाचरितव्यं तर्हि छद्मस्थावस्थायां जिनानामुपदेशदानशिष्यदीक्षादिप्रवृत्त्यभावाद्गुरुवचनवशवृत्तितायाश्च स्वयंबुद्धतया कदाचिद्प्यभावात् तीर्थोच्छेद एव स्यात् । अथ शुद्धोपयोगाधिकारिभिर्भगवदाचरितमेवाचरणीयं, तदुक्तं—"[1]किं किंचणत्ति तक्कं, अपुणब्भवकामिणोध देहेवि ।

सङ्गत्ति जिणवरिंदा, अप्पडिकम्मत्तमुद्दिट्ठा ॥ त्ति [प्रवचनसार ३-२८] शुभोपयोगाधिकारिणां तूपदेशादिप्रवृत्तेर्न तीर्थोच्छेद इति चेत् ? तदिदमपि कुतो निर्णीतमायुष्मता ? भगवदुपदेशादिति चेत् ? तर्हि तत एव जिनकल्पिकाद्यौपधि (? यि)कमार्गाधिकारिणोऽपि निरुपमधृतिसंहननाः पूर्वविदः, कृतपरिकर्माणः त एव च भवन्तीति किमिति न प्रतिपद्यसे ? ॥३१॥

---

અહીં ૩ કપડા હોય ત્યારે બે કપડા સૂતરના અને એક ઊનનો જાણવો. તેમજ પાત્ર, પાત્રબંધ, પાત્રસ્થાપન, પાત્ર કેસરિકા, પલ્લા, રજસ્ત્રાણ અને ગુચ્છા એ સાતના સમુદાય રૂપ સપ્તવિધ પાત્રનિર્યોગ જાણવો. ॥૨૯॥

શાસ્ત્રોમાં ઉપધિની આવી વ્યવસ્થા દેખાડી છે એનું બીજું પણ પ્રયોજન દેખાડતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– 'જો શ્રી જિનેશ્વરો, જિનકલ્પિકાદિ મહાત્માઓ અચેલ હોય છે તો પછી સાધુઓએ અચેલ રહેવું એ જ માર્ગ છે બીજો નહિ' આવું પર=દિગંબરનું વચન આનાથી નિરસ્ત જાણવું.

'શ્રી જિનેશ્વર ભગવંતો અને જિનકલ્પિકાદિ મુનિઓ પણ સર્વથા અચેલ નથી હોતા' એવા પ્રતિપાદનથી ઉપરોક્ત પરવચન પરાસ્ત જાણવું. ॥૩૦॥ વળી—

## [ શ્રી જિનનું સર્વથા અનુકરણ ગેરવ્યાજબી ]

**ગાથાર્થ** :– જો શ્રી જિનેશ્વરોએ જે કર્યું છે તે જ કરવાનું હોય તો તમારે ઉપદેશદાન–શિષ્યદીક્ષા–ગુરુવચનસેવા આદિથી સર્યું અર્થાત્ તમારે ઉપદેશદાનાદિ કરવા ન જોઈએ......

---

१. किं किंचनमिति तर्कः अपुनर्भवकामिनोऽथ देहेऽपि । संग इति जिनवरेन्द्रा निःप्रतिकर्मत्वमुद्दिष्टवन्तः ॥

अथ जिनकल्पप्रतिपत्त्यक्षमस्यैव स्थविरकल्पप्रतिपत्तिस्तुलनाभ्यासादिदृढीकृतशक्तेरेव कस्यचिज्जिनकल्पप्रवृत्तिः श्रेयसीति भगवदुपदेश इत्याह—

**निरतिसयाणं कप्पो, थेराण हिओ ठिओ अ तत्थेव ।**
**पडिवज्जउ जिणकप्पं, पंचहिं तुलणाहिं जुत्तो जो ॥३२॥**

(निरतिशयानां कल्पः स्थविराणां हितः स्थितश्च तत्रैव । प्रतिपद्यतां जिनकल्पं, पञ्चभिस्तुलनाभिर्युक्तो यः ॥३२॥)

तादृशसंहननधृतिविद्याद्यभावेन निरतिशयानमेव हि स्थविरकल्प उक्तः, तादृशातिशयवतां तु जिनकल्पप्रतिपत्तिरेव मुख्या । स्थविरकल्पिकस्यापि चायंक्रमः—

"[1]पव्वज्जा सिक्खावयमत्थगहणं च अनियओ वासो ।

---

જો શ્રી જિનેશ્વરદેવના શિષ્ય બનેલા સાધુઓએ શ્રી જિનેશ્વરદેવોએ જે આચરેલ હોય તે જ આચરવાનું હોય તો શ્રી જિનેશ્વરો છદ્મસ્થાવસ્થામાં ઉપદેશદાન, શિષ્ય-દીક્ષાદિ કરતા નહોતા, તેમજ સ્વયંબુદ્ધ હોવાથી ગુરુવચનને અનુસરીને પ્રવૃત્તિ કરવાનું તેઓને હતું નહિ તેથી તમારે પણ તેવું જ કરવાનું હોવાથી ગુરુશિષ્યની કોઈ પરંપરા ન રહેવાના કારણે તીર્થનો ઉચ્છેદ જ થઈ જશે.

**પૂર્વપક્ષ** :– પ્રવચનસારમાં કહ્યું છે કે 'સાધુઓને (વળી) કિંચન (=પરિગ્રહ) શું હોય ? (એવા પ્રશ્નનો ઉત્તર એ છે કે) ફરીથી ભવભ્રમણને ન ઇચ્છતા સાધુઓને પણ જો દેહ વિશે સંગ=મૂર્છા થાય તો એ પરિગ્રહ રૂપ બને છે. તેથી દેહનું કોઈ પ્રતિકર્મ કરવું નહિ એવું શ્રી જિનવરેન્દ્રોએ કહ્યું છે' આમ દેહ પણ જો પરિગ્રહ રૂપ બની જતો હોય તો વસ્ત્રાદિ તો નિર્વિવાદ તેવા બને જ તેથી શુદ્ધોપયોગાધિકારીઓએ તો ભગવદાચરિતને જ આચરવું જોઈએ. વળી શુભોપયોગાધિકારીઓએ ઉપદેશાદિ પ્રવૃત્તિ કરવાની હોવાથી તીર્થોચ્છેદ થવાની આપત્તિ પણ નથી.

**ઉત્તરપક્ષ** :– શુદ્ધોપયોગાધિકારીએ જિનાચરિત જ આચરવું ઈત્યાદિ નિશ્ચય તમે શેના પરથી કર્યો ? જો ભગવાનના વચનોથી જ કર્યો હોય તો તો તેઓના વચનથી જ "જિનકલ્પાદિ રૂપ ઉપાયભૂત માર્ગના અધિકારીઓ તેઓ જ બને છે જેઓ નિરૂપમધૃતિસંઘયણવાળા હોય, પૂર્વના જાણકાર હોય છે. તેમજ તે માટે પરિકર્મ કર્યું હોય તેવા પણ તેઓ જ હોય" ઇત્યાદિ પણ કેમ સ્વીકારતા નથી ? ॥૩૧॥

જેઓ જિનકલ્પ સ્વીકારવાને સમર્થ ન હોય તેઓને જ સ્થવિરકલ્પ સ્વીકારવાનો હોય છે તેમજ તુલના–અભ્યાસાદિથી જેઓએ શક્તિને દઢ કરી હોય છે તેવા કેટલાકને જ જિનકલ્પ હિતકારી બને છે એવા ભગવાનના ઉપદેશને દેખાડતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :– સંઘયણાદિના અતિશય વિનાના સાધુઓને સ્થવિરકલ્પ જ હિતકારી છે. સ્થવિરકલ્પમાં જ રહીને જે પાંચ તુલનાઓથી આત્માને જિનકલ્પ યોગ્ય બનાવે તે જ જિનકલ્પ સ્વીકારે......

---

1. प्रव्रज्या शिक्षापदमर्थग्रहणं चानियतवासः । निष्पत्तिश्च विहारः सामाचारी स्थितिश्चैव ॥

णिप्फत्ती य विहारो सामायारी ठिई चेव ॥' [बृहत्कल्प २-११३२]

गुणवता हि गुरुणा विधिना पूर्वं योग्यस्य शिष्यस्य प्रव्रज्या प्रदेया, ततः परं शिक्षापदं ग्रहणासेवनारूपं द्वादशवर्षाणि यावत्सूत्राध्ययनोपदेशप्रत्युपेक्षणादिक्रियोपदेशरूपं, ततश्चार्थग्रहणं–द्वादशवर्षाण्यधीतसूत्रः शिष्यो गुरुणाऽर्थग्रहणं कार्यतेऽन्यथा सूत्राध्ययनप्रयासस्य निष्फलत्वप्रसङ्गात्, ततोऽनियतो वासः– यद्याचार्यपदयोग्यः शिष्यस्तदा जघन्यतोऽपि सहायद्वयं दत्त्वाऽऽत्मतृतीयो द्वादशवर्षाणि यावन्नानादेशदर्शनं नियमेन कार्यते, जिनजन्मादिभूमिदर्शनजनितहर्षातिरेकेण स्वसम्यक्त्वस्थिरीभावपरसम्यक्त्वस्थिरीकरणनानाचार्यपरिशीलनजनितसूत्रार्थसामाचारीविशेषोपलम्भनानादेशभाषावबोधानुगृहीततत्तद्देशजविनेयप्रव्राजनपूर्वप्रव्रजिततदुपसंपद्भावतदनुरागभाजनत्वादिगुणानां तथैव संभवात्, अतथाभूतस्य त्वनियमः । ततो निष्पत्तिराचार्यपदार्हतायाः–अन्येषां भूयसां शिष्याणां तदन्तिके निष्पत्तिरिति । एवं च निष्पद्य सूरिपदं च प्राप्य, दीर्घकालं तत्पर्यायमनुपाल्य योग्यशिष्यमाचार्यपदेऽवस्थाप्य विहारो विशेषानुष्ठानरूपो विधेयः ।

---

### [ પ્રવ્રજ્યાદિ ક્રમે સ્થવિરકલ્પની આરાધના ]

તેવા પ્રકારના સંઘયણધૃતિવિદ્યાદિ ન હોવાના કારણે નિરતિશય એવા સાધુઓને જ સ્થવિરકલ્પ કહ્યો છે અતિશયવાળાને તો જિનકલ્પપ્રતિપત્તિ જ મુખ્ય છે.

આમાં સ્થવિરકલ્પનો ક્રમ આ પ્રમાણે છે—'પ્રવ્રજ્યા, શિક્ષાપદ, અર્થગ્રહણ, અનિયતવાસ, નિષ્પત્તિ,વિહાર સામાચારી અને સ્થિતિ' પ્રવ્રજ્યાદિનો અર્થ આ પ્રમાણે જાણવો. ગુણવાન્ ગુરુ યોગ્ય શિષ્યને વિધિપૂર્વક દીક્ષા આપે. પછી સૂત્ર અધ્યયનના ઉપદેશરૂપ ગ્રહણ શિક્ષા અને પડિલેહણાદિ ક્રિયાના ઉપદેશરૂપ આસેવન શિક્ષા બાર વર્ષ સુધી આપે. માત્ર સૂત્ર ગોખ્યા હોય અને અર્થ ન આવડે તો સૂત્રાધ્યયનની મહેનત નિષ્ફળ થાય. તેથી જેણે સૂત્રો ભણ્યા છે તેવા શિષ્યને ગુરુ પછીના બાર વર્ષ સુધી અર્થ ભણાવે.

### [ અનિયત વાસથી થનારા લાભ ]

જો શિષ્ય આચાર્યપદને યોગ્ય હોય તો જઘન્યથી પણ બીજા બે સંઘાટક સાધુ સાથે બાર વર્ષ સુધી અનિયતવાસ કરાવે. અર્થાત્ જુદા જુદા દેશોમાં વિહાર કરાવે. જેથી શ્રી જિનેશ્વરદેવોની કલ્યાણકભૂમિના દર્શન–સ્પર્શથી હર્ષાતિરેક થવા દ્વારા પોતાનું સમ્યક્ત્વ દૃઢ થાય તેમજ બીજાઓને ઉપદેશાદિ દ્વારા સમ્યક્ત્વાદિમાં સ્થિર કરે. તેમજ વિવિધ આચાર્યોનો પરિચય થાય. તેઓ સાથે સૂત્રાર્થવિચારણાદિથી સૂત્ર-અર્થ–સામાચારી અંગે વિશેષ જાણકારી પ્રાપ્ત થાય. વળી ભિન્ન ભિન્ન દેશોની ભાષાઓનો બોધ થવાથી એ દ્વારા તે તે દેશ પર ઉપકાર કરે જેથી ત્યાં ત્યાંના વિનેયજનો પોતાની પાસે દીક્ષા લે, પૂર્વપ્રવ્રજિતસાધુઓ ઉપસંપદા તરીકે પ્રાપ્ત થાય. તેઓની ભાષામાં બોલવાથી તેઓનો અનુરાગ પ્રાપ્ત થાય. આવા બધા ગુણો અનિયતવાસથી

स च द्विविधो, भक्तपरिज्ञेङ्गिनीपादपोपगमनलक्षणमभ्युद्यतमरणं जिनकल्पपरिहार-विशुद्धिकयथालन्दिककल्पप्रतिपत्तिर्वा । तत्र स्तोकं स्वायुर्ज्ञात्वा प्रथमविहारं प्रतिपद्यते, दीर्घमपि स्वायुर्ज्ञात्वा यदि क्षीणजङ्घाबलस्तदा वृद्धवासं स्वीकुरुते । पुष्टायां तु शक्तौ जिनकल्पादि प्रतिपित्सुस्तपः सत्त्वसूत्रैकत्वबलविषयिणीभिः पञ्चभिस्तुलनाभिः प्रथममात्मानं तोलयति । तथा हि—(१) तपोभावनया तावत्तथा बुभुक्षां पराजयते यथा कारणवशादाषण्मासीमाहाराऽलाभेनापि न खिद्येत । (२) सत्त्वभावनाभिस्तु [1]"पढमा उवस्सयंमि बीया बाहिं तइय चउक्कंमि । सुण्णहरम्मि चउत्थी अह पञ्चमिया मसाणंमि ।। [बृहत्कल्प–२/१३३५] इत्युक्तक्रमेण भयं पराजयते । (३) सूत्रभावनया तु तथा सूत्रमपि परिचिनुते यथा सर्वकालं तत्परावर्त्तनानुसारेणैव सम्यगवबुद्ध्यत इति । (४) एकत्वभावनया तु साङ्घाटिकादिभिरपि मिथःसंलापादिप्रवृत्ति-निवृत्त्या बाह्यममत्वनिवृत्तौ देहोपध्यादिकादिभ्योऽपि भिन्नमात्मानं भावयंस्तेष्वपि सर्वथा निरभिष्वङ्गो भवति । (५) बलं द्विविधं–शारीरं मनोधृतिबलं च, तत्र शारीरमपि बलं जिनकल्पप्रतिपत्तियोग्यस्य शेषजनबलमतिशेत एव । तपः प्रभृतिना तदपकर्षेऽपि धृतिबलेन तथाऽऽत्मानं भावयति यथा न महद्भिरपि परीषहोपसर्गैर्बाध्यत इति ।

જ થતા હોવાથી એ અવશ્ય કરાવે. આચાર્યપદને યોગ્ય ન હોય એવા સાધુને અનિયતવાસ અવશ્ય કરાવવો એવો નિયમ નથી. યોગ્ય શિષ્યને એ કરાવવાથી વિવિધ-ભાષાઓનો બોધ તેમજ સૂત્રાર્થાદિનો વિશેષબોધ થવાથી આચાર્યપદપ્રદાનયોગ્યતા પ્રાપ્ત થાય છે. તેમજ બીજા ઘણા શિષ્યોની તેની પાસે દીક્ષા થવાથી પણ તેને શિષ્યોની નિષ્પત્તિ = પ્રાપ્તિ થાય છે. એ પછી ગુરુ એને આચાર્યપદ આપે. તે દીર્ઘકાળ સુધી આચાર્યપદને શોભાવી અને પૃથ્વીતલ પર ઉપકાર કરી યોગ્ય શિષ્યને આચાર્યપદે સ્થાપી વિશેષાનુષ્ઠાનરૂપ વિહારને આચરે.

### [ ભક્તપરિજ્ઞાદિ અથવા જિનકલ્પાદિ દ્વિવિધ વિહાર ]

આ વિહાર બે પ્રકારનો છે. (૧) જો પોતાનું આયુષ્ય ટુંકું હોય તો ભક્ત-પરિજ્ઞા, ઇંગિનીમરણ કે પાદપોપગમરૂપ અભ્યુદ્યતમરણને સ્વીકારે છે. (૨) પોતાનું આયુષ્ય લાંબુ હોય અને જંઘાબળ ક્ષીણ થયું ન હોય તો જિનકલ્પ–પરિહારવિશુદ્ધિ કે યથાલંદિક કલ્પ સ્વીકારે. આયુષ્યલાંબુ હોવા છતાં જંઘાબળ ક્ષીણ થઈ ગયું હોય તો વૃદ્ધવાસ જ સ્વીકારે.

પુષ્ટ શક્તિવાળા અને જિનકલ્પસ્વીકારવાને ઇચ્છતા મહાત્માઓ તપ, સત્ય, સૂત્ર, એકત્વ અને બળ અંગેની પાંચ તુલનાઓથી આત્માને તોલે છે. તે આ રીતે–[1]તપો-ભાવનાથી આત્માને દૃઢતર ભાવિત કરીને બુભુક્ષાને એવી જીતે કે જેથી કારણવશાત્ છ મહિના સુધી આહારાદિ ન મળે તો પણ ખેદ ન થાય. [2]સત્ત્વભાવનાઓથી ભયને

१. प्रथमोपाश्रये द्वितीया बहिस्तृतीया चतुष्के । शून्यगृहे चतुर्थ्यथ पञ्चमिका श्मशाने ।।

तदेवं पञ्चभिर्भावनाभिर्भावितात्मा गच्छे प्रतिवसन्नप्यागमोक्तविधिनाऽऽहारादिपरिकर्म संसाध्य सङ्घं स्वगणं चाहूय जिनगणधरचतुर्दशपूर्विदशपूर्विसमीपे, तदभावे वटाश्वत्थाशोकवृक्षादीनामासत्तौ जिनकल्पमभ्युपगच्छति, ततः सर्वान् क्षामयित्वा निजपदस्थापितसूरिप्रभृतीननुशास्य च वनकन्दरादौ विहरति । प्रतिपन्नजिनकल्पश्च यत्र ग्रामे मासकल्पं चातुर्मासकं वा करोति तत्र षड्भागान् कल्पयति । यत्र भागे एकस्मिन् दिने गोचरचर्यायां हिण्डितस्तत्र पुनरपि सप्तम एव दिवसे पर्यटति । गमनं च तृतीयपौरुष्यामेव कुरुते, चतुर्थपौरुषी च यत्रावगाहते तत्र नियमादवतिष्ठते । भक्तं पानकं चालेपं यत्तदेव गृह्णाति, एषणादिकं मुक्त्वा न केनापि सह जल्पति । एकस्यां च वसतौ यद्यप्युत्कृष्टतः सप्तजिनकल्पिकाः प्रतिवसन्ति तथापि मिथो न भाषन्ते । उपसर्गपरीषहान् सर्वानपि सहत एव, रोगेषु चिकित्सां न कारयत्येव, तद्वेदनां तु सम्यगेव विषहते । आपातसंलोकादिदोषरहित एव स्थण्डिल उच्चारादीन् करोति नाऽस्थण्डिले । परिकर्मरहितायामेव वसतौ तिष्ठति, यद्युपविशति तदा नियमादुत्कुटुक एव, न तु निषद्यायामौपग्रहिकोपकरणाभावात् । मत्तकरिव्याघ्रसिंहादिके च संमुखे समागच्छत्युन्मार्गगमनादिनेर्यासमितिं न भनक्ति, एवमादि सामाचारी सिद्धान्तरत्नाकरादवबोध्या ।

---

પરાજિત કરે–આ ભાવનાઓ રાત્રે ક્રમશઃ ઉપાશ્રયમાં, ઉપાશ્રયની બહાર, ચતુષ્ક (ચાર રસ્તા ભેગા થતા હોય તેવા સ્થાન)માં, શૂન્યઘરમાં અને સ્મશાનમાં કાયોત્સર્ગાદિ કરવા વડે ભાવે. [3]એમ સૂત્રભાવનાથી ભાવિત થાય એટલે કે સૂત્રને એવું પરિચિત કરે કે તેના પરાવર્તનને અનુસરીને કેટલો કાળ પસાર થયો એ જાણી શકે. [4]એકત્વ ભાવના એવી રીતે ભાવે કે સંઘાટકાદિ સાથે પણ પરસ્પર સંલાપાદિ પ્રવૃત્તિ બંધ કરી બાહ્ય મમત્વ દૂર કરે અને પછી દેહ ઉપધિ વગેરેથી પણ આત્માને જુદા તરીકે ભાવતાં ભાવતાં તેઓ વિશે પણ અભિષ્વંગ રહિત બને. [5]બળ ભાવનામાં બળ બે પ્રકારે–શારીરિક અને માનસિકધૃતિબળ. સામાન્યથી ઈતરલોકો કરતાં જિનકલ્પયોગ્ય સાધુનું શારીરિક બળ ચઢીયાતું હોય છે. છતાં તપ વગેરેના કારણે દેહબળ કદાચ ઓછું થાય તો પણ ધૃતિબળથી આત્માને એવો ભાવિત કર્યો હોય કે મોટા મોટા પરીષહો કે ઉપસર્ગોથી પણ ચલિત થાય નહિ.

## [ જિનકલ્પીનો કઠોર આચાર ]

આમ પાંચ ભાવાનાઓથી ભાવિત થએલ આત્મા ગચ્છમાં રહેવા છતાં આગમોક્ત વિધિથી આહારાદિ પરિકર્મને સિદ્ધ કરી સંઘ અને સ્વગણને ભેગા કરે. શ્રી જિનેશ્વર ભગવાન્, ગણધર, ચૌદપૂર્વી કે દશપૂર્વી પાસે અને તેઓમાંનું કોઈ ન હોય તો વડ–અશ્વત્થ કે અશોકવૃક્ષાદિની છાયામાં જિનકલ્પ સ્વીકારે. પછી બધાને ખમાવીને તેમજ પોતાના સ્થાને સ્થાપેલ આચાર્ય વગેરેને હિતશિક્ષા આપીને વનકંદરાદિમાં

स्थितिश्च श्रुतसंहननादिका ज्ञेया, तथाहि–जिनकल्पिकस्य तावज्जघन्यतो नवमस्य पूर्वस्य तृतीयमाचारवस्तूत्कर्षतस्त्वसंपूर्णानि दशपूर्वाणि श्रुतं भवति । प्रथमसंहननो वज्रकुड्यसमाना-वष्टम्भश्चायं भवति । स्वरूपेण पञ्चदशस्वपि कर्मभूमिषु संहृतस्त्वकर्मभूमिष्वपि, उत्सर्पिण्यां व्रतस्थस्तृतीयचतुर्थारकयोरेव, जन्ममात्रेण तु द्वितीयारकेऽपि । अवसर्पिण्यां तु जन्मना तृतीय-तुर्यारकयोरेव व्रतस्थस्तु पञ्चमारकेऽपि, संहरणेन तु सर्वस्मिन् काले प्राप्यते । प्रतिपद्यमान-कश्चाद्यमाद्यचारित्रद्वये, पूर्वप्रतिपन्नस्तु सूक्ष्मसंपराययथाख्यातचारित्रयोरप्युपशमश्रेण्यां लभ्यते । प्रतिपद्यमानानामुत्कृष्टतः शतपृथक्त्वं पूर्वप्रतिपन्नानां तु सहस्रपृथक्त्वं तेषामवाप्यते । स च प्रायोऽपवादं नासेवते, क्षीणजङ्घाबलस्त्वविहरमाणोऽप्याराधकः । आवश्यकीनैषेधिकीमिथ्यादुष्कृत-गृहिविषयपृच्छोपसंपल्लक्षणाः पञ्च चास्य सामाचार्यः नत्विच्छाकारादयः । आरामादि-निवासतयौघतः पृच्छाद्यसंभवादावश्यकीनैषेधिकीगृहस्थोपसंपल्लक्षणास्तिस्र एवेत्यन्ये । लोचं चासौ नित्यमेव करोतीत्येवमादिः समयसमुद्रे विस्तरः । एवं परिहारविशुद्धिकादिसामाचारी स्थिती अपि द्रष्टव्ये । तदेवंविध उत्कृष्टः पन्था नोपदर्शिततुलनादिकं विना रथ्यापुरुषैरन्यैः स्प्रष्टुमपि योग्य इति तदर्थितयैव स्थविरकल्पं प्रत्याचक्षाणाः परे चक्रवर्त्तिभोजनास्वादलोलु-भतया स्वगृहोचितान्नभोजनमपि परित्यजतस्तदपि चालभतो बुभुक्षाबाधितस्य द्विजस्येव सोदरतामुपगन्तारः ।

---

વિહાર કરે. આવા જિનકલ્પી જે ગામમાં માસકલ્પ કે ચાતુર્માસ કરે તે ગામના છ વિભાગો કલ્પી જે ભાગમાં એક દિવસ ગોચરી ગયા હોય ત્યાં ફરીથી સાતમે દિવસે જ જાય; તે પહેલા. ન જાય. ગમનાદિ પણ ત્રીજા પ્રહરમાં જ કરે. જ્યાં ચોથો પ્રહર શરૂ થાય ત્યાં અવશ્ય અટકી જાય. ગોચરીમાં આહાર–પાણી પણ એવા જ લે જે લેપ કરનારા ન હોય. એટલે કે હસ્ત–પાત્ર ખરડાય નહિ તેવા હોય. એષણા સંબંધી પ્રશ્નાદિ સિવાય કોઈની સાથે બોલે નહિ. એક જ વસતિમાં વધુમાં વધુ સાત જિન-કલ્પી મહાત્માઓ ભેગા થયા હોય તો પણ પરસ્પર એક અક્ષર પણ બોલે કરે નહિ ઉપસર્ગપરીષહોને સહન કરે. રોગોને સમ્યગ્ રીતે સહન કરે–ચિકિત્સા ન જ કરાવે. આપાત–સંલોકાદિ દોષ રહિત નિર્દોષ ભૂમિ પર જ ઉચ્ચારાદિ [મલત્યાગાદિ] કરે. જેમાં કોઈ પરિકર્મ કરવું ન પડે એવી જ વસતિમાં રહે. જો બેસે તો પણ ઉત્કુટુક આસને જ બેસે, ભૂમિ પર પલાંઠી વાળીને નહિ; કારણ કે ઔપગ્રહિક ઉપ-કરણ હોતા નથી. મદોન્મત્ત હાથી, વાઘ, સિંહ વગેરે સામે આવતા હોય તો પણ ઉન્માર્ગગમનાદિ વડે ઇર્યાસમિતિને ભાંગે નહિ. ઇત્યાદિ–ઇત્યાદિ જિનકલ્પની આવી સામાચારીઓ સિદ્ધાન્ત સમુદ્રમાંથી જાણી લેવી.

**[ જિનકલ્પી અંગે પરિશિષ્ટ જ્ઞાતવ્ય ]**

જિનકલ્પની શ્રુતસંહનનાદિરૂપ સ્થિતિ આ પ્રમાણે :– શ્રુતજ્ઞાન–જઘન્યથી ૯ મા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ ઉત્કૃષ્ટથી અસંપૂર્ણ ૧૦ પૂર્વો...

स्यादेतत्–एक रूपस्य मोक्षस्यैकरूपेणैव हेतुना भाव्यमन्यथा व्यभिचारात्, स च शुद्धोपयोग एव शुभोपयोगस्यापि स्वर्गादिसुखहेतुत्वादिति चेत् ? कः किमाह ! निश्चयतः

પ્રથમ સંઘયણી હોઈ વજ્રની ભીંત જેવો સ્થિર–અડગતાવાળો હોય. સહજ રીતે ૧૫ કર્મભૂમિમાં જ હોય. સંહરણથી અકર્મભૂમિઓમાં પણ મળી શકે. ઉત્સર્પિણી-કાળમાં વ્રતસ્થ તરીકે તો ત્રીજા–ચોથા આરામાં જ હોય, જન્મ બીજા આરામાં પણ હોઈ શકે છે. અવસર્પિણીમાં જન્મ ત્રીજા–ચોથા આરામાં હોય, વ્રતસ્થ તરીકે પાંચમાં આરામાં પણ હોય. સંહરણથી તો કોઈ પણ કાળમાં હોઈ શકે. સામાયિક અને છેદોપસ્થાપનીયચારિત્રમાં જ આનો સ્વીકાર કરાય. પૂર્વપ્રતિપન્ન મહાત્મા સૂક્ષ્મસંપરાય–યથાખ્યાતચારિત્રવાળા પણ હોઇ શકે કારણ કે જિનકલ્પ સ્વીકારીને ઉપશમશ્રેણિ માંડનારને એ ચારિત્રો આવી શકે છે. એક સાથે વધુમાં વધુ ૨૦૦ થી ૯૦૦ જીવો જિનકલ્પ સ્વીકારનારા મળે. પૂર્વે જેઓએ જિનકલ્પ સ્વીકાર્યો હોય તેવા જીવો ઉત્કૃષ્ટથી ૨૦૦૦ થી ૯૦૦૦ મળે. આવા જિનકલ્પીઓ પ્રાયઃ અપવાદસેવન કરતા નથી. જંઘાબળ ક્ષીણ થયા પછી વિહાર ન કરે તો પણ આરાધક હોય છે. જિન-કલ્પીઓને આવશ્યકી, નૈષેધિકી, મિથ્યાદુષ્કૃત, ગૃહીવિષયકપૃચ્છા અને ઉપસંપદારૂપ પાંચ સામાચારીઓ હોય છે પણ ઇચ્છકારાદિ પાંચ હોતી નથી. વળી કેટલાક આચાર્યો તો, જિનકલ્પીઓને ઉદ્યાનાદિમાં જ નિયમતઃ વાસ કરવાનો હોવાથી સામાન્યથી ગૃહસ્થોને પૃચ્છાદિ કરવાના પણ હોતા નથી, તેથી નૈષેધિકી, આવશ્યકી અને ગૃહસ્થઉપસંપદા રૂપ ત્રણ પ્રકારની જ સામાચારી માને છે. વળી જિનકલ્પીઓ નિત્ય લોચ કરે. ઇત્યાદિ જિનકલ્પ સામાચારીનો વિસ્તાર શાસ્ત્ર સમુદ્રમાં કરેલો છે. એ જ રીતે પરિહારવિશુદ્ધિ આદિની સામાચારી અને સ્થિતિ પણ જાણી લેવાં. આમ જિનકલ્પાદિરૂપ ઉત્કૃષ્ટ માર્ગની ઉક્ત તુલનાદિ ન કરનાર દિગંબરાદિ બીજાઓને તો તે માર્ગનો સ્પર્શ કરવો પણ યોગ્ય નથી. તેથી જેઓ જિનકલ્પના નામે સ્થવિરકલ્પ પહેલેથી જ ઊડાડવા માંગે છે તેઓ તો એમાંથી એકેનોય લાભ ઊઠાવી શકતા નથી. બલ્કે જેમ કોઈ ચક્રવર્તીના ભોજનમાં લુબ્ધ બ્રાહ્મણ તે મેળવવા સ્વગૃહોચિત ભોજનને છોડી દીધું હોવાથી અને ચક્રવર્તીનું ભોજન મેળવી ન શકવાથી ભૂખથી પીડાવા સિવાય બીજું કંઇ પામતો નથી. તેમ જિનકલ્પના ચાળા માટે સ્થવિર કલ્પને પણ છોડનાર ઉભયભ્રષ્ટ થાય છે.

**પૂર્વપક્ષ :–** મોક્ષાત્મક કાર્ય એક જ સ્વરૂપવાળું હોવાથી એનો હેતુ પણ એક જ સ્વભાવવાળો હોવો જોઇએ. અર્થાત્ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા માર્ગ તેના હેતુ બની શકે નહિ કારણ કે એમ હોવામાં એ બધા હેતુઓ વ્યભિચારી ગણાય. કારણ કે એક ન હોવા છતાં બીજાથી કાર્ય થઈ શકે છે. અને એક સ્વરૂપવાળો જે હેતુ છે એ તો શુદ્ધોપયોગ જ છે કારણ કે શુભોપયોગ તો સ્વર્ગાદિ સુખનો હેતુ છે.

समतापरिणामरूपस्यैकस्यैव मोक्षमार्गत्वात्, जिनकल्पादीनां तत्प्रतिबन्धकविचित्रकर्मक्षयहेतुत्वेनैवोपयोगात् । तदुक्तं–"[1]सेयं (?) बहिरङ्गयतिलिङ्गाभावेन भरतादीनामपि लोचकरणादिकं विना केवलज्ञानानुत्पत्तिमभिदधतः प्रत्युत तवैवात्र दुराग्रहो । "बहिरङ्गलिङ्गं न मोक्षाङ्गं किं तु तदभावाविनाभाविनी ममतैव समता प्रतिबन्धिकेत्यस्माकमाशयः" इति चेत् ? सोऽयं दुराशयो, ममतायास्तदभावाऽविनाभावे मानाभावात्, ममताहेतुत्व[2]रूपपरिग्रहत्वेनापि ममताहेतुत्वाभावात्, परप्रवृत्तित्वेनापि ममताहेतुत्वस्य प्रायिकत्वात्, भरतादीनां परप्रवृत्तेरप्यभावाच्च । एतेनात्मातिरिक्तज्ञानसामग्री आत्मज्ञानप्रतिबन्धिकेत्यपि निरस्तं, तथाप्रतिबन्धकत्वेऽपि प्राथमिकमनोव्यापाराहितबाह्यव्यापारवासनया बाह्यव्यापारानुपरमेऽप्यन्तरा नूतनव्यापाराभावेनाध्यात्मप्रवृत्तेरप्रतिरोधिता(?धा)दिति किमित्याम्रेडितविस्मरणशीलतायुष्मतः ॥३२॥

**ઉત્તરપક્ષ** :– તમે કહ્યું એમાં અમે ક્યાં કંઈ કહીએ છીએ ? અમે પણ નિશ્ચયથી તો એકમાત્ર સમતાપરિણામને જ મોક્ષમાર્ગ માનીએ છીએ. પણ એ સમતાપરિણામના પ્રતિબંધક કર્મો વિચિત્ર હોય છે. તેથી એવા વિચિત્ર કર્મોને દૂર કરવા રૂપ કાર્ય પણ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળું થવાથી તેના હેતુભૂત જિનકલ્પાદિ પણ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા છે. બાકી ભરતાદિને સમતા પરિણામ હોવા છતાં બહિરંગયતિલિંગ ન હોવાથી લોચાદિકારણના અભાવમાં કેવલજ્ઞાન થયું ન હોતું એમ કહેનારા તમારો આ માત્ર દુરાગ્રહ જ છે કે 'એક જ સ્વરૂપવાળા મોક્ષ પ્રત્યે એકલો સમતા પરિણામ જ કારણ છે એવું નથી પણ લોચાદિ કરવારૂપ બહિરંગ યતિલિંગ પણ એનું કારણ છે.'

**પૂર્વપક્ષ** :– બહિરંગયતિલિંગને અમે મોક્ષનું કારણ માનતા નથી તેથી અમારે એક જ સ્વરૂપવાળા કાર્યના બે કારણ માનવાના દુરાગ્રહનો પ્રશ્ન જ નથી. પરંતુ બહિરંગયતિલિંગના અભાવમાં અવશ્ય રહેનારી મમતા સમતાની પ્રતિબંધક છે અને તેથી મોક્ષરૂપ કાર્ય સિદ્ધ થતું નથી એવું કહેવાનો જ અમારો આશય છે.

**[ બહિરંગ લિંગના અભાવમાં મમતા ન પણ હોય ]**

**ઉત્તરપક્ષ** :– તમારો એ આશય યુક્ત નથી કારણ કે બહિરંગયતિલિંગ ન હોય તો મમતા અવશ્ય હોય જ એવું માનવામાં કોઈ પ્રમાણ નથી.

**પૂર્વપક્ષ** :– બહિરંગયતિલિંગની ગેરહાજરી હોવામાત્રથી મમતા હોય જ એવું અમે કહેતા નથી પણ એ ન હોય ત્યારે પરિગ્રહ કે જે મમતાને ઉત્પન્ન થવામાં નિમિત્તભૂત છે તે અવશ્ય હાજર હોવાથી અવશ્ય મમતા થાય છે એવું જ કહીએ છીએ.

**ઉત્તરપક્ષ** :– એ પણ અયુક્ત છે કારણ કે વસ્ત્રાદિનો ઉપભોગ હોવા માત્રથી મમતા ઉત્પન્ન થઈ જાય એવું નથી એ અમે આગળ કહી ગયા છીએ. અર્થાત્ 'બહિરંગયતિલિંગનો અભાવ મમતાહેતુભૂત પરિગ્રહમાં જ પર્યવસિત થતો હોવાથી મમ-

૧. 'तदुक्तं–'सेयं—' આટલું અધિક લાગે છે. કદાચ 'तदुक्त' પછી કોઈ સાક્ષી શ્લોક હોય અને 'सेयं' ના બદલે 'सोऽयं' હોય. ૨. 'त्व' વધારાનો લાગે છે.

તાનો હેતુ બને છે અને તેથી મમતાને ઉત્પન્ન કરી સમતાનો પ્રતિબંધ કરવા દ્વારા મોક્ષને અટકાવે છે.' એમ કહેવું પણ અયુક્ત છે.

**પૂર્વપક્ષ :**– છતાં બહિરંગ યતિલિંગ ન હોય તો પરદ્રવ્યઅંગે પ્રવૃત્તિ કરવી પડતી હોવાથી મમતા ઉત્પન્ન થાય છે.

**[ પરદ્રવ્યવૃત્તિ પણ મમતા આક્ષેપક નથી ]**

**ઉત્તરપક્ષ :**– પરદ્રવ્ય પ્રવૃત્તિ પણ મમતાને ઉત્પન્ન કરે જ એવું નથી. તેથી બહિરંગયતિલિંગનો અભાવ પરદ્રવ્યપ્રવૃત્તિમાં ફલિત થવા દ્વારા મમતાહેતુ બને એવું પણ પ્રાયિકજ હોવાથી કેવલજ્ઞાનને અટકાવે જ એમ મનાય નહિ. વળી વીંટી સરકી ગયા પછી અન્યત્વાદિભાવનામાં ચઢેલા ભરતાદિને તો પરદ્રવ્યપ્રવૃત્તિ પણ હતી જ નહિ તો પછી 'મમતા રૂપ સમતાપ્રતિબંધક હાજર હોવાથી કેવલજ્ઞાન થયું જ નથી' એમ શી રીતે મનાય ? આમ ભરતાદિને વીંટી વગેરે રૂપ આત્મભિન્ન પદાર્થ સંબંધી જ્ઞાન (=વિચારણા) અને તેની સામગ્રી હોવા છતાં કેવલજ્ઞાન થયું હતું— આત્મજ્ઞાન પણ લાધ્યું હતું. એ એક સિદ્ધ હકીકત હોવાથી જેઓનું એવું માનવું છે કે આત્મભિન્નપદાર્થના જ્ઞાનની સામગ્રી આત્મજ્ઞાનને અટકાવે છે તેઓનું એ મંતવ્ય પણ પરાસ્ત જાણવું.

**[ બાહ્ય પ્રવૃત્તિમાં પણ અંતરથી અધ્યાત્મ ]**

વળી કદાચ તેવી સામગ્રીને (પરદ્રવ્ય–પરદ્રવ્યપ્રવૃત્તિ વગેરેને) આત્મજ્ઞાનપ્રતિબંધક માનીએ તો પણ પૂર્વના મનોવ્યાપારથી 'આહિત=જનિત જે બાહ્ય દ્રવ્ય અંગેની પ્રવૃત્તિના સંસ્કાર તેના કારણે એક બાજુ બાહ્યવ્યાપાર ચાલુ રહેવા છતાં બીજી બાજુ આંતરિક રીતે બાહ્ય દ્રવ્ય અંગેનો કોઇ નવો વ્યાપાર (વિચાર) ન હોય તો અધ્યાત્મ પ્રવૃત્તિને કોઇ પ્રતિબંધ લાગતો નથી. જેમ કોઈ વ્યક્તિ ભોજન કરવા બેસે અને શરૂ કર્યો પછી ધંધા વગેરે સંબંધી કોઈ વિચારમાં ચઢી જાય ત્યારે પૂર્વ સંસ્કારથી બહારથી ખાવાની પ્રવૃત્તિ ચાલુ રહેવા છતાં અંદરથી ધંધા સંબંધી વિચારણામાં કોઈ પ્રતિબંધ લાગતો નથી તેમ પ્રસ્તુતમાં પણ જ્યારે બાહ્ય દ્રવ્ય અંગેની પ્રવૃત્તિ ચાલુ કરી ત્યારે મનનો એ પ્રવૃત્તિ અંગેનો જે ઉપયોગ હતો તે ઉપયોગથી એવા દેહગત સંસ્કાર (વાસના) ઊભા થઈ ગયા હતા કે પાછળથી મન બીજે જોડાઇ જાય તો પણ દેહથી એ પ્રવૃત્તિ ચાલ્યા કરે. એ પ્રવૃત્તિ માટે મનના બીજા વિશેષ ઉપયોગની જરૂર રહે નહિ. તેથી પાછળથી એ પ્રવૃત્તિ બંધ થઈ ન હોય ત્યારે પણ મન અધ્યાત્મ્યાદિરૂપ બીજી બાજુ જોડાઈ શકે છે. અને તેથી બહારથી બાહ્યદ્રવ્ય અંગેની પ્રવૃત્તિ ચાલુ રહેવા છતાં અંદરથી અધ્યાત્મશુદ્ધિ દ્વારા કેવલજ્ઞાન થવામાં કોઈ પ્રતિબંધક નથી. ॥૩૨॥

तस्मात् जिनोपदिष्टमेव हितार्थिभिराचरणीयं न तु तदाचरितमेवेत्यनुशास्ति—

**वेज्जुवदिट्ठं ओसहमिव जिणकहिअं हिअं तओ मग्गं ।**
**सेवंतो होइ सुही इहरा विवरीअफलभागी ॥३३॥**

( वैद्योपदिष्टमौषधमिव जिनकथितं हितं ततो मार्गम्। सेवमानो भवति सुखी इतरथा विपरीतफलभागी ॥३३॥)

रोगिणः सम्यग्भिषग्वरोपदिष्टमौषधमिव भुवनवैद्यभगवदुपदिष्टो मोक्षमार्ग एव सम्यगाराध्यमानो मुमुक्षोरन्तरङ्गवेदनां विनाशयति, तदाचरणस्यैवान्वेषणं त्वशक्तस्याऽपथ्यरूपतया प्रत्युतानर्थनिबन्धनमिति भावः ॥३३॥

अथ तथाप्यधिकृतमाहारोपकरणयोर्न साम्यं, यावताऽऽहारादावनिगूहितशक्तेः कदाचिदेव प्रवृत्तिरन्यत्र पुनस्तथाभावात्, इत्यत्राभीक्ष्णं प्रवृत्तावपि शक्त्यनिगूहनादेव धर्मोपकरणस्य युक्तत्वमित्युत्तरं सुकरमित्याह—

**अणिगूहन्तो सत्तिं, भुंजन्तो वि जह णो चयइ मग्गं ।**
**अणिगूहन्तो सत्तिं, तह उवगरणं धरन्तो वि ॥३४।**

(अनिगूहयन् शक्तिं भुञ्जानोऽपि यथा न त्यजति मार्गम् । अनिगूहयन् शक्तिं तथोपकरणं धरन्नपि ॥३४॥)

---

આમ સમતાપ્રતિબંધક કર્મરૂપી જેવા પ્રકારનો રોગ હોય તે રોગના ઉચ્છેદ માટે શ્રી જિનેશ્વરભગવંતે કહેલ તેવા તેવા ઉપાયને જ આચરવા, નહિ કે જિનેશ્વર ભગવંતે પોતે આચરેલ ઉપાયને...એમ ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ** :- જેમ વૈદ્યે કહેલા ઔષધને સેવતો રોગી જ સુખી થાય છે. વૈદ્ય પોતે કરે તેમ કરનાર તો દુઃખી જ થાય છે તેમ જિનકથિત માર્ગને સેવનાર જ સુખી થાય છે જિનાચરિતને જ આચરવાનો આગ્રહ રાખનાર તો વિપરીત ફળભાગી (દુઃખી અને સંસારવર્ધક) જ થાય છે.

**[ વૈદ્યની જેમ શ્રીજિનનો ચાળો કરનાર દુઃખી થાય ]**

હોંશિયાર વૈદ્યે બતાવેલ ઔષધ જ રોગીની વેદનાનો નાશ કરે છે, પરંતુ સશક્ત વૈદ્ય પોતે જે (ઘી-દૂધ વગેરે યુક્ત ભોજન) આચરતા હોય તે તો પચાવવાને અશક્ત નબળી હોજરીવાળા રોગીને અપથ્ય હોવાથી નુકશાન કરનારું જ બને છે તેમ કર્મરોગથી પીડાતા ત્રણે ભુવનના જીવો માટે વૈદ્ય સમાન ભગવાને કહેલ મોક્ષમાર્ગ જ જો સમ્યગ્ રીતે આરાધાય તો મુમુક્ષુની અંતરંગ વેદનાનો નાશ થાય છે. તેઓએ પોતે શું આચર્યું એ જોઈને કર્મરોગી પોતે પણ જો એ આચરવા જાય તો પોતે એ આચરણ માટે અશક્ત હોવાથી વેદનામુક્ત થતો નથી પણ નુકશાન જ વહોરે છે. ॥૩૩॥

"પોતાની શક્તિને ન ગોપવતા સાધુઓ પોતાની શક્તિની હદ આવી ગયેલી જાણીને આહારાદિમાં ક્યારેક જ પ્રવૃત્તિ કરે છે જ્યારે વસ્ત્રાદિમાં તો વારંવાર પ્રવૃત્તિ થાય છે તેથી આહાર અને વસ્ત્રાદિ ઉપકરણ વચ્ચે સામ્ય ન હોવાથી આહારના

सकलात्मशक्तिप्रकटीकरणेन तपः कुर्वाणो हि तां परिनिष्ठितामवगम्य तदुपष्टम्भक विहिताहारप्रवृत्तिमान्न विराधकः, शक्तिनिगूहनप्रयुक्तभोजनानुरागाभावात् । तदुक्तं प्रवचनसारे [३-२८][1]केवलदेहो समणो देहेवि ममत्तरहिदपरिकम्मो । आउत्तो तं तवसा अणिगूहिय अप्पणो सत्तिं ॥'ति एवं सकलात्मशक्तिप्रकटीकरणेन सर्वाभिष्वङ्गं परित्यजन्नपि तादृशधृतिबलाद्यभावेन तां परिनिष्ठितामवगम्य तदुपष्टम्भकधर्मोपकरणप्रवृत्तिमानपि न विराधकस्ततएव, यदागमः-[2]अणिगूहन्तो विरियं ण विराहेइ चरणं तवसुएसु । जइ संजमे वि विरियं न णिगुहिज्जा ण हाविज्जा [ आ० नि० ११८१ ] एकैकाचाराऽप्रतिरोधेनैवाचारान्तर-समाचरणं बलवदनिष्टाननुबन्धीष्टसाधनमिति तात्पर्यम् । तत्रापि मूलगुणाचारानुरोधेनैवोत्तर-गुणाचरणं श्रेय इति विशेषः । 'सर्वदा प्रवृत्तौ न शक्त्यनिगूहनमि'ति चेत् ? न, सर्वदा तादृशशक्त्यभावादेव तन्निगूहनाभाव इति निष्कर्षात् ॥३४॥

---

દૃષ્ટાન્તથી ઉપકરણને યુક્ત મનાય નહિ." આવી શંકાના સમાધાનમાં 'ઉપકરણ અંગે વારંવારની પ્રવૃત્તિ પણ શક્તિને ગોપવ્યા વિના જ હોવાના કારણે યુક્ત જ છે' એવું કહેલું ઘણું સહેલું છે એમ જણાવતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ :–** શક્તિને ન ગોપવનાર સાધુ ભોજન કરતો હોવા છતાં જેમ માર્ગભ્રષ્ટ થતો નથી તેમ શક્તિને ન ગોપવતો સાધુ ઉપકરણ ધારવા છતાં માર્ગપતિત થતો નથી.

**[ આહાર ગ્રહણવત્ ઉપકરણ ધારણ ઉપકારી ]**

આત્માની સંપૂર્ણ શક્તિને પ્રકટ કરવા પૂર્વક તપ કરતો મહાત્મા પોતાની શક્તિને સમાપ્ત થએલી જાણીને તેના ઉપષ્ટંભક અને શાસ્ત્રવિહિત એવા આહારાદિ ગ્રહણમાં પ્રવૃત્તિ કરે તો એ, શક્તિ ગોપવીને થતી પ્રવૃત્તિથી જે ભોજનનો અનુરાગ થાય તેવા અનુરાગવાળો બનતો ન હોવાથી વિરાધક બનતો નથી. **પ્રવચનસારમાં** પણ કહ્યું છે કે "સાધુ માત્ર દેહાત્મક ઉપધિવાળા હોય છે. અને તે દેહ અંગે પણ મમત્વરહિતપણે જ પરિકર્મ કરનારો હોય છે. તેમજ પોતાની શક્તિને છૂપાવ્યા વગર તે દેહને તપમાં જોડે છે." આ જ રીતે પોતાની સંપૂર્ણ શક્તિને પ્રકટ કરવા વડે સર્વ વસ્તુઓ અંગેના અભિષ્વંગનો પરિહાર કરતો પણ સાધુ તેવા પ્રકારના વિશિષ્ટ ધૃતિ–બળ વગેરે ન હોવાના કારણે શક્તિને પરિનિષ્ઠિત થએલી જાણીને તેના ઉપષ્ટંભક એવા ધર્મોપકરણ અંગે પ્રવૃત્તિ કરે તો પણ વિરાધક બનતો નથી. આગમમાં પણ કહ્યું છે કે 'વીર્યને ન છૂપાવતો સાધુ ઉપકરણ–આહારાદિમાં પ્રવૃત્તિ કરવા છતાં ચારિત્ર, તપ, શ્રુતને વિરાધતો નથી.' તેથી સાધુએ સંયમ વિશે વીર્યને ગોપવવું નહિ, કે

---

१. केवलदेहः श्रमणो देहेऽपि ममत्वरहितपरिकर्मा । आयुक्तवांस्तं तपसा अनिगूह्यात्मनः शक्तिम् ॥
२. अनिगूहयन् वीर्यं न विराधयति चरणं तपः श्रुतयोः । यदि संयमेऽपि वीर्यं न निगूहयेन् न हापयेत् ॥

कारणिकत्वमपि द्वयोस्तुल्यमेवेत्युपदिशति–

**कारणिगं जह वत्थं तह आहारो वि दंसिओ समए।**
**एगं चिच्चा अवरं गिण्हंताणं णु को भावो ॥३५॥**

( कारिणकं यथा वस्त्रं तथाऽऽहारोऽपि दर्शितः समये । एकं त्यक्त्वाऽपरं गृह्णतां नु को भावः ॥३५॥)

सिद्धान्ते हि त्रिभिः कारणैर्वस्त्रधारणमनुज्ञातं, तथा च स्थानाङ्गसूत्रे–[1]"तिहिं ठाणेहिं वत्थं धरेज्जा, तं जहा–हिरिवत्तिअं दुगंछावत्तिअं परीसहवत्तिअं' ति [ सूत्र १७१] "ह्रीः=लज्जा संयमो वा प्रत्ययो=निमित्तं यस्य धारणस्य तत्तथा, जुगुप्सा=लोकविहिता निन्दा सा प्रत्ययो यस्य तत्तथा एवं परीषहाः शीतोष्णदंशमशकादयः प्रत्ययो यत्र तत्तथेति" तत्र परे

---

તેની હાનિ થઈ જાય એવું પણ કરવું નહિ–અર્થાત્ તપ વગેરે રૂપ કોઈ એક યોગમાં જ એવી રીતે મંડી ન પડવું કે જેથી બીજા યોગોની હાનિ થઈ જાય. કારણ કે એક એક આચારને બાધ ન પહોંચે એ રીતે થતું આચારાન્તરનું આચરણ બળવદનિષ્ટનું અજનક હોવા સાથે ઈષ્ટનું સાધન બને છે. એમાં પણ મૂળગુણના આચારોને ઉપકારી બને એવું ઉત્તરગુણોનું આચરણ શ્રેયસ્કર છે એ જાણવું. નહિ કે ઉત્તરગુણની પ્રધાનતાએ મૂળગુણ આચરણ.

**પૂર્વપક્ષ :**– શક્તિ સમાપ્ત થાય ત્યારે જ તેના ઉપષ્ટંભક તરીકે વસ્ત્રાદિનું ધારણ કરવાનું હોય તો મનાય કે શક્તિનું અનિગૂહન છે. પણ શ્વેતાંબર સાધુઓ તો વસ્ત્રાદિને હંમેશાં ધારી રાખે છે તો શક્તિનું અનિગૂહન ક્યાં રહ્યું ?

**ઉત્તરપક્ષ :**– હંમેશ માટે તેવી શક્તિ ન હોવાથી જ વસ્ત્રાદિનું સાર્વદિક ધારણ હોય છે તેથી શક્તિનું નિગૂહન નથી. ॥૩૪॥

આમ શક્તિના અનિગૂહન રૂપે આહાર અને વસ્ત્રાદિમાં સામ્ય છે એ દેખાડીને હવે એ બે માં કારણિકત્વ પણ સમાન છે એવું ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ :**– જેમ તેવા તેવા કારણે જ વસ્ત્રધારણ શાસ્ત્રમાં અનુજ્ઞાત છે તેમ આહાર પણ તેવા તેવા કારણે જ અનુજ્ઞાત છે. આમ બન્નેમાં કારણિકત્વ સરખું હોવા છતાં વસ્ત્રાદિનો ત્યાગ કરી આહારપક્ષને જ ગ્રહણ કરી રાખવામાં તમારો શું અભિપ્રાય છે ?

**[ વસ્ત્રધારણના ત્રણ અને આહારના છ કારણો ]**

શાસ્ત્રમાં ત્રણ કારણોથી સાધુને વસ્ત્રધારણની અનુજ્ઞા છે. **શ્રી ઠાણાંગ સૂત્રમાં** કહ્યું છે કે, 'ત્રણ સ્થાનોથી (કારણથી) વસ્ત્રને ધારણ કરવું', તે આ પ્રમાણે–(૧) હ્રી-નિમિત્તે, (૨) જુગુપ્સા નિમિત્તે અને (૩) પરીષહ નિમિત્તે. અહીં હ્રી એટલે લજ્જા અથવા સંયમ, જુગુપ્સા એટલે નગ્ન રહેવામાં લોકો વડે કરાતી સતત નિન્દા, અને શીત–ઉષ્ણ–મચ્છરાદિ પરીષહો વસ્ત્રધારણના નિમિત્ત તરીકે જાણવા.

---

१. त्रिभिः स्थानैः वस्त्रं धारयेत् तद्यथा–ह्रीप्रत्ययिकं, जुगुप्साप्रत्ययिकं, परीषहप्रत्ययिकम् ।

प्रत्यवतिष्ठन्ते—ननु कारणिकमिदमसमसाहसवतामस्माकमनुचितमिति, त एवं प्रतिबोध्याः—यदि कारणिकत्वाद्धर्मोपकरणधारणमयुक्तमायुष्मतां तर्हि कारणिकमाहारग्रहणमप्ययुक्तमापद्येत, तस्यापि कारणिकत्वेनोपदेशात् । तदुक्तं स्थानाङ्गे–"¹छहिं ठाणेहिं समणे णिग्गंथे आहारमाहारेमाणे णाइक्कमइ । तं जहा– वेअणवेयावच्चे इरियट्ठाए अ संजमट्ठाए तह पाणवत्तिआए छट्ठं पुण धम्मचिन्ताए'त्ति [ सूत्र–५०० ] छहिन्ति कण्ठ्यं । आहारमशनादिकमाहारयन्=अभ्यवहरन्नातिक्रामत्याज्ञां पुष्टालम्बनत्वात्, अन्यथा त्वतिक्रामत्येव, रागादिभावात्, तद्यथा वेअणागाहा–(१) क्षुद्वेदना (२) वैयावृत्यम्=आचार्यादिकृत्यकरणम् वेदनवैयावृत्यं, भुञ्जीत वेदनोपशमनार्थं वैयावृत्यकरणार्थं चेति भावः । (३) ईर्या=गमनं तस्या विशुद्धिः= युगमात्रनिहितदृष्टित्वं ईर्याविशुद्धिस्तस्यै ईर्याविशुद्ध्यर्थं, इह च विशुद्धिशब्दलोपादीर्यार्थमित्युक्तं, बुभुक्षितो हीर्याशुद्धावशक्तः स्यादिति तदर्थमिति चः समुच्चये (४) संयमः प्रेक्षोत्प्रेक्षाप्रमार्जनादिलक्षणस्तदर्थं, तथेति कारणान्तरसमुच्चये, (५) प्राणा उच्छ्वासादयो बलं वा, तेषां तस्य वा वृत्तिः=पालनं तदर्थं प्राणधारणार्थमित्यर्थः, (६) षष्ठं पुनः कारणं धर्मचिन्तायै गुणनानुप्रेक्षार्थमित्यर्थं इति" ।

---

**પૂર્વપક્ષ** :– અજોડ સાહસિક એવા આપણને આવા (નજીવા) કારણોસર વસ્ત્ર ધારણ અનુચિત છે.

**ઉત્તરપક્ષ** :– કારણિક છે એમ કહીને વસ્ત્રધારણને જો તમારે અયુક્ત ઠરાવવું હોય તો તે, આહાર પણ તેવો જ હોવાથી અયુક્ત થઈ જશે. આહાર પણ કારણિક છે એ વાત **શ્રી ઠાણાંગ સૂત્ર**માં કહી છે–'છ કારણોએ આહાર કરતાં શ્રમણ નિર્ગ્રન્થો સંયમને ઉલ્લંઘતા નથી. તે છ કારણો આ પ્રમાણે–વેદના, વૈયાવચ્ચ, 'ઇર્યા, સંયમ, પ્રાણધારણ અને ધર્મચિન્તા' આમ વેદનાદિ રૂપ પુષ્ટ આલંબને અશનાદિ આહાર કરાતો હોવાથી આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી. પુષ્ટાલંબનની ગેરહાજરીમાં થતી ભોજન–પ્રવૃત્તિ રાગાદિના કારણે જ હોવાથી તેનાથી આજ્ઞાનું ઉલ્લંઘન થઈ જાય છે. આમ આહારનું ગ્રહણ (૧) ક્ષુદ્વેદનાના ઉપશમ માટે (૨) આચાર્યાદિ પ્રત્યેના કર્તવ્યો બજાવવા રૂપ વૈયાવચ્ચ માટે (૩) ધુંસરી પ્રમાણ ભૂમિ વિશે દૃષ્ટિ રાખી જીવાક્રાન્તભૂમિનો પરિહાર કરવા પૂર્વકના ગમનરૂપ ઇર્યાવિશુદ્ધિ માટે (કારણ કે ક્ષુધાદિથી પીડિત સાધુ આ વિશુદ્ધિ જાળવવામાં અશક્ત બને છે.) (૪) પ્રેક્ષા, ઉત્પ્રેક્ષા, પ્રમાર્જના વગેરે રૂપ સંયમના પાલન માટે (૫) ઉચ્છ્વાસાદિ કે મન–વચન–કાય બળરૂપ પ્રાણોના પાલન માટે તેમજ (૬) સૂત્રાર્થના પરાવર્ત્તન–અનુપ્રેક્ષાદિરૂપ ધર્મચિન્તા માટે, આ છ કારણોથી જ સાધુને અનુજ્ઞાત હોવાથી આહાર પણ કારણિક જ છે.

---

१. षड्भिः स्थानैः श्रमणो निर्ग्रन्थ आहारमाहारयन्नातिक्रमति, तद्यथा—
वेदनवैयावृत्ये ईर्यार्थं च संयमार्थम् । तथा प्राणवृत्त्यर्थं षष्ठं पुनः धर्मचिन्तायै ॥

ननु यदि लज्जाकुत्सानिरोधायोपकरणं ग्राह्यं तर्हि यथोक्तोपधिग्रहेऽपि तदनिवृत्तेर्विशिष्ट नेपथ्यादिकमेव परिग्राह्यं स्यादिति चेत् ? न, स्वशक्त्या लज्जाकुत्सानिग्रहेऽपि विशिष्टशक्त्यभावात् यादृशलज्जाकुत्से न निवर्तेते तादृशतन्निवृत्तेरुक्तधर्मोपकरणसाध्यत्वाद् अथवा ह्रीः संयमस्तदर्थमेव विशेषतस्तदुपयोगः । तदाह—

'विहिय' सुए च्चिय जओ धरेज्ज तिहिं कारणेहिं वत्थंति ।
तेणं चिय तदवस्सं णिरतिसएणं धरेयव्वं ॥ (वि० आ० भा० २६०२)
²जिणकप्पाजोगाणं ह्रीकुच्छपरीसहा जओवस्सं ।
ह्रीलज्ज'ति व सो संजमो तदट्ठं विसेसेणं ॥ ति (वि० आ० भा० २६०३)

यथा चास्य संयमोपकारित्वं तथा प्रागेव प्रपञ्चितम् । तथा च यदि कारणिकत्वाद्वस्त्रं त्याज्यं तर्ह्याहारोऽपि तव त्यक्तव्यः स्यात्, यदि पुनर्येनकेनचित् कारणेनाहारो ग्राह्यस्तर्हि तेन वस्त्रादिकमपि ग्राह्यमिति दुरुत्तरा प्रतिबन्दितरङ्गिणी ॥३५॥

[ લજ્જા–જુગુપ્સા ટાળવા માટે વસ્ત્રધારણ જરૂરી ]

**પૂર્વપક્ષ** :– જો લજ્જા–જુગુપ્સાના નિરોધ માટે જ ઉપકરણ ગ્રાહ્ય હોય તો તો સૂત્રમાં જેવા વસ્ત્રાદિ કહ્યા છે તેવાથી પણ લજ્જાદિ નિવૃત્ત થતા ન હોવાથી જેવા વસ્ત્રાદિથી તે સંપૂર્ણ નિવૃત્ત થાય તેવા જ લોકપ્રચલિત પહેરવેશાદિ ધારણ કરવા જોઈએ.

**ઉત્તરપક્ષ** :– સામાન્યથી તો સાધુઓ સ્વશક્તિથી જ લજ્જા કુત્સાનો નિરોધ કરે છે. પણ તેવી વિશિષ્ટ શક્તિ ન હોવાના કારણે જે પ્રકારની લજ્જા–જુગુપ્સા નિવૃત્ત થતી નથી તેવા પ્રકારની લજ્જા ધર્મોપકરણથી નિવૃત્ત થઈ શકતી હોવાથી તેવી લજ્જાના નિવર્તનમાં સમર્થ એવા શાસ્ત્રોક્ત વસ્ત્રાદિ જ ધારણ કરવા યોગ્ય છે. તે સિવાયની લજ્જાને તો સાધુએ પોતે જ પોતાની શક્તિથી નિવૃત્ત કરવાની હોય છે. અથવા હ્રી એટલે સંયમ એવો અર્થ લઈએ તો સંયમ માટે જ વસ્ત્રાદિ વિશેષતઃ ઉપયોગી હોવાથી ધારવા જોઈએ. વિશેષાવશ્યકમાં કહ્યું છે કે 'ત્રણ કારણોથી વસ્ત્રને ધારણ કરવું જોઈએ એવું શાસ્ત્રમાં વિધાન હોવાથી નિરતિશય=વિશિષ્ટશક્તિ વિનાના સાધુએ વસ્ત્રને અવશ્ય ધારવું જોઈએ. જિનકલ્પને અયોગ્ય સાધુઓને હ્રી–જુગુપ્સા–પરીષહ રૂપ કારણો અવશ્ય સંભવિત હોવાથી અવશ્ય વસ્ત્ર ધારવા જોઈએ. અથવા હ્રી એટલે લજ્જા અને લજ્જા સંયમ રૂપ છે તેને માટે વિશેષથી ઉપયોગી હોવાથી વસ્ત્રાદિ ધારવા જોઈએ' વસ્ત્રાદિ સંયમને ઉપકારી શી રીતે બને છે તે અમે પૂર્વે કહી ગયા છીએ.

આમ જો કારણિક હોવાથી વસ્ત્ર ત્યાજ્ય છે એવું તમે માનતા હો તો તો આહાર

१. विहितं श्रुत एव यतो धरेत्त्रिभिः कारणैर्वस्त्रमिति । तेनैव तदवश्यं निरतिशयेन धर्त्तव्यम् ॥
२. जिनकल्पायोग्यानां ह्रीकुत्सापरीषहा यतोऽवश्यम् । ह्रीर्लज्जेति वा स संयमस्तदर्थं विशेषेण ॥

अथात्र दोषान्तरोद्भावनमपि परस्य तुल्यमित्याह—

**अविजियहिरिकुच्छाणं जइ णूणं संजमे ण अहिगारो ।**
**ता कह अजिअदिगिच्छातण्हाणं तत्थ अहिगारो ? ॥३६॥**

(अविजितह्रीकुत्सानां यदि नूनं संयमे नाधिकारः । तत्कथमजितदिगिच्छातृष्णानां तत्राधिकारः ॥३६॥)

यदि ह्रीकुत्सयोरविजये चारित्रमेव नेति तवाभिमतं तर्हि क्षुत्तृष्णयोरुदयेऽपि कथं तदिति पर्यनुयोगे नग्नाटस्य गगनमेवावलोकनीयं स्यात् । अथ प्रायो जितक्षुत्तृष्णानामपि साधूनां जीवदसातोदयतया तदुदयेऽपि विधिना तत्प्रतीकारो न दोषाय, तर्हि प्रायो जितह्रीकुत्सानामपि तद्धेतुकर्मजनिततन्निरोधाय केषाञ्चित् संयमत्राणाय धर्मोपकरणधारणं न दोषायेति तुल्यम् । अपि चोक्तोपकरणेन चारित्रप्रशंसयापि महान् गुणो वेषेणैव च पतयालुपरिणामानामपि शङ्कासंभवश्च, तदुक्तं—'धम्मं[1] रक्खइ...' ॥३६॥

---

પણ કારણિક હોવાથી તમારે ત્યાજ્ય બની જશે, અને જો આહાર ગ્રહણને યોગ્ય ઠરાવવા કારણો મળતા હોય તો તેવા યોગ્ય કારણોએ વસ્ત્રાદિને પણ ગ્રાહ્ય માનવા જ પડશે. તેથી ધર્મોપકરણની સામે આહારરૂપ આ [2]પ્રતિબંદિનદી દુરુત્તરા છે. ॥૩૫॥

વસ્ત્રાદિ અંગે દોષાન્તરનું ઉદ્ભાવન આહાર અંગે પણ સમાન છે એવું ગ્રન્થકારશ્રી જણાવે છે—

**ગાથાર્થ** :- જેઓએ હ્રી–કુત્સાને જીતી નથી તેઓને સંયમમાં અધિકાર જ નથી એવું જો તમને અભિમત હોય તો જેઓએ ક્ષુધા–તૃષ્ણાને જીતી નથી તેઓને પણ સંયમનો અધિકાર શી રીતે માનશો ?

### [ ક્ષુત્–તૃષ્ણા વિજયવત્ હ્રી–કુત્સાવિજય ]

હ્રી–કુત્સા જીતાયા ન હોય તો ચારિત્ર જ હોઇ ન શકે એવું જો તમને અભિમત હોય તો 'ક્ષુધા–તૃષ્ણાના ઉદયમાં પણ ચારિત્ર શી રીતે સંભવી શકે ?' એવા પ્રશ્નના જવાબમાં તમારે (દિગંબરે) આકાશ જ જોવાનું રહેશે. અર્થાત્ જો ક્ષુધા–તૃષા મૂળગુણઘાતક નથી તો લજ્જા–દુગંછાને પણ મૂળગુણઘાતક શી રીતે માની શકાય ? એવા અમારા પ્રશ્નનો તમારી પાસે જવાબ નથી.

**પૂર્વપક્ષ** :- સાધુઓએ ક્ષુધા–તૃષ્ણાને પ્રાયઃ જીતી હોય છે. છતાં અશાતાનો અંત ન આવ્યો હોઈ તેનો ઉદય થએ છતે ક્ષુધા–તૃષ્ણા લાગે છે. એ જ્યારે લાગે તે

---

૧. 'धम्मं रक्खइ वेसो, संकइ वेसेण दिक्खिओ म्हि अहं । उम्मग्गेण पडंतं, रक्खइ राया जणवउ व्व ॥ (उपदेशमाला–२१)

धर्मं रक्षति वेषः शंकते वेषेण दिक्षितोऽस्म्यहम् । उन्मार्गेण पतन्तं रक्षति राजा जनपदमिव ॥

૨. વાદી પોતાને અનભિમત બાબતમાં જે જે આપત્તિ આપે તે તેને અભિમત વસ્તુમાં પણ લગાડવી અને એ સ્વાભિમતમાં આવતી આપત્તિનો જે જે રીતે પરિહાર કરે તેવો જ પરિહાર અનભિમતમાં પણ શક્ય છે એવું બતાડવું એ પ્રતિબંદિ ન્યાય કહેવાય છે.

अह हिरिकुच्छाहि सया हिरिकुच्छसहावभावणा णो चे।
तण्हाछुहाहि ता कह तदभावसहावसंबुद्धी ॥३७॥

( अथ ह्रीकुत्साभ्यां सदा ह्रीकुत्सास्वभावभावना नो चेत् । तृष्णाक्षुधाभ्यां तत्कथं तदभावस्वभावसंबुद्धिः ॥३७॥

तृष्णाक्षुधाभ्यामतृष्णाक्षुधास्वभावभावनेव ह्रीकुत्साभ्यामह्रीकुत्सास्वभावभावना न प्रतिरोद्धुं शक्या, मनः शुद्धेर्बलवत्त्वात्, अन्यथा तत्राप्यगतेः । 'सर्वदा सत्यौ ह्रीकुत्से स्वतादृप्यप्रतीतिजनिके' इति चेत्? तर्हि शरीरमपि न कुतः? 'संयमोपकारित्वमतिरस्तत्प्रतिबन्धिके'ति चेत्? अत्रापि तुल्यं, ताभ्यामपि स्थिरीकरणाद्युपकारसंभवात् ॥३७॥

---

વખતે વિધિપૂર્વક તેનો પ્રતિકાર કરવો એ દોષરૂપ નથી. એટલે કે ચારિત્રમાં બાધક બનતો નથી......

**ઉત્તરપક્ષ** :– એ જ રીતે સાધુઓએ હ્રીકુત્સાને પણ પ્રાયઃ જીતી જ હોય છે છતાં તેના હેતુભૂત કર્મના ઉદયથી તે પ્રવર્ત્યે છતે તેના પ્રતીકાર દ્વારા સંયમના રક્ષણ માટે ધર્મોપકરણ ધારણ પણ દોષરૂપ નથી. વળી ઉપકરણની હાજરીમાં બીજા ગૃહસ્થો સાધુને ચારિત્રી તરીકે જાણી શકે અને તેથી ચારિત્રની પ્રશંસા કરે તો પ્રશંસા કરનારને પણ લાભ થાય; અને સાધુ પણ ચારિત્રના કારણે થતી પોતાની પ્રશંસા જાણી ચારિત્રમાં વધુ સ્થિર થાય છે. આમ ચારિત્રની પ્રશંસા દ્વારા પણ ઉપકરણોથી ઘણા ફાયદા છે. વળી કોઇવાર કર્મના વિચિત્ર ઉદયના કારણે જે સાધુના પરિણામ પડી ગયા હોય તે પણ વેષના કારણે જ 'હું દીક્ષિત છું', મારે આ કરવું શોભે નહિ, લોકોમાં મારી નિંદા થશે' ઈત્યાદિ શંકા પડવા દ્વારા બચી જાય છે. તેથી વેશના ઘણા ફાયદા છે. **શ્રી ઉપદેશમાળા** શાસ્ત્રમાં પણ કહ્યું છે કે- "ઉન્માર્ગે જતી પ્રજાને જેમ રાજા અટકાવે છે તેમ 'હું" દીક્ષિત છું' ઈત્યાદિ શંકા કરાવવા દ્વારા અર્થાત્ એ વાત યાદ આવવા દ્વારા, વેષ ઉન્માર્ગે પડતા સાધુને બચાવે છે અને એ રીતે એના ધર્મનું રક્ષણ કરે છે ॥૩૬॥

**ગાથાર્થ** :– લજ્જા અને દુગંછાની હાજરીમાં યતિને અલજ્જા અને અદુગંછારૂપ આત્મસ્વભાવની ભાવના શી રીતે થઇ શકે? એવું જો તમે કહેતા હો તો અમે કહીએ છીએ કે ક્ષુધા–તૃષ્ણાની હાજરીમાં અક્ષુધા–અતૃષ્ણા સ્વભાવની ભાવના પણ શી રીતે થઈ શકશે?

બાહ્ય ક્ષુધા–તૃષ્ણાની હાજરીમાં પણ 'આત્મા તૃષ્ણા–ક્ષુધા વિનાના સ્વભાવવાળો છે.' ઈત્યાદિ ભાવનાનો, જેમ બળવાન્ મનઃશુદ્ધિ ના કારણે પ્રતિબંધ થતો નથી તેમ બાહ્ય હ્રી–કુત્સાની હાજરીમાં પણ અહ્રી–કુત્સા ભાવનાનો પ્રતિબંધ થતો નથી. જો એ પ્રતિબંધ થાય છે એમ માનશો તો ક્ષુધાદિને પણ અક્ષુધાદિ ભાવનાનો પ્રતિબંધ કરનારા માનવા પડવાથી તમારે આહાર ગ્રહણની નિર્દોષતા સિદ્ધ કરવા કોઈ શરણ રહેશે નહિ.

आहारविधानसमाधानमप्युपधौ तुल्यमित्याह—

**उस्सग्गववायाणं मित्तीए अह ण भोअणं दुट्ठं ।**
**उस्सग्गववायाणं मित्तीइ तहेव उवगरणं ॥३८॥**

( उत्सर्गापवादयोर्मैत्र्याऽथ भोजनं न दुष्टम् । उत्सर्गापवादयोर्मैत्र्या तथैवोपकरणम् ॥३८॥ )

बालादिनापि मूलच्छेदाभावेनातिकर्कशमेवाचरणीयमित्युत्सर्गः स्वयोग्यं मृद्वेवाचरणीयमित्यपवादः, स्वस्य योग्यमतिकर्कशमाचरताऽपि स्वयोग्यं मृद्वप्याचरणीयमित्युत्सर्गसापेक्षोऽपवादः,[1] स्वयोग्यं मृद्वाचरणमाचरता स्वयोग्यमतिकर्कशमप्याचरणीयमित्यपवादसापेक्ष उत्सर्गः,[2] इत्युत्सर्गापवादमैत्र्या ह्याचरणमनुज्ञातम् । तदुक्तं-(प्रव० सार ३-३०)

**પૂર્વપક્ષ** :–સર્વદા હાજર રહેતી લજ્જા અને જુગુપ્સા પોતાના તાદ્રૂપ્યની જ પ્રતીતિ કરાવે છે અર્થાત્ આત્મા હ્રીકુત્સામય જ છે. હ્રી–કુત્સા સ્વભાવવાળો જ છે એવી પ્રતીતિ કરાવે છે. તેથી અહ્રી–અકુત્સા સ્વભાવ ભાવનાનો બાધ કરશે જ. તેથી જો એ ભાવનાને અખંડ જાળવી રાખવી હોય તો સાધુને લજ્જા–દુગંછા હોવા જ ન જોઈએ અને તેથી વસ્ત્રાદિની કોઈ જરૂર રહેતી નથી.

**ઉત્તરપક્ષ** :–એ રીતે તો સર્વદા હાજર રહેતું શરીર પણ 'આત્મા શરીરમય છે' ઇત્યાદિરૂપ સ્વતાદ્રૂપ્યની બુદ્ધિ કરાવવા દ્વારા અશરીરસ્વભાવભાવનાનું પ્રતિબંધક શા માટે ન બને? અને તેથી એ ભાવના જાળવી રાખવા દીક્ષા લેવા માત્રથી એનો ત્યાગ શા માટે આવશ્યક ન બને?

**પૂર્વપક્ષ** :–શરીર વિશે રહેતી 'આ સંયમને ઉપકારી છે' એવી મતિ અર્થાત્ 'આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ કરવામાં આ સાધનભૂત છે' એવી બુદ્ધિ, 'શરીર એ શુદ્ધ સ્વરૂપથી ભિન્ન છે' એવું તાત્પર્યથી જણાવવા દ્વારા તેવી સ્વતાદ્રૂપ્ય બુદ્ધિને અટકાવે છે. તેથી શરીર અશરીરસ્વભાવભાવનાનું પ્રતિબંધક ન હોવાથી ચારિત્રપ્રતિબંધક પણ નથી.

**ઉત્તરપક્ષ** :– હ્રી–કુત્સા વિશે પણ આ બધી વાતો સમાન જ છે કારણ કે એ બેથી પણ સંયમ વિશે સ્થિરીકરણાદિરૂપ ઉપકાર સંભવિત જ છે. લજ્જાને કારણે કોઈ પતિતપરિણામી પણ અકાર્યથી અટકી ક્રમે કરીને પુનઃ ચારિત્રમાં સ્થિર થઈ જાય છે એ વાત સુપ્રસિદ્ધ જ છે ॥૩૭॥

આહાર શાસ્ત્રવિહિત હોવાથી ચારિત્ર પ્રતિબંધક નથી એવું સમાધાન ઉપધિ વિશે પણ સમાન જ છે એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે—

---

१. अत्र 'अपवादसापेक्ष उत्सर्गः' इति पाठो युक्तो भाति ।
२. अत्र 'उत्सर्गसापेक्षोऽपवादः' इति पाठो युक्तो भाति ।

'बालो वा बुड्ढो वा समभिहदो वा पुणो गिलाणो वा[1]।
चरियं चरदु सजोग्गं मूलच्छेदं जधा ण हवे ॥"

न तु तद्विरोधेन, यतो ग्लानत्वाद्यनुरोधेन मृद्वाचरणेऽप्यल्पलेपो भवत्येव, तदुक्तं—
(प्रव० सार-३-३१)

[2]आहारे च विहारे देसं कालं समं खमं उवहिं ।
जाणित्ता ते समणो वट्टदि जदि अप्पलेवी सो ॥ त्ति।

तद्वरमुत्सर्गो, ग्लानत्वाद्यनुरोधेन मृद्वाचरणेऽप्यल्प एव लेपो भवति तद्वरमपवादो, ग्लानत्वादिनाप्याहारविहारयोरल्पलेपभयेनाप्रवृत्तावतिकर्कशाचरणेन शरीरं पातयित्वा स्वर्लोकगमने तत्र संयमवमनात् महान् लेप इति न श्रेयानपवादनिरपेक्ष उत्सर्गः, ग्लानत्वाद्यनुरोधेनाहारविहारयोरल्पलेपत्वं विगणय्य यथेष्टप्रवृत्तौ मृद्वाचरणेनासंयतजनसमानतया महानेव लेप इति नोत्सर्गनिरपेक्षोऽपवादः श्रेयानिति व्यवस्थया नाहारविहारयोर्दोष" इति चेत् ? तदिदमन्यत्रापि तुल्यं, अत एवौघिकौपग्रहिकादिव्यवस्था पञ्चभिः स्थानैरचेलतादिप्राशस्त्यं च समये व्यवस्थितमिति ॥३८॥

**ગાથાર્થ** :– જો એમ કહેશો કે ઉત્સર્ગ અને અપવાદ માર્ગની મૈત્રી (સાપેક્ષતા) પૂર્વક ભોજન થતું હોવાથી એ દુષ્ટ નથી. અર્થાત્ ભોજન કરવા છતાં ઉત્સર્ગ–અપવાદની મૈત્રી જળવાઈ રહે છે. ખંડિત થતી નથી તેથી ભોજન અદુષ્ટ છે, તો એ જ રીતે સાપેક્ષ રહીને વસ્ત્રાદિ ધારવામાં પણ ઉત્સર્ગ–અપવાદનો સુમેળ જળવાઇ રહેતો હોવાથી એ પણ શા માટે દુષ્ટ બને ?

## [ઉત્સર્ગ–અપવાદની સાપેક્ષતામાં દિગમ્બરમત]

**પૂર્વપક્ષ** :– શુદ્ધાત્મસ્વભાવનું સાધનભૂત હોવાથી સંયમ 'મૂળ' કહેવાય છે તેમજ તે મૂળનું પણ સાધન હોવાથી શરીર પણ 'મૂળ' કહેવાય છે.

બાળ, વૃદ્ધ, ગ્લાન કે પરિશ્રાન્ત સાધુએ પણ મૂળ (સંયમ)નો છેદ ન થઇ જાય એ રીતે અતિકર્કશ–કઠોર જ આચરણ કરવું એ ઉત્સર્ગ છે. બાળાદિએ મૂળ (=શરીર) નો નાશ ન થઇ જાય એ રીતે સ્વયોગ્ય (પોતાના શરીરને અનુકૂળ) મૃદુ આચરણ (આહારાદિ) પણ કરવું એ અપવાદ છે.

મૂળભૂત સંયમને યોગ્ય અતિકર્કશ આચરણ કરતાં સાધુએ પણ અવસરે સ્વયોગ્ય (શરીરને અનુકૂળ) મૃદુ આચરણ પણ કરવું (કે જેથી શરીરનાશ થતો અટકે) એ અપવાદ સાપેક્ષ ઉત્સર્ગ છે. (અહીં ગ્રંથમાં 'उत्सर्गसापेक्षोऽपिवादः' એવો જે પાઠ મળે છે એના કરતાં 'अपवादसापेक्ष उत्सर्गः' એવો પાઠ યોગ્ય લાગે છે, એમ આગળ 'अपवादसापेक्ष उत्सर्गः' પાઠના સ્થાને 'उत्सर्गसापेक्षोऽपवादः' પાઠ યોગ્ય લાગે છે.)

१. बालो वा वृद्धो वा श्रमाभिहतो वा पुनर्ग्लानो वा । चर्यां चरतु स्वयोग्यां मूलच्छेदो यथा न भवति ॥
२. आहारे वा विहारे देशं कालं श्रमं क्षमामुपधिम् । ज्ञात्वा तान् श्रमणो वर्तते यद्यल्पलेपी सः ॥

उक्तप्रतिबन्द्यैव परेषां कल्पनान्तरमपाकुर्वन्नाह—

**एएणुवगरणेणं पच्चक्खाणस्स दव्वओ भंगो ।**
**इय कप्पणावि विहवाजुव्वणमिव णिप्फला णेया ॥३९॥**

(एतेनोपकरणेन प्रत्याख्यानस्य द्रव्यतो भङ्गः । इति कल्पनापि विधवायौवनमिव निष्फला ज्ञेया ॥३९॥)

મૂળભૂત શરીરને યોગ્ય મૃદુ આચરણ કરતો સાધુ પણ જો તેવું જ આચરણ કર્યા કરે તો શિથિલતા આવી જવા દ્વારા મૂળભૂત સંયમનો છેદ થઈ જાય, એ ન થાય એ માટે સંયમને યોગ્ય કર્કશ પણ આચરતા રહેવું એ ઉત્સર્ગસાપેક્ષ અપવાદ છે.

આનાથી જણાય છે કે ઉત્સર્ગ અને અપવાદ બન્નેની જ્યાં મૈત્રી હોય-સાપેક્ષતા હોય-પરસ્પર વિરોધ ન હોય એવું જ આચરણ ચારિત્રની સ્થિરતા કરનારું હોવાથી અનુજ્ઞાત છે. પ્રવચનસારમાં કહ્યું છે કે='બાળ હોય, વૃદ્ધ હોય, શ્રમથી થાકેલો હોય, કે ગ્લાન હોય તો પણ સાધુએ સ્વયોગ્ય તેવી જ ચર્યાનું આચરણ કરવું કે જેથી મૂલ (સંયમ અને શરીર)નો નાશ ન થાય.

વળી ગ્લાનપણા વગેરેના કારણે મૃદુ આચરણ કરવામાં પણ અલ્પલેપ તો લાગે જ છે તેથી ઉત્સર્ગ શ્રેષ્ઠ છે. કહ્યું છે કે-'દેશ, કાળ, શ્રમ, શક્તિ અને ઉપધિ (=શરીર) ને જાણીને જો શ્રમણ આહાર-વિહારમાં પ્રવૃત્ત થાય તો અલ્પલેપી બને છે અર્થાત્ તેને અલ્પ કર્મબંધ તો થાય જ છે.' એમ ગ્લાનપણું વગેરે દશામાં મૃદુ આચરણ કરવામાં પણ લેપ તો અલ્પ જ લાગે છે. અને શરીર તેમજ શરીર દ્વારા સંયમ પણ ટકે છે તેથી અપવાદ શ્રેષ્ઠ તો છે જ. પરંતુ ગ્લાનત્વાદિ દશામાં પણ આહાર-વિહારાદિ કરવામાં થતા અલ્પલેપના ભયથી જો તેમાં પ્રવૃત્તિ ન કરે અને અતિકર્કશ આચરણાત્મક ઉત્સર્ગનો જ આગ્રહ રાખે તો પરિણામે શરીરનો નાશ થઈ જવાથી દેવલોકમાં જવાનું થાય, જ્યાં સંયમ ન હોવાથી મહાન્ કર્મબંધ થાય છે. તેથી અપવાદનિરપેક્ષ ઉત્સર્ગ કલ્યાણકારી નથી. એમ ગ્લાનત્વાદિદશાના કારણે આહાર-વિહારાદિની પ્રવૃત્તિથી થતા અલ્પલેપની અવગણના કરીને જો યથેષ્ટપ્રવૃત્તિમાં જ સાધુ પડી જાય તો એ અસંયતજન જેવો જ થઈ જવાથી મહાન્ લેપવાળો થાય છે. તેથી ઉત્સર્ગનિરપેક્ષ અપવાદ પણ હિતકર નથી આમ ઉત્સર્ગ અને અપવાદના પરસ્પર સુમેળથી જ આચરણ હિતકર બનતું હોવાથી આહાર-વિહાર દુષ્ટ નથી.

**ઉત્તરપક્ષ** :- આ બધી વાત ધર્મોપકરણ અંગે પણ તુલ્ય હોવાથી એ પણ દુષ્ટ નથી તેથી જ જુદી જુદી અવસ્થાને આશ્રયીને ઉત્સર્ગ-અપવાદને અનુસરીને ઔઘિક અને ઔપગ્રહિક ઉપધિની વ્યવસ્થા શાસ્ત્રોમાં બતાવી છે, તેમજ પાંચ સ્થાનોથી અચેલતા વગેરે પ્રશસ્ત છે એવું જણાવ્યું છે. ॥૩૮॥

આહાર અને ઉપકરણ અંગેની સમાનતા દેખાડવા રૂપ ઉક્ત પ્રતિબંદીથી જ દિગંબરોની અન્ય કલ્પનાનું નિરાકરણ કરતાં ગ્રન્થકાર કહે છે—

इदं ह्याध्यात्मिकानामाकूतं यत्—"परिग्रहप्रत्याख्यानं तावच्चतुर्विषयकमेव कार्त्स्न्येन पर्यवस्यति । तदुक्तं–[1]से परिग्गहे चउव्विहे पण्णत्ते तं जहा–दव्वओ, खित्तओ, कालआ, भावओत्ति (पाक्षिकसूत्रम्) । तत्रोपकरणे सति मूर्च्छात्यागेन भावपरिग्रहप्रत्याख्यानसंभवेऽपि द्रव्यपरिग्रहस्य जागरूकत्वात् तस्य सर्वदा ज्ञात्वाऽऽसेवने लेपसंभव इति"—तदिदमाहारेऽपि तुल्यमिति विधवायौवनमिव स्वसमीहिताऽकारितया स्वविडम्बनामात्रमेव परेषां विजृम्भितं, सर्वद्रव्येषु मूर्च्छात्याग एव कार्य इत्युक्तसूत्राभिप्रायात् । तदुक्तं विशेषावश्यके–[2]अपरिग्गहया सुत्तोत्ति जा य मुच्छा परिग्गहोभिमओ । सव्वदव्वेसु ण सा कायव्वा सुत्तसब्भावो ॥ [२५८०] या च '[3]सव्वाओ परिग्गहाओ वेरमणं'...इत्यादिनाऽपरिग्रहता सूत्रे प्रोक्तेति त्वया गीयते तत्रापि मूर्च्छैव परिग्रहस्तीर्थकृतामभिमतो नान्यः । सा च मूर्च्छा यथा वस्त्रे तथा सर्वेष्वपि शरीराहारादिद्रव्येषु न कर्त्तव्येति सूत्रसद्भावः = सूत्रपरमार्थो, न पुनस्त्वदभिमतः सर्वथा वस्त्रपरित्यागोऽपरिग्रहतेति सूत्राभिप्रायः । तस्मादपरिज्ञातसूत्रभावार्थो मिथ्यैव खिद्यसे त्वमिति ।

---

**ગાથાર્થ** :– આ વસ્ત્રાદિ ધર્મોપકરણથી દ્રવ્યતઃ પચ્ચક્ખાણ (=દ્રવ્યથી પરિગ્રહ ન રાખવા રૂપ પચ્ચક્ખાણ)નો ભંગ થાય છે–' આધ્યાત્મિકોની આવી કલ્પના પણ વિધવાના યૌવનની જેમ નિષ્ફળ જાણવી. અર્થાત્ 'ઉપકરણો ત્યાજ્ય છે' એવું જણાવવામાં અસમર્થ જાણવી.

**[ શ્વેતામ્બર મતે સંપૂર્ણ પરિગ્રહ પચ્ચક્ખાણ અબાધિત]**

નામધારી અધ્યાત્મવાદી દિગંબરનો એ આશય છે કે ચાર વિષય (=પ્રકાર)ના પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરવામાં આવે તો જ સંપૂર્ણતયા પરિગ્રહ પચ્ચક્ખાણ થાય છે આગમમાં પણ કહ્યું છે કે–'તે પરિગ્રહ ચાર પ્રકારે કહેવાયો છે જેમકે–દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.' તેથી ઉપકરણાત્મક દ્રવ્યનો સંગ હોય તો તેમાં મૂર્ચ્છા ન હોવાના કારણે ભાવથી પરિગ્રહનું પચ્ચક્ખાણ ઊભું રહેવું કદાચ સંભવિત હોવા છતાં દ્રવ્ય પરિગ્રહ તો હાજર જ હોવાથી દ્રવ્ય પરિગ્રહ પ્રત્યાખ્યાન સંભવતું નથી. ઉપરાંત 'આ દ્રવ્યપરિગ્રહ છે' એવું જાણવા છતાં એનું આસેવન કરવામાં, સંપૂર્ણ પ્રત્યાખ્યાન પાલન અસંભવિત હોવાના કારણે કર્મબંધ થવાનો સંભવ પૂરેપૂરો છે. તેથી વસ્ત્રાદિ ત્યાજ્ય છે.

આધ્યાત્મિકોની આવી કલ્પના પણ પોતાના ઈષ્ટને સિદ્ધ કરવામાં સમર્થ ન હોવાથી વિધવાના યૌવનની જેમ નિષ્ફળ છે. કારણ, આહારાદિ દ્રવ્યપરિગ્રહ અંગે પણ આ કલ્પના સમાન હોવા છતાં એ જેમ સંયમોપકારી હોવાથી આહારાદિને ત્યા-

---

૧. अथ परिग्रहश्चतुर्विधः प्रज्ञप्तः, तद्यथा–द्रव्यतः क्षेत्रतः कालतो भावतः ।

૨. अपरिग्रहता सूत्र इति या च मूर्च्छा परिग्रहोऽभिमतः । सर्वद्रव्येषु न सा कर्त्तव्या सूत्रसद्भावः ।

૩. पाक्षिकसूत्रे—सर्वतः परिग्रहाद्विरमणम्......

एतेन प्राणातिपातादीनां मोहजन्यत्वानुरोधेन मोहोदयसत्ताभ्यां द्रव्यभावपरिणतिभेदाभिधानं, द्रव्यरूपाणामपि तेषां द्रव्यत आश्रवरूपत्वात्, सूक्ष्मपृथिव्यादीनामिवाविरतिप्रत्ययकर्मबन्धहेतुत्वादित्याद्यभिमानमपि केषाञ्चिद्विचारणीयमेव, एकेन्द्रियाणामप्यज्ञानादिप्रमादयोगेन भावहिंसाया एव संभवात्, क्षेत्रादिरूपाणामिव द्रव्यादिरूपाणामपि प्राणातिपातादीनां स्वकारणोपनिपातमात्रसंभविसंभवतया मोहाऽजन्यत्वाद, अन्यथा कदाचिन्मूर्च्छाजननपरिहीगृत परिग्रहत्वस्वभावः कायोऽपि केवलिनां द्रव्याश्रवभूत इति तेषामशक्यपरिहाराभावमावेदयतामायुष्मतां कथमिव स्पृहणीयः स्यात् ? इत्यन्यत्र विस्तरः । परेषां तु परप्रवृत्तेरेव मोहजन्यत्वात् तदुदयसत्ताभ्यां तत्कार्यस्य भावद्रव्यपरिणती संगच्छेते, न चेदमपि संगतं, योगजन्यप्रवृत्तौ मोहस्यान्यथा सिद्धत्वात्, अन्यथा विनिगमनाविरहप्रसङ्गादतिप्रसङ्गाच्चेति दिक् ॥३९॥

---

જ્ય તરીકે સિદ્ધ કરી શકતી નથી તેમ સંયમોપકારી હોવાથી વસ્ત્રાદિને પણ ત્યાજ્ય તરીકે સિદ્ધ કરી શકતી નથી. તેથી આ કલ્પના તો પોતાના હાથે પોતાની વિડંબના કરવા રૂપ છે. ઉક્ત સૂત્ર તો 'દ્રવ્યક્ષેત્રકાળભાવથી સર્વ દ્રવ્યો અંગેની મૂર્ચ્છાનો ત્યાગ કરવો' એવું જ જણાવે છે નહિ કે દ્રવ્ય માત્રનો પણ ત્યાગ કરવાનું. શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં પણ કહ્યું છે કે–'सव्वाओ परिग्गहाओ वेरमणं' સૂત્રથી જે અપરિગ્રહતા કહી છે તેમાં પણ પરિગ્રહ શબ્દથી મૂર્ચ્છા જ શ્રી તીર્થંકરોને અભિમત છે નહિ કે તમને (દિગંબરોને) અભિમત એવાં વસ્ત્રાદિ ઉપકરણાત્મક દ્રવ્ય. અને તેથી શરીર–આહાર–વસ્ત્રાદિ સર્વદ્રવ્યોમાં મૂર્ચ્છા કરવી નહિ એવો સૂત્રનો તાત્પર્યાર્થ છે.–આ પ્રકારના સૂત્રાભિપ્રાયને ન જાણતો તું ફોગટ શા માટે ખીજાય છે!

## [ ઉપા. ધર્મસાગર મ. ના મતની સમાલોચના ]

આમ જો મૂર્ચ્છા ન હોય તો વસ્ત્રાદિ દ્રવ્યની હાજરીમાં પણ અપરિગ્રહતા જ હોવાથી દ્રવ્યતઃ આશ્રવ પણ હોતો નથી. અર્થાત્ મૂર્ચ્છાત્મક ભાવપરિગ્રહ જ આશ્રવભૂત છે. મૂર્ચ્છારહિત ઉપાધિ આદિરૂપ દ્રવ્યો નહિ. સૂત્રનું તાત્પર્ય આવું હોવાથી જેઓ (ઉપા૦ધર્મસાગર મ૦આદિ) કેવલીઓને દ્રવ્યહિંસા પણ માનતા નથી તેઓનો મત નિરસ્ત જાણવો...કારણ કે પ્રમત્તયોગાત્મક ભાવહિંસા જ મુખ્યત્વે આશ્રવભૂત છે, એ વિનાની દ્રવ્યહિંસા નહિ. તેથી દ્રવ્યહિંસાની હાજરીમાં પણ અત્યંત અપ્રમત્ત એવા કેવળીઓને એ આશ્રવભૂત ન બનવાથી અશાતાવેદનીયાદિ કર્મબંધ થવાની આપત્તિ આવતી નથી. દ્રવ્યહિંસા ન માનનારાઓનું કહેવું એવું છે કે હિંસાદિ દરેક બબ્બે રીતે છે. જેમકે દ્રવ્યહિંસા અને ભાવહિંસા. જ્યારે મોહનીયનો ઉદય હોય ત્યારે પ્રમાદાદિના કારણે ભાવહિંસાદિ હોય છે જે ભાવથી આશ્રવરૂપ છે અને જ્યારે ઉદય હોતો નથી પણ માત્ર સત્તા જ હોય છે ત્યારે દ્રવ્યહિંસાદિ હોય છે, જે દ્રવ્યથી આશ્રવરૂપ છે. સૂક્ષ્મપૃથ્વીકાયાદિ હિંસા કરતા ન હોવા છતાં જેમ તેઓને અવિરતિ-

નિમિત્તક કર્મબંધ તો હોય જ છે તેમ મોહસત્તાની હાજરીમાં ભાવહિંસાદિ ન હોવા છતાં દ્રવ્યહિંસાદિ રૂપ દ્રવ્યથી આશ્રવો તો હોય જ છે. કેવળીઓને તો મોહનીયની સત્તા પણ ન હોવાથી દ્રવ્યહિંસા પણ હોતી નથી. કદાચ કોઈ અહીંયા શંકા કરે કે "કેવળીઓ વિહારમાં પગ ઉપાડયા પછી પાછો મૂકવા જાય ત્યારે સહસા કોઈ જંતુ પગ મૂકવાના સ્થાને આવી જાય તો એ પગને અટકાવવો અશક્ય હોવાથી જંતુયુક્તભૂમિનો પરિહાર પણ અશક્ય થવાના કારણે એ જીવની હિંસા તો થશે જ. તેથી કેવલીને દ્રવ્યહિંસા પણ હોતી નથી એવું કેમ મનાય?" તો આવી શંકાનો એ લોકો એવો ઉત્તર આપે છે કે જાજ્વલ્યમાન કેવલજ્ઞાન-દર્શનરૂપ ઉપયોગવાળા તેઓને અશક્યપરિહાર જેવું કંઈ હોતું જ નથી. અહીં જીવ આવી પડવાનો છે એવું પહેલેથી જ તેઓ જાણતા હોવાથી એવી ભૂમિમાં પગ મૂકવાની ચેષ્ટા કરે એ પહેલાં જ શા માટે પરિહાર ન કરી દે? તેથી અશક્યપરિહાર તરીકે પણ કેવળીઓને દ્રવ્ય-હિંસાદિ મનાય નહિ. કેવલિને દ્રવ્યહિંસા ન હોવાનું જણાવનાર આ (પ્રાયઃ) ધર્મ-સાગર ઉપા૦ના મતની સમાલોચના કરતાં ઉપા૦ યશોવિજયજી મહારાજ જણાવે છે કે, તેઓનું આવા અભિપ્રાયરૂપ વૃથા અભિમાન પણ વિચારવા જેવું છે અર્થાત્ આગળ-પાછળનો વિચાર કરવાથી અયુક્ત ઠરે છે. એકેન્દ્રિયાદિને અજ્ઞાનાદ્યાત્મક પ્રમાદ હાજર હોવાથી ભાવહિંસા જ હોય છે અને એના કારણે જ કર્મબંધ હોય છે નહિ કે માત્ર દ્રવ્યહિંસાના કારણે. જેમ પોતપોતાના કારણો ભેગા થવા માત્રથી ક્ષેત્રહિંસા વગેરે થઈ જાય છે તેમ દ્રવ્યહિંસા પણ પોતાના કારણો ભેગા થવા માત્રથી થઈ જતી હોવાથી તેને મોહસત્તાજન્ય મનાય નહિ. અને એટલે જ કેવળ દ્રવ્યહિંસાને દ્રવ્યથી આશ્રવરૂપ પણ મનાય નહિ. બાકી એવું માનવામાં તો કેવળીઓને કાયા પણ ત્યાજ્ય બની જશે. કારણ કે એ પણ દ્રવ્યપરિગ્રહરૂપ હોવાથી તમારે દ્રવ્યથી આશ્રવરૂપ માનવી પડે છે. ભૂત કે ભાવિ ભાવનું કારણ હોય તેને દ્રવ્ય કહેવાય એ હિસાબે ગૃહસ્થાદિ અવસ્થામાં શરીર અંગે પણ મૂર્ચ્છાદિ પૂર્વે થયા હોવાના કારણે એ કાયામાં મૂર્ચ્છાજનન સ્વભાવ તો છે જ. તેથી કેવલી અવસ્થામાં મૂર્ચ્છા કરાવતી ન હોવાના કારણે ભાવપરિગ્રહ રૂપ બનતી ન હોવા છતાં દ્રવ્યપરિગ્રહ સ્વભાવવાળી તો છે જ... તેથી જે એમ કહેવામાં આવ્યું છે કે-"કેવળીઓને 'અશક્યપરિહાર' જેવું કંઇ ન હોવાના કારણે દ્રવ્યહિંસાનો પરિહાર પણ શક્ય હોવાથી દ્રવ્યહિંસાદિ હોતા નથી." એવું કહેનારા તમારે કેવલીઓ કાયાને ધારી રાખે છે એવું માનવું શી રીતે સંગત થશે? કારણ કે કાયા પણ દ્રવ્યપરિગ્રહ રૂપ હોવાથી દ્રવ્યઆશ્રવરૂપ હોવાના કારણે તમારે મતે ત્યાજ્ય તો છે જ.

હા, પર=દિગંબરોને મતને આધારે હજુ મોહસત્તાના કારણે દ્રવ્યહિંસા-રૂપ દ્રવ્ય આશ્રવ અને મોહોદયથી ભાવહિંસાદિરૂપ ભાવ આશ્રવ એમ બે પ્રકાર

अथेदमुपसंहरन्नाह--

सिद्धन्तसिद्धधरणं उवगरणं तं मुणीण सुहकरणम् ।
अह होइ पावहरणं इय अम्हं बिन्ति आयरिया ॥४०॥

( सिद्धान्तसिद्धधरणं उपकरणं तन्मुनीनां सुखकरणम् । अथ भवति पापहरणं इत्यस्माकं ब्रुवते आचार्याः ॥४०॥

ननु यदि भवदाचार्यैरेवोत्तराध्ययनबृहद्वृत्तिधर्मसङ्ग्रहण्यादावेतद्विचारे दिगम्बराः परास्तास्तर्हि भवतां किमर्थः पुनः प्रयास इत्याशंकायामाह--

पुच्छा दियंबराणं केवलमज्झप्पिआण उवहासो ।
अम्हाणं पुण इहयं दोण्हवि पडिआरवावारो ॥४१॥

( पृच्छा दिगंबराणा. केवलमाध्यात्मिकानामुपहासः । अस्माकं पुनरिह द्वयोरपि प्रतीकारव्यापारः ॥४१॥ )

---

માનવા સંગત થાય છે, કારણ કે તેઓ તો પરપ્રવૃત્તિમાત્રને મોહજન્ય માનતા હોવાથી તેઓના મતે સત્તાથી દ્રવ્યભાંગો અને ઉદયથી ભાવભાંગો સંગત થાય છે તેઓની પણ એ માન્યતા યુક્ત તો નથી જ, કારણ કે પ્રવૃત્તિ માત્ર પ્રત્યે મોહ કારણ નથી પણ યોગ જ કારણ છે, વીતરાગ એવા કેવળીને પણ વિહારાદિ પ્રવૃત્તિ હોવાથી પ્રવૃત્તિરૂપ કાર્ય પ્રત્યે મોહ તો અન્યથા સિદ્ધ જ છે. આશય એ છે કે મોહનીયની સત્તા હોય ત્યારે જે પ્રવૃત્તિ થાય છે તે વખતે યોગ અને મોહ બંને નિયત પૂર્વવર્તી તો હોય છે તે છતાં કારણતા માત્ર યોગમાં જ સિદ્ધ થાય છે જ્યારે મોહ તો પ્રવૃત્તિ પ્રત્યે અન્યથા સિદ્ધ બની જાય છે કારણ કે ૧૩ મા ગુણઠાણે મોહનીયના અભાવમાં પણ પ્રવૃત્તિ થતી હોય છે. તદુપરાંત, મોહને પણ જો તે પ્રવૃત્તિનું સ્વતંત્ર કારણ માનવા જઈએ તો તે પ્રવૃત્તિ મોહથી થઈ કે યોગથી ? એનો નિશ્ચય કરાવનાર વિનિગમક [ નિર્ધારક યુક્તિ ] કોઈ ન હોવાથી વિનિગમનાવિરહ થવાની આપત્તિ આવે, તેમજ કેવળીઓને મોહ ન હોવાના કારણે વિહારાદિપ્રવૃત્તિનો પણ અભાવ થવાનો અતિપ્રસંગ આવે તેથી પ્રવૃત્તિમાત્ર પ્રત્યે તો યોગ જ કારણ છે, મોહ નહિ. ॥૩૯॥

ઉપકરણધારણ ગુણકર જ છે. એ વાતનો ઉપસંહાર કરતાં ગ્રન્થકારશ્રી કહે છે—

**ગાથાર્થ** :- સિદ્ધાંતમાં જેનું ધારણ વિહિત છે તે ઉપકરણ મુનિઓને સુખ= હિત કરનારું છે તેમજ પાપને હરનારું પણ છે એવું અમારા આચાર્યો કહે છે. [ આનો ભાવાર્થ સ્પષ્ટ હોવાથી ટીકા કરી નથી. ] ॥૪૦॥

**શંકા** :- તમારા આચાર્યોએ જ **ઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિ, ધર્મસંગ્રહણી** વગેરે ગ્રન્થોમાં ઉપકરણાદિની વિચારણા પ્રસંગે દિગંબરોના મતનું ખંડન કર્યું જ છે તો પછી તમે આ પ્રયાસ શા માટે કરો છો ? આવી શંકા અંગે ગ્રન્થકારશ્રી કહે છે—

**ગાથાર્થ** :- દિગંબરો ધર્મોપકરણ અંગે પૂછપૂછ કર્યા કરે છે અને આધ્યાત્મિકો ઉપહાસ કરવાનો પ્રયત્ન કર્યા કરે છે. તેથી એ બન્નેનો પ્રતિકાર કરવા માટે અમારો આ પ્રયાસ છે.

आशाम्बरा हि यद्यपि तैस्तैः प्रबन्धैर्दूषिता एव पूर्वाचार्यैस्तथाप्ययमाध्यात्मिकप्रतीकारायैव प्रचिकीर्षितः प्रबन्धोऽनुषङ्गतो दिगंबरप्रतीकारेऽपि प्रभूष्णुरिति भावः ।

आशंसन्ति हि मार्थमुत्कटतया संभातमापाततो,
नैवागृह्य दिगम्बरान्न च पुनः श्वेताम्बरानासते ।
किञ्चित्किञ्चिदुदञ्चितोचितवचःसञ्चारमाध्यात्मिकाः
छिद्रान्वेषितया निरन्तरममी सर्वत्र मैत्रीकृतः ॥१॥

लब्ध्वेव प्रतिपक्षलक्षदलनात् षट्तर्कसंपर्कजग्रन्थक्षोदविनोदनोदनयनोऽप्यभ्यासकेलिश्रमम् ।
एतत्प्रक्रमकैतवाज्जिनवचःपीयूषपाथोनिधावध्यात्मामृतमज्जने सपदि मद्वाग्देवताभ्युद्यता ॥२॥४१॥

तदेवं धर्मोपकरणस्याध्यात्मविरोधितां समाधाय तल्लाभोपायमुपदिशति—

**पंचसमिओ तिगुत्तो सुविहियववहारकिरियपरिकम्मो ।**
**पावइ परमज्झप्पं साहू विजिइन्दियप्पसरो ॥४२॥**

(पंचसमितस्त्रिगुप्तः सुविहितव्यवहार क्रियापरिकर्म्मा । प्राप्नोति परमाध्यात्मं साधुर्विजितेन्द्रियप्रसरः ॥४२॥)

---

જો કે પૂર્વાચાર્યોએ તે તે ગ્રન્થમાં દિગંબરોની માન્યતાઓનું નિરાકરણ કર્યું જ છે, છતાં આધ્યાત્મિકોના પ્રતિકાર માટે કરાતો આ પ્રબન્ધ સાથે સાથે દિગંબરોનો પણ પ્રતીકાર કરવામાં સમર્થ જ છે, આ અમારો આશય છે. એનું મુખ્ય કારણ એ છે કે—

"નામધારી અધ્યાત્મવાદીઓ કંઈક કંઈક ઔચિત્યપૂર્ણ (અધ્યાત્માનુસારી) બોલીને બીજાઓના છિદ્રોનું અન્વેષણ કરવા માટે બધે જ મૈત્રીભાવનો દેખાવ કરે છે (પણ અંદરખાને) દૂરથી કે ઉપર ઉપરથી જે કોઈ ઘા કરવા યોગ્ય દેખાય (સામે આવે) તેને ખતમ કરી દેવાની ઉત્કટ આશંસા રાખે છે, એમાં આ દિગંબર છે અથવા આ શ્વેતામ્બર છે એવો કોઈ આગ્રહ એટલે કે ભેદ પાડતા નથી."

આ રીતે એ લોકો દિગમ્બરો ભેગા અમને શ્વેતામ્બરોને પણ જ્યારે હાંસીપાત્ર બનાવે છે ત્યારે એ નામધારી અધ્યાત્મવાદીઓનો અમે પ્રતિકાર કરીએ અને એમાં દિગંબરોને પણ ઝપાટામાં લઈ લઈએ તો તે યુક્ત જ છે. (આ પદ્યને અમે આ રીતે બેસાડયું છે–અન્ય વિદ્વાનો બીજી રીતે પણ બેસાડી શકે છે.) તથા,

છએ દર્શનોના તર્કના સંપર્કથી ઉત્પન્ન ગ્રન્થોના વિદલનના હર્ષ રૂપી જલથી આર્દ્ર નયનવાળી હોવા છતાં જાણે લાખો પ્રતિપક્ષી (યુક્તિઓ)ના વિઘટનને આશ્રયીને થયેલી અભ્યાસ રૂપી ક્રીડાથી પરિશ્રમ પામેલી ન હોય તેવી આ અમારી વાણીરૂપી દેવતા હવે આ ગ્રન્થ રચનાના બહાને જિનવચનરૂપી સુધાસમુદ્રમાં અધ્યાત્મરૂપી અમૃત સ્નાન કરવાને કટિબદ્ધ થઈ રહી છે. ॥૪૧॥

આમ ધર્મોપકરણ–અધ્યાત્મવિરોધી નથી એવું જણાવીને ગ્રન્થકાર હવે અધ્યાત્મ-પ્રાપ્તિના ઉપાયો બતાવે છે–

पञ्चभिः समितिभिस्तिसृभिर्गुप्तिभिश्च सहितः साधुः सिद्धान्तोदितालयविहारस्थानाऽऽचङ्क्रमणादिविविधव्यवहारक्रियां परिशील्य तत्रैव दत्तदृष्टितयेन्द्रियनिरोधेन बाह्यव्यापाराभावात् चित्तस्यैकाग्रतया परमात्मतत्त्वसंवित्तिरूपमात्मध्यानमाप्नोति साधुः, नत्वन्यथैव, हेत्वभावात् ॥४२॥ अथ व्यवहारविलोपिनामपायमुपदर्शयति–

**लुंपई बज्झं किरियं जो खलु आहच्चभावकहणेणं ।**
**सो हणइ बोहिबीअं उम्मग्गपरूवणं काउं ॥४३॥**

(लुम्पति बाह्यां क्रियां यः खलु आहत्यभावकथनेन । स हन्ति बोधिबीजं उन्मार्गप्ररूपणं कृत्वा ॥४३॥)

आन्तरमेव करणं फलसाधकं, न तु बाह्यकरणमपि, भरतादीनां बाह्यकरणरहितानामपि केवलज्ञानोत्पत्तेः इति कादाचित्कं भावमवलम्ब्य व्यवहारं ये विलुम्पन्ते ते स्वयमुन्मार्गप्ररूपणप्रसूतमिथ्यात्ववशात् स्वबोधिबीजमुन्मूलयन्ति, यदागमः—

---

**ગાથાર્થ**–પાંચ સમિતિ તેમજ ત્રણ ગુપ્તિથી યુક્ત તેમજ શાસ્ત્રમાં કહેલ વ્યવહાર-ક્રિયારૂપ પરિકર્મવાળો સાધુ ઇન્દ્રિયોના આવેગને જીતીને પરમ અધ્યાત્મને પામે છે.

**[આત્મધ્યાનરૂપ પરમઅધ્યાત્મ પ્રાપ્તિનો ઉપાય]**

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ના પાલનમાં ઉદ્યત સાધુ સિદ્ધાંતમાં કહેલ આલય–વિહાર–સ્થાન–ચંક્રમણાદિરૂપ વિવિધ–વ્યવહારક્રિયાઓનું પરિશીલન કરે છે તેમજ સર્વદા તેવી ક્રિયામાં જ ધ્યાન (ઉપયોગ) વાળા હોવાથી તેઓને તેવી ઇન્દ્રિયોના વિષયો તરફ આકર્ષણ થતું નથી. તેથી ઇન્દ્રિયનિરોધ થવાના કારણે બાહ્યવ્યાપાર રહેતો નથી જેથી ચિત્ત એકાગ્ર થવાના કારણે પરમાત્મતત્ત્વના સંવેદનરૂપ આત્મ-ધ્યાનની પ્રાપ્તિ થાય છે. ઇન્દ્રિયનિરોધાત્મક હેતુ ન હોય તો બીજી કોઈ રીતે ચિત્તની એકાગ્રતા દ્વારા આત્મધ્યાન સંભવિત નથી ॥૪૨॥

હવે જેઓ નિશ્ચયને પકડી વ્યવહારનો વિલોપ કરવા ઇચ્છે છે તેઓને આવતા નુકશાનો દેખાડતાં ગ્રંથકારશ્રી કહે છે–

**ગાથાર્થ**–ભરતચક્રીને થએલ કેવલોત્પત્તિ વગેરે રૂપ કાદાચિત્ક ભાવોનો દાખલો લઈને જેઓ બાહ્યક્રિયાઓને ઊડાડવા માંગે છે તેઓ ઉન્માર્ગપ્રરૂપણા કરવા વડે બોધિબીજને હણે છે.

**[બાહ્યક્રિયાઓને લોપનારા સામે લાલબત્તી]**

'લોચાદિરૂપ બાહ્યક્રિયાનો વિરહ હોવા છતાં ભરતાદિને કેવલોત્પત્તિ થઇ હોવાથી બાહ્યકરણ તો કેવલાદિ પ્રત્યે વ્યતિરેક વ્યભિચારી છે. તેથી એ કેવલાદિજ્ઞાનાના કારણ-ભૂત ન હોવાથી માત્ર આંતરિક–કરણ જ ફળસાધક છે.' કાદાચિત્ક ભાવનું ઓઠું પકડીને જેઓ આવું કહે છે તેઓ સ્વયં પોતે કરેલ ઉન્માર્ગપ્રરૂપણાથી ઉત્પન્ન થયેલ મિથ્યાત્વના કારણે પોતાના બોધિબીજને ઉખેડી નાંખે છે. આગમમાં પણ કહ્યું છે કે

[1]पत्तेयबुद्धकरणे चरणं णासन्ति जिणवरिंदाणं ।

आहच्चभावकहणे पंचहिं ठाणेहिं पासत्था ॥ [आ. नि. ११५१]

[2]उम्मग्गदेसणाए चरणं णासंति जिणवरिंदाणं ।

वावण्णदंसणा खलु ण हु लब्भा तारिसा दट्ठुं ॥ ति ॥ [आ. नि. ११५२]

ननु भरतादीनां व्यवहारक्रियापेक्षां विनैवाध्यात्मलाभे तत्र कथमस्या उपयोग इति चेत् ? न, प्राग्भवाभ्यस्तोभयकरणप्रसूतनिर्जराविशेषसध्रीचीनान्तरकरणमात्राशेषामाहत्य केवलोत्पत्तावपि बाह्यक्रियायाः परम्परयोपयोगात्, तथाभूतस्य चानादरे सांप्रतीनधर्मध्यानादेरपि दूरेनिर्वाणजनकस्यानादरप्रसङ्गात् । ननु तथापि व्यवहारक्रियां विनापि मरुदेवादीनां केवलज्ञानोत्पत्तेर्व्यभिचारादिष्टसाधनत्वग्रहं विना कथं तत्र प्रवृत्तिः ? इति चेत् ? न तावदिष्टसाधनताज्ञानत्वेनैव प्रवर्त्तकता, अपि त्विष्टप्रयोजकत्वज्ञानत्वेनैव, अन्यथा तृप्त्यर्थिनस्तन्दुलकरणादावप्रवृत्तिप्रसङ्गात् तत्त्वं च व्यवहारक्रियायामपि निराबाधमिति ॥४३॥

'પ્રત્યેક બુદ્ધોએ જેવું આચરણ કર્યું છે તેવું જ કરવાનો ફાંકો રાખનારાઓ શ્રી જિનેશ્વરદેવના ચારિત્રનો નાશ કરે છે અર્થાત્ શ્રી જિનેશ્વરોને સંમત ચારિત્રમાર્ગથી ભ્રષ્ટ થાય છે. કાદાચિત્ક ભાવોનું આલંબન લેનારાઓ પ્રાણાતિપાતાદિ પાંચ સ્થાનો = કારણોથી પાસત્થા બને છે ઉન્માર્ગદેશનાથી શ્રી જિનેશ્વરોના ચારિત્રનો નાશ કરે છે. દર્શન ભ્રષ્ટ તેવા જીવો ચારિત્રને જોવા પણ પામતા નથી.

**પ્રશ્ન** :– ભરતાદિને વ્યવહારક્રિયા વિના જ અધ્યાત્મલાભ થઇ ગયો છે તો અધ્યાત્મ માટે વ્યવહાર ક્રિયાને ઉપયોગી શી રીતે કહેવાય ?

**ઉત્તર** :– ભરતાદિએ પૂર્વભવમાં બાહ્ય અને અભ્યન્તર બન્ને પ્રકારની ક્રિયાનો ખૂબ અભ્યાસ કર્યો છે જેના કારણે એવી વિશિષ્ટપ્રકારની નિર્જરા થઈ ગઈ છે કે જેના પ્રભાવથી તેઓને બાહ્યકરણવિના પણ આન્તરકરણની પ્રાપ્તિ દ્વારા કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. અહીં કેવલોત્પત્તિ પૂર્વે બાહ્યકરણ સાક્ષાત્ વિદ્યમાન ન હોવા છતાં પરંપરાએ તો ઉપયોગી બન્યું જ હતું. તેથી બાહ્યકરણ પણ ઉપયોગી જ છે. પરંપરાએ ઉપયોગી બને તેને અનુપયોગી માનવામાં સાંપ્રતકાલીન ધર્મધ્યાનાદિ પણ મોક્ષ માટે અનુપયોગી ઠરવાથી આદરણીય રહેશે નહિ. કારણ કે સાંપ્રતકાલીન ધર્મધ્યાનાદિ સાક્ષાત્ કેવલોત્પત્તિ તો કરાવતાં જ નથી.

**પૂર્વપક્ષ** :– મરુદેવી માતાને તો પૂર્વભવોમાં પણ બાહ્યક્રિયાઓનો અભ્યાસ હતો નહીં, તેથી તેમને તો પરંપરાએ પણ તે ધર્મધ્યાનાદિ ન હોવા છતાં કેવલોત્પત્તિ થઈ હતી. માટે બાહ્યકરણ વ્યભિચારી હોવામાં કોઈ શંકા નથી. અને તેથી એને વિશે ઇષ્ટ સાધનતાજ્ઞાનનો ઉદ્ભવ ન થવાથી બાહ્યકરણ અંગે પ્રવૃત્તિ શી રીતે થાય ?

१. प्रत्येकबुद्धकरणे चरणं नाशयन्ति जिनवरेन्द्राणाम् । आहत्यभावकथने पञ्चभिः स्थानैः पार्श्वस्थाः ॥

२. उन्मार्गदेशनया चरणं नाशयन्ति जिनवरेन्द्राणाम् । व्यापन्नदर्शना खलु नैव लभ्या तादृशा द्रष्टुम् ॥

अथ मरुदेवादीनामिवान्येषामपि स्वभावादेव निर्वाणलाभसंभवात् केवलं बहुतरकाय-क्लेशजनिकायां व्यवहारक्रियायां कथमिव प्रेक्षावन्तः प्रवर्त्तन्ताम् ? इति चेत् ? नूनमेवं सौगतमतावलम्बी कथमन्यत्रापि प्रवर्त्तिष्यते भवान् ? अस्माकं तु निश्चयतः सर्वस्यैव स्वभावादेव संभवाद्व्यवहारादेव बाह्यकरणजन्यत्वाद्वस्तुतो न प्रवृत्त्यनुपपत्तिरित्युपदिशति—

**सव्वं सहावसज्झं णिच्छयओ, परकयं च ववहारा ।**
**एगन्ते मिच्छत्तं, उभयणयमयं पुण पमाणं ॥४४॥**

( सर्वं स्वभावसाध्यं निश्चयतः, परकृतं च व्यवहारात् । एकान्ते मिथ्यात्वं, उभयनयमतं पुनः प्रमाणम् ॥४४॥ )

---

**ઉત્તરપક્ષ** :– ઇષ્ટ સાધનતા જ્ઞાન જ પ્રવર્ત્તક એટલે કે પ્રવૃત્તિ કરાવનાર છે એવું નથી. કિન્તુ ઇષ્ટપ્રયોજકતા જ્ઞાન પણ પ્રવર્ત્તક છે. ઇષ્ટસાધનતાજ્ઞાનને જ પ્રવર્ત્તક માનવામાં તૃપ્તિને ઇચ્છતા લોકો ચોખા ખરીદવા વગેરેની જે પ્રવૃત્તિ કરે છે તે અનુપપન્ન થઈ જશે. કારણ કે ખરીદવાની પ્રવૃત્તિ કંઇ તૃપ્તિ કરી દેતી નથી, કિન્તુ ભોજનપ્રવૃત્તિ જ તૃપ્તિ કરે છે. છતાં ચોખાની ખરીદી વગેરે જેમ તૃપ્તિ પ્રયોજક હોવાથી એ પ્રવૃત્તિઓમાં લોકો પ્રવર્તે છે તેમ મુક્તિ પ્રત્યે પ્રયોજક એવા બાહ્ય કરણમાં પણ ઇષ્ટપ્રયોજકત્વજ્ઞાન દ્વારા ભવ્યો પ્રવર્ત્તે જ છે. ॥૪૩॥

શંકા :– મરુદેવાદિને સ્વભાવ (તથાભવ્યત્વ) જ એવો હતો કે બાહ્યક્રિયા વિના પણ નિર્વાણલાભ થઈ જાય. એ જ રીતે બીજાઓને પણ સ્વભાવથી જ નિર્વાણ લાભ સંભવિત હોવાથી બહુતર કાયક્લેશ આપનારી વ્યવહારક્રિયામાં ડાહ્યા માણસો શી રીતે પ્રવર્ત્તશે ?

**સમાધાન** :– આવું માનવામાં સ્વભાવવાદી બૌદ્ધાનુસારી બનેલા તમે, તૃપ્તિ વગેરે પણ સ્વભાવથી જ થઇ જવા સંભવિત હોવાથી ભોજનાદિમાં પ્રવૃત્તિ શી રીતે કરશો ? અર્થાત્ જેમ તમે એક બાજુ સ્વભાવવાદ પકડવા છતાં બીજી બાજુ ભોજનાદિ બાહ્યપ્રવૃત્તિ પણ ફળ સાધક છે એમ સમજીને તેમાં પ્રવર્તો છો તેમ બાહ્યક્રિયા વિશે પણ બુદ્ધિમાન પુરુષો પ્રવૃત્તિ કરશે જ.

**શંકા** :– બાહ્યક્રિયાને ફળસાધક માનનારા તમે શું સ્વભાવને કારણ તરીકે માનતા જ નથી ?

સમાધાન :– સ્વભાવને પણ અમે કારણ તરીકે માનીએ જ છીએ કારણ કે નિશ્ચયનયાનુસારે બધું સ્વભાવથી જ સંભવિત છે અને વ્યવહારનયની અપેક્ષાએ બધું બાહ્યકરણજન્ય છે એવું અમે માનીએ છીએ. તેથી બાહ્યપ્રવૃત્તિ પણ અનુપપન્ન નથી જ–એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :– બધી વસ્તુઓ નિશ્ચયનયને આશ્રીને સ્વભાવસાધ્ય છે જ્યારે વ્યવહારની અપેક્ષાએ પરકૃત = બાહ્યપ્રવૃત્તિજન્ય છે. આ બેમાંથી એકને જ એકાન્તે જનક તરીકે માની લેવામાં મિથ્યાત્વ છે, ઉભયનયસંમત બન્નેને માનવા એ પ્રમાણ છે.

"सर्वं वस्तु स्वभावादेवोत्पद्यते, देशनियमस्येव कालनियमस्यापि स्वभावत एव संभवात्। 'कार्यस्य देशनियमोऽपि प्रागभावादिहेतोरेवे'ति चेत्? न, तथाप्याकाश एव आकाशत्वमित्यादि नित्यदेशनियमे स्वभावस्यैव शरणत्वात्। यत्तु यस्मिन्नह्नि घटस्योत्पत्तिस्वभावस्तदह्नेव पूर्वं कुतः सेति (? कुतो न? इति) केनचित्पर्यनुयुज्यते तदसत्, परस्य कारणपरम्पराया इव मम स्वभावपरम्पराया आश्रयणे दोषाभावात्। 'तस्याह्नः स्वस्मिन्नेवो-

## [એકાન્ત સ્વભાવવાદી બૌદ્ધમત]

સર્વ વસ્તુ સ્વભાવથી જ જન્મે છે. ઘડો માટીમાં ઉત્પન્ન થાય, પટ તંતુમાં જ ઉત્પન્ન થાય વગેરે રૂપ દેશનિયમન સ્વભાવથી જ થાય છે. અર્થાત્ ઘડાનો એવો સ્વભાવ જ છે કે એ માટીમાં જ ઉત્પન્ન થાય, પટનો એવો સ્વભાવ જ છે કે એ તંતુમાં જ ઉત્પન્ન થાય. આમ અમુક ચોક્કસ અધિકરણમાં જ ઉત્પન્ન થવા રૂપ દેશનિયમન જેમ સ્વભાવથી થાય છે તેમ કાળ નિયમન પણ સ્વભાવથી જ થાય છે, તમે [નૈયાયિકો] માનો છો એવી કારણ સામગ્રીથી નહિ, (અર્થાત્ સંપૂર્ણ કારણ સામગ્રી હાજર થાય એ પછીની ક્ષણે જ કાર્ય થાય, એ પહેલાં કે પછી નહિ એવા પ્રકારનું, અમુક ચોક્કસ કાળે જ તે તે કાર્યની ઉત્પત્તિ થવા રૂપ કાળનિયમન, કારણસામગ્રી કરે છે એવું નથી.) ઘટાદિરૂપ તે તે કાર્યનો એવો સ્વભાવ જ છે કે એ અમુક દિવસે જ અમુક ક્ષણે જ ઉત્પન્ન થાય. આમ દેશનિયમનની જેમ કાળ-નિયમન પણ સ્વભાવથી જ થઈ જતું હોવાથી કાળનિયમન કરવા માટે બીજી કારણ સામગ્રી માનવાની જરૂર રહેતી નથી–બીજી કારણ સામગ્રી ન માનવામાં તમે જે આપત્તિ આપો છો કે–'જો ઘટાદિને ઉત્પન્ન થવામાં બીજી દંડ–ચક્રાદિરૂપ કોઈ કારણ સામગ્રીની અપેક્ષા ન હોય તો, એટલે કે એ નિષ્કારણ જ ઉત્પન્ન થઇ જતા હોય તો એ ગમે ત્યાં અને ગમે ત્યારે જ કેમ ઉત્પન્ન થતા નથી? અમુક ચોક્કસ દેશ–કાળમાં જ ઉત્પન્ન થાય એવું નિયમન કરનાર કોણ?' એ આપત્તિ તો ઘટાદિકાર્યનો તેવો સ્વભાવ માની લેવાથી જ નિરસ્ત થઈ જાય છે. તેથી કોઈપણ વસ્તુ પોતપોતાના તેવા તેવા સ્વભાવથી જ તે તે દેશ–કાળમાં ઉત્પન્ન થાય છે એમ માનવું જ યુક્તિ યુક્ત છે.

**શંકા :–** 'દેશનિયમ સ્વભાવથી થતો હોવાથી કાળનિયમ પણ તેનાથી જ માનવો જોઈએ' એવું તમારું કથન અયુક્ત છે, કારણ કે મૂળમાં દેશનિયમન પણ સ્વભાવથી થતું નથી કિન્તુ પ્રાગભાવાદિ રૂપ હેતુઓથી જ થાય છે જેમકે જ્યાં (મૃત્પિંડાદિમાં) ઘટાદિ કાર્યનો પ્રાગભાવ રહ્યો હોય ત્યાં જ તે ઉત્પન્ન થાય છે, અન્યત્ર નહિ.

**સમાધાન :–** અનિત્યપદાર્થોનું કદાચ એ રીતે દેશનિયમન શક્ય હોવા છતાં નિત્ય એવા આકાશત્વાદિનું 'આકાશત્વાદિ આકાશાદિમાં જ રહે' એવું દેશનિયમન કરનાર તરીકે તમારે પણ સ્વભાવને માનવો જ પડે છે તેથી અનિત્ય એવા ઘટાદિનું દેશનિયમન પણ સ્વભાવ જ કરે છે એમ માનવું જ યુક્ત છે.

त्पत्तिस्वभावत्वे आत्माश्रय' इति चेत् ? न, 'इदानीं मध्याह्नः' इत्यादि व्यवहारात् समयस्य स्ववृत्तेः प्रामाणिकत्वादिति'—स्वभाववादिनो बौद्धस्य मतं;—''तदसत् , निरवधित्वेऽनियतावधित्वे वा कादाचित्कत्वव्याघातात् , नियतप्राच्यावधीभूतस्यैव हेतुत्वाद्, उपकारान्तराना-धानमात्रेण स्वभाववादस्येष्टत्वात् , नियमरूपापेक्षामात्रेणैव हेतुवादप्रवृत्तेः'' इति हेतुवादिनो नैयायिकादेर्मतम् ।

---

**શંકા :–** કાળનિયમન પણ સ્વભાવ જ કરે છે એવું કહેવામાં તમારો આશય એ છે કે ''ઘડાનો એવો સ્વભાવ જ છે કે 'અમુક દિવસે જ એ ઉત્પન્ન થાય' અને તેથી એ દિવસે જ એ ઉત્પન્ન થાય છે'' આની સામે અમે પૂછીએ છીએ કે જે દિવસે ઉત્પન્ન થવાનો ઘડાનો સ્વભાવ છે એ દિવસ જ કેમ પહેલાં ઉત્પન્ન થઇ જતો નથી?

**સમાધાન :–** એ દિવસનો પણ એવો સ્વભાવ જ છે કે એ દિવસ એ જ દિવસે ઉત્પન્ન થાય.

**શંકા :–** આવું માનવામાં તો સ્વભાવોની પરંપરા ચાલશે. અર્થાત્ તમે કહ્યુ એના પર પાછો પ્રશ્ન થશે કે એ દિવસનો પણ 'એ એજ દિવસે ઉત્પન્ન થાય, પૂર્વે નહિ' એવો જ સ્વભાવ કેમ છે? બીજો કોઈ કેમ નહિ? એનો પાછો જવાબ આપવો પડશે કે 'એ સ્વભાવનો પણ એવો સ્વભાવ જ છે કે એવા આકારવાળા જ રહેવું, અન્ય આકારવાળા નહિ.' આમ સ્વભાવોની પરંપરા ચાલશે.

**સમાધાન :–** કાળનિયમન કારણસામગ્રીથી થાય છે એવું માનવામાં પણ આવી પરંપરા તો ઊભી જ છે. જેમકે-ઘડો અમુક વખતે જ કેમ ઉત્પન્ન થયો? એનો સંભવિત ઉત્તર—એની ઉત્પાદક સામગ્રી એ જ વખતે ઉપસ્થિત થઇ. એના પર પ્રશ્ન—એ સામગ્રી એજ વખતે કેમ ઉપસ્થિત થઈ? એનો જવાબ એ સામગ્રીને ઉપસ્થિત કરનાર સામગ્રી એજ વખતે હાજર થઈ. એના પર પ્રશ્ન—એ ઉપસ્થિત કરનાર સામગ્રી કેમ એ જ વખતે હાજર થઈ? આવા આવા પ્રશ્નોની પરંપરામાં અન્ય અન્ય કારણ સામગ્રીની પરંપરા માનવી જ પડતી હોવાથી સ્વભાવપરંપરા માનવામાં કોઈ દોષ નથી.

**શંકા :–** ઘટ જે દિવસે ઉત્પન્ન થયો એ દિવસનો 'એ દિવસ, એ દિવસે જ ઉત્પન્ન થાય' એવો સ્વભાવ માનવામાં આત્માશ્રય દોષ આવશે. અર્થાત્ પોતે જ પોતાનો આશ્રય હોવાની આપત્તિ આવશે.

**સમાધાન :–** 'હમણાં મધ્યાહ્ન છે' ઇત્યાદિ પ્રસિદ્ધ વ્યવહારમાં 'હમણાં' શબ્દથી ઉલ્લિખિત જે કાળ છે એ કંઇ મધ્યાહ્નથી ભિન્ન હોતો નથી. તેથી જણાય છે કે 'કાળ પોતે પોતાનામાં રહે એમાં કોઇ દોષ નથી, એનું પોતાનામાં રહેવાપણું પ્રામાણિક જ છે' તેથી પોતે પોતાનો આશ્રય હોવો એ આપત્તિ રૂપ નથી.

**નિષ્કર્ષ :–** કોઈ પણ વસ્તુ સ્વભાવથી ઉત્પન્ન થાય છે એવું માનવામાં કોઈ દોષ નથી.

स्याद्वादिनस्तु मिथः सव्यपेक्षमेवेदमुभयमतमनुमन्यन्ते तथाहि—सूक्ष्मर्जुसूत्रनयेन तावत्स्वभावादेव कार्यं जायते, पूर्वक्षणविलक्षणचरमक्षणक्रोडीकृतस्वरूपस्यैव बीजस्याङ्कुरहेतुत्वात्, स्वस्य भावः कार्यजननपरिणतिरिति स्वभावार्थत्वात्, परिणतिपरम्पराया एव चैकसन्तानतया व्यवस्थिताया वस्तुत्वात्। न चेदेवमङ्कुरजननस्वभावं बीजं प्रागेवाङ्कुरं जनयेत्। 'सहकारिलाभालाभाभ्यां हेतोः कार्यजननाजनने उपपत्स्येते' इति चेत्? न, सहकारिचक्रानन्तर्भावेन विलक्षणबीजत्वेनैवाङ्कुरहेतुत्वौचित्यात्, क्षणभङ्गकल्पनायाः फलमुखत्वेनाऽदोषत्वात्। न च सहकारिचक्रस्यातिशयाधायकत्वं त्वयापि कल्पनीयं तदपेक्षया तत्कार्यजनकत्वकल्पनमेवोचितमिति वाच्यं, पूर्वपूर्वक्षणानामेवोत्तरोत्तरतादृशक्षणजनकत्वात्, उपादानोपादेयभावनियमेनैवातिप्रसङ्गभङ्गात्।

[ હેતુવાદી નૈયાયિકાદિનો મતઃ ]

સ્વભાવવાદી બૌદ્ધનો આ મત યુક્ત નથી. ઘટાદિકાર્યો કાદાચિત્ક જ હોય છે, નિત્ય નહિ, એટલે કે તેની આગળ અને પાછળ કોઈ નિયત સીમા–અવધિ હોય છે અર્થાત્ પૂર્વે અનાદિકાળથી એ કાર્ય ઘટાદિરૂપ જ હતું અને પછી પણ અનંતકાળ સુધી ઘટાદિરૂપ જ રહેવાનું છે એવું હોતું નથી, દા. ત. ઘટની આગળની અવધિ મૃત્પિંડ છે, પાછળની કપાલ. આગળ–પાછળની આવી અવધિ ન હોય તો, અથવા અવધિ અનિયત હોય તો એમાં કાદાચિત્કત્વ જ હોઈ શકે નહિ. આ બે અવધિમાંથી પૂર્વની અવધિ જ 'હેતુ' કહેવાય છે. આવા હેતુનો, સ્વભિન્ન ઇતર સકલસામગ્રીનું સંનિધાન હોતે છતે જ કાર્યને ઉત્પન્ન કરવું, એવો સ્વભાવ હોય છે. એટલે કે સ્વેતર સહકારી કારણો તેમાં કોઈ નવો અતિશય ઊભો કરે છે અને તેથી પછી એ કારણ કાર્યને ઉત્પન્ન કરે છે એવું નથી પણ એ વસ્તુનો પહેલેથી જ એવો સ્વભાવ છે કે સ્વેતરસામગ્રીસંનિધાન થાય ત્યારે કાર્ય કરવું. આમ ઉપકારાન્તર=બીજા કોઈ અતિશયના આધાન વિના જ સામગ્રીસંનિધાનથી કાર્યોત્પત્તિ થાય છે ત્યાં સામગ્રી સંનિધાનના એવા સ્વભાવને જ પ્રયોજક કહીએ તો એ અંશમાં સ્વભાવવાદ ઇષ્ટ છે, પણ દેશકાળનું નિયમન કરવા રૂપ અપેક્ષાથી નહિ. કારણ કે દેશકાળનું નિયમન તો એની સામગ્રીથી થતું હોવાથી તે અંશમાં તો હેતુવાદ જ ઇષ્ટ છે. અર્થાત્ દેશ–કાળનું નિયમન કરનાર સામગ્રી અન્તર્ગત તે તે વસ્તુઓ જ હેતુ તરીકે સ્વીકાર્ય છે. આ હેતુવાદી નૈયાયિકાદિનો મત છે.

[ સ્યાદ્વાદમાં સાપેક્ષ ઉભયમત પ્રમાણ ]

સ્યાદ્વાદીઓ પરસ્પર સાપેક્ષ એવા જ સ્વભાવવાદ અને હેતુવાદ ઉભયને માને છે. જેમકે—પ્રથમ ઋજુસૂત્ર મતે સ્વભાવવાદનું સમર્થન આ રીતે–સૂક્ષ્મ ઋજુસૂત્રનય મતે કોઈ પણ કાર્ય સ્વભાવથી જ થાય છે. કુર્વદ્રૂપત્વાત્મક અતિશયથી યુક્ત હોવાના કારણે પૂર્વબીજક્ષણોથી વિલક્ષણ એવી બીજચરમક્ષણ જ અંકુરોત્પાદક હોવાથી અંકુરની

હેતુભૂત છે. એમાં રહેલ એ અતિશયવિશેષ બીજના સ્વભાવરૂપ જ છે. 'પોતાની જે કાર્યજનનપરિણતિ' એ જ સ્વભાવ શબ્દનો અર્થ હોવાથી બીજનો એવો સ્વભાવ જ હેતુ કહેવાય છે.

**પ્રશ્ન :–** જે ચરમક્ષણભાવી બીજ છે એ જ પ્રથમક્ષણભાવી હોવાથી તાદૃશ અતિશયાત્મકસ્વભાવ પ્રથમક્ષણમાં પણ છે જ. તેથી જો એ સ્વભાવમાત્ર જ અંકુર પ્રત્યે હેતુભૂત હોય તો પછી એ આદ્ય બીજક્ષણ જ શા માટે અંકુરોત્પાદ કરતી નથી?

**સમાધાન :–** પ્રથમક્ષણ, દ્વિતીયક્ષણ વગેરેમાં અનુગત હોય એવી દ્રવ્યાત્મક કોઇ વસ્તુ નથી કે જેમાં પહેલેથી જ કુર્વદ્રૂપત્વાત્મક સ્વભાવ હોવાના કારણે શરૂઆતમાં જ કાર્યોત્પાદ થઇ જવાની આપત્તિ આવે. કિન્તુ એક જ સંતાનરૂપે વ્યવસ્થિત (ગોઠવાયેલી) પરિણતિપરંપરા જ વસ્તુ છે અર્થાત્ તેવી પરંપરાઓ જ પ્રત્યેક વસ્તુઓ છે, તે પરંપરામાં સંકળાએલ હોય એવું કોઈ એક સ્વતંત્ર દ્રવ્યરૂપ વસ્તુ નથી. બીજપ્રથમક્ષણમાં બીજદ્વિતીયક્ષણજનનપરિણતિ છે, બીજદ્વિતીયક્ષણમાં બીજતૃતીયક્ષણજનનપરિણતિ છે...એમ યાવત્ બીજઉપાન્ત્યક્ષણમાં બીજચરમક્ષણજનનપરિણતિ છે. આ બધી ક્ષણોમાં અંકુરજનનપરિણતિરૂપ કુર્વદ્રૂપત્વ ન હોવાથી તેઓમાંની કોઇ અંકુરોત્પાદ કરતી નથી. ચરમક્ષણ બીજમાંઅંકુરજનનપરિણતિ=કુર્વદ્રૂપત્વ હોવાથી એ અંકુરોત્પાદ કરે છે. આમ ચરમક્ષણથી ભિન્ન એવી પૂર્વક્ષણોમાં અંકુરજનનપરિણતિરૂપ સ્વભાવ જ ન હોવાથી તેઓ શી રીતે અંકુરોત્પાદ કરી શકે? બાકી એ બધી બીજક્ષણોમાં અનુગત એવું કોઇ બીજદ્રવ્ય જો હોય તો તો અંતે એ બીજદ્રવ્ય અંકુરોત્પાદ કરતું હોવાથી અંકુરજનનપરિણતિરૂપ સ્વભાવવાળું અવશ્ય માનવું જ પડે છે અને તેથી પ્રથમાદિ ક્ષણોમાં પણ તેનો તેવો જ સ્વભાવ હોવાથી ત્યારે પણ એ શા માટે અંકુરોત્પાદ ન કરી દે?

**પૂર્વપક્ષ :–** બીજદ્રવ્યમાં તો પહેલેથી અંકુરજનનસ્વભાવ હાજર જ હોય છે પણ સહકારીલાભ થયો ન હોવાથી એ પહેલા અંકુરોત્પાદાત્મક કાર્ય કરતું નથી અને જ્યારે એ લાભ થાય છે ત્યારે કાર્ય કરે છે તેથી બીજરૂપ અનુગતદ્રવ્યાત્મક વસ્તુ માનવામાં કોઈ અનુપપત્તિ નથી.

**ઉત્તરપક્ષ :–** 'સહકારીસંનિહિતબીજ કાર્ય કરે છે' એવો સહકારીઘટિત કાર્યકારણભાવ માનવા કરતાં 'તાદૃશાતિશયયુક્ત બીજચરમક્ષણ અંકુરોત્પાદ કરે છે' એવો વિલક્ષણબીજત્વઘટિતકાર્યકારણ ભાવ માનવામાં લાઘવ હોવાથી વિલક્ષણબીજત્વરૂપે માત્ર બીજચરમક્ષણમાં જ કારણતા માનવી યુક્ત છે નહિ કે સહકારી સંનિહિતત્વરૂપે બીજદ્રવ્યમાં. કારણ કે સહકારીસંનિહિતત્વમાં પૃથ્વી–જળ–પવનાદિ બધા સહકારીઓનો સમાવેશ કરવો પડતો હોવાથી ગૌરવ છે.

**પૂર્વપક્ષ** :– આ રીતે ક્ષણપરંપરા જ માનવામાં તો પૂર્વપૂર્વક્ષણોમાં દ્વિતીય, તૃતીય, ચતુર્થ ઇત્યાદિરૂપે ભિન્ન ભિન્ન ઉત્તર–ઉત્તર ક્ષણજનન પરિણતિરૂપ ભિન્ન ભિન્ન સ્વભાવ માનવો પડશે. અને તેથી એ દરેક ક્ષણોને ભિન્ન ભિન્ન વસ્તુરૂપ માનવી પડશે. અર્થાત્ તે પરંપરામાં આવેલ દરેક વસ્તુઓ એક એક ક્ષણમાં નાશ પામી જાય છે અને ઉત્તરોત્તર ક્ષણે નવા નવા સ્વભાવવાળી જુદી જુદી જ વસ્તુ ઉત્પન્ન થાય છે. આમ ક્ષણભંગુરવસ્તુઓ માનવાની તેમજ એક જ બીજ દ્રવ્યની સામે અનેક બીજ-ક્ષણો માનવાનું તેમજ દરેક ક્ષણોના નાશ–ઉત્પાદ વગેરે માનવાનું ગૌરવ થશે.

**ઉત્તરપક્ષ** :– એ ગૌરવ ફળમુખ ગૌરવરૂપ હોવાથી દોષરૂપ નથી. જે ગૌરવ કાર્યકારણભાવ કલૃપ્ત (અર્થાત્ એક વાર નિશ્ચિત) થઇ ગયા પૂર્વે જ ઉપસ્થિત થઇ જાય છે તે જ અભિમત કાર્યતાવચ્છેદક–કારણતાવચ્છેદક ધર્મને ગુરુભૂત તરીકે જણાવી અવચ્છેદક તરીકે અયોગ્ય ઠરાવવા દ્વારા તે રૂપે કાર્યકારણભાવને અટકાવતું થકું દોષરૂપ બને છે. પણ એકવાર કાર્યકારણભાવનો નિર્ણય થઇ ગયા પછી જે ગૌરવ ઉપસ્થિત થાય છે તે (કે જે ફળમુખ ગૌરવ કહેવાય છે) કાર્યકારણભાવને અટકાવનારું ન બનવાથી (કારણ કે કાર્યકારણભાવતો પહેલેથી જ નિશ્ચિત થઇ ગયો છે) દોષરૂપ નથી. પ્રસ્તુતમાં પણ તાદૃશ સ્વભાવવાળી બીજક્ષણ જ અંકુર પ્રત્યે કારણ છે (બીજ સામાન્ય નહિ) એવો નિશ્ચય થઇ ગયા પછી "બીજક્ષણોને ક્ષણિક માનવી પડશે" ઇત્યાદિરૂપે ઉપસ્થિત થતું ગૌરવ દોષરૂપ બનતું નથી.

**પૂર્વપક્ષ** :– પ્રથમાદિ ક્ષણમાં જે અતિશય નહોતો એ ચરમબીજક્ષણમાં શી રીતે આવ્યો ? એવી શંકાના સમાધાનમાં તમારે માનવું જ પડશે કે સહકારીસામગ્રીએ તેવો અતિશય ઉત્પન્ન કર્યો, અર્થાત્ સહકારીસામગ્રીથી તાદૃશઅતિશયયુક્તબીજ અને તાદૃશઅતિશયયુક્તબીજથી અંકુરોત્પાદ થાય છે એવું તમારે માનવું પડે છે. તો એના કરતાં તો સહકારી સંનિહિત બીજને જ કારણ માનવું ઉચિત છે કારણ કે એમાં અતિશયગર્ભિતતા તેમ જ ક્ષણભંગુરતાની કલ્પના ન હોવાથી લાઘવ છે.

**ઉત્તરપક્ષ** :– સહકારીઓ તાદૃશ અતિશયયુક્ત બીજક્ષણને ઉત્પન્ન કરે છે એવું અમે માનતા જ નથી કે જેથી તમારી વાત યુક્ત ઠરે...કિન્તુ પૂર્વપૂર્વક્ષણો જ ઉત્તરોત્તર એવી એવી ક્ષણોને ઉત્પન્ન કરે છે તેથી આ કલ્પનામાં કોઇ દોષરૂપ ગૌરવ નથી.

**પૂર્વપક્ષ** :– જો પૂર્વક્ષણ જ વિલક્ષણ સ્વભાવવાળી ઉત્તરક્ષણને ઉત્પન્ન કરનાર હોય તો તો પૂર્વમૃત્પિંડક્ષણ ઉત્તર બીજક્ષણને ઉત્પન્ન કરે છે એવું માનવાનો અતિ-પ્રસંગ આવશે. કારણ કે એ પણ બીજની પૂર્વક્ષણ જ છે ને !

**ઉત્તરપક્ષ** :– એક સંતાનવર્તી પૂર્વક્ષણ જ ઉત્તરક્ષણાત્મક ઉપાદેયનું ઉપાદાન હોય છે. ઉપાદાનઉપાદેયભાવ આવો નિયત હોવાથી ભિન્ન સંતાનવર્તીપૂર્વબીજક્ષણ કે પૂર્વમૃત્પિંડક્ષણભિન્નસંતાનવર્તી ઉત્તરબીજક્ષણને ઉત્પન્ન કરશે નહીં, એટલે તમે કહ્યો તેવો અતિપ્રસંગ આવતો નથી.

न च चरमक्षणरूपबीजस्यापि द्वितीयादिक्षणरूपाङ्कुराऽजनकत्वाद्व्यक्तिविशेषमवलम्ब्यैव हेतुहेतुमद्भावो वाच्योऽन्यथा व्यावृत्तिविशेषानुगतप्रथमादिचरमपर्यन्ताङ्कुरक्षणान् प्रति व्यावृत्तिविशेषानुगतानां चरमबीजक्षणादिकोपान्त्याङ्कुरक्षणानां हेतुत्वे कार्यकारणतावच्छेदककोटावेकैकक्षणप्रवेशाप्रवेशाभ्यां विनिगमनाविरहप्रसङ्गात्, तथा च तज्जातीयात् कार्यात् तज्जातीयकारणानुमानभङ्गप्रसङ्ग इति वाच्यं, सादृश्यतिरोहितवैसादृश्यानां बीजादीनामनुमानसंभवात्,

**પૂર્વપક્ષ** :– પ્રથમબીજક્ષણ, દ્વિતીયબીજક્ષણ...યાવત્ ઉપાન્ત્યબીજક્ષણરૂપ બીજક્ષણો અંકુરોત્પાદક બનતા નથી તેમજ ચરમબીજક્ષણ પણ પ્રથમ અંકુરક્ષણની જ ઉત્પાદક છે, દ્વિતીયઅંકુરક્ષણાદિની નહિ. તેથી ચરમબીજક્ષણાત્મક વ્યક્તિ પ્રથમ અંકુરક્ષણાત્મક અંકુરની ઉત્પાદિકા છે આવો વ્યક્તિવિશેષગર્ભિત જ કાર્યકારણભાવ માનવો પડશે. સામાન્યધર્મપુરસ્કારેણ અનુગત કાર્યકારણભાવ માનવામાં તો વિનિગમનાવિરહ થતો હોવાથી સામાન્યતઃ કાર્યકારણભાવ સંભવિત નથી. અનુગત કાર્યકારણભાવ બે રીતે સંભવી શકે છે—(૧) અનંકુરવ્યાવૃત્તિસ્વરૂપ વ્યાવૃત્તિવિશેષથી અનુગત એવા પ્રથમાદિ ચરમપર્યન્ત અંકુરક્ષણરૂપ કાર્યો પ્રત્યે, અનંકુર કુર્વદ્રૂપ વ્યાવૃત્તિ સ્વરૂપ વ્યાવૃત્તિવિશેષથી અનુગત એવી ચરમબીજક્ષણ તથા પ્રથમઅંકુરક્ષણ...યાવત્ ઉપાન્ત્યઅંકુરક્ષણ કારણ છે અર્થાત્ અનંકુરવ્યાવૃત્ત પ્રત્યે અનંકુરકુર્વદ્રૂપવ્યાવૃત્ત કારણ છે આવો એક-એક ક્ષણ પ્રવેશ વિનાનો કાર્યકારણભાવ સંભવી શકે છે. (૨) એક સંતાનવર્તી ઉત્તર-ઉત્તર ક્ષણ પ્રત્યે એજ સંતાનવર્તી પૂર્વપૂર્વ ક્ષણ કારણ છે એવો પણ એક એક ક્ષણ પ્રવિષ્ટ અનુગત કાર્યકારણભાવ માની શકાય છે. આવા બે પ્રકારના અનુગત કાર્યકારણભાવમાંથી કયો માનવો યોગ્ય છે એવો નિશ્ચય કરાવનાર કોઈ ન હોવાથી બેમાંથી એકે ય અનુગતકાર્યકારણભાવ માની શકાતો નથી. તેથી આગળ કહી ગયા એવો વ્યક્તિવિશેષ ગર્ભિત જ કાર્યકારણભાવ માનવો પડે છે. અને એમ માનવામાં પણ આપત્તિ તો ઊભી જ છે, તે એ કે તજ્જાતીય કાર્યથી તજ્જાતીયકારણનું જે અનુમાન કરવામાં આવે છે તે થઈ શકશે નહિ. પૂર્વે જ્યાં વહ્નિ-ધૂમનું સાહચર્ય જોયું હોય ત્યાં, ધૂમજાતીય કોઈ પણ ધૂમવ્યક્તિ પ્રત્યે વહ્નિજાતીય કોઈપણ વહ્નિવ્યક્તિ કારણભૂત છે એવા સામાન્યતઃ કાર્યકારણભાવનો નિશ્ચય કર્યો હોય તો જ અધિકૃત ધૂમવ્યક્તિ અને જેનું અનુમાન કરવું છે એ વહ્નિવ્યક્તિ વચ્ચેનો પણ કાર્યકારણભાવ ગૃહીત હોવાથી તે વહ્નિનું અનુમાન થઇ શકે છે. પણ તે તે વ્યક્તિવિશેષોનો જ પરસ્પર કાર્યકારણભાવ માનવામાં અને સામાન્ય કાર્યકારણભાવ ન માનવામાં તો દૃષ્ટાન્ત બનાવેલ ધૂમ-વહ્નિથી પણ અધિકૃતધૂમ-વહ્નિના કાર્યકારણ ભાવનું ગ્રહણ ન હોવાથી ધૂમજાતીય અધિકૃતધૂમક્ષણવ્યક્તિથી વહ્નિજાતીય વહ્નિક્ષણનું અનુમાન થઈ શકશે નહિ. એમ જે અંકુરક્ષણ દેખાઈ રહી છે તેનું અનુમેય બીજક્ષણ કારણભૂત છે એવો પૂર્વે નિર્ણય ન હોવાથી એ બીજક્ષણનું અનુમાન પણ અનુપપન્ન થશે. વળી

प्रयोज्यप्रयोजकभावभङ्गस्यैव विपक्षबाधकतर्कस्य जागरूकत्वात् । एतेनाऽवह्नेरपि धूमसंभव-संभावनापि निरस्ता, सामग्र्या इवातिशयस्य फलोन्नेयत्वात् । एवं च कुर्वत्त्वबीजत्वयो-र्विरुद्धयोरपि समावेशे क्वचिदपि विरोधाऽसिद्धेर्गतमनुपलब्धिलिङ्गकेन, विपक्षे बाधकाभावेन च गतस्व (? गतं स्व) भावलिङ्गकेनापीति परास्तं, उक्तरीत्या विशिष्य प्रयोज्यप्रयोजकभावे दोषाभावात् ।

---

અધિકૃતઅંકુરક્ષણના કારણભૂત જે બીજચરમક્ષણ છે એના કરતાં બીજપ્રથમાદિક્ષણો તો ભિન્ન અને વિસદૃશ જ હોવાથી (કારણ કે એ ક્ષણોમાં કુર્વદ્રૂપત્વ નામનો અતિશય નથી) તેઓનું અનુમાન તો સુતરાં અનુપપન્ન જ રહેશે. આગળ વધીને કહીએ તો અંકુરાર્થીઓની બીજમાં પ્રવૃત્તિ પણ અનુપપન્ન થશે.

**ઉત્તરપક્ષ :–** પ્રથમબીજક્ષણાદિમાં તૃતીયક્ષણાદિનું કુર્વદ્રૂપત્વ ન હોવાના કારણે દ્વિતીયબીજક્ષણાદિથી ભિન્ન અને વિસદૃશ હોવા છતાં તેઓમાં રહેલ બીજત્વાદિ અનેક ધર્મોની સમાનતાના કારણે તેઓનું એ વૈસાદૃશ્ય તિરોહિત હોય છે. આવા તિરોહિત વૈસાદૃશ્યવાળા બીજોમાં સમાનતાના કારણે અંકુરકારણતાનું અનુમાન તો સંભવિત છે જ.

**પૂર્વપક્ષ :–** પણ એવા સાદૃશ્યથી તિરોહિતવૈસાદૃશ્યવાળી બીજચરમક્ષણ સાથે પણ અંકુરનો કાર્યકારણભાવ પૂર્વે ગૃહીત ન હોવાથી 'જ્યાં બીજચરમક્ષણ ન હોય ત્યાં પણ અંકુરપ્રથમક્ષણોત્પત્તિ હોય તો શું વાંધો ?' એવી હેતુ અંગેની વિપક્ષવૃત્તિતાની શંકાનું નિરાકરણ કરનાર કોઈ કાર્યકારણભાવ ભંગરૂપ બાધકતર્ક ન રહેવાથી (અર્થાત્ બીજચરમક્ષણ ન હોવા છતાં જો અંકુરક્ષણોત્પત્તિ થતી હોય તો બીજક્ષણઅંકુરક્ષણનો કાર્યકારણભાવ જ રહેશે નહિ એવી આપત્તિ આવવા રૂપ બાધકતર્ક ન રહેવાથી) અંકુર-ક્ષણની હાજરીમાં પણ બીજક્ષણનો અભાવ શંકિત જ રહેવાના કારણે અનુમાન થઈ શકશે નહિ.

**ઉત્તરપક્ષ :–** કાર્યકારણભાવ ભંગરૂપ બાધકતર્ક હાજર ન હોવા છતાં પ્રયોજ્ય–પ્રયોજકભાવ ભંગરૂપ બાધક તર્ક હાજર હોવાથી અનુમાન શક્ય જ છે. અર્થાત્ જો બીજ ન હોય ત્યાં પણ અંકુરોત્પત્તિ થઈ જતી હોય તો અંકુર–બીજ વચ્ચે પ્રયોજ્ય–પ્રયોજક ભાવ પણ રહે નહિ. બીજ–અંકુર વચ્ચે કાર્યકારણભાવ ગૃહીત ન હોવા છતાં પ્રયોજ્ય–પ્રયોજકભાવ ગૃહીત હોવો તો અમને પણ ઇષ્ટ જ હોવાથી એનો ભંગ ન થાય એ માટે જ્યાં અંકુરોત્પત્તિ હોય ત્યાં તેના પ્રયોજક બીજની હાજરી અવશ્ય માનવી પડતી હોવાથી, એ પ્રયોજ્ય–પ્રયોજક ભાવના ભંગની આપત્તિ બાધકતર્ક બનીને બીજનું અનુમાન કરાવશે.

આવો પ્રયોજ્ય–પ્રયોજકભાવભંગરૂપ બાધકતર્ક હાજર હોવાથી બીજી પણ એક આપત્તિનું નિરાકરણ થઈ જાય છે. એ આપત્તિ આપનાર એમ કહેવા માંગે છે કે

ધૂમના કારણ રૂપે અગ્નિ સર્વત્ર પ્રસિદ્ધ છે. પરંતુ ક્ષણભંગવાદી તો અગ્નિને પણ અવગણીને કુર્વદ્રૂપ પદાર્થને જ ધૂમનું કારણ માને છે, એ કુર્વદ્રૂપ અગ્નિ જ હોવો જોઈએ એવું જો એ માનવા જાય તો અગ્નિત્વ પણ કારણતાવચ્છેદક બની જતા પૂર્વ-પૂર્વ ક્ષણના અગ્નિ પણ (અગ્નિત્વાશ્લિષ્ટ હોવાથી) ધૂમના કારણ માનવા પડે, એટલે ફલિત એ થયું કે અગ્નિ નહીં પણ અન્ય કોઇ કુર્વદ્રૂપ પદાર્થથી (એટલે કે અનગ્નિ વસ્તુથી) ધૂમ ઉત્પન્ન થાય છે. હવે આવી સંભાવના તો કોણ માને ? આના ઉત્તરમાં ક્ષણભંગવાદી કહે છે કે અમે અગ્નિને કારણ નહીં પણ પ્રયોજક તો માનીએ જ છીએ. ધૂમોત્પાદક અંતિમ કુર્વદ્રૂપ (અગ્નિ)ના પૂર્વપૂર્વ અગ્નિ કારણ હોવાથી અગ્નિ વિના ધૂમોત્પત્તિ થવાની સંભાવના જેવી હવે કોઈ આપત્તિ રહેતી નથી. તદુપરાંત અનગ્નિથી ધૂમ ઉત્પન્ન થવાની સંભાવના રદ થઈ જવાનો વિશેષ હેતુ એ છે કે જેમ સામગ્રી પક્ષમાં સામગ્રી ભેગી થઇને કાર્યોત્પત્તિ કરે એ પછી જ સામગ્રીમાં કારણતા હોવી એ કાર્યાત્મક ફળ દ્વારા ગૃહીત થાય છે. અને તેમ છતાં પણ ત્યાં સામગ્રીભિન્ન વસ્તુથી કાર્યોત્પત્તિ થવાની સંભાવના કોઇ કરતું નથી. એ જ રીતે અતિશય (કુર્વદ્રૂપત્વ) પક્ષમાં પણ કુર્વદ્રૂપત્વવિશિષ્ટ ચરમ અગ્નિ ક્ષણથી કાર્ય ધૂમની ઉત્પત્તિ થયા પછી કુર્વદ્રૂપત્વ વિશિષ્ટ અગ્નિમાં કારણતા ગૃહીત થાય છે અને તેથી અહીં પણ અગ્નિ-ભિન્ન વસ્તુથી ધૂમોત્પત્તિની સંભાવનાને અવકાશ નથી.

શંકા :– જેમાં કુર્વદ્રૂપત્વ સિદ્ધ છે એવા પૂર્વપૂર્વ ધૂમક્ષણોમાં બીજત્વ નથી અને જેમાં બીજત્વ સિદ્ધ છે એવા પૂર્વપૂર્વ બીજક્ષણમાં કુર્વદ્રૂપત્વ નથી—આ રીતે કુર્વત્ત્વ અને બીજત્વનો સહાનવસ્થાન રૂપ વિરોધ સિદ્ધ થાય છે. પરસ્પર વિરુદ્ધ એવા પણ કુર્વત્ત્વ અને બીજત્વને જો બીજચરમક્ષણમાં એકત્ર સમાવિષ્ટ માનશો તો એનો અર્થ એ થશે કે પરસ્પર વિરુદ્ધ પદાર્થો પણ ક્યાંક એકત્ર રહી શકે છે. આનાથી આપત્તિ એ આવશે કે અનુપલબ્ધિલિંગક અનુમાન થઇ શકશે નહિ. તે એ રીતે કે– 'આ પુરુષ રોગિષ્ઠ છે, કારણ કે રોગવિહીન ચેષ્ટાની એમાં અનુપલબ્ધિ છે' આ પ્રકારનું અનુપલબ્ધિ લિંગથી રોગનું જે અનુમાન થાય છે તેના મૂળમાં રોગ અને રોગવિહીન ચેષ્ટાનો વિરોધ છે. પરંતુ હવે તો વિરોધ હોવા છતાં તમે તે બેનું સહાવસ્થાન માનતા હોવાથી રોગવિહીન ચેષ્ટાની અનુપલબ્ધિથી રોગનું અનુમાન નહીં થઈ શકે. તદુપરાંત વિપક્ષમાં કોઇ બાધક ન રહેવાથી સ્વભાવલિંગક અનુમાનો પણ થઈ શકશે નહિ. જેમકે 'આ વૃક્ષ છે કારણ કે શિંશપા છે,' એવા અનુમાનમાં શિંશપા-ત્વાત્મક સ્વભાવરૂપ હેતુથી વૃક્ષાત્મક સાધ્ય સિદ્ધ થતું હોવા છતાં, જ્યાં વૃક્ષત્વાભાવ હોય ત્યાં પણ કવચિત્ શિંશપાત્વ સ્વભાવ સંભવિત હોવાથી વિપક્ષબાધક કોઇ રહેતું નથી. તેથી 'શિંશપાત્વ હોવા છતાં વૃક્ષત્વાભાવ હોય તો ?' એવી શંકાને દૂર કરનાર કોઇ

व्यवहारनयात्तु बीजमिव पृथिवीपाथःपवनादिकमप्यङ्कुरहेतुर्नियमतोऽन्वयव्यतिरेकानुविधानात्, अन्यथा तत्र प्रवृत्त्यभावप्रसङ्गाच्च, नह्यङ्कुरोत्पत्तिमनुपलभ्य प्रागेव बीजादौ तदनुगुणमतिशयमुपलभ्य कश्चित्प्रवर्त्तते । 'क्वचित्कार्यानुगुणमतिशयमुपलभ्यान्यत्रापि तत्सादृश्यप्रतिसंधानात्संभावनयैव प्रवृत्तिरि'ति चेत् ? न, स्वभावत एव तदुत्पत्तिसंभावनया बहुबायाससाध्ये कर्मणि प्रवृत्त्यनुपपत्तेः । 'कृष्यादिप्रवृत्त्यैवबीजमङ्कुरं जनयतीत्यस्य स्वभाव' इति चेत् ? सोऽयं स्वभावः सहकार्यपेक्षामादधानो हेतुवादमेव द्रढयति, स्वेतरसहकारिसध्रीचीनानां सर्वेषामेव कारणानां कार्यजननस्वभावत्वात्, पूर्वं तु सहकारिवैकल्यप्रयुक्तकार्याभाववत्त्वस्वभावत्वेऽपि कार्योपधायकत्वस्वभावादेव (? स्वभावाभावादेव) कार्यानुदयात् ।

---

ન રહેવાથી વૃક્ષનું અનુમાન થઈ શકતું નથી. આમ પરસ્પર વિરુદ્ધનો પણ એકત્ર સમાવેશ માનવામાં અનુપલબ્ધિલિંગક અને સ્વભાવલિંગક અનુમાનો જ ઊડી જવાની આપત્તિ આવશે.

**સમાધાન** :–આવી શંકા કરવી યુક્ત નથી કારણ કે મૂળમાં તમે જે કુર્વત્ત્વ–બીજત્વનો વિરોધ દેખાડયો છે એ જ હકીકતમાં છે નહિ. તેથી તે બેનો એકત્ર ચરમબીજક્ષણમાં સમાવેશ હોવામાં વિરુદ્ધ વસ્તુઓ પણ એકત્ર સમાવિષ્ટ હોઈ શકે એવું ફલિત જ થતું નથી. પૂર્વે કહ્યા મુજબ બીજત્વ એ અંકુર પ્રત્યેનું પ્રયોજકરૂપ છે અને કુર્વત્ત્વ કારકરૂપ છે. વળી કારક એ જ બને છે જે પ્રયોજક હોય. તેથી પ્રયોજક એવા બીજોની પરંપરામાંની જ કોઈ એક બીજક્ષણ કારક બની અંકુરોત્પાદ કરે છે. તેથી જ્યાં કુર્વત્ત્વ રહ્યું છે એવી કારકક્ષણમાં પણ પ્રયોજક રૂપ બીજત્વ હાજર જ હોવાથી બીજત્વ–કુર્વત્ત્વને વિરોધ જ નથી. આમ પૂર્વપૂર્વની બીજક્ષણાત્મક જે પરંપરા છે એ અંકુર પ્રત્યે પ્રયોજક છે અને એમાંની જ ચરમબીજક્ષણ કારક બને છે એવું માનવામાં કોઇ દોષ નથી.

**વ્યવહારનયનો અભિપ્રાય** :–અંકુર જેમ બીજના અન્વયવ્યતિરેકને અનુસરે છે તેમ પૃથ્વી, પાણી, પવન વગેરેના અન્વયવ્યતિરેકને પણ અનુસરે જ છે. તેથી તેઓ પણ અંકુરના હેતુભૂત છે જ. નહિતર તો જેમ મૃત્પિંડાદિ પટના કારણભૂત ન હોવાથી પટાર્થી તેમાં પ્રવૃત્તિ કરતા નથી તેમ અંકુરાર્થીએ ભૂમિ આદિ વિશે પ્રવૃત્તિ કરવી જોઇએ નહિ, પણ કરે તો છે જ. તેથી જણાય છે કે ભૂમિ આદિ પણ અંકુરના હેતુ છે. વળી જ્યાં સુધી અંકુરોત્પત્તિ થતી નથી ત્યાં સુધી તો કુર્વદ્રૂપત્વાત્મક અતિશય અધિકૃતબીજસંતાનમાં પણ હશે કે નહિ એનો નિર્ણય થઈ શકતો જ નથી. તેથી અધિકૃતબીજસંતાનઅંકુરનો પ્રયોજક છે એવો પણ નિર્ણય થઈ શકતો નથી. તેથી માત્ર અતિશયને જ હેતુ માનવામાં અને બીજને હેતુ ન માનવામાં તો કોઈની પ્રવૃત્તિ જ થવી જોઇએ નહિ. પણ થાય તો છે, તેથી જણાય છે કે બીજને હેતુ તરીકે જાણીને જ લોકોની તેમાં પ્રવૃત્તિ થાય છે. એ જ રીતે પૃથ્વી–પાણી

આદિમાં લોકોની પ્રવૃત્તિ થાય છે એનાથી જ જણાય છે કે એને પણ લોકો હેતુ તરીકે સ્વીકારે છે.

**શંકા** :– કાર્યાર્થીએ પૂર્વે ક્યારેક જે બીજપરંપરામાં આવેલ ચરમબીજ ક્ષણથી કાર્યોત્પાદ જોઈને કાર્યાનુકૂલ અતિશયની ઉપલબ્ધિ કરી હોય છે તે બીજના સાદૃશ્યનું પ્રસ્તુત બીજમાં અનુસંધાન કરી અતિશયોપલબ્ધિ ન હોવા છતાં તેમાં સંભાવના કરે છે કે આ બીજની પરંપરામાં પણ તેવા અતિશયાત્મક સ્વભાવવાળું બીજ આવશે જે પોતાના તેવા સ્વભાવથી અંકુરોત્પાદ કરશે. આવી સંભાવનાથી પછી કાર્યાર્થી તેમાં પ્રવૃત્તિ કરે છે. વળી અંકુરોત્પાદ તેવા પ્રકારના સ્વભાવથી જ થાય છે એવી સંભાવના હોવાથી ભૂમિ આદિમાં અંકુરોત્પાદકસ્વભાવની સંભાવના કરવાનો પ્રશ્ન જ ન રહેવાથી તે બધાને શી રીતે હેતુ મનાય ?

**સમાધાન** :– જે સૂર્ય જેમ સ્વભાવથી જ લોકને પ્રકાશિત કરતો હોવાથી પ્રકાશ માટે સૂર્ય વિશે કોઈ પ્રવૃત્તિ કરવી પડતી નથી તેમ જો એ બીજપરંપરાની ચરમક્ષણના અતિશયવિશેષરૂપ સ્વભાવથી જ અંકુરઉત્પત્તિની સંભાવના હોય તો પછી લોકો તન–મન–ધનના બહુ કષ્ટથી સિદ્ધ થનારી ક્રિયાઓમાં (દા. ત. ખેતી વગેરેમાં) જે પ્રવૃત્તિ કરે છે એ અનુપપન્ન થઈ જાય.

**શંકા** :– બીજનો તમે કહ્યો તેવો અતિશયમાત્ર રૂપ સ્વભાવ નહિ પરંતુ કૃષિ-આદિ પ્રવૃત્તિ દ્વારા જ અંકુરોત્પાદ કરવો એવો સ્વભાવ હોવાથી લોકો કૃષ્યાદિમાં પ્રવર્તે છે.

**સમાધાન** :– આનો અર્થ એ થયો કે તેવો સ્વભાવ પોતાની સત્તા=આત્મલાભ માટે સહકારની અપેક્ષા રાખતો થકો હેતુવાદને જ દૃઢ કરે છે કારણ કે અમે પણ એમ જ કહીએ છીએ કે સ્વભિન્નસહકારીઓના સંનિધાનમાં કાર્યોત્પાદ કરવાનો સ્વભાવ જેઓમાં હોય તેઓ કારણ કહેવાય છે. આવો સ્વભાવ જેમ બીજમાં છે તેમ પૃથ્વી–જળાદિમાં પણ છે જ તેથી તેઓ પણ અંકુર પ્રત્યે હેતુ છે જ.

**શંકા** :– તમે જે સ્વભાવ કહ્યો તેનો અર્થ એ થયો કે અભિમતકારણ હાજર હોવા છતાં જો સહકારીઓ હાજર ન હોય તો કાર્ય ન થાય. અર્થાત્ એ વખતે મૃત્પિંડાદિમાં જે કાર્યાભાવ (ઘટાભાવ) છે તે સહકારીવૈકલ્ય પ્રયુક્ત છે. એટલે કે મૃત્પિંડાદિ એ સહકારીવૈકલ્ય પ્રયુક્ત કાર્યાભાવવાળા છે. આનો અર્થ એ થયો કે સહકારિવૈકલ્યપ્રયુક્તકાર્યાભાવવત્ત્વસ્વભાવ (અર્થાત્ સ્વરૂપયોગ્યતા)વાળા જે હોય તે કારણ હોય. આવો સ્વભાવ તો ચક્રાદિ સહકારીનું સંનિધાન ન હોય ત્યારે પણ મૃત્પિંડાદિમાં હાજર જ હોય છે તો એ વખતે એ મૃત્પિંડાદિ કાર્ય કેમ કરતા નથી ?

**સમાધાન** :– એ વખતે એ કારણોમાં સ્વરૂપ યોગ્યતા હોવા છતાં કાર્યોપધાયકત્વ સ્વભાવ હાજર ન હોવાથી કાર્ય થતું નથી. સહકારીવૈકલ્યપ્રયુક્તકાર્યાભાવ

न चैवं कार्योपधायकत्वानुपधायकत्वलक्षणविरुद्धधर्माध्यासाद्धेतुभङ्गप्रसङ्गः, कालभेदे-नैकत्र भावाभावयोरविरुद्धत्वात्, क्षणिकत्वस्य स्वप्नेऽप्यप्रतीतेः। एतेन वर्त्तमानत्वाऽवर्त्तमानत्वलक्षणविरुद्धधर्माध्यासोऽपि निरस्तः,सदसत्सम्बन्धस्य ज्ञानादावविरोधदर्शनात्, प्रत्ययक्रमेणैवैकत्वा (? स्या) नेकक्षणसंबन्धक्रमसंभवादिति।

सङ्ग्रहनयात्तु–अङ्कुरत्वाद्यवच्छिन्नं प्रति बीजत्वादिना हेतुत्वं, अतः कार्यस्य कारणस्य वा नैकजातीयत्वमाकस्मिकं, न वा यतः कुतश्चिदेव भवतः सर्वस्यैकजातीयत्वं सर्वजातीयत्वं वा, नाप्यन्यूनानतिरिक्तस्यैव दहनहेतोरदहनहेतुत्वे ततो भवन्नयंना (? यम) दहनो वा स्यादुभयात्मको वा स्यादिति दूषणावकाशो।

---

વસ્ત્વ સ્વભાવ એ તે તે કારણમાં તે તે કાર્યના કારણ બનવાની યોગ્યતા રૂપ છે અને જ્યારે સહકારીઓનું સંનિધાન થાય છે ત્યારે તેમાં કાર્યોપધાયકત્વ સ્વભાવ ઊભો થાય છે જે ઉત્તર ક્ષણમાં કાર્યોત્પાદ કરે છે.

**શંકા** :– આનો અર્થ એ થયો કે પહેલાં એમાં કાર્યાનુપધાયકત્વ હતું અને પછી કાર્યોપધાયકત્વ આવ્યું. આ બે ધર્મો પરસ્પર વિરુદ્ધ હોવાના કારણે એકત્ર રહેતા નથી. જેમ ઉષ્ણત્વ અને શીતત્વ વિરુદ્ધ હોવાથી અગ્નિ અને જળ જુદી જુદી વસ્તુમાં જ રહે છે, એકત્ર નહિ. તેમ કાર્યોપધાયકત્વ અને કાર્યાનુપધાયકત્વ એ બે વિરુદ્ધ ધર્મોના આધાર તરીકે અભિમત મૃત્પિંડાદિને એક અખંડ વસ્તુ મનાય નહિ. પણ એ ભિન્ન ભિન્ન વસ્તુઓ જ માનવી જોઇએ. એટલે કે કાર્યાનુપધાયક મૃત્પિંડાદિ જુદા છે અને કાર્યોપધાયક (ચરમક્ષણભાવી) મૃત્પિંડાદિ જુદા છે. તેથી હકીકતમાં તો ચરમક્ષણ જ કાર્યોત્પાદ કરનારી હોવાથી એને જ કારણ માનવી યુક્ત છે. તેનાથી ભિન્ન એવી પૂર્વ ક્ષણોને તો તેઓ કાર્યાનુપધાયક હોવાથી કારણ માની શકાય જ નહિ. તેમજ ચરમક્ષણ તો કોઇ સહકારી ન હોય તો પણ પોતાના કાર્યોપધાયકત્વ સ્વભાવથી જ કાર્યોત્પાદ કરતી હોવાથી 'તે સ્વભાવથી જ કાર્ય કરે છે' એ વાત યુક્ત કેમ ન કહેવાય ?

**સમાધાન** :– પરસ્પર વિરુદ્ધ એવા પણ ઘટ અને ઘટાભાવ જેમ ભૂતલાદિરૂપ એક અધિકરણમાં પણ ભિન્ન–ભિન્ન કાળે રહી શકે છે અને તે બેને રાખનાર ભૂતલ કંઇ એટલા માત્રથી જ ભાંગીને (નાશપામીને નવું ઉત્પન્ન થવા રૂપે) જુદું જુદું થઈ જતું નથી. તેમ પ્રસ્તુતમાં પણ તેના તે જ મૃત્પિંડાદિમાં ભિન્ન ભિન્ન કાળે કાર્યોપધાયકત્વનો અભાવ કે ભાવ હોવામાં કોઈ વિરોધ ન હોવાથી કાર્યોપધાયકત્વ અને કાર્યાનુપધાયકત્વ સ્વભાવવાળા મૃત્પિંડ જુદા જુદા હોવા સિદ્ધ થતા નથી અને તેથી એક જ છે. તેથી જે મૃત્પિંડ ઘટોત્પત્તિ કરે છે. એજ પૂર્વે પણ હાજર હોવાથી એ હેતુભૂત છે જ, તેથી માત્ર ચરમક્ષણને હેતુ માનવી યુક્ત નથી.

શંકા :– પણ વસ્તુઓ તો ક્ષણિક હોવાથી એક જ વસ્તુ જુદા જુદા કાળે રહેતી જ નથી તો ભિન્ન ભિન્ન કાળે વિરુદ્ધ ધર્મો પણ તેમાં એકત્ર રહી શકે છે એવું શી રીતે માની શકાય ?

**સમાધાન** :– વસ્તુની ક્ષણિકતા સ્વપ્નમાં પણ દેખાતી ન હોવાથી માની શકાતી નથી. એમ વસ્તુ અક્ષણિક હોઈ ભિન્ન ભિન્ન કાળે વિરુદ્ધ ધર્મો પણ તેમાં રહેવામાં કોઈ વાંધો નથી. તદુપરાંત ભિન્ન ભિન્ન કાળે વિરુદ્ધ ધર્મો પણ એકત્ર રહી શકે છે એવું પ્રતિપાદન કરવા દ્વારા 'વર્ત્તમાનત્વ–અવર્ત્તમાનત્વ (અતીતત્વ–અનાગતત્વરૂપ) રૂપ વિરુદ્ધ ધર્માધ્યાસની આપત્તિ વસ્તુને અક્ષણિક માનવામાં આવે છે'— એવી ક્ષણિકવાદીની શંકા પણ નિરસ્ત જાણવી. અર્થાત્ જે અક્ષણિક વસ્તુ વર્ત્તમાન છે એ જ જો પૂર્વે પણ હતી અને ભવિષ્યમાં પણ રહેવાની છે એવું હોય તો તેમાં વર્ત્તમાનત્વ અને અવર્ત્તમાનત્વ (અતીતત્વ કે અનાગતત્વ)રૂપ વિરુદ્ધ ધર્મો માનવાની આપત્તિ આવશે એવી ક્ષણિકવાદીની શંકા નિરસ્ત જાણવી. કારણ કે કાલભેદે વિરુદ્ધ ધર્મો એક સ્થાને રહી શકે છે. વળી 'આ તે જ છે' એવું જે પ્રત્યભિજ્ઞાન થાય છે. તેમાં 'આ' અંશથી સામે રહેલા વર્તમાન પદાર્થનો પરામર્શ છે અને 'તે' અંશથી અતીત પદાર્થનો પરામર્શ છે. આમ એક જ જ્ઞાનાદિ રૂપ એક વસ્તુમાં સત્ (વર્ત્તમાન) અને અસત્ (અવર્ત્તમાન) વસ્તુનો સંબંધ હોવાનું દેખાય જ છે. તો એ જ રીતે મૃત્પિંડાદિરૂપ એક વસ્તુમાં પણ અવર્ત્તમાનત્વ અને વર્ત્તમાનત્વ રૂપ ઉભયધર્મો હોવામાં કોઈ વાંધો નથી.

**શંકા** :– જ્ઞાનાદિમાં જેમ એક જ કાળે સત્ (= વર્ત્તમાનક્ષણ) અને અસત્ (= અવર્ત્તમાન અતીતાદિ ક્ષણો) નો સંબંધ દેખાય છે અને તેથી તે ત્યાં મનાય છે તેમ ઘટાદિ એક જ પદાર્થનો જો દરેક ક્ષણ સાથે સંબંધ થતો હોય તો તે એક જ કાળે કેમ થઈ જતો નથી ?

**સમાધાન** :– તે તે ક્ષણરૂપ પ્રત્યય (= કારણ) ક્રમશઃ જ પ્રાપ્ત થતું હોવાથી એક જ પદાર્થના તે તે ક્ષણો સાથેના સંબંધ રૂપ કાર્યો પણ ક્રમશઃ જ થાય છે, એક કાળે નહિ.

સ્વભાવવાદ અને હેતુવાદના પ્રતિપાદનમાં ક્રમશઃ સૂક્ષ્મઋજુસૂત્ર નય અને વ્યવહાર નયના વક્તવ્ય પછી સંગ્રહનયનો મત રજુ કરાય છે–

**સંગ્રહનય** :– આ નય સામાન્યગ્રાહી હોવાથી અંકુર સામાન્ય પ્રત્યે બીજત્વરૂપે બીજને હેતુ માને છે. આ રીતે સજાતીયકારણથી સજાતીય કાર્ય થવા રૂપ કાર્યકારણ ભાવ માનવાથી સમાનકારણોથી થતા કાર્યોનું એક જાતીયત્વ પણ આકસ્મિક (= અહેતુક) થવાની આપત્તિ આવશે નહિ, સામાન્યતઃ કાર્યકારણભાવ ન માનવામાં કાર્ય–કારણ ઉભયમાં એક જાતીયત્વ આકસ્મિક થવાની આપત્તિ આ રીતે આવે છે– મૃત્પિંડાદિ,

ઘટત્વાવચ્છિન્ન (= ઘટ) પ્રત્યે કારણ હોવાથી કાર્ય 'ઘટાત્મક' થાય છે 'પટાત્મક' નહિ, અર્થાત્ કાર્યમાં ઘટત્વ આવે છે, પટત્વ નહિ. આનાથી જણાય છે કે યદવચ્છિન્ન પ્રત્યે કારણ હોય તે ધર્મ કાર્યમાં આવે. અર્થાત્ કાર્યમાં તે ધર્મ કારણ સામગ્રીપ્રયુક્ત હોય. તેથી જો વિશિષ્ટ કાર્યકારણ ભાવ જ માનવામાં આવે અને સામાન્ય કાર્યકારણ ભાવ માનવામાં ન આવે તો તત્મૃત્પિંડાદિ તદ્દઘટત્વાવચ્છિન્ન પ્રત્યે કારણ હોવાથી કાર્યમાં તદ્દઘટત્વ આવશે પણ મૃત્પિંડત્વાદિ વિશિષ્ટ સામગ્રીને ઘટત્વાવચ્છિન્ન પ્રત્યે કારણ માની ન હોવાથી કાર્યમાં ઘટત્વ લાવી આપનાર કોઈ કારણસામગ્રી પ્રયોજક તરીકે ન હોવાના કારણે ઘટત્વ આવવું ન જોઈએ. પણ કાર્યને જોઈને 'ઘટઃ' એવો અભ્રાન્ત બોધ તો થાય જ છે જે એમાં 'ઘટત્વ'ની હાજરી સૂચવે છે. તેથી એમાં રહેલ એ 'ઘટત્વ' આકસ્મિક આવ્યું હોવાની આપત્તિ આવશે. એમ તે તે મૃત્પિંડાદિનું તત્તદ્દઘટત્વાવચ્છિન્ન તત્તદ્દઘટ જ કાર્ય માન્યું હોવાથી (ઘટત્વાવચ્છિન્ન ઘટને કાર્ય માન્યું ન હોવાથી) એ મૃત્પિંડાદિ, તત્તત્મૃત્પિંડત્વાદિ રૂપે જ કારણ બનશે, મૃત્પિંડત્વાદિ રૂપે નહિ, કારણ કે મૃત્પિંડત્વેન તો ઇતરમૃત્પિંડ પણ મૃત્પિંડ છે જેનાથી તદ્દઘટત્વાવચ્છિન્ન તદ્દઘટ ઉત્પન્ન થતો નથી. આમ તદ્દઘટત્વાવચ્છિન્ન કાર્યને આશ્રીને તો કારણમાં તત્મૃત્પિંડત્વાદિ ધર્મો જ માની શકાય છે, મૃત્પિંડત્વાદિ ધર્મો નહિ. અને ઘટત્વાવચ્છિન્ન તો કોઈ કાર્ય છે જ નહિ, તેથી કારણમાં મૃત્પિંડત્વાદિ આકસ્મિક હોવા માનવા પડશે. તાત્પર્ય એ કે ઘટત્વાવચ્છિન્ન કાર્યતાનિરૂપિત કારણતાના અવચ્છેદક રૂપે એક સાધારણ મૃત્પિંડત્વાદિધર્મોની સિદ્ધિ નહીં થઇ શકે. તેથી મૃત્પિંડત્વાદિ ધર્મો આકસ્મિક એટલે અયુક્તિક થઈ જશે

તદુપરાંત, સામાન્યતઃ કાર્યકારણભાવ માન્યો ન હોવાથી કારણતાવચ્છેદક તરીકે મૃત્પિંડત્વાદિ ધર્મો લઈ શકાતા નથી કિન્તુ તત્મૃત્પિંડત્વ, એતત્મૃત્પિંડત્વ વગેરે ધર્મો જ લઇ શકાય છે. તેથી તત્મૃત્પિંડ, એતત્મૃત્પિંડ વગેરે ઘટિત સામગ્રી અનુગત રહેતી નથી. આવી અનનુગત સામગ્રીથી થતાં કાર્યોમાં પણ 'ઘટઃ' 'ઘટઃ' રૂપ સમાન અભ્રાન્ત પ્રતીતિ થતી જ હોવાથી એ કાર્યો એકજાતીય તો છે જ. આમ અનનુગત એવા જે તે કારણોથી થતાં કાર્યો પણ જો એકજાતીય હોવા સંભવિત હોય તો તો મૃત્પિંડ અને તંતુ વગેરેથી ઘટિત અનનુગત સામગ્રીઓથી થતાં કાર્યો પણ એકજાતીય હોવા સંભવિત હોવાથી સઘળા કાર્યો એકજાતીય થઈ જવાની આપત્તિ આવશે. એમ ઘટત્વની પ્રયોજક ન હોય એવી પણ તત્મૃત્પિંડત્વાવચ્છિન્ન સામગ્રીથી કાર્યમાં જો ઘટત્વ આવી જાય છે તો એ રીતે પટત્વાદિ પણ આવી શકતા હોવાથી દરેક કાર્ય સર્વજાતીય હોવાની પણ આપત્તિ આવશે. સામાન્યતઃ કાર્યકારણભાવ માનવામાં આવી કોઇ આપત્તિ રહેતી ન હોવાથી એ માનવો જ યુક્ત છે.

नैगमस्य तु सामान्यविशेषविश्रान्तस्य यथाक्रमं सङ्ग्रहव्यवहारान्तर्भाविष्णुतया न द्वाभ्यां विषयविभागोऽतिरिच्यते । शब्दनयास्तु प्राय ऋजुसूत्रसमानविषया एवेति नयसमूहात्मक प्रमाणार्पणात् सर्वं वस्तु स्वभावसाध्यमपि बाह्यकारणसाध्यमपि ।

न च हेतौ सहकारिवैचित्र्यानुप्रवेशेनैव कार्यवैचित्र्यसिद्धौ किं स्वभाववैचित्र्यानुप्रवेशेन? इति वाच्यं, विचित्रसहकारिसंबन्धस्यैव तत्स्वभावतया तद्वैचित्र्ये स्वभाववैचित्र्यावश्यकत्वात् । अत एव द्रव्यस्य नित्यत्वेऽपि कथंचित्तत्स्वभावभूतक्षणिकपरिणामयोगान्नित्यत्वस्खलितः क्षणभङ्गोऽपि सङ्गच्छते । एतेन शिंशपासामग्रीव्यापक( ? व्याप्यकम्प )सामग्र्यन्तर्भाविनो नोदनादयो यदि शिंशपास्वभावभूतास्तर्हि तन्निबन्धना चलदलादिरूपता पलाशादौ न स्याद्, यदि पुनरतत्स्वभावभूता एव सहकारिणस्तदा तल्लाभेन निर्विशेषयैव शिंशपया चलस्वभावत्वाऽप्रसङ्ग इति परास्तम्, तव नोदनादिसंबन्धस्येव मम तत्स्वभावतायास्तत्रैवानभ्युगमात्, अपृथग्भावमात्रेण व्यवस्थितेरेत्र स्वभावार्थत्वात् ॥४४॥

---

તદુપરાંત સામાન્યતઃ કાર્યકારણભાવ ન માનવામાં ઉપર કહ્યા મુજબ કાર્ય સર્વ જાતીય થઇ શકતું હોવાથી જે ઇન્ધનાદિ, દહનની અવિકલસામગ્રીરૂપ અને અનતિરિક્ત સામગ્રી રૂપ (એટલે કે વધારાની અન્યથાસિદ્ધ કોઈ વસ્તુથી ઘટિત ન હોવા રૂપ) છે તે પણ ભિન્ન જાતીય એવા અદહન (પર્યુદાસ નઞ્–હોવાથી દહનભિન્ન) ની પણ હેતુભૂત થવાથી તે સામગ્રીથી થતું કાર્ય જેમ દહનાત્મક હોય છે તેમ અદહનાત્મક કે ઉભયાત્મક પણ હોઇ શકે છે એવું જે દૂષણ આવે છે તે પણ સામાન્યતઃ કાર્યકારણ ભાવ માનવાથી દૂર થાય છે.

**નૈગમનય :–** આ નય સામાન્ય અને વિશેષમાં જ વિશ્રાન્ત થઈ જતો હોવાથી અનુક્રમે સંગ્રહ અને વ્યવહારમાં જ અન્તર્ભૂત થઈ જાય છે તેથી સામાન્ય નૈગમ અને વિશેષ નૈગમ દ્વારા વિષયવિભાગ પૃથગ્ દર્શાવાતો નથી.

**શબ્દનયો :–** આ નયો ઘણું કરીને ઋજુસૂત્રસમાનવિષયક જ હોવાથી એના જેવું જ પ્રરૂપણ અહીં જાણવું. આ બધા નયોનો સમ્યગ્ સમૂહ=અભિપ્રાયોનું સમ્યક્ સંમેલન–સમન્વય એજ **પ્રમાણ** છે. આવા પ્રમાણને મુખ્ય રાખીને પ્રરૂપણ કરવું હોય તો એમ કહેવું જોઈએ કે સર્વવસ્તુઓ સ્વભાવસાધ્ય પણ છે અને બાહ્યકારણ સાધ્ય પણ છે. માટે કાર્યવૈચિત્ર્યમાં સ્વભાવવૈચિત્ર્ય અને કારણવૈચિત્ર્ય બન્ને કારણ બને છે.

**[સ્વભાવવૈચિત્ર્ય માનવાની આવશ્યકતા]**

**શંકા :–** ચોખાને મીઠા રૂપ સહકારી મળે તો ભાત ખારા થાય છે અને સાકર જેવા સહકારી મળે તો ભાત મીઠા થાય છે. આમ કાર્યમાં આવતી વિચિત્રતા સહકારીની વિચિત્રતાથી જ ઉપપન્ન થઇ જતી હોવાથી કાર્યવૈચિત્ર્યમાં સ્વભાવવૈચિત્ર્ય પણ કારણ છે એવું માનવાની શી જરૂર છે ?

**સમાધાન** :—એકનું એક કારણ પણ તે તે વિચિત્ર સહકારીઓ સાથે સંબંધ કરે તો જ તે તે વિચિત્ર કાર્ય ઉત્પન્ન કરી શકે છે, એ વિના નહિ. આ સંબંધ પણ તે કારણના સ્વભાવમાં અન્તર્ભૂત જ છે. તેથી ચોખાનો મીઠારૂપ સહકારી સાથેનો સંબંધ, સાકરરૂપ સહકારી સાથેના સંબંધથી વિચિત્ર=ભિન્ન માનવાનો હોય તો તે સંબંધરૂપ તેના સ્વભાવને પણ વિચિત્ર માનવો જ પડશે, અને તેથી સ્વભાવવૈચિત્ર્ય પણ આવશ્યક જ છે.

આમ એની એ જ વસ્તુમાં ભિન્ન ભિન્ન સંબંધરૂપ સ્વભાવવૈચિત્ર્ય પણ હોવાથી જ દ્રવ્ય નિત્ય હોવા છતાં, ક્ષણિક પરિણામો સાથેનો યોગ (=સંબંધ) પણ કથંચિત્ તેના સ્વભાવરૂપ જ હોવાથી પોતે પણ કથંચિત્ ક્ષણિક (અનિત્ય) હોવાનું સંગત થાય છે. અર્થાત્ તેના તે જ દ્રવ્યો નિત્યત્વ અને ક્ષણિકત્વના તાણાવાણાથી વણાયેલા સ્વભાવવાળા છે એ વાત યુક્ત ઠરે છે.

## [ વિચિત્ર સહકારી સંબંધ સ્વભાવભૂત છે ]

વળી વિચિત્ર સહકારી સંબંધ પણ તેના તેવા તેવા સ્વભાવમાં અન્તર્ભૂત જ છે એવું માનવાથી નીચેની આપત્તિઓ પણ આવશે નહિ.

વ્યાપ્યકાર્યની સામગ્રીમાં વ્યાપકકાર્ય સામગ્રી અંતર્ભૂત જ હોય છે. જેમકે જરીયુક્તપટ એ વ્યાપ્ય કાર્ય છે અને સામાન્યપટ એ વ્યાપકકાર્ય છે જરીયુક્ત પટની જે જરી સહિતના તંતુ વગેરે રૂપ સામગ્રી છે તેનાથી સામાન્ય પટાત્મક વ્યાપક કાર્ય તો બની જ શકે છે. તેથી જણાય છે કે વ્યાપ્યકાર્યની સામગ્રીમાં વ્યાપકકાર્યની સામગ્રી તો અંતર્ભૂત જ હોય છે. અર્થાત્ વ્યાપ્યકાર્યની સામગ્રી વ્યાપ્ય હોય છે, અને વ્યાપકકાર્યની સામગ્રી વ્યાપક હોય છે. શિંશપારૂપ કાર્યવ્યાપક છે અને કંપ (=પાંદડા હાલવા વગેરે) યુક્ત શિંશપા એ વ્યાપ્યકાર્ય છે. તેથી કંપવિશિષ્ટ શિંશપારૂપ કાર્યની સામગ્રીમાં શિંશપા + નોદનાદિસંયોગ આવશ્યક છે. આ નોદનાદિ સંયોગ જો શિંશપાના સ્વભાવભૂત હશે તો શિંશપામાં જ રહેનારા માનવા પડશે. (કારણ કે જે જેના સ્વભાવરૂપ હોય તે તેમાં જ રહે, અન્યત્ર નહિ, જેમકે અગ્નિની ઉષ્ણતા) તેથી એ નોદનાદિસંયોગ શિંશપાભિન્નમાં રહેતા ન હોવાથી પલાશાદિમાં કંપરૂપ કાર્ય ઉત્પન્ન કરી શકશે નહિ. આ આપત્તિ ન આવે એ માટે જો એ નોદનાદિસંયોગ શિંશપાનાં સ્વભાવભૂત નથી પણ સહકારી છે એવું માનશો તો શિંશપામાં તે સહકારીના સાંનિધ્યથી પણ કોઈ વિશેષતા થઈ નથી એવું માન્યું કહેવાશે, અને એનાથી એવી આપત્તિ ફલિત થશે કે સહકારીસંનિધાન રહિતની જેવી શિંશપા હતી તેવી જ શિંશપાથી ચલસ્વભાવતારૂપ કાર્ય થયું. પણ આ આપત્તિ વિચિત્રસહકારીસંબંધ તે તેના સ્વભાવભૂત જ છે એવું માનવાથી પરાસ્ત થાય છે.

अथान्तरङ्गबहिरङ्गहेत्वोरपेक्षासाम्यात् प्रमाणतस्तुल्यत्वमिति मनसि निधाय साक्षेप-परिहारं विचारयति—

अब्भन्तरबज्झाणं बलिआबलियत्तणं ति जइ बुद्धी ।
नणु कयरं अबलत्तं वेचित्तं वावि वेसम्मं ॥४५॥

(अभ्यन्तरबाह्यानां बलिकाबलिकत्वमिति यदि बुद्धिः । ननु कतरदबलत्वं वैचित्र्यं वापि वैषम्यम् ॥४५॥)

---

**શંકા** :– પણ તો પછી એ સહકારી સંબંધ શિંશપાસ્વભાવભૂત થવાથી પલાશાદિમાં ન રહેવાથી ત્યાં કંપાદિ કરી શકશે નહિ એવી જે આપત્તિ આવે છે એનું શું ?

**સમાધાન** :–જેમ નોદનાદિ સંબંધ માત્ર શિંશપામાં જ રહે છે એવું નથી, અન્યત્ર પલાશાદિમાં પણ રહે છે એવું તમે માનો છો તેમ અમે પણ સહકારી સંબંધ રૂપ સ્વભાવ ત્યાં જ રહે છે. એવું માનતા નથી કિન્તુ પલાશાદિમાં પણ રહે છે એવું માનીએ છીએ તેથી એ દોષ નથી.

**શંકા** :– જો એ પલાશાદિમાં પણ રહેતા હોય તો શિંશપાના સ્વભાવભૂત છે એમ શી રીતે કહેવાય ?

**સમાધાન** :– અહીં અપૃથગ્રૂપે રહેવું એ જ સ્વભાવ શબ્દનો અર્થ છે. તેથી સહકારી સાથેનો સંબંધ જેમ શિંશપાદિથી અપૃથગ્ભૂત હોઈ શકે છે તેમ પલાશાદિથી પણ અપૃથગ્ હોવો શક્ય હોવાથી ત્યાં પણ એ સ્વભાવ તરીકે હોવાનું કહેવામાં કોઈ વાંધો નથી. ॥૪૪॥

ભરતાદિને થયેલ કેવલપ્રાપ્તિ આદિરૂપ કાદાચિત્કભાવને આગળ કરીને વ્યવહારનો લોપ કરનારાને વધુ શિક્ષા આપવા અંતરંગ અને બહિરંગ બન્ને જાતના હેતુઓને એકબીજાની અપેક્ષા એકસરખી હોવાથી પ્રમાણ દૃષ્ટિએ બંને સમાન જ છે, તેથી બહિરંગ અહેતુ નથી એટલું જ નહીં, પણ અંતરંગ કરતા ગૌણ પણ નથી એવું મનમાં રાખીને શંકા–સમાધાન દ્વારા એનો વિચાર કરે છે–

## [અંતરંગ–બહિરંગ હેતુની બલવત્તા તુલ્ય છે.]

**ગાથાર્થ** :– (કર્માત્મક=અદૃષ્ટરૂપ) આભ્યન્તર હેતુ બળવાન છે અને (પુરુષાર્થાત્મક) બાહ્યહેતુ નિર્બળ છે એવો જો તમારો અભિપ્રાય હોય તો અમે પૂછીએ છીએ કે બાહ્યહેતુમાં નિર્બળતા શી રીતે કહો છો ?

(૧) ભાગ્ય વૈચિત્ર્યના કારણે સુખદુઃખવૈચિત્ર્ય થાય છે, પુરુષાર્થવૈચિત્ર્યના કારણે નહિ, તેથી ? (૨) સમાન બાહ્ય હેતુઓથી પણ થતાં ફળમાં વિષમતા હોય છે

णिप्फत्ती व फलट्ठा अणिययजोगो फलेण वा सद्धिं ।
पढमे समसामग्गी बिइए वावारवेसम्मं ॥४६॥

(निष्पत्तिर्वा फलार्थं अनियतयोगः फलेन वा सार्द्धम् । प्रथमे समसामग्री द्वितीये व्यापारवैषम्यम् ॥४६॥)

तइए दोण्हवि समया चउत्थपक्खो पुणो असिद्धोत्ति ।
तेण समावेक्खाणं दोण्हवि समयत्ति वत्थुठिई ॥४७॥

(तृतीये द्वयोरपि समता चतुर्थपक्षः पुनरसिद्ध इति । तेन समापेक्षयोर्द्वयोरपि समतेति वस्तुस्थितिः ॥४७॥)

'अन्तरङ्गो हेतुरदृष्टाख्यो बलवान्, बाह्यस्तूद्यमादिरूपो न तथे'ति केचिद्वदन्ति । तत्र तेषां यद्ययमाशयो यत् 'नानापुरुषाणामेकजातीयव्यापारभाजामपि धनप्राप्त्यादितारतम्यं यत्तारतम्याधीनं तस्यैव बलवत्त्वमिति' तत्रोच्यते–किमुद्यममनपेक्ष्यैव दैवमाहत्य फलं जनयत्यपेक्ष्य वा ? आद्योऽनभ्युपगमदुःस्थो, द्वितीयेऽपेक्षारूपं बलं द्वयोस्तुल्यमेव, कार्योत्कर्षप्रयोजकोत्कर्षरूपं तु तन्न सार्वत्रिकं, क्वाचित्कं तु बाह्यकरणेऽपि निराबाधमेव । 'सुखदुःखादिवैचित्र्यं कर्मवैचित्र्यादेवेत्येतावान् विशेष' इति चेत् ? काममभिमतमेतत् । श्रूयते हि 'उद्यमभाग्यविवादबद्धाभिनिवेशयोः श्रेष्ठिनोर्विवादभञ्जनाय भूपालादिष्टेन मन्त्रिणा तदप्रतिबोधखिन्नेन निर्जलकूपे प्रवेशितयोस्तयोर्मध्याह्नसमये क्षुत्क्षामकुक्षितां संभाव्य करुणया प्रदापितयोर्मोदकयोरुद्यमभाग्यातिरेकाद्द्वयोर्लाभाऽविशेषेऽपि परीक्षाभाजनीभूतान्तर्गतरत्नमयमुद्रिकाप्रतिलम्भो भाग्यवादिन एव श्रेष्ठिनो नान्यस्येति' केवलं भाग्यस्योद्यमानपेक्षावाद एव स्याद्वादिनां निरसनीय इति । अपि च भाग्यवैचित्र्यमपि प्राक्तनतत्तत्कर्मव्यापाररूपोद्यमवैचित्र्यादेवेति न महाननयोः प्रतिविशेषः ।

---

તેથી ? (૩) ફળ માટેના બાહ્યકારણો પણ આભ્યન્તર કારણોથી જ સંપાદિત થાય છે તેથી ? કે (૪) બાહ્યહેતુઓથી અવશ્ય ફળ આવે જ એવો નિયત યોગ ન હોવાથી ? આ ચારે વિકલ્પોથી બાહ્યહેતુમાં નિર્બળતા કહેવી યુક્ત નથી. (૧) કારણ કે બાહ્યહેતુવૈચિત્ર્યથી પણ કયારેક સુખદુઃખ વૈચિત્ર્ય થતા હોવાથી પ્રથમ વિકલ્પ તો ઉભય પક્ષે સમાન સામગ્રી (બળ)વાળો છે. (૨) દ્વિતીયવિકલ્પમાં બાહ્યહેતુરૂપ વ્યાપારની વિષમતાના કારણે ફળ વિષમતા આવે છે નહિ કે સીધી અદૃષ્ટ દ્વારા. એથી બાહ્યહેતુ પણ બળવાન છે. (૩) વળી અદૃષ્ટ પણ પૂર્વભવના પુરુષાર્થથી જ સંપાદિત હોવાથી પરસ્પર કાર્ય-કારણ ભાવ હોવા રૂપ સમતા ઉભયહેતુમાં તૃતીય પક્ષમાં પણ સમાન જ છે. (૪) ફળ સાથે બાહ્ય હેતુનો યોગ અનિયત છે એ વાત તો અસિદ્ધ જ હોવાથી ચતુર્થ પક્ષથી પણ બાહ્યહેતુમાં નિર્બળતા હોવી સિદ્ધ થઈ શકતી નથી–તેથી પરસ્પર અપેક્ષાવાળા જ તે બે ફળ આપનારા હોવાથી બાહ્ય અને આભ્યન્તર બંને હેતુઓ સમાન બળવાળા જ છે એ વસ્તુસ્થિતિ છે.

## [કર્મ પણ પુરૂષાર્થને સાપેક્ષ]

**ટીકાર્થ** :– અદૃષ્ટાત્મક અંતરંગ હેતુ, ઉદ્યમાદિરૂપ બાહ્યહેતુ કરતાં બળવાન્ હોય છે એવું કેટલાક કહે છે, એમાં જો તેઓનો આ આશય હોય કે 'સમાન વેપાર-

ધંધો કરતાં ભિન્ન ભિન્ન પુરૂષોની ધનપ્રાપ્તિ વગેરે રૂપ ફળમાં દેખાતી તરતમતા જેના તારતમ્યને આધીન હોય તે જ બળવાન્ છે' તો આ આશય ઉપર અમે પૂછીએ છીએ કે શું અદૃષ્ટ, ઉદ્યમની અપેક્ષા રાખ્યા વિના સીધું જ ફળ આપે છે કે ઉદ્યમની અપેક્ષા રાખીને ? પ્રથમપક્ષ તો તમને સ્વીકૃત જ ન હોવાથી અયુક્ત છે બીજા પક્ષમાં અપેક્ષા રૂપ બળવત્તા બંનેમાં સમાન છે કારણ કે સામાન્યતઃ તો કર્મ પણ પુરુષાર્થની અપેક્ષા રાખીને જ ફળ આપતું હોવાથી પુરુષાર્થમાં પણ પોતાની અપેક્ષા બીજાને હોવા રૂપ (અર્થાત્ અપેક્ષ્યતા રૂપ) બળ રહ્યું જ છે.

**શંકા :–** છતાં કર્મમાં જો ઉત્કર્ષ હોય તો ફળ ઉત્કૃષ્ટ આવતું હોવાથી ફળોત્કર્ષની પ્રયોજકતા તો કર્મમાં જ છે માટે કર્મ જ બળવાન્ છે.

**સમાધાન :–** ફળોત્કર્ષાદિમાં કર્મના ઉત્કર્ષાદિ હંમેશા પ્રયોજક બને જ એવો નિયમ નથી. જોરદાર કર્મની ગેરહાજરીમાં પણ જોરદાર પુરુષાર્થથી કાર્યોત્કર્ષ થઈ શકે છે. ક્યારેક કાર્યોત્કર્ષનું પ્રયોજક બનતું હોવા માત્રથી કર્મ બળવાન્ બની જતું હોય તો તો એ રીતે ક્યારેક પુરુષાર્થોત્કર્ષ પણ કાર્યોત્કર્ષનો પ્રયોજક બનતો હોવાથી બાહ્યકરણમાં પણ બળવત્તા સમાન જ માનવી પડશે.

**શંકા :–** છતાં શુભઅદૃષ્ટવાળાને અવળો પુરુષાર્થ પણ સુખદાયક બને છે અને અશુભ અદૃષ્ટવાળાને સવળો પુરુષાર્થ પણ દુઃખદાયક બને છે. આમ સુખદુઃખાદિનું વૈચિત્ર્ય કર્મવૈચિત્યના કારણે જ હોવાથી કર્મમાં એટલી બલવત્તા છે.

**સમાધાન :–** આવી બલવત્તા અમને પણ માન્ય જ છે. શાસ્ત્રમાં પણ આ અંગે પુરુષાર્થવાદી અને ભાગ્યવાદી એવા બે શ્રેષ્ઠીઓની વાત સંભળાય છે. એ બેના વિવાદને દૂર કરવા રાજાએ મંત્રીને આદેશ કર્યો. પણ બેમાંથી એકેયને જ્યારે મંત્રી સમજાવી ન શક્યો ત્યારે એ ખિન્ન થયો અને બન્નેને પાણી વિનાના અંધારીયા કૂવામાં ઊતાર્યા. ભૂખ્યા થયા હશે એવું જાણીને કરુણાથી મંત્રીએ મધ્યાહ્ન સમયે જે બેમાંથી એકમાં રત્નમયમુદ્રિકા છે એવા બે મોદક તે બે ને ખબર ન પડે એ રીતે કૂવાના એક ભાગમાં મૂકાવ્યા. બન્નેને ભૂખ લાગી હોવાથી પુરુષાર્થવાદી ભાગ્યવાદીને કહે છે કે આપણે આજુબાજુ શોધખોળ કરીએ તો કદાચ કંઈક ખાવાનું મળી જાય. એના પર ભાગ્યવાદી કહે છે કે 'મહેનત કરવી હોય તો તમે કરો, હું કંઇ મહેનત કરવાનો નથી મને તો ભાગ્યમાં હશે તો ખાવાનું મળવાનું જ છે અને નહિ હોય તો મહેનત કરવા છતાં નથી જ મળવાનું. પુરુષાર્થવાદીને શોધખોળ કરતાં પેલા બે લાડુ મળ્યા તેથી એમાંથી એક ભાગ્યવાદીને આપ્યો. તેથી ભાગ્યવાદી કહે છે કે, મારું ભાગ્ય હતું તો વગર પુરુષાર્થે પણ મને મોદક મળ્યો.' પુરુષાર્થવાદી કહે છે કે પણ મેં પુરુષાર્થ કર્યો તો મળ્યો ને ! એ વગર થોડો મળત ?' આમ મોદકપ્રાપ્તિમાં તો પુરુષાર્થ અને ભાગ્ય બન્ને સમાન રીતે હેતુભૂત હોવા છતાં ભાગ્યવાદીને મુદ્રિકા-

अथैकजातीयदुग्धपानादेरेव कस्यचित्सुखं भवति कस्यचिद्दुःखमित्यदृष्टमेव बलवन्न तु बाह्यो हेतुरिति चेत् ? न, विचित्रादृष्टवशान्मधुररसविपरीतरसोद्बोधादिदृष्टद्वारैव ततो दुःखोदयात्, तस्य व्यापारभेदेन सुखदुःखयोर्द्वयोरपि हेतुत्वाद्, न हि दृष्टकारणमसंपाद्यैवादृष्टं भोगजनकं येनैकान्ततो बलवत्स्याद् । अथ भोगार्थं दृष्टकारणोपसंपादकत्वमेवादृष्टस्य बलवत्त्वमिति चेत् ? न, प्राक्तनतत्तत्कर्मणोऽपि भोगार्थमदृष्टजनकत्वरूपबलवत्त्वस्य तुल्यत्वात् । अथ बाह्यहेतोः फलेन न नियतो योगोऽन्तरङ्गस्य तु नियत इति चेत् ? न, असिद्धेः, घटादौ मृत्पिंडादेरपि नियतापेक्षासत्त्वात् । यत्र तु विनापि द्रव्यदानादिकं भावदानादिनैव पुण्यसंपत्तिर्जीर्णाभिनवश्रेष्ठिप्रबन्धेन श्रूयते तत्र द्रव्यदानादेर्घटे दण्डादिवदहेतुत्वात्, तृप्तौ तन्दुलवपनादेरिव प्रयोजकत्वमात्रादेव न क्षतिः, हेतुत्वे वा पुण्यसंपत्ताववान्तरजातिरस्तु । सामान्यतो हेतुत्वादेव "[1]णेगंतिओ अणच्चंतिओ अ जं दव्वओ तेण" ति वचनस्य सङ्गतेः । तस्मादन्तरङ्गबहिरङ्गयोर्द्वयोरपेक्षामात्रतुल्यत्वमेवेति वस्तुस्थितिः ॥४५॥४६॥४७॥

---

વાળો મોદક મળ્યો. એમાં તો ભાગ્ય જ કારણ બન્યું. આમ ફળ માટે સામાન્યથી બન્નેની અપેક્ષા હોવા છતાં કર્મ વિશેષ રૂપે કાર્ય કરતું હોવાથી એની એટલી બલવત્તા તો અમને પણ માન્ય છે જ.

**શંકા** :– તો પછી તમે અંતરંગ હેતુ બળવાન્ છે એવી અમારી વાતને ઊડાડવાનો પ્રયત્ન કેમ કરો છો ?

**સમાધાન** :– ભાગ્યને ઉદ્યમની અપેક્ષા જ નથી. જ્યારે ઉદ્યમને ભાગ્યની અપેક્ષા છે તેથી ભાગ્યરૂપ અંતરંગ હેતુ જ બળવાન્ છે એવા તમારા એકાન્ત મતનો જ અમે વિરોધ કરીએ છીએ. સ્યાદ્વાદી એવા અમારે એ કરવો યોગ્ય પણ છે કારણ કે ભાગ્ય કંઇ પુરુષાર્થથી સાવ નિરપેક્ષ નથી.

વળી જે ભાગ્યવૈચિત્ર્યની પ્રધાનતાથી જ ફળમાં વૈચિત્ર્ય હોવાનું તમે માનો છો તે ભાગ્યવૈચિત્ર્ય, પણ તે તે કર્મના કારણભુત પૂર્વકાલીન પુરુષાર્થ વૈચિત્ર્યને આધીન છે તથા કર્મવૈચિત્ર્ય કરવા દ્વારા ફળવૈચિત્ર્યમાં પણ એ મુખ્ય કાર્ય કરે જ છે, તેથી બન્ને પ્રકારના હેતુમાં કોઇ ખાસ વિશેષતા નથી.

**શંકા** :– દુધ પીવાથી નિરોગીને તે ભાવતું હોવાથી સુખ થાય છે. જ્યારે રોગીને ન ભાવવાથી દુઃખ થાય છે. આમ એક જ જાતનું દુધ પીવાનો પુરુષાર્થ બન્નેને સમાન હોવા છતાં અદૃષ્ટ વૈચિત્ર્યના કારણે જ ફળમાં વિષમતા આવે છે તેથી અદૃષ્ટ જ બળવાન છે.

**સમાધાન** :– સામાન્યથી સુખાનુભવ કરાવનાર દુગ્ધપાનાદિ પણ તેવા વિચિત્ર અદૃષ્ટમાત્રના કારણે જ દુઃખાનુભવ નથી કરાવતું કિન્તુ તે અદૃષ્ટવિશેષથી ઉદ્બોધ

---

१. अनैकान्तिकोऽनात्यन्तिकश्च यद्द्रव्यतस्तेन ।

પામેલ (મધુરરસથી વિપરીત) કટુકરસ વગેરે રૂપ દૃષ્ટ વસ્તુની પણ સહાય લે છે. એનો એજ હેતુ જુદા જુદા વ્યાપારથી જુદા જુદા કાર્યનો હેતુ બને છે. જેમ કે દંડાત્મક એક જ કારણ ચક્રભ્રમણ દ્વારા ઘટોત્પત્તિમાં અને પ્રહારદ્વારા ઘટનાશમાં હેતુ બને છે. તેથી દુગ્ધપાનાદિ રૂપ એનો એ જ હેતુ શુભ કે અશુભ અદૃષ્ટથી થયેલ મધુર કે તિક્તરસના ઉદ્બોધ વગેરે રૂપ દૃષ્ટ દ્વારા જ સુખ કે દુઃખ બન્નેનો હેતુ બને છે. આનાથી એ પણ ફલિત થાય છે કે અદૃષ્ટ, દૃષ્ટકારણનું સંપાદન કર્યા વિના સાક્ષાત જ કંઈ ભોગ (સુખ કે દુઃખ) ને ઉત્પન્ન કરતું નથી કે જેથી એ એકાન્તે બળવાન્ બને.

**શંકા** :–ફળ માટે દૃષ્ટકારણોનું સંપાદન કરી આપવું એ જ અદૃષ્ટનું બળવાનપણું છે.

**સમાધાન** :–આવું કહેવું અયુક્ત છે કારણ કે તે અદૃષ્ટનું સંપાદન પણ પૂર્વની તે તે ક્રિયાથી થયું હોવાથી બાહ્ય હેતુમાં અદૃષ્ટસંપાદકત્વ હોવાના કારણે એ પણ બળવાન છે જ.

[ બહિરંગહેતુને પણ ફળ સાથે નિયત યોગ છે. ]

**શંકા** :–'આવશ્ય ફળ આપવું જ' એવો ફળ સાથે બાહ્ય હેતુને નિયત યોગ નથી જ્યારે અંતરંગહેતુને નિયતયોગ છે તેથી આવો નિયતયોગ જ એનું બળ છે.

**સમાધાન** :–બાહ્ય હેતુને નિયત યોગ નથી એ વાત અસિદ્ધ હોવાથી તમારી વાત અયુક્ત છે. ઘટાદિરૂપ કાર્ય થવામાં કુંભારનું એકલું અદૃષ્ટ જ નિયત અપેક્ષાવાળું છે (અવશ્ય અપેક્ષિત છે) એવું નથી કિન્તુ મૃત્પિંડાદિરૂપ બાહ્ય હેતુઓ પણ નિયતઅપેક્ષાવાળા છે જ.

**શંકા** :–પણ જીરણશેઠે દ્રવ્યદાન કર્યું ન હોવા છતાં ભાવદાનાદિથી જ વિશિષ્ટ પુણ્ય સંપત્તિ તેમને પ્રાપ્ત થઈ ગઈ, જ્યારે અભિનવ શ્રેષ્ઠીએ દ્રવ્યદાન કર્યું હોવા છતાં ભાવદાન ન હોવાથી વિશિષ્ટ પુણ્યસંપત્તિ થઈ નહિ તેથી જણાય છે કે અંતરંગ હેતુ અવશ્ય ફળ આપે છે જ્યારે બહિરંગ હેતુ અવશ્ય ફળ આપે જ એવો નિયમ નથી.

**સમાધાન** :–જેમ ઘટાદિ પ્રત્યે દંડાદિ હેતુ નથી તેમ પુણ્યસંપત્તિ આદિરૂપ કાર્ય પ્રત્યે દ્રવ્યદાનાદિ હેતુભૂત નથી તેથી એ અવશ્ય કાર્ય કરે જ એવું ન હોવામાં પણ કોઈ વાંધો નથી.

**શંકા** :–જો દ્રવ્યદાનાદિને પુણ્યપ્રાપ્તિ પ્રત્યે અકારણ કહેશો તો તો કોઈ દાનાદિમાં પ્રવૃત્તિ જ કરશે નહિ એવી આપત્તિ આવશે.

**સમાધાન** :–જેમ તૃપ્તિ માટે દાળ–ભાતનું ભોજન વગેરે કારણભૂત છે, ચોખાની ખરીદી વગેરે નહિ, છતાં ચોખાની ખરીદી વગેરે તૃપ્તિના પ્રયોજક હોવાથી તૃપ્તિનો

અર્થી તેમાં પણ પ્રવૃત્તિ કરે જ છે તેમ દ્રવ્યદાનાદિ પણ પુણ્ય સંચયમાં હેતુભૂત ન હોવા છતાં પ્રયોજક હોવાથી તેમાં પ્રવૃત્તિ અનુપપન્ન નથી. વળી તંદુલક્રયણાદિ હોવા છતાં ચોખાને રાંધે નહિ તો તૃપ્તિ આદિરૂપ કાર્ય થતું નથી અને ખેડૂત વગેરેને તંદુલક્રયણ ન હોવા છતાં અન્ય રીતે તંદુલપ્રાપ્તિ થવા દ્વારા તૃપ્તિ રૂપ કાર્ય થઈ જાય છે તેથી જણાય છે કે પ્રયોજક હોવા માત્રથી કાર્ય અવશ્ય થાય જ એવો નિયમ નહિ, તેમ જ પ્રયોજક ન હોય તો પણ અન્ય રીતે કારણ સામગ્રી સંપન્ન થઈ જાય તો કાર્ય થાય છે. તેથી પ્રસ્તુતમાં પણ પુણ્ય સંચય પ્રત્યે કારણ તો શુભભાવો જ છે, દ્રવ્યદાનાદિ તો પ્રયોજક જ છે. દ્રવ્યદાનાદિથી તે શુભભાવો રૂપ કારણ સંપન્ન થઈ પુણ્યસંચયાત્મક કાર્ય થાય છે. પણ ક્યારેક દ્રવ્યદાનાદિરૂપ પ્રયોજક હોવા છતાં શુભભાવાત્મક કારણ સંપન્ન ન થવાથી કાર્ય ન પણ થાય એવું બને છે, જેમકે અભિનવ શ્રેષ્ઠીને બન્યું હતું. અને ક્યારેક દ્રવ્યદાનાદિ રૂપ પ્રયોજક ન હોવા છતાં અન્ય રીતે શુભભાવાત્મક કારણ સામગ્રી સંપન્ન થઈ જાય તો પુણ્ય સંચય રૂપ કાર્ય થઈ પણ જાય છે જેમકે જીરણ શેઠને તેવો પુણ્ય સંચય થઈ ગયો.

શંકા :–દંડ ઘટ પ્રત્યે હેતુ નથી એવું તમારું કથન લોકવ્યવહારના અપલાપ જેવું છે કારણ કે લોકમાં દંડ, ઘટના હેતુ તરીકે પ્રસિદ્ધ છે. એ જ રીતે દ્રવ્યદાનાદિ પણ પુણ્યસંચયહેતુ તરીકે પ્રસિદ્ધ હોવાથી એને હેતુ ન કહેવો એ પણ લોકવ્યવહારનો અપલાપ કરવા જેવું છે.

**સમાધાન :**–લોકવ્યવહારને અનુસરીને દ્રવ્યદાનાદિને હેતુ માનવા હોય તો, જીરણશ્રેષ્ઠિ આદિને જે દ્રવ્યદાનાદિ વિના જ પુણ્ય સંપ્રાપ્તિ થઇ તે દ્રવ્યદાન સહિત ભાવજન્ય પુણ્ય સંપ્રાપ્તિની જેમ પુણ્ય સામાન્યની અવાન્તર જાતિ જ માનવી. અર્થાત્ એને પ્રાપ્ત થનાર પુણ્ય સંપત્તિ એવી જાતની હતી કે જે દ્રવ્યદાનાદિ વિના પણ ઉત્પન્ન થઇ શકે. જેમ તૃણજન્ય અગ્નિ એ અગ્નિની એવી અવાન્તર જાતિ છે કે જે તૃણથી જ ઉત્પન્ન થાય, કાષ્ઠાદિથી નહિ, અને તેથી એવા અગ્નિ પ્રત્યે કાષ્ઠાદિ હેતુભૂત નથી તેમ જીર્ણશ્રેષ્ઠીને થએલ વિલક્ષણજાતીય પુણ્યસંપત્તિ અંગે 'દ્રવ્યદાનાદિ તો હેતુભૂત જ ન હોવાથી એ વિના પણ તેવી પુણ્યસંપ્રાપ્તિ થઈ જવામાં દ્રવ્યદાનાદિ રૂપ બહિરંગ કારણ પોતાના કાર્ય પ્રત્યે નિયતાપેક્ષ નથી' એવું કહેવું યુક્ત નથી. વળી, બાહ્ય સામગ્રીરૂપ દ્રવ્યદાનાદિ સામાન્યતઃ હેતુભૂત હોવાથી જ 'એ બહિરંગ કારણો એકાન્તિક અને આત્યન્તિક હોતા નથી અને તેથી જ દ્રવ્યથી કારણ કહેવાય છે' એવું વચન સંગત થાય છે. જો સામાન્યતઃ હેતુતા પણ ન હોય (એટલે કે એ અવશ્ય કાર્ય કરી જ આપે. અથવા સર્વત્ર કાર્ય પૂર્વે એ અવશ્ય હોય જ એવું ન હોવા છતાં હાજર હોય તો હેતુભૂત બને પણ ખરો–આવો હેતુ સામાન્યતઃ હેતુ કહેવાય છે) તો તો ક્યારેય કાર્યસંપાદક જ ન હોવાથી 'એકાન્તિક ન હોવાથી'...વગેરે કહેવાનો સંભવ જ ન રહેવાના કારણે એ વચન અસંગત થાય.

अथ निश्चयनयविभागमुपदर्शयति—

**णिच्छयओ सकयं चिय सव्वं णो परकयं हवे वत्थु ।**
**परिणामावंझत्ता ण यवंझं दाणहरणाइ ॥४८॥**

(निश्चयतः स्वकृतमेव सर्वं नो परकृतं भवेद्वस्तु । परिणामाऽवन्ध्यत्वान्न चाऽवन्ध्यं दानहरणादि ॥४८॥)

यद्यपि प्रागपि किञ्चिन्निश्चयनमतमुपादर्शि तथापि तत् प्रमाणनिरूपणोपष्टम्भाय, इह तु स्वतन्त्रतया तत्प्रदर्श्यत इति ध्येयम् । तत्र निश्चयतः सर्वं सुखदुःखादिकं पुण्यपापरूपस्वपरिणामकृतमेव न तु परकृतं, शुभाशुभपरिणामप्रसूतसुखदुःखहेतुपुण्यपापविपाककालेऽवर्जनीयसन्निधितया स्थितानां बाह्यनिमित्तानामुपचारमात्रेणैव हेतुत्वात् । नन्वेवं सुपात्रदान-परवित्तहरणादीनां निष्फलत्वं स्यात्, स्वगतफलस्य पराऽसाध्यत्वादिति चेत् ? इदमित्थमेव, दानचौर्यादौ स्वगतानुग्रहोपघातपरिणामप्रसूतपुण्यपापाभ्यामेव सुखदुःखादिफलोपगमात् ।

तदुक्तं विशेषावश्यके—

[1]'जइ सव्वं सकयं चिय न दाणहरणाइ फलमिहावन्नं ।
नणु जत्तो च्चिय सकयं तत्तो चिय तप्फलं जुत्तं ॥ [३२३६]
[2]दाणाइ पराणुग्गहपरिणामविसेसओ सओ चेव ।
पुन्नं हरणाइ परोवघायपरिणामओ पावं ॥ [३२३७]

---

નિષ્કર્ષ :–આમ અંતરંગ અને બહિરંગ બન્ને પ્રકારના હેતુઓની કાર્યને અપેક્ષા હોવી સમાન હોવાથી બન્ને તુલ્ય જ છે. ॥૪૫॥૪૬॥૪૭॥

હવે નિશ્ચયનયથી વિષયવિભાગને ગ્રન્થકાર જણાવે છે...

**[સર્વવસ્તુઓ સ્વકૃત જ હોય છે–નિશ્ચયનય]**

**ગાથાર્થ** :–નિશ્ચયનય મતે તો સર્વ વસ્તુઓ સ્વકૃત જ છે અર્થાત્ તે તે પરિણામો, પરિણામિકૃત (=પરિણામીના અન્ય પરિણામકૃત) જ છે. કોઇ પરિણામ પરકૃત હોતો નથી. કારણ કે પરિણામો અવંધ્ય જ હોય છે, દાન–હરણાદિ કંઇ અવંધ્ય જ હોય એવું નથી.

જો કે પહેલાં પણ નિશ્ચયનય મતનું કંઇક પ્રરૂપણ કરી જ ગયા છીએ છતાં એ પ્રરૂપણ પ્રમાણપ્રરૂપણાના એકભાગ રૂપે હતું જ્યારે અહીં સ્વતંત્રરૂપે નિશ્ચયનયનું પ્રરુપણ કરીએ છીએ એ ધ્યાનમાં રાખવું.

સુખદુઃખાદિ બધું ઇષ્ટ કે અનિષ્ટ સ્પર્શરસાદિ રૂપ પર વસ્તુથી કરાએલ હોતું નથી કિન્તુ પુણ્યપાપાત્મક સ્વપરિણામકૃત જ હોય છે.

**પ્રશ્ન** :–જ્યારે કોમળપથારી–મધ વગેરે ઇષ્ટ સ્પર્શરસાદિવાળી વસ્તુઓનું સાંનિધ્ય હોય છે ત્યારે માણસને સુખાનુભવ થાય છે અને જ્યારે ખરબચડીભૂમિ–કરીયાતું વગેરે રૂપ અનિષ્ટ સ્પર્શરસાદિવાળી વસ્તુઓનું સંનિધાન હોય છે ત્યારે દુઃખાનુભવ

---

૧. यदि सर्वं स्वकृतमेव न दानहरणादिफलमिहापन्नम् । ननु यत एव स्वकृतं तत एव तत्फलं युक्तम् ॥
૨. दानादिपरानुग्रहपरिणामविशेषतः स्वत एव । पुण्यं हरणादि परोघातपरिणामतः पापम् ॥

'तं पुन्नं पावं वा ठियमत्तणि बज्झपच्चयावेक्खं ।
कालंतरपागाओ देइ फलं न परओ लब्भं ॥ [३२३८] ति ॥४८॥

થાય છે એ વાત જગપ્રસિદ્ધ છે તેથી જણાય છે કે સુખદુઃખાદિ ઇષ્ટાનિષ્ટ સ્પર્શાદિવાળી વસ્તુરૂપ પર ચીજથી જ થાય છે. તો તમે કેમ સુખદુઃખાદિ પરકૃત નથી એમ કહો છો ?

**ઉત્તર** :–પૂર્વે શુભાશુભપરિણામોથી ઉત્પન્ન થએલ અને સુખદુઃખના હેતુભૂત એવા પુણ્ય પાપનો જ્યારે વિપાક થાય છે ત્યારે તેવી તેવી ઇષ્ટાનિષ્ટ સ્પર્શાદિવાળી વસ્તુઓ યેન કેન પ્રકારેણ હાજર રહેતી હોય છે. તેથી એવા કાળે તેઓનું સંનિધાન અવર્જનીય=ન ટાળી શકાય એવું હોય છે. તેથી જે સુખદુઃખાનુભવ જીવને થાય છે એ તો સ્વપરિણતિરૂપ પુણ્યપાપના કારણે જ હોવા છતાં બાહ્ય નિમિત્તો અવર્જનીય-સંનિધિરૂપે રહ્યા હોવાથી ઓઘદૃષ્ટિથી 'આ સુખાદિ આ બાહ્ય ચીજોના પ્રભાવે થયા છે' એવું લાગતું હોવાના કારણે ઉપચારમાત્રથી હેતુ કહેવાય છે. હકીકતમાં તે હેતુભૂત હોતા નથી. જરા વિચાર તો કરો કે જીવપરિણામાત્મક સુખદુઃખાદિને પર એવી પથારી વગેરે ચીજો શી રીતે ઉત્પન્ન કરી શકે ?

**શંકા** : આ રીતે બાહ્ય નિમિત્તો હેતુભૂત નથી એમ માનશો તો સુપાત્રદાન–પરધનચોરી વગેરે રૂપ બાહ્ય નિમિત્તો સ્વગત સુખ–દુઃખાદિના હેતુભૂત થતા ન હોવાથી નિષ્ફળ થવાની આપત્તિ આવશે.

**સમાધાન** :– હકીકતમાં તો એ બાહ્ય નિમિત્તો સુખાદિના હેતુ ભુત નથી જ, એમાં શંકા શું છે ?

**શંકા** :– તો પછી સુપાત્રદાનમાં પ્રવૃત્તિ કરનારને સુખ નહીં મળે અને ચોરી વગેરે કરનારને દુઃખ નહીં મળે એનું શું ?

**સમાધાન** :– સુપાત્રદાન કાળે આત્મગત અનુગ્રહ પરિણામની હાજરી હોવાથી એ પરિણામથી જન્ય પુણ્ય દ્વારા સુખ અવશ્ય મળશે. તેમજ ચોરી વગેરે કરતી વેળા આત્મગત ઉપઘાતક પરિણામ હાજર હોવાથી એ પરિણામજન્ય પાપના પ્રભાવે ચોરી કરનારને દુઃખ મળશે જ. માટે સુપાત્રદાન કે ચોરીના કૃત્યને નિષ્ફળ માનવામાં કોઈ દોષ નથી.

**વિશેષાવશ્યક ભાષ્યમાં પણ કહ્યું છે કે "શંકા** :– જે જેનાથી કરાયું હોય તે તેનું જ ફળ કહેવાય છે. તેથી જો બધી વસ્તુઓ સ્વકૃત જ હોય તો દાન અને ચોરી વગેરે રૂપ પરથી તો જીવને કંઈ કરાતું ન હોવાથી એ નિષ્ફળ થવાની આપત્તિ આવશે.

**સમાધાન** :–દાનાદિ પરાનુગ્રહપરિણામ વિશેષરૂપ 'સ્વ' થી જ પુણ્ય આવે છે અને ચોરી વગેરે પરોપઘાતપરિણામ વિશેષાત્મક 'સ્વ' થી જ પાપ ઉત્પન્ન કરી આપે છે.

૧. तत्पुण्यं पापं वा स्थितमात्मनि बाह्यप्रत्ययापेक्षम् । कालान्तरपाकाद् ददाति फलं न परतो लभ्यम् ॥

ननु तथापि परिणामफलमुक्तं न तु दानहरणयोरित्यपरितोषं परिहरन्नाह—

**दिन्तो व हरन्तो वा ण य किञ्चि परस्स देइ अवहरइ ।**
**देइ सुहपरिणामं हरइ व तं अप्पणो चेव ॥४९॥**

( दद्‌त्वा हरन्वा न च किञ्चित्परस्य ददाति अपहरति । ददाति शुभं परिणामं हरति वा तमात्मन एव ॥४९॥ )

सुपात्रादौ दानं ददता हि स्वस्यैवापरानुग्रहबुद्ध्या शुभोपयोगो दीयते, एवं परवित्तमपहरताप्युपघातपरिणामात् स्वस्यैव शुभोपयोगो ह्रियते, न तु परस्य किञ्चिद्दीयतेऽह्रियते वा ॥४९॥ तथाहि–

**ण य धम्मो व सुहं वा परस्स देयं ण यावि हरणिज्जं ।**
**कयणासाऽकयभोगप्पमुहा दोसा फुडा इहरा ॥५०॥**

( न च धर्मो वा सुखं वा परस्य देयं न चापि हरणीयम् । कृतनाशाकृतभोगप्रमुखा दोषाः स्फुटा इतरथा ॥५०॥ )

---

આ પુણ્ય પાપ જ સ્થિતમાત્ર નિબદ્ધ નિમિત્તની અર્થાત્ અવર્જનીય સંનિધિ માત્ર રૂપે રહેલ બાહ્ય નિમિત્તોની અપેક્ષા રાખીને કાલાન્તરે વિપાક પામીને સુખદુઃખાદિ ફળ આપે છે.” આમ સુખદુઃખાદિ ફળ ‘પર’થી મળતા નથી. વાસ્તવમાં દાનાદિ, સ્વતઃ આત્મીય પરાનુગ્રહ પરિણામ રૂપ જ છે. એનાથી પુણ્યોત્પત્તિ થાય છે અને પરોપઘાત-પરિણામ જ વાસ્તવમાં ચોરી સ્વરૂપ હોવાથી પાપનો ઉદ્ભવ થાય છે. ॥૪૮॥

છતાં પણ તમે અનુગ્રહાદિરૂપ પરિણામનું ફળ કહ્યું પણ દાન–ચોરી વગેરેનું ફળ તો કહ્યું નહિ એટલે એ તો નિષ્ફળ થયા. આવા કોઈના અસંતોષને દૂર કરતાં ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ** :– બીજાને ભોજનાદિ આપતો કે બીજાના ધન વગેરેને ચોરતો જીવ હકીકતમાં બીજાને તો કંઇ આપતો નથી કે બીજાનું કંઈ લેતો નથી. પરંતુ પોતે જ પોતાને શુભ પરિણામ આપે છે કે પોતાના જ શુભ પરિણામનું અપહરણ કરે છે.

**[દાન–ચોરીમાં પોતાના જ શુભ પરિણામનું દાન–હરણ છે.]**

સામાન્યથી દાન બીજા પર અનુગ્રહ કરવાની બુદ્ધિથી દેવાતું હોવાથી આવી બુદ્ધિ પોતે જ શુભોપયોગરૂપ હોવાથી દાન દેતો જીવ પોતાના આત્માને જ શુભોપયોગ આપે છે– એટલે કે આત્મા પોતે શુભોપયોગ રૂપે પરિણમે છે. એમ પરધન વગેરેનું અપહરણ પરોપઘાતાદિ બુદ્ધિથી થતું હોવાથી એ વખતે આત્મા અશુભ પરિણામ રૂપે પરિણમે છે અર્થાત્ એના શુભ પરિણામનું પોતે જ અપહરણ કરે છે. આમ કોઈને પણ કંઇ પણ આપવામાં કે કોઇનું કંઈ પણ લઇ લેવામાં જાતને જ શુભોપયોગ આપવાનું કે જાતના જ શુભોપયોગનું અપહરણ કરવાનું થાય છે પરને તો કંઈ આપવા–લેવાનું થતું જ નથી. ॥૪૯॥ જેમકે—

न हि स्वगतो धर्मः परस्य केनचित् प्रसन्नेनापि सता दातुं शक्यते, न वा कुपितेन तेन परस्य धर्मोऽपहर्तुं शक्यते, प्रसादकोपविषयप्राणिनामकस्माद्धर्माधर्मदानेऽकृताऽधर्मागम-कृताऽधर्मनाश-कृतधर्मनाशाऽकृतधर्मागमप्रसङ्गादन्यान्यधर्माऽधर्मच्छेदसन्धानाभ्यां सङ्करैकत्वादिप्रसङ्गाच्च । एवं स्वफलदानहरणपक्षेऽपि दोषा भावनीयाः । न ह्येकजीवपर्यायाः परपर्याया भवितुमर्हन्ति, तेषां ततोऽभिन्नत्वाद् ॥५०॥

ननु तथापि भक्तादिपुद्गलद्रव्यमेव देयमपहरणीयं च भविष्यतीत्याशङ्कायामाह—

**भत्ताइपोग्गलाण वि ण दाणहरणाइ होइ जीवस्स ।**
**जइ तं सं चिय हुज्जा तो दिज्जा वा अवहरिज्जा ॥५१॥**

(भक्तादिपुद्गलानामपि न दानहरणादि भवति जीवस्य । यदि तत्स्वमेव भवेत् तदा दद्याद्वाऽपहरेत् ॥५१॥)

## [પુણ્ય કે સુખની આપ-લે થઈ શકતી નથી.]

**ગાથાર્થ** :–પોતાના પુણ્યાદિ કે સુખાદિ બીજાને આપી શકાતા નથી કે બીજા પાસેથી તેઓના તે લઇ શકાતા નથી કારણ કે એમ થવામાં કૃતનાશ–અકૃતઆગમ વગેરે દોષો આવે છે.

બીજા પર ગમે એટલું પ્રસન્ન થવામાં પણ પોતાના પુણ્યાદિ એને આપી શકાતા નથી કારણ કે જો એ રીતે આપી શકાતા હોય તો તો એ બીજી વ્યક્તિએ પુણ્યાદિ કર્યા ન હોવા છતાં તેને તેની પ્રાપ્તિ થવાથી 'અકૃતાગમ' નામનો દોષ આવશે, પોતે ન કર્યા હોય એવા અદૃષ્ટાદિ પણ પોતાને મળે એવું જગત્માં ક્યાંય દૃષ્ટ નથી કે ઈષ્ટ નથી તેથી 'અકૃતાગમ' દોષરૂપ છે. એમ સ્વકૃત પુણ્યપાપાદિ બીજાને મળી જવામાં પોતે કરેલ અદૃષ્ટનો પોતાને કોઇપણ જાતના ફળ વિના જ નાશ થવા રૂપ 'કૃતનાશ' દોષ પણ આવશે. એ જ રીતે બીજા પર ગમે એટલા ગુસ્સે થવા છતાં એના પુણ્યનું હરણ કરવું શક્ય નથી કારણ કે એમ કરવામાં જે પુણ્યાદિ પોતે કર્યા નથી એ પણ પોતાને મળવા રૂપ અકૃતાગમ દોષ અને સામાને પોતે કરેલ પુણ્યાદિ પોતાને ફળ આપ્યા વિના જ નાશ પામી જતા હોવાથી કૃતનાશ દોષ આવે.

વળી એકના પુણ્યપાપાદિ ત્યાંથી છૂટીને બીજાને ચોંટવાથી અને બીજાના કર્મ પહેલાને ચોંટવાથી સાંકર્ય દોષ આવશે. અર્થાત્ પોતાના આત્મા પર રહેલ કર્મ સ્વકૃત જ છે એવું ન રહેતાં સ્વ અને પર ઉભયકૃત કર્મોનું મિશ્રણ થવાથી સાંકર્ય દોષ આવશે. એ જ રીતે સ્વનું કર્મ સ્વમાં અને પરમાં તેમજ પરનું કર્મ પણ સ્વમાં અને પરમાં રહેશે તેથી અધિકરણકૃત સ્વ-પરનો વિભાગ ન રહેવાથી અવિભાગ રૂપ એકત્વ જ રહેશે જે અયુક્ત હોઈ દોષરૂપ છે વળી કોઇના પુરુષાર્થથી કોઈનો મોક્ષ થવો વગેરે દોષ પણ આવશે. આ રીતે પુણ્યાદિના ફળરૂપ સુખાદિનું જો બીજાને દાન કે હરણ કરી શકાતું હોય તો તેમાં અકૃતાગમ–કૃતનાશાદિ દોષો જાણવા.

स्वद्रव्यस्यानुजिघृक्षया हि परार्पणं दानं, परकीयस्य चादत्तस्यैव स्वीकारो हरणमुभयमपीदं निश्चयतो निर्मूलमेव, परद्रव्यस्य स्वत्वाऽसंभवात् ॥५१॥ तथाहि—

जोगवसेणुवणीया इट्ठाणिट्ठा य पोग्गला जे हु ।
अण्णा ते जीवाउ जीवो अण्णो अ तेहिन्तो ॥५२॥

( योगवशेनोपनीता इष्टा अनिष्टाश्च पुद्गला ये खलु । अन्ये ते जीवाज्जीवोऽन्यश्च तेभ्यः ॥५२॥ )

रागद्वेषपारवश्यात् कोपप्रसादादिपरिणताक्षिप्तपुद्गलाः स्तुतिनिन्दादिपरिणताश्च वचनपुद्गलाः सुगन्धदुर्गन्धादिपर्यायपरिणता ग्रहणयोग्यपुद्गलाश्चानियन्त्रितैर्मनोवाक्काययोगैरुपनीयमाना अदान्तेन्द्रियाणामिच्छाद्वेषविषयीभवन्तोऽपि सर्वथा पृथग्भावभाजनतया न जातु जीवस्य स्वभावं भजन्ते, ज्ञानवत्त्वाऽज्ञानवत्त्वाभ्यां जीवपुद्गलयोरन्यत्वात् ॥५२॥

---

વળી સુખ દુઃખાદિ જીવના પર્યાયરૂપ હોવાથી તે તે જીવથી અભિન્ન હોવાના કારણે બીજાના પર્યાયરૂપ થઈ શકતા નથી, અર્થાત્ પોતાના સુખાદિનો બીજા અનુભવ કરી શકતા નથી. તેથી સુખાદિ કોઇને આપી કે લઇ શકાતા નથી. ॥૫૦॥

આ તો તમે સુખાદિરૂપ જીવપરિણામ આપી કે લઇ શકાતા નથી એવું પ્રતિપાદન કર્યું. પણ ભોજનાદિ પુદ્ગલદ્રવ્ય તો બીજાને આપી કે લઈ શકવામાં કોઇ દોષ ન હોવાથી એના દાન કે અપહરણાદિ તો સંભવિત છે જ ને ! આવી આશંકાના જવાબમાં ગ્રન્થકાર કહે છે—

[ભોજનાદિ પુદ્ગલોના પણ દાન–હરણ અસંભવિત]

**ગાથાર્થ** :–ભોજનાદિના પુદ્ગલોનું પણ જીવ દાન–હરણ તો જ કરી શકે જો એ પુદ્ગલો સ્વદ્રવ્યભૂત હોય. પણ એવું છે નહિ, તેથી એના પણ દાન હરણાદિ નિશ્ચયનયમતે સંભવિત નથી.

અનુગ્રહ કરવાની ઇચ્છાથી સ્વદ્રવ્ય પરને અર્પિત કરવું એ દાન કહેવાય છે. એમ પરકીય દ્રવ્ય પોતાને દેવાયું ન હોવા છતાં સ્વીકૃત કરવું–સ્વદ્રવ્ય બનાવી દેવું એ હરણ=ચોરી કહેવાય છે. પરંતુ પુદ્ગલ સંબંધી આવા દાનહરણાદિ પણ નિશ્ચયના મતે નિર્મૂળ જ છે અર્થાત્ પાયા વગરના જ છે કારણ કે મૂળથી જ પુદ્ગલાદિ ક્યારેય જીવના સ્વદ્રવ્યભૂત હતા નહીં અને છે નહીં. જીવને તો પોતાના જ્ઞાન–સુખાદિ પરિણામો જ સ્વદ્રવ્યભૂત છે, પુદ્ગલાદિ તો પરદ્રવ્યભૂત જ છે તેથી એ સ્વ કે પર કોઈપણ જીવના સ્વદ્રવ્યભૂત જ ન હોવાથી કે બનતું ન હોવાથી દાન કે હરણ પુદ્ગલને વિશે સંભવી શકતું નથી. ॥૫૧॥

પુદ્ગલાદિમાં સ્વત્વ નથી એવું પ્રતિપાદન કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–મન–વચન–કાયાના યોગથી જે ઇષ્ટાનિષ્ટ પુદ્ગલો જીવની પાસે ઉપસ્થિત થાય છે. તેઓ જીવથી અન્ય હોવાથી અને જીવ પણ તેઓથી ભિન્ન હોવાથી તે જીવના સ્વદ્રવ્યભૂત નથી.

नन्वेवं समुच्छिन्ना स्वपरद्रव्यादिव्यवस्थेत्यत्राह—

**तम्हा सपरविभागो पोग्गलदव्वंमि णत्थि णिच्छयओ ।**
**भोगाभोगविसेसा व्यवहारा चेव सपरत्तं ॥५३॥**

( तस्मात्स्वपरविभागः पुद्गलद्रव्ये नास्ति निश्चयतः । भोगाभोगविशेषाद्व्यवहारादेव स्वपरत्वम् ॥५३॥ )

आत्मना सह तादात्म्यवृत्तिमभजन्तः पुद्गलाः सर्वेऽपि सर्वथा प्रत्यस्तमितस्वपरविभागसंकथा एव, व्यवहारतस्तु वदति 'इदं मदीयमिदं परकीयं' इत्यबाधित व्यवहारात् स्वभोगयोग्यं वस्तु स्वकीयं, परभोगयोग्यं च परकीयमिति । योग्यपदमहिम्ना धर्माविरोधिस्वभोग साधनत्वार्थपर्यवसानान्न परकीयेऽपि स्वभोगसंभवादतिप्रसङ्गो, धर्मश्चात्र स्थूलाऽस्तेयादिरूपो ग्राह्य इति नातिप्रसङ्गः । अन्यायोपार्जिते तु स्वत्वव्यवहारो भ्रान्त एव । न चोपदर्शितभोगसाधनत्वस्य धनस्वरूपत्वे क्रयात्पूर्वं विक्रयादुत्तरं च तत्सत्त्वादक्रीतविक्रीतयोरपि स्वत्वापत्तिरितिवाच्यं, येन रूपेण धर्माविरोधिभोगसाधनता तद्रूपवत्त्वस्य वाच्यत्वात् ।

---

રાગદ્વેષને પરવશ થવાથી બીજા પર અનુગ્રહ કે ગુસ્સો કરવાના વિચારો આવે છે તેમજ સ્તુતિનિંદાદિના વચનો બોલાય છે. આ વિચારરૂપે પરિણમેલા મનોવર્ગણાના પુદ્ગલો, વચનરૂપે પરિણમેલા ભાષાવર્ગણાના પુદ્ગલો, સુગંધ–દુર્ગન્ધાદિ પર્યાયવાળા શરીર, ઇન્દ્રિય કે વિષયાદિ રૂપે ગ્રહણ યોગ્ય પુદ્ગલો નિરંકુશ મન, વચન, કાયાના યોગથી ઉપસ્થિત થાય છે અને તે જે જીવોએ ઇન્દ્રિયદમન કર્યું નથી તેઓના રાગદ્વેષનો વિષય બનતા હોવા છતાં આ પુદ્ગલો જીવથી તો સર્વથા પૃથગ્ જ રહેતા હોવાથી જીવસ્વભાવભૂત બની શકતા નથી. જીવ જ્ઞાનયુક્ત હોય છે જ્યારે પુદ્ગલો જ્ઞાનરહિત હોય છે તેથી જીવથી સાવ ભિન્ન એવા પુદ્ગલો જીવના સ્વભાવરૂપ અર્થાત્ સ્વદ્રવ્યરૂપ બની શકતા નથી. ॥૫૨॥

જો આ રીતે પુદ્ગલદ્રવ્ય જીવનું સ્વદ્રવ્ય બનતું જ ન હોય તો તો લોકોમાં ધન–ભોજનાદિ વિશે 'આ સ્વદ્રવ્ય છે = મારું છે, આ પરદ્રવ્ય છે = બીજાનું છે' ઇત્યાદિ જે વ્યવહાર થાય છે એ લુપ્ત થઈ જવાની આપત્તિ આવશે આવી શંકા વિશે ગ્રન્થકાર કહે છે—

**[ધન વગેરે વિશેનો સ્વ–પર વિભાગ વ્યવહારથી છે.]**

**ગાથાર્થ** :–આમ કોઈ પુદ્ગલદ્રવ્ય જીવને સ્વદ્રવ્યભૂત ન હોવાથી નિશ્ચય નયમતે તેને વિશે સ્વ–પર વિભાગ છે જ નહિ. છતાં લોકોમાં સ્વભોગ્યધનાદિ સ્વદ્રવ્ય છે અને પરભોગ્ય ધનાદિ પરદ્રવ્ય છે એવો જે વિભાગ છે તે વ્યવહારથી જ જાણવો.

પુદ્ગલો ક્યારે ય આત્મા સાથે અભેદપણું પામતા નથી. તેથી કોઈપણ પુદ્ગલદ્રવ્ય ક્યારે ય સ્વદ્રવ્યભૂત બની શકતું નથી. વળી પરત્વ એ સ્વત્વને સાપેક્ષ જ હોય છે. તેથી પુદ્ગલદ્રવ્યમાં સ્વત્વ = મારા પણું સંભવિત જ ન હોવાથી પરત્વ જેવું પણ કંઇ હોતું નથી. આમ નિશ્ચયનયમતે તો પુદ્ગલદ્રવ્ય વિશે 'આ સ્વદ્રવ્ય છે આ પરદ્રવ્ય છે' ઇત્યાદિ કોઈ વિભાગ જ નથી. તે છતાં લોકોમાં 'આ મારું છે' ઇત્યાદિ જે બોલાય

परे त्वाहु :- क्वचिद्विक्रयप्रागभावविशिष्टः क्रयविनाशः क्वचिद्दानादिप्रागभावविशिष्टः प्रतिग्रहध्वंसश्चेत्येवमननुगतं स्वत्वं वाच्यम्, दानादिप्रागभावविशिष्टाः प्रतिग्रहादिध्वंसा अतिरिक्तस्वत्वत्वेनानुगता वा तथेति । केचित्तु—"स्वत्वमतिरिक्तमेव, अन्यस्य दुर्वचत्वात्, प्रतिग्रहादीनां चैकशक्तिमत्तयानुगतानां तद्धेतुत्वात्" इत्याहुः—तदसत्, उक्तेनैवोपपत्तावतिरेककल्पनाया अन्याय्यत्वादिति दिग् ॥५३॥

---

છે તે વ્યવહારને આશ્રીને, કારણ કે તેવો અબાધિત વ્યવહાર પ્રસિદ્ધ છે. અહીં સ્વભોગ યોગ્ય વસ્તુ વિશે જ મારાપણાનો અને બીજાના ભોગને યોગ્ય વસ્તુવિશે જ પારકાપણાનો વ્યવહાર એ જ અબાધિત જાણવો. એમાં 'યોગ્ય' શબ્દ જોડચો હોવાથી, 'સ્વભોગ યોગ્ય = ધર્મને વિરોધી ન હોય એવા સ્વભોગનું સાધન' એવો એનો અર્થ અભિપ્રેત હોવાથી બીજાની ચીજ વાપરનાર ચોર વગેરે ને તે વસ્તુઓ સ્વભોગનું સાધન હોવા છતાં તેમાં 'સ્વત્વ'નો વ્યવહાર કરવારૂપ અતિપ્રસંગ આવશે નહિ. કારણ કે ચોરાદિથી થતો તે ભોગ ધર્મવિરુદ્ધ છે, અવિરુદ્ધ નહિ.

**શંકા** :–સામાન્યથી ગૃહસ્થ જે સ્વદ્રવ્યના ભોગાદિ કરે છે તે દ્રવ્યોને શરીર રૂપે ધારણ કરનાર જીવોએ તો તે આપ્યા હોતા નથી. તેથી એ દ્રવ્ય જીવઅદત્તરૂપ હોવાના કારણે તેના ભોગાદિ ધર્મ વિરુદ્ધ જ થશે, અવિરુદ્ધ નહીં. તેથી એ દ્રવ્યમાં સ્વભોગયોગ્યત્વ ન હોવાથી 'સ્વત્વ'નો વ્યવહાર કરી શકાશે નહિ.

**સમાધાન** :–અહીં ધર્મ એટલે સ્થૂલચોરીનો ત્યાગ વગેરે જ લેવાના છે. એવા ધર્મથી તો તમે કહેલા ભોગ પણ અવિરુદ્ધ જ હોવાથી એમાં સ્વત્વવ્યવહાર અનુપપન્ન નથી. અને તેથી જ અન્યાયથી મેળવેલ ધનાદિવિશે ક્યાંક સ્વત્વનો–મારાપણાનો વ્યવહાર થતો હોય તો તે ખોટો છે. અર્થાત્ તે ધનાદિમાં સ્વત્વ નથી પણ પરત્વ હોઇ સ્વત્વ માનવું તે ભ્રમ છે.

**શંકા** :–છતાં જે વસ્તુ પોતે હજુ ભવિષ્યમાં ખરીદવાનો છે તે વસ્તુ ધર્મને અવિરોધી એવા પોતાના ભવિષ્યત્કાલીન ભોગના સાધનભૂત હોવાથી ખરીદી ન હોય ત્યારે પણ સ્વત્વવ્યવહારનો વિષય બનવાની આપત્તિ ઊભી જ છે. એમ પોતાની વસ્તુ વેચ્યા પછી પણ એક વખતના પોતાના ધર્મને અવિરોધી ભોગના સાધનભૂત હોવાથી સ્વત્વવ્યવહાર વિષય બનવાની આપત્તિ પણ ઊભી જ છે.

**સમાધાન** :–એ આપત્તિઓ પણ આવતી નથી કારણ કે તે તે વસ્તુમાં જે સ્વરૂપે ધર્મને અવિરોધી ભોગસાધનતા હોય તે સ્વરૂપથી જ અહીં 'સ્વત્વ' વિવક્ષિત છે. તેથી તે તે વસ્તુમાં ધર્મઅવિરોધી ભોગસાધનતા ક્રીતત્વ અને અવિક્રીતત્વરૂપે જ રહી હોવાથી એ ક્રીતત્વ અને અવિક્રીતત્વ જ સ્વત્વાત્મક છે. ખરીદ્યા પહેલાં કે વેચ્યા પછી ભાવી ભોગવિષયતા કે અતીત ભોગવિષયતા હોવા છતાં આવું સ્વત્વ ન હોવાથી કોઈ આપત્તિ રહેતી નથી.

अथोपदर्शितव्यवहारमतं निश्चयनयवादी दूषयति—

**पुण्णपयडीण उदए भोगो भोगंतरायविलएणं ।**
**जइ णियवित्तेणं चिय तो भोगो किण्ण किविणाणम् ॥५४॥**

( पुण्यप्रकृतीनामुदये भोगो भोगान्तरायविलयेन । यदि निजवित्तेनैव तद्भोगः किन्न कृपणानाम् ॥५४॥ )

## [સ્વત્વ અંગે બીજાઓનો અભિપ્રાય]

બીજાઓ સ્વત્વની આવી વ્યાખ્યા કરે છે કે–"વિક્રયપ્રાગભાવ વિશિષ્ટક્રયવિનાશ જ ક્યાંક 'સ્વત્વ' છે. અર્થાત્ જેની ખરીદવાની ક્રિયા થઈ ગઈ હોય અને વેચવાની ક્રિયા હજુ થઇ ન હોય તે વસ્તુ સ્વ કહેવાય. જે વસ્તુ વિશે ક્રય–વિક્રય ન હોય પણ દાનાદિ હોય તેઓ વિશે દાનાદિપ્રાગભાવવિશિષ્ટ પ્રતિગ્રહધ્વંસ એ જ 'સ્વત્વ' છે અર્થાત્ પોતે દાન મારફતે ગ્રહણ કર્યું હોય પણ હજુ કોઇને તેનું દાનાદિ કર્યું ન હોય તે વસ્તુ સ્વ કહેવાય. આમ ભિન્ન ભિન્ન વસ્તુઓ પ્રત્યે સ્વત્વ અનનુગત છે એમ જાણવું.

અથવા તો એ દાનાદિપ્રાગભાવ વિશિષ્ટ પ્રતિગ્રહાદિધ્વંસો વગેરે રૂપ ભિન્ન ભિન્ન સ્વત્વ તેઓથી અતિરિક્ત એવા સ્વત્વત્વથી (કે જે બધા જ સ્વત્વમાં એક જ છે તેનાથી) અનુગત જાણવા."

વળી બીજા કેટલાક કહે છે કે "ધનાદિમાં રહેલ 'સ્વત્વ' એક જુદો જ પદાર્થ છે તાદૃશ ધ્વંસાદિ રૂપ નથી. પ્રતિગ્રહાદિ આ સ્વત્વના હેતુરૂપ છે. અર્થાત્ કોઈક વસ્તુમાં પ્રતિગ્રહથી સ્વત્વોત્પત્તિ થાય છે, કોઈક વસ્તુમાં ક્રયથી સ્વત્વોત્પત્તિ થાય છે. વળી આ પ્રતિગ્રહ–ક્રયાદિરૂપ હેતુઓ પણ સ્વત્વોત્પાદક શક્તિથી અનુગત જાણવા." એમ કહે છે તે બરાબર નથી કેમકે ધર્માવિરોધી સ્વભોગ સાધનતારૂપ વ્યાખ્યાથી જ અનુગત સ્વત્વની ઉપપત્તિ થઇ જતી હોવાથી અતિરિક્ત સ્વત્વની કલ્પના ન્યાયયુક્ત નથી. ॥૫૩॥

વ્યવહારનયે ભોગ–અભોગ રૂપ વિશેષના કારણે કરેલ સ્વ–પરની વ્યવસ્થાને નિશ્ચયનયવાદી કઇ રીતે દૂષિત કરે છે તે જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે—

## [ધનાદિમાં સ્વ–પરવ્યવહાર અયુક્ત–નિશ્ચયનય]

**ગાથાર્થ** :–ભોગાન્તરાયના ક્ષયોપશમથી સહકૃત એવો પુણ્યપ્રકૃતિનો ઉદય હોતે છતે જ ભોગ સંપન્ન થાય છે. કેવળ બાહ્ય પુદ્ગલાદિ દ્રવ્યથી જ ભોગ સુખાદિ થતા નથી, કારણ કે એમ હોવામાં અર્થાત્ પોતાના ધન વગરેથી જ જો ભોગ થઇ શકતાં હોત તો તો કૃપણોને પણ સ્વધનથી ભોગ શા માટે સમ્પન્ન ન થાય ?

ભોગાન્તરાય કર્મના ક્ષયોપશમથી સહકૃત શાતાવેદનીયાદિ પુણ્યપ્રકૃતિના વિપાકોદયથી જ જીવોને ભોગ સંપન્ન થાય છે નહિ કે પોતાનું ધન હોવા માત્રથી જ. જો

भोगान्तरायकर्मक्षयोपशमसध्रीचीनसातवेदनीयादि पुण्यप्रकृतिविपाकोदयादेव हि जन्तूनां भोग उपजायते, न तु स्ववित्तमात्रादेव, अन्यथा कृपणानामपि स्ववित्ते उपभोगप्रसङ्गात्, न चैवमस्ति, तथा च श्रूयते— 'न दातुं नोपभोक्तुं च शक्नोति कृपणः श्रियम्।
किं तु स्पृशति हस्तेन नपुंसक इव स्त्रियम् ॥' [ ]

इति। तस्मात् स्वभोगसाधनत्वरूपं स्वत्वं वित्तादौ संभवत्येव न, तत्सत्त्वेऽपि भोगाभावेन व्यभिचारात्। अथ प्रत्येकमीदृशो व्यभिचारो न दोषाय, सामग्र्या एव कार्याऽव्यभिचारनियमादिति चेत्? न, यस्य कार्यजनने न विलंबस्तस्यैव परमार्थतो हेतुतया तदानीमवर्जनीयसंनिधितयोपसेदुषां परेषामुपचारमात्रेणैव हेतुत्वात् ॥ ५४॥

---

પોતાનું ધન જ ભોગસાધન હોય તો તો લાભાંતરાયના ક્ષયોપશમ વાળા અને ભોગાંતરાયના ઉદયવાળા એવા કૃપણોને પણ ઉપભોગ હોવો જોઈએ, પણ હોતો નથી. કહ્યું પણ છે કે– 'જેમ નપુંસક વધુમાં વધુ તો સ્રીને સ્પર્શી શકે છે પણ ભોગવી શકતો નથી તેમ કૃપણ પણ પોતાના ધનનો સ્પર્શ કરવા માત્ર રૂપ આનંદ મેળવી શકે છે, પણ ઉપભોગ કરી શકતો નથી.' આમ લાભાંતરાયના ક્ષયોપશમથી ધન હોવા છતાં ભોગાંતરાયના ઉદયના કારણે ભોગ ન હોવા રૂપ અન્વય વ્યભિચાર આવતો હોવાથી જણાય છે કે ધન વગેરે સ્વભોગ સાધન નથી અને તેથી ધનાદિમાં સ્વભોગસાધનતારૂપ સ્વત્વ પણ સંભવતુ નથી.

**શંકા** :– એકલા દંડની હાજરીમાં કંઈ અવ્યવહિતોત્તરક્ષણમાં ઘટાત્મકકાર્યોત્પાદ થતો નથી. છતાં દંડને કંઈ ઘટવ્યભિચારી મનાતો નથી, કે તેના કારણે અકારણ મનાતો નથી. આનાથી જણાય છે કે 'પ્રત્યેકકારણોને અવ્યવહિતોત્તરમાં કાર્ય હોવું જ જોઈએ' એવો નિયમ નથી પણ 'સંપૂર્ણકાર્ય સામગ્રીને અવ્યવહિતોત્તરકાર્યોત્પાદ અવશ્ય હોવો જોઈએ.' એટલો જ નિયમ છે. તેથી એક એક કારણની હાજરી હોવા છતાં કાર્ય ન થવાં રૂપ આવતો અન્વય વ્યભિચાર દોષ રૂપ નથી. પ્રસ્તુતમાં પણ સ્વધન હોવા છતાં અન્ય સામગ્રી ન હોવાથી ઉપભોગરૂપ કાર્ય થતું નથી, એટલા માત્રથી જ કંઈ 'ધન, વ્યભિચારી હોવાથી ભોગસાધન નથી' એવું કહેવાય નહિ.

**સમાધાન** :– તમારી વાત અયુક્ત છે, કારણ કે તાદૃશપુણ્યપ્રકૃતિ વિપાકોદયાદિ રૂપ જે, કોઈ પણ જાતના વિલંબ વગર કાર્યોત્પાદ કરે તે જ પરમાર્થથી હેતુ કહેવાય છે. તે સિવાયના ધન વગેરે તો અવર્જનીય સંનિધિરૂપ હોવાથી એ વખતે હાજર માત્ર રહેતા હોય છે અને તેથી ઉપચારથી જ હેતુ કહેવાય છે હકીકતમાં તે હેતુભૂત હોતા નથી. ॥૫૪॥

પરદ્રવ્યમાં પણ જેઓ સ્વત્વની બુદ્ધિ રાખે છે તેઓને થતું નુકશાન જણાવતાં ગ્રન્થકાર શ્રી કહે છે—

अथैवं परस्मिन्नपि स्वत्वाभिमानिनामपायमाविष्कुरुते—

**जो परदव्वंमि पुणो करेइ मूढो ममत्तसंकप्पं ।**

**सो कह आयसहावं गिद्धो विसएसु उवलहइ ॥५५॥**

(यः परद्रव्ये पुनः करोति मूढो ममत्वसङ्कल्पम् । स कथमात्मस्वभावं गृद्धो विषयेषूपलभते ॥५५॥)

यः खलु परद्रव्ये मोहमूलकप्रवृत्त्युपजनितवासनाबलविलुप्तविविक्तस्वभावभावनतया मृगतृष्णायामिवाम्भोभरसंभावनां भावयति निरन्तरं ममकारभावनां, स कथं जाग्रति प्रतिपक्षे

---

**ગાથાર્થ** :– જે કોઇ મૂઢજીવ પરદ્રવ્ય વિશે 'આ મારું છે' એવો સંકલ્પ કરે છે, વિષયોમાં ગૃદ્ધ તે જીવ આત્મસ્વભાવને શી રીતે પ્રાપ્ત કરે ? અર્થાત્ પરકીય એવા પણ ધનાદિને જેઓ પોતાના માને છે તેઓ પોતાના શુદ્ધ આત્મસ્વભાવને ન પામવારૂપ નુકસાનને જ વહોરે છે.

**[પરદ્રવ્ય અંગે સ્વત્વની બુદ્ધિ રાખનારને નુકશાન]**

"આ ધન–ગૃહાદિ મારા નથી કારણ કે જો ખરેખર મારા હોય તો તો તેઓનો ક્યારેય વિયોગ થવો ન જોઇએ જેમકે ખરેખર મારા એવા જ્ઞાનદર્શનાદિ સ્વભાવનો મને ક્યારેય વિયોગ થતો નથી. ધન–ગૃહાદિનો તો અવશ્ય વિયોગ થવાનો છે તેથી એ મારા નથી, વળી ધનવગેરેરૂપ પુદ્ગલદ્રવ્ય પૂરણ–ગલન સ્વભાવવાળું છે જ્યારે હું ઉપયોગ સ્વભાવવાળો છું તેથી પુદ્ગલાદિ મારા કરતાં ભિન્ન સ્વભાવવાળા છે." આવી બધી આત્મભાવનાઓ ધનાદિ વિશેની મોહમૂલક પ્રવૃત્તિથી ઉત્પન્ન થતી અને પુષ્ટ થતી વાસનાથી વિલુપ્ત થઇ જાય છે. જેમ 'આવા ભયંકર રણમાં જળ શી રીતે હોઇ શકે ?' આવો વિવેક વિલુપ્ત થયો હોવાથી હરણીયું ઝાંઝવાના જળમાં પણ જળની સંભાવના કરે છે તેમ વિવિક્તસ્વભાવની ભાવના વિલુપ્ત થઈ હોવાથી મૂઢ જીવ પોતાનાથી નિયમા વિયુક્ત થનારા એવા પણ પરદ્રવ્ય વિશે પોતાપણાની બુદ્ધિ કરે છે. આવી પરદ્રવ્ય અંગેની મમકાર ભાવના 'હું તો ઉપયોગ સ્વભાવવાળો છું', આ પુદ્ગલાદિ મારાથી ભિન્ન છે' ઇત્યાદિ આત્મસ્વભાવભાવનાની પ્રતિપક્ષભૂત હોવાથી તેની હાજરીમાં આત્મસ્વભાવભાવનાને તે મૂઢ જીવ શી રીતે ભાવી શકે ? અર્થાત્ ભાવી શકતો નથી.

**શંકા** :– તત્પ્રકારકજ્ઞાન માત્ર તદ્અભાવપ્રકારકજ્ઞાનનું વિરોધી છે, તે સિવાયના જ્ઞાનનું નહિ તેથી જેમ 'આ રાજાનો સેવક છે' એવું જ્ઞાન 'આ રાજાનો સેવક નથી' એવા જ્ઞાનનો જ વિરોધ કરે છે, 'આ પોતે રાજા નથી, રાજાથી જુદો છે' એવા જ્ઞાનનો નહિ, ઉલ્ટું એવા જ્ઞાનને તો પુષ્ટ જ કરે છે તેમ ધન વગેરે અંગેનું મારાપણાનું જ્ઞાન 'જગત્માં મારું કંઈ નથી' ઇત્યાદિરૂપ નિર્મમભાવનાનો વિરોધ કરશે, પણ 'આ પુદ્ગલાદિ મારાથી ભિન્ન છે' ઇત્યાદિરૂપ અન્યત્વભાવનાત્મક જ્ઞાનનો તો નહિ જ. તેથી 'હું પુદ્ગલાદિથી ભિન્નસ્વરૂપવાળો છું' ઇત્યાદિરૂપ સ્વસ્વરૂપ ભાવના પ્રવર્ત્તવામાં કોઈ પ્રતિબંધક ન હોવાથી એ ભાવના તો ભાવી જ શકાશે.

तद्विपरीतामात्मस्वभावभावनामासेवितुं प्रभवति ? अथ स्वीयत्वज्ञानं न स्वभिन्नत्वज्ञानविरोधीति चेत् ? न, परत्र स्वीयत्वज्ञाननिबन्धनदृढतररागवासनापरंपराया एव वीतरागस्वभावभावनाप्रतिकूलत्वात्, ममकारस्याहङ्कारसामग्रीभूतत्वाच्च । अपि चैवं विषयेष्वेव प्रतिबद्धस्यास्य कथं स्वद्रव्यमात्रप्रतिबन्धो ? वस्तुतस्तु स्वीयत्वमपि स्वत्वपर्यवसन्नमेव, परम्परासंबन्धस्य निश्चयनयवादिनाऽनभ्युपगमादन्यथा येन केनचित् संबन्धेन सर्वस्य सर्वसंबन्धितयाऽसंबन्धव्यवहारस्य कथाशेषताप्रसङ्गात् । तस्माद्रागद्वेषवशादेव स्वपरविभागव्यवसितिर्लोकानां न तु परमार्थत इति स्थितम् ॥५५॥

[પર અંગેનું સ્વીયત્વજ્ઞાન પણ આત્મસ્વભાવભાવનાનું વિરોધી]

**સમાધાન:**– પરદ્રવ્ય અંગે પણ 'આ મારું છે–આ મારું છે' એવું થયા કરતું જ્ઞાન એવી દૃઢતર રાગવાસનાની પરંપરા ઊભી કરી આપે છે કે જેથી—"હું તો ઉપયોગ સ્વભાવવાળો છું, હું વીતરાગ છું" ઇત્યાદિ ભાવના જ ઊઠતી નથી. આમ સ્વીયત્વજ્ઞાન, સ્વભિન્નત્વજ્ઞાનનું વિરોધી ન હોવા છતાં પોતાના વીતરાગસ્વભાવની ભાવનાને પ્રતિકૂળ છે. તેથી મમકારભાવનાની હાજરીમાં આત્મસ્વભાવભાવના સંભવિત નથી. વળી જેના પર અત્યંત મમતા કરી હોય છે એનો પછીથી અભેદપણે જ ભાસ થવા માંડે છે. જેમકે મૂઢ જીવોને દેહમાં જ 'હું કાળો છું, હું ગોરો છું" વગેરે રૂપ પોતાપણાનો ભાસ થવા માંડે છે. આનાથી જણાય છે કે જ્યારે મારાપણાની વાસના દૃઢ બની જાય છે ત્યારે એ અભેદપણામાં પરિણમીને- જીવને પોતાના વિષયનું ગ્રહણ અભેદપણે કરાવે છે અને તેથી પરદ્રવ્યભૂતવસ્તુમાં પણ જીવ અહંકાર (હું–હું એવો બોધ) કરવા માંડે છે. આમ મમકાર એ અહંકારની સામગ્રીભૂત હોવાથી તેની હાજરીમાં જીવ પોતાના સ્વભાવની ભાવના કરી શકે એ સંભવતું નથી. વળી મારું મારું કરીને વિષયોમાં જ પ્રતિબદ્ધ=આસક્ત રહેતો હોય તેને સ્વદ્રવ્યમાત્રના પ્રતિબંધરૂપ અધ્યાત્મ પણ શી રીતે હોઈ શકે ?

વાસ્તવમાં જોઈએ તો સ્વીયત્વ સ્વત્વથી અલગ છે જ નહીં કારણ કે આત્મા સિવાય આત્મા માટે બીજુ કાંઈ સ્વીય છે જ નહીં એટલે સ્વત્વ જ તાદાત્મ્યસંબંધથી સ્વીયત્વ સિદ્ધ થાય છે. આત્મા સિવાયના પદાર્થોને સ્વીય બનાવવા માટે તો તાદાત્મ્યથી કોઈ જુદો સંબંધ પરંપરાએ માનવો પડે અને નિશ્ચયનય મતે તો પરંપરાસંબંધ જ સ્વીકાર્ય નથી. પરંપરાસંબંધથી સંબદ્ધ વસ્તુ પણ જો સંબંધી બની જતી હોય તો તો બધી વસ્તુઓનો બીજી બધી વસ્તુઓ સાથે એવો કોઈ ને કોઈ સંબંધ તો રહેતો જ હોવાથી બધી વસ્તુઓ બધાને માટે સ્વીય જ થઈ જશે, પર જેવું કાંઇ રહેશે નહિ. એમ થવામાં આપત્તિ એ આવશે કે 'પારકાધન વગેરે વિશે શિષ્ટપુરુષો જે 'આ મારું નથી, પારકું છે' ઇત્યાદિ વ્યવહાર કરે છે, તેનો લોપ થઈ જશે. આવી આપત્તિ

तद्भावनामपनिनीषुभिः पुनरध्यात्मभावनैवाश्रयणीयेति तन्माहात्म्यमुपदर्शयति—

**णाहं होमि परेसिं ण मे परे णत्थि मज्झमिह किंची ।**
**इय आयभावणाए रागदोसा विलिज्जन्ति ॥५६॥**

(नाहं भवामि परेषां न मे परे नास्ति ममेह किञ्चित् । इत्यात्मभावनया रागद्वेषौ विलीयेते ॥५६॥)

अनात्मविदामेव हि सर्वदुःखमूलरागद्वेषप्रभवः, तौ च तत्प्रतिपक्षात्मज्ञाने सति विलीयेते तत्त्वात्मज्ञानं परमार्थतो वीतरागाणामेव, तेषामेव दुःखक्षयरूपतत्फलसंभवात्, अन्तःकरणखेद निरासस्यैवानाकुलत्वभावनारूपज्ञानफलत्वात्, तदुक्तं—आत्माऽज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
तपसाप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥ इति [योगशास्त्र ४–३]

यत्तु ज्ञानं रागद्वेषनिरासाय न प्रभवेत्, न तन्निश्चयतो ज्ञानमपि, अत एव चरण-भङ्गे निश्चयतो ज्ञानदर्शनयोर्भङ्ग एव, व्यवहारतस्तु तद्भजनेति गीयते । तदुक्तं—

[1]णिच्छयणयस्स चरणस्सुवघाए नाणदंसणवहाऽवि ।

---

ન આવે એ માટે એવું માનવાની ખાસ જરૂર છે કે 'આ મારું નથી પારકું છે' ઈત્યાદિરૂપ લોકોનો જે વ્યવસાય=આભાસ થાય છે (અને ઉપલક્ષણથી એને અનુસરીને જે પ્રવૃત્તિ થાય છે) એ રાગદ્વેષના કારણે જ થાય છે, પરમાર્થથી નહિ. ॥૫૫॥

આ મમકાર ભાવનાને દૂર કરવાની ઈચ્છાવાળાઓએ અધ્યાત્મ ભાવનાનો જ આશ્રય કરવા જેવો હોવાથી તેના માહાત્મ્યને ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ** :– હું બીજાઓનો નથી, બીજાઓ મારા નથી. વળી આ સંસારમાં ધન વગેરે કોઈ પણ વસ્તુ મારી નથી. આવી આત્મભાવનાથી રાગદ્વેષનો વિલય થવા માંડે છે જે ઉત્તરોત્તર અધ્યાત્મને પ્રકટ કરે છે.

**[ આત્મજ્ઞાનથી રાગદ્વેષવિલય ]**

જેઓએ "હું કોણ છું? હું એટલે શરીર નહિ, પણ આત્મા" ઈત્યાદિ જાણ્યું નથી તેઓને જ શરીરાદિના (અને તેથી પોતાના) ઉપકારી જેવા લાગતાં ધન વગેરેની ઉપર સર્વદુઃખના મૂળભૂત રાગદ્વેષ પ્રવર્તે છે. પણ જ્યારે આત્મજ્ઞાન થવા માંડે છે ત્યારે 'એ ધનાદિ પોતાના ઉપકારી છે,' એવી બુદ્ધિ નીકળી જવાથી એના પરથી રાગાદિ વિલીન થવા માંડે છે. રાગદ્વેષના જનક અજ્ઞાનનું પ્રતિપક્ષભૂત એવું આ આત્મ-જ્ઞાન પરમાર્થથી વીતરાગને જ હોય છે કારણ કે તેઓને જ આત્મજ્ઞાનના ફળરૂપ દુઃખક્ષય સંભવિત છે. બહારની દુનિયામાં બનતા વિવિધ પ્રસંગોથી રાગદ્વેષની લાગણી દ્વારા ચિત્તમાં ખેદ=અસમાધિ=આકુળતાવ્યાકુળતા રૂપ દુઃખ ઉત્પન્ન થાય છે આવો ખેદ દૂર થવો એ જ અનાકુલત્વભાવનારૂપજ્ઞાનનું ફળ છે. અર્થાત્ 'બાહ્ય કોઈ ચીજ ગમે તેવી અનુકૂળ કે પ્રતિકૂળ થાય તો પણ મારે તેની સાથે કંઇ નિસ્બત નથી તેથી

---

१. निश्चयनयस्य चरणस्योपघाते ज्ञानदर्शनवधोऽपि । व्यवहारस्य तु चरणे हते भजना तु शेषयोः ॥

ववहारस्स उ चरणे हयम्मि भयणा उ सेसाणं ॥ ति [पञ्चाशक ११-४५]

निश्चयो हि फलं कुर्वदेव कारणमभ्युपैति, व्यवहारस्तु कुशूलनिहितबीजवत् स्वरूपयोग्यमपीति विशेष इति ध्येयम् । एवं चात्मज्ञाने सत्यात्माऽज्ञानविलयात् तत्प्रयुक्तरागद्वेषविलये तन्मूलकाऽरतिपरिणामरूपदुःखविलय एवेति व्यवतिष्ठते, तेनात्मज्ञाने सति दुःखविलये क्षुत्पिपासादिकमपि न भवत्येवेति परेषां प्रत्याशावल्ली समुन्मूलिता भवति, क्षुधादिपरिणामस्य ज्ञानाऽनाश्यत्वादिति स्फुटीभविष्यत्यग्रे ॥५६॥

---

મારે કાંઈ આકુળતા કરવા જેવી નથી' ઈત્યાદિરૂપ ભાવનાજ્ઞાનનું ફળ એ જ છે કે ચિત્તની અસમાધિ દૂર થવી. સરાગી જીવોને આવું ચિત્તખેદાત્મક દુઃખ ઊભું છે એનાથી જણાય છે કે તેઓને પરમાર્થથી આત્મજ્ઞાન થયું નથી. અને તેથી તેઓ દુઃખને હણી શકતા નથી. શ્રી યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'આત્માના અજ્ઞાનના કારણે દુઃખ ઉત્પન્ન થાય છે અને આત્મજ્ઞાનથી એ નષ્ટ થાય છે. જેઓને આત્માનું વિજ્ઞાન પ્રાપ્ત થયું નથી તેઓ ગમે એટલા તપ વગેરે દ્વારા પણ દુઃખનો ઉચ્છેદ કરવામાં સમર્થ બનતા નથી.''

**[ ચારિત્રભંગમાં જ્ઞાન-દર્શનના ભંગ-અભંગની વિચારણા ]**

વળી જે જ્ઞાન રાગદ્વેષને ઓગાળતું નથી તે તો નિશ્ચયથી જ્ઞાન જ નથી. તેથી જ ચારિત્રનો ભંગ થાય તો નિશ્ચયનયાનુસારે જ્ઞાનદર્શનનો પણ અવશ્ય ભંગ થવાનું શાસ્ત્રોમાં કહ્યું છે. કારણ કે ચારિત્રનો ભંગ થયો એનો અર્થ જ એ કે રાગદ્વેષની માત્રા ઓગળવાને બદલે વધી જવી. એ વખતે જ્ઞાન-દર્શન જો અખંડ રહેતા હોય તો તો તેઓ પોતાના કાર્યભૂત રાગદ્વેષહાનિ જ કર્યા કરતાં રહેવાથી રાગદ્વેષવૃદ્ધિ જ અસંભવિત બની જાય અને તેથી પછી ચારિત્રભંગ જ શી રીતે થાય ? તેથી જો ચારિત્રભંગ થતો હોય તો ત્યારે જ્ઞાન-દર્શનનો પણ અવશ્ય ભંગ હોય જ. વ્યવહારનયાનુસારે એમાં ભજના છે. અર્થાત્ ચારિત્રભંગ હોતે છતે જ્ઞાનદર્શન પણ ન જ ટકે એવું નથી, ટકે પણ ખરા અને ન પણ ટકે. કહ્યું છે કે-'નિશ્ચયનય ચારિત્રનો ઉપઘાત થવામાં જ્ઞાનદર્શનનો પણ અવશ્ય ઉપઘાત માને છે જ્યારે વ્યવહારનય ચારિત્રની હાનિમાં શેષ=જ્ઞાનદર્શનની હાનિ ભજનાએ=વિકલ્પે માને છે.' આ બે નયના અભિપ્રાયમાં ફેર પડવાનું કારણ એ છે કે 'જે કાર્ય કરતું હોય તે જ કારણ કહેવાય' એવું નિશ્ચયનય માને છે જ્યારે વ્યવહારનયનું માનવું એવું છે કે 'અમુક વિવક્ષિત કાળે કાર્ય કરતું ન કરતું હોવા છતાં જે કાર્યને સ્વરૂપ યોગ્ય હોય, એટલે કે કાર્ય કરવાની યોગ્યતા ધરાવતું હોય તે પણ કારણ કહેવાય.' તેથી જો નિશ્ચયનય મુજબનું જ્ઞાનાત્મક કારણ હાજર હોય તો તો એ રાગદ્વેષ હાનિ રૂપ સ્વકાર્ય અવશ્ય કરતું હોવાથી એ વખતે ચારિત્રભંગ સંભવી શકતો જ નથી. જ્યારે વ્યવહારનય તો જ્ઞાનદર્શનરૂપ કારણ હાજર હોવા છતાં શેષ સામગ્રી હાજર ન હોવાથી કાર્ય થતું નથી એમ કહી તે એની હાજરીમાં પણ ચારિત્રભંગને સ્વીકારે છે. તેથી તેના મતે ચારિત્રભંગ થાય ત્યારે પણ જ્ઞાન-દર્શન હાજર રહી શકતા હોવાથી

अथ परिणामस्यैव फलमभिष्टौति—

**तो परिणामाउ च्चिय बन्धो मोक्खो व णिच्छयणयस्स ।**
**णेगंतिया अणच्चंतिया पुणो बाहिरा जोगा ॥५७॥**

(तत्परिणामादेव बन्धो मोक्षो वा निश्चयनयस्य । नैकान्तिका अनात्यन्तिकाः पुनर्बाह्या योगाः ॥५७॥)

जीवस्य हि द्विविधः परिणामो विशिष्टोऽविशिष्टश्च, आद्यः परोपरागप्रवर्त्तितशुभाऽशुभाऽङ्गतया द्विविधोऽन्यस्तु स्वद्रव्यमात्रप्रवृत्ततयैकविध एव । जीवश्चोपदर्शितान्यतरस्वपरिणाममेव कुरुते, न तु परपरिणामं, एकक्षेत्रतयाऽवस्थितानामपि पुद्गलानां तदुपादानहानाऽयोग्यतया तत्कर्मत्वाभावात्, स्वतन्त्रप्राप्यस्यैव कर्मत्वात् । कथं तर्हि ज्ञानावरणादि-

---

તે બે નો ભંગ ભજનાએ કહ્યો છે. આમ આત્મજ્ઞાનથી આત્મઅજ્ઞાનનો વિલય થવા દ્વારા તત્પ્રયુક્ત રાગદ્વેષનો વિલય થાય છે તેમજ રાગદ્વેષમૂલક અરતિપરિણામાત્મક દુઃખનો વિલય થાય છે.

અહીં આત્મજ્ઞાનથી અરતિ પરિણામરૂપ દુઃખનો જ ક્ષય કહ્યો છે તેથી 'કેવળીઓને આત્મજ્ઞાનથી દુઃખવિલય થયો હોવાથી ભૂખતરસ વગેરે રૂપ દુઃખ પણ હોતું નથી.' એવો પોતાનો મત સિદ્ધ થઈ જશે એવી દિગંબરને બંધાએલ આશાવેલડી પણ ઉખડી ગએલ જાણવી. કારણ કે જ્ઞાનથી તો અરતિપરિણામાત્મક દુઃખનો જ નાશ થઈ શકે છે, ક્ષુધાવગેરે રૂપ દુઃખનો નહિ. આ વાત અમે આગળ પણ (ગાથા નં.–૯૧–૯૨ માં) કહેવાના છીએ. ॥૫૬॥

ભોગ વગેરે પુણ્યપાપાત્મક સ્વપરિણામના જ ફળ છે એવું નિશ્ચયનયમતે પ્રતિપાદન કર્યા પછી હવે બંધ–મોક્ષ પણ સ્વપરિણામના જ ફળ છે એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે-

**ગાથાર્થ :**–તેથી નિશ્ચયનય મતે તો આત્માના તેવા તેવા પરિણામથી જ કર્મબંધ અને મોક્ષ થાય છે. બાહ્ય સંયોગો બંધ કે મોક્ષ રૂપ ફળ લાવી આપવામાં એકાન્તિક નથી કે આત્યન્તિક પણ નથી.

### [ જીવના પરિણામો ]

જીવના સ્વપરિણામો બે પ્રકારના હોય છે.

(૧) પર=પરદ્રવ્યાત્મક ઉપાધિના ઉપરાગથી પ્રવર્ત્તતો પરિણામ. આ પરિણામ શુભ અને અશુભના અંગભૂત અર્થાત્ કારણભૂત બનતા હોવાના કારણે બે ભેદવિશિષ્ટ (બે ભેદવાળો) છે અને તેથી 'વિશિષ્ટ' કહેવાય છે. શ્રી અરિહંતાદિ રૂપ 'પર' અંગેના ઉપરાગથી પ્રવર્તેલ પરિણામ પ્રાયઃ શુભાઙ્ગ બને છે. ધનાદિરૂપ પરથી પ્રવર્તેલ પરિણામ પ્રાયઃ અશુભાઙ્ગ બને છે.

(૨) સ્વદ્રવ્યમાત્રના આલંબનથી પ્રવર્તેલ પરિણામ આ એકવિધ જ હોવાથી 'અવિશિષ્ટ' કહેવાય છે.'

द्रव्यकर्मबन्ध इति चेत् ? आत्मनो रागद्वेषरूपं भावकर्म निमित्तीकृत्य योगद्वारा निविशमानानां स्वत एवोपात्तवैचित्र्याणां ज्ञानावरणादिभावपरिणतेरुपचारात् इति गृहाण। तस्मात् पुण्यपापपरिणामादेवात्मनो बन्धस्तत्तत्कर्मणां तत्तद्विपाककाले च सुखदुःखरूपं फलमपीति स्थितम् ।

---

જીવ આ બેમાંથી અન્યતર સ્વપરિણામને જ ધારણ કરે છે, પરપરિણામને ધારણ કરતો નથી.

**પ્રશ્ન :**–કાર્મણવર્ગણાના જે પુદ્ગલો આકાશમાં રહેલા છે તેઓમાં તો જીવને અસર કરવાનો પરિણામ હોતો નથી. કિન્તુ જ્યારે મિથ્યાત્વાદિના કારણે જીવ તેઓને બાંધે છે ત્યારે જ જીવ ઉપર અસર કરી શકે તેવો તેઓનો કર્મત્વ રૂપસામાન્ય પરિણામ અને જ્ઞાનઆવારકત્વાદિરૂપ વિશેષ પરિણામ ઊભો થાય છે. તેઓનો આ પરિણામ જીવે જ ઊભો કર્યો હોય છે તો જીવ, પરપરિણામ કરતો નથી એવું શી રીતે કહી શકાય?

**[ જીવ કાર્મણવર્ગણાના પુદ્ગલોનું પણ ગ્રહણ કરતો નથી. ]**

**ઉત્તર :**–તમારો પ્રશ્ન અયુક્ત છે. જીવ જે આકાશ પ્રદેશોને અવગાહીને રહ્યો હોય છે તે આકાશ પ્રદેશોમાં રહેલા કાર્મણવર્ગણાદિના પુદ્ગલોનું પણ, અમે આગળ કહી ગયા એ મુજબ, તેઓ જીવના સ્વદ્રવ્યભૂત ન હોવાથી, જીવદ્વારા ગ્રહણ–હાન થઈ શકતું નથી. આમ તે પુદ્ગલો જીવદ્વારા થતા ઉપાદાન, હાન ને અયોગ્ય હોવાથી જીવ વડે કરાતી ક્રિયાના કર્મ (=દ્વિતીયાકારક) બનતા નથી કારણ કે વ્યાકરણશાસ્ત્રમાં કહ્યા મુજબ સ્વતંત્ર કર્તા વડે જે પ્રાપ્ત થવા યોગ્ય હોય તે જ કર્મ કહેવાય છે. જ્યારે આ પુદ્ગલો તો પરદ્રવ્યભૂત હોવાના કારણે જીવથી ક્યારે પ્રાપ્ત=સ્વીકૃત=સ્વ જેવા કરાતા નથી. આમ પુદ્ગલો જીવની ક્રિયાના કર્મ બનતા નથી અર્થાત્ જીવ તેઓ વિશે કોઈ ક્રિયા કરી શકતો નથી. અને તેથી તેઓના પરિણામને પણ કરતો નથી.

**પ્રશ્ન :**–જો જીવ 'પર' એવા કર્મપુદ્ગલોના જ્ઞાનાવારકત્વાદિરૂપ પરિણામને કરતો નથી તો એ કર્મપુદ્ગલદ્રવ્યોનો જ્ઞાનાવરણીયાદિરૂપે બંધ શી રીતે કરી શકશે? અર્થાત્ જેમ જીવની અવગાહનામાં રહેલા કાર્મણથી અન્ય વર્ગણાના પુદ્ગલોમાં જીવે તેવો તેવો પરિણામ પેદા કર્યો ન હોવાથી એ પુદ્ગલો જીવવડે બંધાએલા કર્મરૂપે ઓળખાતા નથી તેમ જ્ઞાનાવરણીયાદિરૂપે અભિમત પુદ્ગલોનો પણ જો જીવે કોઈ પરિણામ કર્યો ન હોય તો તો એ પણ 'બંધાએલા કર્મ' શી રીતે બનશે?

**[કર્મોમાં થતી વિચિત્રતા જીવકૃત હોતી નથી]**

**ઉત્તર :**– જીવ કાર્મણવર્ગણાના તે તે પુદ્ગલોને જ્ઞાનાવરણીયાદિ રૂપે બાંધતો જ નથી, તે તો માત્ર પોતાના રાગદ્વેષાત્મક પરિણામોને જ કરે છે જે ભાવકર્મ કહેવાય છે. જીવવડે કરાતા આવા ભાવકર્મોને નિમિત્તકારણતરીકે સ્વીકારી કાર્મણ વર્ગણાના

पुण्यपापपरिणामावप्यशुद्धरूपतया वस्तुत एकरूपावेव, तत्फलयोरपि सुखदुःखयोरत्यन्तमभिन्नत्वात्, न हि पुण्यफलमपि चक्रवर्त्यादिसुखं परमार्थतः सुखं, अङ्गनासम्भोगादिविषयौत्सुक्यजनितारतिरूपदुःखप्रतीकारमात्रत्वात्तस्य । न च विपर्ययोऽपि सुवचः, प्रत्यक्षबाधात् तदुक्तं—

[1]पुण्णफलं दुक्खं चिय कम्मोदयओ फलं व पावस्स ।
णणु पावफलेवि समं, पच्चक्खविरोहिया चेव ॥ (वि० भा० २००४)
[2]जत्तो च्चिय पच्चक्खं सोम्म ! सुहं णत्थि दुक्खमेवेदं ।
तप्पडियारविभिण्णं तो पुण्णफलंति दुक्खं ति ॥ (वि० भा० २००५)
[3]विसयसुहं दुक्खं चिय दुक्खपडियारओ तिगिच्छव्व ।
तं सुहमुवयाराओ, ण य उवयारो विणा तत्तं ॥ (वि० भा० २००६)

પુદ્ગલો યોગદ્વારા આત્મામાં પ્રવેશે છે. વળી આ રીતે પ્રવેશેલા પુદ્ગલોમાંથી પણ, અમુકમાં જીવના જ્ઞાનાવારકભાવકર્મના વિપાક વખતે જ વિપાક પામવો એવો સ્વભાવ, અમુકમાં દર્શનાવારક ભાવકર્મવિપાક વખતે જ વિપાક પામવો એવો સ્વભાવ, વગેરે રૂપ ભિન્ન ભિન્ન સ્વભાવ હોય છે. આવું સ્વભાવ વૈચિત્ર્ય પણ તેઓમાં સ્વતઃ=સ્વકર્તૃક જ આવી જાય છે, એ વૈચિત્ર્ય જીવે કર્યું છે એવું હોતું નથી-માત્ર રાગદ્વેષાત્મક જ્ઞાનાવરણીયાદિ ભાવકર્મના વિપાકકાળે અવર્જનીય સંનિધિરૂપે સાથે જ વિપાક પામતા હોવાથી ઉપચારથી તેઓ પણ જ્ઞાનાવરણીયાદિકર્મ રૂપે કહેવાય છે. બાકી જીવે જેમ તેઓનો જ્ઞાનાવારકત્વાદિપરિણામ કર્યો હોતો નથી તેમ તેઓ પણ સ્વવિપાકકાળે જીવના અજ્ઞાનાદિ પરિણામ કરી શકતા નથી કારણ કે તેઓ પણ નિશ્ચયથી પરપરિણામ કરવામાં અસમર્થ છે. જીવના અજ્ઞાનાદિ પરિણામ તો તેના પોતાના જ રાગ-દ્વેષાદિ પરિણામરૂપ ભાવકર્મના વિપાકથી થાય છે.

આમ જીવના પુણ્ય (=શુભ)-પાપ (=અશુભ) પરિણામોથી જ આત્મા બંધાય છે તેમજ તે તે કર્મના વિપાક વખતે સુખદુઃખાદિ ફળ પામે છે. બાહ્ય સામગ્રીથી સુખ-દુઃખાદિ ફળ મળે છે એવું નથી.

## [પુણ્ય પરિણામ પણ પરમાર્થથી અશુદ્ધ છે]

વળી પરમાર્થથી તો સ્વદ્રવ્ય અંગેના ઉપયોગથી પ્રવર્તેલો પરિણામ શુદ્ધ હોય છે. તેથી પર દ્રવ્ય અંગેના ઉપયોગથી પ્રવર્ત્તતો પાપ પરિણામ જેમ અશુદ્ધ હોય છે તેમ પુણ્યપરિણામ પણ પરદ્રવ્યપ્રવર્ત્તિત હોવાથી પરમાર્થથી તો અશુદ્ધ જ હોય છે. તેથી વસ્તુતઃ પુણ્ય-પાપ બન્ને પરિણામો એક સરખા જ છે, બે ભેદવાળા નથી.

१. पुण्यफलं दुःखमेव कर्मोदयतः फलमिव पापस्य । ननु पापफलेऽपि समं प्रत्यक्षविरोधिता चैव ॥
२. यत एव प्रत्यक्षं सौम्य ! सुखं नास्ति दुःखमेवेदम् । तत्प्रतीकारविभक्तं ततः पुण्यफलमिति दुःखमिति ॥
३. विषयसुखं दुःखमेव दुःखप्रतीकारतश्चिकित्सेव । तत्सुखमुपचारान्नोपचारो विना तथ्यम् ॥

परोक्षज्ञानार्थमुपसर्पतां हि छद्मस्थानां तत्सामग्रीभूतेष्विन्द्रियेषु प्रवृत्तमैत्रीवशोदीर्णमहामोहानलज्वालोपतापप्रायतृष्णा (? तृष्णायाः) परमार्थतो दुःखरूपतया जनितदुःखवेगमसहमानानामिन्द्रियाणि व्याधिस्थानीयतामिष्टविषयाश्च तत्साम्यस्थानीयतामाबिभ्रतीति कथं न दुःखप्रतीकाररूपतयैतत्सुखं पर्यवस्यति ? इति पारमार्थिकसुखजनकादविशिष्टाद्धर्मपरिणामाद् दुःखजनको विशिष्टपरिणामो विलीयते, स एव मोक्ष इति स्थितं, "धर्माधर्मक्षये मोक्षः" इति वचनात् । ततः परिणामादेव बन्धमोक्षाविति स्थितम् । ये तु परप्राणव्यपरोपणबहिरंगयतिलिंगादयो बाह्या बंधमोक्षहेतवस्ते नैकान्तिका न वात्यन्तिकाः तत्सद्भावासद्भावाभ्यामपि फलसद्भाव-सद्भावदर्शनात् ।

---

**શંકા :–** પુણ્યપરિણામનું તો સુખાત્મક ફળ આવે છે જ્યારે પાપપરિણામનું દુઃખાત્મક ફળ આવે છે. આમ જુદા જુદા પ્રકારના ફળ આવતા હોવાથી તે બે પરિણામોને પણ ભિન્ન ભિન્ન પ્રકારના માનવા જોઈએ, એક સરખા નહિ.

**(પુણ્યફળ સુખ પણ વસ્તુતઃ દુઃખરૂપ છે)**

**સમાધાન :–** પુણ્યના ફળ રૂપે મળતું સુખ પણ પરમાર્થથી તો દુઃખરૂપ જ હોવાથી બન્ને ફળ પણ અભિન્ન જ છે, જુદા જુદા પ્રકારના નથી. તેથી તેના કારણભૂત પુણ્ય–પાપ પરિણામોને પણ ભિન્ન ભિન્ન પ્રકારવાળા મનાય નહિ. પુણ્યના ફળ તરીકે મળતું ચક્રવર્તીપણા વગેરેનું સુખ પણ સ્ત્રીભોગ વગેરે સંબંધી ઔત્સુક્યથી જે અરતિ રૂપ દુઃખ ઉત્પન્ન થયું હોય છે તેના પ્રતિકાર માત્રરૂપ હોવાથી પરમાર્થથી તો દુઃખરૂપ જ છે.

**શંકા :–** આ રીતે બન્ને પરિણામના ફળોને દુઃખરૂપ કહેવા કરતાં વિપરીત રીતે જ કહો ને! અર્થાત્ સુખરૂપ જ કહો ને! એટલે કે દુઃખપ્રતિકારાત્મક હોવાથી સુખને દુઃખરૂપ કહેવાને બદલે સુખપ્રતિકારાત્મક હોવાથી દુઃખને પણ સુખરૂપ જ કહો ને!

**(પાપફળભૂત દુઃખને સુખ કહેવાય નહિ)**

**સમાધાન :–** પ્રત્યક્ષબાધિત હોવાથી એવું કહી શકાતું નથી. મોદકાદિ ખાવાની તીવ્ર ઇચ્છા ઊભી થયા પછી એ ન મળે ત્યાં સુધી અરતિ રહ્યા કરે છે એ અને પુણ્યોદયે મોદકાદિ મળે ત્યારે તે અરતિઆત્મક દુઃખને દૂર કરવા માટે પોતે તેમાં પ્રવૃત્તિ કરે છે એ વાત બધાને અનુભવસિદ્ધ છે. આનો વિપર્યય કાંઇ આ રીતે અનુભવસિદ્ધ નથી. અર્થાત્ પોતાના તૃપ્તિઆદિ સુખના પ્રતિકાર માટે ભૂખાદિરૂપ દુઃખને પોતે ઊભા કરે છે એવું કોઈને અનુભવ સિદ્ધ નથી—તદુપરાંત, જેમ ક્યારેક વિષયો અંગેની પોતાની પરાધીનતા નજરમાં આવવાથી વિષયોથી મળતો ક્ષણિક આનંદ પણ વિટંબણારૂપ લાગે છે તેમ આ ભૂખાદિના દુઃખ તો ક્યારેય સુખરૂપ લાગતા નથી. તેથી એને તો સુખ કહેવા યોગ્ય નથી જ. તેથી પુણ્યફળાત્મક સુખ

પણ પરમાર્થથી તો દુઃખરૂપ જ છે. કહ્યું પણ છે કે—"જેમ પાપફળ કર્મોદયજન્ય હોવાથી દુઃખરૂપ છે તેમ પુણ્યફળ પણ કર્મોદયજન્ય હોવાથી દુઃખરૂપ જ છે.

**શંકા** :– એના કરતાં પુણ્યફળ કર્મોદયજન્ય હોવાથી જેમ સુખરૂપ છે તેમ પાપફળ પણ કર્મોદયજન્ય હોવાથી સુખરૂપ છે એમ ઉલ્ટું કહો ને!

**સમાધાન** :– એમ કહેવામાં પ્રત્યક્ષ વિરોધિતા આવે છે તેથી એવું કહેવાય નહિ. "જેમ રોગાત્મકદુઃખના પ્રતિકારરૂપ ચિકિત્સા દુઃખાત્મક છે (ચિકિત્સા કરાવવી કોઈને ગમતી નથી, જલ્દી પૂરી થઈ જાય તેવું બધા ઇચ્છે છે તેથી જણાય છે કે એ દુઃખાત્મક છે.) તેમ વિષયસુખ પણ દુઃખપ્રતિકારાત્મક હોવાથી દુઃખરૂપ છે. છતાં તે તત્કાળ માટે જીવને ગમતું હોવાથી ઉપચારથી સુખ કહેવાય છે. વળી ઉપચાર પરમાર્થ વિના હોતો નથી તેથી ક્યાંક પરમાર્થથી પણ સુખ હોવું જોઇએ જે મોક્ષમાં છે."

**શંકા** :–આ રીતે ઇન્દ્રિયો દ્વારા મળતું વિષયસુખ પણ જો પરમાર્થથી દુઃખાત્મક જ હોય, તો જીવ ઇન્દ્રિયોને વિષયોમાં પ્રવર્ત્તાવે જ શા માટે?

**સમાધાન** :–છદ્મસ્થોને મતિ–શ્રુતાત્મક પરોક્ષજ્ઞાન કરવા માટે ઇન્દ્રિયોની જરૂર પડતી હોવાથી જીવ તેમાં પ્રવૃત્તિ કરે છે, અને તેથી એ ઇન્દ્રિયો પોતાને સહાયક હોવાથી જીવની તેમાં મૈત્રી પ્રવર્તે છે. અર્થાત્ એ ઇન્દ્રિયોને ખુશ રાખવાની જીવને ટેવ પડે છે, આવી મૈત્રીના કારણે મહામોહરૂપી અગ્નિ પ્રગટ થાય છે જેના ઉપતાપથી વિષય-ભોગરૂપ જળપાનની તૃષ્ણા (તૃષા) ઊભી થાય છે તેથી પ્રચંડ તાપના કારણે લાગેલ તૃષાની જેમ એ પણ પરમાર્થથી દુઃખરૂપ જ છે. આવા દુઃખના વેગને સહન ન કરી શકતા છદ્મસ્થ જીવો તેને શાંત કરવા વિષયોમાં પ્રવૃત્ત થાય છે. આમ તેવા જીવોને ઇન્દ્રિયો વ્યાધિરૂપ બને છે જેનાથી તૃષ્ણારૂપ પીડા ઉત્પન્ન થાય છે અને તેના શામક હોવાથી વિષયો ચિકિત્સારૂપ કહેવાય છે. આમ વિષયસુખ પણ દુઃખપ્રતિકારાત્મક હોવા માત્રથી જ સુખમાં પર્યવસિત થાય છે. નહિ કે સ્વરૂપથી.

### [ જીવ પરિણામથી જ બંધ–મોક્ષ ]

આમ પરોપરાગપ્રવર્ત્તિત કોઈપણ વિશિષ્ટ પરિણામ દુઃખજનક જ હોય છે. સ્વદ્રવ્યમાત્ર પ્રવૃત્ત અવિશિષ્ટપરિણામ ધર્માત્મક હોય છે, અને પારમાર્થિક સુખોનો જનક હોય છે. આ અવિશિષ્ટપરિણામથી વિશિષ્ટપરિણામ વિલીન થાય છે અર્થાત્ પુણ્ય–પાપાત્મક જીવપરિણામો નાશ પામે છે, આ જ જીવનો મોક્ષ છે. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે ધર્મ (=પુણ્ય) અને અધર્મ (=પાપ) નો ક્ષય થએ છતે મોક્ષ થાય છે. આમ વિશિષ્ટ પરિણામોથી જ કર્મબંધ થાય છે. અને અવિશિષ્ટપરિણામથી તેઓનો વિલય થએ છતે મોક્ષ થાય છે તેથી પરિણામથી જ કર્મબંધ અને પરિણામથી જ મોક્ષ થાય છે, બાહ્ય નિમિત્તોથી નહિ એ વાત સિદ્ધ થાય છે. બંધ–મોક્ષના બાહ્ય હેતુ તરીકે કહેવાતા જીવહિંસા–બહિરંગ યતિલિંગાદિ તો એકાન્તિક પણ હોતા નથી

स्यादेतत्-यथाजातलिङ्गं मोक्षसामग्र्यां निविशमानमव्यभिचारि भविष्यति तदुपलम्भ एवोपचरितासद्भूतव्यवहारेण विषयादिनिवृत्त्याऽशुद्धनिश्चयनयेनाभ्यन्तराऽव्रतपरिणामं त्यक्त्वा शुभप्रवृत्तिरूपाणि व्यवहारव्रतानि परिपाल्य, त्रिगुप्तिलक्षणसमाधिकाले तान्यपि परित्यज्य केवलज्ञानोपलम्भात्, भरतादीनामपि तथैव प्रवृत्तेः, स्तोककालतया परं स्थूलदृष्टिभिस्तथाऽनाकलनात्। तदुक्तम्—

"पञ्चमुष्टिभिरुत्पाट्य त्रुट्यन् बन्धस्थितीन् कचान्।
लोचानन्तरमेवापद्राजन्! श्रेणिक! केवलम्॥" [ ]

इति। नैवं, शक्यपरिहारस्यापि ध्यानसामग्रीवशात् परिजिहीर्षादिकं विनाऽपरिहारे वाक्कायसंवृत्तिसमत्वलक्षणत्रिगुप्तिसाम्राज्ये केवलज्ञानाऽप्रतिरोधात्। यैः पुनरुच्यते—

"अव्रतानि परित्यज्य व्रतेषु परिवेष्टितः।

---

કે આત્યન્તિક પણ હોતા નથી કારણ કે તે બાહ્યહેતુઓની ગેરહાજરીમાં પણ ક્યારેક ફળ ઉત્પન્ન થતું જોવા મળે છે અને બાહ્યહેતુની હાજરીમાં પણ ક્યારેક ફળાભાવ જોવા મળે મળે છે. જેમકે તંદુલિયા મત્સ્યને બાહ્યજીવહિંસા ન હોવા છતાં તેવા તેવા આંતરિક પરિણામોથી જ સાતમી નરક મળે છે જ્યારે અપ્રમત્તપણે વિહાર કરતા મહાત્માને સહસાત્કારે કોઇ જીવવિરાધના થઈ જાય તો પણ તન્નિમિત્તક કર્મબંધ થતો નથી. એમ ભરતાદિને બહિરંગ લિંગ ન હોવા છતાં કેવલોત્પત્તિરૂપ ફળ પ્રાપ્ત થયું છે જ્યારે અભવ્યજીવ નિરતિચાર બાહ્યાનુષ્ઠાનો આચરે તો પણ એ ફળ મેળવી શકતો નથી, તેથી બાહ્યહેતુઓ એકાન્તિક કે આત્યન્તિક હોતા નથી.

[બહિરંગ યતિલિંગ વિના મોક્ષ અશક્ય-પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ**:-બહિરંગ યતિલિંગ મોક્ષસામગ્રીમાં અંતર્ભૂત હોવાથી અવ્યભિચારી જ છે. તેથી બાહ્ય હોવા છતાં તેને મોક્ષના હેતુ તરીકે સ્વીકારવું જ જોઇએ. કારણ કે તેની હાજરીમાં જ જીવની ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર રૂપ વિષયાદિ નિવૃત્તિ થાય છે. જીવ આ નિવૃત્તિ દ્વારા અશુદ્ધ નિશ્ચયરૂપ પોતાના આંતરિક અવિરતિના પરિણામનો ત્યાગ કરે છે. અને શુભ પ્રવૃત્તિઆત્મક વ્યવહારવ્રતોનું પાલન કરે છે. એમ કરતાં કરતાં જ્યારે ત્રણ ગુપ્તિરૂપ સમાધિનો કાળ પ્રાપ્ત થાય છે ત્યારે તે વ્યવહારવ્રતોનો પણ ત્યાગ કરે છે. અને એ સમાધિથી જ શુદ્ધ નિશ્ચયરૂપ કેવલ પ્રાપ્તિ થાય છે. વળી ભરતાદિને પણ આ ક્રમથી જ કેવલપ્રાપ્તિ થઇ હોવાથી બહિરંગલિંગ વ્યભિચારી નથી.

**શંકા**:- તમે કહ્યા એવા વ્યવહારવ્રતપાલન-ત્યાગ વગેરે વિના જ ભરતાદિને કેવલોત્પત્તિ થઇ છે તેથી બહિરંગલિંગ વ્યભિચારી જ છે.

**સમાધાન**:- ભરતાદિને પણ વ્યવહારવ્રતપાલનાદિ હતા જ, એ વિના કંઇ કેવલોત્પત્તિ થઇ નથી કે જેથી બહિરંગલિંગ વ્યભિચારી બને. છતાં અત્યંત અલ્પકાળમાં જ બહિરંગલિંગ પ્રાપ્તિ-વિષય નિવૃત્તિ-અવિરતિ પરિણામ ત્યાગ-વ્યવહારવ્રત

त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मना ॥ [ ]इति, तेषामयमाशयो यद् जीवघातादि-निवृत्तावपि जीवरक्षणादिप्रवृत्तिरेकदेशव्रतविकल्परूपा रागाऽविनाभाविनी निर्विकल्पकसमाधि-विरोधिनीति कथं पुनरसौ न सौमनस्यप्रतिपन्थी ? समाधीच्छयाऽन्यथा वा समाधेरिव रक्षणेच्छयाऽन्यथा वा जीवरक्षणादिप्रवृत्तेर्वीतरागत्वाऽविरोधित्वात्, त्रिगुप्तिसाम्राज्यं पुनः केवलज्ञानसामग्रीभूतमवश्यमेष्टव्यमेव । तच्चेदम्—

પાલન–ત્રિગુપ્તિરૂપ સમાધિ–વ્યવહારવ્રતોનો ત્યાગ વગેરે પ્રવૃત્ત થઇ ગયા હોવાથી સ્થૂલ દૃષ્ટિવાળા જીવો એ જાણી શકતા નથી–કહ્યું પણ છે કે "હે રાજન્ શ્રેણિક ! પંચમુષ્ટિ વડે વાળને એંચીને કર્મબંધ સ્થિતિને કાપતાં ભરતે લોચ પછી તરત જ કેવલજ્ઞાન મેળવ્યું."

### [બહિરંગયતિલિંગ મોક્ષ પ્રત્યે વ્યભિચારી–ઉત્તરપક્ષ]

**ઉત્તરપક્ષ :–** તમારી વાત અયુક્ત છે કારણ કે અરીસાભુવનમાં વીંટી સરકી જવાથી અન્યત્વાદિ ભાવનામાં ચઢેલા ભરતચક્રવર્તી ઉત્તરોત્તર ભાવનાત્મક ધ્યાનથી જ એટલી ઊંચી કક્ષાએ પહોંચી ગયા હતા કે તેમને કોઇ ઇચ્છા રહી નહોતી. તેથી પરિહાર કરવાની ઈચ્છા પણ રહી ન હોવાથી જેઓનો પરિહાર શક્ય હતો તેવા પણ રાજ્યાદિનો પરિહાર તેઓએ કર્યો નહોતો. છતાં મન–વચન–કાયાની સમતારૂપ ત્રણ ગુપ્તિ સામ્રાજ્ય પ્રાપ્ત કરી લીધું હોવાથી કેવલજ્ઞાનનો પ્રતિરોધ થયો નહોતો. આમ બહિરંગલિંગ વિના પણ તેઓને કેવલોત્પત્તિ હોવાથી બહિરંગલિંગ તો વ્યભિચારી જ જાણવું.

### [વ્યવહાર વ્રતોનો ત્યાગ કરવાનું કહેનારાઓનો આશય]

વળી જેઓ કહે છે કે 'અવ્રતોનો ત્યાગ કરીને વ્રતોમાં પ્રવૃત્ત થએલ મહાત્મા ત્રિગુપ્તિ સામ્રાજ્યરૂપ પરમપદને પ્રાપ્ત કરીને પોતે સ્વયં તે વ્યવહાર વ્રતોને પણ છોડે'–તેઓનો આ રીતે વ્રતોને છોડી દેવાનું કહેવાનો આશય એ છે કે "સાધુ જીવઘાતાદિથી નિવૃત્ત થયો હોવા છતાં જીવરક્ષણાદિ પ્રવૃત્તિરૂપ ઈર્યાસમિતિ વગેરેના પાલનરૂપ વ્યવહારવ્રતોનું પાલન જ કર્યા કરે તો એ એકદેશવ્રતવિકલ્પરૂપ તેની પ્રવૃત્તિ જાણવી. કારણ કે કીડી વગેરેના જીવોને બચાવવાની બીજી પ્રવૃતિ તેઓ પરના રાગ વિના સંભવિત ન હોવાથી એ પ્રવૃત્તિ કરવામાં રાગાદિ પ્રવર્તે છે તેથી નિર્વિકલ્પકસમાધિ આવી શકતી નથી. તેથી નિર્વિકલ્પકસમાધિ માટે તો વ્યવહાર વ્રતોનો પણ અવશ્ય ત્યાગ કરવો જ જોઇએ."–કિંતુ તેઓનો આવો આશય સૌમનસ્ય પ્રતિપંથી શી રીતે ન કહેવાય ? પ્રતિપંથી જ કહેવાય, અર્થાત્ મનને ખટકે એવો છે, કારણ કે જેમ સમાધિની ઇચ્છાથી કરાતી કે બીજી કોઈ પણ રીતે કરાતી સમાધિની પ્રવૃત્તિ વીતરાગતાની વિરોધી બનતી નથી. તેમ જીવરક્ષણેચ્છાથી કે બીજી કોઈ પણ રીતે કરાતી જીવરક્ષણ પ્રવૃત્તિ વીતરાગતાને=નિર્વિકલ્પક સમાધિને વિરોધી હોતી નથી.

आर्त्तरौद्रध्यानानुबन्धिकल्पनाजालवियोगः परममाध्यस्थ्यपरिणतिर्योगनिरोधावस्थाभावी सर्वथा मनोनिरोधश्चेति त्रिधा मनोगुप्तिः । वाग्गुप्तिरपि मौनावलम्बनेन सर्वथा वा तन्निरोध रूपा मुखवस्त्राच्छादितमुखेन संभाषणादिना वाक्संवृत्तिरूपा वा । कायगुप्तिरप्युपसर्गाद्युपनिपातेऽपि निश्चलता योगनिरोधे सर्वथा चेष्टापरिहारो वा शयनासनादिषु सिद्धान्तोक्तयतना-प्रकारेण चेष्टानियमरूपा च । तदुक्तम्— (योगशास्त्र १/४१-४२-४३-४४)

विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् । आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥
संज्ञादिपरिहारेण यन्मौनस्यावलम्बनम् । वाग्वृत्तेः संवृतिर्वा या सा वाग्गुप्तिरिहोच्यते ॥
उपसर्गप्रसङ्गेऽपि कायोत्सर्गजुषो मुनेः । स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥
शयनासननिक्षेपादानचङ्क्रमणेषु च । स्थाने च चेष्टानियमः कायगुप्तिस्तु सा परा ॥

---

આમ બહિરંગ લિંગના ક્રમે જ કેવલોત્પત્તિ થાય એ વાતનું નિરાકરણ થઈ ગયું હોવાથી બહિરંગલિંગ એકાન્તિક નથી એ વાત સિદ્ધ થયેલ જાણવી. જ્યારે ત્રિગુપ્તિ સામ્રાજ્યરૂપ પરિણામ તો કેવલજ્ઞાનની સામગ્રી તરીકે અવશ્ય જોઈએ જ છે. તેથી મોક્ષ પણ આત્મપરિણામથી જ થાય છે એ વાત નિશ્ચયનયાનુસારે નિશ્ચિત થએલી જાણવી તે આ પ્રમાણે—

## [ત્રિગુપ્તિ સામ્રાજ્ય]

મનોગુપ્તિ–૩ પ્રકારે. (૧) આર્ત્ત–રૌદ્રધ્યાનની પરંપરા ઊભી કરી આપે એવી કલ્પના જાળને મનમાંથી કાઢી નાખવી તે (૨) પરમ માધ્યસ્થ્ય ભાવનાથી ભાવિત થઇ જવા રૂપ પરિણતિ અને (૩) યોગ નિરોધાવસ્થામાં થતો સર્વથા મનોયોગ નિરોધ.

**વચનગુપ્તિ** :–બે પ્રકારે. વચનપ્રવૃત્ત્યાત્મક અને વચનનિવૃત્ત્યાત્મક...(૧) વચન નિવૃત્ત્યાત્મક વચનગુપ્તિ પણ બે રીતે થાય છે. મૌન રાખવા દ્વારા (આમા આંતર્જલ્પ ચાલુ પણ હોઇ શકે છે. માત્ર બાહ્ય વચનોદ્ગારનો નિરોધ હોય છે.) અને સર્વથા વચનનિરોધ (વચનયોગનિરોધ કર્યો હોય ત્યારે આંતર્જલ્પ પણ હોતો નથી.)

(૨) મુહપત્તિ વડે મુખને ઢાંકીને સત્યાદિ વચન બોલવાની પ્રવૃત્તિરૂપ.

**કાયગુપ્તિ** : બે પ્રકારે (૧) નિવૃત્ત્યાત્મક–ઉપસર્ગાદિ આવી પડ્યા હોય ત્યારે હાથ–પગ વગેરે ન હલાવવા રૂપ નિશ્ચલતા રાખવી તે (આમાં શ્વાસોશ્વાસાદિ રૂપ સૂક્ષ્મચેષ્ટાઓ ચાલુ હોય છે) અથવા યોગનિરોધ વખતે સર્વથા ચેષ્ટા પરિહાર કરવો એ.

(૨) શયનાસનાદિ અંગે સિદ્ધાન્તોક્ત જયણા દ્વારા ચેષ્ટાનું નિયમન કરવા રૂપ (અર્થાત્ અયુક્ત ચેષ્ટાઓનો પરિહાર કરવા પૂર્વક અમુક ઉચિત ચેષ્ટાઓ જ કરવી તે) શ્રીયોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે કલ્પનાજાળ વિનાનું સમતાભાવમાં સ્થિત અને આત્મામાં જ રમણ કરતું મન તે મનોગુપ્તિ છે. સંજ્ઞા=ઇશારો વગેરેનો પણ ત્યાગ કરવા પૂર્વક મૌનનું જે અવલંબન લેવું તે તેમજ વચન પ્રવૃત્તિનું સંવરણ કરવું તે વચન-

अथात्रापि प्रवृत्तिपरिणामरूपा गुप्तिर्निवृत्तिपरिणामविरोधिनीति चेत्? हन्त तर्हि निवृत्तिपरिणामोऽपि मनोयोगप्रवृत्तिपरिणाम एवेति स्वमपि स्वयं विरुन्ध्यात्। परप्रवृत्तिः स्वप्रवृत्तिविरोधिनी चेत्? न, शुक्लध्यानसंवृक्तान्तर्जल्पविकल्पस्यापि तथात्वाऽऽपत्तेः। 'बाह्यप्रवृत्तिस्तथेति' चेत्? न, प्रवृत्तेरबाह्यत्वात्, बाह्यविषयत्वस्य च निर्वक्तुमशक्यत्वात्, 'एकदेशनिवृत्तिः सर्वनिवृत्तिविरोधिनीति' चेत्? न, कार्त्स्न्येन योगनिवृत्तेस्तदानीमभावात्, विकल्पनिवृत्तेश्चान्तः परिणाममात्रसाध्यत्वात्।

---

ગુપ્તિ છે. કાયોત્સર્ગયુક્તમુનિ ઉપસર્ગાદિ આવવા છતાં કાયાની જે સ્થિરતા રાખે છે તે કાયગુપ્તિ છે તેમજ શયન આસનાદિ મૂકવા લેવા વગેરેમાં અને વિહારાદિ કરવામાં ચેષ્ટા નિયમન કરવું તે બીજી કાયગુપ્તિ છે.

**શંકા :–** આ તમે કહેલા ગુપ્તિસામ્રાજ્યમાં પ્રવૃત્તિ પણ ગુપ્તિરૂપે સંભીલિત છે. પણ પ્રવૃત્તિ તો નિવૃત્તિપરિણામવિરોધિની હોવાથી તદ્ઘટિત ગુપ્તિસામ્રાજ્ય નિર્વિકલ્પક સમાધિ શી રીતે પ્રાપ્ત કરાવશે?

**[ પ્રવૃત્તિપરિણામ આધ્યાત્મવિરોધી જ હોય એવો નિયમ નથી ]**

**સમાધાન :–** પ્રવૃત્તિપરિણામ નિવૃત્તિપરિણામનો વિરોધી જ હોય એવો નિયમ નથી. નહિતર તો 'મારે હિંસાદિથી નિવૃત્ત થવું છે.' ઇત્યાદિરૂપ નિવૃત્તિ પરિણામ પણ મનોયોગની પ્રવૃત્તિરૂપ પરિણામ હોવાથી એ પ્રવૃત્તિપરિણામ નિવૃત્તિપરિણામાત્મક પોતાનો જ વિરોધી બનવાની આપત્તિ આવશે.

**શંકા :–** છતાં શયનાસનાદિ રૂપ પર અંગેની પ્રવૃત્તિ સ્વદ્રવ્યમાત્ર અંગેની પ્રવૃત્તિનો વિરોધ કરનારી હોવાથી તમે કહેલ ત્રિગુપ્તિસામ્રાજ્ય પરમઅધ્યાત્મનું સાધક નહિ જ બને.

**સમાધાન :–** પર અંગેની પ્રવૃત્તિ માત્રને આ રીતે અધ્યાત્મવિરોધિની મનાય નહિ કારણ કે એમ માનવામાં શુક્લધ્યાનપ્રવૃત્તમહાત્માને પરમ અધ્યાત્મ સિદ્ધ થઈ શકશે નહિ કારણ કે તે શુક્લધ્યાનમાં અંતર્જલ્પાત્મક વિકલ્પ હોય છે જેને માટે ભાષા વર્ગણાના પુદ્ગલોરૂપ પરદ્રવ્યઅંગેની ગ્રહણવિસર્જનાદિ પ્રવૃત્તિમાં તે મહાત્માઓ પણ પ્રવૃત્ત હોય છે.

**શંકા :–** આ પ્રવૃત્તિ તો આંતરિક થઈ. અમે તો બાહ્યપ્રવૃત્તિઓને વિરોધિની કહીએ છીએ.

**સમાધાન :–** 'બાહ્યપ્રવૃત્તિ' શબ્દમાં 'બાહ્ય' અને 'પ્રવૃત્તિ' એ બે પદો વચ્ચે કયો સમાસ તમને અભિપ્રેત છે? કર્મધારય તો મનાશે નહિ કારણ કે પ્રવૃત્તિ આત્મ-પ્રયત્નાત્મક હોવાથી ક્યારે ય બહાર હોતી નથી. સપ્તમીતત્પુરુષ પણ મનાશે નહિ કારણ કે એનો અર્થ એ થાય કે બાહ્યમાં પ્રવૃત્તિ એટલે કે બાહ્ય વિષયક પ્રવૃત્તિ, પણ અમુક પ્રકારની પ્રવૃત્તિ હોય તે બાહ્ય વિષયક કહેવાય એવું નિર્વચન કરવું અશક્ય

अथ शुभाशुभवाक्कायव्यापाररूपबाह्यक्रियायाः शुभाऽशुभमनोविकल्परूपाभ्यन्तरक्रियायाश्च निवृत्तिः परमचारित्रम्, तदुक्तं द्रव्यसङ्ग्रहे--

[1]'बहिरब्भन्तरकिरियारोहो भवकारणप्पणासट्ठम् ।
नाणिस्स जं गिजुत्तं तं परमं सम्मचारित्तं ॥ ति, (४६)

છે. તેથી એ રીતે વિગ્રહ કરીને પણ જે કોઈ બાહ્ય પ્રવૃત્તિ હોય તે અધ્યાત્મવિરોધિની હોય એવું કહી શકાય એમ નથી.

**પૂર્વપક્ષ :–** છતાં નિર્વિકલ્પક સમાધિ માટે પરદ્રવ્યથી સર્વથા નિવૃત્તિ કરવી આવશ્યક છે તેથી જયણાપૂર્વકની પણ શયનાદિ અંગેની પ્રવૃત્તિરૂપ ગુપ્તિ ચાલુ રાખવામાં આવે તો આરંભાદિરૂપ એકદેશથી જ કાયાદિની નિવૃત્તિ થશે જે સર્વનિવૃત્તિ–વિરોધિની છે. અર્થાત્ જ્યાં સુધી એકદેશનિવૃત્તિ હોય ત્યાં સુધી સર્વનિવૃત્તિ ન આવવાથી નિર્વિકલ્પક સમાધિ શી રીતે આવે?

**ઉત્તર પક્ષ :–** પરદ્રવ્યથી સર્વથા નિવૃત્તિ હોવી જોઈએ એ વાત બરાબર નથી કારણ કે કેવલોત્પત્તિ પૂર્વે કે પછી પણ તરત જ સર્વથા યોગ નિવૃત્તિ થઈ જ જાય એવું હોતું નથી. વિહારાદિરૂપ કાયપ્રવૃત્તિ ચાલુ જ હોય છે અને કાયા પરપુદ્ગલાત્મક હોવાથી એ કાયાની પ્રવૃત્તિ પરપ્રવૃત્તિરૂપ જ હોય છે. તેથી જો નિર્વિકલ્પક સમાધિ માટે 'પર પુદ્ગલાદિ અંગેની પ્રવૃત્તિ નહિ પણ વિકલ્પો નિવૃત્ત થઈ ગયા હોવા જોઇએ' એમ કહેશો તો એ અમારે પણ સંમત જ છે પણ એ નિવૃત્તિ તો અંતઃપરિણામમાત્રસાધ્ય છે. જે અંતઃપરિણામો પ્રવૃત્તિઆત્મક ગુપ્તિથી પણ સંપાદિત થવા શકય છે. તેથી પ્રવૃત્તિને એકાન્તે નિર્વિકલ્પકવિરોધિની માની શકાય નહિ.

### [ શુભાશુભ કોઇપણ ક્રિયા પરમચારિત્રવિરોધી–પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ :–** શુભાશુભ વાક્–કાયવ્યાપારરૂપ બાહ્ય ક્રિયાની અને શુભાશુભ મનોવિકલ્પરૂપ અભ્યન્તર ક્રિયાની નિવૃત્તિ એ જ પરમ ચારિત્ર છે. **દ્રવ્યસંગ્રહમાં** પણ કહ્યું છે કે–"સંસારકારણ (આશ્રવ)ના પ્રણાશ માટે જ્ઞાનીને બાહ્ય–આભ્યંતર ક્રિયાનો નિરોધ કરવાનું શ્રીજિનેશ્વરોએ જે કહ્યું છે તે પરમોપેક્ષાસંયમ જ શ્રેષ્ઠ સમ્યક્ ચારિત્ર છે." તો પછી બાહ્યક્રિયાની હાજરીમાં આ પરમચારિત્ર શી રીતે સંભવે?

### [ બાહ્યક્રિયાની હાજરીમાં પણ પરમચારિત્ર સંભવિત છે-ઉત્તરપક્ષ ]

**ઉત્તરપક્ષ :–** બાહ્યક્રિયાથી સર્વથા નિવૃત્તિ થઈ ન હોવા છતાં કેવલોત્પત્તિ થાય છે તેથી જણાય છે કે એ વખતે પણ પરમચારિત્ર તો હોય જ છે. તેથી બાહ્ય ક્રિયા કંઈ પરમચારિત્રની વિરોધી નથી. તેની હાજરીમાં પણ અંતર્વિકલ્પના ક્ષયથી જ કેવલોત્પત્તિ થઈ શકે છે એ વાત કેટલીયે વાર અમે આગળ કહી ગયા છીએ.

१. बाह्याभ्यन्तरक्रियारोधो भवकारणप्रणाशार्थम् । ज्ञानिनो यज्जिनोक्तं तत्परमं सम्यक्चारित्रम् ॥

तच्च कथं बहिःक्रियायां संभवति ? इति चेत् ? न, तदानीमपि हेतुभूतान्तर्विकल्पोपक्षयादेव केवलोपलम्भादिति शतशः प्रतिपादितत्वात्, बहिःक्रियायास्तद्विरोधित्वे च सूक्ष्मकायक्रियाया अपि तद्विरोधित्वप्रसङ्गात्, स्थूलक्रियात्वेन तद्विरोधित्वेऽतिप्रसङ्गात्, मोहपूर्वकक्रियात्वेन विरोधित्वे च मोहत्वेनैव तथात्वौचित्यादिति निश्चयनयनिष्कर्षात्। तस्मात् स्वपरिणामस्यैव स्वकार्यसिद्धिक्षमत्वाद् बाह्ययोगानामकिञ्चित्करतेति स्थितम्। यदाहुः—

'परमरहस्समिसीणं समत्तगणिपिडगझरियसाराणं।
परिणामियं पमाणं निच्छयमवलंबमाणाणं॥ (ओघ नि० १०९८) ति ॥५७॥

उक्तमेव विशिष्य विवेचयति—

**सिद्धी णिच्छयओच्चिय, दोण्हं संजोगओ अ छेयत्तम्।**
**कत्थइ कत्थइ दोण्हवि उवओगो तुल्लवं चेव ॥५८॥**

( सिद्धिर्निश्चयत एव द्वयोः संयोगतश्च छेकत्वम्। कुत्रचित् कुत्रचित् द्वयोरपि उपयोगस्तुल्यवदेव ॥५८॥ )

---

વળી બાહ્યક્રિયા જો એની વિરોધી જ હોય તો તો શ્વાસોશ્વાસ લેવા-મૂકવા વગેરે રૂપ સૂક્ષ્મક્રિયાઓ પણ વિરોધી બનવાથી કોઈને પરમચારિત્ર સંભવી શકશે જ નહિ. 'સ્થૂલબાહ્ય ક્રિયાઓ જ એની વિરોધી છે, સૂક્ષ્મ નહિ' એવું જો કહેશો તો ભવસ્થ કેવળીઓને વિહારાદિરૂપ સ્થૂલબાહ્યક્રિયાઓ હાજર હોવાથી પરમચારિત્ર નષ્ટ થઈ જવાનો ભય તેમજ તેઓ અપકૃષ્ટચારિત્રવાળા બની જવાનો અતિપ્રસંગ આવશે.

**પૂર્વપક્ષ** :- મોહપૂર્વકની ક્રિયાઓ જ પરમચારિત્રનો વિરોધ કરનારી છે, કેવળીઓને તો વિહારાદિ મોહપૂર્વકના ન હોવાથી પરમચારિત્રનો નાશ થતો નથી.

**ઉત્તરપક્ષ** :-પરમચારિત્ર પ્રત્યે મોહપૂર્વકની ક્રિયાને વિરોધી માનવા કરતાં લાઘવ હોવાથી મોહને જ વિરોધી માનવો ઉચિત છે. અર્થાત્ મોહાત્મક સ્વપરિણામ જ પરમચારિત્રનો વિરોધી છે એવો નિશ્ચયનયમતે નિષ્કર્ષ આવ્યો. આમ સુખદુઃખાદિ ફળ, બંધ, મોક્ષ, પરમચારિત્ર ઇત્યાદિ દરેક પ્રત્યે તેવો તેવો સ્વપરિણામ જ સ્વકાર્યસિદ્ધિ કરવામાં સમર્થ હોવાથી બાહ્યયોગો અકિંચિત્કર છે એ વાત નક્કી થાય છે. કહ્યું છે કે—"નિશ્ચયનયમતનું અવલંબન કરનારા અને સમસ્ત દ્વાદશાંગીના સારને પામેલા ઋષિઓને [અભિમત] આ જ પરમ રહસ્ય છે કે પરિણામ=પરિણતિ જ પ્રમાણ છે."

સ્વપરિણામ જ સ્વકાર્યક્ષમ છે એવી કહેલી વાતનું જ વિશેષ રીતે વિવેચન કરતાં ગ્રન્થકાર કહે છે—

## [ દ્રવ્ય-ભાવલિંગના બળાબળનો વિચાર ]

**ગાથાર્થ**:-જો કે વંદનાદિ વ્યવહારની યોગ્યતારૂપ છેકત્વ માટે નિશ્ચય અને વ્યવહાર એ બંને જરૂરી છે. છતાં સિદ્ધિ=મોક્ષ તો નિશ્ચયથી જ=નૈશ્ચયિકભાવલિંગથી જ થાય છે

---

१. परमरहस्यमृषीणां समस्त गणिपिटकझरितसाराणाम्। पारिणामिकं प्रमाणं निश्चयमवलम्बमानानाम्॥

इह हि निश्चयव्यवहारयोर्बलवत्त्वाऽबलवत्त्वे विचार्यमाणे सिद्धिस्तावदात्मनो मोक्षलक्षणा नैश्चयिकेन भावलिङ्गेनैवेति निश्चय एव बलवान् । नमस्करणार्हतारूपं छेकत्वं भावलिङ्गसध्रीचीन द्रव्यलिङ्गस्यैवेति तस्यापि बलवत्त्वं, तदुक्तं वंदनकनिर्युक्तौ—

[1]'रूप्पं टंकं विसमाहयक्खरं ण विय रूवगो च्छेओ ।
दुण्हंपि समाओगे रूवोच्छेयत्तणमुवेइ ॥ (११३८)
[2]'रूप्पं पत्तेयबुद्धा, टंकं जे लिंगधारिणो समणा ।
दव्वस्स य भावस्स य, छेओ समणो समाओगे ॥ त्ति (११३९)

अत्र हि रूप्यमशुद्धं टंकं विषमाहताक्षरमिति चरकादिषु प्रथमो भङ्गो, रूप्यमशुद्धं टंकं समाहताक्षरमिति द्वितीयः पार्श्वस्थादिषु, रूप्यं शुद्धं टंकं विषमाहताक्षरमिति प्रत्येकबुद्धादिषु तृतीयो, रूप्यं शुद्धं टंकं समाहताक्षरमिति चतुर्थः शुद्धवेषसाधुषु । अयमेव चाविकलार्थ-क्रियाकारितयोपादेयो, भावलिङ्गस्य सर्वत्र यथावन्निश्चेतुमशक्यत्वात् ।

---

તેથી નિશ્ચય જ બળવાન્ છે, વ્યવહાર નહિ. જ્ઞાનનય–ક્રિયાનયની વિચારણાના સ્થળે જ્ઞાન અને ક્રિયા બન્નેનો ઉપયોગ સમાન જ હોય છે.

નિશ્ચય અને વ્યવહારમાં કોણ બળવાન્ છે અને કોણ નિર્બળ છે એની વિચારણા પ્રસ્તુત હોય ત્યારે આત્માનો મોક્ષ થવા રૂપ સિદ્ધિ નૈશ્ચયિક ભાવલિંગથી જ થતી હોવાથી નિશ્ચય જ બળવાન્ છે. બીજી બાજુ શ્રાવકાદિના નમસ્કારને યોગ્ય થવા રૂપ છેકત્વ ભાવલિંગ સહકૃત દ્રવ્યલિંગીમાં જ હોવાથી એટલે અંશે વ્યવહાર પણ બળવાન્ છે. છેકત્વ ભાવલિંગયુક્ત દ્રવ્યલિંગીમાં જ હોય છે તે **વંદનક નિર્યુક્તિમાં** કહ્યું છે– "શુદ્ધ અને અશુદ્ધ બંને જાતના રૂપાની ધાતુવાળો પણ ખોટી છાપવાળો રૂપિયો છેક= સંપૂર્ણ સ્વકાર્યકારી બનતો નથી અને તેથી સાંવ્યાવહારિક બનતો નથી. શુદ્ધરૂપું અને સાચી છાપ રૂપ ટંક એ બંનેનો જેમાં સમાયોગ હોય તે જ સિક્કો છેકત્વને પામે છે અર્થાત્ વ્યવહાર સાધક બને છે. ખોટી છાપ અને સાચા રૂપાવાળો ત્રીજો ભાંગો લિંગપ્રાપ્તિ થઈ ન હોય ત્યાં સુધી પ્રત્યેકબુદ્ધોને હોય છે. ખોટા રૂપા પર સાચી છાપવાળો બીજો ભાંગો માત્ર વેશધારી સાધુઓમાં જાણવો. દ્રવ્ય અને ભાવ ઉભયનો સમાવેશવાળા ચોથાભાંગાવાળા સાધુઓ છેક=વ્યવહારની અપેક્ષાએ પણ શુદ્ધ જાણવા."

જેમ સિક્કાને વિશે ધાતુ અને છાપને આશ્રીને ચતુર્ભંગી થાય છે તેમ દ્રવ્ય અને ભાવલિંગને આશ્રીને સાધુવિશે ચતુર્ભંગી થાય છે. તેમાં છાપ જેવું દ્રવ્યલિંગ અને શુદ્ધમૂલ્યવાન્ ધાતુ જેવું ભાવલિંગ છે. તેથી ધાતુ અને છાપ ઉભય અશુદ્ધ હોવારૂપ પહેલો ભાંગો ચરકાદિમાં (બાવા–જોગી વગેરે પરિવ્રાજકોમાં), ધાતુઅશુદ્ધ

---

१. रूपं टंकं विषमाहताक्षरं नापि रूपकश्छेकः । द्वयोरपि समायोगे रूपश्छेकत्वमुपैति ॥
२. रूपं प्रत्येकबुद्धाष्टंकं ये लिङ्गधारिणः श्रमणाः । द्रव्यस्य च भावस्य च छेकः श्रमणः समायोगे ॥

'तर्हि द्रव्यलिङ्गमेव वन्दनीयमस्त्वि'ति चेत् ? भवेदेव यत्र गुणाधिकत्वं प्रतिसन्धीयते। कस्तत्प्रतिसन्धानोपायः ? इति चेत् ? आलयविहारादिव्यवहारपाटवोपदर्शनमित्याकलय। यदागमः--

'आलएणं विहारेणं ठाणाचंकमणेण य।

सक्को सुविहिओ णाउं भासावेणइएण य॥ त्ति (आव० नि० ११४८)

लिंगिनि पार्श्वस्थत्वादिप्रतिसन्धाने तु तदवन्दनीयमेव। अथाऽतीर्थकरत्वप्रतिसन्धानेऽपि प्रतिमावन्दनादिवाऽसाधुत्वप्रतिसन्धानेऽपि तल्लिङ्गवन्दनादध्यात्मशुद्धिरबाधितैव। तदुक्तं--

અને છાપ શુદ્ધ હોવા રૂપ બીજો ભાંગો પાર્શ્વસ્થાદિમાં, ધાતુ શુદ્ધ અને છાપ અશુદ્ધ હોવા રૂપ ત્રીજો ભાંગો પ્રત્યેક બુદ્ધમાં અને ઉભય શુદ્ધ હોવા રૂપ ચોથો ભાંગો શુદ્ધ વેશધારી સાધુઓમાં આવે. આ ચોથો ભાગો જ પોતાનું સંપૂર્ણ કાર્ય કરનારો હોવાથી ઉપાદેય છે.

**શંકા** :–પ્રત્યેક બુદ્ધાદિનો ભાંગો પણ મોક્ષસાધક તો છે જ, તેથી એને પણ ઉપાદેય કહેવો જોઈએ.

**સમાધાન** :–એ રીતે એ ઉપાદેય હોવા છતાં એનાથી બીજાઓ પર ઉપકાર થઈ શકતો ન હોવાથી ચોથા ભાંગા જેટલો ઉપાદેય નથી. દ્રવ્યલિંગની ગેરહાજરીમાં ભાવલિંગનો યથાવત્ નિશ્ચય કરી શકાતો ન હોવાથી ભાવલિંગી મહાત્માની ઉપસ્થિતિમાં પણ લોકો વંદનાદિ દ્વારા કર્મનિર્જરા રૂપ લાભ પામી શકતા નથી. જ્યારે ચોથા ભાંગાવાળા મહાત્માઓ સ્વકાર્ય તો સાધે જ છે પણ ઉપરાંતમાં લોકોને પણ વંદનાદિ દ્વારા નિર્જરા કરાવવામાં નિમિત્તભૂત બનવા રૂપ ઉપકાર પણ કરે છે. તેથી એ ભાંગો એટલે અંશે અધિક ઉપાદેય છે.

## [પાર્શ્વસ્થાદિના દ્રવ્યલિંગની અવંદનીયતા]

**શંકા** :–જો દ્રવ્યલિંગથી જ લોકો ભાવલિંગીને ઓળખી વંદનાદિ કરતાં હોય તો દ્રવ્યલિંગને જ વંદનીય માનો ને!

**સમાધાન** :–જેઓને જોઈને 'આ ગુણાધિક છે' એવું પ્રતિસંધાન થાય છે તેઓના દ્રવ્યલિંગને વંદનીય માનીએ જ છીએ.

**પ્રશ્ન** :–એવું પ્રતિસંધાન કરવાનો ઉપાય શું ? અર્થાત્ સામે રહેલ લિંગધારી વ્યક્તિમાં એવું શું જોવાનું કે જેથી તેઓ ગુણાધિક છે એવું પ્રતિસંધાન થઈ શકે.

**ઉત્તર** :–ઉપસ્થિત વ્યક્તિની આલય–વિહારાદિ અંગેના વ્યવહારમાં પટુતા અર્થાત્ સાવધાનતા જોવી એ જ તે પ્રતિસંધાનનો ઉપાય છે એવું આગમમાં કહ્યું છે. "આલય = વસતિ–તે સુપ્રમાર્જિત હોવી અથવા સ્ત્રી વગેરેથી રહિત હોવી, વિહાર =

१. आलयेन विहारेण स्थानाऽऽ चङ्क्रमणेनच। शक्यः सुविहितो ज्ञातुं भाषावैनयिकेन च॥

[1]तित्थयरगुणा पडिमासु णत्थि णिस्संसयं वियाणंतो।
तित्थयरं ति णमंतो सो पावइ णिज्जरं विउलं ॥ (आव० नि० ११३०)
[2]लिंगं जिणपन्नत्तं एवं णमंतस्स णिज्जरा विउला।
जइवि गुणविप्पहीणं, वंदइ अज्झप्पसोहीए॥ (आव० नि० ११३१)

मैवं शङ्किष्ठाः, तल्लिङ्गवन्दने तद्गतसावद्यक्रियानुमोदनावद्यप्रसङ्गात्, प्रतिमायां तु तदभावात्। उक्तं च–

[3]सन्ता तित्थयरगुणा तित्थयरे तेसिमं तु अज्झप्पं।
ण य सावज्जा किरिया, इयरेसु धुवा समणुमन्ना ॥ (आव. नि. ११३२) त्ति।

---

માસકલ્પાદિ, સ્થાન = અવિરુદ્ધદેશાદિમાં કાયોત્સર્ગાદિ, ચંક્રમણ = ઈર્યાસમિતિપૂર્વકનું ગમન, સમાલોચનપૂર્વકના વચન તેમજ ગુર્વાદિ પ્રત્યેના વિનયનું સંપાદન વગેરે સંબંધી નિપુણ નિરીક્ષણથી સુવિહિતતા જાણી શકાય છે.'' વેશધારીમાં પણ જો એના વર્ત્તન–વાણી વગેરે પરથી 'આ પાસત્થા છે' એવી ખબર પડી જાય તો એ અવંદનીય જ છે. તેથી દ્રવ્યલિંગને જ વંદનીય માની લેવાય નહિ.

**[પ્રતિમાની જેમ માત્ર દ્રવ્યલિંગ પણ વંદનીય છે–પૂર્વપક્ષ]**

**શંકા :–** જેમ પ્રતિમા વિશે 'આ તીર્થંકર નથી' એવું સ્ફુટ પ્રતિસંધાન હોવા છતાં તેને વંદનાદિ કરવાથી અધ્યાત્મશુદ્ધિ માની છે તેમ સાધુ ન હોવાપણાનું પ્રતિ સંધાન હોવા છતાં પાસત્થાદિને થતું વંદન હકીકતમાં સાધુપણાના લિંગને થતું હોવાથી તેનાથી પણ અધ્યાત્મ શુદ્ધિ થવી જ જોઈએ તેથી માત્ર દ્રવ્યલિંગ પણ વંદનીય છે. વંદનક નિર્યુક્તિમાં કહ્યું છે કે 'તીર્થંકરના જ્ઞાન વગેરે ગુણો પ્રતિમામાં નથી એવું નિઃસંશય જાણનાર પણ જો બિંબને તીર્થંકર તરીકે નમે તો વિપુલ કર્મનિર્જરા કરે છે. તેમ દ્રવ્ય લિંગીમાં સાધુના ગુણો નથી એવું નિઃસંશય જાણનાર પણ આનું રજોહરણાદિ-રૂપ લિંગ જિનોપદિષ્ટ છે એમ વિચારીને જો નમે તો એને અધ્યાત્મશુદ્ધિ શા માટે ન થાય ?'

**[દ્રવ્યલિંગમાં પ્રતિમા કરતાં વૈષમ્ય હોવાથી અવંદનીયતા–ઉત્તરપક્ષ]**

**સમાધાન :–** આવી શંકા કરવી નહિ કારણ કે અશુદ્ધ લિંગીના લિંગને વંદન કરવામાં લિંગી દ્વારા થતા સાવદ્ય અનુષ્ઠાનોની પણ અનુમોદના થઈ જતી હોવાથી પાપ ચોંટે છે તેથી એવા લિંગીઓનું લિંગ અવંદનીય છે. તેમજ તેઓને કરાએલા વંદનાદિ અધ્યાત્મશુદ્ધિના હેતુભૂત બનતા નથી. જ્યારે પ્રતિમામાં તો કોઈ સાવદ્ય ક્રિયા

---

૧. तीर्थंकरगुणाः प्रतिमासु न सन्ति निःसंशयं विजानन्। तीर्थंकर इति नमन् स प्राप्नोति निर्जरां विपुलाम् ॥
२. लिंगं जिनप्रज्ञप्तमेवं नमतः निर्जरा विपुला। यद्यपि गुणविप्रहीणं वन्दतेऽध्यात्मशुद्धया ॥
આવશ્યક નિર્યુક્તિમાં આ બન્ને શ્લોકો પૂર્વપક્ષના છે તે ધ્યાનમાં રાખવું.
૩. सन्तः तीर्थंकरगुणास्तीर्थंकरो तेषामिदमध्यात्मम्। न च सावद्या क्रिया इतरेषु ध्रुवा समनुज्ञा ॥

अयं भावः– द्रव्यलिङ्गं हि तद्वति स्वत एव गुणवत्त्वप्रतिसन्धापकतया स्वसमानाधिकरणगुणवत्त्वप्रतिसन्धापकतया वा नमस्कर्त्तव्यतायामुपयोगि सत्तद्विषयकमुत्साहमाधायाध्यात्मशुद्धयै प्रभविष्णु, न तु प्रतिमादिवत् तटस्थतयैव स्वसदृशभावस्मारकतया, तथा च द्रव्यलिङ्गं सावद्यस्वाश्रयविषयकोत्साहाधायकतया धर्मप्रतिपंथि, न तु प्रतिमा, तत्र गुणत्वाज्ञानाद् । एतेन प्रतिमां नमस्कुर्वतामदेवे देवसंज्ञेति वदतो लुम्पकस्य शिरसि दत्तः प्रहारः ।

જ ન હોવાથી એની અનુમોદના દ્વારા પાપ લાગવાનું અસંભવિત હોવાના કારણે એના વંદનાદિ કલ્યાણકારી બને છે. વંદનક નિર્યુક્તિમાં જ કહ્યું છે કે—"શ્રી તીર્થંકરોમાં પૂજાર્હત્વાદિરૂપ તીર્થંકરગુણો હાજર હતા અને આ તેઓની જ પ્રતિમા છે ઇત્યાદિરૂપ શુભભાવ થવો એ જ નમસ્કર્ત્તાને અધ્યાત્મ બને છે. અથવા તેઓમાં રહેલા ગુણોને બિંબદર્શન દ્વારા માનસપટ પર લાવી અમે નમીએ છીએ. આવા શુભચિત્તથી તેમજ પ્રતિમામાં અર્હદ્‌ગુણોનો અધ્યારોપ કરીને પ્રતિમાને નમસ્કાર કરવાથી નમસ્કર્ત્તાને અધ્યાત્મશુદ્ધિ થાય છે. વળી પ્રતિમમાં કોઇ સાવદ્ય ક્રિયા ન હોવાથી એની અનુમોદના દ્વારા પાપ લાગવાનો સંભવ નથી. જ્યારે ઇતરોમાં=પાસત્થાદિમાં સાવદ્યક્રિયા હોવાથી તેઓને નમસ્કાર કરવામાં અવશ્ય એની અનુમોદનાનું પાપ લાગે છે."

### [દ્રવ્યલિંગની અધ્યાત્મ શોધકતા ગુણવત્તાના પ્રતિસંધાન દ્વારા]

અહીં આ તાત્પર્ય છે—દ્રવ્યલિંગ પોતાના આશ્રયમાં=લિંગીમાં ગુણવત્તાનું પ્રતિસંધાન કરાવવા દ્વારા જ નમસ્કર્ત્તાને સ્વાશ્રયનું નમસ્કાર્યરૂપે જ્ઞાન કરાવે છે અને તેથી નમસ્કર્ત્તા નમસ્કાર કરે છે. આમ આ રીતે નમસ્કારમાં ઉપયોગી બનતું થકું દ્રવ્યલિંગ નમસ્કર્ત્તામાં નમસ્કારવિષયક ઉત્સાહ જગાડી અધ્યાત્મશુદ્ધિ કરવામાં સમર્થ બને છે. વળી એ ગુણવત્તાનું પ્રતિસંધાન પણ બે રીતે કરાવે છે. સાવ અપરિચિત નવા મુગ્ધ નમસ્કર્ત્તાને વેશ જોઇને જ એમ થઈ જાય છે કે 'આ મારા કરતાં ગુણાધિક છે' આવો નમસ્કર્ત્તા આવા વેશને જ ગુણ તરીકે સ્વીકારી જે કોઈ આવા વેશવાળા હોય તેઓનું ગુણી તરીકે જ્ઞાન કરે છે. અર્થાત્ લિંગ સ્વાવચ્છેદેન ગુણવત્તાનું ભાન કરાવે છે. જ્યારે પરિચિત નમસ્કર્ત્તા તો વેશ હોવા માત્રને ગુણરૂપ માનતો નથી કિન્તુ પૂર્વે બીજા કોઇ મહાત્મામાં લિંગ અને ગુણોનું સામાનાધિકરણ્ય=સાહચર્ય જોયું હોવાથી એનું અનુસંધાન કરી 'આ વ્યક્તિમાં આ વેશ છે તો એને અનુરૂપ જ્ઞાનાદિ બીજા ગુણો પણ હશે' એવી લિંગસમાનાધિકરણ બીજા ગુણોની કલ્પના કરે છે. આવી કલ્પના દ્વારા લિંગ સ્વાશ્રયમાં ગુણવત્તાનું પ્રતિસંધાન કરાવે છે. અર્થાત્ તેવા નમસ્કર્ત્તાને લિંગ, સ્વસામાનાધિકરણ્યેન ગુણવત્તાનું ભાન કરાવે છે. વળી ગુણવત્તાના આ પ્રતિસંધાનમાં ગુણ તરીકે લિંગીના જ્ઞાનાદિ આચારો જ ગૃહીત થાય છે. તેથી નમસ્કર્ત્તા લિંગ દ્વારા તેનામાં શુભ આચારોની સંભાવના કરી એની અનુમોદના રૂપે એને નમસ્કાર કરે છે. આમ નમસ્કાર કરવાથી લિંગીના આચારોનું અનુમોદન થાય છે.

**[પ્રતિમાની અધ્યાત્મશોધકતા સ્વસમાન ગુણોના સ્મરણ દ્વારા]**

પ્રતિમા=બિંબ કંઇ આ રીતે બિંબવાન (શ્રી અરિહંતાદિ)ની ગુણવત્તાનું પ્રતિસંધાન કરાવવા દ્વારા અધ્યાત્મશુદ્ધિ કરાવે છે એવું નથી કિન્તુ પોતાના જેવા નિર્વિકારતા, નિર્ભયતા, પ્રસન્નતા, વીતરાગતા વગેરે ભાવો શ્રી તીર્થંકરમાં હતા એવું સ્મરણ કરાવવા દ્વારા જ અધ્યાત્મશુદ્ધિમાં નિમિત્ત બને છે. અર્થાત્ જેમ લિંગ પોતે સ્વયં ગુણ તરીકે ઓળખાઇને કે ગુણ સહચારી તરીકે ઓળખાઇને પૂર્વે ગુણવાન્ તરીકે અજ્ઞાત એવા લિંગીનું ગુણવાન્ તરીકે પ્રતિસંધાન કરાવે છે અને અધ્યાત્મ શોધક બને છે તે રીતે બિંબ પોતે કંઈ ગુણ કે ગુણ સહચારી તરીકે ઓળખાઇને બિંબીનું ગુણવાન તરીકે પ્રતિસંધાન કરાવતું નથી. પણ પૂર્વે શ્રી અરિહંતના વીતરાગતાદિ જે ગુણોનો નિશ્ચય થઇ ગયો છે તે ગુણોનું પોતે તટસ્થરૂપે જ રહીને (અર્થાત્ પોતાની હાજરીથી બિંબવાનમાં ગુણવત્તા કે દોષવત્તાનો નિશ્ચય કરાવવારૂપે નહિ) માત્ર સ્મરણ કરાવવા દ્વારા જ બિંબવાનને ગુણવાન તરીકે માનસપટ પર ઉપસ્થિત કરી આપે છે.

**[દોષ જ્ઞાનની હાજરીમાં લિંગથી ગુણવત્તાનું પ્રતિસંધાન અશક્ય]**

વળી લિંગ, લિંગી વિના એકલું ક્યાંય રહેતું ન હોવાથી લિંગને નમસ્કાર કરવામાં ભેગો ભેગો લિંગીને પણ નમસ્કાર થઇ જ જાય છે માત્ર લિંગને નમસ્કાર થઈ શકતો નથી. અને તેથી લિંગીના આચારોનું અનુમોદન પણ થઈ જ જાય છે.

તેમ છતાં લિંગીના આચારો જ્ઞાત ન હોય ત્યારે તો લિંગદર્શનથી શુભાચારોની જ કલ્પના દ્વારા ગુણવત્તાનું પ્રતિસંધાન થાય છે અને તેની અનુમોદનારૂપ હોવાથી તેમજ ગુણવત્તાનું પ્રતિસંધાન થવા છતાં વંદનાદિ ન કરવામાં લાગતા ઉપેક્ષા દોષના પરિહારરૂપ હોવાથી તેને કરાતાં નમસ્કારાદિ અધ્યાત્મશોધક બને છે. પણ જ્યારે લિંગીના સાવદ્ય આચારોનો નિશ્ચય થઇ ગયો હોય ત્યારે એ નિશ્ચય બાધક તરીકે વર્ત્તી લિંગીમાં ગુણવત્તાનું પ્રતિસંધાન થવા દેતો નથી. તેથી નમસ્કાર વખતે ગુણો તો મનમાં ઉપસ્થિત થતા જ નથી કિન્તુ એના દોષો જ નજર સામે ડોકાયા કરે છે અને છતાં જો નમસ્કર્ત્તા નમસ્કાર કરે તો તેનાથી એના એ સાવદ્ય આચારો નમસ્કર્ત્તાને માન્ય છે એવું ફલિત થઈ જતું હોવાથી એની અનુમોદના થઈ જ જાય છે તેમ જ દુષ્કૃતઅનુમોદનાજન્ય પાપ પણ લાગે જ છે. પ્રતિમાને વંદનાદિ કરવામાં તો પૂર્વનિર્ણીત ગુણો જ નજર સામે તરવર્યા કરતા હોવાથી આવો દોષ લાગવાનો સંભવ રહેતો નથી.

આમ પ્રતિમા તો બિંબવાનના ગુણોનું સ્મરણ માત્ર કરાવે છે, પોતાનામાં કંઇ ગુણવત્તાનું પ્રતિસંધાન કરાવતી નથી એવું પ્રતિપાદન કર્યું, એનાથી જ કેવલજ્ઞાનાદિ ગુણ રહિત હોવાથી દેવ નહિ એવી પણ પ્રતિમાને નમસ્કાર કરનારાઓ અદેવને દેવ

अथैवं पार्श्वस्थत्वाद्यप्रतिसन्धानदशायामपि तल्लिङ्गवन्दनात् तत्सावद्यक्रियानुमतिप्रसङ्ग इति चेत् ? न, पुनः पुनर्दर्शने तत्र तद्रूपनिश्चयसम्भवात्, अपूर्वदृष्टे तु दोषप्रतिसन्धानादिविरहे तत्र गुणसम्भावनासम्भवाद्, अत एव तथैव तत्र सहसा वन्दनादिप्रवृत्तिः । उक्तं च–

[1]अपुव्वं दट्ठूणं अब्भुट्ठाणं तु होइ कायव्वं ।
साहुंमि दिट्ठपुव्वे जहारिहं जस्स जं जोग्गं ॥ (आव० नि० ११२५) त्ति ।

तथा च दोषवत्त्वेन ज्ञात एव गुणवत्त्वेन रुचिरनुचितेति फलितम् । उक्तं च–

[2]जह वेलंबगलिंगं जाणंतस्स णमओ हवइ दोसो ।
णिद्धंधसमिय णाऊण वंदमाणे धुवो दोसो ॥ त्ति (आव. नि. ११४९)

अत एव प्रतिमायामर्हदादेरिव तद्रूपे साध्वन्तरगुणाध्यारोपेण नमस्कारोऽपि प्रत्युक्तः, सावद्यकर्मयुक्ततया तस्याध्यारोपाऽविषयत्वादित्याहुः ।

---

તરીકે માનનારા બનવાથી મહામિથ્યાત્વી છે એવું કહેનારા મૂર્તિલોપક=સ્થાનકવાસીના મસ્તક પર=મુખ્ય અંગભૂત સિદ્ધાન્ત પર પ્રહાર થએલો જાણવો.

**શંકા** :– લિંગને કરાતા વંદનાદિ જો લિંગીના આચારોની અનુમોદના રૂપ હોય તો તો પાસત્થાદિ વિશે 'આ પાસત્થો છે' ઇત્યાદિરૂપ જાણકારીની ગેરહાજરીમાં પણ તેના લિંગને વંદનાદિ કરવાથી તેનામાં રહેલ સાવદ્ય ક્રિયાઓની અનુમોદના થઈ જવાની આપત્તિ આવશે.

## [માત્ર દ્રવ્યલિંગ, દોષજ્ઞાનની હાજરીમાં જ અવંદનીય]

**સમાધાન** :–લિંગીમાં શિથિલતાદિનું પુનઃ પુનઃ દર્શન થવાથી તેમાં પાસત્થાપણાનો નિશ્ચય થઈ જાય છે તેથી એ પછી તો એનું દ્રવ્યલિંગ જોવા છતાં દોષપ્રતિસંધાન ન થાય એવું બને નહિ એટલે ગુણવત્તાનું પ્રતિસંધાન થતું નથી અને તેથી નમસ્કાર કરાતો નથી. પણ જ્યારે લિંગીને નવો નવો જ જોયો હોય ત્યારે તેનામાં દોષપ્રતિસંધાન ન હોવાના કારણે ગુણસંભાવના સંભવિત હોવાથી એ ગુણપ્રતિસંધાનથી જ સહસા વંદનાદિ પ્રવૃત્તિ થાય છે. કહ્યું છે કે—'પહેલા ન જોયા હોય એવા સાધુને જોઈને અભ્યુત્થાન કરવું જોઇએ. પૂર્વે જોએલા હોય તો જેવા ગુણાદિવાળા હોવા રૂપે તેઓ પોતાને પરિચિત હોય તેને અનુરૂપ અભ્યુત્થાનાદિ કરવા.' આમ આ દોષવાન્ છે એવો જેને વિશે નિશ્ચય હોય તેને વિશે જ ગુણવાન્ ને અનુરૂપ રુચિ = વંદનાદિ કરવા અનુચિત છે. વંદનકનિર્યુક્તિમાં કહ્યું છે કે 'જેમ ભાંડ આદિએ ગ્રહણ કરેલ લિંગને જાણવા છતાં શ્રાવકો 'આ અમારા સાધુ છે' એમ કહીને વંદનાદિ કરે તો 'આ લોકો આવા ભાંડાદિને પણ નમે છે!' ઇત્યાદિ લોકાપ-

---

१. अपूर्वं दृष्ट्वाऽभ्युत्थानं तु भवति कर्त्तव्यम् । साधौ दृष्टपूर्वे यथार्हं यस्य यद्योग्यम् ॥
२. यथा विडम्बकलिंगं जानतो नमतो भवति दोषः । निद्धन्धसमेव ज्ञात्वा वन्दति ध्रुवो दोषः ॥

स्यादेतत्-सावद्यकर्मयुक्तता न साधुत्वाभावव्याप्यत्वेन प्रतिसंहिता साधुत्वाध्यारोपप्रतिबन्धिका, विशेषदर्शनतोऽप्याहार्यारोपप्रवृत्तेः, अन्यथा प्रतिमादावप्यर्हत्त्वाभावव्याप्यपौद्गलिकत्वज्ञाने तद्भेदाध्यवसायाऽसंभवादिति चेत् ? न, आहार्यारोपजनिकाया इच्छाया विधिनियन्त्रितत्वैव प्रवृत्तेः, न च विधिर्योग्यतामपुरस्कृत्य प्रवर्त्तते, कथमन्यथा जन्मादिसमयं विना शक्रादयोऽपि द्रव्यभगवज्जीवेषु भावभगवत्त्वमध्यारोप्य शक्रस्तवादिकं न पठेयुः ?

अथ द्रव्यशब्दो योग्यतायामेव रूढः, तदुक्तं पञ्चाशके—

[1]समयम्मि दव्वसद्दो, पायं जं जोग्गयाइ रूढोत्ति ।
णिरुवचरिओ अ बहुहा, पओगभेओवलंभाओ ॥
[2]मिउपिंडो दव्वघडो, सुसावगो तह य दव्वसाहुत्ति ।
साहू य दव्वदेवो, एमाइ सुए जओ भणियं ॥ ति । (६/१०-११)

---

વાદરૂપ પ્રવચનહીલના થાય છે તેમ પરિણામ ભાંગી ગયા છે એવું જાણ્યા પછી પણ પાસત્થાદિને વંદન કરવામાં અવશ્યમેવ આજ્ઞાવિરાધના વગેરે દોષો લાગે છે."

### [દ્રવ્યલિંગીમાં દોષનું જ્ઞાન ગુણવત્તાપ્રતિસંધાનનું પ્રતિબંધક]

તેથી જ 'જેમ પ્રતિમામાં કેવલજ્ઞાનાદિ ગુણો ન હોવા છતાં અરિહંતાદિનો અધ્યારોપ કરીને નમસ્કાર કરાય છે તેમ પાસત્થાદિના વેશમાં પણ બીજા ગુણવાન્ સાધુના ગુણોનો અધ્યારોપ કરીને નમસ્કાર કરવામાં કોઈ વાંધો નથી'—એવું કહેનાર ખોટો જાણવો. કારણ કે પ્રતિમા પોતે સાક્ષાત્ અરિહંતાદિ રૂપ ન હોવા છતાં એમાં અરિહંતપણાને વિરોધી એવું કોઇ સાવદ્યકર્મ ન હોવાથી અરિહંતપણાનો અધ્યારોપ થઈ શકે છે. જ્યારે પાસત્થાદિમાં તો સાધુપણાને વિરોધી સાવદ્ય કર્મની હાજરી જ્ઞાત હોવાથી તેઓમાં શુદ્ધ સાધુપણાનો અધ્યારોપ થઈ શકતો નથી. એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

### [દ્રવ્યલિંગ પણ ગુણવત્તાના આહાર્યઆરોપ દ્વારા વંદનીય-પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ :** 'જ્યાં જ્યાં સાવદ્યકર્મયુક્તતા હોય ત્યાં ત્યાં સાધુતા ન હોય' એવું સાવદ્યકર્મયુક્તત્વનું સાધુત્વાભાવને વ્યાપ્ય હોવા તરીકેનું પ્રતિસંધાન હોવા માત્રથી કંઈ સાવદ્યકર્મયુક્તતા જ્યાં હોય ત્યાં સાધુત્વના અધ્યારોપનો પ્રતિબંધ થઇ જતો નથી. કારણ કે એ રીતે સાધુત્વાભાવવ્યાપ્ય એવા સાવદ્યકર્મરૂપ વિશેષનું દર્શન હોવા છતાં આહાર્યઆરોપ તો થઈ જ શકે છે. અર્થાત્ જે વસ્તુ જ્યાં બાધિત હોય ત્યાં પણ જો કોઈને પ્રબળ ઇચ્છાથી 'ત્યાં તે છે જ' એવો આરોપ કરવો હોય તો તે કરી શકે છે. નહિતર તો પ્રતિમાદિ વિશે પણ અર્હત્ત્વાભાવને વ્યાપ્ય એવા પૌદ્ગ-

---

१. समये द्रव्यशब्दः प्रायः यद् योग्यतायां रूढ इति । निरूपचरितश्च बहुधा प्रयोगभेदोपलम्भात् ॥
२. मृत्पिंडो द्रव्यघटः सुश्रावकस्तथा च द्रव्यसाधुरिति । साधुश्च द्रव्यदेव एवमादि श्रुते यतो भणितम् ॥

तथा च येन पर्यायेण भाविभूतभावजनकत्वं वस्तुनस्तमेव पर्यायं पुरस्कृत्य तस्य द्रव्यत्वव्यपदेशः प्रवर्त्तते, अत एव शय्यासंस्तारकादिगतस्याऽऽवश्यकज्ञशरीरस्य द्रव्यावश्यकत्वं, न तु लोष्ट्वादि पर्यायेण परिणंस्यत इति तत्र तत्र तद्व्यवस्थितम्, इति तत्पर्यायविशिष्ट एव द्रव्ये कारणे कार्योपचाररूपो भावाध्यारोपः सङ्गच्छते । कथं पुनरयमेव न्यायः स्थापनायामायोज्यते ? इति चेत् ?

---

લિકત્વનું જ્ઞાન હોવાથી પ્રતિમામાં પણ અરિહંતના અભેદનો અધ્યવસાય અસંભવિત થઈ જાય. તેથી પાર્શ્વસ્થાદિ વિશે પણ સાધુતાનો આહાર્ય આરોપ કરવામાં અને એ રીતે વંદનાદિ કરવામાં શો વાંધો છે ?

## (દ્રવ્યલિંગીમાં આહાર્યઆરોપ અશક્ય-ઉત્તરપક્ષ)

**ઉત્તરપક્ષ :**-તમારી વાત અયુક્ત છે કારણ કે આહાર્યઆરોપજનિકા ઇચ્છા પણ ગમે તે વિષયની પ્રવર્ત્તતી નથી, કિન્તુ તાદૃશ યોગ્યતાને આગળ કરીને જ પ્રવર્તે છે. જે જે અંગેની એવી એવી વિધિ પ્રતિપાદિત હોય કે જેનું પાલન કરવા અવશ્ય અધ્યારોપ કરવો જ પડે તેમાં આવી વિધિયોગ્યતા હોય છે. આવી વિધિયોગ્યતાને આગળ કર્યા વિના પણ આહાર્ય આરોપ જો કરી શકાતો હોય તો તો શક્રાદિ જન્માદિ સમય વિના કે જ્યારે શક્રસ્તવાદિ બોલવાનો તેઓનો વિધિ (આચાર) નથી ત્યારે પણ દ્રવ્યભગવન્ જીવો વિશે ભાવભગવત્ત્વનો અધ્યારોપ કરીને શક્રસ્તવાદિ શા માટે બોલે ? પરંતુ સાવદ્ય ક્રિયાયુક્ત પાસત્થાદિને તો વંદનાદિ કરવાની કોઈ વિધિ કહી નથી કે જેથી એના નિર્વાહ માટે તેઓમાં ભાવસાધુતાનો અધ્યારોપ કરવાની ઇચ્છા પ્રવર્તે. ઉલ્ટું પાસત્થાદિ સાથે તો આલાપ-સંવાસાદિ કરવાનો પણ નિષેધ છે.

જેમકે શ્રી ઉપદેશમાળા શાસ્ત્રમાં કહ્યું છે કે—

आलावो संवासो वीसंभो संथवो पसंगो अ।
हीणायारेहिं समं सव्वजिणिंदेहिं पडिकुट्ठो ॥२२३॥

સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં પણ કહ્યું છે કે-'મંદા અન્નાણી દૂર છંડો.' તેથી તેવી વિધિયોગ્યતા ન હોવાના કારણે તાદૃશ ઇચ્છા ન પ્રવર્ત્તવાથી ભાવસાધુતાનો આહાર્ય આરોપ પણ કરી શકાતો નથી.

## [ ભાવ રૂપે પરિણમવાને અયોગ્ય હોવાથી પ્રતિમામાં ભાવઅધ્યારોપ અયુક્ત-પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ :**- 'દ્રવ્ય' શબ્દ 'યોગ્યતા'માં જ રૂઢ છે અર્થાત્ જેમાં ભાવરૂપે પરિણમવાની યોગ્યતા હોય તેને જ દ્રવ્ય કહેવાય છે. **શ્રી પંચાશકમાં** પણ કહ્યું છે કે-'સમયમાં=શાસ્ત્રમાં દ્રવ્ય શબ્દ પ્રાયઃ યોગ્યતા અર્થમાં નિરુપચરિત રીતે રૂઢ હોવો જણાય છે કારણ કે એવા ઘણા પ્રયોગો જોવા મળે છે જેમકે મૃત્પિંડનો દ્રવ્યઘટ

मेवं, "दव्वजिणा जिणजीवा" इत्यविशिष्टोक्तेरर्हज्जीवरूपाया भावार्हत्त्वोपादानत्त्व [? पादान]योग्यताया आकालमैकरूपतयैवाकलनात्, सहकारिविशेषसन्निधानजनितातिशयरूपाणामेकभविकबद्धायुष्काभिमुखनामगोत्रभावयोग्यताया [? ना] मेव तत्तद्व्यवहारकार्यजनकत्वात्, विवेचितं चेदं द्रव्यालोके, तथा च "यथाऽतिशयितद्रव्य एव भावाध्यारोपस्तथातिशयितस्थापनायामपीति प्रतिपत्तव्यं, अतिशयश्च द्रव्ये भावजननाभिमुख्यादिः, स्थापनायां तु विहितत्वप्रतिसंधानादिरविहिताचरणे आज्ञाविराधनादिदोषसंभवादिति द्रष्टव्यम्। एतेन प्रतिमायां सावद्यक्रियारूपदोषाऽभावेऽधर्माजननवन्निरवद्यक्रियाऽभावे धर्मजननमपि न युक्तम्, तदुक्तं--

---

તરીકે, સુશ્રાવકનો દ્રવ્ય સાધુ તરીકે અને સાધુનો દ્રવ્યદેવ તરીકે વ્યપદેશ શાસ્ત્રોમાં કર્યો છે.' તેથી તે તે વસ્તુ જે પર્યાયને લીધે ભવિષ્યકાલીન કે ભૂતકાલીન ભાવની જનક હોય તે પર્યાયને આગળ કરીને જ તે વસ્તુનો દ્રવ્ય તરીકે વ્યપદેશ થાય છે. તેથી જ આવશ્યકાદિને જાણનાર હોવાના કારણે શય્યા–સંસ્તારકાદિમાં રહેલા તેના શરીરને દ્રવ્યાવશ્યક કહેવાય છે નહિ કે એ શરીર માટી–ઢેફાદિ રૂપે પરિણમવાનું છે તેવા પર્યાયરૂપ શરીરને. તે તે સ્થાને જે એવો દ્રવ્યવ્યપદેશ આવે છે તે પણ આ રીતે જ સુસંગત થાય છે. આમ તેવા તેવા પર્યાય વિશિષ્ટ વસ્તુને જ દ્રવ્ય કહેવાય છે અને એવા દ્રવ્યમાં જ 'કારણમાં કાર્યોપચાર–કરવારૂપ' ભાવ અધ્યારોપ સંગત થાય છે. તેથી શ્રી અરિહંતોમાં કેવલોત્પત્તિ પૂર્વે પણ ભાવઅરિહંતપણાની યોગ્યતા હોવાના કારણે જ ભાવ અધ્યારોપ કરવો સંગત છે. પણ, પ્રતિમા તો ક્યારે ય ભાવજિન તરીકે પરિણત થતી ન હોવાથી–અર્થાત્ પ્રતિમામાં તો ભાવજિન થવાની યોગ્યતા જ ન હોવાથી તેમાં કારણમાં કાર્યોપચાર કરવા રૂપ અધ્યારોપ શી રીતે કરી શકાય?

**[ અતિશયિત સ્થાપનાત્મક પ્રતિમામાં ભાવ અધ્યારોપ સંગત–ઉત્તરપક્ષ**

**ઉત્તરપક્ષ :–** જેમ અતિશયિત દ્રવ્યમાં જ ભાવ અધ્યારોપ કરવામાં આવે છે તેમ અતિશયિત સ્થાપનામાં પણ ભાવ અધ્યારોપ માનવો જોઈએ.

'જિનેશ્વર ભગવાનના જીવો જ દ્રવ્યજિન છે' એવું સામાન્યતઃ જ વિધાન છે અર્થાત્ ચરમભવમાં જ તેઓ દ્રવ્યજિન છે એવું નહિ પણ અનાદિકાળથી નિગોદાદિ અવસ્થામાં પણ ભાવઅર્હત્ત્વનું ઉપાદાન કારણ બનવાની યોગ્યતા (અરિહંતનો જીવ હોવું એ જ યોગ્યતા) એક સરખી જ હોય છે.

**શંકા :–** જો એ રીતે અનાદિકાળથી જ તેઓ દ્રવ્યજિન હોય તો તો નિગોદાદિ અવસ્થામાં રહેલ દ્રવ્યજિનને ઉદ્દેશીને પણ ઈન્દ્રાદિ શક્રસ્તવાદિ કેમ ભણતા નથી?

**સમાધાન :–** તેવી યોગ્યતારૂપ દ્રવ્યજિનત્વ તેઓમાં યાવત્કાળ સમાન હોવા છતાં શક્રસ્તવ પાઠાદિરૂપ તે તે વ્યવહારકાર્ય તો સહકારી વિશેષના સંનિધાનથી થએલા એકભવિકત્વ, બદ્ધાયુષ્કત્વ, અભિમુખનામ–ગોત્રત્વાદ્યાત્મક તેવા તેવા અતિશયરૂપ ભાવ-

[1]अह सावज्जा किरिया, नत्थि य पडिमासु एवमियरा वि ।
तयभावे णत्थि फलं अह होउ अहेउगं होउ ।। [आव. नि. ११३३]

त्ति प्रत्युक्तम्, न हि नमस्करणीयगता क्रिया नमस्कर्तुः फलं जनयतीति स्याद्वादिनः सङ्गिरन्ते, अपि तु तमालम्ब्य प्रवृत्तः स्वगतशुभसङ्कल्प एव स्वस्य शुभफलप्रद इति । तदुक्तं–

[2]जिण सिद्धा दिंति फलं पूआए केण वा पवन्नमिणं ।
धम्माधम्मणिमित्तं फलं इहं सव्वजीवाणं ।। ति । [वि. आ. भा. ३२३०]

યોગ્યતાથી જ થાય છે જે નિગોદાદિ અવસ્થામાં ન હોવાથી ત્યાં રહેલા દ્રવ્યજિનને ઉદ્દેશીને શક્રસ્તવપાઠાદિ પ્રવર્ત્તતા નથી, આ અંગેનું વિશેષ વિવેચન સ્વરચિત દ્રવ્યાલોકમાંથી જાણી લેવું. વળી 'દ્રવ્ય' માટે 'ભાવને ઉત્પન્ન કરવામાં અભિમુખ હોવું' વિગેરે'એ જ અતિશય છે જ્યારે સ્થાપના માટે તેમાં 'વિહિતત્વાદિનું પ્રતિસંધાન' એ જ અતિશય છે. અર્થાત્ પ્રાણ પ્રતિષ્ઠા (અંજનશલાકા) વગેરે રૂપ વિધાનો થયા હોય તો જ પ્રતિમામાં પણ ભાવ આરોપ કરી શકાય છે. પાસત્થાદિમાં ભાવસાધુના લિંગાદિરૂપ સ્થાપના હોવા છતાં નિરવદ્ય ક્રિયાદિરૂપ વિહિતત્વ હોતું નથી. તેથી તેઓમાં ભાવસાધુતાનો અધ્યારોપ કરવો શાસ્ત્ર સંમત ન હોવાથી અવિહિત છે અને છતાં તેવો આરોપ કરી વંદનાદિ કરવા એ અવિહિત આચરણરૂપ હોવાથી આજ્ઞા વિરાધનાદિ દોષ લાગે છે. તેથી પાસત્થાદિમાં તેવો આરોપ કરીને પણ વંદનાદિ કરાતા નથી.

## [ નિરવદ્યક્રિયા શૂન્ય પ્રતિમાને કરાતા નમસ્કારાદિ પણ પુણ્યફલક ]

આમ પ્રતિમામાં અતિશય હોવાના કારણે ભાવ આરોપ કરાય છે. આવું જે પ્રતિપાદન કર્યું તેનાથી જ 'જેમ સાવદ્યક્રિયારૂપ દોષ ન હોવાના કારણે પ્રતિમાને વંદનાદિ કરવામાં પાપ લાગતું નથી તેમ નિરવદ્યક્રિયા પણ ન હોવાથી પુણ્ય પણ થતું નથી, છતાં જો પુણ્ય થતું હોય તો એ પુણ્યાત્મક ફળની ઉત્પત્તિ નિર્હેતુક થએલી માનવી પડશે.–' એવું કથન પણ નિરસ્ત જાણવું. કારણ કે 'નમસ્કરણીયમાં રહેલ ક્રિયા નમસ્કર્ત્તાને ફળ આપે છે.' એવું સ્યાદ્વાદીઓ માનતા નથી કિન્તુ નમસ્કરણીયના આલંબનથી નમસ્કર્તાને પોતાને પ્રવર્તેલ શુભસંકલ્પ જ શુભફળને આપનારો બને છે. કહ્યું છે કે–શ્રી જિનેશ્વરો કે સિદ્ધો પૂજાનું ફળ આપે છે એવું કોણ કહે છે? સર્વ જીવોને ફળ તો પોતાના ધર્મ કે અધર્મના નિમિત્તે જ મળે છે.'

શંકા:– જો નમસ્કરણીય એવા પ્રતિમાદિ કાંઈ પણ ફળ આપતાં ન હોય તો નમસ્કર્તાને ઉપકારક શી રીતે બને?

---

૧. यथा सावद्या क्रिया नास्ति च प्रतिमासु एवमितरापि । तदभावे नास्ति फलमथ भवत्वहेतुकं भवतु ।।
૨. जिनसिद्धा ददति फलं पूजायाः केन वा प्रपन्नमिदम् । धर्माधर्मनिमित्तं फलमिह सर्वजीवानाम् ।।

ननु तर्हि प्रतिमादयः कथमुपकुर्वन्ति ? इति चेत् ? प्रशमरसनिमग्नमित्यादिभगवद्गुणभावनाजनितमनोविशुद्धिहेतुतयेति गृहाण । उक्तं च—

"[1]कामं उभयाभावो तहवि फलं अत्थि मणविसुद्धीए ।

तीए पुण मणविसुद्धीइ, कारणं होंति पडिमाओ [आव०नि० ११३४] त्ति ॥

अथैवं पार्श्वस्थादिद्रव्यलिङ्गमपि मुनिगुणसङ्कल्पकारणतया मनःशुद्ध्यै वन्दनीयमस्तु इति चेत् ? कोऽयं सङ्कल्पः ? (१) किं द्रव्ये भावाध्यारोपरूपः ? (२) उत स्थापनायां तदारोपरूपः ? (३) आहोस्वित्तटस्थतयैव भावानुमानं ? (४) अथवा भावानुस्मरणं ? । तत्र न प्रथमः, प्रतिमायामिव द्रव्यलिङ्गे भावकारणत्वघटकरूपनिरवद्यक्रियाया योगमनपेक्ष्य प्रशस्तभावाध्यारोपाऽप्रवृत्तेः । प्रवर्त्तमानस्य चायोग्ये योग्याध्यवसायरूपतयाऽशुभसङ्कल्परूपतया प्रत्युत क्लिष्टकर्मबन्धकारणत्वात् । अतएव द्रव्यलिङ्गप्रतिमयोः सावद्यनिरवद्यक्रियोभयसत्त्वाऽसत्त्वाभ्यां विशेष आवेदितो भवति । उक्तं च—

[2]जइवि अ पडिमाउ जहा, मुणिगुणसंकप्पकारणं लिङ्गं ।

उभयमवि अत्थि लिंगे, ण य पडिमासूभयं अत्थि [आव. नि. ११३५] त्ति ॥

---

(ગુણોનો સંકલ્પ કરાવવા દ્વારા પ્રતિમા ઉપકારક)

**સમાધાન** :– પ્રતિમાદિ, "[3]પ્રશમરસ–નિમગ્ન" વગેરે સ્તુતિના માધ્યમે ભગવાનૂના ગુણોની ભાવના જગાડવા દ્વારા મનોવિશુદ્ધિમાં હેતુભૂત બનવારૂપે ઉપકારક બને છે. કહ્યું છે કે '(પ્રતિમામાં) સાવદ્ય અને નિરવદ્ય બન્ને ક્રિયાનો અભાવ છે જ છતાં મનો વિશુદ્ધિથી ફળપ્રાપ્તિ થાય છે અને એ મનની વિશુદ્ધિ પ્રતિમાથી થાય છે તેથી પ્રતિમા પણ ફળ પ્રાપ્તિમાં ઉપકારક છે.'

**પૂર્વપક્ષ** :– એ રીતે તો પાસત્થાદિના દ્રવ્યલિંગથી પણ ભાવસાધુના ગુણોનો સંકલ્પ કરાવવા દ્વારા મનવિશુદ્ધિ સંભવિત હોવાથી એને પણ વંદનીય માનવું જોઈએ.

(દ્રવ્યલિંગીમાં ભાવસાધુના ગુણોનો સંકલ્પ અશક્ય)

**ઉત્તરપક્ષ** :– ભાવસાધુના ગુણોના સંકલ્પ તરીકે તમારે શું અભિમત છે ?

(૧) દ્રવ્યમાં ભાવનો અધ્યારોપ કરવો તે, કે

(૨) સ્થાપનામાં ભાવનો અધ્યારોપ કરવો તે, કે

(૩) તટસ્થરૂપે જ ભાવનું અનુમાન કરવું તે, કે

(૪) ભાવનું સ્મરણ કરવું તે ?

---

१. काममुभयाभावस्तथापि फलमस्ति मनोविशुद्धेः । तस्याः पुनर्मनोविशुद्धेः कारणं भवन्ति प्रतिमाः ॥

२. यद्यपि च प्रतिमा यथा मुनिगणसंकल्पकारणं लिङ्गम् । उभयमप्यस्ति लिंगे, न च प्रतिमासूभयमस्ति ॥

३. प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नम्, वदनकमलमङ्कः कामिनीसंगशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसंबंधवंध्यं तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

इदं खल्वत्र तात्पर्यं–यत् प्रतिमायामर्हद्बुद्धिः स्थापनाभावाभेदाध्यवसायपर्यवसायिनी, सा च स्वालम्बनस्य प्रतिष्ठादिरूपामेव योग्यतामपेक्ष्य प्रशस्यते । या तु पार्श्वस्थादिद्रव्यलिङ्गे साधुबुद्धिः सा तु निरवद्यक्रियाघटितं द्रव्यत्वमेवानपेक्ष्य प्रवर्त्तमाना विपर्यासरूपतया कथं प्रशस्यताम् ? अथ द्रव्यलिङ्गि द्रव्यत्वाभाववचनं कुतो न व्याहन्यते ? इति चेत् ? न, अत्र द्रव्यपदस्याप्रधानार्थकत्वात् उपचारतोऽप्रधानार्थकस्यापि द्रव्यपदस्य क्वचिद्दर्शनात् । तदुक्तं पञ्चाशके—

"[1]अप्पाहन्ने वि इहं कत्थइ दिट्ठो उ दव्वसद्दोत्ति ।
अंगारमद्दओ जह दव्वायरिओ सयाऽभव्वो ॥ [६–१३] [उप. पद–२५४] त्ति ।

## [દ્રવ્યલિંગમાં ભાવના અધ્યારોપરૂપ ગુણસંકલ્પ અયુક્ત]

(૧) પહેલો વિકલ્પ મનાય નહિ કારણ કે પ્રતિમામાં પ્રશસ્ત ભાવ અધ્યારોપ માટે નિરવદ્ય ક્રિયાદિની અપેક્ષા નથી. માત્ર પ્રતિષ્ઠાદિરૂપ વિહિતત્વાત્મક અતિશયના કારણે જ આરોપ થઈ શકે છે. કિન્તુ દ્રવ્યલિંગમાં એવું નથી. દ્રવ્ય નિક્ષેપામાં તે ભાવનું કારણ બની શકે એ માટે એના અંશભૂત નિરવદ્યક્રિયાની અવશ્ય અપેક્ષા હોવાથી (કારણ કે ઉપયોગ ન હોવા છતાં પણ આવશ્યકાદિની ક્રિયા હોય તો જ દ્રવ્યાવશ્યકાદિ કહેવાય છે) અને એ નિરવદ્ય ક્રિયા જ અતિશયરૂપ હોવાથી એ વિનાના દ્રવ્યલિંગમાં ભાવ અધ્યારોપ થઈ શકતો નથી–નિરવદ્ય ક્રિયા રહિતના એવા પણ એ દ્રવ્યલિંગમાં જો ભાવ આરોપ કરવામાં આવે તો એ અયોગ્યમાં યોગ્યનો અધ્યવસાય કરવારૂપ હોવાથી અશુભ સંકલ્પાત્મક બને છે, શુભ સંકલ્પાત્મક નહિ અને તેથી શુભ ફળપ્રદ બનવાને બદલે ઊલ્ટું ક્લિષ્ટ કર્મબંધનું જ કારણ બને છે. આવું હોવાથી જ દ્રવ્યલિંગ અને પ્રતિમાનો તફાવત જણાય છે કે દ્રવ્યલિંગમાં ભાવ આરોપ માટે નિરવદ્યક્રિયાની આવશ્યકતા છે જ્યારે પ્રતિમામાં નિરવદ્યક્રિયાની અપેક્ષા નથી–આવશ્યકનિર્યુક્તિમાં પણ કહ્યું છે કે 'જો કે જેમ પ્રતિમા જિનગુણ–સંકલ્પ કારણ છે તેમ લિંગ પણ મુનિ ગુણ સંકલ્પ–કારણભૂત હોવાથી બન્ને સમાન છે. છતાં બન્ને વચ્ચે વૈધર્મ્ય પણ છે જ. કારણ કે લિંગમાં સાવદ્ય–નિરવદ્ય ઉભય કર્મ સંભવિત છે જ્યારે પ્રતિમામાં બન્ને નથી. તેથી લિંગમાં તો જે નિરવદ્ય કર્મ યુક્ત હોય તે અંગે જ મુનિગુણસંકલ્પ કરવો એ સમ્યક્સંકલ્પ હોવાથી શુભફલક બને છે. સાવદ્યકર્મયુક્તમાં કરાતો એવો સંકલ્પ તો વિપર્યાસસંકલ્પ હોવાથી અશુભ ફલક જ છે.

## [પ્રતિમાને કરાતા વંદનાદિનું તાત્પર્ય]

તાત્પર્ય એ જ છે કે પ્રતિમામાં અરિહંતપણાની બુદ્ધિ સ્થાપના અને ભાવનિક્ષેપાના અભેદ અધ્યવસાયમાં જ પર્યવસિત થાય છે. આવો અભેદ–અધ્યવસાય તો પ્રતિષ્ઠાદિરૂપ યોગ્યતા હોય તો જ પ્રશસ્ત હોવાથી શુભ ફળપ્રદ બને છે જ્યારે દ્રવ્ય-

૧. अप्राधान्येऽपीह क्वचिद् दृष्टस्तु द्रव्यशब्द इति । अङ्गारमर्दको यथा द्रव्याचार्यो सदाऽभव्यः ॥

नापि द्वितीयो, अयोग्यस्य योग्याभेदाध्यारोपाविषयत्वादेव, अन्यथा विडम्बकलिङ्गस्याप्युपास्यत्वापत्तेः। 'वेषवतोऽयोग्यत्वेऽपि वेषो नायोग्य' इति चेत्? न, तत्रापि प्रवचनहीलनानुगुणत्वाद्ययोग्यतासत्वात्, चौरसंसर्गिणोऽपि चौरप्रायत्वाच्च। अपि च गुणवदभेदाध्यारोपस्य तद्गतोत्कर्षवत्त्वप्रतीतिः प्रयोजनमत एव 'गङ्गायां घोषः' इत्यत्र गङ्गापदस्य गङ्गातीरे लक्षणया तत्र गङ्गाभेदाध्यवसायादेव शैत्यपावनत्वादिकं प्रतीयत इति शास्त्रीय प्रवादः, अन्यथा 'गङ्गायां घोषः' इति प्रयोगस्य 'गङ्गातटे घोषः' इति प्रयोगादविशेषापत्तेः। अत एव रूपकालङ्कारादिगर्भतत्तद्वृत्तघटितस्तुतिस्तोत्रादिप्रणयनोद्भूतप्रभूतभक्तिप्राग्भाराद्विपुलनिर्जरालाभो भगवतः स्तुतिकृताम्।

---

લિંગીમાં સાધુપણાની બુદ્ધિ માટે નિરવદ્ય ક્રિયાઘટિત દ્રવ્યત્વ રૂપ યોગ્યતાની અપેક્ષા છે. તેથી તાદૃશ યોગ્યતા વિનાના પણ પાસત્થાદિમાં કરાતો અભેદારોપ પ્રશસ્ત શી રીતે બને? અને શુભફળપ્રદ પણ શી રીતે બને?

**શંકા** :– દ્રવ્યલિંગમાં તાદૃશ દ્રવ્યત્વરૂપ યોગ્યતા નથી દ્રવ્યત્વાભાવ છે એવું વચન 'મારી મા વાંઝણી છે' એવા વચનની જેમ શું સ્વતઃ વ્યાહત નથી?

**સમાધાન** :– અહિંઆં દ્રવ્યલિંગ શબ્દમાં જે 'દ્રવ્ય' પદ છે એ અપ્રધાનાર્થક છે. અર્થાત્ પાસત્થાદિનું લિંગ ભાવનું કારણ બનતું ન હોવાથી પ્રધાનતયા=મુખ્યતયા એ 'દ્રવ્ય' ન હોવા છતાં ઉપચારથી દ્રવ્યલિંગ કહેવાય છે. જ્યારે દ્રવ્યત્વાભાવ જે કહ્યો છે તેમાં પ્રધાનતયા દ્રવ્યની વિવક્ષા છે તેથી કોઈ વચન વિરોધ નથી. વળી આ રીતે અપ્રધાનાર્થક દ્રવ્યપદનો પણ પ્રયોગ શાસ્ત્રોમાં દેખાય છે **શ્રી પંચાશક** [તેમજ ઉપદેશ પદ]માં કહ્યું છે કે 'અહીં'=શ્રી જિન પ્રવચનમાં અપ્રાધાન્ય અર્થમાં પણ ક્યાંક ક્યાંક દ્રવ્યશબ્દનો પ્રયોગ દેખાય છે, જેમકે અભવ્ય એવા પણ અંગારમર્દક આચાર્ય કે જેઓ ક્યારેય ભાવઆચાર્ય બનવાના નથી તેઓનો પણ દ્રવ્યાચાર્ય તરીકે ઉલ્લેખ કર્યો છે.

### [સ્થાપનામાં ભાવારોપરૂપ ગુણસંકલ્પ પણ દ્રવ્યલિંગમાં અયોગ્ય]

સ્થાપનામાં ભાવારોપ કરવારૂપ સંકલ્પનો બીજો વિકલ્પ પણ અયોગ્ય છે. કારણ કે નિરવદ્ય ક્રિયારૂપ યોગ્યતા ન હોવાના કારણે અયોગ્ય એવું દ્રવ્યલિંગ યોગ્યના અભેદ આરોપનો વિષય બનતું નથી. નહિતર તો ભાંડાદિએ ગ્રહણ કરેલું લિંગ પણ ઉપાસ્ય બની જવાની આપત્તિ આવશે.

**પ્રશ્ન** :– વેષવાળા પાસત્થાદિ અયોગ્ય હોવા છતાં વેષ તો શાસ્ત્રોક્ત હોવાથી અયોગ્ય નથી જ તો પછી વેષને વંદનાદિ કરવામાં શું દોષ છે?

### [પાસત્થાદિનો સાધુવેશ પણ વંદનીય નથી]

**ઉત્તર**–જેમ ભાંડાદિને વંદન કરવાથી પ્રવચનહીલના વગેરે થાય છે તેમ તેઓના વેષમાંપ્રવચન હીલનાને અનુકૂળ હોવા વગેરે રૂપ અયોગ્યતા હાજર હોવાથી એ વેષ

एतेन प्रतिमायां 'तीर्थंकरोऽयं मोक्षदो भवतु' इत्यादि मृषाभाषाप्रयोगः कर्मबन्धायेति वदन् लुम्पकः स्वयमेव स्वशिरसि भूतायत्त इव धूलिं प्रक्षिपन्नवगन्तव्यो, विशिष्टभक्त्या भाषितयोस्तादृशस्तुतिप्रयोजिकयोः स्थापनायाचनादिसत्यासत्यामृषाभाषयोः श्रेयोमूलत्वात्, स्थाप्यस्थापनयोरुपमेयोपमानयोश्च भाषाविशेषेण भेदतिरोधानतारतम्येणैव भक्तितारतम्योद्भवदर्शनात्, अत एव लाक्षणिकप्रयोगेऽपि सारोपासाध्यवसानामूलकयोरनयोः स्फुट एव विशेष इति। तथा च द्रव्यलिङ्गे भावलिङ्गाध्यारोपात्तत्रातिशयितत्वप्रतिसन्धानेऽवर्जनीयसन्निधिकतया तद्वत्यप्यतिशयितत्वप्रतिसंधाने तदनुमतिप्रयुक्तो दोषः कथङ्कारं वारणीयः? इदमेवाभिप्रेत्योक्तं—

[1]णियमा जिणेसु उ गुणा पडिमाउ दिस्स जे मणे कुणइ।
अगुणे उ वियाणंतो कं णमउ मणे गुणं काउं ॥ [आव. नि. ११३६]

---

પણ અયોગ્ય જ છે. વળી ચોરનો સંગ કરનાર પણ જેમ ચોર ગણાય છે તેમ અયોગ્યના સંગમાં હોવાથી પણ તેઓનો વેષ અયોગ્ય જ ગણાય છે વળી ગુણવાન્ નો જ્યારે બીજામાં અભેદ અધ્યવસાય કરવામાં આવે છે ત્યારે એમાં પ્રયોજન એ જ હોય છે કે બીજામાં પણ તેવા ગુણોત્કર્ષની પ્રતીતિ કરવી તેથી જ 'ગંગાયાં ઘોષઃ' ઇત્યાદિમાં ગંગાપદની ગંગાતીરમાં લક્ષણા કરવાથી તેમાં ગુણવાળી ગંગાના અભેદનો અધ્યવસાય થાય છે અને તેથી ઘોષમાં પણ ઠંડક–પવિત્રતા વગેરે ગુણો પ્રતીત થાય છે એવો શાસ્ત્રપ્રવાદ છે. જો લક્ષણા કરીને માત્ર 'ગંગાતીરપર વાડો છે' એટલું જ કહેવાનું અભિપ્રેત હોય અને તેમાં ગંગા જેવા શૈત્ય-પાવનત્વ છે એવી પ્રતીતિ કરાવવાનું પ્રયોજન ન હોય તો તો વક્તા 'ગંગાયાં ઘોષઃ એવા પ્રયોગને સમાન (=પ્રતીતિ કરાવવામાં કોઈ રીતે ન્યૂન નહિ) એવો 'ગંગાતટે ઘોષઃ' પ્રયોગ જ શા માટે ન કરે? એવો પ્રયોગ કરવામાં પણ પોતે સ્વતંત્ર જ છે તેમ જ કોઇ વિશેષ જોર પડી જતું નથી. ઉલટું સાંભળનારને જલ્દીથી સ્વાભિપ્રેત તાત્પર્યનો બોધ થઇ જવા રૂપ લાભ જ તેમાં છે...

આમ અભેદોપચારથી ગુણવત્તાની પ્રતીતિ થતી હોવાના કારણે જ રૂપકાલંકારાદિ ગર્ભિત સ્તુતિવગેરેથી સ્તવના કરનારાઓમાં અત્યંતભક્તિભાવ ઉછાળા મારે છે જેનાથી વિપુલ કર્મનિર્જરા થાય છે.

## [ભક્તિથી બોલાએલી ભાષા મૃષા નથી]

આમ અભેદોપચારથી ગુણવત્તાની પ્રતીતિ દ્વારા વિપુલકર્મ નિર્જરાનો લાભ થાય છે એવું જે પ્રતિપાદન કર્યું તેનાથી જ પ્રતિમાને ઉદ્દેશીને 'આ તીર્થંકર મોક્ષ આપનાર થાઓ' ઇત્યાદિ વચન મૃષાવાદ હોવાથી કર્મબંધ કરાવે છે એવું બોલતો સ્થાનકવાસી પોતાના જ માથા પર ધૂળ નાખતા ભૂતાવિષ્ટ માણસ જેવો જાણવો. કારણ કે પોતે પણ મુહપત્તિ આદિમાં ગુરુચરણની કલ્પના કરી 'તમને વંદન કરું છું' વગેરે અભિપ્રા-

---

१. नियमाज्जिनेषु तु गुणाः प्रतिमाः दृष्ट्वा यान् मनसिकरोति।
अगुणांस्तु विजानन् कं नमतु मनसि गुणं कृत्वा? ॥

अथ यद्धर्मावच्छेदेनोत्कर्षवत्त्वज्ञानं तद्धर्मावच्छेदेनैव तदनुमितिरिति चेत्? तथापि स्वदुक्तरीत्या पार्श्वस्थत्वाद्यवच्छेदेनापि साध्वभेदाध्यारोपादिसामग्र्योत्कर्षवत्त्वज्ञानात्तदवच्छेदानुमत्या कथं न प्रमादोपबृंहणम् । अत एवोक्तं—

યવાળા વાંદણાદિ સૂત્રો બોલતો હોવાથી જાતને પણ મૃષાવાદી જાહેર કરે છે. તેમજ વિશિષ્ટભક્તિથી બોલાએલી અને રૂપકાલંકારાદિ ગર્ભિત તાદૃશસ્તુતિ વગેરેની પ્રયોજિકા એવી સ્થાપના યાચનાદિ ભેદવાળી સત્ય કે અસત્ય–અમૃષા એવી વ્યવહાર ભાષા કલ્યાણની જ હેતુભૂત બને છે. સ્થાપ્ય–સ્થાપનાનો તેમજ ઉપમેય–ઉપમાનનો ભેદ અમુક અંશે તિરોહિત થાય અને અમુક અંશે અભેદ પ્રતીત થાય એવી તરતમતા ભાષાવિશેષથી જ થાય છે. આ તારતમ્યને અનુસરીને જ ભક્તિનું તારતમ્ય થતું પણ દેખાય છે. તેથી તેવું તારતમ્ય જેમ વધે એ રીતની સત્ય કે વ્યવહાર ભાષા પણ કલ્યાણ કરનારી બને જ છે. આવું ભેદતિરોધાનનું તારતમ્ય હોવાને કારણે જ [1]સારોપાલક્ષણા અને સાધ્યવસાના લક્ષણાથી થતા વાકય પ્રયોગ લાક્ષણિક હોવા છતાં બન્ને વાકયપ્રયોગોમાં સ્પષ્ટ વિશેષતા હોય છે.

## [પાસત્થાદિના લિંગમાં કોઇ ગુણોનું અનુસંધાન શકય નથી]

આમ અભેદાધ્યવસાયથી ગુણવત્તાની પ્રતીતિ થઇ જતી હોવાથી ભાવલિંગનો દ્રવ્યલિંગમાં અભેદાધ્યવસાય કરવાથી દ્રવ્યલિંગમાં પણ અતિશયિતત્વની પ્રતીતિ થાય છે. વળી લિંગ, લિંગી વિના રહેનારું ન હોવાથી લિંગી પણ ત્યાં અવશ્ય હાજર હોય જ છે તેથી દ્રવ્યલિંગમાં થતી અતિશયિતત્વની પ્રતીતિથી તદ્વાન એવા પાસત્થાદિમાં અતિશયિતત્વનું પ્રતિસંધાન થાય છે અને તેથી લિંગને નમસ્કારાદિ કરવામાં લિંગીની પણ અનુમોદના થઇ જ જાય છે. આ જ અભિપ્રાયથી કહ્યું છે કે–'નમસ્કર્ત્તા પ્રતિમાને જોઇને જે ગુણોને મનમાં લાવે છે તે જ્ઞાનાદિ ગુણો શ્રી જિનેશ્વરોમાં અવશ્ય છે જ. તેથી આકૃતિથી તુલ્ય અને સાવદ્યકર્મરહિત એવી પ્રતિમામાં જિનગુણસંકલ્પ પુણ્યફળક બને છે પરંતુ પાસત્થાદિમાં તો દોષોનું પ્રતિસંધાન છે અને ગુણો તો છે નહિ તો પછી તેના લિંગમાં કયા ગુણોને મનમાં લાવીને નમસ્કાર કરે?

**પૂર્વપક્ષ :** જે ધર્મને આગળ કરીને ઉત્કર્ષનું જ્ઞાન થાય તે જ ધર્મને આગળ કરીને તેની અનુમોદના થતી હોવાથી એ અનુમોદના પરમાર્થથી તે ધર્મની જ અનુમોદનામાં પર્યવસિત થાય છે. તેથી પાસત્થાદિને પણ એના લિંગને આગળ કરીને

૧. જેમાં આરોપ્યમાન (ઉપમાન) અને આરોપ વિષય (ઉપમેય) એ બન્ને શબ્દથી કથિત હોય છે તેવી લક્ષણા સારોપા કહેવાય છે. જ્યાં ઉપમાનનો જ શબ્દથી ઉલ્લેખ હોય, ઉપમેયનો તો તેમાં જ અંતર્ભાવ કરવાની વિવક્ષા હોવાથી પૃથગ્શબ્દથી ઉલ્લેખ ન હોય તે સાધ્યવસાના લક્ષણા કહેવાય છે.

[1]किइकम्मं च पसंसा सुहसीलजणम्मि कम्मबंधो य।

जे जे पमायठाणा ते ते उववूहिआ हुंति ॥ [आव नि. ११९२] त्ति। ये तु तद्विषयककृतिकर्मप्रशंसे कारणप्राप्ते ते तु स्वारसिकतदुत्कर्षज्ञानाऽजनकतया न तद्गतप्रमादोपबृंहणप्रवणे। अत एवेत्थं तद्विधानमस्मार्षुः—[आ० नि० ११२६–२७–२८]

[2]मुक्कधुरासंपागडसेवी चरणकरणपब्भट्ठे। लिङ्गावसेसमित्ते जं कीरइ तं अओ वुच्छं॥

[3]वायाइ नमुक्कारो हत्थुस्सेहो य सीसनमणं च। संपुच्छणऽच्छणं छोभवंदणं वंदणं वावि॥

[4]परियायपरिसपुरिसे खित्तं कालं च आगमं णच्चा।

कारणजाए जाए जहारिहं जस्स जं जोग्गं॥

[5]परियायबंभचेरं परिसं विणीया सि(इ) पुरिस णच्चा वा।

कुलकज्जादायत्ता, आघवउ गुणागमसुअं वा॥ [भा. २०४]

[6]एयाइं अकुव्वंतो जहारिहं अरिहदेसिए मग्गे।

ण हवइ पवयणभत्ती, अभत्तिमंतादयो दोसा॥ [आ० नि० ११२९] त्ति। तथा च कारणिकतद्वन्दनप्रवृत्तेरभक्तिमत्त्वादिदोषपरिजिहीर्षयैव प्रवृत्तत्वात् प्रवचनभक्त्यादिको गुण एव, न तु दोष इति द्रष्टव्यम्। दृष्ट्वा च तादृशं कारणं तथाऽऽचरणीयं, न तु स्वरसतस्तत्र प्रवृत्त्युत्तरं यादृच्छिकालम्बनमुद्भावनीयं, तादृशालम्बनस्य प्रमादाचरणपर्यवसितत्वात्। यदागमः—

જ વંદનાદિ હોવાથી એ લિંગની જ અનુમોદના થાય છે, એના સાવદ્ય આચારોની નહિ. તેથી એ વંદનાદિમાં કોઈ દોષ નથી.

**ઉત્તરપક્ષ :–** છતાં સામી વ્યક્તિ પાસત્થો છે એવું જ્ઞાન પણ સાથે હાજર હોવાથી સાધુના અભેદ આરોપમાં એ ધર્મને આગળ થવાની પણ સામગ્રી હાજર જ રહેવાથી ઉત્કર્ષવત્તાના જ્ઞાનમાં એ ધર્મ પણ આગળ થાય જ છે. તેથી એ ધર્મયુક્ત હોવારૂપે પણ પાસત્થાદિની અનુમોદના થવાના કારણે પ્રમાદનું અનુમોદન થાય જ છે. તેથી જ કહ્યું છે કે 'સુખશીલને ઉદ્દેશીને કૃતિકર્મ (= વંદન) અને પ્રશંસાદિ કરવાથી કર્મબંધ થાય છે કારણ કે એમ કરવામાં જે જે પ્રમાદસ્થાનોને તેઓ સેવતા હોય છે તે બધાની ઉપબૃંહણા થાય છે.'

છતાં અમુક પુષ્ટકારણોને લઇને તેઓના પણ જે કૃતિકર્મ–પ્રશંસાદિ કરાય છે તે તો 'નમસ્કારાદિ કરવા છે માટે કરાય છે' એવા ન હોવાથી સામાન્યથી નમસ્કારાદિ

१. कृतिकर्म च प्रशंसा सुखशीलजने कर्मबन्धाय। यानि यानि प्रमादस्थानानि तानि तान्युपबृंहितानि भवन्ति॥
२. मुक्तधुः संप्रकटसेवि चरणकरणप्रभ्रष्टः। लिङ्गावशेषमात्रे यत्क्रियते तत्पुनर्वक्ष्ये॥
३. वाचा नमस्कारो हस्तोच्छ्रयश्च शिरो नमनं च। सम्प्रच्छनमासनं छोभवंदनं वंदनं वाऽपि॥
४. पर्यायपरिषत्पुरुषान् क्षेत्रं कालं चागमं ज्ञात्वा। कारणजाते जाते यथार्हं यस्य यद्योग्यम्॥
५. पर्यायो ब्रह्मचर्यं परिषद् विनीतास्य पुरुषं ज्ञात्वा वा। कुलकार्याण्यायत्तान्याख्यातो गुणाऽऽगमश्रुतं वा॥
६. एतान्यकुर्वतो यथार्हमर्हद्दर्शिते मार्गे। न भवति प्रवचनभक्तिरभक्त्यादयो दोषाः॥

[1]आलंबणाण भरिओ लोगो जीवस्स अजउकामस्स ।
जं जं पिच्छइ लोए तं तं आलंबणं कुणइ ॥ त्ति । [आ० नि० ११८८]

નમસ્કાર્યનું જેવું ઉત્કર્ષજ્ઞાન કરાવે છે તેવું સ્વારસિક ઉત્કર્ષજ્ઞાન કરાવનાર બનતા નથી. તેથી એ નમસ્કારાદિ તેનામાં રહેલ પ્રમાદનું અનુમોદન કરાવતા નથી. તેથી જ પાસત્થાદિને પણ પ્રસંગે કરવાના વંદનાદિની આ રીતની વિધિ કહી છે કે–જેઓએ સંયમધુરાને છોડી દીધી છે, જેઓ પ્રવચન ઉપઘાતાદિથી નિરપેક્ષ રીતે પ્રકટમાં જ દોષોને સેવે છે, વ્રતાદિરૂપચરણ અને પિંડવિશુદ્ધિ આદિરૂપ કરણથી જેઓ ભ્રષ્ટ થયા છે તેવા કેવળ દ્રવ્યલિંગયુક્ત લિંગી વિશે પણ તેઓ દ્વારા સંઘાદિનું કોઇ પ્રયોજન સારવા શું કરવું તે હવે કહીએ છીએ.

( પુષ્ટકારણની હાજરીમાં પાસત્થાદિને વંદનાદિની વિધિ )

નિર્ગમ ભૂમિ વગેરેમાં દેખાએલાને વચનથી અભિલાપ કરવો, એના કરતાં મોટું કાર્ય અપેક્ષિત હોય ત્યારે 'નમસ્તે' ઇત્યાદિ વચનથી નમસ્કાર કરવો, એમ ઉત્તરોત્તર વિશેષ વિશેષ કાર્યો હોય ત્યારે અભિલાપ–નમસ્કારગર્ભિત હાથને ઊંચો કરવો, મસ્તક નમાવવું, ક્ષેમ–કુશળની પૃચ્છા કરવી, તેની સાથે કેટલોક કાળ બેસી–ઊભા રહી વાતો કરવી. એમ વિશેષ કારણ હોય તો તેના ઉપાશ્રયે પણ જવું–થોભવંદન કરવું. અર્થાત્ આરભટી વૃત્તિથી ગમે તેમ વંદન કરી દેવું અથવા વિશેષ કારણ હોય ત્યારે પરિશુદ્ધ વંદન પણ કરવું. વળી બ્રહ્મચર્યપાલનકાળ રૂપ પર્યાય, તેની પાસે રહેલ સાધુ સમૂહાદિ રૂપ પર્ષદા વિનીત છે કે નહિ ? તે પુરુષ કેવો છે ? અર્થાત્ કુલ–ગણ–સંઘાદિનું કયું–કેવું કાર્ય તેને આધીન છે ? તે, તે તે ક્ષેત્રમાં તે કેવો પ્રસિદ્ધ છે–તેનું લોકો પર કેવું જોર પડે છે ? તે, દુષ્કાળ પ્રતિ જાગરણાદિ રૂપ કાળમાં તે કેવો ઉપયોગી છે ? તે, સૂત્રાર્થોભયરૂપ આગમ અને સૂત્રરૂપશ્રુત તેઓ પાસેથી કેટલું મળી શકે એમ છે ? ઇત્યાદિ જાણીને તેવા તેવા કારણો ઉપસ્થિત થએ છતે જેને જેને જે યોગ્ય હોય તેવા વચનાભિલાપાદિ કરવા. આ તો પાસત્થો છે એને કોણ બોલાવે ? ઇત્યાદિરૂપ ઉત્કટ માન કષાયાદિ હોવાના કારણે જેઓ આ કારણપ્રાપ્ત એવા પણ વચનાભિલાપાદિ કરતા નથી તેઓ શ્રીઅરિહંતદેશિત માર્ગ વિશે યોગ્ય પ્રવચનભક્તિ કરી શકતા નથી તેથી અભક્તિ, સ્વાર્થભ્રંશ, બંધનાદિ નુકશાન થાય છે.

(પાસત્થાદિને કારણ પ્રાપ્ત વંદનાદિ કરનાર આરાધક)

આમ કારણપ્રાપ્ત એવા તે વંદનાદિ ન કરવામાં થનારા પ્રવચન અંગેની અભક્તિ વગેરે રૂપ દોષોનો પરિહાર કરવાની ઇચ્છાથી જ તે વંદનાદિ થતાં હોવાથી તેનાથી પ્રવચનભક્તિ વગેરે રૂપ ગુણ જ થાય છે. દોષ નહિ. છતાં પહેલા એવું કારણ

१. आलंबनैः भृतो लोको जीवस्याऽयतनाकामस्य । यद्यद् पश्यति लोके तत्तदालंबनं करोति ॥

यत्तु द्रव्यलिङ्गे भावलिङ्गाध्यारोप इव प्रतिमादावप्यर्हदभेदारोपो न युक्तः, आरोपस्य मिथ्यात्वादिति लुम्पकस्य मतं तदपमतं, तेनापि मुखवस्त्रिकादौ गुरुपादकल्पनयैव वन्दनकादिदानात्, [1]"चित्तभित्तिं ण णिज्झाए णारिं वा सुअलंकियं" इत्याद्यागमबाधप्रसङ्गाच्च । नच तत्र नारीपदस्य नानर्थकत्वान्नानुपपत्तिः, न हि तटस्थतया चित्रितकामिनीं प्रतिसन्दधानस्य कामविकारादिप्रादुर्भावो, अपि तु साक्षात्कामिनीमेव पुरःस्फुरन्तीमाकलयत इति । यथा चात्राशुभसङ्कल्पस्य पापजनकत्वं तथा प्रतिमादौ शुभसङ्कल्पस्य पुण्यजनकत्वमपि, इति किं जाल्मेन सहाधिकविचारणया । यत्तु द्रव्ये भावाभेदस्तात्त्विक एव, स्थापनायां स्थाप्याभेदस्तु न तथेति तन्न, तद्धर्मविशिष्टस्यान्यधर्मविशिष्टेन सहातद्भावभावात्, अन्यथा तद्विषयकोपचारस्य निर्मूलकत्वप्रसङ्गात् ।

---

જોઈને જ પછી વંદનાદિમાં પ્રવૃત્તિ કરવી. પહેલાં સ્વરસથી=પોતાની તેવી ઇચ્છાથી જ એટલે કે નમસ્કારના ભાવથી જ નમસ્કાર કરીને પછી પોતે કરેલા નમસ્કાર માટેનું આલંબન શોધવા બેસવું નહિ. કારણ કે એવું આલંબન પણ પ્રમાદાચરણમાં જ પર્યવસિત થાય છે. અર્થાત્ એવું આલંબન દેખાય તો પણ પોતાનું વંદનાદિ કરવારૂપ આચરણ તો પ્રમાદરૂપ જ હોય છે. વળી માણસ જ્યારે આલંબન શોધવા નીકળે છે ત્યારે ગમે તેવું સાચું કે ખોટું નાનું કારણ પણ પુષ્ટ આલંબન તરીકે દેખાવા માંડે છે. તેથી એ આલંબન હકીકતમાં પુષ્ટ આલંબન છે કે નહિ એનો આત્મવંચના રહિતપણે નિર્ણય થવો મુશ્કેલ બને છે. આગમમાં પણ કહ્યું છે કે– 'અજયણા કરવાની ઇચ્છાવાળા જીવ માટે તો આ લોક આલંબનોથી જ ભરેલો છે કારણ કે જે જે વસ્તુને તે લોકમાં જુએ છે તે તે વસ્તુને પોતે સેવેલા પ્રમાદના આલંબન તરીકે ઘટાવી શકે છે' તેથી પોતે કરેલ વંદનાદિનું પાછળથી શોધાએલ આલંબન હકીકતમાં આલંબનભૂત ન હોવાથી કરેલા વંદનાદિ નિષ્કારણક હોવાથી પ્રમાદાચરણરૂપ જ છે.

## [પ્રતિમામાં અરિહંતના અભેદ આરોપની યુક્તતા]

'આરોપ મિથ્યા હોવાથી=પરમાર્થભૂત ન હોવાથી દ્રવ્યલિંગમાં ભાવલિંગનો અધ્યારોપ જેમ યુક્ત નથી તેમ પ્રતિમા વગેરેમાં પણ અરિહંતનો અભેદારોપ યુક્ત નથી' આવો લુંપકનો મત કુમત છે, કારણ કે એ પોતે પણ મુહપત્તિ વગેરેમાં ગુરુચરણનો અભેદ આરોપ કરીને જ વાંદણા દે છે. વળી આરોપ સર્વત્ર મિથ્યા જ હોવાથી ક્યાંય કરવો ન જોઈએ એવું માનવામાં 'અલંકૃતનારીના ચિત્રવાળી ભીંતને પણ જોવી કે વિચારવી નહિ' એવું જણાવનાર આગમવચન બાધિત થવાની આપત્તિ આવશે. કારણ કે એ ભીંત પર સાક્ષાત્ નારી ન હોવાથી તેમજ એ ચિત્રમાં નારીના અભેદા-

---

1. શ્રી દશવૈકાલિક સૂત્ર ૮-૫૫. એનો ઉત્તરાર્ધ-भक्खरं पिव दट्ठूणं दिट्ठिं पडिसमाहरे ॥
चित्रभित्तिं न निध्यायेत् नारीं वा स्वलङ्कृताम् । भास्करमिव दृष्ट्वा दृष्टिं प्रतिसमाहरेत् ॥

नापि तृतीयो, द्रव्यलिङ्गस्य भावलिङ्गाविनाभावित्वाभावेन तदनुमानकत्वाऽसंभवात्, तदविनाभाविसुविहितद्रव्यलिङ्गस्य च तत्राऽप्रतिसन्धानात् ।

રોપ મિથ્યા હોવાથી એનું ચિંતન કરવામાં કોઇ વિશેષ વાંધો રહેતો નથી કે જેથી એનો નિષેધ કરવો પડે.

**પૂર્વપક્ષ** :–શબ્દોના અર્થ અનેક થતા હોવાથી ઉપરોક્ત આગમઘટકીભૂત 'નારી' શબ્દનો પણ 'ચિત્રિત નારી' જ અર્થ છે, તેથી ચિત્રમાં રહેલ નારીમાં સાક્ષાત્ નારીનો અભેદોપચાર કરી એનું ચિંતન કરવું નહિ એવા નિષેધનો અહી અભિપ્રાય જ નથી જેથી આગમ અનુપપન્ન થાય. કિન્તુ ચિત્રિતનારીનું પણ ચિંતન કરવું નહિ એટલો જ નિષેધ અભિપ્રેત છે.

**ઉત્તરપક્ષ** :– આ વાત બરાબર નથી. કારણ કે ચિત્રિત નારીને માત્ર ચિત્રરૂપે જ જોવાથી કંઈ કામવિકારાદિનો પ્રાદુર્ભાવ થતો નથી કે જેથી એનો નિષેધ કરવો પડે. કિન્તુ સાક્ષાત્ નારી જ જાણે ત્યાં ન હોય! એ રીતે જોવાથી જ કામવિકારાદિ જાગે છે. તેથી ચિત્રિત નારીનો નિષેધ પણ તો જ સંગત થાય જો એમાં સાક્ષાત્ સ્ત્રીનો અભેદોપચાર થતો હોય...તેથી જેમ ચિત્રમાં અભેદારોપથી અશુભ–સંકલ્પ જાગે છે અને એ પાપજનક બને છે તેમ પ્રતિમામાં પણ અભેદારોપથી શુભ સંકલ્પ જાગે છે અને એ શુભસંકલ્પ પુણ્યજનક બને છે એ સ્વીકારવું જ જોઇએ. આમ પોતે જ આચરણમાં અભેદોપચાર કરતો હોવા છતાં એને મિથ્યા તરીકે ઓળખાવનાર લુંપક સાથે વધુ ચર્ચાથી સર્યું.

(૨) 'દ્રવ્ય પોતે જ ભાવ બની જતું હોવાથી દ્રવ્યમાં ભાવનો અભેદ આરોપ તાત્ત્વિક છે, અર્થાત્ દ્રવ્ય અને ભાવ હકીકતમાં અભિન્ન છે જ, પણ સ્થાપના કંઈ ભાવરૂપે (=સ્થાપ્યરૂપે) પરિણમતી નથી કે જેથી એ ભાવથી હકીકતમાં અભિન્ન હોઇ એમાં અભેદોપચાર તાત્ત્વિક છે એમ કહી શકાય.' એવું કથન પણ અયુક્ત છે કારણ કે દ્રવ્ય નિક્ષેપો પણ કંઇ ભાવનિક્ષેપાથી અભિન્ન નથી. દ્રવ્યત્વાદિરૂપ ધર્મ વિશિષ્ટ વસ્તુ કંઇ ભાવત્વાદિરૂપ અન્ય ધર્મ વિશિષ્ટ વસ્તુથી અભિન્ન હોતી નથી. નહિતરતો એમાં જે અન્ય ધર્મ વિશિષ્ટ વસ્તુનો ઉપચાર કરાય છે એ નિર્મૂલક થઇ જવાની આપત્તિ આવશે કારણ કે કંઇક સમાનતા હોવા સાથે ભેદ હોવો એ જ આરોપ કરવાનું નિમિત્ત છે. મુખમાં ચંદ્રનો જ આરોપ કરાય છે, મુખનો નહિ. તેથી જો દ્રવ્ય અને ભાવ પણ અભિન્ન હોય તો તો એમાં આરોપ જ થઈ શકશે નહિ. પણ થાય તો છે, તેથી બે ને ભિન્ન જ માનવા પડે. ભિન્ન એવા પણ તે બેમાં જો અભેદારોપ તાત્ત્વિક છે તો ભિન્ન એવા પણ સ્થાપ્યનો સ્થાપનામાં થતો અભેદારોપ શા માટે તાત્ત્વિક ન બને ?

नापि चतुर्थः, तद्द्रव्यलिङ्गस्य येन सह संबन्धग्रहस्तत्राऽसाधुत्वज्ञाने जाग्रति साधुत्वप्रकारकस्मरणाऽसंभवात्, साध्वन्तरेऽगृहीतसंबन्धकस्य च तस्य तत्स्मारकत्वाऽयोगात्। अथ पार्श्वस्थादिलिङ्गदर्शने सद्यो (? सदृश) दर्शनोद्बोधितसंस्कारसध्रीचीनपूर्वानुभवबलादेव विशिष्टसाधुगुणस्मरणसंभव इति चेत्? न, शीतलविहारिणि वेषमात्रेण सादृश्यप्रतिसंधानाऽसंभवात्, तद्भिन्नत्वे सति तद्वृत्तिभूयोधर्मवत्त्वेन सादृश्यव्यवहारात्, अन्यथा सर्वस्य सर्वसदृशत्वापत्तेः। न च सद्भावस्थापना सादृश्यप्रतिसंधानं विना स्थाप्यस्मरणाय प्रभवति, यद्यप्युत्सर्गतः स्थापनायां स्थाप्याभेदाध्यवसाय एव संभवी तथापि वासनाऽदार्ढ्ये क्वचित्तटस्थतयाऽपि तत्स्मरणं शुभाध्यवसायमाधत्ते इत्येवं स्मरणाधायकतयाऽपि स्थापनोपयोग इति ध्येयम्। न चात्र तत्संभवतीति किमतिप्रसक्तानुप्रसक्त्या ?

## [દ્રવ્યલિંગથી ભાવાનુમાનરૂપ ગુણસંકલ્પ અયુક્ત]

(૩) તટસ્થરૂપે જ ભાવનું અનુમાન કરવું અર્થાત્ કોઈપણ જાતના આરોપ વિના જ દ્રવ્યલિંગને હેતુ તરીકે માની ભાવનું અનુમાન કરવું એ જ લિંગમાં મુનિગુણ સંકલ્પ છે એવો ત્રીજો વિકલ્પ પણ યુક્ત નથી કારણ કે દ્રવ્યલિંગને કંઈ ભાવલિંગ સાથે 'જ્યાં જ્યાં દ્રવ્યલિંગ હોય ત્યાં ત્યાં ભાવલિંગ હોય જ' એવી વ્યાપ્તિ નથી કે જેથી એ ભાવલિંગનું અનુમાન કરાવે.

**પ્રશ્ન** :–અનતિશાયી જ્ઞાનીને ભાવલિંગ પ્રત્યક્ષ તો હોતું નથી તેથી દ્રવ્યલિંગથી એનું અનુમાન પણ જો થઈ શકતું ન હોય તો તો ભાવલિંગનું જ્ઞાન જ થઈ ન શકવાથી કોઈને પણ વંદનાદિ શી રીતે કરી શકાશે ?

**ઉત્તર** :–માત્ર દ્રવ્યલિંગ સાથે વ્યાપ્તિ ન હોવા છતાં સુવિહિત દ્રવ્યલિંગ સાથે તો ભાવલિંગને વ્યાપ્તિ છે જ. તેથી એનાથી ભાવલિંગનું અનુમાન કરીને વંદનાદિ પ્રવૃત્તિ થઈ જ શકે છે. પાસત્થાદિમાં તેવું અનુમાપકલિંગ ન હોવાથી ભાવલિંગના અનુમાન રૂપ મુનિગુણ સંકલ્પ થઈ શકતો નથી તો વંદનાદિ શી રીતે કરાય ?

## [દ્રવ્યલિંગ દર્શનથી ભાવલિંગ સ્મરણરૂપ મુનિગુણ સંકલ્પ અયોગ્ય]

(૪) દ્રવ્યલિંગ જોઈને ભાવલિંગનું સ્મરણ થવું એ જ મુનિગુણસંકલ્પ છે એવો ચોથો વિકલ્પ પણ અયુક્ત છે કારણ કે આ દ્રવ્યલિંગ જે પાસત્થા વગેરેમાં સંબંધ હોવા રૂપે ગૃહીત થાય છે તે પાસત્થાદિ વિશે 'આ અસાધુ છે' એવું અસાધુતાપ્રકારક જ્ઞાન જાગૃત હોવાથી તદ્વિશેષ્યક સાધુતાપ્રકારક સ્મરણ સંભવી શકતું નથી. અન્યભાવસાધુવિશેષ્યક સાધુતાપ્રકારક સ્મરણ પણ સંભવી શકતું નથી કારણ કે ઉપસ્થિત દ્રવ્યલિંગનો તેની સાથે સંબંધ ગૃહીત નથી કે જેથી એ એનું સ્મરણ કરાવી શકે.

तस्माद्द्रव्यलिङ्गभावलिङ्गयोर्व्यवहारनिश्चययोः समायोगेच्छेकत्वमेव, केवलज्ञानादिरूपार्थक्रिया तु निश्चयादेव । न चायमपि निश्चयो व्यवहारमनन्तर्भाव्य न प्रवर्त्तेत सहस्रसङ्ख्येव पंचशतीमिति वाच्यं, अन्तर्भावो हि स्वसामग्रीव्याप्यसामग्रीकत्वं स्वविषयत्वव्याप्यविषय-

**પૂર્વપક્ષ** :–પાસત્થાદિનું લિંગ તો પૂર્વદૃષ્ટ સાધુલિંગ જેવું જ હોય છે તેથી સદૃશલિંગ દર્શનથી સંસ્કારનો ઉદ્બોધ અવશ્ય થશે જ, તેમજ તે ઉદ્બોધથી સહકૃત પૂર્વ અનુભવના બળથી જ વિશિષ્ટસાધુગુણોનું સ્મરણ થઈ જવું સંભવિત જ છે.

**ઉત્તરપક્ષ** :–શિથિલવિહારીમાં વેષમાત્રથી કંઈ સુસાધુના સાદૃશ્યનું પ્રતિસંધાન સંભવી શકતું નથી કારણ કે તેનાથી ભિન્ન હોવા સાથે તેમાં રહેલા ઘણા ધર્મોવાળું જે હોય તેમાં જ તેના સાદૃશ્યનો વ્યવહાર થાય છે. એ સિવાય પણ કોઇ મામુલી સમાનતાને જ આગળ કરીને જો સાદૃશ્યનો વ્યવહાર થઈ જતો હોય તો તો દ્રવ્યત્વ-પ્રમેયત્વાદિ રૂપ સમાનતા દરેકમાં હોવાથી બધી વસ્તુઓનો બધાને સદૃશ હોવા રૂપે જ વ્યવહાર કરવો પડે. તેથી શિથિલવિહારીમાં વેશ હોવારૂપ સમાનતા હોવા છતાં નિરવદ્યક્રિયા વગેરે રૂપ બીજા ધર્મો ન હોવાથી સુસાધુના સાદૃશ્યનું પ્રતિસંધાન જ થતું નથી તો સ્મરણ તો શી રીતે થાય. પ્રતિમારૂપ સદ્ભાવસ્થાપના પણ અરિહંતાદિનું જે સ્મરણ કરાવે છે તે સાદૃશ્યપ્રતિસંધાન દ્વારા જ, નહિ કે તે સિવાય, જો કે ઉત્સર્ગથી=મુખ્યતયા તો સ્થાપનામાં સ્થાપ્યનો અભેદાધ્યવસાય જ થાય છે, સ્મરણ નહિ, તે છતાં કયારેક વાસનાદૃઢ ન થઈ હોય તેવી અવસ્થામાં આરોપ વિના પણ તટસ્થપણે સ્થાપ્યનું સ્મરણ થઈ જાય છે જે શુભ અધ્યવસાયને ઊભો કરી આપે છે. આમ સ્થાપના સ્મારક તરીકે પણ ઉપયોગી છે એ ધ્યાનમાં રાખવું. પાસત્થાદિના દ્રવ્યલિંગ વિશે તો નિરવદ્યક્રિયા રૂપ સાદૃશ્યનું પ્રતિસંધાન ન હોવાથી સ્મરણ પણ સંભવી શકતું નથી તેથી દ્રવ્યલિંગને વંદનાદિ કરવાનો આગ્રહ રાખવો ખોટો છે.

તેથી દ્રવ્યલિંગ અને ભાવલિંગના યોગમાં જ છેકત્વ સંપાદિત થાય છે, બાકી કેવલજ્ઞાનાદિ રૂપ અર્થક્રિયા તો નિશ્ચયથી જ=ભાવલિંગથી જ થાય છે.

**પૂર્વપક્ષ** :–જેમ હજારની સંખ્યા પોતાનામાં પાંચસોની સંખ્યાને અંતર્ભૂત કર્યા વિના પ્રવર્ત્તતી નથી તેમ નિશ્ચય પણ વ્યવહારને પોતાનમાં સમાવ્યા વિના પ્રવર્ત્તતો નથી તેથી નિશ્ચય હોય ત્યાં વ્યવહાર પણ અંતર્ભૂત જ હોવાથી તે કેવલજ્ઞાનાદિપ્રત્યે પણ કારણ છે જ.

### [ નિશ્ચયમાં અસદ્ભૂતવ્યવહાર અનન્તર્ભૂત ]

**ઉત્તરપક્ષ** :– અ નો બ માં અંતર્ભાવ તો જ કહેવાય જો...

(૧) બ ની સામગ્રી અ ની સામગ્રીને વ્યાપ્ય હોય...
જેમકે જ્યાં જ્યાં નીલઘટની સામગ્રી હોય છે ત્યાં ત્યાં ઘટની સામગ્રી પણ હોય જ છે. તેથી ઘટ, નીલઘટમાં અંતર્ભૂત છે. અથવા,

ताकत्वं स्वकार्यतावच्छेदकत्वं (? छेदकव्याप्यकार्यतावच्छेदककत्वं) स्व(? स्वस्व)रूपभेदमात्रातिरोहितैकत्वशालित्वं वा । नायं निश्चयेऽसद्भूतव्यवहारस्य संभवति, अपि तु शुद्धव्यवहारस्य । अत एवाह— 'कत्थइ कत्थइ दोण्हवि उवओगो तुल्लवं चेव ।' त्ति, कुत्रचित्कुत्रचिदिह ज्ञानक्रियादिस्थले द्वयोर्ज्ञानक्रिययोस्तुल्यवदेवोपयोगः । तथाहि—ज्ञाननयो मन्यते—ज्ञानमेव मुख्यं न क्रिया, मिथ्याज्ञानात् प्रवृत्तस्य फलाऽसंवादात् । तदुक्तमन्यैरपि—
विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता । मिथ्याज्ञानात् प्रवृत्तस्य फलासंवाददर्शनात् ॥
इति । तथाऽऽगमेऽप्युक्तं— [1]पढमं नाणं तओ दया । [श्री दशवै० अध्य० ४]

[2]जं अन्नाणी कम्मं खवेइ । [पंचवस्तु–५६४], तथा

[3]पावाउ विणिवत्ती पवत्तणा तह य कुसलपक्खंमि ।
विणयस्स य पडिवत्ती, तिण्णिवि नाणे समप्पंति ॥ [ ]

---

(२) ब ની વિષયતા अ ની વિષયતાને વ્યાપ્ય હોય...
જેમકે ૧,૦૦૦ રૂપિયાની ઈચ્છાની વિષયતા જ્યાં જ્યાં (૧,૦૦૦ રૂ.માં) છે ત્યાં ત્યાં ૫૦૦ રૂ.ની ઇચ્છાની વિષયતા પણ સમાવિષ્ટ છે જ તેથી ૫૦૦ રૂ.ની ઇચ્છા ૧,૦૦૦ રૂ.ની ઇચ્છામાં અંતર્ભૂત જ છે. અથવા

(૩) ब ના કાર્યમાં રહેલ કાર્યતાવચ્છેદક अ ના કાર્યમાં રહેલ કાર્યતાવચ્છેદકને વ્યાપ્ય હોય. જેમકે નીલમૃત્પિંડનો કાર્યતાવચ્છેદક નીલઘટત્વ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં મૃત્પિંડનો કાર્યતાવચ્છેદક ઘટત્વ રહેલ જ છે તેથી મૃત્પિંડનો નીલમૃત્પિંડમાં અંતર્ભાવ છે. અથવા,

(૪) अ–ब વચ્ચે સામાન્ય–વિશેષ ભાવ હોય. યાવદ્ વિશેષ અને સામાન્યનું બીજું બધું સરખું હોવા છતાં સ્વરૂપ જુદું જુદું હોય છે, એક બીજામાં તિરોહિત થઈ ગએલું હોતું નથી. આટલા ભેદ માત્રથી એ બન્ને એક બની જતા નથી. આવો સામાન્ય–વિશેષ ભાવ જે બે વચ્ચે હોય તે બેનો પણ એકબીજામાં અંતર્ભાવ હોય છે.

નિશ્ચયનયમાં અસદ્ભૂતવ્યવહાર નયનો આવો અંતર્ભાવ સંભવતો નથી તેથી દ્રવ્યલિંગ પણ ભાવલિંગમાં અંતર્ભૂત જ છે એવું કહેવાય નહિ. છતાં શુદ્ધ વ્યવહાર નયનો અંતર્ભાવ સંભવે છે તેથી ગ્રંથકાર આગળ ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે—ક્યાંક ક્યાંક એટલે કે જ્ઞાનક્રિયાદિ સ્થળમાં જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમાન ઉપયોગ છે.

---

१. पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्व संजए । अन्नाणी किं काही किंवा नाहीइ छेअ पावगं ॥
प्रथमं ज्ञानं ततो दया, एवं तिष्ठति सर्वसंयतः । अज्ञानी किं करिष्यति? किंवा ज्ञास्यति छेकपापकम् ॥

२. जं अन्नाणी कम्मं खवेइ बहुआइं वासकोडीहिं । तं नाणी तिहिं गुत्तो खवेइ उसासमित्तेण ॥
यदज्ञानी कर्म क्षपयति बहुभिः वर्षकोटिभिः । तज्ज्ञानी त्रिभिर्गुप्तः क्षपयति उच्छ्वासमात्रेण ॥

३. पापात् विनिवृत्तिः प्रवर्त्तना तथा च कुशलपक्षे । विनयस्य च प्रतिपत्तिस्त्रीण्यपि ज्ञाने समाप्यन्ते ॥

इदं च क्षायोपशमिकज्ञानमाश्रित्योक्तं क्षायिकमाश्रित्यापि ज्ञानस्यैव प्राधान्यं, न हि केवलज्ञानमनवाप्य तीर्थकरादयोऽपि सिद्धिमध्यासत इति । ततो ज्ञानमेव कारणत्वात्प्रधानं क्रिया तु तत्कार्यतया गौणीति ।

क्रियानयस्त्वाह–क्रिया हि फलदायिनी, ज्ञानस्यापि तज्जननेनैवोपक्षीणत्वात्, ज्ञानतोऽपि क्रियां विना फलप्राप्त्यश्रवणात् । तदुक्तमन्यैरपि—

'क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् ।
यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात् सुखितो भवेत् ॥इति । तथाऽऽगमेऽप्युक्तम्—[1]सुबहुंपि......

[2]नाणं सविसयणियय, न नाणमेत्तेण कज्जणिप्फत्ती ।
मग्गण्णू दिट्ठंतो होइ सचेट्ठो अचेट्ठो य ॥

## [જ્ઞાનનયની મહત્તાની સ્થાપના]

અહીં જ્ઞાનનય જ્ઞાનની મુખ્યતા સ્થાપતાં કહે છે—મોક્ષાદિફળ પ્રત્યે જ્ઞાન જ મુખ્ય છે, ક્રિયા નહિ, કારણ કે અજ્ઞાનથી કે વિપરીત જ્ઞાનથી પ્રવર્ત્તનારમાં ક્રિયા હોવા છતાં ઇચ્છિત ફળની અવશ્ય પ્રાપ્તિ થવારૂપ સંવાદ દેખાતો નથી, બીજાઓએ પણ કહ્યું છે કે 'યથાર્થજ્ઞાન જ પુરુષોને ફળદાયક બને છે, ક્રિયા ફળદાયિકા તરીકે સંમત નથી કારણ કે મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્ત થનારને ક્રિયા હોવા છતાં ફળ વિશે સંવાદ દેખાતો નથી.' આગમમાં પણ કહ્યું છે કે 'પ્રથમ જ્ઞાન મેળવવાનું છે અને પછી દયા પાળવાની છે. આ રીતે જ સર્વસંયતપણું વ્યવસ્થિત છે અર્થાત્ સારી રીતે જળવાય છે. અજ્ઞાની તો શું જીવદયાદિ પાળે કે હિતાહિતને શું જાણી શકે?' 'બહુક્રોડો વર્ષોમાં પણ અજ્ઞાની જીવ તપ વગેરેથી જે કર્મો ખપાવે છે તેને ત્રણ ગુપ્તિથી ગુપ્ત-જ્ઞાની ઉચ્છ્વાસ માત્ર કાળમાં ખપાવે છે.' તેમજ 'પાપથી નિવૃત્તિ, કુશળપક્ષ=હિતાનુષ્ઠાનમાં પ્રવૃત્તિ તેમજ વિનયની પ્રતિપત્તિ આ ત્રણેનો જ્ઞાનમાં સમાવેશ થઈ જાય છે. અર્થાત્ જ્ઞાનમાં ઉદ્યમ કરનારથી આ ત્રણે સંપાદિત થએલા હોય છે એટલે કે એવો જીવ આ ત્રણેનું ફળ પણ પામે છે.' વળી જેમ ક્ષાયોપશમિક ભાવોમાં જ્ઞાન પ્રધાન છે એમ ક્ષાયિક ભાવોમાં પણ એજ પ્રધાન છે કારણ કે તીર્થંકરાદિ પણ નિરતિચાર ચારિત્રનું પાલન કરતાં હોવા છતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે મોક્ષ મેળવતા નથી. વળી ક્રિયાનું પણ કારણ જ્ઞાન જ હોવાથી તે મુખ્ય છે જ્યારે ક્રિયા તો જ્ઞાનાત્મક કારણમાં પ્રવૃત્તિ કરવાથી જ્ઞાનના કાર્યરૂપે સ્વતઃ ઉપસ્થિત થઇ જતી હોવાથી ગૌણ છે.

१. सुबहुंपि सुयमहीयं किं काही ? चरणविप्पहीणस्स । अंधस्स जहपलित्ता दीवसयसहस्स कोडीवि ॥
(आव. नि. ९८)

सुबह्वपि श्रुतमधीतं किं करिष्यति चरणविप्रहीणस्य । अन्धस्य यथा प्रदीप्ता दीपशतसहस्रकोटिरपि ॥

२. ज्ञानं स्वविषयनियतं न ज्ञानमात्रेण कार्यनिष्पत्तिः । मार्गज्ञो दृष्टान्तो भवति अचेष्टो सचेष्टश्च ॥

[1]आउज्जनट्टकुसलावि नट्टिआ, तं जणं ण तोसेइ ।
जोगं अजुंजमाणी णिंदं खिसं च सा लहइ ॥
[2]इय नाणलिंगसहिओ, काइअजोगं ण जुंजइ जो उ ।
ण लहइ स मुक्खसुक्खं लहइ अ णिंदं सपक्खाउ ॥
[3]जाणंतो वि य तरिउं, काइअजोगं ण जुंजइ जो उ। सो वुज्झइ सोएणं एवं नाणी चरणहीणो ॥ [आव०नि० ११४३-४४-४५-४६] तथा [4]जहा खरो०—

इदं च क्षायोपशमिकीं क्रियामाश्रित्योक्तं, क्षायिकमपि चारित्रमेव प्रधानं, न हि केवलिनोऽपि शैलेश्यवस्थाभाविनीं सर्वसंवररूपां चारित्रक्रियामनुपलभ्य निर्वाणभाजो भवन्तीति । तथा चानन्तर्येण फलहेतुत्वात् क्रियैव प्रधाना पारम्पर्येण कारणत्वाज्ज्ञानं तु गौणमिति ।

## [ક્રિયાનયની મહત્તાની સ્થાપના]

ક્રિયાનય કહે છે કે-જ્ઞાન તો ક્રિયાને ઉત્પન્ન કરીને ચરિતાર્થ થઇ જાય છે. પોતે ફળ આપી શકતું નથી, ફળ તો ક્રિયા જ આપે છે. વળી જ્ઞાનની હાજરીમાં પણ જો ક્રિયા ન હોય તો ફળપ્રાપ્તિ થતી નથી તેથી જણાય છે કે ક્રિયા જ પ્રધાન છે. બીજાઓએ પણ કહ્યું છે કે 'ક્રિયા જ માણસને ફળ આપે છે, જ્ઞાન નહિ, કારણ કે સ્ત્રી-ભક્ષ્ય વગેરેના ભોગનો જાણકાર પણ એ અંગે પ્રવૃત્તિ ન કરે તો તે જાણકારી માત્રથી સુખી થતો નથી' આગમમાં પણ કહ્યું છે કે 'જ્ઞાન તો સ્વવિષયનિયત છે અર્થાત્ સ્વવિષયનો બોધમાત્ર કરાવવાના સામર્થ્યવાળું છે, તેનાથી કંઇ કાર્યોત્પત્તિ થઇ જતી નથી. જેમકે માર્ગનો જાણકાર પણ જો ચાલવાની પ્રવૃત્તિ કરે તો જ ઇષ્ટ સ્થાનને મેળવી શકે છે એ વિના નહિ. વિવિધ વાદ્યોના સંગીત સાથે નૃત્ય કરવામાં કુશળ એવી પણ નર્ત્તકી હાથપગના મરોડાદિ કરવારૂપ યોગ=ક્રિયાને ન કરતી હોય તો લોકોને ખુશ કરવા દ્વારા ઇનામ તો પામતી નથી, ઉલ્ટું લોકો તેની નિંદા અને ખિંસા જ કરે છે. એમ જ્ઞાન અને સાધુવેશથી યુક્ત એવો પણ જે સાધુ સમિતિ-આદિરૂપ કાયિકયોગને પ્રવર્ત્તાવતો નથી તે મોક્ષસુખ તો પામતો નથી પણ સ્વપક્ષ (બીજા સાધુઓ) તરફથી નિંદાને જ પામે છે. તરવાનું જાણનાર તરવૈયો પણ પાણીમાં પડીને હાથપગને હલાવવાની ક્રિયા જો ન કરે તો પાણીનો પ્રવાહ તેને ડૂબાડી દે છે

१. आतोद्यनृत्तकुशलापि नर्त्तकी तं जनं न तोषयति । योगमयुञ्जन्ती निन्दां खिसां च सा लभते ॥
२. एवं लिंगज्ञानसहितः काययोगं न युङ्क्ते यस्तु । न लभते स मोक्षसौख्यं लभते च निंदां स्वपक्षतः ॥
३. जानन्नपि च तरितुं काययोगं न युङ्क्ते नद्याम् । स उह्यते श्रोतसैवं ज्ञानी चरणहीनः ॥
४. जहा खरो चंदणभारवाही भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो णाणस्स भागी न हु सुग्गइए ॥ (आ० नि० १००)
यथा खरश्चंदनभारवाही भारस्य भागी न खलु चंदनस्य ।
एवं खलु ज्ञानी चरणेन हीनो ज्ञानस्य भागी न खलु सुगतेः ॥

अत्रायं स्थितपक्षो–अविनाभावित्वानन्तरभावित्वयोर्द्वयोरेवाऽविशेषात्तुल्यत्वमेव तयोः, न हि ज्ञानं विनेव प्रवृत्तिं विनापि फलमुत्पद्यते, न वा भक्ष्यभोगादिप्रवृत्तिकाले शैलेश्यवस्थायां वा ज्ञानं नास्तीति । 'प्रवृत्तिमात्रं न फलप्रदमि'ति चेत् ? ज्ञानमात्रमपि न तथा। 'संवादिज्ञानं फलजनकमि'ति चेत् ? संवादिनी प्रवृत्तिरपि तथा । स्यादेतत्–ज्ञानस्य प्रवृत्तावेव हेतुता, फलप्राप्तिस्तु प्रवृत्तेरेव । न च प्रवृत्तिकाले ज्ञानमप्यस्त्येवेति तस्य फलहेतुत्वमित्युक्तमेवेति वाच्यं, घटे दण्डरूपवत्तत्र तस्याऽन्यथासिद्धत्वादिति । मैवं, "[1]नाणकिरियाहिं मोक्खो' इति वचनात्,

---

તેમ ચારિત્રક્રિયાહીન એવો જ્ઞાની પણ ભવસમુદ્રમાં ડૂબે છે. તથા જેમ ચંદનના ભારાનું વહન કરનાર ગધેડો માત્ર ભારવહન કરવાના કષ્ટને જ અનુભવે છે પણ એની સુગંધ કે શીતલતા માણવાના સુખને પામી શકતો નથી તેમ ચારિત્ર વિનાનો જ્ઞાની જ્ઞાનને ભણવા–ટકાવવાના પઠન–પુનરાવર્ત્તનાદિના કષ્ટનો જ ભાગીદાર બને છે પણ સદ્ગતિનો ભાગી બનતો નથી–" વળી ક્ષાયોપશમિક ક્રિયાની જેમ ક્ષાયિક ક્રિયાની પણ પ્રધાનતા છે જ કારણ કે કેવલજ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી સર્વસંવરરૂપ ચારિત્રક્રિયા સંપન્ન થતી નથી ત્યાં સુધી મોક્ષપ્રાપ્તિ થતી નથી. અને એ ક્રિયા પછી તો તુરંત જ ફળ પ્રાપ્તિ થઈ જાય છે તેથી ફળના અનંતર હેતુભૂત હોવાથી ક્રિયા જ પ્રધાન છે જ્યારે જ્ઞાન તો પરંપરાએ કારણ હોવાથી ગૌણ છે.

**[સિદ્ધાન્ત પક્ષની સ્થાપના]**

આ બે નય વિશે સ્થિતપક્ષ (સિદ્ધાન્તપક્ષ) આ છે–ફળને જન્માવવામાં જ્ઞાન અને ક્રિયા બન્ને તુલ્ય બળવાળા જ છે કારણ કે બન્નેમાં અવિનાભાવિત્વ અને અનન્તરભાવિત્વ સમાન રીતે જ રહ્યા છે. જેમ જ્ઞાન વિના ફળ પ્રાપ્તિ થતી નથી તેમ પ્રવૃત્તિ વિના પણ ફળ પ્રાપ્તિ થતી જ નથી–અર્થાત્ પ્રવૃત્તિ પણ ફળને અવિનાભાવી જ છે. તેમજ ભક્ષ્યભોગાદિ કાળમાં કે શૈલેશી અવસ્થામાં પણ 'એકલી ક્રિયા જ હોય છે એવું નથી, જ્ઞાન પણ હોય જ છે તેથી ક્રિયાની જેમ જ્ઞાન પણ અનન્તરભાવી છે.

શંકા :–છતાં માત્ર પ્રવૃત્તિ ફળજનિકા નથી તેથી જ્ઞાન જ પ્રધાન છે!

**સમાધાન** :–એ જ રીતે માત્ર જ્ઞાન પણ ફળ જનક ન હોવાથી ક્રિયા પણ પ્રધાન છે જ.

**શંકા** :–છતાં સંવાદી જ્ઞાન તો ફળજનક છે જ!

**સમાધાન** :–એ રીતે સંવાદીપ્રવૃત્તિ પણ ફળજનિકા હોવાથી તુલ્યબળવાળી જ છે.

---

१. नाणकिरियाहि मोक्खो तम्मयमावस्सयं जओ तेण । तव्वक्खाणरम्भो कारणओ कज्जसिद्धित्ति ॥ (वि. आ. भा. ३)

ज्ञानक्रियाभ्यां मोक्षस्तन्मयमावश्यकं यतस्तेन । तद्व्याख्यानारम्भः कारणतः कार्यसिद्धिरिति ॥

[1]पारंपरप्पसिद्धी दंसणनाणेहिं होइ चरणस्स । पारंपरप्पसिद्धी जह होइ तहन्नपाणाणं ॥
[आव०नि० ११६६]

इति वचनाच्च ज्ञानस्य क्रियाद्वारेण मोक्षजनकत्वकल्पनात् । न च द्वारेण द्वारिणोऽन्यथासिद्धिरस्ति, अन्यथा दंडादेरपि चक्रभ्रम्यादिना घटादावन्यथासिद्धिप्रसङ्गात् ।

अथ चारित्रं चारित्रावरणक्षयादेव, न ज्ञानादिति चेत् ? मैवं, प्रवृत्तिरूपचारित्रजनकचिकीर्षाया ज्ञानाधीनत्वात्, योगनिरोधस्यापि विशिष्टोपयोगसाध्यत्वाच्च ।

### [જ્ઞાન ગૌણ, ક્રિયા પ્રધાન–પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ** :–જ્ઞાન તો ક્રિયા પ્રત્યે જ હેતુ છે, ફળ તો એ ક્રિયાથી જ પ્રાપ્ત થઈ જાય છે તેથી ફળ માટે તો ક્રિયા જ પ્રધાન છે, જ્ઞાન નહિ. "ક્રિયાકાળમાં પણ જ્ઞાન તો હાજર જ હોય છે તેથી એ પણ ફળ પ્રાપ્તિમાં હેતુભૂત છે જ" એવું કહેવું નહિ, કારણ કે ફળ પ્રત્યે જ્ઞાન અન્યથાસિદ્ધ છે. કાર્ય જે વસ્તુ સાથે સ્વતંત્ર રીતે અન્વયવ્યતિરેક ધરાવતું ન હોય, પણ કોઈ બીજાની સાથેના અન્વયવ્યતિરેક દ્વારા જ અન્વયવ્યતિરેક ધરાવતું હોય તે વસ્તુ તે કાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ હોય છે. જેમકે ઘટાત્મક કાર્ય દંડનારૂપ સાથે સાક્ષાત્ અન્વયવ્યતિરેકને ધરાવતું નથી પણ દંડ સાથે અન્વયવ્યતિરેકને ધરાવતું હોવાના કારણે દંડરૂપ સાથે પણ અન્વયવ્યતિરેકને ધારણ કરે છે તો દંડરૂપ, ઘટપ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય છે. તેમ સિદ્ધિરૂપ કાર્ય પણ જ્ઞાન સાથે સાક્ષાત્ અન્વયવ્યતિરેકને ધારણ કરતું નથી પણ સર્વસંવરાત્મક ક્રિયા સાથે અન્વયવ્યતિરેકને ધારણ કરવા દ્વારા જ્ઞાન સાથે પણ અન્વયવ્યાતિરેકને ધારણ કરે છે. તેથી જ્ઞાન તો કાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ જ છે.

### [જ્ઞાન–ક્રિયા બન્ને તુલ્યબલી–ઉત્તરપક્ષ]

**ઉત્તરપક્ષ** :–તમારી વાત બરાબર નથી, કારણ કે 'જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે' એવું આગમ વચન બન્નેને અનન્યથાસિદ્ધ કારણ તરીકે પ્રતિપાદિત કરે છે. આવશ્યકનિર્યુક્તિમાં પણ કહ્યું છે કે–"દર્શનથી જ્ઞાન અને જ્ઞાનથી ચારિત્ર ઉત્પન્ન થાય છે એટલે કે ચારિત્રની ઉત્પત્તિ પરંપરાએ દર્શન–જ્ઞાનથી થાય છે. અન્ન–પાનની ઉત્પત્તિ તપેલી ઇન્ધનાદિની પરંપરાથી થતી હોવાથી જેમ અન્નાર્થીને તપેલી વગેરેની અપેક્ષા હોય છે તેમ મોક્ષાર્થીને પણ દર્શન–જ્ઞાનની અપેક્ષા છે જ અને તેથી દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે મુખ્ય છે." આમ જ્ઞાન, ક્રિયાને ઉત્પન્ન કરે છે અને ક્રિયા જ્ઞાનજન્ય એવા મોક્ષને ઉત્પન્ન કરે છે એટલે કે જ્ઞાનને ક્રિયાદ્વારા મોક્ષજનક માન્યું હોવાથી ક્રિયા જ્ઞાનનું દ્વાર છે. આમ ક્રિયા જ્ઞાનના દ્વાર=વ્યાપાર ભૂત હોવાથી ક્રિયા જ્ઞાનને મોક્ષપ્રત્યે અન્યથાસિદ્ધ કરી શકતી નથી. કારણ કે વ્યાપારથી વ્યાપારી અન્યથાસિદ્ધ મનાય

૧. पारंपर्यप्रसिद्धिर्दर्शनज्ञानाभ्यां भवति चरणस्य । पारम्पर्यसिद्धिर्यथा भवति तथाऽन्नपानयोः ॥

अपि च, ऋजुसूत्रनयमतेऽपि केवलज्ञानमपि क्षणपरम्परापर्यवसन्नमेव, तत्र च शैलेशीचरमक्षणो ज्ञानचारित्रभावेन परस्परमुपश्लिष्टस्वभाव एव मोक्षजनक इति तत्क्षणत्वेन द्वयोर्जनकत्वं तुल्यमेव । न च तथाजनकतयामतिप्रसङ्गः, तत्क्षणपरिणतात्मनः तद्धेतुतया स्याद्वादप्रवेशेनाऽनतिप्रसङ्गात् । न च ज्ञाननिरूपितत्वचारित्रनिरूपितत्वलक्षणविरुद्धधर्माध्यासादेकस्य तत्क्षणस्य भेदप्रसङ्ग इति वाच्यम्, एकत्र ज्ञाने नीलपीतादिनानाज्ञेयाकाराणामिवान्यत्रापि युगपन्नानाधर्माणां समावेशस्याऽविरुद्धत्वादिति दिग् । ननु ज्ञानक्रिययोः प्रत्येकं मुक्तिजनकशक्त्यभावात्समुदायेऽपि कथं तज्जननम्? उक्तं च— [वि० भा० ११६३]

[1]पत्तेयमभावाउ णिव्वाणं समुदियासु वि ण जुत्तं ।
नाणकिरियासु वोत्तुं सिकतासमुदायतेल्लंव ॥ त्ति चेत्? मैवं, प्रत्येकं देशोपकारिणः समुदायस्य सर्वोपकारकत्वात् । उक्तं च— [वि० भा० ११६४]

[2]वीसुं ण सव्वह च्चिय सिकयातेल्लं व साहणाभावो ।
देसोवगारिया जा सा समवायंमि संपुण्णा ॥ त्ति ।

---

નહીં, નહિતર તો ઘટાદિ કાર્યની અવ્યવહિતપૂર્વમાં તો ચક્રભ્રમણાદિ જ હોવાથી એ ભ્રમણાદિથી વ્યવહિતપૂર્વ એવા દંડાદિને પણ ઘટાદિ પ્રત્યે અન્યથાસિદ્ધ માનવા પડે.

**પૂર્વપક્ષ** :–પણ ચારિત્ર તો ચારિત્રાવરણના ક્ષયથી જ ઉત્પન્ન થાય છે. જ્ઞાનથી નહિ. તેથી એ જ્ઞાનના દ્વારરૂપ ન હોવાથી જ્ઞાનને અન્યથાસિદ્ધ કરી શકે છે. તેથી જ્ઞાન તો અન્યથાસિદ્ધ જ છે.

**ઉત્તરપક્ષ** :–પ્રવૃત્યાત્મક ચારિત્ર પાળવાની ઈચ્છા જ્ઞાનાધીન છે કારણ કે છદ્મસ્થની કોઈપણ પ્રવૃત્તિ ઇચ્છાજન્ય હોય છે અને ઈચ્છા જ્ઞાનજન્ય હોય છે. યોગનિરોધાત્મક વીતરાગપ્રવૃત્તિ પણ કેવલજ્ઞાનાત્મક વિશિષ્ટોપયોગ સાધ્ય જ હોવાથી તે પણ જ્ઞાનજન્ય જ છે. આમ ચારિત્ર પ્રત્યે જ્ઞાન પણ કારણ છે જ. અને તેથી ચારિત્ર, જ્ઞાનના વ્યાપાર રૂપ જ હોવાના કારણે જ્ઞાનને અન્યથાસિદ્ધ કરી શકે નહિ.

### [જ્ઞાન-ક્રિયા ઉભયપરિણત આત્મક્ષણ મોક્ષહેતુ]

વળી ઋજુસૂત્રનયના મતમાં કેવલજ્ઞાનને પણ ક્ષણપરંપરામાં પર્યવસિત માનેલું છે, અર્થાત્ કેવલજ્ઞાન પણ તેવી જ્ઞાનક્ષણોની પરંપરા જ છે. તેથી શૈલેશીચરમક્ષણમાં જેમ સર્વસંવરાત્મક ચારિત્રની ચરમક્ષણ ઉપસ્થિત થાય છે તેમ કેવલ જ્ઞાનક્ષણ પણ ઉપસ્થિત હોય જ છે.કહેવું એ છે કે શૈલેશીચરમક્ષણ માત્ર સર્વસંવર ચારિત્રાત્મક હોતી નથી. કિન્તુ જ્ઞાન અને ચારિત્ર ઉભયથી ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી જ હોય છે જે મોક્ષજનક બને છે. તેથી શૈલેશીચરમક્ષણરૂપે બન્ને સમાન રીતે જ મોક્ષજનક છે.

---

१. प्रत्येकमभावान्निर्वाणं समुदितयोरपि न युक्तम् । ज्ञानक्रिययोर्वक्तुं सिकतासमुदायतैलमिव ॥
२. विष्वक् न सर्वथैव सिकतातैलमिव साधनाभावः । देशोपकारिता या सा समवाये संपूर्णा ॥

ननु केयं देशोपकारिता ? किं सूक्ष्मकार्यजनकता उत तदभिव्यञ्जकता आहोस्वित् सामग्र्येकदेशत्वं ? नाद्यः, दण्डचक्रादेरपि प्रत्येकं सूक्ष्मघटजननप्रसङ्गात् । न द्वितीयो, अलब्धात्मलाभस्य तस्याऽभिव्यक्त्यसंभवात्, सति वस्तुनि ज्ञानजननयोग्यं ह्यभिव्यञ्जकमुच्यते प्रदीपादिवदिति । न च दण्डादिना प्रत्येकमभिव्यज्यमानमपि सूक्ष्मं घटमीक्षामहे । अलक्षणीय-

**શંકા** :–આ રીતે બન્નેને તુલ્યપણે મોક્ષજનક માનવામાં વ્યભિચાર આવવારૂપ અતિપ્રસંગ આવશે–અર્થાત્ એમાંથી કોઈપણ એક ક્ષણ પણ સ્વાવ્યવહિતોત્તરમાં મોક્ષાત્મકકાર્યને ઉત્પન્ન કરી દેતી હોવાથી ઈતરક્ષણરૂપ કારણની ગેરહાજરીમાં પણ કાર્ય થઈ જવારૂપ વ્યતિરેકવ્યભિચારની આપત્તિ આવશે.

**સમાધાન** :–અમે કંઇ જ્ઞાન અને ક્રિયાની સાવ ભિન્ન ભિન્ન ક્ષણોને મોક્ષજનક કહેતા નથી પણ સ્યાદ્વાદને અનુસરીને તે બન્નેથી કથંચિદ્ અભિન્ન અને બન્ને રૂપે પરિણત એવી એક આત્મક્ષણને જ મોક્ષહેતુભૂત કહીએ છીએ. તેથી એમાંથી એકે ય ની ગેરહાજરીમાં આત્મા ઉભયથી પરિણત થએલો ન હોવાથી કારણ અસંપૂર્ણ રહે છે અને તેથી કાર્ય જ થતું ન હોવાથી વ્યભિચારરૂપ અતિપ્રસંગ આવતો નથી. વળી સ્યાદ્વાદ અનુસારે જ્ઞાન–ક્રિયા આત્માથી કથંચિદ્ ભિન્ન પણ હોવાથી તે એને પણ મોક્ષહેતુ તરીકે કહીએ છીએ એ જાણવું.

**શંકા** :–શૈલેશી ચરમક્ષણરૂપે પરિણમેલ આત્મક્ષણમાં જ્ઞાન અને ચારિત્ર બન્નેની ક્ષણપરંપરા ભેગી થઇ હોવાથી એ ક્ષણમાં જ્ઞાનનિરૂપિતત્વ અને ચારિત્રનિરૂપિતત્વરૂપ વિરુદ્ધધર્માધ્યાસ થવાના કારણે ક્ષણનો ભંગ થવાની=બે અંશ પડી જવાની આપત્તિ આવશે.

[યુગપદ્ અનેક ધર્મો અવિરૂદ્ધ]

**સમાધાન** :–જેમ એક જ ચિત્રજ્ઞાનમાં નીલ–પીતાદિરૂપ અનેક ભિન્ન ભિન્ન જ્ઞેયાકાર અવિરુદ્ધપણે રહે છે તેમ એક જ શૈલેશીચરમક્ષણરૂપે પરિણત આત્મામાં યુગપત્ (એક સાથે) ઘણા ઘણા ધર્મો હોવા અવિરુદ્ધ જ છે અને તેથી એના ભેદે ક્ષણભેદ થવાની આપત્તિ નથી.

**શંકા** :–એકલા જ્ઞાન કે એકલી ક્રિયામાં મુક્તિજનકશક્તિ નથી તો તે એના સમુદાયમાં તે શક્તિ શી રીતે હોય ? કહ્યું છે કે 'જેમ રેતીના પ્રત્યેક કણમાં તેલ નથી તો તેના સમુદાયમાં પણ તે હોતું નથી, તેમ પ્રત્યેક જ્ઞાન કે ક્રિયામાં નિર્વાણજનકતા નથી તેથી સમુદિત તે બેમાં તે શક્તિ કહેવી યુક્ત નથી.'

**સમાધાન** :–જેઓ પ્રત્યેક સ્વતંત્રરીતે દેશોપકારી હોય છે તેઓના જ સમુદાયને અમે સર્વોપકારી તરીકે કહીએ છીએ. તેથી રેતીકણનું દૃષ્ટાન્ત અહીં લાગુ પડતું નથી. કહ્યું પણ છે કે 'સિકતા કણોમાં જેમ તેલનો સર્વથા અભાવ છે તેમ જ્ઞાન અને ક્રિયામાં કંઈ મોક્ષસાધકતાનો સર્વથા અભાવ નથી. એક એક પૃથગ્‌માં જે દેશોપકારિતા હોય છે તે સમુદાયમાં સંપૂર્ણ થાય છે.'

तत्सूक्ष्मतायां चाभिव्यक्तिवचोविरोधोऽतिप्रसङ्गश्च । तृतीये तु सामग्र्येकदेशत्वमपि तज्जनकत्वपर्यवसन्नं न प्रत्येकमितरत्तु दुर्वचमिति चेत् ? न, सहकारिवैकल्यप्रयुक्तकार्याभाववत्त्वरूपाया एव देशोपकारितायाः सार्वत्रिक्याः प्रत्येकमभिधित्सितत्वात्, क्वचित्तु तिलादिषु प्रत्येकं तैलादिकं प्रति देशोपकारिता सूक्ष्मतदुपधानरूपा तत् कार्यमहत्त्वस्य कारणमहत्त्वाधीनत्वात्, क्वचित्तु भ्रमिघ्राण्याद्यतिशयितसमूहरूपमदकार्यं प्रति गुडद्राक्षेक्षुरसादिषु तदवयवजनकत्वरूपा सा, तदुक्तं—"[१]भमिधणिवितण्हयाई पत्तेयं पिहु जहा मयंगेसु" त्ति । एतेन तस्यास्तदानीं तैरुत्पाद्यत्वेनास्वीकारात् मृत्पिंडदंडकुलालादिसामग्र्या घटवदिति दृष्टान्तः कार्यमात्रतायां द्रष्टव्यो, न तु प्रत्येकाऽजनककारणकार्यतायां, उक्तभाषाविरोधप्रसङ्गादित्यवधेयम् । ज्ञानचारित्रयोश्च कृत्स्नकर्मक्षयलक्षणं मोक्षरूपकार्यं प्रति निज्जरारूपदेशकर्मक्षयजनकत्वं देशोपकारित्वं प्रत्येकमविशिष्टमिति प्रतिभाति ॥५८॥

## [દેશોપકારિતા દુર્વચનીય–પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ :**–આ દેશોપકારિતા શું છે? (૧) સૂક્ષ્મકાર્ય ઉત્પન્ન કરવું તે? કે (૨) કાર્યને અભિવ્યક્ત કરવું તે કે (૩) સામગ્રીના એકદેશભૂત હોવું તે? આમાંથી પહેલો પક્ષ માની શકાય એવો નથી કારણ કે એમ માનવામાં દંડાદિ પ્રત્યેક પણ સૂક્ષ્મ ઘડો ઉત્પન્ન કરે છે એવું માનવાની આપત્તિ આવે. બીજો વિકલ્પ માનવો પણ અયુક્ત છે કારણ કે જ્યાં સુધી ઘટાદિ કાર્યએ પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોતું નથી અર્થાત્ સ્વયં ઉત્પન્ન થયું હોતું નથી ત્યાં સુધી દંડાદિ તેની અભિવ્યક્તિ શી રીતે કરે? વસ્તુ વિદ્યમાન હોતે છતે જ જે તેઓનું જ્ઞાન કરાવી શકતું હોય તે અભિવ્યંજક કહેવાય છે. જેમકે પ્રદીપ, વળી દંડાદિ દરેકથી સૂક્ષ્મ ઘટાદિ અભિવ્યક્ત થતા હોય એવું ક્યારેય દેખાતું નથી.

**શંકા :**–દંડાદિ સૂક્ષ્મ ઘટાદિને અભિવ્યક્ત તો કરે જ છે પણ અભિવ્યક્ત થતા ઘટાદિ એટલા બધા સૂક્ષ્મ હોય છે કે જેથી એ લક્ષમાં આવતા નથી.

**સમાધાન :**–એ પણ વચનવિરોધ તેમજ અતિપ્રસંગ આવતો હોવાથી માનવું યુક્ત નથી. 'અભિવ્યક્ત થાય છે અને દેખાય એવો હોતો નથી' એ કથન પરસ્પર વિરુદ્ધ છે. વળી વસ્તુ અભિવ્યક્ત થવા છતાં અલક્ષણીય રહી શકતી હોય તો તો જે પટાદિની હાજરીમાં ઘટાદિ દેખાતા નથી તેવા પટાદિ પણ ઘટાદિની સૂક્ષ્મ અભિવ્યક્તિ કરે છે એમ માનવાની આપત્તિ રૂપ અતિપ્રસંગ આવશે.

---

१. भमिघणि वितण्हयाई पत्तेयं पिहु जहा मयंगेसु ।
तह जइ भूएसु भवे चेया तो समुदये होज्जा ॥ ( वि० भा० १६५३ )
भ्रमिघ्राणि वितृष्णतादयः प्रत्येकमपि खलु यथा मदङ्गेषु ।
तथा यदि भूतेषु भवेच्चेतना ततः समुदये भवेत् ॥

(૩) દેશોપકારિતા એટલે કાર્યજનક સામગ્રીના એકદેશભૂત હોવું તે, આ **ત્રીજો** પક્ષ પણ અયોગ્ય છે કારણ કે એ પણ કાર્યજનકતામાં જ પર્યવસિત થાય છે જે પ્રત્યેકમાં રહી નથી. દેશોપકારિતાનું આ ત્રણ સિવાય બીજું કોઇ નિર્વચન પણ સંભવી શકતું ન હોવાથી તમે જે દેશોપકારિતા કહો છો એ દુર્વચ છે.

**[દેશોપકારિતા=સહકારિવૈકલ્યપ્રયુક્તકાર્યાભાવવત્ત્વ-ઉત્તરપક્ષ]**

**ઉત્તરપક્ષ**-તમે જે ૩ વિકલ્પો કર્યા તે તો અમને પણ અભિપ્રેત નથી જ કિન્તુ પ્રત્યેક કારણોમાં રહેલ 'સહકારીવિકલતાના કારણે કાર્યોત્પાદ ન કરવા પણું' આ જ દેશોપકારિતા તરીકે સામાન્યતઃ સર્વત્ર અભિપ્રેત છે, વિશેષતઃ ક્યારેક પ્રત્યેક તલમાં તેલનો અલ્પઅંશ હોવો-અલ્પ કાર્ય જનકતા હોવી અર્થાત્ સૂક્ષ્મ કાર્યોપધાન એ જ એની દેશોપકારિતા છે. એવા સ્થળે કાર્યની વિપુલતા કારણની વિપુલતાને આધીન હોવાથી પુષ્કળ તલના સમૂહથી પુષ્કળ તેલ નીકળવા રૂપ કાર્ય થાય છે. વળી ક્યારેક ભ્રમિ =ચિત્તભ્રામકશક્તિ, ઘ્રાણિ=તરસ લગાડનાર શક્તિ વગેરેના અતિશયિત સમૂહાત્મક જે મદ કાર્ય તેમાંથી એક એક ભ્રમ્યાદિરૂપ અવયવની જનકતા હોવી એ જ ગોળ વગેરેની દેશોપકારિતા છે. શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે-

"દારુમાં અનુભવાતા ભ્રમિ = ચિત્તભ્રમ કરનાર શક્તિ, ઘ્રાણિ=તૃપ્તિજનકશક્તિ તેમજ વિતૃષ્ણતાકરણશક્તિ વગેરે જેમ તેના અંગભૂત મહુડાના ફૂલ, ગોળ = દ્રાક્ષાદિ તથા પાણી વગેરેમાં દરેકમાં પૃથગ્ અવસ્થામાં પણ આંશિક રીતે હોવાથી જ આવે છે તેમ વ્યસ્ત એવા પૃથ્વી આદિભૂતોમાં પણ જો આંશિક રીતે ચૈતન્ય હોય તો જ એના સમુદાયમાં પણ ચૈતન્ય આવે." અહીં એ ધ્યાનમાં લેવું કે મદ્યના અંગભૂત ગુડાદિ પ્રત્યેક કારણમાં જે સૂક્ષ્મ તદુપધાનરૂપ દેશોપકારિતા રહેલી છે તે કાંઇ એકત્રિત થયેલા સકલકારણોથી ઉત્પાદ્ય નથી કિંતુ સ્વતઃ જ છે એટલે સામગ્રીથી કાર્ય ઉત્પત્તિનો નિયમ સિદ્ધ કરવા માટે ઘટનું જે દૃષ્ટાન્ત અપાય છે તે સામાન્યતઃ કાર્યતાને અનુલક્ષીને અપાયેલું જાણવું, નહિં કે પ્રત્યેક અવસ્થામાં અજનક હોય એવા કારણો (ના સમુદાયથી) નિરૂપિત કાર્યતાને અનુલક્ષીને, કારણ કે આવી કાર્યતા દૃષ્ટાન્તભૂત ઘટમાં હોવા છતાં મદકાર્યમાં નથી. મદકાર્યતો સમુદાયાત્મક કાર્ય હોવાથી એના અવયવભૂત એક એક ભ્રમિ આદિ કાર્ય પ્રત્યેક અવસ્થાવાળા ગુડાદિથી પણ થતાં હોય છે. એટલે અહીં પ્રત્યેકા-જનકકારણકાર્યતા છે નહિ. કિંતુ સમુદાયાત્મક મદકાર્યની સામાન્યતઃ કાર્યતા લઇએ તો એ સામગ્રી નિરૂપિત હોવાથી ઘટનું દૃષ્ટાન્ત નિર્બાધ કહી શકાય છે. સામાન્યતઃ કાર્યતાને બદલે જો ઉપરોક્ત પ્રકારની વિશિષ્ટ કાર્યતાને સિદ્ધ કરવા ઘટને દૃષ્ટાન્ત કરવામાં આવે તો સહકારીવૈકલ્યપ્રયુક્ત કાર્યાભાવરૂપ દેશોપકારિતાની જે પરિભાષા કરી છે તેનો પણ વિરોધ મદકાર્યની કાર્યતામાં આવશે કારણ કે મદકાર્યના કારણભૂત ગુડાદિમાં સહકારી વૈકલ્યપ્રયુક્તકાર્યાભાવ નથી. કારણ કે કારણસમુદાયાન્તર્ગત એક

एवं ज्ञानक्रिययोस्तुल्यत्वमुपदिश्य विशेषमावेदयति—

**तुल्लत्तमवेक्खाए णियमा समुदायजोगमहिगिच्च ।**
**किरिया विसिस्सए पुण नाणाउ सुए जओ भणियं ॥५९॥**

(तुल्यत्वमपेक्षया नियमात्समुदाययोगमधिकृत्य । क्रिया विशिष्यते पुनर्ज्ञानात् श्रुते यतो भणितम् ॥५९॥)

**जम्हा दंसणनाणा संपुन्नफलं न दिंति पत्तेयं ।**
**चारित्तजुआ दिंति हि विसिस्सए तेण चारित्तं ॥६०॥**

(यस्माद्दर्शनज्ञाने संपूर्णफलं न दत्तः प्रत्येकम् । चारित्रयुते दत्त एव विशिष्यते तेन चारित्रम् ॥६०॥)

यद्यपि मोक्षलक्षणे कार्ये ज्ञानक्रिये तुल्यवद् व्याप्रियेते तथापि कालतो देशतश्च स्वेतरसकलकारणसमवधानव्याप्यसमवधानकत्वलक्षण उत्कर्षश्चारित्रक्रियाया एव, न खलु षष्ठगुणस्थानभाविपरिणामरूपं चारित्रं चतुर्थगुणस्थानभाविपरिणामरूपं ज्ञानमन्तरेण, न

---

એક ગુડાદિ દ્રવ્યથી સમુદાય કાર્યાન્તર્ગત એક એક ભ્રમિ આદિ કાર્ય સિદ્ધ છે. જો સામાન્યતઃ કાર્યતામાં ઘટને દૃષ્ટાન્ત કરવામાં આવે તો આ પરિભાષાનો કોઈ વિરોધ પ્રસંગ ઊભો નહીં થાય, કેમકે મહકાર્યરૂપ સમુદાયકાર્યમાં સામાન્યતઃ કાર્યતા (નિરવચ્છિન્નકાર્યતા) એક એક ગુડાદિથી નહીં પણ ગુડાદિ સંપૂર્ણ સામગ્રીથી જ સમ્પન્ન થાય છે. અર્થાત્ ભિન્ન ભિન્ન ભ્રમિ આદિ કાર્યના વિશિષ્ટ સમુદાયરૂપ મહકાર્ય સામગ્રીસાધ્ય છે.

આજ રીતે સંપૂર્ણકર્મક્ષયાત્મક મોક્ષરૂપ કાર્ય પ્રત્યે નિર્જરાત્મક દેશથી કર્મક્ષયની જનકતા રૂપ દેશોપકારિતા જ્ઞાન અને ચારિત્ર બન્નેમાં સમાન હોવી ભાસે છે, તેથી બન્ને તુલ્યબળવાળા છે. ॥૫૮॥

[તુલ્યબળી જ્ઞાન કરતાં ચારિત્રની વિશેષતા]

આમ જ્ઞાન અને ક્રિયા તુલ્યબળવાળા છે એવું પ્રતિપાદન કરીને હવે તેમાં વિશેષતા બતાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–જ્ઞાન અને ક્રિયાનો સમુદાય જ મોક્ષફળક હોવાથી સમુદાયયોગને આગળ કરીએ તો બન્ને ફળપ્રાપ્તિ કરાવવામાં એકબીજાને સાપેક્ષ હોવાથી નિયમા તુલ્યબળી જ છે. છતાં ક્રિયામાં જ્ઞાન કરતાં કંઈક વિશેષતા પણ છે કારણ કે આગમમાં કહ્યું છે કે પ્રત્યેક દર્શન કે જ્ઞાન સંપૂર્ણ ફળ આપતા નથી, પણ ચારિત્ર યુક્ત થાય તો જ સંપૂર્ણફળ આપે છે તેથી ચારિત્રની તે બે કરતાં વિશિષ્ટતા છે.'

જો કે મોક્ષાત્મક કાર્ય પ્રત્યે જ્ઞાન અને ક્રિયા સરખી રીતે જ વ્યાપૃત = ઉપયોગી થાય છે તો પણ કાળ અને દેશથી સ્વભિન્ન સકલ કારણોના સમવધાનને વ્યાપ્ય સમવધાનવાળા હોવું આ જાતનો ઉત્કર્ષ તો ચારિત્રમાં જ છે અર્થાત્ અનેક કારણોમાંથી જે કારણ એવું હોય કે જ્યાં જ્યાં અને જ્યારે એનું સમવધાન હોય ત્યાં ત્યાં

वा चतुर्दशगुणस्थानचरमसमयभावि परमचारित्रं त्रयोदशगुणस्थानभावि केवलज्ञानमन्तरा संभवति । इत्थं च घटकारणेष्वपि दण्डादिषु चरमकपालसंयोग एवातिरिच्यते । अथ स्वप्रयोज्यविजातीयसंयोगसम्बन्धेन दण्डादेः स्वप्रयोज्यातिशयितचारित्रसंबंधेन ज्ञानादेश्च स्वेतर-सकलकारणसमवधानव्याप्यसमवधानकत्वं निर्बाधमिति चेत् ? न, स्वतस्तद्वत्त्वस्य विशेषार्थत्वात्, स्वतस्त्वं च समवधाने कारणान्तराघटितत्वमित्याद्यूहनीयम् ॥५९-६०॥

અને ત્યારે ત્યારે શેષ સઘળા કારણોનું પણ સમવધાન અવશ્ય હોય જ, તે કારણ બીજા બધા કરતાં ચઢિયાતું કહેવાય. આવું ચઢિયાતાપણું (ઉત્કર્ષ) જ્ઞાનમાં નથી, ચારિત્રમાં જ છે. કારણ કે જ્ઞાન હોય ત્યારે અને ત્યાં (તે જીવમાં) અવશ્ય ચારિત્ર હોય જ એવો નિયમ નથી. ૪ થે ગુણઠાણે ક્ષાયોપશમિક જ્ઞાન હોવા છતાં ક્ષાયોપશમિક ચારિત્ર (છઠ્ઠા ગુણઠાણાનું) હોતું નથી. એમ ૧૩ મે ગુણઠાણે કેવલજ્ઞાન હોવા છતાં શૈલેશીપણાનું ચારિત્ર હોતું નથી. જ્યારે ચારિત્ર હોય ત્યારે શેષકારણરૂપ જ્ઞાન તો અવશ્ય હોય જ છે. છઠ્ઠા ગુણઠાણાનું ચારિત્ર ચતુર્થગુણસ્થાનકભાવિ જ્ઞાન વિના કે સર્વસંવરાત્મક પરમચારિત્ર કેવલજ્ઞાન વિના હોતું નથી. તેથી જ્ઞાન કરતાં ચારિત્ર આ રીતે તો અવશ્ય અતિશયિત છે જ...આ જ રીતે ચરમકપાલસંયોગની હાજરીમાં શેષ સઘળા દંડાદિ કારણોની હાજરી હોવાથી ચરમકપાલસંયોગ જ ઘટપ્રત્યે અતિશયિત કારણ છે, એ સમજાય તેવી વાત છે.

**શંકા** :– [1]સ્વપ્રયોજ્યવિજાતીયસંયોગ સંબંધથી દંડાદિ જ્યાં અને જ્યારે હાજર હોય છે, તથા [2]સ્વપ્રયોજ્ય અતિશયિતચારિત્ર સંબંધથી જ્ઞાનાદિ જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે હાજર હોય છે. ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે સ્વેતર સકલ કારણોનું સમવધાન પણ હોય જ છે. માટે દંડાદિ અને જ્ઞાનાદિમાં પણ ઉપરોક્ત સંબંધથી તથાવિધ સમવધાનકત્વ રૂપ ઉત્કર્ષ અબાધિત જ હોવાથી ક્રિયાને અતિશયિત મનાય નહિ, અર્થાત્ બન્નેને તુલ્ય જ માનવા જોઈએ.

**સમાધાન** :–છતાં ચરમકપાલસંયોગ, ચારિત્ર વગેરે સ્વતઃ જ તાદૃશસમવધાન વાળા છે જ્યારે દંડાદિ કે જ્ઞાનાદિ સ્વતઃ તેવા નથી. કિંતુ પરંપરાસંબંધથી છે. તેથી ચારિત્ર જ ઉત્કર્ષવાળું છે. અહીં, જે સમવધાન કારણાન્તરથી ઘટિત ન હોય તે જ સ્વતઃ જાણવું. જ્ઞાનાદિનું સમવધાન તો સંબંધાંશમાં સ્વપ્રયોજ્ય અતિશયિતચારિત્રાત્મક કારણાન્તરથી ઘટિત હોવાના કારણે સ્વતઃ નથી. અને તેથી જે ઉત્કર્ષ ચારિત્રમાં છે તે જ્ઞાનમાં નથી. ॥૫૯॥૬૦॥

૧. સ્વ = દંડાદિ, તત્પ્રયોજ્ય વિજાતીયસંયોગ ચરમકપાલ સંયોગ, આ સંબંધથી જ્યાં દંડાદિ હોય ત્યાં ચરમકપાલ સંયોગ સહિત તમામ ઘટજનક સામગ્રી હાજર હોય જ.

૨. સ્વ = જ્ઞાનાદિ તત્પ્રયોજ્ય અતિશયિતચારિત્ર શૈલેશીદશાનું ચારિત્ર, આ સંબંધથી જ્યાં જ્યારે જ્ઞાનાદિ હોય ત્યાં ત્યારે મોક્ષસાધક સ્વેતર સકલ કારણ ઉપસ્થિત હોય જ છે.

अथ निश्चयव्यवहारयोर्विषयविशेषमुक्त(? क्त)स्वरूपयोरप्यतिदिशति—

**एवं ववहाराउ बलवन्तो णिच्छओ मुणेयव्वो ।**
**एगमयं ववहारो सव्वमयं णिच्छओ वत्ति ॥६१॥**

(एवं व्यवहाराद्बलवान्निश्चयो मुणितव्यः । एकमतं व्यवहारः सर्वमतं निश्चयो वेति ॥६१॥)

विषयस्य बलवत्त्वादेव खलु व्यवहारनयान्निश्चयनयोऽतिरिच्यते । अथवा यस्य कस्यचिद्व्यवहारानुकूलस्यैकस्य नयस्य मतं व्यवहारोऽनुमन्यते, पारमार्थिकं सकलनयमतं तु निश्चयः, इति विषयबहुत्वादप्यस्य विशेष इति ध्येयम् । उक्तं च भाष्ये (३५९०)

[1]अहवेगनयमयं चिय ववहारो जं न सव्वहा सव्वं ।
सव्वणयसमूहमयं विणिच्छओ जं जहाभूयं ।।ति ॥६१॥

अथ समर्थितमेव निश्चयनयविशेषमसहमानो व्यवहारवादी सिंहावलोकितन्यायेन प्रत्यवतिष्ठते—

---

નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ કહી દીધું હોવા છતાં તેઓના વિશેષ વિષયનો અતિદેશ કરતાં ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ** :–આમ નિશ્ચયને વ્યવહાર કરતાં બળવાન સમજવો અથવા (એ રીતે કે) વ્યવહાર એક મત=એક અભિપ્રાય વાળો છે જ્યારે નિશ્ચય નય સર્વમત વાળો છે તેથી નિશ્ચયનય બળવાન છે.

### [વ્યવહાર કરતાં નિશ્ચય બળવાન]

પૂર્વોક્ત રીતે જ્ઞાન કરતાં ચારિત્ર ચઢિયાતું હોવાના કારણે જ જ્ઞાનને પ્રધાન વિષય કરનારા વ્યવહાર કરતાં ચારિત્રને પ્રધાન વિષય કરનાર નિશ્ચય વધુ બળવાન છે. અથવા લોકમાં પ્રવર્તતા જે કોઈ એક નયનો મત વ્યવહારને અનુકૂલ હોય તે તે નયનો મત વ્યવહારનયને અનુમત છે, જ્યારે પારમાર્થિક એવો સકલ નયોનો મત નિશ્ચયને સંમત છે. તેથી સકલ નયનો મત પોતાનો વિષય બનતો હોવાના કારણે અધિક વિષયવાળો એવો નિશ્ચય નય વ્યવહાર કરતાં વિશેષિત છે એ ધ્યાનમાં રાખવું. ભાષ્યમાં પણ કહ્યું છે કે 'તે તે દરેક વસ્તુઓનો વ્યવહાર બધી રીતે પ્રવર્તતો નથી. તેથી જે જે વસ્તુનો જે રીતનો વ્યવહાર પ્રવર્તે છે તેવીજ રીતે જોનાર નયમત વ્યવહારને સંમત છે. નિશ્ચયને સર્વનયોનો સમૂહ સંમત છે કારણ કે હકીકતમાં દરેક વસ્તુ તે તે નયો જે જે ધર્મને આગળ કરે છે તે દરેક ધર્મમય છે.' ॥૬૧॥

આ રીતે નિશ્ચયનય વિષય વિશેષના બે હેતુઓથી કરેલા સમર્થનને સહન ન કરી શકતો વ્યવહારવાદી સિંહાવલોકન ન્યાયથી પૂર્વના વચનને પકડીને વિરોધ કરતો ઊભો થાય છે—

---

१. अथवैकनयमतमेव व्यवहारो यत्र सर्वथा सर्वम् । सर्वनयसमूहमतं विनिश्चयो यद् यथाभूतम् ॥

अहिया जइ तुह किरिया अहियं नाणंपि तस्स हेउत्ति ।
कारणगुणाणुरूवा कज्जगुणा णेव विवरीया ॥६२॥

(अधिका यदि तव क्रिया अधिकं ज्ञानमपि तस्य हेतुरिति । कारणगुणानुरूपाः कार्यगुणा नैव विपरीताः ॥६२॥)

यदि हि युक्तिकलापेन भवताऽतिशयवती क्रिया व्यवस्थापिता तर्हि सैव भगवती स्वकारणं ज्ञानमतिशयितमाह । 'स्वापेक्षया तस्यातिशयोऽस्तु न तु स्वकार्यापेक्षयेति' चेत् ? न, "[1]दासेण मे खरो कीओ दासो वि मे खरोवि मे ।' इति न्यायात् स्वकार्यकार्यस्यापि स्वकार्यत्वाविशेषात् । अस्तु वोक्तातिशयशालिकार्यकत्वलक्षणः पारिभाषिक एव विशेषः । यथाहि–मृत्तिकाऽपान्तरालवर्त्तिपिंडशिवककुसूलादीनि जनयन्ती न घटं प्रति मुख्यकारणतां जहाति, तथा ज्ञानमप्यान्तरालिकं सर्वसंवरं जनयन् मोक्षं प्रति तथेति तत्त्वम् । अपि च यथा मन्त्रानुस्मरणात् केवलादेव फलं दृश्यते तथा मोक्षोऽपि ज्ञानादेवेति तस्य मुख्यत्वम् ॥६२॥

[ચારિત્રને જ અતિશયિત કહેવું અયુક્ત–વ્યવહારવાદી]

**ગાથાર્થ** : જો તમને ક્રિયા અધિક=અતિશયવાળી હોવા રૂપે માન્ય હોય તો પણ તેના કારણભૂત હોવાથી જ્ઞાનને પણ અધિક માનવું જ પડશે. કારણ કે કાર્યગુણો કારણ ગુણોને અનુરૂપ હોય છે, વિપરીત નહિ. તેથી જો ક્રિયા અતિશયવાળી હોય તો કારણમાં પણ અતિશય માનવો પડતો હોવાથી "ચારિત્રમાં (પૂર્વોક્ત) ઉત્કર્ષ હોવાથી એ જ વિશેષિત છે" એવું કથન અયુક્ત છે.

**વ્યવહારવાદી** :–ઉપરોક્ત યુક્તિઓથી જો તમે ક્રિયાને જ અતિશયવાળી સ્થાપિત કરતા હો તો અમે કહીએ છીએ કે જ્ઞાન પણ અતિશયવાળું છે. કારણ કે કાર્યગુણો કારણગુણોને અનુરૂપ હોય છે. તેથી જો કાર્યમાં અતિશય હોય તો કારણમાં પણ અતિશય માનવો જ પડે.

**પ્રશ્ન** :–જ્ઞાન ક્રિયાનું કારણ હોવાથી તેમાં ક્રિયાની અપેક્ષાએ ભલે અતિશય હોય, પરંતુ ક્રિયાના કાર્યભૂત મોક્ષની અપેક્ષાએ કંઈ તેમાં અતિશય હોતો નથી. અર્થાત્ અતિશયિત ક્રિયાની પ્રાપ્તિ માટે જ્ઞાનમાં તેને અનુરૂપ અતિશય ભલે માનવો પડે, પણ મોક્ષાત્મક કાર્ય માટે જેવો અતિશય આવશ્યક છે તે તો કારણભૂત ક્રિયામાં જ માનવો પડે છે, જ્ઞાનમાં નહિ તેથી ક્રિયા જ અતિશયિત છે, જ્ઞાન નહિ.

**ઉત્તર** : 'નોકર મારો હોવાથી તેણે ખરીદેલ ગધેડો પણ મારો છે,' એવા ન્યાય મુજબ પોતાના કાર્યનું કાર્ય પણ પોતાનું જ કાર્ય બની જતું હોવાથી મોક્ષ પણ જ્ઞાનનું પોતાનું જ કાર્ય છે અને તેથી જ્ઞાનમાં પણ મોક્ષાનુકૂલ અતિશય માનવો જ પડે. અથવા પૂર્વે કહી ગયા એવા અતિશયવાળા કાર્યનું પોતે કારણ છે. આવું કારણ હોવાપણું જ જ્ઞાનનો પારિભાષિક વિશેષ=અતિશય છે, તેથી જ્ઞાન જ પ્રધાન છે. વળી માટી વચલી અવસ્થાઓમાં જેમ પિંડ, શિવક, કુસૂલાદિને ઉત્પન્ન કરતી હોવા છતાં

1. दासेन मे खरः क्रीतो दासोऽपि मे खरोऽपि मे ।

द्वितीयहेतुमपि दूषयति—

**अह जइ सव्वणयमयं विणिच्छओ इगमयं च ववहारो ।**
**तो सो सयलादेसो विगलादेसो कहं होउ ॥६३॥**

(अथ यदि सर्वनयमतं विनिश्चय एकमतं च व्यवहारः । तत्स सकलादेशो विकलादेशः कथं भवतु ? ॥६३॥)

यदि नाम निश्चयनयः सर्वनयसमूहमास्कन्देत्तर्हि तदेकमूर्त्ति सकलादेशतां प्रतिपद्य विकलादेशरूपं नयलक्षणमेव परिजह्यात् । तथा चोक्तवचोव्याघात इति ॥६३॥

अत्र स्थितपक्षमालम्ब्य समादध्महे—

**मुक्खामुक्खविभागो इच्छामित्तेण णत्थि एगंतो ।**
**जइ अत्थि तो वि नाणे चरणं सारो ति तं मोक्खं ॥६४॥**

(मुख्यामुख्यविभाग इच्छामात्रेण नास्त्येकान्तः । यद्यस्ति तदपि ज्ञाने चरणं सार इति तन्मुख्यम् ॥६४॥)

---

ઘટ પ્રત્યેની પોતાની મુખ્ય કારણતાને છોડતી નથી તેમ સર્વસંવરાત્મક મધ્યકાલીન ચારિત્રને ઉત્પન્ન કરતું જ્ઞાન પણ મોક્ષ પ્રત્યેની પોતાની મુખ્ય કારણતાને છોડી દેતું નથી તેથી એ જ મોક્ષનું મુખ્યકારણ છે. તેમજ કોઈ પણ જાતની ક્રિયા કર્યા વિના જ જેમ મંત્રસ્મરણ માત્રથી ફળપ્રાપ્તિ થઈ જાય છે તેમ મોક્ષાત્મક ફળ પણ જ્ઞાનથી જ પ્રાપ્ત થઈ જતું હોવાથી જ્ઞાન જ મુખ્ય છે, ક્રિયા નહિ. ॥૬૨॥

**[નિશ્ચયમાં, સર્વનયસંમતવિષયત્વ હોવામાં નયત્વહાનિ–પૂર્વપક્ષ]**

સકલનયસંમત વસ્તુ નિશ્ચયનો વિષય હોવાથી નિશ્ચય જ બળવાન્ છે અને તેથી મોક્ષકારણ તરીકે તેને સંમત એવું ચારિત્ર જ વિશેષિત છે એવો, ચારિત્રની અતિશયશાલિતા સિદ્ધ કરવા જે બીજો હેતુ આપ્યો હતો તેને દૂષિત કરતાં વ્યવહારવાદી કહે છે–

**ગાથાર્થ** :–જો સર્વનયોનો મત નિશ્ચય છે અને એક નયનો મત વ્યવહાર છે તો નિશ્ચય તો સકલાદેશ રૂપ જ બની જવાથી તે 'વિકલાદેશ' શી રીતે રહેશે ? તેમજ એ પ્રમાણરૂપ જ બની જવાથી નય શી રીતે કહેવાશે ?

જો નિશ્ચયનય સર્વનયોના સમૂહાત્મક બની જતો હોય તો તો એ એક જ સકલાદેશ બની જવાથી વિકલાદેશતાનો ત્યાગ કરશે અને તેથી એમાં નયત્વ જ ન રહેવાથી નિશ્ચયનયમતે ચારિત્ર પ્રધાન છે ઇત્યાદિ વચનનો વ્યાઘાત થશે કારણ કે એ અભિપ્રાય નયરૂપ જ રહ્યો નથી. ॥૬૩॥

**[બન્ને મુખ્ય છે–પ્રમાણ પક્ષ]**

આમ નિશ્ચય અને વ્યવહારને પોત પોતાના વિષયભૂત ચારિત્ર અને જ્ઞાનની પ્રધાનતા સ્થાપિત કરવામાં ખેંચતાણ કરતાં જોઈને ગ્રન્થકાર સિદ્ધાન્ત પક્ષને અવલંબીને સમાધાન કરતાં કહે છે—

**ગાથાર્થ** :– જ્ઞાન કે ચારિત્ર મુખ્ય છે કે અમુખ્ય એનો વિભાગ ઇચ્છામાત્રથી છે અર્થાત્ જેવી વિવક્ષા હોય એ પ્રમાણે જ્ઞાન કે ચારિત્ર મુખ્ય બને છે કે ગૌણ

व्यवहारो हि स्वविषयं ज्ञानं प्रधानकारणत्वेनाभिमनुते, निश्चयस्तु स्वविषयं चरणं, तदनयोः कल्पनाकोटिमवलम्ब्य प्रवृत्तं विवादमपनेतुमुभयोः समीकरणप्रवणप्रमाणपक्षमन्तरा क इवान्यः प्रभवतु ? यत्तु वस्तुपरिच्छेद एव ज्ञानस्य मुख्यो व्यापारः, तत्करणादेव च सहकारिकारणतया जीवस्य चारित्रक्रियां जनयत् तन्मोक्षं प्रति गौणतयोपयुज्यते, तदुक्तं— [वि० भा० ११४२]

[1]वत्थुपरिच्छेयफलं हवेज्ज किरियाफलं च तन्नाणं ।

न उ निव्वत्तयमिट्ठं सुद्धं चिय तं जओऽभिहियं ॥ त्ति, तदपि निश्चयनयानुसारेण द्रष्टव्यम्, व्यवहारतः सहकारस्याप्युपकारत्वात् । अतएव तत्रैवोक्तम्—

[2]नाणं परंपरमणंतरा उ किरिया तयं पहाणयरं ।

जुत्तं कारणमहवा समयं तो दोन्नि जुत्ताइं ॥ ति [वि०भा० ११३७]

---

બને છે. જ્ઞાન કે ચારિત્રમાંથી એક મુખ્ય જ છે અને બીજું ગૌણ જ છે એવો એકાન્ત નથી. છતાં કોઈપણ જાતની વિવક્ષા વિના જ બેમાંથી કોણ અંશે પણ મુખ્ય છે એવું જાણવાની જો ઇચ્છા હોય તો જવાબ એ છે કે જ્ઞાનનાં સારભૂત હોવાથી ચારિત્ર જ મુખ્ય છે.

વ્યવહાર નય પોતાના વિષયભૂત જ્ઞાનને જ પ્રધાનકારણ તરીકે માને છે જ્યારે નિશ્ચય પોતાના વિષયભૂત ચારિત્રને જ. પોત પોતાની માન્યતાને પુષ્ટ કરવા બન્ને જાતજાતની કલ્પનાઓ દોડાવી વિવાદ માંડે છે. આ વિવાદનો ઉકેલ લાવવામાં બન્નેને સમાનબળવાળા હોવા રૂપે ઠરાવવામાં નિપુણ એવા પ્રમાણપક્ષ સિવાય બીજું કોણ સમર્થ થાય? અર્થાત્ પ્રમાણપક્ષ એ વિવાદનો એ જ ઉકેલ આપે છે કે બન્ને સમાન બળવાળા જ છે અને તેથી તેઓમાં પ્રધાન–ગૌણભાવ નથી. "વસ્તુનો બોધ કરાવવો એ જ જ્ઞાનનો મુખ્ય વ્યાપાર છે. એ પરિચ્છેદ કરવા દ્વારા જ એ ચારિત્રક્રિયાને ઉત્પન્ન કરવામાં જીવના સહકારી તરીકે વર્તે છે તેથી મોક્ષ પ્રત્યે તો એ ગૌણરૂપે જ વર્તે છે. કહ્યું પણ છે કે— જ્ઞાન તો વસ્તુનો બોધ માત્ર કરાવે છે અને એ કરવા દ્વારા જ ચારિત્રક્રિયાના સહકારીકારણ તરીકે વર્તી તે ક્રિયારૂપ ફળને ઉત્પન્ન કરે છે પરંતુ મોક્ષ કાર્યનાં આનન્તર્યેણ ઉત્પાદક તરીકે એ ઇષ્ટ નથી તેથી જ કહ્યું છે કે..." આ બધી વાત નિશ્ચયનયાનુસારે જાણવી. કારણ કે વ્યવહાર તો સહકારને પણ ઉપકારાત્મક માનતો હોવાથી સહકારીને પણ કારણ માને જ છે. તેથી જ ત્યાં જ–શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં જ કહ્યું છે કે– "જો જ્ઞાન પરંપરાએ જ મોક્ષને ઉપકારી હોય અને ક્રિયા

---

१. वस्तुपरिच्छेदफलं भवेत्क्रियाफलं च ततो ज्ञानम् । न तु निर्वर्त्तकमिष्टं शुद्धमेव यत्तोऽभिहितम् ॥

२. ज्ञानं पारम्परमनन्तरा तु क्रिया तत्प्रधानतरम् । युक्तं कारणमथवा समकं ततो द्वे युक्ते ॥

यदि हि अन्त्यानन्त्यविभागमुक्तातिशयशालिकार्यकत्वतद्विपर्ययविभागं चानादृत्य सामान्यतो द्वयोस्तुल्यवत् कारणत्वमेव जिज्ञासितं, तदा तथैव तत्परिच्छेत्तुं प्रमाणमुत्सहते । यदि तु तयोः कारणत्वं प्रतिसन्धायापि मुख्यत्वाऽमुख्यत्वजिज्ञासैव प्रवर्त्तते तदा मुख्यत्वमपि तयोरविशेषेणैव दर्शयत् प्रमाणतां पूरयितुमुत्सहेत, आपेक्षिकयोर्मुख्यत्वगौणत्वयोर्ह्रस्वत्वदीर्घत्वयोरिवाविरोधात् । स्यादेतत्-ज्ञानं परिच्छेद एवोपक्षीणं सन्न मोक्षजनकमिति, मैवं, शिबिकावाहकपुरुषयोरिव ज्ञानक्रिययोरेकस्वभावेनाऽसहकारित्वात् , गतिक्रियायां नयनचरणयोरिव भिन्नस्वभावतयैव तयोः सहकारित्वात् , प्रकाशगुप्तिविशुद्धयोः स्वभाववैचित्र्य एवानुप्रवेशाद्य-

---

સાક્ષાત્ ઉપકારી હોય તો એમ કહી શકાય કે સાક્ષાત્ ઉપકારી એવી ક્રિયા પ્રધાન છે. પણ જો કાર્યોત્પત્તિમાં બંને યુગપત્ ઉપકારી છે તો બન્નેને પ્રધાન માનવા જોઈએ એકલા જ્ઞાનને નહિ." આમ વ્યવહાર મતે જ્ઞાન પણ ઉપકારી હોવાથી પ્રમાણ બન્નેને તુલ્યબળવાળા તરીકે સ્થાપે છે.

**[ભિન્ન ભિન્ન વિવક્ષાથી બન્નેમાં પ્રધાનતા-ગૌણતા છે]**

વળી જો 'આ અંત્યકારણ છે, આ અનન્ત્ય' એવા વિભાગની વિવક્ષાનો અને 'અમુક અતિશયશાલી કાર્ય કરનાર છે, બીજો તેવું કાર્ય કરનાર નથી.' એવા વિભાગની વિવક્ષાનો પણ અનાદર કરી, સામાન્યથી બન્ને સમાન રીતે કારણ બને છે કે નહિ? એટલું જ જાણવાની જો ઇચ્છા હોય તો પ્રમાણ પણ તેવો જ બોધ કરાવે છે અર્થાત્ બન્નેને તુલ્ય કારણ તરીકે જ જણાવે છે. આમ બન્ને કારણ છે એવું જાણ્યા પછી પણ એમાંથી મુખ્ય કોણ અને ગૌણ કોણ? એવી જિજ્ઞાસા પ્રવર્ત્તતી જ હોય તો પણ પ્રમાણ જ તે બન્નેમાં મુખ્યતા પણ છે અને ગૌણતા પણ છે એવું દર્શાવીને પોતાની પ્રમાણતાને જાળવી રાખે છે.

**શંકા :**-જ્ઞાન કે ચારિત્ર પોત પોતે જ મુખ્ય અને ગૌણ બન્ને શી રીતે બને? જે મુખ્ય હોય તેને ગૌણ અને ગૌણ હોય તેને મુખ્ય શી રીતે કહેવાય?

**સમાધાન :**-એની એ જ વસ્તુ એકની અપેક્ષાએ હ્રસ્વ હોવા છતાં બીજાની અપેક્ષાએ દીર્ઘ હોઈ શકે છે અર્થાત્ આપેક્ષિક હોવાથી હ્રસ્વત્વ અને દીર્ઘત્વ જેમ એક જ વસ્તુમાં વિરોધ વગર રહી શકે છે તેમ મુખ્યત્વ અને ગૌણત્વ પણ આપેક્ષિક હોવાથી એકત્ર (જ્ઞાનમાં કે ચારિત્રમાં પ્રત્યેકમાં) રહી શકે છે.

**શંકા :**-પરિચ્છેદ કરાવવામાં જ ચરિતાર્થ થઈ જતું જ્ઞાન મોક્ષજનક નથી.

**સમાધાન :**-પાલખી ઉપાડનાર માણસો એ ઉપાડવામાં જેમ સમાન રીતે વ્યાપાર કરે છે એ રીતે જ્ઞાન અને ક્રિયા કંઇ સમાનસ્વભાવથી એકબીજાના સહકારી નથી. અર્થાત્ તુલ્યસ્વભાવથી ક્રિયાન્વિત થતા નથી કિન્તુ જેમ ગતિક્રિયામાં આંખ અને પગ ભિન્નભિન્ન સ્વભાવથી પરસ્પર સહકારી છે તેમ ભિન્ન ભિન્ન સ્વભાવથી જ સહકારી છે-વ્યાપાર કરે છે. જ્ઞાન પ્રકાશ કરે છે અને ચારિત્ર ગુપ્તિ અને વિશુદ્ધિ કરે છે. આ

दागमः "[1]नाणं पयासयं सोहओ तवो संजमो य गुत्तिकरो ।
तिण्हंपि समाओगे मुक्खो जिणसासणे भणिओ । त्ति' [वि० भा० ११६१]

यथा हि कचवरपूरितगृहविशुद्धये प्रदीपप्रज्वालनसंमार्जकपुरुषव्यापारणवातायनजालकादिस्थगनानि रेण्वादिप्रकाशबाह्यरेण्वादिप्रवेशनिषेधाभ्यन्तररेणुसंशोधनव्यापारतयोपयुज्यन्ते तथा जीवगृहविशुद्धयेऽपि ज्ञानतपःसंयमा अपि प्रकाशव्यवदानाऽनाश्रवव्यापारतयेति । एतत्तात्पर्यं—सर्वथा विरजस्कत्वं हि गृहविशुद्धिः, तत्र पूर्वरजोऽपनयने संमार्जनीमार्जनं, निःशेषतदपनयने च प्रदीपप्रकाशोऽनागततदभावे च स्वकारणविघटनद्वारा जालकस्थगनं निबन्धनमिति त्रयोपनिपातादर्थसमाजसिद्धा सा, तथा पूर्वकर्मापनयने तपः, कार्त्स्न्येन तदपनयने ज्ञानमनागतकर्माभावे च स्वकारणविघटनद्वारा संयमो हेतुः, इत्येतत्त्रयोपनिपाते सर्वथा निष्कर्मत्वलक्षणो मोक्षोऽप्यर्थसमाजसिद्ध एवेति मन्तव्यम् । एतेन स्वभावभेदो व्याख्यातो, व्यापारादिभेदस्यैव तदर्थत्वात्, कथमन्यथा दंडचक्रादीनामपि भिन्नस्वभावतया घटहेतुत्वं ? इति ।

---

કાર્યો ભિન્ન ભિન્ન હોવાથી તે તે કરવાનો જ્ઞાન અને ચારિત્રનો સ્વભાવ પણ ભિન્ન ભિન્ન જ છે. તેથી જ્ઞાન પણ પોતાની રીતે કાર્ય કરતું થકું મોક્ષજનક બને જ છે, કહ્યું છે કે 'જ્ઞાન પ્રકાશક છે. તપ એ શુદ્ધિ કરનાર છે અને સંયમ એ ગુપ્તિ કરનાર છે. ત્રણેના સમાયોગથી મોક્ષ થાય છે એવો શ્રી જિનશાસનનો અભિપ્રાય છે.'

### [ જ્ઞાન-દર્શન-ચારિત્રના સમુદાયથી મોક્ષ ]

જેમ ધૂળથી ભરેલા ઘરની વિશુદ્ધિ કરવામાં–તેને સર્વથા ધૂળ વગરનું કરવામાં ત્રણ વસ્તુઓ આવશ્યક છે- (૧) પહેલેથી ભરાઈ ગએલ ધૂળ ને દૂર કરવા માટે સાવરણીથી વાળવાની ક્રિયા. (૨) એમ સાફ કરતાં કરતાં જે થોડી થોડી ધૂળ ખૂણે ખાંચરે રહી જાય તેને પ્રદીપ પ્રકાશ દ્વારા જોઈને સર્વથા દૂર કરવા માટે પ્રદીપપ્રકાશ અને (૩) નવી ધૂળ આવવાના કારણોને દૂર કરવા રૂપ જાળીયા વગેરેને ઢાંકવાની ક્રિયા. આમ રજકણોનો પ્રકાશ–બાહ્યરજકણોની અટકાયત અને અંદરની રેણુઓને દૂર–કરવા દ્વારા ગૃહશુદ્ધિમાં જેમ પ્રદીપપ્રજ્વાલન, જાલકસ્થગન અને વાળનાર પુરુષનો વ્યાપાર ઉપયોગી બને છે અને ત્રણેના સમુદાયથી જ કાર્ય થાય છે તેમ જીવરૂપી ગૃહની વિશુદ્ધિ માટે પણ પૂર્વકર્મરજ ને દૂર કરવામાં તપ, તેને સર્વથા દૂર કરવામાં જ્ઞાન અને નવી કર્મરજને આવતી અટકાવવામાં સંયમ ઉપયોગી બને છે. આમ આ ત્રણેના વ્યાપારથી જ સર્વથા નિષ્કર્મત્વ રૂપ મોક્ષ પ્રાપ્ત થતો હોવાથી એ પણ જ્ઞાનાદિના સમુદાયથી જ સિદ્ધ થાય છે એ જાણવું. આમ ત્રણેના વ્યાપાર જુદા જુદા દર્શાવ્યા એનાથી જ એ ત્રણે જુદા જુદા સ્વભાવથી જ સહકારી છે એવું સિદ્ધ થએલું જાણવું, કારણ કે જુદો જુદો વ્યાપાર કરવો એ જ કારણોની ભિન્ન ભિન્ન સ્વભાવતા છે નહિતર તો

---

१. ज्ञानं प्रकाशकं शोधकं तपः संयमश्च गुप्तिकरः । त्रयाणामपि समायोगे मोक्षो जिनशासने भणितः ॥

स्यादेतत्-शुशोधयिषुप्रवृत्तौ शोध्यनिश्चयस्य नाशार्थिप्रवृत्तौ नाश्यनिश्चयस्य वा हेतुत्वात् कर्मापनिनीषुप्रवृत्तौ तन्निश्चयमात्रमुपयुज्यतां किमितरज्ञानेन ? मैवं, यावत्सु हेयेषु हेयत्वज्ञानस्य ज्ञानविज्ञानक्रमेण श्रवणादेव संभवे ततः प्रत्याख्यानसंयमाऽनाश्रवतपोव्यवदानाक्रियत्वजननक्रमेण परमपदलाभोपदेशात्, तथा च प्रज्ञप्तौ संग्रहणीगाथा-[२-५-१११-श्लोक-२१]

"[1]सवणे नाणे य विन्नाणे पच्चक्खाणे अ संजमे । अणण्हए तवे चेव वोदाणे अकिरिआ सिद्धि ॥ त्ति । तथा च सावद्ययोगनिवृत्तिनिरवद्ययोगप्रवृत्तिरूपचारित्रे हेयत्वोपादेयत्वज्ञानायैव विधिनिषेधवाक्यघटितं प्रवचनमुपयुज्यते । अत एव जघन्यतोऽष्टप्रवचनमातृश्रुतमप्युपदिश्यते, तावताऽप्युक्तप्रयोजनसंभवात्, तावत् श्रुतज्ञानोपजनितचारित्रप्रवृत्तेश्चाशुभयोगहानं साध्यं कर्महानं तूद्देश्यमिति

---

દંડાદિ પણ ભિન્ન ભિન્ન સ્વભાવથી ઘટ પ્રત્યે કારણ છે એ વાત સિદ્ધ કરી શકાશે નહિ કારણ કે જુદા જુદા વ્યાપાર સિવાય બીજો તો કોઈ તેઓનો ઘડા માટે ઉપયોગ નથી કે જેને આગળ કરીને તેઓનો સ્વભાવભેદ કહી શકાય.

**શંકા** :-કચરાને દૂર કરવાની પ્રવૃત્તિમાં કચરાનું જ્ઞાન કે નાશ કરવાની પ્રવૃત્તિમાં નાશ્યનું જ્ઞાન જ હેતુભૂત હોવાથી કર્મદૂર કરવાની પ્રવૃત્તિમાં પણ કર્મનું જ જ્ઞાન ઉપયોગી છે. ઈતરજ્ઞાન તો ઉપયોગી ન હોવાથી એને ઉપાદેય શી રીતે મનાય ?

## [પ્રવચનજ્ઞાન મોક્ષપ્રાપ્તિમાં આવશ્યક]

**સમાધાન** :-કર્મ કંઈ એવી ચીજ નથી કે જેને વીણી વીણીને દૂર કરી દઈ આત્માને સર્વથા શુદ્ધ કરી શકાય. અનતિશાયી જ્ઞાનીને તો કર્મનું પ્રત્યક્ષ જ ન હોવાથી એને જોઈ જોઈ ને દૂર કરવાનું શકય નથી. પરંતુ કર્મહાનિનો ઉદ્દેશ રાખીને હેય પદાર્થોની હાનિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિ કરવા વડે જ એ શકય છે. માટે જેટલા હેયાદિ પદાર્થો હોય એ સર્વેનું હેયત્વાદિરૂપે જ્ઞાન ઉપયોગી છે. તેથી માત્ર કર્મનું જ્ઞાન જ ઉપયોગી છે એવું મનાય નહિ. વળી મોક્ષપ્રાપ્તિ પણ શ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પ્રત્યાખ્યાન, સંયમ, અનાશ્રવ, તપ, વ્યવદાન અને અક્રિયત્વના ક્રમથી જ કહી છે. **વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં** પણ **સંગ્રહણી ગાથામાં** આ જ વાત કહી છે કે "શ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પચ્ચક્ખાણ, સંયમ, અનંહસ્ક (=પાપ રહિતપણું), તપ, વ્યવદાન (=પૂર્વબદ્ધ કર્મમલનો નાશ) ક્રમશઃ થએ છતે અક્રિયા થાય છે અને તેનાથી સિદ્ધિ થાય છે." તેથી સાવદ્યયોગનિવૃત્તિ અને નિરવદ્યયોગ પ્રવૃત્તિ રૂપ ચારિત્ર માટે આવશ્યક એવા હેયત્વ ઉપાદેયત્વના જ્ઞાન માટે જ વિધિનિષેધવાકયઘટિત પ્રવચન (જિનોક્ત વચનોનું જ્ઞાન) ઉપયોગી બને છે. તેથી જ જઘન્યથી અષ્ટ પ્રવચન માતાના જ્ઞાનને પણ ચારિત્ર માટે સંમત માન્યું છે કારણ કે તેનાથી પણ સાવદ્યયોગ નિવૃત્ત્યાદિ રૂપ પ્રયોજન સિદ્ધ થઈ શકે છે.

---

૧. श्रवणे ज्ञाने च विज्ञाने प्रत्याख्याने च संयमे । अनंहस्के तपसि चैव व्यवदानेऽक्रिया सिद्धिः ॥

विशेषः । एवं च रेणोरिव कर्मणः साक्षादपनयनाऽसंभवात् कथं दृष्टान्तः सुस्थ इति निरस्तम् । समर्थितश्च ज्ञानस्य प्रकाशकतोपयोगोऽन्यथा हेयोपादेयविपर्यये विवेकासंभवात् । अतएव ज्ञानविरहितक्रियाया अल्पफलत्वमुक्तं, यथावज्ज्ञानस्यैव यथावत्प्रवृत्तिहेतुत्वात् ।

यदप्युक्तं 'ज्ञानमेव प्रधानं क्रियानिरपेक्षादेव मन्त्रानुस्मरणाद्विषघात–नभोगमनादिदर्शनात्' इति तदप्यपेशलं, तत्रापि परिजपनादिक्रियासध्रीचीनमन्त्रोपयोगादेवोक्तफलसंभवात्, यदाह

[1]परिजवणाईकिरिया मन्तेसुवि साहणं ण तम्मत्तं ।
सन्नाणओ अ न फलं तन्नाणं जेणमकिरियं ॥ [वि० आ० ११४०]

अथ परिजपनमपि धारावाहिकं तज्ज्ञानमेव, न तु क्रिया । न चाऽक्रियस्याऽऽकाशवत्कार्यजनकत्वमसङ्गतमिति वाच्यम्, क्रियायाः संयोगविभागादावेव हेतुत्वेन तां विनाऽऽकाशादावपि कार्यान्तराभ्युपगमादिति चेत्? सत्यं, तथाप्यत्र नभोगमनादिक्रियायास्तन्मन्त्रसङ्केतोपनिबद्धदेवतोपाहृततया क्रियानिरपेक्षत्वासिद्धेः, आह च—

[2]तो तं कत्तो? भन्नइ तं समयणिबद्ध देवओवहियं ।
किरियाफलं चिय जओ न नाणमित्तोवओगस्स ॥ त्ति [वि० आ० ११४१]

---

**શંકા** :–પણ એ જ્ઞાનથી તો અશુભયોગનો જ હેય તરીકે બોધ થતો હોવાથી એનું સાધ્ય અશુભયોગહાનિ બની શકશે, કર્મહાનિ તો શી રીતે બને ?

**[શ્રુતજ્ઞાનથી અશુભયોગહાનિદ્વારા કર્મહાનિ]**

**સમાધાન** :–એટલા શ્રુતજ્ઞાનથી ઉપજનિત ચારિત્રપ્રવૃત્તિથી અશુભયોગોની હાનિ જ સાધ્ય છે, કર્મહાનિ તો ઉદ્દેશ્ય જ છે. અર્થાત્ એ શ્રુતજ્ઞાનથી સાક્ષાત્ તો અશુભયોગોની હાનિ જ થાય છે અને એ હાનિ થવાથી કર્મહાનિ થાય છે. તેથી કર્મહાનિનો ઉદ્દેશ રાખીને અશુભયોગહાનિ કરવામાં એ શ્રુતજ્ઞાનાદિ પણ આવશ્યક છે. આમ "પ્રદીપપ્રકાશ તો રજકણોને દેખાડીને સાક્ષાત્ દૂર કરવામાં ઉપયોગી બને છે જ્યારે પ્રવચનમાતા વગેરેનું જ્ઞાન કંઇ કર્મરજને દેખાડીને સીધે સીધી દૂર કરી દેવામાં ઉપયોગી બનતું નથી. તેથી ગૃહશુદ્ધિનું દૃષ્ટાંત અહીં શી રીતે આપી શકાય ?" એવી શંકા પણ નિરસ્ત જાણવી. કારણ કે કર્મહાનિને સાક્ષાત્ સાધ્ય તરીકે બનાવવામાં તે જ્ઞાન ઉપયોગી બનતું ન હોવા છતાં તેના ઉદ્દેશથી થતી અશુભયોગહાનિ આદિમાં તો ઉપયોગી બનતું હોવાથી આવશ્યક છે જ...

આનાથી જ્ઞાનની પ્રકાશકત્વરૂપે ઉપયોગિતાનું સમર્થન પણ થઈ ગએલું જાણવું કારણ કે જ્ઞાન ન હોય તો હેય–ઉપાદેયનો વિપર્યય થઈ જવો પણ સંભવિત હોવાથી 'આ હેય છે અને આ ઉપાદેય છે' વગેરે રૂપ વિવેક સંભવિત બનતો નથી. તેથી જ

---

१. परिजपनादिक्रिया मन्त्रेष्वपि साधनं न तन्मात्रम् । तज्ज्ञानतश्च न फलं तज्ज्ञानं येनाक्रियम् ॥
२. ततस्तत्कुतो? भण्यते तत्समयनिबद्धदेवतोपाहृतम् । क्रियाफलमेव यतो न ज्ञानमात्रोपयोगस्य ॥

यथाहि–नभोगमनमुद्दिश्य देवताऽऽह्वानाय प्रवर्त्तमानस्य मन्त्रानुस्मरणं तत्प्रवृत्तिहेतुः तथा कर्मक्षयमुद्दिश्य चारित्रे प्रवर्त्तमानस्य प्रवचनज्ञानमपि तत्प्रवृत्तिहेतुः, अग्रिमफलं त्वविनाभावादिति परमार्थः ।

---

જ્ઞાનરહિત ક્રિયાનું ફળ અલ્પ કહ્યું છે કારણ કે યથાર્થજ્ઞાન જ યથાર્થપ્રવૃત્તિ કરાવતું હોવાથી તેની ગેરહાજરીમાં યથાર્થ પ્રવૃત્તિ ન હોવાથી પૂર્ણ ફળ મળતું નથી.

**[ક્રિયાસહકૃત મંત્રજ્ઞાનમાં જ ફળદાયકત્વ]**

ક્રિયાને નિરપેક્ષપણે મંત્રસ્મરણમાત્રથી ઝેર ઉતરી જવું–આકાશમાં ગમન થવું વગેરે દેખાતું હોવાથી જ્ઞાન જ પ્રધાન છે એવું વ્યવહારવાદીએ જે કહ્યું તે પણ શોભતું નથી કારણ કે ત્યાં પણ મંત્રનો જાપ કરવા વગેરે રૂપ ક્રિયાથી સહકૃત મંત્રજ્ઞાન જ ઉક્તફળને આપે છે, અસહકૃત નહિ, તેથી ક્રિયા પણ પ્રધાન છે જ. કહ્યું જ છે કે 'મંત્રાદિ વિશે પણ પરિજાપાદિ ક્રિયા સહકારી છે જ કારણ કે મંત્રાદિ માત્ર કંઇ ફળના સાધનભૂત નથી. સમ્યગ્જ્ઞાન માત્રથી ફળપ્રાપ્તિ થતી નથી કારણ કે તે પોતે સ્વયં અક્રિય છે.'

**પૂર્વપક્ષ :–**જાપ કરવો એ પણ ધારાવાહીજ્ઞાનરૂપ જ છે, ક્રિયારૂપ નથી તેથી મંત્રના તેવા જ્ઞાનમાત્રથી જ વિષઘાતાદિ રૂપ ફળપ્રાપ્તિ થતી હોવાથી એ જ પ્રધાન છે. વળી 'જ્ઞાન અક્રિય હોવાથી આકાશની જેમ કાર્યજનક નથી' એવું પણ માનવું નહિ કારણ કે ક્રિયા તો સંયોગ–વિભાગાદિ સ્વરૂપ કાર્ય પ્રત્યે જ હેતુ છે તે સિવાયના કાર્યો તો તે વિના પણ આકાશાદિમાં પણ માનેલા જ છે. તેથી અક્રિય એવું આકાશ પણ જેમ કાર્યજનક બની શકે છે તેમ મંત્રસ્મરણાદિ પણ બને જ છે.

**ઉત્તરપક્ષ :–**તમારી વાત સાચી છે છતાં નભોગમનાદિ ક્રિયામાં સ્વયં જનારની પ્રવૃત્તિ ન હોવા છતાં મંત્ર સાથે સંકળાએલ દેવતા તો તેને ઇષ્ટસ્થળે મૂકવાની પ્રવૃત્તિ કરે જ છે. તેથી એ ફળપ્રાપ્તિમાં ક્રિયાનિરપેક્ષત્વ તો નથી જ...કહ્યું જ છે કે "**પ્રશ્ન :–**નભોગમનાદિ કાર્ય જો ફક્ત મંત્રજ્ઞાનથી જ કરાતું નથી તો શેનાથી કરાતું છે ? **ઉત્તર :–**જે દેવતાનો સમય=સંકેત મંત્રમાં સ્થાપિત થયેલ હોય તે દેવતાથી જ તે કાર્ય કરાય છે અને દેવતા તો સક્રિય જ હોય છે. તેથી એ નભોગમનાદિ મંત્રજ્ઞાનોપયોગ માત્રનું ફળ નથી." આમ જેમ નભોગમનના ઉદ્દેશથી દેવતાના આહ્વાન માટે કરાતું મંત્રાનુસ્મરણ દેવતાની પ્રવૃત્તિમાં હેતુભૂત છે તેમ કર્મક્ષયના ઉદ્દેશથી ચારિત્રમાં પ્રવૃત્તિ માટે વ્યાપૃત થતું પ્રવચનજ્ઞાન પણ ચારિત્ર પ્રવૃત્તિમાં હેતુભૂત છે. નભોગમન–કર્મક્ષયરૂપ અગ્રિમફળ તો એ દેવ–ચારિત્રની પ્રવૃત્તિથી અવશ્ય થનારું હોઈ થઇ જ જાય છે. એ પરમાર્થ છે.

**[ફળપ્રાપ્તિમાં ક્રિયા પણ આવશ્યક]**

આમ જ્ઞાન પ્રવૃત્તિમાં હેતુભૂત છે એવું પ્રતિપાદન કર્યું એનાથી જ 'દેવતાના આહ્વાન કરવારૂપ કાર્ય અંગે તો માત્ર મંત્રસ્મરણાત્મક જ્ઞાન જ જેમ હેતુ છે તેમ

एतेन देवताऽऽह्वाने मन्त्रानुस्मरणं यथा केवलमेव हेतुस्तथा कार्यान्तरेष्वपि ज्ञानं केवलमेव तथेति परास्तम्, न हि चक्रभ्रमणे केवलो दंडो हेतुरिति घटेऽपि तन्निरपेक्षस्तथा । यत्तु देवताऽऽह्वानेऽपि पुनः पुनः परिजपनपूजनादिक्रियापेक्षा मलयगिरिचरणैरभिदधे तत्तु क्वाचित्कं वस्तुस्थितिमनुरुध्य, अन्यथा पूजनादेरपि पूर्वं ज्ञानस्यैव विश्रामात्, प्रथमज्ञानप्रवृत्त्योः समकालभाविन्योरपि कार्यकारणभावाभिप्रायाश्रयणाद्वेति सर्वमवदातम् । तदेवं निश्चयव्यवहारयोर्यादृच्छिको मुख्याऽमुख्यविभागोऽकिंचित्कर इत्युक्तम् । यदि पुनर्व्यवहारवादिनः स्वविषये ज्ञाने मुख्यत्वविवक्षा न निवर्त्तते तदा स एवं प्रतिबोधनीयो–ननु चरणमेव प्रधानं, तस्य ज्ञानसारत्वेनाभिधानात्, यदागमः—

[1]सामाइअमाईअं सुअनाणं जाव बिंदुसाराओ ।
तस्सवि सारो चरणं सारो चरणस्स निव्वाणं ॥ [वि० भा० ११२६]

ति । अपि च ज्ञानमपि चरणयोगेनैव ज्ञानं, अन्यथा तस्याऽज्ञानादविशेषात्, आह च—

બીજા કાર્યોમાં પણ માત્ર જ્ઞાન જ હેતુ બની શકતું હોવાથી જ્ઞાન જ પ્રધાન છે.'–એવી શંકા નિરસ્ત જાણવી કારણ કે અંતે ફળપ્રાપ્તિમાં તો ક્રિયા પણ ઉપયોગી બને જ છે. ચક્રને ફેરવવામાં એકલો દંડ હેતુભૂત હોવા માત્રથી કંઈ ઘટાદિ કાર્ય પ્રત્યે પણ ચક્રભ્રમણાદિથી નિરપેક્ષ રીતે એ એકલો જ હેતુ બને એવું નથી, પણ ચક્રભ્રમણ દ્વારા જેમ તે હેતુ બને છે, તેમ મોક્ષાદિ પ્રત્યે પણ ક્રિયાનિરપેક્ષ માત્ર જ્ઞાન જ કંઈ હેતુભૂત નથી.

વળી પૂજ્ય **મલયગિરિમહારાજે** જે કહ્યું છે કે 'દેવતાના આહ્વાનમાં પણ પુનઃ પુનઃ જાપ–પૂજા વગેરે રૂપ ક્રિયા જ અપેક્ષિત છે' તે ક્યારેક જ બનતી વસ્તુસ્થિતિને આશ્રીને જાણવું. નહિતર તો પૂજનાદિ પણ પૂર્વે જ્ઞાન હોય તો જ પ્રવર્ત્તતા હોવાથી જ્ઞાન પણ અપેક્ષિત છે જ. અથવા સૌ પ્રથમ પ્રવર્ત્તતા જ્ઞાન અને પ્રવૃત્તિ સમકાલભાવી હોવા છતાં પ્રદીપ–પ્રકાશની જેમ કાર્યકારણભાવ ધરાવે છે એવા અભિપ્રાયથી એ વાત જાણવી. તેથી એ ક્રિયા પણ જ્ઞાનથી જ પુરસ્કૃત હોવાથી જ્ઞાન પણ અપેક્ષ્ય તો છે જ.

**[વ્યવહારવાદીના કદાગ્રહ સામે જવાબ]**

આમ નિશ્ચય વ્યવહારનો મુખ્યામુખ્ય વિભાગ યાદૃચ્છિક હોવાથી=વિવક્ષાધીન હોવાથી અકિંચિત્કર છે એ જાણવું. છતાં વ્યવહારવાદી 'સ્વવિષયભૂત જ્ઞાન જ મુખ્ય છે' એ પકડેલું પૂછડું છોડવા જો તૈયાર ન હોય તો એને આ રીતે સમજાવવો—ચારિત્ર જ પ્રધાન છે કારણ કે આગમમાં તેનું જ્ઞાનના પણ સારભૂત હોવા તરીકેનું પ્રતિપાદન છે. જેમકે શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે—સામાયિકથી માંડીને બિંદુસાર સુધીનું જે શ્રુતજ્ઞાન છે તેનો પણ સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ છે.' વળી જ્ઞાન પણ, ચારિત્ર હોય તો જ પરમાર્થથી જ્ઞાનરૂપ છે ચારિત્ર ન

1. सामायिकादिकं श्रुतज्ञानं यावद् बिन्दुसारात् । तस्यापि सारश्चरणं सारश्चरणस्य निर्वाणम् ॥

तद् ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसस्तु कुतः शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥ [ ] इति ।

किञ्च, ज्ञाने मुख्यत्वं काल्पनिकं, चरणे तु कार्योपयोगि, न खलु मुख्यत्वेनोपचरितोऽपि दण्डश्चरमकपालसंयोगमनपेक्ष्य घटं जनयितुं प्रभुरिति दिग् ॥६४॥

अथ द्वितीयहेतुदूषणमुद्दिधीर्षुराह—

**सव्वणयमयत्तं पुण सव्वेसिं संमओ जओ विसओ ।**
**ण य णिच्छयस्स तेणं सयलादेसत्तमेगस्स ॥६५॥**

(सर्वनयमयत्वं पुनः सर्वेषां सम्मतो यतो विषयः । न च निश्चयस्य तेन सकलादेशत्वमेकस्य ॥६५॥)

---

હોય તો એની હાજરી હોવા છતાં કોઈ વિશેષ લાભ થતો ન હોવાથી એ અજ્ઞાનરૂપ જ છે. કહ્યું છે કે 'જે હોવા છતાં રાગાદિ આંતરશત્રુઓ ફાલીફુલીને જ રહેતા હોય તે ખરેખર તો જ્ઞાન જ નથી કારણ કે જ્ઞાનાત્મક સૂર્યકિરણોની હાજરીમાં રાગાદિ અંધકાર શી રીતે ઊભો રહી શકે?'

વળી જ્ઞાનમાં મુખ્યત્વની કલ્પના કલ્પનારૂપે જ રહે છે, જ્યારે ચારિત્રમાં તે કાર્યોપયોગી બને છે કારણ કે જેમ દંડને મુખ્ય તરીકે માની લેવા છતાં એ ચરમ-કપાલસંયોગને નિરપેક્ષ રહીને કંઈ ઘટને ઉત્પન્ન કરી શકતો નથી એમ જ્ઞાનને મુખ્ય માની લઈએ તો પણ કંઈ ચારિત્રની અપેક્ષા રાખ્યા વગર તે મોક્ષ અપાવી શકતું નથી. તેથી જ્ઞાન જ મુખ્ય છે એમ મનાય નહિ. ॥૬૪॥

**[સર્વનયસમૂહાત્મક નિશ્ચયનું નયત્વ અખંડિત]**

ચારિત્ર વિશેષિત છે એવું સ્થાપિત કરવા નિશ્ચયનયે આપેલ 'કારણ કે એ સર્વનયસમૂહાત્મક નિશ્ચયનો વિષય છે' એવા બીજા હેતુને દૂષિત કરતાં વ્યવહારનયે જે દૂષણ આપેલ કે "નિશ્ચયનય જો સર્વનયસમૂહાત્મક હોય તો એ સકલાદેશ રૂપ થવાથી પ્રમાણ જ બની જશે, 'નય' રહેશે નહિ" તેને દૂર કરવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે—

**ગાથાર્થ** :–નિશ્ચયનયનો વિષય સર્વનયોને સંમત છે એટલા અંશે જ નિશ્ચયનય સર્વનયમય છે. એટલા માત્રથી જ કંઈ તે એકલો સકલાદેશરૂપ બની જતો નથી કે જેથી એમાંથી નયપણું જ નીકળી જવાની આપત્તિ આવે.

**[સકલાદેશ=સર્વધર્મોનું યુગપત્ પ્રતિપાદક વચન]**

પોતાનો વિષય 'ભાવ' સર્વનયોને માન્ય હોવો એજ નિશ્ચયનયનું સર્વનયમયત્વ કે સર્વનયમતત્વ છે. ભાષ્યકાર ભગવાને પણ આજ વાત કરી છે કે 'સર્વનયો ભાવને ઇચ્છે છે.' પણ એટલા માત્રથી કંઈ નિશ્ચયવાક્ય સકલાદેશ બની જતું નથી. કારણ કે સકલ ધર્મોનું યુગપત્ પ્રતિપાદન કરતું નથી. "પ્રમાણથી જાણેલ અનંતધર્માત્મક

एतावदेव हि निश्चयस्य सर्वनयमयत्वं, सर्वनयमतत्वं वा यदस्य विषयो भावः सर्वेषां नयानां संमत इति तदाह भगवान् भाष्यकारः– "[1]सव्वनया भावमिच्छंति" त्ति, न चैतावतैव तद्वाक्यस्य सकलादेशत्वं, यौगपद्येन सकलधर्माऽप्रतिपादनात्, "[2]प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्यादभेदोपचाराद्वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेश' इति हि तल्लक्षणम् । अयमर्थः–पर्यायार्थिकनयं गौणीकृत्य द्रव्यार्थिकं च प्रधानीकृत्य, तत्कालीनत्वलक्षणेन कालेन, तद्गुणत्वलक्षणेनाऽऽत्मरूपेण, तदाधारकत्वलक्षणेनार्थेन, तदविष्वग्भावलक्षणेन संबंधेन, तदनुरञ्जकत्वलक्षणेनोपकारेण, तदवगाहकावगाढत्वलक्षणेन गुणिदेशेन भेदप्रधानतत्संबन्धरूपेण संसर्गेण, एकशब्दवाच्यत्वलक्षणेन शब्देन च सह, यदैकधर्मेण सह सकलधर्माणामभेदवृत्तिः प्रतिसन्धीयते, यदा वा द्रव्यार्थिकनयगौणभावे पर्यायार्थिकनयमुख्यतायां च नाऽभेदवृत्ति रुज्जीवतीत्यभेदोपचार एवाश्रीयते तदैकेनापि शब्देनानेकधर्मप्रत्यायनमुख्येन तदात्मकतामापन्न-स्यानेकाशेषधर्मरूपस्य वस्तुनो यौगपद्येन प्रतिपादनात् सकलादेशः ।

---

વસ્તુનું કાલાદિ દ્વારા અભેદની પ્રધાનતાથી કે અભેદના ઉપચારથી એકી સાથે પ્રતિ-પાદન કરનારું વચન સકલાદેશ છે" સકલાદેશનું આવું લક્ષણ ઉપરોક્ત નિશ્ચયનય-વાકયમાં ઘટતું ન હોવાથી તે સકલાદેશ બની જતું નથી. અહીં આ તાત્પર્ય છે—જ્યારે પર્યાયાર્થિકનયની ગૌણતા અને દ્રવ્યાર્થિક નયની પ્રધાનતા હોય ત્યારે તે તે પ્રત્યેક ધર્મની શેષ અનંતા સર્વધર્મો સાથે કાલાદિ દ્વારા વસ્તુતઃ અભેદવૃત્તિ હોવાથી એ ઉપચાર વિના જ તે બધા ધર્મો પ્રતિભાસે છે. પરંતુ જ્યારે દ્રવ્યાર્થિકનય ગૌણ હોય અને પર્યાયાર્થિકનય પ્રધાન હોય છે ત્યારે એ દરેક ધર્મો પૃથગ્ પૃથગ્ હોવાથી અર્થાત્ વસ્તુતઃ અભેદવૃત્તિ ન હોવાથી ઉપચાર વિના ભાસતા નથી તેથી અભેદોપચાર કરાય છે. આ રીતે સઘળા ધર્મો જ્યારે અભેદવૃત્તિથી ભાસે છે કે અભેદોપચારથી ભાસે છે ત્યારે અસ્તિત્વાદિરૂપ એક ધર્મને જણાવનાર એક શબ્દથી પણ અસ્તિત્વાદિરૂપ તે ધર્મથી અભિન્ન થએલા શેષ સઘળા ધર્મથી ઓતપ્રોત વસ્તુ સ્વરૂપનું એક સાથે પ્રતિપાદન થાય છે 'સ્યાદ્અસ્તિ' વગેરેમાં અસ્તિ શબ્દ અસ્તિત્વધર્મનું પ્રતિપાદન કરે છે અને તેનાથી અભિન્ન હોવાના કારણે શેષ સઘળા ધર્મોનું પણ પ્રતિપાદન થઇ જાય છે. આમ એક જ શબ્દ એકી સાથે અનંતધર્મોનું એટલે કે સંપૂર્ણ વસ્તુનું પ્રતિપાદન કરી દે છે તેથી એને સકલા દેશ કહે છે

## [કાલાદિ આઠનો પરિચય]

અહીં કાલાદિ દ્વારા અભેદવૃત્તિ કહી એમાં કાલાદિ આઠનો પરિચય આ પ્રમાણે છે—
(૧) **કાલ** : જે કાળે વસ્તુનું અસ્તિત્વ છે તે કાળે જ એ વસ્તુમાં શેષ સઘળા ધર્મો પણ છે. તેથી એકત્ર સમકાલીન હોવાથી અભિન્ન છે. (૨) **આત્મસ્વરૂપ** : અસ્તિત્વધર્મ

---

१. सर्वे नया भावमिच्छन्ति । २. प्रमाणनयतत्त्वालोक सूत्र नं. ४/४४

'यदा तु भेदवृत्तिप्राधान्यात् भेदोपचाराद्वा नैकः शब्दोऽनेकधर्मप्रत्यायनक्षमस्तदा क्रमेण तावद्धर्माभिधायकं वाक्यं विकलादेशः' इति कथं न नयद्वयक्रम युगपदर्पणमनपेक्ष्य सप्तभङ्ग्यप्रवृत्तौ तत्र प्रतिभङ्गानियतः सकलादेशत्वविचारोऽभित्तिचित्रार्पितः ? इति । न खलु सकलादेशोपयोग्यभेदवृत्तिप्रतिसन्धायकतया निश्चयोपयोगः प्रतिपादयितुं भवतोपक्रान्तः, व्यवहारार्पितज्ञानहेतुकत्वपुरस्कारेणापि तत्प्रवृत्तेः, अपि तु स्वविषयमात्रेण सकलभङ्गोपाग्रहकतया । न च तथात्वं तस्याद्यापि सिद्धिमध्यास्त, सकलादेशनियामकत्वरूपं व्यवहारातिशायित्वं तु निश्चयस्य सर्वाभिमतविषयत्वमिव बाढमनुमन्यामह एव ।

જેમ પોતે જીવાદિ તે પદાર્થના ગુણરૂપ હોવાથી તેમાં તદ્ગુણત્વ આત્મરૂપ=સ્વરૂપ છે તેમ જ્ઞાનાદિ બીજા સઘળા ધર્મોનું પોતે જીવાદિ તે પદાર્થના ગુણરૂપ હોવાના કારણે તદ્ગુણત્વ સ્વરૂપ છે. તેથી દરેક ધર્મો સમાન સ્વરૂપ વાળા હોવાથી પરસ્પર અભિન્ન છે (૩) **અર્થ** : જે રીતે અસ્તિત્વનો આધાર જીવાદિ અર્થ (દ્રવ્ય) છે તે જ રીતે બીજા પણ સર્વ ધર્મોનો આધાર એ જ દ્રવ્ય છે. આમ તદાધારકત્વ રૂપ અર્થ દ્વારા દરેક ધર્મો અભિન્ન છે. (૪) **સંબન્ધ** : આ અસ્તિત્વનો જીવાદિ પદાર્થમાં જે કથંચિત્તાદાત્મ્યરૂપ અવિષ્વગ્ભાવ સબંધ છે એ જ શેષ બધા ધર્મોનો પણ છે. તેથી એક જ સબંધથી રહેલાં હોવાના કારણે એ દરેક ધર્મો અભિન્ન છે. (૫) **ઉપકાર** : અસ્તિત્વ ધર્મ જેમ જીવાદિદ્રવ્યને પોતાથી રંગી નાખવા રૂપ (પોતામય કરી દેવા રૂપ) જે ઉપકાર કરે છે તે જ શેષ અશેષધર્મો પણ કરતા હોવાથી એ બધા ધર્મો પરસ્પર અભિન્ન છે. (૬) **ગુણીદેશ** : અસ્તિત્વ ગુણનો ગુણી એવું જે દ્રવ્ય તેનો જે દેશ (ક્ષેત્ર) છે તે જ બીજા બધા ગુણોના ગુણીદ્રવ્યનો છે તેથી બધા પરસ્પર અભિન્ન છે. (૭) **સંસર્ગ** : જીવાદિ પદાર્થ સાથે અસ્તિત્વનો જે સંસર્ગ છે તે જ અન્ય સઘળા ધર્મોનો છે તેથી દરેક ધર્મો પરસ્પર અભિન્ન છે. જ્યારે ધર્મ-ધર્મીના અભેદનું પ્રાધાન્ય હોય ત્યારે તેને સબંધ કહેવાય છે અને જ્યારે ભેદનું પ્રાધાન્ય હોય ત્યારે એ સંસર્ગ કહેવાય છે. તેથી પૂર્વે જે અવિષ્વગ્ભાવ કહ્યો એ સબંધ જાણવો અહીં ધર્મીથી ભિન્ન એવા ધર્મોનો રહેવાનો સંબંધ કહ્યો એ સંસર્ગ જાણવો. (૮) **શબ્દ** : 'અસ્તિ' એવો શબ્દ જેમ જીવાદિગત અસ્તિત્વનું પ્રતિપાદન કરે છે તે જ રીતે શેષ સઘળા ધર્મોનું પ્રતિપાદન પણ કરે છે તેથી દરેક ધર્મો એક શબ્દ વાચ્ય હોવાથી પરસ્પર અભિન્ન છે.

### [વિકલાદેશ=એક ધર્મનું જ પ્રતિપાદક વચન]

જ્યારે કાલાદિ દ્વારા ભેદવૃત્તિ ની પ્રધાનતા હોય ત્યારે અથવા જ્યારે ભેદોપચાર હોય ત્યારે દરેક ધર્મો પરસ્પર ભિન્ન હોવાથી 'અસ્તિ' વગેરે રૂપ એક શબ્દ **'અસ્તિત્વ'** વગેરેરૂપ એક ધર્મને જ જણાવે છે શેષધર્મોને કહી શકતો નથી. તેથી દરેક ધર્મોનું પ્રતિપાદન કરવા માટે તે દરેકના પોત પોતાના વાચ્ય શબ્દોનો **ક્રમશઃ પ્રયોગ** કરવો પડે

यत्तु [1]"तवसंजमो अणुमओ णिग्गंथं पवयणं च ववहारो ।" इति वचनात् व्यवहारस्यैव ज्ञानक्रियारूपविषयद्वयविस्तारात्मकसकलभङ्गोपग्राहकत्वं बलवत्त्वाऽऽवेदकमिति तन्न, अपर्णान्तर-प्रयोजकनयान्तराभावे भङ्गसाकल्याऽसंभवाद्, व्यवहारेणापि ज्ञानस्य प्रधानतया तपःसंयमयो-स्तूपसर्जनतयैव हेतुत्वाभ्युपगमात् । न हि स्वविषयप्रधानतया सकलाभ्युपगमेऽपि नयस्य प्रामाण्यमिष्टं, अन्यथा सामान्यविशेषोभयस्वीकारप्रवणस्योलूकदर्शनस्य प्रामाण्यप्रसङ्गात्, न चैवमिष्यते, यद्वभाण भगवान् भाष्यकारः— [वि०आ०भा० २१९५]

[2]दोहि वि णएहि णीयं सत्थमुलूएण तह वि मिच्छत्तं ।
जं सविसयप्पहाणत्तणेण अन्नोन्नणिरवेक्खं ॥ति॥६५॥

---

છે. તે ધર્મોને આ રીતે ક્રમશઃ જણાવનાર વાક્ય વિકલાદેશ કહેવાય છે. વળી કોઈ પણ સપ્તભંગી બે નય ને આશ્રીને ક્રમ-યુગપદ્ અર્પણા (વિવક્ષા) દ્વારા પ્રવર્તે છે. નિશ્ચય-વાક્યમાં તો વ્યવહાર નયનું આશ્રયણ ન હોવાથી સપ્તભંગી જ પ્રવૃત્ત થતી નથી તો પછી સપ્તભંગીના દરેક ભંગમાં નિયત એવું સકલાદેશત્વ નિશ્ચયનયમાં હોવાનો વિચાર (શંકા) ભીંત (ઉપલક્ષણથી કોઈપણ આધાર) પર ન દોરાયેલા ચિત્રમાં રહેલ વસ્તુ જેવો કેમ ન બને? અર્થાત્ એ વિચાર નિરાધાર હોઈ અસત્ છે. સકલાદેશ માટે ઉપયોગી એવી અભેદવૃત્તિનો નિશ્ચયનય પ્રતિસંધાયક છે. માટે 'નિશ્ચયનય સકલા-દેશ બની જશે' એવું કહેવામાં, સકલાદેશ માટેના નિશ્ચયનયના આવા ઉપયોગનું પ્રતિપાદન કરવાનો કંઇ તમારો આશય સંભવતો નથી. કારણ કે એ રીતે તો વ્યવહારાર્પિત જ્ઞાન હેતુકત્વને આગળ કરીને પણ સપ્તભંગી પ્રવર્ત્તતી હોવાથી સપ્તભંગી ના પ્રતિભંગનિયત સકલાદેશ માટે વ્યવહાર નયનો પણ ઉપયોગ છે જ અને તેથી વ્યવહારના ઉપયોગનું પ્રતિપાદન કરવા પણ એવું કહી શકાય. અર્થાત્ સપ્તભંગી માટે વ્યવહારનયનો આશ્રય કરવો પણ આવશ્યક હોવાથી સકલાદેશ માટે અભેદવૃત્તિ પ્રતિસંધાયક તરીકે વ્યવહાર પણ ઉપયોગી હોવાના કારણે એના ઉપયોગનું પણ 'વ્યવહાર સકલાદેશ બની જશે' એ રીતે પ્રતિપાદન કરી શકાય છે. કિન્તુ સ્વવિષયમાત્રથી સકલ-ભંગનો ઉપગ્રાહક હોવા રૂપે જ નિશ્ચય નયનો જે ઉપયોગ છે તેનું જ પ્રતિપાદન કરવા તમારો આ પ્રયાસ છે. અને એવો ઉપયોગ તો હજુ સુધી સિદ્ધ થયો જ નથી. કે જેથી નિશ્ચયને જે સકલાદેશ કહેવાની આપત્તિ આવે. બાકી નિશ્ચયનય જ સકલા-દેશનિયામક છે, વ્યવહાર નહિ એવું નિશ્ચયનયનું ચઢિયાતાપણું તો એનો વિષય સર્વને અભિમત હોવાનું જેમ સ્વીકારીએ છીએ તેમ સ્વીકારીએ જ છીએ.

---

१. आवश्यकनिर्युक्तिः अस्योत्तरार्धं :– सद्दुज्जुसुयाण पुण निव्वाणं संजमो चेव ॥७८९॥
तपः संयमोऽनुमतो नैर्ग्रन्थ्यं प्रवचनं च व्यवहारः । शब्दर्जुसूत्रयोः पुनर्निर्वाणं संयमश्चैव ॥

२. द्वाभ्यामपि नयाभ्यां नीतं शास्त्रमुलूकेन तथापि मिथ्यात्वम् । यत्स्वविषयप्रधानत्वेनाऽन्योन्यनिरपेक्षौ ॥

तदेवं प्रत्येकं भङ्गोपग्राहकत्वं द्वयोस्तुल्यमेव बलं, प्रतिभङ्गं सकलादेशप्रयोजकतया तु निश्चयोऽतिरिच्यत इत्युक्तं, एतदेव विवेचयति—

**जेणं सयलादेसो अभेयवित्तीइ णिच्छयाधीणो ।**
**तेणेव सो पमाणं न पमाणं होइ ववहारो ॥६६॥**

(येन सकलादेशोऽभेदवृत्तौ निश्चयाधीनः । तेनैव स प्रमाणं न प्रमाणं भवति व्यवहारः ॥६६॥)

न हि निश्चयनयवाक्यमेव सकलादेशोऽपि तु प्रमाणवाक्यं, तन्नियामकाभेदवृत्तिप्रतिसन्धायकतया च निश्चयोऽपि प्रमाणमित्युपचर्यते, न तु व्यवहारनयस्तथा, तत्रोक्तोपचारकारणाऽभावात् ॥६६॥

---

### [વ્યવહાર સકલભંગોપગ્રાહક નથી]

વળી આવશ્યક નિર્યુક્તિના "વ્યવહારનયને તપ, સંયમ અને નિર્ગ્રન્થપ્રવચન માન્ય છે." એવા વચનથી જણાય છે કે વ્યવહારનય જ જ્ઞાન-ક્રિયારૂપ બે વિષયના વિસ્તારાત્મક સકલભંગનો ઉપગ્રાહક છે અને તેથી એ જ બળવાન્ છે એવું કથન પણ અયુક્ત જાણવું કારણ કે અર્પણાન્તર (બીજાને પ્રધાન કરવો તે) ના પ્રયોજકીભૂત નયાન્તરના વિરહમાં સંપૂર્ણ ભાંગાઓ જ અસંભવિત રહે છે. કારણ કે વ્યવહાર પણ જ્ઞાનને મુખ્ય રીતે અને તપ-સંયમને ગૌણ રીતે જ કારણ માને છે. (તેથી એકલા વ્યવહારનયને આશ્રીને તપ-સંયમને પ્રધાન કરીને થતાં ભાંગા અસંભવિત બનવાથી ભંગસાકલ્ય પણ અસંભવિત રહે છે.) અને પોતાના વિષયને જ મુખ્ય તરીકે રાખી બીજા બધાને પણ (ગૌણ તરીકે) સ્વીકારવા માત્રથી કંઇ એ નયને પ્રમાણ માની શકાતો નથી કારણ કે નહિતર તો સામાન્ય-વિશેષ-ઉભયને સ્વીકારતું વૈશેષિકદર્શન પણ પ્રમાણ બની જાય. જે તમને કે અમને બંનેને ઈષ્ટ નથી. ભાષ્યકાર ભગવાને પણ આવું જ કહ્યું છે કે- "ઉલૂક=વૈશેષિકે પોતાનું શાસ્ત્ર બંને નયને આશ્રીને બનાવ્યું છે તો પણ એ મિથ્યા છે કારણ કે અન્યોન્ય નિરપેક્ષ રીતે સ્વવિષયની પ્રધાનતાને જણાવનાર છે." ॥૬૫॥

આમ પ્રત્યેકભંગના ઉપગ્રાહક બનવા રૂપ બળ તો નિશ્ચય અને વ્યવહાર બંનેમાં તુલ્ય જ છે છતાં નિશ્ચયનય દરેક ભંગમાં સકલાદેશનો પ્રયોજક છે તેથી એ રીતે એ વ્યવહારથી ચડિયાતો છે એવું જે કહી ગયા તેનું જ વિવેચન કરતાં ગ્રન્થકાર કહે છે—

### [ઔપચારિક પ્રમાણતા નિશ્ચયમાં જ]

**ગાથાર્થ** :—સકલાદેશ, અભેદવૃત્તિને પ્રધાન કરવાના અંશમાં નિશ્ચયાધીન છે તેથી જ નિશ્ચયનય અભેદવૃત્તિનું પ્રાધાન્ય સંપાદિત કરી આપવા દ્વારા વાક્યમાં પ્રામાણ્ય લાવતો હોવાથી પ્રમાણ કહેવાય છે વ્યવહાર તો એ રીતે પણ પ્રમાણ બનતો નથી.

यत्तु निरुपचरितविषयत्वरूपं निश्चयस्य बलवत्त्वमुपचरितविषयत्वरूपं च व्यवहारस्य दुर्बलत्वमिति परेषां मतं तदापातरमणीयमित्युपदिदर्शयिषुराह—

**जमणुवयारोवि बलं कस्सइ णेगंतियं हवे तंपि।**
**एगस्स मुक्खभावे णियमा अवरोवयारोत्ति ॥६७॥**

(यदनुपचारोऽपि बलं कस्यचिन्नैकान्तिकं भवेत्तदपि। एकस्य मुख्यभावे नियमादपरोपचार इति ॥६७॥)

यैः खल्वनुपचरितविषयत्वरूपं निश्चयनयस्य बलमावेद्यते तैर्व्यवहारनयस्यापि तत्स्वीकर्त्तव्यमेव, निश्चयमुख्यतायां व्यवहारोपचारवद्व्यवहारमुख्यतायां निश्चयोपचारस्यापि संभवात्। न हि निक्षेपचतुष्टयनियतानां शब्दानामेकतरपक्षपातो विवक्षां विना संभवी। 'सकलनय-

---

નિશ્ચયનયનું વાકય જ કંઈ સકલાદેશ નથી, પણ પ્રમાણ વાકય જ સકલાદેશ છે. જે વાકયમાં અભેદવૃત્તિની પ્રધાનતા હોય તે વાકયમાં સકલાદેશત્વ આવતું હોવાથી અભેદવૃત્તિ સકલાદેશત્વનો નિયામક છે. અને તે અભેદવૃત્તિનું પ્રતિસંધાન નિશ્ચયનય કરાવે છે તેથી વાકયમાં પરંપરાએ પ્રામાણ્ય લાવનાર હોવાથી એ પ્રમાણ તરીકે ઉપચરિત થાય છે. વ્યવહારનય તો એ રીતે પરંપરાએ પણ નિયામક બનતો ન હોવાથી ઉપચારથી પણ પ્રમાણ કહેવાતો નથી. ॥૬૬॥

નિશ્ચયનય ભાવને જ માનતો હોવાથી જેને સાધુ તરીકે માને છે તે હકીકતમાં સાધુ હોવાથી તેણે તેમાં સાધુતાનો ઉપચાર કરવો પડતો નથી. આમ નિશ્ચયનયનો વિષય નિરુપચરિત હોય છે. જ્યારે વ્યવહારનય તો તેવો ભાવ હોય કે ન હોય પણ બાહ્યલિંગાદિ હોય તો સાધુપણું માને છે. હકીકતમાં ત્યાં સાધુપણું સંદિગ્ધ હોવાથી વ્યવહાર નયને ત્યાં વેષાદિ કારણે સાધુતાનો ઉપચાર કરવો પડે છે. આમ વ્યવહાર નયનો વિષય ઉપચરિત હોય છે. તેથી નિરુપચરિત વિષય હોવો એ જ નિશ્ચયનયનું બળવત્ત્વ છે અને પોતાનો વિષય ઉપચરિત હોવો એ જ વ્યવહારનયનું દુર્બળત્વ છે. આવી જે કોઈની માન્યતા છે તે પણ ઉપલક દૃષ્ટિથી જોતાં જ રમણીય લાગે છે, વસ્તુતઃ તેવી નથી એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે–

**[નિશ્ચયનું અનુપચરિતવિષયત્વરૂપ બળ અનૈકાન્તિક]**

**ગાથાર્થ** :–નિશ્ચયનયનું અનુપચરિતવિષયત્વ રૂપ જે બળ કહેવાય છે તે પણ એકાન્તિક નથી. એટલે કે એવું બળ નિશ્ચયમાં હંમેશા હોય જ અને વ્યવહારમાં ન જ હોય એવું નથી કારણ કે એક ને મુખ્ય કરવામાં બીજામાં અવશ્ય ઉપચાર થતો હોવાથી જ્યારે વ્યવહારને મુખ્ય કરાયો હોય ત્યારે નિશ્ચયમાં પણ ઉપચરિતવિષયત્વ આવે જ છે.

જેઓ નિશ્ચયમાં અનુપચરિતવિષયત્વ રૂપ બળ માને છે તેઓએ વ્યવહારનયમાં પણ તે માનવું જ જોઈએ કારણ કે નિશ્ચયને મુખ્ય કરવામાં જેમ વ્યવહારમાં ઉપચાર કરવો પડે છે તેમ વ્યવહારની મુખ્ય તરીકેની વિવક્ષા હોય ત્યારે નિશ્ચયમાં પણ ઉપચાર

संमतो भाव एवानुपचरितार्थ ' इति चेत् ? तत्किं द्रव्यार्थिकस्य सकलनिक्षेपसङ्ग्राहिणः प्रमाणत्वमेव प्रतिपत्तुमीहसे ? अथ नामादित्रयं द्रव्यार्थिकस्य मुख्योऽर्थो भावस्तु गौण एव, अतएव— [ वि० भा० २८४७ ]

'भावं चिय सद्दणया सेसा इच्छंति सव्वणिक्खेवे ।
णामाइतियं दव्वट्ठियस्स भावो य पज्जवणयस्स ॥

त्ति भगवद्भाष्यकारवचोविरोधपरिहारः सामान्यविशेषभावेनेति चेत् ? तर्हि भावोऽप्युपचरितः प्राप्त इत्यायुष्मतः प्रतिज्ञायाः का गतिः ?

---

સંભવિત જ છે. સામાન્યથી કોઇપણ શબ્દ ઓછામાં ઓછા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ રૂપ ચાર અર્થોને તો જણાવે જ છે. આવા ચારનિક્ષેપામાં શબ્દો તો નિયત જ હોવાથી ગમે ત્યારે કોઇ પણ શબ્દ ઉચ્ચારાય તો આ ચારેમાંથી કોઇપણ અર્થનો બોધ થઈ શકે છે. તેથી એમાંથી અમુક નામાદિરૂપ એક જ અર્થનો ત્યારે ત્યારે બોધ કરાવવાનો પક્ષપાત વક્તાની તેવી તેવી વિવક્ષા વિના સંભવતો નથી. તેથી જ્યારે નિશ્ચયનયની=ભાવની વિવક્ષા હોય ત્યારે શબ્દના અર્થ તરીકે એ અનુપચરિત રહે છે અને શેષ નામાદિ નિક્ષેપાઓમાં એ શબ્દનો વ્યવહાર ઉપચારથી થાય છે. એમ જ્યારે વ્યવહારવિષયભૂત દ્રવ્યનિક્ષેપાત્મક અર્થ વિવક્ષિત હોય ત્યારે દ્રવ્ય નિરુપચરિત રીતે જણાય છે અને નિશ્ચય વિષયભૂત ભાવનો ઉલ્લેખ ઉપચારથી થાય છે. તેથી ભાવની વિવક્ષા વખતે જેમ વ્યવહાર ઉપચરિત વિષયવાળો બને છે તેમ દ્રવ્યની વિવક્ષા વખતે નિશ્ચય પણ ઉપચરિત વિષયવાળો બનતો હોવાથી એને પણ દુર્બળ માનવો જ જોઇએ.

**પૂર્વપક્ષ** :–પણ ભાવ તો સકલનયસંમત હોવાથી ગમે તે નયની વિવક્ષા વખતે એ તો અનુપચરિત અર્થ જ રહેવાથી નિશ્ચય જ બળવાન્ છે.

### [ભાવમાં સર્વદા નિરુપચારતા માનવામાં આપત્તિ]

**ઉત્તરપક્ષ** :–તો શું તમે દ્રવ્યાર્થિક નયને પ્રમાણ માનવા ઇચ્છો છો? કારણ કે દ્રવ્યાદિ નિક્ષેપાઓને તો એ અનુપચરિત રીતે સ્વીકારે જ છે, હવે જો ભાવને પણ અનુપચરિત રીતે સ્વીકારે છે એવું માનવાનું હોય તો સકલનિક્ષેપસંગ્રાહી એવો તે પ્રમાણ જ બની જશે.

**પૂર્વપક્ષ** :–નામાદિ ત્રણ દ્રવ્યાર્થિક નયના મુખ્ય વિષય છે. જ્યારે ભાવ ગૌણ વિષય છે તેથી દ્રવ્યાર્થિક નય સકલનિક્ષેપસંગ્રાહી થવા છતાં બધાને સમાન રીતે સ્વીકારતો ન હોવાથી પ્રમાણાત્મક નથી. ભાષ્યકાર ભગવાન્ **શ્રી જિનભદ્ર ગણિ** મહારાજે જે કહ્યું છે કે 'શબ્દનયો ભાવને જ ઇચ્છે છે, અને શેષનયો સર્વનિક્ષેપાને ઇચ્છે છે. દ્રવ્યાર્થિક નયનો વિષય નામાદિ ત્રણ છે જ્યારે પર્યાયાર્થિકનયનો વિષય

---

१. भावमेव शब्दनयाः शेषा इच्छन्ति सर्वनिक्षेपान् । नामादित्रिकं द्रव्यार्थिकस्य भावश्च पर्यायनयस्य ॥

एतेन निश्चयबोध्यमेवार्थं लोकविदितप्रकारेण बोधयितुं व्यवहारव्यापारोऽनार्यबोधनायानार्यभाषाप्रयोक्तृश्रोत्रियप्राय इति वचो विचार्यमेव द्रष्टव्यं, प्रतिस्वं तयोर्भिन्नव्यापारोपदर्शनात्, नामादीनां चतुर्णां पृथक् पृथक् कार्यकारित्वस्य तत्र तत्र प्रपञ्चितत्वात्, व्यवहारनिश्चयप्रतिपाद्यभेदाभेदादिधर्माणां सर्वत्र तुल्यत्वादेकतरानादरे उभयानादरप्रसङ्गात्, युक्तेस्तुल्यत्वाच्चेति दिग्। स्यादेतत्–ऋजुसूत्रशब्दनयाश्च शुद्धा इतरे त्वशुद्धा इति नियमः कथं मुख्यामुख्यार्थकत्वं विना ? इति, मैवं, व्यापकाव्यापकविषयत्वादिनैव शुद्धाशुद्धभेदव्यवस्थानात् अन्यथाऽतिप्रसङ्गादिति ॥६७॥

---

ભાવ છે.' આવા વચનમાં જે વિરોધ દેખાય છે તેનો પરિહાર આ રીતે સામાન્ય–વિશેષ=ગૌણ-મુખ્યની વિવક્ષા કરવાથી જ થશે. અહીં પૂર્વાર્ધમાં શેષનયો સર્વનિક્ષેપાઓને ઇચ્છે છે એમ કહીને ઉત્તરાર્ધમાં દ્રવ્યાર્થિકનય નામાદિ ત્રણને જ ઇચ્છે છે એવું કહેવામાં વચનવિરોધ સ્પષ્ટ જ છે. એમ ભાવને પણ શેષનયો ગૌણ રીતે તો ઇચ્છતા જ હોવાથી પૂર્વાર્ધમાં શેષનયો સામાન્યથી સર્વનિક્ષેપાને ઇચ્છે છે એમ કહેવા છતાં ઉત્તરાર્ધમાં મુખ્યતયા વિષયની વિવક્ષા રાખીને દ્રવ્યાર્થિક નય નામાદિ ત્રણને જ ઇચ્છે છે એમ કહેવામાં વચનવિરોધ રહેતો નથી એ જાણવું.

**ઉત્તરપક્ષ** :–એમ કરવામાં દ્રવ્યાર્થિકમતે ભાવ મુખ્યતયા વિષય ન રહેવાના કારણે ઉપચરિત વિષય જ થવાથી 'સકલનયોને અનુપચરિત રીતે સંમત એવો ભાવ પોતાના વિષયભૂત હોવાથી નિશ્ચય નય બળવાન્ છે.' એવી તમારી પ્રતિજ્ઞાનું બિચારીનું શું થશે ?

નિશ્ચય અને વ્યવહારનો મુખ્ય મુખ્ય વિષય ભિન્ન છે એ જ્યારે સાબિત થાય છે ત્યારે જેઓ એમ કહે છે કે "જેમ અનાર્ય પુરુષને કંઈક સમજાવવા માટે શ્રોત્રિય-બ્રાહ્મણ અનાર્ય ભાષાનો પ્રયોગ કરે છે તેમ વ્યવહાર પણ નિશ્ચયગમ્ય અર્થને સમજાવવા માટે જ લોકપ્રસિદ્ધ રીતભાત કે વ્યવહારનો આશ્રય લે છે." આ તેઓના કથનમાં કેટલું તથ્ય છે તે વિચારણીય છે; કારણ કે દરેક વસ્તુને સમજવા કે સમજાવવાની પ્રક્રિયા બન્ને નયોની જુદી જુદી છે એ દેખાય છે. વળી નામાદિ ચારેય જુદું જુદું કાર્ય કરે છે એ વાતનું શાસ્ત્રોમાં સ્થળે સ્થળે પ્રતિપાદન છે તેથી જણાય છે કે માત્ર ભાવ નિક્ષેપો જ પરમાર્થ છે અને એનું જ વ્યવહાર પણ જુદી રીતે પ્રતિપાદન કરે છે એવું નથી કિન્તુ ભાવ કરતાં જુદું જ અને સ્વતંત્ર એવું પોતાનું કાર્ય કરવામાં સમર્થ એવા પરમાર્થસત્ નામાદિનો બોધ કરાવવામાં જ વ્યવહારનો વ્યાપાર છે. એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે વ્યવહારનયગ્રાહ્ય ભેદાદિ ધર્મો અને નિશ્ચયનયગ્રાહ્ય અભેદાદિ ધર્મો વસ્તુમાત્રમાં એક સરખી રીતે વ્યાપીને રહેલા છે. એટલે કે ભેદાદિ ધર્મો અને અભેદાદિ ધર્મો અન્યોન્ય વ્યાપ્ય–વ્યાપકભાવથી આશ્લિષ્ટ છે તેથી કોઈ એક ભેદાદિ ધર્મોનો અપલાપ કરીએ તો તેના વ્યાપ્યભૂત અભેદાદિ ધર્મોનો પણ અપલાપ થઈ

ये पुनराहुः 'भाव एवादरणीय इत्यभिप्रायरूपो निश्चयः शुद्ध इति स एव बलवान्' इति तान् सदण्डमनुशासितुमाह–

**णिच्छयणस्स विसयं भावं चिय जे पमाणमाहंसु।**
**तेसिं विणेव हेउं कज्जुप्पत्तीइ का मेरा ॥६८॥**

(निश्चयनयस्य विषयं भावमेव ये प्रमाणमाहुः। तेषां विनैव हेतुं कार्योत्पत्तौ का मेरा ? ॥६८॥)

---

જવાની–અર્થાત્ ઉભયનો અનાદર થવાની આપત્તિ ઊભી થશે. વ્યવહારના વિષયો અર્થક્રિયા સાધક નથી એવો યુક્તિ પ્રયોગ કહીને જો વ્યવહારનો અપલાપ કરીએ તો "નિશ્ચયના વૃક્ષની સ્થિરતા અને સંવર્ધનનો આધાર વ્યવહારના મૂળિયાનું ઊંડાણ વગેરે હોવાથી વ્યવહારનો અપલાપ કરવામાં નિશ્ચય પણ ડામાડોળ થઈ જશે." એવો યુક્તિપ્રયોગ નિશ્ચયને ઉડાડવા પણ થઈ શકે છે. તાત્પર્ય યુક્તિ તો બધે સરખી છે.

**[ નયોમાં શુદ્ધાશુદ્ધત્વવ્યવસ્થા ]**

શંકા :–ઋજુસૂત્ર અને શબ્દનયો શુદ્ધ છે અને શેષનયો અશુદ્ધ છે એવો નિયમ 'ઋજુસૂત્રાદિ મુખ્યવિષયક છે અને શેષનયો ઉપચરિતવિષયવાળા છે' એવું માન્યા વિના શી રીતે સંભવે ?

**સમાધાન** :–શુદ્ધ–અશુદ્ધ ભેદ વ્યવસ્થા તો વ્યાપક–અવ્યાપકવિષયત્વથી જ થાય છે, મુખ્યામુખ્યવિષયત્વથી નહિ. અર્થાત્ સંગ્રહ વગેરે નયો વ્યાપક વિષય વાળા હોવાથી અશુદ્ધ છે–તે તે શબ્દથી પ્રતિપાદ્ય તરીકે ઘણા પદાર્થોને માનતા હોવાથી ચોક્કસ કયો પદાર્થ વક્તાને અભિપ્રેત છે એનો નિર્ણય થઇ ન શકતો હોવાથી અશુદ્ધ છે. ઋજુસૂત્રાદિ નયો તેઓની અપેક્ષાએ અવ્યાપક વિષયવાળા હોવાથી–અર્થાત્ તે તે શબ્દથી પ્રતિપાદ્ય અર્થ તરીકે ઓછા પદાર્થો સંભવિત હોવાથી–અભિપ્રેત અર્થનો નિર્ણય કરવો સુલભ બને છે અને તેથી તેઓ શુદ્ધ કહેવાય છે. બાકી મુખ્યવિષયક હોવાથી ઋજુસૂત્રાદિ શુદ્ધ છે અને અમુખ્યવિષયક (ઉપચરિત વિષયક) હોવાથી શેષનયો અશુદ્ધ છે એમ માનવામાં તો ઉપર કહી ગયા મુજબ નિશ્ચય પણ ઉપચરિત વિષયવાળો થતો હોવાથી અશુદ્ધ માનવાનો અતિપ્રસંગ આવશે. ॥૬૭॥

'ભાવ જ આદરણીય છે એવા અભિપ્રાયાત્મક નિશ્ચય જ શુદ્ધ હોવાથી એ જ બળવાન્ છે' એવું કહેનારાઓને દંડ કરવા સાથે શિખામણ આપવા ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :– 'નિશ્ચયનયના વિષયભૂત ભાવ જ અંતે ફળદાયક હોવાથી એ જ પ્રમાણ છે = આદરણીય છે' એવું કહેનારાઓને તો હેતુ વિના જ કાર્યોત્પત્તિ માનવા જેવું થવાથી કાર્ય અંગે 'અમુક દેશમાં અને અમુક કાળમાં જ થવા રૂપ' કોઈ મર્યાદા રહેશે નહિ.

यथा ह्यानन्तर्येण फलसाधकत्वाद्भाव आदरणीयस्तथा पारम्पर्येण फलसाधकत्वाद्द्रव्यमपि तथा, अन्यथा चक्रभ्रमण एव बद्धोत्साहाः कुलालाः कलशार्थं मृत्पिण्डदण्डचीवरखण्डादीनपि नाद्रियेरन् । 'प्राच्यदशायामेव तदादरणं नाग्रिमदशायामिति' चेत् ? तदेवं विषयभेदनियमं कालभेदं कः प्रतिक्षिपति, द्रव्यानादरवासनाया एव देवानांप्रियस्य पराकरणीयत्वात् । न च तत्कालानादरणीयत्वादनादरणीयत्वं नाम, अतिप्रसङ्गात् । अथ भावार्थितयैव द्रव्यस्यादरणं, न तु द्रव्यार्थितया भावस्येत्यस्ति विशेष इति चेत् ? किमत्र क्रियतां ! कार्यार्थितयैव कारणस्याऽऽदरणात् ।

अथ परमभावदर्शिनो निश्चयनयमाद्रियमाणा भावमेवाद्रियन्तेऽपरमभावगतास्तु व्यवहारमाद्रियमाणा द्रव्यमपि । तदुक्तं समयसारे–

---

## [ દ્રવ્ય પણ આદરણીય ]

અનન્તરફળસાધક હોવાથી જેમ ભાવ આદરણીય છે એમ દ્રવ્ય પણ પરંપરાએ ફળસાધક હોવાથી આદરણીય જ છે, ઉપેક્ષ્ય નથી. નહિતર તો ચક્રભ્રમણ પછી જ ઘટોત્પત્તિ થતી હોવાથી કુંભારોએ ચક્રભ્રમણને જ આદરણીય માનવું પડશે મૃત્પિંડ, દંડાદિ તો પરંપરાએ ઉપયોગી બનતા હોવાથી તેઓનો આદર કરવાનો રહેશે નહિ.

**શંકા :**–ચક્રભ્રમણાત્મક કાર્યના પૂર્વ કાળમાં જ દંડાદિ આવશ્યક હોવાથી ત્યારે તો એનો આદર કરવાનો જ હોવાથી તેઓ સાવ અનાદરણીય છે એવું અમે પણ કહેતાં જ નથી. પણ ઘટાદિ રૂપ મુખ્યકાર્ય વખતે તો તેઓ આવશ્યક ન હોવાથી અનાદરણીય જ છે.

**સમાધાન :**–આ રીતે વિષયભેદનિયામક તરીકે કાળભેદનો કોણ ઇન્કાર કરે છે? અર્થાત્ પૂર્વકાળે દ્રવ્યઆદરણીય છે અને ઉત્તરકાળે ભાવઆદરણીય છે એવું તે તે વિષયનું નિયમન કાળ કરે છે એ અમને પણ સંમત જ છે, પણ દ્રવ્ય સર્વથા અનાદરણીય જ છે એવી જે વાસના મૂરખને બેઠેલી છે તેનો જ અમે તો પ્રતિકાર કરીએ છીએ. અમુકકાળે અનાદરણીય હોવા માત્રથી કંઈ તે તે વસ્તુ સર્વથા અનાદરણીય બની જતી નથી. નહિતર તો પૂર્વકાળમાં ભાવ પણ અનાદરણીય હોવાથી એ પણ અનાદરણીય જ બની જવાના કારણે ઉત્તરકાળે પણ અનાદરણીય માનવાનો અતિપ્રસંગ આવે.

**શંકા :**–છતાં દ્રવ્યનો આદર તો ભાવ માટે જ કરાય છે જ્યારે ભાવનો આદર કંઈ દ્રવ્ય માટે કરાતો નથી. તેથી ભાવમાં આટલી વિશેષતા છે જ.

**સમાધાન :** એમાં આપણે શું કરી શકીએ? હંમેશા કાર્ય માટે જ કારણની અપેક્ષા હોય છે, કારણ માટે કાર્યની નહિ. પણ એટલા માત્રથી કંઇ કારણ સર્વથા અનાદરણીય બની જતું નથી.

¹सुद्धो सुद्धादेसो णायव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिआ पुण अपरमभावे ठिआ जेउ ।। त्ति । [१२]

इति चेत् ? सत्यं, तथापि भावकारणीभूतमन्ततः शुद्धात्मद्रव्यमप्यनादृत्य न ते भावमादतुमुत्सहन्ते ।

अथ निश्चयकारणीभूतं द्रव्यमाद्रियमाणा अपि व्यवहारकारणीभूतं द्रव्यं नाद्रियन्त इति चेत् ? न, 'कारणं चानादरणीयं च' इति वचोविरोधात्, शुद्धशुद्धतरव्यवहारस्य पुरतोऽपि प्रवचने प्रतिपादितत्वाच्च ।।६८।।

अथ मुद्राविन्यासादिरूपा व्यवहारक्रिया संसारचक्रवाले परिभ्रमता जन्तुनाऽनन्तशः प्राप्तेति न विशिष्टफलवतीति सा कथमाद्रियताम् ? इति चेत् ? भावोऽप्यनन्तशः प्राप्त इति सोऽपि कथमाद्रियताम् ? विशिष्टभावोऽपूर्व इति चेत् ? विशिष्टा क्रियापि तथेति किमनुपपन्नं ? इत्याशयेनाह—

---

**શંકા** :–આત્માના શુદ્ધ સ્વરૂપ વગેરે ને જોનારા મહર્ષિઓ નિશ્ચયનયનો આદર કરતાં કરતાં ભાવને જ આદરે છે. જેઓ તેવી ઊંચી ભૂમિકાએ પહોંચ્યા હોતા નથી તેવા અપરમ ભાવમાં રહેલા જીવો જ વ્યવહારનો પણ આદર કરતાં હોવાથી દ્રવ્યને આદરે છે. **સમયસારમાં** પણ કહ્યું છે કે–પરમભાવને જોનારા એવા જે ઊંચી ભૂમિકાએ પહોંચ્યા છે તેઓએ તો શુદ્ધાદેશ=ભાવને શુદ્ધ જાણવો. નીચલી ભૂમિકાએ રહેલા જેઓ અપરમભાવને જોનારા છે તેઓ વ્યવહારનો–દ્રવ્યનો પણ આદર કરે છે.

**[કારણનો આદર આવશ્યક]**

**સમાધાન** :–તમારી વાત સાચી છે, પણ ભાવનો આદર કરવા પણ તેઓએ અંતતઃ શુદ્ધ આત્મદ્રવ્યનો પણ આદર કરવો જ પડે છે. એવા દ્રવ્યનો આદર કર્યા વિના કંઇ તેઓ ભાવને અપનાવી શકતા નથી.

**શંકા** :–નિશ્ચય (=ભાવ)ના કારણભૂત શુદ્ધાત્મદ્રવ્યનો તેઓ આદર કરતાં હોવા છતાં વ્યવહારના કારણભૂત રજોહરણાદિ દ્રવ્યનો આદર તો કરતાં નથી, તેથી ભાવ જ મુખ્ય છે.

**સમાધાન** :–'કારણ છે અને છતાં અનાદરણીય છે' એ વચન 'મારી મા વાંઝણી છે' એવા વચનની જેમ સ્વતઃ વિરોધગ્રસ્ત હોવાથી દુષ્ટ છે. તેથી વ્યવહારકારણીભૂત દ્રવ્યને પણ અનાદરણીય મનાય નહિ. વળી જીવ જેમ જેમ ઊંચી ભૂમિકાએ ચઢતો જાય છે–અર્થાત્ ભાવની નજીક આવતો જાય છે–તેમ તેમ શુદ્ધ–શુદ્ધતર વ્યવહારવાળો પણ બનતો જાય છે તેવું પ્રતિપાદન પ્રવચનમાં કર્યું છે. તેથી ઊંચી કક્ષાએ પહોંચેલા જીવોએ પણ પૂર્વકાળે તે કક્ષાએ પહોંચવા પૂર્વ પૂર્વના વ્યવહારનો આદર કર્યો જ હોય છે. તેથી ઊંચી કક્ષાએ પહોંચ્યા પછી તે જીવો નિશ્ચયનો જ આદર કરતાં હોવાથી 'વ્યવહારકારણીભૂત દ્રવ્યનો આદર કરતાં નથી' એમ કહેવાય નહિ. ।।૬૮।।

---

१. शुद्धः शुद्धादेशो ज्ञातव्यः परमभावदर्शिभिः । व्यवहारदेशीयाः पुनरपरमभावे स्थिता ये तु ।।

खाओवसमिगभावो सुद्धो हेउ सुहस्स खइअस्स ।
तब्भावेण कया पुण किरिया तब्भाववुड्ढिकरी ॥६९॥
(क्षायोपशमिकभावः शुद्धो हेतुः शुभस्य क्षायिकस्य । तद्भावेन कृता पुनः क्रिया तद्भाववृद्धिकरी ॥६९॥)

पुनः पुनरभ्यासेन नैर्मल्यं प्राप्तो हि मिथ्यादर्शनादिक्षयोपशमप्रादुर्भूतः सम्यग्दर्शनादि भावः सिद्धिहेतोः केवलज्ञानादिक्षायिकभावस्यावन्ध्यं निदानमिति निर्विवादं, ततस्तद्भावप्रवृद्धये यतनीयं निर्वाणार्थिभिः । तद्भावप्रवृद्धिकरी च तद्भावेन दृढयत्नवता विधीयमाना क्रिया, तथा च हारिभद्रं वचः-

---

**શંકા :**–દ્રવ્ય ચારિત્રાદિ રૂપ વ્યવહાર ક્રિયા તો અનાદિ–સંસારમાં ભમતો જીવ અનંતીવાર પામ્યો છે છતાં તે કોઈ વિશિષ્ટ ફળ પામ્યો નથી તો પછી હજુ પણ એનો શો આદર કરવો ?

**સમાધાન :**–યથાપ્રવૃત્તકરણાત્મક તેવા તેવા (ઔદયિકાદિ) ભાવો પણ જીવ અનંતીવાર પામ્યો છે છતાં સમ્ક્ત્વાદિરૂપ વિશિષ્ટ ફળ પામી શક્યો નથી તેથી ભાવનો પણ આદર શી રીતે કરી શકશો ?

**શંકા :**–જે ભાવો અનંતી વાર પ્રાપ્ત કર્યા હોવા છતાં વિશિષ્ટ ફળ પ્રાપ્તિ થઈ નથી તે તો સામાન્ય ભાવો છે, વિશિષ્ટ ભાવો (ક્ષાયિક–ઔપશમિક) તો અપૂર્વ જ હોય છે અને એ અવશ્ય ફળપ્રદ બનતા હોવાથી આદરણીય જ છે.

**[વિશિષ્ટ ક્રિયા અવશ્ય ફળપ્રદ]**

**સમાધાન :**–એ જ રીતે જે ક્રિયાઓ નિષ્ફળ ગઈ તે તો સામાન્ય ક્રિયા જ હતી. (ઉપશમ ભાવ કે ક્ષયોપશમ ભાવની) વિશિષ્ટક્રિયા તો અપૂર્વ જ હોય છે જે અવશ્ય ફળપ્રદ હોવાથી આદરણીય જ હોવામાં કોઈ અનુપપત્તિ નથી. એવા આશયથી ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ :**–શુદ્ધ ક્ષાયોપશમિક ભાવ શુભ ક્ષાયિક ભાવનો હેતુ બને છે તેમજ ક્ષાયોપશમિક ભાવથી કરાતી ક્રિયા ઉત્તરોત્તર ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ કરનારી બનવા દ્વારા ક્ષાયિક ભાવને ખેંચી લાવે છે. તેથી એ પણ આદરણીય છે જ.

**[વ્યવહારક્રિયા શુભભાવવર્ધક]**

મિથ્યાત્વ મોહનીયાદિના ક્ષયોપશમથી આવિર્ભૂત થએલ સમ્યક્ત્વાદિ પરિણામ તેના ૬૭ પ્રકારના વ્યવહારાદિના પાલન રૂપ અભ્યાસથી નિર્મળ થાય છે. નિર્મળ થએલ તે સમ્યગ્દર્શનાદિ ભાવ મોક્ષના હેતુભૂત કેવલજ્ઞાનાદિ ક્ષાયિકભાવોનું અવંધ્ય કારણ બને છે એ વાત નિર્વિવાદ છે. તેથી મોક્ષાર્થીઓએ નિર્મળ સમ્યક્ત્વાદિ ભાવોની વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ. પ્રાપ્ત થએલ ક્ષાયોપશમિક ભાવોથી દૃઢ પ્રયત્ન પૂર્વક કરાતી ક્રિયા આગળ આગળના નિર્મળ ક્ષાયોપશમિક

'खाओवसमिगभावे दढजत्तकयं सुहं अणुट्ठाणं ।
परिवडियंपि य हुज्जा पुणोवि तब्भाववुड्ढिकरं ॥ [पंचा० ३-२४]

ततश्च भावाऽऽग्रहयालुस्तद्वृद्धिकारणीभूतां क्रियां कुतो नागृह्णीयात् ? नहि नेयमपूर्वा नाम, अपुनर्बन्धकाद्युचितभावपूर्वकक्रियायास्तद्वदेवाऽपूर्वत्वात्, अन्यादृशपूर्वत्वस्य चादरापरिपन्थित्वात् । स्यादेतत्-क्रिया स्वरूपतो नादेया न वा हेयाऽपि तु क्षायोपशमिकभावविशेषिताऽऽदेया, औदयिकभावविशेषिता तु हेयेति विशिष्टविधिनिषेधयोर्विशेषण एव पर्यवसानमिति । मैवं, मनोवाक्कायक्रियाभेदानां विचित्रकार्यजनकत्वोपदेशेनान्यतरोपक्षयाऽयोगात्, अवच्छेदकस्याऽहेतुत्वात्, तथात्वेऽपि विनिगमनाविरहात्, भावविहितानुष्ठानस्यैव स्वप्रकाशयोगिसाक्षात्कारेण भाववृद्धिजनकत्वविभावनाच्च । तदुक्तं-

'²अणुहवसिद्धं एयं पायं तह जोगभाविअमईणं ।' ति ।

---

ભાવોની વૃદ્ધિ કરનારી બને છે. શ્રી હરિભદ્ર સૂરિ મહારાજે પણ કહ્યું છે કે-'ક્ષાયોપશમિક ભાવની હાજરીમાં દઢ પ્રયત્નથી કરાએલું શુભ અનુષ્ઠાન તે ભાવથી પડી ગએલાને પણ પુનઃ તે ભાવની વૃદ્ધિ કરનારું બને છે' તેથી શુદ્ધ ભાવનો આગ્રહ રાખનાર જીવ પણ તે ભાવની વૃદ્ધિમાં કારણભૂત વ્યવહારક્રિયાનો પણ આગ્રહ શા માટે ન રાખે ?

## [ભાવપૂર્વકની ક્રિયા અપૂર્વ]

વળી આવા ભાવથી કરાતી આ ક્રિયા અપૂર્વ નથી એવું નથી-અર્થાત્ પૂર્વે કરેલી અને નિષ્ફળ ગયેલી ક્રિયાઓ પણ આવી જ હતી એવું નથી-કારણ કે જેમ અપુનર્બંધકાદિને ઉચિત ભાવ અપૂર્વ હોય છે તેમ તે ભાવપૂર્વકની ક્રિયા પણ અપૂર્વ જ હોય છે.

પૂર્વની ક્રિયાની નિષ્ફળતાનું દર્શન તત્સદૃશ ક્રિયામાં જ આદર થવા દેતી નથી. પણ સકૃદ્બંધકાદિભાવ કરતાં જુદા પ્રકારની અપુનર્બંધકભાવપૂર્વક થતી ક્રિયા અન્યાદૃશપૂર્વક હોય છે. તેથી તેમાં પૂર્વની ક્રિયાઓથી પ્રાપ્ત થએલ નિષ્ફળતાનું પ્રતિસંધાન ન હોઇ તે આદરને વિરોધી બનતી નથી-ઉલ્ટું આદરણીય બને છે.

શંકા:-ક્રિયા પોતાના સ્વરૂપથી તો આદેય પણ હોતી નથી કે હેય પણ હોતી નથી. પરંતુ ક્ષાયોપશમિક ભાવથી વિશેષિત તે આદેય બને છે અને ઔદયિક ભાવથી વિશેષિત થએલ તે હેય બને છે. આમ ભાવ વિશિષ્ટ ક્રિયામાં કરેલા તે વિધિ નિષેધ ભાવાત્મક વિશેષણમાં પર્યવસિત થતા હોવાથી ભાવની જ હેયતા કે ઉપાદેયતાને જણાવે છે. તેથી ઉપાદેય તરીકેના વિધાનો પણ સાક્ષાત્ તો ભાવને જ આદરણીય ઠરાવે છે,

---

१. क्षायोपशमिकभावे दृढयत्नकृतं शुभमनुष्ठानम् । परिपतितमपि च भवेत् पुनरपि तद्भाववृद्धिकरम् ॥

२. पञ्चाशक ३-२५ अस्योत्तरार्धः-सम्ममवधारियव्वं बुहेहिं लोगुत्तममईए ॥
अनुभवसिद्धमेतत्प्रायस्तथा योगभावितमतीनाम् । सम्यगवधारितव्यं बुधैर्लोकोत्तममत्या ॥

अपि च भावश्चित्तप्रणिधानरूपः, स च विहितानुष्ठानं विना किमालम्ब्य प्रवर्त्तताम् ! न च क्रियाभिधानवर्णार्थविषयेषु कथमेकदाऽनेकोपयोगाः संभवेयुः ? इति वाच्यम, छिन्नज्वाला-दृष्टान्तेन तत्संभवादित्याहुः, तदुक्तं पञ्चाशके—

[1]सव्वत्थवि पणिहाणं तग्गयकिरियाभिहाणवन्नेसु ।
अत्थे विसए अ तहा दिट्ठंतो छिन्नजालाए ॥ [३-२२]
[2]ण य तत्थवि तयणूणं हंदि अभावओ ण उवलंभो त्ति ।
चित्तस्सवि विन्नेओ एवं सेसोवओगेसु ॥ त्ति । [३-२३]

ક્રિયાદિ વ્યવહારને નહિ. ક્રિયાની આદરણીયતા તો ભાવના કારણે જ હોવાથી ભાવની આદરણીયતાથી જ ચરિતાર્થ થઈ જાય છે. એટલે કે ભાવનો જો આદર થઇ જાય તો ક્રિયાનું બીજું કોઈ કાર્ય ન રહેવાથી પૃથક્ આદર કરવાનો રહેતો નથી.

**[ ક્રિયા ભાવથી ચરિતાર્થ નથી ]**

**સમાધાન** :–ભાવ એ માનસિક ક્રિયા છે. મન–વચન અને કાયાની વિવિધ-ક્રિયાઓ વિચિત્રકાર્યજનક = ભિન્ન ભિન્ન કાર્યજનક હોય છે એવો શાસ્ત્રોમાં ઉલ્લેખ આવે છે. જેમકે અવિરતસમ્યગ્દૃષ્ટિ કાયાથી અવિરતિની ક્રિયા કરતો હોવાથી તન્નિમિત્તક કર્મબંધ કરે છે અને મનથી એના ખેદાદિ કરતો હોવાથી કર્મનિર્જરા કરે છે. તેથી બધાનું કાર્ય ભિન્ન ભિન્ન હોવાથી એકથી બીજું ચરિતાર્થ થઇ શકતું નથી. તેથી ક્રિયા, ભાવથી ચરિતાર્થ થતી ન હોવાથી આદરણીય જ છે.

**શંકા** :–છતાં ભાવપૂર્વકની ક્રિયા જ ઇષ્ટ ફળપ્રદ બને છે, ભાવવગરની નહિ. તેથી હકીકતમાં તો ભાવ જ ફળપ્રાપ્તિમાં હેતુભૂત હોવાથી આદરણીય છે.

**[ ક્રિયાફળ પ્રત્યે ભાવઅન્યથાસિદ્ધ ]**

**સમાધાન** :–એ વાત પણ બરાબર નથી કારણ કે ક્રિયા ભાવપૂર્વક હોવા રૂપે ફળપ્રદ બને છે એનો અર્થ એ થયો કે ભાવ ક્રિયાત્મક કારણનો કારણતાવચ્છેદક છે. અને અવચ્છેદક તો પ્રથમ પ્રકારનો અન્યથાસિદ્ધ હોવાથી હેતુ મનાયો નથી. જેમકે દંડ દંડત્વ રૂપે ઘટ પ્રત્યે કારણ બને છે તો દંડત્વ અન્યથાસિદ્ધ છે. છતાં "ક્રિયા ભાવ-સહિતની હોય તો જ ફળપ્રદ બને છે એ વગર નહિ, તેથી ભાવ જ હેતુભૂત છે" એવું માનવાનો તમારો આગ્રહ હોય તો તો એમ પણ કહી શકાય છે કે ખાલી ભાવ પણ ફળપ્રદ બનતો નથી. કિન્તુ ક્રિયા સહિતનો ભાવ હોય તો જ એ ફળપ્રદ બને છે તેથી ક્રિયા જ હેતુ છે. તો આ બેમાંથી ભાવને હેતુ માનવો કે ક્રિયાને? એમાં કોઈ વિનિગમક ન હોવાથી ક્રિયાને (બેમાંથી એકેયને) અનાદરણીય મનાય નહિ.

૧. सर्वत्रापि प्रणिधानं तद्गतक्रियाभिधानवर्णेषु । अर्थे विषये च तथा दृष्टान्तश्छिन्नज्वालायाः ॥
૨. न च तत्रापि तदणूनां हंद्यभावतो नोपलंभ इति । चित्तस्यापि विज्ञेय एवं शेषोपयोगेषु ॥

यथा हींधनस्थाग्नित्रुटितार्चिषः संबद्धतयानुपलभ्यमानस्यापि सन्तत्यविच्छेदेन तत्संबद्धत्वमेव, एवं विषयान्तरेऽनुपलभ्यमानमपि प्रणिधानं सन्तत्यविच्छेदात्संविलग्नमेव, उत्कट विषयस्यैव प्रणिधानोपलम्भहेतुत्वाद्, उत्कटत्वं च जिज्ञासाविशेषविषयत्वादिकं बोध्यम् । यथावाऽलाते भ्राम्यमाणे चक्रदण्डाद्याकारप्रतिभास आशुवृत्तिकृत एव, न तु तात्त्विकः, स्वाऽवगाहक्षेत्रादन्यत्र तदवस्थानानुपपत्तेस्तथा क्रियादिप्रणिधानेष्वेकत्वप्रतिभासोप्याशुवृत्तिकृत एवेति दिग् । अपि च भावक्रियाहेतुर्जिज्ञासेति तावन्निर्विवादं—

---

વળી સ્વપ્રકાશ યોગિસાક્ષાત્કાર=સ્વયં સંવિદિત યોગિસાક્ષાત્કાર રૂપ પ્રમાણથી વિહિત અનુષ્ઠાનો જ ભાવવૃદ્ધિ જનકતરીકે પ્રમાણિત થએલાં છે. કહ્યું છે કે "યોગ=ધર્માનુષ્ઠાનોથી ભાવિત બુદ્ધિવાળા જીવોને 'દૃઢપ્રયત્નથી કરાએલું' શુભાનુષ્ઠાન ભાવવૃદ્ધિકર બને છે' એ પ્રાયઃ અનુભવસિદ્ધ – સ્વસંવેદનપ્રતીત હોય છે." તેથી ક્રિયા પણ આદરણીય છે જ……

**[ભિન્નવિષયોમાં એકદા અનેકોપયોગ સંભવિત]**

વળી ભાવ ચિત્તપરિણામરૂપ છે તેથી વિહિત અનુષ્ઠાન વિના કોના આલંબનથી એવો પરિણામ થવા રૂપ ભાવ પ્રવર્તે ?

**શંકા** :–ભાવની સાથે શારીરિક, વાચિક ક્રિયાઓ પણ જો કરવાની હોય તો યોગમુદ્રાદિ = કાયોત્સર્ગાદિરૂપ ક્રિયા, અભિધાન = સૂત્રના પદોનું ઉચ્ચારણ, પદના એક દેશ ભૂત તે તે વર્ણો, તે તે પદના શ્રી અરિહંત વગેરે રૂપ અર્થો અને વિષય = આલંબનભૂત પ્રતિમાદિ. આ બધા વિશે એકી સાથે ઉપયોગ શી રીતે સંભવે ?

**સમાધાન** :–છિન્નજ્વાલાના દૃષ્ટાન્તથી આ બધામાં ઉપયોગ સંભવિત છે. **શ્રી પંચાશક** શાસ્ત્રમાં કહ્યું છે કે 'તદ્ગત=તે તે વંદનાદિ અનુષ્ઠાનમાં કરાતી ક્રિયા, અભિધાન, વર્ણ, અર્થ અને વિષય એ સર્વમાં પ્રણિધાન રાખવું જોઈએ. ક્રિયાદિ દરેકમાં છિન્ન જ્વાલાના દૃષ્ટાન્તથી સમસ્ત અનુષ્ઠાન દરમ્યાન પ્રણિધાનની હાજરી સંભવિત છે. માત્ર અંતે જ તે તે અંગે પ્રણિધાન હોય એવું નથી. છિન્ન જ્વાલા જ્યાં જ્યાં અનુપલબ્ધ છે ત્યાં પણ તેના પુદ્ગલોનો કંઈ અભાવ હોતો નથી કારણ કે તો પછી તો ઉપર ઉપરના ભાગમાં જ્વાલાનો સંભવ ન રહેવાથી ત્યાં પણ તેની ઉપલબ્ધિ થવી ન જોઈએ. પણ થાય છે, તેથી જણાય છે કે ત્યાં વચલા અંતરોમાં પણ જ્વાલાના અણુઓ રહેલા જ હોય છે. તેમ ચિત્તનો પણ શેષ અભિધાનાદિમાં ઉપયોગ જાણવો જોઈએ. નહિતર વચમાં વચમાં પણ તે ઉપયોગનો અનુભવ થાય નહિ.

**[છિન્ન જ્વાલા દૃષ્ટાન્ત]**

અહીં છિન્ન જ્વાલાનું દૃષ્ટાન્ત આ રીતે–જેમ બળતણમાંથી નીકળતી અગ્નિ જ્વાલા કંઈ બળતણને અડીને નીકળતી હોય અને છેક તેના ઉપરના છેડા સુધી અવિચ્છિન્ન= સળંગ જ દેખાય એવું નથી, વચ્ચે વચ્ચે તૂટેલી પણ દેખાય છે. એટલે કે વચ્ચે વચ્ચેના ભાગમાં જ્વાલા ઉપલબ્ધ થતી નથી છતાં ત્યાં પણ કંઈ તેનો અભાવ છે એમ

"[1]जिण्णासावि हु एत्थं लिङ्गं एयाइ हंदि सुद्धाए ।
नेव्वाणंगणिमित्तं सिद्धाए सा तयट्ठीणं ॥ [पंचा० ३-२६]

ति वचनात् । तथा च तस्यां सत्यां कस्य नाम न विहितानुष्ठानप्रवृत्तिः ? इति किमक्रियारुचिकदाग्रहग्रस्तेन सह विचारणया ? ॥६९॥

સમજીને ઉપલબ્ધ થતી બધી જ્વાલાઓ નાની નાની પૃથગ્ પૃથગ્ છે એવું મનાતું નથી, પણ અવિચ્છિન્ન સંતતિ વડે ઈન્ધનને સંબદ્ધ એક જ જ્વાલા મનાય છે. તેમ સમસ્ત અનુષ્ઠાન દરમ્યાન ક્રિયા-અભિધાનાદિ દરેક વિશે પ્રણિધાનની અવિચ્છિન્ન સંતતિઓ હોય જ છે. એમાંથી તે તે વખતે ક્રિયાદિમાંથી એકના પ્રણિધાનનું સંવેદન હોવાથી અભિધાનાદિ બીજાના પ્રણિધાનોનો અનુભવ હોતો નથી. છતાં પછી પછી વચ્ચે વચ્ચે તે બધાની પણ ઉપલબ્ધિ થયા કરતી હોવાથી જ્વાલાની જેમ એ બધાની અવિચ્છિન્ન સંતતિ માનવી જ પડે છે

શંકા :– અભિધાનાદિનું પ્રણિધાન પણ જો તે તે અનુપલબ્ધિ કાળે હાજર હોય તો ઉપલબ્ધ કેમ ન થાય ?

## [પ્રણિધાનોપલબ્ધિમાં નિયામક]

**સમાધાન :**– જે પ્રણિધાનનો વિષય ઉત્કટ હોય અર્થાત્ જેના વિષયની વિશેષ જિજ્ઞાસા પ્રવર્ત્તતી હોય તે જ પ્રણિધાનની ઉપલબ્ધિ થતી હોવાથી શેષકાળમાં તે તે પ્રણિધાનની હાજરીમાં પણ તેની ઉપલબ્ધિના હેતુભૂત તેવી જિજ્ઞાસા ગેરહાજર હોવાથી ઉપલબ્ધિ થતી નથી. તેથી ક્રિયાદિનું પ્રણિધાન ઉપલબ્ધ હોય ત્યારે શેષ અભિધાનાદિનું અનુપલબ્ધ એવું પણ અવ્યક્ત પ્રણિધાન હાજર જ હોય છે. અથવા જેમ અલાત (ઉમાડીયું) ને ફેરવવામાં આવતાં ઉપલબ્ધ થતો ચક્ર દંડાદિનો આકાર એની ઝડપના કારણે જ હોય છે, તાત્ત્વિક હોતો નથી કારણ કે જે ક્ષણે પોતે જ્યાં રહ્યું હોય છે તે સિવાયના સ્થાનમાં તેનું અવગાહન હોઈ શકતું નથી. તેથી સંપૂર્ણ ચક્ર માટે આવશ્યક આકાશ પ્રદેશોમાં કંઈ તેનું એકી સાથે અવગાહન હોતું નથી તેમ ક્રિયાદિના ભિન્ન ભિન્ન પ્રણિધાનો પણ ઝડપથી થતા હોવાથી ક્રિયાદિ દરેકનું સંમીલિત એવું એક જ પ્રણિધાન છે એવો ભાસ થાય છે બાકી દરેકના જુદા જુદા તેવા તેવા અવિચ્છિન્ન પ્રણિધાનો હોય છે.

## (ભાવક્રિયાહેતુ જિજ્ઞાસા ક્રિયાપ્રવર્ત્તક)

વળી પંચાશકમાં કહ્યું છે કે "કરાતું અનુષ્ઠાન શુદ્ધ છે કે નહિ ? અર્થાત્ ભાવયુક્ત છે કે નહિ ? એ જાણવાના લિંગ જેમ 'એ ઉચિતકાળે કરાવું', વિધિપૂર્વક કરાવું" વગેરે છે તેમ જિજ્ઞાસા પણ છે, કારણ કે નિર્વાણાર્થીઓને નિર્વાણ=મુક્તિના અંગભૂત=કારણભૂત સમ્યગ્જ્ઞાનાદિના નિમિત્ત તરીકે એ (જિજ્ઞાસા) સિદ્ધ છે. નિર્વાણાર્થીઓ

१. जिज्ञासापि खल्वस्यां लिङ्गमेतस्या हंदि शुद्धायाः । निर्वाणाङ्गनिमित्तं सिद्धैषा तदर्थिनाम् ॥

अथ भाववृद्धिक्रमेणोत्तरोत्तरगुणस्थानप्राप्तिमुपदिशति—

**धिइसद्धासुहविविइसविण्णत्ती तत्तधम्मजोणित्ति ।**
**तल्लद्धधम्मभावा वड्ढइ भावंतरं तत्तो ॥७०॥**

(धृतिश्रद्धासुखाविविदिषाविज्ञप्तयस्तत्त्वधर्मयोनिरिति । तल्लब्धधर्मभावाद्वर्धते भावान्तरं ततः ॥७०॥)

**एवं पवड्ढभावो कमेण गुणठाणसेढिमारुहिय ।**
**पक्खीणघाइकम्मो कयकिच्चो केवली होइ ॥७१॥**

(एवं प्रवृद्धभावः क्रमेण गुणस्थानश्रेणिमारुह्य । प्रक्षीणघातिकर्मा कृतकृत्यः केवली भवति ॥७१॥)

'धृतिः श्रद्धा सुखा विविदिषा विज्ञप्तिरिति तत्त्वधर्मयोनयः' इति हि पातञ्जलादिषु प्रसिद्धम् । तत्रोद्वेगादिपरिहारेण चेतसः स्वास्थ्यं धृतिः, तया च मार्गानुसारितत्त्वरुचिर्जन्यते, तामेव श्रद्धामाहुः, तया च भुजङ्गमनलिकायाम(? न)तुल्यो विशिष्टगुणस्थानरत्नप्रदानशौण्डः स्वरसवाही क्षयोपशमविशेषो जन्यते यमन्ये सुखेत्याचक्षते । 'सुखा विशिष्टाह्लादरूपा' इति

---

નિર્વાણના કારણભૂત જ્ઞાનાદિને જિજ્ઞાસાથી જ મેળવે છે. તેથી જિજ્ઞાસા નિર્વાણના અંગભૂત વંદનાદિ અનુષ્ઠાનનું પણ કારણ છે અને જે કારણ હોય છે તે લિંગ પણ બને છે જેમકે વિશિષ્ટ મેઘવૃષ્ટિ (ખેડૂતોને) અંકુરનું અનુમાન કરાવવામાં લિંગ બને છે." શ્રી પંચાશકમાં કહેલા આવા વચનથી જણાય છે કે જિજ્ઞાસા ભાવક્રિયામાં હેતુભૂત છે. નિર્વાણાર્થીઓને એ જિજ્ઞાસા હાજર હોવાથી તેઓ વિહિત અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ શા માટે ન કરે ? આમ વિહિતાનુષ્ઠાનો પણ આદેય હોવાથી, જેઓ 'ક્રિયા નિરર્થક જ છે' એવા કદાગ્રહથી ગ્રસ્ત છે તેઓ સાથે અધિક વિચારણાથી સર્યું. ॥૬૯॥

**[ભાવવૃદ્ધિના ક્રમે ગુણસ્થાનપ્રાપ્તિ]**

વિહિતઅનુષ્ઠાનથી ભાવવૃદ્ધિ થાય છે એ કહ્યું. હવે એ ભાવવૃદ્ધિના ક્રમથી ઉત્તરોત્તર ગુણસ્થાનોની પ્રાપ્તિ થાય છે એ જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :** ધૃતિ–શ્રદ્ધા–સુખા–વિવિદિષા અને વિજ્ઞપ્તિ તત્ત્વધર્મની યોનિઓ છે. આ ધૃત્યાદિથી ધર્માનુષ્ઠાનનો ભાવ પ્રાપ્ત થાય છે જેનાથી ઉત્તરોત્તર ભાવાન્તર=શુભભાવો વધતા જાય છે. આ પ્રમાણે ભાવો વધવાથી જીવ ક્રમશઃ ગુણસ્થાનક શ્રેણિ પર આરૂઢ થઈને ઘાતી કર્મોનો ક્ષય કરે છે અને તેથી કૃતકૃત્ય એવો કેવળી બને છે.

**[તત્ત્વધર્મની યોનિઓ]**

ધૃતિ, શ્રદ્ધા, સુખા, વિવિદિષા અને વિજ્ઞપ્તિ તત્ત્વધર્મની યોનિભૂત છે એવું **પાતાંજલ યોગદર્શન** વગેરેમાં પ્રસિદ્ધ છે. તેમાંથી ઉદ્વેગાદિનો પરિહાર કરવા દ્વારા થતું ચિત્તસ્વાસ્થ્ય ધૃતિ કહેવાય છે. આવી ધૃતિથી ઉત્પન્ન થતી માર્ગાનુસારી તત્ત્વરુચિ શ્રદ્ધા કહેવાય છે. જેમ સાપ બહાર ગમે એટલી વક્રગતિથી ચાલતો હોવા છતાં પોતાના બિલમાં તો સીધો જ ચાલી સ્વસ્થાને પહોંચે છે તેમ જ્યાં સુધી શ્રદ્ધા હોતી નથી

पञ्चाशकव्याख्यानं कथं? इति चेत्? कार्ये कारणोपचारेण पराभिप्रायेण वा, नह्याह्लादस्य तत्त्वचिन्ताजनकत्वं नाम, क्षयोपशमेन तस्योपक्षीणत्वात्, तद्विहीनानामपि तत्प्रसङ्गाच्च । तथा च तत्त्वचिन्तारूपमध्यवसानं जन्यते यदन्ये विविदिषामाचक्षते, तत एव हि शुश्रुषा-श्रवणग्रहणधारणविज्ञानोहापोहतत्त्वाभिनिवेशा प्रज्ञागुणाः प्रादुर्भवन्ति प्रथमजलधरजलनिपाता-दिवाभिनवप्ररोहाः । एनं विना भवन्तस्त्वेते तदाभासा एव, न तु तात्त्विकाः, तदेवं प्रज्ञा-गुणजननक्रमेण तत्त्वचिन्तया बोधिर्जन्यते । इयं च करणत्रयव्यापाराभिव्यङ्ग्यं प्रशमसंवेग-निर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं सम्यग्दर्शनमुच्यते, तदन्ये विज्ञप्तिमाहुः ।

---

ત્યાં સુધી તો અનુષ્ઠાનાદિ ગમે તેવા થયા કરે છે પણ શ્રદ્ધા આવ્યા પછી તેનાથી સાપના નાલિકામાં થતા ગમન જેવો એવો વિશેષ પ્રકારનો ક્ષયોપશમ ઊભો થાય છે કે જે સ્વયં પોતે જ ગુણસ્થાનાત્મક રત્નનું દાન કરવામાં કુશળ હોય છે અર્થાત્ ગુણ-સ્થાનક લાવી આપે છે. આવા ક્ષયોપશમને જ બીજાઓ 'સુખા' કહે છે.

શંકા :– પંચાશક શાસ્ત્રમાં તો સુખાને વિશિષ્ટ આહ્લાદરૂપ કહી છે તો પછી તમે કેમ ક્ષયોપશમવિશેષ રૂપ કહો છો?

## [સુખા ક્ષયોપશમવિશેષરૂપ]

**સમાધાન :**– પંચાશકમાં તેવા આહ્લાદ વિશેષને સુખા તરીકે જે કહ્યું છે તે ક્ષયોપશમરૂપ સુખા આહ્લાદવિશેષજન્ય હોવાથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને, અથવા તો પતંજલિઆદિના અભિપ્રાયને આશ્રીને જાણવું. પરમાર્થથી તો તેવો ક્ષયોપ-શમ જ સુખા છે કારણ કે આગળ કહેવાના છીએ કે સુખાથી તત્ત્વચિન્તાત્મક વિવિદિષા ઉત્પન્ન થાય છે. આ વિવિદિષા પ્રત્યે કંઈ આહ્લાદ હેતુભૂત નથી, કારણ કે આહ્લાદ તો ક્ષયોપશમથી જ ચરિતાર્થ થઈ જાય છે. તેમ જ આહ્લાદ જ જો તેનો હેતુ હોય તો તો ક્ષયોપશમવિહીન જીવોને પણ તે આહ્લાદ માત્રથી તત્ત્વચિન્તા પ્રાપ્ત થઈ જવાની આપત્તિ આવે. માટે તત્ત્વચિન્તાની હેતુભૂત સુખા પરમાર્થથી તો ક્ષયોપશમરૂપ જ છે છતાં એ ક્ષયોપશમ સ્વરૂપસુખા તે આહ્લાદનું કાર્ય હોવાથી કાર્યાત્મક તેનામાં આહ્લાદનો ઉપચાર કર્યો છે. આમ ક્ષયોપશમને જ આહ્લાદ તરીકે કહીને સુખા તરીકે વર્ણવ્યો છે.

## [સુખાજન્ય વિવિદિષાથી બુદ્ધિગુણો દ્વારા બોધિઉત્પત્તિ]

આ સુખાથી તત્ત્વચિન્તારૂપ જે અધ્યવસાય સ્ફુરે છે તેને જ બીજાઓ વિવિદિષા કહે છે. જેમ પ્રથમ વૃષ્ટિથી અભિનવ અંકુરો પ્રકટ થાય છે તેમ આ વિવિદિષાથી જ શુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઊહાપોહ, અપોહ અને તત્ત્વાભિનિવેશ રૂપ બુદ્ધિના આઠ ગુણો પ્રકટ થાય છે. વિવિદિષા વિના થતા તત્ત્વના શુશ્રુષા–શ્રવણાદિ પરમાર્થથી શુશ્રુષાદિરૂપ હોતા નથી પણ શુશ્રુષા આભાસાદિરૂપ હોય છે કારણ કે પોતાનું ફળ આપનારા બનતા નથી. આ પ્રમાણે બુદ્ધિગુણોને ઉત્પન્ન કરવાના ક્રમથી

तदेवमेतैः करणैरुत्पन्नधर्मभावस्य यथोचितानुष्ठानपरायणस्य सतो भावान्तरं प्रवर्द्धते "[1]सइ संजाओ भावो पायं भावंतरं तओ कुणइ' इति वचनात्, अत्र प्रायोग्रहणं प्रागसञ्जाततथाविधभावानां मरुदेव्यादीनां भावप्रकर्षप्राप्त्या यो व्यभिचारस्तत्परिहारार्थमिति व्याचक्षते । अत्र च भावः क्रियाविषयो ग्राह्यः,
"[2]वेलाइविहाणंमी तग्गयचित्ताइणा य विन्नेओ । तव्वुड्ढिभावऽभावेहि तहय दव्वेयरविसेसो ॥ [पंचा० ३-१०] त्ति गाथायाः प्राक् प्रक्रान्तत्वात्, अन्यथा तादृशभावसामान्यं प्रति क्षयोप-

તત્ત્વચિન્તા બોધિને ઉત્પન્ન કરે છે. સમ્યગ્દર્શન સ્વરૂપ આ બોધિ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના ત્રણ કરણોના વ્યાપારથી પ્રાદુર્ભૂત થાય છે અને પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યથી અભિવ્યક્ત થાય છે. અન્ય દર્શનકારો આને જ વિજ્ઞપ્તિ કહે છે.

## [ધૃત્યાદિના ક્રમે વિશુદ્ધ ભાવવૃદ્ધિ]

આમ ધૃત્યાદિના આ ક્રમથી ધર્મભાવ ઉત્પન્ન થાય છે અર્થાત્ તે તે ધર્માનુષ્ઠાનો આચરવાનો ભાવ પેદા થાય છે. તે અનુષ્ઠાનોમાં પરાયણ રહેનારને એનાથી ઉત્તરોત્તર વિશુદ્ધભાવો વધતા રહે છે. કહ્યું જ છે કે 'એકવાર પણ થએલો અપુનર્બંધકાદિગત શુભભાવ પ્રાયઃ ભાવાન્તરને ઉત્પન્ન કરે છે' અહીં પ્રાયઃ શબ્દ લખ્યો છે તેનાથી પૂર્વે તેવા તેવા ભાવોની પ્રાપ્તિ વિના જ **મરૂદેવા માતા** વગેરેને થએલ ભાવપ્રકર્ષની પ્રાપ્તિ રૂપ વ્યતિરેક વ્યભિચારનો પરિહાર કર્યો છે. વળી 'सइ संजाओ...' ગાથાપૂર્વે 'વેલાઇ...' ગાથામાં જણાવ્યું છે કે તે તે વંદનાદિ અનુષ્ઠાન દ્રવ્યવંદન છે કે ભાવવંદન ? તે વેલાવિધાનાદિથી જણાય છે. અર્થાત્ વેળા=તે તે અનુષ્ઠાનો પોતપોતાના નિયત કાળે કરવાં, શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવાં, અનુષ્ઠાનમાં જ મનની એકાગ્રતા જળવાઇ રહેવા પૂર્વક કરવાં, અનુષ્ઠાન વખતે રોમાંચાદિથી વર્ધમાન ભક્તિભાવ વગેરે જણાતા હોય તો એ અનુષ્ઠાન ભાવ અનુષ્ઠાન જાણવું. આનાથી વિપરીતતા હોય તો એ દ્રવ્ય અનુષ્ઠાન જાણવું. આ વાત કર્યા પછી 'सइ संजाओ...' ગાથા કહી છે તેથી જણાય છે કે અહીં ભાવ એટલે ક્રિયા (અનુષ્ઠાન) વિષયક ભાવ જાણવો. નહિતર તો (એટલે કે ગમે તે ભાવ લેવાનો હોય તો તો) તે તે ક્ષયોપશમ વિશેષ રૂપ ભાવ ઉત્તરકાળે બીજા ભાવને ઉત્પન્ન કરતો જ હોય છે તેમજ અવ્યવહિતોત્તરત્વ સંબંધથી ભાવવિશિષ્ટ ભાવ પ્રત્યે ભાવસામાન્ય કારણભૂત હોય છે જ તેથી એવા 'કારણ-કાર્ય' મરૂદેવી માતા વગેરેમાં પણ હાજર હોવાથી વ્યભિચારનો કોઈ અવકાશ જ રહેતો નથી તો એના વારણ માટે 'પ્રાયઃ' શબ્દ મૂકવાની જરૂર જ રહે નહિ. મરૂદેવા માતા વગેરેને તેવો અનુષ્ઠાન વિષયક

१. अस्योत्तरार्धं :- ता एयमेत्थ पवरं लिंगं सइ भाववुड्ढी तु ॥ (पंचा. ३-११)
सकृत्संजातोभावः प्रायः भावान्तरं ततः करोति । तस्मादेतदत्र प्रवरं लिङ्गं सकृत् भाववृद्धिस्तु ॥
२. वेलादि विधाने तद्गतचित्तादिना च विज्ञेयः । तद्वृद्धिभावाभावाभ्यां तथा च द्रव्येतरविशेषः ॥

शमविशेषस्य, अव्यवहितोत्तरत्वसंबन्धेन भावविशिष्टभावं प्रति च भावस्य हेतुतया व्यभिचारानवकाशात्, भावपूर्वक्रियाया अपि भावजन्यतावच्छेदकजातिव्याप्यजात्यवच्छिन्नं प्रति हेतुत्वान्न व्यभिचार इत्याहुः। एवं चोत्तरोत्तरभावविशुद्ध्या गुणश्रेणिमधिरुह्य काष्ठाप्राप्तवैराग्यदशानिमूलकाषंकषितघनघातिकर्मा परापेक्षाविरहेण परिनिष्ठितसकलकृत्यः सहजानन्तचैतन्यप्रकाशविश्रान्तविलसदनेकान्तवादमुद्रामुद्रितभुवनत्रयान्तर्भूतविषयाकारसञ्चारस्फारगुणरत्नराशिः केवली भवति ॥७०॥७१॥

अत्र चेदमुत्कर्णमाकर्ण्य कर्णप्रणालीनिपतित सकर्णवर्णनीयवर्णगणसलिलपरिशीलनवशादन्तरुद्बुद्धसिताम्बरसमयद्वेषज्वरप्रसरविषमपरिणतिः कम्पमानाधरः कर्णौ विधुन्वन्नाध्यात्मिकः प्रलपति—

ભાવ ન હોવાના કારણે જ એ વિના પણ થએલ ઉત્તરોત્તરભાવપ્રાપ્તિ વ્યભિચાર રૂપ બને છે, નહિ કે તેવો ક્ષયોપશમ પણ નહોતો એવા કારણે.

**પ્રશ્ન** : પ્રાય શબ્દથી એ વ્યભિચાર અટકશે, પણ જ્યાં જ્યાં પૂર્વ પૂર્વના તેવા ભાવથી ઉત્તર ઉત્તરનો તેવો ભાવ ઉત્પન્ન થાય છે ત્યાં ત્યાં કાર્યકારણભાવ કેવો માનશો ?

**ઉત્તર** : 'ભાવપૂર્વકની ક્રિયા, ભાવસામાન્યમાં રહેલ જન્યતાવચ્છેદક જાતિરૂપ ભાવત્વની વ્યાપ્ય જે તાદૃશક્રિયાઅવ્યવહિતોત્તરવર્ત્તિત્વવિશિષ્ટભાવત્વરૂપ અવાન્તરજાતિ હોય, તદવચ્છિન્ન પ્રત્યે કારણ છે' આવો કાર્યકારણભાવ માનવાથી કોઈ વ્યભિચાર રહેતો નથી એવું આચાર્યો કહે છે. અર્થાત્ ભાવપૂર્વકની ક્રિયા પછી તરત પ્રવર્ત્તતા ભાવ પ્રત્યે તે ભાવપૂર્વકની ક્રિયા કારણ છે એવો કાર્યકારણભાવ માનવાથી વ્યભિચાર રહેતો નથી.

આ રીતે ઉત્તરોત્તર ભાવવિશુદ્ધિથી ગુણશ્રેણિ પર આરૂઢ થએલ મહર્ષિઓનો વૈરાગ્ય પરાકાષ્ઠાએ પહોંચે છે. અને તેઓ આવી પરમવૈરાગ્યની દશાથી ઘનઘાતીકર્મોનો સર્વથા નાશ કરી કૃતકૃત્ય એવા કેવળી બને છે. હવે તેઓને બીજી કોઈ વસ્તુની અપેક્ષા રહી ન હોવાથી કૃતકૃત્ય કહેવાય છે. સહજ અનંત ચૈતન્ય પ્રકાશમાં સંક્રાન્ત થએલ અને વિલસતા અનેકાન્તવાદની મુદ્રાથી મુદ્રિત એવા જે ત્રણભુવનને અંતર્ભૂત વિષયો, તેઓના આકાર સંચારના કારણે વધુ સુંદર એવા ગુણરત્નોના રાશિથી અલંકૃત અર્થાત્ સુવર્ણપાત્ર તુલ્ય પ્રભુ કેવળજ્ઞાની બને છે. ॥૭૦-૭૧॥

'તેઓ કૃતકૃત્ય કેવલી બને છે' આ વાત ઊંચા કાને આધ્યાત્મિક દિગમ્બરે સાંભળી, એમના કાનની ભુંગળીમાં, સાર્થક-કર્ણવાળાએ અર્થાત્ સત્પુરૂષોએ ખરેખર વખાણવા યોગ્ય તે વાતના શબ્દવૃંદ રૂપી જલ જાણે કે ઘુમરાવા માંડ્યું, પણ એને તે સદવાને બદલે જાણે કે રિએક્શન આવ્યું હોય તેમ તેના મનમાં રહેલ શ્વેતાંબર

**नणु जइ सो कयकिच्चो अट्ठारसदोसविरहिओ देवो ।**
**ता छुहतण्हाभावा जुज्जइ कम्हा कवलभोई ॥७२॥**

(ननु यदि स कृतकृत्योऽष्टादशदोषविरहितो देवः । तत्क्षुधातृष्णाभावात् युज्यते कस्मात् कवलभोजी ॥७२॥)

ननु कृतकृत्यत्वं तावद्देवत्वव्यवहारनिबन्धनं निःशेषदोषराहित्यमेवाभिधानीयम् । दोषाश्चाष्टादश प्रसिद्धा यद्दूषितानां जन्तूनामनाप्तत्वं, यद्विरहे चाप्तत्वमिति । यदाह प्रभाचन्द्रः 'क्षुत्पिपासाजरातङ्कजन्मान्तकभयस्मयाः । न रागद्वेषमोहाश्च यस्याप्तः स प्रकीर्त्यते ॥ इति । [रत्नकरंडकश्रावकाचारः १/६] अस्यार्थः- क्षुच्च=बुभुक्षा, पिपासा च=तृषा, जरा च= वृद्धत्वं, आतङ्कश्च=व्याधिः, जन्म च=कर्मवशाच्चतुर्गतिषूत्पत्तिः, अन्तकश्च=मृत्युः, भयंच- इहपरलोकात्रात्र(?णा)गुप्तिमरणवेदनाकस्मिकत्वलक्षणं, स्मयश्च-जातिकुलादिदर्पः, रागद्वेष- मोहाः प्रसिद्धाः, च शब्दाच्चिन्तारतिनिद्राविस्मयविषादखेदा गृह्यन्ते । एतेऽष्टादश दोषा यस्य न सन्ति स आप्तः प्रकीर्त्यते=प्रतिपाद्यत इति । तथा च केवलिनः कृतकृत्यत्वे स्वीकृते क्षुत्पिपासाऽभावस्यावश्यं स्वीकारात् तस्य कवलभोजित्वप्रतिज्ञा कथमिव चतुरचेतश्चमत्कारिणी ? न हि कारणं विना कार्योत्पत्तिमुररीकुरुते कश्चिदपि प्रेक्षापूर्वकारीति चेत् ? ॥७२॥

---

સિદ્ધાન્તો પ્રત્યેનો દ્વેષ ભભૂકી ઊઠ્યો. આ દ્વેષરૂપ જ્વરપ્રસર ઉદ્બુદ્ધ થવાના કારણે વિષમપરિણતિવાળો થએલો તે કાનોને ધુણાવતાં ધુણાવતાં ધ્રૂજતાં હોઠોથી એનો પ્રલાપ વ્યક્ત કરે છે-

**ગાથાર્થ** :-જો તે કેવળી ભગવાન્ અઢાર દોષ વિનાના કૃતકૃત્ય હોય તો તો તેઓને ક્ષુધા તૃષ્ણા વગેરે ન હોવાથી કવલાહાર શી રીતે હોઇ શકે?

### [દિગંબરને અભિમત અઢાર દોષો]

**પૂર્વપક્ષ** :-સકલદોષોથી રહિત હોવા રૂપ કૃતકૃત્યત્વ જ કોઈપણ જીવનો દેવ તરીકે વ્યવહાર પ્રવર્તાવવામાં કારણભૂત છે. તે દોષો અઢાર છે જેની હાજરીમાં જીવ અનાપ્ત હોય છે અને ગેરહાજરીમાં આપ્ત બને છે. **પ્રભાચંદ્રે** કહ્યું છે કે-'ક્ષુધા, પિપાસા, જરા, આતંક, જન્મ, અંતક, ભય, સ્મય, રાગ, દ્વેષ અને મોહ વગેરે જેઓને હોતા નથી તેઓ આપ્ત કહેવાય છે.'—અર્થાત્ ભૂખ, તરસ, ઘડપણ, વ્યાધિ, કર્મવશ ચારે ગતિમાં ઉત્પન્ન થવા રૂપ જન્મ, મૃત્યુ, ઇહલોક ભય, પરલોકભય અત્રાણભય-અગુપ્તિ ભય-મરણભય- વેદનાભય-અકસ્માદ્ભય, જાતિકુળ વગેરેનો મદ, રાગ, દ્વેષ, મોહ અને 'ચ'થી સંગૃહીત=સૂચિત થએલા ચિંતા, રતિ, અરતિ, નિદ્રા, વિસ્મય, વિષાદ અને ખેદ રૂપ અઢાર દોષો જેઓને વિદ્યમાન હોતા નથી તેઓ આપ્ત કહેવાય છે. તેથી કેવળીને પણ કૃતકૃત્ય માનવામાં તેઓને ક્ષુધા-પિપાસા વગેરે હોતા નથી એ અંતર્ગત રીતે મનાએલું જ છે તેથી 'કેવળીઓને કવલાહાર હોય છે' એવી તમારી વાત ચતુર માણસોને ચમત્કારી = ખુશ કરનારી શી રીતે બને? કારણ કે પ્રેક્ષાવાન્ પુરુષો કંઈ

भवेदेवं यदि वयं त्वया परिभाषितानेव दोषान् परिभाषामहे, न चैवं, किंत्वात्मगुणदूषणमेव दोषलक्षणं ब्रूमः, न च तथात्वं क्षुत्पिपासयोरस्तीत्याशयेनाह—

**तो सक्का वुत्तुं जे छुहतण्हाई जिणस्स किर दोसा ।**
**जइ तं दूसेज्ज गुणं साहावियमप्पणो कंवि ॥७३॥**

(तच्छक्यं वक्तुं यत्क्षुधातृष्णादि जिनस्य किल दोषः । यदि तद्दूषयेद्गुणं स्वाभाविकमात्मनः कमपि ॥७३॥)

**दूसइ अव्वाबाहं इय जइ तुह सम्मओ तयं दोसो ।**
**मणुअत्तणं विदोसो ता सिद्धत्तस्स दूषणओ ॥७४॥**

(दूषयत्यव्याबाधं इति यदि तव सम्मतस्तद्दोषः । मनुजत्वमपि दोषस्तत्सिद्धत्वस्य दूषणतः ॥७४॥)

यदि हि क्षायिकसुखरूपाऽऽत्मगुणदूषकत्वात् क्षुत्तृष्णयोर्दोषत्वमुद्भावयेयुः परे तर्हि मनुष्यत्वमपि केवलिनां सिद्धत्वदूषकतया दोषः प्रसज्यत इति पर्यनुयोगे तेषामप्रतिभया नखशिखाग्रैर्भूविलेखनमेव चिरमनुशीलनीयं स्यात् । अथ सिद्धत्वप्रतिबन्धकस्तद्व्यवहारप्रतिबन्धकश्च दोषो जिनेषु सन्नप्यकिञ्चित्करः, कैवल्यप्रतिबन्धकदोषविलयेन तद्व्यवहारस्य तन्नान्तरीयकनिर्दोषत्वव्यवहारस्य च निराबाधत्वादिति यदि ते शरदां शतं परिभाव्योत्तरं दद्युस्तर्हि क्षुत्पि-

---

કારણવિના કાર્યને સ્વીકારતા નથી. ॥૭૨॥

## [ક્ષુધા વગેરે દોષ રૂપ નથી]

**ઉત્તરપક્ષ** :–તમારી પરિભાષા મુજબના જ અઢાર દોષોને જો અમે દોષ તરીકે લઈ કેવળીમાં નિર્દોષત્વરૂપ કૃતકૃત્યત્વ કહેતાં હોત તો તો પ્રેક્ષાવાન્ ને કેવલિભુક્તિ જરૂર આશ્ચર્યકારી લાગે. પરંતુ એવું છે નહિ કારણ કે જે આત્મગુણોને દૂષિત કરે તેને જ અમે દોષ કહીએ છીએ. ક્ષુધા–પિપાસા કંઇ એવા નથી કે જેથી કેવળીઓમાં દોષાભાવ કહેવાથી તેઓનો પણ અભાવ સિદ્ધ થઇ જવાના કારણે કવલાહાર અનુપપન્ન થવાની આપત્તિ આવે. આવા આશયથી ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :–ક્ષુધા તૃષ્ણા વગેરે જો કેવળી આત્માના કોઇ સ્વભાવિક ગુણને દૂષિત કરતા હોય તો જ દોષરૂપ કહેવાય. પણ તેવું છે નહિ તેથી એ દોષરૂપ નથી. 'તે એ અવ્યાબાધ સુખને દૂષિત કરતાં હોવાથી દોષરૂપ છે' એવું જો તમે માનતા હો તો મનુષ્યત્વને પણ એ સિદ્ધત્વગુણને દૂષિત કરતું હોવાથી દોષરૂપ માનવાની આપત્તિ આવશે.

જો પર=આધ્યાત્મિકો ક્ષાયિક સુખાત્મક આત્મગુણને દૂષિત કરનારા હોવાથી ક્ષુધા–તૃષ્ણાને પણ દોષરૂપ માનતા હોય તો તેઓએ મનુષ્યત્વને પણ તે સિદ્ધત્વદૂષક હોવાથી દોષરૂપ માનવું પડવાના કારણે તેની હાજરીવાળા એવા ભવસ્થ કેવળીઓનો નિર્દોષ તરીકેનો વ્યવહાર કરી શકાશે નહિ. આ આપત્તિનું વારણ કરવાની પ્રતિભા ન હોવાથી તેઓએ નીચું જોઈને નખના અગ્રભાગથી જમીન જ ખોતરવાની રહેશે.

पासयोरपि कैवल्यप्रतिबन्धकत्वे प्रमाणाभावात् कथमेकं सीव्यतां नापरप्रच्युतिः ? घातिकर्मक्षयजन्यकेवलज्ञानं हि घातिकर्माणि तदविनाभाविनः परिणामा वा प्रतिबध्नन्ति, नत्वघाति वेदनीयं कर्म तज्जन्यक्षुत्पिपासापरिणामौ वा । अतएव घातिकर्मजन्यानेवाऽष्टादशदोषान्दानान्तरायादीन् साधु परिभाषन्ते प्रगल्भाः । तदाहुः—

अन्तराया दानलाभवीर्यभोगोपभोगगाः ।
हासो रत्यरती भीतिर्जुगुप्सा शोक एव च ॥१॥
कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाविरतिस्तथा ।
रागो द्वेषश्च नो दोषास्तेषामष्टादशाप्यमी ॥२॥ [ ] इति ।

अत्र च केवलज्ञानं प्रति सर्वएवैते प्रतिबन्धकाः, केवलज्ञानकेवलदर्शनक्षायिकसम्यक्त्वचारित्रदानादिलब्धिपञ्चकं प्रत्यज्ञाननिद्रामिथ्यात्वाविरत्याद्यन्तरायाणां पृथगेव वा प्रतिबन्धकत्वं, न चेदं परोक्तदोषेषु संभवति, न हि क्षुत्पिपासयोः कामादेरिव चारित्रप्रतिबन्धकत्वं दृष्टमिष्टं वा, अन्यथा तेनैव ताभ्यां तदतिक्रमप्रसङ्गात् । नापि तयोर्ज्ञानादिप्रतिबन्धकत्वमस्ति । 'बलापचय-

---

સો વર્ષ લાંબો વિચાર કરીને પણ કંઈક સ્ફુરવાથી તેઓ એવો જવાબ આપે કે 'કેવળીઓમાં સિદ્ધત્વને અને 'સિદ્ધ' તરીકેના વ્યવહારનો પ્રતિબંધક એવો મનુષ્યત્વાદિરૂપ દોષ હોવા છતાં એ અકિંચિત્કર છે કારણ કે જે દોષોના અભાવના કારણે જિનમાં આપ્તત્વ આવે છે તે દોષો તરીકે અમે કેવલજ્ઞાન પ્રતિબંધક દોષોને જ કહીએ છીએ, તેમજ તેવા દોષના અભાવથી જ નિર્દોષત્વ વ્યવહાર કરીએ છીએ. તેથી કેવલીઓનો તેવા દોષોનો વિલય થયો હોવાના કારણે 'કેવળી' તરીકેનો વ્યવહાર કે તેવા વ્યવહારને નાન્તરીયક (= અવિનાભાવી) એવો નિર્દોષત્વવ્યવહાર નિરાબાધ જ રહે છે.' તો તેઓને કહેવું કે ક્ષુધાપિપાસા પણ કેવલજ્ઞાનના પ્રતિબંધક હોવામાં કોઇ પ્રમાણ ન હોવાથી એની હાજરીમાં પણ કેવલજ્ઞાન કે તાદૃશવ્યવહારો બાધિત થતા નથી. તેથી તમારે મનુષ્યત્વને અદૂષક સિદ્ધ કરવા જતાં ક્ષુધાપિપાસાને પણ નિર્દોષ માનવાની આપત્તિ આવીને ઊભી રહેતાં એક બાજુ સાંધવા જતાં બીજી બાજુ ફાટી જવા જેવું કેમ નહીં થાય ?

**[ક્ષુધાદિ કૈવલ્યના પ્રતિબંધક નથી]**

કેવલજ્ઞાન ઘાતીકર્મોના ક્ષયથી પ્રકટ થાય છે એનાથી જણાય છે કે ઘાતીકર્મો કે તેનાથી થએલા પરિણામો જ કેવલજ્ઞાનના પ્રતિબંધક હોઈ શકે, નહિ કે અઘાતી એવું વેદનીય કર્મ કે વેદનીય જન્ય ક્ષુધાપિપાસાદિરૂપ પરિણામો. તેથી વિચારક પુરૂષો ઘાતીકર્મજન્ય દાનાન્તરાયાદિ અઢાર દોષોની જ કૈવલ્યપ્રતિબંધક દોષો તરીકે પરિભાષા કરે છે. કહ્યું છે કે 'તેઓને=કેવળીઓને દાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્યાન્તરાય–હાસ્ય–રતિ–અરતિ–ભય–જુગુપ્સા-શોક–કામ–મિથ્યાત્વ અજ્ઞાન–નિદ્રા–અવિરતિ, રાગ અને દ્વેષ એ અઢાર દોષો હોતા નથી.'

जनकतया तयोरीर्यासमितिश्रुताभ्यासादिविराधिताया दृष्टत्वात् क्षायिक चारित्रज्ञानप्रतिबन्धकत्वमप्यनुमीयत' इति चेत् ? न, अनभ्यासादेरिव तयोः क्षायिकज्ञानाद्यप्रतिपन्थित्वात्, क्षुदादेः स्वजनकबहिरिन्द्रियवृत्तिप्रतिपन्थितयैव ज्ञानप्रतिपन्थित्वात्, अन्यथा मिथ्यात्वोदय इव क्षुदाद्युदयेऽपि प्राप्तज्ञानोपक्षयप्रसङ्गात्, न चैवमस्ति प्रत्युत क्षुदाद्युदयं सहमानानां शुभभाववतां महर्षिणां तत्प्रवृद्धिरेव श्रूयत इति ।

[ક્ષુધાદિ ક્ષાયોપશમિકજ્ઞાનના પ્રતિપંથી શી રીતે?]

આ અઢારે અઢારદોષો કેવલજ્ઞાનપ્રત્યે પ્રતિબંધક છે એ જાણવું. અથવા કેવલજ્ઞાન પ્રત્યે અજ્ઞાનને, કેવલદર્શન પ્રત્યે નિદ્રાને, ક્ષાયિક સમ્યક્ત્વ પ્રત્યે મિથ્યાત્વને, ક્ષાયિક ચારિત્ર પ્રત્યે અવિરતિને, દાનાદિલબ્ધિઓ પ્રત્યે દાનાંતરાયાદિને પૃથક્ પૃથક્ પ્રતિબંધક જાણવા. **પ્રભાચંદ્રે** કહેલ દોષોમાં આવું પ્રતિબંધકત્વ સંભવતું નથી, કારણ કે જેમ કામાદિ વિકાર પ્રાદુર્ભૂત થએ છતે ચારિત્રનો પ્રતિબંધ થઈ જાય છે તેમ ભૂખ-તરસ લાગવા માત્રથી કંઈ થઈ જતો નથી. નહિતર તો તેનાથી=પ્રભાચંદ્રથી જ પ્રતિબંધક એવા તે બે ઉત્પન્ન થવા માત્રથી ચારિત્રનો અતિક્રમ થઈ જવાની આપત્તિ આવે. વળી ભૂખ-તૃષા જ્ઞાનના પણ પ્રતિબંધક નથી.

**શંકા** :-ભૂખ વગેરેથી શરીર અશક્ત બને છે અને તેથી ઈર્યાસમિતિ વગેરેનું બરાબર પાલન થતું નથી તેમજ શ્રુત વગેરેના અભ્યાસમાં ચિત્ત ચોંટતું નથી. એ વાત પ્રત્યક્ષ અનુભવાતી હોવાથી એ બેમાં ક્ષાયોપશમિક ચારિત્ર-જ્ઞાનનું પ્રતિબંધકત્વ છે એવું તો સિદ્ધ જ છે. એનાથી જ તેઓમાં ક્ષાયિકચારિત્ર અને ક્ષાયિકજ્ઞાનનું પ્રતિબંધકત્વ છે એવું પણ અનુમાન થાય છે.

**સમાધાન** :-જેમ અભ્યાસ (પઠન-પુનરાવર્ત્તનાદિ)નો અભાવ ક્ષાયોપશમિક જ્ઞાનોનો પ્રતિપંથી હોવા છતાં ક્ષાયિકજ્ઞાનનો કંઈ પ્રતિપંથી નથી તેમ ભૂખ-તરસ વગેરે પણ ક્ષાયોપશમિકજ્ઞાનપ્રતિબંધક હોવા માત્રથી તેઓમાં ક્ષાયિકજ્ઞાનપ્રતિબંધકત્વનું અનુમાન થઈ શકતું નથી. કારણ કે જ્યાં ક્ષાયોપશમિક જ્ઞાનવિરોધિતા હોય ત્યાં ક્ષાયિકજ્ઞાન વિરોધિતા હોય જ એવી વ્યાપ્તિ અનભ્યાસાદિસ્થળમાં બાધિત છે. ભૂખ વગેરે શ્રુતજ્ઞાનના પ્રતિબંધક બને છે તે પણ સીધેસીધા સ્વભાવથી જ નહિ, પણ તે ક્ષાયોપશમિકજ્ઞાનની જનક બહિરિન્દ્રિયની પ્રવૃત્તિને રુંધવા દ્વારા જ પ્રતિબંધક બને છે. નહિતર તો જ્ઞાનનો સ્વભાવથી જ પ્રતિબંધ કરનાર મિથ્યાત્વનો ઉદય થવા માત્રથી જેમ જ્ઞાન પ્રતિબંધિત થઈ જાય છે તેમ ક્ષુધાદિનો પણ ઉદય થવા માત્રથી પ્રાપ્ત જ્ઞાનનો નાશ થઈ જવો જોઈએ. પણ તેમ થતું નથી, ઉલ્ટું, ક્ષુદાદિને સમ્યક્ રીતે સહન કરતાં મહાત્માઓને શુભભાવોની વૃદ્ધિ થવાથી જ્ઞાનવૃદ્ધિ જ થએલી સંભળાય છે. વળી કેવલજ્ઞાન તો ઈન્દ્રિયજન્ય ન હોવાથી ક્ષુધાદિના અતિરેકથી ઈન્દ્રિયપ્રવૃત્તિ રુંધાતી હોય તો પણ એ દ્વારા પણ એ ક્ષુધાદિથી પ્રતિબધ્ય બનતું નથી.

अथ क्षुदादिजन्यार्त्तध्यानाच्छुभभावपरिहाणिः श्रूयते इति चेत् ? न ह्ययं तयोरपराधोऽपि त्वरत्यादेरिति विचारणीयम् । 'पापप्रकृतिजन्यतया तयोर्दोषत्वमिति तु मन्दप्रलपितं', परेणापि केवलिनि तादृशप्रकृतिस्वीकारात् । अथ प्रशस्तविपरीतभावनाप्रकर्षप्रयुक्तापकर्षशालित्वं दोषत्वं, तच्च रागादाविव च क्षुदादावप्यस्ति, दृश्यते वीतरागभावनातारतम्येन रागादेर्मन्दमन्दतरमन्दतमादिभाव इति तदत्यन्तोत्कर्षात्तदत्यन्तापकर्षोपि भगवतामिति । एवमभोजनभावनातारतम्यात् सकृद्भोजनैकदिनपक्षमाससंवत्सराद्यन्तरितभोजनादिदर्शनात् तदत्यन्तोत्कर्षादात्यन्तिकक्षुद्भुक्त्याद्यपकर्षोऽपि तेषां युज्यते इति चेत् ? मैवं, अभोजनभावनाया भोजनभावनां प्रत्येव प्रतिपन्थित्वात्, तया तन्निवृत्तावपि क्षुद्भुक्त्याद्यनिवृत्तेः, न खलु तपस्विनां क्षुदेव न लगति, अपि तु तैः सा निरुध्यत इति । 'बुभुक्षानिरोधे भुक्तिरपि निरुध्यत' इति चेत् ? न, तस्यास्तदहेतुत्वादिति स्फुटीभविष्यत्यग्रे ।

**શંકા** :–ક્ષુદાદિથી આર્ત્તધ્યાન થવા દ્વારા શુભભાવોની પરિહાનિ થવાથી કેવલજ્ઞાનનો પ્રતિબંધ થાય છે.

**સમાધાન** :–શુભભાવોની હાનિ ભૂખ વગેરેના કારણે થતી નથી, કિન્તુ અરતિ આદિના કારણે થાય છે, ક્ષપકશ્રેણિમાં તો અરતિનો જ ક્ષય થઈ ગયો હોવાથી શુભભાવ પરિહાનિ કે તે દ્વારા કેવલજ્ઞાનપ્રતિબંધ થવાનો સંભવ રહેતો નથી. આ બરાબર વિચારો.

## [ ક્ષુધાદિમાં દોષત્વનું મંડન-ખંડન ]

**શંકા** :–છતાં ક્ષુધાદિ પાપપ્રકૃતિ જન્ય હોવાથી દોષરૂપ છે તેથી કેવળીઓમાં તે મનાય નહિ.

**સમાધાન** :–તમે પણ અપ્રથમસંસ્થાન–દુસ્વરાદિ ૩૫ પાપપ્રકૃતિઓનો કેવળીઓને ઉદય માન્યો જ છે. તેથી એના ઉદયથી થએલ પરિણામ ૩૫ દોષો કેવળીઓમાં પણ માનવાની તમારે આપત્તિ આવશે. અન્યથા, પાપપ્રકૃતિજન્ય હોવા છતાં એને જો દોષરૂપ નહિ માનો તો ક્ષુધાદિને પણ દોષરૂપ માનવા ન જોઈએ.

**પૂર્વપક્ષ** :–પ્રશસ્ત એવી વિપરીતભાવનાના પ્રકર્ષથી જેનો અપકર્ષ થાય તે દોષ કહેવાય છે, જેમકે, જેમ જેમ વીતરાગતાની ભાવના વધતી જાય છે તેમ તેમ રાગાદિની હાનિ થતી જાય છે અને વીતરાગતાનો અત્યન્ત પ્રકર્ષ થાય ત્યારે રાગાદિનો અત્યંત ઉચ્છેદ થાય છે તો રાગાદિ દોષરૂપ છે, આ જ રીતે ક્ષુધાદિનો પણ પ્રશસ્ત વિપરીત ભાવનાથી અપકર્ષ થાય જ છે. જેમકે અભોજનભાવના (અનાહારીપણાની ભાવના)ના તારતમ્યથી દિવસમાં એક જ વાર ભોજન કરવું, દિનાન્તરિત–પક્ષાન્તરિત–માસાન્તરિત વર્ષાન્તરિતાદિ ભોજન કરવું એવું દેખાય જ છે. તેથી જણાય છે કે એ ભાવનાથી ક્ષુધાદિનો અપકર્ષ થતો જાય છે અને તેથી જ્યારે એ ભાવના પ્રકર્ષ પામે

इदमत्र तात्पर्यं – यथाऽशरीरभावनया शरीरममत्वनिवृत्तिरेवेति तदत्यन्तोत्कर्षात्त-दत्यन्तापकर्षो, न तु शरीरात्यन्तापकर्षोऽपि, क्वचित्तदपकर्षस्य दृढतरतपःपरिशीलना-द्यौपाधिकत्वात् तथाऽभोजनभावनाऽत्यन्तोत्कर्षादपि तद्गृध्नुताद्यत्यन्तापकर्ष एव सिद्ध्यति न तु भोजनात्यन्तापकर्षोऽपि, क्वचित्तदपकर्षस्य तपोऽर्थिताद्यौपाधिकत्वादिति किमधिकबालबोध-प्रयासेन ? एवं जरातङ्कजन्मान्तकखेदानामपि कैवल्याऽप्रतिपन्थित्वात्तद्दोषत्वाभिधानमपि पामर-शिशुप्रतारणमात्रम् ! न च तज्जन्ममरणाभावः केवलिनि संभवत्यपि, जन्ममरणान्तराभावस्तु तत्कारणाभावपर्यवसितः सन् रागाद्यभावान्नाधिकीभवितुमुत्सहते । इतरजनसाधारण्यमात्रेण खेदादीनां दोषत्वोक्तौ च मनुष्यत्वादीनामपि दोषत्वमुक्तिसहं स्यादिति वार्त्तामात्रमेतत् ॥७३॥७४॥

---

છે ત્યારે ક્ષુધાદિનો આત્યન્તિક અપકર્ષ થઇ જાય એ પણ યુક્ત જ છે. તેથી ક્ષુધાદિ પણ દોષરૂપ હોવાથી કેવળીઓને હોતા નથી. અપ્રથમ સંસ્થાનાદિ કંઇ વિપરીત ભાવનાથી અપકર્ષ પામતા નથી કે જેથી એને દોષરૂપ મનાય.

### [ અભોજનભાવના ક્ષુધાનાશક નથી ]

**ઉત્તરપક્ષ :**–અભોજનભાવનાથી ભૂખ વગેરે અપકૃષ્ટ થતા નથી પણ ભોજન-ભાવના (ખા ખા કરવાની લેશ્યા) જ અપકૃષ્ટ થાય છે–ઘટે છે. કારણ કે ભોજન-ભાવનાની નિવૃત્તિ થવા છતાં કંઈ ભૂખ નિવૃત્ત થએલી જણાતી નથી. અભોજન-ભાવનાને ભાવિત કરનાર તપસ્વીઓને કાંઈ ભૂખ જ લાગતી નથી એવું નથી પણ લાગેલી ભૂખનો તેઓ નિરોધ કરે છે. તેથી ભોજનભાવના દોષરૂપે સિદ્ધ થાય છે, ક્ષુધાદિ નહિ.

**શંકા :**–બુભુક્ષાનો નિરોધ થાય તો તો ભોજન પણ નિરુદ્ધ થઇ જ જવાથી અપકૃષ્ટ થવા જ માંડશેને !

**સમાધાન :**– એવું થતું નથી, કારણકે બુભુક્ષાની ગેરહાજરીમાં પણ ભોજન-પ્રવૃત્તિ થતી હોવાથી બુભુક્ષા કાંઇ ભોજનના હેતુભૂત નથી કે જેથી તેનો નિરોધ થાય તેમ ભોજન પણ નિરુદ્ધ થવા માંડે...

અહીં આ તાત્પર્ય છે–'પોતે હકીકતમાં અશરીરી છે' ઇત્યાદિ ભાવના જેમ શરીરપરની મમતાની જ નિવૃત્તિ કરે છે અને તેથી તે ભાવનાના અત્યંત ઉત્કર્ષથી મમતાનો જ અપકર્ષ થવા માંડે છે, યાવત્ સર્વથા ઉચ્છેદ થઇ જાય છે પણ શરીરનો કંઈ અપકર્ષ થઈ જતો નથી.

**શંકા :**– પણ અશરીર ભાવનાને ભાવતાં તપસ્વીઓનું શરીર અપકૃષ્ટ (કૃશ) થએલું દેખાય જ છે ને !

**સમાધાન :**– એ કૃશતા એની અશરીર ભાવનાના કારણે હોતી નથી પણ કઠોર-ઉગ્ર તપશ્ચરણ રૂપ ઉપાધિના કારણે હોય છે તેથી એ ભાવનાથી જેમ શરીર અપકર્ષ

ननु केवलिनां क्षायिकं सुखं प्रसिद्धं, तेन च सह क्षुत्तृष्णादिरूपं दुःखं नावतिष्ठते, अत एव तत्र पारिभाषिकं दोषत्वमित्यभिप्रेत्य शङ्कते—

**अह जइ जिणस्स खइअं सुक्खं दुक्खं विरुज्झए तेणं ।**
**तो सामण्णाभावे विसेससत्ता कहं जुत्ता ? ॥७५॥**

(अथ यदि जिनस्य क्षायिकं सौख्यं दुःखं विरुध्यते तेन । तत्सामान्याभावे विशेषसत्ता कथं युक्ता ? ॥७५॥)

---

થતો નથી એમ અભોજન ભાવનાના અત્યંત ઉત્કર્ષથી પણ ભોજન અંગેની ગૃદ્ધિ આદિનો જ અત્યંત અપકર્ષ થાય છે નહિ કે ભોજનાદિનો અપકર્ષ.

**શંકા :–** અભોજન ભાવનાવાળા કેટલાક તપસ્વીઓનો આહાર પણ ઓછો હોય છે જે જણાવે છે કે તેઓને ભોજન અપકર્ષ થએલ છે.

**સમાધાન :–** એ ભોજન અપકર્ષ પણ કંઈ ભાવના માત્રથી થયેલ હોતો નથી પણ ઉણોદરી વગેરે રૂપ તપની ઇચ્છાથી તપસ્વીએ સ્વયં કરેલ હોય છે. આમ વિપરીત એવી અભોજન ભાવનારૂપ પ્રશસ્તભાવનાથી ક્ષુધાદિનો કે ભુક્તિનો અપકર્ષ થતો ન હોવાથી ક્ષુધાદિ કે ભુક્તિ દોષરૂપ નથી એ સિદ્ધ થાય છે. તેથી બાળક જેવા આધ્યાત્મિકને સમજાવવાના અધિક પ્રયાસથી સર્યું.

[જરા વગેરે પણ દોષ રૂપ નથી]

આજ રીતે જરા, આતંક, જન્મ, મૃત્યુ અને ખેદ (શારીરિક શ્રમ) પણ કેવલ જ્ઞાનના પ્રતિબંધક નથી. તેમ છતાં તેઓને દોષરૂપે કહેવા એ પામરબાળકને ઠગવા જેવું જ છે. વળી કેવળીને પણ કંઇ ચાલુ ભવના જન્મ (ભવ) અને મૃત્યુનો અભાવ હોતો નથી.

**શંકા :–** પણ જન્માન્તર અને તેના મૃત્યુનો અભાવ તો હોય જ છે ને !

**સમાધાન :–** એ પણ પોતપોતાના કારણના અભાવને જ આભારી હોવાથી કારણભૂત રાગાદિના અભાવમાં જ પર્યવસિત થાય છે અને રાગાદિને તો અમે દોષરૂપ કહીએ જ છીએ. વળી ખેદ વગેરે સામાન્યમાણસોને પણ હોય છે એટલા માત્રથી દોષરૂપ માનશો તો મનુષ્યત્વાદિ પણ ઇતરજન સાધારણ હોવાથી દોષરૂપ માનવાની આપત્તિ આવશે. તેથી તમારું આ કથન તો યુક્તિવિકલ હોવાથી માત્ર વાતો કરવા રૂપ જ છે, કોઈ અર્થની સિદ્ધિ કરી શકતું નથી ॥૭૩॥૭૪॥

[ક્ષાયિક સુખની હાજરીમાં દુઃખ ન સંભવે–પૂર્વપક્ષ]

'કેવળીઓને ક્ષાયિક સુખ હોય છે એ વાત પ્રસિદ્ધ છે અને તેની સાથે ક્ષુધા-તૃષાદિરૂપ દુઃખ રહી શકતું નથી, તેથી જ ક્ષુધાતૃષાને દોષરૂપે કહ્યા છે' એવા અભિ-પ્રાયથી આધ્યાત્મિક શંકા કરે છે—

**ગાથાર્થ :–** જો કેવળીને ક્ષાયિક સુખ છે અને તેની સાથે કોઈ પણ દુઃખ હોવું વિરૂદ્ધ છે. તો દુઃખ સામાન્યનો જ અભાવ હોવાથી ભૂખાદિરૂપ દુઃખવિશેષ શી રીતે સંભવી શકે ?

'क्षायिकसुखशालिनां हि केवलिनां दुःखसामान्यमेव न भवति, कुतस्तरां तद्विशेषभूते क्षुत्तृणे ? न हि वृक्षसामान्याभाववति प्रदेशे शिंशपासंभव' इति परप्रत्यवस्थानम् ॥७५॥

तत्र बाधकमाह—

**तो वेअणिज्जकम्मं उदयप्पत्तं कहं हवे तस्स ? ।**
**ण य सो पदेसउदओ समयम्मि विवागभणणाउ ॥७६॥**

(तद्वेदनीयं कर्म उदयप्राप्तं कथं भवेत्तस्य ? न च स प्रदेशोदयः समये विपाकभणनात् ॥७६॥)

न खलु केवलिनां क्षायिकं सुखं संभवति, उदयप्राप्तेन वेदनीयकर्मणा तद्विरोधात्, क्षायिकं सुखं हि वेदनीयकर्मक्षयजन्यं, न च तदुदये तत्क्षयः संभवतीति भावः । अथ क्षायिकसुखे गौणं मुख्यं वा दुःखमेव साक्षात्तत्प्रतिपन्थि, वेदनीयकर्म तु तत्कारणतयैवोपक्षीणम् । एवं च प्रदेशोदयार्थकत्वात्तस्य च दुःखाऽजनकत्वात् तद्विरहे तत्र नित्याऽऽनन्दनिःस्पन्दता निराबाधेति चेत् ? न, तत्कर्मक्षायिकभावं प्रति तत्कर्मक्षयस्यैव हेतुत्वात्, अन्यथा सुषुप्ता-वैन्द्रियकसुखदुःखादि विलये क्षायिकसुखप्रसङ्गात् ।

---

જેમ વૃક્ષ સામાન્ય જ (અર્થાત્ કોઈ વૃક્ષ જ) જ્યાં નથી તેવા પ્રદેશમાં શિંશપાદિ રૂપ વૃક્ષ વિશેષ હોતાં નથી તેમ ક્ષાયિક સુખવાળા કેવળીઓને દુઃખ સામાન્ય જ ન હોવાથી દુઃખ વિશેષાત્મક ક્ષુધા-તૃષા પણ શી રીતે હોઇ શકે ? આવું પૂર્વપક્ષીનું કહેવું છે. ॥૭૫॥

### [કેવળીને ક્ષાયિક સુખ જ હોતું નથી-ઉત્તરપક્ષ]

પૂર્વપક્ષીના કથનમાં બાધક દેખાડતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :– કેવળીને જો ક્ષાયિક સુખ જ હોય તો વેદનીય કર્મનો પણ ઉદય શી રીતે સંભવશે ? કારણ કે ઉદયમાં આવેલું તે કયાં તો દુઃખને ઉત્પન્ન કરે અથવા ઔદયિક સુખને ઉત્પન્ન કરે જ. પણ ક્ષાયિક સુખવાળાને તો એ બેમાંથી એકે ન હોવાથી વેદનીય કર્મનો ઉદય માની શકાશે નહિ.

**શંકા** :–વેદનીય કર્મના પ્રદેશોદયથી તો તેવા સુખ કે દુઃખ ઉત્પન્ન થતા નથી તેથી ક્ષાયિકસુખવાળા કેવળીને વેદનીયનો પ્રદેશોદય માનવામાં કોઈ વાંધો નથી.

**સમાધાન** :– એ વાત પણ બરાબર નથી. કારણ કે સિદ્ધાન્તમાં❤ કેવળીઓને વેદનીયનો વિપાકોદય કહ્યો છે, પ્રદેશોદય નહિ.

ક્ષાયિક સુખ વેદનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે તેથી જો વેદનીય કર્મનો ઉદય ચાલુ હોય તો ક્ષાયિક સુખ અસંભવિત હોવાથી કેવળીઓને પણ તે સંભવતું નથી.

### (ક્ષાયિક સુખના હેતુની વિચારણા)

**પૂર્વપક્ષ** :– ક્ષાયિક સુખ પ્રત્યે ગૌણ દુઃખ (ઔદયિક સુખરૂપ) કે મુખ્ય દુઃખ જ સાક્ષાત્પ્રતિપંથી છે. વેદનીય કર્મ તો તે દુઃખના કારણ તરીકે જ ઉપક્ષીણ થઇ જાય

'स्वसमानाधिकरणतज्जातीयप्रागभावाऽसमानकालीनतद्विलयस्य तद्धेतुत्वान्न दोष' इति चेत् ? न, तथापि लाघवात् 'तद्धेतोरेवास्तु किं तेन ?' इति न्यायाच्च चरमदुःखध्वंसजनकस्य वेदनीयकर्मक्षयस्यैव क्षायिकसुखहेतुत्वात् । न चेदेवं मोहोदयाभावमात्रेणोपशान्तगुणस्थानवर्तिनामपि क्षायिकचारित्रप्रसङ्गः । तस्मात्तत्कर्मक्षयजन्यभावे तत्कर्मसत्त्वैव प्रतिबन्धिकेति युक्तमुत्पश्यामः । अथ युक्तिसिद्धमेवेदमिति चेत् ? अहो अयुक्तिप्रियत्वं देवानांप्रियस्य यदत्र प्रसरति प्रद्वेषः । न च श्रुतविरुद्धमपीदं, श्रुते केवलिनि वेदनीयविपाकोदयोपदेशेन तथैव व्यवस्थानात्, प्रत्युत त्वदुक्तप्रदेशोदयस्यैव सिद्धान्ताऽसाक्षिकत्वात् ॥७६॥

---

છે–ચરિતાર્થ થઇ જાય છે. કેવળીઓને વેદનીય કર્મની જે સત્તા હોય છે તે પણ પ્રદેશોદયથી જ નિર્જીર્ણ થઈ જતી હોવાથી દુઃખોત્પાદ કરતી નથી. તેથી કેવળીઓને નિત્યાનંદની સ્થિરતા નિરાબાધ જ છે.

**ઉત્તરપક્ષ** :–તે તે કર્મના ક્ષયથી પ્રકટ થતાં ક્ષાયિકભાવ પ્રત્યે તે તે કર્મનો ક્ષય જ હેતુભૂત છે તેથી જેઓનું વેદનીયકર્મ સંપૂર્ણ ક્ષીણ થયું નથી તેવા કેવળીઓને ક્ષાયિક સુખ મનાય નહિ. વેદનીયકર્મની હાજરીમાં પણ જ્યારે એ વ્યક્ત સુખદુઃખાદિ આપતું ન હોય ત્યારે. વેદનીયોદય જન્ય ઐન્દ્રિયક સુખદુઃખાદિનો વિલય થયો હોવા માત્રથી ક્ષાયિક સુખ માની લઈએ તો નિદ્રાદિ અવસ્થામાં પણ ક્ષાયિક સુખ માનવાની આપત્તિ આવશે.

**શંકા** :–જે સુખદુઃખનો વિલય, સ્વસમાનજાતીય બીજા (ભાવિ) સુખદુઃખાદિના પ્રાગભાવને સમાનકાલીન ન હોય તે જ ક્ષાયિક સુખનો હેતુ છે. અર્થાત્ તેવા જીવના જ વ્યક્ત સુખદુઃખાદિનો વિલય ક્ષાયિક સુખનો હેતુ બને છે જેને ભવિષ્યમાં પણ ઔદયિક સુખદુઃખ આવવાના ન હોય. તેથી નિદ્રાદિ અવસ્થામાં ક્ષાયિક સુખ માનવાની આપત્તિ આવશે નહિ કારણ કે એ જીવને તો જાગ્રત અવસ્થામાં ફરીથી સુખદુઃખાદિ થવાના છે.

**(વેદનીયકર્મની સત્તા ક્ષાયિકસુખની પ્રતિબંધક)**

**સમાધાન** :–આવા સુખદુઃખવિલયને ક્ષાયિક સુખનું કારણ માનવા કરતાં ચરમ દુઃખધ્વંસજનક વેદનીયકર્મક્ષયને જ કારણ માનવામાં લાઘવ છે. તેમજ 'તેના હેતુથી જ જો કાર્ય સરી જતું હોય તો પછી તેનાથી સર્યું" અર્થાત્ "જે વસ્તુથી કાર્ય સિદ્ધ થતું હોવાની વાત થતી હોય તે વસ્તુના કારણોથી જ તે કાર્ય જો થઈ જતું હોય તો તે વસ્તુને કારણ તરીકે માનવાની જરૂર નથી." એવા ન્યાયથી તેવા વેદનીય કર્મક્ષયને હેતુ માનવો ઉચિત છે. અર્થાત્ વેદનીયકર્મક્ષયથી જ ક્ષાયિક સુખ સંભવિત હોવાથી વેદનીયકર્મક્ષયથી ચરમદુઃખધ્વંસ અને એ દુઃખધ્વંસથી ક્ષાયિક સુખ માનવું ઉચિત નથી. બાકી વેદનીયની સત્તા હોવા છતાં જો એનો પ્રદેશોદય જ માનીને, વિપાકોદય ન હોવાથી સુખદુઃખાદિનો અભાવ હોવાના કારણે ક્ષાયિક સુખ

अथ तद्विपाकोदयोपदेशमेव प्रपञ्चयति—

**आवस्सयणिज्जुत्तीइ पयडिपसत्थोदयोवएसेणं ।**
**णज्जइ ता सुहयाउ असुहप्पडिवक्खवयणेणं ॥७७॥**

( आवश्यकनिर्युक्तौ प्रकृतिप्रशस्तोदयोपदेशेन । ज्ञायते ताः सुखदा असुखप्रतिपक्षवचनेन (नात्) ॥७७॥ )

आवश्यकनिर्युक्तौ हि तीर्थकरेऽनुत्तरः प्रशस्तप्रकृत्युदयस्तदुदयबाहुल्याभिभूततया मन्दश्चाऽप्रशस्तप्रकृत्युदयो व्यावर्णितः । तथाहि— [आ. नि. ५७१-५७२]

[1]संघयणरूव संठाणवण्णगइसत्तसारऊसासा । एमाइणुत्तराइं हवंति णामोदए तस्स ॥
[2]पयडीणं अण्णासुवि पसत्थउदया अणुत्तरा हुंति । खयउवसमे वि य तहा खयम्मि अविगप्पमाहंसु ॥

માનવાનું હોય તો તો અગ્યારમા ઉપશાન્તમોહ ગુણસ્થાનવર્તી જીવોને પણ મોહ-સત્તા હોવા છતાં મોહનીયનો પ્રદેશોદય પણ ન હોવાથી ક્ષાયિકચારિત્ર માનવાની આપત્તિ આવશે. તેથી તે તે કર્મક્ષયજન્ય ભાવો પ્રત્યે તે તે કર્મની સત્તાને જ (માત્ર વિપાકોદયને જ નહિ) પ્રતિબંધક માનવી યુક્ત છે.

**શંકા** :–ક્ષાયિકભાવ પ્રત્યે તે તે કર્મની સત્તાને જ પ્રતિબંધક માનવી એ માત્ર યુક્તિઓથી = દલીલોથી જ તમે સિદ્ધ કરો છો, પણ આગમાદિમાં કંઈ એવું માન્યું નથી. તેથી બુદ્ધિપ્રભાવથી માત્ર કુતર્કો કરીને કંઈ આગમવિરુદ્ધ વસ્તુસ્થિતિ માની લેવાય નહિ.

**સમાધાન** :–અહો ! યુક્તિને છોડીને અયુક્તિને પ્રિય કરવાની દેવાનાં પ્રિય એવા તમારી ખરી આ ચેષ્ટા કે જે તમે કેવલીના કવલાહારમાં દ્વેષ રાખો છો. અર્થાત્ આવા દ્વેષના કારણે જ તમારામાં અયુક્તિપ્રિયતા આવી છે. બાકી કેવલીને ક્ષુધાદિકે કવલભુક્તિ વગેરે હોવા શ્રુતવિરુદ્ધ પણ નથી જ, કારણ કે આગમમાં પણ કેવલીને વેદનીયનો વિપાકોદય કહ્યો જ છે. ઉલ્ટું "કેવલીને વેદનીયનો માત્ર પ્રદેશોદય જ હોવાથી ક્ષાયિક સુખ હોય છે અને ક્ષુધાદિનો અભાવ હોય છે." એવી તમારી વાત જ આગમ વિરુદ્ધ છે. ॥૭૬॥

## [વેદનીયના વિપાકોદયનું આગમથી સમર્થન]

આગમમાં આવતાં વિપાકોદયના ઉપદેશનું જ વિવેચન કરતાં ગ્રન્થકાર શ્રી કહે છે—

**ગાથાર્થ** :–આવશ્યક નિર્યુક્તિમાં શ્રી તીર્થંકરને પ્રશસ્ત પ્રકૃતિઓનો ઉદય હોય છે એમ કહ્યું છે. દુઃખપ્રતિપક્ષભૂતપ્રશસ્તત્વપ્રતિપાદક તે વચનથી જણાય છે કે પ્રકૃતિઓ સુખદા = સુખદેનારી હોય છે. તેથી તે પ્રકૃતિના ઉદયજન્ય સુખ પણ હાજર હોવાથી કેવળીઓને ક્ષાયિકસુખ હોતું નથી એ વાત આગમપ્રતિપાદિત જ છે.

**આવશ્યક નિર્યુક્તિમાં** તીર્થંકરોને પ્રશસ્તપ્રકૃતિઓનો અનુત્તર (અનન્યસદૃશ) ઉદય તેમજ તેના ઉદયના બાહુલ્યથી અભિભૂત હોવાથી અપ્રશસ્તપ્રકૃતિઓનો મંદ

૧. संहननरूपसंस्थानवर्णगतिसत्त्वसारोच्छ्वासाः । एवमादीन्यनुत्तराणि भवंति नामोदयात्तस्य ॥
૨. प्रकृतीनामन्यास्वपि प्रशस्ता उदया अनुत्तरा भवन्ति । क्षयोपशमेऽपि च तथा क्षयेऽविकल्पमाख्यातवन्तः ॥

[1]अस्सायमाइआउ जा विअ असुहा हवंति पयडीउ ।
णिंबरसलवुव्व पए ण हुंति ता असुहया तस्स ॥ त्ति [५७३]

"अत्र 'खयउवसमेविय तह'त्ति क्षयोपशमेऽपि सति ये दानलाभादयः कार्यविशेषाः 'अपि' शब्दादुपशमेऽपि ये केचन तेप्यनुत्तरा भवन्तीति क्रियायोगः, तथा कर्मणः क्षये सति क्षायिकज्ञानादि गुणसमुदायं 'अविगप्पमाहंसु'त्ति अविकल्पं व्यावर्णनादिविकल्पातीतं सर्वोत्तममाख्यातवन्तस्तीर्थकृद्गणधरा इति गाथार्थ" इति व्याख्यानादौदयिकक्षायोपशमिकौपशमिकक्षायिकभावानां तीर्थकरनामोदयप्रसादाद् भगवत्याधिक्यमभिदधे ।

तत्रौदयिकानां प्रशस्तविपाकोदयप्राबल्यात्, क्षायोपशमिकौपशमिकानां च क्षायिकान्तर्भावात् तत्तिरोधानाद्वा इति विशेषः, न तु वेदनीयोदयजन्यसुखदुःखयोरपि मोहक्षयात् क्षायिकसुखे तिरोधानं युक्तं, एवं सत्यसातवेदनीयप्रकृतिजन्याऽसातस्य मूलोच्छेदे दुग्धघटे निम्बरसलवस्थानीयत्वाभिधानानुपपत्तेः । न च प्रकृतिस्वरूपव्यावर्णनमात्रमेतदितरथा तासां

---

ઉદય કહ્યો છે. જેમ કે 'સંઘયણ, રૂપ, સંસ્થાન, વર્ણ, ગતિ, સત્ત્વ (વીર્યાન્તરાયના ક્ષયોપશમ કે ક્ષયથી થએલ વીર્ય), સાર (= ગુરુતા–જ્ઞાનાદિ) શ્વાસોશ્વાસ વગેરે નામકર્મના ઉદયથી અનુત્તર હોય છે. અન્ય પ્રકૃતિઓનો પણ પ્રશસ્ત ઉદય જ હોય છે તેમજ દાનાંતરાયાદિના ક્ષયોપશમાદિથી અને ઉપલક્ષણથી ઉપશમાદિથી થએલ દાનલાભાદિ કાર્યવિશેષો, તેમજ મિથ્યાત્વ–જ્ઞાનાવરણાદિના ક્ષયથી થએલ ક્ષાયિકસમ્યક્ત્વ તેમજ જ્ઞાનાદિ રૂપ ગુણસમુદાય પણ અવિકલ્પ = વ્યાવર્ણનાદિવિકલ્પથી અતીત હોય છે અર્થાત્ અનિર્વચનીય હોય છે. વળી અશાતાવેદનીયાદિરૂપ જે અશુભપ્રકૃતિઓનો ઉદય હોય છે તે પણ ઘણા દૂધમાં લીમડાના રસના બિંદુ જેવો હોય છે, તેથી એ દુઃખ દેનાર બનતો નથી. એવું શ્રી તીર્થંકર–ગણધરોએ કહ્યું છે.' આમ આ ગાથાઓની આવી વ્યાખ્યાથી શ્રીતીર્થંકરોને તીર્થંકરનામકર્મના ઉદયના પ્રભાવે ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિકભાવોનું ચડિયાતાપણું જણાવ્યું છે.

તેમાંથી ઔદયિક ભાવો પ્રશસ્ત પ્રકૃતિઓના વિપાકોદયની પ્રબળતાના કારણે ચડિયાતા હોય છે. જ્યારે ક્ષાયોપશમિક કે ઔપશમિક ભાવો ક્ષાયિકમાં અંતર્ભૂત થઈ જવાથી કે તિરોહિત થઈ જતા હોવાથી ચડિયાતા બની જાય છે. જેમ કે તેમનું જ્ઞાન કે જે પૂર્વે ક્ષાયોપશમિક હતું તે કેવલજ્ઞાનમાં સમાવિષ્ટ થઈ જવાથી કે કેવલજ્ઞાનથી તિરોહિત થઈ જવાથી ચડિયાતું (સર્વ વિષયક બની જવાથી) બની જાય છે. પણ આ રીતે મોહક્ષયથી ક્ષાયિકસુખ ઉત્પન્ન થાય છે અને તેનાથી વેદનીયોદયજન્ય સુખ-દુઃખ તિરોહિત થઈ જાય છે એવું માનવું કંઈ યુક્ત નથી. કારણ કે તો તો પછી દુઃખનો અત્યંત ઉચ્છેદ જ માનવાનું રહ્યું અને એમ માનવામાં તો 'અશાતાવેદનીય-

---

१. असाताद्या याऽपि चाशुभा भवन्ति प्रकृतयः निम्बरसलव इव पयसि भवन्ति ता असुखदास्तस्य ॥

कण्ठतोऽसुखजननाऽक्षमत्वाभिधानानुपपत्तेरिति वाच्यम्, रसदृष्टान्तोपन्यासात् । तद्वचसो बंहीयसि सुखेऽल्पीयसः कवलाहाराद्यौपयिकक्षुदादिदुःखस्यासत्प्रायत्वतात्पर्यकत्वात्, दृश्यते चाल्पस्याविवक्षणं तत्र तत्र, न चेदेवं तर्हि मोहक्षयजन्ये सुखेऽसातवेदनीयस्य स्वरूपतोऽविरोधित्वेन तिक्तप्रकृतिकनिम्बलवानुविद्धदुग्धघटदृष्टान्ताभिधानानुपपत्तिरिति दिग् ॥७७॥

सुखविपाकोपदेशकं प्रवचनवचनमुद्भाव्य दुःखविपाकलेशोपदेशकमपि तदुद्भावयति—

**तत्तत्थसुत्तभणिया एक्कारस जं परीसहा य जिणे ।**
**तेणवि छुहतण्हाई खइअस्स सुहस्स पडिकूलं ॥७८॥**

( तत्त्वार्थसूत्रभणिता एकादश यत्परीषहाश्च जिने । तेनापि क्षुधातृष्णादि क्षायिकस्य सुखस्य प्रतिकूलम् ॥७८॥ )

---

પ્રકૃતિજન્ય વેદના દુધના ઘડામાં લીમડાના રસના બિંદુ જેટલી હોય છે' એવું કથન અનુપપન્ન થઈ જશે.

### ('અસુખદા' શબ્દનો તાત્પર્યાર્થ)

શંકા :–એ કથનથી તો સત્તામાં રહેલ અશાતાવેદનીયના સ્વરૂપનું બીજી કોઈ રીતે વર્ણન શક્ય ન હોવાથી કંઈક વર્ણન માત્ર જ કર્યું છે. બાકી એ પ્રકૃતિઓ જો લીમડાના રસના બિંદુ જેટલા થોડાક પણ દુઃખને આપનારી બનતી હોય તો તો 'ण हुंति असुहया तस्स' એ અંશથી તેઓ દુઃખ આપવામાં અસમર્થ હોય છે એવું જે સાક્ષાત્ શબ્દોથી કથન કર્યું છે તે સંગત શી રીતે થશે?

**સમાધાન** : રસદૃષ્ટાન્તનો ઉપન્યાસ કર્યો છે તેનાથી જ અશાતાદિ પ્રકૃતિઓ અલ્પદુઃખ દેનાર હોવા છતાં 'અસુખદા હોતી નથી' એવું વચન અનુપપન્ન રહેતું નથી. એ દૃષ્ટાન્ત જ જણાવે છે કે સુખની અત્યંત પ્રચુરતામાં કવલાહારાદિ ઉપાયથી જ જે શાંત થઈ જાય એવા અલ્પક્ષુધાદિદુઃખો હાજર હોવા છતાં અસત્પ્રાયઃ હોય છે આવા તાત્પર્યમાં જ 'દુઃખ દેનારા હોતા નથી' એવું વચન કહ્યું છે. આવી અલ્પ-સત્તાની અભાવરૂપે વિવક્ષા શાસ્ત્રમાં જોવા મળે જ છે. જો આવા તાત્પર્યમાં એ વચન ન હોય તો તો મોહક્ષય જન્ય સુખ પ્રત્યે અશાતાવેદનીય કર્મ સ્વરૂપથી અવિરોધી હોવાથી એ પ્રચુર સુખરૂપી દુગ્ધઘટમાં દુગ્ધવિરોધી દ્રવ્યભૂત કડવા સ્વાદવાળા નિંબ-રસના બિંદુ જેવું ન રહેવાથી તેને માટે એ દૃષ્ટાન્ત અનુપપન્ન થઈ જશે ॥૭૭॥

### (અલ્પદુઃખ હાજરીનું પ્રતિપાદન)

કેવલી ભગવંતને 'કર્મોદય જન્ય સુખવિપાક હોય છે' એવું જણાવનાર પ્રવચનના વચનને જણાવીને હવે દુઃખવિપાકલેશ પણ કેવળીઓને હોય છે એવું જણાવનાર આગમવચન દેખાડતાં ગ્રન્થકાર શ્રી કહે છે—

**ગાથાર્થ** :–શ્રી તત્ત્વાર્થસૂત્રમાં કેવળીઓને જે અગ્યાર પરીષહો કહ્યા છે તેનાથી પણ ક્ષાયિકસુખને પ્રતિકૂળ એવા ક્ષુધા–તૃષ્ણાદિ દુઃખો તેઓને હોય જ છે એ જણાય છે.

आध्यात्मिका हि स्वरसतो दिगम्बरशास्त्रमेव किञ्चित्प्रमाणत्वेनोपयन्ति, श्वेताम्बरशास्त्रं तु संवादकतयेति तान् प्रत्युभयोपदेशोऽपि युज्यत इति, तान् प्रत्येवमुपदेष्टव्यं ननु 'एकादश जिने' इत्युभयेषां तत्त्वार्थसूत्रम् [९-११], तथा "[1]एगविहबंधगस्स णं भंते सजोगिभवत्थ-केवलिस्स कइ परीसहा पण्णत्ता ? गोयमा एक्कारस परीसहापण्णत्ता नव पुण वेयंतित्ति" प्रज्ञप्तिसूत्रं च जिन एकादशपरीषहान् प्रतिपादयति । ते च क्षुत्पिपासाशीतोष्णदंशचर्यावधमलशय्यारोगतृणस्पर्शलक्षणाः, तदुक्तं [ ]

'क्षुत्पिपासा शीतोष्णे दंशचर्या वधो मलः ।

शय्या रोगतृणस्पर्शा जिने वेद्यस्य संभवात् ॥ इति तथा, "[2]वेयणिज्जे णं भंते कम्मे कइ परीसहा समोअरंति ? गोयमा एक्कारस परीसहा समोअरंति--

'पंचेव आणुपुव्वी चरिया सिज्जा वहे य रोगे अ ।

तणफास जल्लमेव य एक्कारस वेअणिज्जम्मि ॥" प्रज्ञप्ति [८-८-३४२] तथा च परिषोढुं योग्यैः क्षुत्तृष्णादिभिः सह क्षायिकं सुखं कथमवतिष्ठताम् ?

---

આધ્યાત્મિકો સ્વરસથી તો દિગંબરશાસ્ત્રને જ કંઈક પ્રમાણ તરીકે સ્વીકારે છે. શ્વેતાંબર શાસ્ત્રોને તો તેઓના મતને સંવાદક હોય એટલા જ અંશને પ્રમાણ તરીકે સ્વીકારે છે. તેથી તેઓ પ્રત્યે ઉભયના શાસ્ત્રોની સાક્ષી આપવી ઘટતી હોવાથી આ રીતે સમજાવવા કે ઉભયસંમત એવા શ્રી તત્ત્વાર્થસૂત્રમાં 'एकादश जिने' એવું કહ્યું છે. તેમજ પ્રજ્ઞપ્તિસૂત્રમાં પણ કહ્યું છે કે— 'એકવિધ બંધક એવા ભવસ્થ કેવળીને હે ભગવન્ ! કેટલા પરીષહો સંભવે છે ? હે ગૌતમ ! અગ્યાર પરીષહો સંભવે છે. પરંતુ એક જીવ ને એક કાળે વધુમાં વધુ નવનું જ વેદન=અનુભવ હોય છે.'

આમ ઉભયસંમતશાસ્ત્રોમાં કેવળીઓને અગ્યાર પરીષહ હોવાનું પ્રતિપાદન છે. એ અગ્યાર પરીષહો આ છે. ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા વધ, મલ, શય્યા, રોગ અને તૃણસ્પર્શ આ અગ્યાર પરીષહો કેવળીઓને હોય છે કારણ કે એના કારણભૂત વેદનીયકર્મ હાજર હોય છે.' વળી આવું પણ શાસ્ત્રવચન છે કે "હે ભગવન્ ! વેદનીયકર્મમાં કેટલા પરીષહોનો સમવતાર છે ? અર્થાત્ વેદનીય કર્મના કારણે કેટલા પરીષહો આવે છે ? હે ગૌતમ ! વેદનીય કર્મમાં અગ્યાર પરીષહોનો સમવતાર છે. આનુપૂર્વીથી પાંચ = ક્ષુધાદિ પહેલા પાંચ, ચર્યા, શય્યા, મળ, રોગ, તૃણસ્પર્શ અને વધ એ અગ્યાર પરીષહો વેદનીયકર્મમાં સમવતરે છે. આમ સમ્યક્ સહવાને યોગ્ય એવા ક્ષુધાતૃષાદિની હાજરીમાં સાથે ક્ષાયિક સુખ શી રીતે રહી શકે ?

---

१. प्रज्ञप्ति ८-८-३४२ एकविधबन्धकस्य भगवन् सयोगिभवस्थकेवलिनः कियन्तः परीषहाः प्रज्ञप्ताः ? गौतम ! एकादश परीषहाः प्रज्ञप्ताः, नव पुनर्वेदयन्ति ॥

१. वेदनीये भगवन् कर्मणि कियन्तः परीषहाः समवतरन्ति ? गौतम ! एकादश परीषहाः समवतरन्ति । पञ्चैवानुपूर्विणश्चर्या शय्या वधश्च रोगश्च । तृणस्पर्शस्तनुमलश्चैव चैकादश वेदनीये ॥

अथैकादशेत्यनन्तरं 'न सन्ति' इत्यध्याहर्त्तव्यमिति चेत् ? न, स्वामित्वचिन्तावसरे एतस्य विपरीतव्याख्यानत्वात् । एतेन 'एकेनाधिका दश न' इत्यप्यपव्याख्यानमावेदितम् । इत्थं च 'एकादश जिने सन्ति वेदनीयसत्त्वात्, न सन्ति वा, मोहाभावात्' इत्यसमर्थदुराग्रहोऽपि निरस्तः । एवं च वेदनीयात्मककारणसत्त्वादेकादश परीषहाः केवलिन्युपचर्यन्त इति व्याख्यानमपि नद्यां निमज्जतः काशकुशावलम्बनप्रायं द्रष्टव्यम्, उपचारानुपचाराभ्यामेकप्रघट्टेन स्वामित्वचिन्ताऽनौचित्यात्, अन्यथा मोहसत्त्वमात्रेणोपशान्तवीतरागेऽपि द्वाविंशतिपरीषहाभिधानप्रसङ्गात् । 'असाधारणकारणमेवोपचारनिबन्धनमि'ति चेत् ? न, तत्सत्त्वस्य वस्तुसत्कार्येणैव व्याप्तत्वात् । येऽपि वदन्ति जिनानां मन्दतमवेदनीयजन्यपरिणामेषु क्षुत्त्वपरीषहत्वाद्युपचर्योक्तसूत्रं व्याख्येयमिति तेऽपि भ्रान्ता एव, संबन्धविशेषेण परीषहत्वविशिष्टवाचकपरीषहशब्दानुषङ्गात् संबन्धान्तरेण तद्विशिष्टोपस्थित्यसंभवात्, अन्यथा कर्मान्तरजन्याकुलतायामपि तदुपचारप्रसङ्गात् ।

---

## ['એકાદશજિને' સૂત્રની વિચારણા]

**પૂર્વપક્ષ** :– 'एकादश जिने' સૂત્રમાં 'એકાદશ' શબ્દ પછી 'न सन्ति' એવો અધ્યાહાર કરવાનો છે અને તેથી સૂત્ર એવું જણાવે છે કે જિનમાં ક્ષુધાદિ અગ્યાર પરીષહો હોતા નથી.

**ઉત્તરપક્ષ :** એ અધ્યાહાર અયુક્ત છે કારણ કે આ સૂત્ર જ્યાં આવે છે. ત્યાં આગળ–પાછળ ૧૪ વગેરે કયા કયા પરીષહો સૂક્ષ્મ સંપરાયાદિ કોને કોને હોય એની પ્રરૂપણા ચાલે છે. એમાં વચ્ચે આવેલા સૂત્રનો આવો અધ્યાહાર કરી 'કેવળીઓને આ અગ્યાર હોતા નથી' એવું વ્યાખ્યાન કરવું એ વિપરીત વ્યાખ્યાન છે. તેથી જ આ સૂત્રનું 'જિનને એકાધિક દશ હોતા નથી' એવું વ્યાખ્યાન પણ અયુક્ત છે એ જાણવું. વળી આજ રીતે 'વેદનીય કર્મ હાજર હોવાથી કેવળીઓને અગ્યાર પરીષહો હોય છે કે મોહ ન હોવાથી હોતા નથી ?' એવો સંદેહ રાખવાનો દુરાગ્રહ પણ છોડી દેવા જેવો જાણવો. કેવળીઓને અગ્યાર પરીષહો પરમાર્થથી હોતા નથી પણ તેઓના કારણભૂત વેદનીય કર્મ હાજર હોવાથી ઉપચરિત કરાય છે' એવું વ્યાખ્યાન પણ 'ડૂબતો માણસ તણખલું પકડે' એના જેવું જાણવું. કારણ કે એક જ પ્રકરણમાં આગળ પાછળના સૂત્રોમાં અનુપચરિત રીતે સ્વામિત્વની વિચારણા કરવી અને વચ્ચેના સૂત્રમાં ઉપચારથી સ્વામિત્વની વિચારણા કરવી એ અનુચિત છે. નહિતર તો ઉપશાન્ત વીતરાગ જીવોને પણ મોહનીય કર્માત્મક કારણ હાજર હોવાથી ઉપચારથી બાવીશ પરીષહો હોવાની જ પ્રરૂપણા કરવી પડે. ચૌદ પરીષહો હોવાનું કથન કરી શકાય નહિ.

## [૧૧ પરીષહોની અનૌપચારિકતાનો વિચાર]

**પૂર્વપક્ષ** :–કાર્યનો ઉપચાર થવામાં અસાધારણ કારણની હાજરી જ નિમિત્ત બને છે, સાધારણ કારણની હાજરી નહિ. કેવળીઓને વેદનીયોદયાત્મક અસાધારણ કારણ

स्यादेतत्–भोजनजनकतावच्छेदिका मोहजन्यतावच्छेदिका च क्षुधादिनिष्ठा काचिज्जाति-र्वाच्या, सैव क्षायिकसुखप्रतिबन्धकतावच्छेदिका, इति तज्जातीयक्षुदाद्यभावेऽपि केवलिनां वेदनीयजन्यक्षुदादिसामान्यसत्त्वात्तत्रैवपरीषहनयोग्यतया परीषहशब्दव्यपदेश इति । इदमेवा-भिप्रेत्य 'छायारूपा एव तेषां परीषहाः' इत्यपि कश्चित् ।

---

હાજર હોવાથી ૧૧ પરીષહોનો ઉપચાર થાય છે. ઉપશાન્ત મોહ છદ્મસ્થવીતરાગને મોહસત્તારૂપ સામાન્ય કારણ હાજર હોવા છતાં મોહોદયરૂપ અસાધારણ કારણ હાજર ન હોવાથી બાવીશે પરીષહોનો ઉપચાર શી રીતે થાય?

**ઉત્તરપક્ષ** :–'જ્યાં જ્યાં અસાધારણ કારણ હોય ત્યાં ત્યાં પરમાર્થ કાર્ય જ થઈ જાય' આવી વ્યાપ્તિ હોવાથી જો કેવળીને પરીષહોનું અસાધારણ કારણ હાજર માનો છો તો પરમાર્થથી જ પરીષહાત્મક કાર્યને સ્વીકારોને, ઉપચાર કરવાની જરૂર જ શી છે?

## ['લક્ષણા' સંબંધનો વિચાર]

વળી જેઓ કહે છે કે–"કેવળીઓને વેદનીયકર્મના ઉદયથી અત્યંતમંદતમ પરિ-ણામો થાય છે. આ મંદતમ પરિણામોમાં જ પરિષહત્વાદિરૂપ સામાન્ય ધર્મ અને ક્ષુધાત્વાદિરૂપ વિશેષ ધર્મનો ઉપચાર કરીને 'एकादश जिने' સૂત્રની વ્યાખ્યા કરવી." તેઓ પણ ભ્રમણામાં જ પડેલા છે. કારણ કે જે પદાર્થની જે ધર્મવિશિષ્ટ રૂપે ઉપસ્થિતિ 'શક્તિ' નામના સંબંધથી થતી હોય તે પદાર્થની તે ધર્મ વિશિષ્ટ રૂપે જ ઉપસ્થિતિ લક્ષણા સંબંધથી થઈ શકતી નથી. જેમકે ગંગાપ્રવાહની ગંગાત્વ ધર્મને આગળ કરીને ઉપસ્થિતિ 'શક્તિ' સંબંધથી થાય છે તો લક્ષણાથી થઈ શકતી નથી. લક્ષણાથી તો ગંગાતીર વગેરેની ઉપસ્થિતિ થઇ શકે. ગંગાતીર વગેરેની જે ઉપસ્થિતિ થાય છે તે પણ ગંગાતીરત્વ ધર્મને આગળ કરીને, ગંગાપ્રવાહત્વ ધર્મને આગળ કરીને નહિ. આ જ રીતે 'પરિષહ' શબ્દથી પરીષહત્વ વિશિષ્ટ હોવારૂપે તો કોઈપણ પદાર્થની ઉપસ્થિતિ શક્તિ સંબંધથી જ થઈ શકે અને તે તો પરીષહની જ હોઇ શકે, તાદૃશ પરિણામોની નહિ. વેદનીય જન્ય મંદ પરિણામોની 'પરીષહ' શબ્દથી જો ઉપસ્થિતિ કરવી હોય તો લક્ષણા સંબંધથી જ થાય અને તે પણ ઉપસ્થિતિ તાદૃશ મંદપરિણામ-ત્વ ધર્મરૂપે જ થઈ શકે, પરીષહત્વ ધર્મરૂપે નહિ. તેથી 'સૂત્રસ્થ' પરિષહ શબ્દથી લક્ષણા સંબંધ વડે પણ પરીષહત્વ વિશિષ્ટ તરીકે તાદૃશ પરિણામોની ઉપસ્થિતિ થઈ શકતી ન હોવાથી "તે પરિણામોમાં પરીષહત્વનો ઉપચાર કરી 'પરીષહ' શબ્દથી પરીષહત્વ વિશિષ્ટ તરીકે તાદૃશ પરિણામોની ઉપસ્થિતિ કરી તાદૃશ અગ્યાર પરિણામો કેવળીઓને હોય છે" આવું વ્યાખ્યાન કરવું યુક્ત નથી. આ રીતે ઉપસ્થિતિ થતી ન હોવા છતાં જો વેદનીયજન્ય પરિણામોમાં પરીષહત્વનો ઉપચાર કરી શકાતો હોય તો તો કર્માન્તર જન્ય આકુળતામાં પણ તેવો ઉપચાર કરવાની આપત્તિ આવશે.

मैवं, न हि क्षुत्तृष्णयोर्भोजनपानजनकत्वं नाम, अपि तु तत्प्रयोजकत्वमेव, प्रयोजिके च क्षुत्तृष्णे तथाविधाऽऽहारपर्याप्तिवेदनीयोदयप्रज्वलितौदर्यज्वलनोपताप जन्ये । अतएवोक्तं 'तथा विधाहारपर्याप्तिनामकर्मोदयवेदनीयोदयप्रबलप्रज्वलदौदर्यज्वलनोपतप्यमानो हि पुमानाहारयति इति ॥७८॥

नन्वसात वेदनीयोदयवैचित्र्यादेव क्षुत्तृष्णयोर्वैचित्र्यं, आहारपर्याप्तिवैचित्र्यं तु गृहीताशनपानयोः परिणामवैचित्र्य एवोपयोक्ष्यित इति चेत् ? सत्यं, तथाप्यशनपरिणामवैचित्र्यार्थमवश्यक्लृप्तात् पर्याप्तिवैचित्र्यादेव तद्वैचित्र्योपपत्तावसातवेदनीयस्य सामान्यत एवासातहेतुत्वौचित्यात् तदिदमभिप्रेत्योक्तं न द्वयमप्येतत्प्रत्येकं तथा युक्तमिति, अन्यथा पर्याप्तेरन्यथासिद्धतया तद्वचनानौचित्यादिति मनसिकृत्याह—

---

## [ક્ષુધાદિના કારણોનો વિચાર]

**પૂર્વપક્ષ** :–ક્ષુધાદિમાં એવી કોઈ અવાન્તરજાતિ માનવી જોઇએ કે જે ભોજન જનકતાવચ્છેદિકા હોવા સાથે મોહજન્યતાવચ્છેદિકા પણ હોય. અર્થાત્ તે જાતિવાળી ક્ષુધા વગેરે ભોજનાત્મક કાર્યનું કારણ બનતાં હોય તેમ જ મોહાત્મક કારણના કાર્યભૂત હોય. આવી જાતિ જ ક્ષાયિક સુખ પ્રતિબંધકતાવચ્છેદિકા બને છે અર્થાત્ આવી જાતિવાળા ક્ષુધાદિ જ ક્ષાયિક સુખના પ્રતિબંધક બને છે. કેવળીઓને મોહક્ષય થઇ ગયો હોવાથી તાદૃશ ક્ષુધાદિ પ્રતિબંધક ન હોવા છતાં વેદનીયકર્મ જન્ય સામાન્ય ક્ષુધાદિ તો હોય જ છે જેમાં પરીષહયોગ્યતા હોવાથી 'પરીષહ' શબ્દનો વ્યપદેશ થાય છે. આવા અભિપ્રાયથી જ તેઓને છાયારૂપ પરીષહો કહ્યા છે. અર્થાત્ પરમાર્થથી પરીષહો હોતા નથી પણ પરીષહોની છાયા હોય છે.

**ઉત્તરપક્ષ** :–આ વાત પણ અયુક્ત છે કારણ કે ક્ષુધાતૃષ્ણા પણ કંઈ ભોજન–પાનની જનક નથી માત્ર પ્રયોજક જ છે અને પ્રયોજક એવી પણ એ ક્ષુધા–તૃષ્ણા મોહજન્ય હોતી નથી પણ તથાવિધ આહાર પર્યાપ્તિ અને વેદનીય કર્મના ઉદયથી પ્રજ્વલિત જઠરાગ્નિના ઉપતાપથી જન્ય હોય છે. તેથી જ તો કહ્યું છે કે 'આહાર પ્રર્યાપ્તિ નામ કર્મના અને વેદનીય કર્મના તેવા પ્રકારના ઉદયથી જ પ્રબળ રીતે પ્રજ્વલિત થયેલા ઉદરાગ્નિથી ઉપતાપ (=ભૂખ) થાય ત્યારે જીવ આહાર કરે છે. ॥૭૮॥

## [ક્ષુધાવૈચિત્ર્યના કારણોનો વિચાર]

**શંકા** : અશાતા વેદનીય ના ઉદયની વિચિત્રતાના કારણે જ ક્ષુધા–તૃષ્ણા વગેરેમાં વિચિત્રતા આવે છે જ્યારે આહાર પર્યાપ્તિની વિચિત્રતા તો ગૃહીત અશનપાનના પરિણામોની વિચિત્રતામાં જ ઉપયોગી બને છે તેથી આહાર પર્યાપ્તિ વિચિત્રતાને ક્ષુધાના કારણ તરીકે કહેવી યુક્ત નથી કારણ કે જેની વિચિત્રતાથી કાર્યમાં વિચિત્રતા આવે એ કારણ કહેવાય છે.

**अस्सायवेअणिज्जं छुहतण्हाईण कारणं जाण ।**
**पज्जत्तिसत्तितदुदयजलितंत्तज्जलणदित्ताणं ॥७९॥**

(असातवेदनीयं क्षुत्तृष्णादीनां कारणं जानीहि । पर्याप्तिशक्तितदुदयज्वलितान्तर्ज्वलनदीप्तानाम् ॥७९॥)

एवं च सामान्यतोऽसातजनकमसातवेदनीयं, तत्कारणोपग्राहकतयाहारपर्याप्तिश्च तद्वैचित्र्यप्रयोजकवैचित्र्यवत्तया ज्वलनोपतापहेतुः, मोहनीयं कर्म तु न कुत्राप्युपयुज्यत इति कथं तद्विरहात् क्षुत्तृष्णादिविरहः केवलिनामिति ॥७९॥ शङ्कते—

**णणु छुहतण्हा तण्हामोहुदउप्पत्तिआ रिरंसव्व ।**
**भण्णइ अण्णा तण्हा अण्णं दुःक्खं तयट्ठंति ॥८०॥**

(ननु क्षुधा तृष्णा तृष्णामोहोदयोत्पत्तिका रिरंसेव । भण्यतेऽन्या तृष्णा अन्यद्दुःखं तदर्थमिति ॥८०॥)

---

**સમાધાન** : તમારી વાત સાચી છે પણ અશન-પાનાદિના પરિણામોની વિચિત્રતા માટે પર્યાપ્તિવિચિત્રતા અવશ્ય માનવી જ પડે છે. અવશ્યકલૃપ્ત એવી તેનાથી જ ક્ષુધા-તૃષ્ણાની વિચિત્રતા પણ સંગત થઈ શકતી હોવાથી અશાતાવેદનીયમાં પણ ક્ષુધાદિ વિચિત્રતાની પ્રયોજક વિચિત્રતા ન માનતાં સામાન્યથી જ અશાતાની હેતુતા માનવી ઉચિત છે અર્થાત્ અશાતાવેદનીય તો માત્ર સામાન્યથી અશાતા જ ઊભી કરે છે. ભૂખ-તરસ વગેરેની અશાતા તો પર્યાપ્તિ વિચિત્રતાના કારણે જ થાય છે. આવા અભિપ્રાયથી જ પર્યાપ્તિને પણ ક્ષુધાદિના કારણ તરીકે કહી છે.

વળી અશાતાવેદનીય કે પર્યાપ્તિ એ બંને પ્રત્યેક સ્વતંત્ર રીતે (એકબીજાથી નિરપેક્ષ રહીને) પણ ભૂખ-તરસ વગેરે ને ઉત્પન્ન કરે છે એવું માનવું પણ યુક્ત નથી. કારણ કે તો પછી પર્યાપ્તિ અશાતાવેદનીયથી અન્યથાસિદ્ધ થઇ જવાથી તત્પ્રતિપાદકવચન અનુચિત થઇ જવાની આપત્તિ આવે. આવા અભિપ્રાયથી ગ્રન્થકારશ્રી કહે છે—

**ગાથાર્થ** :-પર્યાપ્તિ શક્તિના ઉદયથી પ્રજ્વળી ઉઠેલ જઠરાગ્નિથી પ્રદીપ્ત થયેલ ભૂખ-તરસાદિનું અશાતાવેદનીય કારણ છે તે તમે જાણો. અર્થાત્ ભૂખ-તરસ વગેરેના અશાતાવેદનીય અને પર્યાપ્તિ બંને કારણ બને છે.

આમ સામાન્યથી અશાતાવેદનીય ભૂખતરસજનક છે અને તે કારણના ઉપગ્રાહક હોવા રૂપે પર્યાપ્તિ પણ ભૂખાદિના વૈચિત્ર્યમાં પ્રયોજકીભૂત વૈચિત્ર્યવાળી હોવા રૂપે જ્વલનોપતાપ હેતુ બને છે. મોહનીય કર્મ તો ક્યાંય પણ ઉપયુક્ત થતું નથી તેથી મોહનીય કર્મ ન હોવા માત્રથી, કેવળીઓને ક્ષુધા-તૃષ્ણા પણ ન હોય એવું શી રીતે મનાય?

અહીં વાદી આશંકા કરે છે કે—

**ગાથાર્થ** :-જેમ સ્ત્રીવગેરેને ભોગવવાની ઈચ્છા તૃષ્ણારૂપ હોવાથી મોહોદયજન્ય છે તેમ ક્ષુધા-તૃષ્ણા પણ તૃષ્ણારૂપ હોવાથી તૃષ્ણામોહનીયકર્મોદયજન્ય છે,

नन्वशनीयोदन्ये अपि वृषस्येव तृष्णाव्यक्तिरूपतया मोहोदयजन्ये, ते एव च क्षुत्तृष्णापदाभिधेये इति कथं न तयोस्तज्जन्यत्वमिति चेत् ? न, पौर्वापर्यभावेन बुभुक्षापिपासाभ्यां क्षुत्तृष्णयोर्भिन्नत्वात् । तथा हि-पूर्वं तथाविधाऽसातवेदनीयोदयवशात् क्षुत्तृष्णाभ्यां बाध्यते जन्तुः, ततस्तन्निवृत्त्युपाययोरशनपानयोस्तथात्वं प्रमिणोति तृप्त्यादिसाधनतयेष्टसाधनत्वं वा, ततो बुभुक्षति पिपासति वा, ततश्च तत्र प्रवर्त्तत इति । तत्र च तदुपायमैत्रीप्रवृत्तिहेतुकतृष्णाया मोहजन्यत्वेऽपि क्षुत्तृष्णयोस्तज्जन्यत्वे न किञ्चित्प्रमाणं पश्यामः ।

अथ मोहनिरोधेनैव तपस्विनां तन्निरोधदर्शनात्तयोस्तज्जन्यत्वमवसीयत इति चेत् ? न, तेषां सर्वथा तन्निरोधाऽसिद्धेः, प्रतिपक्षभावनया बुभुक्षापिपासानिरोधेनैव तदभिभवाद्, अन्यथा शरीरकार्श्यादि तत्कार्यविलोपप्रसङ्गात् । अथ समानेऽप्यसातवेदनीयोदये मूढामूढानां दुःखप्रकर्षा-

---

કેવળીઓને તો મોહનીયકર્મ સર્વથા ક્ષીણ હોવાથી ક્ષુધા-તૃષ્ણા શી રીતે સંભવે ? વાદીની આવી શંકાનો ઉત્તરાર્ધથી જવાબ આપતાં ગ્રન્થકાર કહે છે કે–તૃષ્ણાથી સંસારી જીવોને દુઃખ ઉત્પન્ન થાય છે, તૃષ્ણા પોતે જ કંઇ દુઃખ રૂપ નથી. તેથી ભૂખાદિનું દુઃખ અને તૃષ્ણા જુદા જુદા જ છે, એક નથી. તેથી કેવળીઓને તૃષ્ણા ન હોવા છતાં ક્ષુધાદિ દુઃખ હોવામાં વાંધો નથી.

**પૂર્વપક્ષ** :–અશનીયા=ખાવાની ઈચ્છા અને ઉદન્યા=પીવાની ઇચ્છા પણ ભોગેચ્છાની જેમ તૃષ્ણાની અભિવ્યક્તિ રૂપ હોવાથી મોહોદયજન્ય છે અને તે ઇચ્છાઓ જ ક્ષુધા–તૃષ્ણા શબ્દોથી અભિધેય હોવાથી ક્ષુધા–તૃષ્ણા પણ મોહજન્ય જ કેમ ન કહેવાય ?

## (મોહોદયજન્ય બુભુક્ષા છે, ક્ષુધા નહિ-ઉત્તરપક્ષ)

**ઉત્તરપક્ષ** :–ક્ષુધા-તૃષ્ણા અને અશનીયા = બુભુક્ષા ઉદન્યા = પિપાસા પૂર્વાપર હોવાથી=આગળ પાછળ થતાં હોવાથી ભિન્ન ભિન્ન છે. તેવા પ્રકારના અશાતાવેદનીય-કર્મના ઉદયથી જીવ પહેલા ભૂખ–તરસથી પીડિત=દુઃખી થાય છે. એનાથી પીડાએલો જીવ તે પીડાની નિવૃત્તિના ઉપાયભૂત અશન–પાનમાં તેની નિવૃત્તિના ઉપાયત્વનું અનુસંધાન કરે છે અથવા તો તૃપ્તિ વગેરે રૂપ ઇષ્ટના સાધન તરીકે અશનપાનને તે જુએ છે, અને તેથી તેને અશનપાન વિષયક ઇચ્છા ઊભી થાય છે જેનાથી પછી તે ભોજનાદિમાં પ્રવૃત્તિ કરે છે. અશનાદિમાં ઉપાયત્વના વારંવારના અનુસંધાનથી મૈત્રી પ્રવર્તે છે (અર્થાત્ એ અશનાદિ અંગે આકર્ષણ ઊભું થાય છે.) આ મૈત્રી તેમજ તે અંગેની પ્રવૃત્તિથી એ ભોજનાદિ વિશે તૃષ્ણા ઊભી થાય છે. આમ આ તૃષ્ણાની સામગ્રીમાં તો મૈત્રી આદિ ભળેલા હોવાથી એ મોહજન્ય હોવા છતાં તેનાથી ભિન્ન એવા ભૂખ–તરસને પણ મોહજન્ય માનવામાં કોઈ પ્રમાણ દેખાતું નથી.

**પૂર્વપક્ષ** :–તપસ્વીઓમાં મોહના નિરોધથી જ ભૂખ તરસનો નિરોધ થયેલો દેખાય છે એ જ તે બે મોહજન્ય હોવામાં પ્રમાણ છે.

पकर्षदर्शनात् मोहकार्यत्वं दुःखस्येति चेत् ? सत्यं, तथापि तृष्णातिरेकद्वारा प्रकृष्टदुःखं प्रत्येवारतिमोहोदयादेर्हेतुत्वात्, अन्यथा समानवैराग्याणामप्यसातवेदनीयोदयवैचित्र्येण तदवैचित्र्यप्रसङ्गात् ॥८०॥ अथ तृष्णोत्पत्तिप्रकारमाह—

**मोहाभिणिवेसेणं चउहि वि उमकोट्ठयाइहेऊहिं ।**
**पगरिसपत्ता तण्हा जायइ आहारसण्णत्ति ॥८१॥**

( मोहाभिनिवेशेन चतुर्भिरवमकोष्ठतादिहेतुभिः । प्रकर्षप्राप्ता तृष्णा जायत आहारसंज्ञेति ॥८१॥ )

आहारसंज्ञा ह्याहाराभिलाषः क्षुद्वेदनीयोदयप्रभवः खल्वात्मपरिणाम इत्युक्तमावश्यकवृत्त्यादौ । अयं च शरीरानुरागार्थितादौपाधिकतया यद्यपि मोहाभिव्यक्तः, तदुक्तं—'संज्ञानं

---

### [દુઃખ વૈચિત્ર્યમાં મોહોદયનો ભાગ]

**ઉત્તરપક્ષ** :–એ પણ બરાબર નથી કારણ કે મોહનો ગમે એટલો નિરોધ કર્યો હોય તો પણ તપસ્વીઓમાં સર્વથા ભૂખ નિરોધ થયેલો દેખાતો નથી. જે થોડો ઘણો પણ નિરોધ દેખાય છે તે પણ પ્રતિપક્ષભાવનાથી બુભુક્ષા–પિપાસાના નિરોધ દ્વારા જ ભૂખ તરસ અભિભૂત થયેલી હોવાના કારણે દેખાય છે બાકી જો પ્રતિપક્ષ ભાવનાથી મોહ નિરોધ થવા દ્વારા ભૂખનો જ નિરોધ થઇ જતો હોય–અર્થાત્ પછી ભૂખ લાગતી જ ન હોય તો તો ભૂખના કાર્યભૂત શરીરકૃશતાદિ પણ થવા જોઈએ નહિ. તાત્પર્ય એ છે કે તપસ્વી આદિના શરીરની કૃશતારૂપ કાર્ય જોવા મળે છે તેથી તેના કારણભૂત એવા ભૂખ તરસ આદિ પણ તેને માનવા જ જોઇએ.

**પૂર્વપક્ષ** :–અશાતાવેદનીયનો ઉદય સમાન હોવા છતાં મોહમૂઢ માણસ ખૂબ દુઃખી=આકુળવ્યાકુળ થાય છે. જ્યારે અમૂઢ (વિવેકી) માણસ એટલો આકુળ થતો નથી. આનાથી જણાય છે કે દુઃખ મોહનું કાર્ય છે.

**ઉત્તરપક્ષ** :–મૂઢ–અમૂઢ જીવોમાં દેખાતા એ પ્રકર્ષ–અપકર્ષની તમારી વાત સાચી છે છતાં અરતિમોહ કર્મોદયથી થયેલ અરતિમોહોદયાદિ તો તૃષ્ણાતિરેક દ્વારા પ્રકૃષ્ટ દુઃખ પ્રત્યે જ હેતુભૂત છે. નહિતર તો=કોઈપણ દુઃખનું વૈચિત્ર્ય મોહવૈચિત્ર્યજન્ય જ હોય તો સમાનવૈરાગ્યવાળા જીવોને પણ (અર્થાત્ જેઓએ સમાન રીતે મોહનિરોધ કર્યો છે તેઓને પણ) અશાતાવેદનીયના ઉદયથી જે સામાન્ય દુઃખ હોય છે તેમાં વૈચિત્ર્ય સંભવી શકશે નહિ. પણ અશાતા વેદનીયના વૈચિત્ર્યથી તેઓમાં પણ દુઃખવૈચિત્ર્ય જોવા તો મળે જ છે તેથી જણાય છે કે અપ્રકૃષ્ટ કે મધ્યમ દુઃખો પ્રત્યે મોહ કારણ નથી. ॥૮૦॥

### [તૃષ્ણાનું સ્વરૂપ અને કારણો]

તૃષ્ણા શી રીતે ઉત્પન્ન થાય છે? એ હવે ગ્રન્થકારશ્રી જણાવે છે–

**ગાથાર્થ** :–પેટ ખાલી થવું વગેરે રૂપ ચાર કારણોથી મોહાભિનિવેશના બળે આહારસંજ્ઞા પ્રકર્ષ પામે છે અને પ્રકૃષ્ટ થયેલી તે જ તૃષ્ણા કહેવાય છે.

संज्ञा मोहाभिव्यक्तं चैतन्यमिति' तथापि क्षुद्वेदनीयादयाऽसाधारणहेतुकतया तथोक्तः । स चावमकोष्ठताक्षुद्वेदनीयोदयमतितदर्थोपयोगैश्चतुर्भिः समुदितैर्हेतुभिरुपजायते । तथा च पारमर्षं [श्री स्थानांगसूत्र-४/३५६] -[1]'चउहिं ठाणेहिं आहारसण्णा समुप्पज्जइ, उमकोट्ठयाए, छुहावेदणिज्जस्स णं कम्मस्स उदएणं, मतीए, तदट्ठोवओगेणं ति । तत्र मतिराहारश्रवणादिभ्यो भवति, तदर्थोपयोगस्त्वाहारमेवानवरतं चिन्तयत इति व्याख्यातम् । सेयमाहारसंज्ञा स्वकारणप्रकर्षादवाप्तप्रकर्षा तृष्णेति भण्यते । सा च निरन्तरोपसर्पदिष्टविषयसंयोगाभिलाषसन्ततिरूपार्त्तध्यानमयत्वमास्कन्दन्ती प्रकृष्टदुःखाङ्कुरस्य बीजभूता भवति ॥८१॥

न चेयं क्षुद्वेदनीयोदयजन्यत्वात् क्षुदेव, तदुत्तराभिलाषरूपत्वात्तस्याः, अत एव तां विनैव महर्षिणां भोजनादौ प्रवृत्तिरित्यनुशास्ति—

---

ક્ષુધા વેદનીયકર્મના ઉદયથી આહારની અભિલાષા જાગવારૂપ થયેલ આત્મ પરિણામ આહારસંજ્ઞા કહેવાય છે એમ આવશ્યકવૃત્તિ વગેરેમાં કહ્યું છે. જો કે આ આહારાભિલાષરૂપ આત્મપરિણામ શરીર પરના અનુરાગ અને આહારની અર્થિતા આદિ રૂપ અભિલાષાથી પ્રયુક્ત હોઈ એ અભિલાષ મોહથી અભિવ્યક્ત થયેલો હોય છે–કહ્યું પણ છે કે 'મોહથી અભિવ્યક્ત થયેલ ચૈતન્ય જ સંજ્ઞા છે.' તો પણ એમાં ક્ષુધાવેદનીય અસાધારણ હેતુભૂત હોવાથી ત્યાં તેને ક્ષુધાવેદનીયોદયજન્ય પરિણામરૂપ કહ્યો છે. આ અભિલાષ અવમકોષ્ઠતા, ક્ષુધા–વેદનીયોદય, મતિ અને તદર્થોપયોગરૂપ ચાર સમુદિત કારણોથી ઉત્પન્ન થાય છે. શ્રી ઠાણાંગસૂત્રમાં કહ્યું છે કે 'ચાર સ્થાનો (= કારણો)થી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે (૧) અવમકોષ્ઠતા = કોઠો (પેટ) ખાલી હોવો (૨) ક્ષુધાવેદનીય કર્મનો ઉદય (૩) મતિ=આહાર અંગેની વાતો સાંભળવા–વાંચવાદિથી થતી આહારબુદ્ધિ (૪) આહારનું જ નિરંતર ચિંતન કરનારને પ્રવર્તતો આહાર–વિષયક ઉપયોગ.–અભિલાષરૂપ આ આહારસંજ્ઞા પોતાના કારણોનો પ્રકર્ષ થવાથી પ્રકૃષ્ટ થાય છે અને ત્યારે તે તૃષ્ણા કહેવાય છે. વળી એ તૃષ્ણા જ ઉત્તરોત્તરકાળમાં ઇષ્ટવિષયોના સંયોગની નિરંતર પ્રવર્તતી અભિલાષાઓની પરંપરારૂપ આર્ત્તધ્યાનમય બને છે અને તેથી પ્રકૃષ્ટ દુઃખાંકુરના બીજનું કામ કરે છે. ॥૮૧॥

વળી એ તૃષ્ણા ક્ષુદ્વેદનીય જન્ય હોવાથી ક્ષુદ્દમાત્રરૂપ છે એવું નથી કિન્તુ ક્ષુધા પરિણામ થયા પછી તેમાં બીજા સહકારીઓ ભળ્યે છતે થયેલી અભિલાષા રૂપ છે. તેથી જ પાછળથી ઉત્પન્ન થતી તે અભિલાષા તૃષ્ણા રૂપ ન હોવા છતાં ક્ષુધા હાજર હોવાથી મહર્ષિઓને ભોજનાદિમાં પ્રવૃત્તિ હોય છે એવું જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે–

---

१. चतुर्भिःस्थानैराहारसंज्ञा समुत्पद्यते–अवमकोष्ठतया, क्षुधावेदनीयस्य कर्मण उदयेन, मत्या, तदर्थोपयोगेन ।

असणाइम्मि पवित्ति एत्तोच्चिय तं विणा सुसाहूण ।
ण जहुत्तविहि विहाणे अइआरो हंदि णिद्दिट्ठो ॥८२॥

(अशनादौ प्रवृत्तिरत एव तां विनैव सुसाधूनाम् । न यथोक्तविधिविधानेऽतिचारो हंदि निर्दिष्टः ॥८२॥)

यतो हि मोहाभिनिवेशान्निरन्तराहारचिन्तनादिनैवाऽऽहारसंज्ञोपजायते, अतो निर्मोहानां यात्रामात्रार्थमेव कदाचिदप्रतिकुष्टपिण्डग्रहणमभिलषतां तां विनैव महर्षिणां भोजनादौ प्रवृत्तिः। अथाहारसंज्ञाऽऽहारहेतुरिति न तां विना महर्षिणामपि तत्र प्रवृत्तिरिति चेत् ? तर्हि प्रवचनोक्तकारणेनापि भोजनादिकुर्वतां यतीनामाहारसंज्ञयातिचारप्रसङ्गः, संज्ञानां चतसृणामप्यतिचाररूपत्वात्, अत एव ताभिर्हेतुभूताभिरतिचारप्रतिक्रमणमुपदिशन्ति–"[1]पडिकमामि चउहिं सण्णाहिं–आहारसण्णाए, भयसण्णाए, मेहुणसण्णाए परिग्गहसन्नाए' त्ति, न च कृत्यकरणेऽतिचारो नाम, नवाऽकृत्यविधानमपि । न च रागादिवदशस्तैवाहारसंज्ञातिचारो नाम, न तु

[આહારસંજ્ઞા વિના પણ ભોજનાદિ સંભવિત]

**ગાથાર્થ** :–આમ પ્રકૃષ્ટ આહારસંજ્ઞા જ તૃષ્ણારૂપ હોવાથી સુસાધુઓની તો તે તૃષ્ણા વિના જ અશનાદિમાં પ્રવૃત્તિ હોય છે. બાકી જો એવી આહારસંજ્ઞાથી જ આહારાદિમાં પ્રવૃત્તિ થતી હોય તો તો સંજ્ઞાઓ અતિચારરૂપ હોવાથી એ પણ અતિચારરૂપ થવાની આપત્તિ આવશે. પરંતુ એવું છે તો નહિ કારણ કે યથોક્તવિધિનું પાલન કરવામાં કંઈ અતિચાર કહ્યો નથી.

મોહાભિનિવેશથી નિરંતર આહાર ચિન્તનાદિથી જ આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે તેથી સંયમયાત્રાના નિર્વાહમાત્ર રૂપ પ્રયોજનથી શાસ્ત્રમાં અનિષિદ્ધ પિંડના ગ્રહણને ઈચ્છતા નિર્મોહ મહાત્માઓની તેવી આહારસંજ્ઞા વિના જ ભોજનાદિમાં પ્રવૃત્તિ થાય છે.

**પ્રશ્ન** :–આહારસંજ્ઞા આહારમાં હેતુભૂત છે તેથી એ વિના તો મહર્ષિઓને આહારાદિ શી રીતે હોઈ શકે ?

**ઉત્તર** :–જો આહારસંજ્ઞા વિના આહાર સંભવિત જ ન હોય તો તો પ્રવચનોક્તવિધિ મુજબ આહારકરતાં સાધુઓને પણ આહારસંજ્ઞા હોવાથી અતિચાર લાગવાની આપત્તિ આવશે. કારણ કે ચારે ય સંજ્ઞાઓ અતિચારરૂપ છે. તેથી જ તો પ્રતિક્રમણ આવશ્યકમાં તે સંજ્ઞાઓના કારણે લાગતા અતિચારનું પ્રતિક્રમણ કરવાનું ફરમાવ્યું છે. જેમ કે 'આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એ ચાર સંજ્ઞાને વશ થઈને કરેલ કાર્યનું હું પ્રતિક્રમણ કરૂં છું" વળી 'પ્રતિક્રમણ તો પ્રતિષિદ્ધનું કરણ, વિહિતનું અકરણ, અશ્રદ્ધા અને વિપરીતપણાનું–આ ચારનું હોય છે એમ **શ્રી વંદિત્તાસૂત્રમાં** કહ્યું છે. વિહિતાહાર ગ્રહણાદિ તો આ ચારમાંથી એકે ય રૂપ ન હોવાથી જણાય છે કે એનું પ્રતિક્રમણ હોય નહિ અને તેથી એમાં કોઈ અતિચાર પણ લાગતો હોવો

1. श्री श्रमणसूत्र—प्रतिक्रमामि चतुर्भिः संज्ञाभिः—आहारसंज्ञया, भयसंज्ञया, मैथुनसंज्ञया, परिग्रहसंज्ञया ।

प्रशस्तेति वाच्यं, तस्या द्वैविध्याऽव्यवस्थानात्, आहारसंज्ञात्वावच्छेदेनोक्तकारणजन्यत्वानुपपत्तेश्च । किं चेयमाहारसंज्ञाहारमात्रं प्रति हेतुः कवलाहारमात्रं प्रति वा ? नाद्यः, तां विनापि लोमाहारादिश्रवणात्, न द्वितीयः, लोमहारस्येव कवलाहारस्यापि तां विनैव संभवात्तस्यास्तद्धेतुत्वात् ॥८२॥ एतेनेदं परास्तमित्याह—

**एयं विणा ण मुत्ती मेहुणसण्णं विणा जह अबंभं ।**
**इय वयणंपि परेसिं एएण पराकयं णेयं ॥८३॥**

(एतां विना न मुक्तिर्मैथुनसंज्ञां विना यथाऽब्रह्म । इति वचनमपि परेषां एतेन पराकृतं ज्ञेयम् ॥८३॥)

ન જોઈએ તેથી આહાર સંજ્ઞાવિના પણ આહારાદિ સાધુઓને સંભવી શકે છે

શંકા :–જેમ ધનાદિ અંગેના અપ્રશસ્ત રાગ જ અતિચારરૂપ છે, અરિહંતાદિ વિશેનો પ્રશસ્તરાગ નહિ, તેમ શરીરની મૂર્છા વગેરેના કારણે થતાં આહારાદિમાં અંતર્ગત અપ્રશસ્ત આહારસંજ્ઞા જ અતિચારરૂપ છે, સંયમયાત્રાદિ માટે થતાં આહારમાં અંતર્ગત એવી પ્રશસ્ત આહારસંજ્ઞા નહિ.

**[આહારસંજ્ઞામાં પ્રશસ્તતા અસંભવિત]**

**સમાધાન** :–રાગાદિની જેમ 'આહારસંજ્ઞા પણ બે પ્રકારની છે' એવી કોઈ વ્યવસ્થા શાસ્ત્રોમાં કરેલી દેખાતી નથી. એથી આહારસંજ્ઞાના તેવા બે ભેદ ન હોવાથી બધી આહારસંજ્ઞાઓ અપ્રશસ્ત અને અતિચારરૂપ જ હોય છે. વળી 'અવમકોષ્ઠતાદિરૂપ જે કારણો છે તેનાથી આહારસંજ્ઞાત્વાવચ્છેદેન આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે' એ વાત પણ પ્રશસ્ત આહારસંજ્ઞા માનવામાં અસંગત થશે. અર્થાત્ 'જે કોઈ આહારસંજ્ઞા હોય એ અવમકોષ્ઠતાદિ કારણોથી જ ઉત્પન્ન થાય છે' એવું આગમવચન એ અવમકોષ્ઠતાદિ વિના પણ આહારસંજ્ઞાની ઉત્પત્તિ માનવામાં અસંગત થવાની આપત્તિ આવશે

વળી તમે આહારસંજ્ઞાને આહારપ્રત્યે જે હેતુ કહો છો તે પણ સર્વ પ્રકારના આહાર પ્રત્યે કે માત્ર કવલાહાર પ્રત્યે? સર્વ પ્રકારના આહાર પ્રત્યે તો મનાય નહિ કારણ કે આહારસંજ્ઞારહિત કેવલી આદિને લોમાહાર તો તમે પણ માન્યો છે. એમ માત્ર કવલાહાર પ્રત્યે પણ તેને હેતુ મનાય નહિ, કારણ કે જેમ તેના વિના લોમાહાર સંભવિત છે તેમ કવલાહાર પણ શા માટે ન સંભવે? કહેવાનો ભાવ એ છે કે દેવ–એકેન્દ્રિય વગેરેને લોમાહાર આહારસંજ્ઞા પૂર્વકનો હોવા છતાં જેમ કેવલીને આહારસંજ્ઞા વિના જ હોય છે તેમ અવિરતમનુષ્યાદિને કવલાહાર આહારસંજ્ઞાપૂર્વકનો હોવા છતાં કેવલી વગેરેને એ વગર પણ હોઈ શકે છે. ॥૮૨॥

આહારસંજ્ઞા વિના પણ મહર્ષિઓને કવલાહાર સંભવિત છે એવા પ્રતિપાદનથી પ્રતિવાદીનું આવચન વિશેષ પણ પરાસ્ત જાણવું. એવું ગ્રંથકારશ્રી જણાવે છે–

**ગાથાર્થ** :–મૈથુન સંજ્ઞા વિના જેમ અબ્રહ્મસેવન સંભવિત નથી તેમ આહારસંજ્ઞા

१. पडिसिद्धाणं करणे किच्चाणमकरणे य पडिक्कमणं । असद्दहणे अ तहा विवरीयपरूवणाए अ ॥४८॥

प्रशस्ताभिलाषेनाहारसंज्ञां विनापि यतीनामाहारोपदर्शनादाहारस्याहारसंज्ञाव्यतिरेकप्रयुक्तव्यतिरेकशालित्वाभावादेव "मैथुनसंज्ञां विना स्त्रीपुंससंयोग इवाहारसंज्ञां विना केवलिनां तदनुपपत्तिः" इति वचोऽपि निरस्तमावेदितव्यं, दृष्टान्तवैषम्यात् ॥८३॥ एतदेव व्यनक्ति—

**ण हु सा उचियपवित्ती णेव य सुपसत्थझाणहेउत्ति ।**
**आहारोव्व अबंभं अण्णह तुह होइ णिद्दोसं ॥८४॥**

(न हि सा उचितप्रवृत्तिर्नैव च सुप्रशस्तध्यानहेतुरिति । आहार इवाब्रह्म अन्यथा तव भवति निर्दोषम् ॥८४॥)

केवलिनां हि कैवल्यस्वाभाव्यादेवोचिता प्रवृत्तिर्भवति, न चाब्रह्मप्रवृत्तिरुचिता, बाह्यानामपि गर्हणीयत्वात् । तथा चाहार इवाब्रह्मणि प्रवृत्तिर्न समाना, न चाहारस्येवाऽब्रह्मणः प्रशस्तध्यानालम्बनत्वं, प्रत्युत दुर्ध्याननिबन्धनत्वमेव, इत्यनयोर्महदन्तरमेव । तथा च परेषामपि न तत्र प्रवृत्तिरुचिता । न च तन्निबन्धनकर्मसत्त्व एव तदौचित्यं नाम, एवं सति सामान्ययतीनामप्याहारसंज्ञाया इव मैथुनसंज्ञाया अपि सत्त्वादाहार इवाब्रह्माप्युचितं स्यात् । न चेदमुन्मत्तं

---

વિના આહારભુક્તિ સંભવિત નથી' એવું પૂર્વપક્ષીનું વચન પણ ઉપરોક્ત પ્રતિપાદનથી પરાસ્ત જાણવું.

યતિઓને આહારસંજ્ઞા વિના પણ પ્રશસ્ત અભિપ્રાયથી આહાર હોય છે એવા પ્રતિપાદનથી જણાય છે કે 'આહારસંજ્ઞા ન હોય તો આહાર પણ ન હોય, એવું આહારસંજ્ઞા વ્યતિરેક પ્રયુક્ત વ્યતિરેક વાળા હોવાપણું આહારમાં નથી'. તાત્પર્ય, આહાર સંજ્ઞા ન હોય તો આહાર જ ન હોય એ વાત અસિદ્ધ છે. તેથી 'મૈથુનસંજ્ઞા વિના જેમ મૈથુન અનુપપન્ન છે તેમ કેવળીઓને આહારસંજ્ઞા વિના પણ આહાર માનવો અયુક્ત છે' એવું પૂર્વપક્ષીનું વચન નિરસ્ત જાણવું કારણ કે આહારમાં દૃષ્ટાંતથી વિષમતા છે. મૈથુનસંજ્ઞાના વિરહમાં મૈથુન સંભવિત જ ન હોવાથી મૈથુન તો મૈથુનસંજ્ઞા વ્યતિરેક પ્રયુક્ત વ્યતિરેક શાલી છે જ્યારે આહાર, આહારસંજ્ઞા વ્યતિરેક પ્રયુક્ત વ્યતિરેક શાલી નથી. તેથી મૈથુનાત્મક કાર્યથી જેમ મૈથુનસંજ્ઞાનું અનુમાન કરી શકાય છે તેમ આહારાત્મક કાર્યથી આહારસંજ્ઞાનું કંઈ અનુમાન કરી શકાતું નથી. ॥૮૩॥

આહારમાં મૈથુન કરતાં વિષમતા છે એ વાતને સ્પષ્ટ કરતાં ગ્રન્થકાર કહે છે—

**[ વિહિત આહારગ્રહણ ઉચિત પ્રવૃત્તિરૂપ છે ]**

**ગાથાર્થ** :—વળી જે રીતે વિહિત આહાર ગ્રહણ ઉચિત પ્રવૃત્તિરૂપ છે તેમજ સુપ્રશસ્ત ધ્યાનનું કારણ બને છે એ રીતે મૈથુન કંઈ ઉચિત પ્રવૃત્તિ રૂપ નથી, તેમજ સુપ્રશસ્ત ધ્યાનના હેતુભૂત પણ બનતું નથી કે જેથી આહાર માટે એનું દૃષ્ટાંત આપી શકાય. નહિતર તો છદ્મસ્થસાધુઓને આહારની જેમ મૈથુન પણ નિર્દોષ હોવાનું તમારે માનવું પડશે.

કેવળીઓને તો પોતાના કેવળજ્ઞાનરૂપ સ્વભાવથી જ ઉચિત પ્રવૃત્તિઓ જ હોય છે. અબ્રહ્મ તો જિનશાસન બાહ્ય એવા ઇતર પ્રકૃતજનને પણ ગર્હણીય હોવાથી ઉચિત પ્રવૃત્તિરૂપ ન હોવાના કારણે કેવળીઓને ક્યાંથી હોય ? આમ આહારની જેમ અબ્રહ્મમાં

विना कोऽपि समर्थयति चक्षुष्मान् । 'मैथुनसंज्ञामन्तराऽब्रह्म न' इत्यत्र किन्निदानं ? इति चेत् ? तस्य गर्हितत्वेन तीव्रतराऽप्रशस्ताभिलाषप्रभवत्वादिति तत्त्वम् । एवं चाहारसंज्ञैव प्रकर्षप्राप्ता तृष्णेति व्यवस्थितम् ॥८४॥ अथास्या एवार्त्तध्यानहेतुत्वमुद्घोषयति—

**आहारचिंतणुब्भवमेयं आहारसण्णमासज्ज ।**
**वड्ढइ अट्टज्झाणं इट्ठालाभेण मूढाणं ॥८५॥**

(आहारचिन्तनोद्भवामेतामाहारसंज्ञामासाद्य । वर्द्धत आर्त्तध्यानं इष्टाऽलाभेन मूढानाम् ॥८५॥)

निरन्तराहारचिन्तनप्रसूतया खल्वाहारसंज्ञयेष्टाभिलापरूपमार्त्तध्यानं वर्द्धते, तदप्राप्तौ च दुःखवेगमसहमानानामरतिमोहोदयपारवश्याद्वेदनावियोगप्रणिधानरूपं तत्प्रवर्धत इति । इदं च रागादिवशवर्त्तिन एव, न तु मध्यस्थस्य, यदागमः-

---

પ્રવૃત્તિ સમાન નથી. વળી આહાર જેમ પ્રશસ્તધ્યાનમાં નિમિત્ત બને છે તેમ મૈથુન કંઈ બનતું નથી, ઉલ્ટું એ તો દુર્ધ્યાનનું જ કારણ બને છે. તેથી આહાર અને મૈથુનમાં ઘણી વિષમતા છે. તેથી જ બીજાઓને પણ મૈથુનમાં પ્રવૃત્તિ અનુચિત છે.

**શંકા :**–પણ આહારાદિ પ્રવૃત્તિ તેના કારણભૂત કર્મની હાજરીમાં જ ઉચિત હોય છે એ સિવાય નહિ. કેવળીઓને તો એ કારણ જ ન હોવાથી આહાર પ્રવૃત્તિ અનુચિત છે. તેથી તેમને તે હોતી નથી. જ્યારે છદ્મસ્થ સાધુઓને તો તે કારણ હાજર હોવાથી આહાર પ્રવૃત્તિ ઉચિત જ છે અને તેથી એ હોય છે.

**સમાધાન :**–એવું માનવામાં તો સામાન્યયતિઓને પણ મૈથુનના કારણભૂત મૈથુન-સંજ્ઞા હાજર હોવાથી આહારની જેમ મૈથુન પણ ઉચિત માનવું પડશે જે (તમારા જેવા) ઉન્મત્ત સિવાય કોઈ પ્રેક્ષાવાન્ માનતો નથી.

**પ્રશ્ન**–આહારસંજ્ઞા વિના પણ જેમ આહાર સંભવી શકે છે તેમ મૈથુનસંજ્ઞા વિના અબ્રહ્મ કેમ સંભવતું નથી?

**ઉત્તર**–જે પ્રવૃત્તિ ગર્હિત હોય છે તે તીવ્રતર અપ્રશસ્ત અભિલાષા વિના થતી થતી નથી, જેમકે ચોરી. મૈથુન પણ ગર્હિત હોવાથી તીવ્રતર અપ્રશસ્ત અભિલાષારૂપ મૈથુનસંજ્ઞા વિના પ્રવર્ત્તતું નથી. જ્યારે એષણાદિયુક્ત આહારક્રિયા ગર્હિત ન હોવાથી અપ્રશસ્ત અભિલાષ વિના પણ થઈ શકે છે આમ પ્રકર્ષ પામેલી આહારસંજ્ઞા જ તૃષ્ણા છે એ વાત નિશ્ચિત થાય છે.

**[ આહારસંજ્ઞામાં આર્ત્તધ્યાનહેતુતા છે ]**

આ આહારસંજ્ઞા જ આર્ત્તધ્યાનનો હેતુ બને છે એ વાતની ઉદ્ઘોષણા કરતાં ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ** :–આહાર ચિંતનથી ઉદ્ભવેલી આહારસંજ્ઞાને પામીને મૂઢ જીવોને આર્ત્તધ્યાન પ્રવર્તે છે અને ઈષ્ટની પ્રાપ્તિ ન થવાથી એ વધે છે.

[1]मज्झत्थस्स उ मुणिणो कम्मपरिणामजणियमेयंति । वत्थुस्सहावचिंतणपरस्स सम्मं सहंतस्स ॥
[2]कुणउ पसत्थालंबणस्स पडिआरमप्पसावज्जं । तवसंजमपडिआरं च सेवउ धम्ममनिआणं ॥
ति [ध्यानशतक–११–१२] एवमपि ज्ञायते प्रशस्तचेतोवृत्त्या भोजनादौ प्रवर्त्तमानानामार्त्त-ध्यानाभावान्नाहारसंज्ञेति । सत्ता तु तस्या आर्त्तध्यानस्येव रागादिपारवश्यदशायां यतीनामुपयुज्यत इति ॥८५॥ ततो यद्भवति तदाह—

तत्तो माणसदुक्खं लहइ जिओ कंदणाइ कुव्वंतो ।
लद्धुं इट्ठविसयं रईइ चिंतेइ अविओगं ॥८६॥

( ततो मानसदुःखं लभते जीवः क्रन्दनादि कुर्वन् । लब्ध्वापीष्टविषयं रत्या चिन्तयत्यवियोगम् ॥८६॥ )

નિરંતર આહાર ચિંતનથી ઉદ્ભવેલ આહારસંજ્ઞાના કારણે ઇષ્ટની અભિલાષારૂપ આર્ત્તધ્યાન વધે છે અને ઇષ્ટની પ્રાપ્તિ ન થાય તો ઇચ્છા પૂરી ન થવાના કારણે જીવ દુઃખી દુઃખી થઇ જાય છે. એ દુઃખને સહન ન કરી શકતા મૂઢ જીવો અરતિમોહોદયને પરવશ થઇ પોતાનું એ દુઃખ કેમ દૂર થાય? તેના નિરંતર પ્રણિધાનરૂપ આર્ત્તધ્યાનને અત્યંત વધારે છે. જે જીવો રાગાદિને વશ થઇ જાય છે તેઓને જ આવું આર્ત્તધ્યાન થાય છે, મધ્યસ્થ રહેનારને નહિ. ધ્યાનશતકમાં પણ કહ્યું છે કે 'વસ્તુસ્વભાવનું ચિંતન કરતાં અને આવી પડેલા દુઃખાદિને આ તો કર્મપરિણામ જનિત છે એમ સમજીને સમ્યગ્ રીતે સહન કરતા મધ્યસ્થ મહાત્માઓને આર્ત્તધ્યાન થતું નથી. તેમજ તેઓ 'નવું શ્રુત ભણીશ–તપ સંયમમાં ઉદ્યમ કરીશ–ઇત્યાદિરૂપ પ્રશસ્તાલંબનથી નિરવદ્ય કે અલ્પસાવદ્યવાળા ઉપાયો ભલે કરે...અર્થાત્ એ કરવામાં કોઈ આર્ત્તધ્યાનાદિરૂપ દોષ લાગતો નથી.'–આમ પ્રશસ્તઆલંબનથી ચિકિત્સાદિમાં પ્રવર્ત્તતા સાધુને જેમ આર્ત્તધ્યાન હોતું નથી તેમ પ્રશસ્તઆલંબનથી ભોજનાદિમાં પ્રવર્ત્તતા સાધુઓને તે પ્રવૃત્તિ આર્ત્તધ્યાનરૂપ બનતી નથી અને તેથી એ પ્રવૃત્તિ 'આહારસંજ્ઞા' રૂપ પણ થતી નથી–છતાં જેમ આર્ત્તધ્યાનની પણ સાધુઓને સત્તા (શક્યતા) તો હોય જ છે અને રાગાદિની પરવશતાદશામાં તે પ્રવર્તે પણ છે જ તેમ આહારસંજ્ઞાની શક્યતા અને રાગાદિપરવશતામાં પ્રવર્ત્તન પણ હોય જ છે. ॥૮૫॥ આહાર સંજ્ઞાના કારણે વધેલા આર્ત્તધ્યાનથી જીવની જે દશા થાય છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ** :–તે આર્ત્તધ્યાનથી આક્રન્દનાદિ કરતો જીવ માનસિક દુઃખ પામે છે તેમજ ઇષ્ટ વિષયને પામીને પણ તેના પરની રતિના કારણે 'તેનો ક્યારેય વિયોગ ન થાઓ' એવી ચિંતાથી પીડાય છે.

૧. मध्यस्थस्य तु मुनेः कर्मपरिणामजनितमेतदिति । वस्तुस्वभावचिन्तनपरस्य सम्यक्सहमानस्य ॥
૨. करोतु प्रशस्तालंबनस्य प्रतिकारमल्पसावद्यम् । तपःसंयमप्रतिकारं च सेवतां धर्ममनिदानम् ॥

ततः पुनरार्त्तध्यानैकलिङ्गं क्रन्दनरोदनादि कुर्वन् जीवो न केवलं क्षुद्वेदनीयोदयप्रभवं जाठराग्निजमेवोपतापमपि त्वरतिमोहोदयप्रभवमपि गाढचित्तोपतापमाप्नोति जीवः । कश्चित्तु तथाविधादृष्टवशादिष्टमुपलभतेऽपि, न तु रतिमोहोदयप्रभवतदवियोगाध्यवसानरूपार्त्तध्यानाद्विश्राम्यति, इति न मोहभाजां कदाचिदपि पारमार्थिकं सुखम् ॥८६॥

यस्य पुनः सकलमोहोपक्षयादेव साक्षादात्मसाक्षात्कारः समुल्लसति, समुल्लसत्येव तस्य तदुपक्षयजन्यमेकान्तकान्तमत्यन्तोपरतसकलविकल्पकल्लोलजालं सातसंवेदनं, न तु विरमते वेदनीयोदयप्रभवं क्षुधादिकमपीत्याह—

तो मोहणीज्जखयओ तब्भवदुक्खाणुबंधविरहेणं ।
लहइ सुहं सव्वण्णू चएइ णो पुण छुहं चइउं ॥८७॥
(तन्मोहनीयक्षयतस्तद्भवदुःखानुबन्धविरहेण । लभते सुखं सर्वज्ञः शक्नोति न पुनः क्षुधां त्यक्तुम् ॥८७॥)

---

તે આર્ત્તધ્યાનથી તેના એક ચિહ્નરૂપ ક્રંદન-રોદનાદિ કરતો જીવ ક્ષુધાવેદનીયના ઉદયથી થએલ જઠરાગ્નિજન્ય સંતાપમાત્રને જ નહિ કિન્તુ અરતિ મોહનીયના ઉદયથી થએલ ગાઢ ચિત્તોપતાપને પણ પામે છે. તથા કોઈક મૂઢ, પૂર્વે કરેલા તેવા પ્રકારના પુણ્યના પ્રભાવે ઇષ્ટ વિષયને કદાચ પામે તો પણ રતિમોહનીયના ઉદયથી થયેલ 'તે ઇષ્ટવિષય ક્યારે ય મારાથી દૂર ન થાઓ' એવા સતત પ્રણિધાનરૂપ આર્ત્તધ્યાનથી ન અટકવાના કારણે સંતપ્ત જ રહે છે. તેથી મોહમૂઢ જીવોને તો ઇષ્ટવિષયપ્રાપ્તિ થવા છતાં આર્ત્તધ્યાનના કારણે સુખ ન હોવાથી ક્યારે ય પારમાર્થિક સુખ હોતું નથી. ॥૮૬॥

### [આર્ત્તધ્યાનનિવૃત્તિમાં ક્ષુધાનિવૃત્તિનો અનિયમ]

જે જીવોને મોહનો સંપૂર્ણ ક્ષય થવાથી સાક્ષાત્ આત્મસાક્ષાત્કાર થાય છે તેઓને તે ક્ષયથી એકાન્તે સુંદર અને સકલવિકલ્પજાળથી મુક્ત એવા સુખનું સંવેદન તો સ્ફુરે જ છે. અર્થાત્ અરતિ મોહોદય જન્ય ચિત્તોપતાપરૂપ દુઃખ અને રતિમોહોદય-જન્ય ઇષ્ટઅવિયોગપ્રણિધાનાત્મક આર્ત્તધ્યાનનું દુઃખ તો નિવૃત્ત થયું જ હોય છે. પણ એટલા માત્રથી વેદનીયોદયજન્ય ક્ષુધાદિદુઃખ કંઈ નિવૃત્ત થઈ જતું નથી એ જણાવતાં ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ** :–તેથી મોહનીયક્ષયથી મોહનીયજન્યદુઃખનો વિરહ થવાના કારણે સર્વજ્ઞને સમાધિનું પરમસુખ હોય છે છતાં વેદનીયનો ક્ષય થયો ન હોવાથી વેદનીયોદયજન્ય ક્ષુધાથી છૂટવામાં તો તેઓ સમર્થ થતા નથી.

### [ક્ષાયિકચારિત્ર ક્ષાયિક સુખરૂપ નથી]

દુઃખનો પ્રતિપક્ષી પરિણામ જ સુખ છે અને તે તે પાપપ્રકૃતિથી થયેલ પરિણામ જ દુઃખ છે જેમકે જ્ઞાનાવરણથી અજ્ઞાનનું દુઃખ...આ પાપ પ્રકૃતિઓનો ક્ષય થવાથી તત્તત્પ્રકૃતિજન્ય દુઃખ ક્ષીણ થાય છે. તેમજ તે તે કર્મથી આવરાએલ આત્મગુણ આ-

दुःखप्रतिपक्षभूतः परिणामो हि सुखं, दुःखं च यद्यत्पापप्रकृतिजन्यं तत्तदुपक्षये तत्तद्गुणान्तर्भविष्णु सुखमुत्पद्यते । निःशेषसुखं पुनरव्याबाधाख्यं सकलकर्मक्षये वेदनीयक्षये वा । तथा च मोहोपक्षयादाविर्भूतं क्षायिकचारित्रमेव विकल्पविरहान्निराकुलत्वैकमूर्त्ति नित्यं सुखमाख्यायतां, न वयमत्र विप्रतिपद्यामहे । न तु तन्मुख्यवृत्त्या क्षायिकं सुखं परिभाषितुं साम्प्रतं, क्षायिकसम्यक्त्वादावपि तथापरिभाषाप्रसङ्गात्, अप्रमाणिकपरिभाषाया अनादरणीयत्वाच्च । परिभाष्यतां वा तथा, तथापि न तेन क्षुत्तृष्णादिविरोधो, न हि नामान्यकर्मोपक्षयादन्यकर्मजन्यभावप्रतिरोधोऽन्यथा मोहाभावाज्जिनानां मनुष्यगत्यादेरप्यनुदयप्रसङ्गात् ।।८७।।

---

વિભૂત થાય છે જેના કારણે તે તે ગુણમાં અંતર્ભૂત એવું સુખ પણ ઉત્પન્ન થાય છે. પરંતુ જે સુખ અવ્યાબાધ સુખ કહેવાય છે તે સંપૂર્ણસુખ તો સકલકર્મનો ક્ષય કે વેદનીયકર્મક્ષય થવાથી જ ઉત્પન્ન થાય છે. તેથી મોહક્ષયથી આવિર્ભૂત થયેલ ક્ષાયિક ચારિત્ર, કે જે કોઈપણ જાતના વિકલ્પોથી મુક્ત હોવાના કારણે સંપૂર્ણ નિરાકુલતામય હોય છે, તેને જ તમે નિત્યસુખ કહો એમાં અમારે કોઈ વિવાદ નથી કારણ કે માનસિકાદિ જાતજાતના વિકલ્પો થવાના કારણે ઊભું થતું દુઃખ હવે ક્યારેય થવાનું ન હોવાથી એ સુખ નિત્ય છે. છતાં એને મુખ્યવૃત્તિએ=નિરુપચરિત રીતે ક્ષાયિક સુખ કહેવું યુક્ત નથી. અર્થાત્ સકલમોહક્ષયથી ઉત્પન્ન થયેલ ગુણ જ ક્ષાયિકસુખ છે એવી ક્ષાયિક સુખની પરિભાષા=શાસ્ત્રીય વ્યાખ્યા કરવી યુક્ત નથી. કારણ કે આ રીતે પરિભાષા કરવામાં તો 'સકલ દર્શન મોહનીયના ક્ષયથી આવિર્ભૂત થયેલું ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક સુખ છે' એવી પણ પરિભાષા કરવાની આપત્તિ આવશે. કારણ કે હેયોપાદેયાદિના અવિવેકના કારણે થતું દુઃખ હવે ક્યારેય ઉત્પન્ન થવાનું ન હોવાથી ક્ષાયિકસમ્યક્ત્વગુણરૂપ સુખ પણ નિત્ય છે. વળી ક્ષાયિકચારિત્રાત્મક નિત્ય સુખ જ ક્ષાયિકસુખ છે એવી પરિભાષા તો કોઇ આગમમાં દેખાતી ન હોવાથી તેમજ તર્કસિદ્ધ પણ ન હોવાથી અપ્રામાણિક છે. અને તેથી અનાદરણીય છે. અથવા તુષ્યતુ દુર્જનઃ એ ન્યાયે તેવી પરિભાષા કરો તો પણ એટલા માત્રથી કંઇ તેવા પરિભાષિત સુખોથી ક્ષુધાદિનો વિરોધ થઇ જતો નથી. બિલાડી જેવું કાર્ય કરતી કોઈ વસ્તુમાં બિલાડીપણાની પરિભાષા કરવા માત્રથી જ કંઇ તે ઉંદરની વિરોધી બની જતી નથી. વળી ક્ષુધાદિ તો વેદનીય કર્મજન્ય હોવાથી એનો મોહનીયકર્મક્ષયથી પ્રતિબંધ સંભવતો નથી. નહિતર તો નામકર્મજન્ય મનુષ્યગત્યાદિનો પણ તેનાથી પ્રતિબંધ સિદ્ધ થવાથી તેનો પણ અનુદય માનવાની આપત્તિ આવશે. ।।૮૭।।

## [વેદનીયની મોહસાપેક્ષતાનું નિરાકરણ]

પ્રતિવાદીઓ 'બીજી રીતે પણ વેદનીયકર્મ મોહસાપેક્ષ છે' એવું જે કહે છે તેનું નિરાકરણ કરવા ગ્રંથકાર કહે છે–

अथ प्रकारान्तरेण मोहसापेक्षतां वेदनीयस्य निराकर्तुमाह—

घाई व वेअणीयं इय जइ मोहं विणा ण दुक्खयरं ।
पयडं पडिरूवाउ ता अण्णाओवि पयडीउ ॥८८॥

(घातिवद्वेदनीयं इति यदि मोहं विना न दुःखकरम् । प्रकटं प्रतिरूपास्तदन्या अपि प्रकृतयः ॥८८॥)

परे हि प्रतिपादयन्ति यत्— 'मोहोदयेन जीवगुणं घातयद्वेदनीयं स्वयमघाति सदपि घातितुल्यमेव, अत एव घातिनां मध्ये तत्परिगणनं, तथा च मोहं विना न तत्स्वकार्यजननक्षममिति तदसत्, तथाहि–किं तद् घातितुल्यत्वं घातिरसवत्त्वं वा, तद्रसविपाकप्रदर्शकत्वं वा, स्वकार्यजनने तत्सहभूतत्वंवा, स्वापनेयसजातीयापनायकत्वंवा, स्वकार्यैकमूर्त्तिककार्यकत्वं वा, दोषोत्पादकत्वं वाऽन्यद्वा ? नाद्यः, असिद्धेः । न द्वितीयः, अघातिकर्मान्तरप्रकृतीनामपि तादृशत्वात्, उक्तं हि–'अघातिन्यो हि प्रकृतयः सर्वदेशघातिनीभिः सह वेद्यमानास्तद्रसविपाकं प्रदर्शयन्ति न तु सर्वदा स्वरसविपाकदर्शनेपि ता अपेक्षन्ते' इति ।

**ગાથાર્થ** :– 'મોહનીય કર્મની હાજરીમાં જ વેદનીયકર્મ જીવગુણનો ઘાત કરે છે અને તેના અભાવમાં ઘાત કરતું નથી. તેથી સ્વયં અઘાતી પણ ઘાતી જેવું હોવાના કારણે મોહનીયકર્મની ગેરહાજરીમાં સ્વકાર્ય કરવામાં અસમર્થ રહે છે અને તેથી કેવળીઓને ક્ષુધાદિ ઉત્પન્ન કરી શકતું નથી.' આવો પણ તમારો અભિપ્રાય અસંગત છે કારણ કે તો પછી નામાદિ અન્ય પ્રકૃતિઓ પણ વેદનીય જેવી જ હોવાથી મોહની ગેરહાજરીમાં સ્વકાર્યમાં સમર્થ બની શકશે નહિ.

**[વેદનીયમાં ઘાતીતુલ્યત્વની વિચારણા]**

'મોહનીયોદયથી જીવગુણનો ઘાત કરતું વેદનીય કર્મ સ્વયં અઘાતી હોવા છતાં ઘાતી જેવું જ છે તેથી જ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને મોહનીય એ ત્રણ ઘાતી કર્મોની વચમાં વેદનીય કર્મની ગણતરી કરી છે. આમ મોહના ઉદયથી જ એ જીવગુણનો ઘાત કરતું હોવાથી મોહના અભાવમાં ક્ષુધાદિ લગાડવારૂપ સ્વકાર્ય કરી શકતું નથી.' વાદીઓનું આવું પ્રતિપાદન યુક્તિવિકલ જાણવું કારણ કે જે ઘાતીતુલ્યત્વ તેઓને અભિપ્રેત છે તે શું છે? (૧) ઘાતીરસવાળું હોવાપણું? (૨) ઘાતીરસનો જેવો વિપાક હોય તેવો તેવો વિપાક દેખાડવાપણું? (૩) સ્વકાર્ય કરવામાં ઘાતીને સહભૂત હોવાપણું? (૪) ઘાતી કર્મથી જીવનો જે ગુણ દૂર થતો હોય તેના સજાતીયગુણને દૂર કરવાપણું? (૫) ઘાતીના કાર્યને સમાનમૂર્ત્તિક કાર્ય કરવાપણું? (૬) જીવોમાં દોષ ઉત્પન્ન કરવાપણું કે (૭) બીજું કંઈ?

આ સાત વિકલ્પોમાંથી (૧) પહેલો વિકલ્પ સંભવી શકતો નથી કારણ કે વેદનીયાદિ ચાર અઘાતી કર્મપ્રકૃતિઓમાં ઘાતીરસ માન્યો ન હોવાથી એ અસિદ્ધ છે. (૨) નામાદિ બીજી અઘાતી પ્રકૃતિઓ પણ ઘાતી કર્મની હાજરીમાં તેના જેવો વિપાક દેખાડતી

अत एव न तृतीयोऽपि, कादाचित्कस्य सहभावस्याऽकिञ्चित्करत्वात्, अन्यथा कदाचित्तत्सहभूताः पुण्यप्रकृतयोऽपि केवलिनां कार्याऽक्षमतया विपरीताः प्रसजेयुः। चतुर्थपक्षोपक्षेपोऽपि तदुपक्षेपदीक्षाविचक्षणानां न दाक्ष्यसाक्षी, आत्मगुणत्वजात्याष्टकर्मक्षयजन्यानामष्टानामपि गुणानां साजात्यात् तद्घातिनामष्टानामप्यविशेषेण घातित्वप्रसङ्गात्। ज्ञानदर्शनचारित्रवीर्यान्यतरत्वेन साजात्यविवक्षणे तु तस्य तज्जातीयापनायकत्वस्याऽसिद्धत्वात्, सुखघटितान्यतरत्वस्य च यादृच्छिकत्वात्। नापि पञ्चमः, सर्वासामपि प्रकृतीनां सजातीयप्रकृत्यन्तरकार्याधीनप्रकर्षशालिकार्यकत्वलक्षणस्य तस्याऽविशेषादितरस्य च दुर्वचत्वात्।

---

હોવાથી તેમાં પણ ઘાતીતુલ્યત્વ આવવાના કારણે તેઓને પણ મોહના અભાવમાં સ્વકાર્ય કરવામાં અસમર્થ માનવાની આપત્તિ આવતી હોવાથી બીજો વિકલ્પ પણ ઘટી શકતો નથી. કહ્યું જ છે કે 'સર્વઘાતી અને દેશઘાતી પ્રકૃતિઓની સાથે ભોગવાતી અઘાતી કર્મપ્રકૃતિઓ પણ ઘાતીના રસનો વિપાક દેખાડે છે. પરંતુ સ્વરસનો વિપાક દેખાડવામાં કંઇ તેઓને સર્વદા ઘાતીકર્મોની અપેક્ષા હોતી નથી. અર્થાત્ ઘાતીની ગેરહાજરીમાં તેઓ ઘાતીરસ વિપાક દેખાડી શકતી નથી પણ સ્વરસવિપાક તો દેખાડી શકે જ છે' તેથી મોહના અભાવમાં પણ વેદનીય કર્મ ક્ષુધાદિ લગાડે એમાં કોઈ વાંધો નથી.

(૩) તેથી જ તૃતીય વિકલ્પ પણ અયુક્ત છે કારણ કે કયારેક ઘાતીકર્મોની સાથે ભળીને અમુક કાર્ય કરવા રૂપ કાદાચિત્ક સહભાવ અકિંચિત્કર છે અર્થાત્ મિથ્યાત્વાદિ અવસ્થામાં ક્ષુધાદિ પ્રવર્ત્તાવવામાં વેદનીયને મોહાદિ ઘાતીકર્મનો જે સહભાવ હોય છે એ કંઈ વેદનીયકર્મને એવું બનાવી શકતો નથી કે જેથી તે મોહાદિની ગેરહાજરીમાં સ્વકાર્ય પણ કરી ન શકે. નહિતર તો પુણ્ય પ્રકૃતિઓ પણ કયારેક ઘાતી કર્મને સહભૂત થઈ કાર્ય કરતી હોવાથી ઘાતીકર્મરહિત અવસ્થાવાળા કેવળીઓને પણ સ્વકાર્ય દેખાડી શકશે નહિ.

(૪) ચોથા પક્ષનો ઉપન્યાસ પણ પ્રતિવાદીની દક્ષતાને સૂચવતો નથી કારણ કે ઘાતીકર્મથી દૂર કરાતા ગુણની સજાતીયતા જો આત્મગુણત્વ ધર્મને આગળ કરીને લેવાની હોય તો તો એવી સજાતીયતા વેદનીયથીઅપનેય ગુણની જેમ નામાદિથી અપનેય ગુણમાં પણ છે જ કારણ કે નામાદિ પણ અરૂપીપણું ઇત્યાદિરૂપ જે ગુણનો ઘાત કરે છે તેમાં આત્મગુણત્વ રહેલ જ છે. તેથી આત્મગુણત્વ રૂપે સજાતીય એવા તે આઠેય ગુણોની ઘાતક આઠેય કર્મપ્રકૃતિઓને સમાનરીતે ઘાતી માનવાની આપત્તિ આવશે. જો એ સજાતીયતા જ્ઞાન–દર્શન–ચારિત્ર–વીર્યાન્યતરત્વ ધર્મને આગળ કરીને લેવાની હોય તો તો એવા ધર્મવાળા ગુણને (જ્ઞાનાદિને) નામાદિની જેમ વેદનીય કર્મ પણ દૂર કરતું ન હોવાના કારણે વેદનીય પણ ઘાતીતુલ્ય બનશે નહિ.

नापि षष्ठो, अष्टानामपि कर्मणामष्टसिद्धगुणप्रतिपन्थिदोषजनकत्वाऽविशेषात् , वक्ष्यतेहि– '[1]णाणावरणादीणं कम्माणं अट्ठ जे ठिया दोसा। तेसु गएसु पणासं एए अट्ठ वि गुणा जाया ॥ [श्लो० १२९] त्ति, देवत्वव्यवहारप्रतिपन्थिदोषत्वं तु क्षुदादेर्निराकृतमेव । अथ लौकिका अपि क्षुधादिपीडितं देवं नानुमन्यन्ते, न च क्षुधः परा पीडाऽस्ति, [2]"छुहासमा वेअणा नत्थि' त्ति चेत् ? हन्त तर्हि केवललोकानुवृत्तिप्रणयी भवान् मनुष्यत्वमपि तस्य किमिति नापह्नुते ? ते हि स्वयंभुवं नित्यज्ञानेच्छाप्रयत्नवन्तं लोकोत्तरचरितं भवं भगवन्तमभिमन्यन्त इति । सप्तमस्त्वनिर्वचनादेव नोत्थातुमर्हति । घातिमध्ये परिगणितत्वादेव घातितुल्यत्वं त्वायुर्नाम-गोत्रेष्वप्यविशिष्टमप्रयोजकं चेति न किञ्चिदेतत् ॥८८॥

---

**પૂર્વપક્ષ** :–જ્ઞાનાદિ ચાર ઘટિત અન્યતરત્વને સુખથી પણ ઘટિત કરીને તે ધર્મથી સજાતીયત્વની વિવક્ષા કરીએ છીએ. અર્થાત્ જ્ઞાન–દર્શન–ચારિત્ર–વીર્ય–સુખઅન્યતરત્વ ધર્મવાળા ગુણનું જે અપનાયક હોય તે ઘાતીકર્મ હોય એવી પરિભાષા કરવાથી વેદનીયમાં પણ ઘાતીકર્મત્વ આવી જશે, જ્યારે નામાદિમાં આવશે નહિ.

**ઉત્તરપક્ષ** :–એ પણ બરાબર નથી કારણ કે આવી તમારી પરિભાષા યાદૃચ્છિક=સ્વચ્છંદમૂલક હોવાથી અપ્રમાણ છે. ઇચ્છા મુજબ જ પરિભાષા કરવાની હોય તો તો અરૂપિત્વાદિઘટિત સાજાત્ય પણ લઈ શકાવાથી નામાદિમાં પણ ઘાતિત્વ પ્રસક્ત જ છે.

(૫) પાંચમો વિકલ્પ પણ અસત્ છે કારણ કે સ્વકાર્યૈકમૂર્ત્તિક કાર્યકત્વનો અર્થ એ જ થઇ શકે કે સજાતીય અન્ય પ્રકૃતિના કાર્યને જેનો પ્રકર્ષ આધીન હોય તેવા કાર્યને કરવાવાળાપણું. આવું કાર્યકત્વ આઠે પ્રકૃતિમાં સમાન હોવાથી નામાદિમાં પણ ઘાતીતુલ્યત્વ આવવાની આપત્તિ આવે છે. અને તાદૃશકાર્યકત્વનો આ સિવાયનો બીજો કોઇ અર્થ કરી શકાતો નથી.

(૬) છઠ્ઠો વિકલ્પ પણ અયુક્ત છે કારણકે એમ માનવામાં આઠે કર્મો સિદ્ધના એક એક ગુણના વિરોધી દોષને ઉત્પન્ન કરતાં હોવાથી આઠે ય કર્મમાં ઘાતીતુલ્યત્વ સમાન જ થઈ જાય. આ કર્મોએ એક એક ગુણ આવર્યા છે એ વાત 'જ્ઞાનાવરણીયાદિ આઠે ય કર્મોથી જે દોષો થયા હોય છે તે દોષોનો નાશ થએ છતે આ આઠે ય ગુણો પ્રકટ થાય છે' એવું જણાવતી આગળ કહેવાનારી (૧૨૯) ગાથાથી ફલિત જ છે. વેદનીયકર્મમાં દેવત્વવ્યવહારને અટકાવનાર ક્ષુધાદિ દોષોનું જે ઉત્પાદકત્વ છે એ જ તેનું ઘાતીતુલ્યત્વ છે' એવું કહેવું પણ અયુક્ત છે કારણકે ક્ષુધાદિ તેવા વ્યવહારને અટકાવતા નથી એવું પ્રતિપાદન અમે આગળ કરી જ ગયા છીએ.

---

१. ज्ञानावरणीयादीनां कर्मणामष्ट ये स्थिता दोषाः । तेषु गतेषु प्रणाशमेतेऽष्टापि गुणा जाताः ॥

२. क्षुधासमा वेदना नास्ति ।

नन्वनुकूलवेदनीयं सुखं, प्रतिकूलवेदनीयं च दुःखं, न च तथाविधवेदनं रागद्वेषौ विनेति न वीतरागाणां तत्संभव इत्याशङ्कायामाह—

**अणुकूलं पडिकूलं च वेअणं लक्खणं सुहदुहाणं ।**
**ण हु एसो एगंतो अपमत्तजइसु तयभावा ॥८९॥**

(अनुकूलं प्रतिकूलं च वेदनं लक्षणं सुखदुःखयोः । न ह्येष एकान्तोऽप्रमत्तयतिषु तदभावात् ८९॥)

---

**પૂર્વપક્ષ** :–જેઓને ભૂખાદિની પીડા હોય તેવાને તો ઈતરલોકો પણ દેવ માનતા નથી તો લોકોત્તર શાસનના દેવ તરીકે આપણે શી રીતે માની શકીએ ? ભૂખ જેવી તો બીજી કોઈ પીડા નથી. તેથી આવી પરાકાષ્ઠાને પામેલી પીડા તો કેવળી ભગવંતોને શી રીતે માની શકાય ?

**ઉત્તરપક્ષ** :–'લોકો દેવને તેવી પીડા માનતા નથી તેથી આપણે પણ ન માનવી' એવી લોકોને અનુસરવાની જ વૃત્તિવાળા તમારે તો ભગવાન્‌ને મનુષ્ય પણ માની શકાશે નહિ, કારણકે લોકો તો તેઓના દેવ તરીકે સ્વયંસત્તાક ( કોઇનાથી ઉત્પન્ન થએલ નહિ એવા ), નિત્યજ્ઞાન, નિત્ય ઈચ્છા અને નિત્ય પ્રયત્નવાળા તેમજ પ્રકોપ-પ્રસાદ–ક્રીડાદિ કરવા છતાં લોકોત્તર ચારિત્રવાળા કહેવાતા એવા શિવને માને છે,

(૭) ઘાતીતુલ્યત્વ આ છ કરતાં કોઈ જુદા જ પ્રકારનું છે એવો સાતમો વિકલ્પ તો ઊભો જ થઈ શકતો નથી કારણકે તેનું કોઈ નિર્વચન થઇ શકતું નથી. વળી દર્શનાવરણ અને મોહનીયરૂપ બે ઘાતીપ્રકૃતિની વચમાં વેદનીયની ગણતરી કરી હોવાથી એમાં ઘાતીતુલ્યત્વ છે એમ કહેવું પણ અયુક્ત છે કારણકે મોહનીય અને અંતરાય રૂપ ઘાતીકર્મોની વચમાં તો નામાદિની પણ ગણતરી હોવાથી તેઓમાં પણ ઘાતીતુલ્યત્વ માનવાની આપત્તિ આવે. વળી ઘાતિમધ્યમાં પરિગણિતત્વને ઘાતિતુલ્યત્વ સાથે કોઇ વ્યાપ્તિ જેવો સંબંધ નથી કે જેથી એ તેનો પ્રયોજક બને. ॥૮૮॥

### [ સુખાદિના અનુકૂલત્વાદિ ઘટિત લક્ષણનો વિચાર ]

'અનુકૂલ રૂપે જે વેદાય=અનુભવાય તે સુખ અને પ્રતિકૂલરૂપે જે વેદાય તે દુઃખ કહેવાય છે આવા પ્રકારનું અનુકૂલ કે પ્રતિકૂલ તરીકેનું સંવેદન રાગદ્વેષવિના થઈ શકતું નથી, કારણકે જેના પર રાગ હોય તે જ વસ્તુ અનુકૂલ લાગે છે અને જેના પર દ્વેષ હોય તે જ વસ્તુ પ્રતિકૂલ લાગે છે. વીતરાગને તો રાગદ્વેષ ન હોવાથી આ રીતે વેદન ન થવાના કારણે ક્ષુધાદિ દુઃખ સંભવી શકતું નથી'—આવી વાદીની શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– અનુકૂલ વેદન સુખનું અને પ્રતિકૂલ વેદન દુઃખનું લક્ષણ છે એ વાત પણ અયુક્ત છે કારણકે જે સુખ હોય તે અનુકૂલ રૂપે જ વેદાય કે દુઃખ હોય તે

'अनुकूलवेदनीयं सुखं, प्रतिकूलवेदनीयं च दुःखं' इत्युपलक्षणं, न तु लक्षणं, समपूजाऽपमानानां समसंसारमोक्षाणां चाऽप्रमत्तयतीनां सुखदुःखयोरव्याप्तेः, न हि ते सुखमनुकूलत्वेन दुःखं च प्रतिकूलत्वेन वेदयन्ति, इच्छाद्वेषविषयत्वयोरेव तदर्थत्वात् । 'तथाविधवेदनयोग्यते एव तल्लक्षणे' इति चेत् ? अहो केवलिसुखदुःखयोरपि तदबाधात्, अनुकूलत्वाद्यप्रतिसन्धानेऽपि सुखादिसाक्षात्कारात्तत्साक्षिकजातिगर्भमेव लक्षणमित्यन्ये । एतेन निरुपाधिकेच्छाविषयत्वनिरुपाधिकद्वेषविषयत्वलक्षणयोरपि तत्सुखदुःखयोरसंभवो दूषणमिति परास्तम् । ॥८९॥

---

પ્રતિકૂલ રૂપે જ વેદાય એવો એકાન્ત નથી કારણકે અપ્રમત્તયતિઓ તે બેને અનુકૂળ કે પ્રતિકૂળ તરીકે જોતાં હોતાં નથી.

## [ અનુકૂલવેદનીયત્વ સુખનું ઉપલક્ષણ છે ]

અલક્ષ્યમાં ન જ રહેનાર અને લક્ષ્યમાત્રમાં રહેનાર એવો જે ધર્મ ઓળખાણ તરીકે અપાય છે તે લક્ષણ કહેવાય છે. એટલેકે લક્ષણ, લક્ષ્યમાત્રમાં વ્યાપ્ત હોય છે. લક્ષ્યના એક દેશમાં ન રહેનાર એવો પણ ઈતરદેશમાં રહેલ જે ધર્મ ઓળખાણ તરીકે અપાય છે. એ ઉપલક્ષણ કહેવાય છે. અર્થાત્ ઉપલક્ષણ, લક્ષ્યમાત્રમાં વ્યાપ્ત હોતું નથી. જેમકે કોઈ ઓળખાણ આપતાં કહે કે—'જે મકાન પર કાગડો બેઠો છે તે દેવદત્તનું ઘર છે' તો અહીં કાગડો કંઇ દેવદત્તગૃહનું લક્ષણ નથી, ઉપલક્ષણ છે. એમ અનુકૂલવેદનીયત્વ સુખના અને પ્રતિકૂલવેદનીયત્વ દુઃખના લક્ષણભૂત નથી પણ ઉપલક્ષણભૂત છે. કારણકે પૂજારૂપ સુખ કે અપમાન રૂપ દુઃખ અથવા મોક્ષાત્મક સુખ કે સંસારાત્મક દુઃખ જેઓને મન સમાન છે તેવા અપ્રમત્તયતિઓને પ્રાપ્ત થતાં સુખદુઃખમાં એ ધર્મો અવ્યાપ્ત છે. અપ્રમત્તયતિઓ કંઇ સુખને અનુકૂલ રૂપે કે દુઃખને પ્રતિકૂલ રૂપે જોતાં નથી. ઉલ્ટું, ઉપસર્ગાદિ રૂપ દુઃખ આવતાં કર્મ ખપાવવાનો અવસર જાણી મહાત્માઓ આનંદિત બને છે. એવું શાસ્ત્રોમાં સાંભળવા મળે છે. જે વસ્તુ ઇચ્છાનો=રાગનો વિષય હોય અર્થાત્ જેનો રાગ હોય તે જ અનુકૂલ રૂપે વેદાય છે, અને એમ જે વસ્તુ દ્વેષનો વિષય હોય તે જ પ્રતિકૂલ રૂપે અનુભવાય છે. અપ્રમત્તયતિઓને પૂજા–અપમાનાદિ પર રાગ કે દ્વેષ ન હોવાથી એ તે તે રૂપે વેદાતા નથી, આમ 'પ્રતિકૂળવેદન' દુઃખના ઉપલક્ષણરૂપ હોવાથી કેવળીઓને પ્રતિકૂળરૂપે કોઇનું વેદન ન હોવા છતાં દુઃખ હોવામાં કોઈ બાધક નથી.

**પૂર્વપક્ષ** :– જે સુખ હોય તે અનુકૂલ રૂપે જ વેદાવું જોઈએ એવું અમે કહેતા નથી પણ તે અનુકૂળરૂપે વેદાવાને યોગ્ય તો હોય જ એવું અમે કહીએ છીએ. એમ જે પ્રતિકૂળરૂપે વેદાવાને યોગ્ય હોય તે દુઃખ–એવું અમે કહીએ છીએ. અપ્રમત્તયતિ ભલે પૂજા–અપમાન વગેરેને તે તે રીતે વેદતાં નથી, છતાં પૂજાદિમાં તે તે

अतएव च–'अध्रुवसुखदुःखयोर्भोग आवश्यकः, स च कर्मबन्धहेतुरिति न केवलिनां तत्संभव' इत्यपि परास्तमित्याह—

રૂપે વેદાવાની યોગ્યતા તો છે જ તેથી અમારું લક્ષણ અપ્રમત્તયતિના સુખદુઃખમાં કંઈ અવ્યાપ્ત થતું નથી કે જેથી એને 'ઉપલક્ષણ' માનવું પડે.

**ઉત્તરપક્ષ** :–આવી યોગ્યતા તો કેવળીના સુખદુઃખમાં પણ રહેલી જ છે તેથી પ્રતિકૂળ હોવા રૂપે ન અનુભવાતી હોવા છતાં તેની યોગ્યતાવાળી પણ જે ભૂખ વગેરે, એનું દુઃખ તેઓને સંભવિત જ છે. **બીજા કેટલાકો** 'આ મારે અનુકૂળ છે' કે 'આ મારે પ્રતિકૂળ છે' એવું પ્રતિસંધાન ન હોવા છતાં 'જેનો સુખરૂપે સાક્ષાત્કાર થાય તે દુઃખ' એવું તે સાક્ષાત્કારથી જણાતી જાતિથી ગર્ભિત લક્ષણ કરે છે.

**[ સુખનું રાગવિષયત્વઘટિત લક્ષણ પણ અયુક્ત ]**

અહીં અપ્રમત્તયતિ આદિને સુખાદિ, રાગાદિના વિષયભૂત હોતા નથી એવી જે વાત જણાવી એનાથી જ, નિરુપાધિક ઇચ્છાનો વિષય હોય તે સુખ અને નિરુપાધિક દ્વેષનો વિષય હોય તે દુઃખ એવા લક્ષણવાળા સુખદુઃખનો પણ કેવળીઓને અસંભવ છે એવું જે દૂષણ કેટલાકો આપે છે તે પરાસ્ત જાણવું. કેવળીઓને વેદનીયોદયજન્ય સુખદુઃખનો અસંભવ છે એવું દૂષણ આપનારાઓનો અભિપ્રાય એ છે કે—

સામાન્યથી જીવોને દુઃખ પર અને દુઃખકારણીભૂત વિષકંટકાદિ પર દ્વેષ હોય છે. એમાંથી વિષકંટકાદિ પરનો દ્વેષ સાક્ષાત્ તેના પર હોતો નથી કિન્તુ તેનાથી થતાં દુઃખ પર હોવાના કારણે તેના પર હોય છે. જ્યારે તજ્જન્ય દુઃખ પરનો દ્વેષ તો સાક્ષાત્ તે દુઃખ પર જ હોય છે અર્થાત્ બીજા કોઈ પર દ્વેષ હોવાના કારણે દુઃખ પર દ્વેષ હોય છે એવું નથી. તેથી દુઃખ પરનો દ્વેષ કોઈ ઉપાધિના કારણે ન હોવાથી નિરુપાધિક હોય છે. એમ સ્રક્ચંદનાદિ પરનો રાગ, સુખ પરના રાગના કારણે હોવાથી સોપાધિક હોય છે જ્યારે સુખ પરનો રાગ સાક્ષાત્ હોવાથી નિરુપાધિક હોય છે. તેથી સુખ દુઃખનું લક્ષણ આવું બનાવી શકાય કે, 'નિરુપાધિક રાગનો જે વિષય બને તે સુખ અને નિરુપાધિક દ્વેષનો જે વિષય બને તે દુઃખ...' પરંતુ આવું લક્ષણ કરીએ તો પણ કેવળીઓને સુખ દુઃખ સંભવી શકતાં નથી કારણ કે તેઓને રાગ–દ્વેષ જ ન હોવાથી તેના વિષય બનતા હોય તેવા કોઈ પણ સુખઃદુખ તેમને કહી શકાતા નથી.

તેઓએ આ રીતે આપેલ દૂષણ પણ અયુક્ત છે કારણ કે અપ્રમત્ત યતિઓને પણ કોઇના પર રાગદ્વેષાદિ ન હોવા છતાં સુખઃદુખ જેમ માનેલા છે તેમ કેવળીઓને હોવામાં પણ કોઈ વાંધો નથી. ॥૮૯॥

**[કર્મોદયજન્ય સુખાદિભોગમાં કર્મબંધ એકાન્તે નથી]**

'કર્મોદયજન્ય અધ્રુવ=કદાચિત્ક સુખ દુઃખનો અવશ્ય ભોગ કરવો પડે છે (કારણ કે એ વિના કર્મ ખપતું નથી) અને તે ભોગ કર્મબંધમાં હેતુભૂત હોવાથી કેવળીઓને

अधुवाण सुहदुहाणं भोगो भोगेण कम्मबंधो अ ।
ण हु एसो एगंतो अपमत्तजइसु तयभावा ॥९०॥
(अध्रुवयोः सुखदुःखयोर्भोगो भोगेन कर्मबंधश्च । न ह्येष एकान्तोऽप्रमत्तयतिषु तदभावात् ॥९०॥)

"न हि कर्मोदयप्रभवयोः सुखदुःखायोर्भोगं विना क्षयो नाम । यदाहुर्बाह्या अपि–[ ]
नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥ इति । भोगश्चासक्त्या द्वेषेण च तत्साक्षात्काररूपः पुनः कर्मबन्धस्यावन्ध्यं निदानमिति कथमसौ भगवताम् ?" इति चेत् ? अप्रमत्तय-

---

માની શકાતો ન હોવાના કારણે તેઓને કર્મોદયજન્ય સુખ દુઃખ પણ સંભવતાં નથી.' એવું પરોક્ત દૂષણ પણ, 'અપ્રમત્તયતિઓને નવા કર્મબંધ વિના પણ તેવા સુખદુઃખનો ભોગ હોવાથી કેવળીઓને પણ હોઇ શકે છે' એવા પ્રતિપાદનથી પરાસ્ત થઈ જાય છે એવું ગ્રન્થકાર હવે જણાવે છે—

**ગાથાર્થ**:– અધ્રુવ સુખ દુઃખને અવશ્ય ભોગવવા પડે છે અને એ ભોગવવામાં કર્મબંધ થાય છે એ વાત પણ એકાન્તે નથી કારણ કે એવા કર્મબંધ વિના પણ અપ્રમત્તયતિઓને સુખ દુઃખનો ભોગ હોય છે.

**પૂર્વપક્ષ** :–તેવા તેવા કર્મના ઉદયથી થએલા સુખદુઃખ નો ભોગવ્યા વિના ક્ષય થતો નથી, ઇતરદર્શનવાળાઓ પણ કહે છે કે 'ક્રોડો યુગ પસાર થઇ જાય તો પણ કર્મનો ભોગવટા વિના છૂટકારો થતો નથી. તેથી કરેલું શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવું પડે છે'–અને આસક્તિથી એનો અનુભવ કરવામાં જ આનંદ આવતો હોવાથી એ રીતે થતો અનુભવ જ ભોગ કહેવાય છે જે પુણ્ય કર્મની નિર્જરા કરાવે છે. એજ રીતે દ્વેષથી સાક્ષાત્કાર કરવામાં જ દુઃખ ભોગવાતું હોવાથી પાપકર્મની નિર્જરા થાય છે. આ રીતે ભોગવટો કરવામાં અવશ્ય નવો કર્મબંધ થાય છે. કેવળીઓને તો તેવો કર્મબંધ હોતો નથી તેથી જણાય છે કે જેને ભોગવવામાં અવશ્ય કર્મબંધ થતો હોય એવા કર્મોદયજન્ય સુખદુઃખ કેવળીઓને હોતા નથી અને તેથી ક્ષુધાદિ પણ હોતા નથી.

**[ જિનનામકર્મના ભોગની અનુપપત્તિની આપત્તિ]**

**ઉત્તરપક્ષ** :–આ વાત પણ બરાબર નથી કારણ કે જો કર્મોદયજન્ય સુખદુઃખને ભોગવવામાં અવશ્ય કર્મબંધ થતો જ હોય તો તો અપ્રમત્તયતિઓને પણ કર્મોદયજન્ય સુખદુઃખ હોતા નથી એમ માનવાની આપત્તિ આવશે. પરંતુ એવું મનાતું તો નથી તેથી જેમ તેઓને નવા કર્મબંધ વિના પણ સુખદુઃખનો ભોગવટો હોય છે તેમ કેવળીઓને પણ હોવામાં કોઈ બાધક નથી. વળી કર્મોદયજન્ય સુખદુઃખને ભોગવવામાં અવશ્ય કર્મબંધ હોય તો તો શ્રી તીર્થંકરાદિને તીર્થંકરનામ કર્માત્મક પુણ્યજન્ય સમવસરણાદિનો ઉપભોગ પણ અનુપપન્ન થઇ જવાની આપત્તિ આવશે.

तीनामपि कथमसौ ? अथ विपाककालप्राप्तिरेव भोगः, तत्परिसमाप्तेरेव च कर्मक्षय इति चेत् ? तदिदमन्यत्रापि तुल्यम् । एतेन 'न ह्यचेतयतो भोगो नाम, चेतयतश्च मोहाऽविनाभावः' इति परास्तम्, आयुःकर्मादिभोगवदुपपत्तेः, न च तत्संवेदनमनुकूलत्वाद्यविषयकमपि मोहव्याप्तम् ॥९०॥

अथाज्ञानजन्यं दुःखमात्मज्ञानात्क्षीयते, तदुक्तं—

'[1]आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते' इति, तथा च साक्षात्कृतात्मतत्त्वानां कथं दुःखसंभवः ? इति चेत् ? न, आत्मज्ञाने सत्यज्ञानजन्यदुःखक्षयेऽपि वेदनीयोदयजन्यक्षुदाद्यविलयादित्याशयवानाह—

**પૂર્વપક્ષ** :–કર્મોનો વિપાકકાળ પ્રાપ્ત થવો એ જ તેઓનો ભોગ છે અને એ કાળ સમાપ્ત થવો એ જ ક્ષય છે. તેથી અપ્રમત્તયતિઓને કર્મોદયજન્ય સુખ દુઃખનો ભોગ અસંભવિત નથી. કારણ કે રાગ દ્વેષ વિના પણ તે તે પુણ્ય–પાપ કર્મનો વિપાકકાળ તો આવીને પૂરો થઇ જ શકતો હોવાથી નવો કર્મ બંધ થવાની આપત્તિ રહેતી નથી. અર્થાત્ તે તે પુણ્ય–પાપ કર્મો અપ્રમત્તયતિને તેવી તેવી દ્રવ્યાદિ સામગ્રી ઉપસ્થિત કરી આપે છે અને તે દ્રવ્યાદિસામગ્રીના સાંનિધ્યનો કાળ અપ્રમત્તયતિ તે તે સામગ્રી પરના રાગ–દ્વેષ વિના પૂરી કરી દે છે તેથી તે તે કર્મ નિર્જરી જાય છે અને કોઇ નવો કર્મબંધ થતો નથી.

**ઉત્તરપક્ષ** :–આ વાત કેવળીઓને માટે પણ સમાન જ હોવાથી તેઓને પણ કર્મોદયજન્ય સુખદુઃખ હોવામાં કોઈ વાંધો નથી.

વળી અપ્રમત્તયતિને પણ સુખદુઃખાનુભવ અસંભવિત થતો હોવાની આપત્તિ આવતી હોવાથી જ—'તે તે સુખ–દુઃખનું સંવેદન ન કરે તો ભોગ જ ન કહેવાય અને સંવેદન કરે તો તો અવશ્ય રાગદ્વેષાત્મક મોહ થાય જ. તેથી કેવળીઓને અધ્રુવ સુખદુઃખનો ભોગવટો હોતો નથી એવું માનવું જ યુક્ત છે–' એ વાત પણ પરાસ્ત જાણવી. વળી 'આ મારે અનુકૂળ છે' વગેરે રૂપે રાગયુક્ત સંવેદન વિના પણ જેમ આયુષ્યાદિ કર્મનો ભોગ થાય છે તેમ તે વિના વેદનીય કર્મનો ભોગ પણ ઉપપન્ન જ છે. અને અનુકૂળાદિરૂપે સંવેદાતું સંવેદન મોહવ્યાપ્ત હોવા છતાં તે રૂપે નહિ સંવેદાતું સંવેદન કંઈ મોહવ્યાપ્ત હોતું નથી કે જેથી નવો કર્મબંધ માનવો જ પડે. કહેવાનો આશય એ છે કે સંવેદનાત્મક એવું પણ કેવલીભગવંતોનું આયુષ્યકર્મના ભોગરૂપ સંવેદન અનુકૂલત્વાદિ વિષયક ન હોવાના કારણે જેમ મોહાઽવિનાભાવી નથી તેમ વેદનીયકર્મભોગ રૂપ સંવેદન પણ મોહાઽવિનાભાવી હોવામાં કોઈ વાંધો ન હોવાથી નવો કર્મબંધ માનવો પડતો નથી. ॥૯૦॥

१. योगशास्त्र–४–३ अस्योत्तरार्धः–तपसाप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥

अन्नाणजं तु दुक्खं नाणावरणक्खएण खयमेइ ।
तत्तो सुहमकलंकिअकेवलनाणाऽपुहब्भूयं ॥९१॥

( अज्ञानजं तु दुःखं ज्ञानावरणक्षयेण क्षयमेति । ततः सुखमकलङ्कितकेवलज्ञानाऽपृथग्भूतम् ॥९१॥ )

यः खलु ज्ञानावरणोदयपारवश्यादात्मनः सूक्ष्मार्थाऽनालोचनादिजन्यः खेदो यश्चातस्मिंस्तद्बुद्ध्या प्रत्यर्थपरिणामात् स खलु तद्विलयादेव विलीयमानः स्वभावप्रतिघाताभावादनाकुलत्वाच्च चित्रभित्तिस्थानीयं स्वत एव सकलज्ञेयाकारपरिणामरूपं केवलज्ञानलक्षणं सुखमादधातु,

[અજ્ઞાનજન્ય દુઃખ કેવળીઓને અસંભવિત]

**પૂર્વપક્ષઃ**- દુઃખ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને જ્ઞાનથી તેનો નાશ થાય છે. **યોગશાસ્ત્ર** ગ્રન્થમાં પણ કહ્યું છે કે 'આત્માના અજ્ઞાનમાંથી ઉદ્ભવેલું દુઃખ આત્મજ્ઞાનથી હણાય છે.' તેથી જેઓને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થઈ ગયો છે તેવા કેવળીઓને દુઃખ શી રીતે સંભવી શકે?

**ઉત્તરપક્ષઃ**- કેવળીઓને આત્મજ્ઞાન લાધ્યું હોવાથી અજ્ઞાનજન્ય દુઃખનો નાશ થયો હોવા છતાં વેદનીય કર્મના ઉદયથી થએલ ક્ષુધાદિ દુઃખોનો કંઈ વિલય થયો હોતો નથી એવા આશયથી ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ**:-અજ્ઞાનજન્ય દુઃખ તો જ્ઞાનાવરણનો ક્ષય થવાથી જ નાશ પામી જાય છે તેથી નિષ્કલંક કેવલજ્ઞાનથી અપૃથગ્ભૂત સુખને કેવળી અનુભવે છે. પણ વેદનીયજન્ય દુઃખ તો હાજર જ હોવાથી અવ્યાબાધ સુખનો અનુભવ હોતો નથી.

[વેદનીયોદયજન્ય દુઃખ કેવળીને સંભવિત]

જ્ઞાનાવરણ કર્મના ઉદયની પરવશતાના કારણે જીવ જાણવાની ઇચ્છા હોવા છતાં સૂક્ષ્મપદાર્થોનું આલોચન=જ્ઞાન કરી ન શકવાના કારણે ખેદ અનુભવે છે તેમજ તેવા પ્રકારની નહિ એવી પણ વસ્તુ વિશે 'એ તેવા પ્રકારની છે' એવી વિપરીત બુદ્ધિ થવાથી પણ ખેદ થાય છે. જ્ઞાનાવરણના ક્ષયથી જ એ અનાલોચન કે વિપરીતતા દૂર થઈ જાય છે તેમજ હવે 'કોઈ પણ વસ્તુનો બોધ કરવો' એવા સ્વભાવનો પ્રતિઘાત રહ્યો ન હોવાથી તેમજ વિપરીતતાદિ પરિણામનાં કારણે થતી આકુળતા પણ રહી ન હોવાથી, ચિત્રભિત્તિ જેવું સકલજ્ઞેયાકારપરિણામરૂપ જે કેવલજ્ઞાન છે, તદ્રૂપ સુખ ભલે ઉત્પન્ન થાય, પણ એટલા માત્રથી તેઓને સકલ દુઃખક્ષય પણ થઈ ગયો છે એવું શી રીતે મનાય? કારણ કે કોઈ પણ પદાર્થના દર્શન-જ્ઞાન કરવાના સ્વભાવનો પ્રતિઘાત રહ્યો ન હોવા છતાં અવ્યાબાધસુખ રૂપ સ્વભાવના પ્રતિઘાતનો કંઈ અભાવ થઇ ગયો નથી. તેથી એ પ્રતિઘાતનિમિત્તક દુઃખ હાજર હોવાના કારણે સકલ દુઃખક્ષય મનાય નહિ.

[સર્વ ઇષ્ટપ્રાપ્તિ-અનિષ્ટનાશનો સિદ્ધાવસ્થામાં જ સંભવ]

વળી તેઓને સર્વ અનિષ્ટો નાશ પામી ગયા છે કે સર્વ ઈષ્ટની પ્રાપ્તિ થઈ ગઈ છે એવું પણ નથી કે જેના કારણે કોઇ દુઃખ હોતું નથી એમ કહી શકાય, કારણ કે

सकलदुःखक्षये तु किं प्रमाणम् ? न हि तस्य दृशिज्ञप्तिस्वभावाप्रतिघातेऽप्यव्याबाधस्वभावाप्रतिघातो नाम, सर्वानिष्टनाशसर्वाभीष्टलाभौ त्वसिद्धावेव, सिद्धावस्थायामेव तत्संभवात् । एतेनेदं व्याख्यातम्—

''[1]जादं सयं समत्तं णाणमणंतत्थवित्थडं विमलं ।
रहिदं हु उग्गहादिहि सुहं ति एगंतियं भणियं ।। [१/५९]
[2]जं केवलं ति णाणं तं सोक्खं परिणमं च सो चेव ।
खेदो तस्स ण भणिदो जम्हा घादी खयं जादा ।। [प्रवचनसार १/६०]
[3]णाणं अत्थंतगदं लोगालोगेसु वित्थडा दिट्ठी ।
णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जंतु तं लद्धं ।। त्ति ।।९१।। [प्रवचनसार–१/६१]

સર્વ અનિષ્ટનાશ અને ઇષ્ટપ્રાપ્તિ તો સિદ્ધાવસ્થામાં જ હોય છે એ પૂર્વે નહિ. ઉપરોક્ત ચર્ચાથી પ્રવચનસારમાં કહેલી નીચેની વાતોનો પણ નિકાલ થઇ ગયો જાણવો—

''ઇન્દ્રિયાદિની અપેક્ષા વિનાનું હોવાથી સ્વયં ઉત્પન્નથતું (પ્રવર્ત્તતું), સમસ્ત, અનંતાર્થવિસ્તૃત, નિર્મળ અને અવગ્રહાદિથી રહિત એવું કેવલજ્ઞાન જ એકાન્તિક સુખ કહેવાય છે.

કેવળીઓને જે કેવલજ્ઞાન હોય છે તે જ સુખ છે. આ એક જ પરિણામ તેઓને હોય છે. એટલે કે એ સિવાય બીજો કોઈ પરિણામ હોતો નથી. તેમજ ખેદના કારણભૂત ઘાતી કર્મો ક્ષીણ થયા હોવાથી ખેદ પણ હોતો નથી. તેથી તેઓ એકાન્ત સુખી હોય છે.

કોઈ પણ જાતનું આવરણ હયાત ન હોવાથી લોકાલોકમાં વ્યાપેલું કેવલજ્ઞાન અર્થોના અંતને પામેલું છે અર્થાત્ ચરમ પદાર્થને પણ જણાવે છે તેથી જણાય છે કે જીવના સ્વભાવભૂત દર્શન અને જ્ઞાનનો ક્યાંય પ્રતિઘાત થતો નથી. તેમજ તેને પામવા માત્રથી જ જીવનું અજ્ઞાનરૂપ સર્વ અનિષ્ટ નાશ પામી જાય છે તેમજ ઇષ્ટ=સુખસાધનીભૂત પરિપૂર્ણજ્ઞાન પ્રાપ્ત થએલ છે. આમ કેવળીઓને સ્વભાવ પ્રતિઘાતનો અભાવ હોવાથી અને ઇષ્ટપ્રાપ્તિ તેમજ અનિષ્ટ નાશ થયો હોવાથી માત્ર કેવલજ્ઞાનાત્મક સુખ જ હોય છે, કોઈ દુઃખ હોતું નથી.''

પ્રવચનસારમાં કરેલ આ બધું પ્રતિપાદન અજ્ઞાનજન્ય દુઃખ કેવળીઓને હોતું નથી એટલું જ યુક્તિપૂર્વક જણાવવામાં સમર્થ છે, ક્ષુધાદિનું પણ દુઃખ હોતું નથી એવું જણાવવામાં નહિ. તેથી કેવળીઓને ક્ષુધાદિ દુઃખ તો સંભવિત જ હોવાથી તેઓને એકાન્તિક અવ્યાબાધ સુખ હોય છે એ વાત અયુક્ત જાણવી. ।।૯૧।।

૧.–जातं स्वयं समस्तं ज्ञानमनन्तार्थविस्तृतं विमलम् । रहितं त्ववग्रहादिभिः सुखमित्यैकान्तिकं भणितम् ।।
૨. यत्केवलमिति ज्ञानं तत्सौख्यं परिणामश्च स चैव । खेदस्तस्य न भणितो यस्माद्घातीनि क्षयं यातानि ।।
૩. ज्ञानमर्थान्तर्गतं लोकालोकेषु विस्तृता दृष्टिः । नष्टमनिष्टं सर्वमिष्टं पुनर्यद्धि तल्लब्धम् ।।

स्यादेतत्–सुखं तावद्द्विविधमैन्द्रियकमतीन्द्रियं च, दुःखं त्वैन्द्रियकमेव । तत्रातीन्द्रियं सुखं तावदमूर्त्ताभिरात्मपरिणामशक्तिभिरुत्पाद्यमानं ज्ञानमेव निराकुलतया व्यवस्थितं, ऐन्द्रियक-सुखदुःखे त्विष्टानिष्टविषयोपनिपातान् मूर्ताभिः क्षयोपशमशक्तिभिरुत्पाद्यमानं ज्ञानमपेक्ष्य प्रवर्त्तेते, अत एव भगवतां न ते, तदुक्तं–

'[1]सुक्खं वा पुण दुःखं केवलनाणिस्स णत्थि देहगदं ।
जम्हा अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं ॥ [प्रवचनसार–१/२०] त्ति । अत्रोच्यते–

**णय सुक्खं दुक्खं वा देहगयं इंदिउब्भवं सव्वं ।**
**अन्नाणमोहकज्जे पमाणसिद्धे हु संकोए ॥९२॥**

( न च सुखं दुःखं वा देहगतमिन्द्रियोद्भवं सर्वं । अज्ञानमोहकार्ये प्रमाणसिद्धे खलु सङ्कोचे ॥९२॥ )

भगवतां हि भावेन्द्रियाभावे रतिरूपं (ऐन्द्रियकरूपं) सुखमज्ञानारतिजन्यं च दुःखं मा भूत्, शरीरेण सहानिष्टविषयसंपर्कजन्यस्य औदर्यज्वलनोपतापजन्यस्य च दुःखस्य को विरोधः ? परोक्षज्ञानहेत्विन्द्रियमैत्रीप्रवृत्तिहेतुकतृष्णाव्याधिसात्म्यस्थानीय एव रम्यविषयसंसर्ग

**પૂર્વપક્ષ** :–સુખ બે પ્રકારનું છે–ઐન્દ્રિયકઅને અતીન્દ્રિય. જ્યારે દુઃખ તો એક પ્રકારનું ઐન્દ્રિયક જ હોય છે. એમાં અમૂર્ત્ત એવી આત્મપરિણામ શક્તિઓ વડે ઉત્પન્ન થતું જ્ઞાન નિરાકુલ હોવાથી અતીન્દ્રિય સુખ રૂપ છે. તેમજ ઇષ્ટ કે અનિષ્ટ વિષયના સંયોગાદિના આલંબને મૂર્ત્ત એવી ક્ષયોપશમ શક્તિઓ વડે કરાએલ જ્ઞાન ને આશ્રીને જે સુખ કે દુઃખનો અનુભવ થાય છે તે અનુક્રમે ઐન્દ્રિયક સુખ અને ઐન્દ્રિયક દુઃખ કહેવાય છે. ક્ષાયિક ભાવને પામેલા કેવળીઓને ઇન્દ્રિયોનો ક્ષયોપશમ હયાત ન હોવાથી આ ઐન્દ્રિયક સુખ–દુઃખ હોતા નથી. કહ્યુ છે કે 'દેહગત=શારીરિક સુખ કે દુઃખ ઇન્દ્રિય દ્વારા થતા હોવાથી કેવળીઓને હોતા નથી કારણ કે તેઓ અતીન્દ્રિય=ક્ષાયોપશમિક એવા ઇન્દ્રિય-જ્ઞાનથી રહિત થયા હોય છે. તેથી તેઓના જ્ઞાન અને સુખ અતીન્દ્રિય જ હોય છે, એ જાણવું.'

આવા પૂર્વપક્ષનું સમાધાન કરતાં ગ્રન્થકાર કહે છે–

**[દુઃખ ઐન્દ્રિક જ હોય એવો નિયમ નથી–ઉત્તરપક્ષ]**

**ગાથાર્થ** :–સઘળા શારીરિક સુખો કે દુઃખો ઇન્દ્રિયદ્વારા જ ઉદ્‌ભવે છે એવો વાદીને અભિપ્રેત નિયમ વસ્તુઃ છે નહિ. નિયમ તો એવો છે કે જે સુખ–દુઃખ અજ્ઞાન કે મોહના કાર્યભૂત હોય તે ઇન્દ્રિયોથી જ ઉત્પન્ન થાય. તેથી બધા શારીરિક સુખ–દુઃખોને ઇન્દ્રિયોદ્‌ભૂત માનવાના નિયમમાં આવો સંકોચ કરવો પ્રમાણસિદ્ધ હોવાથી 'અતીન્દ્રિય= ઇન્દ્રિયજન્યજ્ઞાનરહિત કેવળીઓને કોઈ શારીરિક સુખ–દુઃખ હોતા નથી તેમજ ક્ષુધાદિ પણ હોતા નથી' એવું માનવું યુક્તિયુક્ત નથી.

१. सौख्यं वा पुनर्दुःखं केवलज्ञानिनो नास्ति देहगतम् । यस्मादतीन्द्रियत्वं जातं तस्मात्तु तज्ज्ञेयम् ॥

इति तज्जन्यसुखाऽसंभवेऽपि तत्संभवात्, न हि दुःखकारणानि द्वेषद्वारैव दुःखं जनयन्त्यपि त्वाहत्येति । 'औदयिकसुखदुःखयाररतिरतितिरोभावेनैव प्रवृत्तिरिति चेत् ? हन्त तर्हि रत्यरतिभ्यां तयोरनतिरेके तज्जनककर्मणापि मोहेनैव भूयतां कृतमधिकेन, तथा च वृश्चिकभिया पलायमानस्याशीविषमुखे प्रवेशो । न च रतिनाशेनैव दुःखमिति नियमोऽपि, दुःखितदुःखे तथाऽदर्शनात्, तस्मात् स्वतन्त्रयोः सुखदुःखयोरेव न तन्नाशकत्वमपि तु तज्जन्यरत्यरत्योरेवेति

કેવળીઓને ભાવેન્દ્રિયોનો અભાવ થયો હોવાથી ઇન્દ્રિય દ્વારા વિષયસેવનથી થતું રતિસુખ (ઐન્દ્રિયક સુખ) અને અજ્ઞાનઅરતિજન્ય ઐન્દ્રિયક દુઃખ ભલે ન હોય, તો પણ કંટકાદિરૂપ અનિષ્ટ પદાર્થના સંપર્કથી થતું તેમજ જઠરાગ્નિના ઉપતાપના કારણે થતું શારીરિક દુઃખ હોવામાં શું વાંધો છે ? તાત્પર્ય એ છે કે–મત્યાદિ પરોક્ષજ્ઞાન કરવામાં ઇન્દ્રિયો સહાયક બનતી હોવાથી જીવને તેઓની સાથે મૈત્રી બંધાય છે. અને તેથી એને ખુશ રાખવી જીવને ગમે છે. તદુપરાંત અનાદિકાળથી ઇન્દ્રિયોમાં વારંવાર પ્રવૃત્તિ કરી હોવાથી પુનઃ પુનઃ એ પ્રવૃત્તિ કરવાની ટેવ પડે છે. આ બન્નેથી ઇન્દ્રિયોને પુનઃ પુનઃ પ્રવર્ત્તાવવાની તીવ્ર અભિલાષા રૂપ તૃષ્ણાત્મક વ્યાધિ પ્રવર્તે છે. આ વ્યાધિના દુઃખને રમ્ય વિષયોનો સંસર્ગ (તત્કાળપૂરતું) ઉપશાંત કરે છે અને તેથી એ સંસર્ગથી સુખનો અનુભવ થાય છે. કેવળીઓને તેવી તૃષ્ણારૂપ વ્યાધિ જ ન હોવાથી રમ્યવિષયસંસર્ગથી સુખાનુભવ સંભવિત ન હોવા છતાં વેદનીયોદયજન્ય કંટકાદિ સ્પર્શ કે ભૂખાદિનું દુઃખ તો સંભવિત છે જ...

**પ્રશ્ન**:–કેવળીઓને તેઓ વીતમોહ હોવાથી દુઃખકારણ ઉપર દ્વેષ હોતો નથી તો પછી એ દુઃખના કારણોનો સ્પર્શ દુઃખરૂપ શી રીતે લાગે ?

**ઉત્તર** :–દુઃખના કારણો દ્વેષોત્પાદ દ્વારા જ દુઃખ ને ઉત્પન્ન કરે એવો નિયમ નથી, કિન્તુ સાક્ષાત્ જ દુઃખાનુભવ કરાવે છે. તેથી વીતમોહકેવળીઓને પણ દુઃખાનુભવ કરાવે જ છે.

### [અરતિ–રતિના તિરોભાવ વિના ઔદાયિક સુખ–દુઃખ ન હોય–પૂર્વપક્ષ]

**પ્રશ્ન** :–ભૂખ–તૃષ્ણા વગેરેથી ઊભી થએલ અરતિના તિરોભાવથી જ ઔદાયિક સુખ પ્રવર્તે છે તેમજ ઇષ્ટવિષયસંપર્કાદિથી થએલ રતિના તિરોભાવથી જ ઔદયિક દુઃખ પ્રવર્તે છે કેવળીઓને તો મોહક્ષય થયો હોવાથી રતિ–અરતિ જ રહ્યા ન હોવાના કારણે તે બેના તિરોભાવનો સંભવ જ રહ્યો નથી. તો પછી તેઓને ઔદયિક સુખ–દુઃખ શી રીતે પ્રવર્તે ?

### [વેદનીયકર્મ નિરર્થક થવાની આપત્તિ–ઉત્તરપક્ષ]

**ઉત્તર** :–આનો અર્થ એ થયો કે ઔદયિક સુખ રતિથી અને ઔદયિક દુઃખ અરતિથી અભિન્ન છે કારણ કે અરતિના અભાવે જે ઔદયિક ભાવ પ્રવર્ત્તે છે એ જ

युक्तमुत्पश्यामः । अपि च सातासातयोरौदयिकयोः केवलिनामनभ्युपगमे तीर्थकरनामकर्मापि विफलं प्रसज्येत । अथ जीवविपाकतया यावज्जीवगतमेव सुखं जनयति न तु देहगतमिति चेत् ? न, चेतनधर्मत्वेन तस्य देहगतत्वाऽसिद्धेः । 'देहानपेक्षत्वमेव तदर्थ इति चेत् ? न तस्यापि भगवद्देहापेक्षत्वात्, 'इन्द्रियविषयसंयोगानपेक्षत्वं तदर्थ' इति चेत् ? तदनपेक्षस्य तं विनोत्पत्तिं कः प्रतिषेधति ? न चौदयिकत्वमैन्द्रियकत्वव्याप्तमस्ति ॥९२॥

---

રતિ છે અને એમ રતિના અભાવે જે ઔદયિક ભાવ પ્રવર્ત્તે છે એ જ અરતિ છે. [રતિમોહનીય અને અરતિમોહનીય પ્રકૃતિઓ પરાવર્ત્તમાન હોવાથી એક દબાય તો જ બીજી પ્રવર્ત્તે છે અથવા એક પ્રવર્ત્તે તો બીજી અવશ્ય દબાય જ છે.] આમ ઔદયિક સુખ-દુઃખ રતિ-અરતિરૂપ જ થઈ જવામાં તો તેઓના જનક તરીકે પણ મોહનીય કર્મને જ માનવું પડવાથી વેદનીય કર્મને પૃથગ્ માનવાનું રહેશે નહિ. આમ કેવળીઓને ક્ષુધા વિગેરે વેદના માની લેવાની આપત્તિરૂપ વીંછીના ભયથી 'રતિ-અરતિના અભાવમાં ઔદયિક સુખ-દુઃખ હોય જ નહિ' એવું માનવા રૂપ ભાગવાની ક્રિયા કરવા જતાં તમારો 'વેદનીયકર્મ જ ન માનવા રૂપ સ્પષ્ટ સિદ્ધાન્ત બાધ આવી પડવાથી આશીવિષસર્પના મુખમાં પ્રવેશ થઇ જવા જેવું થયું. વળી રતિનો નાશ કરવા દ્વારા જ દુઃખ પ્રવર્ત્તે (અર્થાત્ દુઃખ રતિનો નાશ કરે જ) એવો નિયમ પણ નથી, કારણકે જે પહેલેથી દુઃખી છે તેને રતિ ન હોવાના કારણે જ રતિનાશ પણ અસંભવિત હોવા છતાં અધિક દુઃખ પ્રવર્ત્તે જ છે. તેથી જ સ્વતંત્ર રીતે (નહિ કે રતિ-અરતિને દબાવવા દ્વારા) ઉત્પન્ન થતાં સુખદુઃખ જ અરતિ-રતિના નાશક છે એવું પણ નથી પરંતુ તે સુખદુઃખજન્ય રતિ-અરતિ જ અરતિ-રતિના નાશક છે એવું માનવું યુક્ત લાગે છે.

## [તીર્થંકરનામકર્મ પણ નિષ્ફળ થવાની આપત્તિ]

વળી કેવળીઓને ઔદયિક સુખદુઃખ ન માનવામાં તો તીર્થંકરનામકર્મ પણ નિષ્ફળ થવાની આપત્તિ આવશે કારણકે એ પણ અષ્ટ પ્રાતિહાર્યાદિની શોભા વગેરે રૂપ સુખ આપવાનું સ્વકાર્ય કરી શકશે નહિ.

**પૂર્વપક્ષ** :–તીર્થંકરનામ કર્મ તો જીવવિપાકી હોવાથી જીવમાં જ પોતાના વિપાકભૂત સુખને ઉત્પન્ન કરે છે, દેહગત સુખને નહિ. તેથી કેવળી અવસ્થામાં પણ તેવા આત્મગત સુખને વિરોધ ન હોવાથી જિનનામકર્મ નિષ્ફળ થવાની આપત્તિ નથી.

## [ કોઈ પણ સુખ આત્મગત જ હોય ]

**ઉત્તરપક્ષ** :–એમ તો કોઈપણ સુખ જીવનો જ ધર્મ હોવાથી આત્મગત જ હોય છે, દેહગત નહિ. તેથી દેહગત સુખ જ અસિદ્ધ હોવાથી 'જિનનામકર્મ આત્મગત સુખને ઉત્પન્ન કરે છે, દેહગતસુખને નહિ' એમ કહેવું જ અયુક્ત થઈ જશે.

**પૂર્વપક્ષ** :–દેહગતત્વ='દેહમાં ઉત્પન્ન થવું તે' એવું અમે કહેવા માંગતા નથી કે જેથી સુખ ચેતનધર્મ હોવાથી તેમાં દેહગતત્વ અનુપપન્ન થવાની આપત્તિ આવે.

एवं चाज्ञानारतिजन्यदुःखाभावादसातवेदनीयोदयजन्यमेव भगवतां दुःखमवशिष्यत इति तदल्पत्वप्रवादः संगच्छत इत्यनुशास्ति—

**एत्तोच्चिय बहुदुक्खक्खएण तेसिं छुहाइवेअणियं ।**
**णिंबरसलवुव्व पए अप्पंति भणंति समयविऊ ॥९३॥**

( अत एव बहुदुःखक्षयेण तेषां क्षुधादिवेदनीयम् । निम्बरसलव इव पयसि अल्पमिति भणन्ति समयविदः ॥९३॥)

પણ દેહની અપેક્ષા રાખીને ઉત્પન્ન થવું એને જ અમે દેહગતત્વ કહીએ છીએ. તેથી વિષયસેવનાદિજન્ય સુખ દેહાપેક્ષ હોવાથી દેહગત તરીકે સિદ્ધ જ છે. અને તેથી 'જિનનામકર્મજન્ય સુખ દેહાપેક્ષ ન હોવાથી દેહગત નથી, જીવગત જ છે' એવું કથન અયુક્ત નથી.

**ઉત્તરપક્ષ** :–એ વાત પણ બરાબર નથી. જિનનામકર્મજન્ય સુખ પણ ભગવદ્દેહને સાપેક્ષ જ ઉત્પન્ન થતું હોવાથી દેહગત જ છે. તેથી તમારા મતે કેવળીઓને એ સુખ પણ અસંભવિત જ બનશે.

**પૂર્વપક્ષ** :–'ઈન્દ્રિય અને વિષયના સંયોગથી નિરપેક્ષ રહીને જે સુખ ઉત્પન્ન થાય તે જીવગત કહેવાય અને સાપેક્ષ રીતે જે સુખ ઉત્પન્ન થાય તે દેહગત કહેવાય' એવી પરિભાષા કરવાથી એ અસંભવિત રહેશે નહિ.

**[ ઔદયિક સુખ–દુઃખ ઐન્દ્રિયક જ હોવાની વ્યાપ્તિ નથી ]**

**ઉત્તરપક્ષ** :–ઈન્દ્રિય–વિષય સંયોગ નિરપેક્ષ એવું જિનનામકર્મજન્ય સુખ કેવળીઓને ઇન્દ્રિય વિના પણ ઉત્પન્ન થઈ શકે છે એ વાતનો અમે પણ ક્યાં નિષેધ કરીએ છીએ ? પણ એ જ રીતે ઇન્દ્રિયના વિષયના સંયોગને નિરપેક્ષ એવા કંટકાદિસંપર્કજન્ય દુઃખો તેમજ ક્ષુધાદિ દુઃખો પણ કેવળીઓને સંભવી શકે છે એમ તમારે માનવું જ પડશે. ઔદયિક સુખ દુઃખ ઐન્દ્રિયક જ હોય એવી કંઈ વ્યાપ્તિ નથી કે જેથી ઇન્દ્રિયાભાવ હોવાથી કેવળીઓને ક્ષુધાદિરૂપ ઔદયિક દુઃખ ન જ હોય એમ કહી શકાય. ॥૯૨॥

**[ ક્ષુધાદિ દુઃખ હોવામાં જ દુઃખાલ્પત્વપ્રવાદ સંગત ]**

આમ અજ્ઞાન–અરતિથી થતાં દુઃખોનો અભાવ થયો હોવાથી કેવળીઓને અશાતાવેદનીયોદયજન્ય જ દુઃખ બાકી રહ્યું હોવાના કારણે 'કેવળીઓને દુઃખ અત્યંત અલ્પ હોય છે' એવો પ્રવાદ સંગત થાય છે એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–આથી જ = અરતિ–અજ્ઞાનજન્ય દુઃખનો અભાવ થયો હોવા છતાં વેદનીયોદયજન્ય દુઃખ હાજર હોવાથી જ બહુ દુઃખક્ષય થયો હોવાના કારણે તેઓનું = કેવળીઓનું ક્ષુધાદિવેદનીયજન્ય દુઃખ દૂધના ઘડામાં લીમડાના રસના બિંદુ જેવું હોય છે એમ શાસ્ત્રજ્ઞ મહાત્માઓ કહે છે.

इत्थं च नासुखदा इत्यत्र नञ् ईषदर्थे 'अलवणा यवागूः' इत्यत्रेव द्रष्टव्यः । अथ क्षुद्वेदनापि महतीति प्रसिद्धं, सुखमपि च तेषां महदिति कथमुभयमुपपद्यते ? इति चेत् ? 'तटाको महान्, समुद्रश्च महान्' इतिवद्विवक्षाभेदादिति गृहाण, अन्यथा भावितात्मनामपि विशिष्टसुखानुपपत्तेरिति दिग् ॥९३॥

न चैतादृशमल्पमपि दुःखं भगवतां कवलाहारानौपयिकमित्यनुशास्ति—

**ण य तं कवलाजोग्गं वेअणिअं अगणिमंदयाभावा ।**
**ण य दड्ढरज्जुकप्पं वेअणिअं हंदि सुअसिद्धं ॥९४॥**

(न च तत्कवलायोग्यं वेदनीयं अग्निमन्दताऽभावात् । न च दग्धरज्जुकल्पं वेदनीयं हन्दि श्रुतसिद्धम् ॥९४॥

न खल्वल्पदुःखदं वेदनीयमिति प्रक्षेपाहाराऽसमर्थम्, तत्तदल्पताया आर्त्तध्यानादिप्रतिपन्थित्वेऽपि तदप्रतिपन्थित्वात्, न खल्वेषौदर्यज्वलनज्वालां विरुणद्धीति क्वचन सिद्धमस्ति ।

---

### [ 'અસુખદા'માં નઞ્ અલ્પતાસૂચક છે ]

આમ વેદનીયોદયજન્ય દુઃખ હાજર જ હોવાથી આવશ્યક નિર્યુક્તિમાં જે કહ્યું છે કે 'તેઓને અશુભપ્રકૃતિઓ અસુખદા હોતી નથી' તેમાં નઞ્પ્રયોગ, અલ્પમીઠાવાળી રાબ (કાંજી)ને ઉદ્દેશીને જે વાક્ય પ્રયોગ થાય છે કે 'આમાં તો મીઠું જ નથી' તે પ્રયોગની જેમ અલ્પતાસૂચક જાણવો.

**શંકા** :– ભૂખની વેદના જેવી તો કોઈ વેદના નથી એ વાત પ્રસિદ્ધ છે. તેથી એ જો હાજર હોય તો કેવળીઓને એ મહાન્ દુઃખ પણ હોય છે અને મહાન્ સુખ પણ હોય છે એ ઉભય શી રીતે સંગત બને ?

**સમાધાન** :–'તળાવ મોટું છે અને સમુદ્ર પણ મોટો છે' એ વાત જેમ વિવક્ષા ભેદથી ઉપપન્ન છે એ જ રીતે એ ઉભય પણ વિવક્ષા ભેદથી કહેવાતા હોવાથી સંગત જાણવા. નહિતર તો જેઓએ આત્માને ખૂબ ભાવિત કર્યો છે તેઓને પણ ભૂખનું દુઃખ તો ઊભું થતું જ હોવાથી ઉપશમાદિનું વિશિષ્ટ સુખ માની શકાશે નહિ. ॥૯૩॥

### [ અલ્પ દુઃખ પણ કવલાહાર પ્રયોજક ]

૯૪ માં શ્લોકમાં ગ્રન્થકાર પ્રતિપક્ષીઓને શિખામણ આપતા કહે છે કે–આ અલ્પ દુઃખ પણ કંઇ એટલું બધું અલ્પ હોતું નથી કે જેથી કવલાહાર વિના પણ એ શમી જાય. અર્થાત્ "કવલાહાર તે દુઃખના પણ વારણ માટેના ઉપાયભૂત નથી તેથી આવશ્યક ન હોવાના કારણે કેવળીઓને હોતો નથી" એવું પણ કહી શકાય એમ નથી.

**ગાથાર્થ** :–'કેવળીનું વેદનીયકર્મ કવલાહાર યોગ્ય નથી એટલે કે કવલાહારની જરૂર પડે એવી ભૂખ લગાડતું નથી' એમ કહેવું નહિ કારણકે આહારપર્યાપ્તિનામકર્મ અને વેદનીયકર્મ રૂપ બન્ને કારણો હાજર હોવાથી જઠરાગ્નિ પ્રજ્વલિત થતો હોવાના કારણે અગ્નિની મંદતા હોતી નથી. વળી 'તેઓને વેદનીયકર્મ દગ્ધરજ્જુ જેવું હોવાથી બાધા પહોંચાડી શકતું નથી' એવું પણ કહેવું નહિ કારણકે એ વાત આગમસિદ્ધ નથી.

अथ भगवतां वेदनीयं दग्धरज्जुस्थानिकमित्यनादिप्रवादप्रसिद्धमस्ति, न च तादृशमपि जठराग्निप्रज्वालनायालमिति कथं कवलाहारयोग्यं ? इति चेत् ? न, तद्दग्धरज्जुस्थानिकत्वप्रवादस्याऽप्रामाणिकत्वात्, तदुक्तं सूत्रकृताङ्गवृत्तौ–यदपि दग्धरज्जुस्थानिकत्वमुच्यते वेदनीयस्य तदप्यनागमिकमयौक्तिकं च। आगमे ह्यत्यन्तोदयः सातस्य केवलिन्यभिधीयते । युक्तिरपि घातिकर्मक्षयाद् ज्ञानादयस्तस्याभूवन्, वेदनीयोद्भवायाः क्षुधः किमायातं येनासौ न भवति ! न तयोश्छायाऽऽतपयोरिव सहानवस्थानलक्षणो विरोधो, नापि भावाभावयोरिव परस्परपरिहारलक्षणः कश्चिद्विरोधोऽस्तीति, सातासातयोश्चान्तर्मुहूर्त्तपरिवर्त्तमानतया यथा सातोदय एवमसातोदयोऽपीत्यनन्तवीर्यत्वे सत्यपि शरीरबलापचयः क्षुद्वेदनीयोद्भवा पीडा च भवत्येव, न चाहारग्रहणे किञ्चित्क्षूयते केवलामाहोपुरुषिकामात्रमेवेति ।

---

### [વેદનીયના ઉદયમાં કવલાહાર અબાધિત]

અશાતા વેદનીયાદિ અશુભ પ્રકૃતિઓ અલ્પદુઃખદ હોય છે એવું જે કહ્યું છે એનો અર્થ કંઈ એવો નથી કે પ્રક્ષેપાહાર આવશ્યક બને એવી ભૂખ લગાડવામાં પણ એ અસમર્થ હોય છે. કારણ કે દુઃખની અલ્પતા આર્ત્તધ્યાનાદિને પ્રતિપંથી હોવા છતાં પ્રક્ષેપાહારને કંઈ પ્રતિપંથી નથી જ. દુઃખાલ્પતા ને પ્રબળ જઠરાગ્નિ સાથે વિરોધ છે એવી વાત ક્યાંય સિદ્ધ નથી કે જેથી તેની હાજરીના કારણે પ્રબળજઠરાગ્નિ જ ન હોવાથી પ્રક્ષેપાહાર પણ હોતો નથી એવું માની શકાય.

### [વેદનીય કર્મ દગ્ધરજ્જુસ્થાનિક હોવાનો પ્રવાદ અને તેની અપ્રમાણિકતા]

**પૂર્વપક્ષ** :–કેવળીઓને વેદનીય કર્મ બળેલા દોરડા જેવું હોય છે–અર્થાત્ જેમ દગ્ધરજ્જુ બંધનાદિ રૂપ સ્વકાર્ય કરવામાં સમર્થ હોતું નથી તેમ કેવળીઓનું વેદનીયકર્મ પણ પ્રબળભૂખાદિ લગાડવારૂપ સ્વકાર્ય કરવામાં અસમર્થ હોય છે એવું અનાદિકાલીન પ્રવાદથી સિદ્ધ છે. તેથી દગ્ધરજ્જુ જેવું તે પ્રબળજઠરાગ્નિને ઉત્પન્ન કરવામાં સમર્થ જ ન હોવાથી કવલાહારને યોગ્ય શી રીતે બને ?

**ઉત્તરપક્ષ** :–દગ્ધરજ્જુ સ્થાનીય પ્રવાદ અપ્રમાણિક હોવાથી કેવલીઓને વેદનીયકર્મ કવલાહાર યોગ્ય હોય શકે છે. **શ્રીસૂત્રકૃતાંગની વૃત્તિ**માં કહ્યુ છે કે–'વેદનીયકર્મ દગ્ધરજ્જુ જેવું હોય છે' એ કથન પણ અનાગમિક અને અયૌક્તિક છે. કારણકે આગમમાં તો કેવળીઓને શાતાનો અત્યન્ત ઉદય કહ્યો છે. ઘાતીકર્મોના ક્ષયથી તો જ્ઞાનાદિ ઉત્પન્ન થાય, તેમાં વેદનીયજન્ય ભૂખને શું લાગે વળગે ? કે જેથી એ પલાયન થઈ જાય ! જેમ છાયા અને તડકાનો એક સાથે એકત્ર ન રહેવા રૂપ સહાનવસ્થાન વિરોધ છે અથવા જેમ ભાવ અને અભાવનો પરસ્પર પરિહાર રૂપ વિરોધ છે તેવો કેવલજ્ઞાન અને ભૂખને કંઈ વિરોધ નથી. વળી શાતા–અશાતાવેદનીયકર્મ અંતર્મુહૂર્ત્ત–અંતર્મુહૂર્ત્તે પરાવર્ત્તન પામતા હોવાથી જેમ શાતાનો ઉદય કેવળીઓને હોય છે તેમ

यत्तु "[1]पञ्चाशीतिर्जरद्वस्त्रप्रायाः शेषाः सयोगिनि' इति गुणस्थानक्रमारोहे [८२] निजगदे तदपि क्षिप्रक्षपणयोग्यत्वाद्यभिप्रायेण, सत्ताप्रकृतीनामन्यथात्वासम्भवात् । एतेन 'अत एव दग्धरज्जुकल्पेन भवोपग्राहिणाल्पेनापि सता केवलिनोऽपि न मुक्तिमासादयेयुः' इत्यावश्यकवृत्त्युक्तमपि व्याख्यातं, भवोपग्राहित्वाल्पत्वविशेषणाभ्यां तस्योक्तार्थपर्यवसानात् । यदपि 'पापप्रकृतीनामपूर्वकरणे रसघातादेव केवलिनां न तथाविधोऽसातोदयो, मोहसापेक्षप्रकृतीनां स्थितिघातेऽवश्यं रसघातादयोऽन्यथा पराघातनामकर्मोदयात् केवली पराहननाद्यपि कुर्यात् । पुण्यप्रकृतयस्तु विशुद्धिप्रकर्षात् पीनविपाकाः कृता इति तद्विपाकप्राबल्यमेव तत्र' इति प्रमेयकमलमार्त्तण्डाभिप्रायमनुसृत्य केनचिदूचे तदपि दुराग्रहपारवश्यविजृम्भितं, रसघाताद्रसस्येव स्थितिघातात् स्थितेरप्युच्छेदप्रसङ्गात् । तथाविधस्थितौ च व्यवस्थितायां तथाविधरसः किं त्वत्पाणिपिधेयः ?

---

અશાતાનો પણ ઉદય હોય જ છે. તેથી કેવળીઓને અનંતવીર્ય વિદ્યમાન હોવા છતાં આહારાદિના અભાવમાં શરીરબળની હાનિ તેમજ ક્ષુધાવેદનીયોદયજન્ય પીડા પણ હોય જ છે. તેમ જ આહારગ્રહણ કરવામાં તેઓના અનંતજ્ઞાનાદિને કંઇ હાનિ પહોંચતી નથી કે જેના કારણે આહાર ગ્રહણ હોતું નથી એવું માનવાની જરૂર પડે.

### [ જરદ્વસ્ત્રપ્રાયત્વ કથનનું ખરું તાત્પર્ય ]

વળી **ગુણસ્થાન ક્રમારોહ**માં પણ જે કહ્યું છે કે 'સયોગીકેવળી ગુણસ્થાનકે જીર્ણવસ્ત્ર જેવી ૮૫ પ્રકૃતિઓ શેષ રહી હોય છે' તે પણ એ જ ભવમાં ખપી જવાની હોવાથી જલ્દીથી નિર્જરી શકાવાની યોગ્યતાવાળી હોવાના અભિપ્રાયથી જાણવી, રસવિનાની હોય છે એવા અભિપ્રાયથી નહિ, કારણકે સત્તામાં અન્યથાત્વ=રસવિનાનું હોવાપણું અસંભવિત છે. ઉલ્ટું જિનનામકર્માદિનો તો પ્રબળ રસોદય જ તેઓને પણ કહ્યો હોવાથી સત્તામાં પણ તે પ્રકૃતિઓને તીવ્ર રસવાળી જ માનવી પડે. વળી આનાથી જ 'તેથી જ અલ્પ અને દગ્ધરજ્જુ જેવા પણ ભવોપગ્રાહી કર્મોની હાજરી હોવાથી કેવળીઓ મુક્તિને પામતા નથી' એવું આવશ્યકવૃત્તિમાં જે કહ્યું છે તેની પણ સંગતિ જાણી લેવી કારણકે ભવોપગ્રાહિત્વ અને અલ્પત્વ વિશેષણથી ઉપરોક્ત અર્થ જ ફલિત થાય છે એટલે કે 'ભવોપગ્રાહિત્વ' વિશેષણ 'તેઓ રસવાળી હોય છે' એવું સૂચન કરે છે જ્યારે 'અલ્પત્વ' વિશેષણ અલ્પકાળમાં જ નિર્જરી શકાવાની યોગ્યતાને જણાવે છે. તેથી 'દગ્ધરજ્જુ જેવી' એવું પણ તેઓનું જે વિશેષણ કહ્યું છે તેનો અર્થ પણ 'દગ્ધરજ્જુની જેમ સ્વકાર્ય કરવામાં સમર્થ હોતી નથી એટલેકે રસહીન હોય છે' એવો કરી શકાતો નથી.

### [શ્રેણિમાં સંપૂર્ણ રસઘાત માનવામાં સંપૂર્ણ સ્થિતિઘાતની આપત્તિ]

"મોહસાપેક્ષપ્રકૃતિઓનો સ્થિતિઘાત થાય ત્યારે અવશ્ય રસઘાત થાય જ છે, જો રસઘાત થયો ન હોય તો તો પરાઘાત નામ કર્મના ઉદયથી કેવળીને બીજાઓને

---

१. अस्य पूर्वार्धं : एवं च क्षीणमोहान्ता त्रिषष्टिप्रकृतिस्थितिः ।

अथ क्षुज्जनको रसो हत एव भगवताऽऽकुलतामात्रं त्ववतिष्ठतामिति चेत् ? तदिदं निजवाङ्मात्रसिद्धम् । युक्त्या तु स्थितितुल्यतानुरोधेन क्षुज्जनकस्यैव तस्य सिद्धेः, पराघातोदयेन च स्वकार्यं क्रियत एव, परहननादिकं तु बुभुक्षादिवन्मोहायत्तमिति कथं तं विना भवेत् ? केचित्तु–

'मस्तकसूचिविनाशात् तालस्य यथा ध्रुवं भवति नाशः ।
तद्वत्कर्मविनाशोऽपि मोहनीये क्षयं नीते ॥ [प्रशमरति–२६६]

इति वाचकवचनमवलम्ब्य जिनकर्मणां हतवीर्यतया कार्याक्षमत्वं कल्पयन्तस्तद्बलेन क्षुत्तृष्णादीनामप्यारंभसंरंभसमारम्भवदौपचारिकत्वमात्रमुद्भावयन्ति, ते पुनरुक्तवृद्धवचनमनाद्रियमाणा दिगम्बरडिम्भा एव भवन्तः कर्मान्तरविपाकवैचित्र्यमपि कथं सहन्ताम् ? अपरेतूदीरणां

---

હણુવા વગેરેની ક્રિયાની હાજરી પણ માનવી પડે. તેથી અપૂર્વકરણમાં સ્થિતિઘાતની સાથે પાપ પ્રકૃતિઓનો રસઘાત પણ થઈ ગયો હોવાથી કેવળીઓને અશાતાનો તેવા પ્રકારનો ઉદય હોતો નથી. જ્યારે જિનનામાદિ પુણ્યપ્રકૃતિઓ તો વિશુદ્ધિનો પ્રકર્ષ હોવાના કારણે તીવ્રરસવાળી બનાવાએલી હોવાથી પ્રબળ વિપાકવાળી હોય છે" આવું કોઈએ **પ્રમેયકમલમાર્ત્તંડ**ના અભિપ્રાયને અનુસરીને જે કહ્યું છે તે પણ દુરાગ્રહની પરવશતાથી થએલ પ્રલાપ જેવું જાણવું, કારણકે રસઘાતથી જો સંપૂર્ણરસ હણાઇ જ ગયો હોય અને તેથી તેઓ એ પ્રકૃતિઓને રસહીન માનતા હોય તો તો એ રીતે સ્થિતિઘાતથી સ્થિતિનો પણ સર્વથા ઉચ્છેદ માનવો પડવાથી કેવળીઓને તે તે પ્રકૃતિઓની સત્તા પણ માની શકાશે નહિ.

**પૂર્વપક્ષ** :–સ્થિતિઘાતથી સ્થિતિ હણાઈ જતી હોવા છતાં કંઈ સર્વથા ઉચ્છેદ થઇ જાય એટલી બધી હણાઈ જતી નથી કે જેથી તે તે પ્રકૃતિઓની સત્તા જ હોતી નથી એવું માનવાની આપત્તિ આવે તેવી તેવી અલ્પસ્થિતિઓ તો હણાઇ ન હોવાથી હાજર રહે જ છે.

**ઉત્તરપક્ષ** :–તો પછી અલ્પરસ પણ શું તમારા હાથથી અટકાવાએલો છે કે જેથી કેવળી અવસ્થામાં હાજર રહી ન શકે ?

**પૂર્વપક્ષ** :–અપૂર્વકરણમાં અશાતવેદનીયનો ભૂખ લગાડી શકે એવો રસ તો હણાઇ જ ગયો હોય છે, માત્ર કંઈક આકુળતાને જ ઉત્પન્ન કરી શકે એવો જ અશાતાનો રસ શેષ રહ્યો હોય છે તેથી ક્ષુધાદિ કે કવલાહાર તો કેવળીઓને હોતા નથી.

**ઉત્તરપક્ષ** :–આ બધું ખાલી તમારા બોલવામાત્રથી જ સિદ્ધ થાય છે, યુક્તિથી સિદ્ધ થઈ શકતું નથી. યુક્તિથી તો જેટલા અંશની સ્થિતિ શેષ રહી હોય છે એને અનુસરીને તેવો રસ પણ શેષ રહ્યો હોય છે એવું જ સિદ્ધ થાય છે. આ રસ ક્ષુધાને ઉત્પન્ન કરવામાં સમર્થ હોય જ છે.

विना प्रचुरपुद्गलोपनिपाताभावाद्भगवदसातवेदनीयस्य दग्धरज्जुस्थानिकत्वमूचुः तद्दूषितमाचार्यैरेव, एवं सति सातवेदनीयस्यापि तथात्वप्रसङ्गात्, सम्यग्दृष्ट्याद्येकादशगुणस्थानेषु गुणश्रेणिसद्भावात्तदधिकपुद्गलोपसंहारादधिकपीडाप्रसङ्गाच्च । तस्मादनुभागविशेषादेव फलविशेष इति ध्येयम् ।

### [પરાઘાતાદિનો પણ સ્વકાર્યસમર્થ રસોદય]

**પૂર્વપક્ષ** :–પણ તો પછી, પરાઘાતાદિનો પણ તેવો રસ વિદ્યમાન માનવો પડશે અને તેથી કેવળીને પરહનનાદિ માનવાની આપત્તિ ઊભી જ રહેશે.

**ઉત્તરપક્ષ** :–પરાઘાતનો પણ રસોદય હોય જ છે તેમજ તે સ્વકાર્ય પણ કરે જ છે છતાં પરહનનાદિ તો બુભુક્ષાદિની જેમ મોહાધીન હોવાથી મોહ ન હોવાના કારણે હોતા નથી.

'જેમ તાડના મસ્તક ભાગમાં સોય જેવો જે ભાગ ઊગે છે તેનો નાશ થવાથી તાડનું ઝાડ પણ અવશ્ય વિનષ્ટ થઈ જાય છે તેમ મોહનીય કર્મનો ક્ષય થયે છતે શેષ કર્મોનો પણ નાશ થઈ જાય છે' એવાશ્રી ઉમાસ્વાતિ વાચકના વચનનું આલંબન લઈને કેટલાકો કેવળીઓના કર્મો શક્તિ હણાઈ ગઇ હોવાથી સ્વકાર્ય કરવામાં સમર્થ હોતા નથી એવી કલ્પના કરીને આરંભ–સંરંભ–સમારંભાદિની જેમ ક્ષુધા–તૃષ્ણાદિને પણ ઔપચારિક માને છે. પૂર્વાચાર્યોના વચનનો અનાદર કરતા એવા તે દિગંબર બચ્ચાઓ બીજા નામાદિ કર્મોના વિપાકની વિચિત્રતાને પણ શી રીતે માની શકશે? અર્થાત્ જિનનામાદિ પ્રકૃતિઓ પણ હતવીર્ય હોવાથી અષ્ટપ્રાતિહાર્યાદિની શોભા વગેરે પણ તેઓએ ઔપચારિક જ માનવી પડશે.

### [ઉદીરણા ન હોય તો ય વેદનીય કર્મનું સામર્થ્ય હોય]

"વેદનીય કર્મની ૬ ઠ્ઠા ગુણઠાણાથી ઉપર ઉદીરણા હોતી નથી તેથી કેવળીઓને પણ તેની ઉદીરણા ન હોવાના કારણે તે તે સમયે માત્ર ઉદયપ્રાપ્ત દલિકો જ ઉદયમાં આવતા હોવાથી (ઉદીરણાથી આવતાં દલિકોની પ્રાપ્તિ ન હોવાના કારણે) પ્રચુર પુદ્ગલોદય હોતો નથી. તેથી તેઓને અશાતાવેદનીય દગ્ધરજ્જુ જેવું હોય છે" આવું બીજાઓનું વચન પૂર્વાચાર્યોએ દૂષિત કરી જ દીધું છે કે આમ માનવામાં શાતા વેદનીયને પણ દગ્ધરજ્જુ જેવું માનવાની આપત્તિ આવશે કારણ કે એની પણ તેઓને ઉદીરણા હોતી નથી. વળી ઉદીરણા ન હોવાના કારણે જ એને દગ્ધરજ્જુ જેવું માનવામાં તો સાતમે ગુણઠાણે અપ્રમત્તયતિ આદિને પણ તે તેવું જ માનવાની આપત્તિ આવશે કારણ કે તેઓને પણ વેદનીયની ઉદીરણા હોતી નથી. વળી અલ્પ દલિકો ઉદય પામતાં હોય તો દગ્ધરજ્જુ જેવું (સ્વકાર્યમાં અસમર્થ) અને અધિક અધિક દલિકો ઉદય પામતાં હોય તો અધિક અધિક વિપાક દેખાડે એવું માનવામાં તો ૪ થી ૧૪ ગુણઠાણાઓમાં ગુણ-

परे पुनः प्रबलपुण्योदयाभिभूतत्वमेव पापप्रकृतीनां दग्धरज्जुस्थानिकत्वमनुमन्यन्ते तदप्यसत्, यतो बलवत्सजातीयसंवलनं ह्यभिभवो, बलवत्त्वं चात्र न स्वविपाकप्रतिपन्थ्यधिकतरविपाकत्वं, चक्रवर्त्यादीनामपि क्षुद्वेदनीयाद्यभिभवप्रसङ्गात् । नापि काष्ठाप्राप्तप्रकर्षविपाकवत्त्वं, पुण्यविपाकात्यन्तोत्कर्षस्य पापविपाकात्यन्तापकर्षेऽव्याप्तत्वात्, अन्यथा पापप्रकृतेरप्यत्यन्तापकर्षप्रसङ्गात्, तादृशाभिभवस्य तत्कार्याऽप्रतिपन्थित्वाच्च । एतेन 'देवानामपि पुण्याभिभूतं वेदनीयं नास्मदादिसाधारणक्षुधादिजनकं, देवाधिदेवानां तु कैव कथा ? इति पामरप्रलपितं परास्तम्, न खलु देवानां वेदनीयमभिभूतमित्येव विचित्रस्वकार्याऽक्षममपि तु तद्भवौपग्राहिकविचित्रादृष्टवशादौदर्यज्वलनविशेषाद्यनुपष्टम्भहेतुकमिति । एवं च 'तथाविधाहारपर्याप्तिर्वेदनीयं च क्षुत्तृड्जनकं, न त्वनभिभूतमपि तत्र प्रवेशनीयं, गौरवात्' इत्यपि वदन्ति ॥९४॥

શ્રેણિઓ હાજર હોવાથી ઉત્તરોત્તર સમયે અધિક અધિક પુદ્‌ગલો ઉદયમાં આવ્યા કરતાં હોવાથી અધિક અધિક પીડા માનવી પડે પણ હકીકતમાં એ હોતી નથી તેથી જણાય છે કે વિપાકની તીવ્રતા-મંદતા દલિકના જથ્થાને આશ્રીને નથી પણ અનુભાગની તીવ્રતા-મંદતાના કારણે જ છે તેથી અશાતાની ઉદીરણા ન હોવા છતાં ભૂખ વગેરે તો લાગે જ છે.

### [પ્રબળ પુણ્યોદયથી વેદનીયની દગ્ધરજ્જુતા ન મનાય]

બીજાઓ વળી પ્રબળ પુણ્યોદયથી પાપપ્રકૃતિઓ અભિભૂત થઈ હોવાથી દગ્ધરજ્જુ જેવી હોય છે એવું જે માને છે તે પણ અસત્ છે કારણ કે બળવાન્ સજાતીય વસ્તુમાં ભળી જવું એ જ અભિભવ કહેવાય છે. એમાં પોતાના વિપાકને વિરોધી અધિકતર વિપાક દેખાડનાર જે હોય તે બળવાન્ કહેવાય એવું અહીં લઇ શકાતું નથી કારણ કે એવી વ્યાખ્યા કરવામાં તો ચક્રવર્તી આદિને પણ પ્રબળપુણ્યોદય હોવાથી તેનાથી અશાતાવેદનીયાદિને અભિભૂત માનવાની આપત્તિ આવશે.

'પરાકાષ્ઠાએ પહોંચેલા વિપાકને દેખાડવાપણું જ બળવત્ત્વ છે, ચક્રવર્ત્યાદિને કંઈ શાતાવેદનીયાદિ પરાકાષ્ઠાનો વિપાક દેખાડનાર હોતા નથી કે જેથી એમાં બળવત્ત્વ આવવાના કારણે એ આશાતાવેદનીયનો અભિભવ કરી શકે' એમ કહેવું પણ શક્ય નથી કારણ કે પુણ્યવિપાકનો અત્યન્ત પ્રકર્ષ હોય ત્યારે ત્યારે પાપવિપાકનો અત્યન્ત અપકર્ષ હોય અને તેથી એ અભિભૂત હોય એવી વ્યાપ્તિ નથી. જો એવું હોય તો તો પાપ વિપાકનો અત્યંત અપકર્ષ હોવાના કારણે તેની કારણભૂત પાપ પ્રકૃતિઓનો પણ અત્યંત અપકર્ષ માનવાની આપત્તિ આવશે. વળી પોતાના વિપાકને પ્રતિપંથીવિપાકનો પ્રકર્ષ હોવાથી થએલો પોતાનો અભિભવ કંઈ પોતાના કાર્યને પ્રતિપંથી હોતો નથી. અર્થાત્ પોતાનું કાર્ય ન કરવા દે એવો હોતો નથી. તેથી ક્ષુધાદિવેદનીયનો તેવો અભિભવ થતો હોય તો પણ ભૂખ લગાડવા વગેરે રૂપ સ્વકાર્ય તો એ કરી જ શકે છે.

नन्वास्तामन्यत्, केवलज्ञानमेवौदर्यज्वलनोपतापप्रतिबन्धकमस्त्वित्याशङ्कायामाह—

ण य केवलनाणाई छुहाइपडिबंधगं जिणिंदस्स ।
दाहस्सिव मंताई इय जुत्तं तंतजुत्तीए ॥९५॥

(न च केवलज्ञानादि क्षुधादिप्रतिबन्धकं जिनेन्द्रस्य । दाहस्येव मन्त्रादीतियुक्तं तन्त्रयुक्त्या ॥९५॥)

## [દેવોને કવલાહાર કેમ નહીં?–પ્રશ્નોત્તર]

કેટલાક પામરોનું એમ કહેવું છે કે 'દેવોને પણ વેદનીય કર્મ પુણ્યથી અભિભૂત થયું હોવાના કારણે આપણા જેવી કવલાહાર યોગ્ય ભૂખ લગાડવામાં સમર્થ હોતું નથી તો પ્રબળપુણ્યોદયના સ્વામી દેવાધિદેવનું વેદનીયકર્મ તો શી રીતે સમર્થ હોઇ શકે? પણ આવો પામરોનો પ્રલાપ પૂર્વોક્ત યુક્તિથી નિરસ્ત જાણવો. દેવોને વેદનીયકર્મ અભિભૂત થયું હોય છે એટલા માત્રથી કંઈ કવલાહારયોગ્ય ભૂખ લગાડવારૂપ વિચિત્ર સ્વકાર્ય કરવામાં અસમર્થ છે એવું નથી, પણ તે ભવની સાથે જ ઉદયમાં આવતાં વિચિત્ર અદૃષ્ટના કારણે વિશેષ પ્રકારનો જઠરાગ્નિ પ્રદીપ્ત કરવામાં ઉપષ્ટંભહેતુ બની શકતું ન હોવાના કારણે કવલાહારયોગ્ય ભૂખ લગાડવામાં અસમર્થ હોય છે. તેથી ક્ષુધાતૃષાના જનક તરીકે તેવા પ્રકારની આહારપર્યાપ્તિ અને વેદનીય કર્મને જ માનવા યુક્ત છે, વેદનીય–કર્મને 'અનભિભૂત' એવું વિશેષણ જોડવાની જરૂર નથી અર્થાત્ તથાવિધ આહારપર્યાપ્તિ અને અનભિભૂત વેદનીય કર્મ ક્ષુધા–તૃષાજનક છે એવું માનવાની જરૂર નથી કારણ કે એમાં ગૌરવ છે એવું પણ કેટલાક આચાર્યભગવંતો કહે છે. ॥૯૪॥

બીજી વાત જવા દો, કેવલજ્ઞાનને જ જઠરાગ્નિને પ્રદીપ્ત કરવામાં વેદનીયકર્મનું પ્રતિબંધક માની લ્યો ને? આવી કોઇની શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–જેમ મંત્રાદિ દાહનો પ્રતિબંધ કરે છે એમ શ્રી જિનેન્દ્રોને કેવલજ્ઞાનાદિ જ ક્ષુધાદિનો પ્રતિબંધ કરે છે એવું માનવું પણ આગમયુક્તિથી યુક્ત લાગતું નથી.

હથેલી અને અગ્નિનો સંયોગ હોવા છતાં જેમ મંત્રાદિથી દાહનો પ્રતિબંધ થાય છે તેમ વેદનીયોદયની હાજરીમાં કેવલજ્ઞાનાદિથી ક્ષુધાદિનો પ્રતિબંધ થાય છે એવું તો ક્યાંય જોયું નથી કે જેથી મંત્રાદિ જેમ દાહપ્રતિબંધક તરીકે સિદ્ધ થાય છે તેમ કેવલજ્ઞાન પણ ક્ષુધાદિપ્રતિબંધક તરીકે સિદ્ધ થાય; વળી જે વસ્તુ દેખી શકાતી નથી તેની આગમાદિ વિના સિદ્ધિ થઈ શકતી નથી તેથી કેવલજ્ઞાનમાં માનેલ અદૃષ્ટ એવું ક્ષુધાદિનું પ્રતિબંધકત્વ સિદ્ધ કરવા પણ આગમાદિની જરૂર પડશે. પણ તેવું પ્રતિબંધકત્વ જણાવનાર કોઇ આગમવચનાદિ છે નહિ કે જેનાથી એ સિદ્ધ થાય.

**પૂર્વપક્ષ** :–અમુકપ્રકારની ઔષધિ લેવામાં આવે તો ભૂખ લાગતી નથી, અર્થાત્ ભૂખ પ્રતિબંધિત થઈ જાય છે એવું જોવા મળે છે. તો પછી કેવળજ્ઞાનમાં પણ એવું ભૂખ પ્રતિબંધકત્વ કેમ ન માનવું?

न खलु करतलानलसंयोगादिसत्त्वेऽपि मन्त्रादिना दाहप्रतिबन्ध इव वेदनीयोदयादिसत्त्वेऽपि केवलज्ञानादिना क्षुदादिप्रतिबन्धो दृष्टोऽस्ति येन मन्त्रादेर्दाहप्रतिबन्धकत्वमिव तस्य तत्प्रतिबन्धकत्वं सिद्धिसौधमध्यासीत । न चादृष्टार्थस्यागमादिपरिग्रहं विना सिद्धिर्नाम । अथौषधिविशेषस्यापि क्षुत्प्रतिबन्धकत्वं दृश्यत इति केवलज्ञानस्य कथं न तथात्वं ? इति चेत् ? अवधिज्ञानादेरिव गृहाण ; कथमेतदेवं ? इति चेत् ? औषधपुद्गलादीनामौदर्यज्वलनाभिभावकबलकान्त्याद्यनुकूलपरिणामविशेषनियामकशक्तिमत्त्वात्, ज्ञानादेश्चाऽतथाभावात्, अप्रामाणिकप्रतिबन्धकत्वकल्पने चानन्तेषु तत्कल्पने गौरवं, मोहक्षयत्वादिना प्रतिबन्धकत्वे च तदभावत्वेन तत्रकारणत्वप्रसङ्गः । एतेन 'अनन्तप्रतिबन्धकानामन्यतमत्वेनैक एवाभावः कारणमित्यपि निरस्तं' अनभ्युपगमात्, उदासीनप्रवेशाऽप्रवेशाभ्यां विनिगमनाविरहप्रसङ्गाच्च । अथ सर्वलब्धिसंपन्नानां भगवतां क्षुदादिप्रतिबन्धकलब्ध्यापि भवितव्यमिति चेत् ? न, एतस्य श्रद्धामात्रशरणत्वात्, वस्तुतो वेदनीयकर्मक्षयजन्यलब्धेरेव तादृशत्वादिति दिग् ॥९५॥

**ઉત્તરપક્ષ** :–જેમ અવધિજ્ઞાનાદિ પણ અતિશયિતજ્ઞાનાદિ રૂપ હોવા છતાં ક્ષુધાદિપ્રતિબંધક નથી તેમ કેવલજ્ઞાનને પણ શી રીતે પ્રતિબંધક મનાય ?

**પૂર્વપક્ષ** :–અવધિજ્ઞાનાદિ પણ ક્ષુધાદિપ્રતિબંધક કેમ નથી ?

**ઉત્તરપક્ષ** :–ઔષધપુદ્ગલાદિમાં તો એવી શક્તિ હોય છે કે જે ઉદરાગ્નિને અભિભૂત કરી દે અને છતાં બળ–કાન્તિ વગેરેના અનુકૂળ પરિણામ વિશેષને જાળવી રાખે છે. જ્ઞાનાદિમાં આવી કોઇ શક્તિ ન હોવાથી ઔષધિનું દૃષ્ટાન્ત લઇ પ્રતિબંધકત્વ કલ્પી શકાય નહિ. આમ કેવલજ્ઞાનમાં પ્રતિબંધકત્વ માનવામાં કોઈ પ્રમાણ મળતું નથી અને છતાં એ માનવું હોય તો કેવળીઓને વિદ્યમાન અનંતા પરિણામોમાં પણ તેવી કલ્પના કરવાનું ગૌરવ ઊભું થશે.

**પૂર્વપક્ષ** :–મોહક્ષયત્વ રૂપે મોહક્ષય ને જ ક્ષુધા પ્રતિબંધક માનવાથી તે તે અનંતા પરિણામોને પ્રતિબંધક માનવાનું ગૌરવ રહેશે નહિ.

### [મોહક્ષય પણ ક્ષુત્પ્રતિબંધક નથી]

**ઉત્તરપક્ષ** :–પ્રતિબંધકાભાવ, કાર્ય પ્રત્યે કારણ છે. તેથી મોહક્ષયને ક્ષુધાત્મક કાર્ય પ્રત્યે પ્રતિબંધક માનવામાં મોહક્ષયાભાવને કારણ માનવો પડશે પણ એવું કોઇ માનતું નથી. તેથી જ 'કેવળીના અનંતા પરિણામ રૂપ અનંતા પ્રતિબંધકોનો અન્યતમત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક એક જ અભાવ ક્ષુધા પ્રત્યે કારણ છે અનંતા પ્રતિબંધકોના અનંતા અભાવો નહિ' એવું કથન પણ નિરસ્ત જાણવું કારણ કે તેવું કારણ સ્વીકાર્યું નથી.

### [ઉદાસીન પ્રવેશ–અપ્રવેશથી વિનિગમના વિરહ]

વળી આ રીતે કેવળીના તે તે પરિણામોમાં ક્ષુત્પ્રતિબંધકત્વ સિદ્ધ ન હોવા છતાં જો માની લેવાનું હોય તો તો પછી એને પ્રતિબંધક માનવાની કલ્પનાની જેમ જે કોઇ

अथ क्षुदादेर्बलापचायकत्वात् कथमनन्तवीर्याणां तत्संभवः ? इत्याशङ्क्याह—

खिज्जइ बलं छुहाए ण य तं जुज्जइ अणंतविरियाणं ।
इय वुत्तंपि ण सुत्तं बलविरियाणं जओ भेओ ॥९६॥

(क्षीयते बलं क्षुधया न च तद्युज्यतेऽनन्तवीर्याणाम् । इदमुक्तमपि न सूक्तं बलवीर्ययोर्यतो भेदः ॥९६॥

ઉદાસીન પદાર્થમાં ક્ષુધાદિની કારણતા સિદ્ધ ન હોય તેવામાં પણ તેની કલ્પના કરી તેનો અભાવ હોવાના કારણે જ કેવળીઓને ક્ષુધાદિ હોતા નથી એવું પણ માની શકાય છે. તેથી કેવળીઓને ક્ષુધાદિનો જે અભાવ અભિપ્રેત છે તે, તે તે પરિણામો રૂપ પ્રતિબંધક હાજર હોવાના કારણે છે કે તે તે ઉદાસીન કારણ હાજર ન હોવાના કારણે? એનો નિશ્ચાયક હાજર ન હોવાથી વિનિગમના વિરહ થવાની આપત્તિ આવશે. અહીં આ તાત્પર્ય છે કે જો કેવલજ્ઞાનાદિરૂપ પરિણામોને પ્રતિબંધક માની તેના કારણે ક્ષુધાદિનો અભાવ માનવામાં આવે તો ક્ષુધાદિ પ્રત્યે તાદૃશ પ્રતિબંધકાભાવને કારણ માનવાનું થવાથી કારણસામગ્રીમાં 'ઉદાસીનનો અપ્રવેશ' થાય અને જો કોઇ ઉદાસીન હાજર ન હોવાના કારણે ક્ષુધાદિનો અભાવ માનવામાં આવે તો કારણસામગ્રીમાં 'ઉદાસીનનો પ્રવેશ' થયો કહેવાય. આ બંને કલ્પનામાં કોઈ પ્રમાણ મળતું ન હોવાથી કોઈ સબળો નથી અને તેથી વિનિગમના વિરહ છે.

**પૂર્વપક્ષ** :–કેવળીઓ સર્વલબ્ધિસંપન્ન હોય છે તેથી ક્ષુધાદિપ્રતિબંધક લબ્ધિ પણ તેઓને હાજર જ હોવાથી ક્ષુધાદિ શી રીતે હોય?

**[ઘાતી કર્મક્ષયજન્ય લબ્ધિ પણ ક્ષુત્પ્રતિબંધક નથી]**

**ઉત્તરપક્ષ** :–આ વાત તો તેવી શ્રદ્ધા માત્રથી જ માની શકાય એમ છે કોઇ યુક્તિથી નહિ, કેવળીઓને ઘાતીકર્મક્ષયજન્ય લબ્ધિઓ ઉત્પન્ન થઈ હોય છે જ્યારે ક્ષુધાદિની પ્રતિબંધક તો વેદનીયકર્મક્ષયજન્ય લબ્ધિ હોય છે જે ભવસ્થકેવળીઓને ન હોવાના કારણે ક્ષુધાદિ હોય-શકે છે. ॥૯૫॥

**શંકા** :–કેવળીઓને વીર્યાન્તરાય કર્મના ક્ષયથી અંનતવીર્ય પ્રકટ થયું હોય છે જેમાં પછી કોઈ વધઘટ થઈ શકતી નથી. તો તેઓને બળાપચાયક એવી ક્ષુધા વગેરે શી રીતે હોઇ શકે? આવી આશંકાના ઉત્તરમાં ગ્રન્થકારશ્રી કહે છે—

**[અનંતવીર્યની હાજરીમાં પણ બળ હાનિ સંભવિત]**

**ગાથાર્થ** :–'ક્ષુધાથી બળની હાનિ થાય છે. અનંતવીર્યવાળા કેવળીઓને બળહાનિ સંભવિત ન હોવાથી ક્ષુધાદિ હોવા પણ અસંગત છે' આવું કહેવું પણ યુક્ત નથી કારણ કે બળ અને વીર્ય જુદા જુદા છે અર્થાત્ અનંતવીર્ય હોવા છતાં બળહાનિ થવામાં કંઇ અજુગતું ન હોવાથી ક્ષુધાદિ પણ હોઇ શકે છે.

બળ, શારીરિક શક્તિરૂપ છે અને વીર્ય આંતરિક શક્તિરૂપ છે એ વાત પ્રસિદ્ધ છે. તેથી વીર્યન્તરાય કર્મના ક્ષયથી ઉદ્ભવેલ વીર્ય પણ જ્ઞાનની જેમ સ્વયં જ્ઞાનના વ્યાપારરૂપે ત્રણે ભુવનમાં વ્યાપ્ત થઈ જવા સ્વરૂપ આભ્યન્તર વ્યાપારરૂપ હોય છે.

बलं हि शारीरं, वीर्यं चान्तरः शक्तिविशेष इति प्रसिद्धम्, तत्र वीर्यान्तरायकर्मक्षयोद्भूतस्य वीर्यस्य ज्ञानस्येव स्वयं भुवनाभोगलक्षणाभ्यन्तरव्यापाररूपस्यानन्तत्वेऽपि भगवतां शारीरबलचयापचयौ भवत एव, तयोस्तथाविधपुद्गलचयापचयाधीनत्वात् । एतेन 'ज्ञानस्येव क्षायिकवीर्यस्याविकारत्वात् कथं तद्धानिवृद्धी ?' इति परास्तं, योगपरिणामरूपस्य बलस्य शरीरनामकर्मपरिणतिविशेषरूपत्वेनाऽक्षायिकत्वात् । उक्तं च प्रज्ञापनावृत्तौ 'स पुनर्योगः शरीरनामकर्मपरिणतिविशेष इति' 'कथमेतदित्थं' ? इति चेत् ? योगनिरोधेन तन्निरोधात् लेश्यावद्योगो वीर्यं शक्तिरुत्साहः पराक्रम इति पर्यायवचनाच्च । अथैवं शरीरनामकर्मक्षयात् क्षायिकं बलं स्यादिति चेत् ? स्यादेव, प्रयत्ननिरोधात् परमनिश्चलतारूपचारित्राऽपृथग्भूतमेव तदित्येके । क्षायिकचारित्रस्येव क्षायिकवीर्यस्यापि सादिसान्तत्वं बहिः परिणामित्वं चेति सिद्धान्तः ॥९६॥

કેવળીઓને આવું વીર્ય અનંત હોવા છતાં શારીરિક બળના ચય–અપચય તો થાય જ છે કારણ કે તે ચય–અપચય પુદ્ગલોના તથાવિધ ચય–અપચય ને આધીન હોય છે. આમ વીર્ય અને બળ ભિન્ન ભિન્ન વસ્તુ છે તેમજ કેવળીઓને વીર્યની હાનિવૃદ્ધિ હોતી નથી પણ બળની તો તે સંભવિત જ છે એવું જે પ્રતિપાદન કર્યું તેનાથી 'કેવળીને જ્ઞાનની જેમ વીર્ય પણ ક્ષાયિક હોવાથી અવિકારી હોય છે અને તેથી એમાં હાનિવૃદ્ધિ શી રીતે થાય ? એ વાત પરાસ્ત જાણવી કારણ કે બળ વીર્યાત્મક નથી પણ યોગ પરિણામરૂપ છે જે શરીરનામકર્મજન્ય પરિણામ વિશેષ રૂપ હોવાથી અક્ષાયિક જ હોવાના કારણે ઘટી શકે છે. શ્રી પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે 'તે યોગ શરીરનામકર્મજન્ય પરિણામવિશેષરૂપ છે.

**પ્રશ્ન** :–બળ, શરીરનામકર્મજન્ય પરિણામ વિશેષાત્મક યોગરૂપ છે એવું કેમ ?

### [બળ યોગપરિણામરૂપ છે, વીર્યાત્મક નહિ]

**ઉત્તર** :–યોગનિરોધ કરવાથી જ બળનો નિરોધ પણ થાય છે તેથી જણાય છે કે યોગપરિણામ જ બળ છે. વળી લેશ્યાવાળું વીર્ય યોગ છે જેના શક્તિ, ઉત્સાહ, પરાક્રમ વગેરે રૂપ [1]પર્યાયવચનો પણ જણાવે છે કે યોગ જ શક્તિ=બળ છે.

**પૂર્વપક્ષ** :–જો બળને શરીરનામકર્મપરિણતિરૂપ માનશો તો જેમ વીર્યાન્તરાય કર્મના ક્ષયથી ક્ષાયિક વીર્ય પ્રકટ થાય છે તેમ શરીર નામકર્મના ક્ષયથી ક્ષાયિકબળ પણ પ્રકટ થવું જોઈએ ને ?

**ઉત્તરપક્ષ** :–તે પણ પ્રકટ થાય જ છે. અહીં કેટલાક એમ કહે છે કે પ્રયત્નનો નિરોધ કરવાથી થએલ પરમનિશ્ચલતારૂપ ચારિત્રથી તે ક્ષાયિક બળ જુદું હોતું નથી

૧. योगो वीरियं थामो उच्छाह परक्कमो तहा चेट्ठा । सत्ति सामत्थं त्ति अ जोगस्स हवंति पज्जाया ॥
योगो वीर्यं स्थामोत्साहः पराक्रमस्तथा चेष्टा । (पंचसंग्रह २–२)
शक्तिः सामर्थ्यमपि च योगस्य भवन्ति पर्यायाः ॥

अथ योगजन्यापि क्रिया भगवतां न भवतीति शङ्कते—

**बंधो परपरिणामा सो पुण णाणा न वीयमोहाणं ।**
**जोगकयावि हु किरिया तो तेसिं होइ णिव्बीया ॥९७॥**

(बन्धो परपरिणामात् स पुनर्ज्ञानान्न वीतमोहानां । योगकृतापि क्रिया तत्तेषां भवति निर्बीजा ॥९७॥)

अथ परिणमनलक्षणा हि क्रिया बन्धस्य बीजं भवति, तदुक्तं—

[1]उदयगदा कम्मंसा जिणवरवसहेण णियदिणा भणिदा ।
तेसु हि मुहिदो रत्तो दुट्ठो वा बंधमणुहवदि ॥ त्ति [प्रवचनसार–१/४३]

सा च ज्ञानादेव केवलिनां न भवति, मोहजन्यत्वात्तस्याः । अत एवोक्तं—

[2]गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं ।
पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं ॥ त्ति [प्रवचनसार–१/३२]

तस्मात् काययोगादेरपि ग्रहणमोचनादिक्रिया तेषां निर्बीजैव, न हि स्वेष्टसाधनताज्ञानं विना चिकीर्षा, तां विना च प्रवृत्तिः संभवति, न चेच्छायां सत्यां वीतमोहत्वं नाम ।

---

જ્યારે સિદ્ધાંત એવો છે કે ક્ષાયિક ચારિત્ર જેમ સાદિસાન્ત અને બહિઃ પરિણામી (ઇર્યાસમિત્યાદિની પ્રવૃત્તિરૂપે પરિણામવાળુ') છે તેમ ક્ષાયિકવીર્ય પણ સાદિસાન્ત અને બહિઃ પરિણામી છે. (બાહ્યપ્રવૃત્તિ આદિમાં પરિણામ પામતું ક્ષાયિકવીર્ય, ક્ષાયિકચારિત્રની જેમ સાદિસાન્ત છે એવો અભિપ્રાય લાગે છે) ॥૯૬॥

કેવળીઓને યોગજન્યક્રિયા પણ હોતી નથી એવી શંકા કરતાં વાદી કહે છે—

**[કેવળીની ક્રિયા કર્મબંધનું કારણ બનતી નથી-પૂર્વપક્ષ]**

**ગાથાર્થ–શંકા** :–પરપરિણામથી જ કર્મબંધ થાય છે અને એ પરપરિણામ મોહથી થતો હોવાથી કેવળીઓને જ્ઞાનના પ્રભાવે હોતો નથી. તેથી કાયયોગથી કરાએલી ક્રિયા પણ તેઓને બંધનિમિત્ત બનતી ન હોવાથી નિર્બીજ હોય છે.

**પૂર્વપક્ષ** :–અન્ય રૂપે (વૈભાવિક રૂપે) પરિણમવું એ જ ક્રિયા છે અને તે જ કર્મબંધનું કારણ બને છે. પ્રવચનસારમાં કહ્યું છે કે "સંસારી જીવોને કર્મ પુદ્ગલોનો ઉદય અવશ્ય હોય છે. તે ઉદયથી થએલા પરિણામોમાં મોહ, રાગ કે દ્વેષને કરતો જીવ મોહાદિરૂપે પરિણત થવાથી ક્રિયાવાળો બને છે જેના કારણે કર્મબંધ થાય છે." પણ કેવળીઓને જાજ્વલ્યમાન કેવલજ્ઞાનના કારણે આ ક્રિયા હોતી નથી. કેમકે આ ક્રિયા તો મોહજન્ય હોય છે જે તેઓને હોતો નથી. માટે તેઓ કર્મબંધને અનુભવતાં નથી વળી કહ્યું છે કે 'કેવળી ભગવાન્ નિશ્ચયથી કોઇ પદાર્થને ગ્રહણ કરતાં નથી, છોડતાં નથી કે પરિણમાવતા નથી, કિન્તુ સર્વ પદાર્થોને સર્વ પ્રકારે જુએ છે અને

---

1. उदयगताः कर्मांशा जिनवरवृषभेण नियत्या भणिताः । तेषु हि मूढो रक्तो दुष्टो वा बन्धमनुभवति ॥
2. गृह्णाति नैव न मुञ्चति न परं परिणमति केवली भगवान् । पश्यति समन्ततः स जानाति सर्वं निरवशेषम् ।

नन्वेवं स्थाननिषद्याविहारधर्मोपदेशादयोऽपि तिष्ठासाद्यभावात्तेषामुच्छिद्येरन्निति चेत् ? सत्यं, प्रयत्नमन्तरेण स्वभावादेव तेषां संभवोपदेशात्, तदुक्तं—

[1]ठाणणिसेज्जविहारा धम्मुवदेसो अ णियदिओ तेसिं ।
अरहंताणं काले मायाचारो व्व इत्थीणं ॥ ति [प्रवचनसार १-४४]

यथाहि महिलानां प्रयत्नमन्तरेणापि तथाविधयोग्यतासद्भावात् स्वभावभूत एव मायोपगुण्ठनावगुण्ठितो व्यवहारः प्रवर्त्तते, तथाहि केवलिनां प्रयत्नमन्तरेणापि तथाविधयोग्यतासद्भावात् स्थानं आसनं विहरणं धर्मदेशना च स्वभावभूता एव प्रवर्त्तन्ते इत्यमरचन्द्रीयं व्याख्यानम् । न च प्रयत्नानपेक्षायां कालनियमाद्यनुपपत्तिः, अम्भोधराणां गमनावस्थानगर्जनवर्षणनियमवदुपपत्तेः । नन्वेवं तेषां पुण्यविपाकोऽकिञ्चित्करः स्यादिति चेत् ? स्यादेवौदयिक्या अपि तत्क्रियायाः कार्याकार्यभूतयोर्बन्धमोक्षयोरकारणकारणत्वाभ्यां क्षायिकीत्वेन परिभाषणात् । तदुक्तं—

---

જાણે છે' તેથી કાયયોગાદિથી થનાર ગ્રહણ–મોચનાદિ ક્રિયાઓ પણ તેઓને નિર્બીજ–કારણ વિનાની હોઈ હોતી નથી. કારણકે ઈચ્છાની હાજરીમાં વીતમોહત્વ (વીતરાગતા) સંભવતું ન હોઈ તેઓને કોઇ ઇચ્છા હોતી નથી. ઇચ્છા ન હોવાથી કોઈ વસ્તુ ઇષ્ટ પણ હોતી નથી. માટે ઇષ્ટ સાધનતાનું જ્ઞાન પણ તેઓને થતું ન હોવાથી કશાની ચિકીર્ષા (કરવાની ઈચ્છા) થતી નથી. અને ચિકીર્ષા વિના તો ગ્રહણ–મોચનાદિ પ્રવૃત્તિઓ સંભવતી જ નથી આમ ગ્રહણાદિ પ્રવૃત્તિઓના બીજભૂત ચિકીર્ષા વગેરે તેઓને ન હોવાથી તે ક્રિયાઓ પણ તેઓને હોતી નથી. તેથી કર્મબંધ પણ હોતો નથી.

**પ્રશ્ન** :–એ રીતે તો ઊભા રહેવાની–વિહારાદિની ઇચ્છા પણ તેઓને ન હોવાથી સ્થાન–નિષદ્યા–વિહારાદિની પ્રવૃત્તિ પણ માની શકાશે નહિ.

**[ કેવળીની બધી ક્રિયા સ્વભાવથી જ હોય-પૂર્વપક્ષ ]**

**ઉત્તર** :–તિષ્ઠાસાદિ (ઊભા રહેવાની ઈચ્છા) તેમજ તજ્જન્ય પ્રયત્ન ન હોવા છતાં પણ તેઓને સ્વભાવથી જ સ્થાન નિષદ્યાદિ પ્રવૃત્તિ હોય છે એવું શાસ્ત્રમાં કહ્યું છે. 'જેમ સ્ત્રીઓની માયાની પ્રવૃત્તિ તે તે કાળે સ્વભાવથી જ થતી હોય છે તેમ અર્હદાદિ અવસ્થામાં શ્રી અરિહંતોની સ્થાન, નિષદ્યા, વિહાર અને ધર્મોપદેશાદિ ક્રિયા પણ સ્વભાવથી જ હોય છે અર્થાત્ તેવી ઈચ્છા કે પ્રયત્નથી હોતી નથી.'–પ્રવચનસારની આ ગાથાનું **અમરચંદ્રે** વ્યાખ્યાન કર્યું છે કે જેમ કોઇ પ્રયત્ન વિના જ સ્ત્રીઓને તેવા પ્રકારની યોગ્યતાના કારણે માયા વગેરેથી યુક્ત કુટિલવ્યવહાર સ્વભાવથી જ પ્રવર્તે છે તેમ કેવળીઓને પણ તેવા પ્રકારની યોગ્યતાના કારણે પ્રયત્ન વિના જ સ્થાન, આસન, વિહાર, ધર્મદેશનાદિ સ્વભાવથી પ્રવર્તે છે.

---

१. स्थाननिषद्याविहारा धर्मोपदेशश्च नियतितस्तेषाम् । अर्हतां काले मायाचार इव स्त्रीणाम् ॥

[1]पुण्णफला अरहंता, तेसिं किरिया पुणो हि ओदयिगी ।
मोहादीहिं विरहिदा, तम्हा सा खाइगित्ति मदा [प्रवचनसार १-४५] ॥९७॥
एवं प्राप्तेऽभिधीयते—

**जोगं विणावि किरिया सहावओ जइ कहण्ण तह सोवि ।**
**तुल्लं किर वेचित्तं तह तुल्लमबुद्धिपुव्वत्तं ॥९८॥**

(योगं विनापि क्रिया स्वभावतो यदि कथं न तथा सोऽपि ।
तुल्यं किल वैचित्र्यं तथा तुल्यमबुद्धिपूर्वत्वम् ॥९८॥

**પ્રશ્ન** :–જો પ્રયત્નાદિની અપેક્ષા જ ન હોય તો એ સ્થાનાદિ અમુકદેશમાં અને અમુક કાળે જ થવા રૂપ દેશકાળ નિયમ અનુપપન્ન થઈ જશે! અર્થાત્ ગમે ત્યારે ને ગમે ત્યાં સ્થાનાદિ કેમ ન થાય ?

**ઉત્તર** :–જેમ વાદળ વગેરેનો પોતાનો કોઈ પ્રયત્ન ન હોવા છતાં અમુક જ કાળે ગમન–અવસ્થાન–ગર્જન–વૃષ્ટિ આદિ થવા રૂપ નિયમ હોય છે એ જ રીતે અહીં પણ નિયમ જાણવો.

**પ્રશ્ન** :–પણ આ રીતે સ્થાનાદિને સ્વભાવથી જ માની લેવામાં પુણ્યવિપાકથી કંઇ થતું જ નથી એવું માનવાનું થવાથી શું તેઓનો પ્રબળપુણ્યોદય વાંઝીઓ થવાની આપત્તિ નહિ આવે ?

**ઉત્તર** :-એ આપત્તિ અમારે ઇષ્ટ જ છે.

**પ્રશ્ન** :–પણ તો પછી તેઓને ઔદયિક ક્રિયાઓની હયાતિ જ શી રીતે માનશો ?

**[કેવળીની વિહારાદિ ક્રિયા ક્ષાયિક હોય છે, ઔદયિક નહિ–પૂર્વપક્ષ]**

**ઉત્તર** :–તેઓની ઔદયિકક્રિયા પણ પરિભાષાથી ક્ષાયિક કહેવાએલી છે. અર્થાત્ એ તેવા તેવા પુણ્યોદયથી થએલી હોવાનું માન્યું ન હોવાથી પુણ્યોદય અકિંચિત્કર થવામાં કોઈ આપત્તિ નથી. સામાન્યથી સંસારી જીવોની ઔદયિક ક્રિયાઓથી બંધાત્મક કાર્ય થાય છે, મોક્ષાત્મક કાર્ય થતું હોતું નથી. જ્યારે કેવળીની સ્થાનાદિ ક્રિયા ઔદયિક ક્રિયાના તેવા બંધાત્મક કાર્યના કારણભૂત બનતી ન હોવાથી, બીજી બાજુ કાર્યભૂત નહિ એવા મોક્ષનું કારણ બનતી હોવાથી ઔદયિક કહેવાતી નથી પણ ક્ષાયિક ચારિત્રાદિની જેમ 'ક્ષાયિકી' જ કહેવાય છે. કહ્યું છે કે 'શ્રી અરિહંતો પુણ્યફળવાળા જ હોય છે અને તેથી તેના ઉદયના પ્રભાવે થએલ ક્રિયાઓ આમ તો ઔદયિકી હોય છે છતાં મોહાદિ ઉપરંજકનો અભાવ હોવાના કારણે ચૈતન્યવિકારાદિને ન કરતી હોવાથી તે ક્ષાયિક ચારિત્રાદિની જેમ ક્ષાયિકી જ કહેવાય છે.

દિગંબરની આવી–દીર્ઘ શંકાનો જવાબ આપતાં ગ્રન્થકાર કહે છે—

१. पुण्यफला अर्हन्तस्तेषां क्रिया पुनर्हि औदयिकी । मोहादिभिः विरहिता तस्मात्सा क्षायिकीति मता ॥

'कायप्रयत्नादिकं विनैव स्थाननिषद्यादिकं भगवतां स्वभावत एव भवेत्' इत्यत्र 'स्वभावतः' इत्यस्य कोऽर्थः ? किं कारणमन्तरैव वा, दृष्टजातीयकारणमन्तरा वा ? नाद्यः, बौद्धमतप्रवेशात् । न च सामान्यतस्तन्निबन्धनयोग्यताभ्युपगमेऽपि तिष्ठासाद्यभावाद्देशकालविशेषनियमः स्वभावादेवेति वक्तुं युक्तं, विना कारणक्रमं देशकालक्रमानुविधायककार्यस्याकस्मिकत्वप्रसङ्गात् । अथ केवलिना यथा दृष्टं तथैव तद्भवतीति स्वभावार्थ इति चेत् ? नन्वेवं तत्तदुपादेयावच्छिन्नविशेष्यतया तत्तदुत्पत्त्यवच्छिन्नविशेष्यतया च केवलज्ञानेनैव कार्यमात्रस्य देशकालनियमोपपत्तौ तदतिरिक्तकारणमात्रोच्छेदप्रसङ्गः, एवं च घटार्थितया दण्डादावपि प्रवृत्तिर्दुर्घटा स्यात् ।

---

[ઇચ્છા વિના પણ કેવળીઓને પ્રયત્નનો સંભવ-ઉત્તરપક્ષ]

**ગાથાર્થ** :–જો યોગ (પ્રયત્ન) વિના જ ક્રિયા સ્વભાવથી પ્રવર્ત્તી શકતી હોય તો પછી પ્રયત્ન પણ સ્વભાવથી જ=(ઇચ્છા વિના જ) શા માટે ન પ્રવર્તે ? અર્થાત્ તેવી તેવી ઇચ્છા વિના પણ તેવો તેવો પ્રયત્ન પ્રવર્તે છે એમ માનીને એ પ્રયત્નથી જ ક્રિયા થાય છે (સ્વભાવથી નહિ) એવું પણ શા માટે ન મનાય ? કારણ કે જેમ તેઓની ક્રિયામાં પ્રયત્નજન્ય ક્રિયાની અપેક્ષાએ વિચિત્રતા=વિલક્ષણતા, તેમજ બુદ્ધિ* પૂર્વક ન હોવા પણું તમે માનો છો તેમ તેઓના પ્રયત્નમાં ઇચ્છાજન્ય પ્રયત્નની અપેક્ષાએ વિલક્ષણતા અને બુદ્ધિપૂર્વકનું ન હોવા પણું પણ માની જ શકાય છે, અને ઇચ્છાજન્યત્વ માનવાનું ન રહેવાથી પ્રયત્નપૂર્વકની પ્રવૃત્તિ હોવા છતાં વીતરાગતાને કોઇ આંચ આવતી નથી.

**(સ્વભાવથી એટલે 'કારણ વગર' પ્રથમ વિકલ્પની સમીક્ષા)**

કેવળીઓને સ્થાનનિષદ્યાદિ, કાયપ્રયત્નાદિ વિના સ્વભાવથી જ હોય છે એવું જે તમે કહ્યું તેમાં 'સ્વભાવથી જ' એટલે શું ? (૧) કોઇ પણ જાતના કારણવિના જ કે (૨) દૃશ્ય હોય એવા કારણ વિના ? (પછી કોઇ અદૃશ્ય કારણ ભલે કાર્ય કરતું હોય) પ્રથમ વિકલ્પ માનવામાં તો બૌદ્ધ મતને સ્વીકારી લેવાની આપત્તિ આવશે કારણ કે કારણ વિના કેવલ કુર્વદ્રૂપ સ્વભાવથી જ કાર્યોત્પત્તિને એ લોકો જ માને છે.

**પૂર્વપક્ષ** :–કેવળીઓને સ્થાનાદિના કારણ સર્વથા ન હોવા છતાં સ્થાનાદિ હોય છે એવું અમે કહેતાં જ નથી કે જેથી બૌદ્ધમતપ્રવેશ થવાની આપત્તિ આવે ! કેવલિ આત્મામાં સ્થાનાદિના હેતુભૂત સામાન્યતઃ યોગ્યતા રૂપ સ્વભાવ અમે માનીએ છીએ. છતાં છદ્મસ્થની ક્રિયાની નિયામકીભૂત તિષ્ઠાસાદિ તેમનામાં ન હોવાથી દેશકાળાદિનું નિયમન એ યોગ્યતારૂપ સ્વભાવથી જ થાય છે એમ કહીએ છીએ.

**ઉત્તરપક્ષ** :–એ વાત અયુક્ત છે કારણ કે કાર્ય હંમેશાં કારણના ક્રમને આશ્રીને જ દેશ-કાલ સંબંધી ક્રમને અનુસરે છે. કેવળીઓમાં જો તિષ્ઠાસાદિરૂપ કારણો અને

---

*બુદ્ધિપૂર્વક એટલે 'હું હવે ઊભો થઉં' એવા માનસિક વિકલ્પપૂર્વક.

अथ दण्डाद्यपेक्षयैव घटोत्पत्तेः केवलिना दर्शनात् तत्तत्र कारणमिति चेत्? तर्हि 'तस्य तदपेक्षायां सिद्धायां तथा ज्ञानविषयिता, तस्यां च सिद्धायां तदपेक्षे'ति परस्पराश्रयप्रसङ्गः। तस्माद् न ज्ञानविषयतान्तर्भावेन कारणता, अपि त्वन्वयव्यतिरेकाभ्यां, तथा ज्ञानविषयतायाः स्वभावत्वं तु न वारयामः, न च स्वभाव एव कारणत्वमिति किमज्ञप्रलापनिरासप्रयासेन! एतेन 'यदा यत् क्षेत्रं स्प्रष्टव्यं तदा तत्स्पर्शनं स्वभावादेव इत्यपि व्याख्यातम्।

---

તેનો ક્રમ માનવાના ન હોય તો તો તેઓની ક્રિયાનો દેશકાળ ક્રમ આકસ્મિક થઇ જશે.

**પૂર્વપક્ષ** :-કેવળીએ જેવું જોયું હોય તેવું જ થાય, એ જ 'સ્વભાવ' શબ્દનો અર્થ છે.

**[ જેવું જોવાયું હોય તેવું થવા રૂપ સ્વભાવ પણ અકિંચિત્કર ]**

**ઉત્તરપક્ષ** :-કોઈ પણ કાર્ય ગમે ત્યારે અને ગમે ત્યાં ન થતાં અમુક ચોક્કસ દેશમાં અને ચોક્કસકાળમાં જ ઉત્પન્ન થાય એવું નિયમન કરનાર તરીકે કારણસામગ્રીની કલ્પના કરવામાં આવે છે અર્થાત્ જ્યાં અને જ્યારે પોતે (કારણસામગ્રી) ઉપસ્થિત થાય ત્યાં અને ત્યારે કાર્ય થાય એવું નિયમન કારણસામગ્રી કરે છે. હવે જો 'કેવલીએ જેવું જોયું હોય તેવું જ થાય છે.' એવું હોવાના કારણે જ કેવળીની સ્થાનાદિ ક્રિયા ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે થતી હોવાથી સ્વભાવથી જ થાય છે એમ માનવાનું હોય તો તો ઘટાદિ કાર્યોનો દેશકાલ નિયમ પણ કેવલજ્ઞાનથી જ ઉત્પન્ન થઇ શકતો હોવાથી કેવલજ્ઞાન સિવાયના દંડાદિરૂપ કોઈ કારણોને કારણ માનવાની જરૂર રહેશે નહિ. 'તે તે ઘટાદિ તે તે મૃત્પિંડાદિથી ઉપાદેય છે' આવા પ્રકારની ઉપાદેયાવચ્છિન્નવિશેષ્યતાવાળું તેમજ 'તે તે ઘટાદિની ત્યારે ત્યારે ઉત્પત્તિ થવાની છે એવી ઉત્પત્ત્યવચ્છિન્ન-વિશેષ્યતાવાળું' હોવારૂપે કેવલજ્ઞાન પ્રવર્ત્તતું હોવાથી તેનાથી જ 'ઘટાદિને કયાં અને કયારે ઉત્પન્ન થવું" એનું નિયમન સંભવિત છે જ. કેવલજ્ઞાનમાં મૃત્પિંડ, તંતુ વગેરેના ઉપાદેય તરીકે ઘટપટાદિ અનંતા પદાર્થોનું યુગપત્ જ્ઞાન હોય છે તેથી કેવલજ્ઞાનીય વિશેષ્યતા તે ઘટાદિ અનંતા પદાર્થોમાં રહી હોય છે અને તે તે ઘટાદિમાં રહેલ વિશેષ્યતા તે તે ઘટાદિથી અવચ્છિન્ન કહેવાય છે. તેમાંથી ઘટાદ્યાત્મકોપાદેયાવચ્છિન્ન વિશેષ્યતા નિરૂપક તરીકે જ કેવલજ્ઞાન ઘટાદિ કાર્યના દેશાદિનું નિયામક બની શકે એમ કહી શકાશે. જો એમાં ઇષ્ટાપત્તિ માની લઇને બીજા બધાને અકારણ માની લેવાય તો ઘટાર્થી દંડાદિમાં જ પ્રવૃત્તિ કરે છે એ વાત અનુપપન્ન થઈ જશે.

**પૂર્વપક્ષ** :-'દંડાદિની અપેક્ષા રાખીને જ ઘટોત્પત્તિ થાય' એવું કેવળીએ જોયું હોવાથી ઘટ માટે દંડાદિ અપેક્ષ્ય બને છે અને તેથી જ એ ઘટ પ્રત્યે કારણ બનવાથી ઘટાર્થી દંડાદિમાં પ્રવૃત્તિ કરે છે.

**(કાર્ય કારણ ભાવમાં અન્વયવ્યતિરેક જ નિયામક)**

**ઉત્તરપક્ષ** :-આવું કલ્પવામાં અન્યોન્યાશ્રયદોષ આવશે, કારણ કે જો ઘટ ને દંડાદિની અપેક્ષા સિદ્ધ હોય તો કેવળીઓ એવું જુએ, અને કેવળીઓ એવું જુએ તો

नापि द्वितीयपक्षः सुन्दरो, दृष्टजातीयं प्रयत्नं विना स्थानादेरिव दृष्टजातीयामिच्छां विनापि प्रयत्न(? त्नस्य)संभवात् । 'प्रयत्नसामान्यं प्रतीच्छाया हेतुत्वमवधृतमि'ति चेत् ? चेष्टामात्रं प्रत्यपि प्रवृत्तेर्हेतुत्वं किन्नावधृतम् ? 'प्रयत्नजन्यतावच्छेदकं वैजात्यं न केवलिक्रियायामि'ति चेत् ? इच्छाजन्यतावच्छेदकं वैजात्यमपि न तत्प्रयत्न इति तुल्यम् । अत एव विनैवेच्छां सुषुप्ताद्यवस्थायां श्वासप्रश्वाससन्तानाद्यनुकूलो जीवनयोनिप्रयत्नः । 'आभोगपूर्वकप्रयत्नं प्रतीच्छाया हेतुत्वमि'ति चेत् ? 'आभोगपूर्वकक्रियां प्रत्यपि प्रयत्नहेतुत्वं कुतो न रोचयेः ? छाद्मस्थिकाभोगपूर्वकत्वमादाय समाधानमप्युभयत्र तुल्यम् ।

---

ઘટને દંડાદિની અપેક્ષા હોવી સિદ્ધ થાય. તેથી કેવળીઓએ દંડાદિથી જ ઘટાદિ ઉત્પન્ન થાય એવું જોયું હોવાથી દંડાદિ તે ઘટાદિ પ્રત્યે કારણ છે એવું નથી પણ ઘટાદિ, પોતાના (દંડાદિના) અન્વયવ્યતિરેકને અનુસરતાં હોવાથી જ ઘટાદિ પ્રત્યે કારણ છે. વળી દંડાદિમાં 'દંડાદિથી જ ઘટાદિ ઉત્પન્ન થાય' ઇત્યાદિ જ્ઞાનની વિષયતા આવવારૂપ સ્વભાવનું તો અમે પણ વારણ કરતાં નથી. અમે તો 'એવો સ્વભાવ જ એની કારણતા છે અને તેથી એનાથી થતું કાર્ય સ્વભાવથી જ થયું કહેવાય' એવી વાતનું જ વારણ કરીએ છીએ. વળી આ રીતે પરસ્પરાશ્રય દોષ આપ્યો તેનાથી 'જ્યારે જે ક્ષેત્રની સ્પર્શના થવાની હોય ત્યારે જ તેની સ્પર્શના સ્વભાવથી જ થાય છે' એ વાતનું પણ નિરાકરણ આવી ગયાનું જાણવું.

[ 'દૃષ્ટજાતીયકારણ વગર' દ્વિતીય વિકલ્પની સમીક્ષા ]

'દૃષ્ટજાતીય કારણથી ન થવું' એ જ 'સ્વભાવથી જ થાય છે' એવા વાક્યનો અર્થ છે, એવો બીજો વિકલ્પ માનવો પણ યુક્ત નથી કારણ કે દૃષ્ટજાતીય પ્રયત્ન વિના જેમ સ્થાનાદિ ને સંભવિત માનો છો તેમ દૃષ્ટજાતીય ઇચ્છા વિના જ પ્રયત્ન પણ સંભવિત છે જ.

પૂર્વપક્ષ :–'કોઇપણ પ્રયત્ન પ્રત્યે ઇચ્છા હેતુ છે' એવો પ્રયત્નસામાન્ય પ્રત્યેનો ઇચ્છાસામાન્યનો કાર્યકારણભાવ ગૃહીત હોવાથી 'દૃષ્ટજાતીય ઇચ્છા વિના જ પ્રયત્ન ઉત્પન્ન થાય છે' એવું શી રીતે માની શકાય ?

ઉત્તરપક્ષ :–એમ તો ચેષ્ટા સામાન્ય પ્રત્યે પ્રયત્નસામાન્યના કાર્યકારણભાવનો શું પૂર્વે તમે નિશ્ચય કર્યો નથી ? કે જેથી પ્રયત્નવિના પણ ચેષ્ટા માનવાનું સાહસ કરો છો.

પૂર્વપક્ષ :– ચેષ્ટા બે પ્રકારની હોય છે. (૧) પ્રયત્નજન્ય અને (૨) પ્રયત્નવિના પણ થતી એવી પ્રયત્નઅજન્ય. પ્રયત્નજન્યક્રિયાઓમાં રહેલ પ્રયત્નજન્યતાવચ્છેદક જાતિવિશેષ કેવળીની ક્રિયામાં ન હોવાથી પ્રયત્નવિના પણ એ ક્રિયા થઇ શકે છે,

अत एवेच्छां विनैव केवलज्ञानाभोगेन केवलिसमुद्घातादौ प्रवृत्तिः । यदागमः
[1]"नाऊण वेअणिज्जं अइबहुयं आउअं च थोवागं ।
कम्मं पडिलेहेउं वच्चंति जिणा समुग्घायं ।। [आव०नि० ९५४]
तथा, [2]न किर समुग्घायगओ मणवयजोगप्पउंजणं कुणइ ।
ओरालिअजोगं पुण जुंजइ पढमट्ठमे समए ।। [वि०भा० ३०५४-५५]
[3]उभयव्वावाराउ तम्मीसं बीअछट्ठसत्तमए । तिचउत्थपंचमे कम्मयं तु तम्मत्तचेट्ठाओ ।।

[ ઇચ્છાવિના પણ પ્રયત્ન શક્ય છે ]

**ઉત્તરપક્ષ :**–એ રીતે પ્રયત્નને પણ 'ઇચ્છાજન્ય' અને 'ઇચ્છા વિના પણ થઇ જનાર' એવો ઇચ્છાઅજન્ય, એમ બે પ્રકારનો માની 'ઇચ્છાજન્યતાવચ્છેદક જાતિ વિશેષ કેવળીના પ્રયત્નોમાં ન હોવાથી ઇચ્છા વિના પણ તે પ્રયત્નો થઇ શકે છે.' એવું પણ માનો ને ! વળી આમ ઇચ્છા વિના પણ પ્રયત્ન સંભવિત હોવાથી જ નિદ્રાદિ અવસ્થામાં –કે જ્યારે તે તે પ્રયત્ન કરવાની કોઇ ઇચ્છા હોતી નથી ત્યારે–પણ શ્વાસોશ્વાસાદિની પરંપરા ચાલુ રહે એ માટેનો જીવનયોનિ નામનો પ્રયત્ન ચાલુ હોય છે.

**પૂર્વપક્ષ :**–નિદ્રાદિ અવસ્થાનો એ પ્રયત્ન તો આભોગપૂર્વકનો હોતો નથી. જ્યારે અમે તો આભોગપૂર્વકના પ્રયત્ન પ્રત્યે જ ઇચ્છા હેતુ હોવાનું કહીએ છીએ. કેવલીને તો કેવલજ્ઞાનનો આભોગ સતત હોવાથી જો પ્રયત્ન માનશો તો એ શી રીતે ઇચ્છા વિના હોઇ શકશે ?

**ઉત્તરપક્ષ :**–એ રીતે જ આભોગપૂર્વકની ક્રિયા પ્રત્યે જ પ્રયત્નને પણ શા માટે હેતુ માનતા નથી ? અને તેથી કેવળીની કોઇપણ ક્રિયા આભોગપૂર્વકની જ હોવાથી પ્રયત્નપૂર્વક જ માનવી જોઇશે.

**પૂર્વપક્ષ :**–છાદ્મસ્થિક આભોગપૂર્વકની ક્રિયા પ્રત્યે જ પ્રયત્ન તો હેતુભૂત હોવાથી કેવલીની કેવલાભોગ પૂર્વકની ક્રિયા પ્રયત્ન વિના પણ સંભવિત છે.

**ઉત્તરપક્ષ :**–એ જ રીતે છાદ્મસ્થિક આભોગ પૂર્વકનો પ્રયત્ન જ ઇચ્છાપૂર્વકનો હોવાથી કેવળી પ્રયત્ન તો ઇચ્છા વિના પણ હોવામાં કોઈ વાંધો નથી.

આમ ઇચ્છા વિના પણ કેવળીપ્રયત્ન સંભવિત હોવાથી જ કેવલજ્ઞાનાભોગથી કેવળીની કેવળીસમુદ્ઘાતાદિમાં પ્રવૃત્તિ થાય છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું જ છે કે 'વેદનીય કર્મને દીર્ઘસ્થિતિક અને આયુષ્યકર્મને અલ્પસ્થિતિક જાણીને તે બધાને સમાન કરવા માટે કેવળી મહાત્મા સમુદ્ઘાત કરે છે. સમુદ્ઘાતમાં રહેલ તે મહર્ષિ મન–વચન

१. ज्ञात्वा वेदनीयमतिबहुकमायुष्कं च स्तोकम् । कर्म प्रतिलेखयितुं व्रजन्ति जिनाः समुद्घातम् ।।
२. न किल समुद्घातगतो मनोवचनयोगप्रयोजनं करोति । औदारिकयोगं पुनर्युनक्ति प्रथमाष्टमे समये ।।
३. उभयव्यापारात्तन्मिश्रं द्वितीय–षष्ठ–सप्तमेषु । तृतीय–चतुर्थ–पञ्चमेषु कार्मणं तु तन्मात्रचेष्टातः ।।

यस्तु श्रुते पुद्गलस्कन्धविशेषस्येव भगवतोऽपि लोकव्याप्तिः स्वभावत एवेति स एवं प्रतिबोधनीयो यत्तत्कार्यानुकूलपरिणाम एव जीवस्य प्रयत्न इति । अतएव कर्मबन्धः प्रायोगिकोऽभ्रादिबन्धस्तु वैश्रसिक इति व्यवस्था ॥९८॥

यत्पुनरुक्तं–'परपरिणामोऽवन्ध्यबन्धनिदान" इति तन्न, तदुपहितमिथ्यात्वादिभिरेव बन्धसंभवे तदुपक्षयात् । अतएव 'श्रोतृणां घटादिज्ञानस्य स्वेष्टसाधनताज्ञानात्तत्र प्रयोक्तुरिच्छा, तत इष्टघटादिज्ञानसाधनतया घटादिपदे तत्साधनतया च कण्ठताल्वाद्यभिघातादाविच्छा, ततः प्रवृत्त्यादिक्रमेण घटादिपदप्रयोगः, इत्येतादृशपरिपाट्याः केवलिनामभावान्न ते शब्दप्रयोक्तारः किन्तु विस्रसात एव मूर्ध्नो निरित्वरा ध्वनयः श्रोतृणां स्वस्वभाषात्वेन परिणमन्त्यार्थविशेषं बोधयन्ती'ति प्रत्युक्तमित्याह—

---

યોગોને પ્રવર્ત્તાવતા નથી. પહેલા અને આઠમા સમયે ઔદારિક કાયયોગને, બીજા–છઠ્ઠા–સાતમા સમયે (ઔદારિક અને કાર્મણ બન્નેનો વ્યાપાર હોવાથી) મિશ્રકાયયોગને તેમજ ૩–૪–૫મા સમયે માત્ર કાર્મણ શરીરની ચેષ્ટા હોવાથી કાર્મણકાય યોગને પ્રયુંજે=પ્રવર્ત્તાવે છે. 'અચિત્તમહાસ્કન્ધાત્મક પુદ્ગલસ્કંધવિશેષ જેમ તેવા સ્વભાવથી જ કોઇ પણ જાતનાં પ્રયત્ન વિના લોકમાં વ્યાપ્ત થવાનો સમુદ્ઘાત કરે છે તેમ કેવળીનો પણ પ્રયત્ન વિના–સ્વભાવથી જ સમુદ્ઘાત થાય છે' એવું જે કહે છે તેને એમ સમજાવવું કે 'તેવા સમુદ્ઘાતરૂપ કાર્યને અનુકૂળ પરિણામ થવો (જીવ એ પરિણામરૂપે પરિણમવો) એ જ એનો પ્રયત્ન છે. જીવનો તેવો તેવો પરિણામ જ પ્રયત્નરૂપ હોવાથી તેવા તેવા પરિણામથી થતી ક્રિયા પ્રાયોગિક કહેવાય છે, વૈશ્રસિક (જીવપ્રયોગ વિના કુદરતી થતી ક્રિયા) કહેવાતી નથી. જેમકે જીવ પોતે રાગાદિરૂપે પરિણમે છે એટલા માત્રથી જ કર્મબંધ થાય છે, જીવ કર્મબંધ માટે એ સિવાય બીજો કોઇ વિશેષ પ્રયત્ન કરતો ન હોય તો પણ એ કર્મબંધ પ્રાયોગિક કહેવાય છે, જ્યારે એ રીતે જીવના તેવા તેવા પરિણામ વિના જ થતાં અભ્રાદિબંધ વૈશ્રસિક કહેવાય છે. ॥ ૯૮ ॥

વળી તમે જે કહ્યું કે 'પરપરિણામ કર્મબંધનું અવંધ્ય કારણ છે' એ વાત પણ યુક્ત નથી કારણ કે પરપરિણામથી પુરસ્કૃત મિથ્યાત્વાદિથી જ કર્મબંધ થાય છે. તેથી પરપરિણામ તો મિથ્યાત્વાદિથી ચરિતાર્થ થઇ જતો હોવાથી બંધના કારણભૂત કહેવાય નહિ. વળી આમ ઇચ્છા વિના પણ પ્રયત્નાદિથી કેવળીની પ્રવૃત્તિઓ સંભવિત હોવાથી જ દિગંબરો જે નીચે પ્રમાણે કહે છે કે 'કેવળીઓ શબ્દ પ્રયોગ કરતાં નથી...ઇત્યાદિ' તે પણ નિરાકૃત જાણવું.

### [ કેવળીઓ દેશના દેતા નથી–પૂર્વપક્ષ ]

દિગંબરોનું કહેવું એ છે કે–જે વક્તાને એમ થાય કે શ્રોતાને ઘટજ્ઞાન થાય

एयं सहाववाणी कह जुत्ता जेण तेसिं वयजोगो ।
हेऊ दव्वसुअस्सा पओअणं कम्मखवणा य ॥९९॥

(एवं स्वभाववाणी कथं युक्ता येन तेषां वाग्योगः । हेतुर्द्रव्यश्रुतस्य प्रयोजनं कर्मक्षपणा च ॥९९॥)

श्रोतॄणां भावश्रुतकारणतया द्रव्यश्रुतत्वमास्कन्दन्ती वाग्योगजन्या हि भगवद्भाषा कथमनक्षरमयी ? ! नह्यत्र हेत्वभावो बाधको, भाषापर्याप्त्याहितवाग्योगादिर्जीगरूकत्वात् । न चाभिलापजनकश्रुतज्ञानाभावो बाधकः, अभिलापसमानाकारज्ञानमात्रस्यैवाभिलापप्रयोजकत्वात् । अतएवोक्तं—[आव०नि० ७८]

[1]केवलनाणेणत्थे णाउं जे तत्थ पन्नवणजोग्गे ।
ते । भासइ तित्थयरो वयजोग सुअं हवइ सेसं ॥

ति अथ प्रज्ञापनीयानां ग्रहीतुर्ग्रहणयोग्यानामेव चार्थानां भाषणे किं नियामकं ? इति चेत् ? अमूढलक्षस्य भगवतस्तथास्वाभाव्यमेवेति गृहाण । एतेन रागद्वेषरूपहेत्वभावोऽपि निरस्तः, एतयोरनृतभाषायामेव हेतुत्वात् ।

---

તો મારું ઈષ્ટ સિદ્ધ થાય તેને જ 'શ્રોતાને ઘટજ્ઞાન થાઓ' એવી ઇચ્છા જાગે છે. એ પછી 'શ્રોતૃગત જે ઘટાદિજ્ઞાન પોતાને ઈષ્ટ છે, 'તે ઘટાદિપદથી સાધ્ય છે' એવું અવધારણ થવાથી 'ઘટાદિ' પદ પ્રયોગ કરવાની ઈચ્છા પ્રવર્ત્તે છે. ત્યાર બાદ ઈષ્ટ બનેલ ઘટાદિપદપ્રયોગનું સાધન કંઠ-તાલ્વાદિનો અભિઘાત છે એવું જ્ઞાન હોવાથી તેવા અભિઘાતની ઇચ્છા ઊભી થાય છે અને તે ઇચ્છાના કારણે પછી વક્તા તેવો અભિઘાત કરવાની પ્રવૃત્તિ કરે છે જેના પરિણામે ઘટાદિપદ પ્રયોગ થાય છે. પરંતુ કેવળીઓને તો કોઈ ઇચ્છા જ રહી ન હોવાથી આવી ઇચ્છાઘટિત પરંપરા પણ સંભવિત ન હોવાના કારણે શબ્દ પ્રયોગ શી રીતે સંભવે ? તેથી તેઓ બોલતા નથી પણ તેવા વિસ્રસા પરિણામથી જ મસ્તકમાંથી નિરંતર ધ્વનિઓ નીકળ્યા કરે છે જે શ્રોતાઓને પોતપોતાની ભાષા રૂપે પરિણમીને અર્થવિશેષનો બોધ કરાવે છે. દિગંબરનું આ વચન પણ નિરસ્ત છે એવું જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે—

[અખંડિત વાગ્યોગી કેવળીને દેશના અબાધિત-ઉત્તરપક્ષ]

**ગાથાર્થ**:–'કેવળીઓના મસ્તકમાંથી તેવા પ્રકારના સ્વભાવથી જ આવી અનક્ષરમયી ધ્વનિરૂપ વાણી નીકળે છે' એવું માનવું યુક્ત નથી, કારણકે દ્રવ્યશ્રુત=અક્ષરાત્મક વાણીના હેતુભૂત વાગ્યોગ, જેવો છદ્મસ્થાવસ્થામાં હતો એવો કેવળી અવસ્થામાં પણ અક્ષુણ્ણ જ છે. તેમજ કર્મ ખપાવવા રૂપ પ્રયોજન પણ તેમને ઊભું જ છે જેથી 'કોઈ પ્રયોજન ન હોવાથી તેઓ ઉપદેશ પ્રવૃત્તિ કરતાં નથી' એવું પણ કહી શકાતું નથી.

ભગવાન્‌ની વાણી શ્રોતાઓના ભાવશ્રુતનું કારણ બનતી હોવાથી દ્રવ્યશ્રુત બને છે, વાગ્યોગથી ઉત્પન્ન થએલ દ્રવ્યશ્રુતાત્મક આ વાણી અનક્ષરાત્મક શી રીતે હોઈ

---

१. केवलज्ञानेनार्थान् ज्ञात्वा ये तत्र प्रज्ञापनयोग्याः । तान् भाषते तीर्थकरो वाग्योगः श्रुतं भवति शेषम् ॥

अथानृतभाषायां विप्रलिप्सेव सत्यभाषायामप्यनुजिघृक्षैव हेतुर्भविष्यतीति चेत् ? न, अनुग्रहार्थिप्रवृत्तावेव तद्धेतुत्वात् । अत एव "[1]तो मुअइ नाणवुट्ठि भविअजणविबोहणट्ठाए'– इत्यत्रार्थपदं प्रयोजनार्थकं नत्विच्छार्थकमित्याहुः । ननु कृतकृत्यस्य भगवतः प्रयोजनमपि नास्तीति चेत् ? न, एकान्ततः कृतकृत्यत्वासिद्धेः, धर्मदेशनादिनैव तेनोदीर्णतीर्थङ्करनामकर्मणः क्षपणीयत्वात् । यदागमः– "[2]तं च कहं वेइज्जइ ? अगिलाइ धम्मदेसणाईहिं'ति अत एवोक्तं भाष्यकृतापि—[वि०भा० ११०३]

[3]णेगंतेण कयत्थो जेणोदिन्नं जिणिंदणामं से । तदवंझफलं तस्स य खवणोवाओयमेव जओ ।।त्ति

શકે ? અર્થાત્ અક્ષરાત્મક શા માટે ન હોય ? અક્ષરાત્મક વાણીની હેતુભૂત ભાષાપર્યાપ્તિથી ઉપસ્થિત થએલ વાગ્યોગાદિ તેઓને પણ જાગ્રત હોવાથી 'હેત્વભાવ તેવી વાણીનો બાધક છે' એવું કહી શકાતું નથી.

**પૂર્વપક્ષ** :–તે તે શબ્દનો પ્રયોગ રૂપ અભિલાપ ઉત્પન્ન કરનાર શ્રુતજ્ઞાન કેવળીઓને ન હોવાથી શબ્દ પ્રયોગ પણ હોતો નથી.

**[ કેવલજ્ઞાન પણ અભિલાપનું પ્રયોજક ]**

**ઉત્તરપક્ષ** :–અભિલાપની સમાન આકારવાળું શ્રુતજ્ઞાન જ તેવો તેવો અભિલાપ ઊભો કરી આપે એવું નથી પણ તાદૃશ આકારવાળું કોઈપણ જ્ઞાન તેવા અભિલાપનું પ્રયોજક બની શકે છે. તેથી કેવલજ્ઞાનથી પણ તેવો અભિલાપ ઊભો થઈ જ શકે છે. તેથી જ કહ્યું છે કે 'કેવલજ્ઞાનથી પદાર્થોને જાણીને તેમાંથી જે પદાર્થો પ્રરૂપણીય હોય તેઓના પ્રતિપાદક વચન શ્રી તીર્થંકર પરમાત્મા બોલે છે. પરમાત્માના આ શબ્દો તેઓના વાગ્યોગ માત્ર રૂપ જ બને છે, શ્રુત નહિ. તેમજ શ્રોતાના ભાવશ્રુતનું કારણ બનતા હોવાથી શેષશ્રુત=દ્રવ્યશ્રુત બને છે.'

**પૂર્વપક્ષ** :–'કેવલજ્ઞાનથી જણાએલા અનંતાપદાર્થોમાંથી પ્રજ્ઞાપનીય તેમજ શ્રોતાને ગ્રાહ્ય હોય તેવા જ પદાર્થોને કેવલી ભાખે છે બીજા નહિ' એવું નિયમન કોણ કરશે ? છદ્મસ્થોને તો તેવી તેવી ઈચ્છા વગેરે રૂપ નિયામક હોય છે, કેવળીને કોણ ?

**[ તે તે શબ્દ પ્રયોગમાં અમૂઢલક્ષ્યત્વ નિયામક ]**

**ઉત્તરપક્ષ** :–કેવળીઓને કોઇ લક્ષ્ય મૂઢ–છૂપું રહેતું નથી તેઓનો આવો સ્વભાવ જ તેનો નિયામક બને છે. અર્થાત્ ક્યારે કયો પદાર્થ પ્રજ્ઞાપનીય છે ? ઈત્યાદિ

१. अस्यपूर्वार्धं :–तवनियमनाणरुक्खं आरूढो केवली अमियनाणी । [आव०नि० ८९]
तपोनियमज्ञानवृक्षमारूढः केवल्यमितज्ञानी । ततो मुञ्चति ज्ञानवृष्टिं भव्यजनविबोधनार्थाय ।।

२. अस्योत्तरार्धं :–बज्झइ तं तु भगवओ तइअभवोसक्कइत्ताणं ।। [आ०नि० १८३]
तच्च कथं वेद्यते ? अग्लान्या धर्मदेशनादिभिः । बध्यते तत्तु भगवतस्तृतीयं भवमवसर्प्य ।।

३. नैकान्तेन कृतार्थो येनोदीर्णं जिनेन्द्रनाम तस्य । तदवन्ध्यफलं तस्य च क्षपणोपायोऽयमेव यतः ।।

न चातीर्थकरकेवलिनां देशनाद्यनुपपत्तिः, ज्ञानदानाभ्यासादिनिकाचितपुण्यप्रकृतिविशेषादेव तदुत्पत्तेः ।

एतेन 'तीर्थकरनामकर्मणो जीवविपाकितया तत्रैव विपाकप्रदर्शनमुचितं न तु कण्ठताल्वाद्यभिघातक्रमेण देशनादिना पुद्गलेऽपि' इति परास्तम्, जीवविपाकिनोऽपि क्रोधस्य भ्रूभङ्गत्रिवलीतरङ्गादिना पुद्गले विपाकदर्शनात् । रागद्वेषराहित्यलक्षणं तु कृतकृत्यत्वं भगवति निराबाधमेव, विनैव तौ भगवतः परमहितोपदेशकत्वस्य योग्यानां च ततः प्रतिबोधस्य स्वभावादेव निर्वाहाद्' । यदाहुः [वि०भा०११०४-१०]

---

તેઓને અજ્ઞાત ન હોવાથી જ તે-તેને અનુસરીને જ તેઓ શબ્દ પ્રયોગ કરે છે. આમ અમૂઢલક્ષ્યત્વ જ તેઓના તેવા તેવા શબ્દ પ્રયોગમાં નિયામક હોવાનું જે પ્રતિપાદન કર્યું તેનાથી- 'વક્તાઓ તે તે વખતે જે શબ્દોનો પ્રયોગ કરે છે તે શ્રોતા પરના રાગ કે દ્વેષને અનુસરીને કરતા હોવાથી જણાય છે કે રાગદ્વેષ વચન પ્રત્યે હેતુ છે. એવા હેતુનો કેવળીઓને અભાવ હોવાથી શબ્દપ્રયોગ શી રીતે હોઈ શકે?'- એવી શંકા પણ નિરસ્ત જાણવી, કારણ કે રાગદ્વેષ તો અસત્ય ભાષા પ્રત્યે જ હેતુ છે, સત્ય ભાષા પ્રત્યે નહિ. તેથી રાગદ્વેષ વિના પણ કેવળીઓને સત્યભાષા હોવામાં કોઇ વાંધો નથી.

**પૂર્વપક્ષ** :-જેમ અસત્યવચનપ્રયોગમાં સામાને ઠગવાની ઇચ્છા હેતુ બને છે તેમ સત્યવચનપ્રયોગમાં સામા પર અનુગ્રહ કરવાની ઇચ્છા હેતુ બને છે જે રાગાત્મક હોવાથી કેવળીઓને હોતી નથી તો તેઓને સત્યભાષાપ્રયોગ પણ શી રીતે હોઇ શકે?

**[ કેવળી અનુગ્રહેચ્છાથી દેશના દેતા નથી ]**

**ઉત્તરપક્ષ** :-અનુગ્રહ કરવાની ઇચ્છાવાળાઓની પ્રવૃત્તિ પ્રત્યે જ અનુજિઘૃક્ષા હેતુ બને છે. કેવળીઓ અનુગ્રહ કરવાની ઇચ્છાથી દેશના વગેરે પ્રવૃત્તિ કરતાં નથી કિન્તુ ભવ્યજીવોને અનુગ્રહ થવા રૂપ પ્રયોજનથી કરે છે. તેથી જ 'तो मुअइ...' એવા શાસ્ત્રવચનમાં 'अर्थ' શબ્દ પ્રયોજનાર્થક છે ઇચ્છાર્થક નહિ એવું વૃદ્ધપુરુષો=પૂર્વાચાર્યો કહે છે.

**પૂર્વપક્ષ** :-કૃતકૃત્ય એવા ભગવાન્ ને જેમ ઇચ્છા હોતી નથી તેમ પ્રયોજન પણ હોતું નથી. તેથી તેવા તેવા પ્રયોજનથી દેશનાદિ પ્રવૃત્તિ કરે છે એવું પણ શી રીતે કહેવાય?

**ઉત્તરપક્ષ** :-ઉદયમાં આવેલ જિનનામકર્મને ખપાવવાનું પ્રયોજન તેઓને પણ ઊભું જ હોવાના કારણે એકાન્તે (=સર્વથા) કૃતકૃત્યત્વ કેવળીઓમાં અસિદ્ધ હોવાથી 'તેઓને કોઇ પ્રયોજન હોતું નથી' એ વાત ખોટી છે. તે કર્મ ધર્મદેશનાદિથી જ ખપી શકે એવું હોવાથી તેને ખપાવવાના પ્રયોજનથી તેઓ ધર્મદેશનાદિ પ્રવૃત્તિ

[1]जं च कयत्थस्स वि से अणुवगयपरोवगारिसाभव्वं ।
परमहियदेसयत्तं भासयसाभव्वमिव रविणो ॥
[2]किंच कमलेसु राओ रविणो बोहेइ जेण सो ताइं ॥
कुमुएसु य से दासो जं ण विबुज्झंति से ताइं ।
[3]जं बोहमउलणाई सूरकरामरिसओ समाणा उ ।
कमलकुमुआण तो तं साभव्वं तस्स तेसिं च ॥
[4]जह वोलूगाईणं पगासधम्मावि सेसदोसेणं ।
उइओ वि तमोरूवो एवमभव्वाण जिणसूरो ॥

કરે છે. આગમમાં પણ કહ્યું છે કે 'તે જિનનામકર્મ શી રીતે વેદાય છે? (એવા પ્રશ્નનો ઉત્તર–) ગ્લાનિરહિત ધર્મદેશનાદિ કરવા વડે.' તેથી જ **ભાષ્યકારે** પણ કહ્યું છે કે 'કેવળી એકાંતે કૃતાર્થ હોતા નથી કારણ કે ઉદયમાં આવેલા જિનનામકર્મ ખપાવવાનું પ્રયોજન તેઓને ઊભું હોય છે. આ જિનનામકર્મ અવંધ્યફળવાળું હોય છે અર્થાત્ 'સમવસરણ, અતિશયયુક્ત વાણી વગેરે ઋદ્ધિ' રૂપ પોતાનું ફળ અવશ્ય આપે જ એવું હોય છે. તેથી એ ઋદ્ધિઓને ભોગવ્યા વિના એ ખપે એવું ન હોવાથી દેશનાદાન વગેરે જ તેને ખપાવવાના ઉપાયભૂત થવાના કારણે તેઓ દેશનાદિની પ્રવૃત્તિ કરે છે'

**પૂર્વપક્ષઃ**–તેમ છતાં જેઓને જિનનામકર્મ નથી તેવા સામાન્યકેવળીને તો જિનનામકર્મ ખપાવવાનું ન હોવાથી દેશના વગેરે માની શકાશે નહિ.

**ઉત્તરપક્ષ** :–જિનનામકર્મ ન હોવા છતાં પૂર્વે જ્ઞાનદાન–અભ્યાસાદિથી બાંધેલ નિકાચિત પુણ્યપ્રકૃતિઓ તો તેઓને પણ હોય જ છે જેને ખપાવવા માટે તેઓને પણ દેશનાદિપ્રવૃત્તિ આવશ્યક બને છે.

આમ દેશનાદિ જિનનામાદિને ખપાવવાના ઉપાયભૂત હોવાથી તે તેઓને હોય છે એવું જે કહ્યું એનાથી જ 'જિનનામકર્મ જીવવિપાકી હોવાની એની અસર જીવપર જ હોય છે, કંઠ તાલુઆદિના અભિઘાતાદિ દ્વારા દેશના અપાવવા રૂપે પુદ્ગલો પર પણ નહિ. અર્થાત્ જીવમાં જ તેવા તેવા પરિણામો ઊભા કરીને એ ખપી જાય છે, પણ કંઠ-તાલુઅભિઘાતાદિ રૂપ પુદ્ગલપરિણામો કરવા દ્વારા દેશનાદિ પ્રવૃત્તિ કરાવતું નથી'— એવું વચન પરાસ્ત જાણવું. કારણ કે જીવવિપાકી એવી ક્રોધમોહનીયાદિ પ્રકૃતિઓ પણ ભ્રૂભંગ–ત્રિવલીતરંગાદિરૂપ પરિણામો શારીરિક પુદ્ગલોમાં પણ ઊભા કરે જ છે.

૧. यच्च कृतार्थस्यापि तस्यानुपकृतपरोपकारिस्वाभाव्यम् । परमहितदेशकत्वं भासकस्वाभाव्यमिव रवेः ॥
૨. किं च कमलेषु रागो रवेर्बोधयति येन स तानि । कुमुदेषु वा तस्य द्वेषो यन्न विबुध्यन्ते तस्य तानि ॥
૩. यद्बोधमुकुलने सूरकरामर्शतः समानात् । कमलकुमुदानां ततस्तत् स्वाभाव्यं तस्य तेषां च ॥
૪. यथा वोलूकादीनां प्रकाशधर्माऽपि स स्वदोषेण । उदितोऽपि तमोरूप एवमभव्यानां जिनसूरः ॥

[5]सज्झं तिगिच्छमाणो रोगं रागी ण भण्णए विज्जो ।
मुणमाणो अ असज्झं सेहयंतो जह अदोसो ॥
[6]तह भव्वकम्मरोगं नासंतो रागवं न जिणविज्जो ।
ण य दोसी अभव्वासज्झकम्मरोगं णिसेहंतो ॥
[7]मोत्तुमजोग्गं जोग्गे दलिए रूवं करेइ रूआरो ।
ण य रागदोसिल्लो तहेव जोग्गे विबोहंतो ॥ त्ति ।

**પૂર્વપક્ષઃ**–'આવા કર્મો ખપાવવાનું પ્રયોજન ઉભું છે' એમ તમે કહો છો તો શું કેવળી ભગવાન્ કૃતકૃત્ય થયા જ નથી ?

**[ અભવ્યોને પ્રતિબોધ ન થવામાં સ્વદોષ જવાબદાર ]**

**ઉત્તરપક્ષઃ**– રાગદ્વેષને કેવળીઓએ હણી નાખ્યા હોવાથી રાગદ્વેષ વિનાના હોવા રૂપ કૃતકૃત્યત્વ તેઓમાં હોય જ છે. અને ભવ્યાદિ જીવો પર રાગદ્વેષ ન હોવા છતાં પણ સ્વભાવથી જ તેઓ પરમ હિતનો ઉપદેશ આપે છે. તેમ જ તે ઉપદેશથી પોતાના અને શ્રોતાઓના તેવા સ્વભાવના કારણે યોગ્ય જીવોને જ પ્રતિબોધ થાય છે. વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે "જેમ પોતાને ઉપકારી નહિ એવા પણ લોકો પર ઉપકાર કરવાનો સૂર્યનો પ્રકાશક સ્વભાવ છે તેમ કેવળીનો પણ અનુપકારી એવા પણ 'પર' ને ઉપકાર કરવાનો પરમહિતદેશકત્વરૂપ સ્વભાવ હોય છે. વળી શું સૂર્યને કમલ કે કુમુદ પર રાગદ્વેષ છે ? જેથી તે કમલોને જ વિકસિત કરે છે, અને કુમુદોને સંકોચે છે ? ના, પરંતુ સૂર્યકિરણસ્પર્શથી કમલો જ વિકસિત થાય છે અને કુમુદો તો બીડાય જ છે આ બધો સૂર્યનો તેમજ કમલ–કુમુદોનો સ્વભાવ જ છે. તેમ શ્રી જિનેશ્વર દેવરૂપી સૂર્યથી ભવ્યજીવો જ બોધ પામે છે, બીજા નહિ, તે પણ શ્રી જિનેશ્વરદેવ તેમ જ તે તે જીવોનો તેવો તેવો સ્વભાવ જ જાણવો, શ્રી તીર્થંકરને તેઓ પર રાગદ્વેષ છે તેવું નહિ. અથવા જેમ પ્રકાશધર્મને સામાન્યથી જ સહન ન કરી શકવા રૂપ દોષના કારણે ઘુવડાદિને ઉદય પામેલો પણ સૂર્ય અંધકારરૂપે જ પરિણમે છે, એને પ્રકાશ થતો નથી તેમ જિનસૂર્ય ગમે એટલો પ્રકાશવા છતાં અભવ્યોને પોતાના દૂષિત સ્વભાવના કારણે તત્ત્વપ્રકાશ થતો નથી. તેથી તેઓ પર તીર્થંકરને દ્વેષ છે એવું તો સિદ્ધ થતું જ નથી. વળી વૈદ્ય પણ સાધ્યરોગવાળા રોગીની જ દવા કરે છે, અસાધ્ય રોગવાળાની દવા જ કરતો નથી–પહેલેથી જ નિષેધ કરે છે, છતાં એ સાધ્યરોગી પર રાગી છે અને ઇતર પર દ્વેષી છે એવું કહેવાતું નથી. તેમ ભવ્યજીવોના કર્મરોગને સાધ્ય જાણીને તેઓના માટે જ દેશના દેતા ભગવાન્ અસાધ્ય કર્મરોગવાળા અભવ્યજીવોને નિષેધ કરતાં હોવા

૫. साध्यं चिकित्सन् रोगं रागी न भण्यते वैद्यः । जानंश्चासाध्यं निषेधन् यथाऽदोषः ॥
૬. तथा भव्यकर्मरोगं नाशयन् रागवान्न जिनवैद्यः । न च द्वेष्यभव्यासाध्यकर्मरोगं निषेधन् ॥
૭. मोक्तुमयोग्यं योग्ये दलिके रूपं करोति रूपकारः । न च रागद्वेषवांस्तथैव योग्यान् विबोधन् ॥

इदमत्ररहस्यं–किमिति भगवान् भाषते ? इति पृच्छतामिदमुत्तरं–यत्किमयं हेतुप्रश्नः प्रयोजनप्रश्नो वा ? नाद्यः, क्षायिकत्वादेव तद्वीर्यस्य वाग्वर्गणाऽऽदानस्य च स्वहेतुकाययोगादिलाभाधीनत्वात् । द्वितीये पुनरुक्तमेव कर्मक्षपणं प्रयोजनमिति किमपरमनुशासितुमवशिष्यते ? 'सति प्रयोजने तदिच्छापेक्षयैव प्रवृत्त्या भवितव्यमि'ति चेत् ? भवनशीलायां तस्यामिदमित्थमेव, न त्वन्यत्रापि । न च भवन्त्यपि सा तदिच्छामपेक्षत एवाप्रमत्तप्रवृत्तेस्तदनपेक्षित्वात्, सामायिकस्यैवोचितप्रवृत्तिहेतुत्वात् । तदुक्तं–

'समभावो सामइअं तणकंचणसत्तुमित्तविसओत्ति ।
णिरभिस्संगं चित्तं उचियपवित्तिप्पहाणं च ॥ त्ति । [पञ्चाशक ११–५]

છતાં રાગી કે દ્વેષી હોતા નથી. તેમજ શિલ્પી પણ અયોગ્ય પુદ્ગલોને પહેલેથી જ દૂર કરી યોગ્ય દ્રવ્યોમાંથી જ મૂર્તિ કરતો હોવા છતાં જેમ રાગદ્વેષવાળો કહેવાતો નથી તેમ અયોગ્યની બાદબાકી કરી યોગ્યને જ બોધ આપતા શ્રી જિનેશ્વરદેવ રાગદ્વેષ વિનાના જાણવા."

## [કેવળીની દેશનાપ્રવૃત્તિનું રહસ્ય]

અહીં આ રહસ્ય છે—

કેવળી ભગવાન્ કેમ બોલે છે ? એવું પૂછનારાને અમે પૂછીએ છીએ કે આ તમારો હેતુપ્રશ્ન છે કે પ્રયોજનપ્રશ્ન ? અર્થાત્ ભગવાન્‌ની બોલવાની ક્રિયામાં હેતુઓ કોણ છે ? એવું તમે પૂછવા માંગો છો કે ભગવાન્ કયા પ્રયોજનથી બોલે છે એ ? પહેલો વિકલ્પ માની શકાય તેમ નથી કારણ કે શબ્દોચ્ચારણમાં તાદૃશવીર્ય અને ભાષાવર્ગણા યોગ્ય પુદ્ગલોનાં ગ્રહણાદિ હેતુભૂત છે એ વાત, તેમજ ક્ષાયિકવીર્ય અને સ્વહેતુભૂત કાયયોગાદિથી તાદૃશપુદ્ગલ ગ્રહણાદિરૂપ તે કારણો કેવળીઓને પણ હોય છે, એ વાત પ્રસિદ્ધ હોવાથી પૂછવાની રહેતી નથી.

બીજા વિકલ્પરૂપે પ્રશ્ન પૂછતા હો તો એનો જવાબ તો અમે આપી જ ગયા છીએ કે કર્મનિર્જરાત્મક તાદૃશપ્રયોજન તેઓને પણ ઊભું જ છે તેથી બીજું શું વધુ કહીએ ?

**પૂર્વપક્ષ** :– પ્રયોજનની હાજરીમાં એની ઇચ્છાથી જ પ્રવૃત્તિ થાય, તેથી જો ભગવાન્‌ને કર્મનિર્જરાત્મક પ્રયોજનથી પ્રવૃત્તિ છે એમ માનશો તો ફલિત એ થશે કે ભગવાન્ કર્મનિર્જરાની ઇચ્છાથી પ્રવૃત્તિ કરે છે.

## [અપ્રમત્તની ઉચિતપ્રવૃત્તિમાં ઇચ્છા નહિ, સામાયિક હેતુ છે]

**ઉત્તરપક્ષ** :–જો તે પ્રવૃત્તિ થવાના સ્વભાવવાળી=યોગ્યતાવાળી હોય તો તો તેમજ છે એટલે કે ઇચ્છાની અપેક્ષા રાખે જ છે. અર્થાત્ પ્રવૃત્તિ ચાલુ ન હોય અને નવી ચાલુ થવાની હોય તો તેની પૂર્વમાં કારણ તરીકે ભલે ઇચ્છા આવશ્યક બને, પરંતુ

१. समभावः सामायिकं तृणकंचनशत्रुमित्रविषय-इति । निरभिष्वंगं चित्तमुचितप्रवृत्तिप्रधानं च ॥

नन्वेवमुचितप्रवृत्तावभिष्वङ्गाभावप्रशस्तरागयोः पृथक्कारणताद्वयकल्पने गौरवम् , अन्यथा व्यभिचारो; मम तु तत्र प्रशस्तरागस्यैकस्यैव हेतुत्वमिति लाघवमिति चेत् ? न, अप्रमत्तप्रवृत्त्यनुरोधेनाऽप्रशस्तरागद्वेषापूर्वकत्व–प्रमादापूर्वकत्वलक्षणौचित्यद्वयान्तर्भावेनोक्तकारणताद्वयकल्पनायाः प्रामाणिकत्वात् । अस्तु वोचितप्रवृत्तित्वावच्छेदेनाप्रशस्तरागाद्यभावस्यैव हेतुत्वं, न चानुचितप्रवृत्तित्वावच्छिन्नं प्रति प्रशस्तरागाद्यभावस्य हेतुतायां विनिगमनाविरहः, अप्रमत्तप्रवृत्तौ व्यभिचारात् । न चाप्रमत्तानां प्रवृत्तिरेव नास्तीति सांप्रतं, योगदुष्प्रणिधानरूपप्रमादत्यागेऽपि तैस्तत्सुप्रणिधानाऽत्यागात् , सर्वथा योगनिरोधस्य शैलेश्यवस्थाभावित्वात् , इति किमित्याम्रेडितविस्मरणशीलताऽऽयुष्मतः ॥९९॥

---

જે પ્રવૃત્તિ પૂર્વથી જ ચાલી આવતી હોય તેમાં ઇચ્છા આવશ્યક હોતી નથી. ભગવાનને પણ કર્મક્ષપણના પ્રયોજનવાળી પ્રવૃત્તિ પૂર્વથી (છદ્મસ્થ અવસ્થાથી) જ ચાલી આવતી હોઈ તે માટે કોઈ ઇચ્છાની અપેક્ષા રહેતી નથી. એથી જ અપ્રમત્તયતિની પ્રવૃત્તિ ઇચ્છા નિરપેક્ષ હોય છે. મોહનીયનો ઉદય હોવા છતાં અપ્રમત્તયતિની પ્રવૃત્તિમાં ઇચ્છાપૂર્વકત્વ હોતું નથી. એનું એ પણ કારણ છે કે તેઓની પ્રવૃત્તિ ઉચિત જ હોઈ સામાયિક પૂર્વકની હોય છે. જો ઇચ્છાપૂર્વકની હોય તો અનુચિતપ્રવૃત્તિની પણ સંભવના રહે, પણ તેમ છે નહિ. કહ્યું છે કે–'તૃણ' કાંચનાદિ જડ વસ્તુઓમાં તેમજ શત્રુમિત્રાદિ ચેતનવસ્તુમાં માધ્યસ્થ્ય ભાવ સામાયિક છે તેમજ રાગદ્વેષાત્મક અભિષ્વંગ રહિતનું ઉચિત પ્રવૃત્તિયુક્ત ચિત્ત સામાયિક છે.' અહીં ઉચિતપ્રવૃત્તિયુક્ત તાદૃશચિત્તને સામાયિક કહ્યું તેનાથી જણાય છે કે જો નિરભિષ્વંગચિત્તાત્મક સામાયિકની હાજરી હોય તો ઉચિતપ્રવૃત્તિ થાય જ, અર્થાત્ સામાયિક જ ઉચિતપ્રવૃત્તિનું કારણ છે, નહીં કે ઇચ્છા.

## [ઉચિતપ્રવૃત્તિમાં પ્રશસ્ત રાગ હેતુ–પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ** :–શ્રી અરિહંતાદિ વિશેના પ્રશસ્તરાગથી પણ ઉચિત પ્રવૃત્તિ થાય છે. તેથી ઉચિત પ્રવૃત્તિ પ્રત્યે જેમ અભિષ્વંગાભાવને હેતુ માનો છો તેમ પ્રશસ્તરાગને પણ સ્વતંત્ર હેતુ માનવો જ પડશે. આ રીતે બે પૃથક્ કારણો માનવામાં ગૌરવ છે અને એમાંથી એક ને જ કારણ માનવામાં જેને કારણ તરીકે સ્વીકાર્યું હોય તેની ગેરહાજરીમાં પણ ઇતરથી ઉચિતપ્રવૃત્ત્યાત્મક કાર્ય થઈ શકતું હોવાથી વ્યતિરેક વ્યભિચાર દોષ સ્પષ્ટ જ છે. અમે તો ઉચિત–પ્રવૃત્તિપ્રત્યે માત્ર પ્રશસ્તરાગને જ હેતુ માનતા હોવાથી અમારે લાઘવ છે અને નિરભિષ્વંગચિત્તને તો તે પ્રત્યે હેતુ ન માન્યું હોવાથી વ્યભિચાર પણ નથી.

## [ઉચિતપ્રવૃત્તિ પ્રત્યે અપ્રશસ્તરાગાભાવ હેતુ–ઉત્તરપક્ષ]

**ઉત્તરપક્ષ** :–પ્રમત્તની શ્રી અરિહંતાદિની ભક્તિઆદિ પ્રવૃત્તિની જેમ અપ્રમત્તની પ્રવૃત્તિ પણ ઉચિતપ્રવૃત્તિ જ હોવાથી પ્રવૃત્તિમાં ઔચિત્ય બે પ્રકારનું માનવું પડે છે

अथ वाग्निर्गमप्रयत्नाद्भगवता खेदोदीरणप्रसङ्गमाशङ्क्याह—

**ण य वयणपयत्तेणं खेअस्सोदीरणं जिणिंदस्स ।**
**इहरा सुहस्स पावइ तं ण वा अण्णपयडीणं ॥१००॥**

[न च वचनप्रयत्नेन खेदस्योदीरणं जिनेन्द्रस्य । इतरथा सुखस्य प्राप्नोति तन्नवेतरप्रकृतीनाम् ॥१००॥]

'અપ્રશસ્તરાગદ્વેષ પૂર્વક નહિ હોવા પણા રૂપ' અને 'પ્રમાદપૂર્વક નહિ હોવા પણા રૂપ' જેમ તાર્ણું, પાર્ણું વગેરે ભિન્ન ભિન્ન અવાન્તર જાતિવાળા વહ્નિઓ પ્રત્યે તૃણ, પર્ણ વગેરે રૂપ જુદી જુદી જાતના કારણો મનાય છે તેમ આ બે પ્રકારના ઔચિત્યયુક્ત બે જાતની પ્રવૃત્તિ પ્રત્યે કારણ પણ બે જાતના માનવા પ્રામાણિક જ હોવાથી ગૌરવ થવાનો દોષ નથી. અથવા તો કોઇપણ ઉચિત પ્રવૃત્તિ અંગે એક જ કારણ માનવું હોય તો અપ્રશસ્તરાગાદિના અભાવને જ માની લેવામાં કોઇ દોષ નથી. પ્રમત્તની ઉચિતપ્રવૃત્તિ પૂર્વે જેમ તાદૃશઅભાવ હાજર હોય છે તેમ અપ્રમત્તની ઉચિતપ્રવૃત્તિ પૂર્વે પણ તાદૃશ અભાવ હાજર હોય જ છે.

**પૂર્વપક્ષ** :–એ રીતે તો કોઇપણ અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે પ્રશસ્તરાગાદિનો અભાવ હેતુ છે એવો જ કાર્યકારણ ભાવ માની લેવાથી તેવા હેતુના અભાવમાં ઉચિતપ્રવૃત્તિ થાય એવું પણ અર્થાદાપન્ન થઇ જાય છે. તેથી બેમાંથી કયો કાર્યકારણભાવ માનવો? એમાં કોઈ વિનિગમક ન હોવાના કારણે વિનિગમનાવિરહ થવાની આપત્તિ આવશે.

**ઉત્તરપક્ષ** :– એવી આપત્તિ આવતી નથી કારણકે અપ્રમત્તયતિને પ્રશસ્ત રાગાદિનો અભાવ હોવા છતાં અનુચિત પ્રવૃત્તિ ન હોવાના કારણે તમે કહેલ કાર્યકારણ ભાવમાં આવતો અન્વયવ્યભિચાર જ તાદશ વિનિગમક બની અમારા કાર્યકારણભાવને નિર્દોષ જાહેર કરે છે.

**પૂર્વપક્ષ** :–અપ્રમત્તયતિઓને તો પ્રવૃત્તિ જ ન હોવાથી ઉચિત પ્રવૃત્તિ પણ હોતી નથી અને તેથી તમે કહેલ કાર્યકારણભાવમાં પણ વ્યભિચાર સ્પષ્ટ જ છે.

**ઉત્તરપક્ષ** :–એ વાત પણ અયુક્ત છે, કારણ કે યોગદુષ્પ્રણિધાનાત્મક પ્રમાદ તેઓને ન હોવા છતાં યોગના સુપ્રણિધાનાત્મક ઉચિત પ્રવૃત્તિ તો તેઓને હોય જ છે. સર્વથા યોગ નિરોધ અને તેથી પ્રવૃત્તિનો અભાવ તો શૈલેશી અવસ્થામાં જ હોય છે એ વાત તમે કેમ વારે વારે ભૂલી જાવ છો? ॥૯૯॥

જો કેવળીઓને શબ્દોચ્ચાર કરવાનો હોય તો તો એમાં પ્રયત્ન કરવાનો હોવાથી ખેદની ઉદીરણા થવાની આપત્તિ આવશે એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**[વચનપ્રયત્નથી અશાતાની ઉદીરણા ન થાય]**

**ગાથાર્થ**:–વચનપ્રયત્નથી અશાતાની ઉદીરણા થતી હોવાથી ખેદાત્મક અશાતા ભોગવવી પડે છે, એ વગર અશાતા ભોગવવાની હોતી નથી' એમ માનવામાં તો

'वाक्प्रयत्नजन्यः खेदलेश' इति यदि स उदीरित एव स्यात्तर्हि सुखमपि तेषां काययोगाद्युदीरणीयमेव प्रसज्येत । अथ मोहाभावादप्रवृत्तिमतां भगवतां सुखमपि काययोगाद्यनपेक्षं क्षायिकमेवाभ्युपेम इति चेत्? हन्त तर्हि तीर्थकरनामकर्माद्युदीरणमपि तेषां न स्यात् । 'उदयावलिकातो बहिर्वर्त्तिनीनां स्थितीनां दलिकं कषायसहितेनासहितेन वा योगसंज्ञकेन वीर्यविशेषेणाकृष्योदयावलिकायां प्रक्षेपणमुदीरणा' इति हि तल्लक्षणमामनन्ति, न चैतद्विना प्रयत्नं संभवीति ॥१००॥

अथोदयोचितकालपरिपाकात् प्रागेवोदयावलिकायां कर्मनयनं तथाविधस्थितिबन्धाधीनमुदीरणमिति व्यपदिश्यत इति चेत्? अत्रोच्यते—

---

'શાતાવેદનીય પણ ઉદીરણા વગર ભોગવવાનું હોતું નથી' એવું માનવું પડવાથી તે પણ કાયયોગાદિથી ઉદીરણાપાત્ર બનવાની આપત્તિ આવશે. 'કેવળીઓને તો ક્ષાયિક સુખ હાજર હોવાથી શાતાવેદનીયની કાયયોગાદિથી ઉદીરણા માનવાની જરૂર રહેતી નથી' એવું જો કહેશો તો બીજી પ્રકૃતિઓની ઉદીરણા પણ તેઓને માની શકાશે નહિ.

**વચનોચ્ચાર પ્રયત્નથી** કંઈક ખેદ=શ્રમ લાગે છે એટલા માત્રથી જો એમ જ માની લેવાનું હોય કે એવો પ્રયત્ન કરવાથી જ અશાતાની ઉદીરણા થાય છે અને દુઃખ અનુભવવું પડે છે તો તો શાતાવેદનીયની પણ કાયયોગાદિથી જ ઉદીરણા થાય છે અને સુખનો અભનુવ થાય છે એવું પણ માનવાની આપત્તિ આવશે. અર્થાત્ સુખને પણ કાયયોગાદિ સાપેક્ષ માનવાનું થવાથી સુખ માટે તેઓનો પ્રયત્ન માનવો જ પડશે.

**પૂર્વપક્ષ** :–મોહનો અભાવ થયો હોવાના કારણે પ્રવૃત્તિરહિતના થએલા કેવળીઓને સુખ પણ ક્ષાયિક જ હોવું જોઈએ એમ અમે માનતા હોવાથી સુખાદિ માટે કાયયોગાદિ પ્રયત્નની અપેક્ષા માનવી પડતી નથી. અર્થાત્ તાદૃશ પ્રયત્ન ન હોવાના કારણે શાતાવેદનીયની ઉદીરણા ન હોય તો પણ અમારે કોઈ વાંધો નથી.

## [પ્રયત્ન વિના ઉદીરણા અસંભવિત]

**ઉત્તરપક્ષ** :–પણ આ રીતે 'ઉદીરણા તો પ્રયત્નથી જ થાય, પણ કેવળીઓને શાતાવેદનીયની આવશ્યકતા ન હોવાથી એ માટે કોઈ પ્રયત્ન માનવાની જરૂર ન રહેવાથી તેઓને કોઈ જ પ્રયત્ન હોતો નથી એમ કહેવામાં કોઈ વાંધો નથી અને તેથી વચનોચ્ચાર પ્રયત્ન પણ હોતો નથી'–એવું માનવાનું જો તમે સાહસ કરશો તો કોઈ પ્રયત્ન ન હોવાના કારણે જિનકર્માદિની પણ તેઓને ઉદીરણા હોતી નથી એવું માનવું પડશે. તાત્પર્ય, 'ઉદયાવલિકાથી ઉપરની સ્થિતિઓમાં રહેલા દલિકોનો યોગ નામના સકષાય કે અકષાય વીર્યવિશેષથી ખેંચીને ઉદયાવલિકામાં નાખવા' તે ઉદીરણા કહેવાય છે. આવી ઉદીરણા પ્રયત્ન વિના અસંભવિત છે. તેથી કેવળીઓને પ્રવૃત્તિહીન માનવામાં ઉદીરણા જ અનુપન્ન થવાની આપત્તિ આવશે. ॥૧૦૦॥

ण य तं विरियविरहियं जायइ अपवत्तणव्व करणंति ।
केवलसहावपक्खे सुगयस्स मयं अणुण्णायं ॥१०१॥

[न च तद्वीर्यविरहितं जायतेऽपवर्त्तनेव करणमिति । केवलस्वभावपक्षे सुगतस्य मतमनुज्ञातम् ॥१०१॥]

न हि कर्मोदीरणं वीर्यं विना प्रवर्त्तते, करणत्वात्, अपवर्त्तनावत् । अथापवर्त्तनमप्यपवर्त्तनीयकर्मणस्तथास्वाभाव्यादेवेति चेत्? किं तर्हि तत्स्वभावकर्महेतुरेव तदपवर्त्तनहेतुरुत स्वहेतुचिततत्कर्मणोऽपवर्त्तनं स्वभावादेव? नाद्यः, उत्पत्तिसमनन्तरमेव तदपवर्त्तनप्रसङ्गात् । न द्वितीयः, कारणं विना कार्योत्पत्तिप्रसङ्गात् । अथ किमिदमपवर्त्तनं नाम? नूनं ध्वंस एव सः, केवलं प्रायश्चित्ताद्यभावे भोगादेव तन्नाशः, अन्यथा तु प्रायश्चित्तादिनैवेत्येव विशेषः । न च

**[ઉદીરણા સ્થિતિ બંધને આધીન છે, પ્રયત્નને નહિ–પૂર્વપક્ષ]**

**પૂર્વપક્ષ :**–તે તે કર્મદલિકોનો ઉદયમાં આવવાનો ઉચિતકાળ પાકે એ પૂર્વે જ તેઓને ઉદયાવલિકામાં લઇ જવા એ ઉદીરણા કહેવાય છે. વળી કર્મબંધ વખતના તેવા અધ્યવસાયોને આશ્રીને તે તે દલિકોનો સ્થિતિબંધ જ એવો થયો હોય છે કે આ રીતે ઉચિતકાળ પૂર્વે જ તે તે દલિકો ઉદયાવલિકામાં આવી ઉદીર્ણ થઇ જાય છે તેથી તે તે દલિકોની ઉદીરણા પોત પોતાના તેવા તેવા સ્થિતિ બંધને જ આધીન હોય છે. પાછળથી તે ઉદીરણા માટે કોઇ પ્રયત્ન કરવાનો હોતો નથી. તેથી કેવળીઓને પ્રયત્નાભાવ હોવા છતાં જિનનામકર્મની ઉદીરણા હોવામાં કોઈ વાંધો નથી.

દિગંબરની આવી શંકાનો જવાબ આપતાં ગ્રન્થકારશ્રી કહે છે—

**[અપવર્તનાની જેમ ઉદીરણા પણ વીર્યસાપેક્ષ—ઉત્તરપક્ષ]**

**ગાથાર્થ:**–અપવર્ત્તનાની જેમ કરણ રૂપ હોવાથી ઉદીરણા પણ વીર્ય વિના થતી નથી. દલિકોનું છે. એક નિષેકમાંથી બીજા નિષેકમાં સ્થાનાન્તર કરવારૂપ કાર્યના કારણભૂત હોવાથી વીર્યાત્મક તે કરણ ને પ્રયત્નરૂપ માનવું પડે છે. તેને અપ્રયત્નાત્મક માની પ્રયત્ન વિના પણ કાર્ય થાય છે એવું માનવામાં સ્વભાવથી જ કાર્ય થાય છે એવું ફલિત થતું હોવાથી બૌદ્ધ મતને સ્વીકારવાનું થશે.

જેમ અપવર્ત્તના કરણરૂપ હોવાથી વીર્ય વિના થતી નથી તેમ કર્મોની ઉદીરણા પણ કરણરૂપ હોવાથી વીર્ય વિના પ્રવર્ત્તતી નથી.

**પૂર્વપક્ષ :**–અપવર્ત્તના પણ અપવર્ત્તનીય કર્મના તેવા સ્વભાવથી જ થાય છે. વીર્યથી નહિ, તેથી તેની જેમ ઉદીરણાને પણ સ્વભાવથી જ થતી હોવી માનવી જોઇએ.

**ઉત્તરપક્ષ :** 'અપવર્ત્તનીય કર્મના તેવા સ્વભાવથી જ અપવર્ત્તના થાય છે' આવું કહેવામાં તમારો આશય શું છે? તેવા સ્વભાવવાળા કર્મના જે યોગાદિ હેતુઓ છે તે જ અપવર્તનાના પણ હેતુ છે (અર્થાત્ અપવર્ત્તના માટે નવા કોઇ હેતુની અપેક્ષા હોતી નથી) એ? કે પોતાના હેતુઓથી સંચિત થએલા તે કર્મની સ્વભાવથી જ

दीर्घस्थितिकस्य ह्रस्वस्थितिकापादनमपवर्त्तनं नाम, कालसंबन्धरूपायाः स्थितेरनपवर्त्तनीयत्वादिति चेत् ? न, प्रायश्चित्तादिना कर्मणः स्थितेरेव नाशात् भस्मकेनेव बहुकालभोग्यधान्यस्थितेः, कर्मणः पुनरन्ततो धान्यराशेरिव प्रदेशानुभवरूपोऽपि भोग आवश्यक एव, अतएव न कृतनाशाऽकृतागमादिप्रसङ्गः । यदाह भाष्यकारः—

[1]कम्मोवक्कामिज्जइ अपत्तकालंपि जइ तओ पत्ता ।
अकयागमकयनासा मोक्खाणासासणा दोसा ॥
[2]ण हि दीहकालिअस्स वि णासो तस्साणुभूइओखिप्पं ।
बहुकालाहारस्सव्व दुयमग्गिअरोगिणो भोगो ॥ त्ति । [वि०भा० २०४७/४८]

અપવર્ત્તના થઇ જાય છે એ ? પહેલો વિકલ્પ તો માની શકાશે નહિ, કારણ કે કર્મના હેતુઓથી કર્મોત્પત્તિ પછી તરત જ તેઓની અપવર્ત્તના થઇ જવાની આપત્તિ આવશે (કારણ કે કર્મબંધના હેતુઓ જ પોતાના હેતુ હોવાથી સંપન્ન થઇ જ ગયા છે.) પોતાના કારણો વિના જ સ્વભાવથી જ કાર્યોત્પત્તિ થઇ જવાની આપત્તિ આવતી હોવાથી બીજો વિકલ્પ પણ માની શકાતો નથી.

**પૂર્વપક્ષઃ**–આ અપવર્ત્તના શું છે ? એ વિચારતાં જણાય છેકે કર્મનો નાશ થઈ જવો એ જ અપવર્ત્તના છે. છતાં પ્રાયશ્ચિત્તાદિની ગેરહાજરીમાં ભોગાદિથી જ જે નાશ થાય છે તેના કરતાં આ પ્રાયશ્ચિત્તથી થતો નાશ વિશેષ પ્રકારનો હોવાથી ભોગથી થતા નાશને અપવર્ત્તના કહેવાની આપત્તિ આવતી નથી. બાકી કાલની સાથે કર્મદલિકોના સંબંધરૂપ સ્થિતિ અનપવર્ત્તનીય=ઘટાડી ન શકાય એવી હોવાથી 'દીર્ઘસ્થતિવાળા કર્મદલિકોને અલ્પસ્થિતિ વાળા કરવા એ અપવર્ત્તના' એવું કહી શકાતું નથી.

### [અપવર્ત્તના એટલે કર્મસ્થિતિહ્રાસ]

**ઉત્તરપક્ષઃ**– એ વાત બરાબર નથી. પ્રાયશ્ચિત્તાદિથી કંઈ કર્મનો નાશ થતો નથી પણ કર્મની સ્થિતિનો જ નાશ થાય છે. જેમ અમુક ધાન્યરાશિ લાંબો કાળ ચાલે એવો હોવા છતાં ભસ્મકરોગી એનો ભોગ કરે તો અલ્પકાળમાં ખલાસ થઇ જાય છે, ધાન્યને ટકવાની આગળની સ્થિતિનો નાશ થઇ જાય છે. તેમ બહુકાલભોગ્યકર્મની પણ ઉપરની સ્થિતિઓનો પ્રાયશ્ચિત્તાદિથી નાશ થઈ જાય છે. વળી આ રીતે સ્થિતિનો નાશ થઈ ગયો હોવા છતાં એ કર્મોનો નાશ થયો ન હોવાથી તેઓનો પ્રદેશોદય તો જીવે અનુભવવો જ પડે છે. અને તેથી જ કૃતનાશ–અકૃતાગમાદિ દોષો આવતા નથી.

### [અપવર્તનામાં કૃતનાશાદિ દોષો નથી]

ભાષ્યકારે પણ કહ્યું છે કે—'(શંકા–)જેનો કાળ પ્રાપ્ત થયો નથી એવા કર્મનો

१. कर्मोपक्रम्यतेऽप्राप्तकालमपि यदि ततः प्राप्ताः । अकृतागमकृतनाशौ मोक्षानाश्वासता दोषः ॥
२. न हि दीर्घकालिकस्यापि नाशस्तस्यानुभूतितः क्षिप्रम् । बहुकालाहारस्येव द्रुतमग्निकरोगिणो भोगः ॥

अथाहारस्य भोगो भक्षणादिकं, कर्मणस्तु स्वजन्यसुखदुःखान्यतरसाक्षात्कार इत्यस्ति विशेष इति चेत् ? न, कर्मद्रव्यस्येव नोकर्मद्रव्यस्याप्यात्मसात्परिणामस्यैव प्रदेशभोगत्वात्, सुखदुःखयोस्तु विपाकफलत्वात् । अत एव धान्यप्रदेशा इव कर्मप्रदेशा अपि भुक्ता एव सन्तो धान्यपरिणाममिव कर्मपरिणामं त्यजन्तः क्षीणा इति भण्यन्ते । रसस्तु कर्मणामध्यवसायविशेषेण हन्यत एव, भस्मकजनितजाठरानलोद्भूतस्पर्शे भुज्यमानरस इव । अत एव न प्रसन्नचन्द्रादीनां सप्तमनरकयोग्याऽसातवेदनीयप्रदेशानुभवेऽपि तथाविधदुःखप्रसङ्गः । अत

---

પણ જો ઉપક્રમ થઈ જતો હોય તો તો એ વખતે ઉદયમાં આવે એવું કર્મ પોતે ન કર્યું હોવા છતાં ઉદયમાં આવતું હોવાથી અકૃતાગમ દોષ આવશે, તેમજ લાંબા કાળે ભોગવવું પડે એવું જે કર્મ પોતે કર્યું હતું તે ભોગવવું ન પડવાથી કૃતનાશ દોષ આવશે. વળી ન કરેલ કર્મ પણ ભોગવવાનું હોવામાં અને કરેલ કર્મ પણ ભોગવવું ન પડતું હોવામાં તો મોક્ષમાં આસ્થા જ નહિ રહેવાની આપત્તિ આવશે, કારણકે કર્મ ખપાવ્યા વિના પણ તેના વિપાકથી બચી શકાય છે તેમજ કર્મરહિત થવા છતાં પછી પણ અન્યકૃતકર્મો ભોગવવાની શક્યતા ઊભી જ રહે છે. આવી શંકાનો જવાબ એ છે કે–લાંબા સમયથી ભોગવવાનું તે કર્મ ભોગવ્યાવગર જ નાશ થતું હોત તો ઉક્ત દોષ હોઈ શકે, પણ તેવું નથી, માત્ર ઉપક્રમ દ્વારા દીર્ઘસ્થિતિવાળું તે જ કર્મ અધ્યવસાયવિશેષથી જલદી ભોગવાય છે, જેમ ધાન્યનો મોટો રાશિ લાંબો કાળ ચાલે તેવો હોવા છતાં ભસ્મકરોગીથી થોડા કાળમાં ભોગવાય છે. માટે કૃતનાશ કે અકૃતઆગમ જેવો કોઈ દોષ આવતો નથી.

**પૂર્વપક્ષ**:– ભક્ષણાદિ કરવા એ આહારનો ભોગ છે જ્યારે સ્વજન્ય સુખ કે દુઃખનો સાક્ષાત્કાર કરવો એ કર્મનો ભોગ છે. તેથી આહાર કરતાં કર્મમાં વિશેષતા હોવાથી આહારમાં ભસ્મકાદિથી બહુકાલભોગ્ય સ્થિતિનો નાશ સંભવિત હોવા છતાં કર્મમાં તેવો નાશ સંભવિત નથી. વળી 'પ્રાયશ્ચિત્તાદિથી સ્થિતિ જ નષ્ટ થાય છે, કર્મો તો ઊભા જ રહે છે' એવું માનવામાં તો તે કર્મનો સુખદુઃખાદિ સાક્ષાત્કારાત્મક ભોગ પણ અવશ્ય માનવો પડવાથી, પ્રાયશ્ચિત્તાદિ કરવા છતાં દુઃખાદિ ભોગવવાનું તો ઊભું જ રહેવાની જે આપત્તિ આવે છે તે, કર્મનો જ નાશ માનવામાં આવતી નથી.

### [આહારભોગ અને કર્મભોગમાં સમાનતા]

**ઉત્તરપક્ષ** :–કર્મદ્રવ્યની જેમ આહારાદિરૂપ નોકર્મદ્રવ્યનો પણ તેવો તેવો આત્મસાત્ પરિણામ થવો એ જ પ્રદેશભોગ છે. અને તેના વિપાકોદયરૂપકે સાત ધાતુ તરીકે પરિણમવારૂપ વિપાકનું સુખદુઃખ એ ફળ છે. આમ બન્નેમાં સમાનતા છે. તેથી આહારની જેમ કર્મમાં પણ સ્થિતિનાશ સંભવિત જ છે. સુખઃદુઃખ સાક્ષાત્કાર કર્મના પ્રદેશોદયનું નહિ પણ વિપાકોદયનું ફળ હોવાથી સુખદુઃખ સાક્ષાત્કાર થવો એ જ કર્મભોગ છે

एव च'सर्वस्य कर्मणः प्रदेशतो भोगनियमः, अनुभागतस्तु तद्भजनैव' इति भगवन्तोऽभ्यधुः। यदागमः–''तत्थ णं जं तं अणुभागकम्मं तं अत्थेगइअं वेएइ अत्थेगइअं णो वेएइ, तत्थ णं जं तं पदेसकम्मं तं णियमा वेएइ'' त्ति। भाष्यकारोऽप्यभ्यधात्—
सव्वं च पएसतया भुज्जइ कम्ममणुभागओ भइअं। तेणावस्साणुभवे के कयणासादओ तस्स॥
त्ति। [विभा० २०४९]

---

એવું નથી. તેથી જ જેમ ધાન્યના દાણા ખવાઈ જાય એટલા માત્રથી ધાન્યપરિણામનો ત્યાગ કરે છે અને ધાન્ય તરીકે નષ્ટ થયેલા કહેવાય છે. પછી પુષ્ટિ ભલે ન કરી હોય, તેમ કર્મદલિકો પણ ભોગવાઈ જવા માત્રથી કર્મપરિણામનો ત્યાગ કરે છે અને ક્ષય પામેલા કહેવાય છે. પછી સુખદુઃખ ભલે ન આપ્યા હોય. આમ પ્રાયશ્ચિત્તાદિથી કર્મની સ્થિતિ હણાય છે. ભસ્મકરોગજનિત જઠરાગ્નિના ઉદ્ભૂતસ્પર્શમાં જ ખવાતા અનાજનો રસ હણાઈ જાય છે. કોઇ વિશેષ પુષ્ટિ વગેરે થતા નથી તેમ કર્મોનો રસ તો અધ્યવસાયવિશેષથી હણાઈ જાય છે જેથી જીવને તે કર્મદલિકો ભોગવવા છતાં કોઇ વિશેષ અસર થતી નથી.

### [કર્મો પ્રદેશોદયથી અવશ્ય ભોગવવા જ પડે]

તેથી જ **પ્રસન્નચંદ્રાદિએ** બાંધેલા સાતમી નરકાદિ પ્રયોગ્ય કર્મ તે જ ભવમાં પ્રદેશોદયથી ભોગવવા છતાં સાતમી નારક પ્રાયોગ્ય ભયંકર દુઃખ ભોગવવા પડયા ન હતા. વળી આવું હોવાથી જ પૂર્વમહર્ષિઓએ "બધા કર્મોને પ્રદેશથી તો ભોગવવા જ પડે છે, અનુભાગથી ભોગવવામાં ભજના છે, અર્થાત્ બધા કર્મોનો રસ ભોગવવો જ પડે એવો નિયમ નથી" એવું કહ્યું છે. આગમમાં પણ કહ્યું છે કે 'તે કર્મોને વિશે જે અનુભાગકર્મ હોય છે, જીવ તેમાંનું કેટલુંક ભોગવે છે અને કેટલુંક ભોગવતો નથી. પણ જે પ્રદેશકર્મ હોય છે તેને તો જીવ નિયમા ભોગવે જ છે.' ભાષ્યકારે પણ કહ્યું છે કે,—"સર્વકર્મોને પ્રદેશરૂપે તો ભોગવવા જ પડે છે, અનુભાગરૂપે ભોગવવામાં ભજના છે. તેથી બાંધેલું કર્મ અવશ્ય ભોગવવાનું હોવાથી કૃતનાશાદિ કયા દોષો છે? અર્થાત્ કોઈ દોષ નથી."

### [કર્મ ઉભા રહેવા છતાં સ્થિતિહ્રાસ શક્ય]

વળી 'કાળ સાથેના સંબંધરૂપ સ્થિતિનું અપવર્ત્તન અયુક્ત છે'...ઈત્યાદિ તમે જે કહ્યું તે પણ અસત્ છે. અમુક કર્મનો ભોગ ૧૦૦ વર્ષમાં થાય, બીજાનો ૧૦૦૦ વર્ષમાં થાય...ઈત્યાદિ વિશેષતા લાવવામાં તેવા પ્રકારના સ્થિતિબંધ અધ્યવસાયથી ઉત્પન્ન થએલ સ્થિતિ વિશેષ જ નિયામક છે. તાત્પર્ય એ છે કે એક જ સમયે જ્ઞાનાવરણાદિ જે કર્મ બંધાય છે તેના પણ તેવા અધ્યવસાયના કારણે જુદા જુદા નિષેકો રચાય છે

---

૧. तत्र यत्तदनुभागकर्म तदस्त्येककं वेदयति, अस्त्येककं न वेदयति, तत्र यत्तत्प्रदेशकर्म तन्नियमाद् वेदयति।
१. सर्वं च प्रदेशतया भुज्यते कर्मानुभावतो भाज्यम्। तेनावश्यमनुभवे के कृतनाशादयस्तस्य॥

यत्पुनरुक्तं–'कालसंबन्धरूपायाः स्थितेरपवर्त्तनमयुक्तं' इति–तदसत्, कश्चिद्भोगो वर्षशतेन, कश्चिच्च वर्षसहस्रेणेत्यत्र तथाविधस्थितिबन्धाध्यवसायप्रसूतस्थितिविशेषस्यैव नियामकत्वात्, स्थिति(तेः)कर्मणोऽतिरिक्तत्वात्। एतेन 'दीर्घस्थितिकस्य प्रायश्चित्तादिव्यतिरेकप्रयुक्ताग्रिमकालिकसंबन्धशालिनो ह्रस्वीकरणं तद्ध्वंसजननप्रायश्चित्ताद्याचरणमप्रसिद्धं' इत्यपास्तम्, दीर्घस्थितेरन्तराच्छेदस्यैव ह्रस्वीकरणपदार्थत्वात्। 'अपवर्त्तनीयायाः स्थितेर्दीर्घत्वे एव किं प्रमाणम्?' इति चेत्? तथाविधाध्यवसायप्रसूतत्वमिति गृहाण।

अथ कर्महेतुना कर्मैव जननीयं, विपाककालस्य फलहेतुता तु तत्क्षणविशिष्टकार्यत्वावच्छिन्नं प्रतितत्क्षणत्वेनैवेति चेत्? न, एवं सति जन्यतदात्मसमवेतत्वावच्छिन्नं प्रति तदात्मत्वेन हेतुतया प्रागभावस्य विशेष्य हेतुतया वा दैशिकातिप्रसङ्गभङ्गे कर्मण एवोच्छेदप्रसङ्गात्। स्यादेतत्–दृढस्य वस्तुनो दीर्घा स्थितिः, अदृढस्य स्वल्पीयसीति दाढ्यादाढ्ये एव दीर्घाल्प-

અર્થાત્ બંધાતા કર્મોના એવા વર્ગો રચાઈ જાય છે કે જેમાંનો કોઇ વર્ગ ૧૦૦ વર્ષે ઉદયમાં આવવાની યોગ્યતાવાળો થાય, કોઈ ૧૦૦ વર્ષને ૧ સમયે, કોઈ ૧૦૦ વર્ષને ૨ સમયે...એમ ક્રમશઃ ૧૦૦૦ વર્ષે, ૧૦૦૦ વર્ષને ૧ સમયે, ૨ સમયે...યાવત્ બંધાતી ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલા કાળે...ઉદયમાં આવવાની યોગ્યતા વાળો થાય. સમાનકાળે ઉદયમાં આવવાના પરિણામવાળા થએલા દલિકોનો વર્ગ નિષેક કહેવાય છે. આમ તે તે દલિકોની આવી જે સ્થિતિવિશેષ નક્કી થઇ હોય છે એને અનુસરીને જ તે તે દલિકો ભોગવાય છે. વળી આવી કાળવિશેષે ભોગવાવાની યોગ્યતા રૂપ જે સ્થિતિ બંધાઈ હોય છે તે કર્મદલિકના પર્યાયરૂપ હોવાથી કંથચિદ્ભિન્ન હોય છે. તેથી જેમ સુવર્ણદ્રવ્ય ઊભું રહેવા છતાં વીંટીરૂપ પર્યાય નાશ પામી શકે છે તેમ કર્મદ્રવ્ય ઊભું રહેવા છતાં ૧૦૦૦ વર્ષે ભોગવાવાની યોગ્યતારૂપ પર્યાય નષ્ટ થઈ શકે છે. તેથી સ્થિતિનાશાત્મક અપવર્ત્તના માનવામાં કોઇ બાધ નથી.

**[પ્રાયશ્ચિત્તાદિરૂપ કર્મસ્થિતિ હ્રસ્વીકરણ અપ્રસિદ્ધ નથી]**

વળી આવા પ્રતિપાદનથી–'પ્રાયશ્ચિત્તાદિના અભાવે અગ્રિમકાળસાથે સંબંધ ધરાવતાં કર્મની દીર્ઘસ્થિતિનો નાશ કરે એવા પ્રાયશ્ચિત્તાદિનું જે આચરણ તે જ દીર્ઘસ્થિતિક કર્મનું હ્રસ્વીકરણ છે. પણ આવું હ્રસ્વીકરણ અપ્રસિદ્ધ છે'–એવી શંકા નિરસ્ત જાણવી. દીર્ઘસ્થિતિનો વચમાંથી છેદ કરી નાખવો એ જ કર્મનું હ્રસ્વીકરણ છે જે અપ્રસિદ્ધ નથી.

**પૂર્વપક્ષ** :–જે કર્મસ્થિતિ ઘટાડવાની હોય તે પહેલેથી અલ્પ નહોતી, દીર્ઘ જ હતી એવું માનવામાં પ્રમાણ શું છે? કે જેથી પાછળથી એને અલ્પ કરવારૂપ અપવર્ત્તના કરવી પડે.

**ઉત્તરપક્ષ** :–'દીર્ઘસ્થિતિના કારણભૂત અધ્યવસાયોથી બંધાએલા હોવું" એ જ તેઓની સ્થિતિ પહેલાં દીર્ઘ હતી એવું માનવામાં પ્રમાણ છે.

स्थितिहेतू इति चेत्? सत्यं, तथापि दाढ्यादाढ्र्ययोरेव विशेषाधीनत्वात् । दाढ्यादाढ्र्यें स्थितिविशेषरूपे एवेत्यन्ये । 'कर्मस्थितिविशेषे को हेतुः?' इति चेत् ? कषायविशेष एवेत्यवेहि "ठिइअणुभागं कसायओ कुणइ' त्ति वचनात् । ननु तथापि दीर्घकर्मस्थितेः प्रायश्चित्तादिना नाश एव, किमपरमपवर्त्तनं ? इति चेत् ? अखण्डायाः कर्मस्थितेर्हेतुविशेषेण खण्डशात्संपादनमेवापवर्त्तनं, इदमेव चान्तराच्छेदपदेन प्रत्यपादयामिति किमिति नावबुध्यसे ? पर्यायविपरिणामस्तु पर्यायिण एव विपरिणामादिति किमसङ्गतम् ?

## [ વિપાકકાળ નિષ્ઠફળહેતુતા સ્વસ્વભાવાધીન છે ? વિચારણા ]

**પૂર્વપક્ષ** :–કર્મબંધાયા પછી પણ, ગમે ત્યારે ફળ આપતું નથી પણ અમુક ચોક્કસ કાળે (વિપાક કાળે) જ ફળ આપે છે. તેથી જણાય છે કે એ વિપાકકાળ ફળ પ્રત્યે હેતુ છે. વિપાકકાળમાં આવેલી આ હેતુતા કર્મના હેતુભૂત અધ્યવસાયોના કારણે હોતી નથી, કારણકે તેઓ તો કર્મને જ ઉત્પન્ન કરે છે. કિન્તુ તે હેતુતા ક્ષણના પોતાના તેવા સ્વભાવથી જ હોય છે, કારણકે તે તે ક્ષણમાં થનારા કાર્ય પ્રત્યે તે તે ક્ષણ પોતાના તત્ક્ષણત્વ ધર્મના પ્રભાવે જ (અર્થાત્ પોતાનો તેવો સ્વભાવ હોવાના કારણે જ) હેતુ બને છે. તેથી કર્મબંધ વખતના તેવા તેવા અધ્યવસાયોથી કર્મબંધ થતી વખતે દીર્ઘસ્થિતિ પણ બંધાયેલી હોય છે એવું મનાય નહિ.

**ઉત્તરપક્ષ**:– તમારી વાત અયુક્ત છે કારણ કે એમ માનવામાં કર્મનો જ ઉચ્છેદ થવાની આપત્તિ આવે છે. તે આ રીતે:– સમાન બાહ્ય સામગ્રીની હાજરીમાં પણ એકને સુખાનુભવ થાય છે બીજાને એ જ સામગ્રીથી દુઃખાનુભવ...આવી વિચિત્રતાની ઉપપત્તિ કરવા એવી રીતે કર્મની કલ્પના કરવામાં આવે છે કે 'જે જીવને શુભકર્મોનો ઉદય હોય. તેઓને સુખાનુભવ થાય અને જેઓને અશુભકર્મોનો ઉદય હોય તેઓને દુઃખાનુભવ થાય' આ રીતે એક જીવને મળેલ સુખની સામગ્રીથી બીજા જીવને સુખની પ્રાપ્તિ રૂપ કે એકને મળેલ દુઃખની સામગ્રીથી બીજાને દુઃખની પ્રાપ્તિ રૂપ દૈશિક અતિપ્રસંગની આપત્તિનું વારણ થશે. [એમ એકજ જીવને એક કાળમાં મળેલ સુખસામગ્રીથી, તે સામગ્રીના અભાવકાળમાં પણ સુખપ્રાપ્તિ વગેરે થવા રૂપ કાલિક અતિપ્રસંગનું પણ કર્મની કલ્પનાથી વારણ થઈ શકે છે. છતાં પૂર્વપક્ષીએ તે તે કાળે પ્રાપ્ત થતાં તેવા તેવા ફળરૂપ કાર્ય પ્રત્યે તે તે ક્ષણને જ હેતુ તરીકે કહી હોવાથી 'ભિન્ન કાળે વિવક્ષિતક્ષણ ન હોવાથી સુખાનુભવ થતો નથી' એમ તત્ક્ષણથી જ કાલિક અતિપ્રસંગ ભંગ સંભવિત માની તેના વારણ તરીકે કર્મની કલ્પના કહી નથી.] પરંતુ તત્ક્ષણત્વ ધર્મને આગળ કરીને તત્ક્ષણને ફળપ્રત્યે હેતુ માની જેમ તમે કાલિકઅતિપ્રસંગનું વારણ કરો છો એ જ રીતે તે તે આત્મામાં સમવાય સંબંધથી ઉત્પન્ન થતાં સુખ–

१, स्थित्यनुभागं कषायतः करोति ।

अथ खण्डरज्जुः पूर्वावयवविभागादन्यावयवसंयोगविशेषेणोपपद्यतां, खण्डस्थितिस्तु कथं ? इति चेत् ? बहुकालभोग्यपुद्गलानामध्यवसायविशेषेण तत्कालमेवाहरणादिति गृहाण । सेयं कर्मणामपवर्त्तनाऽनिकाचितानामेव भवति, तीव्रेण तपसा पुनर्निकाचितानामपीति स्थितिः । यदाह भाष्यकार :—[वि०आ०भा० २०४६]

[1]सव्वपगईणमेवं परिणामवसादुवक्कमो होज्जा ।
पायमनिकाइआणं तवसा उ निकाइआणं पि ।। त्ति ।

---

દુઃખાદિ પ્રત્યે 'તદાત્મત્વ' રૂપે તે આત્માને જ કે તે તે ફળના પ્રાગભાવને જ હેતુ માની લેવાથી દૈશિક અતિપ્રસંગનું પણ વારણ થઈ શકે છે. ચૈત્ર ને મળતા સુખ પ્રત્યે ચૈત્રીય આત્મા હેતુભૂત છે જે મૈત્રાદિમાં ન હોવાથી ચૈત્રીયસુખ મૈત્રાદિને મળવા રૂપ દૈશિક અતિપ્રસંગ આવશે નહિ, અથવા ચૈત્રસુખપ્રાગભાવ રૂપ હેતુ મૈત્રાદિમાં હાજર ન હોવાથી ચૈત્રનું સુખ મૈત્રાદિને મળવા રૂપ દૈશિક અતિપ્રસંગ આવતો નથી. આમ દૈશિક અતિપ્રસંગનું પણ અન્યત્ર સ્વીકૃત એવા તદાત્મા કે પ્રાગભાવથી જ વારણ થઈ જતું હોવાથી નવી કર્માત્મક વસ્તુની કલ્પના કરવી અયુક્ત થઈ જતી હોવાના કારણે કર્મ જેવી વસ્તુ જ અપ્રમાણ થઇ જવાની આપત્તિ આવશે.

શંકા :-દૃઢ વસ્તુ લાંબો કાળ ટકે છે અને અદૃઢ=શિથિલવસ્તુ અલ્પકાળ ટકે છે તેથી જણાય છે કે દીર્ઘસ્થિતિ કે અલ્પસ્થિતિ થવામાં તેના દૃઢત્વ કે અદૃઢત્વ જ હેતુભૂત છે, પણ અધ્યવસાયો નહિ.

### [કર્મસ્થિતિમાં અધ્યવસાયો હેતુભૂત]

**સમાધાન** :-છતાં પણ તે તે કર્મમાં દૃઢત્વ હોવું કે અદૃઢત્વ હોવું એ હેતુવિશેષને જ આધીન છે. સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયો જ હેતુવિશેષરૂપ હોવાથી કર્મમાં દૃઢત્વ-અદૃઢત્વ દ્વારા દીર્ઘ કે અલ્પ સ્થિતિ ઉત્પન્ન કરે છે એમ કહેવાય છે. વળી કેટલાક તો એમ જ કહે છે કે આ દૃઢત્વ-અદૃઢત્વ પોતે જ સ્થિતિવિશેષરૂપ છે કે જે અધ્યવસાયોથી ઉત્પન્ન થાય છે.

**પૂર્વપક્ષ** :-કર્મની સ્થિતિવિશેષ બંધાવામાં કોણ હેતુ છે ?

**ઉત્તરપક્ષ** :-વિશિષ્ટ કષાય તે સ્થિતિવિશેષનો હેતુ છે, શાસ્ત્રમાં કહ્યુ છે-'સ્થિતિ અને અનુભાગ કષાયથી થાય છે.'

**પૂર્વપક્ષ** :-છતાં પ્રાયશ્ચિત્તાદિથી દીર્ઘકર્મસ્થિતિનો નાશ જ થાય છે, એ સિવાય બીજું શું એનું અપવર્ત્તન હોઈ શકે ?

**ઉત્તરપક્ષ** :-જેમ એક લાંબી અખંડદોરી હેતુવિશેષથી નાના ટુકડામય થાય છે એમ અખંડ અને દીર્ઘ કર્મસ્થિતિને હેતુવિશેષથી નાના ટુકડારૂપ કરવી એ જ

---

१. सर्वप्रकृतीनामेवं परिणामवशादुपक्रमो भवेत् । प्रायोऽनिकाचितानां तपसा तु निकाचितानामपि ॥

ननु निकाचितं नाम भोगं विना क्षपणाऽयोग्यं, तस्य कथं तपसा क्षयः ? इति चेत् ? न, उपशमनादिकरणान्तराविषयस्यैव नितरां बद्धस्य निकाचितार्थत्वात्, तादृशस्य च कर्मणो दृढतरप्रायश्चित्तपरिशीलनोदिताध्यवसायातिरेकप्रसूतैकश्रेण्यारोहौपयिकापूर्वकरणगुणस्थानजनितापूर्वाध्यवसायैः स्थितिघातादिभिरेव परिक्षयसंभव इति ।

तदुक्तं प्रायश्चित्तविधिपञ्चाशके- [ ३३-३४-३५ ]

[1]एएण पगारेणं संवेगाइसयजोगओ चेव । अहिगयविसिट्ठभावो तहा तहा होइ णियमेणं ॥

[2]तत्तो तव्विगमो खलु अणुबंधावणयणं व होज्जाहि ।
जइय अपुव्वकरणं जायइ सेढीय विहियकला ॥
[3]एवं निकाइआणवि कम्माणं भणियमेत्थ खवणंति ।
तंपि य जुज्जइ एयं तु भावियव्वं अओ एयं ॥ त्ति ।

---

અપવર્ત્તના છે. પૂર્વે પણ 'અન્તરાચ્છેદ' શબ્દથી આ જ વાત અમે જણાવી ગયા છીએ છતાં કેમ તમે સમજતાં નથી ? વળી પર્યાયમાં ફેરફાર થવાથી પર્યાયીમાં પણ ફેરફાર થઇ જાય છે. એટલે સ્થિતિમાં થતી ખંડમયતા રૂપ અપવર્ત્તના તે કર્મની પણ અપવર્ત્તના કહેવાય છે.

**પૂર્વપક્ષ** :-પૂર્વઅવયવોનો વિભાગ થઈ અન્ય અવયવોનો સંયોગવિશેષ થતો હોવાથી રજ્જુ તો ખંડરજ્જુમય બની શકે છે પણ એ રીતે ખંડસ્થિતિ શી રીતે બની શકે ? કારણકે કાળસંબંધ રૂપ સ્થિતિના કંઇ અવયવો હોતા નથી.

**ઉત્તરપક્ષ** :-બહુકાલભોગ્ય કર્મપુદ્ગલો અધ્યવસાયવિશેષથી તત્કાળ ભોગવી શકાતા હોવાથી કર્મની ખંડસ્થિતિ થવામાં કોઈ અનુપપત્તિ નથી.

**[તીવ્રતપથી નિકાચિતકર્મોની પણ અપવર્ત્તના શકય]**

આ અપવર્ત્તના અનિકાચિત કર્મોની થાય છે અને તીવ્રતપથી નિકાચિતકર્મોની પણ થાય છે એવો સિદ્ધાન્ત છે, જે ભાષ્યકારે પણ કહ્યું છે કે 'અનિકાચિત સર્વકર્મ પ્રકૃતિઓનો તથાવિધ પરિણામોથી પ્રાયઃ કરીને ઉપક્રમ થાય છે અને તપથી તો નિકાચિત કર્મોનો પણ થાય છે.'

**શંકા** :-ભોગવ્યા વિના જે છૂટી ન જ શકે એવું હોય તે કર્મ નિકાચિત કહેવાય છે. તો પછી ભોગવ્યાવિના તપથી જ નિકાચિતકર્મનો ક્ષય થવાનું શી રીતે માની શકાય ?

**સમાધાન** :-જેને ઉપશમના વગેરે બીજા કરણો લાગી ન શકે એવી ગાઢ રીતે જે બંધાયું હોય તે કર્મ નિકાચિત કહેવાય છે, તમે કહ્યું તેવું નહિ. દૃઢતર પ્રાય-

---

१. एतेन प्रकारेण संवेगातिशययोगतश्चैव । अधिकृतविशिष्टभावः तथा तथा भवति नियमेन ॥

२. ततस्तद्विगमः खलु अनुबंधापनयनं वा भविष्यति । यदिचापूर्वकरणं जायते श्रेणिश्च विहितफला ॥

३. एवं निकाचितानामपि कर्मणां भणितमत्र क्षपणमिति । तदपि च युज्यत एतत्तु भावयितव्यमत एतद् ॥

अत्र–"एवं=अनेनैव न्यायेनापूर्वकरणश्रेणिजननरूपेण निकाचितानामपि=उपशमनादिकरणान्तराविषयत्वेन नितरां बद्धानामप्यास्तामनिकाचितानां कर्मणां ज्ञानावरणादीनां भणितं=उक्तमागमे '[1]तवसा उ निकाइआणं पि' इति वचनात्, अत्र=प्रायश्चित्तरूपशुभभावे क्षपणं=सर्वथा क्षयो भवति, अनिकाचितक्षपणं तु निर्विचारमिति 'अपि च' शब्दार्थः, युज्यते=सङ्गच्छते, ततश्च एवं तु=एवमेव कर्मबन्धकर्मानुबन्धापनयनहेतुत्वेनैव भावनीय=पर्यालोचनीयं, अतः=निकाचितकर्मबन्धक्षपणहेतुत्वाच्छुभभावरूपं प्रायश्चित्त" इतिव्याख्यानादुन्नीयते यत् तादृशाध्यवसायद्वारा तीव्रतपसो निकाचितकर्मक्षयहेतुत्वं, इति नातस्तद्दतेऽप्यपूर्वकरणे संभवाद्व्यभिचारः, न वा तद्धेतुत्वप्रतिपादकागमविरोध इति बोध्यम् ।

શ્ચિત્ત પરિશીલનાદિથી એવા શુભ અધ્યવસાયો જાગે છે જે શ્રેણિ માંડવાના ઉપાયભૂત અપૂર્વકરણ ગુણસ્થાનકને લાવી આપે છે. આ ગુણસ્થાનકથી થએલા અપૂર્વ અધ્યવસાયોથી સ્થિતિઘાતાદિ વડે તથાવિધ નિકાચિત કર્મનો ક્ષય થવો પણ સંભવિત છે જ.

[નિકાચિત કર્મોની અપવર્ત્તના અપૂર્વકરણદ્વારા સંગત]

પ્રાયશ્ચિત્તવિધિપંચાશકમાં પણ કહ્યું છે કે 'આ પ્રકારથી (=પૂર્વ પ્રતિપાદિત અપ્રમત્તતા–સ્મૃતિબળયુક્તતા હોવા રૂપ પ્રકારથી) તેમજ સંવેગના પ્રકર્ષવાળો થવાથી જીવ તેવા તેવા વીર્યાતિશયના કારણે અવશ્ય અધિકૃત વિશિષ્ટભાવવાળો બને છે. અર્થાત્ તે જીવને સંવેગાતિશયાદિથી વિશુદ્ધિના હેતુભૂત પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયો અવશ્ય જાગે છે. આ શુભ અધ્યવસાયોથી અપૂર્વકરણ તેમજ સિદ્ધાંતમાં જેના ફળ રૂપે અનુત્તર સુખ કે નિર્વાણ સુખ કહ્યું છે, તેવી ઉપશમ શ્રેણિ કે ક્ષપકશ્રેણિ રચાય છે તેથી જણાય છે કે આ શુભઅધ્યવસાયથી અશુભાધ્યવસાયઅર્જિત કર્મોનો વિનાશ થાય છે. એ કદાચ ન થાય તો પણ કર્મોના અશુભ અનુબંધોનો તો અવશ્ય નાશ થાય જ છે. આમ અપૂર્વકરણ–શ્રેણિને ઉત્પન્ન કરવા દ્વારા જ્ઞાનાવરણીયાદિ અનિકાચિત કર્મોનો જ નહિ ઉપશમનાદિ કરણાન્તરના વિષય ન બની શકે એ રીતે ગાઢ બદ્ધ એવા નિકાચિત કર્મોનો પણ આગમમાં 'तवसा उ निकाइआणं पि' એવા વચનથી જે ક્ષય કહ્યો છે તે સંગત છે. અર્થાત્ તપ પણ શુભ અધ્યવસાયો ઉત્પન્ન કરવા દ્વારા જ નિકાચિતકર્મોનો કે કર્મના અશુભ અનુબંધનો ક્ષય કરે છે. આમ નિકાચિતકર્મક્ષયાદિના હેતુભૂત હોવાથી શુભભાવરૂપ આ પ્રાયશ્ચિત્તને પૂર્વે થએલા કર્મબંધને કે પડેલા કર્માનુબંધને દૂર કરવાના હેતુ તરીકે માનવું જ જોઇએ." શ્રીપંચાશકગ્રન્થની આવી વ્યાખ્યાથી જણાય છે કે તીવ્રતપ પણ તેવા પ્રકારના અધ્યવસાય દ્વારા જ નિકાચિત કર્મક્ષયમાં હેતુ બને છે. તેથી અપૂર્વકરણ ગુણઠાણે તેવા તીવ્ર તપ વગર પણ નિકાચિત કર્મોનો ક્ષય થવામાં કોઈ વ્યભિચાર નથી. કારણ કે તેવા પ્રકારના તીવ્ર તપ વિના બીજી કોઈ રીતે નિકાચિત કર્મક્ષયના હેતુભૂત એ શુભ અધ્યવસાયો જાગ્રત થઈ શકે છે. તે છતાં

१. वि०आ०भा० २०४६–तवसा तु निकाचितानामपि ।

नन्वेवमिदानीन्तनप्रायश्चित्तानामपूर्वकरणमकुर्वतां कथं निकाचितकर्मक्षपकत्वं ? इति चेत् ? इदानीन्तनचारित्रस्य मोक्षजनकत्वमिव साक्षान्न कथंचित्, परंपरया तु तद्वदेव संभवीति संभावय । प्रवृत्तिस्तु तत्र कर्मबन्धकर्मानुबन्धापनयनार्थितयैवेति नानुपपत्तिः । एतेन "तद्भवयोग्यनिकाचितकर्मणो भोगादेव क्षये किमर्थं तत्र प्रवृत्तिः ?" इत्यपास्तं, निकाचितानामपि बहुकालस्थितिनां ज्ञानावरणीयादीनां क्षयाय तत्रप्रवृत्तेः ।

---

પણ તેવા શુભ અધ્યવસાયો મુખ્યત્વે તીવ્રતપથી જ ઉત્પન્ન થતા હોવાથી તે દ્વારા થતાં કર્મક્ષય પ્રત્યે પણ તેની જે હેતુતા આગમમાં કહી છે તે અસંગત જરાય નથી એ જાણવું.

**શંકા :**–પ્રાયશ્ચિત્તાદિ, અપૂર્વકરણ દ્વારાજ નિકાચિત કર્મોનો ક્ષય કરે છે એવું જો કહેશો તો આ પંચમકાળમાં સાધુ વગેરેથી કરાતા પ્રાયશ્ચિત્ત અપૂર્વકરણજનક બનતાં ન હોવાથી નિકાચિતકર્મોનો ક્ષય શી રીતે કરશે ?

**[ સાંપ્રતકાલીન પ્રાયશ્ચિત્તાદિ પણ પરંપરાએ નિકાચિતકર્મક્ષપક ]**

**સમાધાન :**–જેમ સાંપ્રતકાલીન ચારિત્ર કોઇ રીતે સાક્ષાત્ મોક્ષજનક બનતું ન હોવા છતાં પરંપરાએ તો બને જ છે તે રીતે પ્રાયશ્ચિત્ત પણ પરંપરાએ નિકાચિત-કર્મક્ષપક બની શકે જ છે એમ જાણવું.

**શંકા :**–છતાં આનો અર્થ તો એ જ થાય છે કે જ્યાં સુધી અપૂર્વકરણાદિ ન પ્રવર્ત્તે ત્યાં સુધી તો કરેલા પ્રાયશ્ચિત્તાદિ પણ નિકાચિતકર્મનો ક્ષય કરતાં નથી. તેથી અપૂર્વકરણપ્રાપ્તિ પૂર્વે જ જેનો વિપાકકાળ આવી જવાનો હોય તેવા નિકાચિત કર્મોને તો પ્રાયશ્ચિત્તાદિ કરવા છતાં ભોગવવા જ પડે છે. તેથી પોતે બાંધેલા કર્મો તેવા (અપૂર્વકરણ પ્રાપ્તિ પૂર્વે જેનો વિપાક કાળ આવી જાય એવા) નથી જ એવો નિશ્ચય ન હોવાના કારણે પ્રાયશ્ચિત્ત કરવા છતાં સ્વકૃતકર્મનો ભોગ આશંકિત જ રહેતો હોવાથી પ્રાયશ્ચિત્તાદિમાં સાંપ્રતકાલીન કયો સુજ્ઞ પ્રવૃત્તિ કરશે ?

**[ સાંપ્રતકાલીન પ્રાયશ્ચિત્તની પ્રવૃત્તિ સુસંગત ]**

**સમાધાન :**–પ્રાયશ્ચિત્તાદિ, થએલા કર્મબંધને દૂર કરે છે અને પડેલા અશુભઅનુબંધોને તોડે છે. તેથી કર્મબંધ–કર્મઅનુબંધ ને દૂર કરવાની ઇચ્છાથી પણ પ્રાયશ્ચિત્તાદિની પ્રવૃત્તિ થતી હોવામાં કોઇ અનુપપત્તિ નથી. (તાત્પર્ય એ છે કે થઇ ગએલ દુષ્કૃતથી બંધાએલ કર્મો પોતે ભોગવવા ન પડે એવી ઇચ્છા તો જીવને પ્રવર્ત્તે જ છે. તેથી એ ભોગવવા ન પડે એ માટેના ઉપાયોને જીવ શોધતો હોય છે. એ ભોગવટામાંથી પોતાનો બચાવ કરી શકે એવો જો કોઇ સ્વાધીન ઉપાય હોય તો એ પ્રાયશ્ચિત્ત જ છે એમ તેણે ખાતરી થવાથી એ પ્રાયશ્ચિત્તમાં પ્રવૃત્તિ કરે છે.] એ કારણથી જ 'તે ભવમાં જ ભોગવવાને યોગ્ય એવા નિકાચિત કર્મોનો ભોગથી જ ક્ષય થવાનો હોવાથી પ્રાયશ્ચિત્તાદિમાં પ્રવૃત્તિ અનુપપન્ન થશે' એવી શંકા પણ નિરસ્ત થઇ જાય છે. ઉપરાંત,

न च जनकताविशेषसंबन्धेन चरमभोगस्यैव प्रतियोगितयाऽदृष्टनाशकत्वान्नान्यस्य तन्नाशकत्वमिति वाच्यं, परेषां कर्मनाशापारगमादेरिवास्माकमपिद्रव्यादिपञ्चकस्य तत्क्षयहेतुत्वात्, द्रव्यादिपञ्चकं प्रतीत्य कर्मणामुदयक्षयक्षयोपशमोपशमाभिधानात् । यदाह्–

[1]उदयखयखओवसमोवसमा जं च कम्मुणो भणिया ।

दव्वाइ पंचयं पइ जुत्तमुवक्कामणओ वि ॥ त्ति । [वि०आ०भा० २०५०]

मिथ्यात्वमोहनीयस्य हि द्रव्यं कुतीर्थ्यादिकं, क्षेत्रं कुरुक्षेत्रादिकं, कालं दुष्षमादिकं, भवं तेजोवाय्वेकेन्द्रियादिकमनार्यमनुजकुलजन्मरूपं वा, भावं तु कुसमयदेशनादिकं वा प्राप्यो-

---

અતદ્ભવભોગ્ય એવા બહુકાળસ્થિતિક નિકાચિતજ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષય માટે પણ પ્રાયશ્ચિત્તાદિની પ્રવૃત્તિ કરાય જ છે.

**શંકા** :–અદૃષ્ટ ચરમભોગનું જનક છે તેથી અદૃષ્ટમાં સ્વજનકતા સંબંધથી ચરમભોગ રહ્યો છે. વળી અદૃષ્ટ, અદૃષ્ટનાશનું પ્રતિયોગી છે તેથી એમાં પ્રતિયોગિતા સંબંધથી અદૃષ્ટનાશ રહેલ છે. તેમજ સ્વજનકતા સંબંધથી ચરમભોગ પ્રતિયોગિતા સંબંધથી અદૃષ્ટનાશનો જનક છે. તેથી નૈયાયિકાદિને અભિમત કાર્ય–કારણની એકાધિકરણતા (અદૃષ્ટાત્મક એકાધિકરણસંબંધી) બની શકશે. આ સિવાય બીજો કોઈ કાર્યકારણ ભાવ ઘટતો ન હોઇ બીજા કોઈ તપ વગેરેને અદૃષ્ટનાશક મનાય નહિ.

## [કર્મક્ષય પ્રત્યે દ્રવ્યાદિ પાંચે હેતુભૂત]

**સમાધાન** :– જેમ બીજાઓએ (નૈયાયિકાદિએ) કર્મનાશા નામની નદી પાર કરવી વગેરેને અદૃષ્ટક્ષયના હેતુ તરીકે સ્વીકાર્યા છે. તેમ દ્રવ્યાદિપાંચને આશ્રીને કર્મના ઉદય–ક્ષયાદિ કહેવા દ્વારા આપણે પણ દ્રવ્યાદિ પાંચને કર્મક્ષયમાં હેતુભૂત માન્યા હોવાથી 'ચરમભોગ સિવાય બીજું કોઈ કર્મનાશક નથી' એવું કહેવાય નહિ. કહ્યું છે કે 'કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ દ્રવ્યાદિ પાંચને આશ્રીને કહ્યા છે તેથી કર્મોનો ઉપક્રમ દ્રવ્યાદિ પાંચથી થાય છે એ વાત પણ યુક્ત જ છે.' કુતીર્થિકાદિ[1] દ્રવ્ય કુરુક્ષેત્રાદિ[2] ક્ષેત્ર, દુષમાદિ[3]કાળ, તેઉકાય વાયુકાય–એકેન્દ્રિય–અનાર્યમનુષ્યાદિ[4]ભવ તેમજ કુશાસ્ત્રોની દેશનાદિરૂપ[5]ભાવને પામીને મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય છે. એમ શ્રી તીર્થંકરાદિ[1]દ્રવ્ય, મહાવિદેહાદિ[2]ક્ષેત્ર, સુષમદુઃષમાદિ[3]કાળ, સુમનુજ કુલાદિમાં મનુષ્યજન્માદિ[4]ભવ તેમજ સમ્યગ્જ્ઞાન ચરણાદિ[5]ભાવને પામીને મિથ્યાત્વમોહનીયના ક્ષય–ક્ષયોપશમ અને ઉપશમ થાય છે. આ જ રીતે બીજા કર્મો વિશે પણ જાણવું. એમ શસ્ત્રાદિ દ્રવ્ય વગેરેને પામીને આયુષ્ય વગે- રેનો ઉપક્રમ થવો એ પણ યુક્ત જ છે. અહીં કુતીર્થિકાદિદ્રવ્ય, અધિકૃતજીવમાં અજ્ઞાન=વિપરીતજ્ઞાન ફેલાવે છે જેનાથી મિથ્યાત્વિાદિનો ઉદય થાય છે. તેથી તે જીવને થએલા મિથ્યાત્વોદયમાં કુતીર્થિકાદિ દ્રવ્ય

---

1. उदय क्षयक्षयोपशमोपशमा यच्च कर्मणो भणिताः । द्रव्यादिपञ्चकं प्रति युक्तमुपक्रमणमतोऽपि ॥

दयो भवति । एवं क्षयक्षयोपशमोपशमा अपि अस्य द्रव्यं तीर्थंकरादिकं, क्षेत्रं महाविदेहादिकं, कालं सुषमदुष्षमादिकं भवं सुमनुजकुलजन्मादिकं, भावं तु सम्यग्ज्ञानचरणादिकं प्राप्य भवतीत्येवमन्यत्राप्यूह्यम् । तथा च शस्त्रादिद्रव्यादिकं प्राप्यायुरादीनामपि युक्त उपक्रम इत्याहुः । अत्र कुतीर्थ्यादीनां मिथ्यात्वादौ स्वप्रयोज्याज्ञानद्वाराऽऽत्मनिष्ठतया हेतुता । भवभावयोस्तु कर्मोदयजीवपरिणामरूपयोः साक्षादेव । सातोदयादौ स्रक्चन्दनादिद्रव्यस्य शरीर निष्ठतयेत्यादि यथाऽनुभवमूहनीयम् । अत्रैव दृष्टान्तयन्ति [वि०भा०२०५१]—

[1]पुण्णापुण्णकयंपि हु सायासायं जहोदयाईए । बज्झबलाहाणाउ देइ तहा पुण्णपावंपि ॥

यदि नाम पुण्यपापजन्ययोरपि सातासातयोरुदयादौ द्रव्याद्यपेक्षानुभविकी तदा तयोरपि

---

સ્વપ્રયોજ્ય અજ્ઞાન સંબંધથી હેતુ બને છે. અને એ હેતુતા આત્મનિષ્ઠ પ્રત્યાસત્તિ થી જાણવી અર્થાત્ કારણ અને કાર્ય પોત પોતાના સંબંધથી આત્મારૂપ સમાન (એક) અધિકરણમાં રહેલ છે. આયુષ્યકર્મના ઉદયરૂપભવ અને જીવપરિણામાત્મક ભાવ એ બંને શાતાવેદનીયાદિ કર્મના ઉદયમાં સાક્ષાત્ હેતુ બને છે. માલા ચંદનાદિદ્રવ્ય શરીરનિષ્ઠ પ્રત્યાસત્તિથી શાતોદયાદિ પ્રત્યે હેતુ બને છે. ઇત્યાદિ સ્વયં વિચારવું.

આને જ અંગે દૃષ્ટાન્ત આપતાં શાસ્ત્રકારોએ કહ્યું છે–"જેમ પુણ્ય–પાપ જનિત સુખઃદુખાદિ પણ બાહ્ય ઘૃતાદિ દ્રવ્ય વગેરેથી બલાધાન થવા દ્વારા જ ઉદયાદિ આપે છે અર્થાત્ બાહ્ય દ્રવ્યાદિને આશ્રીને જ ઉદયાદિ પામે છે = પ્રવર્તે છે તેમ પુણ્ય પાપ કર્મ પણ બાહ્ય દ્રવ્યાદિ ને આશ્રીને જ ઉદયાદિ પામે છે=સુખદુઃખાદિ આપે છે."

જો પુણ્યપાપ જન્ય એવા પણ સાતા–અસાતાદિને=સુખ–દુઃખાદિને ઉદિત થવા માટે દ્રવ્યાદિની અપેક્ષા છે તો પુણ્યપાપને પણ સુખદુઃખાદિ ઉત્પન્ન કરવા દ્રવ્યદિની અપેક્ષા આવશ્યક છે જ. કારણ કે 'કાર્યને જેની કારણ તરીકે અપેક્ષા હોય તેની તે જ કાર્યના ઇતરકારણને સહકારી તરીકે અપેક્ષા હોય જ' એવો નિયમ છે. જેમકે ઘટને દંડાદિની કારણ તરીકે અપેક્ષા છે તો ઘટકારણીભૂત મૃત્પિંડાદિને ઘટોત્પાદ કરવા માટે દંડાદિની સહકારી તરીકે અપેક્ષા છે જ. તેથી સુખદુઃખાદિરૂપ કાર્યને ઉત્પન્ન થવામાં ચંદન–કંટકાદિદ્રવ્યની કારણ તરીકે અપેક્ષા છે તો સુખદુઃખાદિનાકારણીભૂત પુણ્ય–પાપને પણ ઉદયમાં આવી તે કાર્ય કરવા માટે (સુખદુઃખાદિ આપવા માટે) ચંદનકંટકાદિની સહકારી કારણ તરીકે અપેક્ષા હોય જ. અર્થાત્ દ્રવ્યાદિને પામીને જ પુણ્ય–પાપાદિ ઉદયમાં આવે તેમ જ સુખદુઃખાદિ આપે

## [વિપાકોદયથી જ કર્મભોગ માનવામાં આપત્તિ]

એ જ રીતે દ્રવ્યાદિને પામીને જ કર્મના ઉપક્રમાદિ પણ થાય છે. બાકી જો જે કર્મ જેવું બંધાયું હોય તેવું ભોગવવાનું જ હોય (ઉપક્રમાદિથી આઘુંપાછું કે તીવ્રમંદાદિ

---

१. पुण्यापुण्यकृतमपि खलु सातासातं यथोदयादीन् । बाह्यबलाधानाद् ददाति तथा पुण्यपापमिति ॥

कार्योदयाद्युत्पादनाय तदपेक्षाऽऽवश्यकी, कार्यस्य कारणतयाऽपेक्षितस्य कारणेन सहकारितयाऽपेक्षणादिति परमार्थः । यथाबद्धस्यैव पुनः कर्मणो वेदने मोक्षाभावप्रसङ्गः, तद्भवसिद्धिकस्यापि सत्तायामसंख्येयभवार्जितकर्मणः सद्भावात्, तस्य च नानाध्यवसायबद्धत्वेन नरकादिनानागतिकारणत्वात्, तस्य च विपाकत एवानुभवने एकस्मिन्नपि चरमभवे विरुद्धनानाभवानुभवप्रसङ्गात् क्रमशस्तदनुभवे पुनः संसारसन्ततिबन्धावश्यकत्वात् । यदाह–[वि०आ०भा०२०५२/५३]

[1]जइ ताणुभूइओ च्चिय खविज्जए कम्ममन्नहा न मयं । तेणासंखभवज्जियनाणागइकारणत्तणओ ॥

[2]नाणाभवाणुभवणाभावादेक्कम्मि पज्जएणं वा ।
अणुभवओ बंधाओ मोक्खाभावो स चाणिट्ठो ॥ त्ति ।

स्यादेतत्–एकत्रभवे नानाभवानुभवो न विरुद्धः, तत्त्वज्ञानबलाहितकायव्यूहस्य योगिन एकदापि शूकरादिनानाशरीरावच्छेदेन शूकरादिशरीरोपभोग्यस्यानुभवसंभवात्, विभिन्नावच्छेदेन

---

કરવાનું ન હોય) તો તો કોઈનો મોક્ષ જ થઈ શકે નહિ કારણ કે તે જ ભવમાં મુક્તિ પામનાર મહાત્માને પણ સત્તામાં તો અસંખ્યભવમાં બાંધેલા કર્મો હાજર હોય જ છે, જે જાતજાતના અધ્યવસાયોથી બંધાયેલા હોવાથી નરકાદિવિવિધ ગતિને આપવાના સ્વભાવવાળા બંધાયા હોય છે. તે બધાને જો વિપાકથી જ ભોગવવાના હોય તો ચરમ એક જ ભવમાં પરસ્પર વિરુદ્ધ એવા નરકાદિ ઘણા ભવો યુગપત્=એક સાથે અનુભવવા પડે, એ આપત્તિ આવે. તે બધા કર્મો જુદાજુદા ભવોમાં ક્રમશઃ અનુભવવાનું માનીએ તો તેના અનુભવ વખતે સંસારની પરંપરા ચલાવે એવો કર્મબંધ પણ અવશ્ય થવાથી જ સંસારનો ઉચ્છેદ અસંભવિત બની જાય. સિંહાદિરૂપે ભોગવવાના કર્મ ઉદયમાં આવવાથી સિંહાદિપણું અનુભવવામાં હિંસાદિ અવશ્ય થવાના કારણે કર્મબંધ પણ અવશ્ય થશે જ, જેથી સંસારચક્ર ચાલુ રહેશે. કહ્યું છે કે–"કર્મ અનુભવીને જ ખપાવી શકાય છે, અન્યથા નહિ–એવો જો તમારો મત હોય તો તદ્ભવસિદ્ધિકને પણ અસંખ્યભવાર્જિત વિવિધગતિના કારણભૂત કર્મો સત્તામાં હોવાથી તે બધાના વિપાકને અનુભવવો જ પડશે. ચરમ મનુષ્યભવમાં તિર્યંચાદિ અનેક ભવોનો ભોગવટો અનુભવ વિરુદ્ધ હોવાથી ક્રમશઃ તે ભોગવવા પડશે જે ભોગવવામાં વળી નવો કર્મબંધ થવાથી ફરીથી સંસારચક્ર ચાલશે. આમ કોઈ જીવનો મોક્ષ થઈ ન શકવાથી મોક્ષાભાવ માનવો પડશે, જે અનિષ્ટ છે."

**[ કાયવ્યૂહથી અનેક ભવોનો એકસાથે અનુભવ અવિરુદ્ધ–પૂર્વપક્ષ ]**

**પૂર્વપક્ષઃ–** એક જ ભવમાં અનેક ભવોનો એક સાથે અનુભવ વિરુદ્ધ નથી. કારણ કે યોગીઓ તત્ત્વજ્ઞાનના બળથી કાયવ્યૂહ કરી શકે છે. અર્થાત્ એક સાથે શૂકરાદિના ભિન્ન ભિન્ન શરીરો પણ બનાવી શકે છે. તેથી ભિન્ન ભિન્ન શરીરાવચ્છેદેન (શરીર દ્વારા)

---

१. यदितावदनुभूतित एव क्षप्यते कर्मान्यथा न मतम् । तेनासंख्यभवार्जितनानागतिकारणत्वतः ॥
२. नानाभवानुभवनाभावादेकस्मिन् पर्ययेण वा । अनुभवतो बन्धाद् मोक्षाभावः स चानिष्टः ॥

सजातीयात्मगुणानां यौगपद्यस्वीकारात्, कथमन्यथा युगपद्विंशत्यङ्गुलीचालनानुकूलप्रयत्नोपपत्तिः ? न च मिथ्याज्ञानवासनाऽभावाद्योगिनः परदारगमनादिनाऽदृष्टोत्पत्तिरिति । मैवं, मनुष्यशरीरस्य मनुष्येतरशरीरविरोधित्वात्, अन्यथा स्वर्गजनकादृष्टवतो यज्वनस्तदानीमेव स्वर्गिशरीरोपग्रहप्रसङ्गात् । 'तददृष्टस्य तदानीमलब्धवृत्तिकत्वान्नैवमि'ति चेत् ? तर्हि तत्त्वज्ञानिनो नानाविधादृष्टानां कथं युगपद्वृत्तिलाभः ? । 'कारणसाम्राज्यात् युगपद्वृत्तिलाभोऽपि नानुपपन्नः' इति चेत् ? ननु तथापि 'तत्त्वज्ञानादेव तावददृष्टानां युगपद्वृत्तिलाभः' इति देवानांप्रियस्याभिमतं, तदेव च कथं तत्प्रतिबन्धकादृष्टक्षयं विना ? न च तत्क्षयोऽपि भोगादेव, तत्त्वज्ञभोगस्य तदर्जकत्वात्, अपि चाध्यवसायविशेषादेव विचित्रादृष्टक्षयोपपत्तौ कायव्यूहादिकल्पनमप्रामाणिकमिति दिग् ।

શૂકરાદિ શરીરથી ભોગવવા યોગ્ય કર્મોનો પણ એક સાથે અનુભવ સંભવિત બને છે. સામાન્યથી ઘટજ્ઞાનની હાજરીમાં પટજ્ઞાનાદિ સંભવિત ન હોવાથી આત્માના ભિન્ન-ભિન્ન સજાતીય ગુણો એક સાથે રહેતા નથી એવો નિયમ હોવા છતાં એ નિયમ એકાવચ્છેદેન તેના તેના યૌગપદ્ય (એકસાથે હોવાપણુ)નો જ નિષેધ કરે છે. ભિન્ન ભિન્ન અવચ્છેદેન એ સજાતીયગુણો જો રહી શકતા હોય તો એ રીતે તેઓ સાથે પણ રહી જ શકે છે. નહિતર તો વીશે આંગળીઓને એક સાથે હલાવવાના ભિન્ન ભિન્ન પ્રયત્નો પણ અનુપપન્ન થાય. તેથી જેમ ભિન્ન ભિન્ન અંગુલીઅવચ્છેદેન ભિન્ન ભિન્ન પ્રયત્નરૂપ સજાતીય આત્મગુણો એક સાથે સંભવિત છે એ જ રીતે ભિન્ન ભિન્ન શરીરાવચ્છેદેન ભિન્ન/ભિન્ન સુખ-દુઃખાદિ ભોગવવા એક સાથે સંભવિત હોવાથી તે દ્વારા ભિન્ન ભિન્ન શરીર વડે ઉપભોગ્ય કર્મોનો ભોગ પણ એક ભવમાં સંભવિત છે જ. વળી જે કર્મ પરદારાગમનાદિ કરવા દ્વારા જ ભોગવાય એવું હોય તેને તે રીતે જ ભોગવવા માટે (અનિચ્છાએ પણ) કરવા પડતાં પરદારાગમનાદિ પણ, મિથ્યાજ્ઞાન-વાસનાનો અભાવ હોવાના કારણે ફરીથી કર્મબંધ કરાવતા નથી. તેથી કર્મો એક સાથે ભોગવાઈ જતા હોવાથી અને નવો કર્મબંધ થતો ન હોવાથી બીજા ભવો કરવાની કે મોક્ષાભાવ થવાની આપત્તિ રહેતી નથી. તેથી ભોગવીને જ કર્મોનો છુટકારો થાય છે એવું માનવામાં કોઇ આપત્તિ નથી.

## [કાયવ્યૂહકલ્પના અસંગત-ઉત્તરપક્ષ]

**ઉત્તરપક્ષઃ**- તમારી વાત અયુક્ત છે કારણ કે મનુષ્ય શરીરની હાજરી મનુષ્યભિન્ન શરીરોની વિરોધી હોવાથી એની હાજરીમાં શૂકરાદિના શરીરો એક સાથે સંભવી શકે નહિ. બાકી જો ભિન્ન શરીરો પણ એક સાથે સંભવતાં હોય તો તો યજ્ઞકરનારને સ્વર્ગજનક કર્મ દ્વારા મનુષ્યભવમાં જ સ્વર્ગીયશરીરાદિ પણ મળી જવાની આપત્તિ આવશે[1].

1. એમ જુદા જુદા જ્ઞાન-સુખાદિનો એક સાથે અનુભવ જુદા જુદા શરીરો દ્વારા એક જ આત્માને થતો હોવાનું કહી શકાવાથી આત્માદ્વૈત મતની પુષ્ટિ થશે.

ननु दीर्घस्थितिकं कर्म बद्धं, वेद्यते पुनरल्पस्थितिकं, इति कथं नाकृतागमादयः ? न चोपक्रान्तस्यानुभवान्न दोषः, तथापि बन्धाननुरूपत्वाद्भोगस्येति चेत् ? न, साध्यरोगवदुपक्रमणीयस्वभावस्यैव तस्य बद्धत्वात्, तदुक्तं—[वि०आ०भा० २०५४]

[1]नणु तन्न जहोवचियं तहाणुभवओ कयागमाईआ ।
तप्पाउग्गं चिय तं, तेण चियं सज्झरोगव्व ॥

ननु साध्योऽसाध्यो वा रोग इत्येव कथं विवेचनीयं ? इति चेत् ? अत्र वदन्ति—

[2]अणुवक्कमओ णासइ कालेणोवक्कमेण खिप्पंति ।
कालेणेवासज्झो, सज्झासज्झं तहा कम्मं ॥ [वि०आ०भा० २०५५]

यथा हि साध्यो रोग उपक्रमसामग्र्यभावान्निजभुक्तिच्छेदनकालेनैव नश्यति, तत्सामग्र्यां पुनरर्वागपि, असाध्यस्तु नोपक्रमशतेनापि, तथा कर्मणोऽप्युपक्रमयोग्यतया बद्धस्य तत्सामग्रीसमवधानासमवधानाभ्यां कालेनार्वाक् च नाशः, अतादृशस्तु भोगेनैवेति साध्याऽसाध्यता भाव्या ।

---

**પૂર્વપક્ષ**:—એ વખતે મનુષ્યભવમાં મનુષ્યભવોપભોગ્ય કર્મ લબ્ધવૃત્તિક (=પોતાનો વિપાક દેખાડવાને સન્મુખ) હોય છે પણ સ્વર્ગાદિસંબંધી અદૃષ્ટ લબ્ધવૃત્તિક હોતું નથી, તેથી તે સ્વર્ગીયશરીરોપગ્રાહક શી રીતે બને ? !

**ઉત્તરપક્ષ**:— તો પછી એ રીતે તત્ત્વજ્ઞાનીને પણ મનુષ્ય સંબંધી કર્મોજ લબ્ધવૃત્તિક હોવાથી ઈતર કર્મોનો એક સાથે વૃત્તિલાભ શી રીતે સંભવે ?

**પૂર્વપક્ષ** :—એક સાથે વૃત્તિલાભ થવા માટેની કારણસામગ્રીમાં તત્ત્વજ્ઞાન પ્રવિષ્ટ છે. યજ્ઞકર્તા વગેરેને એ ન હોવાથી એક સાથે વૃત્તિલાભ થતો ન હોવાના કારણે મનુષ્ય ભવમાં સ્વર્ગીય શરીરાદિ માનવાની આપત્તિ આવતી નથી. જ્યારે યોગીઓને તો તે હાજર હોવાથી એક સાથે વૃત્તિ લાભ તેમજ ભિન્ન ભિન્ન શરીરો સંભવિત છે.

**[ ભોગવ્યા વિના પણ અધ્યવસાયવિશેષથી કર્મવિનાશ સુસંગત ]**

**ઉત્તરપક્ષ** :—આનો ફલિતાર્થ એ થયો કે તત્ત્વજ્ઞાનથી જ અદૃષ્ટોને એક સાથે વૃત્તિલાભ થાય છે એવું તમને અભિમત છે. પરંતુ તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક અદૃષ્ટનો ક્ષય થયા વિના તો તત્ત્વજ્ઞાન જ શી રીતે સંભવશે ? વળી તે ક્ષય ભોગથી જ થાય છે એવું તો માની શકાતું નથી કારણ કે ભિન્ન ભિન્ન કર્મોનો એક સાથે વૃત્તિલાભ થવામાં તત્ત્વજ્ઞાન પણ કારણભૂત હોવાથી તત્ત્વજ્ઞાન થયા પૂર્વે એની કારણ સામગ્રી જ અધૂરી રહેતી હોવાના કારણે કર્મો યુગપદ્ ઉદય પામી શકતા નથી. તો ભોગવાય પણ શી રીતે ? તેથી પ્રતિબંધક કર્મોનો ભોગ દ્વારા ક્ષય જ અસંભવિત થવાથી તત્ત્વજ્ઞાન જ થઈ શકશે નહિ અને મોક્ષાભાવની આપત્તિ ઊભી જ રહેશે. તત્ત્વજ્ઞાનના પ્રતિબંધક

---

१. ननु तन्न यथोपचितं तथानुभवतोऽकृतागमादिकाः । तत्प्रायोग्यं तदेव तेन चितं साध्यरोग इव ॥
२. अनुपक्रमतो नश्यति कालेनोपक्रमेण क्षिप्रमिति । कालेनैवासाध्यः साध्यासाध्यं तथा कर्म ॥

કર્મોનો ભોગ વિના પણ તેવા તેવા શુભ ભાવોથી ક્ષય થઈ જાય છે એવું માનવામાં તો અધ્યવસાયવિશેષથી સર્વ વિચિત્ર અદૃષ્ટનો ક્ષય પણ ઉપપન્ન થઈ જાય છે. માટે કાયવ્યૂહાદિની કલ્પના અપ્રમાણિક છે આ રીતે આગળ પણ વિચારવું.

**પૂર્વપક્ષ** :-છતાં કર્મોની અપવર્ત્તના વગેરે માનવામાં આપત્તિ એ આવે છે કે જે દીર્ઘ સ્થિતિવાળું કર્મ બાંધ્યું હતું તે ભોગવવું પડતું નથી અને નહિ બાંધેલું પણ અલ્પસ્થિતિક કર્મ (કે જે લાંબી સ્થિતિ ઘટીને ટૂંકી સ્થિતિવાળુ બન્યુ છે તે) ભોગવવું પડે છે. અર્થાત્ અપવર્ત્તનાદિ માનવામાં કૃતનાશ-અકૃતાગમાદિ દોષો આવે છે.

**[અપવર્ત્તનાદિ માનવામાં કૃતનાશાદિ દોષો નથી]**

**ઉત્તરપક્ષ** :-ઉપક્રાન્ત-અનુપક્રાન્ત કર્મનો પણ અનુભવ તો કરવો જ પડે છે તેથી કૃતનાશ દોષ નથી અને જે કર્મને પોતે ભોગવે છે તે પોતાનું બાંધેલું હોવાથી અકૃતાગમ દોષ પણ નથી.

**પૂર્વપક્ષ** :-છતાં જેવા બાંધ્યા હોય છે તેવા જ (સ્થિતિ-રસાદિ) સ્વભાવવાળા કર્મદલિકોનો ભોગ ન હોવાથી એ દોષો ઊભા જ છે.

**[કર્મોને સાધ્યાસાધ્ય રોગની ઉપમા]**

**ઉત્તરપક્ષ** :-જેમ સાધ્ય રોગ પોતાનો પ્રાદુર્ભાવ થાય ત્યારથી જ સાધ્ય હોય છે, પહેલાં અસાધ્ય તરીકે ઉત્પન્ન થયા પછી એ સાધ્ય બની જાય છે એવું હોતું નથી તેમ ઉપક્રમણીય કર્મ પણ જ્યારે બંધાયું હોય ત્યારે જ ઉપક્રમણીય સ્વભાવવાળું બંધાયું હોય છે અને એ રીતે ઉપક્રમ દ્વારા જ એ ભોગવાતું હોવાથી કોઈ દોષ નથી. કહ્યું છે કે

'**શંકા**-કર્મ જેવું બંધાયું હોય તેવું નહિ અનુભવવામાં અકૃતાગમાદિ દોષો છે.

**સમાધાન** :-તે જીવ વડે તે કર્મ સાધ્યરોગની જેમ ઉપક્રમણીય સ્વભાવવાળું જ બંધાયું હોય છે અને તેવું જ ભોગવાય છે તેથી એ દોષો નથી.'

**પૂર્વપક્ષ** :-અમુક રોગ સાધ્ય છે અને અમુક અસાધ્ય છે એવો વિવેક જ શી રીતે કરવો ? એમ કર્મોમાં પણ ઉપક્રમને યોગ્ય-અયોગ્યનો વિવેક શી રીતે કરવો ?

**ઉત્તરપક્ષ**:- એ માટે ભાષ્યકારે કહ્યું છે કે 'જેને ચિકિત્સાદિરૂપ ઉપક્રમ ન લાગે તો લાંબા કાળ સુધી ભોગવવા વડે જ નાશ પામે અને ઉપક્રમ લાગે તો અલ્પકાળમાં જ ક્ષીણ થઈ જાય તે સાધ્યરોગ જાણવો. પરંતુ જે રોગ કાલ=મરણથી જ નાશ પામે ગમે એટલા ઉપાયો કરવા છતાં એ પૂર્વે નાશ ન જ પામે એ અસાધ્ય જાણવો. એ રીતે જ કર્મ પણ જે સાધ્ય હોય છે તે બંધકાળે ઉપક્રમ સાપેક્ષ જ બંધાયું હોય છે, પણ જો ઉપક્રમ સામગ્રી મળે નહિ તો પોતાના સંપૂર્ણ કાળે ભુક્તિથી જ નાશ પામે છે અને સામગ્રી મળે તો એ પહેલાં પણ નાશ પામી શકે છે. અને જે અસાધ્ય હોય છે તે તો બંધકાળે જ નિકાચિત-અનુપક્રમણીય જ બંધાયું હોય છે અને તેથી સેંકડો ઉપક્રમ લાગવા છતાં પોતાના ભોગના પરિપૂર્ણ કાળ પૂર્વે નાશ પામતું નથી.

न चानुपक्रान्तस्य नोपक्रमणीयत्वमेवेति वाच्यं, स्वरूपयोग्यतायाः सहकारियोग्यताऽव्याप्यत्वात्, अध्यवसायविशेषजन्यतावच्छेदकतयैवोपक्रमणीयत्वसिद्धेः । इममेवार्थं साधयन्ति–

[1]सज्झासज्झं कम्मं किरियाए दोसओ जहा रोगो ।

सज्झमुवक्कामिज्जइ एत्तोच्चिय सज्झरोगं व ॥ [वि॰आ॰भा॰ २०५६]

क्रियायाः=उपक्रमलक्षणायाः, उपक्रम्यते वर्तमानयत्नजन्योपक्रमविषयः (?क्रियते) कर्मण उपक्रमणीयत्वात्, तदुपक्रमाय यतितव्यमिति भावः । प्रकारान्तरेण साधयन्ति–[वि॰आ॰भा॰ २०५७]

[2]सज्झामयहेऊओ सज्झनिआणासओऽहवा सज्झं ।

सोवक्कमणमयं पिव देहो देहाइभावाओ ॥

उपक्रमविषयः कर्म साध्यं, साध्यामयहेतुत्वात्, देहवृत्तित्वाद्वा देहहेतुत्वाद्देहवत् । साध्यनिदानत्वं च यद्यपि कर्मणः साध्यत्वसिद्धौ सिध्यति तथापि तत्संसाध्यैवायं प्रपञ्चः, निदानीभूताध्यवसायवैचित्र्याद्वा तत्साध्यमित्याहुः ।

---

**પૂર્વપક્ષ**:–અનુપક્રાન્ત રહીને જ જે વિપાકકાળે ભોગવાય છે તે કર્મ બંધકાળે ઉપક્રમણીય તરીકે બંધાયું હોય છે એવું મનાય નહિ કારણ કે એવું માનીએ તો એ ઉપક્રાન્ત થઈને જ કેમ ન ભોગવાય ?

## [ઉપક્રમણીય કર્મો ઉપક્રાન્ત થવાનો નિયમ નથી]

**ઉત્તરપક્ષ**:–ઉપક્રમણીયત્વ એટલે ઉપક્રમ થવાની યોગ્યતા હોવી તે...જેઓમાં સ્વરૂપયોગ્યતા હોય તેઓમાં સહકારીયોગ્યતા હોય જ એવો નિયમ નથી. અર્થાત્ સ્વરૂપયોગ્ય કારણને સહકારીઓનું સંનિધાન મળે જ અને તે ફળોપધાયક બને જ એવી વ્યાપ્તિ નથી. તેથી સાધ્યકર્મમાં ઉપક્રમસામગ્રી ન મળવાના કારણે ઉપક્રમ ન થાય તો કોઈ આપત્તિ નથી.

**શંકા**:–છતાં જે કર્મ ઉપક્રાન્ત થયા વિના જ ભોગવાય છે તેમાં ઉપક્રમણીયત્વ હતું તેવું માનવામાં પ્રમાણ શું ?

**સમાધાન**:–જે અધ્યવસાયોથી ઉપક્રમયોગ્ય કર્મ બંધાય છે તેવા જ અધ્યવસાયવિશેષથી બંધાએલું હોવું એ જ તેવા કર્મને ઉપક્રમણીય માનવામાં પ્રમાણ છે. આ જ વાતને જણાવતાં ભાષ્યકારે કહ્યું છે કે 'કર્મ ઉપક્રમાત્મક ક્રિયાથી સાધ્ય અને અસાધ્ય એવા બે પ્રકારનું હોય છે કારણ કે કર્મ દોષાત્મક છે, જેમકે રોગ. સાધ્યકર્મ સાધ્ય હોવાથી જ સાધ્યરોગની જેમ ઉપક્રાન્ત થઈ શકે છે.'

આમ વર્તમાનયત્નજન્યઉપક્રમના વિષયભૂત જે જે કર્મ હોય તે તે ઉપક્રમણીય હોવાથી તેના ઉપક્રમ માટે વર્તમાનમાં પણ તપ વગેરેનો પ્રયત્ન કરવો જોઈએ.

---

१. साध्यासाध्यं कर्म क्रियाया दोषतो यथा रोगः । साध्यमुपक्रम्यत एतस्मादेव साध्यरोग इव ॥

२. साध्यामयहेतुतः साध्यनिदानाश्रयतोऽथवा साध्यम् । सोपक्रमणमयमिव देहो देहादिभावात् ॥

अत्रैव वैशद्यायोपपत्त्यन्तरं प्रकटयन्ति–[वि०भा० २०५८–६२]
[1]किञ्चिदकाले वि फलं पाइज्जइ पच्चए अ कालेणं ।
तह कम्मं पाइज्जइ कालेण विपच्चए वण्णं ॥
[2]भिण्णो जहेह कालो तुल्लेवि पहम्मि गइविसेसाओ ।
सत्थे व गहणकालो मइमेहाभेयओ भिन्नो ॥

## [કર્મમાં ઉપક્રમણીયતાની સિદ્ધિ]

આજ વાતને બીજી રીતે સિદ્ધ કરતાં ભાષ્યકારે કહ્યું છે કે 'કર્મ સોપક્રમણ સાધ્ય=ઉપક્રમક્રિયાનો વિષય હોય છે. કારણ કે સાધ્યરોગના હેતુભૂત છે, જેમ કે દેહ. અથવા કર્મસોપક્રમણ સાધ્ય છે કારણ કે સાધ્યનિદાનાશ્રય છે. અર્થાત્ સાધ્ય એવા કારણથી જન્ય છે જેમકે દેહ. અથવા કર્મ સોપક્રમણ સાધ્ય છે કારણ કે દેહાદિમાં રહેલ છે જેમકે દેહ.' અહીં સાધ્યનિદાનાશ્રય કહ્યું તેમાં સાધ્ય એવા કર્મનું જનક કારણ પણ સાધ્ય કહેવાય છે એવી વિવક્ષાથી સાધ્યનિદાનજન્ય છે એવો અર્થ કર્યો છે. જો કે કર્મ સાધ્ય તરીકે સિદ્ધ હોય તો જ તજ્જનક કારણ 'સાધ્યનિદાન' તરીકે સિદ્ધ થાય અને એ સાધ્યનિદાન તરીકે સિદ્ધ થાય તો જ તે હેતુ તરીકે વર્ત્તી કર્મને સાધ્ય તરીકે સિદ્ધ કરે...આમ અન્યોન્યાશ્રય દોષ આવે છે. છતાં ભાષ્યકારે પહેલાં 'जइ ताणु...' ગાથા (નં. ૨૦૫૨)માં યુક્તિઓથી કર્મમાં સોપક્રમત્વ સિદ્ધ કર્યું હોવાથી પછી સાધ્યત્વ સિદ્ધ થાય છે અને કર્મ સાધ્ય તરીકે સિદ્ધ થવાથી તજ્જનક કારણ પણ સાધ્ય તરીકે સિદ્ધ થાય છે. એટલે કોઇ દોષ નથી.

**શંકા** :–તો પછી એ યુક્તિઓથી જ કર્મનું સોપક્રમત્વ અને સાધ્યત્વ થઇ જતાં હોવાથી પુનઃ સિદ્ધિ કરવી નિરર્થક છે

**સમાધાન**:–વિસ્તારપ્રિય વિનેયજનના વિનોદ માટે એ સિદ્ધિ હોવાથી એમાં કોઇ દોષ નથી. અથવા કર્મબંધના કારણીભૂત અધ્યવસાયોના વૈચિત્ર્યથી નિદાનનું સાધ્યત્વ સિદ્ધ કરી સાધ્યનિદાનજન્યત્વ હેતુથી કર્મનું સાધ્યત્વ સિદ્ધ કરવું.

## [કર્મનિષ્ઠ સોપક્રમણ સાધ્યત્વની સિદ્ધિ માટે દષ્ટાન્તો]

આ જ વિષયમાં વધુ સ્પષ્ટતા માટે ભાષ્યકારે બીજા દૃષ્ટાન્તો આપતાં પણ કહ્યું છે કે–"કોઈક ફળ અલ્પકાળે (અર્વાક્ કાળમાં) પણ પાકે છે જ્યારે કોઇક લાંબા કાળે પાકે છે તે જ રીતે કર્મ પણ લાંબા કાળે કે એ પહેલાં પણ પાકે છે–ફળ આપે છે. જેમ તુલ્ય અંતર કાપતાં પણ ઝડપની તરતમતાના કારણે ભિન્ન ભિન્ન કાળ લાગે છે અને જેમ એક જ શાસ્ત્રને મતિમેધાદિના તફાવતને કારણે ભણવાનો કાળ જુદો જુદો

१. किञ्चिदकालेऽपि फलं पाच्यते पच्यते च कालेन । तथा कर्म पाच्यते कालेन विपच्यते चान्यत् ॥
२. भिन्नो यथेह कालस्तुल्येऽपि पथि गतिविशेषात् । शास्त्रे वा ग्रहणकालो मतिमेधाभेदतो भिन्नः ॥

[1]तह तुल्लम्मि वि कम्मे परिणामाइ किरियाविसेसाओ ।
भिण्णोणुभवणकालो जेट्ठो मज्झो जहण्णो अ ॥
[2]जह वा दीहा रज्जू डज्झइ कालेण पुंजिया खिप्पं ।
वियओ पडो व सुस्सइ पिंडीभूओ अ कालेणं ॥
[3]भागो व णिरपवत्तण हीरइ कमसो जहण्णहा खिप्पं ।
किरियाविसेसओ वा समे वि रोगे तिगिच्छाए ॥

यथाह्याम्रादि फलं वृक्षस्थं यावता कालेन पच्यते, तदर्वागेव गर्त्ताप्रक्षेपपलालस्थगनाद्युपायेन पाच्यते, तथा दीर्घस्थितिकतया बद्धं कर्माप्यध्यवसानादिभिरर्वागेव पाच्यते । अथवा यथा तुल्येऽपि पथि त्रयाणां पुरुषाणां प्रहरैकद्वित्र्यादिलक्षणो गतिविशेषाद्भिन्नः कालो दृश्यते, एवं तुल्यस्थितिकस्यापि कर्मणस्तीव्रमन्दमध्यमाध्यवसायविशेषाज्जघन्यमध्यमोत्कृष्टलक्षणस्त्रिविधोऽनुभवकालो भवति । यथा वा तुल्येऽपि शास्त्रेऽध्येतॄणां मतिभेदात्कालभेदस्तथात्रापि । 'तह' त्ति योजनगाथा स्पष्टा, नवरं परिणामा अध्यवसानादयः, क्रिया च चारित्रादिलक्षणेति । यथा वा दीर्घा रज्जुश्चिरेण दह्यते पुञ्जीकृता तु क्षिप्रं तथा कर्मापि । यथा वा जलार्द्रो विततीकृतः पटः क्षिप्रं शुष्यति पिण्डीभूतस्तु चिरेण तथा कर्मापि । यथा वा लक्षप्रमाणस्य दशभिर्भागो हरणीयः स च यद्यपवर्त्तनां विनैव ह्रियेत तदा महान् भागहारकालः स्यादपवर्त्तनायां तु नैवं, लक्षस्य हि पञ्चभिर्भागहारे विंशतिसहस्राणि लभ्येरन् दशानां तु द्वौ, ताभ्यां च विंशतिसाहस्रिकस्य लघुराशेर्भागे हृते झटित्येव दशसहस्राण्यागच्छेयुरिति, एवमायुषोऽप्यनपवर्त्तितस्य दीर्घःकालोऽपवर्त्तितस्य लघुरिति । यथा वा समेऽपि कुष्ठादिके रोगे क्रियाविशेषाच्चिकित्सायाः कालभेदस्तथेति भाष्याम्भोधिसंप्लवपरिचितः पन्थाः ।

---

લાગે છે તેમ તુલ્ય સ્થિતિક પણ કર્મનો પરિણામાદિ ક્રિયાવિશેષના કારણે જઘન્ય–મધ્યમ અને જ્યેષ્ઠ એમ ભિન્ન ભિન્ન અનુભવકાળ હોય છે. અથવા જેમ દીર્ઘસરળ રજ્જુને બાળતાં લાંબો કાળ લાગે છે અને ગુંચળું કરીને બાળતાં અલ્પકાળ લાગે છે, કે પહોળું કરેલું કપડું જલ્દી સૂકાઈ જાય છે અને સંકેલી લીધેલું તે લાંબા કાળે સૂકાય છે, અનપવર્ત્તિત રાશિનો ભાગહાર કરતાં લાંબો કાળ લાગે છે અને અપવર્ત્તના કરીને તેમ કરતાં અલ્પ કાળ લાગે છે, સમાન રોગની પણ ક્રિયાવિશેષથી ચિકિત્સા કરતાં અલ્પકાળ લાગે છે અન્યથા દીર્ઘકાળ લાગે છે એ પ્રમાણે કર્મને દૂર કરવામાં પણ જાણવું." ભાષ્યગાથાઓનું તાત્પર્ય એ છે કે જેમ વૃક્ષ પર જ રહ્યું છતું આમ્રાદિ ફળ જેટલા કાળે પાકે એના કરતાં ખાડા વગેરેમાં ઘાસ વગેરેની વચ્ચે મૂકીને પકાવવામાં

---

१. तथा तुल्येऽपि कर्मणि परिणामादिक्रियाविशेषात् । भिन्नोऽनुभवनकालो ज्येष्ठो मध्यो जघन्यश्च ॥
२. यथा वा दीर्घा रज्जुर्दह्यते कालेन पुञ्जिता क्षिप्रम् । विततः पटो वा शुष्यति पिण्डीभूतश्च कालेन ॥
३. भागश्च निरपवर्त्तणो ह्रियते क्रमशो यथान्यथा क्षिप्रम् । क्रियाविशेषतो वा समेऽपि रोगे चिकित्सया ॥

अथांशतः प्रतिक्षणं विनश्वरस्वभावमायुः कदाचित् स्वभावादेव कार्त्स्न्येन क्षीयत इति कोऽयं सोपक्रमनिरुपक्रमविभाग इति चेत् ? हन्त तर्हि कारणान्पेक्षायामंशतः क्षयसमय एव कुतो न कार्त्स्न्येन क्षयः ? तदपेक्षायां तु कथं न भोगतदितरकारणवैलक्षण्यादुक्तविभागव्यवस्था ? । 'तावत्कालमंशतः क्षयमासाद्यैवायुषः कार्त्स्न्येन क्षयस्वाभाव्यमि'ति चेत् ? नूनमेवं सौगतमतावलम्बिनो भवतस्तावत्कालं तत्तदवस्थितेरपि स्वभावादेवोपपत्तौ किमायुःकर्मचर्चया ? । किं च स्वभाववैलक्षण्यमेवास्य कुतः ? न चायं प्रयोजनप्रश्नो हेतुप्रश्नो वा ? नाद्यः, प्रयोजनभेदव्यवस्थितेः प्रसिद्धत्वात्, न द्वितीयः, स्वभावस्याऽकार्यत्वादिति वाच्यम्, प्रमाणप्रश्नत्वादस्य । न

આવે છે તો વહેલું પાકે તેમ દીર્ઘસ્થિતિક તરીકે બાંધેલું પણ કર્મ તેવા તેવા અધ્યવસાયોથી તે કાળ આવ્યા પૂર્વે જ પાકી જાય છે અથવા જેમ તુલ્ય પણ માર્ગ કાપવામાં ત્રણ પુરુષોને એક–બે–ત્રણ પ્રહરાદિ રૂપ ભિન્ન ભિન્ન કાળ ઝડપની તરતમતાના કારણે લાગે છે એમ તુલ્યસ્થિતિક કર્મનો પણ તીવ્રાદિ અધ્યવસાયોના કારણે ઉત્કૃષ્ટ–મધ્યમ–જઘન્ય એમ ભિન્ન ભિન્ન અનુભવ કાળ હોય છે અથવા જેમ સમાન શાસ્ત્ર ભણવામાં પણ વિદ્યાર્થીઓની મતિ=ગ્રહણશક્તિ તેમજ મેધા=ધારણા શક્તિની ભિન્નતાના કારણે જુદો જુદો કાળ લાગે છે તેમ તુલ્ય પણ કર્મનો પરિણામ=અધ્યવસાય અને ચારિત્રાદિ ક્રિયાની તરતમતાના કારણે ભિન્ન ભિન્ન જ્યેષ્ઠ–મધ્યમ કે જઘન્ય અનુભવકાળ હોય છે. અથવા જેમ લાંબુ દોરડું સીધું રાખીને બાળતાં લાંબો કાળ લાગે છે પણ ગુંચળું વાળીને બાળતાં અલ્પકાળ લાગે છે. અથવા જેમ પહોળું કરેલું ભીનું વસ્ત્ર જલ્દી સૂકાય છે જ્યારે ભેગું કરીને મૂકી રાખેલ તે લાંબા કાળે સૂકાય છે તેમ કર્મ વિશે પણ જાણવું. અથવા જેમ ૧ લાખ વગેરે મોટી સંખ્યાને બીજી દશ વગેરે રૂપ મોટી ભાજક સંખ્યાથી ભાગવાની હોય ત્યારે સીધે સીધો ભાગાકાર કરવો હોય તો અઘરો પડે છે પણ ભાજ્ય અને ભાજક બન્નેને સમાન નાની સંખ્યાથી (પાંચથી) અપવર્ત્તિત કરીને (ભાગીને) આવતાં જવાબો (૨૦૦૦૦ અને બે) ને ફરી ભાજ્ય–ભાજક બનાવી ભાગાકાર કરવામાં આવે તો સરળતા થવાથી અલ્પકાળ લાગે છે[1] તેમ અનપવર્ત્તિત આયુષ્યનો પણ દીર્ઘ અનુભવ કાળ હોય છે જ્યારે અપવર્ત્તિત થયેલા તેનો અનુભવકાળ અલ્પ હોય છે. અથવા જેમ કુષ્ઠાદિ સમાન રોગની ચિકિત્સાનો કાળ પણ ક્રિયાવિશેષથી ભિન્ન ભિન્ન હોય છે. તે રીતે કર્મોના અનુભવકાળ અંગે પણ જાણવું.

**પૂર્વપક્ષ** :–ક્ષણે ક્ષણે આયુષ્યના દલિકો ખપ્યા કરે છે. તેથી પ્રતિક્ષણ અંશતઃ નાશ પામવાના સ્વભાવવાળું તે ક્યારેક સ્વભાવથી જ સંપૂર્ણતઃ નાશ પામી જશે.

૧ વધારે સ્પષ્ટતા માટે બીજો દાખલો લઈએ–૭૮૩ ને ૨૭ વડે ભાગવા વગેરે રૂપ અત્યંત સરળ ન હોય એવા ભાજ્ય–ભાજક હોય ત્યારે પહેલાં બન્ને ને ૯ વડે અપવર્ત્તિત કરી (ભાગીને) આવેલા જવાબો (૮૭ અને ૩) ને ભાજ્ય–ભાજક બનાવવામાં આવે તો સરળતાનો સ્પષ્ટ ખ્યાલ આવે

च विना कार्यकारणभावं तथास्वाभाव्यग्राहकं प्रमाणमस्ति, अन्यथा दण्डे घटजनकत्वमगृहीत्वापि 'दण्डादेव घटो भवती'ति स्वाभाव्यग्रहप्रसङ्गात्, जलं शीतमित्यादावपि शीतसमवायस्वभाव एव कारणत्वग्रहाधीनग्रहो न तु जलस्यैव शैत्यमिति स्वभाव इति ।

अथ कार्यकारणभावग्राहकादेव तथास्वाभाव्यग्रहोऽस्तु किमन्तरा कार्यकारणभावग्रहेण ? इति चेत् ? सत्यं, नियतपूर्वावधिमत्त्वस्वभावस्यैव कारणत्वादित्यन्यत्र विस्तरः । तस्मादपवर्त्तनावदुदीरणाकरणमपि वीर्यजन्यमेवेति व्यवस्थितं, एवं च तन्मात्राद्दुःखोदीरणप्रसङ्गे सुखोदीरणप्रसङ्गोऽपि भगवतां दुर्निवारः ॥१०१॥

---

તેથી કોઇક આયુષ્ય ઉપક્રમ લાગવાથી જલ્દીથી સંપૂર્ણ ખપી જાય છે, બીજું ઉપક્રમ વગર જ ક્રમશઃ નાશ પામે છે એવો તેનો સોપક્રમ–નિરુપક્રમ વિભાગ શી રીતે કરી શકાય ?

**ઉત્તરપક્ષ** :–આયુષ્યનો કારણનિરપેક્ષ સ્વભાવથી જ જો સર્વથા ક્ષય થઈ શકતો હોય તો તો જ્યારે અંશતઃ ક્ષય થઇ રહ્યો છે તે સમયે જ સર્વથા ક્ષય કેમ ન થઈ જાય ? અને જો સર્વથા ક્ષય કારણસાપેક્ષ જ હોય તો ભોગ રૂપ કારણ અને ભોગ ભિન્ન શસ્ત્રઘાતાદ્યાત્મક કારણો, આ જાતના કારણના વિભાગથી જ નિરુપક્રમ–સોપક્રમ વિભાગ વ્યવસ્થા શા માટે થઇ ન શકે ?

**પૂર્વપક્ષ** :–તેટલો કાળ અંશતઃ ક્ષય પામીને પછી જ સર્વથા ક્ષય પામવું એવો આયુષ્યનો સ્વભાવ જ હોવાથી પૂર્વે એનો સર્વથા ક્ષય થતો નથી અને છતાં જ્યારે થાય છે ત્યારે તેવા સ્વભાવથી જ થતો હોવાથી કારણસાપેક્ષ હોતો નથી.

### [સ્વભાવથી નશ્વર માનવામાં આયુષ્ય નિષ્પ્રમાણિક થવાની આપત્તિ]

**ઉત્તરપક્ષ** :–આ રીતે બૌદ્ધમતને સ્વીકારતા એવા તમારે તે તે ભવમાં જીવની અવસ્થિતિ પણ સ્વભાવથી જ ઉપપન્ન થઇ જતી હોવાથી આયુષ્યકર્મ જ અપ્રમાણિક થઈ જવાના કારણે એની ચર્ચાથી સર્યું ! વળી 'શરૂઆતમાં અંશતઃ નાશ પામ્યા કરવું અને પછી જ સર્વથા નાશ પામવું" આવી આયુષ્યના સ્વભાવની વિલક્ષણતા શેનાથી ઘટશે ?

**પૂર્વપક્ષ** :–તમારો આ પ્રશ્ન પ્રયોજનપ્રશ્ન છે કે હેતુપ્રશ્ન ? અર્થાત્ આ પ્રશ્નથી આયુષ્યના સ્વભાવનું વૈલક્ષણ્ય માનવાનું પ્રયોજન શું છે એવું તમે પૂછી રહ્યા છો ? કે એ વૈલક્ષણ્ય કયા હેતુઓથી ઉત્પન્ન થાય છે તે ? પણ આ બેમાંથી એકે ય પ્રશ્ન યુક્ત નથી. કારણ કે પહેલાં અંશતઃ ક્ષય થવો અને પછી સર્વથા ક્ષય થવો આવો ભેદ હોવાની વ્યવસ્થા કરવા રૂપ પ્રયોજન પ્રસિદ્ધ જ છે. વળી સ્વભાવ કાર્યાત્મક ન હોવાથી તેના હેતુઓ જ હોતા નથી તો પછી હેતુપ્રશ્ન પણ શી રીતે હોઇ શકે ?

[ કાર્ય-કારણભાવ જ સ્વભાવગ્રાહક બની શકે ]

**ઉત્તરપક્ષ** :–અમારો પ્રશ્ન પ્રયોજનપ્રશ્ન નથી કે હેતુપ્રશ્ન નથી પણ પ્રમાણપ્રશ્ન છે. અર્થાત્ 'આવા વૈલક્ષણ્યનું ગ્રાહક પ્રમાણ કયું છે? એવું અમે પૂછી રહ્યા છીએ જેનો તમારી પાસે કોઈ જવાબ નથી. કારણ કે કાર્ય-કારણ ભાવ જ તેવો સ્વભાવના ગ્રાહક પ્રમાણ તરીકે સંભવી શકે છે જે તમને તો માન્ય નથી. જો કાર્યકારણભાવનું ગ્રહણ કર્યા વિના પણ કોઈ અન્ય પ્રમાણથી સ્વભાવનું ગ્રહણ થઈ શકતું હોત તો તો દંડમાં ઘટકારણતાને જાણ્યા વિના પણ 'દંડથી જ ઘડો બને છે' એવો સ્વભાવ ખબર પડી જવાની આપત્તિ આવશે.

**પૂર્વપક્ષ** :–કાર્યકારણભાવ જ સ્વભાવગ્રાહક પ્રમાણ છે એવી તમારી વાત અયુક્ત છે કારણ કે પાણીનો ઠંડાપણાનો સ્વભાવ કોઈ જાતનો કાર્યકારણભાવ જાણ્યા વિના જ સ્પાર્શનપ્રત્યક્ષથી જાણી શકાય છે.

**ઉત્તરપક્ષ** :–પાણી શીતસ્પર્શનું સમવાયિકારણ છે એવા કાર્યકારણભાવની જાણ થયા પછી જ પાણીમાં શીત સમવાય હોવા રૂપ સ્વભાવ છે એવો નિશ્ચય થાય છે તેથી શીતસમવાયાત્મક સ્વભાવનો ગ્રહ કાર્યકારણ ભાવગ્રહાધીન જ છે પછી ભલે 'જળમાં જ ઠંડક છે, એવા સ્વભાવનું જ્ઞાન કારણતાગ્રહને આધીન ન હોય.

[ નિયતપૂર્વવર્ત્તિતાગ્રહ સ્વભાવગ્રાહક છે-પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ**:–"નિયતપૂર્વવર્ત્તિતાનું ગ્રહણ કરવા દ્વારા કાર્યકારણ ભાવગ્રહ થાય છે. જેમકે બે-ચાર સ્થળે દંડાદિની હાજરીમાં ઘટોત્પત્તિ અને ગેરહાજરીમાં ઘટોત્પત્તિનો અભાવ જોઈને નિયતપૂર્વવર્ત્તિતાનું ગ્રહણ થાય છે કે 'ઘટકાર્ય પૂર્વે દંડ અવશ્ય હાજર હોય છે' આ ગ્રહણ થયા પછી જ 'તેથી દંડ, ઘટ પ્રત્યે કારણ છે' એવો કાર્યકારણભાવગ્રહ થાય છે અને ગ્રહ થયા પછી 'દંડથી જ ઘડો ઉત્પન્ન થાય' એવા સ્વભાવનો ગ્રહ થાય છે"–એવો તમારો અભિપ્રાય છે પણ એ બરાબર નથી કારણ કે કાર્યકારણભાવના ગ્રહને વચ્ચે લાવ્યા વિના પણ નિયતપૂર્વવર્ત્તિતાના ગ્રહથી જ 'દંડથી જ ઘટ થાય' એવો સ્વભાવગ્રહ શક્ય હોવાથી વચ્ચે કાર્યકારણભાવગ્રહ માનવો યુક્ત નથી.

[ નિયતપૂર્વવર્ત્તિતા જ કારણતા છે-ઉત્તરપક્ષ ]

**ઉત્તરપક્ષ** :–તમારી વાત સાચી છે, છતાં નિયતપૂર્વાવધિમત્ત્વ એટલે કે કાર્યની પૂર્વ અવધિવાળા અવશ્ય હોવું આવા પ્રકારનો નિયતપૂર્વવત્તિતારૂપ સ્વભાવ જ કારણતા રૂપ હોવાથી તેનો ગ્રહ એ જ કારણતાગ્રહ છે. આ વાત અન્યત્ર ચર્ચેલ છે. તેથી સ્વભાવ ગ્રહ માટે પણ કારણતાગ્રહ આવશ્યક હોવાથી કાર્યકારણભાવ માનવો આવશ્યક જ હોવાના કારણે આયુષ્યનો સોપક્રમ-નિરુપક્રમ વિભાગ યુક્ત જ છે.

તેમજ તેની અપવર્ત્તનાની જેમ ઇતરકર્મોની અપવર્ત્તના પણ કારણ જન્ય જ છે, વળી જેમ એ અપવર્ત્તનાકરણ 'વીર્યજન્ય છે તેમ ઉદીરણાકરણ પણ વીર્યજન્ય હોવાથી

अथ प्रमादरूपहेत्वन्तराभावान्न यत्किञ्चित्कारणमात्रात् सुखोदीरणमिति चेत् ? तर्हि तत एव न वाग्निर्गमाद्दुःखोदीरणमपि, साताऽसातमनुजायुषां हि प्रमादसहितेनैव योगेनोदीरणमिति वचनादित्याशयवानाह—

**खेओ णोईरिज्जइ केवलिजोगेहि तो विणु पमायं ।**
**तुल्लुदयहेउपभवो दीसइ पुण सोवि तत्तुल्लो ॥१०२॥**

( खेदो नोदीर्यते केवलियोगैस्तद्विना प्रमादम् । तुल्योदयहेतुप्रभवो दृश्यते पुनः सोऽपि तत्तुल्यः ॥१०२॥)

केवलिनां योगाः खलूदीरणां प्रति सामान्यहेतूभवन्तोऽपि प्रमादघटितविशेषसामग्रीं विना न खेदमुदीरयितुं प्रभवेयुः । यस्तु 'खेदविनोदो भगवतोऽपि भवति' इत्यादिना वाग्निर्गमजन्यः खेदो भगवतां प्रतिपाद्यते स तु वस्तुत उदयार्जितोऽपि तुल्यहेतुबललब्धजन्मतयोदीरित इव लक्ष्यते न तु परमार्थतस्तथाविध इति । अथ वाक्प्रयोगेण प्रमादमापाद्यैव ततः खेदोदीरणापादनमभिप्रेतमिति चेत् ? न, वाक्प्रयोगस्य रागयोगदुष्प्रणिधानादिरूपप्रमादाऽव्याप्यत्वाद्, वीतरागप्रवृत्तेर्व्युत्पादितत्वात् ॥१०२॥

अथैवं भगवतां वाक्प्रयोगात् कथंचित् खेदोत्पत्तावपि तदनुदीरणोक्तेर्भुक्त्यापि क्षुन्निवृत्तिजन्यसुखोत्पत्तावपि तदनुदीरण सूचनक्षमायाः फलमाह—

---

જિનનામાદિની ઉદીરણા પણ શ્રીતીર્થંકરને અનુપપન્ન નથી. વચનપ્રયત્નના વીર્યમાત્રથી જ કેવળીઓને આશાતાવેદનીયની ઉદીરણા થવાનું જો માનીએ તો કાયયોગાદિથી શાતાવેદનીયની ઉદીરણા પણ માનવાની આવતી આપત્તિ દુર્નિવાર જ રહેશે. ॥૧૦૧॥

**પૂર્વપક્ષ** :—શાતાવેદનીયની ઉદીરણામાં જેમ વીર્ય હેતુભૂત છે તેમ પ્રમાદ પણ હેતુભૂત છે. તેથી વીર્ય હોવા છતાં પ્રમાદાત્મક અન્ય સહકારી હાજર ન હોવાથી કેવ-ઓને તેની ઉદીરણા હોતી નથી.

## [કેવળીઓને અશાતાની અનુદીરણામાં પ્રમાદાભાવ હેતુ]

**ઉત્તરપક્ષ** :—'શાતા–અશાતા અને મનુષ્યાયુની ઉદીરણા પ્રમાદસહિતના યોગથી જ જ હોય છે' એવા શાસ્ત્રવચનથી જણાય છે કે પ્રમાદાત્મક કારણાન્તર હાજર ન હોવાના કારણે જ વચનપ્રયત્ન હોવા છતાં અશાતાની પણ ઉદીરણા કેવળીઓને હોતી નથી. તેથી કેવળીઓને દેશના દેવામાં કોઈ બાધક છે નહિ એવા આશયવાળા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :—પ્રમાદનો અભાવ હોવાના કારણે કેવલીના યોગો ખેદ=અશાતાવેદનીયની ઉદીરણા કરતા નથી. તેમ છતાં તેઓને જે ખેદાદિ દેખાય છે તે બાહ્યદ્રવ્યાદિરૂપ ઉદીરણાને તુલ્ય એવા અશાતાના ઉદયથી જ થયો હોવાથી ઉદીરિત થએલ હોય એવું લાગે છે.

સામાન્યથી ઉદીરણાના હેતુભૂત એવા પણ કાયયોગાદિ પ્રમાદઘટિતસામગ્રીસંપન્ન ન થવાના કારણે કેવળીઓને ખેદોદીરણા કરવામાં સમર્થ હોતા નથી 'ભગવાનૂને

मुत्तीइ सुहुप्पत्ती तं पुण जोगादुदीरियं होज्जा ।
एसा परजुत्तिलया एएण पकंपिया णेया ॥१०३॥

(भुक्त्या सुखोत्पत्तिस्तत्पुनर्योगादुदीरितं भवेत् । एषा परयुक्तिलता एतेन प्रकम्पिता ज्ञेया ॥१०३॥)

स्पष्टा ॥१०३॥ ननु भुक्तिव्यापारेण दुष्प्रणिहिता योगाः प्रमादरूपतामास्कन्दन्तः कथमिव न वेदनीयमुदीरयेयु? अत एव न तदनुदीरकाणां सप्तमगुणस्थानवर्त्तिनामपि कवलाहारक्रीडाव्रीडावगुण्ठनमिति कुतस्तरामुत्तरोत्तरगुणस्थानप्रणयिनां तदित्याशङ्कायामाह—

---

પણ ખેદનો પરિહાર હોય છે' એવા વચનથી ભગવાન્ ને જે વચનપ્રયત્નજન્ય ખેદ કહ્યો છે તે પણ વસ્તુતઃ તો અશાતાના ઉદયથી જ થએલો હોય છે છતાં ઉદીરણાના જે બાહ્યહેતુઓ હોય છે તેવા હેતુઓથી જ થતો હોવાથી ઉદીરણાથી થએલ હોય એવો લાગે છે.

**શંકા** :–વચનપ્રયોગ કરવો એ પ્રાપ્ત વચનલબ્ધિનો ઉપયોગ કરવા રૂપ હોવાથી પ્રમાદનું આપાદન કરે જ છે અને તેથી અશાતાની પણ ઉદીરણા કરશે જ.

**[વચનપ્રયોગ રાગાદિપ્રમાદથી જ હોવાનો નિયમ નથી]**

**સમાધાન** :–વૈક્રિયલબ્ધિઆદિનો પ્રયોગ જેમ રાગાદિપ્રમાદથી જ હોય છે એમ વચનપ્રયોગ પણ રાગાદિપ્રમાદથી જ હોય એવું નથી. અર્થાત્ જ્યાં જ્યાં વચનયોગ હોય ત્યાં ત્યાં રાગ–યોગદુષ્પ્રણિધાનાદિરૂપ પ્રમાદ હોય જ એવી વ્યાપ્તિ નથી તેથી રાગાદિ વિના પણ કેવળીઓને વચન પ્રવૃત્તિ હોઇ શકે છે. ઇચ્છાદ્યાત્મક રાગાદિ વિના પણ વીતરાગને પ્રવૃત્તિ હોય છે એ અમે આગળ સિદ્ધ કરી જ ગયા છીએ ॥૧૦૨॥

આમ 'કેવળીઓને વાક્પ્રયોગથી કથંચિત્ ખેદ ઉત્પન્ન થતો હોવા છતાં ખેદની ઉદીરણા હોતી નથી' એવું જે કથન કર્યું તે 'ક્ષુધા નિવૃત્તિથી સુખ ઉત્પન્ન થયું હોવા છતાં શાતાની ઉદીરણા હોતી નથી' એવું સૂચન કરવામાં પણ સમર્થ છે. આવા સમર્થ કથનના ફળને જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**[ શાતાની અનુદીરણામાં પણ પ્રમાદાભાવ જ હેતુ ]**

**ગાથાર્થ** :–'કવલાહારથી ક્ષુધાના દુઃખનો નાશ થવાના કારણે સુખોત્પત્તિ થાય છે જે ભોજનના પ્રયત્નરૂપ યોગથી શાતાની ઉદીરણા કરવા સ્વરૂપ હોવાથી કેવળીઓને તે સંભવતી નથી' એવી વાદીની યુક્તિરૂપ લતા 'પ્રમાદાત્મક સહકારીકારણ હાજર ન હોવાથી કેવળીઓને વચનપ્રયત્ન ખેદોદીરક બનતો નથી' એ વાતથી જ ધ્રુજી ગએલી જાણવી. કારણ કે ભોજનપ્રયત્નાત્મક યોગ હાજર હોવા છતાં અને તેનાથી સુખોત્પત્તિ થતી હોવા છતાં પ્રમાદાત્મક સહકારી હાજર ન હોવાથી શાતાની ઉદીરણા હોવાની આપત્તિ રહેતી નથી. ગાથાર્થ સ્પષ્ટ છે. ॥૧૦૩॥

**[ ભોજનવ્યાપારથી યોગદુષ્પ્રણિધાનરૂપ પ્રમાદની આપત્તિ–પરિહાર ]**

"ભોજન વ્યાપારથી યોગો દુષ્પ્રણિહિત થાય છે તેથી પ્રમાદાત્મક બનતા તે વેદનીયની

ण य दुप्पणिहाणंपि हु केवलिजोगाण होइ भुत्तीए ।
तं रागदोसकयं ते पुण तेसिं विलीणेति ॥ १०४ ॥

(न च दुष्प्रणिधानमपि केवलियोगानां भवति भुक्त्या । तद्रागद्वेषकृतं तौ पुनस्तेषां विलीनाविति ॥१०४॥)

इय सत्तमाइफासगकोडिन्नाईण कवलभोईणं ।
णेव य दुप्पणिहाणं सुप्पणिहाणस्स माहप्पा ॥ १०५ ॥

(इति सप्तमादिस्पर्शककौडिन्यादीनां कवलभोजिनां । नैव च दुष्प्रणिधानं सुप्रणिधानस्य माहात्म्यात् ॥१०५॥)

न खलु कवलाहारव्यापारमात्रेण योगानां दुष्प्रणिधानं, अपि तु तदभिष्वङ्गपरिणामेन, अत एव दुष्प्रणिधानदुष्प्रयुक्तयोर्भेदः, इति कथं निरभिष्वङ्गाणां भुक्तिमात्रादेव प्रमादः ?! न खलु शुभयोगमुदीरयन्तः प्रमत्तगुणस्थानवर्त्तिनोऽपि दुष्प्रयुञ्जते किं पुनर्वीतरागाः ?! इति । न चैवं शुभयोगोदीरणदशायां योगदुष्प्रणिधानरूपप्रमत्तत्वहानिप्रसङ्गः, योगदुष्प्रणिधानलिङ्गकान्तर्मुहूर्त्तकपरिणामविशेषस्यैव प्रमत्तगुणस्थानपदप्रवृत्तिनिमित्तत्वात् । 'प्रमत्तानां शुभाशुभयोगव्यवस्थाऽसिद्धा'

ઉદીરણા શા માટે ન કરે ? ભોજન વ્યાપાર પ્રમાદરૂપ છે એટલે જ તો વેદનીયના અનુદીરક એવા સાતમા ગુણઠાણે રહેલા અપ્રમત્તયતિઓને પણ કવલાહાર કરવાની ક્રીડામાં થતી લજ્જાથી લેપાવાનું હોતું નથી. તેથી તેનાથી પણ ઉપરના ગુણઠાણાવાળાને તો તો કવલાહાર હોય જ શી રીતે શકે ?" વાદીની આવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–ભુક્તિથી કેવળીના યોગોનું દુષ્પ્રણિધાન થતું નથી કારણ કે એ તો રાગદ્વેષથી થાય છે, જે કેવળીઓને વિલય પામ્યા હોય છે. તેથી સાતમા વગેરે ગુણઠાણાઓને સ્પર્શી રહેલા *કૌડિન્યાદિ તાપસોને તેઓ કવલાહાર કરતાં હોવા છતાં સુપ્રણિધાનના માહાત્મ્યથી દુષ્પ્રણિધાન નહોતું.

[ દુષ્પ્રણિધાન અને દુષ્પ્રયુક્તનો ભેદ ]

કવલાહારનો વ્યાપાર કરવા માત્રથી કંઇ યોગો દુષ્પ્રણિહિત થઇ જતાં નથી પણ આહારપરના અભિષ્વંગપરિણામથી જ થાય છે. તેથી જ દુષ્પ્રણિધાન અને દુષ્પ્રયુક્તનો ભેદ કહ્યો છે. અપ્રમત્તયતિને ઇર્યાસમિતિ પૂર્વક ચાલવા છતાં સહસાત્કારે કીડી વગેરેની વિરાધના થઈ જાય તો યોગની દુષ્પ્રયુક્તતા હોય છે પણ દુષ્પ્રણિધાન હોતું નથી. તેથી જ તથાવિધ કર્મબંધ થતો નથી. તેથી નિરભિષ્વંગ એવા કેવળીઓને ભુક્તિવ્યાપારમાં દુષ્પ્રણિધાન ન હોવાથી પ્રમાદ પણ હોતો નથી. બાકી શુભયોગને ઉદીરતા પ્રમત્તગુણસ્થાનવર્તી જીવોને પણ યોગોનો દુષ્પ્રયોગ હોતો નથી તો પછી વીતરાગને તે હોવાની તો વાત જ ક્યાં રહી ?

**પૂર્વપક્ષ** :–આવું કહેવામાં તો શુભયોગોદીરણ દશામાં યોગદુષ્પ્રણિધાનરૂપ પ્રમાદ

* ગૌતમસ્વામીએ જે ૧૫૦૦ તાપસોને ખીરથી પારણા કરાવ્યા તેમની અહીં વાત છે.

इति पुनरसैद्धान्तिकप्रलपितं "¹तत्थ णं जे ते पमत्तसंजया ते सुहं जोगं पडुच्च णो आयारंभा जाव अणारंभा, असुहं जोगं पडुच्च आयारंभावि जाव णोअणारंभा" त्ति प्रज्ञप्तौ प्रज्ञप्तत्वात् ।

ननु तथापि माऽस्तु कवलाहारेण योगदुष्प्रणिधानं परन्तु शुभयोगरूपस्यापि तस्याऽऽवश्यकादिव्यापाराणामिवास्तु प्रमत्तगुणस्थानमात्रविश्रान्तत्वमिति चेत् ? छद्मस्थानामारम्भं प्रत्यनुमतमेतत्, न तु निष्ठां प्रति, अत एव कौण्डिन्यादयः क्षपकश्रेणिं प्रतिपद्यमानाः सप्तमादि

ન રહેવાથી પ્રમત્ત જીવોના પણ પ્રમત્તત્વની હાનિ થઇ જવાથી તેઓને પ્રમત્ત કહી શકાશે નહિ.

## [ શુભયોગ પ્રવર્ત્તક પ્રમત્તયતિને દુષ્પ્રયોગ હોતો નથી ]

**ઉત્તરપક્ષ** :–શુભયોગમાં પ્રવર્ત્તકને દુષ્પ્રયોગ હોતો નથી એમ અમે કહીએ છીએ. પણ એમ નથી કહેતા કે યોગના દુષ્પ્રણિધાનાત્મક લિંગથી જણાતો અંતર્મુહૂર્ત્ત-કાલીન (પ્રમત્તત્વરૂપ) પરિણામવિશેષ પણ હોતો નથી. ખરેખર તો એ પરિણામ જ તેઓને વિશે 'પ્રમત્તગુણસ્થાનક' પદ નો વ્યપદેશ થવામાં નિમિત્તભૂત હોવાથી તેઓને 'પ્રમત્ત' કહેવામાં કોઇ વાંધો રહેતો નથી. "પ્રમત્તોના અમુક યોગો શુભ છે અને બીજા યોગો અશુભ છે એવી કોઇ વ્યવસ્થા જ પ્રસિદ્ધ નથી" એવું કથન તો અસૈદ્ધાન્તિક પ્રલાપમાત્ર જાણવું. કારણ કે શ્રી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્રમાં કહ્યું છે કે–'તેમાંથી જેઓ પ્રમત્તસંયત હોય છે તેઓ શુભયોગવાળા હોય ત્યારે આત્મારંભી હોતા નથી, પરારંભી હોતા નથી, ઉભયારંભી હોતા નથી, પણ અનારંભી હોય છે. જ્યારે અશુભ યોગવાળા હોય છે ત્યારે આત્મારંભી હોય છે, પરારંભી હોય છે, ઉભયારંભી હોય છે પણ અનારંભી હોતા નથી.'

**શંકા** :–આ રીતે કવલાહારથી કદાચ દુષ્પ્રણિધાન ભલે ન થાય, તો પણ આવશ્યકાદિ વ્યાપારોની જેમ શુભયોગરૂપ એવો તે કવલાહાર પણ છટ્ઠા ગુણઠાણા સુધી જ માનવો યુક્ત છે.

## [ પૂર્વારબ્ધ કવલાહારાદિ ઉપરના ગુણઠાણાના અબાધક ]

**સમાધાન** :– છદ્મસ્થજીવોને આવશ્યકાદિની શરૂઆત ૬ ટ્ઠા ગુણઠાણા સુધી જ હોય છે. એ રીતે કવલાહારની પણ શરુઆત ત્યાં સુધી જ હોય છે એ અમને પણ અનુમત જ છે. પરંતુ પૂર્વ આરબ્ધ આવશ્યકાદિ ચાલુ હોવા છતાં વચમાં જેમ સાતમા વગેરે ગુણઠાણા આવી શકે છે અને તે ગુણઠાણાઓમાં જ આવશ્યકાદિની સમાપ્તિ પણ હોઇ શકે છે એ રીતે પૂર્વારબ્ધ કવલાહાર ચાલુ હોવા છતાં ૭ માં વગેરે ગુણઠાણા આવી શકતા હોવાથી 'કવલાહાર છટ્ઠા સુધી જ હોય છે' એ વાત અયુક્ત છે. તેથી જ ક્ષપકશ્રેણિને માંડતા કૌડિન્ય વગેરે તાપસોએ સાતમા વગેરે ગુણઠાણાની સ્પર્શના

(१) व्याख्याप्रज्ञप्ति (१-१-१७) तत्र णं ये ते प्रमत्तसंयताः
ते शुभं योगं प्रतीत्य नो आत्मारंभाः यावदनारंभाः, अशुभं योगं प्रतीत्य आत्मारंभाअपि यावत् नोऽनारंभाः ।

गुणस्थानस्पर्शनां कारङ्कारमेवारब्धं कवलाहारं परिनिष्ठितवन्तः, न च तत्परिनिष्ठया तेषां दुष्प्रणिधानं, सुप्रणिधानस्य बलवत्त्वात् । ननु तथापि सप्तमादिकगुणस्थान इव त्रयोदश गुणस्थानेऽप्यारब्धकवलाहारः परिनिष्ठीयतां, न तु पुनः प्रारभ्यतामविशेषादिति चेत् ? न, सप्तमादिगुणस्थानानां ध्यानप्रधानानां पूर्वप्रवृत्तव्यापारमात्रावधानव्यग्रत्वेन व्यापारान्तरारम्भे ध्यानधाराविच्छेदप्रसङ्गात्, अन्यत्र च तदभावात् । एतेन स्वल्पकालत्वेन सप्तमगुणस्थाने भोजनाभावे षष्ठगुणस्थानेऽपि तदापत्तिरित्यपास्तम् । स्यादेतत्–बाह्यव्यापारनिवृत्तावेवाध्यात्मध्यानधवलसप्तमादिगुणस्थानलाभ इति कथं भोजनाद्यन्तरैव क्षपकश्रेणीसंभव इति ? मैवं, शुभयोगप्रवृत्त्याऽऽहितकायिकध्यानस्य तदप्रतिपन्थित्वात्, प्रत्युत तदनुगुणत्वादन्तरा सूक्ष्मात्मलयसंभवात् ॥१०४-१०५॥

अथ 'आहारकथा चेत् प्रमादजननी तर्ह्याहारः सुतरां तज्जनकः' इति प्रभाचन्द्रवचो मुद्रयितुमाह—

---

કરતાં કરતાં જ કવલાહારની સમાપ્તિ કરી અને છતાં સુપ્રણિધાન બળવાન્ હોવાના કારણે તેઓને દુષ્પ્રણિધાન હતું નહિ.

**પૂર્વપક્ષ** :–છતાં જેમ સાતમા વગેરે ગુણઠાણે કવલાહારનો પ્રારંભ નથી તેમ તેરમા ગુણઠાણે પણ પૂર્વારબ્ધ કવલાહારની સમાપ્તિ ભલે હોય તો પણ એ પછી નવો આરંભ તો માની શકાશે નહિ.

**[પૂર્વપ્રવૃત્તવ્યાપારની હાજરીમાં ધ્યાનધારા અબાધિત]**

**ઉત્તરપક્ષ** :– એ વાત પણ અયુક્ત છે કારણ કે સાતમા વગેરે ગુણઠાણાઓ ધ્યાનપ્રધાન છે અર્થાત્ તેવા શુભ ધ્યાનનાકારણે જ તે તે ગુણઠાણા હોય છે તેથી ધ્યાનધારાનો વિચ્છેદ થાય તો એ ગુણઠાણા પણ રહેતા નથી. આહારાદિ શરૂ કરતી વખતે મનનું જે પ્રણિધાન થઈ ગયું હોય તેનાથી જ, પછી તેમાં મનનો વિશેષ ઉપયોગ ન રહેવા છતાં તે આહારાદિ ક્રિયા ચાલુ રહી શકે છે અને તેથી આહારાદિનો તે પૂર્વપ્રવૃત્ત વ્યાપાર ચાલુ રહેવા છતાં ધ્યાનધારાનો વિચ્છેદ થતો નથી. જ્યારે આહારાદિની ક્રિયા જો પહેલેથી ચાલુ ન હોય તો જે સમિતિઆદિનો વ્યાપાર પૂર્વપ્રવૃત્ત હોય તે માત્રમાં જ મન વ્યાપૃત હોય છે. તેથી આહારાદિ અન્ય વ્યાપાર શરૂ કરવામાં મનને તેમાં લઈ જવું પડવાથી ધ્યાનધારાનો વિચ્છેદ થવાના કારણે ગુણઠાણું ટકી શકતું નથી. જ્યારે તેરમું ગુણઠાણું તો ધ્યાનપ્રધાન ન હોવાથી પુનઃ આહારાદિનો આરંભ કરવામાં ગુણઠાણું ભ્રષ્ટ થઈ જવાની આપત્તિ હોતી નથી. તેથી કેવળીઓને કવલાહાર હોવામાં કોઇ બાધક નથી તેથી જ "સાતમું ગુણઠાણું સ્વલ્પકાલીન હોવાથી ત્યારે ભોજનાભાવ(=ભોજનારંભાભાવ) હોય છે તેરમું ગુણઠાણું તો દીર્ઘકાલીન પણ હોવાથી ભોજનારંભ પણ હોઇ શકે છે એવું જો તમે (ઉત્તરપક્ષી) કહેતા હો તો છઠ્ઠા ગુણઠાણે પણ ભોજનાભાવ માનવાની આપત્તિ આવશે' કારણ કે અંતર્મુહૂર્ત અંત-

हेऊ पमत्तयाए आहारकहेव णेव आहारो ।
होज्ज जईणईआरो अण्णह तीए व तेणावि ॥१०६॥
(हेतुः प्रमत्तताया आहारकथैव नैवाहारः । भवेद् यतीनामतिचारोऽन्यथा तयेव तेनापि ॥१०६॥)

न खलु यत्कथा प्रमादजननी तदपि प्रमादजनकमिति व्याप्तिरस्ति, मानाभावात्, अन्यथा देशकथायाः प्रमादहेतुत्वेन देशे निवसन्तो यतयः प्रमादिन एव प्रसजेयुः । अथ तादृगभिष्वङ्गजननानुकूलतत्तद्देशगुणवर्णनात्मिकैव देशकथा तथा, नतूदासीनो देशोऽपि । हन्तै

મુંહૂર્તે પરાવર્ત્તમાન તે પણ સ્વલ્પકાલીન છે" એવું વાદીનું કથન નિરસ્ત જાણવું, કારણ કે ભોજન પ્રારંભ માનવામાં ધ્યાનધારાનો વિચ્છેદ થતો હોવાથી સાતમે ગુણઠાણે એનો અભાવ માન્યો છે, સ્વલ્પકાલીન હોવાથી નહિ છઠ્ઠું ગુણઠાણું તો ધ્યાનપ્રધાન ન હોવાથી ભોજનારંભ કરવામાં થતો ધ્યાનધારા વિચ્છેદ ગુણઠાણાનો બાધક બનતો નથી.

**શંકા** :– બાહ્યવ્યાપારથી નિવૃત્ત થએ છતે જ અધ્યાત્મધ્યાનથી ઉજ્જવળ એવા સાતમા વગેરે ગુણઠાણાઓની પ્રાપ્તિ થાય છે તેથી ભોજનાદિ ચાલુ હોય ત્યારે ક્ષપક શ્રેણિ શી રીતે સંભવી શકે ?

**[ શાસ્ત્રવિહિત ભોજનવ્યાપાર શ્રેણિને અનુકૂળ ]**

**સમાધાન** :–એ ભોજનાદિવ્યાપાર શાસ્ત્રવિહિત હોવાથી શુભયોગ પ્રવૃત્તિથી પ્રાપ્ત કરેલ કાયિક ધ્યાનરૂપ હોય છે અને તેથી ક્ષપકશ્રેણિને રુંધનારો તો નથી પણ ઉલ્ટો અનુકૂલ હોવાથી સૂક્ષ્મઆત્મલય જગાડવામાં સહાયક બને છે. ॥૧૦૪–૧૦૫॥

'આહારકથા ને વિકથા તરીકે લેખવી તેનું પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. તેથી જણાય છે કે એ વિકથા પ્રમાદજનક છે. આમ આહારની કથા પણ જો પ્રમાદજનની છે તો આહાર તો સુતરાં પ્રમાદજનક છે જ' એવી **પ્રભાચંદ્રની** વાતનું નિરાકરણ કરતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :–આહારકથાની જેમ આહાર કંઇ પ્રમત્તભાવનો હેતુ નથી કારણ કે એમ માનીએ તો જેમ આહારકથાથી અતિચાર લાગે છે તેમ આહારથી પણ યતિને અતિચાર લાગવાની આપત્તિ આવશે.

**[ આહારથી પ્રમાદોત્પત્તિનો નિયમ નથી ]**

જેની કથા પ્રમાદજનની હોય તે વસ્તુ પોતે પણ પ્રમાદજનક હોય એવો કંઇ નિયમ નથી, કારણકે જો એવો નિયમ હોય તો તો દેશકથા પ્રમાદહેતુ હોવાથી દેશ પણ પ્રમાદહેતુ બની જવાના કારણે દેશમાં વસતા યતિઓ પણ પ્રમાદી જ હોવાની આપત્તિ આવે.

**પૂર્વપક્ષ** :–તથાવિધ અભિષ્વંગને ઉત્પન્ન કરવામાં સહાયક એવી દેશગુણાદિના વર્ણનાદિરૂપ દેશકથા જ પ્રમાદજનક છે, અભિષ્વંગ પ્રત્યે ઉદાસીન એવો દેશ નહિ. તેથી દેશમાં રહેવા માત્રથી કંઈ યતિ પ્રમાદી બની જતો નથી.

वमाहारकथाप्याहारविषयाभिलाषजनकतयैव तथा, नत्वनीदृश आहारोपीति किमिति न चेतयसे ?। न चेदेवं तर्ह्याहारकथया यतीनामतिचारो न त्वाहारेणेति कुतो वैषम्यम् ? तस्माच्चारित्रपालनार्थतया निरभिष्वङ्गपरिणामेन गृह्यमाण आहारो न प्रमादहेतुः, आहारकथा तु सरागपरिणामेनैव क्रियमाणत्वात् प्रमादहेतुरित्यवश्यं प्रतिपत्तव्यम् । न च 'रागं विनैवाहार इवाहारकथापि किं न ?' इति पर्यनुयोज्यं, विना प्रयोजनं तदभावात्, न चावितथाहारकथापि तथा, अपि तु तद्विकथेति तत्त्वम् ॥१०६॥

अथ 'निद्राजनकतयाऽऽहारस्य प्रमादहेतुत्वं' इति निराकर्तुमाह—

**णिद्दाए वि ण हेऊ भुत्ती सहयारमेत्तओ तीसे ।**
**जेण सुए णिद्दिट्ठा पयडी सा दंसणावरणी ॥१०७॥**

[निद्राया अपि न हेतुर्भुक्तिः सहचारमात्रात्तस्याः । येन श्रुते निर्दिष्टा प्रकृतिः सा दर्शनावरणी ॥१०५॥]

---

**ઉત્તરપક્ષ** :– બસ, એ જ રીતે આહારકથા પણ આહારવિષયક અભિલાષાદિને ઉત્પન્ન કરવા દ્વારા જ પ્રમાદજનની બને છે અર્થાત્ તેવા અભિષ્વંગને અનુકૂળ એવી આહારકથા જ પ્રમાદજનક છે પણ અભિષ્વંગ ન કરાવે એવો આહાર નહિ. જો એવું ન હોય તો આહારકથાથી યતિઓને અતિચાર લાગે અને આહારથી ન લાગે એવી વિષમતા શા માટે? તેથી ચારિત્રપાલન માટે રાગદ્વેષના પરિણામ વગર લેવાતો આહાર પ્રમાદહેતુ બનતો નથી. આહારકથા તો ચારિત્રપાલન માટે વિહિત ન હોવાથી સરાગપરિણામથી જ કરાય છે અને તેથી પ્રમાદહેતુ બને જ છે, એ વાત તમારે અવશ્ય સ્વીકારવી જોઈએ

**પ્રશ્ન** :– રાગપરિણામવિના આહાર થઈ શકે અને આહારકથા ન થઈ શકે એવું કેમ ?

## [આહારકથા રાગ વિના પણ સંભવિત]

**ઉત્તર** :–જ્ઞાન–દર્શન–ચારિત્રની વૃદ્ધિ વગેરે રૂપ પ્રયોજન વિનાની પ્રવૃત્તિ તો રાગપરિણામથી જ થાય છે. જ્યારે આહાર તો તથાવિધ પ્રયોજન પૂર્વક લેવાતો હોવાથી રાગ વિના પણ થઈ શકે છે, અને તે રીતે તથાવિધ પ્રયોજનથી જ થઇ રહેલ અવિતથ–માત્ર સ્વરૂપદર્શક આહારકથા પણ રાગપરિણામ વિના શક્ય હોવાથી પ્રમાદજનક બનતી નથી. પણ એ સિવાયની આહારકથા તો રાગથી જ થતી હોવાથી વિકથારૂપ છે અને પ્રમાદજનક બને જ છે. ॥૧૦૬॥

'આહારથી નિદ્રાત્મક પ્રમાદ થાય છે. તેથી એ રીતે આહાર પ્રમાદજનક છે' એવી આશંકાનું નિરાકરણ કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–કેટલાક ગૃહસ્થાદિમાં ભોજન અને નિદ્રાનું સાહચર્ય જોવા માત્રથી 'ભોજન નિદ્રાનો હેતુ છે' એવું કહેવાય નહિ, કારણ કે શાસ્ત્રમાં નિદ્રાના હેતુ તરીકે

न खलु क्वचनं भुक्तिनिद्रयोः पौर्वापर्यं दृष्टमिति तां प्रति तस्या हेतुत्वमेव कल्पयितुमुचितं, अन्यथा क्वचिद्रासभादेरपि घटपूर्वभावदर्शनेन तं प्रति तस्यापि हेतुत्वप्रसङ्गात्, तस्माद्दर्शनावरणप्रकृतिरूपा निद्रैवेन्द्रियवृत्तिनिरोधरूपनिद्रां प्रति हेतुः, बह्वाहारादिकं च कदाचित्तद्वृत्त्युद्बोधकतयैवोपयुज्यते, नत्वाहारत्वेन तद्धेतुताऽस्ति, तथा च हतदर्शनावरणानां भगवतामाहारमात्रेण निद्रापादनप्रलापा दिगम्बराणामरण्यरुदितमेव ॥१०७॥

अथ स्तोकतानुज्ञानादेव तस्य प्रमादत्वमित्याशङ्कां निराचिकीर्षुराह—

**ण य तस्स थोवयाए जेण अणुण्णा तओ तओ दुट्ठो ।**
**णिद्दव्व दुट्ठया जं णिद्दाइ पसंगओ तस्स ॥१०८॥**

(न च तस्य स्तोकताया येनानुज्ञा ततस्तकौ दुष्टः । निद्रेव दुष्टता यन्निद्राप्रसङ्गतस्तस्य ॥१०८॥)

---

દર્શનાવરણ પ્રકૃતિનો નિર્દેશ કર્યો છે.

## [આહાર નિદ્રાનો હેતુ હોવાનો એકાન્ત નથી]

ક્યાંક ભોજન અને નિદ્રાનો પૂર્વાપરભાવ જોવા માત્રથી કંઈ નિદ્રા પ્રત્યે આહારને હેતુ કલ્પવો યુક્ત નથી. નહિતર તો ક્યાંક ગધેડા વગેરે પણ ઘટકાર્યની પૂર્વે હાજર રહેતા હોવા માત્રથી તેઓને પણ ઘટ પ્રત્યે કારણ માનવાની આપત્તિ આવશે. કહેવાનું તાત્પર્ય એ છે કે દર્શનાવરણ પ્રકૃતિરૂપ નિદ્રા કર્મ જ ઇન્દ્રિયપ્રવૃત્તિનિરોધાત્મક નિદ્રાનો હેતુ છે. અતિ આહાર વગેરે તો ક્યારેક તે નિદ્રાકર્મને વિપાકોન્મુખ કરવા રૂપે જ ઉપયોગી બને છે બાકી આહારાત્મક હોવા માત્રથી 'આહાર નિદ્રાનો હેતુ છે' એવું નથી. તેથી જેઓને દર્શનાવરણ કર્મ જ નિર્મૂળ થઈ ગયું છે તેવા કેવળીઓને આહારમાત્રથી નિદ્રાત્મક પ્રમાદ પ્રવર્તશે એવો દિગંબરનો પ્રલાપ જંગલમાં રુદન કરવા જેવો જાણવો. એટલે કે રુદન જેમ આવી પડેલ આપત્તિને દૂર કરવામાં સહાયક બનતું નથી તેમ આવો પ્રલાપ પણ કેવળીઓને કવલભુક્તિનો અભાવ સિદ્ધ કરવામાં સહાયક બનતો નથી. ॥૧૦૭॥

'આહાર જો ખરેખર પ્રમાદરૂપ ન હોત અને મોક્ષસાધક હોત તો તપ વગેરેની જેમ બને એટલો વધુ જ ગ્રહણ કરવાનું શાસ્ત્રમાં વિધાન કર્યું હોત! પણ એવું છે નહિ, ઉલ્ટો બને એટલો અલ્પ=પરિમિત જ આહાર લેવાનું વિધાન છે. તેથી જણાય છે કે એ પ્રમાદરૂપ છે' આવી શંકાનું નિરાકરણ કરવાની ઇચ્છાથી ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :—'આહાર બને એટલો ઓછો લેવાની અનુજ્ઞા હોવાથી જણાય છે કે એ પણ નિદ્રાની જેમ દોષરૂપ છે.' આવી શંકા કરવી નહિ. કારણ કે આહાર સ્વતઃ દોષ રૂપ નથી કિન્તુ વધારે પડતો આહાર નિદ્રાજનક બનતો હોવાથી નિદ્રાદિ જનન દ્વારા દોષરૂપ બને છે. અને તેથી જ અતિઆહારનો નિષેધ છે પણ 'આહારદોષરૂપ હોવાથી તેનો નિષેધ છે' એવું નથી.

परे ह्यनुमिन्वते–'आहारः प्रमादः, स्तोकतया तदनुज्ञानात्, निद्रावत्,' न चेदमसिद्धं,
''[1]थोवाहारो थोवभणिओ अ जो होइ थोवनिद्दो अ ।
थोवोवहि उवगरणो तस्स हु देवावि पणमंति ॥
[आव०नि० १२६८] इत्याद्यर्थवादशतसिद्धत्वात् । न चोपकरणे व्यभिचारः, तस्यापि प्रमादरूपत्वात् । न च विपक्षबाधकतर्कविरहः, प्रमादत्वविरहे विहितस्य तस्य बाहुल्येन ग्रहणप्रसङ्गादिति चेत् ? न, न ह्ययं स्वतो दोषो गुणो वा, निद्रादिजनकतया ब्रह्मचर्यगुप्तिविघटकतया च दोषो भूयस्त्वस्निग्धत्वाभीक्ष्णप्रवृत्त्यादिविशिष्टः, तदुक्तं—[आव०नि० १२६६]

**પૂર્વપક્ષ** :–'આહાર, પ્રમાદ છે કારણ કે અલ્પતયા અનુજ્ઞાત છે, જેમકે નિદ્રા.' અહીં અલ્પતયા અનુજ્ઞા હોવા રૂપ હેતુ પણ અસિદ્ધ નથી. કારણ કે આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે "જે અલ્પાહારી, અલ્પનિદ્રાવાળો તેમજ અલ્પ ઉપધિ–ઉપકરણ વાળો હોય છે તેને દેવો પણ નમસ્કાર કરે છે." વળી હેતુ ઉપકરણમાં વ્યભિચારી નથી કારણ કે એ પણ પ્રમાદરૂપ જ છે. જે પ્રમાદરૂપ ન હોય અને છતાં તેમાં અલ્પતયા અનુજ્ઞાતત્વ હોય' એવો હેતુ વિપક્ષમાં વૃત્તિ હોવાની શંકાનો બાધક કોઈ તર્ક નથી એવું પણ નથી. કારણ કે 'જે પ્રમાદરૂપ ન હોવા સાથે વિહિત હોય તેનું તો તપ વગેરેની જેમ અધિકતયા જ આચરણ ઉપદિષ્ટ હોય, અલ્પતયા નહિ!, એવો બાધક તર્ક જાગ્રત છે. તેથી અલ્પતયા અનુજ્ઞાત એવો આહાર તો પ્રમાદરૂપ જ છે.

**[આહારની અતિમાત્રા કે સ્નિગ્ધતા જ દોષરૂપ–ઉત્તરપક્ષ]**

**ઉત્તરપક્ષ** :–તમારી વાત અયુક્ત છે કારણ કે આહાર સ્વતઃ દોષરૂપ નથી કે ગુણરૂપ પણ નથી, કિન્તુ અતિમાત્રામાં લેવાતો કે સ્નિગ્ધ કે વારંવાર લેવાતો આહાર જ નિદ્રાદિ પ્રમાદ ઉત્પન્ન કરવા દ્વારા કે બ્રહ્મચર્યગુપ્તિનો ભંગ કરવા દ્વારા દોષરૂપ બને છે. કહ્યું છે કે 'અતિ આહાર તેમ જ પ્રણીતઆહાર મારે માટે યુક્ત નથી કારણ કે તેનાથી વિષયોની ઉદીરણા થાય છે તેથી સંયમયાત્રા નિર્વાહ માટે આવશ્યક હોય એટલી જ માત્રામાં આહાર લઇશ. વળી તેની પણ અત્યંત–વારંવાર ઇચ્છા કરીશ નહિ.' આમ અતિમાત્રાદિથી યુક્ત આહાર નિદ્રાદિજનક બનવા દ્વારા જ દોષરૂપ બનતો હોવાથી જેઓને મોહ–નિદ્રા અને અબ્રહ્મ ક્ષીણ થઇ ગયા છે તેવા કેવળીઓને તો એ દોષરૂપ બને જ શી રીતે? જ્યારે અલ્પાહાર તો નિદ્રાદિનો અનુત્પાદક હોવા સાથે સંયમોપકારક હોવાથી ગુણરૂપ છે તેથી અલ્પમાત્રા રૂપે જ તેનું વિધાન છે.

**[વિધાન પણ આહારનું નહિ, અલ્પત્વનું જ છે.]**

વળી, એ વિધાન ન હોત તો પણ સંયમાદિ પરના રાગના કારણે સંયમનો નાશ ન થઈ જાય એવી ગણતરીથી સાધુઓ આહાર તો કરવાના જ હતા. અર્થાત્ આહાર

१. स्तोकाहारः स्तोकभणितश्च यो भवति स्तोकनिद्रश्च । स्तोकोपध्युपकरणस्तस्य खलु देवा अपि प्रणमन्ति ॥

[1]अच्चाहारं ण सहे अइणिद्धेण विसया उइज्जंति ।
जायामायाहारो तंपि पकामं ण इच्छामि ॥

तथा च क्षीणमोहनिद्राऽब्रह्मणां तद्वार्तैव का ? संयमोपकारकतया निद्राद्यजनकतया च स्तोकाहार एव गुण इति स्तोकत्वेनैव तस्य विधिः, आहारस्य रागप्राप्तत्वेन स्तोकत्वांश एव तस्य विधिव्यापारविश्रामात्, 'अदग्धदहनन्यायेन' हि यावदप्राप्तं तावदेव विधेयं, अत एव 'लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्ति' इत्यत्र ऋत्विक्प्रचरणस्य प्रत्यक्षसिद्धत्वेन लोहितोष्णीषत्वमात्रं विधेयं, 'दध्ना जुहोति' इत्यादौ च दध्नः प्रत्यक्षसिद्धत्वे करणत्वमात्रं विधेयं, लक्ष्यलक्षणयोश्चान्यतरसिद्ध्यसिद्ध्यनुरोधेनोभयत्रैवोद्देश्यविधेयभावव्यवस्थाऽऽकरे प्रपञ्चिता ।

एवं च तस्य विहितत्वं भूयो ग्रहणेऽप्रयोजकं, स्तोकतया विधानमपि न प्रमादत्वप्रयोजकं, भणितस्यापि स्तोकस्यैव विधानेन प्रमादत्वाप्रसङ्गात्, प्रमादानुबन्धितां तु तस्य न

---

તો એ વિધાન વિના પણ રાગપ્રાપ્ત જ છે. તેથી 'અલ્પ આહાર લેવો' એવું વિધાન અલ્પત્વાંશમાં જ પર્યવસિત થાય છે એટલે કે અલ્પતાનું જ વિધાન કરે છે નહિ કે આહારનું. કારણ કે જેમ અગ્નિ નહિ બળેલા ઈન્ધનાદિ ને જ બાળે છે, બળેલા ઇન્ધનાદિને નહિ. તેમ કોઇપણ વિધાનવાક્યથી જેટલું અન્યતઃ પ્રાપ્ત ન હોય તેટલાનું જ વિધાન હોય છે, પ્રાપ્તનું નહિ. તેથી જ 'लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्ति' વાક્યથી યાજ્ઞિકોનું સંચરણ તો પ્રત્યક્ષથી જ જ્ઞાત હોવાથી લોહિતોષ્ણીષત્વમાત્રનું (સંચરણ કરતી વખતે રાખવાની શિખા વિશેષનું) જ વિધાન છે. એમ 'दध्ना तु जुहोति' ઈત્યાદિમાં દહીં તો પ્રત્યક્ષથી જ દેખાતું હોવાથી તેમાં રહેલ હોમની કરણતાનું જ વિધાન છે. આ જ રીતે 'स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्' એ લક્ષણસૂત્રની **સ્યાદ્વાદરત્નાકર** નામની ટીકામાં વિવેચન કરતા કહ્યું છે કે તે તે શ્રોતાને લક્ષ્યલક્ષણમાંથી જે જે સિદ્ધ હોય તેને ઉદ્દેશ્ય તરીકે લઈ ઇતરઅંશનું આ સૂત્રથી વિધાન છે અને જે શ્રોતાને બન્ને અસિદ્ધ હોય તેને આશ્રીને તો ઉભયનું વિધાન છે.

આમ જેટલું અન્યતઃ અપ્રાપ્ત હોય તેટલાનું જ વિધાન હોવાથી પ્રસ્તુતમાં પણ સ્તોકત્વનું જ વિધાન છે જે અતિમાત્રામાં આહારના ગ્રહણને સૂચવતું નથી. અલ્પતયા આહારના વિધાનથી પણ તેમાં પ્રમાદપણું આવતું નથી કારણ કે અલ્પનું જ વિધાન હોવાથી એમાં પ્રમાદપણું આવવાનો પ્રસંગ નથી. તેમ છતાં આહારમાં પ્રમાદાનુબંધિતા =પ્રમાદ લાવવાની યોગ્યતા જ નથી એવું કંઈ અમે કહેતાં નથી કારણ કે જગત્‌ની કોઇપણ વસ્તુ પ્રમાદની હેતુભૂત બની શકે છે.

**પૂર્વપક્ષ** :–છતાં જેનો અપકર્ષ ગુણરૂપ હોય તેનો ઉત્કર્ષ દોષરૂપ હોય છે જેમ કે કષાયની ઉત્તરોત્તર મંદતા ગુણરૂપ છે તો કષાયની તીવ્રતા દોષરૂપ કહેવાય છે. એ જ રીતે જો આહારની અલ્પતા ગુણરૂપ છે તો એના ઉત્કર્ષને દોષરૂપ માનવો જ જોઇએ.

---

૧. अत्याहारं न सहेऽतिनिद्रया विषया उदीर्यन्ते । यात्रामात्राहारस्तदपि प्रकामं नेच्छामि ॥

वारयामः, प्रमादहेतूनां जगदालम्बनत्वात् । 'यदपकर्षो गुणस्तदुत्कर्षो दोषः' इत्यपि नात्रानुकूलं, आहारोत्कर्षापकर्षयोः स्वतो दोषगुणभावाभावात्, तत्तत्परिणामजननद्वारैव तयोस्तथात्वाच्च । अत एव स्निग्धाहारादिग्रहणेऽपि स्थूलभद्रादीनां न दोषो, न वा स्वल्पाहारग्रहणेऽपि बाह्यतपस्विनां पारमार्थिको गुण इति । तस्मादभिष्वङ्गानभिष्वङ्गाभ्यां प्रमादोऽप्रमादो वाऽऽहारः न तु प्रमाद एवेति निश्चयो ग्राह्यः ॥१०८॥

अथापवादिकत्वादाहारः प्रमाद इति पराचिकीर्षुराह—

**आहारो ण पमाओ भण्णइ अववाइओत्ति काऊणं ।**
**अववाया वोलीणा वीयभयाणं जिणाण जओ ॥१०९॥**

(आहारो न प्रमादो भण्यते आपवादिक इति कृत्वा । आपवादा विलीना वीतभयानां जिनानां यतः ॥१०९॥)

---

### [ આહારના અપકર્ષાદિ સ્વતઃ ગુણાદિરૂપ નથી ]

**ઉત્તરપક્ષ** :–એ વાત પણ બરાબર નથી કારણ કે આહારનો અપકર્ષ કે ઉત્કર્ષ સ્વતઃ ગુણરૂપ કે દોષરૂપ નથી કિન્તુ સંયમાદિ કે નિદ્રાદિ પરિણામ ઉત્પન્ન કરવા દ્વારા જ ગુણ કે દોષરૂપ છે. તેથી જ શ્રી **સ્થૂલભદ્રાદિ**એ સ્નિગ્ધ આહારાદિનું ગ્રહણ કર્યું હોવા છતાં તેઓને તે ગ્રહણ વિકારાદિ દોષોત્પાદક બન્યું ન હોવાથી દોષરૂપ નહોતું. તેમજ મિથ્યાત્વી એવા બાહ્યતપસ્વીઓનું સ્વલ્પ આહાર ગ્રહણ પણ સંયમાદિ ગુણોત્પાદક બનતું નથી. તેથી આહાર અભિષ્વંગ કે અનભિષ્વંગ રૂપ પરિણામ ઉત્પન્ન કરવા દ્વારા જ પ્રમાદ-અપ્રમાદ રૂપ છે, એકાંતે પ્રમાદરૂપ જ છે એવું નથી ॥૧૦૮॥

'આહાર અપવાદ પદે વિહિત હોવાથી પ્રમાદરૂપ છે' એવી શંકાનું નિરાકરણ કરવાની ઇચ્છાથી ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :–'આપવાદિક હોવાથી આહાર પ્રમાદરૂપ છે એવું પણ કહી શકાતું નથી કારણ કે કેવળીઓને કોઇ ભય જ રહ્યો ન હોવાથી અપવાદ પણ રહ્યા હોતા નથી.

ઉત્સર્ગ માર્ગનું પાલન કરવામાં અસમર્થ જીવ 'મારાથી અનાચાર થઈ જશે તો !' એવા ભયના કારણે, એ અનાચારમાંથી બચવા મૃદુમાર્ગપાલનરૂપ અપવાદને આચરે છે આવો અપવાદ કેવળીઓને સંભવતો નથી કારણ કે તેઓને ભયમોહનીયનો ઉદય તો શું, સત્તા પણ ન હોવાના કારણે ભય જ હોતો નથી.

**પૂર્વપક્ષ** :–તમે કહ્યો તેવો મૃદુમાર્ગપાલનરૂપ અપવાદ કેવળીઓને ન હોવા છતાં કારણે થનારા મૃદુમાર્ગપાલનરૂપ અપવાદ તો હોય જ છે ને !

**ઉત્તરપક્ષ** :–તેવો અપવાદ પ્રમાણરૂપ જ હોય એવી વ્યાપ્તિ ન હોવાથી પ્રમત્તભાવ વિના પણ આહારગ્રહણ સંભવિત હોવાના કારણે કેવળીઓને તેનું ગ્રહણ બાધિત નથી.

न खलूत्सर्गमार्गपालनाऽक्षमस्यानाचाराद्बिभ्यतो मृदुमार्गपालनरूपोऽपवादः केवलिनां संभवति, भयमोहनीयसत्ताया अप्यभावात् । न च कारणिकत्वलक्षणमापवादिकत्वं प्रमादित्वव्याप्तमस्ति । स्यादेतद्वैयावृत्त्यवेदनादीनां कारणानां प्रवर्त्ततां निवर्त्ततामित्याद्याकारकेच्छाविषयतयैवाहारप्रवृत्तिहेतुत्वात् कथं न कारणिकाहारग्रहणे केवलिनां सरागत्वप्रसङ्गः ? न च क्षुद्वेदनायाः स्वरूपत एव तत्र हेतुत्वान्नोक्तदोष इति वाच्यम्, दुःखनिवृत्त्युपायप्रवृत्तौ दुःखस्य स्वतोऽनुपयोगित्वात् विद्यमानस्येवाविद्यमानस्यापि दुःखस्य निवृत्त्यर्थितयैव प्रवृत्तेश्च । मैवम्, दुःखनिवृत्त्यर्थिप्रवृत्तौ दुःखनिवृत्तीच्छाया हेतुत्वेऽपि विद्यमानदुःखनाशोपाये वीतरागप्रवृत्तौ विद्यमानदुःखस्य विनैवेच्छामनौचित्यवर्जकत्वेनोपयोगात् । वस्तुतः सर्वत्र क्षुदेवाहारप्रवृत्तिहेतुर्बुभुक्षा तु क्वाचित्की, सत्यामपि तस्यां मन्दाग्नेर्विना क्षुधं तदभावात् । एतेन 'बुभुक्षैव तद्धेतुः, न तु क्षुत्, मानाभावात्' इति परास्तम् ॥१०९॥

## [આહાર કારણોમાં પણ ઇચ્છા દ્વારા જ આહાર પ્રવૃત્તિ જનકતા–પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ :–** વૈયાવૃત્યાદિ કારણોએ આહાર લેવાનું વિધાન છે. એ કારણો ઉપસ્થિત થવા માત્રથી આહારમાં પ્રવૃત્તિ કરાવતા નથી પણ 'મારાથી વૈયાવચ્ચ થાઓ' અથવા 'મારી ક્ષુદ્‌વેદના દૂર થાઓ' એવી ઇચ્છા કરાવવા દ્વારા પ્રવૃત્તિ કરાવે છે. તેથી તેવું તેવું કારણ ઉપસ્થિત હોય ત્યારેય આહાર ગ્રહણ કરવામાં કેવળીઓને સરાગી બનવાની આપત્તિ આવશે. 'ભૂખની વેદના સ્વરૂપથી આહારગ્રહણપ્રવૃત્તિમાં હેતુભૂત છે, પણ એવી ઇચ્છા દ્વારા નહિ' એવું પણ કહેવું નકામું છે કારણ કે દુઃખની નિવૃત્તિના ઉપાયમાં પ્રવૃત્તિ થવામાં દુઃખ સ્વતઃ અનુપયોગી છે અર્થાત્ દુઃખ પોતે કોઇ ભાગ ભજવતું નથી. કારણ કે અવિદ્યમાન એવા ભવિષ્યકાલીન દુઃખની નિવૃત્તિની ઇચ્છાથી પણ પ્રવૃત્તિ થાય જ છે. ભવિષ્યમાં વૃદ્ધાવસ્થાદિના દુઃખો ન આવી પડે એવી ઇચ્છાથી તે માટે કલ્પેલા ઉપાયભૂત ધનસંગ્રહમાં લોકો પ્રવૃત્તિ કરે જ છે. તેથી દુઃખ સ્વતઃ પ્રવૃત્તિ કરાવતું નથી પણ દુઃખ નિવૃત્તિની ઇચ્છા જ નિવૃત્તિના ઉપાયોમાં પ્રવૃત્તિ કરાવે છે.

## [દુઃખનાશની કેવળીની પ્રવૃત્તિમાં દુઃખ જ હેતુ, ઇચ્છા નહિ–ઉત્તરપક્ષ]

**ઉત્તરપક્ષ :–** દુઃખને દૂર કરવાના અર્થીઓની પ્રવૃત્તિમાં દુઃખ દૂર કરવાની ઇચ્છા હેતુભૂત હોવા છતાં વિદ્યમાન દુઃખના નાશના ઉપાયમાં વીતરાગ જે પ્રવૃત્તિ કરે છે તેમાં તો ઇચ્છા વિના પણ વિદ્યમાન દુઃખ જ હેતુભૂત બને છે. કેવળીઓ સહજ રીતે જ કોઈ અનુચિત પ્રવૃત્તિ કરતા નથી. અર્થાત્ અનૌચિત્યનું વર્જન એ તેઓના સ્વભાવભૂત હોય છે. દુઃખની હાજરીમાં શારીરિક અશક્તિ આદિના કારણે લથડિયાં ખાવા વગેરે રૂપ અનૌચિત્ય સંભવિત હોવાથી અનૌચિત્ય વર્જવાના સ્વભાવવાળા કેવળીઓ, તેનો અવકાશ જ ન રહે એ રીતે દુઃખ હોવા માત્રથી જ

अथ 'पात्राभावात् केवलिनामाहारो न भवति' इत्याशङ्कां परिहर्तुमाह—

पत्तं ममत्तहेऊ जुत्तं वोत्तुं पुणो ण देहुव्व ।
इहरा णिम्ममभावो जिणाण कह पाणिपत्ताणं ॥११०॥

(पात्रं ममत्वहेतुर्युक्तं वक्तुं पुनर्न देह इव । इतरथा निर्ममभावो जिनानां कथं पाणिपात्राणाम् ? ॥११०॥)

भगवतां हि निर्मोहित्वेन ममकाराभावात् कवलाहारोपहारहेतुपात्रधारणमनौचित्यवर्जितया दुरवधीरणम् । न च स्वरूपत एव पात्रस्य ममत्वहेतुत्वमस्ति, पाणिपात्राणामर्हतां केवलज्ञानानुत्पत्तिप्रसङ्गात् । 'बाह्यपात्रत्वेनैव तथात्वमिति चेत् ? बाह्यत्वं [1]किमात्मभिन्नत्वं [2]आत्मोपगृहीतान्यत्वं [3]शरीरान्यत्वं वा [4]अशक्यपरिहारभिन्नत्वं वा ? नाद्यः, पाणिपात्र-

(ઈચ્છા ન હોવા છતાં) દુઃખનિવૃત્તિના ઉપાયોમાં પ્રવૃત્તિ કરે છે. તેથી તેઓની પ્રવૃત્તિમાં ઈચ્છારહિત માત્ર દુઃખ જ હેતુભૂત બને છે. બાકી આહારગ્રહણાદિની પ્રવૃત્તિમાં પરમાર્થથી તો ક્ષુધાનું દુઃખ જ હેતુભૂત છે, ખાવાની ઇચ્છા વગેરે તો ક્યારેકજ હેતુ બને છે, કારણ કે મંદાગ્નિવાળા પુરુષોને ખાવાની ઘણી ઇચ્છા હોવા છતાં ભૂખ ન લાગતી હોવાથી આહારગ્રહણાદિ પ્રવૃત્તિ હોતી નથી. તેથી જ 'બુભુક્ષા જ આહારગ્રહણ પ્રત્યે હેતુ છે, ક્ષુધા નહિ કારણ કે ક્ષુધાને હેતુ માનવામાં કોઈ પ્રમાણ નથી' એવી શંકા પણ પરાસ્ત જાણવી. ॥૧૦૯॥

કેવળીઓને પાત્ર ન હોવાથી આહારાદિ હોતા નથી' એવી શંકાને દૂર કરવા ગ્રન્થકાર કહે છે—

### [ પાત્રાદિ ઉપકરણોનું ધારણ નિર્દોષ ]

**ગાથાર્થ** :– 'પાત્ર મમત્વ કરાવનાર હોવાથી કેવળીઓને હોતા નથી' એમ કહેવું યુક્ત નથી કારણ કે સામાન્ય માણસને મૂર્છાના હેતુભૂત બનતું એવું પણ શરીર કેવળીઓને હાજર હોવા છતાં જેમ મમત્વ કરાવતું નથી તેમ પાત્ર પણ મમત્વ કરાવતું નથી. અર્થાત્ દેહાદિની જેમ પાત્ર પણ સ્વરૂપતઃ મૂર્છાહેતુ નથી કે જેથી તે હાજરી માત્રથી મૂર્છા કરાવી દે. નહિતર શ્રી જિનેશ્વરદેવોને છદ્મસ્થપણામાં તો તમે પણ પાણિપાત્ર (=હાથ છે પાત્ર જેનું, તેવા) માન્યા હોવાથી તેઓમાં ક્યારે ય નિર્મમભાવ આવી શકશે નહિ.

### [ અનૌચિત્યવર્જક કેવળીઓ પાત્ર ધારે પણ ખરા ]

જેઓને અચ્છિદ્રપાણિ વગેરે લબ્ધિ નથી તેવા સામાન્ય કેવળીઓ કવલાહારમાં સહાયક એવા પાત્રાદિને ધારણ ન કરે તો આહારાદિ હાથમાંથી નીચે પડવા–શરીર ખરડાવું વગેરે રૂપ અનૌચિત્ય થાય. કેવળીઓ તો અનૌચિત્યવર્જક હોવાથી તથા નિર્મોહ હોવાથી તેઓને મમકાર થઈ જવા રૂપ અનૌચિત્યનો તો સંભવ જ ન હોઈ પાત્રધારણ માનવું જ પડે. બાકી પાત્રધારણ કંઈ સ્વરૂપથી જ મમત્વહેતુભૂત નથી કે

स्यापि तथात्वात् । न द्वितीयः, बाह्यत्वेनाभिमतस्याप्यतथात्वात् । न तृतीयः, शरीरस्यापि ममताहेतुत्वेन व्यभिचारेण शरीरान्यत्वेन ममताहेतुत्वाभावात् 'इदं मदीयं' इति धीद्वारा जगत एव तद्धेतुत्वात् । पात्रविषयकमदीयत्वधीद्वारापि पाण्यपाणिसाधारणपात्रत्वेनैव तथात्वात् । नापि चतुर्थः, शरीरस्येव पात्रस्याप्यशक्यपरिहारत्वात् । 'शरीरं नामकर्मस्थितेर्दीर्घतयाऽशक्यपरिहारमि'ति चेत् ? तदिदमपि वेदनीयकर्मस्थितेर्दीर्घतया तथा ।

---

જેથી-'એ અવશ્ય મમતા કરાવનારું હોવાથી નિર્મોહ એવા કેવળીઓને માની શકાતું નથી'-એવું કહી શકાય, કારણ કે એમ હોવામાં તો કરપાત્રી એવા છદ્મસ્થ અરિહંતોને પણ સદાય મમત્વ હાજર જ રહેવાથી ક્યારે ય કેવલજ્ઞાન ઉત્પન્ન જ નહિ થવાની આપત્તિ આવે.

**પૂર્વપક્ષ** :- બાહ્યપાત્ર જ સ્વરૂપથી મૂર્ચ્છાહેતુ છે, આંતરિકપાત્રરૂપ કરપાત્ર નહિ, તેથી એની હાજરીમાં પણ શ્રી જિનેશ્વરોને મોહાભાવ દ્વારા કેવલજ્ઞાન સંભવિત જ છે.

## [ કાષ્ઠપાત્રાદિની સામે કરપાત્રની પ્રતિબંદી ]

**ઉત્તરપક્ષ** :-પાત્રમાં 'બાહ્યત્વ' એ વળી કયો ધર્મ છે કે જેના કારણે તે સ્વરૂપથી જ મૂર્ચ્છાહેતુ બને? શું [1]આત્મભિન્નત્વ, [2]આત્મોપગૃહીતાન્યત્વ, [3]શરીરાન્યત્વ કે [4]અશક્યપરિહારભિન્નત્વ? આમાંથી પહેલું આત્મભિન્નત્વ તો મનાય નહિ કારણ કે એવું બાહ્યત્વ તો આત્માથી ભિન્ન કરપાત્રમાં પણ હાજર હોવાથી કરપાત્ર પણ મૂર્ચ્છા દ્વારા કેવલોત્પત્તિપ્રતિબંધક બની જવાની આપત્તિ ઊભી જ રહે.

આત્મા પર અનુગ્રહકરનારથી ભિન્ન હોવાપણું એ જ બાહ્યત્વ છે એવો બીજો વિકલ્પ પણ માની શકાતો નથી કારણ કે પાત્રાદિ આત્માને ઉપકારક હોવાથી એવું બાહ્યત્વ તો 'બાહ્ય' તરીકે તમને અભિમત એવા કાષ્ઠપાત્રાદિમાં પણ નથી, તેથી કેવળીઓને તે હોવામાં કોઇ બાધક રહેશે નહિ. ત્રીજો વિકલ્પ પણ માની શકાતો નથી કારણ કે શરીરમાં શરીરાન્યત્વરૂપ બાહ્યત્વ ન હોવા છતાં મૂર્ચ્છાહેતુત્વ હોવાથી, જે વસ્તુઓ મૂર્ચ્છાહેતુ બનતી હોય તે પોતામાં રહેલ શરીરાન્યત્વધર્મના કારણે મમતાહેતુ બને છે, એવું માની શકાતું નથી. કિન્તુ 'આ મારું છે' એવી બુદ્ધિ કરાવવા દ્વારા જ તે તે વસ્તુ મૂર્ચ્છાપરિણામ ઊભો કરે છે. એવું માનવું ઉચિત છે. આખું જગત આવી બુદ્ધિનો વિષય બની શકતું હોવાથી પાત્રવિષયક મદીયત્વ બુદ્ધિ દ્વારા પાત્ર પણ મૂર્ચ્છાહેતુ બની જ શકે છે. છતાં એ રીતે તો કાષ્ઠપાત્ર અને કરપાત્ર બન્ને મૂર્ચ્છાહેતુ બની શકતા હોવાથી તમારું અભીપ્સિત તો સિદ્ધ થતું જ નથી. ચોથું અશક્યપરિહારભિન્નત્વ રૂપ બાહ્યત્વ માનવાનો ચોથો વિકલ્પ પણ તમને અનુકૂલ નથી કારણ કે શરીરની જેમ પાત્ર પણ અશક્ય પરિહારવાળું છે. (આ અશક્ય પરિહારની ચર્ચા પૂર્વે કરી ગયા છીએ.)

यत्तु '[1]खीणम्मि अंतराए णो से अ असक्कपरिहारो' त्ति केनचिदुक्तं तद्बहुविचारणीयम्, अन्तरायक्षयेण शक्त्या सर्वविषयकवीर्योत्पत्तावपि तस्य व्यक्त्या सर्वविषयकत्वाभावात्, परिहारहेतोर्वीर्यस्य सत्त्वेऽपि हेत्वन्तराभावादपरिहारसंभवात्, योगादिहेतुसाम्राज्याद्वीर्यप्रयोगे सति विघ्नाभावस्यैवान्तरायक्षयप्रयोजनत्वात्, तथा च क्षमाश्रमणाः (?)—

[2]दिंतस्स लभंतस्स व भुंजंतस्स व जिणस्स एसगुणो। खीणंतराइअत्ते जं से विग्घं ण संहवइ॥

त्ति। [धर्मसंग्रहणी–१३४४] तस्मादनन्तवीर्यस्यापि भगवतः शरीरबलापचयोपदेशाद्भवेदेवाशक्यपरीहारः, अन्यथा शक्यपरिहारप्राप्तं वस्त्रादिकमपि परिहृत्य दिगम्बरा एव केवलिनो भवेयुः, इत्यहो सितांम्बराभकस्य वचनचातुरी! 'पात्रादिसत्त्वे केवलिनां तत्प्रतिलेखनादिप्रसङ्गः'

---

**પૂર્વપક્ષ** :– દીર્ઘ એવી નામકર્મ સ્થિતિને ખપાવવા શરીર આવશ્યક હોવાથી એ તો અશક્યપરિહારવાળું છે પણ પાત્ર કંઈ એવું નથી કે જેથી એ બાહ્ય ન બને.

**ઉત્તરપક્ષ** :– નામકર્મની જેમ વેદનીયકર્મ દીર્ઘસ્થિતિક હોવાથી તે ખપાવવા માટે પાત્ર પણ અશક્ય પરિહારવાળું જ હોવાના કારણે બાહ્ય નથી જ.

### [અશક્ય પરિહાર કેવળીને પણ સંભવિત]

વળી 'અંતરાયકર્મ ક્ષીણ થયું હોવાના કારણે કેવળીને કોઈ વસ્તુ અશક્ય પરિહારાત્મક હોતી નથી' એવું કોઈએ (ઉપા૦ ધર્મસાગરે) જે કહ્યું છે તે પણ બહુવિચારણીય છે કારણ કે અંતરાયનો ક્ષય થવાથી તો સર્વવિષયક વીર્ય યદ્યપિ શક્તિ રૂપે ઉત્પન્ન થાય છે, પણ પ્રવૃત્તિરૂપે નહિ; કારણ કે પ્રકટ થએલ એ શક્તિઓને પણ વ્યક્ત=પ્રવૃત્ત થવા કરણાદિ સહકારીઓની જરૂર પડે જ છે; તેથી જેના સહકારીઓ પ્રાપ્ત થાય છે તે શક્તિઓને જ કેવળી પ્રવર્ત્તાવી શકે છે, સર્વશક્તિઓને નહિ. તેથી પાત્રાદિનો પરિહાર કરવામાં હેતુભૂત વીર્ય હાજર હોવા છતાં હેત્વન્તર ન હોવાના કારણે પરિહાર થઈ શકતો નથી અને પાત્રાદિ કેવળીઓને પણ અશક્ય પરિહારરૂપ બને છે.

### [અંતરાયક્ષયથી વિઘ્નાભાવ થાય, કાર્ય નહિ]

શેષ સઘળી સામગ્રીઓની હાજરીમાં કર્ત્તા પ્રયત્ન કરતો હોવા છતાં વિઘ્ન ઊભું કરી કાર્ય ન થવા દેવું એ અંતરાયકર્મનું કાર્ય છે, એ જ રીતે શેષ યોગાદિ સઘળી સામગ્રીની હાજરીમાં વીર્યપ્રયોગ (પ્રયત્ન) થએ છતે કોઈ વિઘ્ન આવવા ન દેવું એ જ અંતરાયક્ષયનું કાર્ય છે. શ્રી (જિનભદ્રગણિ) ક્ષમાશ્રમણજીએ પણ કહ્યું છે કે 'અંતરાયકર્મ ક્ષીણ થયું હોવાનો કેવળીને એ લાભ થયો હોય છે કે કોઈ પણ ચીજને

---

१. सर्वज्ञशतक–२६ अस्य पूर्वार्धः– खीणम्मि मोहणिज्जे णावज्जं हुज्ज सव्वहा सव्वं ।
क्षीणे मोहनीये नावद्यं भवेत् सर्वथा सर्वम् । क्षीणेऽन्तराये न तस्य चाशक्यपरिहारः ॥

२. ददतो लभमानस्य वा भुञ्जानस्य वा जिनस्यैष गुणः । क्षीणान्तरायत्वे यत् तस्य विघ्नो न संभवति ॥

इति चेत् ? न, संसक्तकाल इष्टत्वात्,

"[1]सव्वत्थवि(?पाणेहि) संसत्ता पडिलेहा होइ केवलीणं तु ।

संसत्तमसंसत्ता छउमत्थाणं तु पडिलेहा' [ओघनि० २५७] इति विभज्योपदेशात् ॥११०॥

अथाहारेण भगवतां ध्यानतपोव्याघात इत्याशङ्कापङ्कं परिमार्ष्टि—

**झाणतवोवाघाओ आहारेणंति ते मई मिच्छा ।**

**झाणं सेलेसीए तवो अ ण विसिस्सते सिंति ॥१११॥**

(ध्यानतपोव्याघातः आहारेणेति ते मतिर्मिथ्या । ध्यानं शैलेश्यां तपश्च न विशिष्यते एषामिति ॥१११॥)

દેતાં, મેળવતાં કે ભોગવતાં તેઓને કોઇ વિઘ્ન સંભવતું નથી.' તેથી અંતરાયક્ષય થવાથી તો માત્ર વિઘ્નાભાવ થાય છે, કાર્ય કંઇ થઇ જતું નથી કે જેથી તેના સાધનોનો કેવળી પરિહાર કરી શકે!

**[ કેવળીને પણ કવલાહાર અને પાત્રાદિ અશક્ય પરિહાર રૂપ ]**

અનંતવીર્યવાળા કેવળી ભગવાન્‌ને પણ શારીરિક બળનો અપચય કહ્યો હોવાથી એ ન થાય એ માટે કવલાહાર અને પાત્રાદિ અશક્યપરિહારરૂપ જ છે. બાકી અનંતવીર્ય પ્રકટ થયું હોવા માત્રથી કોઈ વસ્તુ અશક્યપરિહારરૂપ ન રહેતી હોય તો તો વસ્ત્રાદિનો પણ પરિહાર શક્ય હોવાથી બધા કેવળીઓએ દિગંબર જ થઈ જવું પડે. એટલે શ્વેતાંબરસિદ્ધાન્તનું રહસ્ય જાણ્યા વિના જ 'કેવળીને કશું અશક્યપરિહાર જેવું હોય જ નહિ' એમ કહેનારા એ શ્વેતાંબર બચ્ચાની વચન ચાતુરી કહેવી પડે. એના તે કેટલા વખાણ કરીએ ?! સારાંશ, અશક્યપરિહારભિન્નત્વાત્મક બાહ્યત્વ પાત્રાદિમાં ન હોવાથી પાત્રા વગેરે મમતાહેતુ બનતાં નથી.

શંકા:—છતાં પાત્રાદિ રાખવામાં કેવળીને તેના પડિલેહણાદિ કરવાની આપત્તિ આવશે.

**સમાધાન :**— એ અમને ઇષ્ટાપત્તિ જ છે, કારણ કે જ્યારે પાત્રાદિ જીવ સંસક્ત હોય ત્યારે કેવલિ પણ તેનું પ્રતિલેખન કરે છે એમ શાસ્ત્રમાં કહ્યું જ છે—'કેવળીઓને સર્વત્ર (?જીવોથી) સંસક્ત હોય ત્યારે પ્રતિલેખન કરવાનું હોય છે જ્યારે છદ્મસ્થને સંસક્ત હોય કે ન હોય તો પણ પડિલેહણ કરવાનું છે.' તે આવા વિભાગપૂર્વકના ઉપદેશથી સિદ્ધ જ છે. ॥૧૧૦॥

'આહાર કરવામાં ભગવાન્‌ના ધ્યાન અને તપનો વ્યાઘાત થશે' એવી શંકાના કાદવને સાફ કરતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :**— 'આહારથી ધ્યાન અને તપનો વ્યાઘાત થશે' એવો તમારો વિકલ્પ વ્યર્થ છે કારણ કે કેવળીઓને ધ્યાન માત્ર શૈલેશી અવસ્થામાં જ હોય છે અને ત્યારે તો અમે પણ આહાર માનતા નથી. વળી મોહક્ષયાદિરૂપ મુખ્ય કાર્ય તેઓને થઈ ગયું હોવાથી વિશેષ તપ પણ કરવાનો હોતો નથી કે જેમાં આહારથી વ્યાઘાત

૨. सर्वत्रापि (?प्राणैः) संसक्ता प्रतिलेखना भवति केवलिनां तु । संसक्तमसंसक्ता छद्मस्थानां तु प्रतिलेखना ॥

केवलिनो हि शैलेश्यवस्थायामेव ध्यानमारभन्ते, तत्र च कवलाहारानभ्युपगमान्न तेन तत्प्रतिबन्धः। यदि च स्वभावसमवस्थानमेवात्मनो ध्यानमिष्यते शश्वदेव तथापि न तेन तत्प्रतिबन्धः, बहिष्क्रियाया अन्तर्भावाऽप्रतिबन्धकत्वात्, योगनिश्चलतारूपध्यान एव योगचञ्चलताऽऽधायक बहिष्क्रियायाः प्रतिबन्धकत्वात्। उक्तं च रत्नाकरावतारिकायां–"न द्वितीयः, केवलिनः शैलेशीकरणप्रारंभात् प्राक् ध्यानानभ्युपगमात्, तत्र कवलाहाराऽस्वीकारात्, तद्धयानस्य शाश्वतत्वात्, अन्यथा गच्छतोऽपि कथं नैतद्विघ्नः स्यात् ?" इति मदुक्तव्याख्यापद्धत्यैव सुघटमेतत्। तपोऽपि च न तेषां विशेषतः संभवति, तादृश निर्जरणीयकर्माभावात्। 'अणुत्तरे तवे०' इति सूत्रं तु शैलेश्यवस्थाभाविध्यानरूपस्याभ्यन्तरतपसः पारम्यमावेदयति, तथैव स्थानाङ्गवृत्तौ व्याख्यानात्।

यदपि शरीरव्युच्छित्तये पार्यन्तिकसंलेखनादिकं तपस्तदपि कादाचित्कमिति न तेन तत्प्रतिबन्धः। न च तपो(?तो)ऽकालेऽपि क्षुदादिकारणे कुतः केवलिनो न भुञ्जत इति

---

થવાનો પ્રસંગ ઊભો થાય.

કેવળી ભગવંતો શૈલેશી અવસ્થામાં જ ધ્યાન ધરે છે જ્યાં કવલાહાર માન્યો ન હોવાથી તેના વડે ધ્યાનનો પ્રતિબંધ થવાનો સંભવ નથી. આત્માના સ્વભાવસમવસ્થાનને જ જો શાશ્વતધ્યાન તરીકે માનતા હો, તો પણ તે ધ્યાનનો આહારથી પ્રતિબંધ થવાનો પ્રસંગ આવવાનો નથી કારણ કે બાહ્યક્રિયા આંતરિકભાવની પ્રતિબંધક બનતી નથી. એ તો યોગચંચળતાનું આધાન કરવા દ્વારા યોગનિશ્ચળતારૂપ ધ્યાનમાં જ પ્રતિબંધક બને છે. રત્નાકરાવતારિકામાં પણ કહ્યું છે કે 'બીજો વિકલ્પ (ધ્યાન-વ્યાઘાત) પણ યુક્ત નથી કારણ કે કેવળીઓને શૈલેશીકરણ પૂર્વે ધ્યાન માન્યું નથી, અને શૈલેશીકરણમાં તો અમે પણ કવલાહાર માન્યો નથી. સ્વભાવસમવસ્થાનરૂપ ધ્યાન તો શાશ્વત હોવાથી જ આહારાદિ તેના પ્રતિબંધક બનતા નથી. નહિતર તો ચાલવા વગેરેની ક્રિયાથી પણ તે ધ્યાનમાં વિઘ્ન શા માટે ઊભું ન થાય?–તેથી યોગનિશ્ચળતારૂપ ધ્યાનમાં જ બાહ્ય ક્રિયા વિઘ્નરૂપ છે પણ સ્વભાવસમવસ્થાનરૂપ ધ્યાનમાં તે વિઘ્નરૂપ નથી. આ રીતે અમે કરેલી વ્યાખ્યા મુજબ આહારાદિ સુઘટ=સંગત જાણવા. વળી તપથી જેની નિર્જરા કરવી પડે એવા વિશેષ કર્મો પણ કેવળીઓને રહ્યા ન હોવાથી વિશેષ તપ પણ તેઓને હોતો નથી જેનો આહારથી વ્યાઘાત થવાની આપત્તિ ઊભી થાય. 'अणुत्तरे तवे०' એ સૂત્ર તો શૈલેશી અવસ્થામાં પ્રવર્ત્તતા ધ્યાન-રૂપ આભ્યન્તર તપની જ અનુત્તરતા=પરમઉચ્ચતાને જણાવે છે. **શ્રી ઠાણાંગસૂત્રની** વૃત્તિમાં પણ તેવું જ વ્યાખ્યાન કરાયેલું છે.

શરીરનો વિચ્છેદ કરવા માટે ચરમકાળે જે સંલેખનાદિ તપ હોય છે તે તો કાદાચિત્ક હોય છે. એટલા માત્રથી તપ અને આહારનો પ્રતિબંધ=બાધ્ય–બાધકભાવરૂપસંબંધ સિદ્ધ થતો નથી.

वाच्यम्, तदानीं भोजने कर्मबन्धाभावेऽप्युचितप्रवृत्तेरभावात् । न चानौचित्येन प्रवर्त्तन्ते भगवन्तः, न चास्मदादिवद्विशिष्टतपोऽप्युचितमिति तेषां तत्प्रसङ्गः, अस्मदादिसाधारणव्यवहाराऽप्रतिपन्थित्वरूपौचित्यात् केवलिव्यवहाराऽप्रतिपन्थित्वरूपौचित्यस्य भिन्नत्वात् ।

अथ मासादिरूपे तपःकालेऽपि क्षुधादिरूपदुःखोदीरणप्रसङ्ग इति चेत् ? न, प्रतिकूलवेदनादिरूपप्रमादेनैव तदुदीरणात्, अन्यथाऽप्रमत्ता अपि तपस्विनस्तदुदीरयेयुः । तथापि तावत्कालोपहृतदुःखं सोढारो जिनाः सर्वदैव कुतो न तत्सहन्ते, अनन्तवीर्याणां तत्तितिक्षाक्षमत्वादिति चेत् ? न, दीर्घकालमशनपरिहार औदारिकशरीरस्थितिविलयप्रसङ्गेन तीर्थप्रवृत्त्याद्युच्छेदप्रसङ्गात्, सर्वदा दुःखसहनस्य तद्व्यवहारबाह्यत्वात् ॥१११॥ इदमेव व्यनक्ति—

---

**શંકા** :– કેવળીઓને શાતાવેદનીયના સામયિકબંધ સિવાય બીજો કોઈ કર્મબંધ તો હોતો નથી. તેથી તમારા અભિપ્રાય મુજબ જો તેઓ કવલાહાર કરતાં હોય તો પણ એ પ્રવૃત્તિથી સંસારપરિભ્રમણાદિના હેતુભૂત તો કોઈ કર્મબંધ થતો જ નથી તો પછી જ્યારે ભોજન કરવાનો અવસર હોય નહિ ત્યારે પણ ક્ષુધાદિ કારણોની હાજરીમાં કેવળીઓ વારંવાર ભોજન શા માટે કરતાં નથી ?

**[ વારંવાર ભોજન તે ઉચિત પ્રવૃત્તિ ન ગણાય ]**

**સમાધાન** :– ભોજનથી કર્મબંધ થતો ન હોવા છતાં એ વખતે ભોજન ઉચિતપ્રવૃત્તિરૂપ ન હોવાથી કેવળીઓ કરતાં નથી.

**શંકા** :– છતાં તિથિ આદિએ વિશિષ્ટ તપ કરવો પણ ઉચિતપ્રવૃત્તિરૂપ હોવાથી કેવળીએ એ કરવાની આપત્તિ આવશે.

**સમાધાન** :– એ આપત્તિ પણ આવતી નથી કારણ કે તિથિ વગેરેએ તપ કરવો એ છદ્મસ્થસાધારણ વ્યવહાર છે. 'તેવા પ્રકારના વ્યવહારથી વિરુદ્ધ આચરણ ન કરવા'રૂપ આપણા ઔચિત્ય કરતાં 'કેવલીના વ્યવહારને અવિરુદ્ધ આચરણ'રૂપ કેવળીઓનું ઔચિત્ય ભિન્ન હોવાથી વિશિષ્ટ તપ પણ તેઓને ઉચિત પ્રવૃત્તિરૂપ નથી અને તેથી તેઓને તે કરવાની આપત્તિ આવતી નથી.

**પૂર્વપક્ષ** :– છતાં આ રીતે કેવળીઓને કવલાહાર ઉપપન્ન કરવા ક્ષુધાદિ કારણો માનવાના હોય તો માસાદિ તપના કાળમાં એ ક્ષુધાદિથી દુઃખોદીરણા થવાની આપત્તિ આવશે.

**ઉત્તરપક્ષ** :– એવી આપત્તિ આવતી નથી કારણ કે ક્ષુધાદિને પ્રતિકૂળરૂપે વેદવા એ પ્રમાદ છે અને એ પ્રમાદ દ્વારા જ અશાતાની ઉદીરણા થાય છે એ વિના નહિ. નહિતર તો અપ્રમત્ત તપસ્વીઓને પણ અશાતાની ઉદીરણા માનવી પડે. કેવળીઓને તો પ્રમાદ ન હોવાથી દુઃખોદીરણા થતી નથી.

**શંકા** :– છતાં છદ્મસ્થ અવસ્થામાં જેઓએ ઘોર ઉપસર્ગો અને પરીષહો સહન કર્યા છે તેવા શ્રી જિનેશ્વરાદિ હંમેશા શા માટે ક્ષુધાદિ પરીષહ સહન કરતાં નથી ?

ओरालिअदेहस्स य ठिई अ वुड्ढी य णो विणाहारं ।
तेणावि य केवलिणो कवलाहारित्तणं जुत्तं ॥११२॥

(औदारिकदेहस्य च स्थितिश्च वृद्धिश्च नो विनाऽऽहारम् । तेनापि च केवलिनः कवलाहारित्वं युक्तम् ॥११२॥)

औदारिकशरीरस्थितिः खल्वाहारकर्मण इवाऽऽहारपुद्गलानामप्यन्वयव्यतिरेकावनुविधत्त, तथा च कवलाहाराभावे केवलिनां शरीरं कथमुत्कर्षतः पूर्वकोटिकालमवतिष्ठताम् ? एवमौदारिकशरीरवृद्धिरप्याहारपुद्गलैरेव 'पुद्गलैः पुद्गलोपचयः' इति वचनात्, जलसेकासेकाभ्यां लतादीनां वृद्ध्यवृद्धिदर्शनाच्च । एवं च कवलाऽभोजित्वे केवलिनः पूर्वकोट्यायुषो नवमवर्षोत्पन्नकेवलज्ञानस्याऽऽकालं बाललीलाविलासप्रसङ्ग इति महदनुचितमेतत् ॥११२॥

ननु सर्वमिदं भगवतां पूर्वावस्थाऽनतिशयितौदारिकदेहाभ्युपगमे दूषणमापतेत, न तु परमौदारिकाभ्युपगम इति शङ्कते—

---

કારણ કે અનંતવીર્યવાળા તેઓ તે સહન કરવા માટે સમર્થ તો છે જ.

**સમાધાન** :– એ વાત પણ બરાબર નથી કારણ કે એ રીતે ભૂખને સહન જ કરી કરીને લાંબા કાળ સુધી અશનાદિ ન કરે તો ઔદારિક શરીર ટકી ન શકવાથી તીર્થપ્રવૃત્તિ આદિનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે. વળી હંમેશા દુઃખ સહન કર્યા કરવું એવો કેવળીનો વ્યવહાર પણ ન હોવાથી કેવળીઓ કવલાહાર કરે પણ છે. ॥૧૧૧॥

આ જ વાતને વ્યક્ત કરતાં ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ** :– ઔદારિક શરીરની સ્થિતિ અને વૃદ્ધિ આહાર વિના થતી નથી. તેથી એ માટે પણ કેવલીને કવલાહાર હોવો યુક્ત છે.

જેમ ઔદારિક શરીરની સ્થિતિ આહાર પ્રયોજક અશાતાવેદનીયાદિ કર્મના અન્વયવ્યતિરેકને અનુસરે છે તેમ આહાર પુદ્ગલોના અન્વયવ્યતિરેકને પણ અનુસરે જ છે, તો પછી કેવળીઓનું શરીર ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડવર્ષ સુધી કવલાહાર વિના શી રીતે ટકી શકે ? એ જ રીતે ઔદારિક શરીર વૃદ્ધિ પણ આહારપુદ્ગલોથી જ થાય છે કારણ કે 'પુદ્ગલોથી જ પુદ્ગલોપચય થાય' એવું શાસ્ત્રમાં કહ્યું છે. તેમજ જળસિંચનથી લતાની વૃદ્ધિ થાય અને તેના અભાવમાં વૃદ્ધિ ન થાય એ પ્રત્યક્ષ જોવા પણ મળે જ છે. તેથી ઔદારિક શરીરની વૃદ્ધિ માટે પણ કવલાહાર આવશ્યક છે. તેથી કેવળીઓને કવલાહાર ન માનવામાં તો જેઓને નવમા વર્ષે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેવા મહર્ષિઓ પૂર્વકોટિ વર્ષો સુધી નાના બાળક જેવા જ રહી જાય જે અત્યંત અનુચિત છે. ॥ ૧૧૨ ॥

આ બધી આપત્તિઓ 'કેવળીઓને પૂર્વાવસ્થા જેવું જ શરીર હોય છે. છદ્મસ્થાવસ્થા કરતાં કોઈ આનો નવો વિશેષ (અતિશય) તેમાં ઉત્પન્ન થયો હોતો નથી' એવું માનવામાં જ આવે છે, નહિ કે અતિશયયુક્ત પરમૌદારિક દેહ માનવામાં' એવી શંકા કરતાં વાદી કહે છે—

परमोरालिअदेहो केवलिणं नणु हवेज्ज मोहखए ॥
रुहिराइधाउरहिओ तेअमओ अब्भपडलं व ॥११३॥

(परमौदारिकदेहः केवलिनां ननु भवेन्मोहक्षये । रुधिरादिधातुरहितो तेजोमयोऽभ्रपटलमिव ॥११३॥)

कवलाहारो हि धातूपचयाद्याधायकतयौदारिकशरीरस्थितिवृद्ध्योः प्रभवतु, न तु वैक्रियादेरिव रुधिरादिधातुरहितस्य परमौदारिकस्य स्थितौ तदपेक्षाऽस्ति, प्रत्युत मूत्रपुरीषादिमलाधायिनस्तस्य सत्त्वे परमौदारिकमेव न भवेदिति ॥११३॥ अत्रोच्यते—

संघयणणामपगइ केवलिदेहस्स धाउरहिअत्ते ।
पोग्गलविवागिणी कह अतारिसे पोग्गले होउ ॥११४॥

(संहनननामप्रकृतिः केवलिदेहस्य धातुरहितत्वे । पुद्गलविपाकिनी कथमतादृशे पुद्गले भवतु ॥११४॥)

केवलिनां शरीरस्य सप्तधातुरहितत्वे हि अस्थिरहितत्वमप्यावश्यकं, तथा च तेषां वज्रर्षभनाराचसंहननप्रकृतिविपाकोदयः कथं स्यात् ? पुद्गलविपाकिन्यास्तस्या अस्थिपुद्गलेष्वेव विपाकदर्शनात्, ''संहयणमट्ठिणिचउ' त्ति वचनात् । अथास्थिपुद्गलेषु दृढतररचनाविशेष एव तत्प्रकृतिजन्य इति नियमो न तु तेष्वेवेति चेत् ? न, दृढावयवशरीराणां देवाना-

## [ પરમૌદારિક શરીરની માન્યતા અને આપત્તિ ]

**ગાથાર્થ** :– મોહક્ષય થયો હોવાના કારણે કેવળીઓનું શરીર રુધિરાદિ ધાતુરહિત અભ્રપટલ જેવું તેજોમય પરમૌદારિક શરીર થઈ જાય છે, જેની સ્થિતિ–વૃદ્ધિ માટે કવલાહાર આવશ્યક નથી.

કવલાહાર, ધાતુઓની પુષ્ટિ કરવા દ્વારા ઔદારિક શરીરની સ્થિતિ–વૃદ્ધિ ભલે કરતો હોય! પણ વૈક્રિયાદિ શરીરની જેમ રુધિરાદિ ધાતુરહિત એવા પરમૌદારિક દેહની સ્થિતિ (કે વૃદ્ધિ)માં તે હેતુભૂત નથી જ. ઉલ્ટું મૂત્ર–પુરીષાદિ કરાવનાર કવલાહારની હાજરીમાં તો તેઓના દેહનું પરમૌદારિકત્વ જ હણાઈ જતું હોવાથી તેઓને કવલાહાર માની શકાતો નથી. ॥૧૧૩॥

વાદીની આવી શંકાનો જવાબ આપતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– કેવળીઓનો દેહ જો ધાતુરહિત હોય તો તેમાં સંઘયણનામપ્રકૃતિના વિપાકોદયને યોગ્ય પુદ્ગલો ન હોવાથી કેવળીઓને તે પ્રકૃતિ પુદ્ગલવિપાકિની શી રીતે બનશે ?

ઋષભ નારાચસંઘયણ નામકર્મ પ્રકૃતિ પુદ્ગલવિપાકિની છે જેનો અસ્થિના પુદ્ગલોમાં જ વિપાક હોય છે એવું '[1]સંહયણમટ્ઠિણિચઉ (=સંઘયણ એ હાડકાનો બાંધો)એ વચનથી જણાય છે. કેવળીઓનું શરીર સાતધાતુઓથી રહિત હોવામાં

१. संहणयमट्ठिनिचओ तं छद्धा वज्जरिसहनारायं । तह रिसहनारायं नारायं अद्धनारायं ॥प्रथमकर्मग्रन्थः–३८॥
संहननमस्थिनिचयस्तत् षोढा वज्रऋषभनाराचं । तथा ऋषभनाराचं नाराचमर्धनाराचम् ॥

मपि तत्प्रसङ्गात् । 'पूर्वमस्थिपर्यायपरिणतानां परमौदारिकावयवानां न संस्थानत्वव्यभिचार' इति चेत् ? न, कदाचित् तत्पर्यायपरिणतेषु पुद्गलान्तरेष्वपि तत्प्रसङ्गात् ॥११४॥

अपि च मोहक्षयात्तत्कार्यरागद्वेषविलयाद् ज्ञानोत्पत्तिरस्तु, औदारिकशरीरातिशयस्तु नामकर्मातिशयादेवेत्यनुशास्ति—

અસ્થિશૂન્ય પણ અવશ્ય માનવું પડતું હોવાથી કેવળીઓને તે પ્રકૃતિનો વિપાકોદય શી રીતે મનાશે ?

**પૂર્વપક્ષ :**– સંઘયણ નામકર્મનું કાર્ય શરીરપુદ્ગલોમાં દઢતરરચનાવિશેષ કરવાનું છે. સધાતુક શરીરમાં હાડકાં જ દઢતર હોવાથી તે રચનાવિશેષ તેનાથી જ થાય છે જયારે પરમૌદારિક શરીરમાં હાડકાં ન હોવાથી શરીરના બીજા પુદ્ગલોમાં તે થાય છે. છતાં 'સંહયણ'...ઇત્યાદિ જે કહ્યું છે તે પરમૌદારિક શરીરો સધાતુકશરીરની અપેક્ષાએ ઘણી અલ્પસંખ્યાવાળા હોવાથી એને ગૌણ કરીને કહ્યું છે. તેથી 'અસ્થિપુદ્ગલોમાં જ સંઘયણનામકર્મનો વિપાક હોય' એવો નિયમ પરમાર્થથી નથી. પણ તેનો વિપાક શરીરપુદ્ગલોમાં દઢતરરચના વિશેષરૂપ હોય એટલો જ નિયમ છે. તેથી પરમૌદારિક શરીરમાં હાડકાં ન હોવા છતાં સંઘયણનામકર્મનો વિપાકોદય અનુપપન્ન નથી.

## [ દેવોને પણ સંઘયણકર્મોદય માનવાની આપત્તિ ]

**ઉત્તરપક્ષ:**–આ રીતે અસ્થિ સિવાયના પણ શરીરપુદ્ગલોમાં થએલ દઢતરરચનાવિશેષને સંઘયણનામકર્મના વિપાક તરીકે લઈ શકાય તેમ હોય તો દઢ અવયવયુક્ત શરીરવાળા દેવોને પણ સંઘયણનામકર્મનો વિપાકોદય માનવો પડે. પણ તે મનાતો નથી. તેથી જણાય છે કે હાડકામાં જ સંઘયણનામકર્મનો રચનાવિશેષ કરવારૂપ વિપાકોદય હોય છે, ઈતર પુદ્ગલોમાં નહિ.

**પૂર્વપક્ષ :**– કેવળીઓના પરમૌદારિક શરીરમાં હાડકા ન હોવા છતાં પૂર્વે જે પુદ્ગલો અસ્થિપર્યાય તરીકે પરિણત હતા તેજ પુદ્ગલો હવે પરમૌદારિક શરીરના અવયવે રૂપે પરિણત થઈ ગયા હોવાથી, તે અવયવોમાં ભૂતપૂર્વનયે અસ્થિત્વ વિદ્યમાન હોવાથી કોઈ વ્યભિચારની આપત્તિ નથી. (ન સંસ્થાનત્વવ્યભિચાર...એવી ટીકાની પંક્તિમાં સંસ્થાનત્વશબ્દથી આકાર વિશેષોપલક્ષિત અસ્થિરચના અભિપ્રેત છે એટલે પૂર્વપક્ષીનું તાત્પર્ય એવું ફલિત થાય છે કે પરમૌદારિક અવયવોમાં પણ અસ્થિત્વનો સર્વથા અભાવ નથી.) 'ન સંસ્થાનત્વવ્યભિચારઃ'ના સ્થાને 'न संघयणत्वव्यभिचारः' એવો જો પાઠ હોય તો...

**પૂર્વપક્ષ :**– જે પુદ્ગલો પૂર્વે અસ્થિપર્યાયવાળા હતા તે જ પુદ્ગલો કેવળી અવસ્થામાં પરમૌદારિક અવયવરૂપે પરિણમ્યા હોય છે તેથી સંઘયણનામ કર્મનો વિપાકોદય તેમાં માની જ શકાય છે. તેથી તેમાં સંઘયણત્વ પણ છે જ, સંઘયણત્વનો વ્યભિચાર

मोहविलएण नाणं णामुदया चेव तस्स पारम्मं ।
तो वण्णाइविसेसो तं होउ ण धाउरहिअत्तं ॥११५॥

(मोहविलयेन ज्ञानं नामोदयाच्चैव तस्य पारम्यम् । तद्वर्णादिविशेषः तद्भवतु न धातुरहितत्वम् ॥११५॥)

[1]संघयणरूवसंठाणवण्णगइसत्तसारऊसासा । एमाइणुत्तराइं हवंति णामोदया तस्स ॥

इति [आ०नि० ५७१] वचनाद्भगवतां देहे नामकर्मोदयातिशयाद्वर्णाद्यतिशय एव पारम्यं, न तु सर्वथा धातुरहितत्वं, मोहक्षयस्य तत्राऽतन्त्रत्वात्, नामकर्मातिशयस्य वर्णाद्यतिशय एवोपयोगित्वात्, तथैवोपदेशात्, तदतिशयकारिणीनां लब्धीनामपि वर्णाद्यतिशायकत्वस्यैव भणनात् । तदुक्तं—[योगशा० १-८-९]

तथाहि योगमाहात्म्याद्योगिनां कफबिन्दवः । सनत्कुमारादेरिव जायन्ते सर्वरुक्छिदः ।१।
तथा—योगिनां योगमाहात्म्यात् पुरीषमपि कल्पते । रोगिणां रोगनाशाय कुमुदामोदशालि च ।२।
मलः किल समाम्नातो द्विविधः सर्वदेहिनाम् । कर्णनेत्रादिजन्मैको द्वितीयस्तु वपुर्भवः ।३।

---

નથી. જ્યારે દેવશરીરરુપે પરિણમેલા પુદ્ગલો તો પૂર્વે પણ અસ્થિરૂપે પરિણત ન હોવાથી એમાં સંઘયણત્વ કે સંઘયણનામકર્મવિપાક માની શકાતા નથી.

**ઉત્તરપક્ષ :–** એ રીતે તો બીજા પણ પુદ્ગલો કે જે પૂર્વે અસ્થિરૂપે પરિણત હતા અને હવે અસ્થિરૂપે રહ્યા નથી. તેમાં પણ સંઘયણત્વ અને સંઘયણનામકર્મનો વિપાકોદય માનવો પડે, પણ મનાતો નથી તેથી પરમૌદારિક શરીરમાં સંઘયણનામકર્મ વિપાકની અનુપપત્તિ ઊભી જ રહે છે. ॥૧૧૪॥

**[ મોહક્ષયથી ઔદારિક શરીરમાં અતિશયોદ્ભવ અશકય ]**

વળી મોહનો ક્ષય થવાથી તો મોહકાર્યભૂત રાગદ્વેષનો વિલય થવાના કારણે કેવલજ્ઞાન ઉત્પન્ન થાય. અર્થાત્ જ્ઞાનસંબંધી અતિશય થાય, ઔદારિક શરીર સંબંધી કોઈ અતિશય ઉત્પન્ન ન થઈ શકે, કારણ કે એ તો અતિશયિત નામકર્મના ઉદયથી જ થઈ શકે. એવું અનુશાસન કરતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :–** મોહ વિલય થવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે પણ શરીરમાં કોઈ ફેરફાર થવાનો સંભવ નથી. હા, તેના પ્રભાવે વિશિષ્ટ શુભનામકર્મરૂપ પુણ્ય પ્રકૃતિઓના ઉદયથી પારમ્ય=પરમતા=શ્રેષ્ઠતા આવે છે જેના કારણે વર્ણાદિ વિશેષરૂપે શુભ બને છે પણ એટલા માત્રથી કંઈ શરીર ધાતુરહિત બની જતું નથી.

**[ નામકર્મોદયથી થએલ વિશિષ્ટવર્ણાદિ જ પરમૌદારિકત્વ છે ]**

'જિન ને નામકર્મોદયથી સંઘયણ, રૂપ, સંસ્થાન, વર્ણ, ગતિ, સત્વ, સાર, ઉચ્છ્વાસાદિ અનુત્તર હોય છે' આવા શ્રી આવશ્યક નિર્યુક્તિના વચનથી જણાય છે કે નામકર્મોદયના અતિશયથી વર્ણાદિઅતિશય થવો એ જ કેવળીના શરીરનું પરમૌદા-

---

१. संहननरूपसंस्थानवर्णगतिसत्त्वसारोच्छ्वासाः । एतान्यनुत्तराणि भवन्ति नामोदयात्तस्य ॥

योगिनां योगसंपत्तिमाहात्म्याद्द्विविधोऽपि सः । कस्तूरिकापरिमलो रोगहा सर्वरोगिणाम् ।४।
योगिनां कायसंस्पर्शः सिञ्चन्निव सुधारसैः । क्षिणोति तत्क्षणं सर्वानामयानामयाविनाम् ।५।
नखाः केशा रदाश्चान्यदपि योगशरीरजम् । भजते भैषजीभावमिति सर्वौषधिः स्मृता ॥६॥
तथा हि तीर्थनाथानां योगिनां चक्रवर्त्तिनाम् । देहास्थिसकलस्तोमः सर्वस्वर्गेषु पूज्यते ॥७॥

इति [योगशास्त्र-१/८ अंतर्गाथा-६२-६७] । एवं च भगवतां कवलाहारस्वीकारे न किञ्चित्क्षूयते, तेन क्षुद्वेदनानाशात्, तज्जन्यमलस्य च लब्धिविशेषेण सुरभीकरणात् । न च भगवतां जाठरानलनाश एव युक्तः, मोहक्षयस्य तदनाशकत्वात्, लब्धिविशेषस्य तन्नाशकत्वे च तत्कारणीभूततैजसशरीरविघटनप्रसङ्गात् । लब्धीनां कारणघटनविघटनद्वारैव कार्यघटनविघटनयोस्तन्त्रत्वात् ॥११५॥

---

રિકપણું છે નહિ કે સર્વથા ધાતુરહિત થઇ જવું તે...કારણ કે મોહક્ષય તેમાં અકિંચિત્કર છે અને નામ કર્મનો અતિશય તો વર્ણાદિના અતિશય જ કરી શકે છે. શાસ્ત્રમાં પણ એવું જ કહ્યું છે-અતિશય કરનારી લબ્ધિઓ વર્ણાદિ અતિશયને જ કરે છે. યોગશાસ્ત્રની વૃત્તિઅંતર્ગત ગાથાઓમાં પણ કહ્યુ છે કે–

[ યોગનું માહાત્મ્ય ]

'યોગમાહાત્મ્યથી સનત્કુમારચક્રવર્તીઆદિની જેમ યોગીઓના કફબિન્દુઓ સર્વ રોગોને છેદવામાં સમર્થ બને છે. ॥૧॥ યોગમાહાત્મ્યથી યોગીઓની વિષ્ઠા પણ રોગીઓનો રોગનાશ કરવામાં સમર્થ હોય છે તેમજ કુમુદની સુગંધવાળી હોય છે. ॥૨॥ સર્વજીવોને બે પ્રકારનો મેલ કહ્યો છે. કાન–આંખ વગેરેમાં થતો અને શરીર પર જામતો. ॥૩॥ યોગીઓનો આ બન્ને પ્રકારનો મેલ યોગના પ્રભાવે કસ્તુરીની સુગંધવાળો તેમજ સર્વરોગીઓના રોગને હણનારો હોય છે. ॥૪॥ યોગીઓની કાયાનો સંસ્પર્શ જાણે કે સુધારસ સીંચીને રોગીઓના સર્વરોગોનો તત્ક્ષણ નાશ કરે છે. ॥૫॥ નખ, કેશ, દાંત તેમજ યોગીના શરીરમાં થએલ એવી બીજી વસ્તુઓ પણ દવા જેવું કામ કરે છે તેથી સર્વૌષધિ કહેવાય છે ॥૬॥ યોગીઓમાં ચક્રવર્ત્તી જેવા શ્રી તીર્થંકરોના દેહના બધા અસ્થિઓનો સમૂહ સર્વસ્વર્ગોમાં પૂજાય છે. ॥૭॥

આનાથી જણાય છે કે તેઓના શરીરમાં ધાતુઓ તો હોય જ છે. તેથી તેના ઉપચય દ્વારા શરીરની સ્થિતિ–વૃદ્ધિ માટે કવલાહાર હોવામાં કોઈ સિદ્ધાન્તનો બાધ થવા રૂપ વાંધો નથી. એ કવલાહારથી ભૂખની વેદના નષ્ટ થાય છે તેમજ તેનાથી થએલ મળ લબ્ધિવિશેષથી સુગંધી બની જતો હોવાથી અશુચિરૂપ રહેતો નથી.

**શંકા** :– ભગવાન્‌ને મોહક્ષય થયો હોવાથી જઠરાગ્નિ જ હોતો નથી તો ભૂખ શી રીતે લાગે ?

**સમાધાન** :– મોહક્ષય કંઈ જઠરાગ્નિનાશક નથી કે જેથી ભૂખ અનુપપન્ન થાય. લબ્ધિવિશેષથી જઠરાગ્નિનો નાશ થાય છે એવું માનવામાં જઠરાગ્નિના કારણભૂત

अपि च परमौदारिकाभ्युपगमेऽपि तत्स्थितिवृद्धी आहारपुद्गलापेक्षे एवेति प्रमाणयति–

**ओरालिअत्तणेणं तह परमोरालिअंपि केवलिणो ।**

**कवलाहारावेक्खं ठिइं च वुड्ढिं च पाउणइ ॥११६॥**

(औदारिकत्वेन तथा परमौदारिकमपि केवलिनः । कवलाहारापेक्षां स्थितिं च वृद्धिं च प्राप्नोति ॥११६॥)

परमौदारिकस्थितिः खल्वौदारिकस्थितित्वेन कवालाहारापेक्षिणी, न च तदनपेक्षिण्यां वनस्पत्यादिशरीरस्थितौ व्यभिचारः, क्षुज्जनितकार्श्यादिपरिहारेण धातूपचयादिद्वारा धातुमच्छरीरस्यैव तज्जन्यत्वात्, स्थितौ तज्जन्यत्वस्योपचारात्, धातुमत्त्वस्य चोपलक्षणत्वात् न पर-

---

તૈજસ શરીરનો પણ નાશ માની લેવો પડે, કારણ કે લબ્ધિઓ કારણને હાજર કરવા દ્વારા જ કાર્ય કરી આપે છે, અથવા કારણનું વિઘટન કરવા દ્વારા કાર્યનું વિઘટન કરે છે પણ સ્વતંત્રપણે કશું કરતી નથી. ।।૧૧૫।।

**[ પરમૌદારિક શરીરની સ્થિતિ-વૃદ્ધિ પણ આહારપુદ્ગલને સાપેક્ષ ]**

વળી કેવળીઓના શરીરને પરમૌદારિક માનવામાં પણ તેના સ્થિતિ-વૃદ્ધિ તો આહારપુદ્ગલસાપેક્ષ જ છે એ વાતમાં પ્રમાણ આપતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– કેવળીનું પરમૌદારિક શરીર પણ ઔદારિક જ હોવાના કારણે કવલાહાર સાપેક્ષ જ સ્થિતિ અને વૃદ્ધિ પામે છે.

પરમૌદારિક શરીરની સ્થિતિ કવલાહારને સાપેક્ષ હોય છે. કારણ કે ઔદારિક શરીરની સ્થિતિરૂપ છે, જેમકે આપણા જેવાના શરીરની સ્થિતિ.

**શંકા** :– તમારો 'ઔદારિકસ્થિતિત્વ' હેતુ અન્વયવ્યભિચારવાળો છે કારણ કે વનસ્પત્યાદિના શરીરની સ્થિતિમાં તે હોવા છતાં કવલાહારસાપેક્ષત્વ રૂપ સાધ્ય હોતું નથી. કવલાહાર વિના પણ એ શરીર વર્ષો સુધી ટકે જ છે.

**સમાધાન** :– કવલાહાર ક્ષુધાજન્ય કૃશતા વગેરેને દૂર કરીને ધાતુઓનો ઉપચય કરવા દ્વારા ધાતુવાળા શરીરને જ ઉત્પન્ન કરે છે એટલે કે ધાતુવાળું શરીર જ કવલાહારસાપેક્ષ છે અને એનો પોતાની સ્થિતિમાં આરોપ કરી સ્થિતિને પણ કવલાહારસાપેક્ષ કહેવાય છે. વનસ્પત્યાદિનું શરીર અસ્થિઆદિ ધાતુવાળું જ ન હોવાથી સ્થિતિમાં ઉપચાર કરવાનો પ્રશ્ન જ નથી.

**શંકા** :– તો પછી પરમૌદારિક શરીર પણ ધાતુરહિત જ હોય છે તેથી એ પણ કવલાહારસાપેક્ષ બનતું ન હોવાથી તેની સ્થિતિમાં પણ તેવો ઉપચાર શી રીતે કરાય?

**[ ધાતૂપલક્ષિત શરીર કવલાહાર સાપેક્ષ જ હોય ]**

**સમાધાન** :– ધાતુવાળું શરીર કવલાહારસાપેક્ષ હોય છે એવું જે અમે કહ્યું છે એમાં 'ધાતુ' પદ ઉપલક્ષણાત્મક છે, વિશેષણરૂપ નહિ. તેથી જે ક્યારેય પણ ધાતુસહિતનું હોય તે શરીર ધાતુથી ઉપલક્ષિત હોવાથી ધાતુવાળું કહેવાવાના કારણે કેવળી

मौदारिकस्य तथात्वं, विशेषणत्वेऽपि संहननोपष्टम्भस्य तस्य परेणापि धातुमत्त्वाभ्युपगमात्, तत्पर्यायपरित्यागेन पर्यायान्तरापत्तेरेव केवलमभ्युपगमात् । अस्तु वौदारिकत्वावच्छिन्नं प्रत्ये-वाहारपुद्गलत्वेन हेतुता लाघवात्तथापि परमौदारिकं कवलाहारापेक्षस्थितिकमेवेति सिद्धम् ॥११६॥

अथ कवलाहारस्वीकारे केवलिनां तज्जन्यमतिज्ञानोत्पत्तिं परिहरति—

**ण य मइणाणपसत्ती कवलाहारेण होइ केवलिणो ।**
**पुप्फाईअं विसयं अण्णह घाणाइ गिण्हिज्जा ॥११७॥**

(न च मतिज्ञानप्रसक्तिः कवलाहारेण भवति केवलिनः । पुष्पादिकं विषयं अन्यथा घ्राणादि गृह्णीयात् ॥११७॥

અવસ્થામાં ધાતુવિનાનું હોય તો પણ ધાતુવાળું કહી શકાય છે અને તેથી કવલાહાર-સાપેક્ષ જ હોય છે. વનસ્પત્યાદિનું શરીર તો ક્યારે ય ધાતુવાળું ન હોવાથી 'ધાતુ'થી ઉપલક્ષિત પણ હોતું નથી. તેથી એ કવલાહાર સાપેક્ષ ન હોવામાં પણ કોઈ વ્યભિ-ચાર નથી. આમ અમારા અનુમાનનો પરિષ્કૃત આકાર આ છે—

'પરમૌદારિક શરીર કવલાહારસાપેક્ષ હોય છે, કારણ કે ધાતુથી ઉપલક્ષિત હોય છે, જેમકે છદ્મસ્થ મનુષ્યનું શરીર.' શરીરમાં સિદ્ધ થએલ કવલાહારસાપેક્ષતાનો તેની સ્થિતિમાં ઉપચાર કરી સ્થિતિને પણ કવલાહારસાપેક્ષ જાણવી.

વળી આ વાત પણ તમે પરમૌદારિક શરીરને ધાતુરહિત માનો છો એ વાતનો અભ્યુપગમ કરીને ધાતુને ઉપલક્ષણ તરીકે લઈને કરી છે. બાકી ખરેખર તો તેરમે ગુણઠાણે તમે પણ સંઘયણનામકર્મનો ઉદય માન્યો છે એ જ જણાવે છે કે પરમૌદા-રિક શરીર પણ સંઘયણોપષ્ટબ્ધ હોવાથી અસ્થિવગેરે ધાતુઓથી યુક્ત જ હોય છે. તેમ છતાં પૂર્વના વર્ણાદિ પર્યાયો કરતાં અતિશયિત વર્ણાદિવાળું થયું હોવાથી જ પરમૌદારિક તરીકે મનાય છે. તેથી ધાતુમત્ત્વને વિશેષણ તરીકે લઈએ તો પણ તેમાં કવલાહારસાપેક્ષતા તો સિદ્ધ થાય જ છે.

અથવા તો વનસ્પત્યાદિ દરેક ઔદારિક શરીર પણ સમાવિષ્ટ થઈ જાય એવો કાર્યકારણભાવ માનવામાં લાઘવ હોવાથી સામાન્યથી ઔદારિક શરીર પ્રત્યે ભલે માત્ર આહારપુદ્ગલોને જ હેતુ માનવામાં આવે, તો પણ પરમૌદારિકશરીર તો ઔદારિક કાર્યવિશેષરૂપ હોવાથી કવલાહારરૂપ આહાર પુદ્ગલવિશેષો ને તેનું કારણ માનવું જ પડશે–એવું પૂર્વોક્ત યુક્તિથી સિદ્ધ જ જાણવું. ॥૧૧૬॥

'કેવળીઓને કવલાહાર માનવામાં રસનેન્દ્રિય સાથે રસપુદ્ગલોનો સંપર્ક થવાથી મતિજ્ઞાન પ્રવર્ત્તશે' એવી પરવાદીની શંકાનો પરિહાર કરતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :– કવલાહાર કરવામાં ઇન્દ્રિય સાથે વિષયનો સંબંધ થતો હોવામાત્ર-થી કંઈ કેવળીઓને મતિજ્ઞાનોત્પત્તિ કહી શકાતી નથી. નહિતર તો સમવસરણમાં રહેલ પુષ્પાદિના ગંધ પુદ્ગલોનો પણ ઘ્રાણેન્દ્રિય સાથે સંબંધ થતો હોવાથી એનું પણ ગ્રહણ (જ્ઞાન) કરવારૂપ મતિજ્ઞાન થવાની આપત્તિ આવશે.

न खलु कवलाहारमात्रेण भगवतां रसनेन्द्रियजन्यज्ञानोत्पत्तिप्रसङ्गः, विषयसत्त्वेऽपि मतिज्ञानावरणक्षयोपशमरूपतत्कारणीभूतलब्धीन्द्रियाभावात्, अन्यथा सभाभूमौ सुरविकीर्णबहल कुसुमपरिमलादपि घ्राणेन्द्रियोद्भवमतिज्ञानप्रसङ्गात्। उक्तं च-'नाद्यः पक्षः, तावन्मात्रेण रसनेन्द्रियज्ञानाऽसंभवात्, अन्यथाऽमरनिकरनिरन्तरनिर्मुक्तकुसुमपरिमलादिसंबन्धात् घ्राणेन्द्रियज्ञानमपि भवेद्' इति। स्यादेतत्-कवलाहारो हि न स्वरूपतः सुखं दुःखं वा जनयति, अपि तु रसनेन्द्रियजन्यमधुरतिक्तादिरसोद्बोधद्वारा, अत एव पित्तद्रव्येण तिक्तरसोद्बोधाच्छर्कराभक्षणादपि दुःखोद्भवः, इति भगवतां तज्जन्यसुखस्वीकारे तज्जनकमधुरादिरसरासनप्रसङ्ग इति चेत्? न, भगवतां कवलाहाररसास्वादजन्यसुखदुःखानुत्पत्तावपि ततः क्षुदादिदुःखनिवृत्तेस्तज्जन्यसुखोत्पत्तेर्वा संभवात्, तिक्ताद्यौषधादेरिव धातुसाम्यद्वारैव तस्य तद्धेतुत्वात्। अत एव रसास्वादं वर्जयित्वैव भुञ्जतामप्रमत्तयतीनां न तत्फलानुपपत्तिः।

---

**[ કવલાહાર માત્રથી મતિજ્ઞાનોત્પત્તિ થઈ જતી નથી ]**

કવલાહાર કરવા માત્રથી કંઈ કેવળીને રસનેન્દ્રિયજન્ય મતિજ્ઞાનોત્પત્તિનો પ્રસંગ નથી, કારણ કે વિષયાત્મક કારણ હાજર હોવા છતાં મતિજ્ઞાનાવરણક્ષયોપશમાત્મક ઇતરકારણરૂપ લબ્ધીન્દ્રિયનો અભાવ છે. આવી લબ્ધીન્દ્રિયની ગેરહાજરીમાં પણ જો મતિજ્ઞાનાત્મક કાર્ય થઈ જતું હોય તો તો સમવસરણમાં દેવોએ વરસાવેલા પુષ્પોની સુગંધરૂપ વિષયથી પણ ઘ્રાણેન્દ્રિયજન્ય મતિજ્ઞાન થવાનો પ્રસંગ ઊભો થશે. રત્નાકર અવતારિકામાં કહ્યું જ છે કે-'પહેલો વિકલ્પ યુક્ત નથી કારણ કે વિષયસંપર્કમાત્રથી રસનેન્દ્રિયજ્ઞાન સંભવિત નથી. નહિતર તો દેવોના સમૂહથી નિરંતર વરસાવાયેલ કુસુમોની સુગંધાદિના સંબંધથી ઘ્રાણજન્યજ્ઞાન પણ થવું જોઈએ.'

**પૂર્વપક્ષ :**-કવલાહાર સ્વરૂપતઃ સુખ કે દુઃખને આપતો નથી, કિન્તુ રસનેન્દ્રિયથી થએલ મધુરતિક્તાદિ રસના ઉદ્બોધ દ્વારા જ આપે છે. તેથી જ પિત્તદ્રવ્યના કારણે તિક્તરસનો ઉદ્બોધ થતો હોવાથી સાકર વગેરે ખાવામાં આવે તો પણ દુઃખનો અનુભવ થાય છે. તેથી કેવળીઓને કવલાહારજન્ય સુખ હોય છે એવું માનવામાં એ સુખનું જનક એવું મધુરાદિરસનું રાસનપ્રત્યક્ષાત્મક મતિજ્ઞાન (મધુરાદિરસોદ્બોધજન્ય) માનવું જ પડશે.

**ઉત્તરપક્ષ :**- કવલાહારના રસનો આસ્વાદ કરવામાં સુખ-દુઃખ થાય છે તે મતિજ્ઞાનરૂપ હોય છે. એ સુખ-દુઃખ કેવળીઓને ન હોવા છતાં ભૂખ વગેરે રૂપ દુઃખ નિવૃત્ત થતું હોવાથી સુખાનુભવ તો હોય જ છે. અથવા રસાસ્વાદ વિના કવલાહારથી પણ સુખાનુભવ થાય જ છે જેમ ઔષધાદિ સ્વાદનું સુખ આપતા ન હોવા છતાં ધાતુઓને સમ કરી સુખાનુભવ કરાવે છે એ જ રીતે કવલાહાર પણ ધાતુસમત્વનું આપાદન કરીને સુખાનુભવ કરાવે જ છે. તેથી જ રસાસ્વાદ કર્યા વિના જ ભોજનાદિ કરતાં અપ્રમત્તયતિઓને પણ તે આહારજન્ય સુખ રૂપ ફળ અનુપપન્ન રહેતું નથી.

ननु तथापि रसनेन्द्रियेणाहाररसग्रहणे ततस्तद्व्यञ्जनावग्रहप्रसङ्गः, द्रव्य–इन्द्रय–तदुभय-संसर्गरूपव्यञ्जनपूरणात्तदुत्पत्तेः, तदापूरणं चासंख्येयैः प्रतिबोधकमल्लकोदाहरणाभ्यां नन्द्यध्ययनादवसेयम्। तथाहि—

"[1]वंजणोग्गहस्स परूवणं करिस्सामि पडिबोहगदिट्ठंतेणं मल्लगदिट्ठंतेण य। से किं तं पडिबोहगदिट्ठंतेण? पडिबोहगदिट्ठंतेण, से जहाणामए केई पुरिसे कंचि पुरिसं सुत्तं पडिबोहिज्जा–'अमुग' 'अमुग' त्ति, तत्थ चोअए पन्नवगं एवं वयासी–किं एगसमयपविट्ठा पोग्गला गहणमागच्छन्ति...जाव णो संखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति, असंखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति। से तं पडिबोहगदिट्ठंतेणं। से किं तं मल्लगदिट्ठंतेणं? मल्लगदिट्ठंतेणं से जहाणामए केई पुरिसे आवागसीसाउ मल्लगं गहाय तत्थेगं उदगबिंदुं पक्खिवेज्जा से नट्ठे, अन्ने वि पक्खित्ते से वि नट्ठे, एवं

**પૂર્વપક્ષ :–** છતાં રસનેન્દ્રિયનો રસપુદ્ગલો સાથે સંનિકર્ષ થવાથી રાસન વ્યંજનાવગ્રહરૂપ મતિજ્ઞાન તો માનવું જ પડશે. કારણ કે રસદ્રવ્ય, જિહ્વેન્દ્રિય અને તદુભય સંબંધરૂપ વ્યંજનનું પૂરણ થયું હોવાથી વ્યંજનાવગ્રહ ઉત્પન્ન થાય છે જ... વ્યંજનનું આપૂરણ અસંખ્ય સમયોમાં થાય છે એ વાત શ્રી નંદીસૂત્ર અધ્યયનમાં કહેલા પ્રતિબોધક અને મલ્લક (=કોડીયું) દૃષ્ટાન્તથી જાણવી. જે આ પ્રમાણે છે–

'પ્રતિબોધક–મલ્લક દૃષ્ટાન્તથી વ્યંજનાવગ્રહની પ્રરૂપણા કરું છું'–પ્રતિબોધક દૃષ્ટાન્તથી તે કઇ રીતે? જેમ કોઈ પુરૂષ બીજા સૂતેલા પુરૂષને ઊઠાડે કે 'હે અમુક! ઊઠ!' ગુરુએ આટલી પ્રરૂપણા કર્યે છતે શિષ્ય પૂછે છે–'પ્રથમ સમયે કાનમાં પ્રવેશેલા શબ્દ પુદ્ગલોને સૂતેલો માણસ ગ્રહણ કરે છે? ગુરુ જવાબ આપે છે–'ના' શિષ્ય ફરી પ્રશ્ન પૂછે છે–'બે સમયમાં પ્રવેશેલા પુદ્ગલો ગૃહીત થાય છે? ગુરુ કહે, 'ના'... એમ (જવાબ આપતા આપતા) યાવત્ સંખ્યાતા સમયમાં પ્રવિષ્ટ પુદ્ગલો પણ ગૃહીત થતા નથી. અસંખ્યસમયપ્રવિષ્ટ શબ્દ પુદ્ગલો ગૃહીત થાય છે. આ રીતે પ્રબોધક દૃષ્ટાંત થયું. મલ્લક દૃષ્ટાન્તથી તે કઇ રીતે?–

---

१. व्यञ्जनावग्रहस्य परूपणां करिष्यामि प्रतिबोधकदृष्टान्तेन मल्लकदृष्टान्तेन च। अथ का सा प्रतिबोधकदृष्टान्तेन? प्रतिबोधकदृष्टान्तेन सा–यथानामा कोऽपि पुरुषः कंचित् पुरुषं सुप्तं प्रतिबोधयेत् 'अमुक! अमुक!' इति। तत्र नोदकः प्रज्ञापकमेवमवादीत्, किमेकसमयप्रविष्टाः पुद्गलाः ग्रहणमागच्छन्ति? यावत् न सङ्ख्यातसमयप्रविष्टाः पुद्गला ग्रहणमागच्छन्ति, असंख्यातसमयप्रविष्टाः पुद्गला ग्रहणमागच्छन्ति। सेयं प्रतिबोधकदृष्टान्तेन। अथ का सा मल्लकदृष्टान्तेन? मल्लकदृष्टान्तेन सा यथानाम कोऽपि पुरुष आपाकशिरसो मल्लकं गृहीत्वा तत्रैमुदकबिन्दुं प्रक्षिपेत्, स नष्टः, अन्येऽपि प्रक्षिप्तास्तेऽपि नष्टाः, एवं प्रक्षिप्यमाणेषु प्रक्षिप्यमाणेषु भविष्यति स उदकबिन्दुः यस्तंमल्लकमार्द्रीकरिष्यति, भविष्यति स उदकबिन्दुः यस्तस्मिन् मल्लके स्थास्यति। भविष्यति स उदकबिन्दुः यस्तं मल्लकं भरिष्यति। भविष्यति स उदकबिन्दुः यस्तं मल्लकं प्लावयिष्यति। एवमेव प्रक्षिप्यमाणैरनन्तैः पुद्गलैर्यदा तद्व्यञ्जनं पूरितं भवति तदा 'हुं' इति करोति, न चैव जानाति 'क एष शब्दादिः?'

पक्खिप्पमाणेसु पक्खिप्पमाणेसु होही से उदगबिंदू जेणं तं मल्लगं राविहिति, होही से उदगबिंदू जेण तंसि मल्लगंसि ठाहिति, होही से उदगबिंदू जेण तं मल्लगं भरेहिइ, होही से उदगबिंदू जेण तंसि मल्लगंसि न ठाहिति, होही से उदगबिंदू जेण तं मल्लगं पवाहेहित्ति, एवमेव पक्खिप्पमाणेहिं अणंतेहिं पोग्गलेहिं जाहे तं वंजणं पूरिअं होइ ताहे 'हुं'ति करेइ, नो चेव णं जाणेइ के वेस सद्दाइ। [नन्द्यध्ययनं सूत्र नं–५६–५७–५८] इत्यादीति चेत् ?

सत्यं, उक्तसूत्रे ग्रहणविधिनिषेधयोर्विज्ञानग्राह्यतामधिकृत्योपदेशो न तु संबन्धमात्रमधिकृत्य, प्रथमसमयादारभ्यैव संबन्धसंभवात्, अत एव 'असंखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छन्ति' इत्यत्र चरमसमयप्रविष्टा एव विज्ञानजनकत्वेन ग्रहणमागच्छन्ति, तदन्ये त्विन्द्रियक्षयोपशमोपकारिण इति सर्वेषां सामान्येन ग्रहणमुक्तमिति मलयगिरिचरणाः। तथा च व्यञ्जनावग्रहोपकारिग्रहणाभावेऽपि रसनरससम्बन्धरूपं तद्ग्रहणं भगवतामप्यविरुद्धमेवेति

---

આ રીતે–જેમ કોઈ પુરૂષ પાકમાંથી (ભઠ્ઠામાંથી) નવું કોડીયું કાઢી તેના પર પાણીનું બિંદુ નાંખે તો, એ બિંદુ શોષાઈ જાય છે, બીજા પણ ટીપાઓ ક્રમશઃ શોષાઈ જાય છે. એમ ઘણા શોષાઈ ગયા પછી એવું એક બિંદુ પડે છે જે કોડિયાને ભીનું કરે છે. એમ ઉત્તરોત્તર વધુ ને વધુ જળબિંદુઓ નાખતાં નાખતાં ક્રમશઃ એવા બિંદુઓ પડે છે જેથી ક્રમશઃ કોડિયામાં જળ ટકે છે, કોડિયું ભરાય છે, પછી વધારે બિંદુઓ કોડિયામાં રહી શકતા નથી અને કોડિયામાંથી પાણી બહાર વહેવા માંડે છે. આમ જેમ ઘણા બિન્દુઓ કોડિયામાં પડ્યા પછી પડેલું બિન્દુ જ કોડિયામાં ટકે છે તેમ જ્યારે ઇન્દ્રિયમાં પ્રવેશતાં અનંત પુદ્ગલોથી વ્યંજન આપૂરિત થાય છે ત્યારે જ સૂતેલો માણસ હુંકારો ભણે છે અને છતાં એ વખતે એ જાણતો હોતો નથી કે શબ્દાદિ પાંચ પ્રકારના વિષયોમાંથી મેં કયો વિષય ગ્રહણ કર્યો?' શ્રી નન્દીસૂત્રના આ પ્રતિપાદનથી જણાય છે કે કવલાહારના પુદ્ગલોથી વ્યંજન આપૂરણ થએ છતે એનું ગ્રહણ થાય જ...તેથી કેવળીઓને કવલાહાર માનવામાં વ્યંજનાવગ્રહ તો માનવો જ પડે.

**ઉત્તરપક્ષ :–** તમારી વાત ઠીક છે, પણ નંદીસૂત્રના પ્રસ્તુતસૂત્રમાં જે કહ્યું છે કે શરૂઆતના અમુક પુદ્ગલો ગૃહીત થતા નથી અને પછીના પુદ્ગલો ગૃહીત થાય છે તે વિજ્ઞાનગ્રાહ્યતાને આશ્રીને જ કહ્યું છે નહિ કે સંબંધમાત્રને આશ્રીને. અર્થાત્ એ સૂત્ર અસંખ્ય સમય પછી પ્રવિષ્ટ પુદ્ગલોનું તે જીવને જ્ઞાન થાય છે એવું પ્રતિપાદન કરે છે, 'અસંખ્યસમયપછી જ પ્રવિષ્ટ પુદ્ગલોનો સંબંધ થાય છે' એવું નહિ. કારણ કે સંબંધ તો પ્રથમસમયથી જ સંભવિત છે તેથી જ 'અસંખ્યસમયપ્રવિષ્ટ પુદ્ગલો ગૃહીત થાય છે' એવું જણાવતાં સૂત્રમાં–'ચરમસમયપ્રવિષ્ટ પુદ્ગલો જ વિજ્ઞાન જનક બનવારૂપે ગૃહીત થાય છે–તે પુદ્ગલોનું જ જ્ઞાન થાય છે–તે સિવાયના પૂર્વપ્રવિષ્ટ પુદ્ગલોનો

किमनुपपन्नम् ! अथ रसनेन सह रसस्य बद्धस्पृष्टताख्यसंबन्धरूपं ग्रहणं तथाविधमेवेति चेत् ? न, तथापि द्रव्यपूरणेऽपीन्द्रियाऽपूरणात्, तत्पूरणायाः क्षयोपशमोपनिबद्धवासनारूपत्वात् । उक्तं च भाष्यकृता-[वि० भा० २५१]

'दव्वं माणं पूरिअमिंदिअमापूरिअं तहा दोण्हं ।
अवरोप्परसंसग्गो जया तया गेण्हइ तमत्थं ॥ ति ।

अत्राऽऽपूरितं=व्याप्तं=भृतं=वासितमित्यर्थ इति व्याख्यातं, तथा चाहारग्रहणे न व्यञ्जनावग्रहप्रसङ्गः, तदानीं द्रव्यव्यञ्जनपूरणस्य निखिलव्यञ्जनपूरणाऽविनाभावित्वाऽभावात् । अथ बद्धस्पृष्टाख्यः संबन्धविशेषोपि क्षयोपशमहेतुक एवेति तं विना न तत्संभव इति चेत् ? न, तस्य तद्धेतुकत्वे मानाभावात्, भावेऽपि न नो हानिः, धातुसाम्याद्यौपयिकसंबन्धमात्रस्यैव क्षुन्निवृत्त्याद्यौपयिकत्वादिति दिग् ॥११७॥ दूषणान्तरप्रसङ्गमुद्धरति—

બોધ થતો નથી, છતાં તે પુદ્ગલો ઇન્દ્રિયનો ક્ષયોપશમ જગાડી આપતાં હોવાથી અસંખ્યસમયમાં પ્રવેશેલા સર્વપુદ્ગલો વિશે 'તેઓ ગૃહીત થાય છે' એમ સામાન્યથી કહ્યું છે !–એવું શ્રી **મલયગિરિ મહારાજે** વ્યાખ્યાન કર્યું છે. કેવળીઓને તો મતિજ્ઞાનાવરણ કર્મ જ ન હોવાથી પૂર્વપ્રવિષ્ટ પુદ્ગલો પણ ક્ષયોપશમ જગાડી આપનારા બનતાં ન હોવાના કારણે 'ગૃહીત' થએલા કહેવાતાં નથી. આ રીતે કેવળીઓને વ્યંજનાવગ્રહ કરાવી આપનાર ગ્રહણ તો હોતું નથી. માત્ર જિહ્વા અને રસપુદ્ગલોના સંબંધરૂપ ગ્રહણ હોવામાં શું અનુપપન્ન છે ? અર્થાત્ મતિજ્ઞાનની ઉત્પત્તિ વિના પણ ઇન્દ્રિય–પુદ્ગલસંબંધ માની શકાય છે.

## [ ઇન્દ્રિયાત્મક વ્યંજન આપૂરિત થતું નથી ]

**પૂર્વપક્ષ** :– રસ પુદ્ગલોનો જીભ સાથે જે બદ્ધસ્પૃષ્ટતા નામનો સંબંધ થાય છે એ જ વ્યંજનાવગ્રહને ઉપકારી ગ્રહણરૂપ હોવાથી મતિજ્ઞાન થવું જ જોઇએ.

**ઉત્તરપક્ષ** :– એ રીતે દ્રવ્યાત્મક વ્યંજનનું પૂરણ થઈ ગયું હોવા છતાં ઇન્દ્રિયાત્મક વ્યંજનનું પૂરણ થયું હોતું નથી કારણ કે તેનું પૂરણ ક્ષયોપશમ સાથે સંકળાએલ વાસનારૂપ છે જે કેવળીઓને ક્ષયોપશમ જ ન હોવાથી સંભવિત નથી. તેથી વ્યંજનાવગ્રહ થતો નથી. ભાષ્યકારે પણ કહ્યું જ છે કે–"૧ દ્રવ્યાત્મક (શબ્દાદિ) વ્યંજન સ્વગ્રાહક જ્ઞાન ઉત્પન્ન કરવા માટે ભરચક પ્રમાણવાળું થાય ત્યારે, ૨ ઇન્દ્રિયાત્મક વ્યંજન ક્ષયોપશમરૂપ વાસનાયુક્ત થાય ત્યારે અને ૩ એ બેના સંબંધાત્મક વ્યંજન એ બેનો અંગ–અંગી ભાવ થવારૂપ અત્યંત સંયુક્તતા થાય ત્યારે આપૂરિત બને છે. આ ત્રણે વ્યંજન જ્યારે આપૂરિત થાય છે ત્યારે અર્થગ્રહણ=અર્થાવગ્રહ થાય છે."

અહીં 'आपूरितं'=શબ્દનું વ્યાપ્ત=ભરાએલું=વાસિતથએલું', એવું વ્યાખ્યાન કર્યું

१. द्रव्यं मानं पूरितमिन्द्रियमापूरितं तथा द्वयोः । परस्परसंसर्गो यदा तदा गृह्णाति तमर्थम् ॥

**इरिआवहिआ किरिया कवलाहारेण जइ णु केवलिणो ।**
**गमणाइणा वि ण हवे सा किं तुह पाणिपिहिअ त्ति ॥११८॥**

(ईर्यापथिकीक्रिया कवलाहारेण यदि नु केवलिनः । गमनादिनापि न भवेत् सा किं त्वत्पाणिपिहितेति ॥११८॥)

कवलाहारेण केवलिनां प्रतिक्रमणयोग्येर्यापथप्रसङ्गो गमनादिक्रिययापि समानः, बहुसामयिकत्वस्योभयत्राऽविशेषात् । तदाहुः– "न पञ्चमः, गमनादिनापीर्यापथप्रसङ्गात्" इति । 'अत एव बाधकाद्गमनादिक्रियामपि भगवतः प्रायोगिकीं न मन्यामहे' इति चेत् ? न, विशेषावमर्शे बाधकानवतारात्, अनाभोगसहकृतयोगक्रियाया एव तादृशेर्यापथिकीहेतुत्वात्, सूक्ष्मायां तु तस्यां कार्मणशरीरे(? र)कृतचलोपकरणताया * एव हेतुत्वात् ॥११८॥

---

છે તેથી કેવળીને આહારગ્રહણ કરવામાત્રથી વ્યંજનાવગ્રહ થઈ જવાની આપત્તિ નથી કારણ કે દ્રવ્યવ્યંજનપૂરણ થયું હોવા છતાં ઇન્દ્રિયવ્યંજનપૂરણ થયું હોતું નથી. દ્રવ્યવ્યંજનપૂરણ થાય ત્યારે છદ્મસ્થોને સામાન્યથી ઇન્દ્રિયવ્યંજનપૂરણ ભલે થઈ જતું હોય તે છતાં પણ દ્રવ્યવ્યંજનપૂરણ થાય ત્યારે ઇન્દ્રિયવ્યંજનાદિ અન્યવ્યંજન પણ પૂરાઈ જ જાય એવો કોઈ દૃઢ નિયમ નથી.

**પૂર્વપક્ષ** :– રસપુદ્ગલોનો 'બદ્ધસ્પૃષ્ટ' નામનો સંબંધ પણ તેવા ક્ષયોપશમથી જ થાય છે. તેથી ક્ષયોપશમ વિનાના કેવળીઓને આહાર સાથેનો તે સંબંધ જ અસંભવિત હોવાથી કવલાહાર હોવો શી રીતે મનાય?

**ઉત્તરપક્ષ** :– એ સંબંધ ક્ષયોપશમહેતુક છે એવું માનવામાં કોઈ પ્રમાણ ન હોવાથી તમારી વાત ગ્રાહ્ય નથી. અથવા તદ્ધેતુક હોય તો પણ અમારે કોઈ આપત્તિ નથી, કારણ કે ક્ષયોપશમના અભાવના કારણે એ સંબંધ ન થતો હોય તો પણ તેના કાર્યભૂત વ્યંજનાવગ્રહ જ રુંધાશે, ક્ષુધાનિવૃત્તિવગેરેરૂપ કાર્ય નહિ, કારણ કે ધાતુસામ્યના ઉપાયભૂત સંબંધ જ તે કાર્યના ઉપાયરૂપ છે, બદ્ધ સ્પૃષ્ટ નામનો સંબધ નહિ. ॥ ૧૧૭ ॥

વાદીથી અપાતાં બીજા દૂષણને ઉદ્ધરતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :– કવલાહાર કરવા માત્રથી 'કેવળીને ઇર્યાપથિકી ક્રિયા થાય છે અને તેથી ઇરિયાવહિયા પડિક્કમવાની આપત્તિ આવશે' એવું જો કહેશો તો ગમનાદિથી પણ ઇરિયાવહિ પ્રતિક્રમણયોગ્ય એ ક્રિયા શા માટે ન થાય? શું તમારા હાથથી એ અટકાવાએલી છે?

**[ કવલાહારથી ઈર્યાપથપ્રસંગ નથી ]**

જો કવલાહારથી કેવળીઓને પ્રતિક્રમણ યોગ્ય ઇર્યાપથપ્રસંગ થતો હોય તો તો એ ગમનાદિથી થવો પણ સમાન જ છે. જો બહુસમયવાળી હોવાથી ભોજનક્રિયા

---

* उपक्रोत्यनेनेत्युपकरणम्=स्वभावः, चलं=अस्थिरमुपकरणं यस्य स चलोपकरणः, तस्य भावः चलोपकरणता=आत्मप्रदेशानां कम्पस्वभाव इत्यर्थः ।

**ण य परुवयारहाणी तेण सया जोग्गसमयणियएण ।**
**ण य वाहिसमुप्पत्ती हिअमिअआहारगहणाउ ॥११९॥**

(न च परोपकारहानिस्तेन सदा योग्यसमयनियतेन । न च व्याधिसमुत्पत्तिर्हितमिताहारग्रहणात् ॥११९॥)

न खलु भगवतां भुक्तेरुचितसमयनियतत्वादन्यदा सर्वदा परोपकारावसारात्तदपायः, न वा हितमिताहारग्रहणात् परिणतौ शूलादिव्याधिसमुत्पत्तिः । उक्तं च–"न तृतीयः, तृतीययाममुहूर्तमात्र एव भगवतां भुक्तेः शेषमशेषकालमुपकारावसरात् । न चतुर्थः, परिज्ञाय

---

પ્રતિક્રમણયોગ્ય હોય તો એ રીતે ગમનાદિ ક્રિયા પણ તેવી જ હોવાથી પ્રતિક્રમણને યોગ્ય બનશે જ. રત્નાકરાવતારિકામાં કહ્યું છે કે–'ઈર્યાપથપ્રસંગ આવતો હોવાથી કવલાહાર હોતો નથી' એવો પાંચમો વિકલ્પ પણ યુક્ત નથી કારણ કે તો પછી ગમનાદિ પણ માની શકાય નહિ.'

**પૂર્વપક્ષ** :– એ આપત્તિરૂપ બાધક આવતો હોવાથી જ કેવળીની ગમનાદિક્રિયાને પણ અમે પ્રાયોગિકી માનતા નથી, સ્વાભાવિકી જ માનીએ છીએ. તેથી પ્રાયોગિકી એવી કવલાહારક્રિયા માનવામાં ઈર્યાપથપ્રસંગ ઊભો જ છે.

**[ કેવળીના ગમનાદિ પ્રાયોગિક હોવામાં બાધકાભાવ ]**

**ઉત્તરપક્ષ**:– ° વિશેષ રીતે વિચાર કરતાં જણાય છે કે કવલાહાર કે ગમનાદિમાં તેવો કોઈ બાધક છે નહિ જેના કારણે એ બેને પ્રાયોગિક માની ન શકાય! કારણ કે ગમે તે યોગરૂપક્રિયા કંઈ તથાવિધ કર્મબંધ કરાવનારક્રિયા બનતી નથી કે જેને દૂર કરવા ઇરિયાવહિ પ્રતિક્રમણની આવશ્યકતા ઊભી થાય. કિન્તુ અનાભોગ સહકૃત યોગક્રિયા જ તાદૃશકર્મબંધની હેતુભૂત ક્રિયા કરાવે છે (કે જે ઈર્યાપથ કહેવાય છે,) જે ઇરિયાવહિ પ્રતિક્રમણની આવશ્યકતા ઊભી કરે છે. કેવળીની ગમન–ભોજનાદિ ક્રિયાઓ તો કેવલાભોગયુક્ત યોગથી જ થતી હોવાથી ઇરિયાવહિ પ્રતિ–ક્રમણની આપત્તિ આવતી નથી.

**શંકા** :– આવું માનવામાં આપત્તિ એ આવશે કે છદ્મસ્થ સાધુને શ્વાસોશ્વાસ–લોહીભ્રમણાદિની જે ક્રિયાઓ હોય છે તે પણ આભોગપૂર્વકની ન હોવાથી હંમેશા ઈર્યાપથપ્રસંગ લાગ્યા જ કરે.

**સમાધાન** :– એ ક્રિયાઓ પ્રત્યે અનાભોગસહકૃત યોગ હેતુભૂત નથી કિન્તુ કાર્મણશરીરકૃતચલોપકરણતા (= કાર્મણ શરીરથી કરાએલ આત્મપ્રદેશોની ચંચળતા) હેતુભૂત છે તેથી સતત ઈર્યાપથપ્રસંગ લાગ્યા કરવાની આપત્તિ નથી. ।।૧૧૮।।

---

° અહીં દિગંબર સામે કહી શકાય છે કે જેમ કેવલિની ગમનાદિ ક્રિયાને સ્વાભાવિક માનો છો તેમ કવલાહાર ક્રિયાને પણ સ્વાભાવિક માનીએ તો કોઈ દોષ નથી. પણ આમ નહીં કહેવાનું કારણ એ છે કે કેવલીની ગમનાગમનાદિ બધી જ ક્રિયાઓ આભોગપૂર્વક અને પ્રાયોગિક જ હોય છે.

हितमिताहाराभ्यवहारात्" इति । अथ 'यथा शूलादिव्याधिसमुत्पत्तिर्न भवति तथा भुञ्जीय' इति परिज्ञाने रागप्रसङ्गः, अन्यादृशपरिज्ञानं तु तादृशाभ्यवहाराऽप्रयोजकमिति चेत् ? न, मोहोत्पाद्यमानज्ञानस्यैव रागाक्रान्तत्वात्, उचितप्रवृत्तिनिर्वाहकविषयावभासकस्य तस्याऽतादृशत्वात् ॥११९॥

**ण पुरीसाइ दुगुंछियमेसिं णिद्दड्ढमोहबीआणं ।**
**अइसयओ ण परेसिं विवित्तदेसे विहाणा य ॥१२०॥**

(न पुरीषादिजुगुप्सितमेषां निर्दग्धमोहबीजानाम् । अतिशयतो न परेषां विविक्तदेशे विधानाच्च ॥१२०॥)

કેવળીઓ જો કવલાહાર કરવામાં સમય પસાર કરે તો પરોપકારનો સમય ઘટવાથી પરોપકારહાનિ થાય. તેમજ કવલાહારના પરિણામે વ્યાધિ થવાની શકયતા પણ ઊભી થાય. તેથી કેવળીઓને કવલાહાર માનવો યુક્ત નથી એવી વાદીની શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :–** વળી ભોજન પણ યોગ્ય સમયમાં નિયત જ હોવાથી તે સિવાયના કાળમાં પરોપકાર શકય બનતો હોવાના કારણે ભોજન માનવામાં પણ પરોપકારીપણું ઘવાતું નથી .તથા, કેવળીઓ હિત-મિત-પથ્ય આહાર જ ગ્રહણ કરતા હોવાથી વ્યાધિ થવાની પણ શકયતા નથી.

કેવળી ભગવંતોને ઉચિતસમયે જ ભોજન હોવાથી અન્ય સર્વસમયે પરોપકારનો અવસર હોય જ છે. તેથી પરોપકારહાનિ થતી નથી. એમ હિતમિત આહારનું જ ગ્રહણ હોવાથી પરિણામે શૂલાદિ વ્યાધિ થતાં નથી. **ર. અ.** માં કહ્યું છે કે, "પરોપકારહાનિ થતી હોવાથી કેવળીઓને કવલાહાર માનવો યોગ્ય નથી એવો ત્રીજો વિકલ્પ પણ અયુકત છે કારણ કે ત્રીજા પ્રહરમાં મુહૂર્ત્તમાત્ર કાળ માટે ભોજન હોવાથી શેષકાળમાં પરોપકાર શકય છે. 'પરિણામે શૂલાદિ વ્યાધિ સંભવિત હોવાથી કવલાહાર માનવો યુક્ત નથી' એવો ચોથો વિકલ્પ પણ અયુકત ઠરે છે કારણ કે કેવળીઓ જાણીને હિતમિત આહાર જ આરોગતાં હોવાથી વિપરિણામ થવાની શકયતા નથી.

**પૂર્વપક્ષ :–** 'જે અને જેટલો આહાર કરવાથી શૂલાદિ વ્યાધિ ન થાય તે અને તેટલો હું આરોગું' આવા જ્ઞાનપૂર્વક હિતમિત આહાર વાપરતા હોય તો તો કેવળીઓને રાગ હોવાનું માનવું પડશે. અને જેમાં રાગથી લેપાવાનું ન હોય એવું આનાથી ભિન્ન આકારવાળું જ્ઞાન તો તેવા ભોજનનું પ્રયોજક નથી, કે જેનાથી તેવું ભોજન પ્રવર્તે. તેથી જો ઉપરોકત જ્ઞાનપૂર્વક જ ખાવાનું હોય તો રાગ માનવો પડશે અને એ વગર પણ ભોજન હોય તો શૂલાદિ વ્યાધિની શકયતા માનવી જ પડશે.

## [ હિતમિત આરોગવામાં રાગ અનાવશ્યક ]

**ઉત્તરપક્ષ :–** મોહથી પ્રવર્ત્તતું જ્ઞાન જ રાગથી લેપાએલું હોય છે, પોતાની

न खलु कवलाहारेण केवलिनां पुरीषादि जुगुप्सितं संपद्यते, जुगुप्सामोहनीयतरोः समूलमुन्मूलितत्वात् । न च द्रष्टॄणां तदुत्पत्तिः, तीर्थकृतामतिशयबलादेवाहारनीहारविधेरदृश्यत्वात्, सामान्यकेवलिभिस्तु विविक्तदेशे तत्करणात् । उक्तं च–" न षष्ठः, यतस्तस्मिन् क्रियमाणे तस्यैव जुगुप्सा संपद्येताऽन्येषां वा ? न तावत्तस्यैव भगवतः, निर्मोहत्वेन जुगुप्साया असंभवात् । अथान्येषां, तत् किं मनुजामरेन्द्रतद्रमणीसहस्रसङ्कुलायामनंशुके भगवत्यासीने सा तेषां न सञ्जायते ? अथ भगवतः सातिशयत्वान्न तन्नाग्न्यं तेषां तद्धेतुस्तर्हि तत एव तन्नीहारस्य चर्मचक्षुषामदृश्यत्वान्न दोषः । सामान्यकेवलिभिस्तु विविक्तदेशे तत्करणाद्दोषाभावः " इति ।

---

ઉચિત પ્રવૃત્તિને જાળવી રાખનાર એવા વિષયને જણાવતું કેવળીનું જ્ઞાન મોહજન્ય ન હોવાથી રાગાક્રાન્ત હોતું નથી. તેથી રાગ વિના પણ તેવા જ્ઞાનથી પ્રવૃત્તિ શક્યા છે. ॥૧૧૯॥

કવલાહારના પરિણામરૂપે જુગુપ્સનીય એવા મળમૂત્રાદિ અવશ્ય પ્રવર્ત્તે છે જે કેવળીઓને માની શકાતા ન હોવાથી કવલાહાર પણ માની શકાતો નથી એવી વાદીની શંકાને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે—

## [પુરીષાદિ જુગુપ્સાજનક નથી]

**ગાથાર્થ** :–કવલાહારથી થતાં પુરીષાદિ મોહબીજને બાળી નાખનારા કેવળીઓને પોતાને તો જુગુપ્સા કરાવતાં નથી. વળી શ્રી તીર્થંકરોના તેવા અતિશયના કારણે તેમજ સામાન્યકેવળીઓ વિવિક્ત દેશમાં જ આહાર નીહારાદિ કરતાં હોવાના કારણે એ બીજાઓને પણ જુગુપ્સાદિ કરાવતાં નથી.

કવલાહારના પરિણામ તરીકે પ્રવર્ત્તતાં પુરીષાદિ કેવળીઓને પોતાને જુગુપ્સા કરાવનાર બનતા નથી કારણ કે તેઓએ જુગુપ્સામોહનીય કર્મને જ ઉખેડી નાખ્યું હોય છે. વળી છદ્મસ્થોને એ જુગુપ્સા કરાવનાર બનતા નથી કારણ કે શ્રીતીર્થંકરોના તેવા અતિશયના કારણે તેમજ સામાન્ય કેવલીઓથી એકાંતમાં જ તે કરાતા હોવાથી તે ક્રિયા કોઈની નજરે જ ચડતી નથી. કહ્યું છે કે "જુગુપ્સનીય એવા પુરીષાદિનો જનક હોવાથી કવલાહાર કેવળીઓને હોતો નથી એવો છટ્ઠો વિકલ્પ પણ યુક્ત નથી કારણ કે નીહાર કરતાં કેવળીને પોતાને જ જુગુપ્સા થાય કે બીજાને ? કેવળીને જ થાય એવું તો મનાય નહિ કારણ કે પોતે નિર્મોહ હોવાથી જુગુપ્સા અસંભવિત છે. બીજા મનુષ્યાદિને થાય છે એવું કહેશો તો અમે એની સામે પૂછીએ છીએ કે હજારો મનુષ્યો, દેવો, ઈન્દ્ર, ઈન્દ્રાણી, દેવી વગેરેની વચમાં ભગવાન્ નિર્વસ્ત્ર બેઠા હોય છે તેની કેમ તે મનુષ્યાદિને જુગુપ્સા થતી નથી ? ભગવાનનો તેવો અતિશય હોવાના કારણે જ જો નગ્નતા જુગુપ્સનીય બનતી ન હોય તો એ રીતે ભગવાનના અતિશયના કારણે જ નીહાર ક્રિયા ચર્મચક્ષુથી અદૃશ્ય રહેતી હોવાથી અજુગુપ્સનીય શા માટે

यत्तु " [1]तित्थयरा तप्पिअरो हलधरचक्की य वासुदेवाय ।
मणुआण भोगभूमी आहारो णत्थि णीहारो ॥" [ ]

इति वचनात्तीर्थङ्करादीनामाहारकालेऽपि न नीहारजुगुप्सितमिति तत्किमतिशयबलात् जाठरानलोद्रेकाद्वा ।? नाद्यः, तादृशातिशयाश्रवणात्, साधारण्येनातिशयत्वायोगात्, अतिशयेनापि दृष्टकार्यकरणेऽदृष्टकारणोपजीवनाद् द्वितीयपक्षाश्रयणावश्यकत्वाच्च । न द्वितीयः, तादृशजाठरानलेन भस्मकवदाहारमात्रभस्मीकरणप्रसङ्गात् । अथ आहारपर्याप्ती रसीभूतमाहारं धातुरूपतया परिणमयति, खलरसीकृतं तु जाठरानलो भस्मीकरोतीति न दोष इति चेत् ? न, आहारपर्याप्तिसहकृतजाठरानलस्य रसीभूताहारपरिणतिविशेष एव नियामकत्वात्, अन्यथा तत्कालेऽपि जाठरानलोद्भूतस्पर्शस्य जागरूकत्वेनाहारभस्मीभावप्रसङ्गाद्, आहारपर्याप्तिजन्यरसपरिणामस्य जाठरानलजन्याहारदाहप्रतिबन्धकत्वादिकल्पने गौरवात् ।

---

ન બને ? ! તેવા અતિશય વિનાના સામાન્ય કેવળીઓ તો નિર્જનસ્થાનમાં જ આહાર નીહારાદિ કરતાં હોવાથી કોઈને જુગુપ્સા કરાવતાં નથી. "

## [નીહારાભાવ અસંગત]

વળી–'શ્રી તીર્થંકરો, તેઓના માતાપિતા, બળદેવો–ચક્રવર્તીઓ અને વાસુદેવો મનુષ્ય સંબંધી ભોગોનું સ્થાન હોય છે તેથી તેઓને આહાર હોય છે પણ નીહાર હોતો નથી.' એવા (અજ્ઞાતકર્તૃક) વચનથી જણાય છે કે શ્રી તીર્થંકરાદિને આહારકાળમાં પણ જુગુપ્સનીય એવા નીહારાદિ હોતા નથી.–આવું જે કોઈએ કહ્યું છે તેઓને અમે પૂછીએ છીએ કે આહાર હોવા છતાં નીહાર ન હોવામાં કારણ શું છે ? (૧) તેવા પ્રકારનો અતિશય કે (૨) જઠરાનલની પ્રબળતા ? (૧) પ્રથમ પક્ષ મનાય નહિ કારણ કે એવો કોઈ અતિશય સાંભળવામાં આવતો નથી. વળી સામાન્ય કેવળી આદિને પણ તેવો નીહારાભાવ માનવો પડતો હોવાથી અનેકને સાધારણ એવા એને 'અતિશય' જ શી રીતે કહેવાય ? વળી અતિશય પણ કંઈ કારણ વિના જ કાર્ય કરી આપનારો હોતો નથી કિન્તુ અદૃષ્ટકારણસામગ્રીથી કાર્ય કરી આપનારો હોય છે. તેથી નીહારાભાવ રૂપ કાર્ય માટે અદૃષ્ટ એવો પ્રબળ જઠરાનલ તો માનવો જ પડે એટલે દ્વિતીયપક્ષનું શરણ સ્વીકારવું પડશે. વળી એ બીજો પક્ષ પણ યુક્તિયુક્ત નથી કારણ કે તેવો પ્રબળ જઠરાનલ તો ભસ્મકરોગની જેમ આહારમાત્રને બાળી નાખશે. ફક્ત નીહારને નહિ, અને તેથી ધાતુ ઉપચયાદિ પણ થશે નહી. શરીર કૃશનું કૃશ જ રહેશે.

**પૂર્વપક્ષ** :–આહારપર્યાપ્તિ રસીભૂત આહારને ધાતુરૂપે પરિણમાવે છે જ્યારે ખળરસ રૂપે પરિણમેલ પુદ્ગલોને જઠરાગ્નિ બાળી નાખે છે તેથી કૃશતાદિ થવાનો કોઈ દોષ રહેતો નથી.

---

१. तीर्थंकरास्तत्पितरो हलधरचक्रिणौ च वासुदेवाश्च । मनुजानां भोगभूमिराहारो नास्ति नीहारः ॥

एतेन 'तप्तायोगोलके जलमिव तज्जाठरानलेऽशितमपि भस्मीभवति' इति पामरोपन्यस्तो दृष्टान्तः परास्तः। किञ्चैतादृशाऽप्रामाणिकातिशयकल्पन आहारं विनापि शरीरस्थितिप्रयोजक एवातिशयः कुतो न कल्प्यते ?–'मोहे सत्याहारावश्यंभावः' इत्येनं नियममुल्लङ्घ्य न तत्कल्प्यते–इति चेत् ? 'कवलाहारे सति निर्हाराऽवश्यंभावः' इत्येनं नियममुल्लङ्घ्यापरमपि कथं कल्पनीयं ? 'रसीभूताहारपुद्गलानामाहारपर्याप्त्यादिना नीरसीकरणमेव निर्हार इत्युक्तकल्पनायां नोक्तनियमातिक्रमः' इति तु रिक्तं वचः, तस्य निर्हारपदाऽवाच्यत्वात्, कवलाहारस्य निर्हारविशेषेण व्याप्तत्वाद्वेति किमुत्सूत्रोपहतकुतर्कनिरासप्रयासेन ? ॥१२०॥

**ઉત્તરપક્ષઃ–** એ વાત અયુક્ત છે કારણ કે પર્યાપ્તિસહકૃતજઠરાનલ જ રસીભૂત આહારને વિવિધપરિણતિવિશેષરૂપે પરિણમાવવામાં નિયામક છે, માત્ર પર્યાપ્તિ નહિ. એ પરિણામો કરવામાં જો જઠરાનલ સક્રિય ન હોય તો તો ત્યાં હાજર રહેલો તેનો ઉદ્ભૂતસ્પર્શ આહારને ભસ્મ જ શા માટે ન કરી નાખે ? 'આહારપર્યાપ્તિથી થતો રસપરિણામ જઠરાનલથી થતા આહારના દાહમાં પ્રતિબંધક હોવાથી આહાર બળી જતો નથી' એવું પણ ગૌરવરૂપ હોવાથી માની શકાતું નથી.

**[નીહારાભાવનો અતિશય માનવામાં આપત્તિ]**

આથી જ–'જેમ લોખંડના તપેલા ગોળા પર પડેલું પાણીનું બિન્દુ ઊડી જાય છે તેમ તેઓના જઠરાનલમાં ખાધેલું અન્ન ભસ્મીભૂત થઇ જાય છે'–એવું પામરે કહેલું દૃષ્ટાન્ત પણ પરાસ્ત જાણવું કારણ કે એવું હોવામાં આહાર ધાતુઆદિરૂપે પરિણત જ ન થવાથી શરીરકૃશતાદિ થવાની આપત્તિ આવે. વળી આવો અપ્રામાણિક અતિશય પણ કલ્પી શકાતો હોય તો તો આહાર વિના પણ તેઓનું શરીર ટકાવી રાખે એવો જ કોઇ અતિશય શા માટે ન કલ્પવો ?

**પૂર્વપક્ષઃ–**શ્રીતીર્થંકરાદિને છદ્મસ્થાવસ્થામાં પણ જુગુપ્સનીય નીહારાદિ હોતા નથી. તેથી એ ઉપપન્ન કરવા છદ્મસ્થાવસ્થામાં પણ આહાર વિના જ શરીરસ્થિતિ હોવાનો અતિશય માનવો પડે, જે માનવામાં 'મોહની હાજરીમાં અવશ્ય આહાર હોય જ' એવા નિયમનું ઉલ્લંઘન થઇ જાય. એ નિયમનું ઉલ્લંઘન થવાના ભયે છદ્મસ્થાવસ્થામાં આહાર વિના જ શરીરસ્થિતિ હોવાનો અતિશય માની શકાય તેમ જો ન હોય તો પછી 'આહાર હોવા છતાં નીહાર હોતો નથી' એવો અતિશય જ માનવો પડે, અને તો પછી કેવળી અવસ્થામાં પણ એ જ અતિશયથી જુગુપ્સનીય નીહારનો અભાવ ઉપપન્ન હોવાથી આહાર વિના શરીરસ્થિતિ હોવાનો અતિશય માની શકાતો નથી.

**[કવલાહારની હાજરીમાં નીહાર આવશ્યક]**

**ઉત્તરપક્ષઃ–** 'કવલાહાર હોવામાં નીહાર પણ અવશ્ય હોય જ' એવા નિયમનું ઉલ્લંઘન કરીને 'કેવળીઓને નિર્હાર હોતો નથી' એવો અતિશય પણ શી રીતે કલ્પી શકાય ?

अथ यो भगवतां भुक्त्यभावमतिशयमेव मन्यते तमुपहसितुमाह—

**जो पुण भुत्तिअभावो केवलिणो अइसउत्ति जंपेइ ।**
**सो वायामित्तेणं साहेउ सुहं खपुप्फंपि ॥१२१॥**

(यः पुनर्भुक्त्यभावः केवलिनोऽतिशय इति जल्पति । स वाङ्मात्रेण साधयतु सुखं खपुष्पमपि ॥१२१॥)

यः खलु केवलिनां कुतो न भुक्तिः ? इति प्रश्ने भुक्त्यभावातिशयादित्युत्तरयति स खलु चक्षुषी निमील्य प्रश्नमेवोत्तरयति । किञ्चास्य देवानांप्रियस्य निजवाग्लीलामात्रेणैवासिद्धसाधनकुतूहलकृतो गगनकुसुममप्यात्मलाभाय प्रष्टव्यं स्यात् । अथ भुक्त्यभावातिशयोपदेशकागमाद्भुक्त्यभावः साध्यत इति तात्पर्यमिति चेत् ? न, भुक्तिप्रतिपादकस्यैवागमस्य व्यवस्थितत्वाद्,

---

**પૂર્વપક્ષ** :–એ નિયમમાં 'નિર્હાર' શબ્દનો અર્થ એ છે કે રસીભૂત આહાર પુદ્ગલોને આહારપર્યાપ્તિ વગેરેથી નીરસ કરવા. આવો નિર્હાર કેવળીઓને પણ હોય જ છે તેથી આ નિયમનું ઉલ્લંઘન નથી અને નીરસ થએલ તે પુદ્ગલો જઠરાગ્નિથી ભસ્મીભૂત થઈ જતા હોવાથી જુગુપ્સનીય પુરીષાદિ પણ હોતા નથી.

**ઉત્તરપક્ષ** :– તમારી આ વાત યુક્તિવિકલ છે કારણ કે તેવું નિરસીકરણ નિર્હારપદ વાચ્ય નથી. કદાચ નિર્હારપદવાચ્ય હોય તો પણ કવલાહાર તો પુરીષાદિરૂપ નિર્હારવિશેષને વ્યાપ્ત હોવાથી એ નિયમમાં તદ્રૂપનિર્હારવિશેષ જ ઘટકીભૂત છે. અર્થાત્ 'કવલાહાર હોય તો પુરીષાદિરૂપ નિર્હારવિશેષ હોય જ' એવો નિયમ હોવાથી પુરીષાદિ તો માનવા જ પડે છે. વળી શાસ્ત્રમાં અદૃશ્ય નિર્હારાદિ કહ્યા હોવાથી 'નિર્હારાદિ હોતા જ નથી' એવી કલ્પના કરવી ઉત્સૂત્ર છે તેથી ઉત્સૂત્રથી હણાયેલા તમારા કુતર્કનો નિરાસ કરવાના વધુ પ્રયાસથી સર્યું. ! ॥૧૨૦॥

'કવલાહાર ન હોવો' એ કેવળીઓનો એક અતિશય છે એવું માનનારનો ઉપહાસ કરતાં ગ્રન્થકારશ્રી કહે છે–

**[ ભોજનાભાવનો અતિશય માનનારની ઉપહાસ્યતા ]**

**ગાથાર્થ** :–'કવલાહારનો અભાવ કેવળીઓનો અતિશય છે' એવું જે કહે છે તે તો એ અતિશયને યુક્તિ વિનાના વચનમાત્રથી જ સાધતો હોવાથી એ રીતે વચનમાત્રથી જ આકાશ પુષ્પની પણ ભલે સિદ્ધિ કરે !

કેવળીઓને ભોજન કેમ હોતું નથી ? એવા પ્રશ્નનો 'કારણ કે તેઓને ભોજન ન કરવારૂપ અતિશય હોય છે' એવો જે વાદી જવાબ આપે છે એ ખરેખર તો આંખ મીંચીને પ્રશ્નનું જ જવાબ તરીકે પુનરાવર્ત્તન કરે છે. વળી અસિદ્ધ વસ્તુની પોતાના વચન માત્રથી સિદ્ધિ કરવાના કુતૂહલવાળા એને તો 'તારા વચન માત્રથી જ આકાશપુષ્પને પણ કેમ સિદ્ધ કરતો નથી ?' એવું પૂછવું જોઈએ. અર્થાત્ જેમ બોલવામાત્રથી કંઈ આકાશપુષ્પ ઉત્પન્ન થઈ જતું નથી એમ કેવળીઓને ભોજનાભાવ અતિશય પણ તારા બોલવા માત્રથી ઉત્પન્ન થઈ જતો નથી.

आहारनीहारविधेरदृश्यत्वस्यैवातिशयस्योपदेशाद्, एनमुल्लङ्घ्य भुक्त्यभावातिशयोपदेशकशास्त्रप्रणयने महद्वैपरीत्यमिति । कियन्तो वा दधिमाषभोजने कृष्णा विवेचनीयाः ? किञ्चायं न तीर्थकृतामतिशयः, सामान्यकेवलिसाधारण्यात्, नापि केवलिनामेव, देवादिसाधारण्यात्, अत एव न घातिकर्मक्षयसमुत्थोऽयमतिशयः, घातिकर्मक्षयं विनापि देवादीनां तच्छ्रवणात् । अथ देवानां भुक्त्यभावो न मोहक्षयाधीनः, किन्तु कारणान्तरवैकल्यप्रयुक्तः, इति मोहक्षयजनितो भुक्त्यभावो भगवतामतिशय इति चेत् ? न, भुक्तेर्मोहजन्यत्वनिरासेन तदभावस्य तत्क्षयाऽजन्यत्वात् । नापि देवकृतः, आत्मगतगुणोत्कर्षरूपस्यातिशयस्य तैरकरणाद् । नापि साहजिकः, उभयवाद्यनभ्युपगमादिति न किंचिदेतत् ॥१२१॥ अथैनमर्थमुपसंहरति—

---

**પૂર્વપક્ષ** :–ભોજનાભાવ અતિશયને જણાવનાર આગમ વચનથી અમે ભોજનાભાવ સિદ્ધ કરીએ છીએ, અમારા પોતાના વચનમાત્રથી નહિ.

**[ આગમથી પણ ભોજનાભાવ સિદ્ધ નથી ]**

**ઉત્તરપક્ષ** :–એ રીતે પણ ભોજનાભાવ સિદ્ધ થતો નથી કારણ કે 'આહારનીહારવિધિ અદૃશ્ય હોય છે' એવા ઉપદેશવચનથી આગમ તો ઉલ્ટું ભુક્તિનું જ પ્રતિપાદન કરે છે. આવા આગમનું ઉલ્લંઘન કરીને ભોજનાભાવાતિશયનું પ્રતિપાદક આગમ બનાવવું એ ખરી તમારી વક્રતા ! અથવા તો અડદ–દહીંના ભોજનમાંથી કેટલા કાળા દાણા કાઢવા ? અર્થાત્ એમાં ભારોભાર અડદ હોવાથી કાળા દાણા નીકળ્યા જ કરે એમ તમારી વિપરીત માન્યતાઓ દોષોથી ભરપૂર હોવાથી એમાંથી દોષો નીકળ્યા જ કરે છે. વળી ભોજનાભાવને શ્રી તીર્થંકરોનો અતિશય તમારાથી મનાય નહિ કારણ કે સામાન્ય કેવળીઓને પણ તમે એ હોવો માનો છો. એમ 'સામાન્યકેવળીઓનો એ અતિશય છે' એવું પણ મનાય નહિ કારણ કે દેવાદિને પણ હોય છે. તેથી જ એ અતિશય ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થએલો હોય છે એવું પણ માની શકાતું નથી કારણ કે કવલાહાર વિનાના એવા પણ દેવોને કંઇ ઘાતીકર્મનો ક્ષય થયો હોતો નથી.

**પૂર્વપક્ષ** :–દેવોને જે ભોજનાભાવ હોય છે એ મોહક્ષયના કારણે નહિ, પણ ભોજન સામગ્રીમાં અંતર્ગત કારણાન્તરની વિકલતાના કારણે હોય છે જ્યારે કેવળીઓને તે મોહક્ષયના કારણે હોય છે. તેથી તેઓને જ એ અતિશયરૂપ છે.

**ઉત્તરપક્ષ** :– ભોજન મોહજન્ય નથી એ અમે આગળ સિદ્ધ કરી ગયા છીએ. તેથી ભોજનાભાવને પણ મોહક્ષયજન્ય મનાય નહિ. વળી ભોજનાભાવ રૂપ અતિશયને દેવકૃત પણ મનાય નહિ, કારણ કે આત્મગત ગુણના ઉત્કર્ષરૂપ અતિશયને દેવો કરી શકતા નથી, જેમ કે કેવલજ્ઞાનાદિરૂપ અતિશય. ભોજનાભાવ પણ અનાહારીપણારૂપ આત્મગતગુણના ઉત્કર્ષરૂપ જ છે. વળી એ સાહજિક અતિશય છે એવું પણ મનાતું નથી કારણ કે વાદી અને પ્રતિવાદી ઉભયને તે માન્ય નથી. ॥૧૨૧॥

આ જ વાતનો ઉપસંહાર કરતાં ગ્રન્થકાર કહે છે–

**एवं कवलाहारो जुत्तीहिं समत्थिओ जिणवराणं ।**
**पुव्वायरिएहिं जहा तहेव लेसेण उवइट्ठो ॥१२२॥**

(एवं कवलाहारो युक्तिभिः समर्थितो जिनवराणाम् । पूर्वाचार्यैर्यथा तथैव लेशेनोपदिष्टः ॥१२२॥)

स्पष्टा ॥१२२॥ एवं च केवलिनः कवलभोजित्वे समर्थिते तस्य पूर्वप्रस्तुतं कृतकृत्यत्वमक्षतमित्याह—

**तेण केवलनाणी कयकिच्चो चेव कवलभोईवि ।**
**नाणाईण गुणाणं पडिघायाभावओ सिद्धो ॥१२३॥**

(तेन केवलज्ञानी कृतकृत्य एव कवलभोज्यपि । ज्ञानादीनां गुणानां प्रतिघाताभावतः सिद्धः ॥१२३॥)

कवलभोजित्वेऽपि केवलिनां ज्ञानादिगुणाऽप्रतिघातात् कृतकृत्यत्वं निराबाधमेव । कुतः ? के च ते ज्ञानादिगुणाः ? उच्यते—ज्ञानावरणक्षयात् केवलज्ञानं, दर्शनावरणक्षयात् केवलदर्शनं, मोहक्षयात् क्षायिकसम्यक्त्वचारित्रे, अन्तरायक्षयाद्दानादिलब्धिपञ्चकं चेति । यद्यपि निखिल-

---

**ગાથાર્થ** :– આમ કેવળીઓને કવલાહાર હોય છે એ વાત પૂર્વાચાર્યોએ જે રીતે યુક્તિઓથી સમર્થિત કરી છે તે રીતે અમે પણ સંક્ષેપથી કહી. ગાથાર્થ સ્પષ્ટ છે. ।।૧૨૨।।

આ રીતે કેવળીઓના કવલાહારનું સમર્થન કર્યું. એટલે કવલભોજી હોવા છતાં પૂર્વે ૭૧ મી ગાથામાં પ્રસ્તુત કરેલ તેઓનું કૃતકૃત્યત્વ તો અક્ષત જ છે એવું ગ્રન્થકાર જણાવે છે—

**[ કવલાહાર હોવા છતાં કૃતકૃત્યત્વ અખંડિત ]**

**ગાથાર્થ** :– તેથી 'કવલભોજી હોવા છતાં કેવળીઓ કૃતકૃત્ય જ હોય છે' એ વાત તેઓના જ્ઞાનાદિ ગુણોનો કવલાહારથી પ્રતિઘાત થતો ન હોવાથી સિદ્ધ થઈ.

કવલાહારથી જ્ઞાનાદિગુણોનો પ્રતિઘાત થતો ન હોવાથી કેવળીઓનું કૃતકૃત્યત્વ તો અખંડિત જ છે.

**પ્રશ્ન** :–તમે આવું શેના આધારે કહો છો ? વળી તે જ્ઞાનાદિ ગુણો કયા કયા છે ?

**ઉત્તર** :– જ્ઞાનાવરણના ક્ષયથી કેવલજ્ઞાન, દર્શનાવરણના ક્ષયથી કેવલદર્શન, મોહક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ તેમજ ક્ષાયિક ચારિત્ર અને અંતરાયના ક્ષયથી દાનાદિ પાંચ લબ્ધિઓ રૂપ ગુણો કેવળીઓને પ્રગટ થાય છે. જો કે સંપૂર્ણ કર્મક્ષયથી થતાં સઘળા ગુણો તો સિદ્ધાત્મામાં જ હોવાથી સર્વથા કૃતકૃત્ય તો તેઓ જ હોય છે છતાં ૪ ઘાતીકર્મોના ક્ષયથી થએલ ગુણો કેવળીમાં પણ હોવાથી કેવળી પણ દેશતઃ કૃતકૃત્ય કહેવાય છે.

**પૂર્વપક્ષ** :– એ રીતે તો અવિરતક્ષાયિકસમ્યક્ત્વીને પણ દેશકૃતકૃત્ય કહેવા પડશે કારણ કે તેઓને પણ દર્શનમોહનીયક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વગુણ પ્રકટ થયો જ હોય છે.

**[ કેવલજ્ઞાનાદિ અનેક અંશોથી કૃતકૃત્યતા ]**

**ઉત્તરપક્ષ** :–છતાં તેઓ આ એક જ અંશથી કૃતકૃત્ય હોય છે જ્યારે કેવળીઓ કેવલજ્ઞાનાદિરૂપ અનેક અંશોથી કૃતકૃત્ય હોય છે, આટલો એમાં ફેર છે.

कर्मक्षयजन्यनिखिलगुणभाजनतया सिद्ध एव कार्त्स्न्येन कृतकृत्यस्तथापि कर्मचतुष्टयक्षयजन्यगुणभाजनतया केवली देशकृतकृत्यो वेदितव्यः। न चाविरतक्षायिकसम्यग्दृशोऽप्येवं कृतकृत्याः प्रसजेयुर्नित्यविशेषापत्ति(?रविशेषापत्ते)रिति शङ्कनीयं, तेषां देशेन कृतकृत्यत्वं, केवलिनां तु देशैः कृतकृत्यत्वमिति विशेषात्। अथैवं "केवली कृतकृत्यः, न त्वविरतसम्यग्दृष्टिः" इति कथं व्यवहार इति चेत्? केवलिनमपेक्ष्य कृतकृत्यत्वाभावविषयत्वात्, महत्यपि तडागे 'समुद्रो महान्, न तडागः' इति समुद्रमपेक्ष्य महत्त्वाभावव्यवहारवत्, तदवधिकत्वं च सन्निध्यादिसिद्धं तत्र भासत इति व्यवहारपद्धतिः। निश्चयस्त्वखण्डमेव वस्तु मन्यते, इति कार्त्स्न्येन कृतकृत्यं सिद्धमेव स कृतकृत्यमाह नान्यम् ॥१२३॥

अथ केवलि-सिद्धयोः केवलज्ञानस्याऽविशिष्टत्वात् ज्ञानस्य कार्त्स्न्येन शुद्धौ तदाश्रयस्यापि कार्त्स्न्येन शुद्धत्वे केवलिनः कार्त्स्न्येन कृतकृत्यत्वप्रसङ्ग इत्याशङ्कायामाह—

नाणस्स विसुद्धीए अप्पा एगन्तओ ण संसुद्धो ।
जम्हा नाणं अप्पा अप्पा नाणं व अण्णं वा ॥१२४॥

(ज्ञानस्य विशुद्ध्यात्मैकान्ततो न संशुद्धः। यस्माद् ज्ञानमात्मात्मा ज्ञानं वाऽन्यद्वा ॥१२४॥)

---

**પૂર્વપક્ષ :–** કૃતકૃત્યત્વવ્યવહારનું પ્રયોજક દેશકૃતકૃત્યત્વ તો બન્નેમાં નિર્બાધપણે હોવાથી 'કેવલી કૃતકૃત્ય છે અને અવિરત ક્ષાયિક સમ્યક્ત્વી કૃતકૃત્ય નથી' એવો વ્યવહાર શી રીતે થશે?

**ઉત્તરપક્ષ :–** જેમ તળાવ ગમે તેવું મોટું હોવા છતાં સમુદ્રની અપેક્ષાએ નાનું હોવાથી 'સમુદ્ર મોટો છે, તળાવ નહિ' એવો વ્યવહાર થાય છે એમ કેવળીની અપેક્ષાએ ક્ષાયિકસમ્યક્ત્વીમાં કૃતકૃત્યત્વાભાવનો વ્યવહાર થાય છે.

**પૂર્વપક્ષ :–** કેવળીની ગેરહાજરીમાં પણ અવિરતક્ષાયિકસમ્યક્ત્વીને આશ્રીને 'એ કૃતકૃત્ય નથી' એવો જે વ્યવહાર થાય છે એ શી રીતે ઉપપન્ન કરશો?

**ઉત્તરપક્ષ :–** એ વખતે પણ બુદ્ધિમાં કેવળીની હાજરી હોય જ છે. અર્થાત્ બુદ્ધિમાં કેવળીની ઉપસ્થિતિ કરીને તદવધિક કૃતકૃત્યત્વાભાવનો વ્યવહાર થઈ શકે છે. નિશ્ચયનય તો વસ્તુને અખંડ જ માનનારો હોવાથી દેશકૃતકૃત્યત્વાદિ માનતો નથી, તેથી એ તો સર્વથા કૃતકૃત્ય થએલા સિદ્ધોને જ કૃતકૃત્ય કહે છે ભવસ્થ કેવળી વગેરે અન્યને નહિ. ॥ ૧૨૩ ॥

"કેવળી અને સિદ્ધનું કેવલજ્ઞાન એક જ સરખું છે અને કેવળીનું જ્ઞાન સંપૂર્ણપણે શુદ્ધ જ છે તેથી તેના આશ્રયભૂત ભવસ્થ કેવળીને પણ સર્વથા શુદ્ધ માનવા જોઈએ. ફલતઃ સર્વથા કૃતકૃત્ય પણ માનવા જ પડે" એવી વાદીની શંકાના અભિપ્રાયથી ગ્રન્થકાર કહે છે—

### [ જ્ઞાનશુદ્ધિમાં આત્મશુદ્ધિની ભજના ]

**ગાથાર્થ :–** જ્ઞાન વિશુદ્ધ હોવા માત્રથી તેના આશ્રયભૂત આત્માને એકાન્તે શુદ્ધ

ज्ञानस्यैकान्तशुद्धावात्मैकान्ततस्तदा शुद्धचेद् यद्यात्मा ज्ञानमेव भवेत्, न चैवमस्ति, किन्तु 'ज्ञानमात्मैव, आत्मा तु ज्ञानद्वारा ज्ञानमन्यद्वाराऽन्यदपि' इति सकलगुणसमुदायरूपस्यात्मनः सकलतच्छुद्धावेवैकान्ततः शुद्धिः, आत्मनः शुद्धौ तु ज्ञानादेः शुद्धिरावश्यकी, तस्यैकान्ततस्तदभिन्नत्वात् । इदमत्रावधेयं यद्–ज्ञानादिगुणानां परस्परं ज्ञानात्मनोश्चाऽतद्भावरूपं भेदमाश्रित्याऽपृथग्भावरूपोऽभेदो यदा प्रतिपाद्यते तदाऽऽत्मा ज्ञानमेवेति न प्रयोगः, यदा तु निखिलाऽऽत्मगुणानां ज्ञानेन सहाभेदवृत्तिराश्रीयते तदा स्यादेव तथा प्रयोगः, परं ज्ञानस्यैव नैकान्ततः शुद्धत्वव्यवहार इति न तदाश्रयस्य तत्प्रसङ्गः । ॥१२४॥

नन्वेवमात्मन एकान्ततः संशुद्धयभावे केवलिनः परमात्मत्वं न स्यादित्याशङ्कायामाह–

**एवं परमप्पत्तं नाणाइदुवारगं मुणेअव्वं ।**
**सव्वह परमप्पत्तं सिद्धाण चेव संसिद्धं ॥१२५॥**

(एवं परमात्मत्वं ज्ञानादिद्वारकं मुणितव्यम् । सर्वथा परमात्मत्वं सिद्धानामेव संसिद्धम् ॥१२५॥)

---

મનાય નહિ કારણ કે 'જ્ઞાન આત્મા જ છે' એવો નિયમ હોવા છતાં 'આત્મા જ્ઞાન જ છે' એવો નિયમ નથી. તેથી આત્મા અમુક અપેક્ષાએ જ્ઞાનભિન્ન પણ સંભવિત હોવાથી એ અંશે અશુદ્ધ પણ હોઈ શકે છે.

જ્ઞાનની સર્વથા શુદ્ધિ હોવામાં આત્માની પણ સર્વથા શુદ્ધિ ત્યારે જ સિદ્ધ થાય જો આત્મા માત્ર જ્ઞાનરૂપ જ હોય, પણ એવું તો છે નહિ. વ્યવસ્થા તો એવી જ છે કે 'જ્ઞાન, માત્ર આત્મારૂપ જ છે જ્યારે આત્મા જ્ઞાનદ્વારા જ્ઞાનાત્મક અને અન્ય=દર્શનાદિ દ્વારા અન્યાત્મક=દર્શનાદ્યાત્મક પણ હોય છે.' તેથી સર્વગુણસમુદાયરૂપ આત્મા, પોતાના સર્વગુણોની સર્વથા શુદ્ધિ (સંપૂર્ણતા) થએ છતે જ સર્વથા શુદ્ધ થાય છે. તેથી જ્ઞાનની શુદ્ધિમાં આત્માની શુદ્ધિ હોય જ એવો એકાન્ત નથી. જ્યારે આત્માની શુદ્ધિમાં જ્ઞાનની શુદ્ધિ અવશ્ય હોય જ છે કારણ કે જ્ઞાન આત્માથી સર્વથા અભિન્ન છે પણ આત્મા જ્ઞાનથી સર્વથા અભિન્ન નથી. અહીં આ તાત્પર્ય છે કે–જ્યારે જ્ઞાનાદિ ગુણોનો પરસ્પર અને સ્વાશ્રય આત્મા સાથે અતદ્ભાવરૂપ ભેદ (અતાદાત્મ્યરૂપ ભેદ)નો આશ્રય કરીએ ત્યારે પણ જ્ઞાનાદિ ગુણો આશ્રયથી પૃથગ્ મળતાં ન હોવાથી અપૃથગ્ભાવરૂપ અભેદ કહી શકાય તેમ છે, પણ ત્યારે 'આત્મા, જ્ઞાનરૂપ જ છે' એવો પ્રયોગ થતો નથી. પરંતુ જ્યારે એક જ આશ્રયવાળા હોવાના કારણે આત્માના સઘળા ગુણોની જ્ઞાન સાથેની અભેદવૃત્તિનો આશ્રય કરાય ત્યારે એવો પ્રયોગ થઈ શકે છે. પણ તે વખતે એ વાત ધ્યાનમાં રાખવાની કે કેવલી અવસ્થામાં અઘાતિકર્મક્ષયજન્ય ગુણો શુદ્ધ ન હોવાથી તદ્ભિન્ન જ્ઞાનનો પણ એકાન્તે શુદ્ધ હોવાનો વ્યવહાર થતો નથી તેથી તેના આશ્રયભૂત આત્માનો પણ તેવો વ્યવહાર કરવાની આપત્તિ આવતી નથી. ॥૧૨૪॥

આ રીતે જો આત્મા એકાન્તે શુદ્ધ થયો ન હોય તો તો કેવળીઓને પરમાત્મા કહી શકાશે નહિ એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકારશ્રી કહે છે–

ज्ञानादयो हि ये गुणाः केवलिनां शुद्धास्तद्द्वारैव ते परमात्मानः, भाविनि भूतवदुपचारेण वा, सर्वथा वर्त्तमानग्राहिनयेन तु सिद्धाः । अत्रेयं व्यवस्था—आत्मानः खलु त्रिविधाः—बाह्यात्माऽन्तरात्मा परमात्मा चेति । तत्र बाह्यात्माऽऽत्मत्वेन गृह्यमाणः कायादिः, तदधिष्ठायकोऽन्तरात्मा, परमात्मा तु निःशेषकलङ्करहित इति । तदुक्तं योगशास्त्रे—[१२-८]

आत्मधिया समुपात्तः कायादिः कीर्त्यतेऽत्र बहिरात्मा ।
कायादेः समधिष्ठायको भवत्यन्यतरात्मा तु ॥ १ ॥
चिद्रूपानन्दमयो निःशेषोपाधिवर्जितः शुद्धः ।
अत्यक्षोऽनन्तगुणः परमात्मा कीर्त्तितस्तज्ज्ञैः ॥ २ ॥ इति

युक्तं चैतद्, अन्तरात्मनो ध्यातृत्वेन बाह्यात्मनः स्वान्तरात्मनि स्वभेदज्ञानेन मिथ्याज्ञाननिवृत्तिप्रयोजकतया ध्यानोपयोगित्वात् ।

---

**ગાથાર્થ** :–આમ ભવસ્થકેવળીનું પરમાત્મપણું જ્ઞાનાદિ દ્વારા જ જાણવું. સર્વથા પરમાત્મત્વ તો સિદ્ધોને જ સિદ્ધ થયું હોય છે.

કેવળીઓને જે જ્ઞાનાદિ શુદ્ધ ગુણો હોય છે તે દ્વારા જ તેઓ પરમાત્મા છે અથવા નજીકના ભવિષ્યમાં તેઓ પણ સર્વથા પરમાત્મા થવાના છે તેનો ભૂતકાળમાં 'તેઓ પરમાત્મા થઈ ગયા એવો ઉપચાર કરવાથી તે પણ 'પરમાત્મા' જાણવા. સર્વથા વર્ત્તમાનપર્યાય માત્રના ગ્રાહક ઋજુસૂત્રનય મતે તો સિદ્ધો જ પરમાત્મા છે.

**[આત્માના બાહ્યાત્માદિ ત્રણ પ્રકાર]**

આ બાબતમાં આવી વ્યવસ્થા છે–આત્મા ત્રણ પ્રકારના છે–બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્મા... મૂઢ જીવો જેને આત્મા તરીકે માને છે તે શરીર બાહ્યાત્મા છે, તેનો અધિષ્ઠાતા જીવ અંતરાત્મા છે. સર્વકલંકથી મુક્ત આત્મા પરમાત્મા છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે "આત્મબુદ્ધિથી ગૃહીત થતાં કાયાદિ બહિરાત્મા કહેવાય છે, તે કાયાદિનો અધિષ્ઠાતા અંતરાત્મા છે જ્યારે ચિદ્રૂપ–આનંદમય–સર્વઉપાધિઓથી રહિત, શુદ્ધ અતીન્દ્રિય અને અનંતગુણવાળા આત્માને આત્મતત્ત્વના જાણકારો પરમાત્મા કહે છે." આ રીતનો વિભાગ યુક્ત પણ છે કારણ કે અન્તરાત્મા ધ્યાતા તરીકે અને બાહ્યાત્મા, પોતાના અંતરાત્મામાં પોતાના ભેદનું જ્ઞાન કરાવવા દ્વારા મિથ્યાજ્ઞાનનિવૃત્તિમાં પ્રયોજક બનવા રૂપે ધ્યાનમાં ઉપયોગી છે.

**[બીજી રીતે બાહ્યાત્માદિ વિભાજન]**

વળી બીજાઓ આરીતે વિભાજન કરે છે. મિથ્યાત્વાદિથી પરિણત ૧ થી ૩ ગુણઠાણાવાળો જીવ બાહ્યાત્મા છે, સમ્યક્ત્વાદિથી પરિણત ૪ થી ૧૨ ગુણઠાણાવાળો જીવ અંતરાત્મા છે જ્યારે કેવલજ્ઞાનાદિથી પરિણત ૧૩–૧૪ ગુણઠાણાવાળા જીવો અને સિદ્ધો પરમાત્મા છે.

अन्ये तु–मिथ्यादर्शनादिभावपरिणतो बाह्यात्मा, सम्यग्दर्शनादिपरिणतस्त्वन्तरात्मा, केवलज्ञानादिपरिणतस्तु परमात्मा । तत्राद्यगुणस्थानत्रये बाह्यात्मा, ततः परं क्षीणमोहगुणस्थानं यावदन्तरात्मा, ततः परं तु परमात्मेति । तथा व्यक्त्या बाह्यात्मा शक्त्या परमात्मान्तरात्मा च । व्यक्त्याऽन्तरात्मा तु शक्त्या परमात्मा, अनुभूतपूर्वनयेन च बाह्यात्मा । व्यक्त्या परमात्मा अनुभूतपूर्वनयेनैव बाह्यात्मान्तरात्मा चेति । तथा च संग्रहगाथे—

[1]वत्तीए बज्झप्पा सत्तीए दोवि अंतरप्पा य । सत्तीए परमप्पा बज्झप्पा भूअपुव्वेणं ।१।
[2]वत्तीए परमप्पा दोवि पुण णएण भूअपुव्वेणं ।
मीसे खीणसजोगे सीमन्धरा ते तओ हुंति ।।२।। त्ति ।

---

આ બાબતમાં આવી પણ પ્રરૂપણા છે.—વ્યક્તિ રૂપે બાહ્યાત્મા એવા મિથ્યાત્વી વગેરે જીવો શક્તિથી પરમાત્મા તેમજ અન્તરાત્મા છે (એટલે કે તેઓમાં અન્તરાત્મા તેમજ પરમાત્મા બનવાની શક્તિ રહેલ છે) વ્યક્તિ રૂપે અંતરાત્મા એવા સમ્યક્ત્વીઆદિ જીવો શક્તિથી પરમાત્મા છે તેમજ અનુભૂતપૂર્વનયથી બાહ્યાત્મા છે. એમ વ્યક્તિરૂપે પરમાત્મા એવા કેવળીઆદિ આત્માઓ અનુભૂતપૂર્વનયથી બાહ્યાત્મા અને અન્તરાત્મા છે. આવું જ આ બે સંગ્રહગાથાઓમાં જણાવ્યું છે—'વ્યક્તિથી બાહ્યાત્મા શક્તિથી અંતરાત્મા અને પરમાત્મા બન્ને છે, વ્યકિતથી અંતરાત્મા શક્તિથી પરમાત્મા છે અને ભૂતપૂર્વનયથી બાહ્યાત્મા છે ।।૧।। વ્યક્તિથી પરમાત્મા ભૂતપૂર્વનયથી બાહ્યાત્મા અને અન્તરાત્મા બન્ને છે વ્યક્તિથી આ ત્રણે જાતના આત્માઓ અનુક્રમે મિશ્રગુણઠાણારૂપ, ક્ષીણમોહગુણઠાણારૂપ અને સયોગીકેવળીગુણઠાણારૂપ સીમાને ધારે છે' અહીં મિશ્ર અને ક્ષીણમોહ એ ઉત્તરમર્યાદાઓ જાણવી અને સયોગીકેવળી તે પૂર્વમર્યાદા જાણવી.

### [શક્તિને તિર્યક્-ઊર્ધ્વ સામાન્યરૂપ મનાય નહિ]

જો કે અહીં પ્રશ્ન તો છે જ કે શક્તિ એટલે શું ? ભિન્ન ભિન્ન વ્યક્તિમાં રહેલ સમાનધર્માત્મક જાતિ રૂપ જે તિર્યક્સામાન્ય તે અહીં શક્તિરૂપે લઇ શકાય તેમ નથી કારણ કે એમ માનીએ તો બાહ્યાત્મા એવા મિથ્યાત્વી આદિમાં શક્તિથી અંતરાત્મત્વ હોવા છતાં સમ્યગ્દૃષ્ટિત્વાદિ સમાન ધર્મરૂપ સમ્યગ્દૃષ્ટિતુલ્યત્વ ન હોવાથી તેમાં શક્તિથી પણ અંતરાત્મત્વ કહી શકાશે નહિ. ગમે તે સમાન ધર્મરૂપ તુલ્યત્વ લઇને શક્તિથી અંતરાત્મત્વ ઘટાવવાનું હોય તો તો આત્મત્વ ધર્મને લઇને પરમાત્માને પણ શક્તિથી અંતરાત્મા કહેવાનો અતિપ્રસંગ આવે. શક્તિ એટલે ઊર્ધ્વતાસામાન્ય પણ માની શકાય તેમ નથી કારણ કે એક આત્માગત પૂર્વાપર પર્યાયોમાં સાધારણ અર્થાત્ એક અન્વયી અનુગત દ્રવ્ય જ ઊર્ધ્વતાસામાન્યરૂપ હોવાથી, જે બાહ્યાત્મામાં અન્તરાત્માદિરૂપ પર્યાય પહેલાં કયારેય થયો નથી કે ભવિષ્યમાં થવાનો પણ નથી તેનું આત્મદ્રવ્ય અન્તરાત્મ-

---

१. व्यक्त्या बाह्यात्मा शक्त्या द्वावपि अंतरात्मा च । शक्त्या परमात्मा बाह्यात्मा भूतपूर्वेण ।।
२. व्यक्त्या परमात्मा द्वावपि पुनर्नयेन भूतपूर्वेण । मिश्रे क्षीण–सयोगे सीमन्धरास्ते त्रयो भवन्ति ।।

यद्यपि शक्तिरत्र न तिर्यक्सामान्यं, मिथ्यादृष्टेः सम्यग्दृष्टितुल्यत्वाभावात्, येनकेनचिद्धर्मेण तुल्यत्वस्यातिप्रसङ्गित्वात् । नाप्यूर्ध्वतासामान्यं, पूर्वापरपर्यायसाधारणद्रव्यस्यैव तथात्वेन यत्र बाह्यात्मन्यन्तरात्मादिपर्यायो न भूतो न वा भावी तत्रान्तरात्मादिशक्त्यभावप्रसङ्गात्, भूतपूर्वबाह्यात्मन्यन्तरात्मनि बाह्यात्मशक्तिप्रसङ्गाच्च । न च प्राप्यभावानामप्राप्तत्वावस्थैवास्त्वत्र शक्तिरिति वाच्यं, प्राप्यत्वं हि वर्त्तमानप्रागभावप्रतियोगिप्राप्तिकत्वम् इति प्राच्यदोषानुद्धारात् । एतेन 'शक्तिर्धर्मविशेष एव' इत्यपि परास्तं, तस्याः फलोन्नेयत्वात् । एवं व्यक्तिरपि दुर्वचेति । तथापि निश्चयनयप्रतीयमानं स्वरूपं शक्तिः, तच्च तन्निष्ठध्वंसाऽप्रतियोगित्वे सति तन्निष्ठात्यन्ताभावाऽप्रतियोगि, तेन नान्तरात्मनि भूतपूर्वबाह्यात्मशक्तिप्रसङ्गः, तत्पर्यायाणां तन्निष्ठध्वंसप्रतियोगित्वात् । न वा भव्यात्मन्यन्तरात्मादिशक्त्यभावप्रसङ्गः, अन्तरात्मपरमात्मपदप्रवृत्तिनिमित्तसम्यग्दर्शनकेवलज्ञानादिधर्माणामावरणमात्रेण तत्रात्यन्ताभावाभावात् । अवादिषं च–[1]'एत्थ णिरंजणभावे अंजणमवि बिंति ववहरणकुसला ।

एवं पुण घणपंती सहस्सरस्सिंपि अंजिज्जा ॥' त्ति

---

રૂપપર્યાયમાં અનુગત ન થવાના કારણે ઊર્ધ્વતાસામાન્યરૂપ બનશે નહિ અને તેથી તેવા અભવ્યાદિના આત્માને શક્તિથી પણ અંતરાત્મા કહી શકાશે નહીં એ આપત્તિ આવે. તદુપરાંત, અન્તરાત્માને પણ પૂર્વે બાહ્યાત્માપર્યાયનો અનુભવ કર્યો હોવાથી શક્તિથી બાહ્યાત્મા કહેવાની આપત્તિ આવે.

### [શક્તિ તે પ્રાપ્યાપ્રાપ્તિવાળી અવસ્થારૂપ કે ધર્મવિશેષરૂપ પણ નથી]

'પ્રાપ્યભાવોની (ભાવિપર્યાયોની) અપ્રાપ્તિવાળી અવસ્થા જ શક્તિ છે' એમ કહેવું પણ અયુક્ત છે, કારણ કે પૂર્વોક્ત દોષ ઊભો જ રહે છે તે આ રીતે–જેની પ્રાપ્તિ વર્ત્તમાનપ્રાગભાવનો પ્રતિયોગી હોય તે ભાવ પ્રાપ્ય કહેવાય છે. અર્થાત્ ભવિષ્યમાં જે પ્રાપ્તિ થવાની જ છે તેનો અત્યારે પ્રાગભાવ વર્ત્તતો હોવાથી તે પ્રાપ્તિ વર્ત્તમાન પ્રાગભાવનો પ્રતિયોગી બને અને તે જેની હોય તે ભાવ પ્રાપ્ય બને. અભવ્યાદિ, કે જેને ભવિષ્યમાં પણ ક્યારેય સમ્યક્ત્વાદિ ભાવો પ્રાપ્ત થવાના જ નથી તેઓમાં તેની પ્રાપ્તિનો પ્રાગભાવ પણ રહ્યો ન હોવાથી વર્ત્તમાન પ્રાગભાવના પ્રતિયોગી તરીકે દેવત્વપ્રાપ્તિ વગેરે જ લઈ શકાશે, સમ્યક્ત્વાદિપ્રાપ્તિ નહિ. તેથી સમ્યક્ત્વાદિ તેઓ માટે 'પ્રાપ્ય' જ ન બનવાથી શક્તિથી તેઓને અંતરાત્મા કહી શકાશે નહિ. તેથી જ 'શક્તિ ધર્મવિશેષરૂપ છે' એવી વાત પણ ઊડી જાય છે કારણ કે એવી શક્તિનું કોઈ સ્પષ્ટ નિર્વચન ન હોવાથી ફળ દ્વારા જ તેની કલ્પના કરવાની રહે છે અર્થાત્ જેમાં ફળ દેખાય તેમાં પૂર્વે તેવી શક્તિ હતી એમ કલ્પના કરવાની રહે છે. અભવ્યાદિમાં તો ક્યારેય સમ્યક્ત્વાદિફલોદય થવાનો ન હોવાથી શક્તિ પણ કલ્પી ન શકાવાના કારણે

---

૧. अत्र निरंजनभावेऽञ्जनमपि ब्रुवन्ति व्यवहरणकुशलाः । एवं पुनर्घनपङ्क्तिः सहस्ररश्मिमपि अञ्ज्यात् ॥

स्यादेतत्--सम्यग्दर्शनादिमत्त्वं तावन्नान्तरात्मपदप्रवृत्तिनिमित्तं, परमात्मन्यपि सत्त्वात्, किन्तु क्षायोपशमिकसम्यग्दर्शनादिमत्त्वं, तदत्यन्ताभावस्त्वभव्येऽप्यबाधित एव, तत्पर्यायाणां तस्य कदाचिदप्राप्तेरिति । मैवं, सरागसम्यग्दर्शनादेरेवान्तरात्मपदप्रवृत्तिनिमित्तत्वाद्, अन्यथा क्षायिकसम्यग्दृशस्तत्त्वाभावप्रसङ्गात्, तत्त्व तत्राप्यबाधितमेव । अथ तत्र सम्यग्दर्शनादिसत्त्व एव किं प्रमाणम् ? इति चेत् ? आत्मनो गुणस्वभावत्वान्यथानुपपत्तिरेव । तत्रैव किं मानम् ? इति चेत् ? अत्राचष्ट स्वष्टमिदमष्टसहस्रीकारो यद् "मिथ्यादर्शनापकर्षकप्रकर्षकत्वेन

---

તેઓમાં શક્તિથી અન્તરાત્મત્વની અનુપપત્તિ ઊભી જ રહે છે. આ જ રીતે 'વ્યક્તિ' નું પણ નિર્વચન દુઃશકય છે.

## [નિશ્ચયથી પ્રતીયમાન સ્વરૂપ જ શક્તિ]

છતાં એ પ્રશ્નનું આ રીતે સમાધાન પણ છે કે નિશ્ચયનયથી પ્રતીયમાન સ્વરૂપ જ શક્તિ છે. નિશ્ચયનય હંમેશા તે તે વસ્તુના નિરુપાધિક શુદ્ધ સ્વરૂપને જ લક્ષમાં લે છે. પછી ભલે એ શુદ્ધસ્વરૂપ પ્રકટ થયું હોય કે ન થયું હોય ! થવાનું હોય કે ન થવાનું હોય ! વળી એ સ્વરૂપ તેમાં રહેલ ધ્વંસનું અપ્રતિયોગી હોવા સાથે તેમાં રહેલ અત્યન્તાભાવનું અપ્રતિયોગી હોય છે. તેથી અન્તરાત્મામાં બાહ્યાત્મશક્તિ આવવાની આપત્તિ આવતી નથી. કારણ કે મિથ્યાત્વાદિ પર્યાયોનો ત્યાં અત્યન્ત અભાવ ન હોવાથી તે પર્યાયો અત્યન્તાભાવના અપ્રતિયોગી હોવા છતાં મિથ્યાત્વાદિ પર્યાયોનો ધ્વંસ તો થયો જ હોવાથી તે પર્યાયો ધ્વંસપ્રતિયોગી જ છે, અપ્રતિયોગી નથી. તેથી એ પર્યાયો શક્તિરૂપ ન બનવાથી અન્તરાત્માને શક્તિથી બહિરાત્મા માનવાની આપત્તિ આવતી નથી. એમ અભવ્યાદિમાં અન્તરાત્માદિ શક્તિના અભાવની આપત્તિ પણ આવતી નથી કારણ કે અન્તરાત્મપદપ્રવૃત્તિનિમિત્તભૂત જે સમ્યક્ત્વ અને પરમાત્મપદ પ્રવૃત્તિનિમિત્તભૂત જે કેવલજ્ઞાનાદિ, તે ધર્મોનો તેઓમાં અત્યન્તાભાવ હોતો નથી. પણ આવરણ કયારે ય ખસતું ન હોવાથી એ પ્રકટ થતા નથી. અમે અન્યત્ર કહ્યું છે કે 'આત્મા પોતે નિરંજન હોવા છતાં વ્યવહાર કુશળો તેનું અંજન પણ કહે છે. જેમકે પ્રકાશ સ્વભાવવાળો સૂર્ય પણ વાદળોની પંક્તિથી અંજાઈ (ઢંકાઇ) જઈ પૃથ્વી પર પ્રકાશ કરતો નથી.

## [અભવ્યાદિ શક્તિથી અંતરાત્મા નથી]

**પૂર્વપક્ષ :–** અંતરાત્મપદની પ્રવૃત્તિના નિમિત્તરૂપે સમ્યગ્દર્શનાદિ સામાન્યને ન માનતાં ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનાદિને માનવા જોઈએ, કારણ કે નહિતર તો સમ્યગ્દર્શનાદિ પરમાત્મામાં પણ રહ્યા હોવાથી તેઓને વિશે પણ 'અંતરાત્મા' પદનો પ્રયોગ થવાની આપત્તિ આવે. અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનાદિનો અત્યન્તાભાવ તો અભવ્યમાં પણ અબાધિત જ છે કારણ કે અભવ્યને તે પર્યાયો કયારે ય પ્રાપ્ત થતા નથી...
"અભવ્યાદિને પણ કેવલજ્ઞાન-સમ્યક્ત્વ આદિનો અત્યન્તાભાવ હોતો નથી, માત્ર આવરણ કયારે ય ખસતું ન હોવાના કારણે એ કયારેય પ્રકટ થતા નથી..." ઈત્યાદિ

પણ તમે જે કહ્યું, તે પણ ક્ષાયિકસમ્યક્ત્વ–કેવલજ્ઞાનાદિ અંગે જ જાણવું કારણ કે એ જ આત્માના શુદ્ધ સ્વરૂપાત્મક હોવાથી આવરાયેલ છે, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ નહિ. તેથી અભવ્યાદિમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો તો અભાવ જ હોવાથી તેઓને શક્તિથી પણ અંતરાત્મા કહી શકાય નહિ.

**[ ગુણસ્વભાવી અભવ્યાદિ પણ શક્તિથી અંતરાત્મા–ઉત્તરપક્ષ ]**

**ઉત્તરપક્ષ** :– ક્ષાયોપશમિક સમ્યક્ત્વને અન્તરાત્મપદપ્રવૃત્તિ નિમિત્ત માનવાની એ વાત બરાબર નથી. કારણ કે એમ હોવામાં છદ્મસ્થ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને અન્તરાત્મા કહી શકાશે નહિ. તેથી રાગસમાનાધિકરણ અથવા જ્ઞાનાવરણસમાનાધિકરણ સમ્યગ્દર્શનાદિને જ અન્તરાત્મપદના પ્રવૃત્તિનિમિત્ત માનવા યુક્ત છે અને એ તો અવિરતક્ષાયિક સમ્યક્ત્વી તેમજ અભવ્યાદિમાં પણ હાજર જ હોવાથી કોઈ આપત્તિ રહેતી નથી. સરાગસમ્યગ્દર્શન ૧૦ મા ગુણઠાણા સુધી જ હોવાથી ૧૧–૧૨ મા ગુણઠાણાવાળા આત્માઓનો અંતરાત્મા તરીકે અસંગ્રહ થાય છે તેથી આદિ પદથી તેનો સંગ્રહ સમજવો.

**પૂર્વપક્ષ** :– અભવ્યાદિમાં પણ આવરાયેલ ક્ષાયિકસમ્યક્ત્વ હાજર હોવામાં પ્રમાણ શું છે?

**ઉત્તરપક્ષ** :– આત્માની ગુણમયસ્વભાવતાની અન્યથાનુપપત્તિ જ સમ્યગ્દર્શનાદિ હોવામાં પ્રમાણ છે.

**પૂર્વપક્ષ** :– આત્માને ગુણસ્વભાવવાળો જ માનવામાં શું પ્રમાણ છે?

**[ ગુણસ્વભાવત્વસિદ્ધિનું અષ્ટસહસ્રીકારકૃત પ્રતિપાદન ]**

**ઉત્તરપક્ષ** :– આ બાબતમાં અષ્ટસહસ્રીકારે આ વાત નીચે પ્રમાણે સ્પષ્ટરૂપે કહી છે.

"કોઈક આત્માનો સંસાર અત્યંત નિવૃત્ત થાય છે કારણ કે તેના (સંસારના) કારણની અત્યંત નિવૃત્તિ અન્યથા અનુપપન્ન રહે છે."

**શંકા** :– સંસારના કારણની અત્યન્ત નિવૃત્તિ થાય છે એમાં પ્રમાણ શું?

**સમાધાન** :– મિથ્યાદર્શનાદિ સંસારકારણ છે એ વાત ઉભયમતસિદ્ધ છે. 'એ મિથ્યાદર્શનાદિ કોઈક જીવમાં અત્યન્ત નિવૃત્ત થાય છે કારણ કે એના વિરોધી સમ્યગ્દર્શનાદિ પરમપ્રકર્ષ પામે છે.' જ્યાં જેના વિરોધીનો પરમપ્રકર્ષ થાય છે ત્યાં તેની અત્યન્ત નિવૃત્તિ હોય છે. જેમકે જેની આંખમાં વિશિષ્ટ અંજનાદિનો પરમપ્રકર્ષ થાય છે, તેની આંખમાંથી તિમિરાદિ રોગની અત્યન્તનિવૃત્તિ થાય છે.

**શંકા** :– પણ સમ્યગ્દર્શનાદિ મિથ્યાદર્શનાદિના વિરોધી છે એવું શી રીતે નિશ્ચિત થાય?

**સમાધાન** :– સમ્યગ્દર્શનાદિના પ્રકર્ષમાં મિથ્યાદર્શનાદિનો અપકર્ષ દેખાતો હોવાથી એ નિશ્ચિત થાય છે. પ્રકર્ષ પામતું જે, જેનો અપકર્ષ કરે તેનું તે વિરોધી

तद्विरोधितया सिद्धस्य सम्यग्दर्शनादेः प्रकृष्यमाणत्वेन सिद्धेन परमप्रकर्षेण सिद्धमिथ्यादर्शनात्यन्तनिवृत्तेरन्यथानुपपत्त्या संसारात्यन्तनिवृत्तिसिद्धेः, क्वचित् सिद्धनिर्वृतावात्मनि सिद्धं गुणस्वभावत्वमन्यत्राप्यात्मत्वान्यथानुपपत्त्या साध्यते, दोषस्वभावत्वं तु विरोधाद्बाध्यते" इति । तच्चिन्त्यं, तिरोभावदशायामपि शक्त्या सत्त्वात् सातत्येन दोषवत्त्वरूपस्य दोषस्वभावत्वस्य परपर्यनुयुक्तस्यानादिनिगोदसिद्धस्यात्मत्वान्यथानुपपत्त्याऽन्यत्राप्यनिवार्यत्वात्, न खलु दोषगुणयोरविरोधे तदुभयस्वभावविरोधो नाम, अविष्वग्भावस्यैव स्वभावार्थत्वात् ।

---

હોય, જેમ કે પ્રકૃષ્યમાણ ઉષ્ણસ્પર્શ શીતસ્પર્શનો અપકર્ષ કરતો હોવાથી તેનો વિરોધી છે.

**શંકા :–** છતાં સમ્યગ્દર્શનાદિ પ્રકર્ષ પામે છે એવું શી રીતે સિદ્ધ થાય કે જેથી તેના વિરોધી મિથ્યાદર્શનાદિની અત્યંતનિવૃત્તિ સિદ્ધ થાય?

**સમાધાન :–** સમ્યગ્દર્શનાદિનો ક્યાંક પરમપ્રકર્ષ થાય છે કારણ કે એનો પ્રકર્ષ થતો દેખાય છે. જે પ્રકર્ષપામતું હોય તે ક્યારેક પરમપ્રકર્ષને પણ પામે છે જેમકે દ્વયણુકાદિમાં ઉત્તરોત્તર પ્રકર્ષ પામતું પરિમાણ આકાશમાં પરમપ્રકર્ષ પામે છે, આમ સમ્યગ્દર્શનનો પ્રકર્ષ મિથ્યાદર્શનનો અપકર્ષક હોવાથી મિથ્યાદર્શનના વિરોધી તરીકે સમ્યગ્દર્શનાદિ સિદ્ધ થાય છે. વળી સમ્યગ્દર્શનાદિના પ્રકર્ષથી સમ્યગ્દર્શનાદિનો પરમપ્રકર્ષ પણ સિદ્ધ થાય છે. તેમજ એના પરમપ્રકર્ષથી મિથ્યાત્વની અત્યન્ત નિવૃત્તિ પણ સિદ્ધ થાય છે. મિથ્યાદર્શનની અત્યન્તનિવૃત્તિ તે ભાવિમાં થનારી સંસારની અત્યન્તનિવૃત્તિ વિના ઘટતી ન હોવાથી સંસારની પણ અત્યન્તનિવૃત્તિ સિદ્ધ થાય છે. આત્મામાં સમ્યગ્દર્શનાદિગુણસ્વભાવતા વિના સંસારની આ અત્યન્તનિવૃત્તિ (=મુક્તિ) ઘટી શકે તેમ ન હોવાથી દરેક જીવમાં સમ્યગ્દર્શન–જ્ઞાનાદિગુણસ્વભાવત્વ સિદ્ધ થાય છે. જેથી અભવ્યાદિ સંસારી જીવોમાં પણ એ આ રીતે સિદ્ધ થાય છે–અભવ્યાદિ જીવો પણ ગુણસ્વભાવવાળા છે કારણ કે આત્મા છે, જેમકે મુક્તજીવો. અને દોષસ્વભાવ તો સિદ્ધ થએલા આ ગુણસ્વભાવનો વિરોધી હોવાથી આત્મામાં બાધિત છે.

## [ અષ્ટસહસ્રીકારનું નિરૂપણ અસંગત ]

પોતાને ગુણસ્વભાવત્વ ઇષ્ટ હોવા છતાં અષ્ટસહસ્રીકારે એ સિદ્ધ કરવા અપનાવેલ પદ્ધતિ ઇષ્ટ ન હોવાથી ગ્રન્થકાર કહે છે–આત્માનું ગુણસ્વભાવત્વ સિદ્ધ કરવા અષ્ટસહસ્રીકારે કરેલ આ પ્રરૂપણા વિચારણીય છે. કારણ કે આ રીતે તો બીજાઓ દ્વારા આપાદિત દોષસ્વભાવત્વ પણ અનિવાર્ય પણે માનવું પડે છે. તિરોભાવદશામાં પણ (અર્થાત્ આવિર્ભાવદશામાં તો ખરી જ) દોષોની શક્તિરૂપે હાજરી હોવાથી આત્મામાં દોષોનું સાતત્ય હોય છે. તેથી દોષો કાદાચિત્ક ન હોવાના કારણે આત્મા દોષસ્વભાવવાળો સિદ્ધ થવાની આપત્તિ છે. બીજાઓથી આ રીતે પ્રતિપાદિત થતું દોષસ્વભાવત્વ અનાદિ-

एतेन "स्फटिके श्यामिकेवात्मन्यज्ञानादिकमुपाधिजनितत्वान्न स्वभावः, अपि तु तत्रोज्ज्वलतेवात्मनि ज्ञानादिकमेव स्वभावः" इति परास्तं, दृष्टान्तवैषम्यात्, स्फटिके श्यामिकायाः स्वाश्रयसंयोगरूपपरम्परासंबन्धादुज्ज्वलतायास्तु साक्षात्संबन्धात्, साक्षात् संबन्धेन तत्र श्यामिकाभ्रमजननेनैवोपाधेश्चरितार्थत्वात्, अत्र तु कर्मात्मजनितदोषगुणयोरविष्वग्भावलक्षणसंबन्धाऽविशेषादेव। "अशुद्धनिश्चयग्राह्यो धर्मो दोषः, शुद्धनिश्चयग्राह्यस्तु गुण इति शुद्धनिश्चयग्राह्यधर्मवत्त्वेनैवात्मनो गुणस्वभावत्वमिति चेत्? न, गुणस्वभावत्वासिद्धौ तथाग्राह्यत्वासिद्धिस्तत्सिद्धौ च तत्सिद्धिरित्यन्योन्याश्रयादिति।

---

નિગોદમાં સિદ્ધ જ હોવાથી આત્મત્વ અન્યથાઅનુપપન્ન રહેતું હોવાના કારણે અન્યત્ર=સિદ્ધાદિમાં પણ અવશ્ય માનવું પડશે. અર્થાત્ "સિદ્ધાદિ જીવો પણ દોષસ્વભાવવાળા છે કારણ કે આત્મા છે, જેમ કે અનાદિનિગોદના જીવો..." આવા અનુમાનથી દોષસ્વભાવત્વ પણ માનવાની આપત્તિ આવે છે.

## [ દોષસ્વભાવત્વસિદ્ધિની આપત્તિ અંગે પ્રશ્ન-ઉત્તર]

અહીં આ આપત્તિનું વારણ કરવા અષ્ટસહસ્રીકાર પ્રશ્ન કરે કે—

**પ્રશ્ન :**–પણ આત્મામાં એ પરસ્પર વિરુદ્ધ ઉભય સ્વભાવ શી રીતે માની શકાય?

**ઉત્તર :**–મિથ્યાત્વાદિ દોષની હાજરીમાં પણ જેમ એના વિરોધી એવા સમ્યક્ત્વાદિ ગુણો શક્તિથી માનેલા છે એમ ગુણસ્વભાવનો વિરોધી એવો દોષસ્વભાવ પણ હોવામાં કોઈ વિરોધ નથી કારણ કે અવિષ્વગ્=અપૃથક્ હોવું એ જ સ્વભાવ છે. એટલે કે જો એ મિથ્યાત્વાદિ દોષો અને સમ્યક્ત્વાદિ ગુણો આત્માથી અપૃથગ્રૂપે એકત્ર રહી શકે છે અને એ બે જ દોષસ્વભાવ અને ગુણસ્વભાવ રૂપ છે, તો એ બે સ્વભાવોને એકત્ર રહેવામાં કોઇ વિરોધ માનવો ન જોઈએ.

ઉપર જે જણાવ્યું કે અપૃથગ્ભાવથી રહેલ એવા મિથ્યાત્વાદિ પણ જીવના સ્વભાવભૂત જ છે. એનાથી આ શંકા પણ રદબાતલ થઈ જાય છે કે, "જેમ સ્ફટિકમાં ઉપાધિથી થએલ શ્યામિકા સ્વભાવરૂપ નથી; સ્વભાવભૂત તો ઉજ્જ્વલતા જ છે, તેમ આત્મામાં પણ અજ્ઞાનાદિ તો ઉપાધિ જનિત હોવાથી સ્વભાવરૂપ નથી, જ્ઞાનાદિ જ સ્વભાવરૂપ છે" આવી શંકા રદબાતલ થવાનું કારણ એ છે કે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં વૈધર્મ્ય છે. સ્ફટિકમાં શ્યામિકા સ્વાશ્રયસંયોગાત્મક પરંપરાસંબંધથી રહેલ છે જ્યારે ઉજ્જ્વલતા તો સાક્ષાત્ સંબંધથી રહેલ છે. આમ બન્નેને રહેવાનો સંબંધ ભિન્ન ભિન્ન હોવાથી ઉજ્જ્વળતા સ્વભાવભૂત હોવા છતાં શ્યામિકાને સ્વભાવભૂત માની શકાતી નથી. તેમજ એ ઉપાધિ સ્ફટિકને કોઈ વિશેષ પરિણામ રૂપે પરિણમાવી દેતી નથી, ફક્ત પરંપરાસંબંધથી સ્ફટિકમાં રહેલી શ્યામિકા વિશે 'તે સાક્ષાત્ સંબંધથી રહી છે' એવો ભ્રમ માત્ર કરાવીને ચરિતાર્થ થઇ જાય છે. જ્યારે આત્મામાં તો સ્વજનિતજ્ઞાનાદિગુણો

अत्रोच्यते–सम्यग्दर्शनादिकं तावन्नित्यमेव कल्प्यते, आवरणविलयाऽविलयाभ्यां तदाविर्भावतिरोभावयोरेवाभ्युपगमात्, तस्य च तादात्म्यमात्मत्वावच्छेदेनैवेति सिद्धमात्मनस्तत्स्वभावत्वम्। अज्ञानादिकं त्वावरणोपनीतं भास्वतः प्रकाशाभाववदपारमार्थिकमिति न तत्स्वभावत्वं तस्येति निश्चयः। व्यवहारस्तु सम्यग्दर्शनादिव्यक्तीनामिव मिथ्यादर्शनादिव्यक्तीनाम-

જેમ અવિષ્વગ્ભાવરૂપ સાક્ષાત્ સંબંધથી રહેલા છે તેમ કર્મોપાધિજનિત અજ્ઞાનાદિ દોષો પણ અવિષ્વગ્ભાવરૂપ સાક્ષાત્ સંબંધથી જ રહેલા છે. વળી કર્માત્મક ઉપાધિ પણ 'પરંપરાએ રહેલ અજ્ઞાનાદિને સાક્ષાત્ રહેલા હોય' એવો ભ્રમ ઉત્પન્ન કરીને જ ચરિતાર્થ થઈ જાય છે એવું નથી કિન્તુ આત્માને અજ્ઞાનાદિરૂપે પરિણમાવે છે એટલે કે સાક્ષાત્ સંબંધથી અજ્ઞાનાદિને વસ્તુતઃ ઉત્પન્ન કરે છે. આમ શ્યામિકા અને અજ્ઞાનાદિમાં વૈષમ્ય હોવાથી શ્યામિકાનું દૃષ્ટાન્ત લઈ અજ્ઞાનાદિને અસ્વભાવભૂત કહી શકાય નહિ.

**પ્રશ્ન** :– અશુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ દોષરૂપ છે. અને શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ ગુણરૂપ છે. શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ જ સ્વભાવભૂત હોય છે. (કારણ કે શુદ્ધનિશ્ચયનય કોઈ પણ વસ્તુના પારમાર્થિક સ્વભાવ=શુદ્ધસ્વરૂપને જ સ્વીકારે છે) તેથી શુદ્ધનિશ્ચયગ્રાહ્યધર્મવાળો હોવા રૂપે આત્મા ગુણસ્વભાવવાળો માની શકાય છે. પણ દોષસ્વભાવવાળો તો શી રીતે મનાય ?

**ઉત્તર** :–આ વાત પણ અયુક્ત છે કારણ કે અન્યોન્યાશ્રયદોષથી દુષ્ટ છે. આત્મા ગુણસ્વભાવવાળો હોવો સિદ્ધ થાય તો જ ગુણ શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ તરીકે સિદ્ધ થાય અને ગુણ શુદ્ધનિશ્ચયગ્રાહ્યધર્મ તરીકે સિદ્ધ થાય તો જ આત્મા ગુણસ્વભાવવાળો હોવો સિદ્ધ થાય. આમ આત્મા દોષસ્વભાવવાળો હોવો પણ સિદ્ધ થવાની, તમારી પ્રરૂપણા મુજબ આવતી આપત્તિ ઊભી રહે છે. તેથી આ રીતે માત્ર ગુણસ્વભાવવાળો સિદ્ધ કરી શકતો નથી.

**[ ગ્રન્થકારશ્રીએ કરેલ ગુણસ્વભાવત્વની સિદ્ધિ ]**

અષ્ટસહસ્રીકારના અભિપ્રાયને અનુસરીને તો દોષસ્વભાવત્વ પણ સિદ્ધ થઈ જતું હોવાના કારણે ગ્રન્થકારશ્રી પોતાને અભિમત રીતે ગુણસ્વભાવત્વ સિદ્ધ કરતાં કહે છે– આત્માના સમ્યક્ત્વાદિ પરિણામો નિત્ય જ છે, માત્ર સ્વસ્વ આવરણનો નાશ થવાથી એ આવિર્ભૂત થાય છે અને આવરણની હાજરીમાં તિરોભૂત રહે છે આવો અભ્યુપગમ હોવાથી દરેક આત્મામાં તેનું તાદાત્મ્ય તો હાજર જ હોવાના કારણે એ સમ્યક્ત્વાદિ ગુણો જ આત્માના સ્વભાવ તરીકે સિદ્ધ થાય છે. જ્યારે અજ્ઞાનાદિ તો, જેમ સૂર્યમાં આવરણથી થતો પ્રકાશકત્વાભાવ અપારમાર્થિક છે તેમ, આવરણથી થએલા હોવાથી અપારમાર્થિક હોવાના કારણે સ્વભાવભૂત નથી. આ નિશ્ચયનયનો અભિપ્રાય છે. વ્યવહારનયના અભિપ્રાયે તો સમ્યગ્દર્શનાદિની જેમ મિથ્યાદર્શનાદિ પણ આત્મપરિણામરૂપ હોવા છતાં જે ગુણો અસાધારણ હોય તે આત્માના સ્વભાવરૂપે મનાય છે. ઉષ્ણતાદિની

ण्यात्मपरिणामत्वाऽविशेषेऽपि गुणानामसाधारणत्वेन तत्स्वभावत्वमात्मनोऽनुमन्यते, न खल्वौष्ण्यादीनामिव रूपादीनामपि तेजोगुणत्वाऽविशेषेऽपि तस्यौष्ण्यस्वभावत्वमिव रूपादिस्वभावत्वमपि व्यवह्रियते, 'स्वस्यैव भावः' इति व्युत्पत्त्यर्थस्य तन्नियामकत्वात् । न च मिथ्यादर्शनादीनामप्यसाधारणत्वं शङ्कनीयं, सिद्धेषु तदभावात् । न च सम्यग्दर्शनादेरप्यभव्याद्यवृत्तित्वेन नाऽसाधारण्यं सम्यग्दर्शनादिजनकशक्तेः प्रमाणबलेनात्मत्वपुरस्कारेणैव कल्पनात् । न च कर्मरूपैव तच्छक्तिः, तत्क्षयेणापि तदुत्पत्तेरित्याद्यूह्यम् ॥१२५॥

---

જેમ રૂપાદિ પણ તૈજસ્ દ્રવ્યના ગુણ તો છે પણ તેના સ્વભાવભૂત કહેવાતા નથી કારણ કે 'સ્વનો જ ભાવ=ધર્મ (બીજાનો નહિ) હોવાપણું' તે 'સ્વભાવ' વ્યવહારનો નિયામક છે. રૂપાદિ તો જળાદિસાધારણ હોવાથી તૈજસ્દ્રવ્યના જ અસાધારણ ગુણરૂપ ન થવાથી તેના 'સ્વભાવ' તરીકે કહેવાતાં નથી, માત્ર ઉષ્ણતા જ તેનો તેવો ગુણ હોવાથી સ્વભાવ તરીકે કહેવાય છે. તેમ સમ્યક્ત્વાદિ જ અસાધારણ ધર્મરૂપ હોવાથી આત્માના સ્વભાવ તરીકે ઓળખાય છે.

**પૂર્વપક્ષ :**–એ રીતે તો મિથ્યાત્વાદિ પણ જડ પુદ્ગલાદિમાં ન હોવાથી એ પણ આત્માના અસાધારણ ગુણ બની શકે છે.

**[ મિથ્યાત્વાદિ આત્માના સ્વભાવભૂત નથી ]**

**ઉત્તરપક્ષ :**– જડાત્મક પુદ્ગલાદિ દ્રવ્યમાં ન હોવા છતાં સિદ્ધાત્મક આત્મદ્રવ્યમાં મિથ્યાત્વાદિનો અભાવ હોવાથી આત્મત્વાવચ્છેદેન તાદાત્મ્ય ન હોવાના કારણે એ અસાધારણ ગુણ બની શકતા નથી.

**પૂર્વપક્ષ :**–એ રીતે તો સમ્યગ્દર્શનાદિનું પણ આત્મત્વાવચ્છેદેન તાદાત્મ્ય નથી જ, કારણ કે અભવ્યાદિમાં તેનો અભાવ હોય છે તો પછી એ પણ અસાધારણ ગુણ કઇ રીતે બનશે ?

**ઉત્તરપક્ષ :**– સમ્યગ્દર્શનાદિની જનકશક્તિ આત્મત્વાવચ્છેદેન આત્મામાં જ માની હોવાથી અભવ્યાદિમાં પણ એ હાજર તો હોય છે, તેથી સમ્યક્ત્વાદિ અભવ્યાદિમાં પણ શક્તિથી રહ્યા હોવાના કારણે એને આત્માના અસાધારણગુણ માનવામાં કોઈ વાંધો નથી. વળી એ શક્તિને કર્મરૂપ માની શકાતી નથી કારણ કે કર્મક્ષયથી પણ સમ્યક્ત્વાદિ ઉત્પન્ન થઈ શકે છે ઇત્યાદિ સ્વયં વિચારવું. ॥૧૨૫॥

[એ વિચારણા આવી હોઈ શકે–મિથ્યાત્વજનકશક્તિ પણ આત્મામાં ય હોવા છતાં એ કર્મરૂપ હોવાથી મિથ્યાત્વાદિને આત્મસ્વભાવભૂત માની શકાતા નથી. નહિતર તો જેમ ચંદનને પોતાની સ્વભાવભૂત સુગંધ માટે બીજાની અપેક્ષા નથી એમ આત્માને પણ મિથ્યાત્વાદિ માટે કર્મની અપેક્ષા રહે નહિ અને તેથી કર્માભાવ થએ છતે મિથ્યાત્વાદિ સ્વભાવો પણ પ્રકટ થવાની આપત્તિ આવે. વળી 'એ વખતે પ્રકટ થએલા સમ્યક્ત્વાદિ ગુણોથી પ્રતિબંધિત થઇ જતાં હોવાથી મિથ્યાત્વાદિ પ્રકટ થતાં નથી'

अथास्य स्वभावसिद्धक्रियास्वरूपमाह—

तस्स य सहावसिद्धा किरिया गुणकरणजोगमहिकिच्च ।
कम्मुवणीआवि हवे जुंजणकरणं तु अहिगिच्च ॥१२६॥

(तस्य च स्वभावसिद्धा क्रिया गुणकरणयोगमधिकृत्य । कर्मोपनीतापि भवेद् युंजनकरणं त्वधिकृत्य ।१२६।)

केवलिनो हि श्रुतगुणकरणस्य केवलज्ञान एवान्तर्भावात् तपः संयमयोर्नोश्रुतगुणकरणयोश्च बाह्यावलम्बननिरपेक्षत्वेन शैलेश्यवस्थायां सर्वसंवरप्राप्त्यातिविशुद्धत्वेन च गुणकरणमाश्रित्य परापेक्षाराहित्येन स्वाभाविक्येव क्रिया, मनोवाक्कायरूपं युञ्जनाकरणं त्वाश्रित्य नामकर्मापेक्षणान्न तथा । न च गुणकरणेपि शरीराद्यपेक्षास्तीति वाच्यं, सिद्धेषु तदभावात्, चारित्रतपसोरपि योगाद्यपेक्षत्वमते तु नैश्चयिकयोर्ज्ञानाऽविष्वग्भूतयोस्तयोरिह ग्रहणमिति मन्तव्यम् ॥१२६॥

---

એવું પણ કહેવું નહિ કારણ કે તો પછી જેઓને પ્રતિબંધક હાજર નથી એવા મિથ્યાત્વી જીવોના મિથ્યાત્વમાં તરતમતા રહેવી ન જોઈએ. 'પ્રતિબંધક વિનાના પણ જુદા જુદા ચંદનોની સુગંધમાં તરતમતા જોવા મળે જ છે તેમ જુદા જુદા મિથ્યાત્વીઓમા મિથ્યાત્વમાં તરતમતા હોય તો પણ કંઈ એ અસ્વભાવભૂત બની જતું નથી.' એવી શંકા પણ કરવી નહિ કારણ કે છતાંય જેમ એક ચંદનની સુગંધમાં તો અપ્રતિબદ્ધઅવસ્થામાં તરતમતા હોતી નથી એમ એક જીવના મિથ્યાત્વમાં પણ પ્રતિબંધકાભાવવાળા જુદા જુદા કાળમાં તરતમતા હોવી ન જોઈએ. પણ હોય તો છે જ તેથી જણાય છે કે મિથ્યાત્વ આત્માના સ્વભાવભૂત નથી પણ કર્માત્મક ઉપાધિના કારણે ઉત્પન્ન થાય છે અને એ ઉપાધિમાં થતાં ફેરફારના કારણે ફેરફાર પામે છે. આમ મિથ્યાત્વાદિ આત્મસ્વભાવભૂત ન હોવાથી આત્મા માત્ર ગુણસ્વભાવવાળો સિદ્ધ થાય છે. તેમજ સિદ્ધાદ્યવસ્થામાં શક્તિરૂપે પણ મિથ્યાત્વાદિ કે બહિરાત્મત્વ હોતું નથી અને અભવ્યાદિમાં પણ શક્તિથી તો સમ્યક્ત્વાદિ અને અન્તરાત્મત્વ–પરમાત્મત્વ હોય જ છે એ પણ સિદ્ધ થાય છે.]

### [ સ્વભાવસિદ્ધ ક્રિયાનું સ્વરૂપ ]

પરમાત્મત્વને પામેલા કેવળીઓની સ્વભાવસિદ્ધક્રિયાના સ્વરૂપને જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– કેવળીઓને ગુણકરણયોગને આશ્રીને સ્વભાવસિદ્ધક્રિયા હોય છે અને યુંજનાકરણને આશ્રીને કર્મોપનીત ક્રિયા પણ હોય છે. તેથી એ અંશે સ્વભાવસિદ્ધ ક્રિયા હોતી નથી.

કેવળીઓને શ્રુતગુણકરણ કેવલજ્ઞાનમાં જ અંતર્ભૂત હોય છે અને તેને તો આત્મા સિવાયના કર્માદિ કોઈ અન્ય કારણની અપેક્ષા હોતી નથી. એમ તપરૂપ અને સંયમરૂપ નોશ્રુતગુણકરણ પણ શૈલેશી અવસ્થામાં થએલ બાહ્યકારણની નિરપેક્ષતાના કારણે તથા

अथ यथास्य सिद्धत्वप्राप्तिस्तथाह—

**अह सो सेलेसीए झाणाणलदड्ढसयलकम्ममलो ।**

**कणगं व सव्वह च्चिय लद्धसहावो हवइ सिद्धो ॥१२७॥**

(अथ स शैलेश्यां ध्यानानलदग्धसकलकर्ममलः । कनकमिव सर्वथैव लब्धस्वभावो भवति सिद्धः ।१२७।)

अथ स भगवान् शैलेश्यां ध्यानमहिम्ना सकलकर्मप्रकृतीः क्षयं नीत्वा तदभावादेव सर्वथा लब्धस्वभावः सिद्धो भवति ॥१२७॥

एवं चास्य लब्धस्वभावस्य सतः स्वाभाविकमिदं गुणाष्टकमाविर्भवतीत्याह—

**तस्स वरनाणदंसणवरसुहसम्मत्तचरणनिच्चठिई ।**

**अवगाहणा अणंता मुत्ताणं खइयविरिअं च ॥१२८॥**

(तस्य वरज्ञानदर्शनवरसुखसम्यक्त्वचरणनित्यस्थितिः । अवगाहनाऽनन्ता मुक्तानां क्षायिकवीर्यं च ।१२८।)

---

સર્વસંવરની પ્રાપ્તિના કારણે અતિવિશુદ્ધ હોવાથી અન્યનિરપેક્ષ હોય છે. તેથી આ બન્ને ગુણકરણને આશ્રીને થતી ક્રિયા પરાપેક્ષારહિતની હોવાથી સ્વાભાવિકી કહેવાય છે. મન-વચન-કાયા રૂપ યુંજનાકરણને આશ્રીને થતી ક્રિયા નામ કર્મની અપેક્ષાવાળી હોવાથી સ્વાભાવિકી હોતી નથી.

**શંકા** :- ગુણકરણમાં (=તપ-સંયમમાં) પણ શરીરાદિની અપેક્ષા હોવાથી તેને સ્વાભાવિકી શી રીતે કહેવાય ?

**સમાધાન** :- સિદ્ધોને શરીર ન હોવા છતાં કેવલજ્ઞાનરૂપ ગુણકરણ હોવાથી ગુણકરણને શરીરસાપેક્ષ મનાય નહિ. ચારિત્ર-તપને યોગાદિ સાપેક્ષ માનનારના મતે પણ ગુણકરણ તરીકે જ્ઞાનથી અપૃથગ્ભૂત એવા નૈશ્ચયિક તપ-ચારિત્રનું જ અહીં ગ્રહણ જાણવું. ॥ ૧૨૬ ॥

## [ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ ]

કેવળી જે રીતે સિદ્ધાવસ્થા પામે છે તે જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :- શૈલેશી અવસ્થામાં શુક્લધ્યાનરૂપ અગ્નિથી સકલકર્મમળને બાળીને સોનાની જેમ પોતાના સ્વભાવને સંપૂર્ણપણે પ્રાપ્ત કરે છે. આમ લબ્ધસ્વભાવ એવા તે કેવલી પરમાત્મા સિદ્ધ થાય છે.

તે કેવળી પરમાત્મા શૈલીશી અવસ્થામાં શુકલધ્યાનના પ્રભાવે સકલકર્મ પ્રકૃતિઓનો ક્ષય કરે છે. કર્મમલનો અભાવ થવાના કારણે જ પોતાના સ્વભાવને સંપૂર્ણપણે પ્રાપ્ત કરનારા તેઓ સિદ્ધ થાય છે. ॥ ૧૨૭ ॥

આ રીતે પોતાનો સ્વભાવ પ્રાપ્ત થએ છતે તેના સ્વાભાવિક એવા આ આઠગુણો પ્રકટ થાય છે એ જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે—

## [ સિદ્ધપરમાત્માના આઠ ગુણો ]

**ગાથાર્થ** :- તે કેવળી મહાત્માઓને જ્ઞાનાવરણાદિ કર્મોના કારણે જે આઠ દોષ

नाणावरणाईणं कम्माणं अट्ठ जे ठिआ दोसा ।
तेसु गएसु पणासं एए अट्ठवि गुणा जाया ॥१२९॥

(ज्ञानावरणादीनां कर्मणामष्ट ये स्थिता दोषाः । तेषु गतेषु प्रणाशं, एतेऽष्टापि गुणा जाताः ॥१२९॥)

तस्य हि भगवतो ज्ञानावरणक्षयादनन्तं ज्ञानं, दर्शनावरणाक्षयादनन्तं दर्शनं, वेदनीयक्षयात् क्षायिकं सुखं, मोहक्षयात्क्षायिकसम्यक्त्वचारित्रे, आयुःकर्मक्षयादक्षया स्थितिः, नामगोत्रयोः क्षयादनन्तानामेकत्रावगाहना, अन्तरायक्षयादनन्तवीर्यं चेत्यष्टौ गुणाः प्रादुर्भवन्ति । अनन्तं केवलज्ञानं ज्ञानावरणसंक्षयात् । अनन्तं दर्शनं चापि दर्शनावरणक्षयात् ॥१॥ क्षायिके शुद्धसम्यक्त्वचारित्रे मोहनिग्रहात् । अनन्ते सुखवीर्ये च वेद्यविघ्नक्षयात् क्रमात् ॥२॥ आयुषः क्षीणभावत्वात् सिद्धानामक्षया स्थितिः । नामगोत्रक्षयादेवामूर्त्तानन्तावगाहना ॥३॥ इति

अत्र मोहक्षयजन्यं गुणद्वयं, नामगोत्रक्षयजन्यस्त्वेक एव गुण इत्यत्र परिभाषैव शरणं, अन्यथाऽवान्तरविशेषानाश्रित्यानन्तगुणसंभवाद्, अन्यथा न्यूनत्वसंभवाच्च ।

---

હતા તે નાશ પામ્યે છતે શ્રેષ્ઠજ્ઞાન, શ્રેષ્ઠદર્શન, શ્રેષ્ઠસુખ, શ્રેષ્ઠસમ્યક્ત્વ, શ્રેષ્ઠચારિત્ર, નિત્યસ્થિતિ, અનંત અવગાહના અને ક્ષાયિકવીર્ય એ આઠ ગુણો પ્રકટ થાય છે.

તે કેવળી ભગવાનને જ્ઞાનાવરણકર્મક્ષયથી અનંતજ્ઞાન, દર્શનાવરણકર્મક્ષયથી અનંતદર્શન, વેદનીય ક્ષયના કારણે ક્ષાયિક સુખ, મોહનીયકર્મક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ તેમજ ક્ષાયિક ચારિત્ર, આયુષ્યકર્મક્ષયથી અક્ષયસ્થિતિ, નામ-ગોત્ર બે કર્મોના ક્ષયથી અમૂર્ત્ત એવા અનંત સિદ્ધોની એકત્ર અવગાહના હોવા રૂપ અનંત અવગાહના, અને અંતરાયકર્મક્ષયથી અનંતવીર્ય એ આઠ ગુણો પ્રકટ થાય છે. કહ્યું છે કે-"જ્ઞાનાવરણ સંક્ષયથી અનંત કેવલ જ્ઞાન, દર્શનાવરણક્ષયથી અનંત કેવલદર્શન, મોહના નિગ્રહથી ક્ષાયિક એવા શુદ્ધ સમ્યક્ત્વ-ચારિત્ર, વેદનીય અને વિઘ્નકર્મના ક્ષયથી અનુક્રમે અનંતસુખ અને અનંતવીર્ય પ્રકટ થયા હોય છે તેમજ આયુષ્ય ક્ષીણ થયું હોવાથી સિદ્ધોની અક્ષયસ્થિતિ હોય છે અને નામ-ગોત્ર કર્મના ક્ષયથી અમૂર્ત્ત-અનંત અવગાહના પ્રકટ થઈ હોય છે."

### [ આવા આઠ ગુણોમાં પરિભાષા જ શરણ ]

અહીં મોહક્ષયજન્ય બે ગુણો કહ્યા છે જ્યારે નામ અને ગોત્ર એ બે કર્મના ક્ષયથી એક જ ગુણ કહ્યો છે તેમાં એવી પરિભાષા જ શરણ છે અર્થાત્ એવી પ્રરૂપણા કરવામાં તેવા પ્રકારની પરિભાષા (અર્થાત્ વિભાગ દેખાડનાર શાસ્ત્રકારોની ઇચ્છા) જ કારણભૂત છે. નહિતર તો જેમ મોહથી પ્રકટ થએલ બે અવાન્તર ગુણોની સ્વતંત્ર ગણત્રી કરી એમ બીજા કર્મોના ક્ષયથી થએલ અવાન્તર ગુણોની ગણત્રી પણ કરી શકાતી હોવાથી અનંત ગુણો કહેવા પડે. તેમજ નામકર્મક્ષય અને ગોત્રકર્મક્ષયને ભેગાકરીને જેમ એકજ ગુણ માન્યો તેમ જ્ઞાનાવરણ અને દર્શનાવરણકર્મના ક્ષયથી પણ ઉપયોગાત્મક એક જ ગુણ વિવક્ષિત કરી છ વગેરે ન્યૂન સંખ્યા કહેવી પણ સંભવી શકે છે.

स्यादेतद्–अवगाहना नात्मनो गुणः, किन्तु व्योम्न एव, तस्यैव तद्गुणत्वेन व्यवस्थितत्वात् । न च तस्य सामान्यतोऽवगाहनागुणवत्त्वेऽप्यनन्तानामेकत्रावगाहनाऽऽत्मन एव गुण इति वाच्यम्, अनन्तानामप्यमूर्त्तत्वेन प्रतिघाताभावेन तेनैवैकत्रावगाहनादानाद् । मैवं, प्रतिघातस्य नामकर्मोपनीतशरीरजनितत्वेन तदभावप्रयुक्तप्रतिघाताभावेनैव तदवगाहनायाः संभवात्, तस्या आत्मगुणत्वात् । 'तथापि तस्या नामकर्मप्रतिबद्धत्वमस्तु न तु गोत्रप्रतिबद्धत्वमि'ति चेत् ? न, नामगोत्रयोर्मिलितयोरेव तत्र तत्रोपन्यासबलेनैकत्र द्वययोगाद् । गोत्रकर्मक्षयजन्यस्याविशेषव्यवहारस्य गुणस्य सत्त्वेऽपि प्राधान्येन नामकर्मक्षयजन्यस्यावगाहनागुणस्यैव वा तज्जन्यत्वप्रतिज्ञा ज्ञानावरणक्षयजन्येऽपि केवलज्ञाने मोहक्षयजन्यत्वप्रतिज्ञावदौचितीमञ्चतीति न कोऽपि दोषः ॥१२८–१२९॥ अन्येषां मतमाह—

---

**પૂર્વપક્ષ** :–અવગાહના આત્માનો ગુણ નથી કારણકે આકાશ જ તે ગુણવાળું હોવા રૂપે મનાએલ છે. "અવગાહના સામાન્યથી આકાશનો જ ગુણ હોવા છતાં અનંતા સિદ્ધોની એક જ સ્થાને અવગાહના હોવી એ આત્માનો જ ગુણ છે." એવું પણ માનવું નહિ, કારણ કે અનંતા આત્માઓ પણ અમૂર્ત હોવાથી પરસ્પર પ્રતિઘાત કરતાં નથી. પ્રતિઘાત ન હોવાના કારણે એકત્ર અનંતા આત્માઓ રહી શકે છે પણ તેઓને અવગાહના તો આકાશ જ આપે છે તેથી એ આકાશનો જ ગુણ છે.

**[ અવગાહના આત્મગુણ છે ]**

**ઉત્તરપક્ષ** :–આવું માનવું નહિ. પ્રતિઘાત, નામકર્મથી થએલ શરીરના કારણે હોય છે તેથી નામકર્મના અભાવથી થએલ પ્રતિઘાતાભાવ દ્વારા જ અનંતાવગાહના સંભવિત હોવાથી તેને કર્મક્ષયજન્ય આત્મગુણ માનવો જ યુક્ત છે.

શંકા–છતાં એ નામકર્મક્ષયજન્ય ગુણ થવાથી નામકર્મપ્રતિબદ્ધ જ કહેવો જોઇએ, ગોત્ર કર્મપ્રતિબદ્ધ શી રીતે કહેવાય ?

**સમાધાન** :–શાસ્ત્રોમાં તે તે અનેક સ્થળોએ નામ–ગોત્રનો ભેગો જ ઉપન્યાસ કરેલો દેખાય છે જેમકે શ્રી કલ્પસૂત્રમાં ( સૂ નં–૧૭ ) "अत्थि पुण एसे वि भावे लोगच्छेरयभूए अणंताहिं उस्सप्पिणीहिं ओसप्पिणीहिं विइक्कंताहिं समुप्पज्जइ नामगुत्तस्स वा कम्मस्स अक्खीणस्स अवेइअस्स अणिज्जिण्णस्स उदएणं" ઇત્યાદિ કહ્યું છે તેથી એક એક ગુણમાં પણ ઉભયનો યોગ હોવો અદુષ્ટ છે. વળી ગોત્રકર્મના ક્ષયથી સર્વ જીવો એક સરખા (અગુરુલઘુ) થઈ જવાના કારણે અવિશેષ વ્યવહાર ( એક સરખા વ્યવહાર ) ના વિષય બને છે. આવો અવિશેષ વ્યવહાર રૂપ ગુણ પ્રકટ થતો હોવા છતાં એ ગુણને ગોત્રકર્મક્ષયજન્ય રૂપે ન લઈ નામકર્મક્ષયજન્ય અવગાહના ગુણને જ ગોત્રકર્મક્ષયજન્યરૂપે લેવો પણ અનુચિત નથી. જેમકે જ્ઞાનાવરણક્ષયજન્ય એવું પણ કેવલજ્ઞાન મોહક્ષયજન્ય તરીકે પણ લેવાય છે. તેથી તે બન્ને કર્મોના ક્ષયથી જન્ય મિલિત એક ગુણ માનવામાં પણ કોઇ દોષ નથી. ॥૧૨૮–૧૨૯॥

थिरियावगाहणाउ पत्तेअं णामगोत्तकम्मखए ।
चरणं चिय मोहखए इय अट्ठगुण त्ति बिंति परे ॥१३०॥

(स्थिरतावगाहने प्रत्येकं नामगोत्रकर्मक्षये । चरणमेव मोहक्षय इत्यष्टौ गुणा इति ब्रुवते परे ।।१३०)

परे पुनरुक्तेषु गुणेषु मोहक्षयजन्यं चरणलक्षणमेकमेव गुणमादृत्य नामगोत्रक्षयजन्ये च पृथगेव स्थैर्यावगाहने गुणौ स्वीकृत्याऽष्टसंख्यां पूरयन्ति । तच्चिन्त्यम्, अवगाहनायाः स्वप्रतिबन्धकनामकर्मक्षयजन्यत्वेन गोत्रकर्मक्षयजन्यत्वाभावात् । 'अमूर्त्तावगाहनाया नामकर्मक्षयजन्यत्वेऽप्यनन्तावगाहनात्वेन गोत्रकर्मक्षयजन्यतेति चेत्? न, अनन्तावगाहनात्वस्यार्थसमाजसिद्धत्वात् । अपि च येयं नामकर्मक्षयजन्या स्थिरता प्रतिपाद्यते, सा यदि कार्मणशरीरविलयोपनीतप्रदेशचाञ्चल्यविलयरूपा–सा नूनं शैलेश्यवस्थाचरमसमयभावी सर्वसंवररूपश्चरणधर्म एव, चारित्रत्वेन चारित्रावरणकर्मक्षयजन्यत्वेऽपि प्रकृष्टचारित्रत्वेन योगनिरोधजन्यत्वादिति स्फुटीभविष्यत्यग्रे । तथा च चारित्रस्थिरतयोरैक्येन यथोक्तपरिगणनभङ्गप्रसङ्गः ।

---

આ અંગે બીજાઓનો મત કહે છે–

[ અન્યમતે આઠ ગુણો ]

**ગાથાર્થ:**–નામ કર્મક્ષયથી સ્થિરતા, ગોત્રકર્મક્ષયથી અવગાહના અને મોહક્ષયથી માત્ર ચારિત્ર જ પ્રકટ થાય છે. શેષ જ્ઞાનાવરણાદિના ક્ષયથી કેવલજ્ઞાનાદિ પાંચ ગુણો પ્રકટ થાય છે. આ રીતે આઠ કર્મક્ષયથી આઠ ગુણો પ્રકટ થાય છે, એવું બીજાઓ કહે છે.

બીજાઓ વળી ઉક્ત ગુણોમાંથી મોહક્ષયજન્ય ગુણ તરીકે ચારિત્રરૂપ એક જ ગુણને સ્વીકારી નામકર્મ અને ગોત્રકર્મના ક્ષયથી પૃથગ્ પૃથગ્ સ્થિરતા અને અવગાહના રૂપ બે ગુણો ગણાવી આઠની સંખ્યા પૂરી કરે છે. અવગાહના સ્વપ્રતિબંધક એવા નામકર્મના ક્ષયથી ઉત્પન્ન થઈ હોવાથી ગોત્ર કર્મક્ષયજન્ય કહી શકાતી ન હોવાના કારણે તેઓનો એ અભિપ્રાય વિચારણીય થઈ પડે છે.

**શંકા :**–અમૂર્ત્ત અવગાહના નામકર્મક્ષયજન્ય હોવા છતાં અનંતઅવગાહના રૂપે ગોત્રકર્મક્ષયજન્ય જ હોવાથી તે રૂપે કહેવી અયુક્ત નથી.

**સમાધાન :**–તે તે (અનંત) આત્માને પોતપોતાના નામકર્મના ક્ષયથી જે જે અમૂર્ત્ત અવગાહના પ્રકટ થઈ હોય છે તે બધીના સમૂહથી જ એકત્ર અનંતાવગાહના સિદ્ધ થઈ જતી હોવાથી તેને ગોત્રકર્મક્ષયજન્ય માની શકાતી નથી. વળી જે આ નામકર્મક્ષયજન્ય સ્થિરતા કહો છો તે પણ જો કાર્મણ શરીરના નાશથી થએલ પ્રદેશચંચળતાના નાશ રૂપ હોય તો તો એ શૈલેશી અવસ્થાના ચરમ સમયે થનારા સર્વસંવરમય ચારિત્રરૂપ જ બની જશે. ચારિત્રરૂપે એ ચારિત્રાવરણકર્મક્ષયજન્ય હોવા છતાં પ્રકૃષ્ટ ચારિત્ર રૂપે યોગનિરોધજન્ય જ છે એ વાત આગળ સ્પષ્ટ થવાની જ છે, તેથી ચારિત્ર અને સ્થિરતા એક જ થઈ જવાથી 'ગુણો આઠ છે' એવી પરિગણનાનો જ ભંગ થઈ જશે.

अपि च यत्सामान्यावच्छेदेन यत्कर्मक्षयजन्यत्वं तत्सामान्याक्रान्तस्य तज्जन्यगुणत्वव्यवहारः, अन्यथा मोहक्षयस्य सुखविशेषत्वेन सुखस्य मोहक्षयजन्यगुणत्वेन व्यवहारप्रसङ्गात्। एवं च चारित्रमात्रे नामकर्मक्षयस्याऽहेतुत्वान्न तस्य तज्जन्यगुणत्वम् । एतेन–"मोहक्षयजन्यः सम्यक्त्वमेव गुणश्चारित्रं तु नामकर्मक्षयजन्यमेव स्थिरतापदप्रतिपाद्यं"–इति कल्पनापि परास्ता । एतेनैव च "सुखं मोहक्षयजन्य एव गुणः" इत्यपि निरस्तं, एवं सप्ताष्टसंख्यापरिगणनभङ्गप्रसङ्गाद्वेदनीयक्षयस्य निरर्थकत्वप्रसङ्गाच्च । 'अव्याबाधत्वं वेदनीयक्षयस्य फलमिति न दोष' इति चेत् ? न, तद्धि दुःखाननुविद्धसुखमेव नत्वन्यत्, सकलकर्मजन्याकुलताविलयस्य तत्त्वे तु तस्य कृत्स्नकर्मक्षयजन्यत्वमेव युक्तं न त्वेकजन्यत्वम् । किञ्चैवं भवस्थवीतरागसिद्धसुखयोरवैलक्षण्यप्रसङ्गः । 'जीवन्मुक्तिवादिनामिष्टमिदमि'ति चेत् ? न, तस्यज्ञानादिकप्रकर्षमाश्रित्यैवाभ्युपगमसंभवात्, अन्यथा सिद्धान्तविरोधात्, इति किमुत्सूत्रप्ररूपणप्रवणेन सह विचारणया ॥ १३० ॥

## [ કર્મક્ષયજન્યતાવ્યવહારની વ્યવસ્થા ]

વળી જે સામાન્યધર્મથી યુક્ત કોઈપણ ગુણ (હરેકગુણ) જે કર્મના ક્ષયથી જન્ય હોય તે સામાન્યધર્મથી યુક્ત ગુણનો જ તત્કર્મક્ષયજન્ય તરીકે વ્યવહાર થાય છે. જો તે સામાન્યધર્મથી આક્રાન્ત કોઈ પણ ગુણ પ્રત્યે નહીં કિંતુ ગુણવિશેષ પ્રત્યે ક્યારેક અન્ય કર્મક્ષય હેતુ બનતો હોય તો પણ એટલા માત્રથી તે ગુણમાં તત્કર્મક્ષયજન્યત્વનો વ્યવહાર થઈ શકે નહિ, જો થઈ શકે તો તો ઉપશમાદ્યાત્મક સુખવિશેષ પ્રત્યે મોહક્ષય પણ હેતુભૂત હોવાથી સુખનો મોહક્ષયજન્યરૂપે વ્યવહાર થવાની આપત્તિ આવે. તેથી ચારિત્રત્વાત્મક સામાન્યધર્મવાળા કોઈ એક ચારિત્રવિશેષ પ્રત્યે નામકર્મક્ષય હેતુ હોય તો પણ ચારિત્ર માત્ર પ્રત્યે નામકર્મક્ષય હેતુભૂત ન હોવાથી સ્થિરતારૂપચારિત્ર વિશે પણ નામકર્મક્ષયજન્યત્વનો વ્યવહાર થઈ શકતો નથી. તેથી જ–"મોહક્ષયજન્ય ગુણ તો સમ્યક્ત્વ જ છે. ચારિત્ર તો સ્થિરતારૂપ હોવાથી નામકર્મક્ષયજન્ય જ છે." એવી શંકા પણ પરાસ્ત જાણવી.

## [ સુખ મોહક્ષયજન્ય હોવામાં વેદનીયક્ષયની નિષ્ફળતા ]

એ જ રીતે આ કારણથી જ 'સુખ મોહક્ષયજન્યગુણ છે' એ વાત પણ નિરસ્ત જાણવી કારણ કે એમ હોવામાં ૬ કર્મોના ક્ષયથી જ ૮ ગુણ પ્રકટ થવાના કારણે ૭ કર્મના ક્ષયથી ૮ ગુણ પ્રકટ થાય છે એવી પરિગણનાનો ભંગ થવાની આપત્તિ આવે. વળી કોઈ ગુણ વેદનીયક્ષયજન્ય ન થવાથી એનો ક્ષય નિરર્થક થવાની પણ આપત્તિ આવે.

**શંકા** :– અવ્યાબાધપણું જ વેદનીયક્ષયના ફળરૂપ હોવાથી એ નિરર્થક થતો નથી.

**સમાધાન** :–અવ્યાબાધપણું દુઃખથી અનનુવિદ્ધ (=નહિ વણાએલા) સુખરૂપ જ હોવાથી એને તો તમારે મોહક્ષયજન્ય જ માનવાનું હોવાના કારણે વેદનીયક્ષય તો નિરર્થક જ રહેશે. સકલકર્મજન્યઆકુળતારહિતપણું જ જો અવ્યાબાધત્વ હોય તો

अथैवं व्यवस्थापितेपूक्तसिद्धगुणेपूपन्यस्तं चारित्रमसहमानः सिद्धान्तपक्षावलम्बी विमृशति–

**णणु सिद्धंते सिद्धो 'नोचारित्ती अ णोअचारित्ती।'**
**भणिओ तो तस्स गुणो चारित्तं जुज्जए कम्हा ॥१३१॥**

(ननु सिद्धान्ते सिद्धो 'नोचारित्री च नोअचारित्री।' भणितस्ततस्य गुणश्चारित्रं युज्यते कस्मात् ।१३१।)

यथाहि–"[1]सिद्धे णो भव्वे णो अभव्वे" इति वचनात्तस्य न भव्यत्वं नाप्यभव्यत्वम्, एवं "[2]सिद्धे णोचरित्ती णोअचरित्ती" इति वचनात्तस्य न चारित्रं नाप्यचारित्रमिति कथमस्य चारित्रं गुण इति प्रतिज्ञायते । ननु चारित्राभावेनाऽचारित्रत्वस्योक्तिसहत्वेऽपि कथमस्य नोअचारित्रित्वमिति चेत्? न, नञो विरुद्धार्थकत्वेन चारित्रविरोधिनोऽविरतिपरिणामस्याऽचारित्रपदार्थत्वात् । अथाऽभावार्थकनञाश्रयणेन 'अचारित्री सिद्धः' इत्येव कुतो नोप-

---

પણ એને સકલકર્મક્ષયજન્ય માનવું જ યુક્ત હોવાથી માત્ર વેદનીયજન્ય તો મનાય જ નહિ. વળી સુખ જો મોહનીયક્ષયથી જ થતું હોય તો તો ભવસ્થવીતરાગ અને સિદ્ધોને મોહક્ષય તો એકસરખો જ હોવાથી સુખ પણ એક સરખું જ માનવાની આપત્તિ આવે.

**શંકા :–** જીવન્મુક્તિવાદીને આ ઇષ્ટ જ છે.

**સમાધાન :–** જ્ઞાનાદિપ્રકર્ષને આશ્રીને જ સિદ્ધ અને ભવસ્થકેવળીને સમાનસુખ માની શકાય છે. સર્વથા સમાન સુખ માનવામાં તો સિદ્ધાન્ત વિરોધ થાય છે કારણ કે 'વેદનીયાદિક્ષયજન્ય સુખ ભવસ્થકેવળીને હોતું નથી એવો સિદ્ધાન્ત છે' તેથી ઉત્સૂત્રપ્રરૂપણપ્રવણ એવા તમારી સાથે વધુ વિચારણાથી સર્યું. ॥૧૩૦॥

**[ સિદ્ધોમાં ચારિત્રગુણ હોતો નથી-સિદ્ધાન્તપક્ષ ]**

સિદ્ધગુણોની આ રીતે કરેલી પ્રરૂપણામાં ગણત્રી પામેલ ચારિત્રને ન ઇચ્છતો સિદ્ધાન્તપક્ષાવલંબી પોતાની વિચારણા જણાવે છે—

**ગાથાર્થ :–** સિદ્ધાન્તમાં સિદ્ધોને નો ચારિત્રી–નોઅચારિત્રી કહ્યા છે તો તેના ગુણ તરીકે ચારિત્ર કહેવું શી રીતે યુક્ત થાય?!

'सिद्धे णो भव्वे णो अभव्वे' એ વચન હોવાથી જેમ સિદ્ધોમાં ભવ્યત્વ કે અભવ્યત્વ મનાતું નથી તે જ રીતે 'सिद्धे नो चरित्ती णो अचरित्ती' એવા સિદ્ધાન્તવચનથી તેઓમાં ચારિત્ર કે અચારિત્ર ગુણ પણ માની શકાતો નથી. તેથી એના ગુણોમાં ચારિત્રની ગણત્રી શી રીતે કરાય?

**શંકા :–** 'ચારિત્ર ન હોવાના કારણે અચારિત્રી કહેવા તો યુક્ત છે પણ નોઅચારિત્રી શી રીતે કહેવાય? કારણ કે 'द्वौ नञौ प्रकृतमर्थं गमयतः' એ ન્યાયથી બે (નઞ્) નિષેધ વિધિરૂપ બની જતા હોવાથી નોઅચારિત્રી પદથી ચારિત્રનું જ વિધાન

---

१. 'सिद्धः नोभव्यः नोऽभव्यः' । २. 'सिद्धः नोचारित्री नोअचारित्री' ।

दिश्यते ? इति चेत् ? न, समयाम्नायानुभवोपनीतसंस्कारमहिम्नाऽचारित्रपदादविरतिपरिणामस्यैव झटित्युपस्थितौ तथोपन्यासस्याऽसांप्रदायिकत्वात्, तादृशपदाद् गुणाभावदोषान्यतरस्फूर्त्तिमात्रजनितकठिनभाषानुबन्धिदोषप्रसङ्गाच्च । न च 'नो अचारित्री' इत्युक्त्यैव चरितार्थत्वं, चारित्राकाङ्क्षाया अपरिपूर्त्तेरर्थान्तरप्रसङ्गात् । इत्थं च 'नोचारित्ती' इत्यत्र नोपदविनिर्मोकेन नञ्पदप्रश्लेषेऽपि विरुद्धोपस्थित्यादिकमेव दूषकताबीजं द्रष्टव्यं, अतएव गुणाभावस्थल एव विरुद्धोपस्थितिनिरासाय तथाप्रयोगो न त्वन्यत्रेति बोध्यम् ॥१३१॥ परः शङ्कते—

થાય છે' એવી શંકા પણ કરવી નહિ, કારણ કે અભાવાર્થક જે પ્રસજ્યનઞ્ વિધિરૂપ બને છે પણ અહીં 'નોઅચારિત્રી' પદમાં તો 'અ' રૂપ નઞ્ વિરુદ્ધાર્થકપર્યુદાસનઞ્ હોવાથી એ ચારિત્રવિરોધી એવા અવિરતિ પરિણામને જણાવે છે, ચારિત્રાભાવને નહિ. તેથી 'નોઅચારિત્રી' પદ અવિરતિપરિણામ સ્વરૂપ અચારિત્રના અભાવને જણાવે છે ચારિત્રને નહિ. એ વાત યુક્ત છે.

[ સિદ્ધોને અચારિત્રી કે માત્ર નોઅચારિત્રી કહેવાય નહિ ]

"જો ચારિત્ર માનવું ન હોય તો અભાવાર્થક નઞ્પદનો આશ્રય કરી સિદ્ધો અચારિત્રી હોય છે એવું જ કેમ કહેતાં નથી ?" એવી શંકા પણ ન કરવી કારણ કે સિદ્ધાન્તપદ્ધતિના અનુભવથી થએલ સંસ્કારના પ્રભાવે 'અચારિત્ર' પદથી 'ચારિત્રનો અભાવ' ઉપસ્થિત ન થતાં 'અવિરતિપરિણામ' જ તૂર્ત્ત ઉપસ્થિત થઈ જાય છે તેથી 'સિદ્ધે અચરિત્તી' એવો ઉપન્યાસ કરવામાં "સિદ્ધ અવિરતિપરિણામવાળા હોય છે" એવો વિરુદ્ધાર્થ ઉપસ્થિત થતો હોવાથી એ ઉપન્યાસ અસાંપ્રદાયિક બની જાય છે... વળી એવો ઉપન્યાસ કરવામાં ગુણાભાવ (ચારિત્રાભાવ) અને દોષ (અવિરતિપરિણામ) એ બન્ને સ્ફૂરતા હોવામાં પણ અહીં બેમાંથી કોણ યુક્ત છે વગેરે વિચારણારૂપ કઠિનતા પ્રવર્ત્તે છે જે ભાષાસંબંધી દોષરૂપ હોવાથી આપત્તિરૂપ છે.

'જો અચારિત્રી પદથી અવિરતિપરિણામ ઉપસ્થિત થઈ જતો હોય તો તો નોઅચારિત્રી કહેવાથી જ તેના અભાવનું પ્રતિપાદન થઈ જતું હોવાથી એટલું જ કહેવું યુક્ત છે'–એવું પણ માનવું નહિ કારણ કે અચારિત્રનો અભાવ હોવા છતાં પણ 'ચારિત્ર હોય છે કે નહિ' એ જાણવાની આકાંક્ષા તો ઊભી જ રહે છે. વળી ચારિત્ર હોય છે કે નહિ એનું પ્રતિપાદન કરવાના અવસરે આ રીતે 'અવિરતિ પરિણામ હોતો નથી' એવું પ્રતિપાદન કરવું એમાં અર્થાન્તર થઈ જવા રૂપ દોષ છે. આ જ રીતે 'નો ચારિત્રી'માં 'નો' ને છોડીને 'અ' મૂકવામાં પણ વિરુદ્ધ ઉપસ્થિતિ થઇ જવી વગેરે દૂષકતા બીજ જાણવું. તેથી જ્યાં માત્ર ગુણાભાવ હોય (સાથે દોષ ન હોય) તેવા સ્થળે જ વિરુદ્ધ (દોષ)ની ઉપસ્થિતિ ન થઇ જાય એ માટે 'નોચારિત્રી નોઅચારિત્રી' આવા પ્રયોગો થાય છે, અન્યત્ર નહિ એ જાણવું. તાત્પર્ય, ઉપરોક્ત બાધકસિદ્ધાન્તવચનના કારણે સિદ્ધમાં ચારિત્રગુણ માનવો તે યુક્ત નથી. ॥૧૩૧॥

नणु इह देसणिसेहे णोसद्दो तेण तस्स देसस्स ।
अत्थु णिसेहो किरियारूवस्स ण सत्तिरूवस्स ॥१३२॥

(नन्विह देशनिषेधे नोशब्दस्तेन तस्य देशस्य । अस्तु निषेधः क्रियारूपस्य न शक्तिरूपस्य ॥१३२॥)

ननु 'नो चारित्ती' इत्यत्र नोपदस्य देशनिषेधार्थकत्वात् क्रियारूपतदेकदेशनिषेधेऽपि चारित्रमोहक्षयजनितस्यात्मपरिणामविशेषरूपस्य चारित्रस्य तत्राक्षतत्वेन न काचित्सूत्रबाधा ।

अथ क्रियारूपमेव चारित्रं न तु ज्ञानादिवच्छाश्वतात्मपरिणामरूपं, अत एव क्रियायाः परभवाननुगामितया तस्यैहिकत्वमेव न तु पारभविकत्वमित्युपदिष्टम् । तथाहि—

"[1]इहभविए भंते चरित्ते परभविए चरित्ते तदुभयभविए चरित्ते ? गोयमा इहभविए चरित्ते णो परभविए चरित्ते णो तदुभयभविए चरित्ते" इति । व्याख्यातं चेदं चरित्रसूत्रे निर्वचनविशेषात्, तथाहि–चारित्रमैहभविकमेव न हि चारित्रवानिह भूत्वा तेनैव चारित्रेण पुनश्चारित्री भवति, यावज्जीवितावधिकत्वात्तस्य । किञ्च चारित्रिणः संसारे सर्वविरतस्य देशविरतस्य च

આ બાબતમાં બીજો કોઇ શંકા કરતાં કહે છે–

[શક્તિરૂપ ચારિત્રૈકદેશ સિદ્ધોમાં હાજર–શંકા]

**ગાથાર્થ** :–'સિદ્ધે નોચારિત્તી'એ સૂત્રમાં 'નો' શબ્દ દેશનિષેધવાચી હોવાથી ચારિત્રના ક્રિયારૂપ અંશનો જ સિદ્ધાવસ્થામાં નિષેધ કરે છે 'શક્તિરૂપ' અંશનો નહિ. તેથી એ શક્તિરૂપ અંશને આશ્રીને ચારિત્રગુણ કહેવામાં પણ કાંઈ અજુગતું નથી.

'नो चारित्ती' શબ્દમાં 'નો' પદ દેશનિષેધાર્થક હોવાથી ક્રિયાત્મક એક દેશનો નિષેધ થતો હોવા છતાં ચારિત્રમોહનીયકર્મક્ષયજન્ય આત્મપરિણામવિશેષરૂપ ચારિત્ર તો અક્ષત જ હોવાથી કોઈ વાંધો નથી.

**(સર્વથા ચારિત્રાભાવનું સિદ્ધાન્તીએ કરેલ સમર્થન)**

બીજાએ કરેલી આ શંકા ઉપર દીર્ઘ વિચારણા કરતાં સિદ્ધાન્તાવલંબી કહે છે– **(૧) ચારિત્ર ક્રિયારૂપ જ છે નહિ કે જ્ઞાનાદિની જેમ શાશ્વત આત્મપરિણામરૂપ પણ... તેથી જ ક્રિયા પરભવમાં સાથે જતી ન હોવાથી (૨) ચારિત્ર ઐહિક=આ ભવ સંબંધી જ હોય છે પારભવિક નહિ એવું શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે. 'હે ભગવન્ ! ચારિત્ર ઇહભવિક હોય છે ? પારભવિક હોય છે ? કે તદુભયભવિક હોય છે ? ભગવાનનો જવાબ –હે ગૌતમ ! ચારિત્ર ઈહભવિક હોય છે, પારભવિક કે તદુભયભવિક હોતું નથી.' વળી આનું વ્યાખ્યાન પણ ચારિત્રસૂત્રમાં કર્યું છે કે ચારિત્ર આ ભવસંબંધી જ હોય છે, આ ભવમાં ચારિત્રી બનેલો જીવ તે જ અખંડિત ચારિત્રને ભવાંતરમાં સાથે લઈ જતો નથી કારણ કે અહીંનું (૩) ચારિત્ર યાવજ્જીવની મર્યાદાવાળું જ હોય છે. વળી (૪) દેશવિરતિ કે સર્વવિરતિરૂપ ચારિત્રવાળા જીવો બીજા ભવે તો દેવભવમાં**

१. ऐहभविकं भगवन् ! चारित्रं पारभविकं तदुभयभविकं चारित्रम् ? गौतम ! ऐहभविकं चारित्रं नो पारभविकं नो तदुभयभविकं चारित्रम् ।

देवेष्वेवोत्पादात्, तत्र च विरतेरत्यन्तमभवात्, मोक्षगतावपि चारित्रसंभवाभावाद्, चारित्रं हि कर्मक्षपणायानुष्ठीयते मोक्षे च तस्याऽकिञ्चित्करत्वात्, 'यावज्जीवम्' इति प्रतिज्ञासमाप्ते-स्तदन्यस्याऽग्रहणात्। अनुष्ठानरूपत्वाच्च चारित्रस्य शरीराभावे च तदयोगात्। अत एवोच्यते " 'सिद्धे णो चरित्ती णो अचरित्ती णो चरित्ताचरित्तीति वा", विरतेरभावादिति चेत्? ॥१३२॥ अत्रोच्यते—

जइ किरियारूवं चिय चारित्तं णेव आयपरिणामो।
तो किरियारूवं चिय सम्मत्तं णायपरिणामो ॥१३३॥

(यदि क्रियारूपमेव चारित्रं नैवात्मपरिणामः। तत्क्रियारूपमेव सम्यक्त्वं नात्मपरिणामः ॥१३३॥)

जं पुण तं इहभवियं तं किरियारूवमेव णेअव्वं।
अहवा भवो ण मोक्खो णो तम्मि भवे हिअमहवा ॥१३४॥

(यत्पुनस्तदैहभविकं तत्क्रियारूपमेव ज्ञातव्यम्। अथवा भवो न मोक्षो न तस्मिन् भवे हितमथवा ॥१३४॥)

ण य मोक्खसुहे लद्धे तयणुट्ठाणस्स हंदि वेफल्लं।
तक्कारणस्स इहरा नाणस्स वि होइ वेफल्लं ॥१३५॥

(न च मोक्षसुखे लब्धे तदनुष्ठानस्य भवति वैफल्यम्। तत्कारणस्येतरथा ज्ञानस्यापि भवति वैफल्यम् ॥१३५॥)

णेव पइण्णाभंगो अहिआवहिपूरणंमि चरणस्स।
सा वा किरियारूवे सुअकरणे जं करेमित्ति ॥१३६॥

(नैव प्रतिज्ञाभङ्गोऽधिकावधिपूरणे चरणस्य। सा वा क्रियारूपे श्रुतकरणे यत्करोमीति ॥१३६॥)

---

જ જાય છે. જ્યાં ચારિત્ર અસંભવિત છે, અને મોક્ષમાં જાય તો ત્યાં પણ એ અસંભવિત જ છે. (૫) કારણ કે ચારિત્રનું પાલન કર્મનિર્જરા માટે હોય છે જે મોક્ષમાં તો થઈ જ ગયેલ હોવાથી ચારિત્રનું કોઈ પ્રયોજન રહેતું નથી. વળી (૬) યાવજ્જીવની પ્રતિજ્ઞા પણ સમાપ્ત થઈ ગઇ હોવાથી અને અન્ય પ્રતિજ્ઞા લીધી ન હોવાથી પરભવમાં પણ એ ચારિત્ર સાથે જાય છે એવું મનાય નહિ. તેમજ (૭) ચારિત્ર અનુષ્ઠાનરૂપ હોવાથી શરીરની ગેરહાજરીમાં અસંભવિત હોવાને કારણે સિદ્ધોને હોતું નથી. તેથી જ વિરતિનો અભાવ હોવાથી કહ્યું છે કે 'સિદ્ધ ચારિત્રી નથી અચારિત્રી નથી કે ચારિત્રા-ચારિત્રી=દેશવિરત નથી' ॥૧૩૨॥

આ રીતે સિદ્ધાંતાવલંબીએ કરેલ વિચારણાનો શંકાકાર પોતાની રીતે જવાબ આપે છે.

### [ સિદ્ધાંતીના સમર્થનનો શંકાકારે આપેલ જવાબ ]

**ગાથાર્થ** :—જો ચારિત્ર ક્રિયારૂપ જ હોય ને મોહક્ષયાદિજન્ય આત્મપરિણામરૂપ ન હોય તો તો સમ્યક્ત્વને પણ નિઃશંકપણા વગેરે બાહ્યાચારાત્મક ક્રિયારૂપ જ માનવું પડશે, આત્મપરિણામરૂપ નહિ. 'ચારિત્ર ઇહભવિક જ હોય છે' એવું જે કહ્યું છે તે

---

૨. "सिद्धः नोचारित्री नोअचारित्री नो चारित्राऽचारित्रीति वा"

अह चरणमनुट्ठाणं तं ण सरीरं विणु त्ति जइ बुद्धी ।
तेण विणा नाणाई ता तस्स अहेउअं पत्तं ॥१३७॥
( अथ चरणमनुष्ठानं तन्न शरीरं विनेति यदि बुद्धिः । तेन विना ज्ञानादि तत्तस्याऽहेतुकं प्राप्तम् ॥१३७॥)
अपि च–किरिया खलु ओदयिगी खइयं चरणंति दोण्हमह भेओ ।
सा तेण बज्झचरणं अब्भंतरयं तु परिणामो ॥१३८॥
(क्रिया खल्वौदयिकी क्षायिकं चरणमिति द्वयोर्महान् भेदः । सा तेन बाह्यचरणमाभ्यन्तरं तु परिणामः ॥१३८॥)
आया खलु सामइए आया सामाइअस्स अट्ठोत्ति ।
तेणेव इमं सुत्तं भासइ तं आयपरिणामं ॥१३९॥
( आत्मा खलु सामायिकमात्मा सामायिकस्यार्थ इति । तेनैवेदं सूत्रं भाषते तमात्मपरिणामम् ॥१३९॥ )
ण य खइयं पि चरित्तं जोगणिरोहेण तं विलयमेइ ।
अण्णह विहलो पत्तो विरहो चारित्तमोहस्स ॥१४०॥
( न च क्षायिकमपि चारित्रं योगनिरोधेन तद्विलयमेति । अन्यथा विफलः प्राप्तो विरहश्चारित्रमोहस्य ॥१४०॥)
तेणं सुद्धुवओगो चरणं नाणाउ दंसणमिवण्णं ।
कारणकज्जविभागा सततमिय किन्न सिद्धेसु ॥१४१॥
( तेन शुद्धोपयोगश्चरणं ज्ञानादर्शनमिवान्यत् । कारणकार्यविभागात् स्वतन्त्रमिति किन्न सिद्धेषु ॥१४१॥)

---

ક્રિયારૂપ ચારિત્રને આશ્રીને જ, આત્મપરિણામાત્મક ચારિત્રને આશ્રીને નહિ. અથવા મોક્ષ 'ભવ' રૂપ ન હોવાથી તેમાં ક્રિયાત્મક ઈહભવિક ચારિત્ર ન હોવામાં કોઈ આપત્તિ નથી. અથવા તેની પણ ભવ તરીકેની વિવિક્ષા કરી હોય તો પણ 'આ ભવમાં જે હિતકારી હોય તે ઇહભવિક' એવી વ્યુત્પત્તિ હોવાથી અને મોક્ષમાં રહેલ આત્મપરિણામાત્મક ચારિત્ર કર્મનિર્જરારૂપ હિત કરતું ન હોવાને કારણે સિદ્ધોને ઈહભવિક ચારિત્ર કહ્યું નથી. ચારિત્રનું ફળ 'મોક્ષ' તો પ્રાપ્ત થઇ ગયો હોવાથી ત્યાં "ચારિત્રાનુષ્ઠાન નિષ્ફળ હોવાને કારણે માની શકાતું નથી" એવું પણ કહેવું નહિ કારણ કે તો પછી ચારિત્રના કારણભૂત જ્ઞાન પણ નિષ્ફળ થવાથી તે પણ માની શકાશે નહિ. પ્રતિજ્ઞાત અવધિ કરતાં વધુ અવધિ (કાળસુધી) પાલન કરવામાં કંઈ ચારિત્રની યાવજ્જીવ પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી. અથવા તો યાવજ્જીવ પ્રતિજ્ઞા ક્રિયારૂપ ચારિત્રને આશ્રીને કરાય છે. ભાવરૂપ ચારિત્રને આશ્રીને નહિ કારણ કે 'કરેમિ ભંતે !...' વગેરે પ્રતિજ્ઞા શ્રુતકરણાત્મક છે. વળી ક્રિયા યોગરૂપ હોવાથી શરીરનામકર્મોદયજન્ય હોવાના કારણે ઔદયિકી છે જ્યારે ચારિત્ર મોહક્ષયજન્ય હોવાથી ક્ષાયિક છે તેથી એ બંને વચ્ચે અત્યંત ભેદ છે. તેથી ક્રિયા બાહ્યચારિત્ર છે જ્યારે આત્મપરિણામ આભ્યન્તર ચારિત્ર છે. તેથી જ 'આત્મા જ ખરેખર સામાયિક છે. આત્મા જ સામાયિક શબ્દનો અર્થ (વાચ્યાર્થ) છે' એ સૂત્ર સામાયિકને આત્મપરિણામ રૂપે જણાવે છે. 'ક્ષાયિકચારિત્ર પણ યોગનિરોધ થયો

आसामयं तात्पर्यार्थः—यत्तावदुक्तं क्रियारूपं चारित्रं न तु शाश्वतात्मपरिणाम इति, तत्र किं क्रियाया आन्तरपरिणामरूपत्वेऽपि योगसापेक्षतया न शाश्वतत्वमित्यभिमतम्, कृत्तीर्थी (?क्रिया)भिव्यक्तस्वरूपस्य तस्य बाह्यत्वादेव न तथात्वमिति वा? आद्ये "णय खइयं वि..." इत्यादिना समाधानं वक्ष्यते, अन्त्ये तु भावशून्यक्रियायाश्चारित्रत्वानभ्युपगमेन कथं क्रियारूपत्वमेव तस्य? अथ "क्रियाजनकीभूतो भावो ज्ञानमेव, तज्जन्यक्रियैव चारित्रं" इत्यस्माकमभ्युपगमः इति चेत्? हन्त तर्हि निःशङ्कितादिबाह्याचार एवास्तु सम्यक्त्वं, तदनुगुणो भावस्तु ज्ञानमेवेति सम्यक्त्वमपि नातिरिच्येत। तथा च सिद्धानां चारित्रमिव सम्यक्त्वमपि न स्यादिति दुरुद्धरोऽपसिद्धान्तदोषः।

अथ न बाह्याचार एव सम्यक्त्वं, तेन विनाऽपि तच्छ्रवणात्, अपितु निःशङ्किताद्याचारशमसंवेगादिलिङ्गाभिव्यङ्ग्यः कश्चिदात्मपरिणामः, उक्तं च—"[1]से य सम्मत्ते पसत्थसम्मत्तमोहणीयकम्माणुवेयणोवसमखयसमुत्थे पसमसंवेगाइलिंगे सुहे आयपरिणामे पन्नत्ते"

હોવાથી નષ્ટ થઇ જાય છે' એવું પણ માનવું નહિ કારણ કે તો પછી ચારિત્રમોહનીયનો ક્ષય નિષ્ફળ થઈ જાય! તેથી ચારિત્ર શુદ્ધોપયોગ રૂપ છે જે કારણ કાર્યવિભાગને કારણે સમ્યક્‌ત્વની જેમ જ્ઞાનથી ભિન્ન છે. તેથી શુદ્ધોપયોગરૂપ એ ચારિત્ર સિદ્ધોમાં સ્વતંત્રગુણરૂપે શા માટે ન હોય?

[ચારિત્રને માત્ર ક્રિયારૂપ માનવામાં આપત્તિ]

આ ગાથાઓનો આ તાત્પર્યાર્થ છે–'ચારિત્રક્રિયારૂપ છે, નહિ કે શાશ્વતઆત્મપરિણામ રૂપ' એવું જે તમે કહ્યું તેમાં શું ક્રિયા આન્તરપરિણામરૂપ હોવા છતાં યોગસાપેક્ષ હોવાથી તદ્રૂપ ચારિત્ર શાશ્વત નથી એવો તમારો અભિપ્રાય છે કે ક્રિયાથી અભિવ્યક્ત સ્વરૂપવાળું તે બાહ્યાત્મક હોવાથી શાશ્વત નથી એવો? પ્રથમવિકલ્પનું સમાધાન 'णय खइअं...' ગાથાથી કહેવાશે. બીજો વિકલ્પ પણ અયુક્ત છે કારણકે જો ચારિત્ર ક્રિયારૂપ જ હોય તો તો ભાવશૂન્યક્રિયાને પણ ચારિત્રરૂપ માનવી પડે જે મનાતી નથી.

**શંકા** :–ક્રિયાનો જનકીભૂત ભાવ જ્ઞાન જ છે અને તજ્જન્ય (જ્ઞાનજન્ય) ક્રિયા જ ચારિત્ર છે એવું અમે માનીએ છીએ. ભાવશૂન્યક્રિયા જ્ઞાનજન્ય ન હોવાથી તેને ચારિત્રરૂપ માનવાની આપત્તિ આવતી નથી અને ભાવપૂર્વકની ક્રિયામાં પણ ભાવ અંશ તો જ્ઞાનરૂપ જ છે. તેથી ક્રિયા જ ચારિત્રરૂપ છે.

**સમાધાન** :–તો પછી એ રીતે નિઃશંકિતાદિ બાહ્યાચાર જ સમ્યક્‌ત્વ છે તેનો ઉત્પાદક ભાવ તો જ્ઞાન જ છે એવું પણ માનવું જોઇએ. અને તેથી સિદ્ધોને બાહ્યાચાર ન હોવાથી ચારિત્રની જેમ સમ્યક્‌ત્વ પણ હોતું નથી એમ માનવું પડશે જે સિદ્ધાન્તવિરુદ્ધ છે.

१. तच्च सम्यक्त्वं प्रशस्तसम्यक्त्वमोहनीयकर्माणुवेदनोपशमक्षयसमुत्थः प्रशमसंवेगादिलिङ्गः शुभ आत्मपरिणामः प्रज्ञप्तः।

त्ति। अयं च दर्शनमोहक्षय–क्षयोपशम–उपशमजन्यो भावविशेष एव, न तु तत्त्वार्थश्रद्धानं, अपर्याप्तावस्थायां तदभावादिति पञ्चाशकवृत्तौ व्यवस्थितम् । तथा च दर्शनमोहक्षयोपनीतं क्षायिकं सम्यक्त्वं सिद्धानामक्षतमेवेति चेत् ? हन्त तर्हि चारित्रमपि प्रेक्षादिव्यापाराभिव्यङ्ग्यश्चारित्रमोहकर्मक्षय–क्षयोपशम–उपशमोपनीतः परिणामविशेष एवेति सिद्धेषु क्षायिकचारित्रं किं वाङ्मात्रनिवारणीयम् ? अत एव मरुदेवादीनां बाह्याचारं विनापि निर्वाणहेतुचारित्रसत्ता संभविनी, क्वचिल्लिङ्गं विनापि लैङ्गिकदर्शनात्, धूमं विनाऽयोगोलके वह्न्यनुभवात्, प्रशमसंवेगादिकं विना कृष्णश्रेणिकादीनामपि क्षायिकसम्यक्त्वाभ्युपगमाच्च ।

अथ षड्जीवनिकाय एव चारित्रस्य विषय इति तत्परिपालनक्रियैव चारित्रं, सम्यक्त्वस्य तु जीवाजीवादिपदार्था एव विषय इति न सा क्रियेति चेत् ? न, तत्त्वतश्चारित्रस्य शुद्धात्मविषयकत्वात्, अत एव "[1]निरभिस्संगं चित्तं..." इत्यादिना साम्यपरिणतिमेव तदाम्ना-

[ સમ્યક્ત્વમાં આત્મ પરિણામરૂપત્વ પણ આવશ્યક–સિદ્ધાન્તી ]

**શંકા** :–બાહ્યાચાર વિના પણ સમ્યક્ત્વ હોવાનું શાસ્ત્રોમાં કહ્યું હોવાથી બાહ્યાચાર જ સમ્યક્ત્વ છે એવું નથી કિન્તુ નિઃશંકિતાદિ આચારશમસંવેગાદિલિંગથી અભિવ્યક્ત થતા આત્મપરિણામરૂપ જ સમ્યક્ત્વ છે. કહ્યું છે કે "તે સમ્યક્ત્વ પ્રશસ્ત એવા સમ્યક્ત્વમોહનીયકર્મના અનુવેદન–ઉપશમ અથવા ક્ષયથી ઊભો થએલો અને પ્રશમસંવેગાદિ લિંગવાળો શુભ આત્મ પરિણામ છે." આ પરિણામ દર્શનમોહના ક્ષય–ક્ષયોપશમ કે ઉપશમથી થએલ ભાવવિશેષ જ છે નહિ કે તત્ત્વાર્થશ્રદ્ધા, કારણ કે અપર્યાપ્ત અવસ્થામાં તત્ત્વાર્થશ્રદ્ધાનો અભાવ હોવા છતાં સમ્યક્ત્વ માન્યું છે આવું શ્રી પંચાશક શાસ્ત્રની ટીકામાં કહ્યું છે. તેથી દર્શનમોહના ક્ષયથી થએલ ક્ષાયિક સમ્યક્ત્વ સિદ્ધોને હોવામાં કોઇ બાધક નથી.

[ચારિત્રમાં પણ આત્મપરિણામરૂપત્વ આવશ્યક]

**સમાધાન** :–એ રીતે ચારિત્ર પણ પ્રેક્ષાદિવ્યાપારાત્મક બાહ્યાચારરૂપ જ નથી કિન્તુ તેનાથી અભિવ્યક્ત થતો અને ચારિત્રમોહનીય કર્મના ક્ષય–ક્ષયોપશમ કે ઉપશમથી થએલ એવો આત્મપરિણામવિશેષ જ છે જે સિદ્ધોમાં પણ હાજર હોય છે. તેથી ત્યાં ક્ષાયિક ચારિત્રનો શું તમારા બોલવા માત્રથી અભાવ થઈ જાય ? આત્મપરિણામરૂપ હોવાથી જ મરૂદેવા માતા વગેરેને બાહ્યાચાર વિના પણ મોક્ષહેતુભૂત ચારિત્ર સંભવિત છે કારણકે કયાંક લિંગવિના પણ લિંગી હોઈ શકે છે. જેમકે ધૂમાડાના અભાવમાં પણ તપેલા લોખંડના ગોળામાં અગ્નિ દેખાય છે. પ્રશમસંવેગાદિ રૂપ લિંગ વિના પણ કૃષ્ણશ્રેણિક વગેરેને ક્ષાયિક સમ્યક્ત્વ હોવાનું પણ માન્યું જ છે. એ જ રીતે સિદ્ધોને પણ બાહ્યાચારાત્મક લિંગ વિના પણ ક્ષાયિક ચારિત્રરૂપ લિંગી હોવામાં કોઇ વાંધો નથી.

१. समभावो सामइअं तणकंचणसत्तुमित्तविसओ त्ति । णिरभिस्संगं चित्तं उचियपवित्तिप्पहाणं च ॥
( पंचाशक० ११/५ )

समभावो सामायिकं तृणकंचनशत्रुमित्रविषय इति । निरभिष्वंगं चित्तमुचितप्रवृत्तिप्रधानं च ॥

सिषुः । युक्तं चैतत्, षड्जीवनिकायपालनप्रयत्नं विनापि मरुदेव्यादीनां माध्यस्थ्यमात्रेणापि तत्संभवात् । 'तदापि क्रियाफलमि'ति क्रियैवेति चेत्? नूनमेवं सिद्धचारित्रमपि क्रियाफलमिति क्रियैवोच्यतां किं वरिछद्यते? युक्तं चैतत्, भवस्थकेवलिनामपि क्रियाफलसद्भावमात्रादेव संयमोपदेशात् "किं ते भंते जत्ता! सोमिला! जं मे तवणियमसंयमसज्झायझाणावस्सयमाइसु जोएसु जयणा" इत्यत्र । "एतेषु च यद्यपि भगवतो न किञ्चित्तदानीं विशेषतः संभवति, तथापि 'तत्फलसद्भावात्तदस्ती'त्युक्तमिति मन्तव्यमि"ति व्याख्यानात् । अथ बाह्यक्रियाभिव्यङ्ग्यान्तरक्रियैव चारित्रं, सा च भवस्थकेवलिनां मरुदेव्यादीनां च संभवति, अत एव चानुपदोक्तस्थले विशेषत इत्युक्तिरिति चेत्? सेयं योगरूपा वा स्यादुपयोगरूपा वा? नाद्यः, मरुदेव्यादौ व्यभिचारात् । द्वितीये तु सिद्धं नः समीहितं, शुद्धोपयोगलक्षणस्य चारित्रस्य व्यवस्थापयिष्यमाणत्वात् इति दिग् ।

---

**શંકા** :–ષડ્જીવનિકાય જ ચારિત્રનો વિષય છે અને તેનું પરિપાલન કરવાની ક્રિયા જ ચારિત્ર છે જ્યારે સમ્યક્ત્વના તો જે જીવ–અજીવ આદિ પદાર્થો વિષય છે તેના પાલન–રક્ષણાદિ કરવા એ કંઈ સમ્યક્ત્વરૂપ નથી કે જેથી એ ક્રિયારૂપ બની જાય!

### [શુદ્ધાત્મા જ પરમાર્થથી ચારિત્રનો વિષય, ષડ્જીવનિકાયાદિ નહિ]

**સમાધાન** :–એ પણ અયુક્ત છે કારણકે પરમાર્થથી તો ચારિત્ર શુદ્ધાત્મવિષયક છે, ષડ્જીનિકાયાદિવિષયક નહિ. તેથી જ પંચાશકાદિમાં 'નિરભિસ્સંગ ચિત્તં...' ઇત્યાદિ સૂત્રથી સમતાપરિણામને જ સામાયિકરૂપે કહ્યો છે. એ વાત યુક્ત પણ છે કારણકે ષડ્જીવનિકાય પાલનના પ્રયત્ન વિના પણ મરુદેવી માતા વગેરેને માધ્યસ્થ્ય ભાવમાત્રથી ચારિત્ર હતું.

**શંકા** :–છતાં પણ એ ચારિત્ર ક્રિયાના ફળરૂપ હોવાથી ક્રિયારૂપ જ કહેવાય છે.

### [ફળસત્તાના કારણે ચારિત્રસત્તા કહેવી સંગત]

**સમાધાન** :–એ રીતે તો સિદ્ધોનું ચારિત્ર પણ ક્રિયાના ફળ રૂપ હોવાથી તેને ક્રિયારૂપ જ કહો ને! તમારું શું બગડે છે? વળી એમ કહેવું યુક્ત પણ છે કારણકે ભવસ્થ કેવલીઓને પણ ક્રિયાફળ હોવાથી જ સંયમ હોવું નીચેના સૂત્રથી કહ્યું છે— "હે પ્રભુ! તમારી સંયમયાત્રા શું છે? પ્રભુનો જવાબ–હે સૌમ્ય! તપ–નિયમ–સંયમ–સ્વાધ્યાય–ધ્યાન–આવશ્યકાદિ યોગોમાં જે જયણા છે એ જ સંયમયાત્રા છે." આનું વ્યાખ્યાન આવું કર્યું છે કે "આ તપ વગેરેમાંથી જો કે ભગવાનને કેવળી અવસ્થામાં કોઈ વિશેષરૂપે હોતા નથી છતાં એ તપ વગેરેનું ફળ હાજર હોવાથી તપ વગેરે હોય છે એમ કહ્યું છે એવું જાણવું."

---

१. किं ते भगवन् यात्रा? सौम्य! यन्मे तपोनियमसंयमस्वाध्यायध्यानावश्यकादिषु योगेषु यतना ॥ (प्रज्ञप्ति–१८/१०/६४७)

यत्पुनरुक्तमैहभविकत्वोपदेशादेव न सिद्धिगतौ चारित्रसत्त्वमिति तदपि स्वाभिप्रायविजृम्भितं, उक्तोपपत्तिबलेन चारित्रस्यात्मगुणत्वे सिद्धे क्रियारूपतद्विशेष एवैहभविकत्वोपदेशविश्रामात्, भवपदस्य संसारवाचकत्वेन मोक्षगतौ तत्सत्त्वेऽप्यैहभविकत्वाऽविरोधात् । अथ गतिमार्गणायां सिद्धगतेरिव भवाधिकारेऽपि भवनमात्रार्थपुरस्कारेण मोक्षस्यापि ग्रहणं सांप्रदायिकमिति चेत्? तथापि 'इह भवे हितमैहभविकं' इत्यर्थाश्रयणे न कोऽपि दोषः, मोक्षगतौ चारित्रसत्त्वेऽपि तस्य मोक्षानुपकारित्वात् । नन्वेवं ज्ञानदर्शने अपि पारभविके न स्यातामिति चेत्? न, परभवपदार्थे देवगत्यादौ तयोरुपकारित्वात् ।

---

**શંકા :**–બાહ્યક્રિયાથી અભિવ્યક્ત થતી આંતરક્રિયા જ ચારિત્ર છે જે ભવસ્થ કેવળી અને મરુદેવાદિને સંભવે છે. તેથી જ ઉપરના સૂત્રવ્યાખ્યાનમાં 'વિશેષતઃ' એવો શબ્દ મૂકયો છે. પણ સિદ્ધોને તો સામાન્યથી પણ તપ વગેરે ન હોવાથી આંતરક્રિયા પણ હોતી જ નથી તેથી ચારિત્ર શી રીતે મનાય ?

**સમાધાન :**–એ આંતરક્રિયાને યોગરૂપ માનો છો કે ઉપયોગરૂપ ? યોગરૂપ મનાય નહિ કારણ કે મરુદેવા વગેરેમાં તેવો યોગ ન હોવા છતાં ચારિત્ર હોવાથી વ્યભિચાર આવે. ઉપયોગરૂપ માનતા હો તો અમારું જ ઈષ્ટ સિદ્ધ થાય છે કારણ કે ચારિત્ર શુદ્ધોપયોગ રૂપ છે એવું અમે આગળ કહેવાના છીએ.

**[ ચારિત્રૈકાંશમાં જ ઐહભવિકત્વ, સર્વાંશમાં નહિ ]**

"વળી ચારિત્રને ઈહભવિક કહ્યું છે એનાથી જ જણાય છે કે તે સિદ્ધિગતિમાં હોતું નથી કારણકે સિદ્ધાવસ્થામાં નવું કોઈ ચારિત્ર લેવાનું નથી અને પૂર્વભવનું (ચરમભવનું) તો સાથે આવ્યું નથી"...... ઇત્યાદિ તમે જે કહ્યું તે માત્ર તમારી સ્વચ્છંદપણાથી કરાયેલ ચેષ્ટા જ છે કારણકે ઉપર કહ્યા મુજબ ચારિત્ર આત્મગુણરૂપે સિદ્ધ થયું હોવાથી ક્રિયારૂપ તેના એક અંશવિશેષ અંગે જ ઐહભવિકત્વ લાગુ પડે છે. તેથી 'ભવ' શબ્દ ચાર ગતિરૂપ સંસારનો વાચક હોવા છતાં તેમજ મોક્ષમાં પણ ચારિત્ર હોવા છતાં ઉપદિષ્ટ ઐહભવિકત્વને વાંધો નથી કારણકે ઐહભવિક અંશ તો ત્યાં હોતો જ નથી. તેનાથી ભિન્ન એવા આત્મપરિણામાત્મક અંશને લઈને જ ચારિત્રસત્તાનો ઉપદેશ છે.

**શંકા:**–જેમ ગતિમાર્ગણામાં સિદ્ધિગતિની પણ ગતિ તરીકે વિવક્ષા કરીને એનું ગ્રહણ કર્યું છે તેમ ભવાધિકારમાં પણ 'ભવન=થવું' માત્ર એવા જ અર્થને આગળ કરીને મોક્ષનું પણ ગ્રહણ થઈ શકતું હોવાથી જો મોક્ષમાં ચારિત્ર હોય તો તે ઐહભવિક જ શા માટે ન હોય ?

**સમાધાનઃ**–'આ ભવમાં હિતરૂપ હોય તે ઐહભવિક' એવો અર્થ કરવાથી કોઈ દોષ નથી. કારણકે મોક્ષમાં ચારિત્ર હોવા છતાં મોક્ષપ્રાપ્તિ થઈ જ ગઈ હોવાથી મોક્ષ માટે તે ઉપકારી નથી.

अथ क्रियारूपत्वे चारित्रस्य न देवभवाद्यनुयायित्वं तस्या मनुष्यशरीरमात्रसंभविसंभवत्वात्, आत्मपरिणामरूपत्वे तु तस्य तथात्वप्रसङ्गः, ज्ञानादिवदात्ममात्रापेक्षिणस्तस्य देवभवानुगामित्वसंभवात् इति चेत्? न, देवभवोत्पत्तिसमयोदितचारित्रमोहनीयकर्मणाऽऽत्मपरिणामरूपस्यापि चारित्रस्य विनाशात्, तेषां भवस्वाभाव्येनैवाविरतत्वाद्, अन्यथा परेषामपि न प्रतीकारः, शरीरिणां स्वकारणाधीनक्रियासंभवात्। एतेन 'चारित्रं मोक्षभवाननुयायि, देवभवाननुयायित्वात्' इत्याद्यनुमानपरम्परापि परास्ता, अप्रयोजकत्वात्, प्रतिबन्धकसत्त्वाऽसत्त्वाभ्यां परभवाननुयायित्वाऽनुयायित्वसंभवात्।

---

**શંકાઃ**–તો પછી એ રીતે જ્ઞાન–દર્શન પણ પારભવિક હોતા નથી, ઐહભવિક જ હોય છે એવું પણ માનો ને!

**સમાધાન:**–એવું માની શકાતું નથી કારણકે પરભવ તરીકે લેવાતી દેવગતિ વગેરેમાં પણ જ્ઞાન–દર્શન ઉપકારી હોવાથી તે પારભવિક પણ છે જ.

**[ પરિણામાત્મક ચારિત્ર પારભવિક કેમ નહિ? — સિદ્ધાન્તી ]**

**શંકા :**–જો ચારિત્ર ક્રિયારૂપ હોય તો એ માત્ર મનુષ્યશરીરમાંજ સંભવિત હોવાથી, દેવભવાદિમાં એ ક્રિયા સાથે જતી ન હોવાના કારણે ઐહભવિક કહી શકાય. હવે જો એને આત્મપરિણામ રૂપ માનવાનું હોય તો તો એ માત્ર આત્માને જ સાપેક્ષ હોવાથી જ્ઞાનાદિની જેમ દેવાદિગતિમાં પણ સાથે જઈ શકતું હોવાથી માત્ર ઐહભવિક જ શી રીતે કહેવાય? તેથી ચારિત્રને ક્રિયારૂપ જ માનવું યુક્ત છે.

**[ ચારિત્રમોહોદયથી પરભવમાં ચારિત્રનાશ ]**

**સમાધાનઃ**–દેવભવમાં ઉત્પત્તિના પ્રથમ સમયે જ ઉદયમાં આવી જતાં ચારિત્રમોહનીય કર્મથી આત્મપરિણામરૂપ ચારિત્રનો પણ ક્ષય થઇ જતો હોવાથી પરિણામાત્મક ચારિત્ર પણ સાથે જઈ શકતું નથી દેવો તેવા ભવસ્વભાવથી જ અવિરત હોય છે અર્થાત્ તેઓના તેવા ભવના કારણે જ ઉત્પત્તિની સાથે જ ચારિત્રમોહનીય કર્મનો (અપ્રત્યાખ્યાનાવરણ કષાયાદિનો) ઉદય થઈ જાય છે. નહિતર તો ક્રિયારૂપ ચારિત્ર માનનાર તમારે પણ ચારિત્રનું ઐહભવિકત્વ ઉપપન્ન કરવું અઘરું થઈ પડશે કારણકે શરીરી એવા દેવાદિને પણ સ્વકારણાત્મક શરીરાદિને આધીન ક્રિયા સંભવિત જ છે. દેવાદિમાં પૂંજવા–પ્રમાર્જવાનું સામર્થ્ય હોતું નથી એવું તો કાંઇ છે નહિ.

**(નાશક ન હોવાથી મોક્ષમાં ચારિત્ર અખંડિત)**

આમ તેવા ભવસ્વભાવના કારણે જ દેવભવમાં ચારિત્ર સાથે જતું નથી એવું પ્રતિપાદન કર્યું એનાથી જ 'ચારિત્ર મોક્ષભવમાં સાથે જતું નથી કારણકે દેવભવમાં સાથે જતું નથી, જેમકે ઔદારિક શરીર' ઈત્યાદિ અનુમાનો પણ અપ્રયોજક હોઈ નિરસ્ત જાણવા. અર્થાત્ "દેવભવમાં અનનુયાયી પણ કોઈ વસ્તુ મોક્ષાનુયાયી હોય તો શું વાંધો?" એવી અન્વયવ્યભિચારની શંકાને દૂર કરનાર કોઇ અનુકૂળ તર્ક ન

यदप्युक्तं 'मोक्षलक्षणस्य फलस्य लब्धत्वान्मोक्षे सिद्धानां चारित्रस्य वैफल्यम्' इति, तदपि न, कार्याऽजनकस्य हि कारणस्य वैफल्यं, न तु कार्यं जनयित्वा तदुत्तरकालं निर्व्यापारतया च तिष्ठमानस्यापि, अन्यथा घटजननोत्तरकालमेव दण्डादयो भज्येरन्निति मोक्षजननोत्तरकालमेव च केवलज्ञानादयो गुणा विफलाः प्रसज्येरन् । 'जनितकार्याणां कारणानामुत्तरकालेऽपि न वैफल्यमि'ति चेत्? तदिदं ममैवाभिमतम् । 'कार्यजननोत्तरं तस्य स्थितिः किमधीना ?' इति चेत्? यदधीना ज्ञानादेः । 'स्वकारणाधीना तस्यानन्ता स्थितिरिति चेत्? अस्यापि किं न तथा? !

यदप्युक्तं "मोक्षे चारित्राभ्युपगमे यावज्जीवतावधिकप्रतिज्ञाभङ्गप्रसङ्गः" इति, तत्र केयं प्रतिज्ञा ? "यावज्जीवं सामायिकं करोमि" इति श्रुतसङ्कल्पो वा, निर्विशेषं तादृशं ज्ञान-

હોવાથી એ અનુમાનો સ્વસાધ્યને સિદ્ધ કરી શકતા નથી. તે તે ગુણાદિ, પ્રતિબંધકની હાજરીમાં પરભવમાં સાથે જતા નથી અને ગેરહાજરીમાં જઈ શકે છે. સાથે જવા-ન જવાની વ્યવસ્થા આ રીતે સંભવિત હોવાથી દેવભવમાં પ્રતિબંધકના કારણે સાથે ન જઇ શકતું એવું પણ ચારિત્ર મોક્ષમાં તો સાથે જઇ જ શકે છે કારણકે તેને જતું અટકાવનાર કોઈ પ્રતિબંધક નથી.

**[મોક્ષપ્રાપ્તિ પછી ફળાનુત્પાદક ચારિત્રમાં નિષ્ફળત્વાભાવ]**

વળી જે કહ્યું કે 'મોક્ષાત્મક ફળ પ્રાપ્ત થઇ ગયું હોવાથી સિદ્ધોને ચારિત્ર નિષ્ફળ થઇ જવાની આપત્તિ આવશે' એ પણ યુક્ત નથી કારણ કે જે કાર્યનું જનક ન જ બને એ કારણ નિષ્ફળ કહેવાય છે, નહિ કે કાર્યને ઉત્પન્ન કરી પછી નિષ્ક્રિય રહેતું કારણ પણ... નહિતર તો ઘટને ઉત્પન્ન કર્યા પછી તરત જ નિષ્ફળ થઇ જતાં હોવાના કારણે નિરર્થક બની ગએલા દંડાદિ એ ભાંગી જવું જોઇએ. વળી આ રીતે જ મોક્ષોત્પાદ કર્યા પછી કેવલજ્ઞાનાદિ પણ તુરંત જ નિષ્ફળ થઇ જવાની આપતિ આવશે.

**શંકા:** –જેઓએ કાર્યોત્પાદ કરી લીધો છે તેવા કારણો ઉત્તરકાલમાં પણ નિષ્ફળ કહેવાતા ન હોવાથી, કેવલજ્ઞાનાદિ નિષ્ફળ નથી.

**સમાધાન :**–આવું તો અમને પણ ઈષ્ટ જ છે અને તેથી જ સિદ્ધોનું ચારિત્ર પણ નિષ્ફળ નથી.

**[ચારિત્રની અનંતસ્થિતિ સ્વકારણાધીન]**

**શંકા :**–કાર્યોત્પાદ કર્યા પછી પણ કારણીભૂત ચારિત્રસ્થિતિ જળવાઈ રહેવામાં કોણ કારણ છે?

**સમાધાન :**–જ્ઞાનાદિની સ્થિતિ પણ કોને આધીન છે? અર્થાત્ એ જળવાઈ રહેવામાં કોણ કારણ છે?

**શંકા :**–જ્ઞાનાદિની અનંતસ્થિતિ તો પોતાના કારણોને જ આધીન છે અર્થાત્ જ્ઞાનાદિના કારણો એવા જ્ઞાનાદિને ઉત્પન્ન કરે છે કે જેથી એની અનંતસ્થિતિ જળવાઈ રહે.

मेव वा ? आद्ये केवलज्ञानेनैव श्रुतज्ञानरूपा सा प्रतिज्ञा भग्नेति किं भग्नभञ्जनेन ? अन्त्येऽपि तद्भङ्गः किं तत्स्वरूपपरित्यागात् तद्गोचरकालातिक्रमाद्वा ? नाद्यः, ज्ञानरूपप्रतिज्ञायास्तदानीमभङ्गुरत्वात् । न द्वितीयः, तद्गोचरस्य यावज्जीवतावधिकस्य कालस्य न्यूनतायामेव ह्यतिक्रमः, न त्वधिकावधिपालनेऽपि । ननु देवादिभवानुबन्ध्यविरतिप्रयुक्तप्रतिज्ञाभङ्गभियैव निह्नवपरिकल्पितम् 'अपरिमियाए'त्ति पाठं परित्यज्य 'जावज्जीवाए'त्ति पाठमाददते संप्रदायधुरीणाः । एवं च यावज्जीवमेवेति सावधारणप्रतिज्ञापर्यवसानात्कथं न मोक्षे चारित्राभ्युपगमे तद्भङ्ग इति । मैवं, 'यावज्जीवमि'ति प्रतिज्ञयैव साध्यसिद्धौ सावधारणप्रतिज्ञाया अनतिप्रयोजनत्वात्, तथैवाभिमतसमयनियमनात्; अतिरिक्तकालस्य तदुदासीनतयैव संयमासंयमानुवेधेऽपि तद्धानिवृद्धिकारित्वात् ।

---

**સમાધાનઃ**-એજ રીતે ચારિત્રની અનંતસ્થિતિ પણ સ્વકારણાધીન શા માટે ન હોય ?

**[ ચારિત્રપ્રતિજ્ઞા કિંસ્વરૂપ ? ]**

"મોક્ષમાં ચારિત્ર માનવામાં યાવજ્જીવ સુધીની લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ થશે" એવું જે કહ્યું તેમાં આ પ્રતિજ્ઞા એ શું છે ? 'યાવજ્જીવ માટે સામાયિક કરું છું' એવો શ્રુતજ્ઞાનાન્તર્ભાવિ સંકલ્પ કે પછી તેવા આકારનું કોઇ પણ જ્ઞાન ? પ્રથમ વિકલ્પમાં, શ્રુતજ્ઞાનરૂપ તે પ્રતિજ્ઞા કેવલોત્પત્તિ વખતે કેવલજ્ઞાનથી જ ભાંગી ગઇ હોવાથી હવે મોક્ષમાં ફરી શું ભાંગવાનું રહે ? દ્વિતીય વિકલ્પમાં પણ તેનો ભંગ શેના કારણે માનશો ? પોતાનું જ્ઞાનસ્વરૂપ છોડી દેવાના કારણે કે તેના વિષયભૂત કાળનો અતિક્રમ થઇ જતો હોવાના કારણે ? પહેલું કારણ માની શકાય નહિ કારણ કે જ્ઞાનરૂપ પ્રતિજ્ઞા સિદ્ધાવસ્થામાં પણ અક્ષત જ હોય છે અર્થાત્ તેનું જ્ઞાન (કેવલજ્ઞાન) જળવાઈ રહ્યું જ હોય છે. બીજું પણ મનાય નહિ કારણકે સ્વવિષયભૂત યાવજ્જીવનકાળ સુધી ન ટકતાં ન્યૂન કાળ જ પ્રતિજ્ઞા ટકતી હોય તો ભંગ થયો કહેવાય છે નહિ કે અધિકકાળ પાળવામાં પણ !

**શંકાઃ**- દેવાદિભવ સાથે સંલગ્ન અવિરતિથી અવશ્ય પ્રતિજ્ઞાભંગ થશે એવા ભયથી જ અગ્રણી આચાર્યોએ ગોષ્ઠામાહિલ નિહ્નવથી પરિકલ્પિત 'અપરિમિયાએ' પાઠ ને છોડી 'જાવજ્જીવાએ' પાઠ રાખ્યો છે. તેથી 'આ જીવન સુધી જ' એવી 'જ' કારગર્ભિત પ્રતિજ્ઞા હોવાથી મોક્ષમાં પણ જો ચારિત્ર માનવામાં આવે તો તે પ્રતિજ્ઞાનો ભંગ શું કામ ન થાય ?

**['જ' કારયુક્ત પ્રતિજ્ઞા નિષ્પ્રયોજન]**

**સમાધાન :**-'યાવજ્જીવ' ઘટિત પ્રતિજ્ઞાથી જ તાદૃશ ભય ન રહેવા રૂપ સાધ્ય સિદ્ધ થઇ જતું હોવાથી 'જ'કાર ગર્ભિત પ્રતિજ્ઞા માનવાનું કોઇ પ્રયોજન નથી કારણ કે એ વિના જ અભિમતકાળનું નિયમન થઇ જાય છે. વધારાનો કાળ ચરિત્ર અંગે ઉદાસીન હોવાના કારણે જ સંયમ-અસંયમ ઉભયથી અનુવિદ્ધ થઇ શકતો હોવા છતાં ચારિત્રની હાનિવૃદ્ધિ કરનાર બને છે.

अस्तु वा यावज्जीवमेवेति सावधारणैव प्रतिज्ञा, तथापि तस्याः क्रियारूपचारित्रविषयत्वान्न कोऽपि दोषः, करोमीति सूत्रांशे हि भावश्रुतशब्दकारणस्याधिकारः, "[1]भावसुयसद्दकरणे अहिगारो एत्थ होइ नायव्वो" (आ०नि० १०२६) इति वचनात्। यथा च श्रुतसङ्कल्पस्य प्रतिज्ञात्वमुन्नीयते तथा नोश्रुतकरणमाश्रित्य गुणकरणयुञ्जनकरणयोरप्यधिकारः, "नो सुयकरणे गुणजुंजणे य जहसंभवं होई" इति वचनात्। एवं च भावपूर्वकक्रियाया एव मीलितवचनबलात्तद्विषयत्वमुन्नीयत इति न किंचिदनुपपन्नम्। 'भावपूर्वकक्रियायाः क्रियापूर्वकभावस्य वा तद्विषयत्वमिति विनिगमनाविरहात् व्यस्तयोरेवोभयोस्तथात्वमस्त्वि'ति चेत्? न, प्रधानत्वेन स्थूलत्वेन च क्रियाया एव तद्विषयत्वात्तत्र भावस्योपसर्जनतयैव प्रवेशात्, केवलस्य तु भावस्यातिसूक्ष्मत्वात्सुचीमुखे मुशलप्रवेश इव न तत्र स्थूलप्रतिज्ञाप्रवेशः। अत एव "[2]अप्पा जाणइ अप्पा..." [उप०माला० २३] इत्यागमेन तत्रात्ममात्रसाक्षिकत्वमुपदिष्टम्। न हि निश्चयो व्यवहारमनुरुणद्धि, अपि तु व्यवहार एव व्यवहारं निश्चयं चेति वस्तुस्थितिः।

## [ ચારિત્રપ્રતિજ્ઞા માત્ર ક્રિયાવિષયક ]

અથવા તો 'यावज्जीवमेव' એવી સાવધારણ પ્રતિજ્ઞા જ ભલે હો! તો પણ એ પ્રતિજ્ઞા ક્રિયાત્મક ચારિત્ર અંગે જ હોવાથી મોક્ષમાં પરિણામાત્મક ચારિત્ર હોવામાં કોઈ દોષ નથી. 'ભાવશ્રુતશબ્દકરણ વિષે અહીં અધિકાર જાણવો' એવા વચનથી 'करोमि' એવા સૂત્રાંશમાં ભાવશ્રુતશબ્દકરણનો અધિકાર છે એ જણાય છે. એ વચનથી જેમ પ્રતિજ્ઞા એ શ્રુતસંકલ્પરૂપ હોવાનું સિદ્ધ થાય છે તેમ "નોશ્રુતકરણને આશ્રીને ગુણકરણ અને યોજનાકરણ વિષે યથાસંભવ અધિકાર હોય છે" એવા વચનથી એમાં નોશ્રુતકરણને આશ્રીને ગુણકરણ-યોજનાકરણનો પણ અધિકાર હોવો જણાય જ છે. તેથી એ બંને વચનો ભેગા કરવાથી જણાય છે કે ભાવપૂર્વકની ક્રિયા એ જ પ્રતિજ્ઞાનો વિષય છે. તેથી મોક્ષમાં તાદૃશક્રિયા ન હોવાને કારણે પ્રતિજ્ઞાભંગાદિ કોઇ અનુપપત્તિ નથી.

**શંકા :–** પ્રતિજ્ઞાનો વિષય ભાવપૂર્વકની ક્રિયા છે કે ક્રિયાપૂર્વકનો ભાવ એ બેમાં કોઈ વિનિગમક ન હોવાથી ભાવ અને ક્રિયા બંનેને પૃથગ્ વિષય માનવા પડે છે. તેથી મોક્ષમાં ભાવાત્મક ચારિત્ર માનવામાં પણ પ્રતિજ્ઞાભંગની આપત્તિ ઊભી જ રહે છે.

## [ સૂક્ષ્મ-અસ્વાધીન ભાવ પ્રતિજ્ઞાવિષય નથી ]

**સમાધાન :–** પ્રધાન અને સ્થૂલ હોવાથી ક્રિયા જ પ્રતિજ્ઞાનો વિષય છે. ભાવ તો ગૌણરૂપે જ વિશેષણ તરીકે વિષયમાં પ્રવિષ્ટ છે. પ્રતિજ્ઞાનો ઉચ્ચાર કરવો વગેરે વ્યવહારરૂપ છે અને વ્યવહારનય ક્રિયાને પ્રધાન ગણે છે. તેથી જ વંદનાદિવ્યવહાર પણ ક્રિયા-વેશાદિયુક્ત સાધુને જ થાય છે, ક્રિયાવેશાદિ રહિત માત્ર ભાવથી વિરતિ-

---

१. भावश्रुतशब्दकरणेऽधिकारोऽत्र भवति ज्ञातव्यः। नोश्रुतकरणे गुणयुञ्जने च यथासंभवं भवति ॥

२. अप्पा जाणइ अप्पा जहट्ठिओ अप्पसक्खिओ धम्मो। अप्पा करेइ तं तह जह अप्प सुहावहं होई ॥ आत्मा जानात्यात्मानं यथास्थित आत्मसाक्षिको धर्मः। आत्मा करोति तत्तथा यथाऽऽत्मसुखावहं भवति ॥

अथ प्रतिज्ञायाः श्रुतसङ्कल्परूपत्वे केवलज्ञानात् कुतो न तद्भङ्गः ? इति चेत् ? न, प्रतिज्ञातभङ्गाऽभङ्गाभ्यामेव तद्भङ्गाऽभङ्गव्यवहारात्, प्रतिज्ञायाः शब्दोच्चाररूपायास्तद्विकल्परूपाया वा तदानीमेव भङ्गात् । 'किं तर्हि प्रतिज्ञया ? प्रतिज्ञान(?त)मेव विजयतामि'ति चेत् ? न, प्रधाने संयमे प्रतिज्ञाया अप्यङ्गत्वात् । अत एव तत्फलेनैवास्य फलवत्तेति, न च व्यङ्गं कर्म फलवदिति तस्यास्तत्रोपयोग इति । वस्तुतः प्रतिज्ञातभङ्गे शिष्टाचारविरोधेन शङ्काजनकतयैव वेषादिवत् प्रतिज्ञाप्युपयोगिनी, प्रतिज्ञातेऽप्रमादेन प्रवृत्तिजनकोत्साहानुगुणतया चेति ।

---

ધરને નહિ. વળી ભાવ સૂક્ષ્મ હોય છે તેમ જ સ્વાધીન હોતો નથી. પોતે પોતાના ભાવ બગડે નહિ તેની વધુમાં વધુ તો કાળજી-સાવધાની રાખી શકે છે અને છતાં વિચિત્રકર્મવશ ભાવ વારંવાર પડી પડીને પાછા આવી પણ શકે છે છતાં એની પ્રતિજ્ઞાનો ભંગ થયો એવો વ્યવહાર થતો નથી.

[ બાહ્યક્રિયાભંગથી જ પ્રતિજ્ઞાભંગ વ્યવહાર ]

જ્યારે ક્રિયા સ્વાધીન અને સ્થૂલ છે. અંદરથી ખરાબ ભાવ થયો હોવા છતાં બાહ્યક્રિયા સાધુપણાને અનુકૂલ રાખી શકાય છે. તેમજ બાહ્યક્રિયાનો ભંગ સ્પષ્ટ રીતે જાણી પણ શકાય છે. તેથી જ તેના ભંગથી જ પ્રતિજ્ઞાભંગનો વ્યવહાર થાય છે. બાકી ભાવ તો એટલો સૂક્ષ્મ હોય છે કે એનો ભંગ થયો છે કે નહિ એ પ્રતિજ્ઞાતા પોતે પણ જાણી શકતો નથી. તેથી સ્થૂલ અને પ્રધાન એવી ક્રિયાની જ પ્રતિજ્ઞા થતી હોવાથી તે જ એનો વિષય છે. અને જેમ સોયના કાણામાં મુશલપ્રવેશ થતો નથી તેમ ભાવ અતિસૂક્ષ્મ હોવાના કારણે તેમાં સ્થૂલપ્રતિજ્ઞાનો પ્રવેશ પણ થતો નથી. તેથી જ ભાવ વિશે તો 'આત્મા પોતાને જાણે છે' એવા આગમવચનથી માત્ર આત્મસાક્ષિકત્વ જ કહ્યું છે. અરિહંતાદિપાંચસાક્ષિકત્વ નહિ. જો એની પણ પ્રતિજ્ઞા હોત તો અરિહંતાદિ પાંચની સાક્ષી કહી હોત ! વસ્તુસ્થિતિ એ છે કે નિશ્ચય વ્યવહારને અનુસરતો નથી કિન્તુ વ્યવહાર જ વ્યવહાર અને નિશ્ચય બંનેને અનુસરે છે. કારણ કે વ્યવહાર વિના પણ નિશ્ચય હોઈ શકે છે. જ્યારે શુદ્ધ વ્યવહાર નિશ્ચય વિના હોતો નથી. તેથી પ્રતિજ્ઞાદિરૂપ વ્યવહારને ભાવાત્મક નિશ્ચય અનુસરતો ન હોવાથી ભાવની પ્રતિજ્ઞા હોતી નથી.

**શંકા** :– પ્રતિજ્ઞા જો શ્રુતસંકલ્પરૂપ હોય તો કેવલજ્ઞાનથી તેનો ભંગ કેમ ન થાય ?

[ પ્રતિજ્ઞાતના ભંગ-અભંગથી પ્રતિજ્ઞાભંગ-અભંગવ્યવહાર ]

**સમાધાન** :– જ્ઞાનાદ્યાત્મક પ્રતિજ્ઞાનો નાશ થવામાં પ્રતિજ્ઞાભંગ અને નાશ ન ન થવામાં અભંગ એવો કંઈ વ્યવહાર થતો નથી. કિંતુ પ્રતિજ્ઞાતના ભંગ કે અભંગથી જ પ્રતિજ્ઞાના ભંગ-અભંગનો વ્યવહાર થાય છે. નહિ તો શબ્દોચ્ચારરૂપ કે તેવા માનસિક વિકલ્પરૂપ પ્રતિજ્ઞા તો એ જ વખતે નષ્ટ થઈ જતી હોવાથી લેવા માત્રથી પ્રતિજ્ઞાનો ભંગ માનવાની આપત્તિ આવે.

यदप्युक्तं–अनुष्ठानरूपं चारित्रं शरीरं विना कथं सिद्धानाम् ? इति तत्तथैव, न हि वयं तेषां क्रियारूपं चारित्रमभ्युपेमः, किन्तु शुद्धोपयोगरूपम् । न च तस्याप्युत्पत्ताविव स्थितावपि शरीरापेक्षा, केवलज्ञानादेरपि तथाभावप्रसङ्गात् । न च ऋजुसूत्रनयेन तस्य प्रतिसमयोत्पदिष्णुतया मोक्षे शरीरं विना तदुत्पत्तिरपि न स्यादिति वाच्यं, तन्नये पूर्वपूर्वक्षणानामेवोत्तरोत्तरक्षणहेतुत्वात्, अन्यथा ज्ञानादावप्यप्रतिकारादिति दिग् ।

अथ माभूद्बाह्यक्रियारूपता चारित्रस्य, अस्तु वाभ्यन्तरक्रियारूपत्वं, तथापि न सा सिद्धानां, तद्धेतुयोगादेर्विलयादित्याशयं निरसितुमाह—अपि चेत्यादिना–क्रिया खलु योगाख्या शरीरनामकर्मोपनीततया भगवतामप्यौदयिकी, चारित्रं तु तेषां चारित्रमोहकर्मक्षयोपनीततया

---

શંકા :–આ રીતે પ્રતિજ્ઞાતને અનુસરીને જ વ્યવહારાદિ થતા હોય તો પ્રતિજ્ઞાથી સર્યું ! અર્થાત્ પ્રતિજ્ઞાની તો કોઈ જરૂર જ નથી.

**સમાધાન :–** આવું માનવાની જરૂર નથી કારણ કે પ્રધાનસંયમમાં પ્રતિજ્ઞા પણ કારણભૂત હોવાથી આવશ્યક છે. તેથી જ પ્રતિજ્ઞાના ફળભૂત 'અવિરતિ નિમિત્તક કર્મબંધની અટકાયત' દ્વારા જ સંયમ પણ ફળવાળું બને છે. કોઈ પણ કારણની ગેરહાજરીવાળું (વિકલાંગ) કર્મ ફળવાળું બનતું ન હોવાથી પ્રતિજ્ઞા પણ ઉપયોગી છે. વસ્તુતઃ પ્રતિજ્ઞાતનો ભંગ થવામાં શિષ્ટાચાર વિરોધ હોવાથી જેમ વેષ 'હું દીક્ષિત છું, આવું કાર્ય મને ન શોભે' વિગેરે વિકલ્પ કરાવવા દ્વારા સાધુપણાને ઉપયોગી બને છે એજ રીતે પ્રતિજ્ઞા પણ 'મેં હજારો સજ્જનો અને અરિહંતાદિ પાંચની સાક્ષીએ પ્રતિજ્ઞા લીધી છે તો મને આવું કામ ન શોભે' ઇત્યાદિ વિકલ્પ કરાવવા દ્વારા ઉપયોગી બને છે એમ જાણવું. તેમજ પ્રતિજ્ઞા, પ્રતિજ્ઞાત અંગે અપ્રમત્તતા લાવવા દ્વારા પ્રવૃત્તિજનક ઉત્સાહને પ્રવર્તાવે છે. તેથી એ રૂપે પણ ઉપયોગી છે.

### [ શુદ્ધોપયોગરૂપ ચારિત્રની સ્થિતિ શરીરનિરપેક્ષ ]

'અનુષ્ઠાનાત્મક ચારિત્ર સિદ્ધોને શરીર વિના શી રીતે સંભવે ?' એવું તમે જે કહ્યું તે બરાબર જ છે. અમે પણ કંઇ તેઓને ક્રિયારૂપ ચારિત્ર હોય છે એમ માનતા નથી, કિન્તુ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર હોય છે એવું માનીએ છીએ. એ શુદ્ધોપયોગને ઉત્પન્ન થવામાં શરીરાપેક્ષા છે પણ ઉત્પન્ન થયા પછી ટકી રહેવામાં કોઈ અપેક્ષા છે નહિ કે જેથી અશરીરી સિદ્ધોને શુદ્ધોપયોગનો અભાવ માનવો પડે. નહિતર તો શરીરસાપેક્ષપણે ઉત્પન્ન થતાં કેવલજ્ઞાનાદિનો ટકાવ પણ શરીરસાપેક્ષ માનવો પડવાથી સિદ્ધોને શરીરના અભાવે કેવળજ્ઞાનાદિનો પણ અભાવ માનવાની આપત્તિ આવશે.

શંકા :– ઋજુસૂત્રનયમતે મોક્ષમાં શરીર વિના પણ કેવલજ્ઞાનની પ્રતિસમય ઉત્પત્તિ થતી હોવાથી જણાય છે કે કેવલજ્ઞાનને તો ઉત્પત્તિમાં પણ શરીરની અપેક્ષા નથી તો સ્થિતિમાં શા માટે હોય ?

क्षायिकमिति महाननयोर्भेदः । न हि यदेव क्षायिकं तदेवौदयिकमिति संभवति, एवं क्षायोपशमिकौपशमिकयोर्द्रष्टव्यम् । तेन जा(ज्ञा ?)यते क्रिया तावत्तात्त्विकं चारित्रलक्षणमनास्कन्दन्ती चारित्रव्यवहारं च जनयन्ती तटस्थतयैव भाविभूतचारित्रोपकारितया द्रव्यचारित्रमेव, आभ्यन्तरचारित्रं त्वनवलिप्तस्वपरिणाम एव । उक्तं च "[1]मोहक्खोहविहूणो परिणामो अप्पणो धम्मो" त्ति । तथा "[2]आया सामाइए आयासामाइयस्स अट्ठे" त्ति सूत्रमपि आत्मपरिणामरूपमेव चारित्रमाह । न च योगाख्यः प्रशस्तमनोव्यापार एव चारित्रं, योगस्य बन्धहेतुत्वात्, चारित्रस्य चानाश्रवरूपत्वात् । एतेन [ यो०शा० १३४ ]–

अथवा पञ्चसमितिगुप्तित्रयपवित्रितम् । चरित्रं सम्यक्चारित्रमित्याहुर्मुनिपुङ्गवाः ॥"

**સમાધાન :**– આવું કહેવું અયુક્ત છે કારણ કે ઋજુસૂત્રનયમતે તો પૂર્વપૂર્વક્ષણ જ ઉત્તરોત્તરક્ષણ પ્રત્યે હેતુભૂત છે. તેથી શરીર વિના પણ ચારિત્રની ઉત્પત્તિ (સ્થિતિ) હોવામાં કોઈ વાંધો રહેતો નથી. નહિતર તો જ્ઞાનાદિ પણ શરીરાભાવ હોવાથી માની શકાશે નહિ.

**[ ઔદયિકીક્રિયાને ભાવચારિત્ર મનાય નહિ ]**

"ચારિત્રને ભલે બાહ્યક્રિયારૂપ ન માનો પણ આભ્યન્તરક્રિયારૂપ માનો તો પણ એ સિદ્ધોને તો સંભવિત જ નથી, કારણ કે તેના હેતુભૂત યોગાદિ વિલય પામી ગયા છે" આવા આશયનો નિરાસ કરવા 'અપિ ચ' વગેરે કહ્યું છે. યોગનામની ક્રિયા શરીર નામકર્મોદયજન્ય હોવાથી કેવળીઓને પણ ઔદયિકી જ હોય છે જ્યારે ચારિત્ર તો ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી થયેલું હોવાથી ક્ષાયિક હોય છે. તેથી ક્રિયા અને ચારિત્ર વચ્ચે ઘણો ભેદ છે. જે ભાવ ક્ષાયિક હોય તે જ ઔદયિક પણ હોય એવું સંભવતું જ નથી. આ જ રીતે ક્ષાયોપશમિક અને ઔપશમિક ચારિત્ર પણ ઔદયિક ક્રિયાથી અત્યંત ભિન્ન છે એ જાણવું. આથી જણાય છે કે તાત્ત્વિક ચારિત્રના લક્ષણ વિનાની અને છતાં તટસ્થરૂપે જ ચારિત્રવ્યવહારને ઉત્પન્ન કરતી ક્રિયા ભાવિ-ભૂતચારિત્રને ઉપકારક હોવાથી દ્રવ્યચારિત્રરૂપ જ છે અભ્યન્તરચારિત્ર તો રાગાદિથી નહિ નિર્લેપાએલો સ્વપરિણામ જ છે. કહ્યું છે કે 'મોહના ક્ષોભથી રહિત આત્મપરિણામ ધર્મ છે'.

**[ બંધહેતુભૂત યોગ ચારિત્ર નથી ]**

તથા 'આત્મા સામાયિક છે, આત્મા સામાયિકનો અર્થ છે' એવું સૂત્ર પણ ચારિત્રને આત્મપરિણામરૂપ જ કહે છે. બાકી 'પ્રશસ્તમનોવ્યાપારરૂપયોગ જ ચારિત્ર છે' એવું પણ માની શકાતું નથી કારણ કે યોગ તો બંધહેતુ છે જ્યારે ચારિત્ર અનાશ્રવરૂપ (બંધના અહેતુરૂપ) છે. આનાથી જ 'અથવા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર થએલ ચરિત્રને જ મુનિપુંગવો સમ્યક્ ચારિત્ર કહે છે' એવી યોગશાસ્ત્રની

१. मोहक्षोभविहीनः परिणाम आत्मनो धर्मः । २. आत्मा सामायिकमात्मा सामायिकस्यार्थः ।

इति व्याख्यातम्, अत्र हि चारित्रं यदि यतीनां चेष्टा तदा तस्या बन्धहेतुत्वात्, यदि पुनरुपयोगस्तदभिमतत्वादिति । अथ योगत्वेन रूपेण बन्धहेतुत्वेऽपि चारित्रत्वेनाऽतथात्वात् तेन रूपेण निर्ज्जराहेतुत्वमविरुद्धमिति न कोऽपि दोषः, बाह्यात्मत्वेन बन्धहेतोरप्यात्मनस्तथात्वदर्शनात् इति चेत्? न, बाह्यात्मव्यावृत्तस्य शुद्धात्मन इव बन्धहेतुव्यावृत्तस्य चारित्रस्य स्वरूपतो निष्कलङ्कत्वौचित्यात् । अपि च कषायहान्या चारित्रवृद्धिस्तद्वृद्ध्या च तद्धानिरिति तत्प्रतिपक्षभूतः शुद्धोपयोग एव चारित्रं न तु योगः, तस्य कषायाऽप्रतिपन्थित्वात्, तेषां विपरीतभावनानिवर्त्यत्वात्, तस्मात् कषायनिवर्त्यस्तन्निवर्त्तकश्चोपयोग एव चारित्रमिति व्यवतिष्ठते ।

---

ગાથાનો અર્થ પણ સ્પષ્ટ વ્યાખ્યાત થઈ જાય છે. કારણ કે ચેષ્ટા બંધની હેતુભૂત હોવાથી અહીં ચારિત્રને સાધુની ચેષ્ટારૂપ માની શકાતું નથી અને તેને ઉપયોગરૂપ માનવાનું હોય તો તો એ અમારે અભિમત જ છે.

શંકા :– બાહ્યાત્મરૂપે બંધહેતુભૂત એવો આત્મા જેમ અંતરાત્મરૂપે નિર્જરાહેતુભૂત હોવામાં કોઈ વિરોધ નથી તેમ સાધુના યોગરૂપે બંધહેતુભૂત એવા પણ અનુષ્ઠાનો ચારિત્રરૂપે બંધહેતુભૂત ન બનતાં નિર્જરાહેતુભૂત બનવામાં કોઈ વિરોધ ન હોવાથી કોઈ દોષ નથી.

[ શુદ્ધોપયોગ જ ચારિત્ર ]

**સમાધાનઃ**–એ વાત ઠીક નથી કારણ કે જેમ બાહ્યાત્મવ્યાવૃત્ત શુદ્ધાત્મા જ નિર્જરાહેતુભૂત બને છે તેમ બંધહેતુવ્યાવૃત્ત ચારિત્રને જ નિષ્કલંક (=કેવળ નિર્જરાના હેતુભૂત) માનવું ઉચિત છે, નહિ કે બંધહેતુભૂતયોગથી અનુવિદ્ધ અનુષ્ઠાનોને...વળી કષાયહાનિથી ચારિત્રવૃદ્ધિ અને કષાયવૃદ્ધિથી ચારિત્રહાનિ થાય છે. તેથી જણાય છે કે જે કષાયનું પ્રતિપક્ષભૂત હોય તે ચારિત્ર છે. કષાયો વિપરીત (અકષાય) ભાવનાથી નિવૃત્ત થતા હોવાથી વિપરીતભાવનાદિરૂપ શુદ્ધોપયોગ જ કષાયોનો પ્રતિપંથી છે, યોગો નહિ. તેથી શુદ્ધોપયોગ જ ચારિત્ર છે, યોગો નહિ. તેથી કષાયોથી નિવૃત્ત થતો અને કષાયોને નિવૃત્ત કરતો એવો શુદ્ધોપયોગ જ ચારિત્ર છે એ વાત નિશ્ચિત છે.

શંકા :– ભલે ઉપયોગ જ ક્ષાયિકચારિત્રરૂપ હોય! તો પણ એ યોગસાપેક્ષ હોવાથી યોગનિરોધથી જ નાશ પામી જાય છે. તેથી સિદ્ધોને તો શુદ્ધોપયોગરૂપ ચારિત્ર પણ સંભવી શકતું નથી. "ઉપયોગ તો જીવના લક્ષણરૂપ છે. તેથી સિદ્ધાવસ્થામાં ઉપયોગાત્મક ચારિત્રનો જ જો નાશ થઈ જતો હોય તો તો આત્મત્વ જ રહે નહિ' આવી આપત્તિ પણ નથી કારણ કે અમુક અંશે ઉપયોગનો વિલય થયો હોવા છતાં અખંડોપયોગ તો અવિનષ્ટ જ છે. તેથી સિદ્ધાવસ્થામાં તો ઉપયોગાત્મક ચારિત્ર પણ માની શકાતું નથી.

ननु तथाप्यस्तूपयोगरूपमेव क्षायिकं चारित्रं, तथापि तस्य योगसापेक्षत्वेन योगनिरोधादेव तद्विलयसंभवात् सिद्धानां न तत्संभावना । न चोपयोगविलये नैरात्म्यापत्तिः, खण्डोपयोगविलयेप्यखण्डोपयोगाऽविलयात् इति चेत् ? न, क्षायिकत्वेन तस्य नाशाऽयोगात्, अन्यथा चारित्रमोहक्षयस्य निष्फलत्वप्रसङ्गात् । 'चारित्रस्य परमविशुद्धिरेव चारित्रमोहक्षयफलं'मिति चेत् ? तथापि क्षायिकस्य सतोऽविनाशित्वव्याप्तिरेव बलवती, न चापेक्षकनाशादपेक्ष्यनाशोऽपि, अन्यथा शरीरनाशात् ज्ञानादिनाशप्रसङ्गात्, किन्त्वसाधारणापेक्षकनाशादपेक्ष्यनाशः, न च योगश्चारित्रस्याऽसाधारणमपेक्षकं किन्तु मोहक्षयः, तस्य च पुनः क्षयाऽयोगात् सिद्धमक्षतं भगवच्चारित्रमिति सर्वमवदातम् ।

---

### [ ક્ષાયિક ચારિત્રનો નાશ અશક્ય ]

**સમાધાન :–** આ વાત પણ અયુક્ત છે કારણ કે ક્ષાયિક એવા તે ચારિત્રનો નાશ થઈ શકતો નથી. ક્ષાયિકભાવનો પણ જો નાશ થઈ શકતો હોય તો તો ચારિત્રમોહક્ષયજન્ય કોઈ ગુણ સિદ્ધોને ન રહેવાથી એ ક્ષય નિષ્ફળ થવાની આપત્તિ આવે.

**શંકા :–** ચારિત્રની થએલ પરમવિશુદ્ધિ જ ચારિત્રમોહક્ષયના ફળરૂપ હોવાથી એ નિષ્ફળ હોવાની આપત્તિ નથી.

**સમાધાન :–** એ રીતે નિષ્ફળતાની આપત્તિનું વારણ થઈ જતું હોવા છતાં 'જે ક્ષાયિકભાવ હોય તે અવિનાશી હોય' એવી બળવતી વ્યાપ્તિના કારણે જ સિદ્ધાવસ્થામાં પણ ક્ષાયિક ચારિત્ર માનવું પડે છે. બાકી ક્ષાયિકચારિત્રની ઉત્પત્તિ યોગસાપેક્ષ હોવામાત્રથી કંઈ, અપેક્ષક (જેની અપેક્ષા રખાય) એવા યોગના નાશથી અપેક્ષ્ય (અપેક્ષા રાખનાર) એવા તેનો નાશ માની શકાતો નથી. નહિતર તો કેવલોત્પત્તિ પણ શરીરસાપેક્ષ હોવાથી અને સિદ્ધોને શરીરનો નાશ થયો હોવાથી કેવલજ્ઞાનનો પણ નાશ માનવાની આપત્તિ આવે. નિયમ તો એટલો જ છે કે અસાધારણ અપેક્ષકનો નાશ થાય તો અપેક્ષ્યનો નાશ થાય. અર્થાત્ અપેક્ષ્યને જેની અસાધારણ અપેક્ષા હોય તેનો નાશ થાય તો અપેક્ષ્યનો પણ નાશ થઈ જાય, જેમકે તંતુઓના સંયોગનો નાશ થઇ જાય તો પટનો પણ નાશ થઈ જાય. ચારિત્ર પ્રત્યે અસાધારણ અપેક્ષક યોગ નથી કિન્તુ મોહક્ષય જ છે અને તેનો તો પુનઃ ક્ષય થતો નથી, તેથી ચારિત્રનાશ થતો ન હોવાથી સિદ્ધોને અક્ષયચારિત્ર હોવું સિદ્ધ થાય છે.

**શંકા :–** ચારિત્રને ઉપયોગરૂપ માનવામાં જ્ઞાનાત્મક જ માનવું ફલિત થતું હોવાથી સિદ્ધોને ચારિત્રાત્મક પૃથગ્ગુણ હોવાનું તો સિદ્ધ થશે જ નહિ. 'શુદ્ધાશુદ્ધ વ્યવસ્થાથી જ ચારિત્રરૂપ ઉપયોગ જ્ઞાનાત્મક ઉપયોગથી ભિન્ન હોવો સિદ્ધ છે' એવું પણ કહેવું નહિ, કારણ કે શુદ્ધાશુદ્ધવ્યવસ્થા પણ જ્ઞાનમાં જ પર્યવસિત થાય છે.

### [ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર પણ જ્ઞાનથી ભિન્ન ]

**સમાધાન :–** જ્ઞાન અને ચારિત્ર બન્ને ઉપયોગરૂપ હોવા છતાં કાર્યકારણભાવના

स्यादेतत्–चारित्रं यद्युपयोगः स्यान्न तर्हि ज्ञानादतिरिच्येत, न च शुद्धाऽशुद्धव्यवस्थयैव तस्य ज्ञानादतिरेकः, शुद्धाशुद्धव्यवस्थाया अपि तत्रैव विश्रान्तेरिति चेत्? न, ज्ञानचारित्रयोरुपयोगरूपत्वे कार्यकारणभावविभागादेव भेदात्। यथा हि सम्यक्त्वज्ञानयोर्विषयाभेदेऽपि तत्त्वरुचिरूपं सम्यक्त्वं ज्ञानेन जन्यते, तत्त्वरोचकरूपं ज्ञानं च तज्जनयतीत्यनयोर्भेदः, तथोपयोगत्वाऽविशेषेऽप्यविशिष्टं ज्ञानमविशिष्टं चारित्रं जनयति–"[1]अन्नाणी किं काही, किं वा नाहीइ छेयपावगं" इति वचनादज्ञानिनस्तत्रानधिकारात्, प्रकृष्यमाणं तु चारित्रं प्रकृष्टज्ञानं जनयतीत्यनयोर्भेद इति। नन्वेवं प्रकर्षप्राप्तं ज्ञानमेव चारित्रमित्यापन्नमिति चेत्? इदमित्थमेवान्यथा रुचिरूपतापन्नं ज्ञानमेव सम्यग्दर्शनमित्यत्र कः प्रतिकारः?

तस्मान्न वयं ज्ञानदर्शनचारित्राणामत्यन्तभेदं सहामहे। उक्तं च— [ यो०शा० ४/२ ]
आत्मानमात्मना वेत्ति, मोहत्यागाद्य आत्मनि। तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम्॥

---

વિભાગથી ભિન્ન ભિન્ન છે. જેમ જ્ઞાન અને સમ્યક્ત્વ સમાનવિષયક હોવા છતાં તત્ત્વરુચિરૂપ સમ્યક્ત્વ જ્ઞાનજન્ય હોવાથી અને જેનાથી તત્ત્વરુચિ થાય એવું જ્ઞાન સમ્યક્ત્વનું ઉત્પાદક હોવાથી તે બે પરસ્પર ભિન્ન ભિન્ન છે તેમ ઉપયોગરૂપે સમાન હોવા છતાં "અજ્ઞાની શું કરશે? અથવા આ મારે છેક (હિતકારક) છે. અને આ મારે પાપરૂપ છે એવું શી રીતે જાણશે?" આવા શ્રી દશવૈકાલિકસૂત્રના વચનથી જણાય છે કે અજ્ઞાનીનો સંયમમાં અધિકાર નથી. તેથી સામાન્યજ્ઞાન સામાન્યચારિત્રનું જનક છે એ જાણવું અને બારમા ગુણઠાણાનું ચારિત્ર પ્રકૃષ્ટજ્ઞાન (કેવલજ્ઞાન) પ્રત્યે કારણ છે એ તો પ્રસિદ્ધ જ છે. તેથી જ્ઞાન અને ચારિત્ર પ્રત્યે પરસ્પર કાર્યકારણભાવ હોવાથી ચારિત્રનો જ્ઞાનમાં અંતર્ભાવ નથી.

**શંકા** :– આનાથી તો પ્રકૃષ્ટ થએલ જ્ઞાન જ ચારિત્રરૂપ છે એવો અર્થ ફલિત થાય છે.

**સમાધાન** :– હા, એ એમ જ છે. અને છતાં ચારિત્રને જ્ઞાનથી પૃથગ્ પણ માનવામાં આવે છે. નહિતર તો રુચિરૂપ બનેલ જ્ઞાન જ સમ્યગ્દર્શનરૂપ હોવાથી તેને પણ જ્ઞાનથી પૃથગ્ શી રીતે માની શકાશે?

**[ જ્ઞાન–દર્શન–ચારિત્રનો અત્યન્ત ભેદ નથી ]**

તેથી જ અમે જ્ઞાન–દર્શન–ચારિત્રનો અત્યન્ત ભેદ કહેતા નથી. શ્રી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે 'મોહના ત્યાગથી જે આત્મામાં આત્માને આત્માથી જાણે છે, તેનું આ જાણવું એજ તેનું જ્ઞાન–દર્શન–ચારિત્ર છે' અહીં, મોહત્યાગ થયો હોવાથી તદેવ= આત્મજ્ઞાન જ અનાશ્રવરૂપ બનવાના કારણે તે મહાત્માનું ચારિત્ર છે. વળી તે જ બોધરૂપ હોવાથી તેનું જ્ઞાન છે તેમજ શ્રદ્ધાનરૂપ હોવાથી તે જ એનું દર્શન છે. આ જ અભિપ્રાયથી તે જ ગ્રંથના અગ્યારમા પ્રકાશના વિવરણમાં પણ કહ્યું છે કે 'સર્વ

---

૧. श्री दशवैकालिक सूत्र–४–१०, अस्यपूर्वार्धः पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्व संजए।
प्रथमं ज्ञानं ततो दयैवं तिष्ठति सर्वसंयतः। अज्ञानी किं करिष्यति किं वा ज्ञास्यति छेकपापकम्॥

मोहत्यागात् तदेव=आत्मज्ञानमेव तस्य=आत्मनश्चारित्रमनाश्रवरूपत्वात्, तत्ज्ञानं=तदेव ज्ञानं, बोधरूपत्वात्, तच्च दर्शनं=तदेव दर्शनं, श्रद्धानरूपत्वादिति। इदमेव चाभिप्रेत्यैकादशप्रकाशविवरणेऽप्युक्तं, [६१ तमश्लोक] "तस्मादनन्तज्ञानदर्शनचारित्रसुखवीर्यमयस्वरूपो मोक्षः सर्वप्रमाणसिद्धो युक्तः" इति। वस्तुतस्तु दर्शनचारित्रे ज्ञानोत्तरकालभाविनी परिणामविशेषौ न तु तत्प्रकर्षरूपे, कर्मान्तरविलयप्रसङ्गात्, इतरेतरलक्षणसाङ्कर्यप्रसङ्गाच्च, प्रागुक्तं तु निश्चयनयाभिप्रायेणैव युक्तमिति ज्ञानादिवत् स्वतन्त्रश्चारित्राख्यो गुणः कथं न सिद्धानां सिद्धिसौधमध्यास्ते ? ! इति पूर्वपक्षः ॥१३३॥१३४॥१३५॥१३६॥१३७॥१३८॥१३९॥१४०॥१४१॥

अथेदं प्रतिविधित्सुः स्वप्रक्रियामुपदर्शयन् सिद्धान्ती प्राह—

**एत्थ समाहाणविही जो मूलगुणेसु होज्ज थिरभावो।**
**सो परिणामो किरिया जुंजणकरणं पडिच्छंतो ॥१४२॥**

(अत्र समाधानविधिर्यो मूलगुणेषु भवेत् स्थिरभावः। स परिणामः क्रिया युञ्जनाकरणं प्रतीच्छन् ॥१४२॥)

यः खलु मूलगुणेषु स्थिरभावः स प्राणातिपातादिनिवृत्तिरूपा क्रियैव, युञ्जनाकरणसापेक्षत्वात्, वीर्यान्तरायक्षयोपशमादिजन्येऽपि तत्र योगस्यैव कारणत्वात्, इत्थं च योगपरिणाम एव चारित्रं न तूपयोग एव ॥१४२॥

---

પ્રમાણોથી સિદ્ધ થએલ અનંત જ્ઞાન–દર્શન–ચારિત્ર–સુખ અને વીર્યમય સ્વરૂપવાળો જ મોક્ષ માનવો યુક્ત છે.'

**વસ્તુતઃ** સમ્યગ્દર્શન અને ચારિત્ર તો જ્ઞાનોત્તરકાલભાવી પરિણામવિશેષરૂપ છે નહિ કે જ્ઞાનના પ્રકર્ષરૂપ...નહિતર તો જ્ઞાનપ્રકર્ષાત્મક તે બે જ્ઞાનાવરણથી જ આવાર્ય થઈ જવાથી મિથ્યાત્વમોહનીયાદિ કર્મ માનવામાં કોઈ પ્રમાણ ન રહેવાના કારણે કર્મની સંખ્યાનો ભંગ થઈ જશે. તેમજ એમ હોવામાં તો બન્નેના લક્ષણોનું પરસ્પર સાંકર્ય થઈ જવાની પણ આપત્તિ આવશે. પૂર્વે જ્ઞાનને જ દર્શન અને ચારિત્રરૂપ જે કહ્યા છે તે નિશ્ચયનયના અભિપ્રાયથી જ યુક્ત જાણવું. તેથી સિદ્ધોમાં જ્ઞાનાદિની જેમ ચારિત્ર પણ સ્વતન્ત્ર ગુણ તરીકે શા માટે સિદ્ધ ન થાય? આ પ્રમાણે પૂર્વપક્ષ બતાવ્યો. ॥૧૩૩॥૧૩૪॥૧૩૫॥૧૩૬॥૧૩૭॥૧૩૮॥૧૩૯॥૧૪૦॥૧૪૧॥

આવા પૂર્વપક્ષનો પ્રતિકાર કરવાની ઇચ્છાવાળો સિદ્ધાંતી પોતાની પ્રક્રિયા જણાવે છે–

**[ચારિત્ર યોગપરિણામાત્મક ક્રિયારૂપ-સિદ્ધાન્તી]**

**ગાથાર્થ**–આવા પૂર્વ પક્ષ અંગે સમાધાન આ રીતે છે–મૂળગુણ વિશેનો જે સ્થિરભાવ હોય છે તે પરિણામ યુંજનાકરણને સાપેક્ષ હોવાથી ક્રિયારૂપ જ છે.

મૂળગુણોને વિશે જે સ્થિરભાવ હોય છે તે પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિ રૂપ ક્રિયા જ છે કારણ કે તે યુંજનાકરણને સાપેક્ષ હોય છે. એ સ્થિરભાવ વીર્યાન્તરાયક્ષયોપશમજન્ય હોવા છતાં તેની પ્રત્યે યોગ જ કારણ રૂપ છે. તેથી યોગપરિણામ જ ચારિત્ર છે નહિ કે ઉપયોગ. ॥૧૪૨॥

नन्वेवं चारित्राचारवीर्याचारयोर्भेदो न स्यादिति चेत्? न, मूलगुणविषयकवीर्यस्य चारित्ररूपत्वेऽपि तत्कारणविषयकवीर्यस्य वीर्याचाररूपत्वात्, उपाधिमात्रभेदप्रयुक्तभेदानङ्गीकारे ज्ञानाचारादीनामपि वीर्याचारान्तर्भावप्रसङ्गात्। स्यादेतत्-ज्ञानाचारादयो ज्ञानादिकमिव चारित्राचारोऽपि चारित्रं पृथगेव सूचयति। मैवं, वीर्यस्याप्याचारपृथग्भावप्रसङ्गात्। स्यादेतत्-चारित्रस्य वीर्यरूपत्वे औपशमिकत्वं न स्यात्, तस्यानौपशमिकत्वात्, मोहव्यतिरिक्तकर्मणामुपशमानुपदेशात्। उक्तं च-"[१]मोहे वसमो मीसे चउघाइसु अट्ठकम्मसु य सेसा" त्ति। मैवं, यदि हि वयं वीर्यान्तरायकर्मक्षयोपशमजन्यतयैव वीर्यरूपं चारित्रं प्रतिपादयामस्तदैवेदं दूषणमापतेत, न त्वेवं, किन्तु चारित्रमोहकर्मक्षयक्षयोपशमोपशमान्यतरजन्यस्यापि तस्य योगजन्यतयैव तथात्वमिति। न चैकस्य कथं नानाकर्मपरिणतिजन्यत्वं? इति वाच्यम्, एकत्रैवेन्द्रिये ज्ञानावरणदर्शनावरणवीर्यान्तरायकर्मक्षयोपशमनामकर्मोदयाद्यपेक्षादर्शनात्, प्रधानाश्रयणेन च व्यपदेशप्रवृत्तिरिति मोहोपशमदशायामपि क्षायोपशमिकवीर्यमादाय न चारित्रस्य तथात्वव्यपदेशः, अन्यथा इन्द्रियपर्याप्त्युदयजन्यत्वेनेन्द्रियमप्यौदयिकं व्यपदिश्येत, न तु क्षायोपशमिकम्, न चैवमस्ति "क्षायोपशमिकानीन्द्रियाणि" इति वचनात्।

---

**શંકા:**-આ રીતે યોગપરિણામ જ જો ચારિત્ર હોય તો તો વીર્યાચાર જ ચારિત્રાચારરૂપ બનવાથી તે બેનો ભેદ રહેશે નહિ.

## [ચારિત્રાચાર-વીર્યાચારનો ભેદ]

**સમાધાન :**-મૂળગુણવિષયક વીર્ય ચારિત્રરૂપ હોવા છતાં મૂળગુણોના કારણભૂત સમિત્યાદિ અંગેનું વીર્ય વીર્યાચારરૂપ હોવાથી તે બે આચારો વચ્ચે ભેદ છે જ.

**શંકા:**-જેમ એની એ જ આંગળીના જુદા જુદા ભાગમાં લાલ-લીલી વગેરે પટ્ટીઓ લગાડી હોય તો એટલા ઉપાધિના ભેદ માત્રથી કંઈ એ જુદા જુદા ભાગોવાળી આંગળી બદલાઈ જતી નથી, એમ અહીં મૂળગુણ કે ઉત્તરગુણ વગેરે વિષયરૂપ ઉપાધિ માત્રના ભેદથી ભેદ માનવો યુક્ત નથી.

**સમાધાન:**-ઉપાધિમાત્રના ભેદથી ઉપહિતનો ભેદ માનવો પણ યુક્ત છે જ, નહિ તો કાલવિનયાદિરૂપ જ્ઞાનાદિઆચારોનું ઉલ્લાસગર્ભિત ઉપાધિસહિત પાલન જ વીર્યાચારરૂપ હોવાથી જ્ઞાનાચારાદિ પણ વીર્યાચારથી ભિન્ન ન થવાના કારણે વીર્યાચારમાં જ સમાવિષ્ટ થઈ જવાની આપત્તિ આવે.

**શંકા :**-વીર્યાચારોથી પૃથગ્ ગણાએલા જ્ઞાનાચારો જેમ 'જ્ઞાન વીર્યપરિણામથી પૃથગ્પરિણામરૂપ છે' એવું સૂચન કરે છે તેમ વીર્યાચારથી પૃથગ્ ગણાએલા ચારિત્રાચારો પણ 'ચારિત્ર એ વીર્યથી પૃથગ્ છે, વીર્યપરિણામરૂપ નથી' એવું સૂચન કરે જ છે.

**સમાધાન:**-તમારી વાત અયુક્ત છે કારણ કે ચારિત્રાદિ જો વીર્યપરિણામરૂપ ન જ હોય તો તો જેમ જ્ઞાનાદિના આચારો સાવ ભિન્ન ભિન્ન કહ્યા છે તેમ વીર્યના

---

१. मोह उपशमो मिश्रश्चतुर्घातिषु अष्टकर्मसु च शेषाः।

अथैवमनन्तानुबन्ध्यादीनां तत्र प्रतिबन्ध कत्वं न स्यात्, निष्कषायपरिणामरूपतायामेव तस्य कषायाणां प्रतिपन्थित्वसंभवादिति चेत् ? न, नहि कषायचारित्रयोश्छायाऽऽतपयोरिव परस्परपरिहाररूपतया विरोधो नाम, अपि तु जलज्वलनयोरिव सहानवस्थास्नुस्वभावतया । स च परस्पराभावरूपतां विनैव संभवी, युक्तं चैतत् तीव्रतरकषायाणामेवैवं तत्प्रतिपन्थित्वात्, अल्पीयसोऽसामर्थ्यात्, न हि जलकणिकामात्रेण ज्वालाजालजटिलो वह्निरुपशाम्यति, अन्यथा तु संज्वलनकषायाणामपि चारित्रप्रतिबन्धकत्वप्रसङ्गः, न हि कषायपरिणामे जाग्रति निष्कषाय-

---

આચારો પણ સાવ જુદા જ કહ્યા હોત, નહિ કે જ્ઞાનાદ્યાચારોમાંના ઉલ્લાસ રૂપ જ. તેથી તે ઉલ્લાસરૂપ વીર્યાચારો ચારિત્રને વીર્ય પરિણામરૂપ હોવાનું પણ સૂચવે જ છે.

**શંકાઃ**– પણ આ રીતે વીર્યરૂપ હોવામાં ઔપશમિક ચારિત્ર અસંભવિત બની જશે, કારણકે મોહનીય સિવાય કોઇ કર્મનો સર્વઉપશમ કહ્યો ન હોવાથી વીર્યપરિણામ ઔપશમિકભાવરૂપે હોતો નથી કહ્યું છે કે "ઉપશમ મોહનીયકર્મવિશે, મિશ્ર=ક્ષયોપશમ ચારઘાતી કર્મોવિશે અને ઉદયાદિ શેષ ભાવો આઠે કર્મો વિશે હોય છે."

**સમાધાનઃ**–આ બરાબર નથી, કારણકે જો અમે "વીર્યરૂપ ચારિત્ર વીર્યાન્તરાય-કર્મક્ષયોપશમથી જ ઉત્પન્ન થાય છે" એવું કહેતા હોઇએ તો જ આ દૂષણો આવે, પણ અમે એવું કહેતા નથી, કિન્તુ એમ કહીએ છીએ કે 'ચારિત્રમોહકર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી ઉત્પન્ન થએલ ચારિત્ર યોગજન્ય પણ હોવાથી વીર્યપરિણામરૂપ છે, નહિ કે માત્રવીર્યાન્તરાયકર્મક્ષયોપશમજન્ય હોવાથી.'

**શંકાઃ**–એના એજ ચારિત્રને વિવિધ કર્મોના ક્ષયાદિરૂપ પરિણામોથી જન્ય શી રીતે મનાય ?

## ( ચારિત્રમાં વિવિધકર્મક્ષયાદિજન્યતા અબાધિત )

**સમાધાનઃ**–જેમ એક જ ઇન્દ્રિય અંગે પણ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમની તેમજ પર્યાપ્તિઆદિ નામકર્મના ઉદયની અપેક્ષા માનેલી છે, તેમ ચારિત્ર અંગે પણ મોહનીય અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમાદિની અપેક્ષા માનવામાં કોઈ વાંધો નથી. તેમ છતાં મુખ્યને આશ્રીને જ વ્યપદેશ થતો હોવાથી (જેમકે આચાર્ય સાધુ હોવા છતાં મુખ્યત્વે "આચાર્ય" તરીકે જ વ્યપદિષ્ટ થાય છે.) ઉપશાન્ત મોહવાલા છદ્મસ્થવીતરાગ જીવોમાં વીર્યનો તો ક્ષયોપશમ જ હોવાથી તેને આશ્રીને "ક્ષાયોપશમિક ચારિત્ર" નો વ્યપદેશ થતો નથી કિન્તુ પ્રધાન એવા મોહોપશમને આશ્રીને "ઔપશમિક ચારિત્ર" જ કહેવાય છે. નહિતર તો ઇન્દ્રિયો ઇન્દ્રિયપર્યાપ્તિનામકર્મોદયજન્ય પણ હોવાથી ઔદયિકભાવરૂપે વ્યપદિષ્ટ થાત, ક્ષાયોપશમિક રૂપે નહિ ! પણ એવું છે નહિ કારણકે 'ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ છે' એવું શાસ્ત્રોમાં કહ્યું છે.

**શંકા :**–છતાં આ રીતે ચારિત્રને વીર્યપરિણામરૂપ માનવામાં અનંતાનુબંધી વગેરે કષાયોને તેના પ્રતિબંધક માની શકાશે નહિ કારણકે કષાયો તો નિષ્કષાયતા રૂપ ચારિત્ર પ્રત્યે જ પ્રતિપંથી છે.

परिणामरूपं चारित्रमवतिष्ठते । 'कषायकणवान्तस्वान्तशुद्धयः शुद्धोपयोगरूपं परमचारित्रं परित्यज्य शुभोपयोगरूपं गौणचारित्रमेवाददतं इति चेत् ? न, तथापि प्रशस्तालम्बनं विनापि कर्मपारवश्येन कषायवशीकृतानामपि मूलगुणेषु यतनया प्रवर्त्तमानानां चारित्रभङ्गप्रसङ्गः । 'इष्टमेवेदमि'ति चेत् ? सेयं दुराशयस्य दिगम्बरस्यैव प्रक्रिया न त्वस्माकं, तीर्थप्रवृत्तेरुच्छेदप्रसङ्गादित्यभिप्रेत्याह—

[ ચારિત્ર–કષાય વચ્ચે સહાનવસ્થાન વિરોધ ]

**સમાધાન** :–વિરોધ બે જાતના હોય છે–પરસ્પરપરિહારરૂપ અને સહાનવસ્થાન રૂપ...(૧) જે બેનો પરસ્પર એકની હાજરી માત્રથી બીજાનો અવશ્ય અભાવ અને એકના અભાવમાં બીજાની અવશ્ય હાજરી હોવા રૂપ નિયમ હોય તે બે વચ્ચે પરસ્પર પરિહાર નામનો વિરોધ કહેવાય છે–જેમકે છાયા અને તડકા વચ્ચે, અથવા ઘટ અને ઘટાભાવ વચ્ચે. (૨) જે બે વસ્તુઓ ક્યારે ય સાથે ન રહે, જેમકે ગોત્વ–અશ્વત્વ અથવા જલ અને અગ્નિ, તે બે વચ્ચે સહાનવસ્થાનરૂપ વિરોધ કહેવાય છે. અમે ચારિત્ર અને કષાય વચ્ચે પરસ્પર પરિહારરૂપ વિરોધ કહેતા નથી કે જેથી ચારિત્ર કષાયના અભાવ રૂપ હોય તો જ વિરોધ સંભવે, ને નહીં તો (= યોગ–પરિણામાદિરૂપ હોય તો) ના સંભવે, કિન્તુ સહાનવસ્થાનરૂપ વિરોધ જ કહીએ છીએ, જે પરસ્પરના અભાવરૂપ ન હોઈ કષાયાભાવથી ભિન્ન સ્વરૂપવાળા યોગપરિણામાત્મક ચારિત્ર અને તીવ્રતર કષાયો વચ્ચે હોવામાં પણ કોઈ વાંધો નથી. તે બે વચ્ચે આવો વિરોધ માનવો જ યુક્ત પણ છે, કારણકે તીવ્રતર કષાયો જ ચારિત્રના પ્રતિપંથી છે મંદકષાયો નહિ, જે સહાનવસ્થાનરૂપ વિરોધ હોવામાં જ સંગત બને છે, જેમકે જળબિન્દુમાત્રની હાજરીથી જાજવલ્યમાન અગ્નિ ઉપશાંત થઈ જતો નથી. જો પરસ્પરપરિહારરૂપ વિરોધ હોય તો તો ચારિત્ર નિષ્કષાય પરિણામરૂપ થવાથી મંદકષાયોની હાજરીમાં પણ રહી ન જ શકે. જેમકે અલ્પપણ તડકો જ્યાં પડતો હોય ત્યાં છાયા રહેતી નથી. તેથી સંજ્વલનકષાયોને પણ ચારિત્રપ્રતિબંધક માનવાની આપત્તિ આવે.

**શંકા**:–કષાયો સાથે પરસ્પરપરિહારરૂપ વિરોધને ધરાવતા શુદ્ધોપયોગરૂપ મુખ્ય ચારિત્રના સંજ્વલન કષાયો પણ પ્રતિબંધક છે જ, તેથી કષાયના લેશમાત્રથી પણ જેઓએ ચિત્તશુદ્ધિ વમી નાખી છે તેવા જીવો શુદ્ધોપયોગરૂપ પરમ ચારિત્રને છોડી શુભોપયોગરૂપ ગૌણચારિત્રને જ ધારણ કરે છે. તેથી પરમચારિત્ર તો શુદ્ધોપયોગરૂપ માનવું જ યુક્ત છે, વીર્યપરિણામરૂપ નહિ.

[પરસ્પરપરિહાર વિરોધ માનવામાં તીર્થોચ્છેદાપત્તિ]

**સમાધાન** :–તો પણ સંઘરક્ષાદિરૂપ પ્રશસ્તાલંબન વિના પણ કર્મની પરવશતાના જ કારણે કષાયને વશ થએલ સાધુને મૂળગુણોમાં યતના પૂર્વક પ્રવર્ત્તવા છતાં પણ

अन्नह वक्कजडाणं चंडाणं चंडरुद्दपभिईणं ।
णेव सिया चारित्तं सुद्धुवओगेत्ति काऊणं ॥१४३॥

(अन्यथा वक्रजडानां चंडानां चंडरुद्रप्रभृतीनाम् । नैव स्याच्चारित्रं शुद्धोपयोग इति कृत्वा ॥१४३॥)

ये हि वक्रजडा निष्कारणमेव कौटिल्यमाचरन्ति, ये च चण्डरुद्राचार्यप्रभृतयो निष्कारणमेव कुप्यन्ति, न तेषां मायाक्रोधौ प्रशस्तरागाऽप्रवृत्ततया शुभाविति नोज्जीवति शुभोपयोगः, तदनवकाशे तु शुद्धोपयोगोऽपि दूर एवेति कथं तेषां चारित्रवार्त्ताऽपि ? योगस्थैर्यरूपचारित्राभ्युपगमे तु न किञ्चिदनुपपन्नम्, सञ्ज्वलनमायाकोपाभ्यां तस्यातिचारकरणेऽपि मूलतोऽनपायात्, यदागमः–"[1]सव्वेवि अइयारा संजलणाणं तु उदयओ हुंति ।
मूलच्छेज्जं पुण होइ बारसण्हं कसायाणं ॥ ति । [आव॰नि॰११२] युक्तं चैतत्, यथा हि वस्त्रं ज्वलनसंपर्कादुष्णीभवति, न तु मूलतो विनश्यति तथा संज्वलनादपि चारित्रं सातिचारतामञ्चति, न तु मूलतो विनश्यति । उक्तं च—

[2]एवं विहाण वि इहं चरणं दिट्ठं तिलोगनाहेहिं । जोगाण थिरो भावो जम्हा एएसि सुद्धो उ ।१।
[3]अथिरो अ होइ भावो सहकारिवसेण ण पुण तं हणई ।
जलणा जायइ उण्हं वज्जं ण य चयइ तत्तंपि ॥२॥ [पंचाशक ८३९-४०]

ચારિત્રભંગ થવાની આપત્તિ આવશે. "અમારે આમાં ઇષ્ટાપત્તિ છે" એવું પણ કહી શકાતું નથી કારણકે એ તો દુષ્ટ આશયવાળા દિગંબરની જ પ્રક્રિયા છે, આપણી નહિ કારણકે એમાં તીર્થનો જ ઉચ્છેદ થઇ જવાની આપત્તિ આવે છે. સારણા–વારણા વગેરે કરે એવા સરાગી આચાર્યોથી જ તીર્થ અવિચ્છિન્ન રીતે ચાલે છે. તેવા તેવા કષાયના કણિયાઓથી જ તેઓનું ચારિત્ર ભાંગી ગએલું માનવામાં આવે તો પછી તીર્થને આગળ ચલાવશે કોણ? આવો અભિપ્રાય રાખીને કહે છે—

**ગાથાર્થઃ**–અન્યથા ક્રોધાદિ સ્વભાવવાળા વક્ર અને જડ જીવો, ક્રોધી એવા **ચંડરૂદ્રાચાર્ય** વગેરેને ચારિત્ર જ સંભવશે નહિ કારણ કે શુદ્ધોપયોગરૂપ પરમ ચારિત્રનો પ્રતિબંધક ક્રોધાદિ અશુદ્ધોપયોગ હાજર છે. તેમજ તે ક્રોધાદિનું આલંબન (=નિમિત્ત) પણ પ્રશસ્ત ન હોવાથી શુભોપયોગરૂપ ગૌણ ચારિત્ર પણ તેઓને નહિ રહે.

**[ સંજવલનકષાયો માત્ર અતિચારાપાદક ]**

જે દુઃષમાકાલીન વક્ર–જડ સાધુઓ નિષ્કારણ જ કુટિલતા આચર્યા કરે છે. તેઓને માયા તેમજ નિષ્કારણ પણ ગુસ્સે થઇ જતાં ચંડરૂદ્રાચાર્યાદિને પ્રશસ્ત રાગ વિના જ ક્રોધાદિ પ્રવર્ત્યા હોવાથી શુભ ન હોવાને કારણે શુભોપયોગ પણ હોતો નથી તો શુદ્ધોપયોગ તો દૂર જ રહેવાથી ચારિત્ર હોવાની વાત જ શી? અર્થાત્ તેઓને

१. सर्वेऽप्यतिचाराः संज्वलनानां तूदयतो भवन्ति । मूलच्छेद्यं पुनर्भवति द्वादशानां कषायाणाम् ॥
२. एवं विधानामपीह चरणं दृष्टं त्रिलोकनाथैः । योगानां स्थिरो भावो यस्मादेतेषां शुद्धस्तु ॥
३. अस्थिरश्च भवति भावः सहकारिवशेन न पुनस्तं हन्ति । ज्वलनाज्जायत उष्णं वज्रं न च त्यजति तत्त्वमपि ॥

नन्वेवमुत्तरगुणातिक्रमे निर्भङ्गचारित्रमापन्नमिति चेत्? इदमित्थमेव, कः किमाह? उक्तं च पञ्चाशके—

'गुरुगुणरहिओ वि इह दट्ठव्वो मूलगुणविउत्तो जो।
न हु गुणमेत्तविहुणोत्ति चण्डरुद्दो उदाहरणं ॥ [पंचाशक ११-३५]

ननु मूलगुणेषु स्थिरभावश्चारित्रमिति तावद्भवतां प्रतिज्ञा, स च शुद्धोपयोगरूप एव पर्यवस्यति, तेनैव सकलमूलगुणपरिपालनसंभवात्, तस्यैव च मरुदेव्यादावपि सम्भवादिति चेत्? न, प्रवृत्तिरूपप्रयत्नस्य तत्रासम्भवेऽपि निवृत्तिरूपप्रयत्नस्य सुतरां सम्भवात्। 'प्रयत्न एवायमि'ति चेत्? सत्यं, संयमे प्रयत्न एव चारित्रं, "[2]माणुसत्तं सुई सद्धा संजमंमि य वीरियं" इत्यादौ तथोपदेशात्,

"भगवद्दर्शनानन्दयोगस्थैर्यमुपेयुषी। केवलज्ञानमम्लानमाससाद तदैव सा ॥ इति योगशास्त्रवृत्तौ [१-१०-२३१] मरुदेव्या अपि योगस्थैर्यरूपचारित्रप्राप्तेरेव सूचनात् ॥१४३॥

---

ચારિત્ર અનુપપન્ન થશે. યોગસ્થૈર્યરૂપ ચરિત્ર માનવામાં કોઈ અનુપપત્તિ નથી, કારણ કે એ માયા-ક્રોધાદિ સંજ્વલનના હોવાથી ચારિત્રને માત્ર અતિચાર જ લગાડે છે, મૂળથી નષ્ટ કરતાં નથી. આગમમાં પણ કહ્યું છે કે– "સર્વ અતિચારો સંજ્વલનકષાયના ઉદયથી થાય છે. ચારિત્રનો મૂળથી જ છેદ તો બાર કષાયોના ઉદયથી જ થાય છે." આ વાત યુક્ત પણ છે. જેમ વજ્ર અગ્નિના સંપર્કથી માત્ર ગરમ થાય છે, મૂળથી કંઈ નષ્ટ થઈ જતું નથી, તેમ સંજ્વલન કષાયથી ચારિત્ર પણ સાતિચાર જ બને છે, મૂળથી નાશ પામતું નથી. કહ્યું છે કે "વક્ર-જડ સ્વભાવવાળા આવા સાંપ્રતકાલીન જીવોને પણ ચારિત્ર હોવું ત્રિલોકનાથ શ્રી જિનેશ્વરોએ જોયું છે કારણ કે તેઓને પણ યોગોનો સ્થિરભાવ શુદ્ધ હોય છે. સંજ્વલન કષાયાદિરૂપ સહકારીને વશ થઈને એ ભાવ કંઈક અસ્થિર જ થાય છે મૂળથી હણાતો નથી. જેમકે વજ્ર અગ્નિથી ઉષ્ણ માત્ર જ થાય છે, પોતાનું વજ્રપણું કંઈ છોડી દેતું નથી."

શંકા :– આનો અર્થ તો એવો થશે કે ઉત્તર ગુણોનું ઉલ્લંઘન કરવામાં પણ ચારિત્ર તો અખંડ જ રહે છે.

**સમાધાન** :– હા, એવો જ અર્થ છે, અમે પણ એમાં કોઈ વાંધો કહેતાં નથી. **પંચાશક**માં કહ્યું છે કે "તે જીવને જ ગુરુગુણરહિત (ગુરુ બનવા માટે અપેક્ષિત ગુણોથી રહિત) જાણવો જે મૂળગુણોથી રહિત હોય! નહિ કે તપ-ક્ષમા વગેરે ઉત્તર ગુણમાત્ર રહિત એવો જીવ... જેમ કે ચંડરુદ્રાચાર્ય..."

શંકા :– મૂળ ગુણોમાં સ્થિરભાવ હોવો એ ચારિત્ર છે એવી તમારી પ્રતિજ્ઞા

---

१. गुरुगुणरहितोऽपीह द्रष्टव्यो मूलगुणवियुक्तो यः। न खलु गुणमात्रविहीन इति चंडरुद्र उदाहरणम् ॥
२. उत्तराध्ययनसूत्र-३-१ अस्य पूर्वार्धः चत्तारि परमंगाणि दुल्लहाणीह जंतुणो ॥
३. चत्वारि परमाङ्गानि दुर्लभानीह जन्तोः। मानुषत्वं श्रुतिः श्रद्धा संयमे च वीर्यम् ॥

चारित्रस्योपयोगरूपत्वे दूषणान्तरमप्याह—

**चरणं जइ उवओगो जिणाण ता हुंति तिन्नि उवओगा ।**
**दोसु अ अंतब्भावे तिअस्स पकप्पणा मोहा ॥१४४॥**

(चरणं यद्युपयोगो जिनानां तद्भवन्तु त्रय उपयोगाः । द्वयोश्चान्तर्भावे तृतीयस्य प्रकल्पना मोघा ॥१४४॥)

यदि चारित्रं शुद्धोपयोगरूपं तदा केवलज्ञानं, केवलदर्शनं यथाख्यातचारित्रं चेति त्रय उपयोगाः केवलिनां प्राप्ताः, इति "केवलिनो द्वावुपयोगौ" इत्यागमविरोधः, एवं चारित्रेण सह पर्याप्तसंज्ञिनोऽपि त्रयोदशोपयोगाः प्राप्ता इति "[1]पज्जसन्निसु बार उवओगा" [चतुर्थकर्मग्रन्थ–५] इत्याद्युपप्लवान्महदुत्सूत्रसूत्रणसूत्रधारायितं देवानांप्रियस्य । अथ शुद्धोपयोगरूपस्य चारित्रस्योपयोगमार्गणाधिकारे साकारतया ज्ञान एवान्तर्भावान्न दोष इति चेत् ? हन्त तर्हि साकारोपयोगविभाग एव का व्यवस्था ? 'तदात्त(? तज्)ज्ञानव्यक्तावन्तर्भावान्नाव्यवस्थे'ति चेत् ? तर्हि विशिष्टं ज्ञानमेव तदिति तदतिरिक्तचारित्रकथापि निर्मूला । 'कर्मवैचित्र्यात्तद्वैचित्र्यमि'ति चेत् ? तर्हि पृथग्भूतस्य सतोऽस्य नोपयोगत्वं, उपयोगत्वे वा प्रागुक्तदोषानुपरम इत्युभयत्रपाशारज्जुः, तस्मादुत्सूत्रप्ररूपणमुत्सृज्य योगस्थैर्यरूपमेव चारित्रमभ्युपेयम् ॥१४४॥

---

છે. જે શુદ્ધોપયોગમાં જ પર્યવસિત થાય છે કારણ કે શુદ્ધોપયોગથી જ સકલમૂળગુણોનું પરિપાલન સંભવિત છે. તેમજ મરુદેવીમાતા વગેરેને પણ શુદ્ધોપયોગરૂપ ચારિત્રનો જ સંભવ છે.

## [ મરુદેવીમાતાને નિવૃત્તિપ્રયત્નની હાજરી ]

**સમાધાન** :– આ વાત અયુક્ત છે કારણ કે મરુદેવામાતા આદિને પ્રવૃત્તિરૂપ પ્રયત્ન અસંભવિત હોવા છતાં નિવૃત્તિરૂપ પ્રયત્ન તો સુતરાં સંભવિત જ હોવાથી યોગપરિણામરૂપ ચારિત્ર પણ સંભવિત છે.

**શંકા** :– એ નિવૃત્તિ પણ એક જાતનો પ્રયત્ન જ છે, પણ એટલા માત્રથી ચારિત્ર કેમ મનાય ?

**સમાધાન** :– હા એ પ્રયત્ન જ છે, પણ પ્રયત્ન માત્ર નથી, કિન્તુ સંયમવિષયક પ્રયત્ન છે અને સંયમવિષયક પ્રયત્ન જ ચારિત્ર છે. "મનુષ્યત્વ, જિનવાણીશ્રવણ, તત્ત્વશ્રદ્ધા અને સંયમમાં વીર્ય એ ચાર વસ્તુઓ દુર્લભ છે." એવા શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના અધિકારમાં પણ સંયમવિષયક વીર્યને જ ચારિત્રરૂપે કહ્યું છે. તેમજ "ભગવાનના દર્શનના આનંદથી યોગસ્થૈર્યને પામેલા શ્રીમરુદેવી માતા ત્યારે જ નિર્મળ કેવળજ્ઞાનને પામ્યા." એવી યોગશાસ્ત્રની વૃત્તિમાં મરૂદેવી માતાને પણ યોગસ્થૈર્યરૂપ ચારિત્રની પ્રાપ્તિ થઈ હોવાનું સૂચન કર્યું જ છે. ॥૧૪૩॥

---

१. सन्ने सन्नि पज्जत्ते उरलं सुहुमे समासु तं चउसु । बायरि सविउव्विदुगं पज्जसन्निसु बार उवओगा ॥ सर्वे संज्ञिपर्याप्ते औदारिकं सूक्ष्मे समापं तच्चतुर्षु । बादरे सवैक्रियद्विकं पर्याप्तसंज्ञिषु द्वादश उपयोगाः ॥

ननु योगस्थैर्यरूपः प्रयत्नः सयोगानामस्तु, अयोगानां तु योगाभावादेव तदभावात्कथं शैलेश्यां चारित्रसंभवः ? इत्याशङ्कायामाह—

सेलेसीए जत्तो निवित्तिरूवो स चेव थिरभावो ।
न य सो सिद्धाणं पि य जं तेसिं वीरियं नत्थि ॥१४५॥

(शैलेश्यां यत्नो निवृत्तरूपःस चैव स्थिरभावः । न च स सिद्धानामपि च यत्तेषां वीर्यं नास्ति ॥१४५॥)

शैलेश्यामपि योगनिरोधोपनीतत्रिगुप्तिसाम्राज्यलक्षणनिवृत्तिप्रयत्नसद्भावात् परमयोगस्थैर्यरूपं चारित्रं निराबाधम् , समितिसाम्राज्यलक्षणस्य प्रवृत्तिरूपस्य योगोपनीतस्य चारित्रस्य बाधेऽपि तदबाधात् । न च वीर्यं विना वीर्यविशेषरूपं चारित्रं कथम् ? इति वाच्यं, शैलेशीप्रतिपन्नानां करणवीर्याभावेऽपि लब्धिवीर्यस्याऽबाधितत्वात् । यदार्षम् "[1]तत्थ णं जे ते सेलेसी पडिवन्नया ते णं लद्धिवीरिएणं सवीरिया करणवीरिएणं अवीरिया" त्ति । अत एव तेषां सर्वसंवरः सङ्गच्छते । उक्तं च–"अयोगिकेवलिष्वेव सर्वतस्संवरो मतः ।" [ ] इति, शैलेश्यवस्थाचरमसमये सकलकर्मप्रकृतिक्षये हि कर्मनोकर्मणां कात्स्न्येन संवरः, अयमेव च नैश्चयिको धर्मः अधर्मक्षयहेतुरिति गीयते ।

ચારિત્રને ઉપયોગરૂપ માનવામાં બીજા દૂષણો બતાવતાં સિદ્ધાંતી કહે છે–

**[ચારિત્ર શુદ્ધોપયોગરૂપ હોવામાં ઉપયોગત્રયની આપત્તિ]**

**ગાથાર્થ** :– ચારિત્ર જો ઉપયોગરૂપ હોય તો કેવળીઓને ૩ ઉપયોગ માનવા પડશે. એ ઉપયોગનો "જ્ઞાનદર્શનરૂપ બે ઉપયોગમાં જ અંતર્ભાવ થઇ જતો હોવાથી ૩ ઉપયોગ માનવાની આપત્તિ આવતી નથી." એવું જો કહેશો તો ચારિત્રાત્મક તૃતીય પૃથગ્ ઉપયોગની કલ્પના નિરર્થક થઈ જવાથી કરી શકાશે નહિ. અને તેથી સિદ્ધોને પૃથગ્ ચારિત્રગુણુ હોવો સિદ્ધ થશે નહિ.

ચારિત્ર જો શુદ્ધોપયોગરૂપ હોય તો કેવળીને કેવલજ્ઞાન, કેવલદર્શન અને યથાખ્યાતચારિત્ર એમ ત્રણુ ઉપયોગો માનવા પડશે અને તેથી "કેવલીને બે ઉપયોગો હોય છે" એવા આગમવચનનો વિરોધ થશે. એમ પર્યાપ્તસંજ્ઞી જીવોને બાર ઉપયોગ હોવાનું પ્રતિપાદન કરતાં "પર્યાપ્તસંજ્ઞીજીવોમાં બાર ઉપયોગ હોય છે" એવા શાસ્ત્રવચનનો પણુ વિરોધ થશે, કારણુ કે એ બાર ઉપયોગ ઉપરાંત ચારિત્રાત્મક તેરમો ઉપયોગ પણુ તેઓને માનવો પડતો હોઇ ચારિત્રને ઉપયોગ રૂપ માનવું એ તો મહદ્ ઉત્સૂત્ર જ છે.

**શંકા** :–શુદ્ધોપયોગરૂપ ચારિત્ર સાકાર હોવાથી તેનો ઉપયોગ માર્ગણાના અધિકારમાં જ્ઞાનમાં જ અંતર્ભાવ કરીને કેવલીને બે અને પર્યાપ્તસંજ્ઞીને બાર ઉપયોગ હોવાનું પ્રતિપાદન કર્યું છે તેથી તમે કહો છો એવો ઉત્સૂત્રભાષણનો દોષ આવતો નથી.

1. प्रज्ञप्ति–१–१–७२ तत्र ये ते शैलेशीप्रतिपन्नकास्ते लब्धिवीर्येण सवीर्याः करणवीर्येण अवीर्याः ।

नन्वयं सर्वसंवरः सिद्धेष्वपि संभवतीति कथं तेषां न चारित्रम् ? उच्यते, सिद्धिगमनसमये वीर्यस्य क्षयेण तेषां वीर्यविशेषरूपचारित्राऽसंभवात् । प्रज्ञप्तं च प्रज्ञप्तौ, "[1]तत्थ णं जे ते असंसारसमावण्णगा ते णं सिद्धा, सिद्धा णं अवीरिया" त्ति । यत्तु सकरणवीर्याभावादवीर्याः सिद्धा इत्येतत्सूत्रव्याख्यानं तन्मतान्तराभिप्रायेण संभाव्यते, अन्यथा "[2]तस्सोदइयाईया भव्वत्तं च विणिवत्तए समयं । संमत्तंनाणदंसणसुहसिद्धत्ताइं मोत्तूणं ॥" [वि०भा०३०८७] तथा

**સમાધાન** :–તો પછી સાકારોપયોગના મતિજ્ઞાનાદિ રૂપ ૮ ભેદ કહ્યા છે તેનો વિરોધ ન થાય એવી શી રીતે વ્યવસ્થા કરશો ?

**શંકા** :–તે તે વખતે જે જ્ઞાનોપયોગ પ્રવર્ત્તતો હોય તે તેમાં ચારિત્રોપયોગનો અંતર્ભાવ હોવાથી જ સાકારોપયોગના આઠ જ ભેદ કહ્યા છે, નવ નહિ.

**સમાધાન** :–તો પછી તે તે જ્ઞાનવિશેષ જ ચારિત્ર થવાથી જ્ઞાનભિન્નગુણરૂપે ચારિત્ર હોવાની વાત તો નિર્મૂળ જ થઇ ગઇ!

**શંકા** :–છતાં ચારિત્રાત્મક જ્ઞાનવિશેષના અને ઈતરજ્ઞાનના આવારકકર્મ ભિન્ન ભિન્ન હોવાથી પ્રકટ થએલ તે તે ગુણ પણ પૃથગ્ હોય છે.

**સમાધાન** :–એ રીતે પૃથગ્ભૂત ચારિત્રને ઉપયોગરૂપ માની શકાશે નહિ અને ઉપયોગરૂપ માનવું હોય તો કેવળીઓને ત્રણ ઉપયોગ માનવાની આપત્તિ વગેરે રૂપ પૂર્વોક્ત દોષો ઉભા જ રહેવાથી તમારે ઉભયપાશા રજ્જુ જેવું થશે. અર્થાત્ બંને રીતે તમારે ફસાવાનું છે. તેથી ચારિત્ર ઉપયોગરૂપ હોય છે એવી ઉત્સૂત્રપ્રરૂપણાને છોડીને યોગસ્થૈર્યરૂપ માનવું જ યુક્ત છે. ॥૧૪૪॥

"યોગસ્થૈર્યરૂપ ચારિત્ર સયોગી કેવળીઓને ભલે હો, પણ અયોગી કેવળીઓને તો યોગનો જ વિરહ હોવાથી શૈલેશી અવસ્થામાં પણ ચારિત્ર શી રીતે સંભવિત બનશે ?" આવી આશંકાને ઉદ્દેશીને સિદ્ધાંતી કહે છે–

**ગાથાર્થ** :–શૈલેશી અવસ્થામાં નિવૃત્તિરૂપ પ્રયત્ન હોય છે અને એ જ સ્થિરભાવરૂપ હોવાથી ચારિત્ર છે. સિદ્ધોને તો વીર્ય જ ન હોવાથી તેવા પ્રયત્નરૂપ સ્થિરભાવ પણ ન હોવાથી ચારિત્ર પણ હોતું નથી.

## [શૈલેશીમાં પણ નિવૃત્તિપ્રયત્ન હાજર]

યોગનિરોધથી પ્રાપ્ત થએલ ત્રિગુપ્તિસામ્રાજ્ય રૂપ નિવૃત્તિપ્રયત્ન શૈલેશી અવસ્થામાં પણ હાજર જ હોવાથી યોગસ્થૈર્યરૂપ ચારિત્ર હોવામાં કોઈ બાધક નથી કારણ કે સમિતિ સામ્રાજ્યાત્મ પ્રવૃત્તિરૂપક અને યોગથી સંપન્ન થતું એવું ચારિત્ર બાધિત હોવા માત્રથી નિવૃત્તિપ્રયત્નાત્મ ચારિત્ર કંઈ બાધિત થતું નથી.

१. प्रज्ञप्ति १/७२) तत्र ये तेऽसंसारसमापन्नकाः ते सिद्धाः, सिद्धा अवीर्याः ।
२. तस्यौदयिकादिका भव्यत्वं च विनिवर्तते समकम् । सम्यक्त्व-ज्ञान-दर्शन-सुखसिद्धत्वानि मुक्त्वा ॥

[1]समत्तचरित्ताइं साइसंतो अ उवसमिओ अ । दाणाइलद्धिपणगं चरणं पि य खाइओ भावा ॥ त्ति–[वि०भा० २०७८] भगवद्भाष्यकारवचोविरोधप्रसङ्गात् । किं च सिद्धानां लब्धिवीर्यसत्त्वे "[2]सिद्धा णं लद्धिवीरिएणं सवीरिया करणवीरिएणं अवीरिया"त्ति सूत्रकल्पनं स्यात्, यथा "[3]तत्थ णं जे ते सेलेसीपडिवन्नया ते णं लद्धिवीरिएणं सवीरिया करणवीरिएणं अवीरिया" त्ति ।

---

**શંકા** :–પણ શૈલેશી અવસ્થામાં કોઈપણ જાતનું વીર્યસામાન્ય જ ન હોવાથી વીર્યવિશેષરૂપ ચારિત્ર શી રીતે મનાય ?

**સમાધાન** :–શૈલેશી અવસ્થાને પામેલા જીવોને કરણવીર્ય ન હોવા છતાં લબ્ધિવીર્ય તો હોય જ છે. તેથી વીર્યવિશેષ રૂપ ચારિત્ર હોવામાં કોઈ બાધ નથી. કહ્યું છે કે "તેમાંથી જેઓ શૈલેશી અવસ્થાને પામેલા હોય છે તેઓ લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય હોય છે, કરણવીર્યની અપેક્ષા અવીર્ય." આ રીતે વીર્યવાળા હોવાથી જ તેઓને સર્વસંવર હોવો યુક્ત છે. કહ્યું છે કે "અયોગી કેવળીઓમાં જ સર્વસંવર હોવો માન્ય છે" શૈલેશી અવસ્થાના ચરમસમયે સકલ કર્મપ્રકૃતિઓનો ક્ષય થએ છતે જ કર્મ અને નોકર્મનો સંપૂર્ણતઃ સંવર થાય છે. આ નૈશ્ચયિક ધર્મ જ અધર્મક્ષયનો હેતુ કહેવાય છે.

**શંકા** :–આ સર્વસંવર સિદ્ધોમાં પણ સંભવિત છે, તો તેઓને શા માટે ચારિત્ર ન હોય ?

## [સિદ્ધિગમન સમયે ચારિત્રનાશ]

**સમાધાન** :–સિદ્ધિગમન સમયે વીર્યનો ક્ષય થઈ ગયો હોવાથી તેઓને વીર્યવિશેષરૂપ ચારિત્ર હોતું નથી. શ્રી પ્રજ્ઞપ્તિસૂત્રમાં કહ્યું છે કે "અસંસાર=મોક્ષને પ્રાપ્ત થએલા જીવો સિદ્ધ હોય છે અને સિદ્ધો અવીર્ય હોય છે." આ સૂત્રમાં, 'સિદ્ધોને કરણવીર્યની અપેક્ષાએ અવીર્ય કહ્યા છે' એવી આ સૂત્રની વ્યાખ્યા મતાન્તરના અભિપ્રાયથી જાણવી. નહિતર તો "તેના સમ્યક્ત્વ–જ્ઞાન–દર્શન–સુખ અને સિદ્ધત્વને છોડીને બીજા ઔદયિકાદિ ભાવો તેમજ ભવ્યત્વ એકીસાથે નિવૃત્ત થાય છે" એવા, તેમજ "સાદિસાન્ત ઔપશમિક ભાવોમાં સમ્યક્ત્વ અને ચારિત્ર આવે છે જ્યારે સાદિસાન્ત ક્ષાયિકભાવમાં દાનાદિ પાંચ લબ્ધિઓ અને ચારિત્ર આવે છે" એવા ભાષ્યકારના વચનનો વિરોધ થશે. વળી સિદ્ધોને લબ્ધિવીર્ય હોવામાં તો, શૈલેશી અવસ્થામાં કરણવીર્ય ન હોવા છતાં લબ્ધિવીર્ય હોવાથી તેવા જીવોને આશ્રીને જેમ કહ્યું છે કે "શૈલેશી અવસ્થાને પામેલા જીવો લબ્ધિવીર્યને આશ્રીને સવીર્ય છે અને કરણવીર્યને આશ્રીને અવીર્ય છે" તેમ, સિદ્ધોને આશ્રીને પણ એમ જ કહેત કે "સિદ્ધો લબ્ધિવીર્યને

---

૧. सम्यक्त्वचारित्रे सादिः सान्तश्चौपशमिकोऽयम् । दानादिलब्धिपञ्चकं चारित्रमपि च क्षायिको भावः ॥

૨. सिद्धा लब्धिवीर्येण सवीर्याः करणवीर्येण अवीर्याः ॥

૩. तत्र ये ते शैलेशीप्रतिपन्नका ते लब्धिवीर्येण सवीर्याः करणवीर्येण अवीर्याः ।

अथ शैलेशीप्रतिपन्नसिद्धयोर्लब्धिवीर्याविशेषेऽपि स्वरूपसत्कारणस्याप्यभावात् सिद्धानाम-वीर्यत्वव्यपदेश इति चेत् ? न, एवंविधे हि विवादे भाष्यकारो यमर्थमनुमन्यते तमेवार्थं प्रमाणयामः । अथ चरणदानादिलब्धीनां विकारिणीनामेव तदानीमुपक्षयोऽविकारिणीनां तु सुतरां संभवो, विकारिगुणोपक्षयेऽविकारिगुणप्रादुर्भावनियमात् इति चेत् ? किमिदं विकारि-त्वम् ? शरीराद्यपेक्षया प्रवर्त्तमानत्वं तदुत्पाद्यमानत्वं वा ? नाद्यः, केवलज्ञानादेरपि तथाभाव-प्रसङ्गात् । न द्वितीयः, क्षायिकभावस्य शाश्वतत्वात् । 'समयान्तरितयोर्ज्ञानदर्शनयोरिव प्रवाहा-पेक्षयैव शाश्वतत्वमि'ति चेत् ? स प्रवाहो यन्निमित्ताधीनस्तन्निमित्तनाशात्तन्नाशः, इति सिद्धं चरणदानादिलब्धीनां सादिसान्तक्षायिकभावत्वम् । अथ ज्ञानादिप्रवाह इव चारित्रादिप्रवाहोऽपि

---

આશ્રીને સવીર્ય હોય છે કરણવીર્યને આશ્રીને અવીર્ય, નહિ કે "સિદ્ધો અવીર્ય હોય છે" એમ......

શંકા :–શૈલેશીપ્રાપ્ત જીવો અને સિદ્ધોને લબ્ધિવીર્ય એકસરખું હોવા છતાં સિદ્ધોને સ્વરૂપસત્કારણનો પણ અભાવ થયો હોવાથી અવીર્ય કહ્યા છે.

### [સિદ્ધોમાં વીર્યાભાવ]

**સમાધાન** :–આ કારણે જ અવીર્ય કહ્યા છે કે વીર્યનો અભાવ હોવાના કારણે ? એવા પ્રશ્નનો આપણે ઉકેલ લાવી શકતા નથી ત્યારે આવા પ્રકારના વિવાદમાં તો ભાષ્યકારને જે સંમત હોય તેને જ આપણે પ્રમાણ કરીએ છીએ. તેથી વીર્ય ન હોવાના કારણે જ સિદ્ધો અવીર્ય હોય છે એવું ભાષ્યકારને સંમત હોવાથી આપણે પણ માનવું જ જોઈએ.

શંકા:–વિકારી મતિજ્ઞાનાદિનો નાશ થએ છતે જેમ અવિકારી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે તેમ વિકારી એવી ચરણદાનાદિલબ્ધિઓનો ક્ષય થાય ત્યારે અવિકારી ચરણાદિ લબ્ધિઓની ઉત્પત્તિ અવશ્ય માનવી જ જોઈએ અને તેથી સિદ્ધોને પણ અવિકારી ચરણદાનાદિ અવશ્ય માનવા જ જોઈએ.

**સમાધાન** :–ચારિત્રાદિમાં આ વિકારીપણું શું છે ? શરીરાદિને સાપેક્ષ રીતે પ્રવર્ત્તવું તે, કે શરીરાદિથી ઉત્પન્ન થવું તે ? પ્રથમ પક્ષ માની શકાશે નહિ, કારણકે કેવલજ્ઞાનાદિ પણ શરીરસાપેક્ષ પ્રવર્ત્તતા હોવાથી વિકારી માનવાની તેમજ સિદ્ધાને તેનો અભાવ હોવાનું માનવાની આપત્તિ આવે. દ્વિતીયપક્ષ પણ યુક્ત નથી કારણકે ક્ષાયિક ભાવો શાશ્વત હોવાથી પછી શરીરાદિથી ઉત્પાદ્યમાન હોતા નથી.

શંકા :– જેમ કેવલજ્ઞાન-કેવળદર્શનનો ઉપયોગ એક એક સમયને અંતરે જ હોય છે, નિરંતર હોતો નથી અને છતાં પ્રવાહની અપેક્ષાએ તે બન્ને શાશ્વત કહેવાય છે એમ ચારિત્રાદિ પણ સાન્તર જ હોવા છતાં પ્રવાહની અપેક્ષાએ જ શાશ્વત કહેવાય છે. તેથી એક એક ક્ષણને આંતરે ઉત્પન્ન થતાં હોવામાં પણ કોઇ વાંધો નથી.

न बाह्यनिमित्ताधीनः किन्तु स्वाभाविक एवेति चेत् ? न, एवं सत्यन्त्यापृतवीर्येभ्यस्तीर्थकरादिभ्यस्तीर्थाऽप्रवृत्तिप्रसङ्गात् । एतेन स्वरूपापेक्षयापि शाश्वतत्वमविकारित्वं च परास्तम् । यत्तु मतिज्ञानादीनामिव चरणदानादिलब्धीनां योगसापेक्षाणां विकारित्वमन्यासां त्वविकारित्वं केवलज्ञानस्येवेति-तदसत्, एवं सति मतिज्ञानकेवलज्ञानयोरिव तासां परस्परं स्वरूपवैलक्षण्यप्रसङ्गादिति दिग् ॥ १४५ ॥

ननु तथापि "[1]सा णं भन्ते अकिरिया किं फला ? गोयमा ! सिद्धिगमणपज्जवसाणफला पन्नत्ता" इति सूत्रेणाक्रियाया एव सिद्धिगमनपर्यवसानफलत्वप्रतिपादनात् कथं क्रियारूपस्य चारित्रस्य तथात्वम् ? इत्यत्राशङ्कायामाह—

**अंते य अंतकिरिया सेलेसी अकिरियत्ति एगट्ठा ।**
**नाणकिरियाहि मोक्खो एत्तो च्चिय जुज्जए एयं ॥१४६॥**

(अन्ते चान्तक्रिया शैलेश्यक्रियेत्येकार्थाः । ज्ञानक्रियाभ्यां मोक्षोऽत एव युज्यत एतत् ॥१४६॥)

**[ક્ષાયિક ચરણદાનાદિલબ્ધિઓ સાદિસાન્ત]**

**સમાધાન** :–એ પ્રવાહ જે નિમિત્તને આધીન હોય છે તે નિમિત્તનો જ સિદ્ધોને નાશ થઈ ગયો હોવાથી તે પ્રવાહનો પણ નાશ થઈ ગયો હોય છે. તેથી ક્ષાયિક એવી ચરણ–દાનાદિ લબ્ધિઓ સાદિસાન્ત હોવી સિદ્ધ થાય છે.

**શંકા** :– જેમ કેવલજ્ઞાન–કેવલદર્શનના પ્રવાહને બાહ્ય નિમિત્તની અપેક્ષા હોતી નથી, એમ ચારિત્રપ્રવાહને પણ તે હોતી નથી, કિન્તુ સ્વાભાવિક રીતે જ એ પ્રવાહ ચાલુ રહે છે. તેથી સિદ્ધોને કેવલજ્ઞાનાદિ પ્રવાહની જેમ ચારિત્રપ્રવાહ હોવામાં કોઈ બાધક નથી.

**સમાધાન** :– જ્ઞાન–દર્શનની જેમ ચારિત્રપ્રવાહ પણ સ્વાભાવિક રીતે જ જો ચાલુ રહેતો હોય તો શ્રીતીર્થંકરોને વીર્ય પ્રવર્ત્તાવવાનું કોઈ પ્રયોજન ન રહેવાથી તીર્થપ્રવર્ત્તનાદિ પ્રવૃત્તિઓનો પણ ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવે. એથી જ "ચારિત્રાદિ પ્રવાહથી નહિ, પણ સ્વરૂપથી જ શાશ્વત છે અને અવિકારી છે" એ વાત પણ નિરસ્ત જાણવી. વળી "જેમ યોગસાપેક્ષ એવા મતિજ્ઞાનાદિ વિકારી છે અને યોગનિરપેક્ષ એવું કેવલજ્ઞાન અવિકારી છે તેમ યોગસાપેક્ષ ચારિત્રદાનાદિ વિકારી છે અને યોગનિરપેક્ષ એવા તે (ચારિત્રાદિ) અવિકારી છે" એ વાત પણ અસત્ જાણવી, કારણ કે એમ હોવામાં મતિજ્ઞાન અને કેવલજ્ઞાનના સ્વરૂપભેદની જેમ વિકારી ચારિત્ર અને અવિકારી ચારિત્રના સ્વરૂપમાં પણ ભેદ માનવો પડે. ॥૧૪૫॥

**[સિદ્ધિગમનમાં ક્રિયાત્મકચારિત્રફલત્વ અબાધિત]**

**આશંકા** :–છતાં "હે ભગવન્ ! તે અક્રિયાનું શું ફળ હોય છે ? હે ગૌતમ !

१. प्रज्ञप्ति २–९–१११ सा भगवन् ! अक्रिया किं फला ? गौतम ! सिद्धिगमनपर्यवसानफला प्रज्ञप्ता ।

अन्तेऽन्तक्रिया शैलेशी अक्रियेति च खल्वेकार्था एव नानाशब्दाः । कथम् ? इति चेत् ? उच्यते, शैलेशस्येव मेरोरिव निष्प्रकम्पावस्था खलु शैलेशी, सैव चान्तेऽन्तक्रियेत्यभिधीयते, एजनादीनां तद्विरोधित्वात्, अनेजनादीनां च तदुपकारित्वात् । तथा च प्रज्ञप्तिः—

"[1]जावं य णं एस जीवे सया समियं जाव परिणमइ ताव च णं तस्स जीवस्स अंते अंतकिरिया हवइ ? मियपुत्ता नो इणट्ठे समट्ठे" इत्यादि । अन्ते त्ति=मरणान्ते अंतकिरियत्ति=सकलकर्मक्षयरूपा ।

तथा "जाव च णं भन्ते सया समियं नो एयइ जाव नो तं तं भावं परिणमइ तावं च णं तस्स जीवस्स अन्ते अन्तकिरिया हवइ ? हंता जाव हवइ" [प्रज्ञप्ति–३–३–१५३] इत्यादि । नो एयइत्ति=शैलेशीकरणाद्योगनिरोधान्नो एजत इति । एजनादिरहितस्तु नारम्भादिषु वर्त्तते, तथा च न प्राणादीनां दुःखापनादिषु, तथा च योगनिरोधाभिधानशुक्लध्यानेन सकलकर्मध्वंसरूपाऽन्तक्रिया भवतीति । एवं चान्तक्रियापि शैलेश्येवेति सिद्धम्,

---

સિદ્ધિગમનરૂપ ચરમફળ હોય છે" એ સૂત્રથી અક્રિયાનું જ સિદ્ધિગમનરૂપ ચરમફળ કહ્યું હોવાથી ક્રિયાત્મક ચારિત્રનું ફળ એ શી રીતે સંભવે ? એવી સંભાવિત આશંકાનું સમાધાન કરતાં સિદ્ધાન્તી કહે છે—

**ગાથાર્થ** :–અંતે અંતક્રિયા, શૈલેશી, અક્રિયા એ એક જ અર્થવાળા શબ્દો છે. તેથી જ "જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે" એ વાત ઘટે છે.

ભવાન્તે અંત ક્રિયા, શૈલેશી અને અક્રિયા વગેરે એક જ અર્થવાળા ભિન્ન ભિન્ન શબ્દો છે. તે આ રીતે–શૈલેશ=મેરૂ તેના જેવી નિષ્પ્રકંપાવસ્થા શૈલેશી કહેવાય છે અને તે જ 'અંતે અંતક્રિયા' કહેવાય છે કારણ કે આત્મપ્રદેશોની ચંચળતારૂપ એજનાદિ (=કમ્પનાદિ) અંતક્રિયાના વિરોધી છે, અને અનેજનાદિ ઉપકારી છે. શૈલેશીમાં એજનાદિ ન હોવાથી એ જ અંતક્રિયા રૂપ બને છે. શ્રી પ્રજ્ઞપ્તિસૂત્રમાં પણ એવું જ કહ્યું છે કે– "જ્યાં સુધી આ જીવ સદા સમિત થઇ યાવત્ પરિણમે છે ત્યાં સુધી અંતે અંતક્રિયા થાય ખરી ? મૃગાપુત્ર ! આ વસ્તુ થવાને સમર્થ નથી."

અંતે એટલે મરણાન્તે સકલકર્મક્ષયરૂપ અંતક્રિયા હોય છે

### [ અન્તક્રિયા એ જ અક્રિયા ]

તથા જ્યારે આ જીવ સદા સમિત બનીને ફરકતો નથી યાવત્ તે તે ભાવોમાં પરિણત થતો નથી તે જીવને અન્તક્રિયા થાય ? હા, થાય, નો एयइ એટલે શૈલેશી પ્રક્રિયાથી યોગનિરોધ થવાથી ફરકતો નથી (શૈલેશી કરણથી થયેલ યોગનિરોધથી

---

१. प्रज्ञप्ति–३–३–१५३.
यावच्च णं एष जीवः सदा समितं यावत् परिणमति तावच्च णं तस्य जीवस्य अन्ते अन्तक्रिया भवति ? मृगापुत्र ! नायमर्थः समर्थः ।

अक्रियापि च सैव, अक्रियापदस्य योगनिरोधे रूढत्वात् । एवं चाक्रियान(ऽन्त)क्रियेत्यनयोः समानार्थकत्वादक्रियायां सिद्धिपर्यवसानफलत्वं प्रतिपाद्यमानं क्रियायामेव विश्राम्यतीति न कोऽपि दोषः । युक्तं चैतत् "[1]नाणकिरियाहिं मोक्खो" [वि०आ०भा० ३] इत्यादिना भाष्यकारेणापि ज्ञानक्रियाभ्यामेव तल्लाभप्रतिपादनात् । नत्वाऽक्रियया मोक्ष इति सूत्रमूढतया भाव्यम्, तत्र क्रियापदस्य प्रवृत्तिपरतया, नञश्च पर्युदासवृत्तितया सर्वसंवररूपनिवृत्तिप्रयत्नस्यैवाभिधानात् ॥

नन्वयं सर्वसंवरो न निवृत्तिरूपः प्रयत्नः अपि तु स्वहेतुबलाधीनकर्मपुद्गलादानच्छेदरूप एवेति चेत्? न, तद्धेतोरेव प्रयत्नरूपत्वाद्, अन्यथा मोक्षस्याऽपुरुषार्थत्वापत्तेः, पुरुषकृत्युत्पाद्यो ह्यर्थः पुरुषार्थ इति ॥१४६॥ शङ्कते—

**णणु जोगनिरोहेणं चारित्तं सासयं परं होउ ।**
**अन्नह तेण न मोक्खो उब्भवकाले असंतेणं ॥१४७॥**

(ननु योगनिरोधेन चारित्रं शाश्वतं परं भवतु । अन्यथा तेन न मोक्ष उद्भवकालेऽसता ॥१४७॥)

---

યોજનાદિ થતા નથી.) યોજનાદિ રહિતનો જીવ આરંભાદિમાં પ્રવર્તતો ન હોવાથી પ્રાણીઓને દુઃખ દેવા વગેરેમાં પ્રવર્તતો નથી અને તેથી યોગનિરોધ નામના શુક્લધ્યાનથી સકલ કર્મક્ષય થવા રૂપ અંતક્રિયા થાય છે. તેથી શૈલેશી અવસ્થા જ અંતક્રિયા છે એ વાત સિદ્ધ થાય છે. એમ 'અક્રિયા' શબ્દ પણ યોગનિરોધ અર્થમાં રૂઢ હોવાથી અંતક્રિયા જ અક્રિયા છે એ વાત પણ સિદ્ધ થાય છે. આમ અક્રિયા અને અંતક્રિયા એ બે શબ્દો સમાનાર્થક હોવાથી 'સિદ્ધિ પર્યવસાન ફળ અક્રિયાનું હોય છે' એવું પ્રતિપાદન 'તે ફળ અંતક્રિયાનું હોય છે' એવા અર્થમાં જ ફલિત થતું હોવાથી અંતક્રિયારૂપ ચારિત્રને સિદ્ધિફલક માનવામાં પણ કોઈ દોષ નથી. આવું માનવું યુક્ત પણ છે જ, કારણ કે 'જ્ઞાન-ક્રિયાથી મોક્ષ' ઇત્યાદિ વચનો દ્વારા ભાષ્યકારે પણ જ્ઞાન અને ક્રિયા દ્વારા જ મોક્ષપ્રાપ્તિનું પ્રતિપાદન કર્યું છે. તેથી 'અક્રિયાથી મોક્ષ' એ સૂત્રના તાત્પર્યાર્થને પકડવો જોઈએ, પણ મૂઢપણે સૂત્રના શબ્દોને જ પકડીને અર્થ કરવાવાળા ન બનવું કારણ કે એ સૂત્રમાં अकिरिया શબ્દમાં 'કિરિયા' શબ્દ પ્રવૃત્તિ અર્થના તાત્પર્યમાં વપરાયો છે અને નञ् પદનો પર્યુદાસનञ् રૂપે પ્રયોગ છે. અર્થાત્ 'અક્રિયા'નો અર્થ પ્રવૃત્તિભિન્ન ક્રિયા જ લેવાનો છે 'ક્રિયાનો અભાવ' નહિ, કારણકે મોક્ષપ્રાપ્તિના કારણ તરીકે સર્વસંવરરૂપનિવૃત્તિ પ્રયત્ન કહેવાયો છે.

શંકા :–'આ સર્વસંવર નિવૃત્તિરૂપ પ્રયત્ન નથી, કિન્તુ કર્મપુદ્ગલોનું સ્વહેતુઓને આધીન જે ગ્રહણ થતું હોય છે તેના છેદરૂપ જ છે.'

---

१. नाणकिरियाहिं मोक्खो तम्मयमावस्सयं जओ तेण । तव्वक्खाणारम्भो कारणओ कज्जसिद्धित्ति ॥
ज्ञानक्रियाभ्यां मोक्षः तन्मयमावश्यकं यतस्तेन । तद्व्याख्यानारम्भः कारणतः कार्यसिद्धिरिति ॥

यद्यपि चारित्रमोहक्षयेण यथाख्यातचारित्रमुत्पादि तथापि योगनिरोधेन परमयथाख्यातरूपं चारित्रमुत्पाद्यताम्, तत्त्वतश्चारित्रमोहस्य तत्प्रतिपन्थित्वेऽपि व्यवहाराद्योगानामपि तत्प्रतिपन्थित्वात्। यथा खल्वचौरोऽपि चौरसंसर्गितया चौर इति व्यपदिश्यते तथा तत्त्वतस्तदप्रतिपन्थित्वेऽपि तत्प्रतिपन्थिमोहसाहचर्याद्योगा अपि तथा व्यपदिश्यन्ते। तथा च तेषु जाग्रत्सु न परमयथाख्यातरूपं चारित्रमुन्मीलतीति तन्निरोधादेव तदुत्पाद इति। वस्तुतस्तु परमस्थैर्यरूपं पार्यन्तिकचारित्रं योगोपनीतचलोपकरणताप्रतिबद्धमित्येव तन्निरोधेन तदुत्पादः। युक्तं चैतत्, अन्यथा सयोगिकेवलिनामपि मुक्तिप्रसङ्गात्, ज्ञानदर्शनचारित्ररूपस्य मोक्षमार्गस्य तदानीमबाधितत्वात्। न च कारणान्तरविलम्बादेव तद्विलम्बो युक्तः, समुदितानामेतेषामविलम्बयकारणत्वप्रतिपादनार्थेव "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" [त०सू० १-१] इति सूत्रे विशेषणविशेष्यभावेऽपि वचनभेदनिर्देशात्। तस्मात्तदानीं योगनिरोधोपनीतपरमचारित्राभावादेव परमज्ञानदर्शनसत्त्वेऽपि न मोक्षोत्पाद इति युक्तमुत्पश्यामः।

---

**સમાધાન** :-'એ છેદ કરવાનો હેતુ પ્રયત્નાત્મક હોવાથી સર્વસંવર પણ પ્રયત્નરૂપ જ છે નહિતર તો મોક્ષને પુરુષાર્થ જ કહી શકાશે નહિ, કારણ કે પુરુષની કૃતિથી ઉત્પાદ્ય અર્થ પુરુષાર્થ કહેવાય છે. ॥૧૪૬॥

પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે—

**ગાથાર્થ** :-યોગનિરોધથી ચારિત્ર શાશ્વત બનવું જોઈએ નહિતર તો મોક્ષોત્પાદકાલે અસત્ એવા તેનાથી મોક્ષોત્પત્તિ જ થઈ શકશે નહિ.

**[ યોગનિરોધથી શાશ્વત પરમયથાખ્યાત ચારિત્રની ઉત્પત્તિ-પૂર્વપક્ષ ]**

**પૂર્વપક્ષ** :-જો કે ચારિત્રમોહનીયકર્મ ક્ષીણ થયું હોવાથી યથાખ્યાત ચારિત્ર ઉત્પન્ન થયું હોય છે તો પણ યોગનિરોધથી પરમયથાખ્યાતચારિત્રની ઉત્પત્તિ પણ માનવી જોઈએ. તે આ રીતે-વસ્તુતઃ તો ચારિત્રમોહ જ ચારિત્રવિરોધી છે. છતાં યોગો પણ વ્યવહારથી ચારિત્રપ્રતિપંથી કહેવાય છે. જેમ શાહુકાર પણ ચોરના સંગથી ચોર કહેવાય છે તેમ હકીકતમાં ચારિત્રના અપ્રતિપક્ષી એવા પણ યોગો ચારિત્રના પ્રતિપક્ષી એવા મોહના સાહચર્યના કારણે પ્રતિપક્ષી કહેવાય છે. અને તેથી તેઓની હાજરીમાં પરમયથાખ્યાત ચારિત્ર પ્રકટ થતું નથી, તેમજ તેઓના નિરોધથી તે પ્રકટ થાય છે. વસ્તુતઃ તો પરમસ્થૈર્યરૂપ પાર્યન્તિક ચારિત્ર યોગથી થએલ ચલોપકરણતાથી પ્રતિબધ્ય છે. એટલે યોગનિરોધથી તે પ્રતિબંધક દૂર થવાના કારણે એ પાર્યન્તિક ચારિત્રની ઉત્પત્તિ થાય છે. આવું જ માનવું યુક્ત પણ છે, નહિતર તો સયોગી કેવળીઓને પણ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ અબાધિત હોવાથી મોક્ષપ્રાપ્તિ થઈ જવાની આપત્તિ આવે...'સયોગી કેવળીઓને જ્ઞાનાદિ ત્રિપુટી રૂપ મોક્ષમાર્ગ પ્રાપ્ત થઈ ગયો હોવા છતાં બીજા સહકારીકારણનો વિલંબ હોવાથી મોક્ષપ્રાપ્તિમાં વિલંબ થાય છે એવું પણ

"सो उभयक्खयहेऊ" इत्यादिवचनान्यप्येतदर्थानुपातीनि, शैलेशीचरमसमयभाविनश्चारित्ररूपधर्मस्य शाश्वतस्यैव सतो मोक्षजनकत्वात्, तदानीं चारित्रनाशे च यदेवोत्पाद्यते तदेव नाश्यत इति महत्सङ्कटम्। यैरप्युच्यते प्रयत्नविशेषरूपं प्रवाहिचारित्रं तदानीं नश्यतीति तेषामपि तन्मोक्षजनकमिति वचोव्याघातमाप्नोति, न खलु कार्योत्पादसमयेऽसतः कारणत्वं नाम, तद्व्यतिरेके तद्व्यतिरेकाभावात्। अथ कार्याऽव्यवहितपूर्ववर्त्तित्वमेव कारणत्वं न तु कार्यकालवृत्तित्वमपि, तत्र निवेशने मानाभावात्, गौरवात्, प्रागभावादीनामकारणत्वप्रसङ्गाच्चेति। 'मोक्षोत्पादसमये नश्वरस्यापि तस्य तदव्यवहितपूर्ववर्त्तितयैव तत्कारणत्वं निराबाधमि'ति चेत्? तथापि नाशकमेव किमिति पृच्छामः। 'मोक्षोत्पादकमेव तन्नाशकमि'ति चेत्? न, स्वस्यापि तथात्वेन स्वस्य स्वनाशकत्वप्रसङ्गात्। 'मोक्षसामग्री तन्नाशिके'ति चेत्? न, सामग्रीत्वेनाऽनाशकत्वात्। 'अन्त्यक्षण एव तन्नाशक' इति चेत्? न, क्षणस्य विशिष्याऽहेतुत्वात्। अपि चैवं निश्चयनयानुरोधो न स्यात्, न ह्यसौ कार्याऽव्यवहितपूर्वकालवर्त्तिनं कारणं मन्यतेऽपि तु कार्यकालवर्त्तिनमेव, तन्नये कार्यकालसंबन्धस्यैव हेतुत्वात्, अन्यथा दूरकालव्यवहितानामपि येनकेनचित्संबन्धेन हेतुत्वप्रसङ्गादिति दिग्॥१४७॥

केषांचिन्मतमाह—

---

કહેવું નહિ, કારણ કે સમુદિત એવા જ્ઞાનાદિ ત્રણ અવિલંબ્ય કારણ છે અર્થાત્ એ ત્રણ ભેગા થાય એટલે વિલંબ વિના કાર્ય કરે છે. એવું પ્રતિપાદન કરવા માટે તો 'સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર મોક્ષમાર્ગ છે' એવા શ્રી તત્ત્વાર્થાધિગમ શાસ્ત્રના પ્રથમ સૂત્રમાં વિશેષણ-વિશેષ્યભાવ હોવા છતાં વચનભેદથી નિર્દેશ કર્યો છે અર્થાત્ મોક્ષમાર્ગઃ અહીં એકવચનનિર્દેશ કર્યો છે તેથી સયોગી કેવળીઓની મુક્તિ થતી ન હોવાથી એ સામગ્રી જ પૂરી થઈ નથી એમ માનવું જોઈએ...અર્થાત્ એ સામગ્રીમાં ચારિત્ર તરીકે પરમચારિત્ર લેવાનું છે, જેનો યોગનિરોધ થયો ન હોવાના કારણે અભાવ હોવાથી પરમજ્ઞાન અને પરમદર્શન હોવા છતાં મોક્ષોત્પાદ થતો નથી, એ યુક્ત લાગે છે.

## [ચરમસમયે મોક્ષોત્પાદકચારિત્રનાશ બાધિત-પૂર્વપક્ષ]

'તે ઉભય (=ધર્મ, અધર્મ)ના ક્ષયનો હેતુ છે' ઇત્યાદિ વચનો પણ આ જ અર્થને અનુસરે છે કારણ કે શૈલેશી ચરમસમયભાવી ચારિત્રધર્મ શાશ્વત હોતે છતે જ મોક્ષજનક છે. મોક્ષમાં તેના અભાવને ઉપપન્ન કરવા ચરમસમયે જ જો તે ચારિત્રનો નાશ માની લેવાનો હોય તો તો 'જે ઉત્પન્ન કરાય છે તે જ નાશ પમાડાય છે' એવું હોવારૂપ મોટું સંકટ આવી પડશે. તેથી ચરમસમયે યોગનિરોધથી થયેલ પરમચારિત્ર શાશ્વત હોય છે અને જ્ઞાનાદિની સાથે રહીને મોક્ષોત્પાદ કરે છે એમ માનવું જ જોઈએ. પ્રયત્નવિશેષરૂપ પ્રવાહીચારિત્ર ચરમસમયે નાશ પામી જાય છે એવું કહેનારાઓને પણ સ્વવચનવ્યાઘાત દોષ છે કારણ કે 'ચારિત્ર નાશ પામી જાય છે' એવું કહ્યા

केई बिंति मुणीणं सहावसमवट्ठिई हवे चरणं ।
तं लद्धसहावाणं सिद्धाणं सासयं जुत्तं ॥१४८॥

(केचिद् ब्रुवन्ति मुनीनां स्वभावसमवस्थितिर्भवति चरणम् । तल्लब्धस्वभावानां सिद्धानां शाश्वतं युक्तम् ।१४८।)

केचन सूरयः खल्विदं सङ्गिरन्ते यन्न तावच्छुद्धोपयोगरूपं चारित्रम् सिद्धान्ताभिहितदोषमुद्गरजर्जरितत्वात् । नापि योगस्थैर्यरूपं, अयोगानां तदभावात् । नापि योगोपलक्षितवीर्यस्थैर्यमेव, क्रियारूपतया तदनवभासात् स्वसंवेदनेन स्वतन्त्रतयैव ग्रहणात् । किन्तु स्वभावसमवस्थानमेव तत्, स च स्वभावो निष्कषायतादशायां माध्यस्थ्यपरिणतिरूपः कषायकणोपजीवनेऽपि विरत्यादिरूपः स्वानुभवसिद्ध एव । तत्र च प्रत्येकं कषायाणां योगदुष्प्रणिधानादेश्च विरोधित्वम् । सर्वसावद्यव्यापारपरिणामा(त्यागा)भिव्यङ्ग्यः स्वतन्त्र एवासावनुगतः स्वभावः, तत्र च तेषां तेषां प्रतिबन्धकत्वमागमादिबलादुन्नेयम् ।

---

પછી 'એ મોક્ષને ઉત્પન્ન કરે છે' એવું કહેવું વિરુદ્ધ છે જ...કારણ કે કાર્યોત્પાદ વખતે જે અસત્ હોય છે તે કારણ બની શકતું નથી કારણ તો તે જ બને છે જેના અભાવમાં કાર્યનો અવશ્ય અભાવ હોય અહીં તો ચારિત્રનાશ થઈ ગયો હોવા છતાં મોક્ષોત્પાદ થાય છે, તેથી એવા પ્રવાહીચારિત્રને કારણ માની શકાય નહિ.

**શંકા** :–'કાર્યની અવ્યવહિત પૂર્વે હાજર રહેવાપણું' એજ કારણત્વ છે, 'અવ્યવહિત પૂર્વવર્ત્તિ હોવા સાથે કાર્યકાળવૃત્તિ હોવાપણું' નહિ, કારણ કે કાર્યકાળવૃત્તિતા પણ આવશ્યક હોવામાં કોઇ પ્રમાણ નથી, તેમજ એટલો અંશ ઉમેરવો પડતો હોવાથી ગૌરવ પણ છે. વળી પ્રાગભાવાદિ કાર્યકાળવૃત્તિ ન હોવાથી અકારણ બની જવાની આપત્તિ પણ આવે છે. તેથી મોક્ષોત્પાદસમયે નશ્વર એવું પણ ચારિત્ર મોક્ષને અવ્યવહિતપૂર્વવર્ત્તિ તો હોય જ છે, તેથી તેમાં કારણતા અબાધિત જ છે.

## [કારણમાં કાર્યકાળવૃત્તિત્વ આવશ્યક]

**સમાધાન** :–છતાં એ ચારિત્રનો મોક્ષોત્પાદ સમયે નાશ કરી નાખનાર કોણ છે? જે મોક્ષોત્પાદ કરે છે એ જ એનો નાશક છે એવું કહેવામાં તો પોતે જ પોતાનો નાશક છે એવું માનવાની આપત્તિ આવે, કારણકે પોતે પણ મોક્ષોત્પાદક છે જ. મોક્ષસામગ્રીને પણ તન્નાશિકા માની શકાતી નથી, કારણકે સામગ્રીરૂપે તે નાશક નથી. [સામગ્રી તરીકે એ સામગ્રીનું તો મોક્ષોત્પાદ જ કાર્ય છે] અંત્યક્ષણને પણ નાશક માની શકાતી નથી, કારણકે કોઇપણ કાર્ય પ્રત્યે સાધારણ કારણ તરીકે કાળ મનાય છે પણ તે તે ચોક્કસ કાર્યો પ્રત્યે તે તે ક્ષણ અસાધારણ કારણ બનતી નથી. વળી કાર્યકાળવૃત્તિત્વને કારણતાની કુક્ષિમાં પ્રવિષ્ટ ન કરવામાં તો નિશ્ચયનયને અનુસરવાનું નહિ થાય. કારણ કે કાર્યકાળ સાથેના સંબંધને જ હેતુ તરીકે સ્વીકારતો એ કાર્યઅવ્યવહિતપૂર્વવર્ત્તીને કારણ માનતો નથી કિન્તુ કાર્યકાળવર્ત્તીને જ કારણ માને છે.

स चायं स्वभावो यथाक्रमं विशुद्ध्यमानो मोहक्षयेणोपनीयमानो यथाख्यातचारित्रमित्याख्यायते, स एव च शैलेश्यामत्यन्तं विशुद्ध्यमानो मोक्षलक्षणफलभाग् भवति। न च मोक्षदशायामपि तत्प्रच्यवः, स्वभावप्रच्यवे स्वभाववतोऽपि प्रच्यवप्रसङ्गात्। 'श्यामत्वस्वभावपरित्यागेऽपि स्वभाववत आपाकनिहितस्य घटस्याभावाऽदर्शनात् नायं नियम' इति चेत्? न, असाधारणस्वभावपरित्यागे स्वभाविनिमज्जनस्यावश्यकत्वात्, न हि घटत्वस्वभावपरित्यागे घटोऽनुभूयते, चारित्रं च जीवस्याऽसाधारणः स्वभावः, गुणत्वाद्, ज्ञानादिवत्। तथा च लब्धस्वभावानां सिद्धानां स्वभावसमवस्थानरूपं चारित्रं निष्प्रत्यूहमेव। परे तु "स्वभावे=आत्मनि समवस्थानमात्मद्रव्यमात्रनिरतत्वमि"त्यर्थः, तच्च स्वसमयपरिशीलनमित्युच्यते, पर्यायनिरतानां परसमयाक्रान्तत्वात्। तदुक्तं—

---

નહિતર તો દેશકાલવ્યવહિત ચીજો પણ કોઈને કોઈ પરંપરા સંબંધથી કાર્યોઽવ્યવહિત-પૂર્વવર્તી હોવાથી કારણ બની જવાની આપત્તિ આવે–જેમકે કુલાલપિતા પણ સ્વજન્ય કુલાલપ્રયુક્ત વ્યાપારરૂપ સંબંધથી ઘટનો અવ્યવહિતપૂર્વવર્તી હોય છે. ॥૧૪૭॥

આ બાબતમાં બીજા કેટલાકનો મત કહે છે–

### [સિદ્ધોને સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર હાજર–અન્યમત]

**ગાથાર્થ** :–કેટલાકો કહે છે કે સાધુઓનું સ્વભાવમાં સમવસ્થાન જ ચારિત્ર છે. આવો સ્વભાવ જેઓએ પ્રાપ્ત કર્યો છે તેવા સિદ્ધોને શાશ્વત ચારિત્ર હોય જ છે.

કેટલાક આચાર્યો કહે છે કે ત્રણ ઉપયોગ માનવા પડે વગેરે સિદ્ધાન્તમાં કહેલા દોષો લાગતા હોવાથી ચારિત્રને શુદ્ધોપયોગરૂપ માની શકાતું નથી. યોગસ્થૈર્યરૂપ પણ માની શકાતું નથી કારણ કે અયોગી કેવળીઓને યોગ જ ન હોવાથી યોગસ્થૈર્ય પણ ન હોવાના કારણે ચારિત્રાભાવ થવાની આપત્તિ આવે. યોગથી ઉપલક્ષિત થતાં વીર્ય-સ્થૈર્યને પણ ચારિત્ર માની શકાતું નથી કારણ કે ચારિત્ર સ્વસંવેદનથી સ્વતંત્ર હોવા-રૂપે જ ભાસતું હોવાથી ક્રિયારૂપે ભાસતું નથી. કિન્તુ સ્વભાવસમવસ્થાન જ ચારિત્ર છે અને તે સ્વભાવ કષાયરહિત દશામાં માધ્યસ્થ્યપરિણતિરૂપ છે તેમજ કષાયના કણિયાઓની હાજરીમાં વિરતિ વગેરે રૂપ છે વળી આ સ્વભાવો સ્વાનુભવસિદ્ધ જ હોય છે, તેમજ માધ્યસ્થ્યપરિણતિરૂપસ્વભાવ પ્રત્યે કષાયો વિરોધી છે અને વિરત્યાદિરૂપ સ્વભાવ પ્રત્યે યોગદુષ્પ્રણિધાનાદિ વિરોધી છે. વળી જુદો જુદો પણ આ સ્વભાવ સર્વ-સાવદ્યવ્યાપારના ત્યાગથી અભિવ્યક્ત થતા સ્વતંત્ર અનુગત ધર્મરૂપ જ છે. તેના પ્રત્યે કષાયાદિનું પ્રતિબંધકત્વ આગમના બલે સમજી શકાય તેમ છે.

### [ચારિત્રનાશ માનવામાં આત્મનાશની આપત્તિ]

**ક્રમશઃ** વિશુદ્ધ વિશુદ્ધતર થતો આ સ્વભાવ મોહક્ષયથી ઉપશ્લિષ્ટ થએ છતે યથાખ્યાત ચારિત્ર કહેવાય છે અને શૈલેશી અવસ્થામાં અત્યંત વિશુદ્ધ થતો એ જ સ્વભાવ મોક્ષાત્મક ફળવાળો બને છે. મોક્ષાવસ્થામાં પણ એ સ્વભાવનો વિલય થતો નથી કારણ કે

"[1]जे पज्जएसु निरदा जीवा परसमयगित्ति निद्दिट्ठा ।

आदसहावंमि ठिया ते सगसमया मुणेयव्वा [प्रव०स०२/२] त्ति ॥ तथा च यथा यथाऽऽत्ममात्रापेक्षिणी क्रिया तथा तथा चारित्रविशुद्धिरिति, सर्वथा लब्धाऽऽत्मलाभानां स्वान्तर्भावेनैव कर्त्रादिषट्कारकीभावकर्म्मीरितं सिद्धानां समवस्थानरूपं चारित्रमप्रत्यूहमित्याहुः ॥१४८॥ अत्रोच्यते—

**चरणरिउणो न जोगा अत्थसमाएण सव्वसंवरणं ।**
**सिद्धे तंमि सहावे समवट्ठाणं ति सिद्धंतो ॥१४९॥**

(चरणरिपवो न योगा अर्थसमाजेन सर्वसंवरणम् । सिद्धे तस्मिन् स्वभावे समवस्थानमिति सिद्धान्तः ॥१४९॥

જો સ્વભાવનો નાશ માનીએ તો સ્વભાવવાન્ એવા આત્માનો પણ નાશ થવાની આપત્તિ આવે. "પાકમાં મૂકેલા ઘડાના શ્યામત્વ–સ્વભાવનો નાશ થવા છતાં ઘડાનો નાશ થતો ન હોવાથી સ્વભાવ નાશમાં સ્વભાવવાન્‌નો અવશ્ય નાશ થાય એવો નિયમ નથી" એવું પણ કહેવું નહિ, કારણ કે ઘટત્વ સ્વભાવ નષ્ટ થએ છતે ઘટ ક્યારેય ઉપલબ્ધ થતો ન હોવાથી અસાધારણ સ્વભાવના નાશમાં સ્વભાવવાન્‌નો નાશ તો અવશ્ય માનવો જ પડે છે. ચારિત્ર પણ જીવનો ગુણ હોવાથી જ્ઞાનાદિની જેમ અસાધારણ સ્વભાવ છે તેથી એના નાશમાં જીવનો જ નાશ થઈ જવાની આપત્તિ આવતી હોવાથી સિદ્ધોને પણ તેનો નાશ માની શકાય નહિ. તેથી સ્વભાવસમવસ્થાન રૂપ ચારિત્ર સિદ્ધાવસ્થામાં પણ અબાધિત જ છે. વળી બીજાઓ સ્વભાવસમવસ્થાનનો અર્થ એવો કરે છે કે આત્મદ્રવ્યમાત્રમાં નિરત રહેવું...આને સ્વસમયપરિશીલન કહેવાય છે. પર્યાયો પોતાનાથી ભિન્ન હોવાના કારણે 'પર' હોવાથી એમાં નિરતજીવો પરસમયાક્રાન્ત કહેવાય છે. કહ્યું છે કે "પર્યાયોમાં નિરતજીવો 'પરસમય' કહેવાય છે જ્યારે આત્મસ્વભાવમાં સ્થિત જીવો 'સ્વસમય' જાણવા". તેથી જેમ જેમ આત્મમાત્રસાપેક્ષ ક્રિયા પ્રવર્તે છે તેમ તેમ ચારિત્રવિશુદ્ધિ થાય છે. જેઓએ આત્મસ્વભાવ સર્વથા પ્રાપ્ત કર્યો છે તેવા સિદ્ધોને પોતાનામાં સ્વભાવમાં અંતર્ભૂત થઈ રહેનાર કર્તા વગેરે છ કારક ભાવોથી શબલ એવું સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર અબાધિત રીતે હોય છે. ॥૧૪૮॥ કેટલાક આચાર્યોના આ મતનો જવાબ આપતાં ગ્રન્થકાર કહે છે–

## [યોગો ચારિત્રના પ્રતિપંથી નથી]

**ગાથાર્થ**:–યોગો ચારિત્રના વિરોધી નથી, તેમજ સર્વસંવર તો અર્થસમાજ=સ્વ-કારણસામગ્રીથી જ પ્રવર્તે છે. વળી સિદ્ધોને સ્વભાવસમવસ્થાન રૂપ ચારિત્ર કહેવું પણ યુક્ત નથી. કારણ કે 'ચારિત્ર' સિદ્ધના સ્વભાવ તરીકે સિદ્ધ થાય તો તેમાં સમવસ્થાન રૂપ ચારિત્રની હાજરી સિદ્ધ થાય.

ચારિત્રના પ્રતિપંથી એવા ચારિત્રમોહના સહચારી હોવાથી યોગો ચારિત્રપ્રતિ-પંથી છે અને તેથી યોગનિરોધથી પરમચારિત્ર ઉત્પન્ન થાય છે એવું કહેવું યુક્ત નથી

१. ये पर्यायेषु निरता जीवाः परसमयका इति निर्दिष्टाः । आत्मस्वभावे स्थितास्ते स्वकसमया ज्ञातव्याः ॥

न खलु चरणप्रतिपन्थिचारित्रमोहसहचारिण इति योगास्तत्प्रतिपन्थिनो येन तन्निरोधेन परमचारित्रोत्पत्तिर्वक्तुं शक्येत, अन्यथा दर्शनादिप्रतिपन्थिदर्शनमोहादिसहचारित्वेन दर्शनादावपि तेषां प्रतिबन्धकत्वात् तन्निरोधेन परमदर्शनाद्युत्पत्तिमपि वक्तुं खलस्य रसनोच्छृंखलायेत । ननु तर्हि शैलेश्यवस्थायां सर्वसंवरः कः? न खलु तदानीन्तनं चारित्रं प्राक्तनचारित्रादतिरिच्यत इति चेत्? उच्यते, तदेव यथाख्यातचारित्रं प्रतिसमयमनेककर्म निर्जरयत् चरमनिर्जराकारणतामापन्नं सर्वसंवर इत्युच्यते इति किमनुपपन्नम्? न चैवं ज्ञानमपि सर्वसंवरः स्यात्, तस्य प्रकाशव्यापार एव विश्रामात्, कर्मापनयनस्य चारित्रव्यापारत्वात् ।

---

કારણ કે એમ સાહચર્યમાત્રથી પ્રતિપંથિત્વ આવી જતું હોય તો તો યોગમાં દર્શનાદિ પ્રતિબન્ધકત્વ પણ આવી જાય, કારણ કે તેઓમાં દર્શનાદિના પ્રતિબંધક એવા દર્શનમોહનું સાહચર્ય છે જ...પછી યોગના નિરોધથી પરમદર્શનની ઉત્પત્તિની ઉદ્ઘોષણા કરવા માટે દુર્જનની જીભ છૂટી થઈ જશે.

**શંકા** :–યોગનિરોધથી થએલા અને શૈલેશી અવસ્થામાં પ્રવર્ત્તતા પરિણામને જ જો આ રીતે સર્વસંવરરૂપ પરમચારિત્ર ન કહેશો તો કોને કહેશો? ચારિત્રમોહક્ષયથી થએલ પરિણામને તો સર્વસંવર કહી શકશો નહિ, કારણ કે એ તો જેવો સયોગી અવસ્થામાં હતો એવો જ અવસ્થિત હોવાથી તત્કાલીન ચારિત્રમાં પ્રાચીનચારિત્ર કરતાં કોઈ વિશેષતા તો છે જ નહિ.

**સમાધાન** :–મોહક્ષયથી થએલ તે જ યથાખ્યાત ચારિત્ર સમયે સમયે અનેક કર્મોની નિર્જરા કરતું થકું ચરમનિર્જરાનું કારણ બને ત્યારે સર્વસંવર કહેવાય છે, તેથી કોઈ અસંગતિ રહેતી નથી.

**શંકા** :–આ રીતે તો જ્ઞાનાવરણના ક્ષયથી થએલ કેવલજ્ઞાન પણ સમયે સમયે અનેક કર્મને નિર્જરતું થકું ચરમ સમયે સર્વકર્મનિર્જરાનું કારણ બને છે એવું પણ કલ્પી શકાતું હોવાથી એને જ સર્વસંવર શા માટે ન કહેવાય?

**સમાધાન** :–કર્મ દૂર કરવા એ ચારિત્રનો જ વ્યાપાર છે. જ્ઞાન તો પ્રકાશ કરીને જ ચરિતાર્થ થઈ જતું હોવાથી કર્મનિર્જરાનો વ્યાપાર કરતું ન હોવાના કારણે સર્વસંવર શી રીતે કહેવાય?

**શંકા**:–છતાં આ રીતે ચારિત્રમોહક્ષયજન્યપરિણામને સર્વસંવર કહેવામાં તો અમારું ઇષ્ટ જ સિદ્ધ થાય છે કારણ કે તે પરિણામ ક્ષાયિક હોવાથી નિત્ય હોવાના કારણે સિદ્ધાવસ્થામાં પણ અવિનષ્ટ જ રહે છે.

**[ મોહક્ષયજન્ય સર્વસંવરપરિણામ મોક્ષમાં ન હોય ]**

**સમાધાન**:–ચારિત્રમોહક્ષયજનિત એવો પણ આ પરિણામ વીર્યવિશેષરૂપ હોવાથી સિદ્ધાવસ્થામાં હોતો નથી અન્વય–વ્યતિરેકથી વીર્યસામાન્ય પ્રત્યે યોગ હેતુ તરીકે ગૃહીત થયા હોવાથી વીર્યવિશેષ પ્રત્યે પણ તે હેતુભૂત છે જ...સિદ્ધોને યોગો જ વિલીન થઈ ગયા હોવાથી વીર્યવિશેષરૂપ તે યથાખ્યાતચારિત્રાત્મક પરિણામ પણ શી રીતે હોઈ શકે?

नन्वेवं सिद्धं नः समीहितं, चारित्रमोहक्षयजनितस्यास्य नित्यत्वात् इति चेत् ? न, तादृशस्याप्यस्य वीर्यविशेषरूपत्वाद्, वीर्यसामान्यं प्रत्येव चान्वयव्यतिरेकाभ्यां योगानां हेतुत्वात्, तद्विलये तद्विलयात्। न चैवं भगवतां शारीरबलचयापचयवच्चारित्रस्यापि तत्प्रसङ्गः, नामकर्मजन्यस्य शारीरबलस्य तथात्वेऽपि वीर्यस्याऽतथात्वात्। अत एवोक्तं "अनन्तवीर्यत्वे सत्यपि भगवतां शारीरबलापचयः" इति। नन्वेवं शारीरे बले योगानां हेतुताऽस्तु, न तु वीर्ये, इति वीर्यविशेषरूपं चारित्रं न योगजन्यं इति चेत् ? न, सामान्यतो हेतुताग्राहकस्य प्रमाणस्य बलवत्त्वात्। अस्तु वा तथा, तथाप्यौदयिकादिभाववत् क्षायिकस्यापि तस्य चरमभा(?भ)वनाशकसामग्र्यैव नाशः, किमत्र कुर्मो यत्र बलवानागमः।

---

શંકાઃ–પણ ચારિત્રને આ રીતે યોગના અન્વયવ્યતિરેકને અનુસરનારું માનવામાં શારીરિક બળના ચયાપચયની જેમ ચારિત્રના પણ ચયાપચય માનવા પડશે.

**સમાધાનઃ**–શારીરિક બળ તો નામકર્મજન્ય હોવાથી નામકર્મના ઉદયમાં થતા ફેરફારના કારણે કેવળીઓને શારીરિક બળના ચયાપચય થાય છે, પણ વીર્યવિશેષરૂપ ચારિત્ર તેવું ન હોવાથી નામકર્મોદયના ફેરફાર તેના ચયાપચય કરી શકતા નથી. તેથી જ=શારીરિક બળ નામકર્મોદયજન્ય હોવાથી જ કેવળી ભગવાન્ અનંતવીર્યવાળા હોવા છતાં તેઓના શારીરિકબળના ચયાપચય હોય છે.

શંકાઃ–શારીરિક બળના જ ચયાપચય થતા હોવાથી તેની પ્રત્યે જ યોગોને હેતુરૂપ માનો, વીર્ય પ્રત્યે નહિ અને તેથી વીર્યવિશેષરૂપ ચારિત્ર યોગજન્ય ન રહેવાથી યોગપરિણામાત્મક કહી શકાશે નહિ.

**સમાધાન** :–જેમ રક્તમૃત્પિંડમાંથી રક્તઘટ ઉત્પન્ન થવા છતાં, 'રક્તઘટ પ્રત્યે રક્તમૃત્પિંડ કારણ છે' એવા વિશેષ કાર્યકારણ ભાવના ગ્રાહકપ્રમાણ કરતાં 'ઘટ પ્રત્યે મૃત્પિંડ કારણ છે' એવા સામાન્ય કાર્યકારણ ભાવનું ગ્રાહકપ્રમાણ બળવાન્ હોવાથી સામાન્ય કાર્યકારણભાવ જ ગૃહીત થાય છે તેમ યોગોને શારીરિકબળ રૂપ વીર્યવિશેષ પ્રત્યે કારણ તરીકે ગ્રહણ કરાવનારા પ્રમાણ કરતાં વીર્યસામાન્ય પ્રત્યે કારણ તરીકે ગ્રહણ કરાવતું પ્રમાણ બળવાન્ હોવાથી વીર્યસામાન્ય પ્રત્યેજ તેની કારણતા ગૃહીત થાય છે... અથવા ભલે શારીરિકબળ પ્રત્યે જ યોગોને કારણ માનો તો પણ જેમ ઔદયિકાદિ ભાવોનો ચરમભવનાશક સામગ્રીથી નાશ થાય છે તેમ ક્ષાયિક એવા પણ ચારિત્રનો ચરમભવનીનાશક સામગ્રીથી જ નાશ થઇ જતો હોવાથી સિદ્ધાવસ્થામાં તો એ હોતું જ નથી. "ક્ષાયિક ભાવનો નાશ શી રીતે થાય? અને થતો હોય તો કેવલજ્ઞાનાદિનો પણ કેમ ન થાય?" એવી કુશંકા કરવી નહિ કારણ કે આ બાબતમાં આવું જ જણાવનાર બળવાન્ આગમવચન મળતું હોવાથી આપણે બીજું શું કહી શકીએ? અર્થાત આપણી કોઈ દલીલ વગેરે એની આગળ ટકી શકતા નથી.

नन्वेवं सयोगिकेवलिनां ज्ञानदर्शनचारित्ररूपरत्नत्रयसाम्राज्यात्तदानीमेव मुक्त्यवाप्तिप्रसङ्ग इति चेत् ? न, चरमसमयोपलक्षितज्ञानक्रिययोरेव मुक्तिहेतुत्वाद्, अनन्यगत्या तथाहेतुत्वकल्पनात् । अथवाऽन्तक्रियाद्वारा चारित्रस्य हेतुत्वं, साक्षात् (?न साक्षात्), दण्डस्येव घटादौ स्वजन्यभ्रमिद्वारा, तस्याश्च तदानीमभावान्न दोषः । न चैवं चारित्रस्य चरमकारणत्वं न स्यात्, इष्टत्वात्, "[1]सवणे नाणे य..." (प्रज्ञप्तौ संग्रहणिगाथा) इत्यादिना व्यापारव्यापारिभावेनैव हेतुहेतुमद्भावोपदर्शनात् परमचारित्रत्वेनैव मोक्षहेतुता, पारम्यं च न वैजात्यं किं तु वैधर्म्यम् । स च धर्मोऽन्तक्रियादिरूपश्चारित्रस्यैवोपाधिरिति तदेवासौ विशेषयति न तु ज्ञानादिकमिति नातिप्रसङ्गः । अत एवोपाध्युपाधिमतोरभेदविवक्षयाऽन्तेक्रियापि चारित्रमित्युच्यते । एवं च योगजन्यत्वादिकं विशुद्ध्यादिकं चोपाध्यंशमादाय पर्यवस्यतीति तत्र तत्र विवक्षावशेन वैचित्र्योक्तिरपि नासङ्गतिमतीत्यपि युक्तमुत्पश्यामः ।

**શંકા** :–છતાં આ રીતે મોહક્ષયજન્ય યથાખ્યાતચારિત્ર જ સર્વસંવરરૂપ બની જ્ઞાન–દર્શન–ચારિત્રાત્મક સામગ્રીનું ઘટક બનવા દ્વારા મોક્ષોત્પાદક બનતું હોય તો તો સયોગીકેવળીઓને જ મોક્ષપ્રાપ્તિ થઈ જવાની આપત્તિ આવશે.

### [સયોગીપણામાં મોક્ષપ્રાપ્તિની આપત્તિ નથી]

**સમાધાન** :–ચરમસમયોપલક્ષિત જ્ઞાન–ક્રિયા જ મોક્ષહેતુભૂત હોવાથી એ પૂર્વે સયોગી અવસ્થામાં જ મોક્ષપ્રાપ્તિ થઈ જવાની આપત્તિ આવતી નથી. એ પૂર્વે મોક્ષોત્પત્તિ થતી ન હોવાથી એ વખતના જ્ઞાન–ક્રિયાને હેતુભૂત માની શકાતાં નથી. તેથી બીજો કોઇ ઉપાય ન રહેવાથી ચરમસમયોપલક્ષિત જ્ઞાનક્રિયાને જ હેતુ માનવા પડે છે. અથવા જેમ દંડ ઘટ પ્રત્યે સાક્ષાત્ હેતુ નથી કિન્તુ સ્વજન્યભ્રમિદ્વારા જ છે તેમ ચારિત્ર પણ મોક્ષ પ્રત્યે સાક્ષાત્ હેતુ નથી કિન્તુ અંતક્રિયા દ્વારા જ છે. સયોગી અવસ્થામાં એ અંતક્રિયાનો અભાવ હોવાથી ચારિત્ર હાજર હોવા છતાં મોક્ષોત્પત્તિ થતી નથી.

**શંકા**:– આમ માનવામાં તો ચારિત્રને ચરમકારણ માની શકાશે નહિ.

### [ચારિત્ર અંગેના વિવિધ કથનો અસંગત નથી]

**સમાધાન** :–એ અમને ઈષ્ટ જ છે. 'સવણે નાણે...' ઈત્યાદિ ગાથાથી શ્રવણ–જ્ઞાનાદિનો વ્યાપાર–વ્યાપારી ભાવથી જ હેતુ–હેતુમદ્ભાવ દેખાડયો હોવાથી ચારિત્રથી પરમચારિત્રરૂપ વ્યાપાર અને તેનાથી મોક્ષોત્પત્તિ હોવી અમને ઈષ્ટ જ છે. વળી એ ચારિત્રમાં પારમ્ય=પરમત્વ પણ કોઈ પૃથગ્ જાતિ રૂપ નથી કિન્તુ વૈધર્મ્ય=ભિન્નધર્મરૂપ છે. અંતક્રિયાદિરૂપ એ ધર્મ ચારિત્રની જ ઉપાધિભૂત હોવાથી ચારિત્રને જ વિશેષિત કરે છે, જ્ઞાનાદિને નહિ. તેથી પારમ્યથી વિશેષિત થઈ જવા દ્વારા જ્ઞાનાદિથી જ

१. सवणे नाणे य विन्नाणे, पच्चक्खाणे अ संजमे । अणण्हए तवे चेव वोदाणे अकिरिआ सिद्धी ॥
श्रवणे ज्ञाने च विज्ञाने प्रत्याख्याने च संयमे । अनाश्रवे तपसि चैव व्यवदानेऽक्रिया सिद्धिः ॥

यदप्युक्तं "परमस्थैर्यरूपं चारित्रं चाञ्चल्यकारिणो योगा निरुन्ध्युः" इति तदप्ययुक्तं, न खल्वात्मप्रदेशानामेकरूपेणैकत्रावस्थानरूपं स्थैर्यं चारित्रमभिधीयते येन तद्योगा निरुन्ध्युः, यद्बलात्कार्मणशरीरोपतप्तस्य जीवस्य प्रदेशास्तीव्रदहनक्वथ्यमानक्षीरनीरप्रदेशा इव सर्वतः परिभ्रमेयुः, अपि तु अविरतिरूपाऽस्थैर्यप्रतिपन्थिनमात्मनः स्थैर्यपरिणाममेव चारित्रमाचक्ष्महे । न च तद्योगा निरुन्ध्युरपि तु मोह एव । कथं तर्हि योगानां स्थिरभावश्चारित्रं ? उच्यते– अन्तर्भावितैकदेशनिवृत्तिलक्षणे सम्यक्प्रवृत्तिरूपे तत्र सुप्रणिहितानां तेषामप्रमादपर्यवसन्नत्वेनोपकारित्वात् । अथवा योऽयं स्थिरभावो मिथ्यात्वाऽविरतिकषायान्मूलतो निर्मूलयति स ताव- द्योगानपि बन्धहेतून् मूलतो निर्मूलयति, तमशक्नुवन् तेषां स्थिरीकरणव्यापारेण तेषां स्थिरीभाव इत्युच्यते । एतेन योगपरिणामरूपत्वे चारित्रस्य स्वरूपतो निराश्रवत्वं न स्यादिति परास्तं, योगस्याऽतथात्वेऽपि तत्परिणामरूपस्य तस्या(?स्य)तथात्वात्, न खलु परिणामिनि काञ्चने विद्यमानमकुण्डलत्वं तत्परिणामरूपे कुण्डलेऽप्यनुवर्त्तत इति ।

---

મોક્ષોત્પત્તિ થઈ જવાનો અતિપ્રસંગ આવતો નથી. વળી તેથી જ ઉપાધિ–ઉપાધિમાન્‌ની અભેદવિવક્ષાથી 'અંતેક્રિયા' પણ ચારિત્ર કહેવાય છે. આ જ રીતે ભિન્ન ભિન્ન ઉપાધિ અંશને આશ્રીને યોગજન્યત્વાદિ અને વિશુદ્ધિ વગેરે ચારિત્રમાં જ પર્યવસિત થતાં હોવાથી જુદી જુદી વિવક્ષાથી થએલા 'યોગજન્ય ચારિત્ર મોક્ષોત્પાદક છે' વગેરે રૂપ ભિન્ન ભિન્ન કથનો પણ અસંગત રહેતાં નથી એવું માનવું પણ અમને યુક્ત લાગે છે.

**[યોગો પરમસ્થૈર્યરૂપ ચારિત્રના અવિરોધી]**

વળી 'પરમસ્થૈર્યરૂપ ચારિત્રને ચંચળતા આપાદક યોગો રુંધે છે' એવું જે કહ્યું છે તે પણ અયુક્ત છે. કારણ કે આત્મપ્રદેશોના એક સ્વરૂપે એકત્ર રહેવાપણા રૂપ સ્થૈર્યને અમે ચારિત્ર કહેતા નથી કે જેથી–જેઓના કારણે કાર્મણશરીરથી ઉપતપ્તજીવના પ્રદેશો ઉકળતા પાણીના બિંદુઓની જેમ ચારે તરફ ભમે છે તેવા–યોગોથી ચારિત્ર રુંધાએલું બને, કિન્તુ અવિરતિરૂપ અસ્થૈર્યના વિરોધી એવા આત્માના સ્થૈર્ય પરિણામને જ ચારિત્ર કહીએ છીએ. તેને કંઈ યોગો રુંધતા નથી, કિન્તુ મોહ જ રુંધે છે.

**શંકા** :–તો પછી યોગોના સ્થિરભાવને ચારિત્ર શી રીતે કહેવાશે ?

**સમાધાન** :–એકદેશનિવૃત્તિ જેમાં અંતર્ભૂત છે એવા સમ્યક્પ્રવૃત્તિ સ્વરૂપ ચારિત્રમાં સુપ્રણિહિત બનેલા યોગો અપ્રમાદરૂપ બન્યા હોઈ ઉપકારી બને છે. તે કારણથી યોગનાસ્થિરભાવને ચારિત્ર કહેવાય છે. અથવા જે આ સ્થિરભાવ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયોને નિર્મૂળ કરી નાખે છે તે બંધહેતુભૂત યોગોનું પણ ઉન્મૂલન કરે જ છે. પણ જ્યાં સુધી યોગોનું ઉન્મૂલન કરવાનું સામર્થ્ય તેમાં પ્રકટ થયું હોતું નથી ત્યાં સુધી યોગોને સ્થિર કરવાનો વ્યાપાર કરતો હોવાથી 'યોગોનો સ્થિરભાવ' કહેવાય છે. આમ હોવાથી જ 'ચારિત્ર યોગપરિણામરૂપ હોવામાં સ્વરૂપથી નિરાશ્રવ નહિ રહે' એ વાત નિરસ્ત જાણવી; વળી યોગ નિરાશ્રવ ન હોવા છતાં તેના પરિણામરૂપ ચારિત્ર નિરાશ્રવ હોઈ શકે છે. પરિણામી સોનામાં રહેલું અકુંડલત્વ કાંઈ તેના પરિણામભૂત

यदपि 'स्वभावे समवस्थानं चारित्रं तच्च सिद्धानां युक्तमि'ति केषांचिन्मतं तदयुक्तं यतः स्वभावभूतस्य चारित्रस्य सिद्धौ तत्र समवस्थानमात्मनः सिद्धयेत्, तत्सिद्धौ च तत्सिद्धिरित्यन्योन्याश्रयात्। अन्यथा ज्ञानदर्शनचारित्रस्वभावे समवस्थितस्याऽविरतसम्यग्दृष्टेश्चारित्रप्रसङ्गात्। अथ सर्वसावद्यत्यागपरिणामाभिव्यङ्ग्यः स्वभावविशेषश्चारित्रमिति चेत्? तर्ह्यसौ स्वभावविशेषः स्थिरभावो वेति नाम्न्येव नो विवादो नत्वर्थे, केवलं स स्वभावः सिद्धिगतावनुवर्त्तते न तु स्थिरभाव इत्यवशिष्यते, तत्र चास्माकं सिद्धान्तोऽवलम्बनं न तु भवतामिति निरालम्बने वस्तुनि कः कदाग्रहः? यच्चात्ममात्रापेक्षिणी क्रिया चारित्रमिति मतं, तदपि न, आत्मातिरिक्तहेत्वनपेक्षक्रियाया आत्मान्तर्भावितहेतुसमाजाधीनक्रियाया वा तदर्थत्वेऽविरतस्य क्षायिकसम्यग्दृष्टेश्चारित्रप्रसङ्गात्, अन्यादृशविवक्षायामुक्तपर्यवसानादिति दिग् ॥१४९॥

---

કુંડલમાં હોતું નથી. અર્થાત્ યોગમાં રહેલ અનિશ્રવત્વ તેના પરિણામભૂત ચારિત્રમાં ન હોય તો કોઈ દોષ નથી.

**[ચારિત્રને સ્વભાવસમવસ્થાન રૂપ માનવામાં અન્યોન્યાશ્રય]**

ચારિત્ર એ સ્વભાવમાં સમવસ્થાનરૂપ છે અને તે સિદ્ધોને પણ હોવું યુક્ત જ છે' એવો કેટલાકોનો મત છે તે પણ અન્યોન્યાશ્રયદોષ આવતો હોવાથી અયુક્ત જાણવો, કારણ કે ત્યાં સ્વભાવભૂત ચારિત્ર હોય છે એવું સિદ્ધ થાય તો એમાં સમવસ્થાન હોવું સિદ્ધ થાય અને એ સમવસ્થાન સિદ્ધ થાય તો ચારિત્ર હોવું સિદ્ધ થાય. ચારિત્રાત્મક સ્વભાવવિશેષની હાજરીની સિદ્ધિ વિના પણ સ્વભાવમાં સમવસ્થાન હોવું માનવામાં તો જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વભાવમાં સમવસ્થિત અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ ચારિત્ર માનવાની આપત્તિ આવશે.

**શંકા** :–સર્વસાવદ્યત્યાગપરિણામથી અભિવ્યક્ત થતો સ્વભાવવિશેષ જ ચારિત્ર છે જે સિદ્ધાવસ્થામાં પણ હોઇ શકે છે.

**સમાધાન** :–તમે એ પરિણામને 'સ્વભાવવિશેષ' કહો છો અમે 'સ્થિરભાવ' કહીએ છીએ. તેથી નામમાત્રમાં જ વિવાદ રહે છે, અર્થમાં નહિ. અર્થાત્ ચારિત્ર પદાર્થ તો બંનેના અભિપ્રાયથી એક જ છે. કેવલ એટલી વિશેષતા છે કે તમારા કહેવા મુજબ એ સ્વભાવવિશેષ હોઇ સિદ્ધાવસ્થામાં પણ જીવની સાથે જાય છે જ્યારે ચરિત્ર તરીકે અમને સંમત એવો સ્થિરભાવ સિદ્ધાવસ્થામાં સાથે જતો નથી. આટલા અંશના વિવાદમાં પણ અમારે તો સિદ્ધાન્તનું આલંબન=પીઠબળ છે, તમારે તે નથી, અર્થાત્ તમારા અભિપ્રાયનું સમર્થન કરનાર આગમવચનો મળતા નથી, તેથી તમારા નિરાલંબન અભિપ્રાયમાં શું કદાગ્રહ રાખવો?

વળી 'આત્મમાત્ર સાપેક્ષ ક્રિયા ચારિત્ર છે' એવો મત પણ યુક્ત નથી, કારણ કે અહીં આત્મમાત્ર સાપેક્ષ ક્રિયા એટલે આત્મભિન્ન કોઈ હેતુની જેને અપેક્ષા નથી એવી ક્રિયા કે જે હેતુઓ આત્મામાં જ અંતર્ભૂત થઈ જતા હોય એવા હેતુઓના સમૂહને આધીન એવી ક્રિયા, એ બેમાંથી એકપણ હોય તો તો અવિરતક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને

यत्तु मोक्षोत्पत्तिसमयनश्वरस्य चारित्रस्य मोक्षं प्रति नैश्चयिकी कारणता न स्यादित्युक्तं तद्विपरीतमेवेति प्रदिदर्शयिषुराह—

**उज्जुसुयणयमएणं सेलेसीचरमसमयभावित्ति ।**
**अंतसमओ चिय जओ हेऊ हेउस्स कज्जंमि ॥१५०॥**

(ऋजुसूत्रनयमतेन शैलेशीचरमसमयभावीति । अन्तसमय एव यतो हेतुर्हेतोः कार्ये ॥१५०॥)

यत्तावदुक्तं "[1]सो उभयक्खयहेऊ सेलेसीचरमसमयभावी जो" इत्यादिवचनात् शैलेश्यवस्थाचरमसमयोत्पदिष्णुर्मोक्षहेतुरक्षयश्चारित्राख्यो धर्मः सिद्ध्यतीति, तत्र एतद्वचनस्य ऋजुसूत्रनयानुरोधित्वात्तेन च कारणान्त्यसमयस्यैवकार्यजनकत्वस्वीकाराद् अवस्थितचारित्रस्यैव चरमक्षणक्रोडीकृतात्मनो मोक्षहेतुत्वप्रतिपादनात् । अयं हि उत्तरकालावस्थायिनोऽतादृशस्य वा हेतोश्चरमक्षणमेव कार्यक्षममाद्रियते, न तु तस्योत्तरकालावस्थितिमप्यपेक्षत इति नावस्थितचारित्रस्याप्यक्षयत्वसिद्धिः, तस्य च क्षणस्य क्षणसन्तानाद्भेदविवक्षायां "सेसो पुण" इत्यादौ ततः प्राक्तनचारित्रस्य भेदप्रतिपादनेऽपि न दोषः ।

---

પણ સમ્યક્ત્વ એવું જ હોવાથી ચારિત્ર હોવાની આપત્તિ આવે–આ સિવાયની કોઈ પણ વિવક્ષા કરવામાં ઉપર કહી ગયા તે જ વાતો પર્યવસિત થાય છે. તેથી આવી ક્રિયારૂપ ચારિત્ર પણ સિદ્ધોને હોવું સિદ્ધ થતું નથી. ॥૧૪૯॥

મોક્ષોત્પત્તિ સમયે ચારિત્ર જો નાશ પામી જતું હોય તો તો એ મોક્ષપ્રત્યે નિશ્ચયનયના હિસાબે કારણ જ બનશે નહિ' એવું જે કહ્યું તે તો સાવ વિપરીત જ છે એવું જ જણાવતો સૈદ્ધાંતિક કહે છે–

**[ ચરમ સમયભાવી ચારિત્રની હેતુતા ઋજુસૂત્રમતે ]**

**ગાથાર્થ** :–ઋજુસૂત્રનયના મતે શૈલેશી ચરમસમયભાવી ચારિત્ર જ મોક્ષહેતુ છે કારણ કે એ મતે હેતુનો અંતસમય જ કાર્ય પ્રત્યે હેતુ છે.

'પુણ્ય–પાપ ઉભયના ક્ષયનો તે હેતુ છે જે શૈલેશીચરમસમયભાવી હોય છે' એવા વચનથી શૈલેશીઅવસ્થાના ચરમસમયે ઉત્પન્ન થતો અને મોક્ષનો હેતુ એવો ચારિત્રનામનો અક્ષયધર્મ સિદ્ધ થાય છે એવું જે કહ્યું છે તેનાથી પણ સિદ્ધાવસ્થામાં ચારિત્ર હોવું સિદ્ધ થતું નથી કારણ કે 'सो उभय...' વચન ઋજુસૂત્ર નયને અનુસરીને છે. એ નય કારણના અંત્યસમયને જ કાર્યજનક માનતો હોવાથી ચરમસમયાક્રાન્ત અવસ્થિતચારિત્રને જ મોક્ષહેતુ તરીકે પ્રતિપાદન કરે છે. વળી એ નય ઉત્તરકાળમાં રહેવાવાળા કે નહિ રહેવાવાળા બન્ને પ્રકારના હેતુની ચરમક્ષણને જ કાર્યક્ષમ માનતો હોઈ ઉત્તરકાળમાં પણ હેતુ રહેવો જ જોઈએ એવી એને અપેક્ષા નથી. તેથી અવસ્થિતચારિત્રના પણ અક્ષયત્વની કે સિદ્ધાવસ્થામાં તેની હાજરીની સિદ્ધિ થતી નથી. વળી તે

---

१. धर्मसंग्रहणी–२६ अस्योत्तरार्धः– सेसो पुण णिच्छयओ तस्सेव पसाहगो भणिओ ॥
स उभयक्षयहेतुः शैलेशीचरमसमयभावी यः । शेषः पुनर्निश्चयतस्तस्यैव प्रसाधको भणितः ॥

कार्योत्पत्तिसमयनश्वरस्य कार्यकालसम्बन्धो न स्यादिति तु रिक्तं वचः, कारणतौपयिकस्य निरुपचरितस्यानन्तरानन्तरिभावसम्बन्धस्याऽप्रत्यूहत्वात्, व्यवहितपूर्ववर्त्तिनां तु व्यवधानादेवानेन कारणताऽनभ्युपगमात्, केवलं व्यावहारिकव्यवधानान्नैश्चयिकं व्यवधानं सूक्ष्ममित्येव विशेषः। इदं च व्यवहारान्तर्भाविनिश्चयाभिप्रायेणोक्तं, शुद्धनिश्चयाभिप्रायेण तु कार्यान्वयव्यतिरेकप्रतियोगिन एव कारणत्वात् कारणान्त्यसमय एव कार्योत्पत्तिः, 'क्रियमाणं कृतमि'ति वचनात्। न च क्रियमाणस्य कृतत्वे कृतकरणाऽसमाप्तिः, द्वितीयादिक्षणेषु क्रियाया एवाभावात्तत्समाप्तेः। न च यादृशव्यापारवतां दण्डादीनां पूर्वं सत्त्वं तादृशानामेव तेषां क्वचिद् घटोत्पत्त्यनन्तरमपि सत्त्वे पुनस्तदुत्पत्तिप्रसङ्गः, स्थूलतत्सत्त्वेऽपि सूक्ष्मक्रियाविगमात्।

---

અન્ત્યક્ષણ ક્ષણસંતાનથી ભિન્ન હોવાની વિવક્ષા રાખીને, તે શ્લોકના 'સેસો પુણ' ઈત્યાદિ ઉત્તરાર્ધમાં તે ચરમ ક્ષણભાવી ચારિત્રથી પ્રાક્તનચારિત્રના ભેદનું પ્રતિપાદન કર્યું છે તેમાં પણ કોઈ દોષ નથી.

[કારણની કાર્યકાળવૃત્તિતા અનાવશ્યક]

'મોક્ષોત્પત્તિ સમયે ચારિત્રનો નાશ માનવામાં તેનો કાર્યકાલસંબંધ ન થવાથી એને કારણ ન કહેવાય' એવું વચન યુક્તિવિકલ જાણવું, કારણ કે કારણતા માટે આવશ્યક નિરુપચરિત અનંતર–અનંતરી ભાવ ( એક પ્રકારનો પૂર્વાપરભાવ ) સંબંધ તો અક્ષત જ છે. અર્થાત્ મોક્ષ ચરમકાલભાવી ચારિત્રની અવ્યવહિત ઉત્તરમાં થતો હોવાથી ચારિત્રને અનન્તર છે જ...વ્યવહિતપૂર્વવર્ત્તી વસ્તુઓમાં તો વ્યવધાનના કારણે અનંતર–અનંતરીભાવ જ ન હોવાથી ઋજુસૂત્રનય ત્યાં કારણતા માનતો નથી. વળી જ્યાં વ્યવહારિક વ્યવધાન દેખાતું ન હોય ત્યાં સૂક્ષ્મ એવું નૈશ્ચયિક વ્યવધાન પણ જો હોય તો તેવો ભાવરૂપ સંબંધ ન હોવાથી જ ઋજુસૂત્રનયમતે કારણતા માનવાની આપત્તિ આવતી નથી એ વિશેષ જાણવું. વળી આ અનંતર–અનંતરી ભાવ સંબંધ પણ વ્યવહારાન્તર્ભાવી નિશ્ચયનયના અભિપ્રાયથી જાણવો.

[કારણાન્ત્યસમયે કાર્યોત્પત્તિ–શુદ્ધનિશ્ચય]

શુદ્ધ નિશ્ચયનયના અભિપ્રાયે તો કાર્યાન્વયવ્યતિરેકપ્રતિયોગી જ કારણરૂપ હોવાથી (અર્થાત્ કાર્ય જેના અન્વયવ્યતિરેકને અનુસરતું હોય તે જ કારણભૂત હોવાથી) કારણના અન્ત્યસમયે જ કાર્યોત્પત્તિ થઈ જાય છે પછીના સમયે નહિ. આ વાત 'क्रियमाणं कृतम्' એ વચનથી જણાય છે "કરાતાંને જ કરાએલું માનવામાં તો કરાયેલાને પણ કર્યા કરવાનું રહેવાથી કયારેય અંત આવશે નહિ" એવું પણ કહેવું નહિ કારણ કે દ્વિતીયાદિ ક્ષણોમાં તો ક્રિયાનો જ અભાવ હોવાથી કાર્યકરણની સમાપ્તિ થઈ જાય છે. વળી દંડ આદિ પૂર્વે જેવા વ્યાપારવાળા હતા તેવા જ ઘટોત્પત્તિ પછી પણ કયારેક રહેતા હોવા છતાં પુનઃ ઘટોત્પત્તિ થવાની આપત્તિ આવતી નથી. કારણ કે સ્થૂલવ્યાપાર હોવા છતાં સૂક્ષ્મક્રિયા રહી હોતી નથી.

न च तथापि दीर्घेऽपि क्रियाकाले घटादिकार्यस्याऽदर्शनान्न क्रियमाणं कृतमिति वाच्यं, चरमसमयमात्रभाविन्याः क्रियाया अदीर्घकालभावित्वेन दीर्घकाले तदनुपलम्भेऽपि दोषाऽभावात् । तर्हि मृन्मर्दनादिकालेऽपि 'घटं करोमि' इत्येव कथमुपलभे ? इति चेत् ? तत्र तावदात्मानमेवोपालभस्व येन घटगताभिलाषोत्कर्षवशात् स्थूलमतिः सन्नन्तरोत्पदिष्णुकार्यकोटिमपलपसि । उक्तं च भाष्यकृता—[वि०आ०भा० ४२३]

[1]पइ समयकज्जकोडीनिरवेक्खो घडगयाहिलासोसि ।
पइसमयकज्जकोडि थूलमई य घडंमिलाएसि ॥ त्ति

न च कृतस्य करणे क्रियावैफल्यं, क्रियां विना कृतत्वस्यैवाभावात्, क्रियाया निष्ठायामुपयोगित्वादिति, अधिकमस्मत्कृतद्रव्यालोकादवसेयम् । इत्थं च शैलेशीचरमसमय एव चारित्राभावे मोक्षोत्पत्तिः, तदानीमुत्पद्यमानस्य तस्योत्पन्नत्वात्, व्यवहारेण सिद्धिगमनाद्यसमये मोक्षोत्पत्त्युपगमेऽपि निश्चयेन शैलेशीचरमसमये तदभ्युपगमात् । अत एव तेन केवलज्ञानस्यापि क्षीणमोहचरमसमय एवोत्पत्तिरभ्युपगम्यते, यदागमः—

**શંકા** : છતાં દીર્ઘક્રિયાકાળમાં એટલે કે કરાતાપણાની અવસ્થાના દીર્ઘકાળમાં પણ ઘટાદિકાર્ય કરાએલ તરીકે દેખાતું ન હોવાથી 'કરાઈ રહેલું તે થઇ ગયું છે' એવું મનાય નહિ.

### [ક્રિયમાણં કૃતમ્‌ની સંગતિ]

**સમાધાન** :—ચરમસમયમાત્રભાવી ક્રિયા અદીર્ઘ (અલ્પ) કાળભાવી હોવાથી (એટલે કે કરાતાપણાની અવસ્થા અલ્પકાલ ભાવી હોવાથી) તે કાળની પૂર્વના દીર્ઘકાળમાં કાર્યનો તેવો ઉપલંભ ન હોવામાં પણ કોઈ દોષ નથી.

**શંકા** :—જો ઘટસંબંધી ક્રિયા માત્ર ચરમકાલભાવી જ હોય તો મૃન્મર્દનાદિ કરતી વખતે 'ઘડો બનાવું છું' એવી પ્રતીતિ કેમ થાય ?

**સમાધાન** :—આવી પ્રતીતિ થવામાં જાતની જ ભૂલ છે, માટે જાતને જ ઠપકો આપવા જેવો છે, કેમકે ઘટના અત્યંત અભિલાષને વશ થઈને જ સ્થૂલમતિવાળા તમે વચમાં ઉત્પન્ન થતી કાર્યોની હારમાળાનો અપલાપ કરી પહેલેથી જ 'હું ઘડો કરું છું' એવું અભિમાન કરો છો. ભાષ્યકારે પણ કહ્યું છે કે "ઘટાભિલાષી હોવાથી સ્થૂલબુદ્ધિવાળો તું સમયે સમયે થતાં કાર્યોની કોટિને નિરપેક્ષ બની એ કાર્યકોટિને ઘટમાં જ મિલાવી દે છે અર્થાત્ તે તે સમયે થતાં કાર્યોની અવગણના કરીને ચરમકાર્યને જ (ઘટને જ) નજરમાં રાખે છે અને તેથી વચમાં થતાં તે તે કાર્યો અંગેની ક્રિયાને પણ ઘટ અંગેની ક્રિયાઓ તરીકે ગણી 'ઘડો કરું છું" એવું અભિમાન રાખે છે"

વળી "કરેલાને જ કરવાનું હોય તો ક્રિયા નિરર્થક થશે કારણ કે ક્રિયા પહેલાં પણ કાર્ય થઇ ગએલું જ હતું" એવું પણ કહેવું નહિ કારણ કે ક્રિયા કાર્યની નિષ્ઠામાં ઉપયોગી

1. प्रतिसमयकार्यकोटिनिरपेक्षो घटगताभिलाषोऽसि । प्रतिसमयकार्यकालं स्थूलमते ! घटे लगयसि ॥

[1]चरमे नाणावरणं पंचविहं दंसणं चउविगप्पं । पंचविहमंतरायं खवइत्ता केवली होइ ॥त्ति [आ०नि० १२६] अत्र च नयव्युत्पत्तये भाष्यमेवानुसरणीयम् ।

नन्वेवमपि उत्पद्यमानमुत्पन्नमितिवद् विगच्छदेव विगतमिति विगच्छतश्चारित्रस्यापि तदानीं विगतत्वात् कथमसता तेन मोक्षोत्पादः ? न च तदानीं तद्विगच्छदेव नेति वाच्यं, कार्मणपरिशाटरूपतद्विनाशकक्रियायास्तदानीं संपन्नत्वेन तस्य विगच्छद्रूपत्वात्, तदुक्तं—[2]तेयाकम्माणं पुण संताणाणादिओ ण संघाओ । भव्वाण होज्ज साडो सेलेसीचरमसमयंमि ॥ त्ति [वि०आ०भा० ३३३९] न च तद्विगममोक्षोत्पादयोरेकस्मिन्नपि समये न विरोधो यथा परभवप्रथमसमये प्राग्देहपरिशाटोत्तरदेहसङ्घातनयोः, यदागमः—

હોવાથી એ વિના કાર્યનું થએલાપણું જ હોતું નથી. આ બાબતની અધિક વિચારણા અમે (=ગ્રન્થકારે) કરેલા **દ્રવ્યાલોક** ગ્રન્થમાંથી જાણી લેવી. આ રીતે ચારિત્રાક્રાન્ત શૈલેશી ચરમસમયે જ મોક્ષની ઉત્પત્તિ થઈ જાય છે કારણ કે તે સમયે ઉત્પદ્યમાન તે ઉત્પન્ન જ છે. વ્યવહારૂપે સિદ્ધિગમનઆદ્યસમયે મોક્ષોત્પત્તિ માની હોવા છતાં નિશ્ચયનયે તો શૈલેશીચરમસમયે જ તે માની છે. તેથી જ નિશ્ચયનય તો કેવલજ્ઞાનની પણ ક્ષીણમોહચરમસમયે જ ઉત્પત્તિ માને છે. આગમમાં કહ્યું છે કે-" ચરમસમયે પાંચ પ્રકારના જ્ઞાનાવરણ, ચાર પ્રકારના દર્શનાવરણ અને પાંચ પ્રકારના અંતરાયનો ક્ષય કરીને કેવલી બને છે" આ અંગે નયવિચારણા માટે ભાષ્યને જ અનુસરવું. તેથી ભાષ્યમાં કહેલ આ વાતો મુજબ બારમા ગુણાઠાણાના ચરમસમયે કેવલોત્પત્તિ માનવી જ જોઈએ.

## [ ક્રિયમાણું કૃતં માનવામાં આપત્તિ-પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષી** :-છતાં જેમ ઉત્પદ્યમાન-ઉત્પન્ન હોય છે તેમ 'નાશ પામતી વસ્તુ નષ્ટ હોય છે' એમ પણ માની શકાય તેમ હોવાથી શૈલેશી ચરમસમયે નાશ પામતું ચારિત્ર નષ્ટ જ હોય છે. તો અસત્ એવા તેનાથી મોક્ષોત્પત્તિ શી રીતે થશે ? 'એ વખતે એ ચારિત્ર વિગચ્છત્=નાશ પામતું હોતું જ નથી' એવું કહેવું નહિ, કારણકે કર્મોના પરિશાટરૂપ તેની વિનાશક ક્રિયા ત્યારે સંપન્ન થઈ ગઈ હોવાથી તે વિગચ્છત્ રૂપવાળું તો હોય જ છે. ભાષ્યકારે કહ્યું છે કે "તૈજસ્ કાર્મણશરીરનો પ્રવાહ અનાદિ હોવાથી સંઘાત હોતો નથી પણ ભવ્યજીવોને શૈલેશીચરમસમયે તેનો પરિશાટ હોય છે."

**શંકા** :-"વિગચ્છત્ વસ્તુ વિગત હોવાથી અને ઉત્પદ્યમાન ઉત્પન્ન હોવાથી પરભવના આદ્યસમયમાં પૂર્વશરીરના મોક્ષ (ત્યાગ) અને ઉત્તરશરીરના ગ્રહણને વિરોધ નથી. અર્થાત્ ત્યાગ અને ગ્રહણ રૂપ બન્ને ક્રિયા એક જ સમયે હોઈ શકે છે" એવા આગમવચનથી જણાય છે કે પરભવ પ્રથમ સમયરૂપ એક જ સમયમાં જેમ પૂર્વદેહનો પરિશાટ અને

१. चरमे ज्ञानावरणं पञ्चविधं दर्शनं चतुर्विकल्पम् । पञ्चविधमन्तरायं क्षपयित्वा केवली भवति ॥

२. तैजसकार्मणयोः पुनः संतानोऽनादिको न संघातः । भव्यानां भवेत् शाटः शैलेशीचरमसमये ॥

[1]जम्हा विगच्छमाणं विगयं उप्पज्जमाणमुप्पन्नं । तो परभवाइसमए मोक्खादाणाण न विरोहो ॥ त्ति [वि०आ०भा० ३३२२] इति वाच्यं, उदासीनयोस्तयोरेकसमयेऽविरोधेऽपि कार्यकारणभावापन्नयोस्तयोरुत्पादनाशयोरेकदा विरोधात् । न च मोक्षोत्पत्त्यनन्तरमेव चारित्रनाशाभ्युपगमान्नदोष इति वाच्यं, "[2]तस्सोदइयाईया" इत्यादिनौदयिकादिभावनाशसमकालमेव क्षायिकभावनाशोपदेशात्, इति चेत् ? उच्यते–विगच्छद्रूपस्यापि तस्य कुर्वद्रूपत्वेन विनाशनिष्ठेन करणनिष्ठाप्यविरुद्धा । न च विरोधः, स्याद्वादाश्रयणात्, तत्त्वं पुनर्गम्भीरस्यार्थस्य विशिष्टश्रुतविदो गम्यमिति ध्येयम् ॥१५०॥

ननु सिद्धौ चारित्राभावे चारित्रावरणकर्मणः पुनर्बन्धप्रसङ्गः, अचारित्रस्य सतो जन्तोस्तद्बन्धकत्वनियमादित्याशङ्कामपनिनीषुराह—

**न य चरणमोहबन्धो सिद्धाणं अचरणाण संताणं ।**
**अविरइपच्चइओ सो अइप्पसंगो हवे इहरा ॥१५१॥**

(न च चरणमोहबन्धः सिद्धानामचरणानां सताम् । अविरतिप्रत्ययिकः सोऽतिप्रसङ्गो भवेदितरथा ॥१५१॥)

---

ઉત્તરદેહનો સંઘાત હોઈ શકે છે. એ જ રીતે શૈલેશી ચરમસમયાત્મક એક સમયમાં ચારિત્રનાશ અને મોક્ષોત્પત્તિ પણ વિરોધ વિના હોઈ શકે છે." આ શંકા ઠીક નથી, કારણ કે પૂર્વશરીર અને ઉત્તરશરીર વચ્ચે તો કાર્યકારણભાવ ન હોવાથી પરસ્પર ઉદાસીન એવા તે બેના નાશ અને ઉત્પાદ અવિરોધપણે એકદા હોઈ શકે છે. પણ કાર્યકારણ ભાવવાળા ચારિત્ર અને મોક્ષના અનુક્રમે નાશ–ઉત્પાદ તો વિરુદ્ધ હોવાથી એકદા હોઈ શકતા જ નથી. "મોક્ષોત્પત્તિ પછી તુર્ત જ ચારિત્ર નાશ માન્યો હોવાથી કોઈ દોષ નથી" એવું પણ માનવું નહિ કારણ કે "તેના ઔદયિકાદિ ભાવો..." ઈત્યાદિ શ્લોક ઔદયિકાદિભાવના નાશ કાળે જ ક્ષાયિકભાવના નાશને જણાવે છે. અર્થાત્ મોક્ષોત્પત્તિ કાલે જ ચારિત્રનાશને જણાવે છે.

**[ વિગચ્છદ્ ચારિત્રમાં કારણતા અબાધિત–ઉત્તરપક્ષ ]**

**ઉત્તરપક્ષ :**–નાશ પામતા એવા પણ ચારિત્રમાં, તેના વિનાશમાં રહેલ કુર્વદ્રૂપત્વના કારણે કરણનિષ્ઠા પણ હોય જ છે. સ્યાદ્વાદનો આશ્રય કર્યો હોવાથી આવી કરણનિષ્ઠા હોવામાં વિરોધ નથી. બાકી ગંભીર અર્થવાળી આ બાબતમાં રહસ્ય તો વિશિષ્ટશ્રુતના જાણકારો જ જાણે એ ધ્યાનમાં રાખવું. ॥૧૫૦॥

**[ ચારિત્રાભાવ ચારિત્રાવરણબંધહેતુ નથી ]**

'ચારિત્ર વિનાના જીવો ચારિત્રાવરણના બંધક હોય છે એવો નિયમ હોવાથી સિદ્ધાવસ્થામાં ચારિત્ર ન હોય તો તો સિદ્ધોને પુનઃ ચારિત્રાવરણ કર્મનો બંધ થવાની આપત્તિ આવશે' એવી શંકાને દૂર કરવાની ઈચ્છાવાળો સૈદ્ધાન્તિક કહે છે–

---

૧. यस्माद् विगच्छद् विगतमुत्पद्यमानमुत्पन्नम् । ततः परभवादिसमये मोक्षाऽऽदानयोर्न विरोधः ॥

૨. तस्सोदइयाईया भव्वत्तं च विणिवत्तए समयं । सम्मत्त नाणदंसणसुह सिद्धताइं मोत्तूणं ॥ [ ]

(तस्यौदयिकादिका भव्यत्वं च विनिवर्त्तते समकम् । सम्यक्त्व-ज्ञान-दर्शन-सुख-सिद्धत्वानि मुक्त्वा ॥)

न खल्वचारित्रत्वेन सिद्धानां चारित्रमोहनीयकर्मबन्धप्रसङ्गः, अविरतिप्रत्ययिकत्वात्तस्य, यत्किञ्चित्कारणमात्रेण तद्बन्धे चारित्रमोहकर्मपुद्गलानां सिद्धावपि संसर्गसत्त्वेन तद्बन्धप्रसङ्गाद्, अविरत्यभावात्तदभावश्चावयोः समानः । एतेन 'सिद्धाश्चारित्रमोहनीयबद्धारः, अचारित्रात्मत्वात्, मिथ्यादृष्टिवद्' इत्यपास्तं, अप्रयोजकत्वात्, हेतोरविरतिप्रयुक्तसाध्यव्याप्त्युपजीवित्वात् । 'अचारित्रमेवाविरतिर्नाधिकेति' चेत् ? न, चारित्रमोहनीयकर्मोदयजन्यत्वेनाऽविरतिपरिणामस्यातिरिक्तत्वात् । 'अचारित्रमेव तज्जन्यमि'ति चेत् ? न, तस्याभावरूपत्वेनाऽजन्यत्वात् । 'मास्तु जन्यत्वं, तथापि तेनाऽविरतिप्रत्ययकर्मबन्धो निर्वाहयिष्यत' इति चेत् ? न, अविरतेः कर्मोदयजन्यत्वेनोपदेशात् । वस्तुतो हिंसादिपरिणामरूपाया अविरतेस्तत्त्यागपरिणामरूपायाश्च विरतेः स्वसंवेदनेनैव वैलक्षण्यं स्फुटतरमीक्षामहे । एतेन 'अविरतेरतिरिक्तत्वे तदभाव एव चारित्रमस्तु, तच्च सिद्धानामप्यबाधितं' इति परास्तं, तयोर्द्वयोः स्वतन्त्रत्वात्, अन्यथैकस्यातिरिक्तत्वेऽपरस्य तदभावरूपत्वे विनिगमनाविरहप्रसङ्गात् ॥१५१॥

---

**ગાથાર્થ** :–ચારિત્રરહિતના સિદ્ધોને ચારિત્રમોહનીયને બંધ થશે એવું પણ નથી, કારણ કે તે બંધનું કારણ ચારિત્રાભાવ નથી, પણ અવિરતિ છે. સિદ્ધોને એ કારણ હાજર ન હોવાથી ચારિત્રમોહને બંધ હોતો નથી. યત્કિંચિત્ કારણ હોવા માત્રથી તેનો બંધ થવાનું માનવામાં તો અતિપ્રસંગ આવશે.

સિદ્ધો અચારિત્રી હોવા માત્રથી તેમને અવિરતિનિમિત્તક ચારિત્રમોહનીય કર્મબંધ માની શકાય નહિ. કોઈ એકાદ કારણ હોવા માત્રથી તેનું કાર્ય માનવામાં તો ચારિત્રમોહકર્મપુદ્ગલોનો સામાન્ય સંયોગ સિદ્ધિગતિમાં પણ હાજર હોવાથી સિદ્ધોને પણ મોહનીયકર્મનો બંધ માનવો પડે. 'તાદૃશકારણ હોવા છતાં અવિરતિ ન હોવાથી તે હોતો નથી' એવું કથન તો સિદ્ધો માટે પણ સમાન જ છે. તાત્પર્ય, સિદ્ધોને ચારિત્રાભાવ હોવા છતાં ચારિત્રમોહકર્મબંધ માનવાની આપત્તિ નથી. તેથી જ 'સિદ્ધો ચારિત્રમોહનીય કર્મના બંધક હોય છે, કારણ કે અચારિત્રી હોય છે. જેમકે મિથ્યાત્વીજીવ' એવું અનુમાન પણ નિરસ્ત જાણવું. કારણ કે અચારિત્રાત્મત્વ રૂપ હેતુમાં સ્વતંત્ર રીતે વ્યાપ્તિ નથી કિંતુ અવિરતિ સાથેની ચારિત્રમોહબંધકત્વની જે વ્યાપ્તિ છે તેનું ઉપજીવન કરીને એનો હેતુરૂપે ઉપન્યાસ થયો છે. માટે એ અપ્રયોજક છે. અર્થાત્ અચારિત્રાત્મત્વરૂપ હેતુ સ્વભાવથી ચારિત્રમોહનીયબંધકત્વની સાથે વ્યાપ્તિવાળો નથી કિન્તુ અવિરતિ તેવી જરૂર છે. અને મિથ્યાત્વી આદિમાં તેના સાહચર્યથી અચારિત્રાત્મત્વ પણ ચારિત્રમોહબંધકત્વને વ્યાપ્ત હોવા રૂપે ભાસે છે. તેથી હકીકતમાં એ ચારિત્રમોહબંધકત્વનિરૂપિત વ્યાપ્તિવાળો ન હોવાથી ચારિત્રમોહબંધકત્વને સિદ્ધ કરવામાં સમર્થ નથી.

**શંકા** :–અવિરતિ અચારિત્રરૂપ જ છે, તેનાથી વિશેષ કંઇ નથી. તેથી અવિરતિમાં રહેલ વ્યાપ્તિ અચારિત્રમાં જ રહેલ છે,

अथ चारित्रस्य जीवलक्षणत्वात् कथं तत्परित्यागे सिद्धानां जीवलक्षणं समुज्जीवेदित्याशङ्कायामाह–

जं च जियलक्खणं तं उवइट्ठं तत्थ लक्खणं लिंगं ।
तेण विणा सो जुज्जइ धूमेण विणा हुयासुव्व ॥१५२॥

(यच्च जीवलक्षणं तदुपदिष्टं तत्र लक्षणं लिङ्गम् । तेन विना स युज्यते धूमेन विना हुताश इव ॥१५२॥)

[1]नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा । वीरिअं उवओगो अ एयं जीवस्स लक्खणं ॥ [श्री नवतत्त्वप्रकरण ५] इत्यनेन चारित्रस्य जीवलक्षणत्वप्रतिपादनात् कथं तत्परित्यागे सिद्धानां जीव-

## [અવિરતિ અચારિત્રથી પૃથગ્]

**સમાધાન** :–એ વાત બરાબર નથી કારણ કે અવિરતિ તો ચારિત્રમોહનીય-કર્મોદયજન્ય હોવાથી અચારિત્રથી પૃથગ્ છે.

શંકા :–અચારિત્ર જ ચારિત્રમોહનીયકર્મોદયજન્ય હોવાથી એ જ અવિરતિ છે.

**સમાધાન** :–અચારિત્ર ચારિત્રના અભાવરૂપ હોવાથી અજન્ય હોવાના કારણે તેને જ અવિરતિરૂપ માની શકાય નહિ.

શંકા :–અચારિત્ર 'જન્ય' ભલે ન હોય, તો પણ તે અવિરતિરૂપે વર્ત્તીને અવિરતિ-પ્રત્યયિક કર્મબંધ કરાવશે જ.

**સમાધાન** :–એ વાત પણ અયુક્ત છે, કારણ કે અવિરતિ કર્મોદયજન્ય કહી હોવાથી અજન્ય એવું અચારિત્ર અવિરતિનું કાર્ય કરી શકે નહિ. વસ્તુતઃ તો હિંસાદિ-પરિણામરૂપ અવિરતિ અને તેના ત્યાગપરિણામરૂપ વિરતિની વિલક્ષણતા સ્વસંવેદનથી જ સ્પષ્ટ રીતે જણાતી હોવાથી (અર્થાત્ અવિરતિ વિરતિના અભાવરૂપે નહિ કિન્તુ અતિરિક્ત પરિણામરૂપે જ જણાતી હોવાથી) વિરતિના અભાવરૂપ અચારિત્રને અવિરતિ માની શકાય નહિ. તેથી જ 'અવિરતિ અતિરિક્ત પરિણામ=સ્વતન્ત્ર પરિણામરૂપ હોય તો તેનો અભાવ જ ચારિત્ર છે અને તે સિદ્ધોને પણ હોય જ છે' એ વાત પરાસ્ત જાણવી કારણ કે વિરતિપરિણામરૂપ ચારિત્ર અને અવિરતિપરિણામ સ્વતંત્ર પરિણામો જ છે. નહિતર તો અવિરતિપરિણામને સ્વતંત્ર માનવાની જેમ ચારિત્રને પણ સ્વતંત્ર પરિણામરૂપ માની શકાતો હોવાથી બેમાંથી કોને સ્વતંત્રપરિણામરૂપ માની તેના અભાવને ઇતર માનવો એમાં વિનિગમના વિરહ થવાની આપત્તિ આવે. ॥૧૫૧॥

ચારિત્ર જીવના લક્ષણભૂત હોવાથી ચારિત્રનો ત્યાગ થઈ જવાનું માનવામાં સિદ્ધોમાં જીવનું લક્ષણ શી રીતે ઘટશે ? એવી શંકાને નજર સામે રાખીને સૈદ્ધાન્તિક કહે છે.–

## [ચારિત્ર જીવનું લિંગ છે]

**ગાથાર્થ** :–ચારિત્રને જીવલક્ષણ તરીકે જે જણાવ્યું છે તેમાં લક્ષણશબ્દ લિંગ અર્થમાં જાણવો અને તેથી જેમ ધૂમ વિના પણ અયોગોલકાદિમાં અગ્નિ હોય છે તેમ ચારિત્રાત્મક લિંગ વિના પણ સિદ્ધોમાં જીવત્વરૂપ લિંગી હોય છે.

१. ज्ञानं च दर्शनं चैव चारित्रं च तपस्तथा । वीर्यमुपयोगश्चैतद् जीवस्य लक्षणम् ॥

त्वं ? इत्यत्रेदमुत्तरं–यदत्र लक्षणशब्दो 'लक्ष्यतेऽनेने'ति व्युत्पत्त्या लिङ्गार्थकः । एवं च चारित्रतपसी जीवस्य लिङ्गे अभूतां, न ते विनापि सिद्धानां किंचिल्क्षूयते, लिङ्गं विनापि लिङ्गिनः संभवात् । न च नैर्लक्षण्यापत्तिः, असाधारणस्योप(? योग)लक्षणस्य जागरूकत्वात् । अत एवान्तरङ्गं तल्लक्षणमनूद्यैव बहिर्लक्षणाभिधानायैतद्गाथाधिकारः । युक्तं चैतत् , अन्यथा चेष्टादीनामपि जीवलक्षणत्वेन प्रसिद्धत्वात् तद्विरहिणां सिद्धानां नैर्लक्षण्यप्रसङ्गात् । 'बहिर्लक्षणमेवेदं नत्वन्तरङ्गमि'ति चेत् ? तदिदमावयोः समानम् । 'चेष्टाया बहिस्त्वं शरीरपरिणामित्वरूपं सङ्गच्छते, न तु चारित्रेऽपी'ति चेत् ? न, बहिर्विज्ञायमानत्वस्याऽसार्वदिकभावत्वस्य वा बहिस्त्वस्योभयत्र तुल्यत्वात् । यच्च व्यवदानाश्रवचेष्टाप्रतिपन्थिपरिणामा एव तपश्चारित्रचेष्टा नैश्चयिक्यः सिद्धानामबाधिता एवेति कश्चित्, तदपि न, तत्त्वतस्तादृशपरिणामानां तेष्वभावात् , तत्कर्माभावेषु तत्त्वविवक्षायामुपचारप्रसङ्गात् । न च तादृशोऽप्युपचारः प्रामाणिकः, विनागमं तस्य निर्मूलत्वादिति दिग् ।१५२।

---

**પ્રશ્ન** :–"જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ તથા વીર્ય અને ઉપયોગ જીવના લક્ષણ છે." આવી શ્રીનવતત્ત્વપ્રકરણની ગાથાથી ચારિત્રને જીવના લક્ષણ તરીકે કહ્યું હોવાથી તેના અભાવમાં સિદ્ધોમાં જીવત્વ શી રીતે રહી શકે ?

**ઉત્તર** :–અહીં જે લક્ષણ શબ્દ વાપર્યો છે તે 'જેનાથી લક્ષિત થાય તે લક્ષણ' એવી વ્યુત્પત્તિથી લિંગાત્મક અર્થને જ જણાવે છે. તેથી ચારિત્ર અને તપ પણ જીવના લિંગભૂત ભલે હો ! તો પણ તેઓના વિના સિદ્ધોમાં જીવત્વ હોવામાં કોઈ વાંધો નથી કારણ કે લિંગ વિના પણ લિંગી હોઈ શકે છે. વળી આ રીતે લિંગાત્મક લક્ષણ ન હોવા છતાં પણ સિદ્ધો લક્ષણ=સ્વરૂપ વિનાના થઈ જવાની આપત્તિ નથી કારણ કે જ્ઞાન–દર્શનરૂપ ઉપયોગાત્મક અસાધારણ લક્ષણ તો હાજર જ છે. તેથી જ પહેલાં અંતરંગ લક્ષણો કહીને પછી જ બાહ્યલક્ષણ કહેવા માટે એ ગાથાનો અધિકાર છે. વળી ચારિત્ર–તપને પણ આ રીતે લિંગભૂત માનવા જ યુક્ત છે કારણ કે 'લક્ષણ તરીકે જ ગણવા જોઈએ' એવું માનવામાં તો ચેષ્ટા વગેરે પણ જીવલક્ષણ તરીકે પ્રસિદ્ધ હોવાથી તે રહિતના સિદ્ધો લક્ષણ વિનાના થવાની આપત્તિ આવે. 'ચેષ્ટાદિ તો બાહ્ય લક્ષણ જ છે અંતરંગ નહિ, તેથી તેની ગેરહાજરીમાં પણ સિદ્ધો લક્ષણવગરના થઈ જવાની આપત્તિ નથી' એવું કહેવું નહિ, કારણ કે અમે પણ ચારિત્ર તપને બાહ્ય લક્ષણ જ માનતા હોવાથી એ આપત્તિ રહેતી જ નથી.

**શંકા** :–ચેષ્ટામાં શરીર(ના)પરિણામત્વરૂપ બાહ્યત્વ ઘટે છે ચારિત્રમાં નહિ. તેથી ચારિત્ર તો અંતરંગ લક્ષણ જ છે.

**સમાધાન** :–બહાર જણાઈ શકાવારૂપ અને અસાર્વદિકભાવત્વરૂપ બાહ્યત્વ, ચેષ્ટાની જેમ ચારિત્ર–તપમાં પણ સમાન જ હોવાથી તે પણ બાહ્યલક્ષણ જ છે. 'નૈશ્ચયિક તપચારિત્રની ચેષ્ટા તે કર્મની આશ્રવભૂત ચેષ્ટાના વિરોધી પરિણામ રૂપ જ હોવાથી

नन्वेवं सिद्धानां वस्तुतः सच्चारित्राभावे निश्चयनयेन ज्ञाने ज्ञानदर्शनचारित्राभेदवृत्ति-तदुपचारान्यतरप्रतिसन्धानं न स्यादेकत्रैकदा विद्यमानानामेव धर्माणां कालादिभिरभेदवृत्त्यु-पचारान्यतराश्रयणेनैकधर्मप्रत्यायनमुखेन तावतां प्रत्यायनसंभवादित्याशङ्कयाह—

**ण य निच्छयस्स नाणे अभेयवित्ति कहं चरणविरहे ।**
**संतं चिय पडिवज्जइ फलेण जं सो असंतंपि ॥१५३॥**

(न च निश्चयस्य ज्ञानेऽभेदवृत्तिः कथं चरणविरहे । सदेव प्रतिपद्यते फलेन यत्सोऽसदपि ॥१५३॥)

यद्यपि चारित्रं न तदानीं विद्यमानं तथाप्यनाश्रवलक्षणे तत्फले तदानीं विद्यमाने निश्चयेन तदभेदवृत्तिस्तदुपचारो वा प्रतिसन्धीयते, निश्चयेन फलवत्तयैव वस्तुनः सत्ताऽभ्युपगमात् । अत एव सदपि ज्ञानं विना विरतिलक्षणं फलं न ज्ञानं, असदपि वा तत्स्वप्नादाव प्रमादिनः फलसद्भावाद्विद्यमानमेव । न चैवं वस्तुनः पुरुषविवक्षानुसारितापत्तिः, स्वरूपानु-

---

સિદ્ધોને પણ અબાધિત જ હોય છે' એવું કોઇએ જે કહ્યું છે તે પણ યુક્ત નથી, કારણ કે તેવા પરિણામોનો હકીકતમાં તો તેઓમાં અભાવ જ હોય છે. આશ્રવભૂત ચેષ્ટાથી આવતાં કર્મોના અભાવને જ તાદૃશ ચારિત્રાદિ ચેષ્ટારૂપ માનવામાં ચારિત્રાદિ ઔપચારિક જ સિદ્ધ થશે, તાત્ત્વિક નહિ. વળી એ ઉપચાર પણ પ્રામાણિક નથી, કારણ કે કોઈ આગમવચનનો તેને ટેકો ન હોવાથી એ નિર્મૂળ છે. ॥૧૫૨॥

"આ રીતે સિદ્ધોને વસ્તુતઃ સચ્ચારિત્રનો અભાવ હોવામાં નિશ્ચયનયમતે જ્ઞાનમાં જ્ઞાન–દર્શન–ચારિત્રની અભેદવૃત્તિનું કે અભેદોપચારનું પ્રતિસંધાન થઈ શકશે નહિ કારણ કે સકલાદેશસપ્તભંગીમાં એક સ્થાને એક જ કાળે વિદ્યમાન ધર્મો સાથે જ કાલાદિદ્વારા અભેદવૃત્તિ કે અભેદોપચારનો આશ્રય કરીને એક ધર્મનો જ ઉલ્લેખ કરનાર શબ્દથી તે સર્વેનું પ્રત્યાયન=બોધ થઇ શકે છે, અવિદ્યમાન ધર્મોનું નહિ," એવી આશંકા કરીને નિરાકરણ કરતો સૈદ્ધાન્તિક કહે છે—

**[ સિદ્ધોને ફળસત્તાદ્વારા ચારિત્રસત્તા ]**

**ગાથાર્થ** :–ચારિત્રનો અભાવ હોવામાં તો નિશ્ચયનય મતે તેની જ્ઞાનમાં અભેદ-વૃત્તિનો આશ્રય જ શી રીતે થઈ શકશે ? એવું કહેવું નહિ કારણ કે અસત્=ગેરહાજર એવું પણ તે પોતાનું ફળ હાજર હોવાથી સત્=હાજર જ કહેવાય છે.

જો કે ચારિત્ર સિદ્ધાવસ્થામાં હોતું નથી તો પણ અનાશ્રવરૂપ તેનું ફળ ત્યારે વિદ્યમાન હોવાથી નિશ્ચયનયથી અભેદવૃત્તિ કે અભેદ ઉપચાર પ્રતિસંહિત થાય જ છે કારણ કે નિશ્ચયનય ફળવાળાપણાથી જ (ફળથી જ) વસ્તુની સત્તા સ્વીકારે છે. તેથી જ સત્ એવું પણ જ્ઞાન તેના વિરતિરૂપ ફળની ગેરહાજરીમાં અસત્ ગણાય છે, તેમજ નિદ્રાદિમાં અસત્ એવું પણ તે અપ્રમત્તસાધુઓને તેનું ફળ હાજર હોવાથી વિદ્યમાન જ ગણાય છે.

सारित्वेऽपि तस्य व्यपदेशविशेषस्य पुरुषविवक्षाधीनत्वात्, कथंचित्तदनुसारितायामपि स्याद्वादिनामदोषाच्च । एवं च चारित्राभिन्नत्वेन प्रतिसंहितस्याऽनाश्रवलक्षणस्य ज्ञानेऽभेदप्रतिसन्धानात् तत्र तादूप्यप्रतीतिर्न विरुद्धा । अनयैव दिशा सिद्धेषु चारित्रग्राहकाणि प्रमाणानि समर्थितानि भवन्ति ।

नन्वेवं निश्चयतस्तेषां चारित्रं व्यवहारतस्तु नेत्यापन्नम्, तच्चास्माकमप्यभिमतं, निश्चयतस्तत्सत्त्वे व्यवहारतस्तदभावस्याऽकिञ्चित्करत्वात्, अन्यथा निश्चयतोऽन्तरात्मनि विद्यमानमपि परमात्मत्वं व्यवहारेण पराक्रियेत, पराक्रियेत च दुर्दिनाभिभूतस्य भास्वतो भास्वरालोकशालित्वं, उज्जीव्येत च निश्चयेन पराकृतमप्यात्मनो मूर्त्तत्वं स्वाभिमतमिति व्यवहारेण, तस्माद्वस्तुनः सत्तायां निश्चय एव प्रयोजको व्यवहारस्तु व्यपदेशमात्र एवेति चेत् ?

न, उक्तदिशौपचारिकनिश्चयेन तत्सत्त्वेऽप्यनुपचरितनिश्चयेन तदभावात् । न ह्यनुपचरित एवम्भूतस्तदानीं चारित्रमभ्युपगच्छति, आचरणलक्षणस्यैव भावस्याऽभावात् । 'आत्मन्यवस्थानरूपं भावाचरणं तदानीमबाधितमि'ति चेत् ? न, एवम्भूतस्य प्रसिद्धव्युत्पत्त्यर्थमाश्रित्यैव प्रवृत्तेः, अन्यथा कालादिभिरभेदवृत्तिप्रतिसन्धानं विनाप्याहत्य चारित्रपदज्ञा (? दाज्ज्ञा) नाद्युपस्थितिप्रसङ्गाद्, भावचरणरूपतदर्थाक्रान्तत्वात्तस्य । 'तथाभिप्रायग्रहे ततस्तथोपस्थितिरविरुद्धैवेति चेत् ? तथापि चारित्रपदप्रवृत्तिनिमित्ताक्रान्तं ज्ञानमेव पर्यवसन्नं नत्वतिरिक्तमिति

---

શંકા :–આ રીતે તો વસ્તુ પુરુષવિવક્ષાને અનુસરનારી બની જવાની આપત્તિ આવશે, અર્થાત્ વસ્તુ સ્વરૂપથી હાજર હોય કે ન હોય તો પણ પુરુષની તેવી તેવી વિવક્ષાને અનુસરીને જ તેની હાજરી-ગેરહાજરી થઈ જશે.

**સમાધાન** :–વસ્તુ પોતે તો સ્વરૂપને અનુસરનારી જ હોવા છતાં તેનો અમુક ચોક્કસ રીતે વ્યપદેશ પુરુષની વિવક્ષાને આધીન હોવાથી એ રીતે એની હાજરી–ગેરહાજરી કહી શકાય છે. વળી વસ્તુ પુરુષવિવક્ષાને કથંચિદ્ અનુસરનારી હોવામાં પણ સ્યાદ્વાદી એવા અમને કોઇ દોષ નથી. આમ ચારિત્રથી અભિન્નરૂપે જણાએલ અનાશ્રવાત્મક લક્ષણનું જ્ઞાનમાં અભેદ પ્રતિસંધાન થવાથી જ્ઞાનમાં ચારિત્રની પ્રતીતિ અવિરુદ્ધ જ છે. સિદ્ધોમાં ચારિત્રને જણાવતાં પ્રમાણોનું આ જ રીતે સમર્થન શકચ છે.

શંકા :–આ રીતે તો 'તેઓને નિશ્ચયથી ચારિત્ર હોય છે, વ્યવહારથી નહિ' એવું સિદ્ધ થશે, જે અમને પણ અભિમત છે. કારણ કે નિશ્ચયથી ચારિત્રની હાજરી હોતે છતે વ્યવહારથી તેની ગેરહાજરી અકિંચિત્કર છે. નહિતર તો અંતરાત્મામાં નિશ્ચયથી રહેલ પરમાત્મત્વ પણ વ્યવહારથી પરાકૃત થઇ જાય. કારણ કે દુર્દિનથી અભિભૂત સૂર્યનું ભાસ્વરપ્રકાશમયત્વ પણ વ્યવહારનય માનતો નથી. તેમજ નિશ્ચયથી પરાકૃત પણ આત્માનું મૂર્ત્તત્વ પોતાને અભિમત હોવાના કારણે વ્યવહારનય માની લે છે. તેથી વસ્તુની સત્તા હોવા કે ન હોવામાં નિશ્ચય જ પ્રયોજક છે. વ્યવહાર તો તેનો વ્યપદેશ થવા માત્રમાં જ પ્રયોજક છે, તેથી સિદ્ધોને ચારિત્ર હોવું સિદ્ધ થાય જ છે.

विपरीतसिद्धिः । 'निश्चयेनाभेदसिद्धावपि व्यवहारेण भेदः सेत्स्यते' इति चेत् ? न, तस्य त्वया साधकत्वेनाऽनभ्युपगमात्, तदर्थस्य तदानीमभावाच्च । एतेन शब्दसमभिरूढौ व्याख्यातौ । ऋजुसूत्रोऽपि शैलेशीचरमसमयविश्रान्तः सन्न तदुत्तरक्षणानां चारित्राक्रान्ततामभिधत्ते, तस्मादुपचारादभिधीयमानमपि चारित्रं न तत्स्वभावसाधनायालं, न खलु गोत्वेनोपचरितोऽपि षण्ढः पयसा पात्रीं पूरयतीति दिग् ॥१५३॥

### [ અનુપચરિતનિશ્ચયનયે તો અભાવ જ]

**સમાધાન** :– ઉપર કહી ગયા એ રીતે ઔપચારિક નિશ્ચયનયથી ચારિત્ર હોવા છતાં અનુપચરિત નિશ્ચયનયથી તેનો અભાવ હોવાથી એની સિદ્ધિ થતી જ નથી, કારણ કે ચારિત્રશબ્દના પ્રવૃત્તિનિમિત્તભૂત આચરણ ક્રિયારૂપ એવંભાવનો સિદ્ધોમાં અભાવ હોવાથી અનુપચરિત એવંભૂતનય કંઇ ત્યારે ચારિત્ર હોવું સ્વીકારતો નથી.

**શંકા** :– આત્મામાં અવસ્થાન કરવારૂપ ભાવઆચરણ ત્યારે પણ અબાધિત જ હોવાથી એવંભૂત નય પણ ચારિત્રને સ્વીકારતો જ હોવાને કારણે સિદ્ધોમાં ચારિત્ર માનવું જ જોઈએ.

**સમાધાન** :– એવંભૂતનય એવા આચરણને આગળ કરીને ચારિત્ર માનતો નથી કારણ કે એ તો પ્રસિદ્ધ વ્યુત્પત્તિ અર્થને આશ્રીને જ પ્રવૃત્ત થાય છે. નહિતર તો કાલાદિ સાથેના અભેદવૃત્તિના પ્રતિસંધાન વિના પણ તેવી ઈચ્છા માત્રથી જ ચારિત્ર પદથી જ્ઞાનાદિની ઉપસ્થિતિ થઈ જશે, કારણ કે આત્મામાં અવસ્થાનાત્મક ભાવચરણ-રૂપ ચારિત્રપદનો અર્થ તેમાં પણ સમાવિષ્ટ જ છે.

**શંકા** :– ચારિત્રપદથી આ રીતે જ્ઞાનને જણાવવાનો જ વક્તાનો અભિપ્રાય છે. એવી જાણકારીની હાજરીમાં ચારિત્રપદથી જ્ઞાનની ઉપસ્થિતિ થવી નિર્દોષ જ છે ને !

**સમાધાન** :– તો પણ ચારિત્રપદના પ્રવૃત્તિનિમિત્તભૂત ભાવઆચરણથી આક્રાન્ત હોવા રૂપે ત્યાં જ્ઞાન જ ફલિત થતું હોવાથી સિદ્ધોમાં જ્ઞાનની જ સિદ્ધિ થશે. અતિરિક્ત ચારિત્રની નહિ, તેથી તમારે જે ઇષ્ટ હતું તેનાથી તો વિપરીત જ સિદ્ધ થાય છે.

**શંકા** :– નિશ્ચયથી જ્ઞાન અને ચારિત્રનો અભેદ સિદ્ધ થતો હોવા છતાં વ્યવહારથી તો ભેદ સિદ્ધ થવાથી ભિન્નચારિત્ર સિદ્ધ થશે જ.

**સમાધાન** :– પૃથગ્ ચારિત્રની હાજરી એ રીતે સિદ્ધ કરી શકાય નહિ કારણ કે વ્યવહારને તમે સાધક તરીકે સ્વીકારતા નથી, તેમજ વ્યવહારનયે જ્ઞાનાભિન્ન ચારિત્રરૂપ પદાર્થનો સિદ્ધાવસ્થામાં અભાવ માનેલો છે. એવંભૂતની જેમ શબ્દ–સમભિરૂઢનય પણ સિદ્ધાવસ્થામાં ચારિત્ર સ્વીકારતા નથી એ જાણી લેવું.

ઋજુસૂત્રનય પણ શૈલશી ચરમ સમય સુધી ચારિત્રને સ્વીકારી પછીની ઉત્તર–ક્ષણોમાં ચારિત્ર માનતો નથી. તેથી સિદ્ધોમાં ઉપચારથી કહેવાતું ચારિત્ર પણ તેઓના

अथ "[1]आया सामाइए आया सामाइयस्स अट्ठे" इति सूत्रमनुस्मृत्यात्मरूपतया सिद्धेष्वपि चारित्रस्य सत्तां ये समुपयन्तिताननुशासितुमाह—

**नवि आया चरणं चिय आया सामाइअंति वयणेणं ।**
**दवियाया भयणाए चरणाया सव्वथोवुत्ति ॥१५४॥**

(नाप्यात्मा चरणमेव आत्मा सामायिकमिति वचनेन । द्रव्यात्मा भजनया चरणात्मा सर्वस्तोक इति ॥१५४॥)

द्रव्यार्थिकं हि नयमनुसृत्य गुणप्रतिपन्नात्मा चरणमित्युच्यते, तदुक्तं "[2]जीवो गुणपडिवन्नो णयस्स दव्वट्ठियस्स सामाइअ"न्ति । न चैतावताऽऽत्मा चारित्रमेवेत्यागतं, अष्टानामप्यात्मनामविशेषेण नियमप्रसङ्गात् । अथ द्रव्यात्मनः कषायाद्यात्मना सह भजनोपदेशान्न नियम इति चेत् ? तर्हि द्रव्यात्मनश्चरणात्मनापि भजनोपदेशान्न नियम इति तुल्यम् । उक्तं च प्रज्ञप्तौ द्वादशशते दशमोद्देशके—

[3]कइविहा णं भंते आया पन्नत्ता ? गोयमा अट्ठविहा आया पन्नत्ता । तंजहा–दवियाता कसायाता जोगाया उवओगाया नाणाया दंसणाया चरित्ताया वीरियाया । जस्स णं भन्ते ! दवियाया तस्स कसायाया जस्स कसायाया तस्स दवियाया ? गो० जस्स दवियाया तस्स कसायाया सिय अत्थि सिय णत्थि, जस्स णं पुण कसायाया तस्स दवियाया नियमा अत्थि । जस्स णं भन्ते ! दवियाया तस्स जोगाया एवं जहा दवियाया य कसायाता य भणिया तहा दवियाता य जोगाता य भणियव्वा । जस्स णं भन्ते ! दवियाया तस्स उवओगाया ? एवं सव्वत्थ पुच्छा भाणियव्वा, जस्स दवियाता तस्स उवओगाता नियमा अत्थि,

---

ચારિત્રાત્મક સ્વભાવને સિદ્ધ કરવા સમર્થ નથી. સાંઢમાં ગાયનો ઉપચાર કરી દેવા માત્રથી એ કંઈ પ્યાલાને દુધથી ભરી દેતો નથી. ॥ ૧૫૩ ॥

'આત્મા સામાયિક છે, આત્મા સામાયિકનો અર્થ છે' એવા સૂત્રનો આધાર લઇને જેઓ સિદ્ધોમાં પણ આત્મારૂપે ચારિત્રની સત્તા સ્વીકારે છે, તેઓને સમજાવવા સૈદ્ધાન્તિક કહે છે—

**[ અષ્ટવિધ આત્માના પરસ્પર નિયમ–ભજના ]**

**ગાથાર્થ** :– 'આત્મા સામાયિક છે' એવા સૂત્રના બળથી પણ 'આત્મા ચારિત્ર જ છે.' એવો અર્થ નીકળતો નથી કારણ કે અલ્પબહુત્વમાં ચરણાત્મા સર્વસ્તોક કહ્યા હોવાથી જણાય છે કે સર્વ આત્માઓ ચારિત્રાત્મા હોય જ એવો નિયમ નથી, કિન્તુ હોય કે ન પણ હોય એવી ભજના છે.

---

१. आत्मा सामायिकमात्मा सामायिकस्यार्थः ।

२. वि.आ.भा. २६४३. अस्योत्तरार्धः– सो चेव पज्जवट्ठियनयस्स जीवस्स एस गुणो ॥
जीवो गुणप्रतिपन्नो नयस्य द्रव्यार्थिकस्य सामायिकम् । स एव पर्यायार्थिकनयस्य जीवस्य एष गुणः ॥

३. कतिविधा भगवन् आत्मानः प्रज्ञप्ताः ? गौतम ! अष्टविधा आत्मानः प्रज्ञप्ताः, तद्यथा–द्रव्यात्मा, कषायात्मा योगात्मा, उपयोगात्मा, ज्ञानात्मा, दर्शनात्मा, चारित्रात्मा वीर्यात्मा।यस्य भगवन् ! द्रव्यात्मा तस्य कषायात्मा यस्य कषायात्मा तस्य द्रव्यात्मा ? गौ० यस्य द्रव्यात्मा तस्य कषायात्मा स्यादस्ति स्यान्नास्ति,

जस्स वि उवओगाता तस्स दवियाता नियमा अत्थि । जस्स दवियाया तस्स नाणाया भयणाए, जस्स पुण नाणाया तस्स दवियाया नियमा अत्थि । जस्स दवियाया तस्स दंसणाया नियमा अत्थि । जस्स वि दंसणाया तस्स दवियाया नियमा अत्थि । जस्स दवियाया तस्स चरित्ताया भयणाए, जस्स चरित्ताया तस्स दवियाया नियमा अत्थि । एवं वीरियाया वि । जस्स णं भन्ते ! कसायाया तस्स जोगाया पुच्छा ? गो० जस्स कसायाया तस्स जोगाया नियमा अत्थि, जस्स पुण जोगाया तस्स कसायाया सिय अत्थि सिय णत्थि । एवं उवओगाताए वि समं कसायाता णेतव्वा । कसायाया नाणाया य परोप्परं दोवि भइय-

દ્રવ્યાર્થિક નયને આશ્રીને ગુણપ્રતિપન્નઆત્મા ચારિત્ર કહેવાય છે. કહ્યું છે કે 'દ્રવ્યાર્થિકનયમતે ગુણપ્રતિપન્ન જીવદ્રવ્ય આત્મા છે' પરંતુ આટલા માત્રથી કંઈ 'આત્મા ચારિત્ર હોય જ' એવો નિયમ નીકળતો નથી. કારણ કે એ રીતે આઠેય પ્રકારના આત્માઓ તો સાથે એ નિયમ લગાડવો પડે અને તેથી પરસ્પર જે દ્રવ્યાત્મા હોય તે કષાયાત્મા હોય જ. જે કષાયાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય જ" ઈત્યાદિ દરેક પ્રકારના આત્માઓનો પરસ્પર નિયમ હોવાની આપત્તિ આવે.

**શંકા** :– દ્રવ્યાત્માની કષાયાત્મા વગેરે સાથે ભજના છે એવું શાસ્ત્રમાં કહ્યું હોવાથી એવો નિયમ થઈ જવાની આપત્તિ આવતી નથી.

**સમાધાન** :– એ રીતે તો દ્રવ્યાત્માની ચારિત્રાત્મા સાથે પણ ભજના કહી જ હોવાથી એ નિયમ પણ સિદ્ધ થતો નથી. શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રમાં કહ્યું છે કે–

'હે ભગવન્ ! આત્મા કેટલા પ્રકારના હોય છે ? હે ગૌતમ ! આત્મા આઠ પ્રકારના હોય છે. તે આ રીતે–દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા. હે ભગવન્ ! જેનો આત્મા દ્રવ્યાત્મા હોય છે તેનો આત્મા કષાયાત્મા હોય છે ? એમ જેનો કષાયાત્મા હોય છે તેનો દ્રવ્યાત્મા હોય

यस्य पुनः 'कषायात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति । यस्य भगवन् ! द्रव्यात्मा तस्य योगात्मा एवं यथा द्रव्यात्मा च कषायात्मा च भणितौ तथा द्रव्यात्मा च योगात्मा च भणितव्यौ । यस्य भगवन् ! द्रव्यात्मा तस्योपयोगात्मा ? एवं सर्वत्र पृच्छा भणितव्या । यस्य द्रव्यात्मा तस्योपयोगात्मा नियमादस्ति, यस्यापि उपयोगात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति । यस्य द्रव्यात्मा तस्य ज्ञानात्मा भजनया, यस्य पुनः ज्ञानात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति । यस्य द्रव्यात्मा तस्य दर्शनात्मा नियमादस्ति, यस्यापि दर्शनात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति । यस्य द्रव्यात्मा तस्य चारित्रात्मा भजनया, यस्य चारित्रात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति । एवं वीर्यात्मन्यपि । यस्य भगवन् ! कषायात्मा तस्य योगात्मा ? पृच्छा, गो०यस्य कषायात्मा तस्य योगात्मा नियमादस्ति, यस्य पुनः योगात्मा तस्य कषायात्मा स्यादस्ति, स्यान्नास्ति । एवमुपयोगात्मनापि समं कषायात्मा नेतव्यः (ज्ञातव्यः) कषायात्मा च ज्ञानात्मा च परस्परं द्वावपि भक्तव्यौ यथा [illegible]त्मा चोपयोगात्मा च तथा कषायात्मा दर्शनात्मा च । कषायात्मा च चारित्रात्मा च द्वावपि परस्प[illegible]क्तव्यौ । यथा कषायात्मा योगात्मा च तथा कषायात्मा च वीर्यात्मा च भणितव्यौ । एवं

ठ्वाओ जहा कसायाता य उवओगाता य तहा कसायाया दंसणाया य। कसायाय य चरित्ताया य दोवि परोप्परं भइअव्वाउ, जहा कसायाया जोगाया य तहा कसायाया विरियाया य भाणियव्वाउ। एवं जहा कसायाताए वत्तव्वया भणिया तहा जोगाताए वि चरमेहिं वि भाणियव्वा। जहा दवियाताए वत्तव्वया भणिया तहा उवओगाताए वि उवरिल्लेहिं णेयव्वा। जस्स नाणाया तस्स दंसणाया नियमा अत्थि जस्स पुण दंसणाया तस्स नाणाया सिय अत्थि सिय णत्थि। जस्स नाणाया तस्स चरित्ताया सिय अत्थि सिय णत्थि, जस्स पुण चरित्ताया तस्स नाणाया नियमा अत्थि। नाणाया य वीरियाया य दोवि परोप्परं भयणाए। जस्स दंसणाया तस्य उवरिमाओ दोवि भयणाए, जस्स पुण चरित्ताया तस्स दंसणाया नियमा अत्थि। जस्य चरित्ताया तस्य वीरियाया नियमा अत्थि, जस्स पुण वीरियाया तस्स चरित्ताया सिय अत्थि सिय णत्थित्ति"

---

છે ? હે ગૌતમ ! જેનો આત્મા દ્રવ્યાત્મા હોય છે તેનો તે કષાયાત્મા હોય કે ન પણ હોય, પણ જેનો આત્મા કષાયાત્મા હોય છે તેનો તે દ્રવ્યાત્મા અવશ્ય હોય જ. હે ભગવન્ ! જે દ્રવ્યાત્મા હોય છે તે યોગાત્મા હોય છે ? અને જેનો આત્મા યોગાત્મા હોય છે તેનો તે દ્રવ્યાત્મા હોય છે ? હે ગૌતમ ! જેનો દ્રવ્યાત્મા હોય તેનો યોગાત્મા ભજનાએ જાણવો. ઇત્યાદિ દ્રવ્યાત્મા–કષાયાત્માની જેમ જાણી લેવું. આજ રીતે દ્રવ્યાત્મા સાથે ઉપયોગાત્મા, જ્ઞાનાત્માદિની પૃચ્છા જાણવી અને એના ઉત્તરો જાણવા. આટલી વિશેષતા જાણવી કે, 'દ્રવ્યાત્મા અવશ્ય ઉપયોગાત્મા હોય અને ઉપયોગાત્મા પણ અવશ્ય દ્રવ્યાત્મા હોય (કારણ કે દરેક જીવોને કોઇને કોઈ ઉપયોગ તો પ્રવર્તતો હોય જ છે) દ્રવ્યાત્મા જ્ઞાનાત્મા હોય કે ન હોય પણ (કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવો જ્ઞાનાત્મા હોતા નથી) કિન્તુ જ્ઞાનાત્મા અવશ્ય દ્રવ્યાત્મા હોય. દ્રવ્યાત્મા-દર્શનાત્માનો પરસ્પર નિયમ જાણવો. (કારણ કે દરેક જીવોને અચક્ષુ આદિ ચારમાંથી એક દર્શન તો અવશ્ય હોય જ) દ્રવ્યાત્મા ચારિત્રાત્મા હોય કે ન પણ હોય (કારણ કે મિથ્યાત્વી આદિને ચારિત્ર હોતું નથી) કિન્તુ ચારિત્રાત્મા અવશ્ય દ્રવ્યાત્મા હોય જ. એજ રીતે દ્રવ્યાત્મા–વીર્યાત્મામાં જાણવું. હવે કષાયાત્મા સાથે યોગાત્માદિની પૃચ્છાઓ જાણવી, તેના ઉત્તરોમાં વિશેષતા આ પ્રમાણે–કષાયાત્માનો યોગાત્મા સાથે નિયમ છે. યોગાત્માનો કષાયાત્મા સાથે નિયમ નથી (કારણ કે ૧૧–૧૨–૧૩ મા ગુણઠાણાવાળા સયોગી

---

यथा कषायात्मनः वक्तव्यता भणिता तथा योगात्मनोऽपि चरमैरपि भणितव्या। यथा द्रव्यात्मनो वक्तव्यता भणिता तथोपयोगात्मनोऽपि उपरितनैः नेतव्या। यस्य ज्ञानात्मा तस्य दर्शनात्मा नियमादस्ति, यस्य पुनर्दर्शनात्मा तस्य ज्ञानात्मा स्यादस्ति स्यान्नास्ति। यस्य ज्ञानात्मा तस्य चारित्रात्मा स्यादस्ति स्यान्नास्ति, यस्य पुनश्चारित्रात्मा तस्य ज्ञानात्मा नियमादस्ति। ज्ञानात्मा च वीर्यात्मा च द्वावपि परस्परं भजनया। यस्य दर्शनात्मा तस्योपरितनौ द्वावपि भजनया, यस्य पुनश्चारित्रात्मा तस्य दर्शनात्मा नियमादस्ति। यस्य चारित्रात्मा तस्य वीर्यात्मा नियमादस्ति, यस्य पुनर्वीर्यात्मा तस्य चारित्रात्मा स्यादस्ति स्यान्नास्तीति।

१. यस्य द्रव्यात्मा तस्य चारित्रात्मा भजनयेति' २. यस्य चारित्रात्मा तस्य योगात्मा नियमा'

अत्र "[3]जस्य दविआया तस्य चरित्ताया भयणाएत्ति" यतः सिद्धस्याऽविरतस्य वा द्रव्यात्मत्वे सत्यपि चारित्रात्मा नास्ति विरतानां चास्तीति भजनेति व्याख्यातम् । तथा कषायातिदेशसूत्रे चारित्राधिकारे "[2]जस्य चरित्ताया तस्य जोगाया नियमा" त्ति वाचनान्तरे पाठो दृश्यते, तत्र चारित्रस्य प्रत्युपेक्षणादिव्यापाररूपस्य विवक्षितत्वात्तस्य च योगाऽविनाभावित्वात् 'यस्य चारित्रात्मा तस्य योगात्मा नियमादित्युच्यत' इति व्याख्यातम् ।

વીતરાગોને કષાય હોતા નથી.) આજ રીતે કષાયાત્માનો ઉપયોગાત્મા સાથે નિયમ અને ઉપયોગાત્માનો કષાયાત્મા સાથે ભજના જાણવી. (૧૧ અને તેથી ઉપરના ગુણઠાણાવાળાને ઉપયોગ હોય કષાય નહિ). કષાયાત્મા અને જ્ઞાનાત્માને પરસ્પર બંને રીતે ભજના છે. (કારણ કે મિથ્યાત્વીને જ્ઞાન હોતું નથી, વીતરાગ જીવોને કષાય હોતા નથી) કષાયાત્મા અને દર્શનાત્માના નિયમ–ભજના કષાયાત્મા–ઉપયોગાત્માની જેમ જાણવા. કષાયાત્મા–ચારિત્રાત્મા બંને પરસ્પર ભજનાવાળા જાણવા. (કારણ કે મિથ્યાત્વી આદિને ચારિત્ર નથી, વીતરાગને કષાયો નથી). કષાયાત્મા–વીર્યાત્માના નિયમ–ભજના કષાયાત્મા–યોગાત્માની જેમ જાણવા. આ રીતે જ જેમ કષાયાત્મા સાથે ભિન્ન ભિન્ન આત્માની વક્તવ્યતા કહી તેમ યોગાત્મા સાથે પણ ઉપયોગાત્માદિની જાણવી. એમ જેમ દ્રવ્યાત્માની વક્તવ્યતા કહી તેમ ઉપયોગાત્માની પણ આગળના આત્માઓ સાથે જાણવી, એમ જ્ઞાનાત્મા અવશ્ય દર્શનાત્મા હોય જ. દર્શનાત્મા જ્ઞાનાત્મા હોય કે ન પણ હોય (મિથ્યાત્વી પણ અચક્ષુદર્શનાદિને લઈને દર્શનાત્મા છે જ્ઞાનાત્મા નથી.) જ્ઞાનાત્મા ચારિત્રાત્મા હોય કે ન પણ હોય કિન્તુ ચારિત્રાત્મા અવશ્ય જ્ઞાનાત્મા હોય છે. જ્ઞાનાત્મા–વીર્યાત્મામાં પરસ્પર ભજના જાણવી દર્શનાત્માને ઉપરના બંને (ચારિત્રાત્મા અને વીર્યાત્મા) ભજનાએ હોય છે. ચારિત્રાત્મા નિયમા દર્શનાત્મા હોય છે અને ચારિત્રાત્મા નિયમા વીર્યાત્મા પણ હોય છે. કિન્તુ વીર્યાત્મા ચારિત્રાત્મા હોય કે ન પણ હોય."

અહીં દ્રવ્યાત્માને ભજનાથી ચારિત્રાત્મા કહ્યો છે. કારણ કે સિદ્ધોને અને અવિરતને દ્રવ્યાત્મા હોવા છતાં ચારિત્રાત્મા હોતો નથી જ્યારે વિરત જીવોને તે હોય છે. તેમજ કષાયનો નિર્દેશ કરતાં સૂત્રમાં ચારિત્રના અધિકારમાં 'જેઓને ચારિત્રાત્મા હોય છે તેઓને યોગાત્મા નિયમા હોય છે' એવો વાચનાન્તરમાં જે પાઠ મળે છે તેમાં પડિલેહણાદિરૂપ ચારિત્રની વિવક્ષા છે. તે ચારિત્ર યોગને અવિનાભાવી હોવાથી 'જેઓને ચારિત્રાત્મા હોય છે તેઓને નિયમા યોગાત્મા હોય છે' એમ કહ્યું છે તેવી ત્યાં વ્યાખ્યા કરી છે.

૧. एतेषां भगवन् द्रव्यात्मनां कषायात्मनां यावद्वीर्यात्मनां च कतरे कतरे यावद्विशेषाधिका वा? गो! सर्वस्तोकाश्चारित्रात्मानः, ज्ञानात्मनोऽनन्तगुणाः, कषायात्मनोऽनन्तगुणाः, योगात्मनो विशेषाधिकाः, वीर्यात्मनो विशेषाधिकाः, उपयोगद्रव्यदर्शनात्मानस्त्रयोऽपि तुल्या विशेषाधिकाः ।

नन्वेवं चारित्रशब्देन सर्वत्र तादृशमेव चारित्रं विवक्ष्यतां, इत्थं च सिद्धानां चारित्रं निर्बाधम् । "[1]एयासि णं भन्ते दवियायाणं कसायायाणं जाव वीरियायाणं य कतरे कतरे जाव विसेसाहिया वा । गो० सव्वत्थोवाउ चरित्तायाउ, नाणायाउ अणंतगुणाउ, कसायाउ अणंतगुणाउ, जोगायाउ विसेसाहियाउ, वीरियायाउ विसेसाहियाउ, उवओगदविय दंसणायाउ तिण्ण वि तुल्ला विसेसाहिया । तथा,

[1]कोडीसहस्सपुहुत्तं जईण तो थोवियाउ चरणाया ।
नाणायाणंतगुणा पडुच्च सिद्धे य सिद्धाउ ॥१॥
[2]हुंति कसायायाउ णंतगुणा जेण ते सरागाणं ।
जोगाता भणियाउ अजोगिवज्जाण तो अहिया ॥२॥
[3]जं सेलेसिगयाणवि लद्धीविरियं तओ समहिआउ ।
उवओगदवियदंसण सव्वजियाणं ततो अहिया ॥३॥

[ નિયમ-ભજના પ્રરૂપણા વ્યાપારાત્મક ચારિત્રની જ બાધક-પૂર્વપક્ષ ]

શંકા:- તો પછી આ રીતે બધે=જ્યાં વાચનાન્તરમાં દ્રવ્યાત્મા ભજનાએ ચારિત્રાત્મા હોય છે વગેરે કહ્યું છે ત્યાં સર્વત્ર ચારિત્ર શબ્દથી પડિલેહણાદિની જ વિવક્ષા કરો ને ! તેથી આ રીતે પણ સિદ્ધોને નિરાબાધપણે ચારિત્ર સિદ્ધ જશે. કારણ કે સિદ્ધોને ચારિત્રાત્મા ન હોવાનો અર્થાપત્તિથી ફલિત થતો અધિકાર તેઓના પડિલેહણાદિરૂપ ચારિત્રને જ બાધિત કરે છે. (નહિ કે આત્મસ્વરૂપ ચારિત્ર ને.) " હે ભગવન્ ! આ દ્રવ્યાત્મા કષાયાત્મા વગેરે આત્માઓ એકબીજાથી કોણ કોણ અનંતગુણ, અસંખ્યગુણ, સંખ્યાતગુણ કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! ચારિત્રાત્મા સર્વથી અલ્પ છે. જ્ઞાનાત્મા તેનાથી અનંતગુણ છે, કષાયાત્મા તેનાથી અનંતગુણ છે, એના કરતાં યોગાત્મા વિશેષાધિક છે એના કરતાં વીર્યાત્મા વિશેષાધિક છે એના કરતાં ઉપયોગાત્મા, દ્રવ્યાત્મા અને દર્શનાત્મા દરેક વિશેષાધિક છે અને એ ત્રણ પરસ્પર તુલ્ય છે. સંગ્રહણી ગાથામાં પણ કહ્યું છે કે-" યતિઓ ૨ થી ૯ હજાર ક્રોડ હોવાથી સર્વથી અલ્પ હોય છે. સિદ્ધોને આશ્રીને જ્ઞાનાત્મા તેઓથી અનંતગુણ હોવા સિદ્ધ જ છે. સરાગી બધા જીવો કષાયાત્મા હોવાથી તેઓ જ્ઞાનાત્માથી અનંતગુણ છે. અયોગી સિવાયના વીતરાગ જીવો પણ યોગાત્મા હોવાથી યોગાત્મા તેનાથી વિશેષાધિક છે, તેના કરતાં વીર્યાત્મા વિશેષાધિક છે કારણ કે શૈલેશી અવસ્થાને પામેલા જીવોને પણ લબ્ધિવીર્ય હોય છે. તેઓ કરતાં પણ ઉપયોગાત્મા, દ્રવ્યાત્મા અને દર્શનાત્મા વિશેષાધિક છે કારણ કે સર્વ જીવોને તે હોય છે" આવા અલ્પબહુત્વના અધિકારમાં પણ વ્યાપારરૂપ ચારિત્રની

१. कोटिसहस्रपृथक्त्वं यतीनां ततः स्तोकाश्चरणात्मानः । ज्ञानात्मानोऽनन्तगुणाः प्रतीत्य सिद्धांश्च सिद्धास्तु ॥
२. भवन्ति कषायात्मानस्त्वनन्तगुणा येन ते सरागाणाम् । योगात्मानो भणिता अयोगिवर्जानांततोऽधिकाः ॥
३. यच्छैलेशीगतानामपि लब्धिवीर्यं ततः समधिकाः । उपयोगद्रव्यदर्शनं सर्वजीवानां ततोऽधिकाः ॥

इत्यादावल्पबहुत्वाधिकारेपि व्यापाररूपचारित्रमुपादास्यत इति न किञ्चिद्विरोत्स्यत इति चेत् ? न, तथापि चरणज्ञानादिलब्धीनां सादिसान्तत्वप्रतिपादकागमविरोधानुद्धारात्तासामपि व्यापाररूपाणामेव ग्रहणे योगनिरोधादेव तदुपक्षये शैलेश्यामननुवृत्तिप्रसङ्गादिति प्रपञ्चितमेव प्राक्, केवलमात्मस्वरूपतया चारित्रस्य सिद्धानतु (सिद्धानु) वृत्तिनिवृत्तयेऽसौ प्रयासः, स च योगात्मवच्चारित्रात्मनस्तदानीमननुवर्त्तिष्णुताभिधानात् फलेग्रहिरिति ॥१५४॥

अथोक्तेऽर्थेऽनुकूलमाह—

**एत्तो च्चिय सिद्धाणं खइयंमि नाणदंसणग्गहणं ।**
**समत्तजाइगहणे बहूण दोसाण संकंती ॥१५५॥**

(अत एव सिद्धानां क्षायिके ज्ञानदर्शनग्रहणम् । सम्यक्त्वजातिग्रहणे बहूनां दोषाणां संक्रान्तिः ॥१५५॥)

---

જ વિવક્ષા હોવાથી ચારિત્રને સર્વત્ર પડિલેહણાદિરૂપ માનવામાં કોઈ વિરોધ નથી. તેથી આઠ પ્રકારના આત્માની પ્રરૂપણામાં તેને વ્યાપારરૂપ ચારિત્રને આશ્રીને જ ચારિત્રાત્માની વાત હોવાથી એ આગમવચનનો વિરોધ થવારૂપ બાધક દ્વારા, 'આત્મા જ સામાયિક છે' ઇત્યાદિ વચનથી સિદ્ધોને ચારિત્ર હોવાની થતી સિદ્ધિ બાધિત થઈ શકતી નથી.

**[ સિદ્ધોને ચારિત્ર માનવામાં આગમવચનવિરોધ–ઉત્તરપક્ષ ]**

**સમાધાન :–** છતાં પણ ચારિત્ર–જ્ઞાનાદિ લબ્ધિઓ સાદિસાન્ત છે એવું જણાવનાર આગમનો વિરોધ તો ઊભો જ રહેતો હોવાથી સિદ્ધોને ચારિત્ર માની શકાય નહિ. 'એ લબ્ધિઓના સાદિસાન્તપણાને જણાવનાર આગમમાં પણ વ્યાપારરૂપ લબ્ધિની જ વિવક્ષા હોવાથી તેનાથી સિદ્ધોને સર્વથા ચારિત્રનો અભાવ હોવો સિદ્ધ થતો નથી' એવું માનવામાં પણ દોષ છે કારણ કે તો પછી યોગનિરોધથી જ તેવી ચારિત્રાદિ લબ્ધિઓ ક્ષીણ થઈ જવાથી શૈલેશી અવસ્થામાં પણ તેઓનો અભાવ માનવાની આપત્તિ આવે, ઇત્યાદિ અમે પૂર્વે કહી જ ગયા છીએ. અહીં તો 'આત્મા જ સામાયિક છે' એવા આગમવચનથી જેઓ 'સિદ્ધાવસ્થામાં પણ આત્મસ્વરૂપ ચારિત્રની અનુવૃત્તિ (જીવને અનુસરવાપણું) હોય છે અને તેથી ચારિત્ર હોય છે' એવું સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે તેનો જ નિરાસ કરવાનો પ્રયાસ છે અને એ તો સિદ્ધોમાં યોગાત્માની જેમ ચારિત્રાત્માનો પણ અભાવ કહ્યો હોવાથી સિદ્ધ થઈ જ જાય છે. ॥૧૫૪॥

પોતે કહેલી વાતનું જ સમર્થન કરનારી વાત કહે છે—

**[ સિદ્ધોના ક્ષાયિક ભાવોમાં ચારિત્રની ગણત્રી નથી ]**

**ગાથાર્થ :–** આમ ક્ષાયિક ચારિત્ર પણ સિદ્ધોને ન હોવાથી જ સિદ્ધોના ક્ષાયિકભાવોમાં જ્ઞાન–દર્શનનું જ ગ્રહણ કર્યું છે અને સમ્યક્ત્વને સજાતીય હોવા રૂપે તેનું ગ્રહણ માનવામાં બહુ દોષો આવે છે

क्षायिके हि भावे सिद्धानां ज्ञानदर्शनयोर्ग्रहणमस्ति, यदि च चारित्रमपि तेषामभविष्यत्तर्हि तदप्यग्रहीष्यत् । न चैवं सुखमपि तेषां क्षायिकं न स्यात्, क्षायिकभावे तस्याऽसंगृहीतत्वात्, "[1]तेसिं दंसणं नाणं खइए भावे' इत्येव वचनादिति वाच्यं, नवसु क्षायिकेष्वपरिभाषितस्य तस्याऽग्रहणमात्रेणाभावाऽसंभवात् । 'तर्हि तदन्तर्भूतं सम्यक्त्वमप्यगृहीतमिति तदपि न स्यादि'ति चेत् ? न, अत्र सामान्यसूत्रे तदग्रहणेऽप्यन्यत्र गृहीतस्य तस्य त्यागाऽयोगात् । 'चारित्रमप्यन्यत्र गृहीतमि'ति चेत् ? न, सैद्धान्तिकैस्तदग्रहणात्, प्रत्युत निषेधात् । ज्ञानग्रहणेन दर्शनस्यापि ग्रहणं, दर्शनपदं च सम्यक्त्वपरंएवमवधारणोपपत्तिरित्यपि स्यात् । 'तर्हि सम्यक्त्वग्रहणादेव सजातीयतया चारित्रग्रहणमपि स्यात्',–न स्यात्, वीर्यविशेषरूपतया तस्य वीर्येणैव सजातीयत्वात् । "[2]जह उल्लासाडिया" (आ०नि०९५६) इत्यादि दृष्टान्तेन प्रयत्नविशेषादेव क्षिप्रतरकर्मक्षपणप्रतिपादनात्, निर्ज्जरां कुर्वच्च वीर्यं चारित्रमेव, तस्य तद्व्यापरितयैव सिद्धेः, न च निर्ज्जरामकुर्वच्चारित्रं नाम, स्वभावपरित्यागप्रसंगात् ।

---

સિદ્ધોના ક્ષાયિકભાવો તરીકે જ્ઞાન–દર્શન જ કહ્યા છે જો તેઓને ચારિત્ર પણ હાજર હોત તો તે પણ કહ્યું હોત, પણ કહ્યું નથી. તેથી તે તેઓને હોતું નથી.

**શંકા:–** પણ એ રીતે તો 'તેઓને ક્ષાયિક ભાવમાં દર્શન જ્ઞાન હોય છે' એવા વચનમાં સુખ પણ કહ્યું ન હોવાથી તે પણ ક્ષાયિક હોવાનું માની શકાશે નહિ.

**સમાધાન :–** ક્ષાયિકભાવો તરીકે જે ૯ ભાવો ગણાવ્યા છે તે પરિભાષિત ક્ષાયિક ભાવોમાં સુખને ક્ષાયિક તરીકે ન ગણ્યું હોવા માત્રથી સિદ્ધોને તેનો અભાવ હોવો સિદ્ધ થઈ જતો નથી.

**શંકા :–** છતાં ક્ષાયિક તરીકે ગણેલ નવ ભાવોમાં ગણેલું સમ્યક્ત્વ પણ સિદ્ધોના ક્ષાયિકભાવોમાં ગૃહીત ન હોવાથી સિદ્ધોને તે હોવું માની શકાશે નહિ.

**સમાધાન :–** આ સામાન્યસૂત્રમાં તેનું ગ્રહણ ન હોવા છતાં અન્યત્ર એ ગૃહીત હોવાથી એનો અભાવ માની શકાતો નથી.

**શંકા :–** એમ તો ચારિત્ર પણ અન્યસૂત્રમાં ગૃહીત થવાથી તેનો પણ અભાવ માની શકાય નહિ.

**સમાધાન :–** સિદ્ધાન્તને અનુસરનારા આચાર્યોએ તેનું ક્યાંય ગ્રહણ કર્યું નથી, ઉલ્ટો નિષેધ જ કર્યો છે, તેથી ચારિત્ર હોવું માની શકાય નહિ. અથવા તો જ્ઞાન શબ્દથી જ નિરાકાર ઉપયોગાત્મક દર્શન ઉપયોગત્વસામ્યના કારણે ગૃહીત થઈ જાય છે અને દર્શન શબ્દથી સમ્યગ્દર્શનનું ગ્રહણ છે તેથી સિદ્ધોને જ્ઞાન–દર્શન જ

---

१. तेषां दर्शनं ज्ञानं क्षायिके भावे ।

२. यथाऽऽर्द्रा शाटिकाऽऽशु शुष्यति विस्तारिता सती । तथा कर्मलघुतासमये व्रजन्ति जिनाः समुद्घातम् ॥
जह उल्ला साडीया आसुं सुक्कइ विरल्लिया संती । तहकम्मलहुयसमए वच्चंति जिणा समुग्घायं ॥

एतेन ज्ञानमिव चारित्रं मोक्षे न निष्प्रयोजनमिति पूर्वपक्षोक्तं प्रत्युक्तं, प्रकाशरूपज्ञानव्यापारस्य तदानीं सत्त्वेऽपि निर्जरारूपस्य चारित्रव्यापारस्याऽभावात् । 'प्रथमसमय एवैकहेलया सकलप्रकाशादुत्तरकालं ज्ञानस्य 'निष्प्रयोजनत्वमि'ति चेत् ? न, ज्ञेयाकारवैचित्र्येण तद्वैचित्र्यात् । अत एव सिद्धेष्वपि त्रैलक्षण्यं व्यवतिष्ठते, चारित्रस्य तु न तदा कश्चिदुपयोग इति तत्त्वम् । यदि च शुभ(?द्ध)परिणामः सम्यक्त्वं शुद्धतरपरिणामश्च चारित्रमिति सम्यक्त्वजातीयमेव तदिष्यते न वीर्यजातीयं, तदा तद्वदेव तन्निरपेक्षं तत्स्यात्, इत्याद्यूह्यम् ।

---

ક્ષાયિક હોય છે એવું અવધારણ પણ ઉત્પન્ન થઈ જાય છે.

**શંકા** :– તો પછી ચારિત્ર પણ સમ્યક્ત્વને સજાતીય હોવાથી સમ્યક્ત્વના ગ્રહણથી ગૃહીત જ માનવું જોઈએ.

**[ નિર્જરા ન કરનાર ચારિત્ર નથી ]**

**સમાધાન** :– ના, એમ માની શકાતું નથી કારણ કે ચારિત્ર વીર્યવિશેષરૂપ હોવાથી વીર્યનું સજાતીય જ છે સમ્યક્ત્વનું નહિ, કારણ કે 'जह उल्ला साडिया' ઈત્યાદિ દૃષ્ટાન્ત દ્વારા પ્રયત્નવિશેષથી જ વધુ ઝડપી કર્મક્ષય થવાનું પ્રતિપાદન કર્યું છે અને નિર્જરા કરતું પ્રયત્નવિશેષાત્મક એ વીર્ય જ ચારિત્ર છે, કારણ કે વીર્યના વ્યાપારભૂત નિર્જરા કરનાર તત્ત્વ તરીકે ચારિત્રની સિદ્ધિ છે. અને નિર્જરા ન કરનાર કંઇ ચારિત્ર કહેવાતું નથી, કારણ કે એમ હોવામાં નિર્જરાકરવારૂપ સ્વભાવ ગુમાઈ જવાની આપત્તિ આવે છે.

આથી જ "જેમ જ્ઞાન મોક્ષમાં નિષ્પ્રયોજન નથી તેમ ચારિત્ર પણ નિષ્પ્રયોજન નથી" એવું પૂર્વપક્ષોક્ત વચન નિરસ્ત જાણવું કારણ કે પ્રકાશાત્મક જ્ઞાનવ્યાપાર ત્યારે હાજર હોવા છતાં નિર્જરાત્મક ચારિત્રવ્યાપાર ત્યાં હાજર હોતો નથી.

**શંકા** :– સંપૂર્ણ જ્ઞેય પદાર્થોનો પ્રથમસમયે એક સાથે જ પ્રકાશ કરી દેતું હોવાથી ઉત્તરકાળમાં જ્ઞાન પણ નિષ્પ્રયોજન છે.

**સમાધાન** :– જ્ઞેયાકારની વિચિત્રતા થયા કરતી હોવાથી જ્ઞાન પણ બદલાયા કરતું હોવાના કારણે નવો નવો પ્રકાશ કર્યા કરવારૂપ પ્રયોજન ઉત્તરકાળમાં પણ હોય જ છે અને આ રીતે કેવલજ્ઞાનની પણ વિચિત્રતા માનવામાં આવે તો જ સિદ્ધોમાં પણ ત્રૈલક્ષણ્ય=(ઉત્પાદ–વ્યય–ધ્રુવતા) હોવું ઘટે છે. ચારિત્રનો તો ત્યારે કોઈ ઉપયોગ ન હોવાથી એ નિષ્પ્રયોજન જ છે.

**[ ચારિત્ર, સમ્યક્ત્વજાતીય નથી ]**

વળી 'શુભ (કે શુદ્ધ ?) પરિણામ સમ્યક્ત્વ છે અને શુદ્ધતર પરિણામ ચારિત્ર છે તેથી ચારિત્ર સમ્યક્ત્વજાતીય જ છે વીર્યજાતીય નહિ' એવું જ જો હોય તો તો સમ્યક્ત્વની જેમ ચારિત્ર પણ વીર્યને નિરપેક્ષ બની જાય વગેરે સ્વયં વિચારવું વળી ચારિત્ર જો સમ્યક્ત્વ જેવું જ હોય તો, સમ્યક્ત્વની પ્રતિજ્ઞા જયાં સુધી મારો ભાવ પડી

किञ्च सम्यक्त्ववदेव यदि चारित्रं स्यात् तदा तद्वदेव तस्य भावतो यावदेष परिणामो न परिपततीति प्रतिज्ञा स्याद्, यक्षावेशादिना श्रद्धानरूपमानसपरिणामस्येव प्रत्याख्यानरूपमानसपरिणामस्यापि परिक्षयसंभवात्। अथ प्रतिज्ञेयश्रद्धानोपलक्षितं सम्यक्त्वं विना स्थितिक्षयं यक्षावेशादिनापि न निवर्त्तते, अन्यथा तन्निवृत्तौ चारित्रनिवृत्तेरावश्यकत्वात्। एवं प्रतिज्ञेयक्रियोपलक्षितं चारित्रमपि न तन्निवृत्तौ निवर्त्तते, तथा च प्रतिज्ञेययोस्तयोरसाजात्येऽपि तदुपलक्षितयोस्तयोस्तात्त्विकयोः साजात्यान्न दोषः इति चेत्? नूनं क्रियापि न सामायिकप्रतिज्ञाविषयः, यावज्जीवनाधिककालन्यूनवृत्तित्वान्निरुद्धयोगाद्यवस्थायां तदभावात्।

अपि च तात्त्विकमेव चारित्रं भावश्रुतसङ्कल्पविषयः, अत एव जघन्यतस्तस्य समयमात्रं कालमानमुक्तं, भवान्त्यसमय एव तादृशसङ्कल्पसंभवात्ततः परं च तदुपरमात्, देशविरतेस्तु नानाभङ्गविकल्पकवलिततया न तथात्वमिति। एवं च भावश्रुतसङ्कल्पविषयकालनाशादेव सिद्धि-

---

ન જાય ત્યાં સુધીની કરવામાં આવે છે તેમ ચારિત્રની પણ યાવજજીવની ન કરાતાં યાવદ્ભાવની જ કરાવી જોઈએ, કારણ કે ભૂતાવેશાદિના કારણે શ્રદ્ધારૂપ માનસ પરિણામ પડી જવાની જેમ પ્રત્યાખ્યાનરૂપ માનસ પરિણામ પડી જવા પણ સંભવિત હોવાથી યાવજજીવની પ્રતિજ્ઞા કરવામાં પચ્ચક્ખાણભંગનો દોષ સંભવિત જ છે.

શંકા :– પ્રતિજ્ઞાના વિષયની જે શ્રદ્ધા એ શ્રદ્ધા સમ્યક્ત્વનું લક્ષણ નથી કિન્તુ ઉપલક્ષણ છે. તેથી યક્ષાવેશાદિથી એ શ્રદ્ધા પડી જવા માત્રથી કંઈ સમ્યક્ત્વ ચાલી જતું નથી પણ તેનો સ્થિતિક્ષય થાય તો જ નિવૃત્ત થાય છે. નહિતર તો સાધુને યક્ષાવેશાદિ થએ છતે સમ્યક્ત્વ નિવૃત્ત થઈ જવાના કારણે ચારિત્ર પણ નિવૃત્ત થઈ જવાની આપત્તિ આવે. એમ પ્રતિજ્ઞાના વિષયને લગતી ક્રિયાથી ચારિત્ર ઉપલક્ષિત છે, લક્ષિત નહિ અને તેથી યક્ષાવેશાદિના કારણે એ ક્રિયા કદાચ નિવૃત્ત થઇ જાય તો પણ એટલા માત્રથી કંઈ ચારિત્ર નિવૃત્ત થઈ જતું નથી. આમ તે બેના શ્રદ્ધા અને ક્રિયારૂપ પ્રતિજ્ઞેય સજાતીય ન હોવા છતાં શ્રદ્ધા અને ક્રિયાથી ઉપલક્ષિત હોઈ તાત્ત્વિક આત્મપરિણતિરૂપ એવા તે બે સજાતીય છે. માટે દર્શનના ગ્રહણથી ક્ષાયિકચારિત્ર પણ ગૃહીત થઈ જાય છે

**સમાધાન** :– સામાયિકની પ્રતિજ્ઞાનો વિષય ક્રિયા પણ નથી કારણ કે ચારિત્ર તો યાવજજીવ હોય છે જ્યારે શૈલેશી આદિ અવસ્થામાં ક્રિયા તો હોતી નથી.

**[ ભાવશ્રુતસંકલ્પાત્મક પ્રતિજ્ઞાનો વિષય–તાત્ત્વિકચારિત્ર ]**

વળી તાત્ત્વિક ચારિત્ર જ ભાવશ્રુત સંકલ્પાત્મક પ્રતિજ્ઞાનો વિષય છે તેથી જ તો ચારિત્રનો જઘન્ય કાળ ૧ સમય કહ્યો છે કારણ કે ભવના ચરમસમયે પણ તેનો સંકલ્પ સંભવિત છે કે જેનો પછીના સમયરૂપ પરભવ આદ્ય સમયે અભાવ હોય છે. દેશવિરતિ તો અનેક ભાંગાના વિકલ્પોવાળી હોવાથી માત્ર એક સમય માટે હોય શકતી નથી. આમ ભાવશ્રુતસંકલ્પના વિષયભૂતકાળનો નાશ થઈ ગયો હોવાથી જ

गतावपि चारित्रस्य नाश इति युक्तमुत्पश्यामः । एवं च यावज्जीवमेवेति सावधारणप्रतिज्ञापि व्याख्याता । जीवनविशिष्टकाल एव प्रतिज्ञा न तु तदुपलक्षित इत्यत्र तत्तात्पर्यात् । यस्त्वे (?स्त्वे)वकारस्यात्रान्ययोगव्यवच्छेदकतया परभवेऽविरतिमासेवयिष्यामीति विपरीतप्रतिज्ञाप्रसङ्गो निह्नवपरिकल्पितो दोषः सोऽन्यत्रापि समानः । परभवानुबन्ध्यविरतिप्रयुक्तप्रतिज्ञाभङ्गभीरुतया क्रियमाणादवधारणादुज्जृम्भमाणेन प्रतिपन्थिना शुभाध्यवसायेन न तादृशप्रतिज्ञाप्रसङ्ग इति समाधानमपि तुल्यम् ॥१५५॥ अथप्रकृतोपसंहारायाह—

**अम्हं णाभिनिवेसो सिद्धाण अचरणस्स पक्खंमि ।**
**तहवि भणिमो न तीरइ जं जिणमयमन्नहाकाउं ॥१५६॥**

(अस्माकं नाभिनिवेशः सिद्धानामचारित्रस्य पक्षे । तथापि भणामो न शक्यते जिनमतमन्यथाकर्तुम् ॥१५६॥)

---

નષ્ટ થએલ ચારિત્રનો સિદ્ધાવસ્થામાં અભાવ હોવો અમને યુક્ત લાગે છે. આ જ રીતે 'યાવજ્જીવમેવ' એવી સાવધારણ પ્રતિજ્ઞાનું પણ વ્યાખ્યાન જાણી લેવું. કારણ કે જીવન વિશિષ્ટકાળ અંગે જ એ પ્રતિજ્ઞા છે નહિ કે તદુપલક્ષિત અધ્યવસાય અંગે. આ રીતે કાળ અંગે પ્રતિજ્ઞા કરવામાં 'જ'કાર અન્યયોગ વ્યવચ્છેદક હોવાથી (અર્થાત્ 'યાવજ્જીવ જ'નો અર્થ એ કે આ સિવાયના અન્ય જીવનમાં=પરભવમાં વિરતિની પ્રતિજ્ઞાનો યોગ ન હોવાથી) 'પરભવમાં અવિરતિનું આસેવન કરીશ' એવી વિપરીત પ્રતિજ્ઞા ફલિત થવાની આપત્તિ આવવારૂપ ગોષ્ઠામાહિલ નિહ્નવથી પરિકલ્પિત દોષ આવે છે એવું માનવું નહિ, કારણ કે એ તો અધ્યવસાય અંગે પ્રતિજ્ઞા માનવામાં પણ સમાન જ છે.

**શંકા** :– પરભવ સાથે સંકળાએલી અવિરતિના કારણે અવશ્ય થનાર પ્રતિજ્ઞાભંગનો ભય હોવાથી જ અવધારણ કરાય છે અને તેથી અવિરતિને વિરોધી શુભ અધ્યવસાય પ્રગટે છે અર્થાત્ પરભવમાં તો વિરતિનું પાલન નિશ્ચિત જ નથી. તેથી યાવત્કાલની પ્રતિજ્ઞા હોવામાં મારી પ્રતિજ્ઞાનો ભંગ ન હો ! એવા અને, પરભવની વાત મારા હાથમાં પણ નથી પણ આ ભવમાં તો અવિરતિનું આસેવન ન જ કરું ઈત્યાદિરૂપ શુભઅધ્યવસાયો 'જ'કારથી જ પ્રાપ્ત થાય છે. તેથી 'જ'કાર યુક્ત પ્રતિજ્ઞા પણ વિપરીત પ્રતિજ્ઞારૂપ થવાની આપત્તિ નથી. આમ અધ્યવસાયને પ્રતિજ્ઞેય માનવામાં કોઈ દોષ નથી.

**સમાધાન** :–કાળ અંગે પણ આવો શુભ અધ્યવસાય જાગવો સમાન જ હોવાથી કાળને પ્રતિજ્ઞેય માનવામાં કોઈ દોષ નથી. ॥૧૫૫॥

## [ સિદ્ધોમાં ચારિત્રાભાવની ચર્ચાનો ઉપસંહાર ]

હવે સિદ્ધોને ચારિત્ર હોતું નથી. એ પ્રસ્તુત વાતનો ઉપસંહાર કરતાં સૈદ્ધાન્તિક કહે છે–

**ગાથાર્થ** :–સિદ્ધોને ચારિત્ર હોતું નથી; એવું માનવામાં અમારે કોઈ અભિનિવેશ નથી. છતાં પણ એટલું તો જરૂર કહીએ છીએ કે જિનમતને ફેરવી શકાય તેમ નથી,

स्पष्टा ॥१५६॥ एवं च सैद्धान्तिकमते समर्थिते चारित्रं कथं सिद्धानां गुणोऽभिहितः? इति महापूर्वपक्षं समाधातुमाह—

**जइवि इमो सिद्धंतो इट्ठं केसिंचि तहवि सूरीणं ।**

**सिद्धाणं चारित्तं तेसि मए तं मएभिहिअं ॥१५७॥**

(यद्यप्ययं सिद्धान्त इष्टं केषांचित् तथापि सूरीणाम् । सिद्धानां चारित्रं तेषां मते तन्मयाभिहितम् ॥१५७॥)

यद्यप्युक्तयुक्तिभिः सिद्धानां चारित्रं नास्तीति सिद्धान्तितं, तथाप्येता युक्तयो द्वीपमिव जलधिकल्लोलमालाः परावृत्य परावृत्य—

'सम्मत्तचरित्ताइं साइ संतो अ उवसमिओ अ ।

दाणाइलद्धिपणगं चरणंपि य खाइओ भावो ॥ [वि०आ०भा०]

'सम्मत्तनाणदंसणसिद्धत्ताइं तु साइओ णंतो । त्ति भाष्यमेवानुधावन्ति, तदेव च परे सूरयो न सहन्ते, क्षायिकभावस्य नाशानभ्युपगमाद्, यदभ्यधायि मलयगिरिचरणैः—

---

ગાથાર્થ સ્પષ્ટ છે. ॥૧૫૬॥

સિદ્ધોને ચારિત્ર હોતું નથી એવા સૈદ્ધાન્તિક મતનું આ રીતે સમર્થન કર્યે છતે "તમે સિદ્ધોના આઠ ગુણોમાં ચારિત્ર શા માટે કહ્યું?" એવા ઉભા થતા મહાપૂર્વપક્ષનું સમાધાન કરવા ગ્રંથકાર કહે છે કે—

**ગાથાર્થ**:—જો કે સિદ્ધોને ચારિત્ર હોતું નથી એ સિદ્ધાન્ત છે છતાં કેટલાક આચાર્યોને તે હોવું માન્ય છે. તેથી તેઓના મતને અનુસરીને જ સિદ્ધના ગુણોમાં ચારિત્રનો સમાવેશ કર્યો છે.

**[ સિદ્ધગુણોમાં ચારિત્રની ગણતરી અન્યાચાર્યમતે ]**

જો કે આગળ કહી ગયા એ યુક્તિઓ વડે 'સિદ્ધોને ચારિત્ર હોતું નથી' એવો સિદ્ધાન્ત સ્થપાયો છે તો પણ જેમ સમુદ્રના તરંગો પરાવૃત્ત થઈ થઈને દ્વીપ તરફ જ પાછા આવે છે તેમ એ યુક્તિઓ પણ—"સમ્યક્ત્વ અને ચારિત્ર ઔપશમિક ભાવે સાદિસાન્ત છે જ્યારે દાનાદિલબ્ધિપંચક અને ચારિત્ર સાદિસાન્ત ક્ષાયિક ભાવે છે. તેમજ સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન અને સિદ્ધત્વ સાદિ-અનંત ક્ષાયિક ભાવ છે" એવા ભાષ્યને જ અનુસરે છે. ક્ષાયિક ભાવનો નાશ ન માનતા બીજા કેટલાક આચાર્યોને એ ભાષ્ય જ યુક્તિ સહ્ય ન લાગવાથી તેઓ સિદ્ધોને ચારિત્ર હોવું માને છે. શ્રી **મલયગિરિ મહારાજે** કહ્યું છે કે "બીજાઓ તો સિદ્ધોને દાનાદિ લબ્ધિપંચક અને ચારિત્ર પણ માને છે કારણ કે તેના આવરણનો ત્યાં પણ અભાવ છે. આવરણની ગેરહાજરીમાં પણ એ ગુણો ગેરહાજર રહી શકતા હોય તો તો ક્ષીણમોહાદિ ગુણઠાણાઓમાં પણ તેઓની ગેરહાજરી

---

१. सम्यक्त्व चारित्रे सादिसान्तश्चौपशमिकोऽयम् । दानादिलब्धिपञ्चकं चारित्रमपि च क्षायिको भावः ॥

२. अस्योत्तरार्धः— नाणं केवलवज्जं साई संतो खओसमो ॥

[सम्यक्त्व-ज्ञान-दर्शन-सिद्धत्वानि तु सादिकोऽनन्तः । ज्ञानं केवलवर्जं सादिःसान्तः क्षयोपशमः ॥

"अन्ये तु दानादिलब्धिपञ्चकं चारित्रं च सिद्धस्यापीच्छन्ति, तदावरणस्य तत्राप्यभावात्, आवरणाभावेऽपि च तदसत्त्वे क्षीणमोहादिष्वपि तदसत्त्वप्रसङ्गात्, ततस्तन्मतेन चारित्रादीनां सिद्धावस्थायामपि सद्भावेनाऽपर्यवसितत्वादेकस्मिन् द्वितीयभङ्ग एव क्षायिको भावो न शेषेषु त्रिषु" इति। ततश्च तन्मतोपष्टम्भेनास्माभिश्चारित्रं सिद्धगुणेषु परिगणितं, साम्प्रदायिकस्य मतस्यात्यन्ताऽवर्जनीयत्वात्।

नन्विदं मतं न युक्तं, चारित्रस्य प्रतिज्ञाविषयीकृतकालनाशनाश्यत्वादिति चेत्? न, परभवानुबन्ध्यविरतिपरिणामादेव चारित्रनाशसम्भवेन सहभूतस्य प्रतिज्ञाविषयीकृतकालनाशस्याऽन्यथासिद्धत्वेन तन्नाशकत्वायोगात्, अन्यथा सम्यक्त्वप्रतिज्ञाविषयीभूतयावज्जीवनावधिककालनाशात्, परभवे सम्यक्त्वस्याप्यनुवृत्तिर्न स्यात्। 'सम्यक्त्वाभिव्यञ्जकस्याचारविशेषस्यैवासौ कालः प्रतिज्ञायत' इति चेत्? तर्हि चारित्राभिव्यञ्जकस्याप्याचारविशेषस्यैव कालः प्रतिज्ञायत इति तुल्यं, भावश्रुतसङ्कल्पविषयत्वमप्युभयोस्तुल्यमेव।

---

માનવી પડે. તેથી તેઓને મતે ચારિત્રાદિ સિદ્ધાવસ્થામાં પણ હાજર હોવાથી સાદિ-અપર્યવસિત હોય છે અને તેથી કોઇ ક્ષાયિકભાવ સાદિસાન્ત ન રહેવાથી ક્ષાયિકભાવ માત્ર સાદિઅનંતાત્મક દ્વિતીય ભાંગામાં જ હોય છે, અનાદિ અનંતાદ્યાત્મક શેષ ૩ ભાંગાઓ નહિ." તેઓનો આ સાંપ્રદાયિકમત અત્યંત અવર્જનીય હોવાથી તેને આશ્રીને જ અમે સિદ્ધગુણોમાં ચારિત્ર કહ્યું છે.

શંકા :–પ્રતિજ્ઞાના વિષયભૂત કાળના નાશથી ચારિત્ર પણ નષ્ટ થઇ જતું હોવાથી આ મત યુક્ત નથી.

**[ પ્રતિજ્ઞેય કાળનાશ ચારિત્રનો અનાશક ]**

**સમાધાન** :–પરભવસાથે સંકળાએલ અવિરતિપરિણામથી જ ચારિત્રનાશ સંભવિત હોવાથી સાથે રહેલ પ્રતિજ્ઞેયકાળનો નાશ તો અન્યથાસિદ્ધ જ છે. તેથી તેને ચારિત્ર નાશક માની શકાય નહિ. નહીંતર તો સમ્યક્ત્વની પ્રતિજ્ઞાના વિષયભૂત યાવજ્જીવન સુધીનો કાળ પરભવમાં નષ્ટ હોવાથી સમ્યક્ત્વ પણ ત્યાં સાથે આવેલું માની શકાશે નહિ.

શંકા :–સમ્યક્ત્વને વ્યક્ત કરનાર આચારવિશેષના કાળની જ એમાં પ્રતિજ્ઞા હોય છે સમ્યક્ત્વકાળની નહિ, તેથી તે કાળનો નાશ થવાના કારણે આચારવિશેષની જ પરભવમાં અનનુવૃત્તિ માનવાની રહે છે સમ્યક્ત્વની નહિ અને એ તો અદુષ્ટ જ છે.

**સમાધાન** :–તો પછી એ રીતે ચારિત્રની પ્રતિજ્ઞા પણ ચારિત્રાભિવ્યંજક આચાર વિશેષના કાળની જ હોવાથી તે કાળના નાશથી આચારવિશેષની જ સિદ્ધમાં અનનુવૃત્તિ ફલિત થશે, ચારિત્રની નહિ. એમ ભાવશ્રુતસંકલ્પવિષયતા પણ સમ્યક્ત્વ અને ચારિત્ર અંગે તુલ્ય જ હોવાથી પરભવમાં સમ્યક્ત્વાનુવૃત્તિની જેમ સિદ્ધાવસ્થામાં ચારિત્રાનુવૃત્તિ હોવાના કારણે એ ત્યાં હોવું અયુક્ત નથી.

नन्वेवं यदि चारित्रं मोक्षगतावनुवर्तते तर्हि उपशान्तमोहेषु लवसप्तमादिष्वपि तदनुवृत्तिप्रसङ्ग इति चेत्? न, तेषामप्रविचारमात्रेणैवोपशान्तमोहत्वोक्तेः, तत्त्वतस्तु तेऽप्युदितचारित्रमोहा एवेति कथं तत्संभवः? 'चारित्रानुवृत्त्या मोहोदयाभाव एव तत्रापाद्यते (? तत्र किं नापाद्यते ?)' इति चेत्? तत्र भवस्वभाव एव शरणम्, अन्यथा तिरश्चामपि देशविरतिः श्रूयते न तु तेषामित्यत्र किं नियामकम्? 'चरणदानादिलब्धीनां तत्र किं फलम्?' इति चेत्? भवदभिमतं न किञ्चिद्, न चैतावता काचन हानिरस्ति, न हि प्रयोजनक्षतिभिया सामग्री कार्यं नार्जयति, स्वभावस्तु तासामक्षत एव, विषयोपनिपाताभावमात्रेणैव व्यक्तीनामजननात्,

---

**શંકા :–** તમારા કહેવાનો અભિપ્રાય એ છે કે યાવજ્જીવનાત્મક પ્રતિજ્ઞેયકાળનો નાશ થયો હોવા છતાં ચારિત્રમોહોદયાત્મક ચારિત્ર નાશક તત્ત્વ સિદ્ધાવસ્થામાં ન હોવાથી ત્યાં ચારિત્રની અનુવૃત્તિ હોય છે. પરંતુ આવું માનવામાં આપત્તિ એ આવે છે કે એ રીતે તો મૃત્યુ પામીને લવસત્તમાદિ (સર્વાર્થસિદ્ધાદિ) ગતિમાં જનાર જીવોને પણ ચારિત્રની અનુવૃત્તિ માનવી પડે, કારણ કે તેઓને મોહ ઉપશાન્ત થયેલ કહ્યો હોવાથી ચારિત્ર મોહોદયાત્મક નાશક તત્ત્વ હોતું નથી.

**[ અનુત્તરવાસીને ચારિત્રાનુવૃત્તિની આપત્તિ નથી ]**

**સમાધાન :–** આ વાત બરાબર નથી કારણ કે માત્ર પ્રવિચારતા=મૈથુન ન હોવાના કારણે જ તેઓને ઉપશાન્તમોહ કહ્યા છે. હકીકતમાં તો તેઓને પણ ચારિત્રમોહનીય કર્મોનો ઉદય તો હોય જ છે, તેથી તેઓને પૂર્વભવનું ચારિત્ર શી રીતે અખંડિત રહી શકે?

**શંકા :–** ચારિત્રની અનુવૃત્તિ ન થાય એ માટે તેઓને આ રીતે ચારિત્રમોહના ઉદયવાળા માનો છો એના બદલે ઉપશાન્તમોહ કહ્યા હોવાથી ચારિત્રાનુવૃત્તિ માનીને મોહોદયાભાવ જ કેમ માનતા નથી?

**સમાધાન :–** એમાં તેઓને એવા ભવસ્વભાવને જ કારણ માનવું પડે છે. અર્થાત્ તેઓનો ભવસ્વભાવ જ એવો છે કે ચારિત્રમોહનો ઉદય હોય જ અને ચારિત્રની અનુવૃત્તિ ન જ હોય. આ રીતે ભવસ્વભાવને જ કારણ માનવાનું ન હોય તો તિર્યંચોને પણ દેશવિરતિ હોવી સંભળાય છે. તેમ દેવોને કેમ નહિ? એ ન હોવામાં નિયામક કોણ? ઈત્યાદિ પ્રશ્નો ઉભા થશે. તેથી ચારિત્ર મોક્ષગતિમાં જીવોને અનુસરતું હોવા માત્રથી દેવગતિમાં અનુસરનારું માનવાની આપત્તિ આવતી નથી.

**શંકા :–** જો મોક્ષમાં પણ જીવની સાથે ચરણદાનાદિ લબ્ધિઓ જતી હોય તો ત્યાં તેઓનું જીવને ફળ શું?

**[ મોક્ષમાં ચારિત્રાદિ સ્વભાવ અક્ષત ]**

**સમાધાન :–** તમને જેવું અભિમત છે એવું તો કોઈ ફળ હોતું નથી. પણ એટલા માત્રથી ચારિત્રસત્તાની માન્યતા ધવાઈ જતી નથી. કારણ કે "કાર્યનું કોઈ

अन्यथा प्रागिव परिणामविवर्त्तानजनयन् सिद्धोऽपि नूनं निःस्वभावः स्यात्। 'ऋजुसूत्रनयेन प्रतिक्षणं शुद्धपरिणामान् जनयत्येवासावि'ति चेत्? तर्हि तन्नयेनैव पूर्वपूर्वक्षणापन्नास्ता अपि उत्तरोत्तरक्षणाक्रान्तास्ता जनयन्तीति तुल्यम्। 'प्राक्तनफलं न जनयन्ती'ति चेत्? प्राक्तनं फलमसावपि न जनयतीति तुल्यम्!

अथ चारित्रं यद्यध्यवसायरूपं तर्हि तस्योपयोगरूपत्वेन केवलिनामुपयोगत्रयापत्तिः, यदि च योगस्थैर्यरूपं तदा तद्विलयादेव तद्विलय इति चेत्? न, अध्यवसायरूपत्वेऽपि तस्य सम्यक्त्वस्येवोपयोगत्वेनाऽविवक्षणात्, वीर्यविशेषरूपत्वेऽप्यनन्तवीर्येषु सिद्धेषु तत्संभवात्।

---

પ્રયોજન નથી" એવા ભયમાત્રથી સામગ્રી કાર્યોત્પાદ ન કરે એવું બનતું નથી. તેથી ચારિત્રમોહાદિકર્મક્ષયરૂપ સામગ્રી ચારિત્રાદ્યાત્મક સ્વભાવોને ઉત્પન્ન તો કરે જ છે. તેમજ મોક્ષાવસ્થામાં એ સ્વભાવ પણ અક્ષત જ હોય છે. માત્ર પોતપોતાના વિષયની પ્રાપ્તિ થતી ન હોવાથી એ સ્વભાવો વ્યક્ત થતા નથી. નહીંતર તો (એટલે કે જુદા જુદા પરિણામો વ્યક્ત ન થવા માત્રથી સ્વભાવ પણ હોતો નથી એવું માનવામાં તો) મુક્ત જીવ પૂર્વે જેવા પરિણામવિવર્ત્તોને ઉત્પન્ન કરતો હતો તેવા હવે કરતો ન હોવાથી તેનો કોઈ સ્વભાવ વ્યક્ત થતો ન હોવાને કારણે એ નિઃસ્વભાવ જ થઈ જશે.

**શંકા** :– ઋજુસૂત્રનયને અનુસરીને એ પ્રત્યેક સમયે શુદ્ધ પરિણામોને ઉત્પન્ન કરતો જ હોવાથી નિઃસ્વભાવ થઇ જવાની આપત્તિ નથી.

**સમાધાન** :– તો તો પછી એ જ રીતે પૂર્વપૂર્વક્ષણાક્રાન્ત તે તે લબ્ધિઓ ઉત્તરોત્તરક્ષણાક્રાન્ત લબ્ધિઓને ઉત્પન્ન કરતી જ હોવાથી તે તે સ્વભાવ ત્યાં પણ માનવામાં કોઇ બાધ નથી. તેમજ એ લબ્ધિઓ નિષ્પ્રયોજન પણ રહેશે નહિ.

**શંકા** :– છતાં એ લબ્ધિઓ ભવસ્થાવસ્થામાં જેવું ફળ આપતી હતી તેવું તો આપતી ન જ હોવાથી તેઓને પોતાના સ્વભાવવાળી માની શકાય નહિ.

**સમાધાન** :– પ્રાક્તનફળને ઉત્પન્ન ન કરતી હોવા માત્રથી સ્વભાવવાળી માની શકાતી ન હોય તો તો જીવ પણ પ્રાક્તન ફળોને ઉત્પન્ન કરતો ન હોવાથી સ્વભાવ વિનાનો થઈ જશે!

**શંકા** :– છતાં ચારિત્ર જો અધ્યવસાયરૂપ હોય તો એ ઉપયોગાત્મક થવાથી કેવળીઓને ૩ ઉપયોગ હોવાની આપત્તિ આવે અને જો યોગસ્થૈર્યરૂપ હોય તો યોગનો વિલય થયો હોવાથી જ એનો વિલય માની લેવો પડશે.

**[ સમ્યક્ત્વજાતીયપરિણામવિશેષ જ ચારિત્ર ]**

**સમાધાન** :– અધ્યવસાયરૂપ હોવા છતાં ચારિત્રની સમ્યક્ત્વની જેમ ઉપયોગ તરીકે વિવક્ષા કરી ન હોવાથી ૩ ઉપયોગ હોવાની આપત્તિ આવતી નથી, તેમજ વીર્યવિશેષરૂપ હોવામાં પણ અનંત વીર્યવાળા સિદ્ધોમાં તે અસંભવિત નથી. વસ્તુતઃ તો સમ્યક્ત્વજાતીય પરિણામ વિશેષ જ ચારિત્ર છે નહિ કે વીર્યવિશેષ. નહિતર તો

वस्तुतः सम्यक्त्वजातीयः परिणामविशेषश्चारित्रं न तु वीर्यविशेषरूपं, अन्यथा चारित्रमोहनीयप्रकृतयो वीर्यान्तरायप्रकृतित्वमासादयेयुः । न चैवं प्रयत्नरूपतां विना चारित्रस्य मोक्षजनकत्वं न स्यात्, अन्यथा तस्याऽपुरुषार्थत्वप्रसङ्गादिति वाच्यं, लब्धिवीर्यस्य करणवीर्यमात्रव्यापारकत्वेऽपि कर्मक्षपणस्य चारित्रव्यापारत्वात्, क्रियारूपचारित्रान्तर्भावितप्रयत्नमादायैव मोक्षस्य पुरुषार्थत्वात् । एवं च सिद्धे सिद्धानां चारित्रे तदचारित्रप्रतिपादकानि वचनान्येकदेशमादायैव विश्राम्यन्तीति किमतिप्रसक्तानुप्रसक्त्या ? ॥१५७॥

अथैतेषां स्वभावक्रियास्वरूपमाह—

तेसिं सव्वा किरिया सहावसिद्धा पणट्ठकम्माणं ।
छण्हंपि कारगाणं एगट्ठे जं समावेसो ॥१५८॥

(तेषां सर्वा क्रिया स्वभावसिद्धा प्रणष्टकर्म्मणाम् । षण्णामपि कारकाणामेकार्थे यत्समावेशः ॥१५८॥)

तेषां सिद्धानां सर्वापि क्रिया स्वभावसिद्धा, परापेक्षाविरहात् । नन्वभेदे कथं कर्तृकर्मभावः ? न, अभेदेऽपि षण्णां कारकाणामेकत्र समावेशाद्, 'विवक्षावशात् कारकाणि

---

ચારિત્રમોહનીય પ્રકૃતિઓ પણ વીર્યાન્તરાયની પ્રકૃતિએ જ બની જાય. કારણ કે વીર્યાન્તરાયની જેમ તેઓનું કાર્ય પણ વીર્યવિશેષને રોકવાનું જ છે.

**શંકા :–** પણ આ રીતે પરિણામવિશેષરૂપ જ માનવામાં અને પ્રયત્નરૂપ ન માનવામાં ચારિત્ર મોક્ષજનક બની શકશે નહિં, કારણ કે મોક્ષ પ્રયત્નજન્ય છે. છતાં પરિણામરૂપ ચારિત્રને મોક્ષજનક માનવું જ હોય તો મોક્ષ અપુરુષાર્થ બની જશે કારણ કે તે અપ્રયત્નજન્ય છે.

**સમાધાન :–** એવી આપત્તિ નથી કારણ કે કોઈ પણ કરણવીર્યાત્મક વ્યાપાર લબ્ધિવીર્યનો હોવા છતાં કર્મક્ષપણાત્મક વ્યાપાર ચારિત્રનો હોવાથી ચારિત્ર એ મોક્ષજનક બની શકે છે. વળી ક્રિયારૂપ ચારિત્રમાં અંતર્ભૂત પ્રયત્નને આશ્રીને જ મોક્ષમાં પુરુષાર્થત્વ મનાયું છે તેથી મોક્ષ ચારિત્રજન્ય હોવાની વાત અક્ષત જ છે. આમ સિદ્ધોને ચારિત્રની સત્તા પણ સિદ્ધ થતી હોવાથી તેઓને ચારિત્ર હોતું નથી એવું જણાવનાર વચનો ક્રિયાત્મક ચારિત્રૈકદેશને આશ્રીને જ કહ્યા છે એવું નક્કી થાય છે. હવે વધુ ચર્ચાથી સર્યું. ॥ ૧૫૭ ॥

આવા સિદ્ધોની સ્વભાવક્રિયાના સ્વરૂપને જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે–

**[ સિદ્ધોની સર્વક્રિયા સ્વભાવસિદ્ધ ]**

**ગાથાર્થ :–** જેઓના આઠે કર્મો નષ્ટ થઈ ગયા છે તેવા તે સિદ્ધોની સર્વ ક્રિયાઓ સ્વભાવસિદ્ધ હોય છે. કારણ કે છ એ કારકોનો સ્વાત્મરૂપ એક જ પદાર્થમાં સમાવેશ થયો હોય છે.

તે સિદ્ધોને કોઈ પરાપેક્ષા રહી ન હોવાથી સર્વક્રિયાઓ સ્વભાવસિદ્ધ હોય છે

भवन्तीति न्यायात् । तथाहि– ज्ञानादन्यो (? दनन्यो)ऽप्यात्मा ज्ञप्तिक्रियायां स्वतन्त्रः प्रयोक्तेति कर्त्ता, ज्ञप्तिक्रिया च तेन स्वतन्त्रेण प्राप्यमाणत्वात् कर्म । न चाऽलब्धस्य लाभः प्राप्तिरिति लब्धाया एव तस्याः कथं प्राप्तिः ? इति वाच्यम्, उत्तरोत्तरक्षणविशिष्टायास्तस्या अलब्धाया एव लाभात्, अविष्वग्भावस्यैव वा नैश्चयिकप्राप्तिरूपत्वाद् । एवं येन ज्ञानस्वभावेनासौ ज्ञप्तिं जनयति स एव ज्ञानस्वभावः साधकतमत्वात् करणम्, यदर्थमसौ ज्ञप्तिक्रियां जनयति तदस्यैव स्वरूपं सम्प्रदानं, यतश्च ज्ञेयाकारकरम्बितस्वरूपाद्विश्लेषे उत्तरस्वरूपादानं तदपादानं, यदेव चानयोस्ताद्रूप्यं स एव सम्बन्धः, यश्च गुणरूपताऽऽपन्नस्य भाजनं द्रव्यरूपः सिद्धः स एवास्याधार इति ।

---

એટલે કે સ્વનો ભાવ=સત્તા=હાજરી માત્રથી જ થઇ જવાવાળી હોય છે. જેમ કઠિયારાને છેદનાદિ ક્રિયા માટે વૃક્ષાત્મકકર્મ, કુહાડીરૂપકરણ વગેરેની આવશ્યકતા હોય છે તેમ તેઓને કર્મ, કરણાદિ તરીકે બીજા કોઇ પદાર્થની તે તે ક્રિયાઓ માટે આવશ્યકતા રહી હોતી નથી.

**શંકા** :– જેને વિશે ક્રિયા હોય છે એ કર્મ કહેવાય છે, સિદ્ધોને સ્વભાવસિદ્ધ ક્રિયા હોવામાં એ ક્રિયા પણ પોતાને વિશે જ માનવાની હોવાથી પોતે જ કર્મ બને છે. પણ એ રીતે કર્ત્તા અને કર્મનો અભેદ થવાથી કર્તૃકર્મભાવ શી રીતે રહી શકશે ?

### [ આત્મામાં છ કારકોનો સમાવેશ ]

**સમાધાન** :– કારકો વિવક્ષાને આધીન હોવાથી અભેદ હોવા છતાં તેવી તેવી વિવક્ષાથી છએ કારકોનો એકત્ર સમાવેશ થઇ શકતો હોવાના કારણે કર્તૃકર્મભાવ હોવામાં પણ કોઇ વાંધો નથી, જેમકે જ્ઞાનથી અભિન્ન પણ આત્મા જ્ઞપ્તિક્રિયાનો સ્વતંત્ર પ્રયોજક હોવાથી કર્ત્તા છે. સ્વતંત્ર એવા તેને જ જ્ઞાન થવારૂપ જ્ઞપ્તિક્રિયાની પ્રાપ્તિ હોવાથી પોતે જ કર્મ છે.

**શંકા** :– અલબ્ધનો લાભ થવો એ પ્રાપ્તિ કહેવાય છે, જ્ઞપ્તિક્રિયા તો પૂર્વથી જ તેને પ્રાપ્ત હોવાથી એની પ્રાપ્તિ એને પોતાને જ થાય છે એવું શી રીતે કહેવાય ?

**સમાધાન** :– ઉત્તરોત્તર ક્ષણવિશિષ્ટ જ્ઞપ્તિક્રિયાઓ પૂર્વે અલબ્ધ જ હોય છે જેનો પછી પછીથી લાભ થતો હોવાથી પ્રાપ્તિ કહેવામાં કોઇ દોષ નથી. અથવા તો અપૃથગ્ભાવ જ નૈશ્ચયિક પ્રાપ્તિરૂપ હોવાથી જ્ઞપ્તિક્રિયાની પ્રાપ્તિ હોવામાં પણ કોઈ વાંધો નથી. વળી જે જ્ઞાનસ્વભાવથી આત્મા જ્ઞપ્તિને ઉત્પન્ન કરે છે એ જ્ઞાનસ્વભાવ જ સાધકતમ હોવાથી કરણ છે. વળી જેને માટે જીવ જ્ઞપ્તિક્રિયા કરે છે તેઓનું પોતાનું સ્વરૂપ જ સંપ્રદાન છે. તેમજ જે પૂર્વપૂર્વના જ્ઞેયાકારઆક્રાન્ત સ્વરૂપથી વિશ્લેષ=પૃથક્તા થએ છતે ઉત્તરસ્વરૂપની પ્રાપ્તિ થાય છે તે વિશ્લેષરૂપ પોતાનું સ્વરૂપ જ અપાદાન છે અને પૂર્વસ્વરૂપ અને ઉત્તરસ્વરૂપનું જે તાદ્રૂપ્ય હોય છે તે

नन्वन्यत्रैवं समावेशाऽदर्शनाददृष्टकल्पनमिदमिति चेत् ? तत्किं "[1]आत्मानमात्मना वेत्ति' [यो०शा० ४–२] इत्यादि प्रयोगा विस्मृताः। 'तत्र विषयत्वरूपं कर्मत्वमाश्रयत्वरूपं कर्तृत्वं च नोक्तमि'ति चेत् ? विवक्षाधीने कारके का वा भाक्ताऽभाक्तव्यवस्था? 'प्रयोगबाहुल्याऽबाहुल्यानुसारिणीयमि'ति चेत् ? सेयं स्वेच्छानुसारेणैव प्रमाणमिति दिग्। एवं दर्शनादिक्रियाणामपि स्वाभावसिद्धत्वमुन्नेयम्, न हि तेषां काचन विभावक्रियाऽस्ति यस्यां स्वभावो न निविशेत, तदेवं सर्वात्मना स्वभावसिद्धक्रियारूपं परमाध्यात्म सिद्धेष्वेव व्यवस्थितमिति कृतं तत्प्ररूपणेन श्रोतॄणां कर्णयोः पीयुषपानपारणम् ॥१५८॥

अथ प्रसङ्गतस्तेषामेव सिद्धानां भेदान्निरूपयितुमाह—

**ते पुण पनरसभेया तित्थातित्थाइसिद्धभेएणं ।**
**तत्थ य थीणं सिद्धिं ण खमइ खवणो अभिनिवेसी ॥१५९॥**

(ते पुनः पञ्चदशभेदास्तीर्थाऽतीर्थादिसिद्धभेदेन । तत्र च स्त्रीणां सिद्धिं न क्षमते क्षपणोऽभिनिवेशी ॥१५९॥)

---

જ સંબંધ છે અથવા જ્ઞપ્તિક્રિયારૂપ કર્મનું આત્માની સાથે તાદૂપ્ય તે જ સંબંધ છે. ગુણરૂપ બનેલ જ્ઞાનના ભાજનાત્મક જે સિદ્ધનું જીવદ્રવ્ય છે તે જ એનો આધાર છે. આમ સિદ્ધમાં જ બધા કારકોનો સમાવેશ થતો હોવાથી એની બધી ક્રિયાઓ સ્વભાવસિદ્ધ હોય છે.

**શંકા** :– આ રીતે છએ કારકોનો એકત્ર સમાવેશ હોવો બીજા કોઈ ગ્રન્થમાં કહેલો દેખાતો ન હોવાથી તમારી આ કલ્પના અન્યત્ર અદૃષ્ટ એવી કલ્પના રૂપ હોઇ અયુક્ત છે.

**[ ષટ્કારકોનો એકત્ર સમાવેશ ગ્રન્થાન્તર સંમત ]**

**સમાધાન** :– 'આત્માને આત્માથી આત્મામાં જે જાણે છે' ઇત્યાદિ યોગશાસ્ત્રના વચનોને શું તમે ભૂલી ગયા? અર્થાત્ આવો સમાવેશ અન્યત્ર (યોગશાસ્ત્રમાં) દૃષ્ટ જ હોવાથી એની કલ્પના અદૃષ્ટ નથી=નવી નથી.

**શંકા** :– છતાં ત્યાં વિષયત્વરૂપ કર્મત્વ અને આશ્રયત્વરુપ કર્તૃત્વ કહ્યું છે તો પછી તમે કર્તૃપ્રાપ્યમાણત્વરૂપ કર્મત્વ અને સ્વતંત્ર પ્રયોક્તૃત્વરૂપ કર્તૃત્વ કેમ કહો છો?

**સમાધાન** :– કારકો વિવક્ષાધીન હોવાથી તે તે કારકો અમુક પ્રકારના જ કહેવા એ મુખ્ય છે અને અન્ય ગૌણ છે એવી કોઇ વ્યવસ્થા ન હોવાથી આ રીતે કહેવામાં પણ કોઇ દોષ નથી.

**શંકા** :– જેનો બહુલતાએ પ્રયોગ થતો હોય તે રીતની કારણવિવક્ષા મુખ્ય કહેવાય અને અન્ય ગૌણ કહેવાય એવી વ્યવસ્થા છે જ તેથી તમારી વિવક્ષા ગૌણ બની જાય છે કારણ કે અન્યત્ર જુદા પ્રકારની વિવક્ષાથી કારકોનો પ્રયોગ છે.

---

१. आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि । तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥

તે પુનઃસિદ્ધાસ્તીર્થાતીર્થાદિભેદેન પઞ્ચદશવિધાઃ,તથા ચ પ્રજ્ઞાપનાસૂત્રમ્–"¹અણંતરસિદ્ધ-અસંસારસમાવન્નગજીવપણ્ણવણા પન્નરસવિહા પણ્ણત્તા, તં જહા–તિત્થસિદ્ધા, અતિત્થસિદ્ધા, તિત્થગરસિદ્ધા, અતિત્થગરસિદ્ધા, સયંબુદ્ધસિદ્ધા, પત્તેયબુદ્ધસિદ્ધા, બુદ્ધબોહિયસિદ્ધા, ઇત્થીલિંગ-સિદ્ધા, પુરિસલિંગસિદ્ધા, ણપુંસગલિંગસિદ્ધા, સલિંગસિદ્ધા, અણ્ણલિંગસિદ્ધા, ગિહિલિંગસિદ્ધા, એગસિદ્ધા, અણેગસિદ્ધા" ત્તિ [ સૂત્ર નં– ] તત્ર (૧) તીર્થે ચતુર્વર્ણશ્રમણસઙ્ઘરૂપે પ્રથમ-ગણધરરૂપે વોત્પન્ને સતિ યે સિદ્ધાસ્તે તીર્થસિદ્ધાઃ (૨) અતીર્થે=તીર્થાભાવે સિદ્ધા અતીર્થસિદ્ધાઃ, તદભાવશ્ચાનુત્પાદોઽન્તરાવ્યવચ્છેદો વા, તત્ર તીર્થાનુત્પાદે સિદ્ધા મરુદેવ્યાદયઃ, તીર્થવ્યવચ્છેદેન-સિદ્ધાઃ સુવિધિસ્વામ્યાદ્યપાન્તરાલેષુ યે જાતિસ્મૃત્યાદિના વિરજ્યાઽપવૃક્તાઃ, નનુ "તીર્યતેઽનેનેતિ તીર્થં" તદભાવે ચ કથં તરણં ? ઇતિ ચેત્ ? બાહ્યતીર્થાભાવેઽપિ ક્રોધલોભોપશમરૂપાભ્યન્તર-તીર્થસ્ય સત્ત્વાત્, ઉક્તં ચ—

---

**સમાધાન** :– આવી વ્યવસ્થામાં પણ પોતપોતાની ઇચ્છા જ પ્રમાણ બનતી હોવાથી અમારો પ્રયોગ પણ અયુક્ત નથી જ.

આ જ રીતે દર્શનાદિ ક્રિયાઓ પણ સ્વભાવસિદ્ધ હોય છે એ વિચારી લેવું. તેઓને=સિદ્ધોને કોઇ વિભાવ ક્રિયા હોતી નથી કે જેમાં સ્વભાવ પ્રવેશતો ન હોય ! આમ સર્વથા સ્વભાવસિદ્ધ ક્રિયા હોવારૂપ પરમ અધ્યાત્મની પ્રરૂપણા કરવા દ્વારા પરમ અધ્યાત્મસ્વરૂપના જિજ્ઞાસુ શ્રોતાઓના કાનને અમૃતપાન કરાવવારૂપ પારણું કરાવ્યું. ॥૧૫૮॥

**[ સિદ્ધપરમાત્માના ભેદો, સ્ત્રીમુક્તિવાદ પ્રારમ્ભ ]**

હવે સિદ્ધોના પરમ અધ્યાત્મની પ્રરૂપણાના પ્રસંગથી તે સિદ્ધોના જ ભેદોનું નિરૂપણ કરવા ગ્રન્થકાર કહે છે–

તે સિદ્ધો તીર્થસિદ્ધ–અતીર્થસિદ્ધાદિ ભેદોથી પંદર પ્રકારના હોય છે એમાંથી સ્ત્રીસિદ્ધભેદથી સિદ્ધ થતી સ્ત્રીની સિદ્ધિને કદાગ્રહી ક્ષપણક=દિગંબર સ્વીકારતો નથી.

વળી તે સિદ્ધો તીર્થસિદ્ધાદિ પંદરભેદવાળા છે તેથી **શ્રી પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું છે** કે–"અસંસાર=મુક્તિ, તેને પામેલ અનંતરસિદ્ધો (તે જ સમયે મુક્તિ પામેલ સિદ્ધો) પંદર પ્રકારના છે—

તે આ રીતે–તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, તીર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ, સ્વયંબુદ્ધ-સિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, બુદ્ધબોધિતસિદ્ધ, સ્ત્રીલિંગસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ, નપુંસગલિંગ-સિદ્ધ, સ્વલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, ગૃહીલિંગસિદ્ધ, એકસિદ્ધ, અનેકસિદ્ધ" (૧) શ્રમણપ્રધાન ચતુર્વિધસંઘરૂપ કે પ્રથમગણધરરૂપ તીર્થ ઉત્પન્ન થએ છતે જેઓ સિદ્ધ

---

૧. अनंतरसिद्ध-असंसारसमापन्नकजीवप्रज्ञापना पञ्चदशविधा प्रज्ञप्ता, तद्यथा–तीर्थसिद्धाः, अतीर्थसिद्धाः, तीर्थकरसिद्धाः, अतीर्थकरसिद्धाः स्वयंबुद्धसिद्धाः, प्रत्येकबुद्धसिद्धाः बुद्धबोधितसिद्धाः, स्त्रीलिंगसिद्धाः, पुरुषलिंग-सिद्धाः, नपुंसकलिङ्गसिद्धाः, स्वलिंगसिद्धाः, अन्यलिङ्गसिद्धाः, गृहिलिंगसिद्धाः, एकसिद्धाः, अनेकसिद्धाः ।

"[1]कोहंमिउ निग्गहिए दाहस्सोवसमणं हवइ तित्थं ।
लोहंमि उ निग्गहिए तण्हावोच्छेयणं होइ ॥ त्ति । [आ०नि० १०७८]

(३) तथा तीर्थकराः सन्तो ये सिद्धास्ते तीर्थकरसिद्धाः (४) सामान्यकेवलिनः सन्तो ये सिद्धास्तेऽतीर्थकरसिद्धाः, (५) स्वयमेव बाह्यप्रत्ययमन्तरेणैव निजजातिस्मरणादिना बुद्धाः सन्तः सिद्धाः स्वयम्बुद्धसिद्धाः, ते च तीर्थकराऽतीर्थकरभेदेन द्विविधाः, अत्र चातीर्थकरैरधिकारः (६) प्रत्येकं बाह्यं वृषभादिकं कारणमभिसमीक्ष्य बुद्धाः सन्तः सिद्धाः प्रत्येकबुद्धसिद्धाः (७) [बुद्धबोधितसिद्धाः] (८)[2]स्त्रिया लिङ्गं स्त्रीलिङ्गम्, स्त्रीत्वस्योपलक्षणमित्यर्थः, तच्च त्रिधा–वेदः शरीरनिर्वृतिर्नेपथ्यं चेति । इह च शरीरनिर्वृत्यैवाधिकारो न वेदनेपथ्याभ्यां, तयोर्मोक्षानङ्गत्वात्, ततस्तस्मिन् लिङ्गे वर्त्तमानास्सन्तो ये सिद्धास्ते स्त्रीलिङ्गसिद्धाः, (९)तथा पुंल्लिङ्गे पुंशरीरनिर्वृतिरूपे विद्यमानास्सन्तो ये सिद्धास्ते पुंल्लिङ्गसिद्धा, (१०) एवं नपुंसकलिङ्गसिद्धाः । तथा (११)स्वलिङ्गे=रजोहरणादिरूपे व्यवस्थिताः सन्तो ये सिद्धास्ते स्वलिङ्गसिद्धाः, (१२) अन्यलिङ्गे

---

થાય તે તીર્થસિદ્ધ કહેવાય છે. (૨) તીર્થના અનુત્પાદરૂપ કે બે તીર્થંકરોની વચ્ચે થએલ તીર્થવ્યવચ્છેદરૂપ તીર્થાભાવ હોતે છતે સિદ્ધ થએલા જીવો અતીર્થસિદ્ધ કહેવાય છે. આમાંથી તીર્થોત્પત્તિપૂર્વે થએલ અતીર્થસિદ્ધ તરીકે **શ્રીમરુદેવી** માતા વગેરે છે જ્યારે તીર્થવ્યવચ્છેદમાં થએલ અતીર્થસિદ્ધ તરીકે **શ્રી સુવિધિનાથ ભગવાન્** આદિના તીર્થના તીર્થશૂન્ય આંતરાકાળમાં જાતિસ્મરણાદિથી વિરક્ત થઇ સિદ્ધ થએલ જીવો છે.

**શંકા** :– જેનાથી તરાય તે તીર્થ કહેવાય છે. તો પછી એવા તીર્થના અભાવમાં સંસારસમુદ્રને તરવાનું શી રીતે સંભવે ?

**સમાધાન** :–એ વખતે બાહ્યતીર્થનો અભાવ હોવા છતાં ક્રોધ–લોભ આદિના ઉપશમરૂપ આભ્યન્તરતીર્થ હાજર જ હોવાથી તરણુ દ્વારા સિદ્ધ થવું અસંભવિત નથી. કહ્યું છે કે–" ક્રોધનો નિગ્રહ થએ છતે દાહનો થએલ ઉપશમ એ તીર્થ છે તેમજ લોભનો નિગ્રહ થએ છતે તૃષ્ણાનો થએલ વ્યવચ્છેદ એ તીર્થ છે." (૩) તથા તીર્થંકર થઇને સિદ્ધ થએલા જીવો તીર્થંકરસિદ્ધ કહેવાય છે અને (૪) તે સિવાયના સામાન્ય કેવલી બનીને થયેલા સિદ્ધો અતીર્થંકરસિદ્ધ કહેવાય છે. (૫) બાહ્ય નિમિત્ત વિના જ પોતાના જાતિસ્મરણાદિથી જેઓ સ્વયંબોધ પામી સિદ્ધ થાય છે તેઓ સ્વયંબુદ્ધસિદ્ધ કહેવાય છે. તે સ્વયંબુદ્ધ બે પ્રકારના હોય છે, તીર્થંકર અને અતીર્થંકર. અહીં અતીર્થંકરનો જ અધિકાર છે. (૬) બાહ્યવૃષભાદિ પ્રત્યેક કારણુને આશ્રીને બોધ પામી સિદ્ધ થએલ જીવો પ્રત્યેકબુદ્ધસિદ્ધ છે. (૭) બુદ્ધ=બોધ પામી ચૂકેલા ગુરુ વડે ઉપદેશાદિ દ્વારા બોધ પામીને સિદ્ધ થએલ જીવો બુદ્ધબોધિત સિદ્ધ છે. (૮) સ્રીલિંગ=સ્રીનું લિંગ અર્થાત્

---

१. क्रोधे तु निगृहीते दाहस्योपशमनं भवति तीर्थम् । लोभे तु निगृहीते तृष्णाव्युच्छेदनं भवति ॥
૨. ૭ મો બુદ્ધબોધિતભેદ રહી ગયો છે.

परिव्राजकादिसम्बन्धिनि सिद्धा अन्यलिङ्गसिद्धाः (१३) गृहिलिङ्गेसिद्धा गृहिलिङ्गसिद्धा मरुदेवी-प्रभृतयः, (१४) तथैकस्मिन् समय एकैका एव सन्तः सिद्धा एकसिद्धाः, (१५) एकस्मिन्समयेऽनेके सिद्धा अनेकसिद्धाः । तत्रैतेषु सिद्धभेदेषु स्त्रीलिङ्गसिद्धं क्षपणकोन क्षमते, यद्यपि गृहिलिङ्गसिद्धाविक्रमपि न क्षमत एवासौ तथापि प्रौढिवादोऽयम् ॥१५९॥

अथैतस्य मतं दूषयितुमुपन्यस्यति—

**तस्स मयं थीसिद्धा जे पुव्विं चेव खीणथीवेया ।**
**एवं पुरिसणपुंसा थीपज्जाएण नो सिद्धी ॥१६०॥**

(तस्य मतं स्त्रीसिद्धा ये पूर्वमेव क्षीणस्त्रीवेदाः । एवं पुरुषनपुंसकौ स्त्रीपर्यायेण नो सिद्धिः ॥१६०॥)

**चरणविरहेण हीणत्तणेण पावपयडीण बाहुल्ला ।**
**मणपगरिसविरहाओ संघयणाभावओ चेव ॥१६१॥**

(चरणविरहेण हीनत्वेन पापप्रकृतीनां बाहुल्यात् । मनः प्रकर्षविरहात् संहननाभावतश्चैव ॥१६१॥)

---

સ્ત્રીપણાનું ઉપલક્ષણ...તે ત્રણ રીતે હોય છે. વેદ, શરીરની રચના અને વેશ...અહીં શરીરની રચના રૂપ સ્ત્રીલિંગનો અધિકાર છે, વેદ કે વેશનો નહિ, કારણ કે તે બે મોક્ષના કારણભૂત નથી. તેથી સ્ત્રીશરીરાત્મક સ્ત્રીલિંગમાં રહે છતે જેઓ સિદ્ધ થાય છે તેઓ સ્ત્રીલિંગસિદ્ધ કહેવાય છે. (૯–૧૦) એમ પુરુષશરીરે અને નપુંસક હોતે છતે જેઓ સિદ્ધ થાય છે તેઓ અનુક્રમે પુરુષલિંગસિદ્ધ અને નપુંસકલિંગસિદ્ધ કહેવાય છે. (૧૧) રજોહરણાદિરૂપ સ્વલિંગની હાજરીમાં કેવલ પામી સિદ્ધ થએલ જીવો સ્વલિંગ-સિદ્ધ કહેવાય છે. (૧૨–૧૩) તેમજ પરિવ્રાજકાદિ સંબંધી અન્યલિંગની કે ગૃહસ્થ-લિંગની હાજરીમાં કેવલજ્ઞાન પામી સિદ્ધ થયેલ જીવો અનુક્રમે અન્યલિંગસિદ્ધ કે ગૃહસ્થલિંગ સિદ્ધ કહેવાય છે. (૧૪) તેમજ એક એક સમયમાં જેઓ એક એક જ સિદ્ધ થયા હોય તેઓ એકસિદ્ધ કહેવાય છે અને (૧૫) એક એક સમયમાં પણ જેઓ અનેક અનેક સિદ્ધ થયા હોય તેઓ અનેકસિદ્ધ કહેવાય છે. આ પંદર ભેદોમાંથી દિગંબરને સ્ત્રીલિંગસિદ્ધ અંગે વિવાદ છે. આમ તો જોકે ગૃહીલિંગસિદ્ધ વગેરેને પણ એ સ્વીકારતો નથી તો પણ સ્ત્રીલિંગસિદ્ધ અંગેનો વાદ જ પૂર્વપરમ્પરામાં વધુ ચર્ચાયો હોવાથી એ જ પ્રૌઢિવાદ છે. ॥ ૧૫૯ ॥

દિગંબરના એ મતને દૂષિત કરવા ગ્રન્થકારશ્રી પહેલાં તેઓનો મત કહે છે–

## [ સ્ત્રીશરીરથી મુક્તિ અસંભવિત – દિગંબરમત ]

**ગાથાર્થ** :– દિગંબરોનો મત છે કે જે પુરુષોએ ક્ષપકશ્રેણિમાં ત્રણ વેદમાંથી પૂર્વે જ (પ્રથમ જ) સ્ત્રીવેદને ક્ષીણ કર્યો હોય તેવા સિદ્ધો સ્ત્રીસિદ્ધ કહેવાય છે નહિ કે સ્ત્રીશરીરાત્મક સ્ત્રીલિંગમાંથી સિદ્ધ થએલ જીવો...એ જ રીતે પુરુષસિદ્ધ અને નપુંસકસિદ્ધ જાણવા વળી સ્ત્રીઓમાં ચારિત્રનો અભાવ, હીનતા, પાપપ્રકૃતિઓની બહુલતા, મનઃપ્રકર્ષનો અભાવ તેમજ સંઘયણનો અભાવ હોવાથી સ્ત્રીપર્યાયમાંથી મુક્તિ હોતી નથી.

इह खलु क्षपणकस्येदमभिप्रेतं–"[1]इत्थीलिङ्गसिद्धा" इति सूत्रे लिङ्गं वेदरूपमधिकृतं न तु "[2]इत्थीए लिङ्गं इत्थिलिङ्गं, इत्थीए उवलक्खणं ति वुत्तं भवइ, तं च तिविहं वेदा, सरीरं णेवत्थं च, इह सरीरनिव्वत्तीए अहिगारो, न वेयनेवत्थेहिं" ति नन्द्यध्ययनचूर्ण्युक्तं स्त्रीशरीररूपम्, एवं च ये पूर्वं क्षीणस्त्रीवेदाः सन्तः सिद्धास्ते स्त्रीलिङ्गसिद्धाः । एवं ये पूर्वं क्षीणपुरुषवेदाः सन्तः सिद्धास्ते पुरुषलिङ्गसिद्धाः, ये च क्षीणनपुंसकवेदाः सन्तः सिद्धास्ते नपुंसकलिंगसिद्धाः । अमुमेवार्थं–

[3]वीस णपुंसगवेया इत्थीवेयंमि हुं ति चालीसा । पुंवेए अडयाला एगसमयंमि सिज्झंति ॥

[ ] इत्यस्मत्सिद्धान्तोऽप्यनुसरति । शरीरनिर्वृतिमधिकृत्य तु पुंशरीरावस्थित एव जन्तुः सिद्धयति, स्त्रीशरीरेण मोक्षानवाप्तेः, यतः स्त्रीणां तावद्दुःशीलतया भीरुतया ह्रीनिमग्न-

---

દિગંબરનો આ અભિપ્રાય છે કે 'ઇત્થીલિંગસિદ્ધા...' એ સૂત્રમાં સ્ત્રીલિંગ તરીકે 'સ્ત્રીવેદ'નો અધિકાર છે, નહિ કે **નંદીસૂત્રના ચૂર્ણિકારના** કહેવા મુજબ સ્ત્રીશરીરનો. તેમણે કહ્યું છે કે–સ્ત્રીનું લિંગ તે સ્ત્રીલિંગ, કે જે સ્ત્રીના ઉપલક્ષણભૂત છે. અને એ ત્રણ પ્રકારનું છે વેદ, શરીર અને નેપથ્ય. અહીં શરીરરચનાત્મક સ્ત્રીલિંગનો અધિકાર છે, વેદ અને નેપથ્ય રૂપ સ્ત્રીલિંગનો નહિ." તેથી જેઓ સ્ત્રીવેદને પ્રથમ ખપાવીને સિદ્ધ થયા હોય તેઓ સ્ત્રીલિંગસિદ્ધ કહેવાય છે. એમ જેઓ પુરુષવેદને કે નપુંસકવેદને પ્રથમ ખપાવીને સિદ્ધ થયા હોય છે તેઓ ક્રમશઃ પુરુષલિંગસિદ્ધ કે નપુંસકલિંગકસિદ્ધ કહેવાય છે.

"એકસમયે નપુંસકવેદી ૨૦, સ્ત્રીવેદી ૪૦, તથા પુરુષવેદી ૪૮ સિદ્ધ થાય છે." એવો અમારો સિદ્ધાન્ત પણ આ જ વાતનું સમર્થન કરે છે.

### [ સ્ત્રીમુક્તિ ન હોવામાં દિગંબરોક્ત હેતુઓ ]

શરીરરચનાને આશ્રીને તો પુરુષશરીરધારી જીવ જ સિદ્ધ થાય છે. સ્ત્રીશરીરથી તો મુક્તિપ્રાપ્તિ થતી જ નથી. કારણ કે સ્ત્રીઓને તેઓ દુઃશીલ હોવાથી, ભીરૂહોવાથી તેમજ લજ્જાવાળી હોવાથી પરમસાહસથી જ સાધી શકાય એવું અઢારહજાર શીલાંગયુક્ત તેમજ નિર્વસ્ત્રતારૂપ મૂળગુણથી સંકળાએલું એવું ચારિત્ર તેઓને હોઈ શકતું જ નથી. એ રત્નત્રયસામ્રાજ્ય વિના તો મોક્ષપ્રાપ્તિ શી રીતે હોય ? હીનજીવોને ઉત્કૃષ્ટ પદપ્રાપ્તિ અસંભવિત હોવાથી પુરુષથી હીન (=નીચી) સ્ત્રીઓને મુક્તિપદપ્રાપ્તિ થતી નથી. વળી મિથ્યાત્વ સહકૃત મહાપાપથી સ્ત્રીપણું બંધાય છે. તેથી ઘણા પાપથી પરાભૂત થયેલી સ્ત્રીઓને પરમપુણ્યના જથ્થાથી પ્રાપ્ત કરવા યોગ્ય પરમાનંદ સંપત્તિ શી રીતે પ્રાપ્ત થાય ? વળી સ્ત્રીઓ ૭ મી નરકમાં જતી નથી એવું આપણે બન્ને માનીએ છીએ, જે તેઓને

---

१. स्त्रीलिंगसिद्धाः । २. स्त्रियाः लिंगमिति स्त्रीलिंगम्, स्त्रिय उपलक्षणमित्युक्तं भवति, तच्च त्रिविध वेदः, शरीरं नेपथ्यं च । इह शरीरनिर्वृत्याऽधिकारो न वेदनेपथ्याभ्याम् ।

३. विंशतिर्नपुंसकवेदाः स्त्रीवेदे भवंति चत्वारिंशत् । पुंवेदेऽष्टचत्वारिंशदेकसमये सिध्यन्ति ॥

तथा चाष्टादशसहस्रशीलांगपरिकलितं परमसाहससाध्यमाचेलक्यरूपमूलगुणावगुण्ठितं चारित्रमेव नोदेतीति रत्नत्रयसाम्राज्यं विना कुतो मोक्षप्राप्तिः ?। एवं पुरुषेभ्यो हीनत्वादपि न स्त्रीणां मुक्तिः । न हि हीनानामुत्कृष्टपदप्राप्तिः संभवति । अपि च स्त्रीत्वं तावन्महापापेन मिथ्यात्वसहायेन जन्तुर्निर्वर्तयतीति कथं बहुलपापप्रकृतिपराभूतानां तासां परमपुण्यप्राग्भारलभ्या परमानन्दसम्पदुदेतु । अपि च स्त्रियस्तावत्सप्तमनरकपृथ्व्यां न गच्छन्तीत्यावयोः समानं, तच्च तासां तादृशपापपरिणामप्रकर्षविरहादेव सङ्गच्छते, एवं च तासां तादृशपुण्यपरिणामप्रकर्षोपि न संभवतीति कथं तं विना मोक्षावाप्तिः ? एवं सप्तमनरकपृथ्वीगमनाऽयोग्यतया तासु वज्रर्षभनाराचसंहननमपि न स्वीक्रियत इति कथं तदेकसाध्या सिद्धिस्तासाम् ? इति सङ्क्षेपः ॥१६१॥ अथैतन्निरसितुमाह—

**तम्मिच्छं वेयखओ सरीरनिव्वत्तिनियमणियउत्ति ।**
**चरणविरहाइआ पुण सव्वे तुह हेयवोऽसिद्धा ॥१६२॥**

(तन्मिथ्या वेदक्षयः शरीरनिर्वृत्तिनियमनियत इति । चरणविरहादिकाः पुनः सर्वे तव हेतवोऽसिद्धाः ॥१६२॥)

---

તેવા તીવ્ર અશુભ પરિણામોનો અભાવ હોવામાં જ સંગત થાય છે તેથી તીવ્ર અશુભ પરિણામ જેમ તેઓને હોતો નથી એમ તીવ્ર શુભપરિણામ પણ તેઓને અસંભવિત હોવાથી મોક્ષપ્રાપ્તિ શી રીતે થાય ?

### [ દિગંબરમત નિરાકરણ ]

સંક્ષેપમાં કહેલ આ દિગંબરમતનું નિરાકરણ કરવા ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ** :– 'સ્ત્રીવેદને ખપાવીને પ્રથમ સિદ્ધ થનાર સ્ત્રીલિંગસિદ્ધ કહેવાય ઇત્યાદિ આ દિગંબરમત મિથ્યા છે, કારણ કે કયા વેદનો ક્ષય પ્રથમ કે ચરમ થાય એ નિયમ કયા વેદના ઉદયથી શ્રેણી મંડાય છે એના આધારે નથી કિન્તુ શરીર રચનાના નિયમથી છે. 'વળી સ્ત્રીઓને ચારિત્રનો અભાવ હોય છે.' ઇત્યાદિ મોક્ષ અપ્રાપ્તિના જે હેતુઓ તમે (દિગંબરે) આપ્યા છે તે બધા અસિદ્ધ છે અને તેથી મોક્ષાભાવરૂપ સ્વસાધ્યની સિદ્ધિ કરવામાં અસમર્થ છે.

### [ વેદક્ષયક્રમ શરીરરચનાનિયમનિયત ]

'થીલિંગ સિદ્ધા' સૂત્રનું દિંગબરે જે વિપરીત વ્યાખ્યાન કર્યું છે તે શું તેવું વ્યાખ્યાન ન કરવામાં સૂત્રની આશાતના થઈ જવાના ભયથી કર્યું છે કે પોતે કલ્પેલા ઉત્સૂત્રની આશાતનાના ભયથી ? પહેલો વિકલ્પ માની શકાતો નથી કારણ કે સૂત્રની આશાતનાના ભયથી બીતા તેણે ચૂર્ણિની આશાતનાના ભયથી પણ બીવું જોઈએ. રાજાનો ઉપાસક પણ રાજમાન્ય મહામંત્રીનો અપરાધ કરે તો તેને તત્પ્રયુક્ત સજા વગેરેનો ભય ન હોય એવું કંઈ હોતું નથી. બીજો વિકલ્પ પણ માની શકાતો નથી કારણ કે પોતે કલ્પેલ ઉત્સૂત્રનું તેવું વ્યાખ્યાન ઉન્મત્તની ક્રીડા જેવું છે. વેદક્ષયક્રમ તો શરીર રચનાના નિયમથી જ નિયત છે. જેમ કે–ક્ષપકશ્રેણિ માંડનાર જો

"स्त्रीलिङ्गसिद्धा" इत्यत्र यत्त्वावादपरीतव्याख्यानं दिगम्बरेण कृतं तत्किं सूत्राशातनाभयात्, स्वपरिकल्पितोत्सूत्राशातनाभयाद्वा ? आद्ये सूत्राशातनाभयाद्बिभ्यच्चूर्ण्याशातनाभयात् कुतो न बिभेति ? न खलु राजानमासेवमानस्यापि महामन्त्रिणोऽपराध्यतो न तत्प्रयुक्तः परामर्वः । अन्त्ये तु स्वैरमुन्मत्तकेलीविलसितप्रायं व्याख्यानमेतत्, वेदक्षयस्य शरीरनिर्वृत्तिनियमनियतत्वात् । तथाहि– यदि पुरुषः प्रारम्भकः तदा पूर्वं नपुंसकवेदं, ततः स्त्रीवेदं, ततो हास्यादिषट्कं क्षपयति, ततः पुरुषवेदं च खण्डत्रयं कृत्वा खण्डद्वयं युगपत्क्षपयति, तृतीयखण्डं तु संज्वलनक्रोधे प्रक्षिपति । यदि च स्त्री प्रारम्भिका ततः प्रथमं नपुंसकवेदं ततः पुरुषवेदं ततः षट्कं, ततः स्त्रीवेदमिति । यदि च नपुंसक एव प्रारंभकः तदासौ प्रथमं स्त्रीवेदं, ततः पुरुषवेदं ततः षट्कं ततो नपुंसकवेदमिति । एवं च शरीरनिर्वृत्तिनियमनियते वेदक्षये पुरुष एव सिद्ध्यति न स्त्रीत्यज्ञानविलसितमेतत् । 'उदीर्णस्यैव वेदस्य पूर्वं क्षयस्ततोऽनुदीर्णयोरित्येव नियम'इति चेत् ? न, कल्पनामात्रेण नियन्तुमशक्यत्वात्, अभिहितक्रमस्य दुरतिक्रमत्वात् एतेन पश्चात्क्षीणस्त्रीवेदाः सन्तः सिद्धाः स्त्रीलिङ्गसिद्धा इत्यपव्याख्यानं द्रष्टव्यम् ।

---

પુરુષ હોય તો પહેલા નપુંસક વેદને, પછી સ્રીવેદને, પછી હાસ્યાદિ છ ને ખપાવે છે, એ પછી પુરુષ વેદના ત્રણ ભાગ કરી બે ભાગને એકસાથે ખપાવે છે. તેમજ ત્રીજા ભાગને સંજ્વલન ક્રોધમાં ભેળવવા વડે ખપાવે છે. એમ ક્ષપકશ્રેણિ માંડનાર જો સ્રી હોય તો ક્રમશઃ નપુંસકવેદ, પુરુષવેદ, હાસ્યષટ્ક અને સ્રીવેદને ક્ષીણ કરે છે. એમ શ્રેણિ માંડનાર નપુંસક જીવ ક્રમશઃ સ્રીવેદ, પુરુષવેદ, હાસ્યષટ્ક અને નપુંસક વેદને ખપાવે છે. આમ શરીરાકાર નિયમથી વેદક્ષય નિયત હોવાથી 'પુરુષ જ સિદ્ધ થાય, સ્રી નહિ' એવું વચન વક્તાના અજ્ઞાનને સૂચવે છે.

**શંકા** :– 'શ્રેણિ માંડતી વખતે જે વેદ ઉદીર્ણ હોય તેનો પ્રથમ ક્ષય કરે અને પછી અનુદીર્ણ વેદોનો ક્ષય કરે' એવો જ વેદક્ષયનો નિયમ છે, તમે કહો છો એવો નહિ. તેથી 'પુરુષશરીરી જ સ્રીલિંગસિદ્ધાદિ ત્રણેયરૂપે સિદ્ધ થાય' એવું વચન અજ્ઞાનવિલસિત નથી.

**સમાધાન** :– શાસ્રમાં વેદક્ષયનો જે ક્રમ કહ્યો છે તે અનુલ્લંઘ્ય હોવાથી, તમારી કલ્પના માત્રથી ઉક્ત નિયમ સિદ્ધ થઇ જતો નથી. તેથી જ બીજાઓ જે વ્યાખ્યા કરે છે કે 'જે સ્રીવેદને છેલ્લે ખપાવે તે સ્રીલિંગસિદ્ધ ઈત્યાદિ' તે પણ ખોટી જાણવી.

**[ 'સ્રીલિંગસિદ્ધ' શબ્દનો શબ્દાર્થ ]**

વળી 'સ્રીલિંગસિદ્ધ' શબ્દનો 'સ્રીલિંગમાં સિદ્ધ' એવો સમાસ થયો હોવાથી અને સપ્તમી વિભક્તિનો અર્થ "અવસ્થિતત્વ=રહેલ" હોવાને કારણે એ "સ્રીલિંગમાં રહેલ જે જીવો સિદ્ધ થાય તે સ્રીલિંગસિદ્ધ" આવો અર્થ જ ઉપસ્થિત થાય છે નહિ કે "સ્રીવેદનો પ્રથમ ક્ષય કરવાથી સિધ્ધ થયેલ જીવો સીલિંગસિધ્ધ" એવો અર્થ. "સ્રીલિંગમાંથી સિધ્ધ" એવો પંચમી તત્પુરૂષ સમાસ કરવામાં આવે તો પણ માત્ર વિશ્લેષ=

अपि च स्त्रीलिङ्गसिद्धा इत्यतो नैतादृशार्थोपस्थितिरपि, अवस्थिततत्त्वस्यैव सप्तम्यर्थत्वात्, 'स्त्रीलिङ्गात् सिद्धा' इति पञ्चमीतत्पुरुषमर्यादया विश्लेषलाभेऽपि नियतविश्लेषाऽलाभात्, नियतविश्लेषे पञ्चम्या लक्षणायामनिरूढलक्षणाप्रसङ्गात्। किं चैवं लिङ्गपदस्यैव तादृशी लक्षणाऽस्तु, तत्पुरुषस्तु प्रथमागर्भ एवेत्यत्र किं विनिगमकम्? एवं च "वीस णपुंसगवेया" इत्यादावपि विषमव्याख्यानम्। तस्मात्स्त्रीलिङ्गसिद्धा इत्यत्र चूर्णिकारोक्तव्याख्यानमेव न्याय्यम्। ननु स्त्रीणां मुक्तौ चरणविरहादीनि बाधकान्युक्तानि, तत्कथमिदं व्याख्यानमित्याशङ्कायामाह "चरणविरहाइया पुण त्ति" चरणविरहादयो ये हेतवस्त्वयोपन्यस्तास्ते सर्वेऽसिद्धा एव, तथा चासिद्धानामेतेषां न बाधकत्वमिति भावः ॥१६२॥

तदसिद्धिमेवोद्भावयितुं प्रथमं चरणविरहरूपं हेतुं दूषयति—

**णेगंतियमित्थीणं दुट्ठत्तं संजमोचिया लज्जा।**
**तासिं चरित्तविरहे चाउव्वण्णो कहं संघो? ॥१६३॥**

(नैकान्तिकं स्त्रीणां दुष्टत्वं संयमोचिता लज्जा। तासां चारित्रविरहे चतुर्वर्णः कथं सङ्घः? ॥१६३॥)

---

પૃથક્તાનો જ અર્થ પ્રાપ્ત થાય છે નહિ કે કોઇ નિયતવિશ્લેષવિશેષ. કારણ કે એમ માનવામાં પંચમીની લક્ષણા કરવી પડે છે. જે નિરૂઢ (અનાદિકાળથી ચાલી આવતી) ન હોવાથી અયુક્ત છે. આમ સામાન્ય વિશ્લેષ જ અર્થ તરીકે લેવો પડતો હોવાથી સ્ત્રીલિંગ=સ્ત્રીશરીર જ લઈ શકાય છે. સ્ત્રીવેદ નહીં, કારણ કે સ્ત્રીવેદનો તો ક્ષય થઈ જતો હોવાથી "સ્ત્રીવેદમાંથી સિદ્ધ" એવું ઘટી શકતું નથી. "સ્ત્રીવેદનો પ્રથમ ક્ષય કરવાથી સિદ્ધ" એવો નિયતવિશ્લેષવિશેષ યોગ્ય હોવા છતાં એની "સ્ત્રીલિંગસિધ્ધ" શબ્દ પરથી ઉપસ્થિતિ ન હોવાથી એ અર્થ પણ ઘટતો નથી. વળી એવો અર્થ લાવવો હોય તો પણ પંચમી વિભક્તિની લક્ષણા કરવી કે 'લિંગ' શબ્દની જ તેવી લક્ષણા કરી પ્રથમાવિભક્તિતત્પુરુષ (કર્મધારય) કરવો? એમાં કોને વિનિગમક માનશો? તેથી લક્ષણા કરીને પણ વિશ્લેષ માનવો યુક્ત નથી. એ રીતે જ 'વીસણપુંસગ વેયા' ઇત્યાદિ ગાથામાં કરેલ સૂત્ર વ્યાખ્યા પણ ખોટી જાણવી. તેથી સ્ત્રીલિંગસિધ્ધ પદની ચૂર્ણિકારે કરેલી વ્યાખ્યા જ યુક્ત હોવાથી સ્ત્રીશરીરીને પણ મુક્તિ હોવામાં કોઇબાધક નથી. સ્ત્રીઓની મુક્તિ થવામાં ચારિત્રવિરહાદિરૂપ બાધકો અમે કહી જ ગયા છીએ તો તમે કેમ આવી વ્યાખ્યા કરો છો? એવું ન કહેવું કેમ કે તમે કહેલ ચરણવિરહાદિ હેતુઓ અસિદ્ધ હોવાથી બાધક બની શકતા નથી. ॥૧૬૨॥

**[ ચારિત્રવિરહહેતુ દૂષિત ]**

ચરણવિરહાદિ હેતુઓની અસિદ્ધિ પ્રગટ કરવા માટે ગ્રંથકારશ્રી ચરણવિરહરૂપ પ્રથમહેતુને દૂષિત કરતાં કહે છે—

**ગાથાર્થ** :– સ્ત્રીઓ દુષ્ટ જ હોય છે એવો એકાન્ત ન હોવાથી તેઓનું દુષ્ટત્વ અનૈકાન્તિક છે. તેઓની લજ્જા તો સંયમોચિત જ હોય છે. તેમ જ તેઓને ચારિત્ર

यत्तावदुक्तं "दुःशीलत्वादिदोषदुष्टतया स्त्रीणां न चारित्रमि"ति तदनैकान्तिकं, श्रूयन्ते हि परमशीलश्रद्धादिगुणशालितया सुलसाद्या भगवतामपि प्रशस्याः, पूज्यन्ते च बहुविधगुणगरिमयोगितया भगवज्जनन्यादयः पुरन्दरप्रभृतिभिरपि । पुरुषा अपि च केचन महारम्भपरिग्रहनिरताः क्रूराशयाश्च दृश्यन्ते, न चैतावता 'तज्जातीयस्य न सिद्धिः सम्भवती'ति प्रणिगद्यमानं हृद्यम् । एवं स्त्रीणामपि कासांचिद्दुःशीलत्वादिदोषदुष्टत्वेऽपि न तज्जातीयानां सर्वासामेव तदभावसम्भवः । स्यादेतत्–स्त्रीणां तावत् स्वभावत एव मायादिप्रकर्षवत्त्वमुज्जृम्भते, न च तत्प्रकर्षे निष्कषायपरिणामरूपं चारित्रमुज्जीवतीति । मैवं, तस्य स्त्रीपुंसयोस्तुल्यत्वात्, श्रूयते च चरमशरीरिणामपि नारदादीनां मायादिप्रकर्षवत्त्वम् । तेषां संज्वलनी माया न चारित्रविरोधिनीति चेत् ? संयतीनामपि सैव तथा । न च सर्वासां मायाप्रकर्षनियमोऽपि, स्वभावसिद्धाया अपि तस्या विपरीतपरिणामनिवर्त्तनीयत्वात्, बाहुल्येन तत्संभवादेव च पुरुषप्रधानो धर्म इति व्यवस्था ।

---

ન હોવામાં સંઘ ચતુર્વર્ણ=ચતુર્વિધ શી રીતે બનશે ?

"દુઃશીલાદિ દોષવાળી હોવાથી સ્ત્રીઓને ચારિત્ર હોતું નથી" એવું જે કહ્યું છે તે એકાન્તે સાચું નથી. સંભળાય છે કે ઊંચા પ્રકારના શીલ–શ્રદ્ધાદિગુણોના કારણે સુલસા વગેરે સ્ત્રીઓ ભગવાનને પણ પ્રસંશા કરવા યોગ્ય હતી. વળી શ્રી તીર્થંકર દેવોની માતા વગેરે સ્ત્રીઓની તેઓ અનેક ગુણોવાળી હોવાના કારણે ઇન્દ્રાદિ પણ પૂજા કરે જ છે. તથા કેટલાક પુરુષો પણ મહાઆરંભ–પરિગ્રહમાં રક્ત અને ક્રૂરાશયવાળા હોવાને કારણે દુષ્ટ હોવાનું દેખાય જ છે પણ એટલા માત્રથી તજ્જાતીય બધા પુરુષોને સિદ્ધિનો અસંભવ કહેવો જેમ શોભતો નથી તેમ કેટલીક સ્ત્રીઓ દુઃશીલત્વાદિના કારણે દુષ્ટ હોવા માત્રથી તજ્જાતીય બધી સ્ત્રીઓને મુક્તિનો અસંભવ કહેવો શોભતો નથી. "સ્ત્રીઓ સ્વભાવથી જ અત્યંત માયાવી હોય છે અને અત્યંત માયાની હાજરીમાં નિષ્કષાય પરિણામરૂપ ચારિત્ર સંભવતું નથી તો તેઓને મુક્તિ શી રીતે હોઈ શકે?" એવી શંકા ન કરવી કારણ કે માયાનો પ્રકર્ષ હોવો કે ન હોવો એ સ્ત્રી અને પુરુષ માટે તુલ્ય જ છે. ચરમ શરીરી એવા નારદાદિને પણ માયાનું જોર ઘણું હતું એવું સંભળાય છે. છતાં જેમ તેઓની મુક્તિ થઈ, તેમ સ્ત્રીઓની પણ થઈ શકે છે.

"દીક્ષિત નારદાદિની માયા સંજ્વલની હોવાથી ચારિત્ર વિરોધી હોતી નથી". એવું જો કહે તો સાધ્વીઓને પણ સંજ્વલની માયા જ હોવાથી ચારિત્રવિરોધી હોતી નથી. વળી બધી સ્ત્રીઓને જોરદાર માયા જ હોય એવો નિયમ પણ નથી કારણ કે સ્વભાવસિદ્ધ એવી પણ તે વિપરીત પરિણામ=વિપરીત ભાવનાથી દૂર કરી શકાય છે. બહુલતાએ સ્ત્રીઓમાં તેનો સંભવ હોવાથી જ ધર્મને પુરુષ પ્રધાન કહ્યો છે.

### [ નાગ્ન્ય ચારિત્રાંગ નથી ]

**પૂર્વપક્ષ** :–સ્ત્રીઓ લજ્જાવાળી હોવાથી ચારિત્રના મૂળકારણભૂત નિર્વસ્ત્રપણું

अथ सलज्जतया तासां चारित्रमूलमाचेलक्यं न संभवि, अप्रावृतानां च तासां तिरश्चीनामिव पुरुषैरभिभवनीयत्वात् । "[1]नो कप्पइ निग्गंथीए अचेलाए होन्तए" त्ति भवदागमेनापि निषिद्धमेव नाग्न्यमिति न तासां चारित्रसंभव इति चेत् ? न, नाग्न्यं हि न चारित्राङ्गं, लज्जारूपसंयमविघातित्वात् । न च धर्मोपकरणधरणेन परिग्रहः, तस्य मूर्च्छारूपत्वादिति प्रपञ्चितं[2] प्राक् । अपि च मूर्च्छां विनापि वस्त्रसंसर्गमात्रेण यदि परिग्रहः स्यात्तदा जिनकल्पिकस्यापि हिमर्त्तौ शीतसंपातनिवृत्तये धर्मार्थिना शिरसि वस्त्रे प्रक्षिप्ते तस्य परिग्रहप्रसङ्गः । तस्माद्यतनया धर्मोपकरणधारिणीनां संयतीनां न संयमविघातो नाम । यत्त्वनन्तजन्तुसम्पातयोनिभूततया प्राणातिपातविरतिं विना न तासां चारित्रमिति तदसभ्यप्रलपितं, अशक्यपरिहारविराधनाया हिंसात्वायोगात्, अन्यथा जन्तुसन्तानसम्पूरिते लोके समुच्छिन्नैव प्राणिनामहिंसा ।

તેઓને સંભવતું નથી. કારણ કે જેમ તિર્યંચસ્ત્રીઓ નગ્ન હોવાથી નરતિર્યંચોથી અભિભવનીય હોય છે તેમ નગ્ન એવી તેઓ પુરુષોથી અભિભવનીય હોય છે. વળી, 'નિર્ગ્રન્થીને અચેલ થવું કલ્પતું નથી' એવા તમારા આગમવચનથી પણ તેઓને નગ્નાવસ્થા નિષિધ્ધ હોવાથી ચારિત્ર સંભવતું નથી.

**ઉત્તરપક્ષ :–** લજ્જાત્મક સંયમનો વિઘાત કરતી હોવાથી નગ્નતા ચારિત્રના કારણભૂત નથી. તેમજ વસ્ત્રાત્મક ધર્મોપકરણનું ધારણ કરવા માત્રથી કંઈ તેઓને પરિગ્રહ લાગી જતો નથી. કારણ કે પરિગ્રહ તો મૂર્છારૂપ છે ઈત્યાદિ અમે આગળ કહી ગયા છીએ. વળી મૂર્છા ન હોવા છતાં વસ્ત્રના સંસર્ગ માત્રથી જ જો પરિગ્રહ લાગી જતો હોય તો તો ઠંડીૠતુમાં જિનકલ્પિકના મસ્તક પર કોઈ ધર્માર્થી ઠંડીથી તેમના રક્ષણ માટે વસ્ત્ર નાખી દે તો તે મહાત્માને પરિગ્રહ લાગશે અને તેથી ચારિત્રભ્રષ્ટ થઈ જવાનો પ્રસંગ આવશે, છતાં તે મહાત્માને મૂર્છા ન હોવાથી જેમ એવી આપત્તિ તમે માનતા નથી, તેમ યતનાપૂર્વક ધર્મોપકરણને ધારણ કરનારી સાધ્વીઓને પણ તે વસ્ત્રાદિ પર મૂર્છા થતી ન હોવાથી સંયમવિઘાત થતો નથી.

## [ સંઘચાતુર્વિધ્યની અનુપપત્તિ ]

વળી, "અનંત જંતુઓનું ઉત્પત્તિ સ્થાન હોવાથી સ્ત્રીઓને પ્રાણાતિપાતવિરતિ અસંભવિત હોવાના કારણે ચારિત્ર પણ હોતું નથી" એવું જે કહ્યું છે તે પણ અસભ્ય પ્રલાપ છે કારણ કે જેનો પરિહાર કરવો અશક્ય હોય છે તેવી વિરાધના હિંસારૂપ હોતી નથી. નહિતર તો જીવસમૂહથી ખિચોખિચ ભરાયેલા આ લોકમાં જીવોની અહિંસા જ સંભવિત રહેશે નહિ. વળી સ્ત્રીઓને જો ચારિત્ર ન હોય તો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વર્ણ શ્રમણપ્રધાન સંઘની વ્યવસ્થા થઈ શકશે નહિ, અને તો પછી 'જે ચતુર્વર્ણ શ્રમણસંઘની ઈષ્ટ ભક્તિ કરે...' ઈત્યાદિરૂપ તમારા આગમ

૧. બૃહત્કલ્પસૂત્ર ૫/૧૯ નો कल्पते निर्ग्रन्थ्या अचेलया भवितुम् । ૨. ૨૩ મી ગાથામાં.

किञ्च, स्त्रीणां यदि चारित्रं न स्यात्तर्हि 'साधुः, साध्वी, श्रावकः, श्राविका'चेति चतुर्वर्णश्रमणसङ्घव्यवस्था न स्यात्, तथा च "[1]जो पगरे दिट्ठभत्तिं चादुव्वण्णस्स समण-संघस्स" इत्यादित्वदागमविरोधः । अथाणुव्रतधारिणी श्राविकापि साध्वीत्येव व्यपदिश्यत इति चेद् ? हंत ! तर्हि केवलसम्यक्त्वधारिण्येव श्राविकाव्यपदेशमासादयेत्, एवं च श्रावकेऽपि तद्द्वैविध्यप्रसङ्गो पञ्चविधः सङ्घः स्यात् । अथ वेषधारिणी श्राविका साध्वीति व्यपदिश्यते, श्रावकस्तु तथाभूतस्तत्त्वतो यतिरेवेति चातुर्विध्यं व्यवतिष्ठत इति चेत् ? नूनं गुणं विना वेषधरणे विडम्बकचेष्टैव सा । एतेनैकोनषष्टिरेव जीवास्त्रिषष्टिः शलाकापुरुषा इति व्यपदेशवत् त्रिविधोऽपि सङ्घो विवक्षावशाच्चतुर्विधो व्यपदिश्यत इति निरस्तम् ।

---

વચનનો વિરોધ થશે. "અણુવ્રતોને ધરનારી શ્રાવિકા પણ 'સાધ્વી' તરીકે વ્યપદિષ્ટ થતી હોવાથી તેની અપેક્ષાએ જ સંઘને ચતુર્વિધ કહ્યો છે." એવું જો કહેશો તો શ્રાવિકા તરીકે, અણુવ્રતશૂન્ય માત્ર સમ્યક્ત્વધારી સ્ત્રીઓને જ કહેવાની રહેશે. અને તો પછી જેમ ગૃહસ્થી સ્ત્રીના સાધ્વી અને શ્રાવિકા એમ બે પ્રકાર પડશે, તેમ ગૃહસ્થ પુરુષના પણ અણુવ્રતધારી પુરૂષો અને માત્ર સમ્યક્ત્વધારી પુરુષો એમ બે પ્રકાર સાધુ-શ્રાવક તરીકે પડશે. તેથી સંઘને પંચવિધ કહેવો પડશે.

**પૂર્વપક્ષઃ**–વેશ ધરનારા શ્રાવિકા જ સાધ્વી કહેવાય છે (વેશ વિનાની અણુવ્રત-ધારી સ્ત્રી નહિ) અને શ્રાવક જો વેશધારણ કરે તો એ વાસ્તવિક સાધુ જ બની જતો હોવાથી એનો જુદો ભેદ પાડવો પડતો નથી. તેથી સંઘનું ચતુર્વિધપણું જળવાઈ જ રહે છે.

**ઉત્તરપક્ષઃ**–જે વેશ ધરનારા શ્રાવક-શ્રાવિકામાં ચારિત્રગુણ ન હોય તો એની વેશધારણાદિ ચેષ્ટાઓ વિડંબકની ચેષ્ટા જેવી જ હોવાથી એને સાધુ કે સાધ્વી શી રીતે કહેવાય ? તેથી સ્ત્રીઓને ચારિત્રગુણ સંપન્ન રૂપે વસ્તુતઃ સાધ્વી માનવાની ન હોય તો સંઘની ચતુર્વિધતા અનુપપન્ન જ રહે છે. આ જ યુક્તિથી "* ૫૯ જીવો જ જેમ ૬૩ શલાકા પુરુષો તરીકે કહેવાય છે તેમ ત્રિવિધ સંઘ પણ અમુક પ્રકારની વિવ-ક્ષાથી જ ચતુર્વિધ કહેવાય છે." એવું કથન પણ નિરસ્ત જાણવું.

**શંકા**–સ્ત્રીઓને ચારિત્રનો અંશ ભલે હો ! જેના કારણે તેઓને સાધ્વી કહી શકાય, છતાં જે મોક્ષનું કારણ બની શકે એવો ચારિત્રનો પ્રકર્ષ તો તેઓને સંભ-વતો જ ન હોવાથી મોક્ષ તો અસંભવિત જ છે.

### [ સ્ત્રીપણું રત્નત્રયપ્રકર્ષનું અવિરોધી ]

**સમાધાનઃ**–સ્ત્રીપણા સાથે રત્નત્રયના પ્રકર્ષનો વિરોધ કંઈ સિદ્ધ નથી કે જેથી એ સ્ત્રીઓને અસંભવિત રહે, કારણકે મોક્ષહેતુભૂત તે પ્રકર્ષ શૈલેશી અવસ્થાના ચર-

---

१. यः प्रकुर्यात् दृष्टभक्तिं चातुर्वर्णस्य श्रमणसंघस्य ।

* ૩ ચક્રવર્તી તીર્થંકરના જીવ હતા અને ત્રિપૃષ્ઠ વાસુદેવ ભગવાન મહાવીર થયા.

स्यादेतत्–संभवतु नाम चारित्रलेशः स्त्रीणां यद्बलादिमाः साध्वीव्यपदेशमासादयेयुः, न च मोक्षहेतुस्तत्प्रकर्षोऽपि तासु संभवी। मैवं, स्त्रीत्वेन समं रत्नत्रयप्रकर्षस्य विरोधासिद्धेः, तस्य शैलेश्यवस्थाचरमसमयभावित्वेनाऽदृष्टत्वात्, तददर्शने च स्वभावत एव छायाऽऽतपयोरिव तयोः प्रत्यक्षेण विरोधाऽग्रहात्, प्रत्यक्षाऽप्रवृत्तौ चानुमानस्याप्यप्रवृत्तेः, आगमस्य तद्विरोधप्रतिपादकस्याऽश्रवणात्, प्रत्युत तदविरोधप्रतिपादकस्यैव जागरूकत्वात्, अधिकमुपरिष्टाद्वक्ष्यते [श्लो० १६६ वृत्तौ]। अथ स्त्रीत्वसमनियता माया विना तन्निवृत्तिं न निवर्त्तेत इति कथं तदनिवृत्तौ चारित्रप्रकर्ष इति चेत्? तर्हि पुंस्त्वसमनियतं क्रूरत्वादिकमपि विना तन्निवृत्तिमनिवर्त्तमानं कथं चारित्रप्रकर्षं न विरुन्ध्यादिति, अस्वाभाविकत्वाऽसार्वदिकत्वे तु उभयत्र तुल्ये ॥१६३॥ अथ हीनत्वरूपं द्वितीयं हेतुं दूषयितुमाह—

हीणत्तं पुण नाणं लद्धिं इड्ढिं बलं च अहिगिच्च ।
णो पडिकूलमसिद्धं तिरयणसारंमि संतंमि ॥१६४॥

(हीनत्वं पुनर्ज्ञानं लब्धिमृद्धिं बलं चाधिकृत्य। नो प्रतिकूलमसिद्धं त्रिरत्नसारे सति ॥१६४॥)

---

મસમયે જ હોય છે જે અદૃશ્ય હોવાથી છાયા-તડકાનો સ્વભાવથી વિરોધ હોવો જેમ પ્રત્યક્ષથી જણાય છે તેમ જાણી શકાતો નથી. પ્રત્યક્ષથી અગ્રાહ્ય વસ્તુ વિશે અનુમાન પણ પ્રવર્ત્તતું ન હોવાથી તે વિરોધ અનુમાનથી પણ જાણી શકાતો નથી, તેવા વિરોધને જણાવનાર કોઈ આગમવચન પણ ઉપલબ્ધ થતું નથી. ઉલ્ટું તેના અવિરોધને જણાવનાર આગમવચન મળે છે. આ બાબતમાં વિશેષ વાત આગળ કહેવાના છીએ. તેથી સ્ત્રીઓને ચારિત્રપ્રકર્ષ હોવામાં કોઇ વાંધો ન હોવાથી મુક્તિપણ સંભવે છે. "સ્ત્રીપણાની સાથે માયા સમનિયત છે અર્થાત્ જ્યાં સ્ત્રીત્વ હોય ત્યાં માયા પણ હોય જ છે. તેથી સ્ત્રીપણાની નિવૃત્તિ વિના માયા પણ નિવૃત્ત થતી ન હોવાથી ચારિત્રપ્રકર્ષ શી રીતે થઈ શકે?" એવા પ્રશ્નનો જવાબ એ છે કે એ રીતે તો પુરુષપણાને સમનિયત ક્રૂરત્વાદિ પણ પુરુષપણાની નિવૃત્તિવિના નિવૃત્ત થતા ન હોવાથી ચારિત્રપ્રકર્ષ થવા દેશે નહિ.

શંકાઃ–પણ ક્રૂરત્વાદિ પુરુષને સ્વાભાવિક હોતા નથી તેમજ પુરુષત્વ જ્યાં સુધી હોય ત્યાં સુધી રહે જ એવું પણ છે નહિ. તેથી પુરુષત્વની હાજરીમાં પણ ક્રૂરત્વ વગેરે નિવૃત્ત થઇ શકે છે.

**સમાધાનઃ**–એ જ રીતે માયા પણ સ્ત્રીઓને સ્વાભાવિક કે સાર્વદિક હોતી નથી. તેથી સ્ત્રીપણાની હાજરીમાં પણ તેની નિવૃત્તિની શકયતા તુલ્ય જ છે. ॥૧૬૩॥ દિગંબરે સ્ત્રીઓને ચારિત્રાભાવ હોવામાં આપેલ હીનત્વરૂપ બીજા હેતુને દૂષિત કરવા ગ્રન્થકારશ્રી કહે છે—

**ગાથાર્થઃ**–સ્ત્રીઓમાં જ્ઞાન, લબ્ધિ, ઋદ્ધિ અને બળને આશ્રીને પુરુષની અપેક્ષાએ રહેલ હીનપણું મોક્ષપ્રાપ્તિ અંગે પ્રતિકૂળ નથી. તેમજ રત્નત્રયની હાજરીમાં કેવલપ્રાપ્તિ થયે છતે જ્ઞાનહીનત્વાદિ રહેતા પણ નથી.

न खलु स्त्रीणां ज्ञानापेक्षया पुरुषेभ्यो हीनत्वं मोक्षप्राप्तिप्रतिकूलं, माषतुषादीनां तादृशज्ञानं विनापि तत्प्राप्तिश्रवणात्, अगीतार्थानां गीतार्थपारतन्त्र्यस्यैव ज्ञानफलवत्तया ज्ञानरूपत्वात्। तथा च हारिभद्रं वचः- [पंचा० ५०१]

"[1]गुरुपारतंतं नाणं सद्दहणं एयसंगयं चेव।
एत्तो उ चरित्तीणं मासतुसाईण निद्दिट्ठं।'त्ति॥

चारित्र प्रकर्षेण केवलज्ञानावाप्तेः परमभावदशायामसिद्धं च ज्ञानहीनत्वमपि। एतेन 'स्त्रियो न निर्वाणभाजः, विशिष्टपूर्वाध्ययनाऽधिकारित्वादभव्यवद्' इत्यपास्ताम्। एवं लब्ध्यपेक्षया हीनत्वमपि तासां न प्रतिकूलं, "वादविक्रियाचारणादिलब्धिहेतुसंयमविशेषविरहे कथं तासां तदधिकमोक्षहेतुतत्सत्त्वं?" इति हि परस्याशयः, सोऽयं दुराशयः, माषतुषादीनां लब्धिविशेषहेतुसंयमाऽभावेऽपि मोक्षहेतुतच्छ्रवणात्। क्षायोपशमिकलब्धिविरहेऽपि क्षायिकलब्धेरप्रतिघातात्, अन्यथाऽवधिज्ञानादिकमुपमृद्य केवलज्ञानस्याऽप्रादुर्भावप्रसङ्गात्।

### [જ્ઞાન-લબ્ધિ વગેરેની હીનતા મોક્ષ પ્રાપ્તિની અબાધક]

સ્ત્રીઓને પૂર્વાદિનું જ્ઞાન હોતું નથી. પુરુષોની અપેક્ષાએ તેઓની આ હીનતા મોક્ષપ્રાપ્તિ પ્રત્યે કંઇ પ્રતિકૂળ નથી કારણકે માષતુષાદિ મુનિઓને તેવી હીનતા હોવા છતાં મુક્તિ થએલી સંભળાય છે. હેયના ત્યાગ અને ઉપાદેયના આદરરૂપ જ્ઞાનનું ફળ ગીતાર્થને પરતંત્ર રહેવા દ્વારા અગીતાર્થને પણ મળી જ જતું હોવાથી તેઓનું આ ગીતાર્થપારતંત્ર્ય જ જ્ઞાનરૂપ બની જાય છે. **શ્રી હરિભદ્રસૂરિ મહારાજે** પણ કહ્યું છે કે "વિશિષ્ટજ્ઞાનવિકલ પણ જ્ઞાનાધિક આચાર્યાધીન જીવોને ગુરુનું પારતંત્ર્ય જ્ઞાનફળસાધક હોવાથી જ્ઞાન જ છે. તેમજ આવા જ્ઞાનને અનુરૂપ શ્રદ્ધા જ સમ્યક્ત્વ છે. આવું હોવાથી જ વિશિષ્ટ જ્ઞાન વિનાના પણ માષતુષાદિ ચારિત્રીઓને પણ ચારિત્ર હોવું કહ્યું છે." ચારિત્રપ્રકર્ષથી કેવલજ્ઞાન પ્રાપ્ત થએ છતે પરમભાવદશામાં જ્ઞાનહીનત્વ રહેતું ન હોવાથી તે હેતુ પણ અસિદ્ધ બની જાય છે. તેથી જ 'સ્ત્રીઓ મુક્તિ પામતી નથી, કારણકે વિશિષ્ટ પૂર્વ અધ્યયનની અનધિકારી હોય છે. જેમકે અભવ્ય જીવ' એવું અનુમાન પણ પરાસ્ત જાણવું. એમ લબ્ધિને આશ્રીને તેઓનું હીનત્વ પણ મોક્ષને પ્રતિકૂળ નથી, કારણકે એને પ્રતિકૂળ કહેવામાં તમારો આશય તો આવો જ હોઇ શકે છે કે "વાદલબ્ધિ, વૈક્રિયલબ્ધિ, ચારણલબ્ધિ વગેરેનો હેતુ બની શકે એવી કક્ષાનું સંયમ પણ જો તેઓને હોતું નથી તો મોક્ષહેતુભૂત બને એવું શ્રેષ્ઠ સંયમ તો શી રીતે હોય?" આ આશય દુરાશય છે, કારણકે માષતુષાદિને લબ્ધિવિશેષના હેતુભૂત સંયમ ન હોવા છતાં મોક્ષના હેતુભૂત સંયમ જેમ સંભવ્યું હતું તેમ સ્ત્રીઓને પણ સંભવે છે. ક્ષાયોપશમિક લબ્ધિના અભાવમાં પણ ક્ષાયિક લબ્ધિઓ કંઈ પ્રકટ થતી અટકી જતી નથી. નહિતર તો અવધિજ્ઞાનાદિ થયા વગર કેવલજ્ઞાન થઈ જ નહિ શકે!

१. गुरुपारतन्त्र्यं ज्ञानं श्रद्धानमेतत्संगतं चैव। एतस्मात्तु चारित्रिणां माषतुषादीनां निर्दिष्टम्॥

यच्च "न तु लब्धीनां संयमविशेषहेतुकत्वमागमिकं, कर्मोदयक्षयक्षयोपशमोपशमहेतुकतया तासां तत्रोदितत्वात्," इत्याद्युक्तं तत् सामान्याभिप्रायेण, "चक्रवर्त्तिबलदेववासुदेवत्वादि प्राप्तयोपि हि लब्धयो, न च संयमसद्भावनिबन्धना तत्प्राप्तिः" इत्यग्रिमग्रन्थपर्यालोचनया तथालाभात्, अन्यथा '[1]कफविप्रुण्मलामर्श' [यो० शा० १/८] इत्यादिना लब्धीनां योगजन्यत्वप्रतिपादनानुपपत्तेः। अपि च लब्धिहीनत्वमपि तस्यामसिद्धं, चक्रवर्त्यादिलब्धिविरहेऽपि आमर्शौषध्यादीनां भूयसीनां भावात्। न च सर्वलब्धिसंपन्नत्वं कस्यापि संभवति, मुक्तिगामिनि वासुदेवत्वलब्धिहीनत्वात्, न च क्षायोपशमिकादिसकललब्धिसंपन्नत्वमप्येकस्य संभवति, नानाजन्तुपरिणामवैचित्र्याधीनवैचित्र्याणां तासामेकत्राऽसम्भवात्। एतेन 'कर्मक्षये क्षायोपशमिकलब्धिमात्रमुदेति' इति कस्यचिन्मतमपास्तम्, क्षयजनकानामध्यवसायानां क्षयोपशमजनकैरध्यवसायैरत्यन्तसाजात्यविरहात्। अत एवोक्तं–

[2]उदयखयखओवसमोवसमसमुत्था बहुप्पगारा उ।
एवं परिणामवसा लद्धीओ हुंति जीवाणं। त्ति। [वि०भा०आ० ८०१]

## [ સંયમમાં લબ્ધિહેતુતા અબાધિત ]

વળી "લબ્ધિઓ સંયમવિશેષહેતુક છે એ વાત આગમિક (=આગમોક્ત) નથી કારણ કે આગમમાં તેઓના હેતુ તરીકે કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ હેતુ કહ્યા છે." એવું જે કહ્યું છે તે પણ સામાન્ય અભિપ્રાયથી કહ્યું છે, એવું આ વાત કહ્યા પછીના આગળના ગ્રન્થની વિચારણા કરતાં જણાય છે. આગમમાં જે કહ્યું છે કે "ચક્રવર્તીપણું, બળદેવપણું, વાસુદેવપણું વગેરેની પ્રાપ્તિ પણ લબ્ધિ તો છે જ, છતાં કંઇ તે બધાની પ્રાપ્તિ સંયમની હાજરીના કારણે હોતી નથી." એનાથી પર્યાલોચનથી જણાય છે કે એ ગ્રન્થભાગ "બધી લબ્ધિઓ સંયમનિમિત્તક જ હોય છે" એવા અભિપ્રાયનું નિરાકરણ કરવા માટે છે, નહિ કે "કોઈપણ લબ્ધિ સંયમનિમિત્તક હોતી જ નથી, કર્મોદયાદિ નિમિત્તક જ હોય" એવું જણાવવા. તેથી ચક્રવર્ત્તિત્વાદિથી ભિન્ન એવી વૈક્રિયાદિ લબ્ધિઓ સંયમનિમિત્તક હોવામાં પણ કોઇ બાધક નથી. નહિતર તો (એટલે કે બધી લબ્ધિઓને કર્મોદયાદિ જન્ય માનવામાં) 'કફવિપ્રુણ્મલામર્શ' ઇત્યાદિ યોગશાસ્ત્રની ગાથામાં લબ્ધિઓને યોગજન્ય હોવી જે કહી છે તે અનુપપન્ન થઈ જશે. વળી સ્ત્રીઓમાં લબ્ધિહીનત્વ પણ સિદ્ધ નથી કારણ કે ચક્રવર્ત્તિત્વાદિલબ્ધિઓ ન હોવા છતાં આમર્શૌષધિ વગેરે લબ્ધિઓ સંભવિત છે. "જેનામાં સર્વલબ્ધિઓ ન હોય તે બધા સર્વલબ્ધિસંપન્નની અપેક્ષાએ હીનલબ્ધિવાળા જ કહેવાય અને તેથી સ્ત્રીઓમાં તો ચક્રવર્ત્તિત્વાદિ ન હોવાથી તે બધી હીનલબ્ધિવાળી જ હોય છે" એવું પણ કહેવું નહિ કારણ કે મુક્તિગામી જીવોમાં કેવલજ્ઞાનલબ્ધિ હોવા છતાં વાસુદેવ-

१. कफविप्रुण्मलामर्श-सर्वौषधिमहर्द्धयः। सम्भिन्नश्रोतोलब्धिश्च यौगं ताण्डवडम्बरम्॥
२. उदयक्षयक्षयोपशमोपशमसमुत्था बहुप्रकारास्तु। एवं परिणामवशाल्लब्धयो भवन्ति जीवानाम्॥

ऋद्ध्यपेक्षयापि न तासां हीनत्वं, रत्नत्रयसाम्राज्ये सत्याध्यात्मिकीमृद्धिमाश्रित्य तदसिद्धेः, बाह्यर्द्ध्यपेक्षयाऽमहर्द्धिकत्वाद्, अन्यथा तीर्थकराद्यपेक्षयाऽमहर्द्धिका गणधरादयो न सिद्धिसौधमध्यासीरन् । अथ यज्जातीये न परममहर्द्धिकत्वं तज्जातीयस्य न परमपदयोग्यता, न च स्त्रीजातौ तीर्थकरत्वलक्षणं परममहर्द्धिकत्वमिति न तज्जातीयानां मुक्तिरिति चेत् ? न, तादृशव्याप्तौ प्रमाणाभावात्, असिद्धेश्च, स्त्रीणामपि कासांचित् परमपुण्यप्रकर्षेण तीर्थकृत्त्वाविरोधात् । ननु स्त्रीत्वबन्धस्यानन्तानुबन्धिप्रत्ययकत्वात् तीर्थकरनामकर्मबन्धस्य च प्रकृष्टसम्यग्दर्शनप्रत्ययकत्वात् स्त्रीत्वतीर्थकृत्त्वयोर्विरोध इति चेत् ?

---

પણાની લબ્ધિ ન હોવાથી અને શેષજીવોમાં કેવલલબ્ધિ ન હોવાથી કોઈ એક જીવ સર્વલબ્ધિસંપન્ન હોવો સંભવિત જ નથી. ક્ષાયોપશમિકાદિ સર્વલબ્ધિઓ એક જીવને હોવી પણ સંભવતી નથી કારણ કે અનેકજીવોના ભિન્ન ભિન્ન પરિણામોના કારણે વિચિત્રતાને પામેલી તે તે સર્વલબ્ધિઓ એકત્ર સંભવતી નથી. આ જ યુક્તિઓથી "કર્મક્ષય થએ છતે સર્વક્ષાયોપશમિકલબ્ધિઓ પ્રકટ થાય છે" કોઇના આવા મતનું નિરાકરણ જાણી લેવું, કારણ કે ક્ષયજનક અધ્યવસાયો કંઇ ક્ષયોપશમજનક અધ્યવસાયોને એકદમ તુલ્ય હોતા નથી કે જેથી તે અધ્યવસાયોથી થનાર લબ્ધિઓ પણ પ્રકટ થઈ જાય. તેથી જ કહ્યુ છે કે "ઉદય–ક્ષય–ક્ષયોપશમ–ઉપશમથી તેવા તેવા પરિણામોને આધીન અનેકપ્રકારની લબ્ધિઓ જીવોને પ્રકટ થાય છે"

**[ બાધક ઋદ્ધિહીનત્વ અસિદ્ધ ]**

ઋદ્ધિની અપેક્ષાએ પણ સ્ત્રીઓ હીન હોતી નથી કારણ કે રત્નત્રયના પ્રભાવની હાજરીમાં આધ્યાત્મિક ઋદ્ધિ તો પુરુષ જેવી જ તેઓને પણ હોય છે. અને બાહ્યઋદ્ધિની અપેક્ષાએ રહેલ હીનત્વ તો મોક્ષપ્રત્યે પ્રતિકૂળ નથી, નહિતર તો શ્રીતીર્થંકરદેવોની અપેક્ષાએ ગણધરાદિ સર્વજીવો હીનબાહ્યઋદ્ધિવાળા હોવાથી તેઓમાંથી કોઇ મુક્તિ પામી જ શકે નહિ.

**પૂર્વપક્ષ :–** જે જાતિમાં કોઇ પરમ મહર્દ્ધિક હોતું નથી. તે જાતિવાળી વ્યક્તિ પરમપદને યોગ્ય હોતી નથી. સ્ત્રીજાતિમાં કોઈ તીર્થંકરપણારૂપ પરમમહર્દ્ધિવાળી હોતી નથી. તેથી તેઓને મુક્તિ હોતી નથી.

**ઉત્તરપક્ષ :–** આવી વ્યાપ્તિમાં કોઈ પ્રમાણ ન હોવાથી તમારી વાત અયુક્ત છે. વળી સ્ત્રીજાતિમાં પરમમહર્દ્ધિકવ્યક્તિકત્વાભાવરૂપ વ્યાપ્ય અસિદ્ધ પણ છે કારણ કે કોઇક સ્ત્રીઓને પરમપુણ્યપ્રકર્ષથી તીર્થંકૃત્ત્વ પણ હોઈ શકે છે. તેથી વ્યાપ્તિ કદાચ સાચી હોય તો પણ મુક્તિપદયોગ્યત્વાભાવ સિદ્ધ થતો નથી.

**શંકા :–** અનંતાનુબંધી કષાયોદયના નિમિત્તે સ્ત્રીપણું બંધાય છે જ્યારે તીર્થંકાર નામકર્મનો બંધ તો પ્રકૃષ્ટસમ્યગ્દર્શન નિમિત્તે થાય છે. તેથી સ્ત્રીપણા અને તીર્થંકરપણાને વિરોધ હોવાથી તે બે એકત્ર શી રીતે હોઈ શકે?

न, स्त्रीवेदं बद्ध्वाऽनन्तानुबन्धिप्रक्षये विशुद्धाध्यवसायेन तीर्थकरनामकर्मबन्धसम्भवादुक्तविरोधाऽसिद्धेः, अन्यथा विना स्त्रीवेदं जिनानां तत्क्षपणानुपपत्तेः । 'स्त्रीवेदाविरोधेऽपि स्त्रीत्वं विरुद्धमि'ति चेत् ? न, स्वकारणाधीनाभ्यां स्त्रीशरीरनिर्वृत्तिस्त्रीवेदाभ्यां स्त्रीत्वस्यार्थसमाजसिद्धत्वात् । एतेन मल्लेर्भगवतः प्राग्भवे स्त्रीत्वजिननाम्नोरुभयोरर्जनं विरुद्धमिति परास्तम् । प्रबलपुण्यप्राग्भाराणां पापप्रकृतिनिष्यन्दभूतं स्त्रीत्वं कादाचित्कमित्येव च तस्याश्चर्यभूतत्वमिति गीयते । यत्तु मल्लेर्भगवतः स्त्रीत्वे शलाकापुरुषत्वव्यवहारो न स्यादिति–तज्जाल्मगोष्ठीप्रलापमात्रम्, स्त्रीत्वेऽपि तस्य पुरुषौपयिकधर्मोपदेशादिनातिशयमहिम्ना च पुरुषत्वव्यवहाराऽविरोधात् । अथ पुरुषानभिवन्द्यत्वादासां चारित्रद्धर्याऽमहर्द्धिकत्वमनुमीयत इति चेत् ? न, असिद्धेः, तीर्थकरजननीनां जगद्वन्द्यत्वात्, शिष्याणामप्याचार्यानभिवन्द्यत्वेन व्यभिचाराच्च । साध्वीनां साधुमात्रानभिवन्द्यतया चारित्रहानिरनुमीयत इति चेत् ? न, शैक्षे व्यभिचारात् व्याप्तिग्राहकप्रमाणाभावाच्च ।

---

### [ સ્ત્રીપણું તીર્થંકરત્વને અવિરોધી ]

**સમાધાનઃ**-અનંતાનુબંધીની હાજરીમાં સ્ત્રીવેદ બાંધ્યા પછી પણ અનંતાનુબંધીનો ઉદય ક્ષીણ થએ છતે વિશુદ્ધ અધ્યવસાયોથી તીર્થંકરનામકર્મબંધ સંભવિત હોવાથી તમે કહો છો એવો વિરોધ અસિદ્ધ છે, નહિતર તો સ્ત્રીવેદકર્મ જ જિનનામ વિરોધી થવાથી શ્રીતીર્થંકરોને સ્ત્રીવેદની સત્તા ન માનવાથી સ્ત્રીવેદ કર્મની ક્ષપણા જ અનુપપન્ન થશે "આ રીતે સ્ત્રીવેદકર્મને વિરુદ્ધ માની શકાતું ન હોવા છતાં સ્ત્રીપણું તો તીર્થંકરપણાને વિરુદ્ધ હોવું માની શકાશે ને ?" એવું ન કહેવું કારણકે સ્વકારણોને આધીન એવા સ્ત્રીશરીર અને સ્ત્રીવેદથી જ સ્ત્રીપણું સિદ્ધ થઇ જતું હોવાના કારણે સ્ત્રીપણા સાથે પણ તીર્થંકરપણાને વિરોધ નથી. તેથી જ "**મલ્લિનાથ ભગવાનને** પૂર્વભવમાં સ્ત્રીપણું અને જિનનામ ઉભયનું ઉપાર્જન વિરુદ્ધ છે" એવી વાત નિરસ્ત જાણવી. પ્રબળપુણ્યશાળી જીવોને પાપપ્રકૃતિના ઝરણા જેવું સ્ત્રીપણું કવચિત્ જ હોય છે. તેથી જ તે આશ્ચર્યભૂત (અચ્છેરું) કહેવાય છે. 'મલ્લીનાથ ભગવાન્‌ને સ્ત્રી માનવામાં શકાલાપુરુષ કહી શકશે નહિ' એવું જે કહ્યું છે તે પણ લુચ્ચાઓની ટોળીના પ્રલાપમાત્ર રૂપ જાણવું. કારણકે સ્ત્રીપણું હોવા છતાં પુરુષના વ્યાપાર રૂપ ધર્મોપદેશાદિના તેમજ અતિશયના મહિમાના કારણે તેઓમાં પુરુષત્વવ્યવહાર થઈ શકે છે. "સ્ત્રીઓ પુરુષોને વંદનીય ન હોવાથી જણાય છે કે ચારિત્રાત્મક ઋદ્ધિને આશ્રીને સ્ત્રીઓ પુરુષોથી હીન હોય છે "એવી દલીલ પણ તુચ્છ છે કેમકે શ્રી તીર્થંકરોની જનનીઓ જગદ્વંદ્ય હોવાથી સ્ત્રીઓમાં અવંદનીયતા અસિદ્ધ છે અને તેથી તમારી વાત અયુક્ત છે. વળી અવંદનીયતા હોવા માત્રથી મુક્તિ માટેની અયોગ્યતા આવી જતી હોય તો તો શિષ્યો પણ આચાર્યને અવંદ્ય હોવાથી મુક્તિ માટે અયોગ્ય થઇ જવાની આપત્તિ આવે ! "સાધ્વીઓ તો કોઇપણ સાધુને અભિવંદ્ય હોતી નથી"

बलापेक्षयापि हीनत्वमप्रयोजकं, अन्यथा स्त्रीभ्योऽपि हीनबलाः पङ्ग्वादयः पुरुषा रत्नत्रयसाम्राज्ये सत्यपि न मुच्येरन् । 'हीनबलानां विशिष्टचर्यारूपं चारित्रमेव न स्यादि'ति चेत् ? न, यथाशक्त्याचरणरूपस्य चारित्रस्य तेषामप्यविरोधात्, जिनकल्पादिविशिष्टसामर्थ्य-विरहेऽपि सिद्धेः प्रतिपादनाद्, आह च–

वादविकुर्वणत्वादिलब्धिविरहे श्रुते कनीयसि च ।
जिनकल्पमनःपर्यायविरहेऽपि न सिद्धिविरहोऽस्ति ॥

इति । ननु नेदं युक्तं तथाविधशक्तिविरहे चारित्रस्यानादरणीयत्वादिति चेत् ? नन्वेवं जिनकल्पिकोऽपि क्षीणजङ्घाबलः सन् विराद्धचारित्रः स्यात् । 'शक्तिमनतिक्रम्य यतनया न तस्य चारित्रविराधने'ति चेत् ? तदिदमन्यत्रापि तुल्यम् । तथा चागमः–"[1]जयणाइ वट्टियव्वं न हु जयणा भंजए अंगं ॥ ति–

એવા હેતુથી પણ તેઓમાં ચારિત્રહીનતાનું અનુમાન કરી શકાતું નથી. કેમકે શૈક્ષ=નૂતન દીક્ષિત સાધુઓ પણ તેવા જ હોય છે, અને તેમ છતાં તેઓમાં એ હાનતાનો અભાવ પણ સંભવિત હોવાથી તે હેતુમાં વ્યભિચાર આવે છે. તેમજ જે અનભિવંદ્ય હોય તે હીનચારિત્રી હોય એવી વ્યાપ્તિનું ગ્રાહક પણ કોઈ પ્રમાણ ન હોવાથી તેવું અનુમાન થઇ શકતું નથી.

## [ બળહીનત્વહેતુ અપ્રયોજક ]

બળની અપેક્ષાએ સ્ત્રીઓમાં રહેલ હીનત્વ હેતુ પણ મુક્તિઅયોગ્યત્વને સિદ્ધ કરવામાં અપ્રયોજક છે નહિતર તો સ્ત્રી કરતાં પણ હીન બળવાળા લંગડા વગેરે પુરુષો રત્નત્રયની હાજરીમાં પણ મુક્ત થઈ શકશે નહિ 'હીનબળવાળા જીવોને વિશિષ્ટચર્યારૂપ ચારિત્ર અસંભવિત હોવાથી મુક્તિ શી રીતે હોય ? એવું ન કહેવું', કેમકે વિશિષ્ટ-ચર્યારૂપ ચારિત્ર ન હોવા છતાં યથાશક્તિ આચરણરૂપ ચારિત્ર હોવામાં કોઇ વિરોધ નથી. વળી જિનકલ્પાદિ અંગેના વિશિષ્ટસામર્થ્યના અભાવમાં પણ મુક્તિ કહી હોવાથી હીનબળીને પણ તે સંભવિત છે. કહ્યું છે કે 'વાદલબ્ધિ, વિકુર્વણાદિલબ્ધિ, જિનકલ્પ, મનઃપર્યવજ્ઞાનનો અભાવ હોવા છતાં તેમજ શ્રુતજ્ઞાન અલ્પ હોવા છતાં સિદ્ધિનો અભાવ નથી.' 'તેવા પ્રકારની શક્તિના અભાવમાં ચારિત્ર આદરણીય જ હોતું નથી' એવું કહીને આ વાતને અયુક્ત ન ઠેરવવી, કેમ કે તો તો પછી જિનકલ્પીને પણ જંઘાબળક્ષીણ થએ છતે ચારિત્ર અનાદરણીય બની જવાથી એની વિરાધના થઇ જવાની આપત્તિ આવે. વળી "તેઓ શક્તિનું ઉલ્લંઘન ન થાય એ રીતે યતનાથી પાલન કરતાં હોવાથી ચારિત્રવિરાધના થતી નથી." એવું જો કહેશો તો એ વાત હીનબળી જીવો માટે પણ સમાન જ છે. આગમમાં પણ કહ્યું છે કે 'જયણા પૂર્વક વર્ત્તવું. જયણા અંગનો = ચારિત્રરૂપ શરીરનો ભંગ = નાશ કરતી નથી.'

१. उपदेशमाला-२९८ अस्य पूर्वार्धः– कालस्स य परिहाणी संजमजोगाइं नत्थि खित्ताइं ।
कालस्य च परिहाणिः संयमयोग्यानि न सन्ति क्षेत्राणि । यतनया वर्त्तितव्यं न खलु यतना भनक्त्यङ्गम् ॥

अपि च सर्वासां स्त्रीणां हीनबलत्वमप्यसिद्धं, मल्लिप्रभृतीनामनन्तबलत्वात्, दृश्यते च साम्प्रतीनानामपि तपोव्यापाराद्यौ प्रायः पुरुषापेक्षयापि प्रकृष्टत्वमित्यनैकान्तिकमेतत्। एतेन 'अनुपस्थाप्यतापाराञ्चितकानुपदेशेन हीनबलत्वं तासाम्' इत्यपि निरस्तं, योग्यतामपेक्ष्यैव हि शास्त्रे विचित्रविशुद्ध्युपदेशात्। उक्तं च—

संवरनिर्ज्जररूपो बहुप्रकारस्तपोविधिः श्रूयते शास्त्रे।

यो(रो)गचिकित्साविधिरिव कस्यापि कथञ्चिदुपकारी॥ इति [ ] यत्तु—'हीनत्वाद्' इत्यस्य शुषिरपूरणायां पुरुषापेक्षयाऽवगाहनाहीनत्वादित्यर्थ इति–तदुन्मत्ताध्यात्मिकप्रलपितं, रत्नत्रयसाम्राज्ये सिद्धेऽवगाहनाहीनत्वस्याऽकिञ्चित्करत्वात्, स्वशरीरापेक्षया सर्वत्रावगाहनावैषम्याभावाच्च, अन्यथा स्थूलकृशादिशरीरभेदेन तद्व्यवस्थाविप्लवप्रसङ्गात्। एतेन संस्थानहीनत्वादित्यादिकमपास्तं, अनित्थंस्थे निष्ठसंस्थाने सर्वसंस्थानसमावेशात्।

एतेन यदुक्तं प्रभाचन्द्रेण "स्त्रीणां न मोक्षः, पुरुषेभ्यो हीनत्वात्, नपुंसकादिवद्" (न्या० कु० च० पृष्ठ ८७६) इति तदपास्तं द्रष्टव्यं, सामान्येन स्त्रीणां पक्षत्वेऽशतः सिद्धसाधनाद्, देव्यादीनां मोक्षानभ्युपगमात्, विवादास्पदीनां च तासां पक्षत्वे तद्विशेषणानुपादाने

---

[ **સ્ત્રીઓમાં હીનબળત્વનિયમ અસિદ્ધ** ]

વળી સર્વસ્ત્રીઓ હીનબળવાળી જ હોય એવું પણ નથી કારણ કે **શ્રી મલ્લિનાથ** ભગવાન્ આદિ સ્ત્રીઓ અનંતબળવાળી હતી. હમણાંની સ્ત્રીઓ પણ તપ વગેરે પ્રવૃત્તિમાં પુરુષ કરતાં પ્રાયઃ ચઢિયાતી જોવા મળે છે. તેથી સ્ત્રીઓ પુરુષની અપેક્ષાએ હીનબળી જ હોય એ વાત અસિદ્ધ છે. તેથીજ 'સ્ત્રીઓને અનુપસ્થાપ્યતા, અને પારાંચિત પ્રાયશ્ચિત્ત કહ્યા ન હોવાથી તેઓમાં હીનબળત્વનું અનુમાન થાય છે' એ વાત પણ નિરસ્ત જાણવી કારણ કે શાસ્ત્રમાં યોગ્યતા જોઈને જ જુદા જુદા પ્રકારની વિશુદ્ધિઓ કહી છે. કહ્યું જ છે કે "શાસ્ત્રમાં સંવર અને નિર્જરા રૂપ અનેક પ્રકારનો કહેલ તપોવિધિ રોગની વિચિત્રપ્રકારની ચિકિત્સાવિધિઓની જેમ કોઈ કોઈ જીવને કોઈ ને કોઈ રીતે ઉપકારી બને છે." વળી "હીનત્વાત્ એવો જે હેતુ આપ્યો છે તેનો 'શુષિર પૂરવામાં પુરુષની અપેક્ષાએ હીન અવગાહનાવાળી હોવાથી' એવો અર્થ હોવાથી કોઇ અનુપપત્તિ નથી" એવું જે તમે આધ્યાત્મિકમતવાળા કહો છો તે પણ અયુક્ત છે, કારણ કે રત્નત્રયસામ્રાજ્ય રૂપ સાધ્ય સિદ્ધ થએ છતે અવગાહનાની હીનતા કંઇ બાધક બની શકતી નથી. અને પોતાના શરીરની અપેક્ષાએ તો કોઇને અવગાહનાની વિષમતા હોતી જ નથી. નહિતર તો સ્થૂલ-કૃશાદિ શરીર ભેદથી થતી અવગાહનાની વ્યવસ્થા તૂટી જશે. આથી જ 'સંસ્થાનહીન હોવાથી સ્ત્રીઓને મુક્તિ હોતી નથી' ઇત્યાદિ કથન પણ અપાસ્ત થઈ જાય છે. કારણકે *અનિત્થંસ્થઆત્મક (નિષ્ઠ) સંસ્થાનમાં (=સિદ્ધસંસ્થાનમાં ?) સર્વપ્રકારના સંસ્થાનોનો સમાવેશ થઇ જતો હોવાથી સ્ત્રીઓના સંસ્થાનથી પણ મુક્તિ પામી શકાય છે.

---

* અનિયત આકારવાળા સંસ્થાન (આકૃતિ)ને અનિત્થંસ્થ કહેવાય છે.

पक्षस्य न्यूनत्वात्, प्रकरणादेव तल्लाभे पक्षस्याप्यनुपादानप्रसङ्गादित्याचार्याः । ननु श्रुतिप्राप्तेऽर्थे प्रकरणादीनामनवकाशाच्छ्रुतिप्राप्तस्य पक्षस्य न प्रकरणापेक्षा, अपि त्वतथाभूतस्य विशेषणस्यैव तदपेक्षेति चेत् ? न, "श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थानसमाख्यानां समवाये पारदौर्बल्यम्" [जै० सू० ३।३।१४][1] इत्यत्र श्रुतिर्द्वितीयेत्यादिना द्वितीयारूपाया एव श्रुतेर्ग्रहणात् । अस्तु वा पदमेव श्रुतिस्तथापि पक्षस्येव विशेषणस्यापि श्रुत्याऽग्रहणे न्यूनत्वमेव ।

वस्तुतो विवादापन्नत्वमपि मोक्षसामग्रीसमवहितत्वपर्यवसन्नमेव, इतरस्य दुर्वचत्वात् । तथा च प्रतिज्ञाया एव बलवत्प्रमाणेन बाधः, न हि"मोक्षसामग्रीसमवहिता न मोक्षभाजः" इति न विरोधपद्धतिपराहतम् । अपि च "स्त्रीणां मोक्षः, नपुंसकेभ्योऽधिकत्वात्, पुरुषवद्" इति सत्प्रतिपक्षोऽपि । एतेन "न्यूनत्वं पुरुषदोषो न तु वस्तुदोषः, न चैतावतैव वादिपराजयात् कथापर्यवसानं, तत्त्वनिर्णिनीषायामदोषाद्" इत्युक्तावपि न क्षतिः ॥१६४॥अथ पापप्रकृतिबाहुल्यहेतुं दूषयितुमाह—

---

### [ પ્રભાચંદ્રીય અનુમાનનું નિરાકરણ ]

તેથી જ, "સ્ત્રીઓને મોક્ષ હોતો નથી કારણકે તેઓ પુરુષોથી હીન હોયછે જેમકે નપુંસક" એવું **પ્રભાચંદ્રવદન** પણ નિરસ્ત જાણવું. કારણકે એ અનુમાનમાં સામાન્યથી કોઈપણ સ્ત્રીને પક્ષ તરીકે લીધી હોય તો દેવી વગેરેરૂપ પક્ષના એક અંશમાં સિદ્ધસાધન દોષ જાણવો, કારણકે દેવીઓને અમે પણ મોક્ષ માનતા નથી. વિવાદના સ્થાનભૂત મનુષ્યસ્ત્રીઓને જ પક્ષ તરીકે લેવી હોય તો તેવું વિશેષણ કહ્યું ન હોવાથી પક્ષન્યૂનતા હોવારૂપ દોષ આવશે. 'પ્રકરણથી જ તેવું વિશેષણ જણાઈ જતું હોવાથી તેનું પૃથગ્ ઉપાદાન કરવાનું રહેતું નથી' એવું જો તમે કહેતા હો તો પક્ષનો પણ ઉપન્યાસ કરવાની જરૂર રહેશે નહિ, કારણકે એ પણ પ્રકરણથી જ જાણી શકાય છે.

**શંકા:**– શ્રુતિથી પ્રાપ્ત થતાં અર્થ અંગે પ્રકરણાદિને અવકાશ ન હોવાથી (કારણકે પ્રકરણાદિ શ્રુતિની અપેક્ષાએ દુર્બળ છે તેથી) શ્રુતિપ્રાપ્ત એવા પક્ષને પ્રકરણની અપેક્ષા હોતી નથી, જ્યારે શ્રુતિથી અપ્રાપ્ત એવા વિશેષણને તો તે હોય જ છે. તેથી પ્રકરણથી વિશેષણ જ ગમ્ય બને છે, વિશેષ્યરૂપ પક્ષ નહિ,

**સમાધાન:**– "શ્રુતિ, લિંગ, વાક્ય, પ્રકરણ, સ્થાન અને સમાખ્યાના સમુદાયમાં પછી પછીના દુર્બળ છે," (પૂર્વ પૂર્વના બળવાન્ છે") એવા વચનમાં 'શ્રુતિર્દ્વિતીયા' ઈત્યાદિ વ્યાખ્યાથી દ્વિતીયારૂપ શ્રુતિનું જ ગ્રહણ હોવાથી (અર્થાત્ જે દ્વિતીયા વિભક્તિથી ઉલ્લિખિત હોય તે જ શ્રુતિ છે અને તેને જ પ્રકરણાદિની અપેક્ષા ન હોવાથી) પક્ષ શ્રુતિપ્રાપ્ત ન હોવાના કારણે પ્રકરણગમ્ય બની જ શકે છે. અથવા ભલે 'પદ' રૂપશ્રુતિનું ત્યાં ગ્રહણ હો તો પણ, એટલે કે 'વિભક્ત્યન્તં પદં" એ મુજબ કોઈપણ પદથી જે ઉલ્લિખિત હોય તેને પ્રકરણાદિની અપેક્ષા ન હોય એવી વ્યાખ્યા હો તો પણ, પક્ષનું જેમ

---

१. 'अर्थविप्रकर्षात्' इति सूत्रशेषः ।

पावाणं पयडीणं थीनिव्वत्तीइ बंधजणणीणं ।
सम्मत्तेणेव खए णो तेसिं पावबहुलत्तं ॥१६५॥

[पापानां प्रकृतीनां स्त्रीनिवृर्तेर्बन्धजननीनाम् । सम्यक्त्वेनैव क्षये नो तासां पापबहुलत्वम् ॥१६५॥]

यत्तावदुक्तं "मिथ्यात्वसहायेन महापापेन स्त्रीत्वस्य निर्वर्तनान्न स्त्रीशरीरवर्त्तिन आत्मनो मुक्तिः" इति तदयुक्तं, सम्यक्त्वप्रतिपत्त्यैव मिथ्यात्वादीनां क्षयादिसम्भवात्, आस्त्रीशरीरं

પદથી ગ્રહણ કર્યું છે તેમ વિશેષણનું ન કર્યું હોવાથી ન્યૂનતા તો છે જ...વાસ્તવમાં તો 'વિવાદાપન્ન સ્ત્રીઓ' એવા પક્ષમાં વિશેષણીભૂત 'વિવાદાપન્નત્વ' 'મોક્ષસામગ્રી-સમવહિતત્વ'માં જ પર્યવસિત થાય છે, કારણકે 'જેઓને મોક્ષસામગ્રીનું જ સમવધાન હોતું નથી તેવી દેવી વગેરેને તો મોક્ષ હોતો નથી' એ વાત નિશ્ચિત જ હોવાથી એનો વિવાદ રહેતો નથી, કિન્તુ જેઓને મોક્ષસામગ્રીનું સમવધાન હોય છે તેવી સ્ત્રીઓને મોક્ષ હોય છે કે નહિ એનો જ વિવાદ છે. પક્ષના વિશેષણનું આવું પર્યવસાન જ તમારી પ્રતિજ્ઞાનો બાધ કરે છે, કારણકે 'મોક્ષસામગ્રીથી યુક્ત સ્ત્રીઓ મોક્ષમાં જતી નથી' એવું વચન વિરોધપરાહત નથી એવું કંઈ નથી. અર્થાત્ વિરોધવાળું જ છે.

**[ પુરુષહીનત્વહેતુ સત્પ્રતિપક્ષિત ]**

વળી 'સ્ત્રીઓનો મોક્ષ થાય છે કારણ કે નપુસંકોથી અધિક=ચડીઆતી હોય છે, જેમકે પુરુષ' એવા અનુમાનથી તમારો 'પુરુષોથી હીન હોય છે' એવો હેતુ સત્પ્રતિપક્ષિત હોવાના કારણે સ્ત્રીઓને મોક્ષ ન હોવા રૂપ સ્વસાધ્યની સિદ્ધિ કરી શકતો નથી. તેથી જ કદાચ પ્રતિવાદી કહે કે "અનુમાન પ્રયોગમાં ન્યૂનતા પુરુષદોષ છે, વસ્તુદોષ નહિ. અર્થાત્ અનુમાન પ્રયોગ કરનાર પુરુષ કોઈ વિશેષણાદિ ઓછા બોલે તો તે ભલે નિગૃહીત થાય પણ એટલા માત્રથી કંઈ હેતુ સ્વસાધ્યની સિદ્ધિ કરાવી આપવામાં દુર્બળ બની જતો નથી, તેમજ વાદીનો આવો ન્યૂનતા દોષ બતાવી પરાજય કરી નાખવા માત્રથી કથાનો–વસ્તુતત્ત્વ જાણવાની ચર્ચાનો અંત આવી જતો નથી, અર્થાત્ ન્યૂનતાદિદોષદુષ્ટ અનુમાનપ્રયોગ સ્વસાધ્યને સિદ્ધ કરી શકતો નથી. અને તેટલામાત્રથી વસ્તુતઃ ત્યાં સાધ્ય પણ ન હોય એવું કંઈ નિશ્ચિત થઈ જતું નથી. તેથી ન્યૂનતા વગેરે રૂપ પુરુષ-દોષ વાદ જીતી જવાની ઈચ્છાથી કરાતા જલ્પાદિમાં દોષરૂપ હોવા છતાં તત્ત્વનિર્ણય કરવાની ઇચ્છાથી થતી વાદરૂપ કથામાં દોષરૂપ ન હોવાથી તમે 'સ્ત્રીઓ મોક્ષમાં જતી નથી' ઇત્યાદિરૂપ અમારા અનુમાનને ન્યૂનત્વ દોષથી ઉડાવી શકતા નથી" ઇત્યાદિ પ્રતિ-વાદીના કહેવા છતાં કોઈ ક્ષતિ નથી, કારણ કે પૂર્વોક્ત રીતે પ્રતિવાદીના અનુમાનમાં બાધ તથા સત્પ્રતિપક્ષાદિ દોષ તો ઊભા જ છે. ॥૧૬૪॥ સ્રીઓને મુક્તિ ન હોવામાં આપેલ "પાપપ્રકૃતિઓની બહુલતા હોવા" રૂપ હેતુને દૂષિત કરવા ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :–સ્ત્રી શરીરાદિની બંધજનક પાપ પ્રકૃતિઓનો સમ્યક્ત્વથી જ ક્ષય થઇ ગયો હોતે છતે સ્રીઓમાં પાપ બાહુલ્ય રહેતું નથી.

तदनुवृत्तौ तस्याः सम्यक्त्वादेरप्यलाभप्रसङ्गात् । उक्तं च योगशास्त्रवृत्तौ-ननु महापापेन मिथ्यात्वसहायेन स्त्रीत्वमर्ज्यते, न हि सम्यग्दृष्टिः स्त्रीत्वं कदाचिद् बध्नाति, इति कथं स्त्रीशरीरवर्त्तिन आत्मनो मुक्तिः स्यात् ? मैवं, सम्यक्त्वप्रतिपत्तिकाल एवान्तःकोटिकोटि स्थितिकानां सर्वकर्मणां भावेन मिथ्यात्वमोहनीयादीनां क्षयादिसम्भवादिति ।

ननु तथापि मा भूत्तासां सम्यग्दर्शनमहिम्ना मिथ्यात्वादिकं, तथापि स्त्रीत्वसमर्जितः कामातिरेक एव मुक्तिप्रतिपन्थी, एवं च "स्त्रियो न मुक्तिभाजः, पुरुषापेक्षया तीव्रकामत्वात्, नपुंसकवत्" इत्यनुमानमिति चेत् ? न, तीव्रस्यापि कामस्य श्रुताध्ययनादिप्रसूतविपरीतपरिणामनिवर्त्तनीयत्वात्, न हि काममनिरुध्य पुरुषा अपि मुच्यन्ते । एवं च पूर्वानुमाने "स्त्रियो मोक्षभाजः, नपुंसकेभ्यो हीनकामत्वात्, पुरुषवत्" इति सत्प्रतिपक्षोऽपि । नन्वेवं नपुंसकानामपि कुतो न मुक्तिः ? तेषामपि तीव्रतरकामस्य विपरीतपरिणामनिवर्त्तनीयत्वात् । 'स्त्रीपुरुषशरीरयोरेव मोक्षहेतुत्वान्नपुंसकस्य स्वभावादेव न मोक्ष' इति चेत् ? तर्हि लाघवात् पुंशरीरत्वेनैव मोक्षहेतुतास्तु, स्त्रीनपुंसकयोस्तु स्वभावादेव न मोक्षः । 'आगमसिद्धः स्त्रीणां मोक्षो न तु नपुंसकस्ये'ति चेत् ? सोऽयमागमो विवादग्रस्तः । 'अक्लीबशरीरत्वेनैव मोक्षहेतुताऽस्त्वि'ति चेत ? न, पुंशरीरत्वापेक्षयाऽक्लीबशरीरस्य गुरुत्वात् ।

---

"મિથ્યાત્વની સહાયવાળા મહાપાપથી સ્ત્રીપણું બંધાતુ હોવાથી અને તેથી સ્ત્રી-શરીરી આત્મા મહાપાપ યુક્ત જ હોવાથી મુક્ત થતો નથી." એવું જે કહ્યું છે તે અયુક્ત છે કારણ કે સ્ત્રીપણું બાંધ્યા પછી સમ્યક્ત્વ પ્રાપ્તિ થાય એ જ વખતે મિથ્યાત્વાદિના ક્ષય-ક્ષયોપશમાદિ સંભવિત હોવાથી પાપબહુલતા રહેતી ન હોવાના કારણે મુક્તિ સંભવિત જ છે. બાકી મિથ્યાત્વાદિરૂપ પાપબહુલતા, જ્યાં સુધી સ્ત્રીશરીર હોય ત્યાં સુધી અનુવૃત્ત થતી હોય (=તે જીવની સાથે રહેતી જ હોય) તો તો સ્ત્રીઓને સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ પણ થઇ શકશે નહિ. યોગશાસ્ત્રની ટીકામાં કહ્યું છે કે–

"**શંકા** :–મિથ્યાત્વની સહાયવાળા મહાપાપથી સ્ત્રીપણું મળે છે, કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવ તો કયારેય સ્ત્રીપણું બાંધતો નથી. તેથી સ્ત્રીશરીરમાં રહેલ આત્માની મુક્તિ શી રીતે થાય?

**સમાધાન** :–બધા કર્મો સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે જ અંતઃ કોડાકોડિ સ્થિતિવાળા થઈ જતા હોવાથી મિથ્યાત્વ મોહનીયાદિના ક્ષયાદિ સંભવિત જ છે."

**શંકા** : એ રીતે સમ્યગ્દર્શનના મહિમાથી તેઓને મિથ્યાત્વાદિ ભલે ન હો! છતાં પણ સ્ત્રીપણાની સાથે જ પ્રાપ્ત થયેલ કામવાસનાનો અતિરેક મુક્તિ પ્રત્યે પ્રતિપંથી બનશે જ. અને તેથી "સ્ત્રીઓ મુક્તિ પામતી નથી કારણ કે પુરુષની અપેક્ષાએ તીવ્રકામવાસનાવાળી હોય છે જેમકે નપુંસક..." એવું અનુમાન કરી શકાશે.

[કામાતિરેક વિપરીતપરિણામનિવર્ત્ય]

**સમાધાન** :–તીવ્ર પણ કામ શ્રુત–અધ્યયનાદિથી થયેલા તેના વિરોધી પરિણામોથી નિવર્ત્તનીય હોવાથી મુક્તિબાધક બનતો નથી. એવા વિરોધી પરિણામોથી કામનો

अत्रोच्यते—जातिनपुंसकस्य तावत्सम्यक्त्वाद्यभावादेव न मोक्षः, स्त्रीणां तु तत्साम्राज्यात्तदविरोधः, एवं च प्रमाणबलाद् गुरुणाप्यक्लीबशरीरत्वेनैव हेतुता, येन रूपेण रत्नत्रयप्राप्तिहेतुता तेन रूपेण मोक्षहेतुत्वात् । अन्यथा स्त्रीक्लीबयोः स्वभावसाम्ये स्त्रियाः क्लीबस्येव सम्यग्दर्शनादिकमपि न स्यात् । स्यादेतत्–नपुंसकानामानपुंसकशरीरनिवृत्तेरनन्तानुबन्धि-

---

નિરોધ કર્યા વગર તો પુરુષો પણ મુક્ત થતા નથી. વળી તમે કહેલ અનુમાન તો 'સ્ત્રીઓ મુક્તિ પામે છે કારણ કે નપુંસક કરતાં તેઓની વાસના ઓછી હોય છે, જેમકે પુરુષો' એવો સત્પ્રતિપક્ષ ઊભો હોવાથી સ્વસાધ્યની સિદ્ધિ કરવામાં અસમર્થ છે.

**શંકા**:–એ રીતે તો નપુંસકો પણ પોતાની તીવ્રવાસનાને વિરુદ્ધ પરિણામોથી નિવૃત્ત કરી શકતા હોવાથી તેઓનો મોક્ષ પણ કેમ ન થાય?–'સ્ત્રીશરીર અને પુરુષશરીર જ મોક્ષહેતુભૂત હોવાથી તીવ્રકામ અનિવર્ત્તનીય હોવો' વગેરે રૂપ કારણે નહિ કિન્તુ મોક્ષહેતુવિકલતા રૂપ સ્વભાવના કારણે જ નપુંસકોનો મોક્ષ થતો નથી–એવું પણ માનવું નહિ, કારણ કે તો પછી પુરુષ શરીરને જ મોક્ષહેતુ માનવામાં લાઘવ હોવાથી એ જ રીતે માનવું યુક્ત હોવાના કારણે સ્ત્રીઓને પણ સ્વભાવથી જ મુક્તિનો અભાવ સિદ્ધ થઇ જશે. 'સ્ત્રીઓને મોક્ષ હોવો આગમમાં કહ્યો હોવાથી સિદ્ધ જ છે જ્યારે નપુંસકને કહ્યો ન હોવાથી અસિદ્ધ છે' એવું પણ કહેવું નહિ, કારણકે એ આગમ જ વિવાદગ્રસ્ત છે. "સ્ત્રીશરીર અને પુરુષશરીરને હેતુ માનવામાં બે સ્વતંત્ર કાર્યકારણ ભાવો માનવાનું ગૌરવ હોવાથી અનપુંસક શરીરને જ હેતુ માનવાનો હોવાના કારણે સ્ત્રીને મુક્તિ સિદ્ધ થઇ જાય છે" આ કથનની સામે અમારું કહેવું એ છે કે અનપુંસક શરીરરૂપે મોક્ષહેતુતા માનવામાં કારણતા અવચ્છેદક ધર્મ અનપુંસકત્વ=પું–સ્ત્રીદેહભિન્નત્વ ગુરુભૂત બની જાય છે. જ્યારે પુંશરીરત્વરૂપે કારણતા માનવામાં કારણતા અવચ્છેદક ધર્મ લઘુભૂત થાય છે. એટલે લાઘવથી પુરુષશરીરરૂપે જ મોક્ષહેતુતા માનવાની રહેવાના કારણે સ્ત્રીઓને મુક્તિ હોવી સિદ્ધ થતી નથી.

### [ અક્લીબશરીરરૂપે મોક્ષહેતુતા ]

**સમાધાન** :– જન્મથી નપુંસક શરીરવાળાને તો સમ્યક્ત્વાદિનો જ અભાવ હોવાથી મોક્ષ હોતો નથી. જ્યારે સ્ત્રીઓને તો સમ્યક્ત્વાદિ હાજર હોવાથી મોક્ષ હોવામાં કોઇ વિરોધ નથી. તેથી 'જે રૂપે રત્નત્રયપ્રાપ્તિની હેતુતા હોય તે જ રૂપે મોક્ષહેતુતા હોય છે' એવી વ્યાપ્તિથી પુષ્ટ થયેલા પ્રમાણનું બળ હોવાથી ગૌરવ હોવા છતાં અક્લીબશરીરરૂપે જ મોક્ષહેતુતા માનવી પડે છે. નહિતર તો સ્ત્રી અને નપુંસક બન્નેનો સ્વભાવ એક સરખો હોવામાં નપુંસકની જેમ સ્ત્રીઓને સમ્યગ્દર્શનાદિ હોવા પણ ઘટી શકશે નહિ.

**શંકા** :– નપુંસકોને જ્યાં સુધી નપુંસકશરીર હોય ત્યાં સુધી અનંતાનુબંધી કષાયો સાથે રહે છે જ્યારે સ્ત્રીઓને જ્યાં સુધી સ્ત્રીશરીર હોય ત્યાં સુધી પ્રત્યાખ્યા-

भिरनुवर्त्तितव्यं, स्त्रीणां त्वास्त्रीशरीरनिर्वृत्तेः प्रत्याख्यानावरणैरनुवर्त्तिष्यत इति क्लीबस्य न सम्यग्दर्शनं, स्त्रीणां तु न चारित्रमेवेति चेत् ? न, स्त्रीत्वक्लीबत्वबन्धकत्वसाम्येन द्वयोरप्यविशेषेणानन्तानुबन्ध्यनुवृत्तिप्रसङ्गात्, स्त्रियास्तत्क्षयादिसामग्र्यां च कषायान्तरक्षयादिसामग्र्या अप्यबाधात् । 'नपुंसकस्य कुतो न तादृशसामग्री'ति चेत् ? तत्र स्वभाव एव शरणं, नपुंसकत्वबन्धकालीनानामनन्तानुबन्ध्यादीनां निकाचनादिति दिग् । ॥१६५॥

अथ मनःप्रकर्षविरहसंहननविरहहेतुं दूषयति—

**ण य तासिं मणविरियं असुहं व सुहं त्रि णेव उक्किट्ठं ।**
**तारिसणियमाभावा तेण हओ चरमहेऊवि ॥१६६॥**

[न च तासां मनोवीर्यमशुभमिव शुभमपि नैवोत्कृष्टम् । तादृशनियमाभावात् तेन हतश्चरमहेतुरपि ॥१६६]

यत्तावदुक्तं "स्त्रीणां सप्तमनरकपृथ्वीगमनयोग्यमनोवीर्यपरिणत्यभावात् मोक्षगमनहेतुमनोवीर्यपरिणतेरप्यभावः" इति तदयुक्तं, न हि यत्र यत्र मोक्षगमनयोग्यता तत्र तत्र सप्त-

---

નાવરણ કષાયો સાથે રહે છે. તેથી નપુંસકોને સમ્યક્ત્વ પણ હોતું નથી, જ્યારે સ્ત્રીઓને ચારિત્ર જ હોતું નથી સમ્યક્ત્વ તો હોઈ શકે છે.

**સમાધાન :–** નપુંસકપણાના બંધક જેમ અનંતાનુબંધી કષાયવાળા હોય છે તેમ સ્ત્રીપણાના બંધક પણ અનંતાનુબંધી કષાયવાળા જ હોય છે, કારણ કે સ્ત્રીપણું બીજા ગુણઠાણા સુધી જ બંધાય છે. તેથી બન્નેના બંધકોમાં સમાનતા હોવાથી બન્નેમાં સમાન રીતે અનંતાનુબંધી કષાયોને સાથે રહેનારા માનવાની આપત્તિ આવશે. 'સ્ત્રીઓને અનંતાનુબંધીના ક્ષય–ક્ષયોપશમાદિની સામગ્રી હાજર હોવાથી અનંતાનુબંધી નિવૃત્ત થઇ શકે છે" એમ જો કહેશો તો એ રીતે તો પ્રત્યાખ્યાનાવરણાદિ કષાયોના ક્ષયાદિની સામગ્રી પણ અબાધિત હોવાથી તેઓને પણ નિવૃત્ત થવા માનવા જ પડશે. "નપુંસકોને પણ અનંતાનુબંધીના ક્ષયાદિની સામગ્રી કેમ હોતી નથી ?" એવા પ્રશ્નનો ઉત્તર એ છે કે નપુંસકપણું બાંધતી વખતના અનંતાનુબંધી વગેરેનું નિકાચન કર્યું હોવાથી તેઓનો સ્વભાવ જ એવો હોય છે કે અનંતાનુબંધીના ક્ષયાદિની સામગ્રી જ તેઓને પ્રાપ્ત થાય નહિ ઈત્યાદિ. ॥૧૬૫॥

સ્ત્રીઓને મુક્તિ ન હોવામાં દિગંબરે કહેલ મનઃપ્રકર્ષના અભાવરૂપ હેતુને તેમજ સંઘયણના અભાવરૂપ હેતુને દૂષિત કરતાં ગ્રંથકાર કહે છે—

### [સ્ત્રીઓને શુભમનોવીર્યનો પરમપ્રકર્ષ સંભવિત]

**ગાથાર્થ :–**"જેમ સ્ત્રીઓને અશુભમનોવીર્ય ઉત્કૃષ્ટ હોતું નથી તેમ શુભમનોવીર્ય પણ ઉત્કૃષ્ટ હોતું નથી" એવું કહેવું પણ યુક્ત નથી, કારણ કે અશુભમનોવીર્ય ઉત્કૃષ્ટ ન હોય તો શુભમનોવીર્ય પણ ઉત્કૃષ્ટ ન જ હોય એવો કોઇ નિયમ નથી. આવો નિયમ ન હોવાથી જ સંઘયણાભાવરૂપ ચરમહેતુ પણ હણાયેલો હોવાથી સ્વસાધ્યની સિદ્ધિ કરી શકતો નથી.

मनरकपृथ्वीगमनयोग्यतेति व्याप्तिरस्ति यद्बलेन व्यापकाभावाद्व्याप्याभावः सिद्ध्येत् । 'प्रसन्नचन्द्रादिषु तदुभयसहचारो दृष्ट' इति चेत् ? न, सहचारदर्शनमात्रेणव्याप्तेरग्रहात्, तादृशाशुभमनोवीर्यपरिणतिविरहिणि चरमशरीरिणि व्यभिचारात् । एतेन यत्र सप्तमनरकपृथ्वीगमनयोग्यताविरहस्तत्र मुक्तिगमनयोग्यताविरह इत्यभावमुखेन व्याप्तिरपि परास्ता, उत्कृष्टाऽशुभमनोवीर्यपरिणतिविरहेऽपि उत्कृष्टशुभमनोवीर्यपरिणतिसम्भवाद्, अन्यथा विपरीतनियमप्रसङ्गे मुक्तिगमनाऽयोग्यानामभव्यानामपि सप्तमनरकपृथ्वीगमनं न स्यात् ।

अपि च नाधोगतिविषये मनोवीर्यपरिणतिवैषम्यदर्शनादूर्ध्वगतावपि तद्वैषम्यं, यतो भुजपरिसर्पाः पक्षिणश्चतुष्पदा उरगाश्चाधोगतावुत्कर्षतो यथाक्रमं द्वितीयां तृतीयां चतुर्थीं पञ्चमीं च पृथ्वीं गच्छन्ति, ऊर्ध्वं तु सर्वेऽप्युत्कर्षतः सहस्रारं यावदेवेति । स्यादेतत्—

---

"સ્ત્રીઓને ૭ મી નરકપ્રાયોગ્ય તીવ્રસંક્લેશાત્મક મનોવીર્યપરિણતિ ન હોવાથી મોક્ષપ્રાયોગ્ય અત્યંત વિશુદ્ધ મનોવીર્યપરિણતિ પણ હોતી નથી" એવું જે કહ્યું છે તે અયુક્ત છે, કારણ કે જ્યાં જ્યાં મોક્ષગમનયોગ્યતા હોય ત્યાં ત્યાં સપ્તમનરક ગમનયોગ્યતા હોય એવી કંઈ વ્યાપ્તિ નથી કે જેના આધારે સાતમી નરકગમનયોગ્યતારૂપ વ્યાપકના અભાવથી મોક્ષગમનની યોગ્યતારૂપ વ્યાપ્યનો અભાવ સિદ્ધ થઈ શકે. "**પ્રસન્નચંદ્રાદિમાં** બંને યોગ્યતા હોવી દેખાયેલી છે. તેથી એક હોય ત્યાં બીજી હોય જ એવી વ્યાપ્તિનો નિશ્ચય થાય છે." એવી શંકાનું સમાધાન એ છે કે ક્યાંક ક્યાંક સહચાર દેખાવા માત્રથી વ્યાપ્તિનો નિર્ણય થઈ જતો નથી. તેમ જ શ્રી તીર્થંકરાદિ કેટલાક ચરમશરીરી જીવોને તેવી અશુભમનોવીર્યપરિણતિ ન હોવા છતાં મોક્ષ પ્રાયોગ્ય શુભપરિણતિ હાજર હોવાથી વ્યભિચાર હોવાના કારણે પણ એવી વ્યાપ્તિ માની શકાતી નથી. તેથી જ "જ્યાં ૭ મી નરકગમનયોગ્યતાનો અભાવ હોય છે ત્યાં મોક્ષગમનયોગ્યતાનો પણ અભાવ હોય છે" એવી અભાવઘટિત વ્યાપ્તિ પણ પરાસ્ત જાણવી. કારણ કે શ્રી તીર્થંકરાદિને ઉત્કૃષ્ટ અશુભમનોવીર્યપરિણતિનો અભાવ હોવા છતાં ઉત્કૃષ્ટશુભમનોવીર્યપરિણતિ સંભવિત હોય જ છે. નહિતર તો 'જેઓને ઉત્કૃષ્ટશુભમનોવીર્યપરિણતિ ન હોય તેઓને ઉત્કૃષ્ટઅશુભમનોવીર્યપરિણતિ પણ હોતી નથી' એવો વિપરીતનિયમ પણ કરી શકાય તેમ હોવાથી મુક્તિગમનને અયોગ્ય એવા અભવ્યોનું ૭ મી નરકમાં પણ ગમન થઇ શકશે નહિ.

**[અધોગતિવિષયક વૈષમ્ય ઊર્ધ્વગતિવિષયક વૈષમ્યનું અપ્રયોજક]**

વળી અધોગતિ અંગે મનોવીર્યપરિણતિનું વૈષમ્ય દેખાતું હોવા માત્રથી કંઈ ઊર્ધ્વગતિ અંગે પણ તે હોય જ એવું નથી કારણ કે ભુજપરિસર્પ, ખેચર, ચતુષ્પદ અને ઉરપરિસર્પો અધોગતિમાં અનુક્રમે બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી નરક સુધી જતાં હોવા છતાં ઊર્ધ્વમાં તો બધા જ સમાન રીતે ઉત્કૃષ્ટથી આઠમા સહસ્રાર દેવલોક સુધી જાય છે.

तेषामूर्ध्वाधोगतिवैषम्यं भवस्वाभाव्यादेव, स्त्रीणां तु न तथा, नरभवेन सप्तमनरकपृथिव्यामपि गमनसम्भवादिति चेत् ? तथापि स्त्रीपर्यायस्यैवायं स्वभावो यत्सप्तमनरकपृथ्व्यां ता न गच्छन्तीति । 'मोक्षेऽपि ता न गच्छन्तीति कुतो नासां स्वभावः' इति चेत् ? तत्कारणसाम्राज्ये तादृशस्वाभाव्याऽकल्पनात् । तर्हि सप्तमनरकपृथिवीगमनाभावोऽपि तासां कारणाभावमन्वेषयतीति चेत् ? तर्हि भुजपरिसर्पादीनामपि द्वितीयादिनरकपृथिवीगमनाभावः कारणाभावमन्वेषयतीति तुल्यम् । तस्मान्न शुभगत्यर्ज्जनसामर्थ्योत्कर्षोऽशुभगत्यर्जनसामर्थ्योत्कर्षं व्याप्नोति । अथोर्ध्वगतिपरमोत्कर्ष एवाधोगतिपरमोत्कर्षव्याप्यस्तेनान्तरालिकवैषम्यदर्शनेऽपि न क्षतिरिति चेत् ? न, तस्यापि नियमस्य दूषितत्वात् ।

---

**શંકા** :–ભુજ પરિસર્પાદિનું ઊર્ધ્વ–અધોગતિ અંગેનું વૈષમ્ય તેઓના તેવા ભવસ્વભાવથી જ હોય છે. સ્ત્રીઓને તેવું નથી, કારણ કે પુરુષો ૭ મી નરકમાં પણ જતાં હોવાથી મનુષ્યભવસ્વભાવ ૭ મી નરકમાં ગમનને અટકાવતો નથી.

**સમાધાન** :–મનુષ્યભવનો સ્વભાવ એવો ન હોવા છતાં સ્ત્રીઓના સ્ત્રીપર્યાયનો જ એવો સ્વભાવ છે કે તેઓ ૭ મી નરકમાં ન જાય. 'તેઓ મોક્ષમાં પણ ન જાય' એવો પણ તેઓના સ્ત્રીપર્યાયનો સ્વભાવ કેમ નથી ? એનો જવાબ એ કે મોક્ષગમન અંગેના કારણો હાજર હોતે છતે તેવો સ્વભાવ માની શકાતો નથી.

**શંકા** :–તો પછી એ રીતે સાતમી નરકમાં સ્ત્રીઓ જતી નથી એનાથી પણ તત્પ્રાયોગ્ય કારણ સામગ્રી હોતી નથી એવી જ કલ્પના કરવી જોઈએ, તેવો સ્વભાવ હોય છે એવી કલ્પના કરવાની જરૂર નહિ.

**સમાધાન** :–તો પછી એ રીતે 'ભુજપરિસર્પાદિ પણ બીજી નરકાદિ સુધી જ જઇ શકે છે' એ વાત તેઓમાં ત્રીજી નરકાદિ ગમન યોગ્ય કારણના અભાવને જ જણાવે છે, તેવા ભવસ્વભાવને નહિ. એટલે કે ત્રીજીનરકાદિગમનપ્રાયોગ્ય મનોવીર્ય પરિણતિના અભાવને જ જણાવે છે, અને તેથી અધોગતિ અંગે ભુજપરિસર્પાદિની મનોપરિણતિનું વૈષમ્ય દેખાતું હોવા છતાં (જેમકે ભુજપરિસર્પની મનોવીર્યપરિણતિ એવી હોય છે કે એ વધુમાં વધુ બીજી નરક સુધી જ જઇ શકે, ખેચરની એવી હોય છે કે એ વધુમાં વધુ ત્રીજી નરક સુધી જ જઈ શકે ઇત્યાદિરૂપ વૈષમ્ય હોવા છતાં) ઊર્ધ્વગતિ અંગે તે બધાની મનોવીર્યપરિણતિમાં સમાનતા (જેમ કે બધા આઠમા દેવલોક સુધી જાય છે) હોવાના કારણે અધોગતિ અંગેનું વૈષમ્ય હોય તો ઊર્ધ્વગતિ અંગે પણ મનોવીર્યપરિણતિનું વૈષમ્ય હોય જ એવો નિયમ બાંધી શકાતો નથી, અને તેથી "સ્ત્રી અને પુરુષમાં અધોગતિ અંગેની મનોવીર્યપરિણતિનું વૈષમ્ય હોવાથી ઊર્ધ્વગતિ અંગે પણ તે હોવું જોઈએ અને તેથી પુરુષો ઉત્કૃષ્ટથી મોક્ષમાં જઈ શકતા હોય તો પણ સ્ત્રીઓ ત્યાં જાય નહિ" એવું કહી શકાતું નથી. અર્થાત્ શુભગતિમેળવવાનું સામર્થ્ય અશુભગતિ મેળવવાના સામર્થ્યનું વ્યાપક નથી.

एतेन– "स्त्रीणां न ज्ञानादिपरमप्रकर्षः, परमप्रकर्षत्वात्, सप्तमनरकपृथ्वीगमनाऽपुण्यपरमप्रकर्षवत्" इत्यपि निरस्तं, स्त्रियो ज्ञानादिपरमप्रकर्षाभाववत्यः परमप्रकर्षत्वादित्यर्थे हि किं केन सङ्गतम् ? 'ज्ञानादिपरमप्रकर्षो न स्त्रीवृत्तिः, परमप्रकर्षत्वात्' इत्यर्थे तु षष्ठ्याः सप्तम्यर्थे लक्षणाऽऽपत्तिः, साम्प्रदायिकसप्तम्यनुपादानस्याऽन्याय्यत्वं, मोहनीयस्थितिपरमप्रकर्षे स्त्रीवेदपरमप्रकर्षे व्यभिचारश्च । सप्तमनरकपृथ्वीगमनाऽपुण्यजातीयपरमप्रकर्षत्वस्य हेत्वर्थत्वे पक्षाऽवृत्तित्वं, ज्ञानादेरपुण्यजातीयत्वाभावात्, आत्मपरिणामत्वजात्या तज्जातीयत्वस्य स्त्रीवेदपरिणामादिसाधारणत्वेनानैकान्तिकत्वात् । 'स्त्रीणां न ज्ञानादिपरमप्रकर्षः, गुणप्रकर्षत्वात्'

---

**શંકા**:– ઊર્ધ્વગતિનો પરમઉત્કર્ષજ અધોગતિના પરમઉત્કર્ષને વ્યાપ્ય છે. તેથી વચ્ચે વચ્ચેની ઊર્ધ્વ–અધોગતિ અંગેનું વૈષમ્ય (એટલેકે ઊર્ધ્વગતિ–સમાન હોવા છતાં અધોગતિમાં ફેરફાર હોવો વગેરે) હોવા છતાં કોઇ ક્ષતિ નથી. અર્થાત્ સ્ત્રીઓને જો ઊર્ધ્વગતિ પરમોત્કર્ષ (મોક્ષ) શકચ હોય તો અધોગતિપરમોત્કર્ષ (૭ મી નરક) પણ શકચ હોવો જોઇએ; પણ છે નહિ, તેથી મોક્ષપણ હોતો નથી એમ સિદ્ધ થાય છે.

**સમાધાન**:– શ્રીતીર્થંકરાદિ કેટલાક ચરમશરીરી જીવોને ઊર્ધ્વગતિપરમોત્કર્ષ હોવા છતાં અધોગતિપરમોત્કર્ષ હોતો નથી" એવું કહેવા દ્વારા તમારો ઉપરોક્ત નિયમ પણ દૂષિત ઠરાવ્યો હોવાથી સ્ત્રીઓને મુક્તિનો અભાવ હોવો સિદ્ધ થતો નથી.

**[ જ્ઞાનાદિપરમપ્રકર્ષાભાવસાધક અનુમાનોમાં દોષો ]**

તેથી જ "જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીઓને હોતો નથી કારણકે તે પરમપ્રકર્ષરૂપ છે. જેમ કે ૭મી નરકમાં ગમનયોગ્ય પાપનો પરમપ્રકર્ષ" એવું કોઈ વાદીનું કથન પણ પરાસ્ત જાણવું, કારણકે આ કથનનો 'સ્ત્રીઓ જ્ઞાનાદિ પરમપ્રકર્ષના અભાવવાળી હોય છે કારણકે પરમપ્રકર્ષરૂપ હોય છે.' એવો અર્થ કરવામાં તો શું કોની સાથે સંગત છે? એજ વિચારણીય છે. અર્થાત્ સ્ત્રીઓ રૂપ પક્ષ, જ્ઞાનાદિપરમપ્રકર્ષાભાવરૂપ સાધ્ય અને પરમપ્રકર્ષત્વરૂપ હેતુ પરસ્પર સાવ અસંગત છે કારણકે પક્ષમાં હેતુ તેમજ હેતુમાં સાધ્યવ્યાપ્તિ વગેરે સાવ અસંભવિત છે. 'જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીઓમાં રહેનાર નથી કારણકે પરમપ્રકર્ષરૂપ છે' એવો અર્થ કરવામાં, અર્થાત્ જ્ઞાનાદિપરમપ્રકર્ષને પક્ષ બનાવી સ્ત્રીવૃત્તિત્વાભાવને સાધ્ય માની પરમપ્રકર્ષત્વને હેતુ તરીકે લેવામાં 'સ્ત્રીણાં' શબ્દમાં રહેલ ષષ્ઠી વિભક્તિની વૃત્તિત્વરૂપ સપ્તમ્યર્થમાં લક્ષણા કરવાની આપતિ આવશે. તેમજ આવા અર્થમાં સંપ્રદાયથી ચાલી આવતી સપ્તમીવિભક્તિનો ઉપન્યાસ ન કરવો એ અન્યાય્ય પણ છે. તેમજ મોહનીયસ્થિતિના પરમપ્રકર્ષમાં અને સ્ત્રીવેદના પરમપ્રકર્ષમાં પરમપ્રકર્ષત્વરૂપ હેતુ હોવા છતાં સ્ત્રીવૃત્તિત્વાભાવરૂપ સાધ્ય ન હોવાથી વ્યભિચાર પણ છે જ. પરમપ્રકર્ષત્વાત્ એવા હેતુનો ૭મીનરકપૃથ્વીગમનપ્રાયોગ્યપાપજાતીયપરમપ્રકર્ષત્વરૂપ અર્થ કરવામાં હેતુની પક્ષમાં અવૃત્તિ થવાની આપત્તિ આવશે, કારણકે જ્ઞાનાદિ પરમપ્રકર્ષરૂપ પક્ષમાં પાપજાતીયત્વ જ ન હોવાથી પાપજાતીયપરમપ્રકર્ષત્વ રહ્યું નથી.

इत्यत्र व्याप्तिग्राहकप्रमाणाभावः, 'ज्ञानादिप्रकर्षः स्त्रीवृत्तिः, नपुंसकाऽवृत्तिगुणप्रकर्षत्वात्, सम्यग्दर्शनप्रकर्षवत्' इत्येतेन बाधश्च। किं च छाद्मस्थ्यकालावच्छेदेन ज्ञानादिप्रकर्षस्य स्त्रीवृत्तित्वाभावे साध्ये श्रुतज्ञानप्रकर्षमादाय पक्षैकदेशे सिद्धसाधनं, कैवल्यकालावच्छेदेन तत्साधने च वदतो व्याघातः। अथ चारित्रप्रकर्षो न स्त्रीवृत्तिः, गुणप्रकर्षत्वात्, श्रुतज्ञानपरमप्रकर्षवत् इति चेत्? न, सम्यग्दर्शनप्रकर्षेण व्यभिचारात्, ज्ञानप्रकर्षं विनापि चारित्रप्रकर्षस्य माषतुषादौ सिद्धत्वेनाऽप्रयोजकत्वाच्च।

एवं चैतद्धेतुनिरासे संहननाभावहेतुरपि परास्तो वेदितव्यो, यतः स्त्रीणां वज्रर्षभसंहननाभावः किमागमनिषिद्धत्वात् साध्यते? -सप्तमनरकपृथ्वीगमनाऽयोग्यत्वाद्वानुमीयते? नाद्यः, निषेधकागमाऽश्रवणात्। न द्वितीयः, सप्तमनरकपृथ्वीगमनयोग्यत्वस्य वज्रर्षभनाराचसंहननपर्यवसितत्वेनात्माश्रयात्। अथ सप्तमनरकपृथ्वीगमनयोग्यत्वाभावेन विशिष्टमनोवीर्य-

---

શંકા :– જ્ઞાનાદિ, પાપજાતીયત્વને આશ્રીને સપ્તમનરકગમનયોગ્ય પાપના સજાતીય ન હોવા છતાં આત્મપરિણામત્વ જાતિને આશ્રીને તેવા છે જ અને તેથી તાદૃશપાપજાતીયપરમપ્રકર્ષત્વ તેમાં અવૃત્તિ નથી.

**સમાધાન :–** આત્મપરિણામત્વ જાતિને આગળ કરીને તાદૃશપાપજાતીયત્વ તો સ્ત્રીવેદપરિણામાદિમાં પણ છે જ્યાં સ્ત્રીવૃત્તિત્વાભાવ ન હોવાથી હેતુ વ્યભિચારી બને છે. "જ્ઞાનાદિપરમપ્રકર્ષ સ્ત્રીઓને હોતો નથી કારણકે ગુણપ્રકર્ષરૂપ છે" એવું વાદીનું કથન પણ અયુક્ત છે, કારણકે વ્યાપ્તિગ્રાહક કોઈ પ્રમાણ નથી. તેમજ એનો અર્થ પણ એવો જ કરવો પડે છે કે 'જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીઓમાં વૃત્તિ હોતો નથી કારણકે ગુણપ્રકર્ષરૂપ છે" આવું ફલિત અનુમાન તો "જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીઓમાં વૃત્તિ હોય છે કારણકે નપુંસકમાં ન રહેનાર ગુણપ્રકર્ષરૂપ છે, જેમક સમ્યગ્દર્શનપ્રકર્ષ." એવા અનુમાનથી બાધિત પણ છે જ. વળી વાદીના અનુમાનમાં છદ્મસ્થકાળાવચ્છેદેન (છદ્મસ્થકાળસંબંધી) જ્ઞાનાદિપ્રકર્ષનો સ્ત્રીવૃત્તિત્વાભાવ સાધ્ય હોય તો શ્રુતજ્ઞાનપ્રકર્ષરૂપ પક્ષૈકદેશમાં સિદ્ધસાધનદોષ છે અને કેવલ્યાવચ્છેદેન જ્ઞાનાદિપ્રકર્ષનો સ્ત્રીવૃત્તિત્વાભાવ સાધ્ય હોય તો સ્વવચનવિરોધ આવે છે. કારણકે કેવલજ્ઞાન જ જ્ઞાનપ્રકર્ષરૂપ છે. "ચારિત્રપ્રકર્ષ સ્ત્રીવૃત્તિ હોતો નથી કારણકે ગુણપ્રકર્ષરૂપ છે, જેમકે શ્રુતજ્ઞાનપ્રકર્ષ" એવું અનુમાન પણ થઈ શકતું નથી, કારણકે સમ્યગ્દર્શનપ્રકર્ષમાં હેતુ વ્યભિચારી છે, તેમજ જ્ઞાનપ્રકર્ષ વિના પણ ચારિત્રપ્રકર્ષ હોવો **માષતુષાદિમાં** સિદ્ધ હોવાથી હેતુ અપ્રયોજક પણ છે. એટલેકે શ્રુતજ્ઞાનપ્રકર્ષ ન હોવા માત્રથી એનું ઉદાહરણ લઈને ચારિત્રપ્રકર્ષાભાવ હોવો કહી શકાતો નથી.

### [સંઘયણાભાવહેતુમાં હેત્વાભાસતા]

આ રીતે મનઃપ્રકર્ષાભાવરૂપ હેતુ નિરસ્ત થએ છતે સંઘયણાભાવરૂપ હેતુ પણ નિરસ્ત જાણવો, કારણકે તમે સ્ત્રીઓને મુક્તિગમનપ્રાયોગ્ય વજ્રઋષભનારાચસંઘયણનો

परिणत्यभावोऽनुमीयते, तेन च वज्रर्षभनाराचसंहननाभाव इति चेत् ? तत्रापि योग्यता यदि वज्रर्षभनाराचसंहननरूपा तदान्योन्याश्रयः, यदि च मनःपरिणतिविशेषरूपा तदा तदभावेन तदभावसाधने आत्माश्रयः, तादृशाशुभमनोवीर्यपरिणतिं विनापि वज्रर्षभनाराचसंहननस्य चरमशरीरिणां सम्भवेन व्यभिचारश्च । न च(? ननु) सप्तमनरकपृथ्वीगमनयोग्यत्वाभावेनोत्कृष्टाशुभमनोवीर्यजातीयवीर्याभावोऽनुमीयते, तेन च वज्रर्षभनाराचसंहननाभावोऽनुमास्यत इति चेत् ? न, योग्यताया दुर्वचत्वादुक्तान्तर्भावे चोक्तदोषात् । एवं चक्रकानवस्थादिदूषणकदम्बकमुद्भावनीयम् । एवं व्यवस्थिते स्त्रीनिर्वाणसाधनायानुमानमाहुः—

---

અભાવ હોવો કયા હેતુથી સિદ્ધ કરો છો ? આગમનિષિદ્ધત્વરૂપ હેતુથી કે સપ્તમનરકપૃથ્વીગમનાયોગ્યત્વરૂપ હેતુથી ? પહેલો હેતુ માની શકાતો નથી (અર્થાત્ અસિદ્ધ છે), કારણકે એવો નિષેધ કરનાર કોઈ આગમવચન જોવા મળતું નથી. બીજો હેતુ પણ અયુક્ત છે કારણકે સાતમી નરકે ગમનની યોગ્યતા વજ્રઋષભનારાચસંઘયણમાં જ પર્યવસિત થાય છે અર્થાત્ એ સંઘયણ જ યોગ્યતારૂપ છે, તેથી વજ્રઋષભના અભાવને સિદ્ધ કરવા એ અભાવરૂપ અયોગ્યતાનો જ હેતુ તરીકે ઉપયોગ કરવાનું થવાથી આત્માશ્રય દોષ આવે છે.

**પૂર્વપક્ષ** :–૭મી નરકમાં જવાની યોગ્યતા ન હોવારૂપ હેતુથી સ્ત્રીઓમાં વિશિષ્ટ પ્રકારની મનોવીર્યપરિણુતિના અભાવનું અનુમાન કરાય છે અને તે અભાવને હેતુ તરીકે લઇ પ્રથમસંઘયણનો અભાવ સિદ્ધ કરીશું (કારણકે પ્રથમસંઘયણ હોય તો જ મનના તેવા તીવ્રસંક્લેશો થઈ શકે છે. અને એવા સંક્લેશો થઇ શકતા હોય તો જ ૭મી નરકમાં જવાની યોગ્યતા હોય છે) તેથી આત્માશ્રય દોષ રહેતો નથી.

**ઉત્તરપક્ષ** :– એમાં પણ એ યોગ્યતા જો પ્રથમ સંઘયણરૂપ હોય તો અન્યોન્યાશ્રય દોષ આવશે, કારણ કે યોગ્યતારૂપ પ્રથમ સંઘયણ ન હોય તો મનની તાદૃશપરિણુતિનો અભાવ સિદ્ધ થાય અને એ અભાવ સિદ્ધ થાય તો સંઘયણના અભાવરૂપ અયોગ્યતા સિદ્ધ થાય. જો એ યોગ્યતા મનઃપરિણુતિવિશેષરૂપ હોય તો યોગ્યતાના અભાવથી મનઃપરિણુતિનો અભાવ સિદ્ધ કરવામાં આત્માશ્રય દોષ ઊભો જ છે. તેમજ તાદૃશ અશુભ મનઃપરિણુત ન હોવા છતાં પણ ચરમશરીરીઓને પ્રથમ સંઘયણ હાજર હોવાથી વ્યભિચાર પણ આવે છે.

**પૂર્વપક્ષ** :– સપ્તમ નરકગમનયોગ્યત્વાભાવરૂપ હેતુ ઉત્કૃષ્ટ અશુભમનોવીર્યના સજાતીય વીર્યના અભાવનું અનુમાન કરી તે વીર્યાભાવથી પ્રથમ સંઘયણાભાવનું અનુમાન કરવામાં કોઇ દોષ રહેતો નથી.

**ઉત્તરપક્ષ** :– એમાં પણ યોગ્યતાનો કોઇ અર્થ કરી શકાતો નથી. પૂર્વે કહી ગયા એવો જ અર્થ કરવામાં તો ઉક્ત દોષો ઊભા જ રહે છે. એજ રીતે સ્ત્રીઓને મનોવીર્યપરિણુતિપ્રકર્ષાભાવ હોવાનું સિદ્ધ કરતા અનુમાનોમાં ચક્રક–અનવસ્થાદિ દૂષણોનો સમૂહ જાણવો. [ જેમ કે સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યતાના અભાવથી સપ્તમનરકગમન-

मनुष्यस्त्रीजातिः कयाचिद्व्यक्त्या मुक्त्यविकलकारणवत्या तद्वती प्रव्रज्याधिकारित्वात्, पुरुषवत्। न चैतदसिद्धं, "[1]गुव्विणी बालवच्छाय पव्वावेउं ण कप्पइ" इति सिद्धान्तेन तासां तदधिकारित्वप्रतिपादनात्, विशेषप्रतिषेधस्य शेषाभ्यनुज्ञानान्तरीयकत्वादिति ।

ननु प्रव्रज्याधिकारस्य पारम्पर्येण मोक्षहेतुतयैव निर्वाहः, न चैवमल्पायाससाध्ये तद्धेतुदेशविरत्यादावेव प्रवृत्तिः सङ्गच्छेत, न तु बहृवायाससाध्यसर्वविरताविति वाच्यम्, देशविरत्यादेर्भूयोभवघटितपारम्पर्येण मोक्षहेतुत्वेऽपि चारित्रस्यैवाल्पभवघटितपारम्पर्येण मोक्षहेतुत्वात् । तादृशपारम्पर्येण मोक्षार्थितया तत्र प्रवृत्तेर्युक्तत्वात्, कथमन्यथा दुष्षमाकाल-

---

પ્રાયોગ્યકર્મબંધનો અભાવ, એ કર્મબંધાભાવથી ઉત્કૃષ્ટશુભમનોવીર્યસજાતીય વીર્યનો અભાવ અને એ વીર્યાભાવથી પ્રથમસંઘયણનો અભાવ સિદ્ધ કરીશું એવા વાદીવચનમાં યોગ્યતાને પ્રથમસંઘયણરૂપ લેવામાં ચક્રકદોષ આવે છે.]

## [ સ્ત્રીમુક્તિસાધક અનુમાન ]

આમ સ્ત્રીઓને મુક્તિ હોતી નથી એવું સિદ્ધ કરવામાં દિગંબરે આપેલ બધા હેતુઓ દુષ્ટ હોવાનું સિદ્ધ થએ છતે શ્વેતાંબર આચાર્યો સ્ત્રીમુક્તિ સિદ્ધ કરવા અનુમાન આપે છે—

મનુષ્યસ્ત્રીજાતિ મુક્તિના અવિકલકારણવાળી કોઈક સ્ત્રીવ્યક્તિના અન્તર્ભાવવડે મુક્તિવાળી છે, કારણ કે પ્રવ્રજ્યાના અધિકારવાળી છે જેમ કે પુરુષજાતિ... સ્ત્રીઓને પ્રવ્રજ્યાનો અધિકાર હોવારૂપ હેતુ અસિદ્ધ નથી, કારણ કે 'ગુર્વીણી=સગર્ભા તથા (સ્તનપાનથી જીવતા) નાના બાળકવાળી સ્ત્રીને દીક્ષા આપવી કલ્પતી નથી' એવા સિદ્ધાંતવચનોથી થતો વિશેષનો પ્રતિષેધ શેષની અનુજ્ઞાનો અવિનાભાવી હોવાથી શેષ સ્ત્રીઓને આશ્રીને દીક્ષાધિકાર હોવો પ્રતિપાદિત જ છે,

**પૂર્વપક્ષ :**– શાસ્ત્રોક્ત સ્ત્રીઓનો તે પ્રવ્રજ્યા અધિકાર માની લઇએ તો પણ તદ્ભવમુક્તિ માનવાની કોઈ જરૂર નથી. તે અધિકારથી પરંપરાએ (પુરુષભવમાં) મોક્ષ થવાનું માની શકાય છે.

**શંકા :**–પણ આ રીતે સ્ત્રીઓને કહેલ પ્રવ્રજ્યાઅધિકારને પરંપરાએ જ મોક્ષસાધક માનવામાં ફલિત એ થશે કે તેઓને પ્રવ્રજ્યાથી પરંપરાએ જ મોક્ષ મળે છે, સાક્ષાત્ નહિ. અને તો પછી અલ્પાયાસસાધ્ય એવી દેશવિરતિ વગેરેમાં જ તેઓને પ્રવૃત્તિ કરવી સંગત થશે, નહિ કે બહુકષ્ટસાધ્ય સર્વવિરતિમાં, કારણ કે દેશવિરતિ પણ પરંપરાએ મોક્ષસાધક તો છે જ...

**સમાધાન :**– આ વાત અયુક્ત છે, કારણ કે દેશવિરતિઆદિ અલ્પાયાસ સાધ્ય હોવા છતાં અને પ્રવ્રજ્યા પરંપરાએ મોક્ષ સાધક હોવા છતાં પણ દેશવિરતિઆદિથી

---

१. गुर्विणी बालवत्सा च प्रव्राजयितुं न कल्पते । निशीथभाष्य ३५०८

वर्त्तिनो मुमुक्षवस्तत्र प्रवर्त्तिष्यन्त इति चेत्? न, विना कारणवैकल्यमधिकारिणः सामान्यतो मुमुक्षामात्रेणैव प्रवृत्तेः, अन्यथा विपरीतशङ्कया प्रवृत्तिप्रतिबन्धः । किञ्चैवं देशविरतानामिव संयतीनां पारम्पर्येणैव मोक्षाधिकारित्वमभिधानीयं स्यात्, अन्यथाऽधिकारिणः सर्वदा सामग्रीवैकल्येऽनधिकारित्वं स्यात्, तस्मान्न किञ्चिदेतत् । एवं 'मनुष्यस्त्री काचिन्निर्वाति, अविकलतत्कारणत्वात्, पुरुषवत्' इत्यप्याहुः ॥१६६॥

एवमाचार्यैर्निराकृतोऽपि क्षपणको दण्डेन ताडितोऽपि बुभुक्षितो बलीवर्द इव पुनर्मुखं प्रक्षिपति—

**कीवस्स कप्पिअस्सिव इत्थिए कप्पिआई सिद्धी वि ।**
**ण विणा विसिट्ठचरियं तासिं तु विसिट्ठकम्मखओ ॥१६७॥**

(क्लीबस्य कल्पितस्येव स्त्रियाः कल्पितायाः सिद्धिरपि । न विना विशिष्टचर्यां तासां तु विशिष्टकर्मक्षयः ॥१६७॥)

---

અનેકભવઘટિતપરંપરાએ મોક્ષ મળતો હોવાથી અને સર્વવિરતિથી અલ્પભવઘટિત-પરંપરાએ મોક્ષ મળતો હોવાથી અલ્પ ભવમાં જ મોક્ષને ઈચ્છતી સ્ત્રીઓ પ્રવ્રજ્યામાં પ્રવૃત્તિ કરે એ જ યુક્ત છે. નહિતર તો દુષમકાળમાં રહેલ મુમુક્ષુઓની પણ પરંપરાએ જ મોક્ષસાધક એવા ચારિત્રમાં પ્રવૃત્તિ શી રીતે થાય?

**[ સ્ત્રીચારિત્રની પરંપરાએ મોક્ષસાધકતા માનવામાં આપત્તિ ]**

**ઉત્તરપક્ષ** :– જ્યારે ઉચિત દેશકાળસંઘયણાદિરૂપ કારણોની વિકલતા ન હોય ત્યારે પ્રવ્રજ્યાના અધિકારી જીવો મુક્ત થવાની ઇચ્છામાત્રથી જ પ્રવૃત્તિ કરે છે નહિ કે અલ્પભવઘટિતપરંપરાથી મુક્ત થવાની ઈચ્છાથી...નહિતર તો 'આમેય આ ભવમાં મુક્તિ થવાની નથી અને પરભવમાં તો કોને ખબર ભવપરંપરા ઘટાડનાર ચારિત્રાદિ ભાવો મળશે કે વધારનાર હિંસાદિ ભાવો? તેથી અહીં શા માટે આ કષ્ટો સહન કરવા?' આવી વિપરીત શંકાથી પ્રવ્રજ્યાપ્રવૃત્તિ જ અટકી જાય...

વળી આ રીતે સ્ત્રીઓને ચારિત્ર પરંપરાએ જ મોક્ષસાધક હોવાનું માનવામાં તો દેશવિરતને પરંપરાએ મોક્ષાધિકારી કહ્યા છે તેમ સાધ્વીઓને પણ પરંપરાએ જ મોક્ષાધિકારી કહેવી જોઈએ. નહિતર તો એટલે કે તેઓ પણ જો સાક્ષાત્ મોક્ષાધિકારી હોય તો તો તેઓમાં તમે માનેલો સર્વદા મુક્તિનો અભાવ સર્વદા સામગ્રીના અભાવને જ જણાવશે અને સામગ્રીનો સર્વદા અભાવ હોવો તે અનધિકારિત્વરૂપ જ હોવાથી સ્ત્રીઓ પ્રવ્રજ્યાની અનધિકારી જ બની જાય, તેથી તમારી વાતમાં કંઈ માલ નથી. આ જ રીતે આચાર્યોએ સ્ત્રીમુક્તિને સિદ્ધ કરવા 'કોઈક મનુષ્યસ્ત્રી નિર્વાણ પામે છે કારણ કે નિર્વાણના અવિકલકારણવાળી છે જેમ કે પુરુષ' ઇત્યાદિ અનુમાન પણ કહ્યા છે. ॥૧૬૬॥

આ રીતે આચાર્યોએ પરાજિત કરેલો પણ દિગંબર માર ખાધાં પછી પણ ભૂખ્યા બળદની જેમ ફરીથી મોંઢું નાખતાં કહે છે–

पावं तह इत्थित्तं ण य पुण्णफलाण केवलीण हवे ।
परमासुइभूयाणं ण य परमोरालिओ देहो ॥१६८॥

(पापं तथा स्त्रीत्वं न च पुण्यफलानां केवलिनां भवेत् । परमाशुचिभूतानां न च परमौदारिको देहः ॥१६८॥)

ननु जातिनपुंसकस्य तावन्न मोक्षः, अपि तु कृत्रिमस्येति निर्विवादं, एवं चाकृत्रिमायाः स्त्रियोऽपि न मोक्षः, अपि तु गृहीतश्रामण्यस्य पुंस एव केनचिद्विद्याधरादिना विद्यामहिम्ना कृतस्त्रीशरीरस्य धृतस्त्रीनेपथ्यस्य वा स्वतः कृत्रिमस्त्रीकृतस्य स्यात्कदाचित् मोक्षः । ननु जातिनपुंसकस्य सम्यग्दर्शनादिकारणवैकल्यान्न मुक्तिः, स्त्रियास्तु तदसम्भवात् सम्भवत्येव मुक्तिरित्युपदर्शितमेवेति चेत् ? न, न खलु ज्ञानादित्रयमाहत्यैव मुक्तिजनकमपि तु केवलज्ञानादिप्रतिपन्थिविचित्रकर्मक्षयद्वारा, स्त्रियाश्च वेदमोहनीयादिकं कर्म पुरुषेभ्यः प्रबलमिति निर्विवादम्, प्रबलं च कर्म प्रबलेनैवानुष्ठानेन क्षीयते, अन्यथा स्थविरकल्पेनैव मोक्षसिद्धौ विपुलनिर्जरार्थिनो जिनकल्पादिकं न प्रतिपद्येरन् । एवं च पुरुषापेक्षया प्रबलकर्मणां स्त्रीणां पुरुषेभ्यो विशिष्टमेव चारित्रं तत्क्षपणक्षमं स्यात्, न च तथा श्रूयते, "[1]जिनकप्पिया इत्थी न हवइ" इत्यादिना स्त्रीणां जिनकल्पादिनिषेधात्, किन्तु तेभ्यो हीनमेव, तथा च तासां हीनेन चारित्रेण कथं प्रबलकर्मक्षपणम् ? कथं च तदक्षये प्रतिपन्थिनि जाग्रति केवलज्ञानादिप्रादुर्भावः ? कथं च तदप्रादुर्भावे परमानन्दसुखसंवेदनम् ? इति ।

[કૃત્રિમસ્ત્રીને જ મોક્ષસંભવ-પૂર્વપક્ષ]

**ગાથાર્થ** :– જેમ નપુંસકોમાં કલ્પિત=કૃત્રિમ નપુંસકને જ સિદ્ધિ માની છે તેમ સ્ત્રીઓમાં પણ કલ્પિત સ્ત્રીની જ સિદ્ધિ થાય છે. જન્મથી સ્ત્રીથયેલને તો વિશિષ્ટ ચર્યા જ ન હોવાથી વિશિષ્ટ કર્મક્ષય પણ હોતો નથી. તેમજ સ્ત્રીપણું પાપરૂપ છે અને તેથી પુણ્યના ફળભૂત કેવલજ્ઞાનવાળા જીવોમાં તે હોતું નથી. વળી અત્યંત અશુચિમય સ્ત્રીઓને પરમૌદારિકદેહ પણ હોતો નથી તો કેવલજ્ઞાન અને મુક્તિ શી રીતે હોઇ શકે ?

**પૂર્વપક્ષ** :– નપુંસક તરીકે જન્મેલાનો મોક્ષ થતો નથી કિન્તુ પાછળથી કૃત્રિમ રીતે નપુંસક થયેલાનો જ થાય છે એ વાત નિર્વિવાદ છે. એજ રીતે કુદરતી સ્ત્રીઓને (જન્મથી જ સ્ત્રીઓને) મોક્ષ હોતો નથી કિન્તુ ચારિત્રધારી પુરુષો જ કોઇ વિદ્યાધરાદિથી વિદ્યાદિના મહિમાથી સ્ત્રીશરીરી કરાએ છતે કયારેક મોક્ષ પામે છે. અથવા તો સ્ત્રીવેશધારણ કરનાર કોઈ પુરુષ મોક્ષ પામી શકે છે પણ સ્ત્રીતરીકે જન્મેલ જીવ તો મોક્ષ પામતો જ નથી.

**શંકા** :–જાતિ નપુંસકને તો સમ્યગ્દર્શનાદિ કારણવૈકલ્ય હોવાથી મુક્તિ હોતી નથી, જ્યારે સ્ત્રીઓને એવું વૈકલ્ય અસંભવિત હોવાથી મુક્તિ તો સંભવિત જ છે એવું અમે કહી ગયા છીએ.

[ સ્ત્રીઓને વિદ્યમાન પ્રબળકર્મની નિર્જરા અશક્ય-પૂર્વપક્ષ ચાલુ ]

**સમાધાન** :–આવી શંકા અયુક્ત છે કારણ કે જ્ઞાનાદિ ત્રણ કાંઇ હોવા માત્રથી

१. जिनकल्पिको स्त्री न भवति । [ ]

नन्वेवं तादृशकर्मक्षपणार्थितया तासां चारित्रेऽपि प्रवृत्तिर्न स्यादिति चेत् ? न, सामान्यतश्चारित्रप्रत्ययिकनिर्ज्जरार्थितयैव चारित्रे प्रवृत्तेः, विशेषस्य संशयग्रस्ततया प्रवृत्त्यनुपयोगित्वात् । स्यादेतत्–बाह्यक्रियाया हीनत्वेऽपि भावप्राबल्यादेव प्रबलकर्मक्षयः स्यादिति । मैवं, विना क्रियाप्राबल्यं भावप्राबल्यस्यैवाऽसम्भवाद्, अन्यथा जिनकल्पादिकं विनैव जिनकल्पादिजन्यनिर्ज्जराजनकभावप्राबल्यसम्भावनया जिनकल्पादिप्रतिपित्सवोऽपि जिनकल्पादावुदासीरन् । ननु तथापि यथावत् प्रयतमानस्य साधोः क्रोधादिनोत्तरगुणवैकल्येऽपि यथा न मुनिगुणराहित्यं तथा स्त्रीवेदप्राबल्येऽपि स्त्रीणां न चारित्र हानिरिति । मैवं, योगस्थैर्यरूपस्यापि

---

મુક્તિજનક બની જતા નથી કિન્તુ કેવલજ્ઞાનાદિના પ્રતિપંથીભૂત વિચિત્રકર્મના ક્ષય દ્વારા જ તેવા બને છે. સ્ત્રીઓને વેદમોહનીયાદિકર્મ પુરુષો કરતાં પ્રબળ હોય છે એ વાત તો નિર્વિવાદ છે, તેમજ પ્રબળ પ્રતિપંથીકર્મ પ્રબળઅનુષ્ઠાનથી જ ક્ષીણ થાય છે. અન્યથા=મંદઅનુષ્ઠાનથી પણ પ્રબળ કર્મનો ક્ષય થઈ જવાનું માનવામાં તો સ્થવિરકલ્પથી જ મોક્ષ શક્ય બની જવાથી વિપુલકર્મનિર્જરાર્થીઓને પણ જિનકલ્પાદિના અસ્વીકારની આપત્તિ આવે. તેથી પુરુષની અપેક્ષાએ પ્રબળકર્મવાળી સ્ત્રીઓનું પ્રબળકર્મ પુરુષ કરતાં વધુ ચઢિયાતા અનુષ્ઠાનોથી જ ક્ષીણ થાય એ નિશ્ચિત થાય છે. પણ તેઓને એવું ચઢિયાતું ચારિત્ર હોવું શાસ્ત્રમાં પ્રતિપાદિત તો છે નહિ, ઉલ્ટું 'સ્ત્રીઓ જિનકલ્પી બને નહિ' ઇત્યાદિ આગમથી હીનચારિત્ર જ પ્રતિપાદિત છે, તો પછી એવા હીનચારિત્રથી પ્રબળકર્મક્ષય શી રીતે થાય ? અને એ ન થાય તો પ્રતિપંથી જાગ્રત હોવાના કારણે કેવલજ્ઞાનાદિ પ્રકટ શી રીતે થાય ? અને તે પ્રકટ થયું ન હોય તો પરમાનંદ સુખનું સંવેદન શી રીતે થાય ?

**શંકા** :–સ્ત્રીઓ પણ પોતાના પ્રબળકર્મના ક્ષયની ઇચ્છાવાળી હોય છે તો પછી એવા પ્રબળકર્મનો ક્ષય ન કરાવી આપનાર ચારિત્રમાં તેઓ પ્રવૃત્તિ જ નહિ કરે.

**[ બાહ્ય ક્રિયાપ્રાબલ્ય વિના ભાવપ્રબળતા અસંભવિત-પૂર્વપક્ષ ]**

**સમાધાન** :–આવી શંકા રાખવી નહિ. કારણ કે સામાન્ય રીતે ચારિત્રથી જે નિર્જરા થાય એવી નિર્જરાની ઇચ્છાથી જ તેમાં પ્રવૃત્તિ થાય છે, વિશેષપ્રકારની નિર્જરા તો 'થશે કે નહિ ?' એવી સંશયવાળી હોવાથી પ્રવૃત્તિમાં ઉપયોગી બનતી નથી. કદાચ કોઇને એમ થાય કે "સ્ત્રીઓને બાહ્યક્રિયા હીન હોવા છતાં ભાવની જ પ્રબળતા હોવાના કારણે પ્રબળકર્મનો ક્ષય થઈ જવાથી મુક્તિ સંભવિત છે" તો એ પણ બરાબર નથી, કારણકે ક્રિયાની પ્રબળતા વિના ભાવની પ્રબળતા જ અસંભવિત છે. નહિતર તો જિનકલ્પાદિ વિના પણ એ જિનકલ્પાદિથી થનાર નિર્જરાની જનક ભાવપ્રબળતા સંભવિત હોવાથી જિનકલ્પાદિમાં કોઈ પ્રવૃત્ત જ થશે નહિ.

**શંકા** :–છતાં પણ શાસ્ત્રોક્ત વિધિ અનુસારે મહાવ્રતાદિમાં પ્રવર્ત્તતા સાધુને

चारित्रस्य क्रोधादिनाऽप्रतिघातेऽपि ब्रह्मचर्यैकजीवितस्य तस्य स्त्रीवेदोदयजनितकामातिरेकेण प्रतिघातात्, विरोधिप्रचयस्याऽल्पीयसः प्रतिबन्धे सामर्थ्यात्, तस्मात्स्त्रीक्लीबयोरुभयोरपि किंचिन्मुक्तिकारणवैकल्ये समाने कल्पितयोरेव तयोर्मुक्तिर्न त्वकल्पितयोः, स्वभावतस्तु पुरुषस्यैव मुक्तियोग्यत्वमिति युक्तमाभाति ।

तथा पुण्यसुरतरोः फलभूतं कैवल्यमासादयतां केवलिनां पापनिष्प(ष्य)न्दभूतं स्त्रीत्वं न सम्भवति, अन्यथा तीर्थङ्करादयोऽपि स्त्रीत्वमासादयेयुः । अथ स्त्रीशरीरं न पापं, स्त्रीवेदादेस्तु पापरूपस्य कैवल्यप्राप्तेः प्रागेवोपक्षेपात् नेयमुपालम्भसम्भावनेति चेत्? न, न खलु पापप्रकृतिजन्यत्वेन पापत्वं, पुण्यप्रकृतिजन्यत्वेन वा पुण्यत्वं व्यवस्थितं, पापप्रकृतिजन्यस्यापि रागस्य शुभाशुभाङ्गतया द्वैविध्यव्यवस्थितेः; अपि तु पापत्वं प्रतिकूलवेदनीयतया पुण्यत्वं चानुकूलवेदनीयतया, ततश्च स्त्रीत्वं जगद्गर्हणीयमिति प्रतिकूलवेदनीयतया पापमेव, क्लीबत्ववद् । यद्यप्येवं कुष्ठिप्रभृतीनां वेदनाभिभूततया प्रतिकूलवेदनीयतया नरायुरपि पापत्वमास्कन्देद्, न चैवमस्ति, नरतिर्यक्सुरायुषां पुण्यप्रकृतित्वेन प्रतिपादनात्, तथापि निश्चयतस्तद्दशायां तथात्वे यत्सामान्याक्रान्तस्य सर्वस्य प्रतिकूलवेदनीयत्वं तत्सामान्याक्रान्तस्यैव व्यवहारनयः पापत्वमनुमन्यते, यथा नरकायुषो न त्वन्यस्येति सर्वमवदातम् । तथा परमाशुचिभूतानां स्त्रीणां परमपावित्र्यपात्रपरमौदारिकशरीरं न सम्भवेद्, न च परमौदारिकशरीरहीनाः केवलिनः सम्भवेयुरिति न स्त्रीणां मुक्तिः ॥१६७।१६८॥अत्रोच्यते—

---

ક્રોધાદિ સ્વભાવના કારણે ઉત્તરગુણવિકલતા હોવા છતાં જેમ મુનિગુણ=ચારિત્રનું રાહિત્ય હોતું નથી, તેમ સ્ત્રીઓને સ્ત્રીવેદની પ્રબળતા હોવા છતાં પણ ચારિત્રહાનિ થતી ન હોવાથી મુક્તિ પણ શા માટે અપ્રતિબદ્ધ ન હોય ?

**સમાધાન :**–યોગ સ્થૈર્યરૂપ માનેલા ચારિત્રનો પણ ક્રોધાદિથી પ્રતિઘાત થતો ન હોવા છતાં, બ્રહ્મચર્યાત્મક જીવિતવાળું (અર્થાત્ બ્રહ્મચર્ય હોય તો જ ટકવાવાળું) તે ચારિત્ર સ્ત્રીવેદોદયજનિત કામાતિરેકથી પ્રતિઘાત પામી જાય છે કારણ કે વિરોધીની પ્રચુરતા ઈતરનો પ્રતિબંધ કરવામાં સમર્થ હોય છે. તેથી સ્ત્રી અને નપુંસક ઉભયને કંઈક ને કંઈક મુક્તિકારણની વિકલતા સમાન હોવાથી કૃત્રિમ એવા તે બેની મુક્તિ માની શકાય, નહિ કે અકલ્પિત એવા તે બેની ! તેથી સ્વભાવથી તો પુરુષ જ મુક્તિ યોગ્ય હોવાનું યુક્ત લાગે છે.

**[ પ્રબળપુણ્યશાળી કેવળીઓને પાપરૂપ સ્ત્રીત્વનો અસંભવ-પૂર્વપક્ષ ]**

તેમ જ પુણ્યાત્મક કલ્પવૃક્ષના ફળભૂત કેવલજ્ઞાનને મેળવતા કેવળીઓને પાપના ઝરણારૂપ સ્ત્રીપણું સંભવતું નથી. અન્યથા=ભરચક પુણ્યફળવાળાને પણ સ્ત્રીપણું સંભવિત હોવામાં, શ્રીતીર્થંકર–ચક્રવર્તી આદિને પણ તે સંભવિત બની જાય !

**શંકા :**–સ્ત્રીઓને જે સ્ત્રીશરીર મળ્યું હોય છે તે તો શરીરનામ કર્મ રૂપ શુભ પ્રકૃતિજન્ય જ હોવાથી પાપરૂપ નથી અને જે સ્ત્રીવેદાદિ પાપરૂપ હોય છે તે તો

**एयमजुत्तं जम्हा विचित्तभावा विचित्तकम्मखओ ।**
**ण य इत्थित्तं पावं जिणाण पाएण णत्थित्ति ॥१६९॥**

[एतदयुक्तं यस्माद्विचित्रभावाद्विचित्रकर्मक्षयः । न च स्त्रीत्वं पापं जिनानां प्रायेण नास्तीति ॥१६९॥]

यत्तावदुक्तं–"स्त्रीणां पुरुषापेक्षया प्रबलकर्मत्वान्न तेभ्यो हीनेन चारित्रेण तासां कर्मक्षयः" इति, तदसत्, तेभ्यः प्रबलकर्मत्वस्यैव स्त्रीणामसिद्धेः, स्त्रीवेदस्य पुंवेदापेक्षया प्राबल्येऽपि तस्य पुरुषेष्वप्यबाधितत्वाद्, नैरन्तर्येण प्रज्वलनस्य चाऽनियतत्वात्, क्वचित् स्त्रीत्वसमनियतानां दोषाणां प्राबल्येऽपि क्वचित्पुंस्त्वसमनियतानां दोषाणामपि प्राबल्यात् । अस्तु वा पुरुषापेक्षया प्रबलकर्मत्वं स्त्रीणां, "तुष्यतु दुर्जनः" इति न्यायात्, तथापि तासां भाववैचित्र्यादेव विचित्र-

---

કૈવલ્ય પ્રાપ્તિ પૂર્વે જ ક્ષીણ થઇ ગયા હોય છે. તેથી 'કેવળીઓને પાપનિસ્યન્દરૂપ સ્ત્રીપણું સંભવતું નથી' એવો ઉપાલંભ આપી શકાતો નથી.

**સમાધાન** :- માત્ર પાપપ્રકૃતિજન્ય એવા પણ રાગની શુભ અને અશુભ એમ બે પ્રકારે વ્યવસ્થા હોવાથી 'પાપપ્રકૃતિજન્ય હોવા માત્રથી પાપત્વ' કે 'પુણ્યપ્રકૃતિજન્ય હોવા માત્રથી પુણ્યત્વ' એવી વ્યવસ્થા નથી, કિન્તુ જે પ્રતિકૂલ વેદનીય હોય તે પાપ અને જે અનુકૂળ વેદનીય હોય તે પુણ્ય એવી વ્યવસ્થા છે. સ્ત્રીપણું આખા જગતને ગર્હણીય હોવાથી પ્રતિકૂળરૂપે વેદનીય હોવાના કારણે નપુંસકપણાની જેમ પાપરૂપ જ છે. તેથી કેવળીઓને એ શી રીતે સંભવે ? જો કે આ રીતે પાપ–પુણ્યની વ્યવસ્થા કરવામાં કુષ્ઠી વગેરે રોગથી અભિભૂત થએલ મનુષ્યાયુષ પણ પ્રતિકૂલવેદનીય થઇ જવાના કારણે પાપરૂપ થઇ જાય છે, જે હકીકતમાં એવું નથી; કારણ કે મનુષ્યાયુ, તિર્યંચાયુ અને દેવાયુને પુણ્યપ્રકૃતિ તરીકે કહ્યા છે, તો પણ તેવી અવસ્થામાં તે નિશ્ચયથી પ્રતિકૂળવેદનીય હોવા છતાં જે જાતિથી આક્રાન્ત સર્વવ્યક્તિઓ પ્રતિકૂલવેદનીય હોય તે જાતિથી આક્રાન્તને જ વ્યવહારનય પ્રતિકૂળવેદનીય માનતો હોવાથી માત્ર નરકાયુષ્ય જ પ્રતિકૂળવેદનીય બને છે, નરાયુષ્યાદિ નહિ. તેથી કોઇ આપત્તિ રહેતી નથી. તેમજ અત્યંતઅશુચિમય સ્ત્રીઓને પરમપવિત્રતાના આધારભૂત પરમૌદારિક શરીર સંભવતું નથી અને તે શરીરથી રહિત જીવો તો કેવળી હોવા સંભવતા નથી. તેથી સ્ત્રીઓને કેવલજ્ઞાન અને મુક્તિ હોતા નથી. ॥૧૬૭ ॥ ૧૬૮ ॥ દિગંબરે કરેલા આ પૂર્વપક્ષનો ગ્રન્થકાર જવાબ આપતાં કહે છે—

**ગાથાર્થ** :–આ બધી દલીલો અયુક્ત છે કારણ કે વિચિત્રભાવોથી વિચિત્રપ્રકારનો કર્મ ક્ષય થાય છે. તેમજ સ્ત્રીપણું શ્રીતીર્થંકરોને પ્રાયઃ ન હોવા માત્રથી પાપરૂપ બની જતું નથી.

### [સ્ત્રીઓમાં કર્મપ્રાબલ્ય નિયમ અસિદ્ધ]

"પુરુષની અપેક્ષાએ પ્રબળકર્મવાળી સ્ત્રીઓના કર્મોનો પુરુષના ચારિત્ર કરતાં હીન

कर्मक्षयः, अध्यवसायवैचित्र्यादेव निर्जरावैचित्र्यप्रतिपादनात्, अन्यथा सर्वेषां चारित्रिणां समनिर्जरत्वप्रसङ्गात् । नन्वेमन्यथैव भाववैचित्र्यसम्भावनया जिनकल्पिकादीनां जिनकल्पादौ प्रवृत्तिर्न स्यादित्युक्तं किं विस्मृतमिति चेत् ? न विस्मृतं, त्वयैव प्रत्युताऽयुक्तमुक्तम्, शक्त्यनिगूहनेन संयमवीर्योल्लास एव हि चारित्रं परिपूर्यते, जिनकल्पिकादीनां च स्थविरकल्पापेक्षया विशिष्टमार्गे जिनकल्पे शक्तानां विपरीतशङ्कया तत्र शक्तिनिगूहने चारित्रमेव हीयेत, कुतस्तरां तदतिरेकाधीनभाववैचित्र्यप्राप्तिसम्भावना ? स्त्रीणां तु विशिष्टमार्गे शक्तिरेव नेति स्वोचितचारित्रे शक्तिमनिगूह्य प्रवर्त्तमानानां न नाम शक्तिनिगूहनाधीना चारित्रहानिरस्ति । एवं चोत्तरोत्तरं चारित्रवृद्धिरेव तासां सम्भवतीति सम्भवति भाववैचित्र्याधीनो विचित्रकर्मक्षयः । इदमेवाभिप्रेत्योक्तं—

---

ચારિત્રથી ક્ષય થાય નહિ" એવું તમે જે કહ્યું છે, તે અસત્ છે, કારણકે 'પુરુષ કરતાં સ્ત્રીઓ પ્રબળકર્મવાળી હોય છે' એ વાત જ અસિદ્ધ છે. સ્ત્રીવેદ, પુરુષવેદ કરતાં પ્રબળ હોવા છતાં કર્મોનું પ્રાબલ્ય પુરુષમાં પણ હોઈ શકે છે. વળી સ્ત્રીઓને વેદ નિરંતર પ્રજ્વલિત જ હોય એવો નિયમ પણ નથી. તેમજ સામાન્યથી સ્ત્રીપણાની સાથે રહેનારા માયા વગેરે દોષો કોઈક સ્ત્રીઓનાં પ્રબળ હોય છે તેમ સામાન્યથી પુરુષપણાની સાથે આવનારા ક્રૂરત્વાદિ દોષો કોઈક પુરુષમાં પણ પ્રબળ હોય છે, તેથી પુરુષમાં પણ પ્રબળકર્મત્વ સંભવિત જ છે. અથવા "દુર્જન ભલે ખુશ રહો" એવા ન્યાયથી તમારી વાત મુજબ પુરૂષની અપેક્ષાએ સ્ત્રીને ભલે પ્રબળ કર્મવાળી માનીએ, તો પણ તેઓના તેવા પ્રકારના વિચિત્રભાવથી જ એ પ્રબળકર્મોનો પણ ક્ષય થઈ જાય છે. કારણકે અધ્યવસાયની વિચિત્રતાથી જ વિચિત્રકર્મક્ષય હોવો શાસ્ત્રોમાં પ્રતિપાદિત છે. તેમજ એમ ન માનવામાં તો સર્વ ચારિત્રીઓને સમાન જ નિર્જરા હોવાની આપત્તિ આવી જાય.

શંકા :– "વિશિષ્ટકોટિની ચર્યારૂપ વિશિષ્ટચારિત્ર વિના પણ વિશિષ્ટકર્મક્ષય કરી આપનાર ભાવ જો સંભવિત હોય તો તો જિનકલ્પિકાદિની જિનકલ્પાદિમાં પ્રવૃત્તિ જ નહિ થાય" એવું અમે કહી ગયા છીએ એ શું તમે ભૂલી ગયા ?

### [ શક્તિને ન ગોપવવામાં ચારિત્રની પરિપૂર્ણતા ]

**સમાધાન :**–ના, એ અમે ભૂલી ગયા નથી, પણ તમે જ એ અયુક્ત કહ્યું છે. કારણકે શક્તિ ગોપવ્યા વિના સંયમમાં વીર્યોલ્લાસ ફોરવવામાં જ ચારિત્રની પરિપૂર્ણતા છે. સ્થવિરકલ્પની અપેક્ષાએ વિશિષ્ટમાર્ગ રૂપ જિનકલ્પની શક્તિવાળા જિનકલ્પિકો જો 'આવી કઠોરસાધના વિના પણ તેવા પ્રકારના વિશિષ્ટઅધ્યવસાયોથી મારે વિપુલ-કર્મનિર્જરા સંભવિત જ છે તો આ કઠોર આરાધના શા માટે કરું ?" એવી વિપરીત શંકાથી જિનકલ્પ ન સ્વીકારે તો એ બાબતમાં પોતાની શક્તિ ગોપવી હોવાથી ચારિત્ર જ હીન થઈ જાય છે, તો પછી ચારિત્રની પ્રબળતાને આધીન વિશિષ્ટભાવોની તેમજ એનાથી વિશિષ્ટકર્મક્ષયની તો સંભાવના જ ક્યાંથી રહે ? તેથી એવા કર્મક્ષય માટે

"जिनवचनं जानीते श्रद्धत्ते चरति चार्यिकाऽशबलम् ।

"नास्यास्त्यसम्भवोऽस्य नादृष्टविरोधगतिरस्ति ॥" इति । न च स्त्रीवेदोदयप्रसूतकामातिरेकप्रतिबध्यतया ब्रह्मचर्यैकजीवितं भाववैचित्र्यमेव तासामसम्भवीति वाच्यम्, स्त्रीणामपि दुर्द्धरब्रह्मचर्यधरणश्रवणात्, कषायहानिसामग्र्या नोकषायहानेः सुकरत्वाद्, अन्यथा पुंसामपि कः प्रतीकारः ? न च छद्मस्थानां कार्त्स्न्येनाऽनिरुद्धमनसां कादाचित्केन मानसविकारलेशेनातिचारसम्भवेऽप्यनाचारो नाम, देशभङ्गेऽपि सर्वभङ्गाभावात्, मानसिकपापस्य मानसपश्चात्तापादिप्रतिकार्यत्वाद्, अन्यथा छद्मस्थानां प्रत्याख्यानभङ्गावश्यकत्वे प्रव्रज्योच्छेदप्रसङ्गः, तस्मात् स्त्रीक्लीबयोर्वैषम्यस्य दर्शितत्वात्तयोरुभयोः समानशीलत्वे वाङ्मात्रमेव शरणमिति न किञ्चिदेतत् ।

---

તેઓને જિનકલ્પાદિ આવશ્યક જ હોવાથી એમાં પ્રવૃત્તિ અસંગત નથી. સ્ત્રીઓને તો વિશિષ્ટમાર્ગની શક્તિ જ હોતી નથી. તેથી પોતાને ઉચિત અનુષ્ઠાનાદિરૂપ ચારિત્રમાં શક્તિને ગોપવ્યા વિના પ્રવર્ત્તતી સ્ત્રીઓને શક્તિનિગૂહનના કારણે થનારી ચારિત્રહાનિ હોતી નથી. અને તેથી એ રીતે તેઓને ઉત્તરોત્તર ચારિત્રવૃદ્ધિ જ સંભવતી હોવાથી ભાવવૈચિત્ર્યને આધીન વિચિત્ર કર્મક્ષય પણ સંભવે જ છે.

આ જ અભિપ્રાયથી કહ્યું છે કે "આર્યિકા= સાધ્વી અશબલ=અતિચારરહિતપણે જિનવચનને જાણે છે, શ્રદ્ધા કરે છે અને આચરે છે. તેઓને ચારિત્રનો અસંભવ હોતો નથી કે તેઓમાં રહેલ કોઈ અદૃષ્ટતત્ત્વ પણ ચારિત્રવિરોધી હોતું નથી."

શંકા :– વિશિષ્ટપ્રકારના શુભભાવો બ્રહ્મચર્યની નિર્મળતા પર અવલંબે છે. આમ એક માત્ર બ્રહ્મચર્ય પર આધારિત ભાવવૈચિત્ર્યનો=ભાવવિશુદ્ધિનો સ્ત્રીવેદોદયથી થએલ કામાતિરેકથી પ્રતિબંધ થતો હોઈ તે તેઓને અસંભવિત જ છે

**સમાધાન** :– આ શંકા બરાબર નથી, કારણકે સ્ત્રીઓએ પણ દુર્ધર બ્રહ્મચર્ય પાળ્યું હોવાનું સંભળાય છે. કષાયહાનિની સામગ્રીથી નોકષાયહાનિ પણ તેઓને સહેલી જ હોય છે. નહિતર તો પુરુષોને પણ પુરુષવેદોદય બ્રહ્મચર્યવિરોધી હોવાથી વિશિષ્ટ અધ્યવસાયો શી રીતે માની શકાશે? વળી જેઓએ મનનો સંપૂર્ણ પણે નિગ્રહ કર્યો નથી એવા છદ્મસ્થોને કયારેક થતાં માનસિક વિકારના અંશથી અતિચાર સંભવતો હોવા છતાં અનાચાર કંઇ થઈ જતો નથી, કારણકે માનસિક પાપ માનસિક પશ્ચાત્તાપાદિથી ધોવાઇ જતું હોવાના કારણે જણાય છે કે એનાથી આંશિક ભંગ થતો હોવા છતાં સર્વભંગ થયો હોતો નથી. નહિતર તો છદ્મસ્થોને માનસિક વિકારાદિથી પ્રત્યાખ્યાનભંગ અવશ્ય થનાર હોવાથી કોઈને પ્રવ્રજ્યાનું પચ્ચક્ખાણ જ સંભવિત ન રહેવાથી પ્રવ્રજ્યાનો જ ઉચ્છેદ થઈ જશે. તેથી સ્ત્રી અને નપુંસકની વિષમતા પૂર્વે દેખાડી ગયા હોવાના કારણે 'તે બન્નેને સમાન સ્વભાવવાળા માની નપુંસકની જેમ સ્ત્રીઓને પણ મુક્તિનો અભાવ' કહેવામાં સ્વવચન માત્ર જ શરણભૂત છે=આધારભૂત છે, કોઈ શાસ્ત્ર કે યુક્તિ આદિનો ટેકો નથી. તેથી એ મુક્તિનિષેધવચન અસાર છે.

यदप्युक्तं "पापरूपं स्त्रीत्वं परमपुण्यप्राग्भाराणां केवलिनां न सम्भवति" इति तदसत्, स्त्रीत्वस्य पापत्वाऽसिद्धेः, जगद्गर्हणीयत्वस्याऽसिद्धतया तदसाधकत्वात्, भगवज्जनन्यादीनामगर्हणीयत्वात्। न च स्त्रीत्वं केवलिनां वीतद्वेषाणां प्रतिकूलवेदनीयं येन त्वदुक्तरीत्यापि तत्पापत्वमास्कन्देत्। न च परप्रतिकूलवेदनीयतयैव पापत्वं, बाह्यानां श्रामण्यस्यापि प्रतिकूलवेदनीयत्वात्, रागस्य शुभाऽशुभाङ्गतया द्वैविध्यमपि न पापपुण्यत्वाभ्यां, किन्तु शुभाशुभत्वाभ्याम्, पुण्यपापत्वयोस्तु परिभाषैव तन्त्रमिति न किञ्चिदेतत्। न च स्त्रीत्वं तीर्थकराणां प्रायोऽसम्भवीति केवलिनामपि तथा, एवं सति विप्रत्वादिजातिरपि तीर्थकराणां प्रायो न सम्भवतीति तज्जातीया अपि सत्यपि ज्ञानादिसाम्राज्ये न केवलिनो भवेयुः। किञ्च, तीर्थकरे-

## [ સ્ત્રીપણામાં પાપરૂપત્વ અસિદ્ધ ]

'પાપરૂપ સ્ત્રીપણું પરમપુણ્યપ્રચુરતાવાળા કેવળીઓને સંભવતું નથી' એવું જે કહ્યું છે તે પણ અસત્ છે કારણકે ભગવાનની માતા વગેરે એ આખા જગતને માટે પૂજનીય હોવાથી સ્ત્રીપણામાં પાપરૂપતાનું સાધક જગદ્ગર્હણીયત્વ જ અસિદ્ધ હોવાના કારણે પાપત્વ પણ અસિદ્ધ છે. તમે કહ્યું એવું પ્રતિકૂલવેદનીયત્વરૂપ પાપત્વ પણ સ્ત્રીપણામાં નથી કારણકે કેવલીઓને તેઓ દ્વેષ વગરના હોવાથી સ્ત્રીપણું પ્રતિકૂલવેદનીય હોતું નથી.

**શંકા :–** બીજાઓને જે પ્રતિકૂલવેદનીય હોય તે પાપરૂપ હોય છે. તેથી કેવળીઓને પોતાને દ્વેષ ન હોવાથી સ્ત્રીપણું પ્રતિકૂલવેદનીય ન હોવા છતાં બીજાઓને તો એ એવું જ હોવાથી પાપરૂપ જ છે.

**સમાધાન :–** એ રીતે તો શ્રમણપણું પણ બાહ્યોને= ઇતરોને પ્રતિકૂલવેદનીય હોવાથી પાપરૂપ થઈ જવાની આપત્તિ આવે. તેથી પાપત્વને એવું માની શકાતું નથી. વળી રાગની પણ શુભાશુભ રૂપે જે દ્વિવિધતા છે તે પણ પુણ્યત્વ–પાપત્વના કારણે નહિ કિન્તુ શુભત્વ= પ્રશસ્તત્વ અને અશુભત્વ= અપ્રશસ્તત્વના કારણે જ છે. કોઇના પણ પુણ્યત્વ–પાપત્વમાં તો પરિભાષાજ તંત્ર અર્થાત્ પ્રમાણભૂત હોવાથી તમારી વ્યાખ્યાની કોઈ કિંમત નથી. વળી સ્ત્રીપણું તીર્થંકરોને પ્રાયઃ અસંભવિત હોવા માત્રથી કંઇ કેવળીઓને પણ તેવું જ અસંભવિત થઈ જતું નથી. નહિતર તો બ્રાહ્મણત્વાદિજાતિ પણ તીર્થંકરોને પ્રાયઃ અસંભવિત હોવાથી તે જાતિવાળાઓ રત્નત્રયપ્રકર્ષની હાજરીમાં પણ કેવલી બની શકશે નહિ. વળી તીર્થંકરોમાં અસંભવિત એવું અતીર્થંકરત્વ પણ કેવળીઓને અસંભવિત બનવાથી તીર્થંકર સિવાય કોઈ કેવળી જ બની શકશે નહિ. તેથી તીર્થંકરને જે અસંભવિત હોય તે કેવળીઓને પણ અસંભવિત જ હોય એવું કથન તમારો પક્ષપાત માત્ર જ છે.

એમ જો પુરુષકેવળીઓને પરમૌદારિકશરીર પોતાની સામગ્રીથી આપોઆપ જ અશૌચ દૂર કરવામાં સક્રિય હોય તો તો એ રીતે સ્ત્રીઓને પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ

ऽसम्भवदतीर्थकरत्वं सामान्यकेवलिनामपि न सम्भवेदिति, तस्मात्पक्षपातमात्रमेतत् । परमौदारिकशरीरं चाशौचनिरासप्रवणं यदि स्वसामर्थ्याधीनं सम्भवेत्तर्हि स्त्रीणामपि प्राप्तकैवल्यानामशौचनिरासाय प्रभवेत्, नो चेत्? न संभवेदिति सङ्क्षेपः ॥१६९॥ उपसंहरति—

**इय इत्थीणं सिद्धी सिद्धा सिद्धंतमूलजुत्तीहिं ।**
**एयं असद्दहंता चिक्कणकम्मा मुणेयव्वा ॥१७०॥**

[इति स्त्रीणां सिद्धिः सिद्धा सिद्धान्तमूलयुक्तिभिः । एतामश्रद्दधतो दृढकर्माणो ज्ञातव्याः ॥१७०॥]

स्पष्टा ॥१७०॥ एवं च प्रासाधि स्त्रीणां निर्वाणं, तत्सिद्धौ च सिद्धाः सिद्धानां पञ्चदशभेदाः; तत्सिद्धौ च सिद्धं सप्रसङ्गमध्यात्मनिरूपणम् । अथैतदुपनिषद्भूतमुपदिशति—

**एयं परमरहस्सं एसो अज्झप्पकणगकसवट्टो ।**
**एसा य परा आणा संजमजोगेसु जो जत्तो ॥१७१॥**

[एतत्परमरहस्यमेषोऽध्यात्मकनककषपट्टः । एषा च पराऽऽज्ञा संयमयोगेषु यो यत्नः ॥१७१॥]

एतदेव खलु सकलनयप्रमाणव्युत्पादनप्रवणस्य प्राक्प्रपञ्चस्योपनिषद्भूतम् 'यः संयमयोगेषु व्यापारः,' ज्ञानस्य विरतिफलत्वात्, तन्मयस्य शास्त्रस्य तत्फलवत्तयैव फलवत्त्वात् । तथा च पारमर्षम्— [आ०नि० १०६६]

---

થી જ પરમૌદારિક શરીર અશુચિ દૂર કરવામાં સમર્થ થશે. જો કેવલજ્ઞાનપ્રાપ્તિમાં ય સ્ત્રીનું પરમૌદારિક શરીર અશુચિ દૂર કરવામાં સમર્થ નહિ થાય તો તો તેમાં અશુચિ નિવર્તનકારણતા ન રહેવાથી પુરુષોમાં પણ તે તેનું નિવર્ત્તક નહિ બને. તાત્પર્ય 'અશુચિપરાહત સ્ત્રીઓને પરમૌદારિક સંભવતું ન હોવાથી કેવલજ્ઞાન હોતું નથી' એવું કહી શકાય તેમ નથી આમ તમારા કોઇ હેતુથી 'સ્ત્રીઓને મુક્તિ હોતી નથી' એવું સિદ્ધ થતું નથી. ॥ ૧૬૯ ॥ સ્ત્રીમુક્તિવાદનો ઉપસંહાર કરતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ**:–આમ સિદ્ધાન્તમૂલક યુક્તિઓ વડે સ્ત્રીઓને સિદ્ધિ હોવી સિદ્ધ થાય છે. તેથી એની શ્રદ્ધા ન કરનારા જીવો ચીકણા કર્મવાળા જાણવા. ગાથાનો અર્થ સ્પષ્ટ છે. ॥૧૭૦॥

આ રીતે સ્ત્રીઓને નિર્વાણ હોવું સિદ્ધ કર્યું અને તે સિદ્ધ થવાથી સિદ્ધોના પંદર ભેદ પણ સિદ્ધ થાય છે. તેથી સપ્રસંગ અધ્યાત્મનિરૂપણ પણ પૂર્ણ થયું. હવે અધ્યાત્મના ઉપનિષદ્ભૂત રહસ્યને ગ્રન્થકારશ્રી જણાવે છે—

### [અધ્યાત્મનું પરમરહસ્ય]

**ગાથાર્થ**:– આ જ પરમરહસ્યભૂત છે, આ જ અધ્યાત્મસુવર્ણની પરીક્ષા માટેનો કષપટ્ટ છે, સંયમ યોગોમાં પ્રયત્ન એજ શ્રેષ્ઠ આજ્ઞા છે અર્થાત્ સંયમયોગોમાં વ્યાપાર જ અધ્યાત્મના રહસ્યાદિરૂપ છે.

સકલ નય અને પ્રમાણથી વ્યુત્પાદન કરવામાં નિપુણ એવા પૂર્વોક્ત વિસ્તારનું

[1]सव्वेसिंपि णयाणं बहुविहवत्तव्वयं णिसामित्ता ।

तं सव्वणयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ॥ त्ति नन्वेवं वादग्रन्थस्यास्य वादिपराजय एव फलं, न तु विरतिरिति न पारमार्थिकं फलमिति चेत् ? न, विजिगीषूणां वादिपराजयस्य फलत्वेऽपि तत्त्वनिर्णिनीषूणां तत्त्वनिर्णयद्वारा विरतेरेव फलत्वात्, एष एव चाध्यात्मभावनायाथात्म्यपरीक्षानिबन्धनं, कनकस्येव कषोपललेखा, बाह्यकरणव्यापारस्यैवाभ्यन्तरविशुद्धिपरीक्षाक्षमत्वात्, तद्विरहे तदभावात्, तदुक्तमागमे—

રહસ્ય 'સંયમયોગોમાં જે વ્યાપાર છે' તે છે. કારણકે જ્ઞાનનું ફળ વિરતિ હોવાથી જ્ઞાનમય શાસ્ત્ર સંયમયોગોમાં વ્યાપારાત્મક વિરતિરૂપ ફળ વડે જ સફળ બને છે. પારમર્ષવચન પણ છે કે 'સર્વનયોની બહુપ્રકારની વક્તવ્યતા સાંભળીને તે વચન જ સર્વનયવિશુદ્ધ છે કે જે ચરણ અને ગુણ=જ્ઞાનમાં સ્થિર થયેલ હોય તે સાધુ છે." "પોતાને આધ્યાત્મિક તરીકે ઓળખાવનાર પ્રતિવાદીનો તમે જે પરાજય કર્યો એ જ આ વાદગ્રન્થનું ફળ છે, નહિ કે વિરતિરૂપ પારમાર્થિક ફળ" એવું ન કહેવું કેમકે જીતવાની ઇચ્છાવાળાઓને વાદીનો પરાજય એ ફળરૂપ હોવા છતાં તત્ત્વ નિર્ણય કરવાની ઇચ્છાવાળાઓને તત્ત્વનિર્ણય દ્વારા વિરતિ જ ફળરૂપ હોવાથી ગ્રન્થનું પારમાર્થિક ફળ પણ વિરતિ જ છે. સ્વમાં કે પરમાં અધ્યાત્મ આવ્યું છે કે નહિ એ ભાવવા માટે=તપાસવા માટે, જેમ સુવર્ણની પરીક્ષા માટે કસોટીના પત્થર પરની રેખા સાધનભૂત છે એમ (અધ્યાત્મભાવની પરીક્ષામાં આ જ=) 'સંયમયોગમાં વ્યાપાર' એ જ સાધનભૂત છે. કારણ કે બાહ્યવ્યાપાર ન હોય તો આભ્યન્તર વિશુદ્ધિનો પણ અભાવ હોવાથી આભ્યન્તર વિશુદ્ધિની પરીક્ષા કરવામાં બાહ્યકરણોનો વ્યાપાર જ સમર્થ છે. આગમમાં કહ્યું છે કે "જેઓ તેવું વીર્ય હોતે છતે પણ સંયમયોગોમાં હંમેશા સીદાય છે બાહ્યકરણમાં આળસુ તે જીવો વિશુદ્ધચારિત્રવાળા શી રીતે હોય?"

વળી શ્રી તીર્થંકરોની આ જ ઉચ્ચકોટિની આજ્ઞા છે કે તપ અને સંયમથી જ સકલ ફળ કહ્યું હોવાથી તે બેમાં જ પ્રયત્ન કરવો. કહ્યું જ છે કે "ચૈત્ય, કુલ, ગુણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત એ સર્વ વિશે તેણે ઉચિત કર્યું છે જે તપસંયમમાં ઉદ્યમ કરે છે." વળી આ પણ જે કહ્યું છે તે ચૈત્યાદિ વિશેના ઉચિત અનુષ્ઠાનથી જે ગુણો (લાભ) કહ્યા છે તે બધા ગુણોનો તપ–સંયમમાં ઉદ્યમ કરવાથી યોગ થતો હોવાથી કહ્યું છે. તેથી સકલ સારભૂત હોવાથી તપસંયમમાં જ પ્રયત્ન કરવો એ ઉપદેશ સર્વસ્વ છે.

## [ શાસ્ત્રવ્યાપારનું પ્રયોજન ]

શંકાઃ–તમારા આ ઉપદેશથી 'ચારિત્ર મને ઇષ્ટ મોક્ષનું સાધન છે' એવું ચારિત્રમાં ઇષ્ટસાધનતાનું અનુસંધાન થવા છતાં ચારિત્રાવરણ કર્મથી પ્રતિબંધ થતો હોવાથી જ

१. सर्वेषामपि नयानां बहुविधवक्तव्यतां निशम्य । तत्सर्वनयविशुद्धं यच्चरणगुणस्थितः साधुः ॥

"[1]संजमजोगेसु सया जे पुण संतविरियावि सीयन्ति ।

कह ते विसुद्धचरणा बाहिर करणालसा हुंति ॥" त्ति । [आव० नि० ११७०] एनैव परा भगवतामाज्ञा तपःसंयमयोरेवोद्यच्छताम्, सकलफलानुज्ञानात् । तदुक्तं–
[2]चेइयकुलगणसंघे आयरियाणं च पवयणसुए ये सव्वेसु वि तेण कयं तवसंजमसुज्जमंतेणं ॥ त्ति । [आ०नि० ११०१] अयं च तत्रोक्तसकलगुणयोगाल्लाक्षणिकः प्रयोगः, एवं च सकलसारभूततया तपःसंयमयोरेव यतितव्यमित्युपदेशसर्वस्वम् ।

नन्वस्मादुपदेशाच्चारित्र इष्टसाधनत्वप्रतिसन्धानेऽपि चारित्रावरणकर्मप्रतिबन्धादेव प्राणिनां न प्रवृत्तिर्भविष्यति, तदनुदये च स्वत एव तत्र प्रवृत्तेर्व्यर्थोऽयमुपदेश इति चेत् ? न, लघुकर्मणामपि येषामिष्टसाधनत्वज्ञानविलम्बान्नप्रवृत्तिस्तेषामिष्टसाधनत्वज्ञापनायैव शास्त्रव्यापारात्, पुनर्बन्धकादिव्यतिरिक्तानामेव योग्यत्वेनाधिकारित्वाद्, अतथाभूतेषु भगवदुपदेशस्याप्यनतिप्रयोजनत्वात् । अपि च शास्त्रोपदेशश्रावणोद्भूतश्रद्धातिशयेनाऽनिकाचितकर्मणां प्रतिबन्धककर्मक्षयोऽपि सम्भवेदेव, निकाचितकर्मणामेव धर्मं श्रुत्वाप्यप्रवृत्तेः । उक्तं च–

[3]अणुसिट्ठा य बहुविहं मिच्छद्दिट्ठी य जे नरा अहमा ।
बद्धनिकाइयकम्मा सुणंति धम्मं णय करंति ॥ [उप० मा० २१६] इति ॥१७१॥

ચારિત્રમાં પ્રવૃત્તિ થતી નથી. અને તે કર્મનો ઉદય અટકી જતાં સ્વતઃ જ (તમે કહ્યો એવા ઉપદેશ વિના પણ) ચારિત્રમાં પ્રવૃત્તિ થાય છે, તેથી ચારિત્ર અંગેની પ્રવૃત્તિ પ્રત્યે અન્વય અને વ્યતિરેક ઉભયવ્યભિચારવાળો હોવાથી કારણભૂત ન હોવાના કારણે ઉપદેશ વ્યર્થ છે.

**સમાધાન** :– આ વાત બરાબર નથી. કારણકે લઘુકર્મી પણ જે જીવોને ઇષ્ટ-સાધનતાજ્ઞાન ન હોવાના કારણે જ પ્રવૃત્તિ અટકી હોય છે તેઓને ઇષ્ટસાધનતા જણાવવા માટે શાસ્ત્રનો વ્યાપાર હોય છે. તેથી જ પુનર્બન્ધકાદિથી ભિન્ન જીવોને શાસ્ત્રથી ઉપકાર હોવાથી તેઓ જ યોગ્યહોવારૂપે શાસ્ત્રના અધિકારી છે. જેઓ એવા લઘુકર્મી નથી હોતા તેઓને ભગવાન્ નો ઉપદેશ પણ ખાસ કોઈ પ્રયોજન સારતો નથી. વળી શાસ્ત્રોપદેશ શ્રવણથી થએલ શ્રદ્ધાતિશયથી અનિકાચિતકર્મવાળા જીવોને પ્રતિબંધક કર્મનો ક્ષય પણ સંભવે જ છે કારણકે નિકાચિત કર્મવાળા જીવોની જ ધર્મ સાંભળવા છતાં પણ પ્રવૃતિ થતી નથી. કહ્યુ છે કે 'અનેક પ્રકારે હિતશિક્ષા અપાયેલા બદ્ધનિકાચિતકર્મવાળા મિથ્યાત્વી અધમ મનુષ્યો ધર્મને માત્ર સાંભળે જ છે, કિન્તુ આચરતાં નથી.' ॥૧૭૧॥

१. संयमयोगेषु सदा ये पुनः सद्वीर्या अपि सीदन्ति । कथं ते विशुद्धचरणा बाह्यकरणालसा भवन्ति ॥
२. चैत्यकुलगणसंघे आचार्याणां च प्रवचनश्रुतयोश्च । सर्वेषु वि तेन कृतं तपःसंयमोद्यमवता ॥
३. अनुशिष्टाश्च बहुविधं मिथ्यादृष्टयश्च ये नरा अधमाः । बद्धनिकाचितकर्माणः शृण्वंति धर्मं न च कुर्वन्ति ॥

ननु तथापि दीर्घसंसारित्वशङ्कयाऽभव्यत्वशङ्कया च बह्वायाससाध्यमोक्षोपाये चारित्रे प्रवृत्तिर्न भविष्यतीत्याशङ्कायामाह—

आसन्नसिद्धियाणं जीवाणं लक्खणं इमं चेव ।
तेण ण पवित्तिरोहो भव्वाभव्वत्तसंकाए ॥१७२॥

[आसन्नसिद्धिकानां जीवानां लक्षणमिदमेव । तेन न प्रवृत्तिरोधो भव्याभव्यत्वशङ्कया ॥१७२॥

संयमो यम एव ह्यासन्नसिद्धिकस्य जीवस्य लक्षणम् । तदाहुः

[1]आसन्नकालभवसिद्धियस्य जीवस्स लक्खणं इणमो । विसयसुहेसु ण रज्जइ सव्वत्थामेण उज्जमइ ॥ त्ति । [उपदेशमाला–२९०] एवं संयमप्रवृत्तिरेवासन्नसिद्धिकत्वस्य तद्व्यापकभव्यत्वस्य च, व्याप्यव्याप्यस्य सुतरां व्याप्यत्वात् । तथा च तज्ज्ञानमेव विशेषदर्शनतया तद्विपरीतदीर्घसंसारित्वाऽभव्यत्वशङ्कानिवर्त्तकमिति । ततस्तन्निवृत्तौ निराबाधा मोक्षोपाये प्रवृत्तिः । अथ प्रवृत्त्युत्तर

'છતાં પણ પોતાનો સંસાર દીર્ઘ હોવાની શંકાથી કે પોતે અભવ્ય હોવાની શંકાથી મોક્ષના ઉપાયભૂત અને બહુપ્રયત્નસાધ્ય એવા ચારિત્રમાં જીવોની પ્રવૃત્તિ થશે નહિ.' એવી શંકાને મનમાં રાખીને ઉત્તર આપતાં ગ્રન્થકારશ્રી કહે છે—

**ગાથાર્થ** :– નજીકમાં સિદ્ધિ પામનાર જીવોનું આ સંયમયોગોમાં વ્યાપાર જ લક્ષણ છે. તેથી હું ભવ્ય હોઇશ કે અભવ્ય? એવી શંકાના કારણે પ્રવૃત્તિ અટકતી નથી.

**[ અભવ્યત્વાદિ શંકાનું નિવારણ ]**

યમરૂપ સંયમ જ આસન્નસિદ્ધિક જીવોનું લક્ષણ છે. કહ્યું છે કે "જેની સિદ્ધિ નજીકના ભવિષ્યકાળમાં થવાની છે એવા જીવનું આ લક્ષણ છે કે તે વિષય સુખોમાં રક્ત થતો નથી અને સંયમયોગોમાં સર્વવીર્યથી ઉદ્યમ કરે છે." આમ સંયમપ્રવૃત્તિ જ સિદ્ધિ નજીકમાં હોવાપણાનું અને તેના વ્યાપક ભવ્યત્વનું લક્ષણ છે કારણકે પોતાના વ્યાપ્યનું વ્યાપ્ય પોતાને પણ નિયમા વ્યાપ્ય હોવાથી ભવ્યત્વના વ્યાપ્ય એવા આસન્નસિદ્ધિકત્વનો વ્યાપ્ય એવો જે સંયમયોગોમાં ઉદ્યમ તે ભવ્યત્વનો પણ અવશ્ય વ્યાપ્ય હોય જ છે. તેથી જેમ આ છીપ છે કે ચાંદી એવો સંદેહ છીપપણાની, ચાંદીમાં અસંભવિત એવી કોઇક વિશેષતાના દર્શનથી નિવૃત્ત થાય છે. તેમ દીર્ઘસંસાર કે અભવ્યત્વ હોવામાં અસભંવિત એવા સંયમયોગોદ્યમરૂપ વિશેષનું જ્ઞાન જ વિશેષ દર્શનાત્મક બની 'હું ભવ્ય હોઇશ કે અભવ્ય?' તેમજ 'હું આસન્નસિદ્ધિક છું કે દીર્ઘસંસારી?' એવી શંકાને દૂર કરી દે છે અને તેથી એ નિવૃત્ત થએ છતે મોક્ષના ઉપાયભૂત સંયમમાં પ્રવૃત્તિ અબાધિત જ છે.

**શંકા** :– સંયમયોગોમાં પ્રવૃત્તિ કર્યા પછી તેનું જ્ઞાન થવારૂપ વિશેષદર્શનથી પ્રતિબંધકશંકા નિવૃત્ત થાય છે અને એ શંકા નિવૃત્ત થાય તો પ્રતિબંધકાભાવઘટિત-સામગ્રીનું સાકલ્ય થવાથી એમાં પ્રવૃત્તિ થાય છે. તેથી અન્યોન્યાશ્રય દોષ આવે છે.

---

1. आसन्नकालभवसिद्धिकस्य जीवस्य लक्षणमिदम् । विषयसुखेषु न रज्यते सर्वस्थानेनोद्यच्छति ॥

तज्ज्ञानेन विशेषदर्शनेन प्रतिबन्धकशङ्कानिवृत्तिः, तन्निवृत्तौ च प्रतिबन्धकाभावघटितसामग्रीसाम्राज्येन प्रवृत्तिरित्यन्योन्याश्रय इति चेत्? न, तथा प्रवर्त्तमानानामन्येषामासन्नसिद्धिकत्वं निश्चित्य तद्व्याप्यतज्जातीयत्वस्य स्वस्मिन्प्रतिसन्धानेनोक्तशङ्कानिवृत्त्या प्रवृत्तेरबाधात्। अथवा भोगेच्छानिवृत्तिरूपं वैराग्यं तन्निवर्त्तकाऽसंयमद्वेषो वाऽऽसन्नसिद्धिकत्वव्याप्यत्वेन प्रतिसंहित उक्तशङ्कानिवर्त्तक इति न किञ्चिदनुपपन्नम्। वस्तुतस्तु भव्याभव्यत्वशङ्कैव स्वसंविदिता भव्याभव्यत्वशङ्काप्रतिबन्धिका, तस्या एव भव्यत्वव्याप्यत्वात्, तदुक्तमाचारटीकायाम् "अभव्यस्य भव्याभव्यत्वशङ्काया अभावात्" इति।

अथ न व्याप्यं शङ्काप्रतिबन्धकं किन्तु तद्दर्शनं, तथा च न शङ्का प्रतिबन्धिका किन्तु तज्ज्ञानमिति चेत्? न, स्वसंविदितायास्तस्या एव तज्ज्ञानरूपत्वात्। अथ स्वरूपसद्व्याप्यज्ञानं न प्रतिबन्धकं, किन्तु व्याप्यत्वेन तज्ज्ञानम्, न च पुरुषत्वव्याप्यस्वरूपसत्पुरुषत्वज्ञानेऽपि

---

**સમાધાન :–** વીર્યોલ્લાસથી સંયમમાં પ્રવૃત્ત થતા બીજા જીવોના આસન્નસિદ્ધિકત્વનો નિશ્ચય કરીને પોતાનામાં પણ આસન્નસિદ્ધિકત્વવ્યાપ્ય એવા તજ્જાતીયત્વનું પ્રતિસંધાન થાય છે. અર્થાત્ જેઓમાં આસન્નસિદ્ધિકત્વનો નિશ્ચય થયો છે તેઓના, વિષયોનું મંદ આકર્ષણ–કષાયોની અલ્પતા–સહિષ્ણુતા વગેરે રૂપ ગુણો પોતાનામાં પણ જોઈને તે ગુણોના વ્યાપક એવા આસન્નસિદ્ધિકત્વનો પોતાનામાં નિશ્ચય થવાથી એ સંબંધી શંકા નિવૃત્ત થાય છે અને તેથી પછી સંયમયોગોમાં પ્રવૃત્તિ થાય છે. અથવા ભોગેચ્છાને નિવૃત્ત કરવા રૂપ વૈરાગ્ય કે ભોગેચ્છાને નિવૃત્ત કરનાર અસંયમદ્વેષ જ આસન્નસિદ્ધિકત્વનો વ્યાપ્ય હોવા રૂપે જ્ઞાત થઈ ઉક્ત શંકાને નિવૃત્ત કરે છે. તેથી કોઈ અનુપપત્તિ નથી.

ખરેખર તો સ્વસંવેદનથી સંવેદાતી "હું ભવ્ય હોઈશ કે અભવ્ય ?" એવી ભવ્યાભવ્યત્વવિષયક શંકા જ પુનઃ તેવી શંકા થવામાં પ્રતિબંધક બની જાય છે. કારણકે જે જીવોને એવી શંકા પડે તેઓ અવશ્ય ભવ્ય હોવાથી એ શંકાજ ભવ્યત્વવ્યાપ્ય છે. **શ્રી આચારાંગસૂત્ર ટીકામા** કહ્યુ છે કે 'અભવ્યજીવોને ભવ્યાભવ્યત્વશંકાનો અભાવ હોવાથી (=હોય છે.)'

## [ શંકાપ્રતિબંધક કોણ ? ]

**પૂર્વપક્ષ :–** ઠુંઠામાં અવશ્ય રહેનાર, ઠુંઠાપણાનો કોઇ વ્યાપ્ય ધર્મ સામે રહેલ ઠુંઠામાં પણ અવશ્ય રહ્યો હોવા છતાં જ્યાં સુધી એ જણાયો ન હોય ત્યાં સુધી "આ ઠુંઠું હશે કે પુરુષ ?" એવી શંકા પડે જ છે. તેથી જણાય છે કે વ્યાપ્ય પોતે શંકાને અટકાવનાર નથી કિન્તુ વ્યાપ્યનું જ્ઞાન શંકાને અટકાવનાર છે.

**ઉત્તરપક્ષ :–** એ શંકા સ્વસંવિદિત હોવાથી ઉત્પન્ન થતાંની સાથે તેનું જ્ઞાન પણ થઈ જ જતું હોવાના કારણે એ પ્રતિબંધક બનશે જ.

पुरुषत्वाभावशङ्कानिवृत्तेरनुभवबलेन स्वरूपसद्व्याप्यज्ञानस्यैवशङ्कानिवर्तकत्वमिति वाच्यम्, अव्याप्येऽपि व्याप्यत्वेन भ्राम्यतस्तद्व्याप्यत्वप्रकारकधर्मज्ञानात्तद्विपरीतशङ्कानिवृत्तेर्व्याप्यत्वप्रकारकव्याप्यज्ञानस्य शङ्कानिवर्त्तकत्वात् । न चोपदर्शिता शङ्का स्वस्मिन्भव्यत्वव्याप्यत्वप्रकारिकेति नेयं तन्निवर्त्तिकेति चेत्? तथापि 'भव्यत्वव्याप्यतादृशशङ्कावानहमि'ति ज्ञानान्तरेणैव तादृशशङ्कानिवृत्तौ प्रवृत्तिरबाधितेवेति सर्वमवदातम् । एतेन "सिद्धौ वा संसार्येकस्वभावा एव केचिदात्मान इति स्थितेऽहमेव यदि तथा स्यां तदा मम विपरीतप्रयोजनं परिव्राजकत्वमिति शङ्कया न कश्चित्तदर्थं ब्रह्मचर्यादिदुःखमनुभवेदित्युदयनमतं परास्तम् । एवमभव्यत्वशङ्कानिवृत्तौ सामान्यतः प्रवृत्तिर्दीर्घसंसारित्वशङ्कानिवृत्तौ दृढतरकर्मक्षये प्रवृत्तिरिति तत्त्वम् ॥१७२॥

**પૂર્વપક્ષ** :- જેમ ધૂમનું સ્વરૂપ સદ્‌જ્ઞાન (ધૂમને ધૂમ તરીકે ઓળખવો તે) કંઇ વહ્નિનું અનુમાન કરાવતું નથી, કિન્તુ વ્યાપ્યત્વેન જ્ઞાન (આ વહ્નિનો વ્યાપ્ય છે એવું ધૂમનું જ્ઞાન) જ અનુમાન કરાવે છે. તેમ ભવ્યાભવ્યત્વશંકારૂપ વ્યાપ્યનું થતું સ્વરૂપસત્ જ્ઞાન સ્વવ્યાપકભવ્યત્વનો નિશ્ચય કરાવી શકતું ન હોવાથી તાદૃશ શંકાપ્રતિબંધક પણ બની શકતું નથી કિન્તુ એ શંકાનું ભવ્યત્વવ્યાપ્યત્વેન જ્ઞાન જ તેવું બની શકે છે, પણ સ્વસંવેદનથી એ તો કંઈ થતું નથી. તેથી સ્વસંવિદિત એવી પણ તે શંકાને પુનઃ શંકાની પ્રતિબંધિકા માની શકાય નહિ. "પુરુષત્વને વ્યાપ્ય એવા પુરુષત્વવિષયક આ પુરુષ છે' એવા સ્વરૂપસતજ્ઞાનની હાજરીમાં પોતાનાં 'પુરુષત્વને વ્યાપ્ય પુરુષત્વજ્ઞાન છે' એવા તેના વ્યાપ્યરૂપે થતા જ્ઞાનની ગેરહાજરી હોવા છતાં 'આ અપુરુષ નહિ હોય ને?' ઈત્યાદિરૂપ પુરુષત્વાભાવની શંકા નિવૃત્ત થઈ જાય છે એવો જાત અનુભવ છે, તેથી વ્યાપ્યના સ્વરૂપસતજ્ઞાનને જ શંકાનિવર્ત્તક માનવું જોઈએ" એવું કહેવું નહિ, કારણકે અવ્યાપ્ય વિશે પણ વ્યાપ્ય તરીકેનો ભ્રમ કરનારને વ્યાપ્યત્વેન જ્ઞાન થઇ જવાથી તદ્વિપરીતશંકા નિવૃત્ત થાય છે. જેમકે વહ્નિને અવ્યાપ્ય એવી પણ ધૂળમાં ધૂમનો ભ્રમ કરનારને 'આ અગ્નિને વ્યાપ્ય છે' એવું સ્મરણાત્મક જ્ઞાન થઈ જવાથી 'અહીં અગ્નિનો અભાવ હશે?' એવી વિપરીત શંકા નિવૃત્ત થઇ જાય છે. આમ વ્યાપ્ય (ધૂમ)નું સ્વરૂપસતજ્ઞાન ન હોવા છતાં (કારણકે ધૂમ જ હાજર નથી તો એનું જ્ઞાન શી રીતે થાય?) વ્યાપ્યત્વેન જ્ઞાન (ભલે ભ્રમાત્મક!) હોવાથી વિપરીતશંકા નિવૃત્ત થતી હોવાથી વ્યાપ્યત્વરૂપે થતા જ્ઞાનને જ શંકાનિવર્ત્તક માનવું જોઇએ. ઉક્તશંકાનું થતું સંવેદન તો ભવ્યત્વવ્યાપ્યરૂપે ન હોવાથી પુનઃ તેવી શંકાનું નિવર્ત્તક બનતું નથી.

**ઉત્તરપક્ષ** :- છતાં 'ભવ્યત્વને વ્યાપ્ય તેવી શંકા મને પડે છે' એવા બીજા જ્ઞાનથી જ તેવી શંકા નિવૃત્ત થઈ ગએ છતે પ્રવૃત્તિ અબાધિત રીતે થાય જ છે. તેથી કોઇ દોષ રહેતો નથી.

તેથી જ "કેટલાક આત્માઓ સંસારી એકસ્વભાવવાળા હોય છે અર્થાત્ હંમેશ માટે સંસારી જ રહેવાના છે, મુક્ત થવાના નથી. તેથી મોક્ષ અને તેના ઉપાયો હોવા

अथ ये वदन्ति "मोक्षोपाये प्रवृत्तिस्तावद्वैराग्यादेव, वैराग्यं च नाभुक्तभोगानामेव, भोगेषु सिद्धत्वप्रतिसन्धानेन तदिच्छासन्ततिविच्छेदसम्भवात्, तथा च भोगान् भुक्त्वैव तदनन्तरं मोक्षोपाये योगमार्गे प्रवर्त्तिष्यामहे" इतिताननुशासितुमाह—

जो पुण भोए भोत्तुं इच्छइ तत्तो य संजमं काउं ।
जलणंमि पज्जलित्ता इच्छइ पच्छा स निव्वाउं ॥१७३॥

[यः पुनर्भोगान् भुक्त्वेच्छति ततश्च संयमं कर्त्तुम् । ज्वलने प्रज्वल्येच्छति पश्चात्स निर्वातुम् ॥१७३॥]

न खलु कामोपभोगेन कामक्षयो नाम, अपि तु तदभिवृद्धिरेव प्राप्तजातीये सुखान्तर इच्छा सामग्रीसञ्चारादज्ञात इच्छाविरहाद् । न चैवं समानप्रकारकेच्छां प्रति समानप्रकारक-

---

છતાં હું પણ જો કદાચ એક માત્ર સંસારી સ્વભાવવાળો જ હોઉં તો પરિવ્રાજકપણું મારે માટે વિપરીતપ્રયોજનવાળું બની જશે' એવી શંકાના કારણે કોઇ મોક્ષ માટે બ્રહ્મચર્યાદિપાલનના કષ્ટને ઉઠાવશે નહિ." એવો **ઉદયનનો** મત અપાસ્ત જાણવો. કારણકે એક માત્ર સંસારીસ્વભાવવાળા જીવો અભવ્ય હોય છે. ભવ્યોને તો 'હું કદાચ અભવ્ય હોઇશ તો ?' એવી શંકાથી જ ઉપર કહી ગયા મુજબ પોતાને વિશેની અભવ્ય-ત્વશંકા દૂર થઈ જતી હોવાથી પ્રવૃત્તિનો પ્રતિબંધ થતો નથી. આમ અભવ્યત્વશંકા નિવૃત્ત થએ છતે મોક્ષ માટેની સામાન્યથી પ્રવૃત્તિ થાય છે અને દીર્ઘસંસારીપણાની શંકા નિવૃત્ત થએ છતે વિશેષથી પ્રવૃત્તિ થાય છે એ અહીં તાત્પર્ય જાણવું. ॥ ૧૭૨ ॥

**[ યોગસિદ્ધિમાં ભુક્તભોગીપણું અનાવશ્યક ]**

"મોક્ષોપાયમાં પ્રવૃત્તિ વૈરાગ્યથી જ થાય છે અને જેઓએ ભોગ ભોગવ્યા છે તેઓને જ વૈરાગ્ય થાય છે, કારણકે 'ભોગો મારે સિદ્ધ થઈ ગયા છે' એવા ભોગો વિશેના પ્રતિસંધાનથી જ ભોગોની ઇચ્છાઓની પરંપરાનો અંત આવે છે, અને તેથી ભોગો ભોગવીને પછી જ અમે મોક્ષોપાયભૂત યોગમાર્ગમાં પ્રવર્ત્તશું" એવું જેઓ કહે છે તેઓને શિક્ષા આપવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :**– વળી જે ભોગો ભોગવીને પછી સંયમ લેવા ઇચ્છે છે તે અગ્નિમાં પડી બળીને પછી ઠરવાને ઇચ્છે છે.

ભોગો ભોગવવાથી કામવાસના કંઇ ક્ષીણ થતી નથી કિન્તુ વધે જ છે, કારણકે જે ભોગસુખ પ્રાપ્ત થયું હોય તેના સમાનજાતિવાળા બીજા સુખની ઇચ્છા થવા માટે જરૂરી જ્ઞાનાત્મક સામગ્રી સમ્પન્ન થયેલી હોવાથી નવીને નવી ઇચ્છાઓ થયા જ કરે છે. જ્યાં સુધી એ જાતિનું સુખ અજ્ઞાત હોય છે ત્યાં સુધી જ જ્ઞાનરૂપી સામગ્રી ન હોવાના કારણે ઇચ્છા પ્રવર્ત્તતી નથી.

**શંકા :**– આનો અર્થ તો એવો થયો કે તે તે ઇચ્છા પ્રત્યે સમાનપ્રકારવાળું જ્ઞાન અર્થાત્ તે તે વિષયનું જ્ઞાન જ કારણભૂત છે. તે તે વિષયો સિદ્ધ હોવા કે ન હોવા એ તો અકિંચિત્કર જ છે.

ज्ञानस्य हेतुत्वमस्तु सिद्धत्वं तु तत्राऽतन्त्रमिति वाच्यम्, तथापि सिद्धसुखोपायेष्टसाधनतासाक्षात्कारप्रसूतसदृशदर्शनोद्बोध्यदृढतरसंस्कारपरम्परोपनीयमानोपायान्तरेष्टसाधनतास्मरणपरम्पराधीनेच्छाभिवृद्धेः कामोपभोगाधीनत्वाद् । अथ सिद्धत्वज्ञानकृतसामान्येच्छाविच्छेदसम्भवान्नैवमिति चेत्? न, सामानाधिकरण्येन सिद्धत्वज्ञानेऽपि सामानाधिकरण्येनेच्छाया अनुभविकत्वात्, कथमन्यथा प्रोषितस्याऽज्ञातकान्तामरणस्य तत्कान्तावलोकनादाविच्छा । सामान्यधर्मावच्छेदेन सिद्धत्वधीस्तु यावदाश्रयसिद्धत्वधियं विना विशेषदर्शिनो न सम्भवति ।

अथ सुखत्वादिसामानाधिकरण्येन सिद्धत्वज्ञानमेवेच्छाविरोधि, न च (तु) सुखत्वेन तत्तत्सुखे सिद्धत्वज्ञानं, तेन तत्तत्सुखेच्छाविरोधिवशेनानन्तप्रतिबन्धकत्वकल्पने गौरवात्, समानप्रकारकत्वेनैव तथात्वात् । इत्थं च सुखत्वेन सिद्धत्वज्ञानदशायां तत्तत्सुखभिन्नत्वेनैव

---

**સમાધાન** :– વિષયોને ભોગવવાથી સુખાનુભવ થવામાં તે સિદ્ધ થએલ સુખના ઉપાયભૂત વિષયસેવનમાં ઇષ્ટસાધનતાનો એવો સાક્ષાત્કાર થાય છે કે જેનાથી તેવા જ વિષયોના દર્શનથી જાગ્રત થનાર દૃઢતર સંસ્કાર પેદા થાય છે. આવા સંસ્કારોની પરંપરાથી તાદૃશસુખના ઉપાયભૂત બીજા વિષયોમાં પણ ઇષ્ટસાધનતાનું સ્મરણ થતું જાય છે જેના કારણે તે તે વિષયોની ઇચ્છા વધે છે. આમ ઇચ્છાની અભિવૃદ્ધિ પણ કામોપભોગને આધીન હોવાથી સિદ્ધત્વ જ્ઞાન પણ તેમાં ઉક્ત રીતે ભાગ ભજવે જ છે.

[ ઇચ્છાવિચ્છેદક કોણ? ]

**પૂર્વપક્ષ** :– પેટ ભરીને મિષ્ટાન્ન ખાઈ લીધા પછી બીજા મિષ્ટાન્ન ખાવાની ઇચ્છા રહેતી નથી. તેથી જણાય છે કે સિદ્ધત્વજ્ઞાનથી ઇચ્છા માત્ર વિચ્છિન્ન થઈ જાય છે. તો પછી 'સિદ્ધત્વ ઇચ્છાની અભિવૃદ્ધિમાં ભાગ ભજવે છે' એમ શી રીતે કહેવાય?

**ઉત્તરપક્ષ** :– એ વાત બરાબર નથી કારણ કે સામાનાધિકરણ્યેન સિદ્ધત્વજ્ઞાનની (=કેટલીક ભોગસુખવ્યક્તિઅંગેના સિદ્ધત્વજ્ઞાનની) હાજરીમાં પણ સામાનાધિકરણ્યેન (ઇતર ભોગસુખવ્યક્તિ વિષયક) ઇચ્છા હોવી અનુભવસિદ્ધ છે, તેથી સિદ્ધત્વજ્ઞાનથી ઇચ્છાસામાન્યનો વિચ્છેદ સંભવતો નથી. નહિતર તો પરદેશ ગયેલ પુરુષ કે જેણે સ્વદેશમાં રહેલ પોતાની પત્ની મરી ગઈ છે એની ખબર નથી તેને તે પત્નીના પૂર્વ અવલોકનાદિ સિદ્ધ હોવાથી નવા અવલોકનાદિની ઇચ્છા શી રીતે સંભવે? સામાન્યધર્માવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છા નિવર્ત્તક બની શકે. (એટલે કે તત્કાન્તાવલોકનત્વ રૂપ સામાન્યધર્મ જે જે અવલોકનવ્યક્તિમાં સંભવિત હોય તે તે દરેક અવલોકન મને થઈ ગયા છે એવું પોતાને સિદ્ધ હોવાનું જ્ઞાન તત્કાન્તાવલોકનની ઇચ્છાને નિવૃત્ત કરી શકે છે.) પણ એ તો વિશેષદર્શી (તે તે દર્શનવિશેષ કરનાર) જીવને તત્કાન્તાવલોકનત્વાદિરૂપ સામાન્ય ધર્મના તે તે તત્કાન્તાવલોકનાદિરૂપ સઘળાં આશ્રયો (તે કાન્તાના સંભવિત બધા દર્શનો) પોતાને સિદ્ધ થયાની બુદ્ધિ વિના સંભવતું ન હોવાથી ઇચ્છાનિવૃત્તિ પણ અશક્યપ્રાય: બને છે કારણકે તે કાન્તા વગેરેનું મરણ જ્યાં સુધી જાણ્યું

सिद्ध एव तत्तत्सुख इच्छा, प्रोषितस्यापि ज्ञात एव कान्तावलोकने ज्ञातान्यस्वीयकान्तावलोकनत्वे-नेच्छेति चेत् ? न, तथापि सामान्येच्छाविच्छेदेऽपि विशेषेच्छाऽविच्छेदप्रसङ्गात्, तावदिच्छानां भ्रमत्वकल्पनापेक्षया समानविषयत्वप्रत्यासत्त्या समानप्रकारकसिद्धत्वज्ञानस्य प्रतिबन्धकत्वकल्पनाया न्याय्यत्वात्, तत्तत्सुखभिन्नत्वेन सुखेच्छानां ज्ञातान्यकान्तावलोकनत्वादिनेष्टसाधनताज्ञानानां ज्ञातान्यकान्तावलोकनत्वादिनेच्छाहेतुत्वकल्पनापेक्षयावच्छेदकावच्छेदेनैव सिद्धत्वज्ञानस्य प्रतिबन्धकत्वकल्पनाया युक्तत्वाच्च । एतेन सामानाधिकरण्येन सिद्धत्वज्ञानस्यैव विरोधित्वं, प्रोषितस्य त्ववलोकनत्वसामान्यलक्षणयोपस्थिते भाव्यवलोकने तत्कान्तीयत्वभ्रमेण सिद्धतत्तदवलोकनेतरतत्कान्तावलोकनत्वेनैच्छेति निरस्तम् ।

---

ન હોય ત્યાં સુધી 'તેના દરેક દર્શનો મને થઇ ગયા છે હવે પુનઃ કોઇ દર્શન થવાનું નથી' એવું જ્ઞાન થતું નથી.

**પૂર્વપક્ષ :–** સુખત્વાદિ સામાનાધિકરણ્યેન સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છાવિરોધી છે નહિ કે સુખત્વેન (સુખત્વાવચ્છેદેન) તત્તત્સુખઅંગેનું સિદ્ધત્વજ્ઞાન...કારણકે એમ માનવામાં તે તે અનંત સુખ અંગેની ઇચ્છા પ્રત્યે તે તે સુખના અનંત સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવાનું ફલિત થતું હોવાથી અનંતપ્રતિબંધક માનવાનું ગૌરવ છે. તેથી સમાનપ્રકારક સિદ્ધત્વજ્ઞાનને જ સમાનપ્રકારક ઇચ્છા પ્રત્યે પ્રતિબંધક માનવું ઉચિત છે. અને તેથી કોઇ એક સુખ અંગેનું સિદ્ધત્વજ્ઞાન સઘળી તત્સજાતીય અન્યસુખવ્યક્તિઓની ઇચ્છાનું પ્રતિબંધક બને છે. તેમ છતાં સિદ્ધ એવા પણ તે સુખના સજાતીય અન્યસુખમાં તત્તત્સુખભિન્નત્વ (તત્તત્સુખભિન્નજાતીયત્વ) નો ભ્રમ થવાથી પ્રતિબંધક ન હોવાના કારણે ઇચ્છા પ્રવર્ત્તે છે. તેથી પરદેશ ગયેલ પુરુષને પણ કાન્તાવલોકન જ્ઞાત હોવા છતાં "પોતે પૂર્વે જેવું અવલોકન કર્યું છે એના કરતાં કંઇક નવું જ અપૂર્વ જોવા મળશે– વધુ સુખનો અનુભવ થશે" એવો જ્ઞાતભિન્નત્વનો ભ્રમ થવાથી જ્ઞાતઅવલોકન કરતાં ભિન્ન એવા સ્વીયકાન્તાવલોકન તરીકે પુનઃ કાન્તાવલોકનની ઇચ્છા થાય છે.

**ઉત્તરપક્ષ :–** આવી માન્યતા યુક્ત નથી કારણકે એક સ્વીયકાન્તાવલોકન સિદ્ધ હોવાથી તત્સજાતીય સ્વીયકાન્તાવલોકન સામાન્યની જ ઇચ્છા વિચ્છિન્ન થઇ ગઇ હોવાથી ભવિષ્યત્કાલીનસ્વીયકાન્તાવલોકનરૂપ વિશેષની ઇચ્છાનો અવિચ્છેદ માની જ શી રીતે શકાય ? તેમજ એકવારનું કાન્તાવલોકન સિદ્ધ થઈ ગયા પછી થનાર દરેક અવલોકનમાં એ રીતે તદ્ભિન્નજાતીયત્વના ભ્રમની તેમજ તેથી થતી ઇચ્છાઓના અનુભવમાં ભ્રમત્વની કલ્પના કરવા કરતાં તો સમાનવિષયતા પ્રત્યાસત્તિથી સમાનપ્રકારક સિદ્ધત્વજ્ઞાનને જ પ્રતિબંધક માનવાની કલ્પના યુક્ત છે, અર્થાત્ ઇચ્છાના વિષયને સમાન વિષયવાળા સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવું યુક્ત છે. વળી સ્વકાન્તાના જ્ઞાતાવલોકન કરતાં ભિન્ન જાતિવાળા હોવા રૂપે જે અવલોકનાદિ ઇચ્છાએલા હોય તેની સાધનતાના જ્ઞાનોને તેવી જ્ઞાતાન્યકાન્તાવલોકનની ઇચ્છાના હેતુ તરીકે માની 'તેવું કારણ હાજર હોવાથી પ્રોષિતને કાન્તાવલોકનેચ્છા થાય છે' એવી ઉપપત્તિ કરવી એની અપેક્ષાએ અવચ્છેદકા-

अथ सुखत्वेनेच्छां प्रति सुखत्वेन सिद्धत्वज्ञानमेव प्रतिबन्धकं, न तु सुखत्वावच्छेदेन सिद्धत्वज्ञानं, सुखत्वव्यापकसिद्धत्वीयस्वरूपसम्बन्धेन सिद्धत्वप्रकारकसुखत्वावच्छिन्नविशेष्यताकज्ञानत्वापेक्षया विशेषतः स्वरूपसम्बन्धेन सिद्धत्वप्रकारकसुखत्वावच्छिन्नविशेष्यताकज्ञानत्वस्यैव लघुत्वात् । न चैवं सामानाधिकरण्येन सिद्धत्वज्ञानोत्तरं सामानाधिकरण्येनेच्छापलापः, अनन्यगत्या सुखजनकादृष्टविशेषस्योत्तेजकत्वस्वीकारात् । एवं च प्रोषितस्यापि मृतकान्तावलोकनेच्छाप्रतिबन्धके तत्कान्तावलोकनत्वेन सिद्धत्वज्ञाने कान्तामरणज्ञानाभावादिकमुत्तेजकं वाच्यम् । न चैवं गौरवम्, व्यापकत्वनिवेशापेक्षयोत्तेजकनिवेशे लाघवात्, अन्यथा विशेषदर्शिनः सामान्येच्छाऽविच्छेदप्रसङ्गाच्चेति चेत् ?

---

વચ્છેદેન જ સિદ્ધત્વજ્ઞાનને તત્તત્સુખથી ભિન્ન હોવા રૂપે સુખની થતી ઇચ્છાના પ્રતિબંધક તરીકે માની 'તેવો પ્રતિબંધક હાજર ન હોવાથી તાદૃશ ઇચ્છા થાય છે' એવી ઉપપત્તિ કરવી યુક્ત છે. તેથી જ કોઇક જે આવી કલ્પના કરે છે કે "સામાનાધિકરણ્યેન સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છા પ્રત્યે વિરોધી છે, પરદેશગએલાને તો અવલોકનત્વસામાન્યલક્ષણાથી ઉપસ્થિત થએલ ભાવી અવલોકનમાં 'તે પોતાની કાન્તાનું છે' એવો ભ્રમ થવાથી પોતાને સિદ્ધ થએલ તે તે અવલોકન કરતાં ભિન્ન એવા સ્વીયકાન્તાવલોકન રૂપે ઇચ્છા પ્રવર્તે છે" તે પણ નિરસ્ત જાણવી.

**પૂર્વપક્ષઃ**– સુખત્વેન કોઈપણ સુખની ઇચ્છા પ્રત્યે સુખત્વેન કોઈપણ સુખ અંગેનું સિદ્ધત્વજ્ઞાન જ પ્રતિબંધક છે, નહિ કે સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન. કારણકે એને પ્રતિબંધક માનવામાં ગૌરવ છે. એ ગૌરવ આ રીતે–સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન એટલે જયાં જયાં સુખત્વ હોય ત્યાં ત્યાં સિદ્ધત્વ હોવાનું જ્ઞાન. એટલેકે 'સંપૂર્ણ સુખ સિદ્ધ છે' એવું જે જ્ઞાન ( કે જેમાં સિદ્ધત્વ પ્રકાર તરીકે અને સુખ વિશેષ્ય તરીકે ભાસે છે ) ઇચ્છાનું પ્રતિબંધક બને છે તેમાં ભેગું ભેગું સિદ્ધત્વ એ સુખત્વવ્યાપક છે એવું પણ જણાતું હોવું જોઈએ. પરંતુ આવું પ્રકારાંશમાં જણાતું ન હોવાથી તે સંબંધાંશમાં જણાતું હોવું માનવું પડે છે. એટલેકે સિદ્ધત્વાત્મક પ્રકારને સુખાત્મકવિશેષ્યમાં રહેવાનો સંબંધ જ તાદૃશવ્યાપકત્વગર્ભિતરૂપે ભાસવો જોઈએ. તેથી સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનમાં સુખત્વવ્યાપક સિદ્ધત્વના સ્વરૂપ સંબંધને સંબંધ તરીકે, સિદ્ધત્વને પ્રકાર તરીકે, તેમજ સુખત્વાવચ્છિન્ન સુખને વિશેષ્ય તરીકે માનવું પડે છે. જયારે સુખત્વેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવાનું હોય તો એમાં વ્યાપકત્વાંશ ભાસવાની આવશ્યકતા ન હોવાથી માત્ર સ્વરૂપસંબંધને સિદ્ધત્વાત્મક પ્રકારના જ સંબંધ તરીકે માનવાનો રહે છે. તેથી સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવામાં ગૌરવ છે.

શંકાઃ– પણ તો પછી અમુક સુખો સિદ્ધ થઈ ગયા પછી પણ જે ઇતર સુખોની ઇચ્છા જાગે છે તેનો અપલાપ કરવો પડશે. અર્થાત્ સુખત્વેન સિદ્ધત્વ જ્ઞાનરૂપ પ્રતિબંધક હાજર હોવાથી એવી ઇચ્છાઓ ઉત્પન્ન થતી જ નથી એવું માનવું પડશે.

न, एवं सत्युत्तेजकत्वाभिमतादृष्टक्षयस्यैव सामान्येच्छाविच्छेदकत्वौचित्यात् । वस्तुतस्तु विशेषदर्शिनः सिद्धत्वज्ञानकृतः सामान्येच्छाविच्छेदो नास्त्येव, किन्तु सुखे संसारदुःखानुबन्धित्वज्ञानाद्द्वेषकृत एव सः । अत एवोक्तं–[1]न जातु कामः कामानामुपभोगेन शाम्यति । इति । अत एव संसारसुखमात्र एव द्वेषे विशेषेच्छापि विरक्तस्य विच्छिद्यते । यत्र तु बलवद्दुःखानुबन्धित्वं न ज्ञातं प्रत्युत तदननुबन्धित्वमेव ज्ञातं तत्र मोक्षसुखे द्वेषाभावान्मुमुक्षोरिच्छा न विच्छिद्यते, प्रत्युत समेधते, सामग्रीसत्त्वादिति ।

**સમાધાનઃ**– પ્રતિબંધક હાજર હોવા છતાં એવી ઇચ્છાઓ ઉત્પન્ન થતી અનુભવાતી હોવાથી બીજો કોઇ ઉપાય ન રહેવાથી સુખજનક અદૃષ્ટ વિશેષ વગેરેને ઉત્તેજક માનીએ છીએ. પ્રોષિતને મૃતકાન્તાવલોકનેચ્છાનું પ્રતિબંધકીભૂત જે તત્કાન્તાવલોકનત્વેન સિદ્ધત્વજ્ઞાન તે હોવા છતાં પણ જો તેની ઇચ્છા થાય છે તો કાન્તામરણજ્ઞાનાભાવરૂપ ઉત્તેજકની હાજરી માનવી જોઇએ. "પણ આ રીતે ઉત્તેજક માનવાની પણ નવી કલ્પના કરવામાં તો ગૌરવ છે." એવું ન કહેવું કેમકે પ્રતિબંધકમાં વ્યાપકતાનો પ્રવેશ કરવા કરતાં નવો ઉત્તેજક માનવામાં લાઘવ હોવાથી એ કલ્પનામાં ગૌરવ નથી. નહિતર તો પૂર્વમાં કહી ગયા તેવા વિશેષદર્શીને સુખત્વાવચ્છેદેન દરેક સુખ અંગેનું સિદ્ધત્વજ્ઞાન જ થતું ન હોવાથી સુખસામાન્ય અંગેની ઇચ્છા જ ક્યારેય વિચ્છિન્ન થશે નહિ.

[ દુઃખાનુબંધિત્વ જ્ઞાનજન્ય દ્વેષ જ સામાન્યેચ્છાવિચ્છેદક ]

**ઉત્તરપક્ષઃ**– આવું કથન બરાબર નથી કારણ કે એ રીતે તો ઉત્તેજક તરીકે જે અદૃષ્ટ અભિમત છે તેને ઉત્તેજક ન માનતાં તેના ક્ષયને જ સામાન્યેચ્છાના વિચ્છેદક તરીકે માની અવચ્છેદકાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવામાં પણ કોઇ અનુપપત્તિ રહેતી નથી. વિશેષદર્શીને તાદૃશસિદ્ધત્વજ્ઞાન અસંભવિત હોવા છતાં તાદૃશ અદૃષ્ટક્ષયરૂપ વિચ્છેદકથી ઇચ્છાવિચ્છેદ થઈ જવો તો સંભવિત જ છે.

વસ્તુતઃ તો વિશેષદર્શી જીવને સિદ્ધત્વજ્ઞાનથી ક્યારેય સામાન્યેચ્છાવિચ્છેદ થતો જ નથી. કિન્તુ પૌદ્ગલિક સુખોમાં સંસાર દુઃખની પરંપરાના વર્ધકપણાના જ્ઞાનથી તે સુખો પ્રત્યેનો જે દ્વેષ પ્રવર્તે છે એનાથીજ ઇચ્છાવિચ્છેદ થાય છે. તેથી જ કહ્યુ છે કે "કામવાસના વિષયોના ઉપભોગથી શાન્ત થતી નથી કિન્તુ ઘી વગેરે બલિથી અગ્નિ જેમ વધે છે તેમ વધે જ છે" તેથી જ સંસારસંબંધી સુખમાત્રનો દ્વેષ થએ છતે વિરક્ત જીવને વિશેષ ઇચ્છા પણ મટી જાય છે. તેમજ જેને વિશે 'આ પરિણામે વધુ દુઃખ આપનાર છે' એવું તો જાણ્યું નથી ઉલ્ટું પરિણામે પણ દુઃખ ન આપનાર તરીકે જ જ્ઞાન કર્યું છે તેવા મોક્ષસુખ અંગે દ્વેષ ન હોવાથી મુમુક્ષુને તેની ઇચ્છા મટતી તો નથી, ઉલ્ટું વધવાની શાસ્ત્રશ્રવણાદિરૂપ સામગ્રી હોવાથી વધે જ છે.

---

१. अस्योत्तरार्धः—हविषा कृष्णवर्त्मेव पुनरेव प्रवर्धते । [ नारदपरिव्राजकोपनिषद् ३/३७ ]

स्यादेतत्–विजातीयसुखत्वावच्छेदेन सिद्धजातीयत्वज्ञानमेव विजातीयसुखत्वेनेच्छाप्रतिबन्धकं, न चाऽविरक्तस्य संसारसुखे सिद्धजातीयत्वं वस्तुसदपि भासते, मोहनीयकर्मदोषमहिम्ना भाविनि सुखे नियमतः सिद्धसुखवैलक्षण्यस्यैवोपस्थितेः । तदुक्तं—

[1]पत्ता य कामभोगा कालमणंतं इहं सउवभोगा ।

अपुव्वंपि व मन्नइ तहवि य जीवो मणे सुक्खं ॥ [उपदेशमाला–२०२] अत्रापूर्वपदमपूर्वजातीयपरं, अन्यथा भाविनः सुखस्य वस्तुतोऽपूर्वत्वादिनार्थानुपपत्तिः, एवं चोक्तकर्मदोषविलयेन विजातीयसुखत्वावच्छेदेन सिद्धजातीयत्वज्ञानादेव संसारसुखेच्छाविच्छेद इति । नैवम्, सिद्धसुखे बलवद्दुःखानुबन्धित्वज्ञानात् तज्जातीयत्वज्ञानस्य द्वेषहेतुतज्ज्ञानप्रयोजकत्वात्, तद्धि (? तेन हि) सामग्रीप्रतिपादनेन फलतः संसारसुखेच्छाविच्छेदहेतुद्वेषसामग्रीवैकल्यस्यैव प्रतिपादनात् । अत एव—

## [ સિદ્ધજાતીયત્વજ્ઞાનથી શું થાય ? વિચારણા ]

**પૂર્વપક્ષ :**– તે તે ભિન્નજાતીયસુખત્વાવચ્છેદેન સિદ્ધજાતીયતાનું જ્ઞાન જ તે ભિન્નજાતીય કોઈપણ સુખવ્યક્તિની ઈચ્છાનું પ્રતિબંધક બને છે. અર્થાત્ તે તે ભિન્નજાતીયસુખત્વના આશ્રય તરીકે સંભવિત દરેક સુખવ્યક્તિ વિશે 'મેં જે સુખ ભોગવ્યું છે તજ્જાતીય જ આ સુખ છે' એવું જ્ઞાન જ એ વિજાતીય કોઈપણ સુખવ્યક્તિની ઈચ્છાને રોકે છે. પોતે પૂર્વે જે સુખ ભોગવ્યું છે તજ્જાતીયત્વ જ સંસારસુખમાં હોવા છતાં પણ વૈરાગ્ય ન પામેલા જીવને તે ભાસતું નથી, કારણકે મોહનીયકર્મના દોષના મહિમાથી ભાવીસુખમાં નિયમા સિદ્ધ (=અનુભૂત) સુખ કરતાં વિલક્ષણતા જ ભાસે છે. કહ્યું છે કે–'આ સંસારમાં ઉપભોગ સહિતના કામભોગો અનંતકાળમાં અનંતવાર પ્રાપ્ત કર્યા છે છતાં પણ જીવ તે કામભોગ સુખોને અપૂર્વ જેવું માને છે.' અહીં અપૂર્વ શબ્દ અપૂર્વજાતીય અર્થમાં જાણવો. 'નહિ કે પૂર્વે અપ્રાપ્ત હોવાના અર્થમાં...નહિતર તો ભાવિસુખ હકીકતમાં અપૂર્વ જ હોવાથી તે અપૂર્વ હોવાની માન્યતામાં મૂઢતા કહેવી અનુપપન્ન થઈ જાય. તેથી મોહનીયકર્મનો દોષ નષ્ટ થવાથી થતા વિજાતીયસુખત્વાશ્રયભૂત દરેક સુખવ્યક્તિ અંગેના સિદ્ધજાતીયત્વજ્ઞાનથી જ સંસારસુખેચ્છા વિચ્છિન્ન થાય છે.

**ઉત્તરપક્ષ :**– તમે કહો છો એવું નથી કારણકે પોતે અનુભવેલ સુખમાં બલવદ્દુઃખાનુબંધિતા અનુભવવાથી ભવિષ્યત્કાલીન જે જે સુખમાં તજ્જાતીયત્વનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાન તે તે સુખો અંગેના દ્વેષના કારણભૂત બલવદ્દુઃખાનુબંધિત્વજ્ઞાનનું પ્રયોજક બને છે. અર્થાત્ ભવિષ્યત્કાલીન સુખો વિશે 'આ સુખો પણ સિદ્ધ સુખ જેવા જ છે. તેથી સિદ્ધ સુખની જેમ પરિણામે મોટું દુઃખ આપનારા છે' એવું જ્ઞાન થવાથી દ્વેષ પ્રવર્તે છે જેથી એની ઇચ્છાનો વિચ્છેદ થઈ જાય છે. અને મોહનીયકર્મરૂપી દોષ તો વિષયાદિનું સુખની સામગ્રી તરીકે પ્રતિપાદન કરવા દ્વારા (અર્થાત્ બલવદ્દુઃખાનુ-

---
१. प्राप्ताश्च कामभोगाः कालमनन्तमिह सोपभोगाः । अपूर्वमिव मन्यते तथापि च जीवो मनसि सौख्यम् ॥

[1]'जाणिज्जइ चिंतिज्जइ जम्मजरामरणसंभवं दुःक्खं ।

ण य विसएसु विरज्जइ अहो सुबद्धो कवडगंठि ॥ [उपदेशमाला-२०४] इत्यनेन दोषमहिम्ना संसारसुखे द्वेषहेतुबलवद्दुःखानुबन्धित्वज्ञानवैकल्यमेवोक्तम् , अत एव च—

[2]'जाणेइ जह मरिज्जइ अमरंतं पि हु जरा विणासेइ ।

ण य उव्विग्गो लोगो अहो रहस्सं सुणिम्मायं ॥ [उपदेशमाला-२०५] इत्यनेनैतदेव विवृतम् ।

स्यादेतत्-तज्जातीयसुखत्वेनेच्छाया निवृत्तौ यावत्तज्जात्याश्रयाणां सुखानां स्वरूपसंसिद्धत्वमेव तन्त्रम्, मैवं, [3]"इच्छा हु आगाससमा असंखया" इत्याद्यागमप्रामाण्यबलेन जगत एवाऽनिरुद्धमनसामिच्छाविषयत्वात् तावद्विषयाणामसिद्धत्वात् , प्रोषितस्य सकलतत्कान्तावलोक-

બંધિતા ન જણાવા દેતાં સુખાનુબંધિતા જ દેખાડવા દ્વારા) પરિણામે સંસારસુખેચ્છાવિચ્છેદમાં હેતુભૂત દ્વેષની બલવદ્દુઃખાનુબંધિતા જ્ઞાનાદિ ઘટિતસામગ્રીની વિકલતાનું જ પ્રતિપાદન કરે છે, નહિ કે ભાવીસુખમાં સિદ્ધસુખવિલક્ષણતાની ઉપસ્થિતિનું...તેથી જ "જન્મ, જરા અને મરણથી ઉત્પન્ન થતાં દુઃખ તો વિષયોના કારણે પ્રવર્ત્તે છે એવું જીવ જાણે છે, વિચારે છે અને છતાં વિષયોથી વિરક્ત થતો નથી તેથી ખરેખર કપટગ્રન્થિ (મોહ) સુબદ્ધ (દૃઢ) છે." એવા શ્લોક વડે દોષના મહિમાથી સંસારસુખ અંગેના દ્વેષના હેતુભૂત બલવદ્દુઃખાનુબંધિતાજ્ઞાનની વિકલતા જ જણાવી છે. અને તેથી જ, "જીવ જે રીતે મરે છે એ, તેમજ ન મરતા જીવનો પણ ઘડપણ વિનાશ કરે છે એ, લોક જાણે છે છતાં તે ઉદ્વિગ્ન થતો નથી એ રહસ્ય ખરેખર અદ્ભુત રીતે નિર્માયેલું છે." આવા અર્થવાળા શ્લોકથી પણ એ જ વાતનું વિવરણ કર્યું છે.

**પૂર્વપક્ષ :-** ભાવી સુખની તજ્જાતીયસુખ તરીકે થતી ઇચ્છા નિવૃત્ત થવામાં તજ્જાતીય સઘળાં સુખો સ્વરૂપથી સિદ્ધ થઇ જવા એ જ હેતુભૂત છે,

**[ અનિરુદ્ધમનવાળાની ઇચ્છાના વિષયો સિદ્ધ થવા અશક્ય ]**

**ઉત્તરપક્ષ :-** 'ઇચ્છા આકાશની જેમ અંત વિનાની છે' ઇત્યાદિ આગમવચનોથી જણાય છે કે જેઓએ મનને વશ કર્યું નથી તેવા જીવોને આખું જગત્ ઇચ્છાનો વિષયભૂત હોય છે. આટલા વિષયો તો ક્યારેય સિદ્ધ થતા ન હોવાથી તમે કહ્યું એવું માનવામાં ઇચ્છાવિચ્છેદ જ અસંભવિત બની જાય ! તેમજ પ્રોષિતને પોતાની મરીગએલ પત્નીના બધા દર્શન સિદ્ધ હોવા છતાં પણ તેની ઇચ્છા પ્રવર્ત્તે છે, તેથી એવા સિદ્ધત્વને ઇચ્છાવિચ્છેદનો હેતુ મનાય નહિ.

१. ज्ञायते चिन्त्यते जन्मजरामरणसंभवं दुःखम् । न च विषयेषु विरज्यतेऽहो ! सुबद्धः कपटग्रन्थिः ॥
२. जानाति च यथा म्रियतेऽम्रियमाणमपि जरा विनाशयति । न चोद्विग्नो लोकः अहो रहस्यं सुनिर्मितम् ॥
३. इच्छा खलु आकाशसमाऽसंख्या ।

नानां स्वरूपतः सिद्धत्वेपि मृतकान्तावलोकनेच्छादर्शनाच्च । अथ सिद्धत्वनिश्चयाभावापेक्षया लाघवादसिद्धत्वज्ञानमेवेच्छाहेतुरिति सिद्धत्वज्ञाने तन्निवृत्ताविच्छानिवृत्तिरिति चेत् ? न, सामानधिकरण्येन सिद्धत्वज्ञानस्य सामानाधिकरण्येनाऽसिद्धत्वज्ञानाऽविरोधित्वात्, सामान्यतः सिद्धत्वप्रमायाश्चाऽसम्भवात् ।

इदं तु प्रतिभाति–यथा जलपानेन पिपासाकारणतृड्निवृत्तौ पिपासानिवृत्तिः, एवं स्वकारणाधीनभोगकर्मनिवृत्तावेव भोगेच्छानिवृत्तिस्तत एव च भोगद्वेषः, कथमन्यथाऽविरतसम्यग्दृशः संसारसुखे बलवद्दुःखानुबन्धित्वं प्रतिसन्दधाना अपि न ततो निवर्त्तन्ते ? नन्वेवं भोगेनैव भोगकर्मनाशात् तन्नाशार्थिनस्तत्र प्रवृत्तिर्युक्तेति चेत् ? सत्यं, यस्तस्य भोगैकनाश्यत्वं कुतोऽपि हेतोर्निश्चिनोति तस्य भोगेच्छानिवृत्तये तत्र प्रवृत्तिर्युक्तैव यथा कालदष्टस्य विषभक्षणे, यस्य तु न तथा निश्चयस्तस्य तत्र प्रवृत्तिर्विपरीतप्रयोजनेति तत्त्वम् ॥१७३॥

---

**પૂર્વપક્ષ** :– સિદ્ધત્વનિશ્ચયાભાવને ઈચ્છા પ્રત્યે હેતુ માનવા કરતાં લાઘવથી અસિદ્ધત્વજ્ઞાનને જ હેતુ માનવું યુક્ત છે, અને તેથી તે તે સુખ અંગે સિદ્ધત્વજ્ઞાન થએ છતે અસિદ્ધત્વજ્ઞાનરૂપહેતુ નિવૃત્ત થવાથી ઈચ્છા પણ નિવૃત્ત થઈ જાય છે.

**ઉત્તરપક્ષ**:– એ પણ બરાબર નથી, કારણકે તમે કયા સિદ્ધત્વજ્ઞાનની હાજરીમાં અસિદ્ધત્વ જ્ઞાનરૂપ ઈચ્છાહેતુની નિવૃત્તિ માનો છો ? યાવત્ સુખવ્યક્તિઓના એક ભાગ અંગેના સિદ્ધત્વજ્ઞાનની કે યાવત્ સુખવ્યક્તિઓ અંગેના સિદ્ધત્વજ્ઞાનની ? પહેલો વિકલ્પ માની શકાય તેમ નથી, કારણકે એવું જ્ઞાન કંઈ ઈતરભાગ અંગેના અસિદ્ધત્વજ્ઞાનનું વિરોધી નથી, બીજો વિકલ્પ પણ માની શકાય તેમ નથી કારણકે એવું તો જ્ઞાન જ અસંભવિત છે.

[ ઈચ્છાનિવૃત્તિ અંગે ગ્રન્થકારનો અભિપ્રાય ]

આ બાબતમાં આ વાત યુક્ત લાગે છે–જેમ પાણી પીવાથી પીવાની ઈચ્છાની કારણભૂત તૃષા નિવૃત્ત થવાથી એ ઇચ્છા પણ નિવૃત્ત થાય છે એમ ભોગેચ્છા પણ પોતાના કારણભૂત ભોગકર્મ કે જે પૂર્વભવાદિમાં કરેલ દાનાદિરૂપ સ્વકારણને આધીન હોય છે તે નિવૃત્ત થએ છતે જ નિવૃત્ત થાય છે, અને તે નિવૃત્તિથી જ (? પછીજ) ભોગદ્વેષ પ્રવર્તે છે. નહિતર તો અવિરતસમ્યગ્દૃષ્ટિઓ સંસાર સુખમાં બળવદ્દુઃખાનુબંધિત્વ જોતાં હોવા છતાં શા માટે એમાંથી નિવૃત્ત ન થાય ?

**શંકા**:– તો પછી ભોગથી જ ભોગકર્મનાશ થતો હોવાથી ભોગેચ્છાનો નાશ કરવાની ઇચ્છાવાળાઓએ પણ ભોગોમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

**સમાધાનઃ**– હા ! પ્રવૃત્તિ કરવી જોઇએ ! પણ કોણે ? તો કે જેઓને "પોતાના ભોગકર્મો ભોગથી જ નાશ થનાર છે, એ સિવાય નહિ", એવો કોઈપણ રીતે નિશ્ચય થઈ ગયો હોય. જેમ કે "કાલસર્પ ડસવાથી ચડેલ ઝેર, ઝેર ખાવાથી જ મરે એમ છે" એવું જાણનારને ઝેર ખાવું જ યુક્ત છે, છતાં બીજાને કંઈ તે ખાવું યુક્ત નથી, તેમ જેઓને

अपि च भोगप्रवृत्तेर्भोगनाशः सन्दिग्धः, आयुर्निर्णयस्य कर्त्तुमशक्यत्वाच्चायतौ योगप्रवृत्तिरपि सन्दिग्धा, प्रतिक्षणमविरतिप्रत्ययिककर्मबन्धश्च बलवदनिष्टसाधनं भगवद्वचनान्निर्णीतमेवेति कथमेवंविधाभिलाषो विवेकिनामुज्जृम्भेतेत्युपदिशति—

को वा जियवीसासो विज्जुलयाचंचलंमे आउंमि ।
सज्जो निरुज्जमो जइ जराभिभूओ कहं होही ॥१७४॥

(को वा जीवविश्वासो विद्युल्लताचंचल आयुषि। सज्जो निरुद्यमो यदि जराभिभूतो कथं भविष्यति भवान् ॥१७४॥)

न खलु विद्युल्लताचञ्चलस्य जीवितस्य निर्णयो नाम, शस्त्रादिना झटिति तदुपक्रमसम्भवात् । न च कालज्ञानादिशास्त्रादायुर्निर्णायायतौ प्रवर्त्तिष्यत इति वाच्यम्, ततस्तथा निर्णयाभावात्, अन्यथा प्रवृत्तिकालस्यापि ततो निर्णये शङ्कान्तरानवकाशात्, तथा निर्णये तु भोगेच्छानिवृत्तये विषयेऽपि प्रवृत्तिः कस्यचित् प्रतिपादितैव । किंच, य एवमविरतिप्रत्य-

---

એવા નિશ્ચય નથી તેઓને તો રાજમાર્ગ રૂપ ત્યાગાદિ દ્વારા પણ ભોગેચ્છા નિવૃત્ત થવી સંભવિત હોવાથી અને સામાન્ય રીતે તો ભોગોમાં થતી પ્રવૃત્તિ તો ભોગેચ્છા વધારવા મારફતે વિપરીત પ્રયોજનવાળી બની જતી હોવાથી ભોગોમાં પ્રવૃત્તિ અયુક્ત જ છે. ॥૧૭૩॥

### [ યોગ ભોગ બાદ લેવાની ઇચ્છા વિવેકીને અસંભવિત ]

વળી ભોગ પ્રવૃત્તિથી ભોગનો=ભોગેચ્છાનો નાશ થવો સંદિગ્ધ છે. બીજી બાજુ આયુષ્યનો નિર્ણય કરવો પણ શક્ય નથી. ભોગો ભોગવી ભોગેચ્છા નાશ થાય અને પછી યોગોમાં પ્રવૃત્તિ થઇ શકે એટલો કાળ જીવન ટકવાનું છે કે નહિ? એવો નિશ્ચય ન હોવાથી ભવિષ્યમાં યોગપ્રવૃત્તિ પણ સંદિગ્ધ છે. તેમજ ત્યાંસુધી વિરતિ ન સ્વીકારવામાં થતો અવિરતિનિમિત્તક કર્મબંધ બળવદનિષ્ટસાધનભૂત છે એવો શ્રી જિનેશ્વરદેવોના વચનથી નિર્ણય પણ થએલો છે, તો પછી વિવેકી જીવોને "ભોગો ભોગવીને ભોગકર્મ ખપાવ્યા બાદ યોગપ્રવૃત્તિ કરીશું" એવો અભિલાષ જ શી રીતે થાય? એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–આયુષ્ય વિદ્યુલ્લતા જેવું ચંચળ હોય ત્યારે જીવનનો ભરોસો શો? તેમજ ભોગો ભોગવ્યા પછી જો જરાભિભૂત હોવાના કારણે નિરુદ્યમ થયા હશો તો તમે યોગો માટે સજ્જ શી રીતે થશો?

### [ યોગવિલંબેચ્છુને ધર્માધિકાર નથી ]

વિદ્યુલ્લતા જેવા ચંચળ જીવિતનો નિર્ણય થઇ શકતો નથી, કારણકે શસ્ત્રાદિથી તેનો સહસા ઉપક્રમ થઈ શકે છે. "જેનાથી જીવનકાલનું જ્ઞાન વગેરે થઇ શકે એવા જ્યોતિષાદિ શાસ્ત્રોથી આયુષ્યનો નિર્ણય કરીને ભવિષ્યમાં પ્રવૃત્તિ કરી શકાશે" એવું કહેવું નહિ કારણકે એ ગ્રન્થોથી એવો નિર્ણય થઈ શકતો નથી. નહિતર તો એનાથી

यिककर्मबन्धान्न बिभेति तस्यैवेदृगभिलाषः स्यान्न तु संसारभीरोः । न च संसारभीरुतां विना धर्माधिकारो नाम, तथाभूतस्य तु "[1]समयं गोयम ! मा पमायए" [उत्तराध्ययन-दशमाध्ययने] इत्याद्युपदेशपरिकर्मितमतेः प्रतिक्षणमप्रमाद एव मतिरुदेति, तस्यां चोदितायां न प्रवृत्तिविलम्बः सम्भवी, सामग्रीसाम्राज्यात् । किं चायतौ वार्द्धक्ये तादृशकायबलाद्यभावात्कथं चारित्रे प्रवृत्तिः ? कथं च तदप्रवृत्ताविष्टसिद्धिः ? इति फलार्थिना फलोपायप्रवृत्तौ न विलम्बो विधेयः ॥१७४॥

ननु तथापि दृढसंहननाश्चारित्रे प्रवर्त्तन्तां, ये तु रोगग्रस्ता हीनकायबलाश्च ते जिनवचनं जानाना अपि तत् श्रद्दधाना अपि संसारभीरवोऽपि कथमसिधारासमाने योगमार्गे प्रवर्त्तन्ताम् ? इत्याशंकायामाह—

देहबलं जइ न दढं तह वि मणोधिइबलेण जइयव्वं ।
तिसिओ पत्ताभावे करेण किं णो जले पियइ ? ॥१७५॥

(देहबलं जइ न दढं तथापि मनोधृतिबलेन यतितव्यम् । तृषितः पात्राभावे करेण किं नो जलं पिबति ? ॥१७५॥)

જ ક્યારે પ્રવૃત્તિ કરવી એનો પણ નિર્ણય થઇ જવાથી બીજી કોઇ શંકા રહેવાને અવકાશ જ રહે નહિ. તેમ જ એ રીતે જો યોગપ્રવૃત્તિકાળનો નિર્ણય થએલો હોય તો ભોગેચ્છાનિવૃત્તિ માટે કોઇકને માટે વિષયોમાં પ્રવૃત્તિ પણ યુક્ત હોવી અમે કહી જ ગયા છીએ. વળી ખરી વાત એ છે કે જેઓ આવું કરવામાં થનાર અવિરતિનિમિત્તક કર્મબંધથી બીતા નથી તેઓને જ આવા અભખરા થાય છે, નહિ કે સંસારભીરુ જીવોને ! અને સંસારભીરુતા વિના તો ધર્માધિકાર જ હોતો નથી. તેથી તેવા અભિલાષવાળા જીવોને તો ધર્માધિકાર જ ન હોવાથી યોગોમાં પ્રવૃત્તિ ક્યારે કરવી ? એની ચિંતાથી સર્યું. વળી ધર્માધિકારી સંસારભીરુ જીવોને તો "હે ગૌતમ ! સમયમાત્રનો પણ પ્રમાદ કર નહિ !" ઇત્યાદિ ઉપદેશથી બુદ્ધિ પરિકર્મિત હોવાથી પ્રતિક્ષણ અપ્રમાદ સાધવાની જ બુદ્ધિ થાય છે જેની હાજરીમાં પ્રવૃત્તિ માટે જરૂરી સામગ્રી હાજર થઈ ગઇ હોવાથી પ્રવૃત્તિવિલંબ સંભવતો નથી. વળી ભવિષ્યમાં વૃદ્ધાવસ્થા આવે ત્યારે પ્રવૃત્તિપ્રાયોગ્ય તાદૃશકાયબળાદિનો અભાવ થવાથી ચારિત્રમાં પ્રવૃત્તિ શી રીતે થાય ? અને એ ન થાય તો ઇષ્ટસિદ્ધિ શી રીતે થાય ? તેથી મોક્ષાત્મક ફળના અર્થીએ તો એ ફળના ઉપાયભૂત ચારિત્રમાં 'ભોગો ભોગવીને પછી ચારિત્ર લઈશું' એવો વિલંબ કરવો નહિ. ॥૧૭૪॥

ચારિત્ર સત્વરે ગ્રહણ કરવા યોગ્ય હોવા છતાં પણ દૃઢ સંઘયણવાળાઓ ભલે ચારિત્રમાં પ્રવૃત્ત થાય ! પણ રોગગ્રસ્ત અને અલ્પ કાયબળવાળા જીવો જિનવચનને જાણતા હોવા છતાં, શ્રદ્ધા કરતા હોવા છતાં તેમજ સંસારભીરુ હોવા છતાં તલવારની ધાર જેવા યોગમાર્ગમાં શી રીતે પ્રવૃત્ત થાય ? એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકારશ્રી કહે છે—

1. समयं गौतम ! मा प्रमाद्येः ।

तादृशदेहबलाभावेऽपि मनोवीर्यस्फोरणे यतितव्यम् , नत्वालस्यं विधेयम् , न हि कायिकव्यापारप्रकर्ष एव चारित्रं, किन्तु शक्त्यनिगूहनप्रयुक्तो योगानां स्थिरो भावस्तत् । अत एवाऽशक्तानां कपटराहित्येन किंचित्प्रतीपसेवनेऽपि भगवदाज्ञाऽविराधना । तदुक्तं—

[1]जो हुज्ज उ असमत्थो रोगेण व पिल्लिओ झरियदेहो ।
सव्वमवि जहाभणियं कयावि ण तरिज्ज काउं जे ॥ [उप० माला ३८३]
[2]सो वि य नियपरक्कमववसायधिइबलं अगूहंतो ।
मुत्तूण कूडचरियं जई जयंतो अवस्स जइ ॥ त्ति । [उप०माला ३८४]

मनोधृतिबलेन च कायवाक्प्रवृत्तिरपि काचिद् भवत्येव यया त्रिकरणशुद्धिराधीयते, केवलं विचित्रतपोऽभिग्रहादिकं कर्त्तुमशक्नुवतोऽपि तस्य कायव्रतयतनया न हानिः, शक्त्यनिगूहनात् । उक्तं च—

## [ હીનસંઘયણીને પણ ચારિત્ર અસંભવિત નથી ]

**ગાથાર્થ** :–જો કાયાનું બળ કદાચ દૃઢ ન હોય તો પણ મનના ધૃતિબળથી ચારિત્રમાં પ્રયત્ન કરવો જોઈએ. તૃષાતુર માણસ પ્યાલો ન હોય ત્યારે શું હાથથી પાણી ન પીએ ?

કાયાનું તેવું વિશિષ્ટ બળ ન હોય તો પણ મનોવીર્ય ફોરવવામાં પ્રયત્નશીલ રહેવું, આળસ કરવી નહિ. કારણકે કાયાની પ્રવૃત્તિનો પ્રકર્ષ જ ચારિત્ર છે એવું નથી, કિન્તુ શક્તિને ન ગોપવવાથી થએલ યોગોની સ્થિરતા જ ચારિત્ર છે. તેથી જ અશક્ત જીવોને કપટ રહિતપણે કંઇક પ્રતીપ સેવન (=વિપરીત આચરણ, અતિચાર સેવન) કરવા છતાં ભગવાન્‌ની આજ્ઞાની વિરાધના થતી નથી. કહ્યું છે કે "જે શરીરના નબળા બાંધાના કારણે અસમર્થ હોય અથવા રોગપીડિત હોવાથી જર્જરિત દેહવાળો હોય તેમજ જે ક્યારેય પણ, કંઇ પણ, જેવું કહ્યું હોય તેવું કરવા સમર્થ ન હોય તે પણ ફૂટ ચારિત્ર (=કપટાચરણ)ને છોડીને પોતાના પરાક્રમ (=સંઘયણ બળ આદિ)ના વ્યવસાય (=ચેષ્ટા) અને મનોબળને ગોપવ્યા વગર જો પ્રવર્ત્તે તો અવશ્ય સાધુ છે." વળી મનોધૃતિબળથી કોઇક કાયપ્રવૃત્તિ અને વચનપ્રવૃત્તિ પણ થાય જ છે જેનાથી ત્રિકરણની શુદ્ધિ સંપન્ન થાય છે. ફક્ત વિચિત્રતપ–અભિગ્રહાદિ ન કરવા છતાં ષટ્કાય જીવોની અને વ્રતોની યતના હોવાથી શક્તિ–અનિગૂહન જળવાઇ રહેવાના કારણે ચારિત્રહાનિ થતી નથી કહ્યું છે કે "જો અશક્ય એવા પ્રતિમાવહનાદિ તપ વગેરેને તું કરી શકતો નથી તો પોતાને સ્વાધીન અને યતિઓને યોગ્ય એવી સમિતિવગેરેમાં યથાશક્તિ પ્રવૃત્યાદિ રૂપ આ સંયમયતના શા માટે કરતો નથી ?"

१. यो भवेत्त्वसमर्थो रोगेण वा प्रेरितो जीर्णदेहः । सर्वमपि यथाभणितं कदापि न तरेत् कर्त्तुं यः ॥
२. सोऽपि च निजकपराक्रमव्यवसायधृतिबलमगूहयन् । मुक्त्वा कूटचरितं यदि यततेऽवश्यं यतिः ॥

[1]जइ ता असक्कणिज्जं ण तरसि काऊण तो इमं कीस ।
अप्पायत्तं न कुणसि संजमजयणं जईजोग्गं ॥ ति [उप०माला ३४४]

ननु तर्हि धृतिबलेन विचित्राभिग्रहादिकमपि न दुष्करम्, दृश्यन्ते हि धृतिबलेन कायमपि त्यजन्तो महासाहसिका इति चेत्? न, धृतिबलसाध्येऽपि विचित्राभिग्रहादौ व्रतार्जनक्षमयोगहानिरूपबलवदनिष्टानुबन्धित्वप्रतिसन्धानेन तत्राऽप्रवृत्तेः । अत एवोक्तं—

[2]मा कुणउ जइ तिगिच्छं अहियासेऊण जइ तरइ सम्मं । अहियासंतस्स पुणो जइ से जोगा ण हायं ति ॥ त्ति । [उप०माला ३४६]

नन्वेवं तपसि कस्यापि प्रवृत्तिर्न स्यात्, तत्र नियमतो दुःखानुबन्धित्वज्ञानादिति चेत्? न, व्याधिचिकित्सारूपे तपस्यायतिसुखानुबन्धित्वस्यैव ज्ञानात् । न च दुःखजनकत्वज्ञानेन तत्र द्वेषः, बलवत्सुखाननुबन्धिदुःखजनकत्वज्ञानस्यैव द्वेषजनकत्वात्, अन्यथा समुच्छिन्ना योगमार्गव्यवस्था । तथाऽऽर्त्तध्यानजनके ध्रुवयोगहानिजनके च तत्र प्रवृत्तिर्नास्त्येव, शुभ-

**શંકા** :–એ રીતે તો કાયબળ કૃશ હોવા છતાં મનોધૃતિબળથી વિચિત્ર અભિગ્રહાદિ પણ દુષ્કર નથી. કારણકે મહાસાહસિક જીવો ધૃતિબળથી કાયાનો ત્યાગ કરતાં પણ દેખાય જ છે.

**સમાધાન** :–ધૃતિબળથી સાધ્ય એવા પણ વિચિત્ર અભિગ્રહાદિ વિશે વ્રતપાલનને સમર્થ યોગોની હાનિરૂપ બળવદનિષ્ટનું અનુબંધિત્વ દેખાવાથી પ્રવૃત્તિ થતી નથી. તેથી જ કહ્યું છે કે "વિશેષ વ્યાકુળતા વિના જો રોગાદિને સહન કરવા સમર્થ હોય તો, તેમજ એને સહન કરતાં પડિલેહણાદિ રૂપ બીજા યોગો સીદાતા ન હોય તો સાધુ રોગની ચિકિત્સા ભલે ન કરાવે, (કારણ કે રોગ સહન કરવો એ પરીષહજયરૂપ હોવાથી વિપુલકર્મનિર્જરાનું કારણ છે.)"

**શંકા** :–તો પછી 'આનાથી ભૂખાદિનું દુઃખ પ્રવર્ત્તશે' એવું દુઃખાનુબંધિતાનું જ્ઞાન થતું હોવાથી તપમાં કોઇ પ્રવૃત્તિ જ કરશે નહિ.

## [ભાવિસુખાનુબંધિતાજ્ઞાન તપમાં પ્રવર્ત્તક]

**સમાધાન** :–વ્યાધિની ચિકિત્સા વગેરેમાં કડવી દવા પીવી પડે વગેરે રૂપ તત્કાલીન દુઃખાનુબંધિતાનું જ્ઞાન હોવા છતાં ભાવિકાલીન આરોગ્યસુખાનુબંધિતાનું જ્ઞાન થવાથી જેમ પ્રવૃત્તિ થાય છે, તેમ તપમાં તત્કાલીન અલ્પ દુઃખની કારણતા દેખાતી હોવા છતાં ભાવિસુખાનુબંધિતાનું જ્ઞાન થતું હોવાથી પ્રવૃત્તિ થશે જ. "છતાં તત્કાલીન દુઃખાનુબંધિતાના જ્ઞાનથી તપ વિષે દ્વેષ તો પ્રવર્ત્તશે જ" એવું કથન પણ બરાબર નથી કારણ કે, 'આ અધિક સુખ દેનાર નથી' એવા જ્ઞાનની સાથે થતું દુઃખજનકત્વજ્ઞાન જ દ્વેષોત્પાદક છે જે અહીં હાજર નથી. નહિતર તો યોગમાર્ગવ્યવસ્થા જ લોપાઇ જાય. કારણ કે તત્કાલીન દુઃખજનકતાનું જ્ઞાન તો તેને વિશે પણ હોવાથી દ્વેષ પ્રવર્ત્યો

१. यदि तावदशकनीयं न तरसि कर्त्तुं तत इमां किम्? आत्मायत्तां न करोषि संयमयतनां यतियोग्याम् ॥
१. मा करोतु यदि चिकित्सामतिसोढुं यदि तरति सम्यक् । अतिसहमानस्य पुनर्यदि तस्य योगा न हीयन्ते ॥

ध्यानध्रुवयोगानुकूल्येनैव तदुपदेशात्, तदुक्तं–

[1]जह जह खमइ शरीरं धुवजोगा जह जहा न हायंति ।

कम्मक्खओ अ विउलो विवित्तया इंदियदमो य ॥ त्ति [उप०माला ३४३] १७५॥

ये तु बलकालशोचनयैवालस्योपहताः शक्ता अपि चारित्रं नाद्रियन्ते ते प्रान्ते जरामरणभयभीतास्तन्निवृत्त्युपायाऽप्रवृत्त्या प्रार्थनामात्रेण प्रार्थितं सुखमप्राप्नुवन्तो बाढमात्मानं शोचन्ति, ततश्चार्त्तध्यानोपहता एव बालमरणेन म्रियन्त इत्युपदिशति—

**बलकालसोयणाए अलसा चिट्ठंति जे अकयपुण्णा ।**
**ते पत्थिता वि लहुं सोइंति सुहं अपावंता ॥१७६॥**

(बलकालशोचनयाऽलसास्तिष्ठन्ति येऽकृतपुण्याः । ते प्रार्थयन्तोऽपि लघु शोचन्ति सुखमप्राप्नुवन्तः ॥१७६॥)

**जह णाम कोइ पुरिसो न धणट्ठा निद्धणो वि उज्जमइ ।**
**मोहाइपत्थणाए सो पुण सोए ति अप्पाणं ॥१७७॥**

(यथानाम कश्चित्पुरुषो न धनार्थं निर्धनोऽप्युद्यच्छति । मोघया प्रार्थनया स पुनः शोचत्यात्मानम् ॥१७७॥)

---

જ કરે. આમ છતાં જે તપથી આર્ત્તધ્યાન થાય કે આવશ્યકાદિ ધ્રુવયોગોની હાનિ થાય તેમાં તો પ્રવૃત્તિ વિહિત છે જ નહિ, કારણ કે શુભધ્યાન અને ધ્રુવયોગને અનુકૂલ રહીને જ તપ કરવાનું કહ્યું છે. 'જે જે તપને શરીર સહી શકે એમ હોય, તેમજ જે જે તપ કરવાથી પડિલેહણાદિ નિત્યકર્મ ઘવાય નહિ, વિપુલકર્મક્ષય થાય, પોતે દેહથી જુદો છે એવી પાર્થક્ય ભાવના થાય, તેમજ ઇન્દ્રિયોનું દમન થાય" તે જ તપ કરવો. ॥ ૧૭૫ ॥

## [ હીનસંઘયણાદિના રોદણાં રોનારા અંતે પસ્તાય ]

કિન્તુ જેઓ 'આપણું સંઘયણબળ હીન છે' કે 'આ તો પડતો કાળ છે' ઇત્યાદિનાં જ રોદણાં રડયા કરીને આળસુ બની શક્તિમાન્ હોવા છતાં ચારિત્રને આદરતા નથી. તેઓ અંતે વૃદ્ધાવસ્થા અને મરણથી ભય પામે છે. ભયભીત થયેલા તેઓ અજરા-મરપણાદિના પ્રાર્થિતસુખને, તેની પ્રાર્થના કરતા હોવા છતાં, એ પ્રાર્થના માત્રથી એ મેળવી શકતા નથી. કારણ કે જરા-મરણ નિવૃત્તિના ઉપાયભૂતચારિત્રમાં પ્રવૃત્તિ કરી હોતી નથી. તેથી જાતને જ અત્યંત ધિક્કારે છે. તેમજ આર્ત્તધ્યાનથી હણાયેલા તેઓ બાળમરણથી મૃત્યુ પામે છે' એવી ચેતવણી સાથે ગ્રંથકારશ્રી ઉપદેશ દે છે—

**ગાથાર્થ :–** પુણ્યને ન કરનાર જેઓ બાળ-કાળના શોકથી આળસુ રહે છે. તેઓ પ્રાર્થના કરવા છતાં સુખને ન મેળવવાથી શોક કર્યા કરે છે. જેમ કે નિર્ધન એવો પણ જે કોઇ પુરુષ ધન માટે ઉદ્યમ કરતો નથી તે ધનની નિષ્ફળપ્રાર્થનાથી પોતાને જ દુઃખી કરે છે.

---

૧. यथा यथा क्षमते शरीरं ध्रुवयोगा यथा यथा न हीयन्ते । कर्मक्षयश्च विपुलः विविक्तता इन्द्रियदमश्च ॥

ये खलु बलकालशोचनयैव धर्मं नाहतवन्तो न ते मरणभयभीताः प्रार्थनामात्रेण वाञ्छितसुखमाप्नुवन्ति, न हि निर्धनः पुमाननुद्यच्छन् धनेच्छामात्रेण धनं लभते, न खलूपेयेच्छामात्रेणोपेयलाभः, अपि तु तया तदुपायेच्छा, ततस्तत्र प्रवृत्ति, ततश्च तल्लाभ इति । ननु स्वप्रार्थनामात्रस्याऽकिञ्चित्करत्वेऽपि भगवत्प्रार्थनयैवेष्टसिद्धिर्भविष्यतीति चेत् ? न, क्षीणरागद्वेषाणां भगवतां निश्चयतः प्रार्थितसुखाऽदायकत्वात्तदुपदिष्टरत्नत्रयाराधनयैव मोक्षप्राप्तौ, ततस्तत्प्राप्तिव्यवहारात् । अत एव [1]"आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु" इतीयमसत्यामृषाभाषा । उक्तं च—

[2]भासा असच्चमोसा णवरं भत्तीइ भासिया एसा ।
ण हु खीणपेमदोसा दिंति समाहिं च बोहिं च ॥ [आ० नि०–११०६]
[3]जं तेहिं दायव्वं तं दिन्नं जिणवरेहिं सव्वेहिं ।
दंसणनाणचरित्तस्स मोक्खमग्गस्स उवएसो ॥ त्ति । [आ०नि०–११०७]

नन्वेवं संयमेऽप्युद्यच्छतां तादृशप्रार्थनाऽकिञ्चित्करीति चेत् ? न, वन्दनादिकारिणामपि वन्दनादिप्रत्ययिककायोत्सर्गाभिलाषवत् तदभिलाषस्य तदभिवृद्धितत्प्रत्ययिकनिर्जराहेतुत्वात् । 'अनुद्यच्छतोऽपि ततस्तल्लाभ' इति चेत् ? न, तस्य भगवदुपदिष्टकारणाराधनपर्यवसन्नदाना-

જેઓએ બળ–કાળનાં રોદણાં રોઈને જ ધર્મ આદર્યો નથી, મરણના ભયથી બીધેલા તેઓ કંઇ પ્રાર્થનામાત્રથી વાંછિતસુખને મેળવતા નથી. અનુદ્યમી નિર્ધન કંઇ ધનેચ્છા માત્રથી ધનને મેળવતો નથી. કારણ કે ઈચ્છામાત્રથી ઉપેયનો લાભ થતો નથી. કિન્તુ ઉપેયેચ્છાથી ઉપાયેચ્છા પ્રવર્ત્તવા દ્વારા ઉપાયમાં થતી પ્રવૃત્તિથી થાય છે.

**શંકા** :– પોતાની કેવળપ્રાર્થના આકિંચિત્કર હોવા છતાં ભગવત્પ્રાર્થનાથી જ ઇષ્ટસિદ્ધિ સંભવિત હોવાથી ચારિત્રાદિમાં પ્રવૃત્તિની જરૂર નથી.

## [ વીતરાગ પ્રાર્થિતસુખદેનારા નથી–નિશ્ચયનય ]

**સમાધાન** :–જેઓના રાગદ્વેષ ક્ષીણ થઈ ગયા છે તેવા ભગવંતો નિશ્ચયથી તો પ્રાર્થિતસુખના દાતા બનતા જ નથી. અને છતાં પણ તેઓથી ઉપદિષ્ટ રત્નત્રયની આરાધનાથી જ મોક્ષપ્રાપ્તિ થતી હોવાના કારણે વ્યવહારથી ભગવાને મોક્ષપ્રાપ્તિ કરાવી એવું કહેવાય છે. તેથી ચારિત્રમાં પ્રવૃત્તિ તો કરવી જ પડે છે. તેથી જ ભગવાન્ મને "ઉત્તમ એવા આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠસમાધિ આપો" એવું જે કહેવાય છે તે અસત્યઅમૃષા નામની (વ્યવહાર) ભાષા છે. કહ્યું છે કે "કિન્તુ ભક્તિથી બોલાયેલી આ ભાષા અસત્યામૃષા છે કારણ કે ક્ષીણરાગદ્વેષી ભગવંતો સમાધિ અને બોધિને આપતા નથી. વળી તેઓએ છે. આપવા જેવું હતું. દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ–તે તો સર્વજિનેશ્વરોએ આપી જ દીધું છે."

१. चतुर्विंशत्यावश्यके गाथा-६. अस्य पूर्वार्धः–कित्तिय वंदियमहिया जेए लोगस्स उत्तमा सिद्धा ।
२. भाषाऽसत्यमृषा नवरं भक्त्या भाषितैषा । न खलु क्षीणप्रेमद्वेषाः ददति समाधिं च बोधिं च ॥
३. यत्तैर्दातव्यं तद्दत्तं जिनवरैः सर्वैः । दर्शनज्ञानचारित्रस्यैष त्रिविधस्योपदेशः ॥

र्थाऽसम्भवेन तद्भाषाया अतथात्वात् । तदुक्तं—

लद्धिल्लियं च बोहिं अकरिंतोऽणागयं च पत्थिंतो ।

अन्नं दाइं बोहिं लब्भसि कयरेण मुल्लेणं ॥ [उप०माला०–२९२]त्ति । ननु तथापि मोक्षेच्छादिरूपप्रवृत्तिसामग्र्यां सत्यां कर्मदोषादेव न प्रवृत्तिरिति चेत् ? न, कर्मदोषस्याऽनिर्णयात्, अविवेकादप्रवृत्तेः, तन्निरासायोपदेशादित्युक्तप्रायम् ॥१७७॥

---

**શંકા :–** પણ આવું માનવામાં તો એ ઉપદેશ સ્વીકારીને સંયમમાં ઉદ્યમ કરતા મહાત્માઓને એવી પ્રાર્થના અકિંચિત્કર થઇ જવાની આપત્તિ આવશે.

**[ અપ્રમત્તની પ્રાર્થના સફળ, આળસુની નિષ્ફળ ]**

**સમાધાન :–**એવી આપત્તિ છે નહિ કારણ કે જેઓએ શ્રી જિનચૈત્યના વંદનાદિ કરી દીધા છે તેઓને પણ અન્યકૃત વંદનાદિના અનુમોદનાદિ નિમિત્તે કાયોત્સર્ગની થતી અભિલાષા અકિંચિત્કર નથી, તેમ આ પ્રાર્થના પણ અકિંચિત્કર નથી કારણ કે બોધિલાભાદિની પ્રાર્થના બોધિલાભાદિની અભિવૃદ્ધિના (=નિર્મળતાદિના) તેમજ તેનાથી થતી કર્મનિર્જરાના હેતુભૂત છે જ.

**શંકા :–**આવું માનવામાં તો ચારિત્રમાં ઉદ્યમ ન કરનારને પણ તેવી પ્રાર્થનાથી જ નિર્જરાદિનો લાભ થઈ જવાનું માનવું પડશે.

**સમાધાન :–** એવું માનવું પડે તેમ નથી, કારણ કે એ પ્રાર્થનામાં ભગવદુપદિષ્ટ રત્નત્રયાત્મક કારણની આરાધના એ જ ભગવાને પ્રાર્થકને આપવા યોગ્ય દાન છે. 'દિન્તુ' શબ્દમાં રહેલ દાનનો આવો અર્થ તેવા જીવને (રત્નત્રયારાધના વિના પ્રાર્થના માત્રથી જ નિર્જરા લાભ ઇચ્છનારને) સંભવતો ન હોવાના કારણે તેની ભાષા અસત્યામૃષા ન થવાથી નિર્જરાદિફળનો લાભ કરાવતી નથી. કહ્યું છે કે "વર્ત્તમાનમાં પ્રાપ્ત થયેલ બોધિ=જિનધર્મને તપ આદિના અનુષ્ઠાનથી સફળ ન કરતો અને ભવિષ્યમાં પુનઃ તેની પ્રાપ્તિ થાય એવી પ્રાર્થના કરતો હે જીવ! તું તે અન્યબોધિ કયા મૂલ્યથી મેળવશે ?

**શંકા :–** છતાં પણ ચારિત્રપ્રવૃત્તિની મોક્ષેચ્છાદિરૂપ સામગ્રીની હાજરીમાં પણ કર્મદોષના કારણે જ એવા જીવોની પ્રવૃત્તિ હોતી નથી, નહિ કે આળસના કારણે...

**[ ચારિત્રની અપ્રવૃત્તિમાં માત્ર કર્મો જ કારણ નથી ]**

**સમાધાન :–** એવું નથી કારણ કે પ્રવૃત્તિ ન થવામાં કર્મદોષ જ કારણ છે એવો કોઇ નિર્ણય થઈ શકતો નથી. હેય–ઉપાદેયાદિનો વિવેક ન હોવાના કારણે પણ ચારિત્રમાં અપ્રવૃત્તિ હોય છે. એ અવિવેકને દૂર કરવા જ તો ભગવંતોનો ઉપદેશ હોય છે ઈત્યાદિ આગળ કહી ગયા છીએ. ॥૧૭૬–૧૭૭॥

---

१. लब्धां च बोधिमकुर्वन्ननागतां च प्रार्थयन् । अन्यां तकां बोधिं लप्स्यसे कतरेण मूल्येन ? ॥

ननु तथापि दुष्कृतगर्हामात्रेणैव मिथ्यादुष्कृतादिदानात् पापनिवृत्तिर्भविष्यतीत्याशङ्कायामाह—

जो पावं गरहंतो तं चेव निसेवए पुणो पावं ।
तस्स गरहावि मिच्छा अतहक्कारो हि मिच्छत्तं ॥१७८॥

(यः पापं गर्हंस्तच्चैव निसेवते पुनः पापम् । तस्य गर्हापि मिथ्याऽतथाकारो हि मिथ्यात्वम् ॥१७८॥)

संयमविषयायां हि प्रवृत्तौ वितथासेवनायां मिथ्यादुष्कृतदानप्रसूता गर्हा दोषापनयनायालम् न तूपेत्यकरणगोचरायां, नाप्यसत्करणगोचरायाम् । उक्तं च—

[1]संजमजोगे अब्भुट्ठियस्स जं किंचि वितहमायरियं ।
मिच्छा एयंति वियाणिऊण मिच्छंति कायव्वं ॥ [आ०वि०–६८१] ति । अत एव प्रतिक्रमणीयपापकर्माऽकरणमेवोत्सर्गतः प्रतिक्रमणमुक्तं—

છતાં પણ દુષ્કૃતગર્હામાત્રથી 'મિચ્છામિદુક્કડમ્' દેવાથી પાપ નિવૃત્તિ થઈ જશે. ચારિત્રની શી જરૂર છે? એવી શંકાને મનમાં રાખીને ગ્રંથકારશ્રી કહે છે—

[ પુનઃ પુનઃ પાપ સેવનારની ગર્હા મિથ્યા ]

**ગાથાર્થ** :–પાપની ગર્હા કરતો પણ જે જીવ એજ પાપને પુનઃ સેવે છે તેની ગર્હા પણ મિથ્યા=ખોટી છે કારણ કે ગર્હારૂપ જેવું બોલીએ છીએ તેવું ન કરવા રૂપ અતથાકાર જ મિથ્યાત્વ=ખોટાપણું છે.

મિચ્છામિદુક્કડમ્ દેવાથી ઉત્પન્ન થયેલ ગર્હા સંયમ વિષયક પ્રવૃત્તિ કરતાં થઈ ગયેલ વિપરીત આસેવનથી બંધાયેલ કર્મરૂપ દોષને દૂર કરવામાં સમર્થ છે, પણ સામે ચાલીને કરેલા વિપરીત આસેવનથી થયેલ દોષને દૂર કરવામાં કે અસત્ યોગોને જ પ્રવર્ત્તાવતાં થએલ દોષને દૂર કરવામાં સમર્થ ન થાય. કહ્યું છે કે 'સંયમયોગ અંગે ઉદ્યત થયેલાઓ તે ઉદ્યમ કરતાં જે કંઇ વિપરીત આચરણ થઈ ગયું હોય તેને અંગે 'આ મિથ્યા છે' એવું જાણીને મિચ્છામિદુક્કડમ્ કરવું જોઇએ." તેથી જ, પ્રતિક્રમણીયપાપને પુનઃ ન કરવું એજ ઉત્સર્ગથી તો પ્રતિક્રમણ છે એમ કહ્યું છે. "જો કે પાપ કરીને પણ અવશ્ય એનું પ્રતિક્રમણ તો કરવાનું જ છે, તો પછી એ પુનઃ કરવું ન જોઈએ. તો જ સાચું પ્રતિક્રમણ થાય."

**શંકા** :–આ રીતે તો દેશવિરતાદિને પ્રતિક્રમણાદિ માની શકાશે નહિ, કારણ કે તેઓને તો અવશ્ય પુનઃ ષટ્કાયવિરાધના હોય જ છે.

[ શ્રાવકાદિ મર્યાદામાં રહ્યા હોવાથી ગર્હા સફળ ]

**સમાધાન** :–એ વાત બરાબર નથી કારણ કે 'મિથ્યા મે દુષ્કૃતમ્'માં "મર્યાદામાં રહેવું" એવો 'મે' પદનો અર્થ તેઓને પણ અબાધિત જ હોય છે. અંદરથી દુષ્ટ જે જીવ મર્યાદામાં રહ્યા વગર જ મિચ્છામિદુક્કડમ્ આપે છે તેનું તે મિચ્છામિ દુક્કડમ્ પ્રત્યક્ષ મૃષાવાદાદિરૂપ હોવાના કારણે પોતાના દોષાપનયનરૂપ ફળ વિનાનું હોય છે.

१. संयमयोगेऽभ्युत्थितस्य यत्किंचिद् वितथमाचरितम् । मिथ्या एतदिति विज्ञाय मिथ्येति कर्त्तव्यम् ॥

[1]जइवि पडिक्कमियव्वं अवस्स काऊण पावयं कम्मं ।

तं चेव ण कायव्वं तो होइ पए पडिक्कंतो ॥ [आ०नि०–६८३] त्ति । नन्वेवं देशविरतस्य प्रतिक्रमणादिकं न स्यादिति चेत् ? न, 'मे'पदार्थस्य मर्यादावस्थानरूपस्य तत्राप्यबाघात् । यस्तु दुष्टान्तरात्मा मर्यादायामनवस्थित एव मिथ्यादुष्कृतं प्रयच्छति तस्यैव प्रत्यक्षमृषावादादिना तत्फलशून्यत्वात् । उक्तं च–

[2]जं दुक्कडं ति मिच्छा तं चेव निसेवए पुणो पावं ।

पच्चक्खमुसावाई मायानियडीपसंगो य ॥ त्ति । [आ०नि०–६८५] यस्तु भूयस्तत्कारणमपूरयन्नैव मिथ्यादुष्कृतं दत्ते तस्यैव तत्फलवत् । तदुक्तम्–

[3]जं दुक्कडं ति मिच्छा तं भुज्जो कारणं अपूरंतो ।

तिविहेण पडिक्कंतो तस्स खलु दुक्कडं मिच्छा ॥ त्ति । [आ०नि० ६८४]

नन्वतीतस्यैव पापस्य गर्हा नत्वनागतस्य, तथाचानागतकाले तदासेवनायामपि नातीतपापनिवर्त्तकस्य मिथ्यादुष्कृतदानस्य निष्फलत्वमिति चेत् ? न, न हि द्रव्यमिथ्यादुष्कृतदानमेव फलवदपि तु भावमिथ्यादुष्कृतदानं, न च तादृशं मर्यादानवस्थितानां पुंसां भवति, तत्र तदक्षरार्थायोगात् । तथाहि– 'मि' इत्ययं वर्णः कायभावनम्रतारूपमृदुत्वमार्दवार्थः, 'छ' त्ति

કહ્યું છે કે "જે પાપને અંગે 'આ દુષ્કૃત છે તેથી મિથ્યા થાઓ' એવું કથન કર્યું છે તે પાપ ને જ જે પુનઃ સેવે છે તે પ્રત્યક્ષમૃષાવાદી છે તેમજ તેને માયાનિકૃતિપ્રસંગ લાગે છે." કિન્તુ જે, તે પાપ પુનઃ ન થઈ જાય એ માટે પાપના કારણોથી જ દૂર રહેતો મિચ્છામિદુક્કડમ્ દે છે તેનું તે સફળ હોય છે. કહ્યું છે કે "જે પાપને અંગે 'આ દુષ્કૃત છે તેથી મિથ્યા થાઓ' એવું કથન કર્યું છે તેની કારણસામગ્રીને પુનઃ ભેગી ન કરનારો જે જીવ ત્રિવિધે પ્રતિક્રમણ કરે છે તેનું દુષ્કૃત મિથ્યા થાય છે.'

**શંકા** :– ગર્હા અતીત પાપની જ હોય છે, અનાગત પાપની નહિ અને તેથી અતીતપાપનિવર્ત્તક મિથ્યાદુષ્કૃતદાન વડે તે પાપ નિવૃત્ત કરી દીધા પછી અનાગતકાળમાં પુનઃ તે પાપ કરવા છતાં નિવૃત્ત થયેલ પૂર્વ પાપકર્મ કંઈ પાછું ચોંટી જતું નથી કે જેના કારણે એ 'મિચ્છામિદુક્કડમ્' નિષ્ફળ થઈ જાય !

**સમાધાન** :–ખાલી મોઢેથી બોલવા વગેરે રૂપ દ્રવ્યથી મિચ્છામિદુક્કડમ્ કંઈ પોતાનું કર્માપનયન રૂપ કાર્ય કરતું નથી, કિન્તુ ભાવથી મિચ્છામિદુક્કડમ્ એ જ તેવા કાર્યરૂપ ફળવાળું હોય છે ભવિષ્યમાં પુનઃ એ પાપ કરવાવાળા હોવાને કારણે મર્યાદામાં અનવસ્થિત તે જીવોને તો મિચ્છામિદુક્કડમનો અક્ષરાર્થ ઘટતો ન હોવાથી એ ભાવમિચ્છામિદુક્કડમ્ જ હોતું નથી, તો એ દેતી વખતે પાપકર્મ નિવૃત્ત જ શી રીતે થાય ?

१. यदि च प्रतिक्रान्तव्यमवश्यं कृत्वा पापकं कर्म । तदेव न कर्त्तव्यं ततो भवति पदप्रतिक्रान्तः ॥
२. यद्दुष्कृतमिति मिथ्या तच्चैव निषेवते पुनः पापम् । प्रत्यक्षमृषावादी मायानिकृतिप्रसङ्गश्च ॥
३. यद्दुष्कृतमिति मिथ्या तद्भूयः कारणमपूरयन् । त्रिविधेन प्रतिक्रान्तस्तस्य खलु दुष्कृतं मिथ्या ॥

असंयमदोषच्छादनार्थः, 'मि' इत्ययं चारित्ररूपमर्यादार्थः, 'दु' इत्ययं जुगुप्सामि दुष्कृतकर्मकारिणमात्मानमित्यर्थे, 'क्क' त्ति कृतं मया पापमित्येवमभ्युपगमार्थे 'ड' इति च डेवेमि =लङ्घयामि तदुपशमेनेत्यर्थे । तदुक्तं—

[1]'मित्ति मिउमद्दवत्थे छत्ति अ दोसाण छायणे होइ ।
मित्ति अ मेराइठिओ दुत्ति दुगुंछामि अप्पाणं ॥१॥
[2]कत्ति कडं मे पावं डत्ति अ डेवेमि तं उवसमेणं ।
एसो मिच्छादुक्कडपयक्खरत्थो समासेणं ॥२॥ [आ०नि० ६८६-६८७] ति ।

नचायमर्थो निर्मर्यादानां सम्भवतीति तेषां निष्फलमेव तद् । अव्युत्पन्नानां तु प्रतिक्रमणादिकं व्युत्पन्नपारतन्त्र्येण धर्मपथप्रवेशमात्रेण च फलवदिति ध्येयम् ।

ननु पदवाक्ययोरेवार्थदर्शनात् कथमक्षराणां प्रत्येकमुक्तार्थता ? इति चेत् ? वाक्यैकदेशत्वात्पदस्येव पदैकदेशत्वाद्वर्णानामप्यर्थवत्ता, प्रत्येकमभावे समुदायेऽपि तदभावात्, सिकता

### [ મિચ્છામિદુક્કડમ્‌નો અક્ષરાર્થ ]

'મિચ્છામિદુક્કડમ્' નો અક્ષરાર્થ આવો છે. મિ=કાયા અને ભાવની નમ્રતા રૂપ મૃદુત્વ-માર્દવ. ચ્છા=અસંયમ દોષનું છાદન, મિ=ચારિત્રરૂપ મર્યાદા. દુ=દુષ્કૃત કરનારા મારા આત્માની હું જુગુપ્સા કરું છું; 'ક્ક'='મારા વડે પાપ કરાયું છે' એવો સ્વીકાર. ડં=ડેવેમિ=પાપને ઉપશમ કરવા વડે દૂર કરૂં છું. કહ્યું છે કે "મિ=મૃદુમાર્દવાર્થમાં, ચ્છા–દોષોના છાદનાર્થમાં, મિ–મે=મર્યાદા અર્થમાં રહેલ છે. દુ=આત્માની જુગુપ્સા કરૂં છું. ક=મારાથી આ પાપ કરાયું એની કબુલાત. ડ=તે પાપને ઉપશમથી દૂર કરું છું. મિચ્છામિદુક્કડમ્ શબ્દનો આ સંક્ષેપાર્થ છે." મર્યાદા વિનાના જીવોને આવો અર્થ સંભવતો ન હોવાથી તેઓનું મિચ્છામિદુક્કડમ નિષ્ફળ હોય છે. અવ્યુત્પન્ન જીવોને આવો અર્થ ખબર ન હોવાથી સ્વતઃ ભાવમિચ્છામિદુક્કડમ અને તેનું ફળ સંભવતું ન હોવા છતાં વ્યુત્પન્નને પરતંત્ર રહીને કરાતું હોવાને કારણે તેમજ તેનાથી ધર્મમાર્ગમાં પ્રવેશ ( આગળ પ્રગતિ નહિ ) થતો હોવાને કારણે એટલા અંશથી જ પ્રતિક્રમણ સફળ બને છે એ ધ્યાનમાં રાખવું.

શંકા :–સામાન્યથી પદ કે વાકયોનો જ અર્થ હોવો. જણાય છે તો પછી તે તે પ્રત્યેક અક્ષરોનો તમે કહી ગયા એવો અર્થ શી રીતે હોય ?

### [ અક્ષરો પણ અર્થવાળા હોય છે ]

સમાધાન :–જેમ વાકયના એકદેશભૂત હોવાથી 'પદ' અર્થવાળું હોય છે. તેમ પદના એકદેશભૂત હોવાથી અક્ષર પણ અર્થવાળો હોય છે. નહિતર તો જેમ રેતીના

१. 'मि' इति मृदुमार्दवत्वे 'छ' इति च दोषस्य छादने भवति । 'मि' इति च मर्यादायां स्थितो 'ड' इति जुगुप्साम्यात्मानम् ॥

२. क इति कृतं मया पापं ड इति लङ्घयामि तदुपशमेन । एवं मिथ्यादुष्कृतपदाक्षरार्थः समासेन ॥

समुदाये तैलाभाववदिति सम्प्रदायः । नन्वेवं पुद्गलस्कन्धरूपवर्णैकदेशानामप्यर्थवत्त्वापत्तिः । किञ्चैवं राम इत्यादौ रकारादीनामप्यर्थवत्त्वेन धातुविभक्तिवाक्यभिन्नत्वेन च नामत्वात्तदुत्तरं स्याद्युत्पत्तिप्रसङ्गः, न चार्थवत्पदं शक्त्याऽर्थवत्परं, आधुनिकसङ्केतितेभ्योऽपि चैत्रादिपदेभ्यः स्याद्युत्पत्तिदर्शनादिति चेत् ? न, वर्णैकदेशानामपि कथंचिदर्थवत्त्वाद्, अर्थवदित्यस्य योगार्थवत्परत्वात्, चैत्रादिशब्दानामपि योगार्थेऽबाधात्, सर्वे शब्दा व्युत्पन्ना एवेति पक्षाश्रयणात्, न च पदैकदेशे योगार्थः सम्भवतीति न ततः स्याद्युत्पत्तिः ।

ननु शाब्दबोधे पदजन्यपदार्थोपस्थितेरेव हेतुत्वात् पदस्यैवार्थवत्त्वं, न तु वाक्यस्यापि, आकाङ्क्षादिमहिम्नार्थवत्पदेभ्य एवापूर्ववाक्यार्थलाभात् । एवं च वाक्यस्यापि नार्थवत्त्वमिति कुतस्तरां पदैकदेशस्य तथात्वमिति चेत् ? न, सङ्केतविशेषप्रतिसन्धानेन पदैकदेशादप्यर्थ-

---

પ્રત્યેક કણમાં તેલ ન હોવાથી તેના સમુદાયમાં પણ તેલ હોતું નથી. તેમ પ્રત્યેક વર્ણમાં જો અર્થવત્તા ન હોય તો એના સમુદાયભૂત પદમાં પણ તે આવે નહિ. આ પરમ્પરાથી ચાલી આવતું સમાધાન છે.

**શંકા** :–એક એક શબ્દના પણ અનંતા પુદ્ગલસ્કન્ધો અવયવભૂત હોય છે. તેથી તમારા નિયમ મુજબ એ દરેક સ્કન્ધોને પણ અર્થવાળા માનવાની આપત્તિ આવશે. તેમજ આ રીતે તો 'રામ:' ઈત્યાદિમાં રહેલા 'ર'કારાદિને પણ તેઓ અર્થવાળા હોવા સાથે ધાતુ–વિભક્તિ–વાક્યથી ભિન્ન હોવાના કારણે 'નામ' બનવાથી 'સિ' વગેરે વિભક્તિઓ લાગવાની આપત્તિ આવશે, કારણ કે [1]ધાત્વાદિથી ભિન્ન અર્થવત્ પદ જ નામ તરીકે પરિભાષિત છે. વળી "શક્તિસંબંધથી જે અર્થવાળું હોય તેવું જ પદ નામના લક્ષણમાં 'અર્થવત્' શબ્દથી અભિપ્રેત છે. 'ર'કારાદિ શક્તિ સંબંધથી અર્થવાળા ન હોઇ 'નામ' ન હોવાથી એ આપત્તિ નથી" એવું પણ કહી શકાતું નથી. કારણ કે નવા સંકેતવાળા ચૈત્રાદિપદોને પણ 'સિ' આદિ વિભક્તિઓ લાગે જ છે.

**સમાધાન** :–પુદ્ગલસ્કંધરૂપ વર્ણૈકદેશોમાં પણ કથંચિદ્ અર્થવત્તા અમને ઇષ્ટ જ હોવાથી કોઈ આપત્તિ નથી. તેમજ 'રા'કારાદિને અર્થવાળા માનવામાં પણ એને 'નામ' બનવાથી 'સિ' આદિ વિભક્તિ લાગવાની આપત્તિ નથી કારણ કે 'નામ'ના લક્ષણમાં 'અર્થવત્' શબ્દ 'યોગાર્થવત્' એવા તાત્પર્યમાં છે. બધા શબ્દો વ્યુત્પન્ન (વ્યુત્પત્તિથી બનેલા) જ છે એવા પક્ષનો આશ્રય કર્યો હોવાથી આધુનિક સંકેતિત ચૈત્રાદિ શબ્દોમાં પણ યોગાર્થ અબાધિત જ રહે છે. એટલે તેઓને 'સિ' આદિ વિભક્તિ લાગે તે યોગ્ય જ છે. 'ર'કારાદિમાં એ યોગાર્થ ન હોવાથી સિ આદિની આપત્તિ નથી-

**શંકા** :–શાબ્દબોધમાં પદજન્યપદાર્થોપસ્થિતિ જ હેતુભૂત હોવાથી પદ જ અર્થવાળું છે નહિ કે વાક્ય. 'માત્ર પદના જ અર્થો કરતાં ભિન્ન એવો વાક્યનો સ્વતંત્ર જે અર્થ

---

૧. अधातु-विभक्तिवाक्यमर्थवत् नाम-(सि०हे०श० १-१-१७)

प्रत्ययानुभवेन तस्याप्यर्थवत्त्वाद् । अथैवं पामरादिसङ्केतितानामपि शब्दानामर्थवत्त्वं स्यादिति चेत्? स्यादेव, साधुत्वं तु तत्र नानुशासनिकत्वरूपम् । यत्तु शक्तिलक्षणान्यतरवत्त्वमेव साधुत्वमिति तन्न, 'घटः पश्य' इत्यादौ प्रथमाया द्वितीयार्थलक्षणाप्रतिसन्धानेऽप्यसाधुत्वज्ञाने सति शाब्दबोधानुदयात्, सातत्यवृत्तिरूपत्वेन वृत्तिज्ञानत्वेन शाब्दबोधहेतुतयैव निर्वाहे साधुत्वज्ञानस्य पृथक्कारणता न स्यादिति । अथैवं साधुशब्दानामिवाऽसाधुशब्दानामपि शक्तिः स्यादिति चेत्, स्यादेव, सर्वेषां शब्दानां स्वार्थप्रत्यायनशक्तिमत्त्वात्, सङ्केतविशेषसहकारेण च विशेषार्थबोधादिति दिग् ।

---

ભાસે છે તે કયા પદાદિથી ભાસે છે?' એવું પુછવાની જરૂર નથી, કારણ કે તે તે પદથી ઉપસ્થિત થએલ પદાર્થો વચ્ચેની પરસ્પર આકાંક્ષા વગેરેના મહિમાથી અર્થવાળા તે પદોથી જ અપૂર્વ વાક્યાર્થ પ્રાપ્ત થાય છે. આમ વાક્ય જ જો અર્થવાળું નથી તો પદના એકદેશને અર્થવાળા શી રીતે મનાય?

**સમાધાન** :–સંકેત વિશેષના અનુસંધાનથી પદના એકદેશથી પણ અર્થનો બોધ થવો અનુભવ સિદ્ધ હોવાથી પદનો એકદેશ પણ અર્થવાળો જ છે.

**શંકા** :–પામરાદિથી યથેચ્છ રીતે સંકેતિત થયેલ શબ્દો પણ, આવું માનવામાં તો અર્થવાળા બની જશે.

## [ શબ્દપ્રયોગની સાધુતાની વિચારણા ]

**સમાધાન** :–એ અર્થવાળા બને જ છે. કિન્તુ એ શબ્દપ્રયોગનું સાધુત્વ=(યુક્ત હોવાપણું) અનુશાસનિક=વ્યાકરણસિદ્ધ હોતું નથી.

'શક્તિવાળું કે લક્ષણાવાળું પદ હોય તેમાં જ સાધુત્વ છે' એવું કથન યુક્ત નથી કારણ કે 'ઘટ:પશ્ય' ઇત્યાદિ વાક્યમાં ઘટપદોત્તર પ્રથમા વિભક્તિની દ્વિતીયાવિભક્તિમાં લક્ષણા વર્ત્તાતી હોવા છતાં 'આ પ્રયોગ અસાધુ છે' એવા જ્ઞાનની હાજરીમાં શાબ્દબોધ હોતો નથી. જો લક્ષણાવત્ત્વ પણ સાધુત્વ હોત તો શાબ્દબોધ જરૂર થાત. "જે શક્તિ કે લક્ષણારૂપ વૃત્તિનો સતત=વારંવાર આશ્રય કરાતો હોય તેનાથી જ શાબ્દબોધ થાય" એવું માનીને આ આપત્તિનું વારણ કરવાનું હોય તો તો એનાથી જ શાબ્દબોધ સંભવિત થઇ જવાથી સાધુતાજ્ઞાન હેતુ જ રહેશે નહિ. "આ રીતે અસાધુ શબ્દોને પણ અર્થવાળા માનવામાં તેઓને સાધુ શબ્દોની જેમ શક્તિવાળા પણ શું માનશો?" હા, માનીએ જ છીએ, કારણ કે સર્વ શબ્દોમાં સર્વ અર્થોને જણાવવાની શક્તિ છે. વળી એવો પ્રશ્ન ન કરવો કે "તો પછી અમુક શબ્દથી અમુક જ પદાર્થ જણાય છે બીજો નહિ એવું કેમ? દરેક શબ્દથી દરેક પદાર્થો કેમ જણાતા નથી?" કેમકે શબ્દમાં દરેક પદાર્થોને જણાવવાની શક્તિ હોવા છતાં તે તે શબ્દનો જે જે પદાર્થ વિશેષ સાથે જેવો સંકેતવિશેષ થયો હોય છે તેવા સંકેત વિશેષના સહકારથી તે તે પદાર્થ જ જણાય છે, અન્ય નહિ.

एवं च यस्य मिथ्यादुष्कृतपदाक्षरार्थानुसारेण तद्दानप्रसूता गर्हा तस्यैव सा फलवती, इतरस्य प्रतिज्ञातभङ्गेनाऽतथाकारात्, मिथ्यात्वमेव। अतथाकारो हि मिथ्यात्वलक्षणम्, तदुक्तं–

[1]'जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ?।
वड्ढेइ य मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥ त्ति। [उप०माला-५०४]

अत एव च सर्वं सावद्ययोगं प्रत्याख्याय पुनस्तदेव सावद्यमाचरतः सर्वविरतिप्रतिज्ञाभङ्गात् ततो भ्रंशः, देशविरतेस्त्वप्रतिज्ञातत्वादेव तल्लाभहीनता, उभयविरत्यभावेन च मिथ्यादृष्टित्वं स्यादिति। इदं चाभिनिवेशेन भग्नचारित्रस्य द्रष्टव्यम्, अनभिनिविष्टस्य तु सम्यग्दर्शनकार्यभूतपश्चात्तापादिदर्शनान्न तथात्वं, विरतिवैकल्यं तूभयोरपि। तदुक्तं—

[2]'सव्वंति भाणिऊणं विरई खलु जस्स सव्विया नत्थि।
सो सव्वविरइवाई चुक्कइ देसं च सव्वं च ॥ [उप०माला–५०३]

---

## [ અતથાકાર મિથ્યાત્વ છે ]

આવું હોવાથી જેઓને મિથ્યાદુષ્કૃતપદના અક્ષરાર્થને અનુસરીને મિચ્છામિદુક્કડમ્ દેવાથી ગર્હા ઉત્પન્ન થાય છે તેઓને જ તે સફળ થાય છે. બીજાઓની ગર્હા તો પ્રતિજ્ઞાતના ભંગ દ્વારા તેઓ જેવું બોલે છે તેવું કરતા ન હોવારૂપ અતથાકારના કારણે મિથ્યા જ હોય છે. કારણ કે મિથ્યાપણાનું લક્ષણ જ અતથાકાર કહ્યું છે. "જે પોતાના વચન મુજબ કરતો નથી તેના કરતાં વધુ મિથ્યાત્વી બીજો કોણ હોય ? કારણ કે એ બીજાઓને પણ શંકા ઉત્પન્ન કરાવવા દ્વારા મિથ્યાત્વને વધારે છે." તેથી સર્વસાવદ્યયોગોનું પ્રત્યાખ્યાન કરીને ફરીથી તે જ સાવદ્યનું આચરણ કરનારને સર્વવિરતિ પ્રતિજ્ઞાનો ભંગ થયો હોવાથી સાધુપણાથી તો પતન છે જ, પણ દેશવિરતિની પ્રતિજ્ઞા ન હોવાથી તેની પણ પ્રાપ્તિ થતી નથી. આમ ઉભયવિરતિ ન હોવાથી અભિનિવેશ-પૂર્વક ચારિત્રનો ભંગ કરનારને મિથ્યાત્વીપણું આવે છે. અભિનિવેશ વગર પ્રમાદાદિથી જ જેઓ ચારિત્રથી ભ્રષ્ટ થાય છે તેઓને પશ્ચાત્તાપાદિ થતા દેખાતા હોવાથી તેઓમાં સમ્યક્ત્વાદિની હાજરી માની શકાય છે. કારણ કે એ પશ્ચાત્તાપાદિ સમ્યગ્દર્શનના કાર્યભૂત હોવાથી જ્ઞાપકલિંગરૂપ છે. છતાં વિરતિનો તો અભિનિવિષ્ટ અને અનભિનિ-વિષ્ટ ઉભયને અભાવ જ હોય છે. કહ્યું છે કે "સર્વ એમ કહીને જેઓ સર્વવિરતિને પાળતા નથી તે સર્વવિરતિવાદી જીવો દેશવિરતિ અને સર્વવિરતિ ઉભયથી ચૂકે છે =ઉભયથી ભ્રષ્ટ થાય છે."

સર્વવિરતિને ન પાળનાર સર્વવિરતિને ઉચ્ચરનારા જીવો ઉભયભ્રષ્ટ થાય છે. એવું જે પ્રતિપાદન કર્યું એનાથી જ 'સાધુધર્મને અયોગ્ય=સાધુ અવસ્થામાં અયોગ્ય એવો શ્રાવક-

---

१. यो यथावादं न करोति मिथ्यादृष्टि स्ततस्तु कोऽन्यः ?। वर्धयति च मिथ्यात्वं परस्य शङ्कां जनयन् ॥
२. सर्वमिति भणित्वा विरतिः खलु यस्य सर्विका नास्ति। स सर्वविरतिवादी भ्रश्यति देशं च सर्वं च ॥

एतेन "साधूनां साधुधर्माऽयोग्यश्रावकधर्मकरणे श्रावकधर्मानुप्रवेशः" इति दिगम्बरोक्तिरपास्ता, अप्रतिज्ञाते तत्रानुप्रवेशाभावात्, प्रतिज्ञां विनापि तद्भावे प्रतिज्ञाया वैयर्थ्यप्रसङ्गात्, पूर्वप्रतिज्ञायास्त्वेकदेशरूपाया महाप्रतिज्ञयैव विनाशात्, मतिज्ञानादेरिव केवलज्ञानेन। अपि च तादृशधर्मं साधुराभोगेन कुर्यादनाभोगेन वा? नाद्यः, अप्रमादिनस्तादृशप्रवृत्त्यसम्भवात्। न द्वितीयः, अनाभोगस्यातिचारमात्रजनकत्वाद्, अभिनिवेशेन तत्करणे च मिथ्यादृष्टित्वमेवेति क्व धर्मानुप्रवेशः? एतेन 'श्रावकपदमविरतसम्यग्दृष्टिपरम्' इत्यपि परास्तम्। एवं च प्रतिज्ञाभंग उभयविरतिभ्रंशः, अभिनिवेशे तु मिथ्यात्वं, परस्य शङ्काजननात् मिथ्यात्वाभिवृद्धिः, दीक्षितस्याप्यलीकभाषणेन लौकिकेभ्योऽपि महापापीयस्त्वम्, उक्तं च–

लोए वि जो ससूगो अलियं सहसा ण भासए किंचि।
अह दिक्खओ वि अलियं भासइ तो किं च दिक्खाए॥ त्ति [उप०माला–५०८]

ધર્મ બજાવનારા સાધુઓનો શ્રાવકધર્મમાં જ પ્રવેશ થઈ જાય છે' એવું દિગંબરવચન નિરસ્ત જાણવું. કારણ કે શ્રાવકધર્મની પ્રતિજ્ઞા કરાયેલી ન હોવાથી તેમાં પ્રવેશ થઈ શકતો નથી. પ્રતિજ્ઞા વિના પણ એમાં પ્રવેશ સંભવિત હોય તો તો પ્રતિજ્ઞા જ વ્યર્થ થઈ જાય!

**શંકા** :–કિન્તુ સાધુધર્મ લેતાં પહેલાં શ્રાવકધર્મ પાળ્યો હોય તે વખતે બાર વ્રતાદિની યાવજ્જીવ પ્રતિજ્ઞા લીધી હોવાથી સાધુધર્મથી ભ્રષ્ટ થવાના અવસરે પણ શ્રાવકધર્મમાં પ્રવેશ શા માટે ન થાય?

**સમાધાન** :–પૂર્વે ગ્રહણ કરેલ એ પ્રતિજ્ઞા તો, એકદેશરૂપ હોવાથી, જેમ મતિજ્ઞાનાદિ કેવલજ્ઞાનથી નષ્ટ થઈ જાય છે તેમ સર્વવિરતિની મહાપ્રતિજ્ઞાથી જ નષ્ટ થઈ ગઈ હોવાથી પછી હાજર હોતી નથી.

**[સાધુતાથી ભ્રષ્ટ થનાર ઉભયવિરતિથી ભ્રષ્ટ]**

વળી સાધુ, તેવા શ્રાવકધર્મને આભોગપૂર્વક કરે કે અનાભોગપૂર્વક? આભોગપૂર્વક માની શકાય નહિ, કારણકે અપ્રમત્ત સાધુને તેવી પ્રવૃત્તિ સંભવતી નથી. વળી અનાભોગ તો માત્ર અતિચાર જ લગાડતો હોવાથી ચારિત્રથી ભ્રષ્ટ જ કરતો ન હોવાના કારણે દ્વિતીયપક્ષ પણ માની શકાતો નથી. તેમજ જો અભિનિવેશ પૂર્વક કરે તો તો એ મિથ્યાત્વી જ બની જતો હોવાથી શ્રાવકધર્મમાં પ્રવેશ શી રીતે થાય? તેથી જ "અહીં શ્રાવકધર્મ શબ્દ ઘટકીભૂત 'શ્રાવક' શબ્દ અવિરતસમ્યગ્દૃષ્ટિને જણાવવાના તાત્પર્યમાં છે અને તેથી દેશવિરતિની પ્રતિજ્ઞાનો અભાવહોવાના કારણે તે ધર્મમાં પ્રવેશ ન હોવા છતાં અવિરતસમ્યગ્દૃષ્ટિરૂપ 'શ્રાવક' ધર્મમાં તો પ્રવેશ થઈ જ જાય છે. કારણકે તેમાં પ્રવેશ માટે તો કોઈ પ્રતિજ્ઞા હોતી નથી." એવું કથન પણ નિરસ્ત જાણવું, કારણકે આભોગપૂર્વક તો અપ્રમત્તને તેવી પ્રવૃત્તિ હોતી નથી, અનાભોગથી માત્ર અતિચાર લાગે છે અને અભિનિવેશથી મિથ્યાત્વ જ આવી જાય છે તેથી અવિરતસમ્યક્ત્વીપણા-

१. लोकेऽपि यः ससूकोऽलीकं सहसा न भाषते किंचित्। अथ दीक्षितोऽप्यलीकं भाषते ततः किं च दीक्षया?

तथा वेषमात्रेण पररञ्जनया मायानिकृतिप्रसङ्ग इत्यादयो महान्तोऽनर्था भ्रष्टचारित्रस्य प्रादुष्यन्ति । किं बहुना ? तीव्रक्लेशेनानन्तसंसारानुबन्धोऽपि स्यात् । उक्तं च–

[1]संसारो अ अणंतो भट्ठचरित्तस्स लिंगजीविस्स ।
पंचमहव्वयतुंगो पागारो भिल्लिओ जेणं ॥ ति [उप०माला० ५०६] ॥१७८॥

एवं च श्रावकत्वमपि सुष्ठुतरं, न तु दीक्षां गृहीत्वा तद्भङ्गेन वेषमात्रोपजीवित्वमित्युपदिशति–

**चुयधम्मस्स उ मुणिणो सुट्ठुयरं किर सुसावगत्तंपि ।**
**पडियंपि फलं सेयं तरुपडणाओ न उच्चंपि ॥१७९॥**

(च्युतधर्मणो मुनेः सुष्ठुतरं सुश्रावकत्वमपि । पतितमपि फलं श्रेयस्तरुपतनान्नोच्चमपि ॥१७९॥)

यदा हि महायानपात्रसमानसंसारसागरतारणप्रवणं संयमं भग्नमवगच्छति तदासंसारभीरुः क्षुद्रतरण्डकल्पमपि श्रावकधर्ममङ्गीकुरुते, न तु निराधार एव वेषमात्रमुपजीवति, संसारपातप्रसङ्गात्, श्रावकत्वेऽपि अर्हच्चैत्यसुसाधुपूजादानधर्मादेर्निस्तारसम्भवात् । उक्तं च–

---

રૂપ શ્રાવકપણું તો ત્રણમાંથી એકેય રીતે આવતું નથી, આમ પ્રતિજ્ઞાભંગ થાય તો ઉભયવિરતિનો ભ્રંશ થાય છે અને જો અભિનિવેશ પણ હાજર હોય તો મિથ્યાત્વ જ આવે છે. તેમજ જુદું બોલીને જુદું કરવામાં બીજાઓને શંકા પડતી હોવાથી મિથ્યાત્વની અભિવૃદ્ધિ થાય છે. વળી દીક્ષિતને જુઠ્ઠું બોલવામાં તો લૌકિક જીવો કરતાં પણ અત્યંતગાઢ પાપ બંધાય છે–કહ્યું છે કે "લોકમાં પણ જે કંઇક પણ સશૂક=પાપભીરૂ હોય છે તે પણ વિમૃશ્યકારી (=વિચારીને કામ કરતો) હોવાથી સહસા અસત્ય બોલતો નથી, તો દીક્ષિત એવો પણ તું જો અલીક બોલે છે તો તારી દીક્ષાથી શું ? અર્થાત્ એ નિરર્થક છે."

તથા કેવલ વેષથી બીજાને રંજિત કરવામાં માયાનિકૃતિ લાગે છે. આમ ચારિત્રભ્રષ્ટને અનેક મહા અનર્થો થાય છે. વધારે શું કહેવું ? તીવ્ર સંક્લેશના કારણે અનંતસંસારનો અનુબંધ પણ પડે છે. કહ્યું છે કે 'પાંચ મહાવ્રતો રૂપી ઉત્તુંગપ્રાકાર=ઉંચો કિલ્લો જેણે ભાંગી નાંખ્યો છે તે ચારિત્રભ્રષ્ટ લિંગજીવીનો સંસાર અનંત હોય છે." ॥૧૭૮॥

**[લિંગમાત્રને ધારી રાખવા કરતાં શ્રાવકપણું હિતાવહ]**

આમ ચારિત્રથી ભ્રષ્ટ થવામાં અનેક અનર્થો હોવાથી શ્રાવકપણું પણ પાળવું સારું છે, નહિ કે દીક્ષા ગ્રહણ કરીને તેનો ભંગ કરી લિંગમાત્રને આશ્રીને જીવવું તે, એવો ગ્રન્થકારશ્રી ઉપદેશ આપે છે—

**ગાથાર્થ** :–પોતાના સાધુધર્મથી ચ્યુત=ભ્રષ્ટ થએલા મુનિ કરતાં તો શ્રાવકપણું પણ વધારે સારું છે. જમીન પર પડેલું પણ ફળ કલ્યાણકારી છે, વૃક્ષ પર ઊંચે રહેલ ફળ નહિ, કારણકે એ લેવામાં વૃક્ષ પરથી પડવાનો ભય છે.

---

१. संसारश्चानन्तो भ्रष्टचारित्रस्य लिंगजीविनः । पंचमहाव्रततुङ्गः प्राकारो विलुप्तो येन ॥

[1]अरहंतचेइयाणं सुसाहुपूआरओ दढायारो ।

सुस्सावओ वरतरं न साहुवेसेण चुयधम्मो ॥ [उप० माला० ५०२]

त्ति। लिङ्गमात्रोपजीवने तूक्ता एव दोषाः। अथ व्रतभङ्गेऽपि तस्य धर्मान्तरसंभवात् कथमित्थं गर्हणीयत्वमिति चेत्? न, तद्भङ्गे तदेकमात्रजीवितस्य गुणमात्रस्य भङ्गात्। उक्तं च–

[2]छज्जीवनिकायमहव्वयाण परिपालणाइ जइधम्मो।

जइ पुण ताइं ण रक्खइ, भणाहि को णाम सो धम्मो? ॥१॥

[3]छज्जीवणिकायदयाविवज्जिओ णेव दिक्खिओ न गिही।

जइधम्माओ चुक्को चुक्कइ गिहिदाणधम्माउ ॥ २ ॥ त्ति। [उप०माला-४२९-४३०]

एतेन 'तपसो विचित्रकर्मक्षयहेतुत्वात्तेनैव तस्य शुद्धिर्भविष्यति' इत्यपि निरस्तं, न खलून्मूलितमूलस्य महातरोर्महत्योऽपि शाखाः फलं जनयेयुः, न वा जलधौ भग्नपोतस्य पुंसः कीलिकादानेन त्राणं स्यादिति। उक्तं च–

---

સંસારસાગર તરાવા માટે મોટા જહાજ જેવા સમર્થ–ચારિત્રને મુનિ જ્યારે ભાંગેલું જાણે ત્યારે સંસારસમુદ્રમાં ડૂબવાના ભયવાળા બનેલા તેણે તુચ્છ તરાપા જેવા પણ શ્રાવકધર્મનો સ્વીકાર કરવો જોઈએ, પણ નિરાધારપણે વેષમાત્ર પર પોતાનું જીવન ગુજારવું જોઈએ નહિ, કારણકે એવું કરવામાં સંસારમાં ડૂબવાનું થાય છે. જ્યારે શ્રાવકપણું સ્વીકારવામાં શ્રી અરિહંતોના ચૈત્યોની તેમજ સુસાધુઓની પૂજા–દાનાદિધર્મ દ્વારા નિસ્તાર સંભવિત છે. કહ્યું છે કે 'શ્રી અરિહંતોના ચૈત્યોની અને સુસાધુઓની પૂજામાં રત તેમજ દૃઢતર આચારયુક્ત સુશ્રાવક સારો છે પણ ધર્મભ્રષ્ટ થએલ સાધુવેશધારી નહિ, કારણકે એ પ્રવચનહીલના વિગેરે દોષોમાં હેતુ બને છે."

**શંકા :**–વ્રતોનો ભંગ થયો હોવા છતાં સાધુવેશમાં રહેલાને તપ વગેરે રૂપ બીજા ધર્મો સંભવિત હોવાથી તેને આટલો બધો નિન્દ્ય કેમ મનાય?

**[વ્રતભંગમાં સઘળા ગુણોનો ભંગ]**

**સમાધાન :**–સાધુતા સંબંધી કોઈપણ ગુણ વ્રતોના આધારે ટકે છે. તેથી વ્રતભંગ થએ છતે સઘળા ય ગુણોનો ભંગ થઇ જતો હોવાથી અમે એને આટલો બધો નિન્દ્ય કહીએ છીએ. કહ્યું છે કે "ષડ્જીવનિકાય અને મહાવ્રતોના પરિપાલનથી યતિધર્મ ટકે છે, તેથી જો તેઓનું જ તું રક્ષણ કરતો નથી તો કહે કે તારે કયો ધર્મ રહ્યો છે? ષટ્કાય જીવોની દયા વગરનો વેશધારી દીક્ષિત સાધુ પણ નથી કે ગૃહસ્થ પણ નથી કારણકે દયાહીન હોવાથી યતિધર્મ વિનાનો છે, તેમજ દાનાદિ ન હોવાથી ગૃહસ્થધર્મ પણ છે નહિ."

---

१. अर्हच्चैत्यानां सुसाधुपूजारतो दृढाचारः सुश्रावको वरतरं न साधुवेशेन च्युतधर्मः ॥

२. षड्जीव निकायमहाव्रतानां परिपालनया यतिधर्मः। यदि पुनस्तानि न रक्षयति भण को नाम स धर्मः? ॥

३. षड्जीवनिकायदयाविवर्जितो नैव दीक्षितो न गृही। यति धर्माद्भ्रष्टो भ्रश्यते गृहीदानधर्मात् ॥

[1]'महव्वयअणुव्वयाइ' छड्डुउं जो तवं चरइ अन्नं ।

सो अन्नाणी मूढो नावाबुड्डो मुणेयव्वो ॥ त्ति [उप०माला–५०९] एवं च तद्भङ्गे पूर्वपर्यायबाहुल्यमप्यकिञ्चित्करं द्रष्टव्यम्, अस्खलितदिनानामेव परिगणनात् । उक्तं च–

[2]ण तहिं दिवसा पक्खा मासा वरिसा व संगणिज्जंति ।

जे मूलउत्तरगुणा अक्खलिया ते गणिज्जंति ॥ त्ति । [उप०माला–४७१]

एवं प्रतिबोध्यमानेऽपि यो न धर्मं प्रतिपद्यते, स द्रव्यलिङ्गी मिथ्यादृष्टित्वं भजते । उक्तं च–

सेसा मिच्छदिट्ठी गिहिलिङ्गकुलिङ्गदव्वलिङ्गेहिं ॥ ति । एवं च संयमस्य दूरत्वात्, तद्भङ्गे च महापापसम्भवात् देशविरतिप्रतिपत्त्यादिना स्वशक्तिं निर्णीयैव तत्र प्रयतितव्यम्, प्रतिपन्नस्य च तस्य यतनया यावज्जीवं निर्वाहः कर्त्तव्य इत्युपदेशसर्वस्वम् ॥१७१॥ अथ संयमिनो यत्कार्यं यच्च न कार्यं तदाह—

## [ચારિત્રભ્રષ્ટનો તપ પણ નિષ્ફળ]

તેથી જ "વિચિત્રકર્મોનો ક્ષય કરનાર તપથી જ તે વેશધારીની વિશુદ્ધિ થઇ જશે" એ વાત પણ નિરસ્ત જાણવી જેના મૂળિયા ઉખડી ગયા છે એવા વૃક્ષની મોટી શાખાઓ કાંઈ ફળ દેતી નથી, કે સમુદ્રમાં જેનું વહાણ તૂટી ગયું છે તેવા પુરુષનું લાકડાની ખીલી ગ્રહણ કરવા માત્રથી કંઈ રક્ષણ થતું નથી. અર્થાત્ મૂળિયા જેવું ચારિત્ર નષ્ટ થઇ ગયા પછી ધર્મવૃક્ષની તપ વગેરે રૂપ મોટી શાખાઓ મોક્ષાત્મક ફળ આપી શકતી નથી કે ચારિત્રરૂપ વહાણ ભાંગી ગયા પછી તપ રૂપ લાકડાનો ખીલો સંસારસમુદ્રમાં ડૂબતાને બચાવી શકતો નથી. કહ્યું છે કે–"મહાવ્રત–અણુવ્રતોનો તિરસ્કાર કરીને જે અનશનાદિ તપ આચરે છે તે અજ્ઞાની મૂઢ જીવ સમુદ્રને તરવા માટે વહાણ ભાંગીને એમાંથી ખીલો પકડવા જેવું કરે છે." વળી ચારિત્રનો ભંગ કરવાથી પૂર્વે જે દીર્ઘ-પર્યાય પાળ્યો હોય તે પણ અકિંચિત્કર થઇ જાય છે એ જાણવું. કારણ કે સ્ખલના વિનાના જ દિવસોની ચારિત્રપર્યાય તરીકે ગણત્રી થાય છે. કહ્યું છે કે–"તે ચારિત્ર વિશે દિવસો, પખવાડીયા, મહિના કે વર્ષો ગણાતા નથી કિન્તુ જે મૂળ–ઉત્તરગુણો અસ્ખલિત=નિરતિચાર હોય છે તે જ ગણાય છે, કારણ કે એ જ ઇષ્ટપ્રાપક છે" આવી રીતે વિવિધ ઉપદેશ દેવા છતાં પણ જે ધર્મને સ્વીકારતો નથી તે દ્રવ્યલિંગી મિથ્યાત્વી થાય છે. કહ્યું છે કે "શેષ જીવો ગૃહસ્થલિંગે, કુલિંગે કે દ્રવ્યલિંગે મિથ્યાત્વી હોય છે." આમ સંયમ પોતાની શક્તિ બહાર ઘણું દૂર હોવાથી તેમજ તેનો ભંગ થવામાં મોટું પાપ સંભવિત હોવાથી દેશવિરતિસ્વીકારાદિથી પોતાની શક્તિનો નિર્ણય કરીને જ ચારિત્રમાં પ્રવર્ત્તવું જોઈએ અને સ્વીકાર્યા પછી પણ યતનાપૂર્વક યાવજ્જીવ તેનો

---

१. महाव्रताणुव्रतानि त्यक्त्वा यस्तपश्चरत्यन्यत् । सोऽज्ञानी मूढो नौब्रूडितः मंतव्यः ॥

२. न तत्र दिवसाः पक्षा मासा वर्षाणि वा संगण्यन्ते । ये मूलोत्तरगुणा अस्खलितास्ते गण्यन्ते ॥

संजमजोगे अब्भुट्ठियस्स संचत्तबज्झजोगस्स।
ण परेण किंचि कज्जं आयसहावे णिविट्ठस्स ॥१८०॥

(संयमयोगेऽभ्युत्थितस्य संत्यक्तबाह्ययोगस्य । न परेण किञ्चित्कार्यमात्मस्वभावे निविष्टस्य ॥१८०॥)

यः खलु संयमयोगेऽभ्युत्थितः स विशिष्टक्रियापरिणतमतिर्यथावसरं परमोपेक्षायामेव निविशते, तस्या एव निर्वाणसुखवर्णिकारूपत्वात् । तस्यां च निविशमानस्यास्य न किञ्चित्परेण कार्यमस्ति, ज्ञानदर्शनचारित्राणां तदानीमात्मस्वभावान्तर्भूतत्वात्, तदर्थमपि परापेक्षाविरहात्, इतरार्थं तु परापेक्षा समप्रियाऽप्रियास्य नास्त्येव संयमिनः, यदार्षं–

[१]चत्तपुत्तकलत्तस्स णिव्वावारस्स भिक्खुणो। पियं ण विज्जए किंचि अप्पियं पि ण विज्जए॥ त्ति । [उत्तरा० ९/१५] इयमेव चावस्था परमश्रेयस्करी, तदानीं कार्त्स्न्येन रागद्वेषानवकाशात्, प्रशस्तरागद्वेषयोरपि निवर्त्तनीयतया परमार्थतोऽनुपादेयत्वात्, "प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्" [अष्टकप्रकरणम्] इति न्यायात् ॥१८०॥

---

નિર્વાહ કરવો જોઇએ. આ જ સઘળા ઉપદેશનો સાર છે. ॥૧૭૯॥ સંયમીઓએ શું કરવું જોઇએ અને શું ન કરવું જોઈએ એ જણાવતાં ગ્રન્થકારશ્રી કહે છે—

[ **સંયમીનું કર્તવ્ય** ]

**ગાથાર્થ**–સંયમયોગોમાં ઉદ્યત બનેલા અને બાહ્ય યોગોના ત્યાગી એવા આત્મસ્વભાવમાં સ્થિર સાધુઓને બીજા કશાનું કાંઇ પ્રયોજન નથી.

જે સંયમ યોગમાં ઉદ્યમ થયેલો હોય છે તે, તેની બુદ્ધિ વિશિષ્ટ ક્રિયાઓથી પરિણત થયેલી હોવાના કારણે અવસરને અનુસરીને પરમ ઉપેક્ષાભાવમાં જ રમે છે. એ ભાવમાં રમવું એજ નિર્વાણસુખને ચાખવા બરાબર છે. આ ઉપેક્ષાભાવમાં રમતાં તેને બીજા કોઇની અપેક્ષા રહેતી નથી. કારણ કે એવી અવસ્થામાં જ્ઞાન–દર્શન–ચારિત્ર તો આત્મસ્વભાવમાં જ એકમેક બન્યા હોવાથી તેને માટે પણ બીજાની અપેક્ષા હોતી નથી. અને જેઓને મન પ્રિય અને અપ્રિય સમાન છે તેવા સંયમીને બીજા કોઈ પ્રયોજન માટે તો પરાપેક્ષા હોતી જ નથી. ઋષિ–મહર્ષિઓએ પણ કહ્યું છે કે "પુત્ર–પત્નીના ત્યાગી અને બાહ્ય વ્યાપાર વગરના એવા ભિક્ષુને કંઇ પ્રિય હોતું નથી અને અપ્રિય પણ કંઇ હોતું નથી." વળી આ ઉપેક્ષાઅવસ્થા જ પરમ કલ્યાણકારી છે. કારણ કે તેમાં રાગદ્વેષને કોઇ અવકાશ હોતો નથી અર્થાત્ રાગદ્વેષનું કોઈ નિમિત્ત ત્યારે હોતું નથી.

**શંકા**:–તો પછી તેઓને પ્રશસ્ત રાગ–દ્વેષ પણ પ્રવર્ત્તશે નહિ.

**સમાધાન**:–એ અમને ઇષ્ટ જ છે કારણ કે પ્રશસ્ત રાગ–દ્વેષને પણ અંતે તો નિવૃત્ત જ કરવાના હોવાથી "ખરડાયા પછી પણ કાદવને જો ધોવાનો જ છે તો એના કરતાં ન જ ખરડાવું સારૂ" એવા ન્યાયમુજબ પરમાર્થથી તો એ પણ અનુપાદેય જ છે. ॥૧૮૦॥

---

१. त्यक्तपुत्रकलत्रस्य निर्व्यापारस्य भिक्षोः । प्रियं न विद्यते किञ्चिदप्रियमपि न विद्यते ॥

नन्वेवं साधोर्ध्यानमात्र एव व्यापारः स्याद्, न तु धर्मोपदेशादाविति चेत् ? यः स्वयमप्रतिबुद्धोऽगीतार्थश्च न तस्य वक्तुमप्यधिकारः–"वुत्तुं पि तस्स ण खमं किमंग पुण देसणं काउं ?" [ ] इति वचनात् । यस्तु स्वयं निष्पन्नयोगतया प्रतिबुद्धवानुत्सर्गोपवादाद्यागममर्यादापरिज्ञानकुशलः सूत्राशातनाभीरुश्च स एव स्वयं तीर्णः परांस्तारयितुमिच्छुः करुणैकरसिको यथावदुपदिशतु, न्याय्यमिदं तस्य कर्मेत्युपदिशति—

संविग्गो गीयत्थो बोहेउ परं पराइ करुणाए ।
अन्नो पुण तुसिणीओ पुव्विं बोहेउ अप्पाणं ॥१८१॥

[संविग्नो गीतार्थो बोधयतु परंपरया करुणया । अन्यः पुनस्तूष्णीकः पूर्वं बोधयत्वात्मानम् ॥१८१॥]

न खलु केवलगीतार्थस्योपदेशेऽधिकारः, संवेगं विनाऽभिनिवेशेनोत्सूत्रप्ररूपणादिना तस्य महादोषसम्भवात् । उक्तं च–

---

**શંકા** :–આવું હોવામાં તો સાધુએ ધ્યાન ધરવાનો જ પ્રયત્ન કરવાનો રહેશે, ધર્મોપદેશનો નહિ.

### [ઉપદેશદાનનો અધિકારી–સંવિગ્નગીતાર્થ]

**સમાધાન** :–જે પોતે પ્રતિબોધ પામેલ નથી તેમજ અગીતાર્થ છે તેને તો બોલવાનો પણ અધિકાર નથી. આ વાત "તેને બોલવું પણ યુક્ત નથી તો પછી દેશનાની તો વાત જ શી ?" એવા શાસ્ત્રવચનથી જણાય છે. અને જે સ્વયં યોગસંપન્ન થઈ ગયો હોવાથી પ્રતિબોધ પામેલ હોય, ઉત્સર્ગ–અપવાદાદિરૂપ આગમમર્યાદાના પરિજ્ઞાનમાં કુશળ હોય તેમજ સૂત્રઆશાતનાથી બીતો હોય તે જ પોતે સંસારસમુદ્રને તરી જવાની તૈયારીમાં છે અને તે કરુણા કરવામાં જ તત્પર હોવાથી બીજાને પણ તારવાને ઇચ્છતો તે ભલે યોગ્ય ઉપદેશ આપે. તેની (જ) આ પ્રવૃત્તિ ન્યાયયુક્ત છે એવું ગ્રંથકારશ્રી જણાવે છે—

**ગાથાર્થ** :–સંવિગ્ન–ગીતાર્થ શ્રેષ્ઠ કરુણાથી બીજાને ભલે પ્રતિબોધ કરે. પણ બીજાઓએ તો મૌન જ રહી પહેલાં જાતને જ બોધ આપવો.

સંવેગરહિતના ગીતાર્થને ઉપદેશ દેવાનો અધિકાર નથી કારણ કે સંવેગ ન હોવાથી અભિનિવેશાદિના કારણે ઉત્સૂત્રપ્રરૂપણાદિથી તેને મહાદોષ થવો સંભવિત છે. સંવેગ હોય તો તો માનભંગાદિ થતા હોય તો પણ અભિનિવેશ છૂટી શકે છે અને તેથી ઉત્સૂત્રથી અટકવાના કારણે મહાદોષ થતો નથી. કહ્યું છે કે "શરણે આવેલા જીવોના મસ્તકને જે કાપે છે તેને જેમ દુર્ગતિપાતરૂપ મહાદોષ થાય છે તેમ ઉત્સૂત્રપ્રરૂપક આચાર્યને પણ તે દોષ થાય છે." વળી જે પોતે સંવિગ્ન નથી તેને પરોપદેશથી પણ

---

१. अस्य पूर्वार्धः– सावज्जणवज्जाणं वयणाणं जो न याणइ विसेसं ।
सावद्यानवद्ययोर्वचनयोर्यो न जानाति विशेषम् । वक्तुमपि तस्य न क्षमं किमङ्ग पुनर्देशनां कर्तुम् ॥

[1]जह सरणमुवगयाणं जीवाण निकिंतए सिरो जो उ ।

एवं आयरिओ वि हु उस्सुत्तं पन्नवंतो य ॥ त्ति । [उप० माला-५१८]

किञ्च स्वयमसंविग्नस्य तस्य परोपदेशेन का स्वार्थसिद्धिः ?, परोपदेशस्यापि संवेगपूर्वकस्यै-वेष्टफलहेतुत्वात्, अन्यादृशस्याऽभव्येष्वपि सम्भवात् । एवं 'तद्धेतोरेवास्तु किं तेन ?' इति-न्यायादिष्टफलहेतौ संवेग एव तस्य प्रवृत्तिरुचिता । अपि च संवेगं विना लोकरञ्जनाद्यर्थ-मेवोपदेशादौ प्रवृत्तिरित्यवश्यमस्य मायानिकृतिप्रसङ्गो दुर्लभबोधित्वं चेत्यात्मबोधन एवाऽऽत्मा-र्थिना यतितव्यम् । एवं संविग्नस्याप्यगीतार्थस्योपदेशादौ नाधिकारः, अगीतार्थस्य बहुजन-मध्ये प्रज्ञापनेऽर्हदाद्याशातनाप्रसङ्गात् । तस्मात्-संविग्नगीतार्थस्यैव तत्राधिकारो नान्यस्येति स्थितम् । अत एव तादृशस्यैवोपदेशेऽविकल्पेन तथाकारः प्रज्ञप्तः, यदागमः-

[2]"कप्पाकप्पे परिणिट्ठियस्स ठाणेसु पंचसु ठियस्स ।

संजमतवड्ढगस्स उ अविगप्पेणं तहक्कारो ॥" (आ०नि०-६८०) त्ति । एवं चान्योपदेशे परीक्षादिविकल्पेन तथाकार इत्युक्तं भवति । आह च-[3]"इयरम्मि विगप्पेणं जं जुत्तिखमं तहिं न सेसंमि । त्ति ॥१८१॥

---

પોતાના પ્રયોજનની શું સિદ્ધિ થાય? કારણ કે પરોપદેશ પણ સંવેગપૂર્વકનો હોય તો જ ઇષ્ટફળનો હેતુ બને છે. એ વિનાનો ઉપદેશ તો અભવ્યાદિ પણ કરતા હોય છે, જેઓને ક્યારેય મોક્ષાદિફળપ્રાપ્તિ હોતી નથી. તેથી "જો તેના હેતુઓથી જ કાર્ય સરી જતું હોય તો તેનાથી સર્યું" એવા ન્યાય મુજબ ઇષ્ટફળના હેતુભૂત સંવેગ અંગે જ પ્રવૃત્તિ ઉચિત છે. વળી જેણે પોતાને સંવેગ નથી તેનો સંવેગાદિનો ઉપદેશ લોક-રંજનાદિ માટેનો જ હોવાથી તેને અવશ્ય માયાનિકૃતિ લાગે છે અને દુર્લભબોધિપણું થાય છે. તેથી સૌ પ્રથમ જાતને બોધ પમાડવાનો આત્માર્થીએ પ્રયત્ન કરવો જોઈએ. આથી અસંવિગ્ન ગીતાર્થને પણ ઉપદેશદાનનો અધિકાર નથી. એમ સંવિગ્ન હોવા છતાં જેઓ અગીતાર્થ હોય છે તેઓને પણ એ અધિકાર નથી કારણ કે બહુ લોકોની વચ્ચે ઉપદેશાદિ કરતાં તેઓ વડે શ્રી અરિહંતાદિની આશાતના થઈ જવાનો સંભવ છે. તેથી સંવિગ્ન ગીતાર્થ જ ઉપદેશદાનના અધિકારી છે એ વાત નિશ્ચિત થાય છે. તેથી જ તેવાના ઉપદેશ અંગે કોઈપણ જાતના વિકલ્પ વિના તહત્તિ કરવાનું (=સ્વીકારી લેવાનું) આગમમાં કહ્યું છે "કલ્પ્ય-અકલ્પ્ય અંગે જેઓ પરિનિષ્ઠિત છે=જ્ઞાનનો પાર પામેલા છે તેમજ જેઓ સંયમ અને તપથી પરિપૂર્ણ છે તેઓના વચનને વિકલ્પ વિના જ 'તહત્તિ' કરી લેવું." આનાથી જ જણાય છે કે એ સિવાયના પુરુષના ઉપદેશ

---

१. यथा शरणमुपगतानां जीवानां निकृन्तति शिरांसि यस्तु । एवमाचार्योऽपि उत्सूत्रं प्रज्ञापयश्च ॥

२. कल्पाकल्पे परिनिष्ठितस्य स्थानेषु पञ्चसु स्थितस्य । संयमतपआढ्यकस्याऽविकल्पेन तथाकारः ॥

३. अस्योत्तरार्धं :- संविग्गपक्खिए वा गीए सव्वत्थ इयरेणं ॥ [पंचाशक-५६०]

इतरस्मिन्विकल्पेन यद्युक्तिक्षमं तत्र न शेषे । संविग्न पाक्षिके वा गीते सर्वत्रेतरेण ॥

नन्वेवं धर्मोपदेशादिपरित्यागेनात्मध्यानमात्रव्यापारस्य प्राधान्ये तदनुकूलमेकाकित्वमेव श्रेयो न तु गच्छवासः, इत्याशङ्कायां व्यवस्थितपन्थानमाह—

**दव्वेण जो अणेगो गच्छे सो भावओ हवे एगो।**
**एगागी गीओ च्चिअ कयाइ दव्वे अ भावे अ ॥१८२॥**

[द्रव्येण योऽनेको गच्छे स भावतो भवेदेकः। एकाकी गीत एव कदाचिद्द्रव्ये च भावे च ॥१८२॥]

यः खलु गच्छे वसन्नुपचरिताऽसद्भूतव्यवहाराद् द्रव्यतोऽनेकः स एव गुर्वाद्युपदेशपरिकर्मितमतिप्रसूतैकत्वभावनापावनान्तःकरणतया भावतोऽप्येकाकित्वं भजते। अन्यस्तूच्छृङ्खलतया तद्विपरीतामेव भावनां भावयन् द्रव्यत एकाक्यपि भावतोऽनेक एव स्याद्। न खल्वगीतार्थस्य गुर्वादिपारतन्त्र्यं विना गुणलेशसम्भावनापि, प्रत्युत महाऽनर्थसम्पात एव, स्वच्छंदगतिमतिप्रचारेणेच्छाकारादिनियन्त्रितसामाचारीविप्लवात्, कार्याकार्यविवेकवैकल्यात्, सदालम्बनसम्यग्दर्शनशुद्धिहेतुसूत्रार्थप्रश्नचोदनाद्यसम्भवात्, विनयवैयावृत्त्यादिजनितनिर्जराफलेन

---

અંગે પરીક્ષાદિ વિકલ્પો કરીને જ તથાકાર થઇ શકે. કહ્યું છે કે "ઇતરના વચનમાં વિચાર કરીને જે યુક્તિયુક્ત લાગે તેનો જ સ્વીકાર કરવો, બીજાનો નહિ" ॥૧૮૧॥

આમ ધર્મોપદેશાદિ જો ન કરવાના હોય તો તો માત્ર આત્મધ્યાનની પ્રવૃત્તિ જ પ્રધાન થવાના કારણે તેવી પ્રવૃત્તિને અનુકૂળ એકાકીપણું જ હિતકર બની જશે, નહિ કે ગચ્છવાસ...એવી આશંકાના જવાબમાં ગ્રન્થકારશ્રી વ્યવસ્થિતમાર્ગ બતાવતા કહે છે—

**ગાથાર્થ:**— ગચ્છમાં રહેલ જેઓ દ્રવ્યથી અનેક હોય છે. તેઓ ભાવથી એકાકી હોય છે. દ્રવ્યથી અને ભાવથી તો ગીતાર્થ જ ક્યારેક એકાકી હોય છે.

**[ ગચ્છમાં રહેલ પણ ભાવથી એકાકી ]**

ગચ્છમાં રહેતા જે ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર નયને આશ્રીને દ્રવ્યથી અનેક છે તે જ ગુરુ વગેરેના ઉપદેશથી પરિકર્મ પામેલ બુદ્ધિથી એકત્વભાવના ભાવવાના કારણે પવિત્ર અંતઃકરણવાળો થએલો હોવાથી ભાવથી પણ 'એક' બને છે. ગચ્છમાંથી છૂટો થએલ બીજો સાધુ તો ઉચ્છૃંખલ હોવાથી "સમુદાયમાં રહેવાથી ભિક્ષા વગેરે સંબંધી ઘણા દોષો લાગે છે' ઇત્યાદિરૂપ એકાકી થવાની વિપરીત ભાવનાઓને ભાવવાના કારણે દ્રવ્યથી એકાકી હોવા છતાં ભાવથી અનેક જ (રાગદ્વેષાદિયુક્ત) બને છે.

**[ગચ્છ છોડી જનારને થતાં અનર્થો]**

અગીતાર્થને ગુર્વાદિપારતન્ત્ર્ય વિના ગુણના કોઈ અંશની પણ સંભવના હોતી નથી. ઉલ્ટું નીચેના કારણોથી મહા અનર્થ જ થાય છે (૧) સ્વચ્છન્દગતિ અને આપમતિ મુજબ વિચરતો હોવાના કારણે ઇચ્છાકારાદિ નિયંત્રિત સામાચારીનું તે પાલન કરી શકતો નથી. (૨) કાર્ય–અકાર્યનો તેને વિવેક હોતો નથી. (૩) સદ્આલંબનો, સમ્યગ્દર્શનશુદ્ધિહેતુભૂત વિશિષ્ટ આરાધક મહાત્માઓના દર્શન, સૂત્રાર્થ અંગેના પ્રશ્ન,

वञ्चनात्, मरणांते भक्तप्रत्याख्यानादिरूपाराधनाऽसम्भवात्, निर्भयतयैषणाद्युल्लङ्घनाद्, एकाकितया निरन्तरं साध्वसप्रतिपन्थिस्त्रीजनभयप्रसङ्गात्, गुर्वादिलज्जाधीनाऽकार्यचिकिर्षोपरमाऽसम्भवात्, मूर्च्छादिना विह्वलतया संयमविराधनाप्रसङ्गात्, शुभाशुभपरिणामानां झटिति परावर्त्तमानतया क्लिष्टाध्यवसायेऽनिवारितकदालम्बनग्रहणेन भ्रंशप्रसङ्गात्। भगवन्निषिद्धैकाकित्वचरणेनाज्ञाविराधनात्। स्वायुक्तस्यापि साहाय्यविरहेणाचिरेण तपःसंयमभङ्गप्रसङ्गाच्च। तदुक्तं—[उप० माला १५६–१६१]

इक्कस्स कओ धम्मो सच्छंदगइमइपयारस्स। किं वा करेउ इक्को परिहरउ कहमकज्जं वा ॥
कत्तो सुत्तत्थागमपडिपुच्छणचोयणा व एगस्स। विणओ वेयावच्चं आराहणया वि मरणंते ॥
पिल्लिज्जेसणमिक्को पइन्नपमयाजणाउ निच्चभयं। काउमणोवि अकज्जं न तरइ काऊण बहुमज्झे ॥
उच्चारपासवणवंतपित्तमुच्छाइमोहिओ इक्को। सद्दवभाणविहत्थो णिक्खिविउं कुणइ उड्डाहं ॥
एगदिवसेण बहुआ सुहा असुहा य जीवपरिणामा। इक्को असुहपरिणओ चइज्ज आलंबणं लद्धुं ॥
सव्वजिणपडिकुट्ठं अणवत्था थेरकप्पभेओ य। इक्को सुआउत्तो वि हणइ तवसंजमं अइरा ॥ त्ति।

---

પ્રેરણા વગેરેનો સંભવ રહેતો નથી. (૪) વિનય-વૈયાવચ્ચ વગેરેથી થતી નિર્જરા રૂપ ફળથી વંચિત રહે છે (૫) મૃત્યુકાળે ભક્તપ્રત્યાખ્યાનાદિ રૂપ આરાધના સંભવતી નથી. (૬) કોઇ જોનાર-પૂછનાર નથી એવું જાણીને નિર્ભય થયો હોવાથી એષણાદિનું ઉલ્લંઘન થાય છે. (૭) એકાકી હોવાથી પ્રતિપન્થી સ્ત્રી લોકો વગેરેનો ભય હંમેશા રહ્યા કરે છે (૮) ગુર્વાદિની લજ્જાના કારણે અકાર્ય વગેરેથી થતો બચાવ તેને સંભવતો નથી (૯) મૂર્ચ્છા આવી જવા વગેરેના કારણે વિહ્વલતા આવે ત્યારે બીજો કોઈ સ્વસ્થ સહાયક ન હોવાથી આત્મવિરાધના થાય છે અને ગૃહસ્થો જો પરિચર્યા કરે તો તેઓને વિશેષ વિવેક ન હોવાના કારણે આરંભાદિ દ્વારા સંયમ વિરાધના થાય. (૧૦) સામાન્યતઃ જીવના શુભ-અશુભ પરિણામો જલ્દીથી પરાવૃત્ત થયા કરે છે તેથી ક્લિષ્ટ અધ્યવસાય થએ છતે ખોટા આલંબનનું થએલ ગ્રહણ નિવારી શકાતું ન હોવાથી ચારિત્રથી ભ્રષ્ટ થઈ જવાનો પ્રસંગ આવે છે. (૧૧) એકાકી વિચરવાનો ભગવાને નિષેધ કર્યો હોવાથી જિનાજ્ઞાનો ભંગ થાય છે. (૧૨) સંયમમાં સારી રીતે જોડાયેલાને પણ સહાયક ન હોવાથી તપ-સંયમનો શીઘ્ર ભંગ થઇ જાય છે. શ્રીઉપદેશમાલા શાસ્ત્રમાં કહ્યું છે કે "સ્વચ્છંદ પણે ગતિ=ચેષ્ટાદિ અને આપમતિને જે આચરે છે તેવા

---

१. एकस्य कुतो धर्मः? स्वच्छन्दगतिमति प्रचारस्य। किं वा करोति एकः? परिहरतु कथमकार्यं वा? ॥१॥
कुतः सूत्रार्थागमः? प्रतिप्रच्छनचोदना चैकस्य। विनयो वैयावृत्यमाराधनता वा मरणान्ते ॥२॥
प्रेरयेदेषणामेकः प्रकीर्णप्रमदाजनतो नित्यभयम्। कर्तुमना अप्यकार्यं न तरति कर्तुं बहुमध्ये ॥३॥
उच्चारप्रश्रवण वान्तपित्तमूर्च्छादि मोहित एकः। सद्रवभाजनविहस्तः निक्षिपति वा करोत्युड्डाहम् ॥४॥
एकदिवसेन बहवः शुभाश्चाशुभाश्च जीवपरिणामाः। एकोऽशुभपरिणतस्त्यजेदालंबनं लब्ध्वा ॥५॥
सर्वं जिनप्रतिकुष्टमनवस्था स्थविरकल्पभेदश्च। एकश्च स्वायुक्तोऽपि हन्ति तपःसंयममचिरात् ॥६॥

यस्तु गीतार्थः सोऽपि प्रायो गच्छे वसन् द्रव्यतोऽनेक एव भावत एकः, गच्छगतादिपदवृद्धयैव गुणवृद्धयुपदेशात्, उक्तं च—

गच्छगओ अणुओगी गुरुसेवी अणिययवासि आउत्तो।

संजोएण पयाणं संजमआराहणा भणिया ॥ [उप०माला० ३८८] त्ति । अपि च जातकल्पस्यापि पञ्चकादपि हीनतायामसमाप्तकल्पत्वाभिधानाद् । उक्तं च—

[2]जाओ अ अजाओ अ दुविहक्कप्पो अ होइ णायव्वो ।

इक्किक्को वि य दुविहो समत्तकप्पो य असमत्तो ॥ [पंचवस्तु १३२८]

[3]गीअत्थो जायकप्पो अगीओ पुण भवे अजाओ अ ।

पणगं समत्तकप्पो तदूणगो होइ असमत्तो ॥ त्ति [पंचवस्तु १३२९]

---

એકાકીને ધર્મ કયાંથી હોય? એ કર્તવ્યોને બજાવે શી રીતે? અને અકાર્યોને પરિહરે શી રીતે? (૧) સૂત્રાર્થાગમ સંબંધી પ્રતિપૃચ્છા–બુદ્ધિપૂર્વકના પ્રશ્નો વગેરે કયાંથી હોય? વિનય, વૈયાવચ્ચ, મરણાંતે નિર્યામણાદિરૂપ ધર્મારાધના ક્યાંથી હોય? (૨)

એકાકી ટોળા–ટપલા વગેરેના ભય વગરનો હોવાથી એષણાસમિતિને ઉલ્લંઘી જાય છે. તેમજ જ્યાં ત્યાં રહેલ સ્ત્રી વગેરેથી તેનું ચારિત્રધન લૂંટાઈ જવાનો ભય રહ્યા કરે છે. ગચ્છમાં ઘણાની વચ્ચે રહેલો તો અકાર્ય કરવાની ઇચ્છા થાય તો પણ કરી શકતો નથી. એકાકીને આવો બચાવ સંભવતો નથી. ॥૩॥ વિષ્ઠા–મૂત્ર ઉલ્ટી–પિત્તમૂર્છાદિના કારણે શિથિલ શરીરવાળો બનેલ એકાકી પાણી વગેરેના પાત્રને જો છોડી દે તો આત્મ–સંયમ વિરાધના થાય અને પાણી વગર જ ઉચ્ચારાદિ કરે તો પ્રવચનનો ઉડ્ડાહ થાય. ॥૪॥ એક દિવસમાં શુભાશુભ ઘણા ભાવો પ્રવર્તે છે. અશુભ પરિણામવાળો બનેલ એકાકી સાધુ કોઇ આલંબન પકડીને સંયમનો ત્યાગ પણ કરી દે છે. ॥૫॥ એકાકીપણું સર્વજિનોવડે નિષિદ્ધ છે, તેમજ એમાં સ્થવિરકલ્પ ભેદાઇ જવાનો દોષ છે. વળી સારી રીતે અપ્રમત્ત એવો પણ એકાકી અલ્પકાળમાં તપ સંયમને હણી નાખે છે. ॥૬॥"

**[ ગીતાર્થને પણ ગચ્છ શ્રેયસ્કર; કારણે એકાકીપણું ]**

ગચ્છગત વગેરે રૂપ પદ=ભૂમિકાની વૃદ્ધિ દ્વારા જ ગુણવૃદ્ધિ કહી હોવાથી ગીતાર્થ પણ પ્રાયઃ ગચ્છમાં વસે છે, અને તેથી દ્રવ્યથી અનેક હોય છે છતાં ભાવથી એક હોય છે. કહ્યું છે કે 'ગચ્છમાં રહેલ, જ્ઞાનાદિ સાથેના અનુરૂપ=યોગ્ય સંબંધવાળો, ગુરુસેવી =ગુરુપરતંત્ર, અનિયતવાસી=માસ કલ્પાદિવિહારી, પ્રતિદિન કરવા યોગ્ય પડિલેહણાદિ ક્રિયાઓ રૂપ ગુણમાં અપ્રમત્ત. આ બધા પદોના દ્વિકાદિ સંયોગથી સંયમ આરાધના કહી છે."

---

૧. गच्छगतोऽनुयोगी गुरुसेवी अनियतवास्यायुक्तः । संयोगेन पदानां संयमाराधना भणिता ॥

૨. जातश्चाऽजातश्च द्विविधकल्पश्च भवति ज्ञातव्यः । एकैकोऽपि च द्विविधः समाप्तकल्पश्चासमाप्तः ॥

૩. गीतार्थो जातकल्पोऽगीतः पुनर्भवेदजातश्च । पञ्चकं समाप्तकल्पस्तदूनको भवत्यसमाप्तः ॥

यदाऽसौ स्वोचितं सहायं न लभते, तदा तदलाभे तदधीनगुणलाभविरहादनिपुणसहायप्रयुक्तस्य प्रत्युत दोषस्यैव सम्भवात् सङ्ग(पाप)परित्यागेन ज्ञानमहिम्ना कामेष्वसजन्नेकाक्यपि विहरेत, यदागमः—

[1]ण या लभिज्जा निउणं सहायं गुणाहियं वा गुणओ समं वा ।
इक्कोवि पावाइ विवज्जयंतो विहरेज्ज कामेसु असज्जमाणो ॥ त्ति [दशवै० द्वि०चू० १०]

एवं विहरतश्चास्यैव द्रव्यभावाभ्यामेकत्वं समुज्जीवति ।

नन्वत्र सूत्रे विशिष्यानभिधानात्कथं गीतार्थस्यैव शृङ्गग्राहिकयोपादानमिति चेत्? पापविवर्जनकामासङ्गाभ्यामेकाकिविहरणानुज्ञानेनाक्षेपाद्गीतार्थस्यैवाधिकारित्वेन लाभात्, अगीतार्थस्य तदसम्भवात्। नागीतार्थो गीतार्थाऽपारतन्त्र्येण विहरन् पापं वर्जयितुं शक्तः, ज्ञानं बिना सम्यक्स्वरूपाऽविवेकेन तद्वर्जनाऽसम्भवात्। उक्तं च—"[2]अन्नाणी किं काही किं वा नाहीइ छेयपावगं । ति । अत एव न तस्य कामानभिष्वङ्गोऽपि सम्भवति, ज्ञानसाहाय्यविरहेण तद्दोषावरणात्, केवलागीतार्थविहारनिषेधाच्चास्य सूत्रस्य गीतार्थविषयत्वम्। उक्तं च—

[3]गीअत्थो अ विहारो, बीओ गीअत्थमीसओ भणिओ ।
एत्तो तइअ विहारो, नाणुन्नाओ जिणवरेहिं ॥ ति [ओघनि० १२२]

अपि चाऽगीतार्थस्य गुरुपारतन्त्र्येणैव ज्ञानसिद्धिः, तस्य पारमार्थिकज्ञानाभावात्। एवं च तस्य स्वोचितसहायाऽलाभो नास्त्येवेति तमुल्लङ्घ्यैकाकिविहारस्य निष्कारणत्वेन स्वच्छन्दविहारत्वप्रसङ्गः । तथा च गीतार्थ एवात्राधिकारीति व्यवस्थितम् । उक्तं च—

[4]ता गीयंमि इमं खलु तयन्नलाभंतरायविसयं ति ।
सुत्तं अवगंतव्वं निउणेहिं तंत जुत्तीहिं । ति [पंचाशक ५२७] ॥ १८२॥

---

વળી જાતકલ્પ સાધુને પણ જો પાંચથી ઓછાનો સમુદાય હોય તો અસમાપ્તકલ્પ કહ્યો છે.—જાત અને અજાત એમ બે જાતના કલ્પ છે. તેમજ એ બન્ને સમાપ્તકલ્પ અને અસમાપ્તકલ્પ એમ બબ્બે પ્રકારના છે. ॥૧॥ ગીતાર્થ જાતકલ્પ છે અને અગીતાર્થ અજાતકલ્પ છે. પાંચ સાધુઓનો સમૂહ સમાપ્તકલ્પ કહેવાય છે અને તેનાથી ઓછા સાધુઓનો સમૂહ અસમાપ્તકલ્પ કહેવાય છે. ॥૨॥ જ્યારે ગીતાર્થને સ્વોચિત સહાયક મળતો નથી ત્યારે અનિપુણ સહાયક રાખવામાં નિપુણ સહાયકના કારણે થનાર ગુણોનો લાભ તો હોતો જ નથી. પણ અનિપુણસહાયકપ્રયુક્ત દોષો જ પ્રાપ્ત

---

१. न यदि लभेत निपुणं सहायं गुणाधिकं वा गुणतो समं वा ।
एकोऽपि पापानि विवर्जयन् विहरेत्कामेष्वसज्यमानः ॥

२. श्री दशवैका० ४-१०, अस्य पूर्वार्धः- पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजए ।
प्रथमं ज्ञानं ततो दयैवं तिष्ठति सर्वसंयतः । अज्ञानी किं करिष्यति किं वा ज्ञास्यति छेकपापकम्? ॥

३. गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थमिश्रितो भणितः । अतस्तृतीयो विहारो नानुज्ञातश्च जिनवरैः ॥

४. तस्माद् गीत इदं खलु तदन्यलाभान्तरायविषयमिति । सूत्रमवगन्तव्यं निपुणैस्तंत्रयुक्तिभिः ॥

अत्र च महान् विस्तारार्थिनामनुशासनप्रकारः, स च न कार्त्स्न्येनात्र विधातुमुचितः, प्रसंगायातस्यातिविस्तराऽयोगात्, तथापि सकलसम्मतमिदमनुशास्यते—

---

થાય છે. તેથી એવે વખતે ગીતાર્થ સાધુ કોઇ પાપ ન થઇ જાય એની સાવધાની રાખતો રાખતો જ્ઞાનના પ્રભાવે જ કામભોગોમાં આસક્ત થયા વગર એકાકી વિહરે છે. આગમમાં પણ કહ્યું છે કે "ગુણાધિક કે સમાન ગુણવાળા નિપુણ સહાયક ન મળે તો ગીતાર્થ સાધુ પાપોને વર્જતો અને કામભોગોમાં અનાસક્ત રહેતો એકલો પણ વિચરે." આ રીતે વિચરતા આવા ગીતાર્થ જ દ્રવ્ય અને ભાવ ઉભયથી એકાકી બને છે.

**શંકા** :–તમે જે આગમવચનની સાક્ષી આપો છો તેમાં 'આવી સ્થિતિમાં પણ ગીતાર્થ જ એકલો વિચરે, અગીતાર્થ નહિ' એવી વિશેષ વાત તો કરી નથી, તો તમે કેમ ગીતાર્થને જ દ્રવ્ય–ભાવ ઉભયથી એકત્વ હોવું કહો છો?

**[ગુરુપારતન્ત્ર્ય વિના અગીતાર્થને પાપપરિહાર અશક્ય]**

**સમાધાન** :–તે આગમવચનમાં એકાકી વિહારની પણ પાપપરિહાર અને કામોમાં અસંગ દ્વારા જ જે અનુજ્ઞા કહી છે તેનાથી અર્થાપત્તિથી ગીતાર્થ જ અધિકારી હોવાનું જણાય છે. કારણ કે એકાકી અગીતાર્થને પાપપરિહારાદિ સંભવતા નથી. ગીતાર્થને આધીન રહ્યા વગર વિચરતો અગીતાર્થ પાપોનું વર્જન કરવાને સમર્થ હોતો નથી, કારણ કે જ્ઞાનની ગેરહાજરીમાં, પ્રાપ્ત પદાર્થોના સમ્યક્સ્વરૂપનો વિવેક ન હોવાથી પાપવર્જન સંભવતું નથી. કહ્યું છે કે 'અજ્ઞાની શું કરશે? અથવા તો આ છેક=હિતકર છે કે પાવક=અહિતકર છે એ શી રીતે જાણશે?' વળી તેથી જ ભોગો પ્રત્યે અનાસક્ત રહેવું પણ તેને સંભવતું નથી. કારણ કે જ્ઞાનની સહાયતા વિના કામાભિષ્વંગના દોષનું નિવારણ થતું નથી. વળી કેવલ અગીતાર્થના વિહારનો પણ આગમમાં અન્યત્ર નિષેધ કર્યો હોવાથી આ સૂત્ર ગીતાર્થ વિષયક હોવું જણાય છે. કહ્યું છે કે "વિહાર પ્રથમ નંબરે ગીતાર્થોનો હોય છે અને બીજા નંબરે ગીતાર્થમિશ્રિતોનો (ગીતાર્થ અને તેને આશ્રીને રહેલા અગીતાર્થોનો) હોય છે. આ બેથી ભિન્ન ત્રીજા કોઇ પ્રકારના વિહારની શ્રી જિનેશ્વરોએ અનુજ્ઞા આપી નથી."

વળી અગીતાર્થને પારમાર્થિકજ્ઞાન ન હોવા છતાં ગુરુપારતન્ત્ર્ય દ્વારા જ રત્નત્રય-ઘટકીભૂત જ્ઞાન સિદ્ધ થાય છે. તેથી એને તો સ્વોચિત સહાયના અલાભનો પ્રશ્ન જ ન હોવાથી એકાકી વિહાર કરવાની જરૂર રહેતી નથી. અને છતાં નિષ્કારણ એકાકી વિહાર કરે તો એ એના સ્વચ્છંદ વિહારરૂપ બને. તેથી એકાકી વિહારમાં ગીતાર્થ જ અધિકારી છે એ નિર્ણીત થાય છે. કહ્યું છે કે "તેથી તદન્યનો લાભ ન હોવાના વિષયવાળું આ સૂત્ર સિદ્ધાન્તોક્ત નિપુણ યુક્તિઓથી ગીતાર્થ અંગે જ હોવું જાણવું." ॥૧૮૨॥

અધ્યાત્મ અંગેના આ વિષયમાં વિસ્તારથી વિવેચન ઇચ્છતા જીવોને માટેનો મોટો

**किं बहुणा इह जह जह रागद्दोसा लहुं विलिज्जंति ।**
**तह तह पयट्टियव्वं एसा आणा जिणिंदाणं ॥१८३॥**

[ किं बहुनेह यथा यथा रागद्वेषौ लघु विलीयेते । तथा तथा प्रयतितव्यमेषाज्ञा जिनेन्द्राणाम् ॥१८३॥ ]

इह खलु रागद्वेषौ संसारस्य कारणम्, तन्मूलकप्रवृत्तिजनितधर्माऽधर्माभ्यामेवापरापरशरीरसन्तानरूपसंसारोत्पादनात्, तद्विलये च तदनुत्पत्त्या पुंसामपुनर्भवः सम्भवतीति निर्विवादम् । एवं च यैस्तत्त्वज्ञानादेव मुक्तिरभिधीयते तैरपि तत्त्वज्ञानेन मिथ्याज्ञानादिनाशक्रमेणैव तदुत्पत्त्यभ्युपगमात् रागद्वेषविलयस्य तद्धेतुत्वमवश्यमभ्युपेयम् । यैरपि कर्मण एव प्राधान्येन मुक्तिहेतुत्वमभ्युपेयते तैरपि तत्कर्मणो रागद्वेषनाशादुत्पत्तिः [पाठान्तरम्–नाश एव तदुत्पत्तिः] अभ्युपेया, हेतूच्छेदे पुरुषव्यापारात् । येऽपि स्याद्वादामृतपानपीनहृदया ज्ञानकर्मणोः समुच्चियस्य मोक्षकारणत्वमाहुः, तेऽपि ताभ्यां रागद्वेषविलयेन वीतरागत्वप्राप्त्यैव तदुत्पत्तिमाहुः, ततस्तदुभयक्षयादेव मोक्षोत्पत्तिरिति सर्वेषामभिमतम्, तथा च तद्विजयोपाय एव प्रवर्त्तितव्यम्, ज्ञाननिष्ठतया, क्रियानिष्ठतया, तपोनिष्ठतया, एकाकितयाऽनेकाकितया वा येन येनोपायेन माध्यस्थ्यभावना समुज्जीवति स स एवोपायः सेवनीयो, नात्र विशेषाग्रहो विधेयोः, न हि समुपस्थिते कार्ये इष्टदेशं यियासुरनुपस्थितगजारोहायैव प्रतीक्षते न तूपस्थितमपि तुरगं नारोहतीति । तस्मादेनामेव भगवतः परमाज्ञामवगम्य तदाराधना विधेया, तयैव सर्वार्थसिद्धेरिति सर्वमवदातम् ॥१८३॥

---

અનુશાસન પ્રકાર છે જ, પણ અપ્રસંગ આવેલ તેનો અતિવિસ્તાર કરવો યુક્ત નથી, છતાં પણ ઉપદેશના સારભૂત અને સકલ સંમત ઉપદેશ આપતા ગ્રન્થકારશ્રી કહે છે–

**ગાથાર્થ** :–વધારે શું કહેવું? અહીં રાગ–દ્વેષ જે જે રીતે શીઘ્ર વિલય પામતા જાય તે તે રીતે પ્રવર્ત્તવું. એવી શ્રીજિનેશ્વરદેવોની આજ્ઞા છે.

**[સર્વસંમત સારભૂત ઉપદેશ]**

રાગ–દ્વેષમૂલક પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલ પુણ્ય–પાપથી જ બીજા બીજા ભવોમાં શરીરોની પરંપરા ચાલવારૂપ સંસાર પ્રવર્ત્તતો હોવાથી રાગ–દ્વેષ જ સંસારના કારણભૂત છે. રાગ–દ્વેષનો વિલય થએ છતે એ પુણ્ય–પાપ જ ઉત્પન્ન થતાં અટકી જવાથી પુનર્ભવ સંભવતો નથી એ વાત નિર્વિવાદ છે. તેથી જેઓ તત્ત્વજ્ઞાનથી જ મુક્તિ થવી કહે છે, તેઓએ પણ તત્ત્વજ્ઞાનથી ક્રમશઃ મિથ્યાજ્ઞાનાદિના નાશ દ્વારા જ તે માની હોવાથી રાગદ્વેષવિલયને મોક્ષહેતુ માનવો જ જોઇએ. એમ જેઓ કર્મ (ક્રિયા) ને જ મુખ્યતયા મુક્તિહેતુ માને છે; તેઓએ પણ તે કર્મથી રાગદ્વેષ નાશ દ્વારા જ મુક્તિની ઉત્પત્તિ માનવી જોઈએ. કારણ કે કાર્યનો ઉચ્છેદ કરવો હોય ત્યારે જીવો તેના કારણના ઉચ્છેદમાં જ પ્રવર્ત્તે છે. તેથી રાગદ્વેષનો નાશ કરવા જ તે તે ક્રિયામાં જીવો પ્રવર્તે છે.

વળી સ્યાદ્વાદરૂપ અમૃતના પાનથી પુષ્ટ હૃદયવાળા જેઓ જ્ઞાન–કર્મના સમુદાયને મોક્ષકારણ માને છે, તેઓ પણ તે બે વડે રાગદ્વેષ વિલય કરીને વીતરાગતાની પ્રાપ્તિ

निबन्धसिद्धिं विनिवेद्य शोधयितुं विशेषज्ञानभ्यर्थयते—

अज्झप्पमयपरिक्खा एसा सुत्तीहिं पूरिया जुत्ता ।
सोहंतु पसायपरा तं गीयत्था विसेसविऊ ॥१८४॥

[ अध्यात्ममतपरीक्षैषा सूक्तिभिः पूरिता युक्त्या । शोधयन्तु प्रसादपरा तां गीतार्था विशेषविदः ॥१८४॥ ]

स्पष्टा ॥१८४॥ **ग्रन्थप्रशस्ति :–**

एतां वाचमुवाच वाचकवरो वाचंयमस्याग्रणीरस्या एव च भाष्यकृत्प्रभृतयो निष्कर्षमातेनिरे ।
एतामेव वहन्ति चेतसि परब्रह्मार्थिनो योगिनो रागद्वेषपरिक्षयाद्भवति यन्मुक्तिर्न हेत्वन्तरैः ॥१॥

लावण्योपचयो यथा मृगदृशः कान्तं विना कामिनं
भैषज्यानुपशान्तभस्मकरुजः सद्भक्ष्यभोगो यथा ।
अप्रक्षाल्य च पङ्कमङ्कसिचये कस्तूरिकालेपनम्
रागद्वेषकषायनिग्रहमृते मोघ(घः)प्रयासस्तथा ॥२॥

---

દ્વારા જ મોક્ષોત્પત્તિ કહે છે. તેથી એ બેના ક્ષયથી જ મોક્ષોત્પત્તિ હોવી બધાને અભિમત છે એ વાત નક્કી થાય છે. તેથી તે બેને જીતવાના ઉપાયોમાં જ પ્રવર્ત્તવું જોઈએ. જ્ઞાન, ક્રિયા કે તપમાં લીન બનીને, એકાકી રહીને કે ગચ્છમાં રહીને, જે જે ઉપાયથી માધ્યસ્થભાવ પ્રગટે તે તે ઉપાય સેવવા જોઈએ. એમાં 'જ્ઞાન જ આરાધવું જોઈએ' ઇત્યાદિરૂપ કોઈ વિશેષ આગ્રહ રાખવો જોઈએ નહિ. કાર્ય ઉપસ્થિત થએ છતે ઈષ્ટદેશમાં જવાને ઇચ્છનાર વ્યક્તિ હાજર એવા પણ ઘોડાને છોડીને અનુપસ્થિત હાથી પર જ આરોહણ કરવાની કંઇ પ્રતીક્ષા કરતો નથી. તેથી રાગદ્વેષને ઘટાડવાના ઉપાયોમાં પ્રવૃત્તિ કરવી એ જ ભગવાનની પરમ આજ્ઞા છે એવું જાણી એની આરાધના કરવી જોઈએ. કારણ કે આજ્ઞાની આરાધનાથી જ સર્વ પ્રયોજનોની સિદ્ધિ થાય છે. ॥૧૮૩॥

સ્વપ્રબન્ધસિદ્ધિનું નિવેદન કરી વિશેષજ્ઞોને તેની વિશુદ્ધિ કરવાની વિનંતિ કરતાં ગ્રન્થકારશ્રી કહે છે—

યુક્તિયુક્ત સુંદર ઉક્તિઓ વડે આ અધ્યાત્મમતની પરીક્ષા યુક્ત રીતે પૂર્ણ કરી. પ્રસાદ કરવામાં તત્પર વિશેષજ્ઞ ગીતાર્થો તેને શુદ્ધ કરવા પ્રસાદ કરો. ગાથાર્થ સ્પષ્ટ છે. ॥૧૮૪॥

**[ ગ્રન્થપ્રશસ્તિ ]**

રાગ–દ્વેષના ક્ષયથી મુક્તિ થાય છે, બીજા હેતુઓથી નહિ એ વાતને જ સાધુઓમાં અગ્રણી વાચકવર **શ્રીઉમાસ્વાતિ મહારાજે** કહી છે, ભાષ્યકારશ્રી **જિનભદ્રગણિક્ષમાશ્રમણ** વગેરે આચાર્યોએ પણ એના જ નિષ્કર્ષનો વિસ્તાર કર્યો છે, તેમજ પરબ્રહ્મના અર્થી યોગીઓ પણ આ જ વાત ને હૃદયમાં ધારણ કરે છે. ॥૧॥

મનોહર પ્રેમી વિના સ્ત્રીનો લાવણ્ય ભંડાર જેમ નિષ્ફળ છે, ઔષધથી જેનો ભસ્મકનો રોગ શાંત થયો નથી એવાને સારું ભોજન પણ જેમ વ્યર્થ છે, શરીર

आत्मध्यानकथार्थिनां तनुभृतामेता गिरः श्रोत्रयोः
श्रीमज्जैनवचोऽमृताम्बुधिसमुद्भूताः सुधाबिन्दवः ।
एता एव च नास्तिकस्य नितरामास्तिक्यजीवातवः
सन्तप्तत्रपुसम्भवद्रवमुचः पीडाकृतः कर्णयोः ॥३॥
आशाः श्रीमदकब्बरक्षितिपतिश्चित्रं द्विषद्भामिनी–
नेत्राम्भोमलिनाश्चकार यशसा यस्ताः सिताः प्रत्युत ।
एकः सैन्यतुरङ्गनिष्ठुरखुरक्षुण्णां चकार क्षमा–
मन्यस्तां हृदये दधार तदपि प्रीतिर्द्वयोः शाश्वती ॥४॥
स श्रीमत्तपगच्छभूषणमभूद्भूपालभालस्थलव्यावल्गन्मणिकान्तिकुङ्कुमपयःप्रक्षालिताङ्घ्रिद्वयः ।
षट्खण्डक्षितिमण्डलप्रसृमराखण्डप्रचण्डोल्लसत्पाण्डित्यध्वनदेकडिण्डिमभरः श्रीहीरसूरीश्वरः ॥५॥
स्वैरं स्वेहितसाधनीः प्रसृमरे स्वीयप्रतापानले वाग्मन्त्रोपहृता विपक्षयशसामाधाय लाजाहुतीः ।
यो दुर्वादिकुवासनोपजनितं कष्टं निनाय क्षयं स श्रीमान् विजयादिसेनसुगुरुस्तत्पट्टरत्नं बभौ ॥६॥
धारावाह इवोन्नमय्य नितमां यो दक्षिणस्यामपि
स्वैरं दिक्षु ववर्ष हर्षजननीर्विद्वत्पदाख्या अपः ।
तत्पट्टत्रिदशाद्रितुङ्गशिखरे शोभां समग्रां दधत् ।
स श्रीमान् विजयादिदेवसुगुरुः प्रद्योतते साम्प्रतम् ॥७॥

---

પરના કાદવને ધોયા વગર કસ્તુરીનો લેપ કરવો જેમ નિષ્ફળ છે તેમ રાગ–દ્વેષરૂપ કષાયનો નિગ્રહ કર્યા વિના મોક્ષ અંગેનો સઘળો પ્રયાસ પણ નિષ્ફળ છે. ॥૨॥

આત્મધ્યાન અંગેની વાર્તાના અર્થી એવા જીવોના બે કાનમાં શ્રીમદ્ જૈનવચન-રૂપ અમૃતસમુદ્રમાંથી નીકળેલ આ વાણી સુધાબિન્દુઓની જેમ પરિણમે છે. (જ્યારે) આસ્તિક્યની સંજીવની જેવી આ જ વાણી નાસ્તિકના કાનમાં તપાવેલા સીસાના રસ-બિંદુઓને ઝરાવનાર તરીકે અને તેથી પીડા કરનાર તરીકે પરિણમે છે. ॥૩॥

એક શ્રીમાન્ **અકબ્બર બાદશાહે** દિશાઓને શત્રુની સ્ત્રીઓના આંસુઓથી મલીન કરી જ્યારે બીજા, કે જેમણે તે દિશાઓને પોતાના યશથી ઉજ્જવળ કરી. વળી અકબ્બરે ક્ષમા(=પૃથ્વી)ને સૈન્યના ઘોડાઓની કઠોર ખરીઓથી ઉખેડી નાખી. જ્યારે બીજા, કે જેઓએ ક્ષમાને હૃદયમાં ધારણ કરી. આવી વિપરીતતા હોવા છતાં અકબરની જેની સાથે પ્રીતિ શાશ્વતી બની. વળી જેઓના બે પગ ભૂપાલોના મુકુટમાં રહેલ મણિઓની કાન્તિરૂપી કંકુના પાણીથી ધોવાયેલા છે, તેમજ જેમના અખંડ અને પ્રચંડ પાંડિત્યના વાગતા ડિંડિમનો અવાજ છ ખંડના ક્ષિતિમંડલમાં પ્રસરી રહ્યો છે તે **શ્રીહીરસૂરીશ્વરજી** મહારાજા શ્રીમત્ તપાગચ્છના ભૂષણ હતા. ॥૪–૫॥

સ્વૈરપણે સ્વઈચ્છિતને સાધી આપનાર અને વાગ્મન્ત્રથી લવાએલી એવી વિપક્ષયશ-રૂપ ધાન્યની આહૂતિઓને પોતાના પ્રસરતાં પ્રતાપરૂપી અગ્નિમાં નાખીને જેઓએ

यद्गाम्भीर्यविनिर्जितो जलधिरप्युल्लोलकल्लोलभृत्
राज्ञे सर्वमिदं निवेदयति किं व्याकीर्णलम्बालकः ।
तत्पट्टोदयपर्वतेऽभ्युदयिनः पुष्णाति पूष्णस्तुलां
स श्रीमान् विजयादिसिंहसुगुरुः सौभाग्यभाग्यैकभूः ॥८॥

गच्छे स्वच्छतरे तेषां परिपाट्योपतस्थुषाम् । कवीनामनुभावेन नवीनां कृतिमादधे ॥९॥

तथाहि– सहस्रैर्मघवा हरश्च दशभिः श्रोत्रैर्विधिश्चाष्टभि–
र्येषां कीर्त्तिकथां सुधाधिकरसां पातुं प्रवृत्ताः समम् ।
ते श्रीवाचकपुङ्गवास्त्रिजगतीविख्यातधामाश्रयाः
कल्याणाद्विजयाह्वयाः कविकुलालङ्कारतां भेजिरे ॥१०॥
हैमव्याकरणे कषोपल इवोद्दीप्तं परीक्षाकृतः
पर्य्यैक्षन्त निबद्धरेखमखिलं येषां सुवर्णं वचः ।
ते प्रोन्मादिकुवादिवारणघटानिर्भेदपञ्चाननाः
श्रीलाभाद्विजयाह्वयाः सुकृतिनः प्रौढश्रियं शिश्रियुः ॥११॥

---

દુર્વાદીઓની કુવાસનાથી થયેલ કષ્ટનો અંત આણ્યો, તે શ્રીમાન્ **વિજયસેનસૂરિ મહારાજ સાહેબ** તે શ્રીહીરસૂરીશ્વરજી મહારાજની પાટ પર રત્નની જેમ શોભ્યા. ॥૬॥

મેઘની જેમ દક્ષિણ દિશામાં પણ ઊંચે ચઢીને (અભ્યુદય પામીને) જેમણે દિશાઓમાં સ્વૈરપણે હર્ષજનક એવું 'વિદ્વાન્' પદ નામનું પાણી વરસાવ્યું તે સમગ્ર શોભાને ધારણ કરતાં **શ્રીમદ્વિજય દેવસૂરિ મહારાજ** શ્રી સેનસૂરિમહારાજની પાટરૂપ ઊંચા મેરુશિખર પર અત્યારે ચમકી રહ્યા છે. ॥૭॥

જેઓના ગાંભીર્યથી જિતાયેલો સમુદ્ર પણ (જાણે કે) ઉછળતાં મોજાઓને ધારણ કરીને (તે મોજારૂપ) અસ્તવ્યસ્ત લાંબી વાળની લટોવાળો થઈને રાજાને સર્વ નિવેદન કરે છે (જેમકે ગુનેગાર શરમથી નીચો પડીને બધું નિવેદન કરે છે ત્યારે એના વાળની લટો અસ્તવ્યસ્ત થઈને જમીન પર પડે છે) તે સૌભાગ્ય અને ભાગ્યના અદ્વિતીય આશ્રય ભૂત અને શ્રી વિજયદેવ સૂરિ મહારાજની પાટ રૂપ ઉદયાચલ પર ઉદય પામેલા તે શ્રી **વિજયસિંહસૂરિ મહારાજ** સૂર્યની તુલના કરી રહ્યા છે. ॥૮॥

તેઓના સ્વચ્છતર ગચ્છમાં ક્રમશઃ થએલા કવિઓના પ્રભાવથી મેં આ નવી કૃતિ બનાવી. ॥૯॥

અમૃત કરતાં પણ અધિક રસવાળી જેઓની કીર્તિકથાને પીવાને (સાંભળવાને) ઇન્દ્ર હજાર કાનોથી, શંકર દશકાનોથી અને બ્રહ્મા આઠ કાનોથી એકસાથે પ્રવૃત્ત થયા તે ત્રણ જગતમાં વિખ્યાત તેજના આશ્રયસ્થાન વાચકપુંગવ **શ્રી કલ્યાણવિજય મહારાજ** કવિકુલના અલંકાર સમાન હતા. ॥૧૦॥ હૈમવ્યાકરણરૂપ કસોટી પત્થર પર રેખા પાડનાર જેઓના ઉદ્દીપ્ત સુવર્ણવચનની પરીક્ષકોએ પરીક્ષા કરી [અને જેઓનું

यत्कीर्त्तिश्रुतिधूतधूर्जटिशिरोविस्रस्तसिद्धापगा–
कल्लोलप्लुतपार्वतीकुचगलत्कस्तूरिकापङ्किले ।
चित्रं दिग्वलये तथैव धवले नो पङ्कवार्त्ताप्यभूत्
प्रौढिं ते किं विबुधेषु जीतविजया प्राज्ञाः परामैयरुः ॥१२॥
येषामत्युपकारसारविलसत्सारस्वतोपासनाद्
वाचः स्फारतराः स्फुरन्ति नितमामस्मादृशामप्यहो ।
धीरश्लाघ्यपराक्रमास्त्रिजगतीचेतश्चमत्कारिणः
सेव्यन्ते हि मया नयादिविजयप्राज्ञाः प्रमोदेन ते ॥१३॥
तेषां प्राप्य परोपकारजननीमाज्ञां प्रसादानुगां
तत्पादाम्बुजयुग्मसेवनविधौ भृङ्गायितं बिभ्रता ।
एतन्न्यायविशारदेन यतिना निःशेषविद्यावतां
प्रीत्यै किञ्चन तत्त्वमाप्तसमयादुद्धृत्य तेभ्योऽर्पितम् ॥१४॥
यद्युच्चैः किरणाः स्फुरन्ति तरणेस्तत्किं तमःसञ्चयैः,
स्वायत्ता यदि नाम कल्पतरवः स्तब्धैर्द्रुमैः किं ततः ।
देवा एव भवन्ति चेन्निजवशास्तत् किं प्रतीपैः परैः
सन्तः सन्तु मयि प्रसन्नमनसोऽत्युच्छृङ्खलैः किं खलैः ॥१५॥

---

વચન સોટચના સોના જેવું શુદ્ધ સિદ્ધ થયું] તે પ્રોન્મત્તકુવાદીરૂપ હાથીઓના ટોળાને ભેદવામાં સિંહસમાન **શ્રી લાભ વિજય મહારાજ** નામના સુકૃતીએ (પંડિતે) પ્રૌઢ લક્ષ્મી (ઊંચી શોભાને) ધારણ કરી. ॥૧૧॥ જેઓની કીર્ત્તિના શ્રવણથી ડોલી ઊઠેલા શંકરના મસ્તક પરથી પડેલી ગંગાનદીના તરંગમાં ડૂબેલ પાર્વતીના સ્તનમાંથી ગળતી કસ્તુરીથી કાદવવાળા બનેલ અને પછી તે જ કીર્ત્તિથી ઉજ્જવળ થયેલ દિગ્વલયમાં પંક (મલિનતા)ની વાત (અંશ) પણ નહોતી તે પ્રાજ્ઞ **શ્રી જીતવિજય મહારાજે** પંડિતોમાં શ્રેષ્ઠ પ્રૌઢતાને ધારણ કરી. ॥૧૨॥

જેઓના અત્યંત ઉપકારના સારભૂત વિલસતા સરસ્વતીમંત્રની ઉપાસનાથી અમારા જેવાઓને પણ અત્યંત વિશદ વચનો સ્ફુરે છે તે, ધીરપુરુષોને વખાણવા યોગ્ય પરાક્રમવાળા તેમજ ત્રણ જગત્‌ના ચિત્તને ચમકારો પમાડનારા પંડિત **શ્રીનયવિજય** મહારાજ સાહેબની હું સાનંદ ઉપાસના કરૂં છું ॥૧૩॥ તેઓની પરોપકારજનક કૃપાયુક્ત આજ્ઞા મેળવીને, તેઓના બે ચરણકમલની ઉપાસના કરવામાં ભમરા જેવા બનેલા ન્યાય વિશારદ બિરૂદવાળા સાધુએ (યશોવિજય મહારાજે) સઘળા વિદ્વાનોની પ્રીતિ માટે શ્રીજિનપ્રવચનમાંથી આ કંઈક તત્ત્વનો ઉદ્ધાર કરી તેઓને અર્પણ કર્યો છે. ॥૧૪॥ જો સૂર્યકિરણો અત્યંત પ્રકાશી રહ્યા છે તો અંધકારથી શું? (અર્થાત્ અંધકારની શું પરવા કરવી'તી.) જો કલ્પવૃક્ષો સ્વાધીન હોય તો અક્કડ ઊભેલા ઠુંઠા જેવા વૃક્ષોથી શું?

भिन्नस्वर्गिरिसानुभानुशशभृत्प्रत्युच्छलत्कन्दुक-
क्रीडायां रसिको विधिर्विजयते यावत्स्वतन्त्रेच्छया ।
तावद्भावविभावनैककुतुकी मिथ्यात्वदावानल-
ध्वंसे वारिधरः स्फुरत्वयमिह ग्रन्थः सतां प्रीतिकृत् ॥१६॥

**इति श्रीमद्यशोविजयोपाध्यायविरचितटीकासमेता अध्यात्ममतपरीक्षा ॥**

---

(અર્થાત્ એની કોઇ જરૂર નથી), દેવો જ જો પોતાને આધીન થઈ જાય તો બીજા વિરોધીઓથી શું ? (અર્થાત્ તેઓ શું બગાડી શકે ? તેઓથી શું ભય રાખવો ?) એમ સજ્જનો જો મારાપર પ્રસન્ન મનવાળા હોય તો ઉચ્છૃંખલ દુર્જનોથી શું ? અર્થાત્ દુર્જનોની મને કોઇ પરવા નથી. ॥૧૫॥ મેરુ પર્વતના શિખર વડે જુદા પડાયેલા સૂર્ય-ચન્દ્રરૂપ દડાની ક્રીડા કરવામાં જ્યાં સુધી કુદરત પોતાની સ્વતંત્ર ઇચ્છાથી રસિક છે ત્યાં સુધી ભાવોને પ્રકટ કરવાના એકમાત્ર તાત્પર્યવાળો અને મિથ્યાત્વરૂપ દાવાનલને શાંત કરવામાં વાદળા જેવો તેમજ સજ્જનોને આનંદ કરાવનાર એવો આ ગ્રન્થ સ્ફૂર્તિ કરો. ॥૧૬॥

**શ્રી નયવિજય** મહારાજ જેઓના ગુરુ હતા, **શ્રી પદ્મવિજય** મહારાજ જેઓના સહોદર ભાઈ હતા, કાશીના પંડિતોએ જેમને સસમારોહ **ન્યાયવિશારદ** બિરૂદ આપ્યું હતું, તે મહામહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજય** મહારાજે રચેલો આ **અધ્યાત્મમત-પરીક્ષા** ગ્રન્થ પૂરો થયો. સાથે સાથે,

કર્મસાહિત્યનિષ્ણાત સિદ્ધાંત મહોદધિ સ્વ. આ. ભગ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન વર્ધમાનતપોનિધિ ન્યાયશાસ્ત્રનિપુણમતિ આ. ભગ. શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન નૂતનકર્મસાહિત્યસર્જનના એક આધારસ્તંભ પ. પૂ. પંન્યાસપ્રવર **શ્રી ધર્મજિત્‌વિજય** ગણિવરના શિષ્યરત્ન કર્મ-સાહિત્ય આલેખક પ. પૂ પં. પ્રવરશ્રી **જયશેખરવિજય** ગણિવરના શિષ્યાણુ મુનિ **અભયશેખર** વિજયે આ **અધ્યાત્મમતપરીક્ષા** ગ્રન્થનો કરેલો **ભાવાનુવાદ** સાનંદ સંપૂર્ણ થયો. [વિ૦સં૦ ૨૦૪૨]

# પરિશિષ્ટ–૧

## અધ્યાત્મમતપરીક્ષા ગ્રન્થની ગાથાઓનો અકારાદિક્રમ


| ગાથાંશઃ | गाथांकः | ગાથાંશઃ | गाथांकः |
|---|---|---|---|
| अंते य अंतकिरिया | १४६ | इरिआवहिआ किरिया | ११८ |
| अज्झप्पं णामाई | २ | उज्जुसुअस्स य कोहो | २१ |
| अज्झप्पमयपरिक्खा | १८४ | उज्जुसुयणयमएणं | १५० |
| अणसणसहविजोगा | २५ | उवकुणइ जह सरीरं | १३ |
| अणिगूहन्तो सत्तिं | ३४ | उवधिसहिओ ण सुज्झइ | ५ |
| अणुकूलं पडिकूलं | ८९ | उवयारेण अचेला | २९ |
| अधुवाण सुहदुहाणं | ९० | उस्सगववायाणं | ३८ |
| अन्नह वक्कजडाणं | १४३ | एएण जइ अचेला | ३० |
| अन्नाणजं तु दुक्खं | ९१ | एएणुवगरणेणं | ३९ |
| अब्भंतरवज्झाणं | ४५ | एत्तोच्चिय बहुदुक्ख० | ९३ |
| अम्हं णाभिनिवेसो | १५६ | एत्तोच्चियसिद्धाणं | १५५ |
| अविजियहिरिकुच्छाणं | ३६ | एत्थ समाहाणविही | १४२ |
| असणाइम्मि पवित्ती | ८२ | एयं परमरहस्सं | १७१ |
| अस्सायवेअणिज्जं | ७९ | एयं विणा ण मुत्ती | ८३ |
| अह चरणमणुट्ठाणं | १३७ | एयं विदूसगाणं | १५ |
| अह जइ जिणस्स | ७५ | एयं सहाववाणी | ९९ |
| अह जइ सव्वणयमयं | ६३ | एयमजुत्तं जम्हा | १६९ |
| अह सो सेलेसीए | १२७ | एवं कवलाहारो | १२२ |
| अह हिरिकुच्छाहि सया | ३७ | एवं च सचेलाणं | २६ |
| अहिया जइ तुह किरिया | ६२ | एवं परमप्पत्तं | १२५ |
| आया खलु सामइए | १३९ | एवं पवड्ढभावो | ७१ |
| आवस्सयणिज्जुत्तीइ | ७७ | एवं ववहाराउ | ६१ |
| आसन्नसिद्धियाणं | १७२ | ओरालिअत्तणेणं | ११६ |
| आहारचिंतणुब्भव | ८५ | ओरालिअदेहस्स य | ११२ |
| आहारो ण पमाओ | १०९ | कारणिगं जह वत्थं | ३५ |
| इय इत्थीणं सिद्धी | १७० | किं बहुणा इह जह जह | १८३ |
| इय सत्तमाइफासग | १०५ | किरिया खलु ओदयिगी | १३८ |

| गाथांशः | गाथांकः |
|---|---|
| कीवस्स कप्पिअस्सिव | १६७ |
| केइ बिंति मुणीणं | १४८ |
| को वा जियवीसासो | १७४ |
| कोहो माणो दोसो | २० |
| खाओवसमिगभावो | ६९ |
| खिज्जइ बलं छुहाए | ९६ |
| खेओ णोईरिज्जइ | १०२ |
| घाइं व वेअणीयं | ८८ |
| चरणं जइ उवओगो | १४४ |
| चरणरिउणो न जोगा | १४९ |
| चरणविरहेण हीणत्त० | १६१ |
| चुयधम्मस्स उ मुणिणो | १७९ |
| जं च जियलक्खणं तं | १५२ |
| जं पुण तं इहभवियं | १३४ |
| जं रागदोसकम्मं | १९ |
| जइ उवहिभारगहणं | १४ |
| जइ किरियारूवं चिय | १३३ |
| जइ चेलभोगमेत्ता | २७ |
| जइ वि इमो सिद्धंतो | १५७ |
| जमणुवयारोवि बलं | ६७ |
| जम्हा दंसणनाणा | ६० |
| जह जलमवगाहन्तो | २८ |
| जह णाम कोइ पुरिसो | १७७ |
| जह देहपालणट्ठा | २४ |
| जा उवगरणे मुच्छा | ६ |
| जा खलु सरागचरिया | १० |
| जा खलु सहावसिद्धा | ३ |
| जिणकयमेव य कम्मं | ३९ |
| जे णं सयलादेसो | ६६ |
| जो किर जयणापुव्वो | ८ |
| जोगं विणावि किरिया | ९८ |
| जोगवसेणुवणीया | ५२ |
| जो परदव्वम्मि पुणो | ५५ |
| जो पावं गरहंतो | १७८ |
| जो पुण मुत्तिअभावो | १२१ |
| जो पुण भोए भोत्तुं | १७३ |
| झाणं करणपयत्तो | ९ |
| झाणतवोवाघाओ | १११ |
| ण पुरीसाइदुगुंछिय | १२० |
| ण य केवलनाणाइ | ९५ |
| ण य खइअं पि चरित्तं | १४० |
| ण य तं कवलाजोग्गं | ९४ |
| ण य तं विरियविरहियं | १०१ |
| ण य तस्स थोवयाए | १०८ |
| ण य तासिं मणविरिअं | १६६ |
| ण य दुप्पणिहाणं पिहु | १०४ |
| ण य धम्मो व सुहं वा | ५० |
| ण य निच्छयनयस्स नाणे | १५३ |
| ण य परुवयारहाणी | ११९ |
| ण य मइणाणपसत्ती | ११७ |
| ण य मोक्खसुहे लद्धे | १३५ |
| ण य वयणपयत्तेणं | १०० |
| ण य सुक्खं दुक्खं वा | ९२ |
| ण विणा रागद्दोसे | ४ |
| ण हु सा उचियपवित्ती | ८४ |
| णाहं होमि परेसिं | ५६ |
| णिच्छयओ सकयं चिय | ४८ |
| णिच्छयणयस्स विसयं | ६८ |
| णिद्दाए वि ण हेऊ | १०७ |
| णिप्फत्ती व फलट्ठा | ४६ |
| णेगंतियमित्थीणं | १६३ |
| णे व पइण्णाभंगो | १३६ |
| णोकम्मदव्वराओ | १८ |
| तइए दोण्ह वि समया | ४७ |

| गाथांशः | गाथांकः | गाथांशः | गाथांकः |
|---|---|---|---|
| तत्तत्थसुत्तभणिया | ७८ | नाणावरणाईणं | १२९ |
| तत्तो माणसदुक्खं | ८६ | नामं ठवणा दविए | १७ |
| तम्मिच्छं वेयखओ | १६२ | निरतिसयाणं कप्पो | ३२ |
| तम्हा सपरविभागो | ५३ | पंचसिमिओ तिगुत्तो | ४२ |
| तस्स मयं थीसिद्धा | १६० | पडिसिद्धसेवणं पुण | १२ |
| तस्स य सहावसिद्धा | १२६ | पणमिय पासजिणिंदं | १ |
| तस्स वरनाणदंसण | १२८ | पत्तं ममत्तहेऊ | ११० |
| तह परदव्वम्मि रई | ७ | परदव्वम्मि पवित्ती | २२ |
| तुल्लत्तमवेक्खाए | ५९ | परमोरालिअदेहो | ११३ |
| तेणं केवलनाणी | १२३ | पावं तह इत्थित्तं | १६८ |
| तेणं सुद्धुवओगो | १४१ | पावाणं पयडीणं | १६५ |
| ते पुण पनरसभेया | १५९ | पुच्छा दियंबराणं | ४१ |
| तेसिं सव्वा किरिया | १५८ | पुण्णपयडीण उदए | ५४ |
| तो परिणामाउ च्चिय | ५७ | बंधो परपरिणामा | ९७ |
| तो मोहणिज्जखयओ | ८७ | बलकालसोयणाए | १७६ |
| तो वेअणिज्जकम्मं | ७६ | भत्ताइ पोग्गलाण | ५१ |
| तो सक्का वुत्तुं जे | ७३ | भुत्तीइ सुहुप्पत्ती | १०३ |
| थिरियावगाहणा उ | १३० | मुक्खामुक्खविभागो | ६४ |
| दव्वेण जो अणेगो | १८२ | मोहविलएण नाणं | ११५ |
| दिन्तो व हरन्तो वा | ४९ | मोहाभिणिवेसेणं | ८१ |
| दूसइ अव्वाबाहं | ७४ | रागस्स व दोसस्स व | १६ |
| देहबलं जइ न दढं | १७५ | लुंपइ बज्झं किरियं | ४३ |
| धिइसद्धासुहविविइस | ७० | वत्थाइ णेव गंथो | २३ |
| नणु इह देसणिसेहे | १३२ | वेज्जुवदिट्ठं ओसहं | ३३ |
| नणु छुहतण्हा तण्हा | ८० | संघयणणामपगई | ११४ |
| नणु जइ सो कयकिच्चो | ७२ | संजमजोगे अब्भु० | १८० |
| नणु जोगनिरोहेणं | १४७ | संविग्गो गीयत्थो | १८१ |
| नणु बज्झंगं साहणं | ११ | सव्वं सहावसज्झं | ४४ |
| नणु सिद्धंते सिद्धो | १३१ | सव्वणयमयत्तं पुण | ६५ |
| न य चरणमोहबन्धो | १५१ | सिद्धन्तसिद्धधरणं | ४० |
| न वि आया चरणं चिय | १५४ | सिद्धी णिच्छयओ च्चिय | ५८ |
| नाणस्स विसुद्धीए | १२४ | सेलेसीए जत्तो | १४५ |
| | | हीणत्तं पुण नाणं | १६४ |
| | | हेऊ पमत्तयाए | १०६ |

# પરિશિષ્ટ—૨

## મૂળગત સાક્ષિપાઠોનો અકારાદિક્રમ...


साक्षिपाठांशः/पृष्ठांकः
अच्चाहारं ण महे/३०८
अणंतरसिद्धअसंसार/४२५
अणिगूहन्तो विरियं/८५
अणुवक्कमओ णासइ/२९१
अणुसिट्ठा य बहुविहं/४६४
अणुहवसिद्धं एयं/२०१
अथवा पञ्चसमिति/३६९
अथिरो अ होइ भावो/३७७
अनन्तं केवलज्ञानं/३५०
अन्तराया दानलाभ०/२११
[अभि०चि० ३/७२]
अन्नाणी किं काही/३७२
अपडिकुट्ठं उवधिं/२६
अपरिग्गहया सुत्ते/९४
अपुव्वं दट्ठूणं अब्भु०/१५२
अप्पा जाणइ अप्पा/३६६
अप्पाहन्ने वि इहं/१५८
अयोगिकेवलिष्वेव/३८०
अरहंतचेइयाणं/४९०
अरहन्तादिसुभत्ती/२७
अव्रतानि परित्यज्य/१४९
अस्सायमाइआउ/२१९
अहवा तणुजोगाहिय/५२
अहवेगनथमयं चिय/१७९
आउज्जनट्टकुसलाचि/१७०
आत्मधिया समुपात्तः/३३९
आत्माऽज्ञानभवंदुःखं/१३४
आत्मानमात्मना वेत्ति/३७२
आयाणे णिक्खेवे/३१
आया सामाइए/३६९
आयुषः क्षीणभाव०/३५०
आरुग्गबोहिलाभं/४८०
आलएणं विहारेणं/१४८
आलंबणाण भरिओ/१६३
आलंबणाणि वायण०/३०
आलंबणेण केणय/४०
आसन्नकालभव०/४६४
आहारे च विहारे/९२
आहारो च्व न गन्थो/६२
इक्कस्स कओ धम्मो/४९६
इच्छा हु आगाससमा/४७३
इत्थीए लिङ्गं.../४२८
इत्येतस्मिन् गुण०/५६
इयनाणलिंगसहिओ/१७०
इयरंमि विगप्पेणं/४९४
इह भविए० चरित्ते/३५६
इहलोगणिरावेक्खो/६७
उच्चारपासवणवंत/४९६
उदयखयखओव०/२८७
उदयखयखओव०/४३७
उदयगदा कम्मंसा/२६०
उपसर्गप्रसङ्गेपि/१४३
उम्मग्गादेसणाए/१००
उभयव्वावाराउ/२६६
उवकुणदि जोवि णिच्चं/२७
उवगरणं जिणमग्गे/१७
एएण पगारेणं/२८४

एकादश जिने/२२१
एगदिवसेण बहुआ/४९६
एगविहबंधगस्स/२२१
एत्थ णिरंजणभावे/३४१
एयाइं अकुव्वंतो/१६२
एयासिणं० दवियाया०/४१२
एवं निकाइआणवि/२८४
एवं विहाण वि इहं/३७७
कइविहा णं आया०/४०८
कत्ति कडं मे पावं/४८४
कत्तो सुत्तत्थागम/४९६
कप्पा आयपमाणा/३१
कप्पा कप्पे परिणिट्ठियस्स/४९४
कफविप्रुण्मलामर्श/४३७
कम्मोवक्कामिज्जइ/२७८
कामं उभयाभावो/१५७
कामो मिथ्यात्वमज्ञानं/२११
[अभि० चिन्ता० ३/७३]
काल चउक्कं उक्को०/३०
किइकम्मं च पसंसा/१६२
किं किंचणत्ति तक्कं/७५
किं च कमलेसु राओ/२७१
किं ते भंते जत्ता/३६१
किं पुण तणुसंरंभेण/५२
किं संजमोवयारं/३१
किञ्चित्काले वि फलं/२९४
कुणउ पसत्थालंबणस्स/२३३
केवलदेहो समणो/८५
केवल नाणेणत्थे णाउं/२६८
कोडीसहस्सपुहुत्तं/४१२
कोहंमि उ निग्गहिए/४२६
क्रियैव फलदा पुंसां/१६९
क्षायिके शुद्धसम्य०/३५०
क्षुत्पिपासाजरातङ्क/२०९
क्षुत्पिपासा शीतोष्णे/२२१
खाओवसमिगभावे/२०१
खीणम्मि अंतराए/३१३
गच्छगओ अणुओगी/४९७
गीअत्थो अ विहारो/४९८
गीअत्थो जायकप्पो/४९७
गुरुगुणरहिओ वि इहं/३७८
गुरुपारतंतं नाणं/४३६
गुव्विणी बालवच्छा य/
गेण्हदि णेव ण मुंचदि/२६०
चउहिं ठाणेहिं आहारसण्णा/२२८
चत्तपुत्तकलत्तस्स/४९२
चरणविरहाइया पुण/
चरमे नाणावरणं/४००
चिद्रूपानन्दमयः/३३९
चेइयकुलगणसंघे/४६३
छज्जीवनिकायमहव्वयाण/४९०
छज्जीवनिकायदया/४९०
छहिं ठाणेहिं० आहारं/८७
छुहा समा वेअणा नत्थि/२३८
[पिं०नि० ६६५]
जइ अमणस्स वि झाणं/२२
जइ ता असक्कणिज्जं/४७८
जइ ताणुभूइओन्निचय/२८९
जइवि अ पडिमाउ/१५७
जइवि पडिक्कमियव्वं/४८३
जइ सव्वं सकयं चिय/१२३
जं अन्नाणी कम्मं/१६८
जं केवलंति नाणं/२४५
जं च कयत्थस्स वि/२७१
जं तेहिं दायव्वं/४८०

जं दुक्कडंति० त चेव/४८३
जं दुक्कडंति० तं भुज्जो/४८३
जं बोहमउलणाई/२७१
जं सेलेसिगयाणवि/४१२
जत्तोच्चिय पच्चक्खं/१३८
जदि कुणदि कायखेदं/२९
जम्हा विगच्छमाणं/४०१
जयणाइ वट्टियव्वं/४४०
जस्स अणेसणमप्पा/६९
जह उल्ला साडिया/४१४
जह जह खमइ सरीरं/४७९
जह वा दीहा रज्जू/२९५
जह वेलंवगलिंगं/१५२
जह वोल्लगाईणं/२७१
जह सरणमुवगयाणं/४९४
जह सावज्जा किरिया/१५६
जाओ अ अजाओ अ/४९७
जाणंतो वि य तरिउं/१७१
जाणिज्जइ चिंतिज्जइ/४७३
जाणेइ जह मरिज्जइ/४७३
जादं सयं समत्तं/२४५
जावं च० सया समियं/३८५
जिणकप्पाजोगाणं/८८
जिणसिद्धा दिंति फलं/१५६
जिण्णासा वि हु एत्थं/२०४
जिनकप्पिया इत्थी णहवइ/४५४
जिनवचनं जानीते/४५९
जीवो गुणपडिवन्नो/४०८
जे पज्जएसु निरदा/३९१
जो खविदमोहकलुसो/२१
जो जहवायं न कुणइ/४८७
जो पगरे दिट्ठभत्तिं/४३४
जो हुज्ज व असमत्थो/४७७
ठाणणिसेज्जविहारा/२६१
ठिइअणुभागं कसायओ/२८२
ण तहिं दिवसा पक्खा/४९१
ण य तत्थवि तयणूणं/२०२
ण या लभिज्जा निउणं/४९८
ण हि दीहकालिअस्स/२७८
णिच्छयणयस्स चरण०/१३४
णियमा जिणेसु उ गुणा/१६०
णेगंतेण कयत्थो/२६९
तं च कहं वेइज्जइ/२६९
तं पुन्नं वा पावं वा/१२४
तणगहणाणलसेवा/३१
तणुजोगोच्चिय मण०/५२
तत्तो तव्विगमो खलु/२८४
तत्थ णं० अणुभाग०/२८०
तत्थ णं० असंसार/३८१
तत्थ णं जे ते सेलेसी०/३८०
तत्थ पमत्तसंजया/३०२
तथाहि तीर्थनाथानां/३२१
तथाहि योगमाहा०/३२०
तद् ज्ञानमेव न भवति/१८९
तम्हा किमत्थि वत्थुं/६२
तवसंजमो अणुमओ/१९२
तवसा उ निकाइआणं/२८५
तस्सोदयाईया/३८१
तहतणुवावाराहिय/५२
तह तुल्लम्मि वि कम्मे/२९५
तह निसिचाउक्काल/३१
तह भव्वकम्मरोगं/२७२
ता गीयंमि इमं खलु/४९८
तित्थयरगुणपडिमासु/१४९

तित्थयरा तप्पियरो/३३२
[बोधप्राभृतटीका–३२]
तिहिं ठाणेहिं वत्थं/८६
तुल्ले तणुजोगत्ते/५२
तेयाकम्माणं पुण/४००
तेसिं दंसणं नाण०/४१४
तो तं कत्तो भन्नइ/१८६
तो मुअइ नाणवुट्ठिं/५३
थोवाहारो थोवभणिओ/३०७
दंसणाणुवदेसो सिस्स०/२७
दव्वं माणं पूरिअं/३२७
दव्वजिणा जिणजीवा/१५५
[चैत्य० भा० ५१]
दाणाइ पराणुग्गह/१२३
दासेण मे खरो कीओ/१८०
दिंतस्स लभंतस्स व/३१३
दुगतिगचउक्कपणगं/७३
दोहि वि णएहि णीयं/१९२
धम्मं रक्खइ वेसो/८९
धर्माधर्मक्षये मोक्षः/१३९
धम्मेण परिणदप्पा/२७
न किर समुग्घाय/२६६
नखाः केशा रदाश्चा०/३२१
न जातु कामः कामानां/४७१
नणु तन्न जहोवचियं/२९१
न दातुं नोपभोक्तुं च/१३१
नाऊण वेअणिज्जं/२६६
नाणं अत्थंतगदं/२४५
नाणं च दंसणं चेव/४०३
नाणं पयासयं सोहओ/१८४
नाणं परंपरमणंतराउ/१८२
नाणं सविसयणिययं/१६९
नाणकिरियाहिं मोक्खो/१७१
नाणाभवाणु भवणा०/२८९
नाभुक्तं क्षीयते कर्म/२४२
[ब्रह्मवैवर्तपुराण उत्तर० ४/८१/५५]
निरभिस्संगं चित्तं/३६०
नो कप्पइ निग्गंथीए/४३३
नोसुयकरणे गुणजुं०/३६६
पइसमयकज्जकोडी/३९९
पंचाशीतिर्जरद्वस्त्र०/२५२
पंचेव आणुपुव्वी/२२१
पज्जसन्निसु बार/३७९
पञ्चमुष्टिभिरुत्पाट्य/१४१
पडि० चउहिं सण्णाहिं/२२९
पढमं नाणं तओ दया/१६८
पढमा उवस्सयंमि/७८
पत्तं पत्ताबन्धो/७३
पत्ता य कामभोगा/४७२
पत्तेयबुद्धकरणे/१००
पत्तेयमभावाउ/१७३
पयडीणं अण्णासुवि/२१८
परमरहस्समिसीणं/१४६
परिजवणाई किरिया/१८६
परिणामादो बन्धो/४०
परियाय परिसपुरिसे/१६२
परियायबंभचेरं/१६२
परिहारत्थं पत्तं/३३
पव्वज्जा सिक्खावयं/७६
प्रमाणप्रतिपन्न/१९०
पारंपरप्पसिद्धी/१७२
पावाउ विणिवत्ती/१६८
पिल्लिज्जेसणमिक्को/४९६
पुण्णफलं दुक्खं चिय/१३८

पुण्णफला अरहंता/२६२
पुण्णापुण्णकयंपि/२८८
प्रक्षालनाद्धि पङ्कस्य/४९२
बहिरब्भन्तरकिरिया/१४५
बालो वा बुड्ढो वा/९२
भगवद्दर्शनानन्द/३७८
भङ्गियसुअं गुण०/१८
भमिघणिवितण्हयाइ/१७५
भागो व णिरपवत्तण/२९५
भावं चिय सद्दणया/१९५
भावसुयसद्दकरणे/३६६
भासा असच्चमोसा/४८०
भिण्णे जहेह कालो/२९४
मज्झत्थस्स उ मुणिणो/२३३
मलः किल समाम्नातो/३२०
मस्तकसूचिविनाशात्/२५३
महव्वयअणुव्वाइं/४९१
मा कुणउ जइ तिगिच्छं/४७८
माणुसत्तं सुइसद्धा/
मिउपिंडो दव्वघडो/१५३
मित्ति मिउमद्दवत्थे/४८४
मुक्कधुरासंपागडसेवी/१६२
मुच्छा परिग्गहो वुत्तो/६२
मोत्तुमजोग्गं जोग्गे/२७२
मोहक्खोहविहूणो/३६९
मोहें वसमोवीसे/३७४
यदसत्स्वपि जायेत/१३
योगिनां कोयसंस्पर्शः/३२१
योगिनां योगमाहा०/३२०
योगिनां योगसंपत्ति/३२१
रूप्पं टकं विसमाह०/१४७
रूप्पं परोयबुहा/१४७
लद्धिल्लियं च बोहिं/४८१
लिंगं जिणपन्नत्तं/१४९
लोए वि जो ससूगो/४८८
वंजणोग्गहस्स परू०/३२५
वंदणणमंसणेहिं/२७
वत्तीए परमप्पा/३४०
वत्तीए बज्झप्पा/३४०
वत्थाइ तेण जं जं/६२
वत्थुपरिच्छेयफलं/१८२
वादविकुर्वणत्वादि/४४०
वायाइ नमुक्कारो/१६२
विमुक्तकल्पनाजालं/१४३
विसयसुहं दुक्खं चिय/१३८
विहियं सुए च्चिय/८८
वीस णपुंसगवेया/४२८
वीसुं ण सव्वहच्चिय/१७३
वुत्तंपि तस्स न स्वमं/४९३
वेउव्व वायडे वा/३१
वेयणिज्जेणं भंते/
वेलाइ विहाणंमि/२७७
शयनासननिक्षेपाद्/१४३
श्रुतिलिङ्गवाक्य०/
सइ संजाओ भावो/
संघयणरूवसंठाण/२१८
संजमजोगे अब्भु०/४८२
संजमजोगेसु सया/४६३
संज्ञादिपरिहारेण/१४३
संता तित्थयरगुणा/१४९
संपाइमरयरेणु/३१
संवरनिर्जररूपो/
संसत्तसत्तुगोरस/३३
संसारो अ अणंतो/४८९
संहयणमद्दिठणिचउत्ति/३१८

सज्झं तिगिच्छमाणे/२७२
सज्झामयहेऊओ/२९३
सज्झासज्झं कम्मं/२९३
समणा सुद्धवजुत्ता/२७
समभावो सामइअं/२७३
समयं गोयम मा/४७४
समयम्मि दव्वसद्दो/१५३
सम्मत्तचरित्ताइं/३८२
सम्मत्तनाणदंसण/४१८
[वि० आ० भा० २०७९]
सम्यग्दर्शनज्ञान०/३८०
सवणे नाणे य विन्नाणे/१८५
सवसंवरुज्झणत्थं/३१
सव्वं च पएसतया/२८०
सव्वं ति भाणिऊणं/४८७
सव्वजिणपडिकुट्ठं/४९६
सव्वत्थवि पाणहाणं/२०२
सव्वत्थवि (पाणेहिं) संसत्ता/३१४
सव्वनया भावमिच्छन्ति/१९०
सव्वपगइणमेवं/२८३
सव्वाओ परिग्गहाओ०/९४
सव्वेवि य अइयारा/३७७
सव्वेसिंपि नयाणं/४६२
सा णं अकिरिया०/३८४
सामाइअमाईअं सुअ०/१८८
सारक्खणाणुबंधो/१५
सिद्धे णो चरित्ती०/३५४
सिद्धे णो भव्वे०/३५४
सुक्खं वा पुण दुक्खं/२४६
सुद्धप्पयत्तवावारणं/१९
सुद्धो सुद्ध देसो/१९९
सुयहुंपि सुयं/१६९
से परिग्गहे चउ०/९४
से य सम्मत्ते पस०/३५९
सेसा मिच्छद्दिट्ठी/४९१
सो उभयक्खयहेऊ/५६
सो विय निययपर०/४७०
स्त्रीसम्भोगेन यः/३५
हवदि व ण हवदि बंधो/९
हुंति कसायाउ/४१२

## અવશિષ્ટ શુદ્ધિપત્રક

| પૃષ્ઠ/પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| १८१/३ | विगलादेसो | विगलादेसो |
| २२८/१ | क्षुद्वेदनीयाद्या | क्षुद्वेदनीयोदया |
| २३०/३ | लोमहारस्येव | लोमाहारस्येव |
| २३२/७ | भिलापरूप | भिलापरूप |

## माध्यस्थ्य

मनो वत्सो युक्तिगवी
मध्यस्थस्या नुधावति ।
तामाकर्षति पुच्छेन
तुच्छाग्रहमनःकपिः ॥

અર્થ:- મધ્યસ્થ પુરુષનું મન સરળ
વાછરડા જેવું હોય છે, એ
યુક્તિરૂપી ગાયને અનુસરે છે.
તુચ્છ કદાગ્રહી પુરુષનું વાંદરા
જેવું મન, એ ગાય ની પૂંછડી
પોતાના તરફ ખેંચે છે.